આવૃત્તિ પાંચમી. નકલ ૧૦૦૦

પાંડવ અને કૌરવ.

લખનાર અને પ્રસિદ્ધ કરનાર.

વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી

ચિકિત્સાબ્ધિ, આર્યાનાર્યઔષધ, રામરાવણ, શ્રીકૃષ્ણ-
ચરિત્ર, મુક્તા, પાંડવાશ્વમેધ, ગુજરાતી
ગ્રંથકારો અને ગ્રંથો, શ્રીમદ્‌ભગવદ્
ગીતા વગેરે ગ્રંથોના કર્તા.

જામનગર.

અમદાવાદમાં

ધી "અમરસિંહજી" પ્રિન્ટીંગ પ્રેસમાં પઠાણ નીઝામખાન નુરખાન
વકીલે છાપ્યું.

સંવત ૧૯૬૬..............................સને ૧૯૧૦.

કિંમત રૂપિયા ત્રણ.

સ્રગ્ધરા.

સદ્ગ્રંથો વાંચવાથી સુખદ પદ પરે ચિત્ત આરામ પામે,
વામા ખામા ખરાબા અમિતહિત અને સત્યમાં સ્નેહ જામે;
ઇચ્છા એ સજ્જનોની ઉદયમય દશા સૃષ્ટિમાં સર્વ હામે,
ઝૂમો નામાંકિતોનાં મણિસમ હૃદયે નિત્ય આવી વિરામે.

આવૃત્તિ ૫ મી.

રાજકીય ઇતિહાસોમાં શિરોમણિરૂપ આ લોકપ્રિય પુસ્તકની આ પાંચમી આવૃત્તિ બહાર પડેછે. ગ્રંથના સંબંધમાં જે કાંઇ લખવાનું હોયછે તે ઘણે ભાગે પહેલી આવૃત્તિમાંજ લખાઇ જાયછે અને તે પછી સુધારાવધારાસંબંધી પણ જે કાંઇ લખવાનું હોય હરકોઇ પુસ્તકની બીજી ત્રીજી આવૃત્તિ સુધીમાં લખાઇ જાય છે. આતો પાંચમી આવૃત્તિ છે. આમાં મૂળ ગ્રંથના સંબંધમાં ખાસ કાંઇ જણાવવાનું નથી. પણ મૂળ ગ્રંથની સાથે સંબંધ ધરાવનારી એક અગત્યની બાબત દર્શાવવી જરૂરની છે. તે બાબત એ છે કે પ્રુફ સુધારવાવગેરેની શબ્દ શુદ્ધિને લગતી અગાઉની આવૃત્તિમાં જે કાંઇ ભૂલો રહી ગયેલી તે આ વખતે બિલકુલ ન રહે તેવી કાળજીથી સુધારવામાં આવી છે.

છપાઇ બહાર પડનારાં સઘળાં પુસ્તકોપર શબ્દોની અશુદ્ધિનું એક જબરૂં વાદળ ભમ્યા કરતું હોયછે. દરેક પુસ્તકપર તેની થોડીઘણી છાયા કંઇ ને કંઇ રૂપમાં પડ્યા વગર રહેતી નથી. અમોએ અમારાં બધાં પુસ્તકોની પેઠે આ પુસ્તક પણ તેની પહેલી આવૃત્તિમાં પ્રેસમાં આપ્યા બાદ તેનાં પ્રુફ આવતી વખતે જૂદા જૂદા હાથમાં સુધારવાને આપવાનો નિયમ રાખેલો હતો. હેતુ એજ કે ઘણી કાળજીથી વાંચવા છતાં એકજ માણસના હાથથી સુધરતા પ્રુફમાં કંઇ કંઇ દૃષ્ટિદોષ રહી ગયા વગર રહેતો નથી. પ્રુફ સુધારવાનું કામ વધારે મુશ્કેલીવાળું એટલામાટે ગણાયછે કે જેઓ કેળવાયેલા તેમજ મૂળ પુસ્તકના લેખક હોયછે તેઓના અંતઃકરણમાં શબ્દોની શુદ્ધતા રમ્યા કરતી હોવાથી તેઓનું મન, તેઓની વાણી અને તેઓની દૃષ્ટિ એઓ, પ્રુફમાં કંઇ કંઇ ભૂલ હોવા છતાં પણ પોતાના શુદ્ધ જાણવા, ઉચ્ચારવા તથા જોવાના પરિચયને લીધે આગળ વધી જાય છે. અનુસ્વાર અને કેટલીએક હ્રસ્વ દીર્ઘ સરખી નાની નાની ભૂલો તો જ્યારે એક એક અક્ષરપર દૃષ્ટિ સ્થિર કરી જોવામાં આવે ત્યારેજ ધ્યાનપર આવી શકેછે. અને જેઓને જોવા વાંચવાનો ઘણો મહાવરો થઇ રહ્યો

હોયછે તેઓ તેમ થોભી થોભીને વાંચી શકતા નથી તથા જેઓ થોડા કેળવાયેલા હોય થોભી થોભીને વાંચી શકેછે તેઓમાં સુધારવાનું પૂરતું જ્ઞાન નથી હોતું. કેટલીક વખત ઠીક ગણાતા લોકો પણ સાચાનું ખોટું કરી દેછે. અમારા ચિકિત્સાબ્ધિ પુસ્તકની પહેલી આવૃત્તિ છપાઇ તે વખતે તેમાં શરૂવાતની કવિતામાં "પ્રત્નની પદ્ધતિ' યત્નથી ઝાંખો" એ કડીમાં અમારા એક સ્નેહી પ્રુફ સુધારનારે **પ્રત્ન** શબ્દ જેનો અર્થ પ્રાચીન એ પ્રમાણે થતો હતો તે જોઇ તેને ખોટો સમજી તેઠેકાણે **પ્રયત્ન** શબ્દ મૂકી દીધો. કવિતામાં આવો ફેરફાર થવાથી તે કડી અર્થવગરની જ થઇ પડી. અમારા મનમાં બહુજ ખુંચી રહેલા અને તેથી વારંવાર યાદ આવતા આ દાખલાની પેઠે કેટલીક વખત પ્રેસમાંના કંપોઝીટરો પણ પોતે કાંઈ શબ્દશુદ્ધિ સમજ્યા હોય તેમ સાચાનું ખોટું કરી દેછે. ફેર કોપી કરનારાઓ પણ વખતે આવી અશુદ્ધિના નિમિત્તરૂપ થાયછે.

યૂરોપિયન લોકોમાં પ્રુફ સુધારવાની જે ઢબ હોયછે તે આપણે ઘણાં કારણોને લઇને સ્વીકારી શકતા નથી. અને તેથી છપાવવામાં થતી ભૂલો-માટે ઘણા ગ્રંથકારોને વાંચનારપાસે વખતો વખત માફી માગવી પડેછે. પ્રુફ સુધારવાની આવી મુશ્કેલીઓ છતાં પણ આ વખતે બની શકે તેટલું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે. જે વાંચનારાઓના ધ્યાનમાં સહજ આવી શકશે.

આ આવૃત્તિમાં કેટલાએક શબ્દોમાં વિશેષ સ્પષ્ટતા અને સરલતા-આદિ ખાસ કારણોને લઇને કાંઇ કાંઇ ફેરફાર કરવામાં આવ્યો છે. વળી ચોથી આવૃત્તિમાં પ્રકરણને છેડે અને દરેક પ્રારંભને પહેલે પાને ફુટનોટમાં અમારાં ઔષધો તથા પુસ્તકોની ટુંકી જાહેરખબર આપવામાં આવી છે, તેમ આ આવૃત્તિમાં નહિ કરતાં માત્ર જે પ્રકરણને છેડે જગા ખાલી રહેતી હતી ત્યાંજ અમારી વિશ્વવિખ્યાત આતંકનિગ્રહગોળીઓની જ તે તે જગાના પ્રમાણમાં નાની મોટી જાહેરખબર દાખલ કરી છે. અમારા તરફથી પ્રસિદ્ધ થયેલ સમગ્ર પુસ્તકો તથા બધી દવાઓની જાહેરાત તો પુસ્તકનો વિષય પૂરો થયાપછીજ આપવામાં આવી છે.

અમારાં પુસ્તકોના સંબંધમાં ચમત્કારજેવું એ છે કે અમારાં હરકોઇ પુસ્તકની નવી આવૃત્તિની પ્રસ્તાવના લખતી વખતે કાંતો અમારાં કોઇ બીજાં પુસ્તકની નવી આવૃત્તિ છપાવવાનું શરૂ થયું હોયછે અથવા તો

કોઇ નવું એકાદ પુસ્તક છપાતું શરૂ થયું હોયછે. પણ આ વખતે તો એકને બદલે ત્રણ નવાં પુસ્તકો છપાવાં શરૂ થયાં છે. એક તો **શારીરિક, માનસિક અને નીતિસંબંધી સુધારામાટે સાદાં અને સત્ય વચનો,** બીજું **મણિ મનુસ્મૃતિ** અને ત્રીજું **વ્રતોત્સવ.** આ ત્રણ પુસ્તકો એવાં તો ઉપયોગી અને લોકપ્રિય થવા સંભવ છે કે હવે પછી તેની બરોબરી કરી શકનાર બીજાં પુસ્તકો બહાર પાડવાનો અમને વખત આવશે કે નહિ? એ શંકાની વાત છે.

પુસ્તકો લખવામાં સંસારવ્યવહારનાં અનેક કાર્યો એવો તો પ્રત્યાઘાત નાખેછે કે કોઈ કોઈ વખતે તે બધાં કાર્યોને છોડી દઇ માત્ર આવાં પુસ્તકો લખવામંજ બધો કાળ નિર્ગમન કરવો જોઇએ એવા થતા વિચારોને પણ પડતા મૂકવા પડેછે. આગળના ઋષિમુનિઓની માફક જો સંસારવ્યવહારની અડચણો આડે ન આવતી હોય તો, હાલ જે મોહોટા અંતરાયથી અતિ અગત્યનાં પુસ્તકો બહાર પાડી શકાયછે, તેમ ન થતાં ટુંકા અંતરાયમાં પુસ્તકો બહાર પાડી શકાત અને તેમ થતે તો પુસ્તકોની સંખ્યામાં પણ ઘણો વધારો થયો હોત.

નાનાં પણ ઉપયોગી પુસ્તકો તો સંખ્યાબંધ બહાર પડ્યાં છે પણ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા, પાંડવ કૌરવ, રામ રાવણ, ચિકિત્સાબ્ધિ, આર્યાનાર્યબોધ, શ્રીકૃષ્ણ ચરિત્ર અને મુક્તાજેવાં મોહોટાં પુસ્તકો પણ મારા તરફથી બહાર પડ્યાં છે, તેથી મારૂં અંતઃકરણ વિશેષ સંતોષ પામેછે. આવાં અમૂલ્ય પુસ્તકો બહાર પાડવાની શક્તિ હું મારામાં જોઇ શકતો નથી, પણ અચિંત્ય પ્રભાવવાળા તે તે મૂળ ગ્રંથકર્ત્તા મુનિઓ પોતાના ગ્રંથોને અન્યાય ન મળે એવા હેતુથી લખનારાઓને કેટલેક દરજ્જે પોતાની શક્તિ આપેછે અને તેથી એવા ગ્રંથો લખાયછે; એમ મારૂં માનવું છે. જો એમ ન હોય તો કયાં ગીતાશાસ્ત્ર અને ક્યાં અલ્પમતિ હું? કયાં મનુસ્મૃતિ અને કયાં અલ્પસ્મૃતિ હું? ક્યાં મહાભારત અને કયાં વામનસ્વરૂપ હું? કયાં રામાયણ આદિ શાસ્ત્રો અને કયાં અનેક કાર્યોના બોજાથી વ્યગ્ર ચિત્તવાળો હું? તથા ક્યાં વૈદ્યકશાસ્ત્રરૂપ મહાસાગર અને ક્યાં એક સાધારણ શકિતવાળો હું? તથા કયાં અનંત સાહિત્ય ક્ષેત્ર અને કયાં અલ્પાવકાશવાળો હું! સર્વથા પરમાત્માની કૃપાના પાત્રરૂપ તે મહા પ્રભાવવાળા મુનિઓનોજ એ સઘળો પ્રતાપ છે. એજ પ્રભાવ અને એજ પ્રતાપ વાંચનાર વર્ગને પુરૂષાર્થપરાયણ કરો. તથાસ્તુ.

ઇસ્વી ૧૯૧૦ સંવત ૧૯૬૬ — કર્ત્તા.

ચોથી આવૃત્તિ.

આ પુસ્તકની પહેલી આવૃત્તિ નિકળતી વખતે ધારણા રાખવામાં આવી હતી કે અંગ્રેજી પુસ્તકો ઉપરથી ભાષાંતર કરી લખવામાં આવેલ તથા બીજાં પણ કલ્પિત નોવેલો વાંચવાકરતાં ખરો બનેલો ઇતિહાસ નોવેલના રૂપમાં વાંચવાથી વિશેષ ફાયદો થશે તેમજ ઘણી જાતનું દુનિયાદારીનું જ્ઞાન જે મનુષ્યે અવસ્ય મેળવવું જોઇએ તે સઘળું આ એક પુસ્તકથી પ્રાપ્ત થશે. આ ધારણા તેની બીજી તથા ત્રીજી આવૃત્તિઓ ખલાસ થઇ તેથી તેમજ આ ચોથી આવૃત્તિ ચાલુ થઇ તેથી પૂરી રીતે પાર પડી છે એમ કહેવામાં જરા પણ અડચણ નથી.

આ આવૃત્તિમાં પ્રકરણોની સમાપ્તિ થતાં જ્યાં જ્યાં જગા ખાલી રહેતી હતી ત્યાં ત્યાં અમારા ઔષધાલયનાં જીવનરૂપ ઔષધો અને બોધદાયક ગ્રંથોમાંના કોઇ કોઇની ટુંક જાહેરાતો દાખલ કરવામાં આવી છે, જે વાંચનારને વાંચવાના ચાલુ ક્રમમાં કોઇપણ રીતે વ્યાઘાતરૂપ નથી. આ પુસ્તકનાં પ્રુફ જોવાતી વખતે અમારા એક વિદ્વાન મિત્રનું આવવું થયું અને તે વખતે પ્રકરણને છેડે ખાલી રહેતી જગામાં આતંકનિગ્રહ દવાની જાહેરખબર દાખલ થયેલ જોઇ તેણે કહ્યું કે આ ગોળીઓની જાહેરખબર તો આવી રીતે દૂર દૂર દાખલ કરવાકરતાં તે દરેક પેજમાં દાખલ કરવી જોઇએ જેથી એવી ચમત્કારિક દવાવિષે વાંચનારના મગજપર ચાલુ તાજી અસર રહ્યાજ કરે. પણ વાંચનારને વાંચવામાં તે બાબત વ્યાઘાતરૂપ થઇ પડે તેમ હોવાથી તેમ કરવામાં આવ્યું નથી.

બીજી આવૃત્તિની પ્રસ્તાવનામાં, **ચિકિત્સાબ્ધિ** તથા **રામરાવણ**ની બીજી આવૃત્તિઓ થવાની તૈયારી છે, એમ જણાવવામાં આવ્યું હતું તેમાંથી ચિકિત્સાબ્ધિની ચોથી આવૃત્તિ થઇ ચૂકી છે અને રામરાવણની ત્રીજી આવૃત્તિ પણ ખલાસ થવા આવી છે અને **મુકતા** પુસ્તક જે તે વખતે બહાર પડવાની તૈયારીમાં હતું તે પણ ઘણો વખત થયાં બહાર પડી વિદ્વાનવર્ગમાં માન પામી ચૂક્યું છે ઇસ્વી ૧૯૦૧ સંવત ૧૯૫૭

કર્તા.

ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવના.

સંખ્યાબંધ નકલોવાળી બે આવૃત્તિઓ નિકળ્યા છતાં ટુંકી મુદતમાંજ આ પુસ્તકની ત્રીજી આવૃત્તિનો આવેલો પ્રસંગ અમને એ શબ્દો બોલવાની પ્રેરણા કરેછે કે, પોતાનામાં રહેલ રસવત્તાથી આ પુસ્તકે લોકપ્રિયતા મેળવી અને લોકોએ તેની કદર પણ પિછાણી. ઇશ્વરાંશ વ્યાસમુનિનો વસ્તુવિન્યાસ જ કોઇ એવો ચમત્કારી છે કે, તે સર્વ વર્ગના લોકોને અતિ પ્રિય થઇ પડેછે અને તેથી આ સ્થળે અમો એ મૂળ ગ્રંથકર્ત્તા મહાત્મામુનિનો, પરમકૃપાળુ પરમેશ્વરનો અને સહૃદય પ્રજાવર્ગનો ઉપકાર માનવાની તક લઇએ છીએ.

ઇસ્વી ૧૮૯૬ સં. ૧૯૫૨. **કર્તા.**

બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

હરકોઇ પુસ્તકની એકકરતાં વધુ આવૃત્તિ નિકળવાનાં કારણ મુખ્યત્વે બે જ છે. એક તો ગ્રંથના વિષયની રસવત્તા અને બીજું તે ગ્રંથની ભાષાની સાથે સંબંધ ધરાવનારી પ્રજાનું વિદ્યોત્સાહીપણું. આ બન્ને કારણો ઉચ્ચ ભાવના આશ્રયરૂપ અને પરસ્પર સમતોલ હોય તો કોઇ પણ યોગ્ય ગ્રંથકાર કદી પણ પોતાની ધારણાને નિષ્ફળતાની સીમામાં સપડાએલી જોવાના અણગમામાં આવી પડતો નથી.

હાલમાં ગુર્જરપ્રજા ક્રમે ક્રમે પોતાનું વિદ્યોત્સાહીપણું સિદ્ધ કરવા લાગી છે. પ્રૌઢ પુસ્તકોપર તેના અંતઃકરણનું આકર્ષણ થવા લાગ્યું છે, નામીચાં ન્યુસપેપરોને તેમના તરફથી કંઇ કંઇ ન્યાય મળવા લાગ્યો છે અને મહત્વવાળાં માસિકો પણ તેમના હાથથી કંઇ કંઇ નિયમિત માન પામવા લાગ્યાં છે. આ **"પાંડવ અને કૌરવ"** પુસ્તકને પણ ગુર્જર ગિરાના ઉત્સાહી અભ્યાસીઓ તરફથી ઉમદા આશ્રય મળવાને લીધે આજ ટુંક મુદતની અંદરજ તેની આ બીજી આવૃત્તિ બહાર પાડવાનો પ્રસંગ આવ્યો અને હજુ પણ ગ્રાહકોની વધતી જતી માગણી અમને કહેવાની ફરજ પાડેછે કે આવૃત્તિનો અંક પોતાની ચાલતી સ્થિતિમાંથી વધવા માટે ટમટમી રહેલ હોય એવાં ચિન્હો જણાયછે.

સારાં પુસ્તકોને ગુર્જર પ્રજા પૂરતો આશ્રય આપે જ છે એ વાત નિર્વિવાદ છે. કારણકે ત્રણ ચાર આવૃત્તિઓએ પણ માંડ માંડ બહાર પડી શકે તેટલી સંખ્યાની નકલો પહેલીજ આવૃત્તિમાં બહાર પાડવા છતાં પણ અમારો વૈદ્યકગ્રંથ ચિકિત્સાબ્ધિ તેમજ આ ઐતિહાસિક નોવેલ પાંડવ અને કૌરવની બીજી આવૃત્તિ થઇ તથા **રામ** અને **રાવણ** વગેરે પુસ્તકો પણ બીજી આવૃત્તિની તૈયારીમાં છે. તેમજ હાલમાં અમારાતરફથી નવી છપછપમાં લખાતાં "**મુક્તા**" નામના નૉવેલને પણ પૂરતો અને યોગ્ય આશ્રય મળવાની વકી છે. અને તેથી પણ ઉપરની બાબતને પુષ્ટિ મળેછે.

આ પુસ્તકની આ બીજી આવૃત્તિમાં મૂળ વસ્તુવિન્યાસની અંદર જરા પણ ફેરફાર નહિ કરતાં કેટલેક સ્થળે પ્રકરણોનાં પ્રવેશક વાક્યોમાં યોગ્ય ફેરફાર કરવામાં આવેલો છે, જે સહૃદય જનોને સંતોષ આપનાર નિવડશે તો પરિશ્રમનું સાફલ્ય થયેલું મનાશે.

ઇસ્વી ૧૮૯૩ સંવત ૧૯૫૦ — કર્ત્તા.

પુસ્તક પ્રવેશ

પહેલી આવૃત્તિ.

ભારતખંડના ભાગ્યોદયની ગતિરોધક શલાકા જેવી, ગુણસંપન્ન મહાત્મા ક્ષત્રિયોને ભારતભૂમિસાથે છેલ્લો સંપર્ક કરાવનારી કાલરાત્રિ સરખી અને વિદેશીઓને ભરતભૂમિમાટે લાલચ ઉપજાવવાની શરૂઆત કરી તેમનાં લોહસામાન દિલને આતરફ ખેંચવામાં લોહચુંબિકા સરખી મહાભારત લડાઇએ ભારતવર્ષમાં કેવાં કેવાં ઉત્તમ રત્નોનો નાશ કીધો એ બાબતથી ભવિષ્યની પ્રજાને વાકેફ કરી સાવચેત રાખવાની સાથે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થનું સ્વરૂપ દર્શાવવાની ઇચ્છાવાળા શ્રીવેદવ્યાસે સઘળી દુનિયાના દિલનું આકર્ષણ કરનાર કુરૂકુળનો ઇતિહાસ લખવાની શરૂઆત કરી. જેમ જેમ એ ઇતિહાસ લખવામાં તેની કલમ આગળ ચાલતી ગઇ તેમ તેમ લોકહિતકારક ઉપદેશના સંબંધથી તેનો પ્રસ્તુત વિષય પુષ્ટિ પામતો ગયો. કથા અને ઉપકથાઓથી પ્રસ્તુત વિષય એવો દીપી નિકળ્યો કે હાલસુધી પણ આબાલવૃદ્ધ લોકોનાં દિલ સંપૂર્ણરીતે તેતરફ ખેંચાઇ રહેલાં છે.

હાલમાં નવીન સાહિત્યસંપત્તિ ઘણી ખીલતી અવસ્થામાં જોવામાં આવેછે તેવા કાળમાં પણ અતિ પ્રાચીન મહાભારત ગ્રંથ પોતાની મહત્તા એકસરખા રીતે જાળવી રહેલ છે, એજ એ ગ્રંથની સર્વોત્તમ ખુબી, અપૂર્વ મધુરતા અને અગ્રેસરપણું કહી આપેછે. એ ગ્રંથનાં અનેક ભાષાઓમાં ભાષાંતરો ગાજી રહ્યાં છે એજ તેનું લોકપ્રિયપણું બતાવવાને પૂરતું છે. રાજતરંગિણીવગેરે બીજા ઇતિહાસના ગ્રંથો સંસ્કૃત ભાષામાં ગુંથાયેલા છે પણ તેઓ મહાભારતની સમકક્ષામાં નહિ આવવાને લીધેજ આજ દિવસસુધી અપ્રસિદ્ધસરખી હાલતમાં પડી રહેલ છે. વિશાળતામાં જેમ આકાશને કોઇની ઉપમા આપી શકાતી નથી. અને ગાંભીર્યમાં જેમ મહાસાગરને કોઇની સાથે સરખાવી શકાતો નથી તેમ મહાભારત ઇતિહાસ તેની મહત્તા, વિશાળતા અને ગંભીર્યવગેરે ગુણોમાં કોઇની સાથે તુલના કરી શકાતો નથી. આર્યોની

જૂનામાં જૂની નીતિ, રીતિ, સ્થિતિ તથા કૃતિવગેરેનું જ્ઞાન મેળવવા ઈચ્છા ધરાવનાર માણસને મહાભારતના ઇતિહાસ સિવાય બીજું એકે મુખ્ય સાધન નથી, તેથી એ ગ્રંથને પાંચમા વેદની ઉપમા આપવામાં આવેલી છે. બીજા ઇતિહાસો તો ફક્ત રાજાવલિ તથા તેનાં વૃત્તાંતોને સૂચવનારા છે, પણ મહાભારત ઇતિહાસ તેમ નથી. એ તો આર્યશાસ્ત્રોમાં જે જે બાબતો સમાયેલી છે તે સર્વનું તત્વ અથવા જરા લંબાણથી કહીએ તો આ દુનિયામાં જે જે જાણવાનું, સમજવાનું, શીખવાનું, સાંભળવાનું અને કરવાનું છે તે સઘળું એટલે શાસ્ત્રીય ભાષામાં બોલીએ તો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થોનું સંપૂર્ણ વિવેચન કરનાર છે. તેમાં વ્યાંવહારિક બાબતોની સાથે દૈવી બાબતો પણ સમાયેલીછે અસ્ત્રવિદ્યાના ચમત્કારો, રથિ અને અતિરથિઓની યુદ્ધ કરવાની ચાલકી તથા વીરરસપ્રધાન બીજા પણ રસોનું વર્ણન એ ગ્રંથમાં જેવું છે તેવું સંસ્કૃત ભાષાના કે પરભાષાના બીજા કોઇ ગ્રંથોમાં નહિ હશે એમ અમારૂં માનવું છે.

મૂળ ગ્રંથ, કર્ત્તાની કલમથી એટલા લંબાણમાં લખાયેલો છે કે ફક્ત તેનું વસ્તુ જાણવાની ઇચ્છાવાળા પુરૂષને પણ ઘણાજ અવકાશની જરૂર છે. વળી તે હાલમાં મરેલી ગણાતી (ડેડ લેંગ્વેજ) સંસ્કૃત ભાષામાં લખાયેલ છે. તેનું ગુજરાતી અક્ષરશઃ ભાષાંતર પણ તેટલોજ અથવા તેથી પણ વિશેષ ગુંચવાડો આપનાર છે. પ્રસ્તુત પદાર્થના જિજ્ઞાસુઓને તેની વચમાં આવતાં વિષયોનાં વર્ણનો તથા દૃષ્ટાંતોની કથાઓ વગેરે મગજને મુંઝાવી દઇ ચાલતા ઇતિહાસના રસથી ભ્રષ્ટ કરી દેછે. આ સઘળી અડચણો દૂર થાય અને મુખ્ય કથારસનો જરા પણ ભંગ ન થાય તેવી રીતે તે એક નોવેલના આકારમાં લખાઇ બહાર પડે તો તે બેશક લોકોપયોગી થાય, વળી ઉત્તમ ગ્રંથકારની હૃદય ભૂમિકામાંથી પ્રગટ થયેલ, વિશ્વહિત અને વિદ્વદ્વિનોદ વગેરે અતિ ઉત્તમ રસદાર ફળોથી યુક્ત તથા કર્તૃકીર્ત્તિરૂપ પ્રસરતા પરિમળવાળી મંજરીથી ચિત્તનું આકર્ષણ કરનાર ઉત્તમ ગ્રંથરૂપ આમ્રવૃક્ષ પોતાની છાયાતળે આવેલા મુસાફરને ભવાટવીમાં ભટકતાં થતી ગ્લાનિથી મુક્ત કરેછે તેમજ સુંદર પ્રકરણોરૂપ મનોહર પાંખડીઓવાળું, શબ્દાર્થસૌંદર્યરૂપ મધુથી ભરપુર અને સુજનજનોની નજરરૂપ સુધાકરનાં કિરણોથી પ્રફુલ્લિત થયેલ ઉત્તમ ગ્રંથરૂપ કુમુદ, વાંચનાર વર્ગરૂપ રસજ્ઞ મધુપકુલને અનિર્વચનીય આનંદ આપેછે વગેરે વિચારો ઉત્પન્ન થવાથી મહાભારતગ્રંથનો સંક્ષિપ્ત ઇતિહાસ એક

નોવેલના રૂપમાં લખી ગુર્જર બંધુઓને અર્પણ કરવાનો અંકુર મારા અંતઃકરણમાં પેદા થયો; તેથી પાંડવ અને કૌરવના સંબંધનો ઇતિહાસ રસ તથા સંબંધ ન ત્રુટે તેમ વચ્ચેનાં વિશેષ વર્ણનો બાદ કરતાં લોકપ્રિય થાય તેવી ભાષામાં લખવાનો બનતો પ્રયત્ન કરી આ "પાંડવ અને કૌરવ." નામનો ગ્રંથ બહાર પાડવામાં આવેલો છે.

મહાભારતની કથા એવી તો સદુપદેશક અને રસિક છે કે દુનિયાના સઘળા ઇતિહાસો તેની પાસે ગાંભીર્ય અને મનોહરત્વમાં ટકી શકતા નથી. ઉત્તમ અને રસિલા ઇતિહાસને જાણવાની ઇચ્છા દરેક મનુષ્યને થાય એ સ્વાભાવિક છે. નાટક ચેટકની નીરસ અને ટાહેલી વાર્ત્તાઓ વાંચવાકરતાં ઘણા જૂના કાળથી જાહોજલાલી તથા પ્રખ્યાતિ ભોગવતા ભરતખંડનું નામ પ્રસિદ્ધ કરનાર અને આ પુસ્તકના નાયક પાંડવ અને કૌરવના સંબંધનો નોવેલના રૂપમાં ગોઠવાયેલો આ ઇતિહાસ વાંચવાથી આ લોક તથા પરલોક એ બન્ને સુધરવાનો સંભવ છે. વળી અંગ્રેજી પુસ્તકોઉપરથી ભાષાંતર કરી લખવામાં આવેલ તથા બીજાં પણ કલ્પિત નોવેલો વાંચવાકરતાં ખરો બનેલો ઇતિહાસ નોવેલના રૂપમાં વાંચવાથી વિશેષ ફાયદો થશે. આ અમારી ધારણા કેટલે દરજ્જે પાર પડે એવી છે તે વાંચનારની મુનસફીપર સોંપવામાં આવેલે. જૂદા જૂદા મનોભાવવાળાં માણસો આ પુસ્તકને પ્રેમની નજરે જોશે કે નહિ? એ તેઓની ખરૂં ખોટું સમજવાની શક્તિઉપર આધાર રાખેછે. પણ એટલું તો નિશ્ચયપૂર્વક કહી શકાયછે કે, ઘણી જાતનું દુનિયાદારીનું જ્ઞાન જે મનુષ્યે અવશ્ય મેળવવું જોઇએ તે સઘળું આ એક પુસ્તકથી પ્રાપ્ત થશે.

આ ગ્રંથ નથી બહુ લંબાણભરેલો તેમ નથી બહુ ટુંકામાં લખાયેલો, નથી બહુ મોટી કિંમતનો કે નથી બહુ છોટી કિંમતનો, નથી બહુ કઠણ ભાષામાં લખાયેલો તેમ નથી બહુ સેહેલી ભાષામાં લખાયેલો. આ ગ્રંથમાં સાધારણ બાબતો બહુ લંબાવી નથી તેમ અસાધારણ જાણવાજેવી બાબતો પડતી ન મૂકતાં જરા લંબાણથી લખવામાં આવેલ છે. રાજનીતિમાં કાબેલ કરનાર, વ્યવહારમાં ચતુરાઈ આપનાર, આર્ય ઘરસંસારની નીતિ રીતિ સમજાવનાર જૂનાં આર્યશાસ્ત્રોનું અવલોકન કરાવનાર, વાર્ત્તાનો આનંદ આપનાર તથા ઉદાસીન સ્થિતિમાં આવી પડેલાને ગમગીનીથી દૂર કરનાર આ ગ્રંથનું વારંવાર મનન કરવા, ચિત્ત લગાડી વાંચવા, શ્રવણ કરવા તથા અધ્યયન કરવા અમો આગ્રહ જણાવીએ એ કોઈ પણ રીતે ખોટું કર્યું નહિ કહેવાય એમ

અમારૂં માનવું છે. એ ગ્રંથ વાંચવાથી સંપત્તિને વખતે છલકાઈ નહિ જવાય તેમ વિપતિને વખતે ગભરાઈ પણ નહિ જવાય.

આ ગ્રંથ, સમુદ્ર (મુદ્રા–છાપ પામેલ અને સાગર) છે. તેનું મથન કરી અંદર ઉતરી તપાસતાં સારાં સારાં ઉત્તમ રત્નો પ્રાપ્ત થાયછે. વિચારદૃષ્ટિથી જોતાં આ ઇતિહાસ કલ્પવૃક્ષસમાન છે. કલ્પવૃક્ષ પોતે ટાઢ, તડકો અને વાયુ સહન કરી પોતાની છાયાતળે બેસનારને ઉત્તમ સુખ આપેછે; તેમ આ ઇતિહાસ પણ સંચાનાં દબાણ વગેરે અનેક દુઃખ સહન કરી તેના વાંચનારને શ્રેષ્ઠ આનંદ આપેછે. કલ્પવૃક્ષ જેમ તેનું સેવન કરનારને વાંછિત ફળ આપેછે તેમ આ ઇતિહાસ પણ તેમાં પ્રવેશ કરનાર વિદ્વાન તથા કવિઓને જોઇતો કથાભાગ તથા દૃષ્ટાંતો પૂરાં પાડેછે. કલ્પવૃક્ષ જેમ શાખાઓ, પત્રો અને પુષ્પોથી સુશોભિત છે તેમ આ ઇતિહાસ પણ અનેક પ્રકરણો અને પ્રસંગોથી સુંદર બનેલો છે. કલ્પવૃક્ષ જેમ બીજી સમગ્ર વનસ્પતિમાં શ્રેષ્ઠ છે તેમ આ ઇતિહાસ પણ બીજા બધા ઇતિહાસોમાં અગ્રણી છે. પણ ખરી રીતે જોઇએ તો કલ્પવૃક્ષ સ્વર્ગમાં હોવાથી તે આ લોકને નિરૂપયોગી છે અને આ ઇતિહાસ તો આ લોક અને પરલોક એ બન્નેમાં ઉપયોગી છે.

આ ગ્રંથનાં દરેક પ્રકરણમાંથી જૂદી જૂદી જાતના અનેક સદ્દુપદેશ મળી આવેછે. તેનું નીચે દિગ્દર્શન કરવવામાં આવેલ છે.

મહાભિષ ગંગાની સામે જોઇ રહ્યો અને બ્રહ્મા એ તેને શાપ દીધો એ અન્ય સ્ત્રીપર કુદૃષ્ટિ કરવાનો નિષેધ, પોતાના પિતાને સત્યવતીસાથે પરણાવવા સત્યવતીના પિતા મચ્છીમાર સાથે દેવવ્રતે (ભીષ્મે) દુષ્કર પ્રતિજ્ઞાઓ કરી એ મહાત્માઓના મનની દૃઢતાનો નમુનો, પોતાની બન્ને પ્રિયાઓમાં અતિ આસક્ત રહેવાથી અંતે વિચિત્રવીર્ય ક્ષયરોગી થઇ મરણ પામ્યો એ સ્ત્રીઓમાં અતિ આસક્તિ રાખવાનું અનિષ્ટ ફળ, અંધ ધૃતરાષ્ટ્રની સાથે વરેલી ગાંધારીએ પોતાની આંખે હમેશને માટે પાટા બાંધી રાખ્યા એ સ્ત્રીજાતિની ઉત્તમ મનોવૃત્તિનો નમુનો, ધૃતરાષ્ટ્ર વડિલ છતાં પાંડુને રાજ્ય મળ્યું એ વારસાપ્રકરણની બારીકી, પાંડુનું વનવાસમાંજ મરણ થયું એ શિકાર કરવાના શોખનું પરિણામ, પાંડવો પોતાની માતાસાથે પાછા આવતાં તેને ધૃતરાષ્ટ્રે પ્રેમપૂર્વક રાખ્યા એ કુલીનતાનું લક્ષણ, દુર્યોધને તેની સાથે પ્રપંચો રમવા માંડ્યા એ દુર્જનોની દુષ્ટતાનો દેખાવ, દ્રોણાચાર્યપાસે સઘળાઓ, સાથે અભ્યાસ કરતા છતાં પણ સૌથી અર્જુન વધ્યો એ અભ્યાસમાં એકાગ્રચિત્ત રાખવાનું

ફળ, એકલવ્ય જન્મથીજ નીચ જાતિ અને કર્ણ સંગથી નીચ જાતિ હતો તો પણ તેઓ મોહોટા યોદ્ધાઓ થયા એ અભ્યાસમાં અભિનિવેશ રાખવાનું ફળ, વિદુરે પાંડવોને લાક્ષાગૃહમાંથી બચાવ્યા એ સજ્જનોના સ્નેહની સીમા, દ્રૌપદીને સ્વયંવરમાં મેળવ્યાપછી ઇંદ્રપ્રસ્થનું રાજ્ય કરતાં પાંડવોએ કોઈ પણ ભાઇ દ્રૌપદીની પાસે હોય તે વખતે તેની પાસે જવું નહિ એવો ઠરાવ કરેલો છતાં અર્જુનને ધર્મના કામમાટે યુધિષ્ઠિર દ્રૌપદીપાસે બેઠા હતા તે વખત ત્યાં જવાની જરૂર પડી તેથી તે ત્યાં ગયો અને પોતાની મેળે જ ઠરાવમુજબ બાર વર્ષનો વનવાસ ભોગવવા ચાલી નિકળ્યો એ દૃઢ ઠરાવવાળા પુરૂષનાં મનની સબળતા, પાંડવોના રાજસૂયયજ્ઞમાં શ્રીકૃષ્ણના પૂજનથી દુષ્ટ રાજાઓએ કરેલા કોલાહલ વખતે સહદેવે 'શ્રીકૃષ્ણનું પૂજન સહન ન કરી શકતા હોય તેઓના માથાપર હું પગ મૂકુંછું" એમ કહી પોતાની જરા ઉગ્રતા બતાવી એ વડીલ ભાઇઓના બળવાળા સિંહસરખા પુરૂષની સંપૂર્ણ નિર્ભયતા, જુગટું રમવામાં બધું હારી ગયા છતાં પણ યુધિષ્ઠિરે છેલ્લે દ્રૌપદીને પણ મૂકમાં માંડી અને બીજી વખત વળી વનવાસદાયક જુગાર હાથ ધર્યો એ જુગાર રમનારાઓની નિષ્ફળ દુરાશા, પાંડવો ગયાપછી ઉદ્વેગ પામેલા ધૃતરાષ્ટ્રને વિદુરે ઘણાં કઠણ ખરાં વચનો કહી સંભળાવ્યાં એ ન્યાયી નરોની નિઃસ્પૃહતા, નિર્ભયતા તથા સ્પષ્ટવક્તૃતા, વનમાં દ્રૌપદી તથા ભીમે ઘણી ઉશ્કેરણી કર્યા છતાં પણ યુધિષ્ઠિર કૌરવોની કતલ ચલાવવા વેગમાં આવી ગયા નહિ એ ધીરપુરૂષોની ધીરતા, સ્વર્ગની અંદર ગયેલા અર્જુને ઉર્વશીના મોહપાશથી દૃઢપણે પોતાનો બચાવ કર્યો એ કુલીન પુરૂષની કુલીનતા, સત્યભામાને દ્રૌપદીએ સતીપણાના વિચારો જણાવ્યા તે કુલીન કાંતાઓના સ્વાભાવિક વિચાર અને તેમની સ્વાભાવિક વર્તણુક, પાંડવોની દુર્દશા જોઇ ખુશી થવા માટે વનની અંદર આવતાં અધવચ ગંધર્વોથી પકડાઇ ગયેલા દુર્યોધનને છોડાવવા યુધિષ્ઠિરે પોતાના ભાઇઓને આજ્ઞા કરતાં શિખામણ આપી કે, આપણે માંહોમાંહે કલેશ હોય ત્યાંસૂધી તે સો ભાઇઓ અને આપણે પાંચ ભાઇઓ ગણાઇએ પણ જ્યારે કોઈ ત્રાહિત આવીને આપણા કુળની લાજ લેવા તૈયાર થાય ત્યારે તો તેઓ અને આપણે મળી એકસો પાંચ ભાઇઓ છીએ એમ સમજવું જોઇએ, આ ડાહ્યા પુરૂષોનું ખરૂં ડહાપણ, પોતાના સાળાઓની સ્ત્રી છતાં પણ જયદ્રથે દ્રૌપદીનું હરણ કર્યું એ નીચનરોનું નિર્મર્યાદપણું, પાંડવો જૂદા જૂદા વેષથી વિરાટના નગરમાં રહ્યા એ "સમો વરતે સાવધાન" એ કહેવતમુજબ વિચક્ષણ પુરૂષોનું

વર્ત્તન, દ્રૌપદીની લાલચમાં કીચકના બૂરા હાલ થયા એ પરસ્ત્રીપર કુદૃષ્ટિ કરવાનું કડવું ફળ, વખત આવતાં તેજસ્વી પાંડવો લડાઇ કરવા તૈયાર થયા એ ચતુર નરોનું સમયસૂચકપણું, કહ્યું છે કે—

वहेदमित्रं स्कंधेन यावत्कालविपर्ययः ॥
अथैवमागते काले भिंद्याद्घटमिवाश्मनि ॥ १ ॥

વિષ્ટિ કરવા આવેલા સંપૂર્ણ પ્રભાવવાળા શ્રીકૃષ્ણને નીચ લોકોની સલાહથી દુર્યોધને કેદ કરવાનો નિશ્ચય કર્યો એ ધૃષ્ટ નરોની ધૃષ્ટતા, કુંતીએ કૃષ્ણની સાથે મોકલેલા સમાચાર એ ખરી રજપુતાણીનાં ખરે વખતે ઉત્સાહ આપનારાં તેજસ્વી વાક્યો, વિદુર તથા કૃષ્ણવગેરે માન્ય પુરૂષોએ ના કહ્યા છતાં દુર્યોધને દુરાગ્રહથી વિગ્રહ ઉઠાવ્યો અને તેમાં અંતે તેમની પાયમાલી થઈ એ માન્ય પુરૂષવું માન ન જાળવવાનું ફળ અને અશ્વત્થામા મુવો એ પ્રમાણે સંદિગ્ધ પણ ખોટું બોલવાથી યુધિષ્ઠિરને લાગેલું હમેશનું કલંક એ નિંદ્ય માર્ગમાં પ્રવૃત્તિ કરવાનું પરિણામ વગેરે વગેરે.

આ નોવેલની અંદર મુખ્યત્વે વીરરસ વિકાસ પામી રહેલો છે. ભીષ્મ, દ્રોણ, અર્જુન, કર્ણ, ભીમ, અભિમન્યુ, ઘટોત્કચ, ભગદત્ત, ધૃષ્ટદ્યુમ્ન, સાત્યકિ, કૃતવર્મા, કૃપાચાર્ય, શલ્ય, અશ્વત્થામા વગેરે વીરપુરૂષોએ પોતાનાં પરાક્રમોથી તે યુદ્ધને ભરતખંડની અંદરનાં બધાં યુદ્ધોકરતાં મહાન્ ગણાવી હમેશને માટે તેનું મહાભારત એવું નામ કાયમ કર્યું. તે સમયની ભરતખંડની જાહોજલાલી અનિર્વચનીય છે. દુર્યોધનનું દગલબાજ દિલ તે જાહોજલાલીનો જલદી અંત આણનારૂં થયું. દુઃશાસન, શકુનિ અને કર્ણના વિચારો દુર્યોધનને દેશની ભવિષ્ય દુર્દશાતરફ જ ખેંચતા ગયા. ભીષ્મ, દ્રોણ વગેરે વૃદ્ધ લોકોનાં વાક્યોએ તેને સંપની શીમાપર પહોંચાડવાનો ઇરાદો કર્યો પણ તે તેમનો ઇરાદો ફાંસીઆ ફીતુરીઓસામે જરા પણ ટકી શક્યો નહિ. કારણ કે લોભ અને લાલચ એ બન્નેધર્મ, ઐક્ય તથા પ્રીતિનો વિનાશ કરનારાં છે. પાંડુના હકનું રાજ્ય પોતે પચાવી પાડવા ધૃતરાષ્ટ્રે પોતાના આજ્ઞાવલંબી બાળક પાંડવોને રાજધાનીથી દૂર કર્યાં તથા પોતાના સ્વચ્છંદ પુત્રને તેના પાપી પ્રયાસોમાં આગળ વધવા દીધો, આ કેવો વિચારશૂન્ય રાજ્યલોભ ! ખરૂં છે કે ફક્ત સંસારમાં જ ડુબી રહેલા પુરૂષો ધૃતરાષ્ટ્રની પેઠે પોતાના કુછંદી પુત્રને

પણુ કંઇ કહી શકે નહિ. ભાઇના દીકરા ગમે તેટલા નીતિમાન્ અને પોતા-પ્રત્યે ગમે તેટલી પ્રીતિ, વિનય અને માનથી વર્ત્તતા હોય તે પણુ તેઓના દેખવામાં આવતું નથી અને કદાચ દેખવામાં આવેછે તોપણુ તે વખત સ્વાર્થ તેમની આંખોઆડે આવી ઉભો રહેછે.

પાંડવોની બાલ્યાવસ્થામાંજ તેનો પિતા પાંડુ ગુજરી જતાં પણુ તેઓ કોઇ ખરાબ રસ્તે નહિ ચડતાં અતિ નીતિમાન અને વિનયવાળા થયા એ ખરેખર તેમની મોહોટા દિલની માતા અને ભલાઇથી ભરપૂર તથા નીતિમાન તેમના કાકા વિદુરનો જ પ્રતાપ છે. હાલમાં નાનપણુથીજ પિતાવગરનો થયેલો વિધવાસ્રીનો પુત્ર અવસ્ય અધમ રસ્તે ચડી જાયછે. પરંતુ જો તેની માતા અક્કલવાળી હોય અને તેની સાથે રક્ષક પુરૂપ પણુ જો ભલાઇથી ભરેલો હોય તો તેના દિલમાં નાનપણુથી જ સુનીતિ અને સદ્ગુણુના અંકુરો બરોબર ઠસી બેસેછે, અને તે વિપત્તિ કાળમાં પણુ વિકૃતિ પામતા નથી. ભીમ, અર્જુન, નકુલ અને સહદેવ એમની વડિલભાઇપ્રત્યેની તેના હાથથી ગમે તેવી દુર્દશામાં પડવા છતાં પણુ માનભરેલી વર્ત્તણુક અને યુધિષ્ઠિરનું સત્યાવલંબિત્વ તથા દરેક વખતનું દીર્ઘદર્શિત્વ મહાશયોના મનને પણુ મોહ પમાડેછે.

યુધિષ્ઠિર છેકસુધી ભલાઇ જાળવ્યે ગયા અને દુર્યોધન છેકસુધી બુંડાઇ કરતો ગયો, જેનું ફળ તેને છેવટ દૈવતરૂપથી જ મળ્યું એમ કહેવામાં કાંઇ ખોટું નથી. દુર્યોધનના પક્ષના દેવતાઓથી પણુ ન જીતાય એવા ભીષ્મ, દ્રોણુ વગેરે તમામ યોદ્ધાઓ યુદ્ધમાં કામ આવી જતાં એકલો રહેલો દુર્યોધન હાથ-માં ગદા લઇ પાંડવોના અવશેષ રહેલ સૈન્યના મધ્યમાં અનાથની પેઠે યુદ્ધ કરવા ચાલ્યો, એ વખતે જો કે તે ભયભીત નહોતો તોપણુ જેના હોઠ હલવા માત્રમાંજ હજારો નોકરો સસંભ્રમ હાથ જોડી હાજર થતા તેને પણુ એવી દશામાં આવવું પડ્યું એ કાળચક્રની ગતિ કેટલી વિચારવાજેવી છે !

ચડતી અને પડતી તથા સંપત્તિ અને વિપત્તિ એ મનુષ્યોનાપર પોતાની ફરતી છાયા લાવેછે તેમાં કોઇ અભિમાની પુરૂપ એહેકી જઇ પોતાની મૂર્ખાઇ જણાવે એથી વધારે હાસ્યાસ્પદ બાજું શું ગણાય ?

વિષયાસક્તિ, જુગાર અને અતિશય સ્વાર્થલંપટતા વગેરે બદી કેવા કેવા પ્રકારોથી સમજુ અને વિવેકી માણસોમાં પણુ ઘર કરી બેસેછે અને તેનાં કેવાં માઠાં પરિણામો આવેછે તે તથા બાળકોને અભ્યાસ કરાવવાની પ-દ્ધતિ, પ્રાચીનકાળની સ્વયંવર રીતિ, યજ્ઞ મહોત્સવ, જુગારીના છળ પ્રપંચ,


સતીનો મહિમા, નીતિની શિખામણો, ધૈર્ય તથા શૌર્યનો ચિતાર, મહાત્માની આજ્ઞાના અનાદરનું પરિણામ, અભિમાનનું ફળ, મુનિના ઉત્તમ ઉપદેશો, કુસંપનું પરિણામ, ગોરક્ષા, સભાઓ તથા તેમાં થયેલાં ભાષણો, વિદુરના ઉપદેશ, મહાત્માઓનો પ્રતાપ, ભયંકર પ્રતિજ્ઞાઓ, વ્યૂહની રચનાઓ, કરૂણાજનક દેખાવો અને વીરોનાં અદ્‌ભુત પરાક્રમો વગેરે જે જે બાબતો મનુષ્યમાત્રને જરૂર જાણવી જોઇએ તે સઘળી આ ગ્રંથમાં દાખલ થયેલી છે અને તેથી આ ગ્રંથનાં વખાણ કરવામાં દોષરૂપ મનાએલ સ્વકૃતગ્રંથની શ્લાઘાના ત્યાગનું અમોને પૂરતું વિસ્મરણ થયેલું છે.

આ પુસ્તકપ્રવેશ બંધ કરતી વખત અમારે જણાવવું જોઇએ કે મૂળગ્રંથ ઉપરથી આ કાળને અનુચિત કેટલીએક બાબતો આ પુસ્તકમાં પણ દાખલ કરવાની ફરજ પડી છે. તે વાંચનાર વર્ગ દોષની નજરે નહિ જુએ એવી અમારી નમ્ર પ્રાર્થના છે.

લખાણમાં વખતે વખતે કેટલાએક કાઠીઆવાડી શબ્દો દાખલ થયેલા વાંચનારાઓને જણાશે પણ તે અમારા સમજવા પ્રમાણે ઇડિયોમેટીક છે તેથી તેવા શબ્દોને બદલે બીજા શબ્દો, લખતી વખતે જાણી જોઇને દાખલ કરવામાં આવ્યા નથી.

ઇસ્વી ૧૮૯૧ સંવત ૧૯૪૭   કર્તા.

અનુક્રમણિકા.



પાંડવ અને કૌરવ.

પ્રકરણ ૧ લું.

ચંદ્રવંશી પ્રતીપથી પાંડુસૂધી.

એક સમય બ્રહ્માની સભામાં દેવતાઓ, રાજર્ષિઓ તથા પોતાનાં રૂડાં કૃત્યોથી અખંડ સુખશાન્તિ ભોગવવાને સ્વર્ગલોકને પ્રાપ્ત થએલાં મૃત્યુલોકનાં માનવીઓ બેઠાં હતાં. તેઓમાં સૂર્યવંશી ઈક્ષ્વાકુ રાજાના વંશમાં ઉત્પન્ન થએલો અને ઘણા યજ્ઞો કરવાના પુણ્યપ્રતાપથી સ્વર્ગલોકના ઉચ્ચપદને પામેલો "મહાભિષ" નામનો રાજા પણ આ બ્રહ્મદેવના ભવ્યભુવનને શોભાવતો હતો: એવામાં ગંગાજી એ સભામાં આવ્યાં. ગંગાજીનું શ્વેત વસ્ત્ર પવનથી ઉડતું જોઈને સઘળા દેવતાઓ અને ઋષિઓ નીચું જોઈ રહ્યા; પરંતુ મહાભિષ રાજા નિઃશંકપણાથી ગંગાજીસામે જોઈ રહ્યો. આ તેના અવિવેકથી બ્રહ્માએ મહાભિષ રાજાને શાપ દીધો કે "તને મનુષ્યલોકમાં અવતાર આવશે તથા તારા મનનું હરણ કરનાર તે ગંગા મનુષ્ય લોકમાં તારૂં વિપ્રિય કરશે. છેવટ ગંગાની ઉપર જ્યારે તને ક્રોધ ચઢશે

ત્યારે તું શાપથી મુક્ત થઇ પાછો આ લોકને પ્રાપ્ત થશે" આ પ્રમાણે બ્રહ્માથી શાપિત થયેલા મહાભિષ રાજાએ વિચાર કરી કરીને પૃથ્વીમાં ચંદ્રવંશી પ્રતીપ નામના રાજાને ઘેર અવતરવાનો નિશ્ચય કર્યો. ગંગાજી પણ મહાભિષને પોતાનીપર આસક્ત થયેલો જોઇ તેનુંજ મનમાં ચિંતન કરતાં કરતાં સભામાંથી પાછાં વળ્યાં. રસ્તામાં ખેદને લીધે મ્હોએથી લેવાઇ ગયેલા વસુ નામના આઠ દેવતાઓ મળ્યા, એમને ગંગાજીએ પૂછ્યું, "તમે ખેદ પામેલા જેવા કેમ જણાઓછો?" વસુઓએ જવાબ આપ્યો કે, "વસિષ્ઠમુનિ સંધ્યાવંદન કરતા હતા, તે સમય અમોએ તેમની ગાયનું હરણ કર્યું તેથી તેમણે અમને યોનિમાંથી જન્મ ધરવાનો શાપ દીધો છે. વસિષ્ઠનો શાપ ટાળ્યોટળે એવો નથી. તમે મનુષ્યની સ્ત્રી થઇને અમોને જન્મ આપો તો બહુ સારૂં, જેથી અમારે કોઈ સાધારણ સ્ત્રીના ઉદરમાં રહેવું ન પડે. પ્રતીપ રાજાના ભવિષ્ય પુત્ર શન્તનુને ઘેર અવતરવાની અમારી ઇચ્છા છે." ગંગાજીએ કહ્યું. "મારો પણ એજ અભિપ્રાય છે. હું શન્તનુ રાજાની સ્ત્રી થઇ તમોને જન્મ આપીશ." વસુઓએ કહ્યું, "અમો તમારા ઉદરથી જેમ જેમ જન્મ ધરીએ તેમ તેમ તરતજ તમારે અમને જળમાં નાખી દેવા, જેથી અમારો મોક્ષ થાય." ગંગાજીએ એઓની અરજનો સ્વીકાર કરી કહ્યું કે "એ રાજાને એક પુત્ર તો રહેવા દેવો જોઇએ કે જેથી તે રાજાનો મારી સાથેનો સમાગમ નિષ્ફળ થયો ન ગણાય." વસુઓએ કહ્યું કે "અમારામાંનો એક ઘો નામનો વસુ, જેના અપરાધથી અમો સર્વ અપરાધી થયા છીએ, તે તમારા ઉદરથી જન્મીને પૃથ્વીમાં લાંબા કાળ સુધી રહેશે અને અમો પણ તેને પોતપોતાની શક્તિનો અષ્ટમાંશ આપીશું" આ પ્રમાણે ઠરાવ કરી ગંગાજી તથા વસુઓ સૌ પોતપોતાને સ્થાને ગયાં.

આ વખત પૃથ્વીપર ગંગા નદીને કાંઠે હરિદ્વારમાં એક મોટો રાજા ઘણાં વર્ષો થયાં જપ તપ કર્યા કરતો હતો. એક દિવસ તે વેદનું અધ્યયન કરતો હતો, તેવામાં એક અત્યંત સ્વરૂપવાન જુવાન સ્ત્રી ગંગાના જળમાંથી બહાર આવી તરતજ એ જપ કરનાર રાજાના જમણા સાથળપર આવી બેઠી. રાજાએ તે સ્ત્રીને કહ્યું કે, "હે સુંદરિ! તારી શી ઇચ્છા છે? જે ઇચ્છા હશે તે હું પૂર્ણ કરીશ." સ્ત્રીએ કહ્યું, "મારી ઇચ્છા એવી છે કે તમારા સમાગમે રહી તમારી સેવા કરવી, માટે તમે મારો અંગીકાર કરો. કામનાવાળી સ્ત્રીનો ત્યાગ કરવો એ યોગ્ય નથી." રાજાએ જવાબ દીધો કે, "પરસ્ત્રીનો સંગ ન કરવો

એ મારો નિયમ છે." સ્ત્રીએ કહ્યું કે "હું પરસ્ત્રી નથી પણ દેવલોકની કન્યા છું માટે મારો અંગીકાર કરો." રાજાએ કહ્યું, "મારી સ્ત્રી થવાનું તેં તારે હાથેજ અટકાવ્યું. તું મારા જમણા સાથળપર આવી બેઠી પરંતુ જમણો સાથળ તો સંતાનો અને પુત્રવધૂઓને બેસવાનું આસન છે. કામનાવાળી સ્ત્રીને બેસવા લાયક ડાબો સાથળ તેં પ્રથમથીજ છોડી દીધો તેથી હું તને મારી સ્ત્રી કરી શકતો નથી. તું મારા જમણા સાથળપર આવી બેઠી માટે હું તને મારા પુત્રની વહુ કરવા માગું છું." સ્ત્રીએ કબુલ કર્યું અને કહ્યું કે, "હું તમારા પુત્રની વહુ થવા ખુશી છું. પણ મને વચન મળવું જોઇએ કે, હું જે કાંઇ સારૂં યા નરસું કૃત્ય કરૂં તેમાં તમારો પુત્ર કોઈ જાતનો વાંધો ન લે. તમારો પુત્ર આ ઠરાવ પ્રમાણે ચાલશે ત્યાં સુધી હું તમારા પુત્રના ઘરમાં રહીશ અને તેને રાજી કરીશ." એ પ્રમાણે બોલી તે સ્ત્રી અંતર્હિત થઈ.

હવે પુત્રકામનાવાળા આ રાજાએ પોતાની સ્ત્રીની સાથે પુત્રપ્રાપ્તિને વાસ્તે તપ કરવા માંડ્યું; અને તપના પ્રભાવથી તે રાજાને ઘડપણમાં પુત્ર પ્રાપ્ત થયો. આ પુત્ર જુવાન થતાં પિતાએ તેને આજ્ઞા કરી કે, "હે પુત્ર! ત્હારાં કલ્યાણને વાસ્તે પૂર્વે એક સુંદર જુવાન સ્ત્રી મારી પાસે આવી હતી. એ સ્ત્રી જો એકાંતમાં તારી પાસે આવે, તો તેનો તું સ્વીકાર કરજે. તું કોણ છે? કોની પુત્રી છે? ઇત્યાદિ કાંઇપણ તેને પુછીશ નહિ; અને તે જે કાંઈ કરે તેમાં તું આડો આવીશ નહિ." એ પ્રમાણે એ રાજાએ પોતાના રાજકુમારને આજ્ઞા કરી તથા રાજગાદી તેને સોંપી પોતે તપ કરવા સારૂ વનમાં ગયો.

વાર્તાના અનુસંધાનપરથી વાંચનારને સહજ સમજાયું હશે કે, હરિદ્વારમાં તપ કરનાર રાજાનું નામ પ્રતીપ હતું. તેને જુવાન સ્ત્રી મળી તે ગંગાજી પોતે અને પ્રતીપ રાજાને પુત્ર થયો તે પૂર્વજન્મનો મહાભિષ, આ જન્મમાં સુંદર સ્ત્રીરૂપે ઉત્પન્ન થયેલ દેવપુત્રી ગંગાજીનો અંગીકાર કરી આઠ વસુઓને અવતાર આપવા પૃથ્વીપર પ્રતીપ રાજાને ઘેર અવતરેલ શંતનુ નામથી પ્રસિદ્ધ હતો.

ઉત્તમ ગુણવાળો અને શિકારનો શોખી શંતનુરાજા એક દિવસ શિકાર કરતો કરતો એકલોજ ગંગા નદીને કાંઠે ફરતો હતો ત્યાં લક્ષ્મીજેવી રૂપાળી અને દિવ્ય આભરણોથી શોભી રહેલી એક સ્ત્રી તેના જોવામાં આવી. તેણીના રૂપની સંપત્તિથી વિસ્મય પામેલો શંતનુ રાજા જાણે નેત્રથી પીતો હોય તેમ

તે સ્ત્રીને જોવા લાગ્યો. અને તે સ્ત્રી પણ જાણે નેત્રવડે પીતી હોય તેમ તે સ્વરૂપવાન જુવાન રાજાને નિરખી નિરખીને જોવા લાગી. શંતનુ રાજાએ મધુર વચનથી તે સ્ત્રીને કહ્યું કે, "હે સુંદરિ! હું તારી પ્રાર્થના કરૂંછું કે તું મારી સ્ત્રી થા." સ્ત્રીએ કહ્યું, "હે રાજા! હું તમારી રાણી થઈ રહેવા ખુશી છું પરંતુ હું જે કાંઈ સારૂં નરસું કરૂં તેમાં તમારે મને અટકાવવી નહિ, અને કદી પણ અપ્રિય વચન કહેવું નહિ. જ્યાં સુધી આ ઠરાવ પ્રમાણે ચાલશો ત્યાં સુધી હું તમારા ઘરમાં રહીશ. પણ જ્યારે મારા કૃત્યમાં તમે આડા આવશો અથવા મને અપ્રિય વચન કહેશો ત્યારે હું તમારો ત્યાગ કરીશ." શંતનુ રાજાએ એ સઘળી વાતની હા પાડી. ગંગાજી રાજી ખુશીથી તેના ઘરમાં રહ્યાં અને શંતનુ રાજા પ્રેમથી તેને અનુસરવા લાગ્યો. આ સ્ત્રીને કાંઈ પુછવુંજ નહિ એવો નિશ્ચય કરેલો હોવાથી શંતનુ તેણીને કાંઈ પણ કહેતો નહિ તેણીના સ્વભાવથી, રૂપથી અને ઉપચારોથી રાજાને બહુ સંતોષ થયો. એમ કરતાં કેટલાંક વર્ષો વીતી ગયાં અને એ રાજાને એ સ્ત્રીમાં અનુક્રમે આઠ પુત્રો ઉત્પન્ન થયા. દરેકનો જન્મ થતાં "હું તારૂં ભલું કરૂંછું" એમ કહી ગંગાજી તેને પોતાના પ્રવાહમાં ડુબાવતાં ગયાં. આ વાત શંતનુ રાજાને અણગમતી હતી તોપણ ત્યાગની બીકને લીધે તેણે પોતાની રાણીને કાંઈ પણ કહ્યું નહિ. આઠમો પુત્ર જન્મતાં દુઃખ પામેલા રાજાએ તે પુત્રને બચાવવા માટે રાણીને કહ્યું કે "એને મારીશ નહિ. તું કેવી છે? કોણ છે? અને પુત્રોને શામાટે મારી નાખેછે? અરે! પુત્રોની હત્યા કરનારી! આ તને શું થોડું પાપ પ્રાપ્ત થયું છે?" રાણી બોલી કે, "હું તમારા આ છેલ્લા પુત્રને મારવો મૂકી દઉંછું. પણ આપણા ઠરાવ પ્રમાણે તમારા ઘરમાં રહેવાનો મારો અવધિ હવે પૂરો થયો છે. હું ગંગાજી છું. દેવતાઓનું કાર્ય સિદ્ધ કરવાને વાસ્તેજ તમારા ઘરમાં રહી હતી. આઠ વસુઓને મનુષ્યયોનિમાં અવતરવાનો વસિષ્ટનો શાપ હતો તેમાંથી તેમને મુક્ત કરવાવાસ્તે આ આચરણ મેં કર્યું છે. આ આઠમો પુત્ર જેને તમારા કહેવાથી મેં બચાવ્યો છે તેનું તે હવેપછી તમારી પાસે આવે ત્યારે રક્ષણ કરજો" એમ કહી પુત્રને સાથે લઈ ગંગાજી અદૃશ્ય થયાં, અને શંતનુ રાજા શોકસાગરમાં ડુબ્યો. તેણે પ્રજાનું પાલન કરવામાં બહુજ કાળજી રાખી રાજ્ય કર્યું. પણ આ બનાવ બન્યા પછી કોઈપણ સ્ત્રીપર તેની પ્રીતિ રહી નહિ. આ સ્થિતિમાં છત્રીશ વર્ષ વ્યતીત થયા પછી એક દિવસ તે શિકાર કરવા સારૂ વનમાં ફરતો ફરતો ગંગાને કિનારે આવી પહોંચ્યો. ગંગાનું પાણી

વહેતું બંધ થયું દીઠું. એટલે શંતનુ રાજા વિચારમાં પડ્યો કે, "આ ઉત્તમ નદી ગંગા આજ આમ સ્થિર કેમ છે?" એમ બોલેછે એટલામાં રૂપાળો, કદાવર અને દિવ્ય અસ્ત્રોના પ્રભાવથી ગંગાના પ્રવાહને અટકાવી ઉભેલો એક રાજકુમાર તેની દૃષ્ટિએ પડ્યો. રાજા ભારે વિસ્મય પામ્યો પણ તેણે તે રાજકુમારને ઓળખ્યો નહિ. આ પ્રમાણે પિતાને મોહ ઉપજાવી તે કુમાર પાછો જળમાં અદૃશ્ય થયો.આ કુતૂહલ જોઈ રાજાએ વિચાર કર્યો કે, રખેને એ મારો પુત્ર હોય. આવી શંકાથી તેની ખાત્રી કરવામાટે તેણે ગંગાજીને કહ્યું કે, "તું મારો પુત્ર દેખાડ" એમ કહેતાંજ સઘળાં આભરણોથી શોભાયમાન અને નિર્મળ વસ્ત્રોવાળી એક સુંદર સ્ત્રી, શણગારેલા એ કુમારનો જમણો હાથ પકડી શંતનુ પાસે આવી પણ શંતનુએ તેણીને ઓળખી નહિ. તે સ્ત્રી બોલી કે, "તમારાથી મારામાં જે આઠમો પુત્ર ઉત્પન્ન થયો હતો તે આ રહ્યો. આજ દિવસ સુધી મેં આ પુત્રને ઉછેરી મોટો કર્યો છે તેને લઈને તમારા નગરમાં જાઓ. આ કુમારે વસિષ્ઠ મુનિની પાસેથી સઘળાં અંગો સહિત ચારે વેદ તથા ઉપવેદનો અભ્યાસ કર્યો છે. બૃહસ્પતિ તથા શુક્રાચાર્ય જે શાસ્ત્રો જાણેછે તે શાસ્ત્રોનો પણ આ કુમારે સંપૂર્ણ અભ્યાસ કર્યો છે. પરશુરામે પોતાની સઘળી અસ્ત્રવિદ્યા આને શિખવી છે, તેથી આ કુમાર યુદ્ધમાં ઇંદ્રના જેવું પરાક્રમ કરી શકશે." આ પ્રમાણે ગંગાજીની અનુજ્ઞાને અનુસરી શંતનુ રાજા તે કુમારસહિત હસ્તિનાપુર નામની પોતાની રાજધાનીમાં ગયો. ઘેર ગયા પછી તેણે તે દેવવ્રતને યૌવરાજ્યાભિષેક કર્યો. ઉત્તમ ગુણવાળા એ દેવવ્રતે પોતાનાં સદાચરણથી પિતાને તથા પ્રજાને સંતોષ આપ્યો. ચારેક વર્ષ પછી શંતનુ રાજા એક દિવસ શિકાર કરવાસારૂ યમુનાના કિનારાપરના વનમાં ફરતો હતો, તેવામાં કોઈ ઉત્તમ ઓષધિનો સુગંધ તેના નાકપર અથડાયો. આ સુગંધ ક્યાંથી આવ્યો હશે તે જાણવામાટે રાજા ચારે દિશાતરફ ફરવા અને જોવા લાગ્યો. જોતાં જોતાં ત્યાં મચ્છીમારની એક અતિ સ્વરૂપવાન કન્યા તેના જોવામાં આવી. રાજાએ તે કન્યાને પૂછ્યું કે, "તું કોની દીકરી છે? અને અહીં શું કરેછે?" કન્યાએ કહ્યું કે, "હું મચ્છીમાર લોકોના અધિપતિની દીકરી છું અને પિતાની આજ્ઞાથી આ નદીમાં ધર્માર્થે મછવો ચલાવુંછું." કન્યાનું સૌંદર્ય જોઈ રાજા મોહપાશમાં બંધાયો અને તેથી મચ્છીમાર લોકોના અધિપતિ પાસે જઇ તે કન્યાનું પોતામાટે માગું કર્યું. મચ્છીમારે કહ્યું કે, "મારે એ કન્યાનું સગપણ તો વહેલુંજ

કરવાનું હતું પણ એક ઉમેદ પાર પાડવામાટે અટકયો છું. જો તમારે મારી કન્યાને પરણવાની ઇચ્છા હોય તો તમે મને વચન આપો કે, મારી કન્યામાં તમને જે પુત્ર થાય તે પુત્રજ તમારા પછી તમારા રાજ્યનો વારસ થાય અને એના સિવાય બીજો કોઈ વારસ ન થાય." શંતનુ રાજા અત્યંત કામાતુર થયો હતો તોપણ એવું વચન આપવું અયોગ્ય લાગવાથી પાછો વળી હસ્તિનાપુરમાં આવ્યો, પરંતુ તેનું ચિત્ત તે કન્યાપર હતું તેથી તે ચિંતાતુર રહેતો હતો. એક દિવસ દેવવ્રતે પોતાના પિતાને ચિંતાતુર જોઈ ચિંતાનું કારણ પૂછ્યું કે, "પિતાજી ! સર્વ રાજાઓ આપને આધીન છે અને ચિંતા કરવા જેવું કાંઈ ઉઘાડું કારણ જોવામાં આવતું નથી છતાં આપ સદા ઉદાસીન દેખાઓછો, મારી સાથે ખુલ્લા દિલથી વાત કરતા નથી, ફરવાહરવા પધારતા નથી અને શરીરનો વર્ણ ફીક્કો પડી ગયો છે. આપને શો વ્યાધિ છે? શો ઉપાધિ છે? તે જાણવાને આતુર છું. જાણવામાં આવે તો તેનો યોગ્ય ઉપાય કરવામાં આવે." શંતનુએ કહ્યું જે, "ચિંતાનું કારણ એટલુંજ છે કે, આ મોટા કુળમાં તમે એકજ મારે સંતાન છો અને વળી યુદ્ધમાં બહુ આસક્ત છો. તેથી જો કદી દૈવેચ્છાથી તમારા શરીરને હરકત થાય તો પછી આ કુળ નષ્ટ થયા વિના રહે નહિ. બીજા સો પુત્રો કરતાં તમે એક મારે ઉત્તમ છો. તેથી બીજી સ્ત્રી પરણવાને હું ધારતો નથી. તોપણ કુળનો નાશ થવાની અને નિર્વંશ જવાની મને ચિંતા રહેછે. ધર્મશાસ્ત્રીઓ કહેછે કે, જેને એકજ પુત્ર હોય તેને અપુત્રજ સમજવો. તમે શૂર છો, ક્રોધી છો અને શસ્ત્રો વાપરવામાં રૂચિ ધરાવનારા છો માટે અવશ્ય ક્યાંક યુદ્ધમાં તમારે કામ આવવાનો સંભવ છે. અને જો એમ બન્યું તો આ કુળની કેવી દશા થાય ?" પિતાની ચિંતાનું કારણ જાણી મહાવિચક્ષણ દેવવ્રતે પિતાના એક વૃદ્ધ મંત્રીની પાસે જઇને રહસ્યની વાત પૂછી. તે મંત્રીએ પેલી મચ્છીમારની કન્યાના સંબંધની વાત સ્પષ્ટપણે જણાવી. આ ઉપરથી દેવવ્રત કેટલાએક વૃદ્ધ ક્ષત્રિયોને સાથે લઈ મચ્છીમાર લોકોના અધિપતિપાસે ગયો અને પોતાના પિતાને વાસ્તે તેની કન્યાનું માગું કર્યું. અધિપતિ બોલ્યો કે, "આવા ઉત્તમ સંબંધની ના પાડતાં કોને પરિતાપ ન થાય ? આ મારી કહેવાતી કન્યા એક મહાત્મા રાજાના વીર્યવડે અપ્સરાથી ઉત્પન્ન થયેલ છે. એ કન્યાને માટે મોટા મોટા મહીપતિઓનાં માગાં આવી ગયાં છે. પણ બધાં મે પાછાં વાળ્યાં છે. હું કન્યાનો બાપ છું તેથી તેણીનું સુખ ઇચ્છું એ મારી

ફરજ છે. માટે કહેવાનું એટલુંજ છે કે, તમારા પિતાથી એ મારી પુત્રીમાં પુત્ર ઉત્પન્ન થાય તેના તમેજ શત્રુ થાઓ એ મોટી અડચણ છે. તમે જેના શત્રુ થાઓ તે કદી જય પામે નહિ કે જીવે નહિ." આ સાંભળી દેવવ્રતે કહ્યું જે, 'અગાઉ કદીપણ નહિ બોલાયેલું અને ભવિષ્યમાં નહિ બોલાશે એવું હું બોલુંછું કે, મારા પિતાને તમારી કન્યાથી જે પુત્ર થશે તેજ અમારો રાજા થશે." મચ્છીમારનો અધિપતિ દેવવ્રતની આ પ્રતિજ્ઞાથી સંતોષ નહિ પામતાં બોલ્યો કે, "તમે તમારી પ્રતિજ્ઞા પાળશો એ વાત નિઃસંશય છે, પણ કન્યાના માવતરની પદ્ધતિપ્રમાણે મારે બોલવું પડેછે કે, તમને જે પુત્ર ઉત્પન્ન થાય તે કદાચ રાજ્યનો વાંધો લે એમ મને સંશય રહેછે." ધર્માત્મા દેવવ્રતે પિતાનું પ્રિય કરવાની ઇચ્છાથી બીજી પણ અદ્ભુત પ્રતિજ્ઞા કરી કે, "આજથી હું બ્રહ્મચર્યજ પાળીશ, કે જેથી મને પુત્રપ્રાપ્તિનો સંભવજ ન રહે." દેવવ્રતનાં આવાં વચન સાંભળી સાનંદાશ્ચર્યની પરિસીમાને પ્રાપ્ત થઈ મચ્છીમારનો રાજા બોલ્યો કે, "હું તમારા પિતાને મારી કન્યા આપી ચૂકયો," આ પ્રસંગે દેવવ્રતે કરેલી આ બે અદ્ભુત અને અપૂર્વ તેમજ ભીષ્મ એટલે ભયંકર પ્રતિજ્ઞાથી પ્રસન્ન થયેલા સ્વર્ગના દેવો તથા ઋષિઓએ દેવવ્રતના ઉપર પુષ્પવૃષ્ટિ કરી અને તેનું ભીષ્મ એવું નામ રાખ્યું. પછી ભીષ્મે મચ્છીમારની કન્યા સત્યવતીને કહ્યું કે, "માતા! રથમાં પધારો, આપણે ઘેર જઇએ." એમ કહી ભીષ્મે સત્યવતીને રથમાં બેસાડી હસ્તિનાપુરમાં આવી બનેલ વૃત્તાંત પિતાને કહી સંભળાવ્યું. આ સાંભળી રાજા અને પ્રજા એ સર્વ દેવવ્રતની પ્રશંસા કરવા મંડી ગયાં. અને તેઓ પણ ભીષ્મ એવા નામથી તેને બોલાવવા લાગ્યાં. પિતાએ તેનાપર પ્રસન્ન થઈ વરદાન આપ્યું કે, "હે પુત્ર! જ્યાં સુધી તમને જીવવાની ઇચ્છા હશે ત્યાં સુધી તમારા ઉપર મૃત્યુ ફાવી શકશે નહિ. તમારી સંમતિ હશે ત્યારેજ મૃત્યુ તમને પ્રાપ્ત થઈ શકશે."

શંતનુ રાજાને તે નવી રાણી સત્યવતીમાં ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય નામના બે કુમાર અવતર્યા. મોટો કુમાર ચિત્રાંગદ જુવાનીમાં આવતાં પહેલાંજ શંતનુ રાજા પંચત્વને પામ્યો. પિતાના મૃત્યુ પછી ભીષ્મે સત્યવતીની મરજીને અનુસરી ચિત્રાંગદને રાજ્યાભિષેક કર્યો. ચિત્રાંગદ પોતાના વીરપણાના અભિમાનને લીધે સર્વ રાજાઓનું અપમાન કરતો હતો. તે કુરૂક્ષેત્રમાં એક યક્ષની સાથે યુદ્ધમાં માર્યો ગયો. ભીષ્મે તેની ઉત્તરક્રિયા કરી, અને વિચિત્રવીર્યની ઉમ્મર નાની હતી તોપણ તેને રાજ્યાભિષેક કર્યો. વિચિત્રવીર્ય ભીષ્મની

આજ્ઞામાં રહી રાજ્ય ચલાવવા લાગ્યો. અને ભીષ્મ સત્યવતીનો અનુમત લઇ ઓરમાન ભાઇનું પાલન કરવા લાગ્યો. વિચિત્રવીર્ય જુવાન થતાં ભીષ્મે તેને પરણાવવાનો વિચાર કર્યો. તે વખતમાં કાશીના રાજાની ત્રણ કન્યાઓના સ્વયંવરના સમાચાર સાંભળી ભીષ્મ કાશી ગયો. ત્યાં સર્વ રાજાઓને જીત્યા અને ત્રણે કન્યાઓનું હરણ કરી ચાલ્યો. શાલ્વદેશનો રાજા યુદ્ધ કરવા સારૂ તેની પાછળ પડ્યો તેને પણ તેણે જીત્યો; અને ત્રણે કન્યાઓને હસ્તિનાપુરમાં લાવ્યો. તે ત્રણે બેહેનોને વિચિત્રવીર્યની સાથે પરણાવવાની તૈયારી કરવા માંડતાં સૌથી મોટી બેહેન અંબા બોલી કે, "હું પ્રથમથીજ મનવડે શાલ્વદેશના રાજાને વરી ચુકી છું, માટે મને અહીંથી રજા મળવી જોઇએ." આ વાત સાંભળી ભીષ્મ ચિંતામાં પડ્યા. પણ વિદ્વાન બ્રાહ્મણોની સલાહથી અંબાને રજા આપી. બાકીની બે અંબિકા અને અંબાલિકાનું વિચિત્રવીર્યની સાથે લગ્ન કર્યું. વિચિત્રવીર્ય તે બન્નેમાં આસક્ત થયો. સાત વર્ષસૂધી સાથે રહી અંતે ક્ષયરોગથી મરણ પામ્યો અને ભીષ્મે તેની સઘળી ઉત્તરક્રિયા કરી.

બન્ને પુત્રોના મરણથી સંતાપ પામેલી સત્યવતીએ ધર્મ અને વંશના રક્ષણનો વિચાર કરી ભીષ્મને કહ્યું કે, "હે પુત્ર ! હવે શંતનુ રાજાના પિંડદાનનો અધિકાર અને વંશનો આધાર માત્ર તમારાપર છે. તમે ધર્માત્મા છો, શાસ્ત્રજ્ઞ છો અને આપત્કાળના ધર્મોને સંપૂર્ણ રીતે જાણોછો. માટે તમારાપર વિશ્વાસ રાખી તમને જે કામ સોંપું તે તમારે કરવું જોઇએ. તમારો ભાઈ વિચિત્રવીર્ય અપુત્ર મરણ પામ્યો, માટે તમે મારી આજ્ઞાથી તેની બે રાણીઓમાં પુત્ર ઉત્પન્ન કરો. અથવા તમો પોતે કોઈ બીજી સ્ત્રીને પરણી રાજા કરો. જેથી પૂર્વજોના પિંડદાનનો લોપ ન થાય અને વંશવિધ્વંસ પણ ન થાય." ધર્મને અનુસરી ભીષ્મે ઉત્તર આપ્યો કે, "માજી ! તમે ઠીક વાત કરોછો, પણ મેં જીવતાં સુધી બ્રહ્મચારી રહેવાની તમારાવાસ્તેજ પ્રતિજ્ઞા કરી છે તે, તમારા જાણવામાં છે. હું સ્વર્ગનું રાજ્ય મળતું હોય તો તે જતું કરૂં પણ મારી પ્રતિજ્ઞા કદી છોડું નહિ. અગ્નિ શીતળ થઈ જાય અને ચંદ્ર ઉષ્ણ થાય પણ હું કદી સત્ય છોડું નહિ." સત્યવતીએ કહ્યું કે, "તમારી પ્રતિજ્ઞા હું જાણુંછું પણ આપત્કાળના ધર્મને અનુસરી તમે મારૂં કહ્યું માનો. જે રીતે વંશ તુટે નહિ, ધર્મને બાધ આવે નહિ અને સંબંધીઓ રાજી થાય તેમ કરવું જોઈએ. ભીષ્મે કહ્યું "માજી ! ધર્મઉપર ધ્યાન આપો. અમને સઘળાઓને પતિત

કરો માં, ક્ષત્રિયે સત્યથી ભ્રષ્ટ થવું એ અધર્મ છે. ધર્મનો બાધ ન આવે અને વંશ નિર્વંશ ન જાય એવો રસ્તો હું તમને બતાવું તે સાંભળો અને પછી આપત્કાળના ધર્મને જાણનારા વિદ્વાનોનો મત મેળવી યોગ્ય જણાય તો તે પ્રમાણે તમે કરજો."

"પૂર્વે જ્યારે પરશુરામે સઘળા ક્ષત્રિયોને મારી નાખ્યા ત્યારે ક્ષત્રિયોની સઘળી સ્ત્રીઓએ ગળી બ્રાહ્મણોનાં બીજ લઈ પુત્રો ઉત્પન્ન કર્યા હતા. વળી બલિ નામના એક રાજાએ દીર્ઘતમા નામના આંધળા બ્રાહ્મણની પાસે પોતાની રાણીને મોકલી અને તેના બીજથી પુત્ર ઉત્પન્ન કર્યો હતો. આવીજ રીતે બીજા પણ કેટલાએક ક્ષત્રિયો બ્રાહ્મણોના બીજથી ઉત્પન્ન થયેલા મારા જાણવામાં છે. મારો મત એવો છે કે, કોઈ ગુણવાન બ્રાહ્મણને ધન આપી બોલાવવો, તે વિચિત્રવીર્યની સ્ત્રીઓમાં સંતાનોને ઉત્પન્ન કરે." ભીષ્મના આવાં વચન સાંભળી સત્યવતી મનમાં લજાતી લજાતી બોલી કે, "તમારૂં કહેવું બરાબર છે. મારી પણ એક રહસ્ય વાત છે તે પણ આપત્કાળને લીધે અને તમારાપર વિશ્વાસને લીધે તમને કહેવા ઇચ્છુંછું. હું પહેલી જુવાનીમાં હતી અને મારા પિતાની આજ્ઞા પ્રમાણે યમુનામાં ધર્માર્થ મછવો ચલાવતી હતી તે સમયે એક દિવસ મછવામાં બેઠેલા પરાશર મુનિએ કામાતુર થઇ આસપાસ અંધકાર ફેલાવીને તથા મને કેટલાંક વચનો અને વરદાનોથી લલચાવી હતી. મારા શરીરમાં માછલાના જેવો જે ગંધ હતો તેને ટાળી નાખી આ ઉત્તમ ગંધ આપ્યો અને મને કહ્યું કે, તું આ યમુનાના બેટમાં મારાથી રહેલ ગર્ભને જન્મ આપજે, અને જન્મ આપ્યા પછી તું કન્યાજ રહીશ. એ પરાશર મુનિનાં બીજથી મનેજે પુત્ર ઉત્પન્ન થયો છે તે મહા પ્રખ્યાત વેદવ્યાસમુનિ કહેવાયછે. એ વેદવ્યાસે વળી મને કહ્યું છે કે, કષ્ટના સમયમાં મને સંભારજો. માટે હે ભીષ્મ ! જો તમારી સંમતિ હોય તો હું એ વેદવ્યાસનું સ્મરણ કરૂં. તે આવીને મારી આજ્ઞાથી તથા તમારી સંમતિથી વિચિત્રવીર્યની રાણીઓમાં પુત્રોને ઉત્પન્ન કરશે." વેદવ્યાસનું નામ સાંભળતાં ભીષ્મે હાથ જોડીને કહ્યું કે, "બહુજ સારૂં. એમાં મારી સંપૂર્ણ સંમતિ છે." આ પ્રમાણે ઠરાવ થતાં સત્યવતીએ વેદવ્યાસનું સ્મરણ કર્યું કે વેદવ્યાસ તરતજ આવ્યા. ઘણે કાળે પુત્રનું દર્શન થવાથી માતાને હર્ષાશ્રુ આવ્યાં, પુત્રનું આલિંગન કર્યું અને પૂજા કરી આસનપર બેસાડ્યા. વેદવ્યાસે પોતાની મા સત્યવતીને પવિત્ર જળ છાંટી પ્રણામ કર્યાં

અને કહ્યું કે, "માજી! તમારી શી ઇચ્છા છે? જે ઇચ્છા હોય તે હું પૂર્ણ કરીશ." સત્યવતી બોલી કે, "પુત્રની ઉપર જેટલો પિતાનો અધિકારછે તેટલોજ માતાનો અધિકાર છે. તમે મારા પુત્ર છો. વિચિત્રવીર્ય તમારાથી નાનો પુત્ર હતો. વિચિત્રવીર્યને જેમ પિતાના સંબંધથી ભીષ્મ ભાઈ થાય તેમ માતાના સંબંધથી તમે ભાઇ થાઓછો. સત્યનું પાલન કરવા તથા પોતે કરેલી પ્રતિજ્ઞા પાળવા માટે આ શંતનુ રાજાના પુત્ર ભીષ્મની, પરણવાની કે રાજ્ય કરવાની ઇચ્છા નથી. વિચિત્રવીર્ય અપુત્ર મરણ પામ્યો છે. માટે તમે મારી આજ્ઞાથી તથા ભીષ્મની સંમતિથી તમારા દૂધભાઇ વિચિત્રવીર્યની બે રાણીઓમાં પુત્રોને ઉત્પન્ન કરો." માનાં વચન સાંભળી વ્યાસ બોલ્યા કે, "માજી! તમે ધર્મને સંપૂર્ણ રીતે જાણોછો અને તમારી આજ્ઞા આપત્કાળના ધર્મને અનુસાર હોવાથી તે આજ્ઞા હું શિરપર ચડાવુંછું. પરંતુ તે સ્ત્રીઓએ એક વર્ષસૂધી મારા કહેવા પ્રમાણે વ્રત કરવું. અને ત્યાર પછી શુદ્ધ થઇ મારા સમાગમમાં આવવું," સત્યવતી બોલી કે, "રાજા વગરના દેશની અનાથ પ્રજા દુઃખી થઇ નષ્ટ થાયછે, યજ્ઞાદિ ક્રિયાઓનો લોપ થાયછે અને વૃષ્ટિ થતી નથી. માટે જેમ બને તેમ તરત પુત્રોને ઉત્પન્ન કરો." વ્યાસ બોલ્યા કે, "જો સમયવગર પુત્ર મેળવવા હોય તો તે રાણીઓએ મારાં ભયંકામણાં રૂપને સહન કરવું પડશે. જો મારા ગંધને, વેષને અને ભયંકર રૂપને સહન કરે તો ભલે આજેજ મોટી રાણી ગર્ભને ધારણ કરે." સત્યવતીએ હા પાડી. "અંબિકાએ પવિત્ર વસ્ત્રાભૂષણ ધારણ કરી શયનમાં મારી વાટ જોવી" એમ કહી વેદવ્યાસ અંતર્હિત થયા. સત્યવતીએ પોતાની મોટી વહુને એકાંતમાં બોલાવીને કહ્યું કે, "વહુ! હું તમને એક ધર્મની વાત કહેવાની છું, મારાં દુર્ભાગ્યે આ ભરતકુળનો ઉચ્છેદ થયો છે. પિતાના વંશને નષ્ટ થતો જોઇ તથા મને પીડાયેલી જોઇને ભીષ્મે આ કુળની વંશવૃદ્ધિને માટે એક ધર્મમાર્ગ બતાવ્યો છે, અને વહુ! તે વાત સફળ થવી તમારા હાથમાં છે. આ નષ્ટ થએલા વંશનો તમે પુનરૂદ્ધાર કરો અને ઇંદ્ર જેવા પુત્રને જન્મ આપો એમ મારી ઇચ્છા છે. એ પુત્ર આ મહાન રાજ્યનો વારસ થઇ રાજ્ય ચલાવશે અને વંશની વૃદ્ધિ કરશે."

પછી વેદવ્યાસસાથે થયેલી વાત વહુને સંભળાવી. આપત્કાળમાં ધર્મની સમજ પાડી તેને માંડ માંડ સમજાવી. બ્રાહ્મણો તથા અતિથિઓને જમાડ્યા અને ઋતુસ્નાતા થયેલી વહુને શયનમાં સુવા મોકલતાં સાસુએ કહ્યું કે, "વહુ! આજ મધ્યરાત્રે તમારા જેઠ તમારી પાસે આવશે માટે સાવધાનપણે

તેની વાટ જોજે." સાસુની આજ્ઞાથી શયનમાં જઈ સુતેલી અંબિકા તો ભીષ્મનું અથવા બીજા ભાયાતોનું ચિંતન કરવા લાગી. દીવાઓ પ્રકાશી રહ્યા હતા અને અંબિકા વાટ જોયા કરતી હતી. બરાબર મધ્યરાત્રે વેદવ્યાસ આવ્યા, વેદવ્યાસની પીંગળી જટા અને પીંગળી દાઢી જોઇ અંબિકા આંખો મીંચી ગઈ. વ્યાસે પોતાની મા સત્યવતીનું પ્રિય કરવાને વાસ્તે અંબિકાનો અંગીકાર કર્યો. પાછળથી સત્યવતીએ પુત્રસંબંધી પ્રશ્ન કરતાં વેદવ્યાસે જણાવ્યું કે, "માજી ! દશ હજાર હાથીઓના જોરવાળો, ભાગ્યશાળી, મોટો પરાક્રમી અને મહા બુદ્ધિશાળી પુત્ર જન્મશે અને તે પુત્રને સો પુત્ર થશે પણ એ પુત્ર પોતાની માતાના દોષથી અંધ અવતરશે." સત્યવતી આથી ખેદ પામીને બોલી કે "આંધળાને રાજ્યનો વારસો મળે નહિ અને આ કુળનો એવો રાજા થાય એ પણ અયોગ્ય. માટે મારી બીજી વહુ અંબાલિકામાં રાજ્યને લાયક, રૂપ તથા ગુણવાળો પુત્ર ઉત્પન્ન થાય એમ કરો." માતાની આજ્ઞા માથે ચડાવી વ્યાસ વિદાય થયા. નવ માસ પૂરા થયે અંબિકાએ પુત્રને (ધૃતરાષ્ટ્રને) જન્મ આપ્યો. સત્યવતીએ આગળની પેઠેજ હવે નાની વહુ અંબાલિકાને માંડ માંડ સમજાવી વ્યાસને બોલાવ્યા. વ્યાસ એવાજ વેષમાં આવ્યા અને અંબાલિકાને પ્રાપ્ત થયા. વ્યાસનું આવું વદરામણું રૂપ જોઈ અંબાલિકાનો મુખરાગ બદલાઇ પાંડુ જેવો થઈ ગયો. અંબાલિકાને ભય પામેલી, ખિન્ન થયેલી અને પાંડુવર્ણી જોઇ વ્યાસે કહ્યું કે, "મારૂં રૂપ જોઈ તું પાંડુવર્ણવાળી થઈ માટે તને જે પુત્ર થશે તે પણ પાંડુવર્ણવાળો થશે અને પાંડુ એવા નામથી પ્રસિદ્ધ થશે." વ્યાસ શયનગૃહમાંથી બહાર આવ્યા. સત્યવતીએ પૂછ્યું કે, "આ અંબાલિકાનો પુત્ર તો ઉત્તમ ગુણવાળો અને રૂપાળો થશે કે કેમ?" વ્યાસે કહ્યું કે, "તે ઉત્તમ ગુણવાળો થશે પણ શરીરનો વર્ણ પાંડુ થશે." નવ માસ પૂરા થતાં અંબાલિકાને સર્વ શુભ લક્ષણવાળો, કાંતિવાળો પણ પાંડુવર્ણો પુત્ર ઉત્પન્ન થયો. કેટલોક વખત ગયે મોટી વહુને ફરી ઋતુસ્નાતા થયેલી જોઈ વ્યાસને ફરી સમાગમ કરવાની આજ્ઞા કરી અને તેને આમંત્રણ કર્યું. અંબિકાએ મોઢેથી હા પાડી પણ વ્યાસના ગંધરૂપનો વિચાર કરતાં ત્રાસ છુટવાથી પોતે શયનમાં જવાને બદલે એક દાસીને શણગારીને મોકલી. વ્યાસને આવતા જોઈ દાસીએ સામી ઉઠી તેનો સત્કાર કર્યો અને સર્વ રીતે સંતુષ્ટ કર્યા. પ્રસન્ન થયેલા વ્યાસે ઉઠતી વખત કહ્યું કે, "તું હવે દાસીપણાથી મુક્ત થશે. તારાં ઉદરમાં ધર્માત્મા તથા બુદ્ધિમાન પુરૂષોમાં સર્વથી શ્રેષ્ઠ મહાત્મા

પુત્ર થશે." સમય પૂરો થતાં કહ્યા પ્રમાણેજ પુત્રનો પ્રસવ થયો. અને તે ઇતિહાસમાં વિદુર એવા નામથી ઓળખાયો. આ પ્રમાણે ભરતકુળમાં ત્રણ પુત્રોની પ્રાપ્તિ થતાં દેશમાં આનંદ વર્તી રહ્યો, ધન ધાન્યની વૃદ્ધિ થઇ, વરસાદ પુષ્કળ વરસવા લાગ્યો, વેપાર વધ્યો, પ્રજા સુખ સંપત્તિથી વર્તવા લાગી અને સર્વત્ર સત્યયુગનો દેખાવ થઇ રહ્યો. લોકોએ ઘણી પ્રીતિથી નવા બાળકોના જાતકર્મના ઉત્સવમાં ભાગ લીધો. ભીષ્મના રક્ષણતળે ત્રણે કુમારો કસરતમાં, અસ્ત્રવિદ્યામાં, વેદવિદ્યામાં, યુદ્ધવિદ્યામાં, અશ્વવિદ્યામાં અને નીતિશાસ્ત્ર ઇત્યાદિ સર્વ વિષયોમાં પ્રવીણ થયા. ધૃતરાષ્ટ્ર શરીરબળમાં અધિક થયો, પાંડુ ધનુર્વિદ્યામાં સર્વ કરતાં પ્રવીણ થયો અને વિદુર બુદ્ધિબળમાં વધ્યો. ધૃતરાષ્ટ્ર આંધળો અને વિદુર દાસીપુત્ર હોવાથી પાંડુને રાજ્ય સોંપવામાં આવ્યું.

પ્રકરણ ૨ જું.

પાંડવ અને કૌરવની ઉત્પત્તિ.

એક સમય ભીષ્મે વિદુરને કહ્યું કે "આપણું કુળ પૃથ્વીમાં સર્વ રાજાઓના કુળથી શ્રેષ્ઠ છે, તેને સત્યવતી તથા વ્યાસે ઉપાયો કરી નાશમાંથી બચાવ્યું છે. હવે તે પાછું સમુદ્રની ભરતીની પેઠે વૃદ્ધિ પામે એવી ગોઠવણ તમારે કરવી જોઈએ. કુંતિભોજ નામના યાદવની કુંવરી કુંતી, સુબળ રાજાની કુંવરી ગાંધારી અને મદ્રદેશના રાજાની બેહેન માદ્રી એ ત્રણ કન્યાઓ કુલીન છે, રૂપાળી છે અને આપણા કુળને લાયક છે, તેમનાં માગાં કરવાનું હું ધારૂંછું. આ વિષયમાં તમારો શો અભિપ્રાય છે? સુબળ રાજાની કન્યા ગાંધારીએ સદાશિવનું આરાધન કરી સો પુત્રની પ્રાપ્તિનું વરદાન મેળવ્યું છે એમ મેં સાંભળ્યું છે." ભીષ્મનાં વચન સાંભળી વિદુરે તે બાબતમાં સંમતિ આપી. ભીષ્મે ગાંધાર (કંધાર) દેશના રાજા સુબળની પાસે યોગ્ય માણસો મોકલ્યાં અને ધૃતરાષ્ટ્રને માંટે તેની કુંવરીનું માગું કરાવ્યું. આંધળાને કન્યા કેમ દેવાય એવો પ્રથમ તો સુબળનો વિચાર થઇ પડ્યો. પણ ધૃતરાષ્ટ્રનાં બળ, યશ અને આચરણથી સંતુષ્ટ થઇ તેણે પોતાની પુત્રી ગાંધારી ધૃતરાષ્ટ્રને વરાવી. અંધ ધૃતરાષ્ટ્રની સાથે પોતાનું સગ-

પણ થયેલું જાણીને ગાંધારીએ તે વખતથીજ પોતાની આંખોઉપર મજબૂત પાટા બાંધી લીધા, કે જેથી કોઇ દિવસ પતિના ઉપર અરૂચિ થાય નહિ, અને પતિવ્રતાપણું બરાબર જાળવી શકાય. પછી સુબળ રાજાનો પુત્ર શકુનિ પોતાની બેન ગાંધારીને સાથે લઇ હસ્તિનાપુરમાં આવ્યો અને ભીષ્મની સંમતિથી તેણીને ધૃતરાષ્ટ્રસાથે પરણાવી ઉત્તમ પ્રકારની પહેરામણી આપી. બેનને પરણાવી તથા ભીષ્મને હાથે સત્કાર પામી શકુનિ પાછો પોતાને દેશ ગયો. ગાંધારી પોતાના સ્વભાવથી તથા સદાચરણથી સાસરીયાંને સંતોષ આપવા લાગી, ધૃતરાષ્ટ્રની ભાવપૂર્વક સેવા કરવા લાગી અને પતિવ્રતા હોવાથી પરપુરૂષનું નામ પણ લેતી નહોતી.

યાદવોમાં ઉત્તમ કુંતિભોજ રાજાએ પોતાની કુંવરી કુંતીને સ્વયંવરથી પરણાવવાનું પરિયાણ કરી સર્વ રાજાઓને સ્વયંવરમાં બોલાવ્યા. દસ્તુર પ્રમાણે હાથમાં હાર (વરમાળા) લઇને વર પસંદ કરવામાટે મંડપમાં ફરવા નીકળેલી કુંતીએ, બેઠેલા રાજાઓને જોતાં જોતાં પાંડુરાજાને પસંદ કરી તેના ગળામાં હાર પહેરાવ્યો. કુંતિભોજે મોટી ધામધુમથી પાંડુને કન્યાદાન દઈ મોટી સેના સહિત વરકન્યાને હસ્તિનાપુરમાં મોકલ્યાં. પાંડુએ હસ્તિનાપુર આવી કુંતીને અંતઃપુરમાં રાખી રાજ્ય કરવા માંડ્યું.

પાંડુનો બીજો વિવાહ કરવાના વિચારથી ભીષ્મ પોતાની સાથે વૃદ્ધ લોકો, બ્રાહ્મણો તથા મોટું સૈન્ય લઈ મદ્રદેશના રાજાની રાજધાનીમાં ગયા. ત્યાંના શલ્ય નામના રાજાએ ભીષ્મનું સામૈયું કરી તેની યોગ્ય રીતે પૂજા કરી આગમનનું પ્રયોજન પૂછ્યું. ભીષ્મે કહ્યું કે "હું તમારી બેહેનનું માગું કરવામાટે આવ્યો છું. તમારી માદ્રી નામની બેહેન અમારા પાંડુને આપો. અમો તમારા થઇએ અને તમો અમારા થાઓ એમ મારી ઇચ્છા છે." ભીષ્મની પ્રાર્થના સાંભળી મદ્રદેશના રાજા શલ્યે કહ્યું કે, "પાંડુથી વધારે ઉત્તમ વર બીજો મળે એમ હું ધારતો નથી અને તમારી પાસેથી કન્યાનું કાંઇ મૂલ્ય માગવું એ પણ યોગ્ય નથી. તોપણ કન્યાનું મૂલ્ય લેવાનો અમારો કુળાચાર છે તેને છોડી દેવા હું ઇચ્છતો નથી. આ અમારો કુળાચાર તમારા પણ જાણવામાં છે." ભીષ્મે કહ્યું કે "તમારા પૂર્વજોએ કન્યાનું મૂલ્ય લેવાની પદ્ધતિ ચલાવી છે તેમાં તમારો દોષ નથી. કુળની પરંપરાપ્રમાણે ચાલવુંજ જોઇએ." એમ કહી ભીષ્મે શલ્ય રાજાને સોનું, રત્નો, હાથીઓ, ઘોડાઓ, રથો, આભરણો અને વસ્ત્રો આદિ ઘણું ઘણું આપ્યું. આ સઘળું ધન લઇ રાજી થયેલા શલ્યે પોતાની બેહેનનું

સગપણ પાંડુસાથે કર્યું. ભીષ્મે માદ્રીને સાથે લઈ હસ્તિનાપુર આવી શુભ મુહૂર્ત્ત જોવરાવી માદ્રીને પાંડુ સાથે પરણાવી.

દેવલક નામના રાજાની એક દાસીમાં બ્રાહ્મણુના બીજથી એક જુવાન તથા રૂપાળી કન્યા ઉત્પન્ન થયાની વાત ભીષ્મના જાણુવામાં આવતાં તેણે તેની સાથે વિદુરનું સગપણ કરવાનું યોગ્ય માણસસાથે કહેણ મોકલ્યું. દેવલકની સંમતિ મળતાં કન્યાને હસ્તિનાપુરમાં તેડાવી તેણીની સાથે ભીષ્મે વિદુરનો વિવાહ કર્યો. આ સ્ત્રીમાં વિદુરને પોતાના જેવાજ ગુણુવાન પુત્રો ઉત્પન્ન થયા.

કેટલેક દિવસે ધૃતરાષ્ટ્રથી ગાંધારીને ગર્ભ રહ્યો. પણ બે વર્ષ સુધી પ્રસવજ થયો નહિ. આજ વખતે પાંડુની મોટી રાણીને યુધિષ્ઠિર નામના તેજસ્વી પુત્રનો વનમાં જન્મ થવાની વાત સાંભળી અને પોતાને ગર્ભ રહ્યા છતાં પ્રસવને વિલંબ થયો તેથી અસહનતાને લીધે ગાંધારીએ પોતાનું પેટ કૂટયું. પેટ કૂટવાથી લોઢાની દાંડી જેવી કઠણુ માંસની એક પેશીનો પ્રસવ થયો. પેટમાં બે વર્ષ સુધી રહેલ એ પેશીનો પ્રસવ થતાં ગાંધારીએ તેને ફેંકી દેવાનો વિચાર કર્યો. વેદવ્યાસ યોગશક્તિથી આ વાત જાણી લઇ ગાંધારી પાસે આવી બોલ્યા કે "અરે ગાંધારી! આ તેં શું કરવા ધાર્યું છે ?" ગાંધારીએ ખરેખરી વાત હતી તે કહી દીધી અને કહ્યું કે "કુંતીને મારા પહેલાં પુત્ર આવ્યો એ સહન ન થવાથી દુઃખને લીધે મેં મારૂં પેટ કૂટયું. તેમાંથી સો પુત્રને બદલે આ પેશીનો જન્મ થયો ! મને તો સો પુત્રનું વરદાન મળ્યું હતું." વ્યાસ બોલ્યા કે "ગાંધારી ! હું જેમ બોલું છું તેમજ થશે. હું મશ્કરીમાં પણુ કદી ખોટું બોલતો નથી. ત્યારે આવા પ્રસંગે તો ખોટું કેમજ બોલું ! આમાંથીજ તમને અવશ્ય સો પુત્રો થશે. હવે તમે ઘીથી ભરેલાં સો કુંડાં તૈયાર કરાવો, તે કુંડાંનું અત્યંત ગુહ્ય સ્થળમાં રક્ષણુ કરો અને આ પેશીઉપર ટાઢું પાણી રેડાવો." વ્યાસના કહેવા પ્રમાણે પેશી ઉપર ટાઢું પાણી રેડવામાં આવતાંજ તે પેશીના એકસોને એક વિભાગ પડી ગયા, અને તે દરેક વિભાગ અંગુઠાના અગ્ર જેવું નાનું બાળક દેખાવા લાગ્યું. આ સઘળાં બાળકોને વ્યાસે ઘીનાં કુંડાંઓમાં જુદાં જુદાં નખાવી અમુક દિવસો વીત્યા પછી કુંડાં ઉઘાડવાની આજ્ઞા કરીને તે તપ કરવાસારૂ હિમાલયના વનમાં ગયા. પછી વ્યાસના

કહેવા પ્રમાણે કુંડાં ઉઘાડવામાં આવતાં પહેલાં કુંડાંમાંથી દુર્યોધનનો જન્મ થયો અને તેની વધામણી ભીષ્મ તથા વિદુરને પહોંચી. દુર્યોધનના જન્મને દિવસેજ વનમાં પાંડુરાજાથી કુંતીને પેટે ભીમનો જન્મ થયો. દુર્યોધન જન્મતાંજ ગધેડાના જેવા અવાજથી રોયો અને તેનો અવાજ સાંભળી ગધેડાંઓ, ગરંજો, શિયાળીયાંઓ અને કાગડાઓએ સામા શબ્દો કર્યા. ભયંકર પવન વાવા માંડયો અને સઘળી દિશાઓમાં રતાશ થઈ રહી. આ અશુભ ચિન્હોથી ચિંતાતુર બનેલા ધૃતરાષ્ટ્રે બ્રાહ્મણોને, ભીષ્મને, વિદુરને તથા બીજા સંબંધીઓને બોલાવી કહ્યું કે "પાંડુનો પુત્ર યુધિષ્ઠિર સૌથી મોટો છે, તેથી રાજ્યનો અધિકારી તે છે. પણ આ મારા પુત્ર દુર્યોધનનું શું થશે?" ધૃતરાષ્ટ્ર એટલું બોલી બંધ થયા કે તુરતજ સઘળી દિશાઓમાં હિંસક પ્રાણીઓ તથા ઘુવડીઓ બોલવા લાગી. આવાં ભયંકર અપશકુન થતાં બ્રાહ્મણોએ તથા વિદુરે ધૃતરાષ્ટ્રને કહ્યું કે "મહારાજ! આ અશુભ નિશાનીઓપરથી કહી શકાયછે કે, આ તમારો પુત્ર અવસ્ય આ કુળનો નાશ કરશે, માટે તેનો ત્યાગ કરવામાંજ સુખ છે. જો તમે કુળની શાંતિને ચાહતા હો તો આ એક પુત્રનો ત્યાગ કરો. ભલે તમને નવાણું પુત્રો રહે, આ એકનો ત્યાગ કરીને કુળનું તથા આખા જગતનુ રક્ષણ કરો. કુળનું રક્ષણ થતું હોય તો એકનો ત્યાગ કરવો ઘટે, ગામનું રક્ષણ થતું હોય તો કુળનો ત્યાગ કરવો ઘટે, દેશનું રક્ષણ થતું હોય તો ગામનો ત્યાગ કરવો ઘટે અને પોતાનું રક્ષણ થતું હોય તો પૃથ્વીનો ત્યાગ કરી દેવો ઘટેછે." આ પ્રમાણે બ્રાહ્મણોએ તથા વિદુરે કહ્યું, તોપણ પુત્ર ઉપરના પ્યારને લીધે ધૃતરાષ્ટ્રે તેમનું માન્યું નહિ. એક માસ પછી બીજાં કુંડાંઓમાંથી દુઃશાસન વગેરે નવાણું પુત્રો ઉત્પન્ન થયા અને એક દુઃશલા નામની કન્યા ઉત્પન્ન થઇ. ગર્ભ રહ્યા પછી ગાંધારીને બે વર્ષ પ્રસવ ન થયો અને પેટ વધતું જતું હતું, એવા દુઃખના વખતમાં એક વાણીઆણી ધૃતરાષ્ટ્રની સેવા કરતી હતી. એ વાણીઆણીને ધૃતરાષ્ટ્રથી ગર્ભ રહ્યો અને તેને યુયુત્સુ નામનો પુત્ર આવ્યો. ધૃતરાષ્ટ્રના આ સઘળા પુત્રો વેદને જાણનારા અને શૂરવીર થયા. પુત્રો મોટા થતાં સૌને ધૃતરાષ્ટ્રે પરણાવ્યા અને દુઃશલા નામની પુત્રીને સિંધુ દેશના રાજા જયદ્રથની સાથે વિધિપૂર્વક પરણાવી.

પાંડુ રાજા પોતાની બે રાણીઓ માદ્રી અને કુંતીની સાથે યથેચ્છ સુખ ભોગવવા લાગ્યો. પરણ્યા પછી ત્રીજે દિવસે પાંડુ ભીમની તથા ધૃતરા-

ષ્ટ્રની આજ્ઞા લઇને મોટી સેનાસાથે દિગ્વિજય કરવાસારૂ નીકળ્યો. પ્રથમ ચોરીનું કામ કરનારા દશાર્ણ દેશના રાજાઓને હરાવ્યા અને તેમની પાસેથી ખંડણી લીધી. ત્યાંથી તે મગધ દેશમાં ગયો. મગધ દેશનો રાજા ઘણા રાજાઓનો અપરાધી હતો અને પોતાના બળને માટે ઘણો ગર્વ કરતો હતો તેને રાજગૃહ નામના ગામમાં માર્યો. ત્યાંથી ઘણું ધન તથા વાહનો લઇ મિથિલાનગરઉપર ચડી આવ્યો અને ત્યાંના રાજાને તેમજ કાશીના, સુહ્મ દેશનાં તથા પુંડ્ર દેશના પણ ઘણા રાજાઓને પોતાના બળથી જીતી પોતાના પૂર્વજોની પ્રખ્યાતિ વધારી. તેણે ઘણી ઘણી લડાઇઓ કરી ઘણા ઘણા રાજાઓને હરાવ્યા અને તેમની સેના સ્વાધીન કરી પોતાના ઉપયોગમાં લીધી. ઘણાએક રાજાઓ ધન, રત્ન, વસ્ત્ર તથા પશુઆદિ અનેક પ્રકારની ભેટો આપી પાંડુ રાજાને પ્રણામ કરી વગર લડાઇએ વશ થઇ રહ્યા. આ પ્રમાણે દિગ્વિજય કરી ઘણું ધન લઇ પાંડુ રાજા પાછો હસ્તિનાપુર આવ્યો. ભીષ્મે ઘણી ધામધુમ સાથે તેનું સામૈયું કર્યું. દેશ પરદેશના લોકો બોલવા લાગ્યા કે શંતનુ રાજાની જીર્ણ થયેલી કીર્તિનો પાંડુ રાજાએ પુનરૂદ્ધાર કર્યો. દિગ્વિજયમાંથી જે ધન મેળવ્યું હતું તે ધન ધૃતરાષ્ટ્રની આજ્ઞા લઇને પાંડુએ ભીષ્મને, સત્યવતીને તથા વિદુરને મોકલી દીધું અને બીજા પણ કેટલાએક સંબંધીઓને ધનથી તૃપ્ત કર્યા. સત્યવતીએ એ ધનમાંથી ભીષ્મનો તથા પાંડુની માનો સારો સત્કાર કર્યો. ધૃતરાષ્ટ્રે આ પાંડુએ મેળવેલ ધનમાંથી ઘણા ઘણા યજ્ઞો કર્યા.

લડાઇમાં પ્રીતિવાળો અને આળસવિનાનો પાંડુ રાજા, પછી પોતાના અંતઃપુરને તથા સુંદર શયનોને છોડી દઇ કુંતી અને માદ્રીને પોતાની સાથે લઇ શિકાર કરવાસારૂ હમેશાં વનમાંજ રહેવા લાગ્યો. તેને ફરવાનું મુખ્ય સ્થળ હિમાલયનો પ્રદેશ હતો. વિચિત્ર બખતર અને શસ્ત્રાસહિત એ રાણીઓની સાથે પાંડુ રાજાને જોઇ વનવાસી લોકો માનવા લાગ્યા કે, આ કોઇ દેવ છે. પાંડુ વનમાં રહેતો હતો ત્યારે તેને વાસ્તે ખાવા પીવાના તથા ઉપભોગના સર્વ પદાર્થો ધૃતરાષ્ટ્ર હસ્તિનાપુરથી માણસો દ્વારા વનમાં મોકલતો હતો.

પાંડુ રાજા શિકારની શોધમાં હિમાલયની પાસેના મોટા અરણ્યમાં ફરતો હતો, ત્યારે મૃગલીની સાથે સંબંધમાં આવેલો એક મોટો મૃગ તેના જોવામાં આવ્યો. પાંડુએ પાંચ તીક્ષ્ણ બાણોથી એ બન્નેને વીંધી નાખ્યાં. મૃગ હતો તે એક

ઋષિપુત્ર હતો અને મૃગલી તેની સ્ત્રી હતી. એઓ શરમને લીધે મૃગજાતિનું રૂપ ધરીને કામક્રીડા કરતાં હતાં. મૃગ પાંડુના બાણથી વીંધાઇ જમીનપર પડ્યો અને અત્યંત વિહ્વળ થઇ મનુષ્યવાણીથી બોલ્યો કે "કામ તથા ક્રોધથી ઘેરાયેલા અને સર્વદા પાપમાંજ રૂચિ ધરાવનારા મૂઢ લોકો પણ આવાં નીચ કામનો ત્યાગ કરેછે. બુદ્ધિ. દૈવને ગળી શક્તી નથી પણ દૈવ, બુદ્ધિને ગળી જાયછે. સુખ દુઃખો દૈવથી પ્રાપ્ત થાયછે એમ સમજુ પુરૂષો સમજેછે. પણ મૂઢતો માનેછે કે, સઘળું હું કરૂંછું. હે રાજા! તું ધર્માત્માઓના મુખ્ય કુળમાં ઉત્પન્ન થયો છે, છતાં તારી બુદ્ધિ ધર્મભ્રષ્ટ કેમ થઇ?" પાંડુ બોલ્યો કે "રાજાઓએ શત્રુને મારવામાં જેવી વૃત્તિ રાખવી જોઇએ તેવીજ વૃત્તિ મૃગોને મારવામાં પણ રાખવી જોઇએ એમ ધર્મશાસ્ત્રે છૂટ આપેલી છે: માટે તારે મૂઢતાથી મને ધિક્કારવો જોઇતો નથી. રાજા કપટથી અને ખુલ્લી રીતે પણ મૃગોને મારી શકે અને એમ મારવામાં કશો અધર્મ થતો નથી. તેમ છતાં તું મને કેમ ધિક્કારેછે?" મૃગ બોલ્યો કે "મૃગયા કરવાની બાબતમાં હું તને ધિક્કારતો નથી પણ તેં મારા સુખમાં ભંગ કર્યો તે માટે તને ધિક્કારૂંછું, કામક્રીડાનો સમય સર્વ પ્રાણીઓને પ્યારો છે. અને તે, સર્વને પુત્રની ઉત્પત્તિરૂપ પુરૂષાર્થ આપનારો છે. તે સમયમાં કયો સમજુ પુરૂષ મૃગને મારે? તું શાસ્ત્રના રહસ્યને જાણનાર છે અને રતિસુખના રસને પણ જાણનાર છે, તેણે આવું ક્રૂર કર્મ કરવું જોઇતું ન હતું. જે માણસો દુષ્ટ હોય તેને શિક્ષા કરવી એ તારો ધર્મ છે પણ હું જેવા નિરપરાધી મુનિને શિક્ષા કરીને તેં કયો પુરૂષાર્થ મેળવ્યો? તેં આવી સ્થિતિમાં મને મારીને મારૂં તથા મારી મૃગલીનું ભૂંડું કર્યું. તેથી હું તને શાપ આપુંછું કે, તારૂં પણ મારીપેઠે કામક્રીડા કરતાંજ મરણ થશે. હું કિંદમ નામનો મુનિ છું. માણસોથી લજ્જાઇને પશુરૂપે સ્ત્રીસુખ ભોગવતો હતો. તેં મને અજાણતાં માર્યો માટે તને બ્રહ્મહત્યા તો નહિ લાગે પણ મારા કહ્યા પ્રમાણે પાપનું ફળ તો તારે ભોગવવું પડશેજ. કામાતુર થઇને તું જે સ્ત્રીના સમાગમથી મરણ પામીશ તે સ્ત્રી તારી પછવાડે સતી થશે." આટલું બોલી તે મૃગ તુરત મરણ પામ્યો. પાંડુ રાજાને આથી બહુ દુઃખ થયું. બાંધવના શોકની પેઠે મૃગના શોકથી પીડાઇને વિલાપ કરવા લાગ્યો કે "અહો! કુલીન પુરૂષો પણ પોતાના મનને વશ નહિ રાખી શકવાથી અવદશાને પ્રાપ્ત થાયછે. મારા પિતા વિચિત્રવીર્ય પણ ધર્માત્મા શંતનુ રાજાનો પુત્ર છતાં પોતાનું મન વશ નહિ રાખવાથીજ મરણ પામ્યો હતો. હું જે એમની સ્ત્રીમાં

વેદવ્યાસથી ઉત્પન્ન થયો છું તેની બુદ્ધિ પણ આ શિકારરૂપ વ્યસનમાં આસક્તિને લીધે અધમ થઇ ગઇ અને તેથી મારી ખરાબી થઇ. હવે તો હું સંન્યાસ લઇ તપશ્ચર્યા કરૂં. હું અપુત્ર છું તેથી સંન્યાસવિના હવે મારી બીજી કોઇ પણ ગતિ નથી." આ પ્રમાણે વિલાપ કરી નિઃશ્વાસ મૂકતો કુંતી તથા માદ્રી સામે જોઇ બોલ્યો કે "મારી મા, વિદુર, ધૃતરાષ્ટ્ર, સત્યવતી, ભીષ્મ અને બીજા સંબંધીઓને મારીવતી માન આપીને કહેજો કે, પાંડુરાજાએ સંન્યાસ લીધો." આ સાંભળી બન્ને રાણીઓ ખેદસહિત બોલી કે "વાનપ્રસ્થ આશ્રમમાં સ્ત્રીઓને પણ સાથે રાખી શકાય. સંન્યાસ નહિ લેતાં અમને સાથે રાખી વાનપ્રસ્થ આશ્રમ લઈ તમારે હવે તપ કરવું ઘટેછે; અમે પણ તમારી સાથે રહીને તપ કરશું. અમારો ત્યાગ કરશો તો તમારી આગળ હમણાંજ અમે પ્રાણ છોડીશું." પાંડુ બોલ્યો કે "તમારી એવી ઇચ્છા છે તો હું વાનપ્રસ્થાશ્રમ ગ્રહણ કરી વનમાં તપશ્ચર્યા કરીશ." એવો નિશ્ચય કરીને પોતાનાં તથા પોતાની બન્ને રાણીઓનાં અમૂલ્ય વસ્ત્રાભૂષણો ઉતારી નાખી બ્રાહ્મણોને આપી દઇ કહ્યું કે "તમે હસ્તિનાપુર જઇ ખબર કરો કે પાંડુ સંસારનો ત્યાગ કરી વાનપ્રસ્થ થયો છે." પાંડુનું બોલવું સાંભળી બ્રાહ્મણો ઘણા દીલગીર થઇ શોક કરતા કરતા માંડ માંડ પાંડુરાજાનો ત્યાગ કરી તેનું સઘળું ધન લઇ હસ્તિનાપુરમાં આવ્યા અને તેઓએ ધૃતરાષ્ટ્રને પાંડુનું સઘળું ધન આપી તેના સર્વ વર્તમાન સંભળાવ્યા. આ સમાચાર સાંભળી ધૃતરાષ્ટ્રને તથા ઇતર સંબંધીઓને ઘણો સંતાપ થયો.

પાંડુ રાજા હિમાલય છોડી બન્ને રાણીઓસહિત ગંધમાદન નામના પર્વતમાં ગયો અને ત્યાંથી ઇંદ્રદ્યુમ્નનામે સરોવરને તથા હંસકૂટ નામના પર્વતને ઓળંગી શતશૃંગ નામના પર્વતમાં ગયો. ત્યાં જિતેંદ્રિયપણાથી રહેવા લાગ્યો તેથી આસપાસના ઋષિઓને બાદ્દસરો જણાવા લાગ્યો અને કેટલાક મિત્રનીપેઠે તેની સાથે વર્તવા લાગ્યા. ઋષિઓ તેને પુત્રની પેઠે પાળવા લાગ્યા. ઘણા કાળ સુધી કરેલી તપશ્ચર્યાના પ્રભાવથી પાંડુ બ્રહ્મર્ષિ જેવો થઇ ગયો. એક સમય અમાવાસ્યાને દિવસ બ્રહ્માનાં દર્શન કરવાસારૂ બ્રહ્મલોકમાં જવાની સૌ મુનિઓ તૈયારી કરવા લાગ્યા. તે જોઇ પાંડુએ પૂછ્યું કે "તમે ક્યાં જવાની તૈયારી કરોછો ?" ઋષિઓએ જવાબ દીધો કે "આજ બ્રહ્મલોકમાં મોટા મોટા દેવતાઓ, ઋષિઓ અને પિતૃઓનો સમાગમ થવાનો છે, માટે તે સમાજમાં બ્રહ્માનાં દર્શન કરવાસારૂ અમે જવાના છીએ." આ સાંભળી

પાંડુ પણ સ્ત્રીઓસહિત ત્યાં જવાને ચાલ્યો. પર્વતઉપર ઉત્તર દિશાતરફ ચાલતાં ચાલતાં ઋષિઓએ પાંડુને પોતાની સાથે આવતો જોઇ કહ્યું કે "આ રસ્તો અમારો જોયેલ છે. આ રસ્તે ઘણી ખોબાણ નદીઓ, ઘાટાં વનો અને પ્રાણીઓ તથા વૃક્ષો વગરના તથા સર્વદા બરફથી ઢંકાયેલા વિષમ પ્રદેશો આવેછે. કોઇ કોઇ પ્રદેશો તો એવા વિષમ છે કે, તેનું પંક્ષિઓ પણ ઉલ્લંઘન કરી શકતાં નથી. સિદ્ધ લોકોજ આ રસ્તે ચાલી શકેછે, બીજા કોઇથી ચાલી શકાતું નથી. આ તમારી રાણીઓ શી રીતે ચાલી શકશે?" પાંડુ બોલ્યો કે "મને માઠું ન લગાડવાના હેતુથી તમે પ્રકારાંતરે કહોછો પણ હું તમારા બોલવાનો અભિપ્રાય સમજી ગયો છું કે, અપુત્રને એ લોકમાં આવવાનો અધિકાર નથી. જ્યારે પુત્ર ઉત્પન્ન થાય ત્યારે પિતૃઓના ઋણમાંથી છુટાય. હું હજી એ ઋણમાંથી મુક્ત થયો નથી, માટે મને ઉપરના લોકમાં આવવાનો અધિકાર ક્યાંથી હોય?" ઋષિઓ બોલ્યા કે "અમો દિવ્યચક્ષુથી જોઇ કહી શકીએ છીએ કે, તમારાં ભાગ્ય બહુ સારાં છે. જો તમે સંતાનને વાસ્તે યોગ્ય યત્ન કરશો તો તમને સારાં સંતાનોની પ્રાપ્તિ થશે." એમ કહી ઋષિઓ ચાલતા થયા અને પરિતાપને પામેલો પાંડુ રાણીઓસહિત પાછો વળ્યો. સંતાનવાસ્તે ચિંતા કરતાં તેણે કુંતીને કહ્યું કે "આપત્કાળમાં પુત્ર ઉત્પન્ન કરવાવાસ્તે જેવો યત્ન કરવાનું ધર્મશાસ્ત્રમાં કહ્યું છે તેવો યત્ન કરો. પુત્રવિના સઘળો ધર્મ નિષ્ફળ થાયછે. શાપને લીધે મારાથી પુત્ર ઉત્પન્ન થાય એમ નથી. માટે તમોને પ્રાર્થના કરી કહુંછું કે, ધર્મની રીતિ પ્રમાણે કોઇ ક્ષત્રિય કે બ્રાહ્મણના બીજથી તમે પુત્ર ઉત્પન્ન કરો. શારદંડાયન નામના કોઇ ઋષિની પત્નીએ પોતાના પતિની આજ્ઞાથી ઋતુને ચોથે દિવસે રાત્રે ચોવટામાં જઈ કોઇ ઉત્તમ બ્રાહ્મણનો સમાગમ કરી પુત્ર ઉત્પન્ન કર્યો હતો." પાંડુનું આવું બોલવું સાંભળી કુંતી બોલી કે "મહારાજ! હું પતિવ્રતા સ્ત્રી છું તેને આપે આવું કહેવું જોઇતું નથી. તમેજ મારામાં પુત્ર ઉત્પન્ન કરો, તમારા વિના બીજા પુરૂષોનો હું મનથી પણ સમાગમ નહિ કરૂં." પાંડુ બોલ્યો કે 'પૂર્વે તો સ્ત્રીઓ પશુજાતિની પેઠે કોઇ જાતના બંધનવગરની હતી. તેઓ બાલ્યાવસ્થાથીજ વ્યભિચાર કરતી હતી તે છતાં તેમને કોઇ પ્રકારનો અધર્મ થતો નહોતો. સ્ત્રીઓને વ્યભિચાર કરવાની છૂટનો પ્રાચીન સંપ્રદાય હતો, તે સંપ્રદાય ઉત્તર કુરૂ નામના ખંડમાં આજ સુધી પણ ચાલેછે. સ્ત્રીઓને વ્યભિચાર કરવાની બંધી તો શ્વેતકેતુ નામના મુનિએ થોડો કાળ થયાંજ કરી

છે. શ્વેતકેતુની માને બીજો કોઈ બ્રાહ્મણ બલાત્કારે લઈ જતો હતો તેને જોઈ શ્વેતકેતુએ કોપ કર્યો. આ પ્રમાણે કોપ કરતો જોઈ તેના પિતા ઉદ્દાલકે પુત્રને કહ્યું કે "જેમ ગાયો બંધીવગરની છે તેમ ચારે વર્ણની સ્ત્રીઓ પણ બંધીવગરનીજ છે, માટે તારે કોપ નહિ કરવો જોઇએ" આ પ્રમાણે બાપે કહ્યા છતાં પણ શ્વેતકેતુ એવી છૂટ સહન કરી શક્યો નહિ, અને ત્યારથી તેણે એવી મર્યાદા સ્થાપી કે, જેઓ વ્યભિચાર કરશે તેમને ગર્ભની હત્યા કરવા જેટલું પાપ લાગશે; અને પતિએ પુત્રોત્પત્તિને વાસ્તે આજ્ઞા કર્યા છતાં જે સ્ત્રી વ્યભિચાર નહિ કરે તેને પણ ગર્ભની હત્યા કર્યા જેટલુંજ પાપ લાગશે. સૌદાસ નામના રાજાએ પોતાની મદયંતી નામની રાણીને વસિષ્ઠ મુનિપાસે મોકલીને અશ્મક નામના પુત્રને ઉત્પન્ન કર્યો હતો, એવું અમે સાંભળ્યું છે. હું, ધૃતરાષ્ટ્ર અને વિદુર પણ એવીજ રીતે વેદવ્યાસના વીર્યથી ઉત્પન્ન થયા છીએ. હે સુંદરિ! હું તમને હાથ જોડી કહુંછું કે મારી આજ્ઞાથી તમે કોઇ તપસ્વી બ્રાહ્મણનું બીજ લઇ ગુણવાન પુત્રોને ઉત્પન્ન કરો. પતિ સારૂં અથવા નરસું જે કાંઇ કહે તે સ્ત્રીએ કરવું જોઇએ." પાંડુની એવી આજ્ઞા સાંભળી કુંતી બોલી કે "હું મારા પિતાને ઘેર કુંવારી હતી તે વખતમાં મારા પિતાની આજ્ઞાથી દુર્વાસા નામના મુનિની મેં બહુ સેવા કરી હતી. દુર્વાસાએ પ્રસન્ન થઇને મને એક મંત્રનો ઉપદેશ કરી કહ્યું છે કે, આ મંત્રમાં દેવતાઓનું આકર્ષણ કરવાની શક્તિ છે. તું આ મંત્રથી જે જે દેવનું આકર્ષણ કરીશ તે તે દેવ તને વશ થઇ તારામાં પુત્ર ઉત્પન્ન કરશે. દુર્વાસાનું વચન કદી પણ મિથ્યા થાય નહિ અને તે વચનપ્રમાણે કરવાનો આ સમય પ્રાપ્ત થયો છે. માટે આપ આજ્ઞા કરો તો હું એ મંત્રથી આપની ઇચ્છા હોય તે દેવને બોલાવી કાર્ય સિદ્ધ કરૂં." પાંડુ બોલ્યો કે "સુંદરિ! એ કામનો આજેજ યત્ન કરો અને ધર્મને બોલાવો, કારણ કે ધર્મથી જે પુત્ર ઉત્પન્ન થશે તે ધર્માત્મા થશે, અને ધર્મથી રાજ્ય ચલાવશે." આ પ્રમાણે પતિની આજ્ઞા થતાં કુંતીએ પ્રદક્ષિણા કરી પ્રણામ કર્યા. આ બનાવ બન્યો ત્યારે ગાંધારીના પેટમાં એક વર્ષનો ગર્ભ હતો. ધર્મનું આકર્ષણ કરવાવાસ્તે કુંતીએ બલિદાનસહિત મંત્રનો જપ કર્યો. મંત્રબળથી તુરતજ વિમાનમાં બેસી ધર્મદેવ હાજર થયા અને કુંતીને કહ્યું કે "શી ઇચ્છા છે?" કુંતી હાસ્યસાથ બોલી કે "મને પુત્ર આપો." આ પ્રમાણે ધર્મના સમાગમથી કુંતીને ગર્ભ રહ્યો. ધર્મદેવ ગયા પછી આશ્વિન સુદિ પાંચમને દિવસ મધ્યાન્હ સમયે જ્યેષ્ઠા નક્ષત્રમાં કુંતીએ

પુત્રને જન્મ આપ્યો. એ પુત્રનો પ્રસવ થતાંજ આકાશવાણી થઇ કે "આ પાંડુનો મોટો પુત્ર ધર્માત્માઓમાં ઉત્તમ, પરાક્રમી, સત્યવાદી તથા ત્રૈલોક્યમાં પ્રખ્યાત થશે; પૃથ્વીનો ચક્રવર્તી રાજા થશે અને યુધિષ્ઠિર એવા નામથી જગતમાં ઓળખાશે." આ પુત્ર પ્રાપ્ત થયા પછી વળી એક વખત પાંડુએ કુંતીને કહ્યું કે "ક્ષત્રિયોમાં જે બળવાન હોય તે ઉત્તમ કહેવાયછે માટે હવે એક બીજો બળવાન પુત્ર ઉત્પન્ન થાય એમ કરો." પતિની આજ્ઞાથી કુંતીએ તે મંત્રનો જપ કરી વાયુદેવને બોલાવ્યા. વાયુદેવ હાજર થયા અને તેના સમાગમથી કુંતીને બીજો પુત્ર ભીમ ઉત્પન્ન થયો. ભીમસેન જન્મતાંજ આકાશવાણી થઇ કે "આ સઘળા બળવાન પુરૂષોમાં સર્વોત્તમ પુરૂષ પ્રગટ થયો છે." વળી એક અદ્ભુત બનાવ એ બન્યો કે, સિંહના ભયથી ઉદ્વેગ પામી ઉઠવા જતી કુંતીના ખોળામાંથી ભીમસેન પડી જતાં તેનાં ગાત્રોથી એક શિલાનો ભૂકો થઇ ગયો. થોડો કાળ ગયા પછી પાંડુએ વિચાર કર્યો કે, સર્વથી ઉત્તમ ગણાય એવો એક પુત્ર થાય તો સારૂં. આ જગત્ દૈવ અને પુરૂષાર્થ એ બન્નેના આધારથી રહ્યું છે; અને તેમાં કાળને અનુસરી પુરૂષાર્થ કરવામાં આવે તો દૈવ પણ અનુકૂળ થાયછે. ઇંદ્ર સર્વ દેવનો દેવ છે અને અપાર શક્તિવાળો છે. માટે તપથી તેને પ્રસન્ન કરી મારે ત્રીજો પુત્ર એવો મેળવવો કે, જે સંગ્રામમાં સર્વને જીતી શકે. એમ ધારી પાંડુએ એક વર્ષ સુધી વ્રત કરવાની કુંતીને આજ્ઞા કરી અને પોતે સવારથી સાંજ સુધી એક પગપર ઉભા રહી તપ કરવા માંડ્યું. ઇંદ્ર પ્રસન્ન અને પ્રત્યક્ષ થઇ પાંડુ પ્રતિ બોલ્યા કે "હું તમને એક એવો પરાક્રમી પુત્ર આપીશ કે, જે ત્રણે લોકમાં પ્રખ્યાત થશે, શત્રુઓને રોવરાવશે, સ્નેહીઓને રાજી કરશે, ગાયો તથા બ્રાહ્મણોનું પાલન કરશે અને સઘળા પ્રતિપક્ષીઓને પરાસ્ત કરશે." ઇંદ્ર એવું વરદાન આપી ગયા પછી પાંડુએ કુંતીને એ સમાચાર કહ્યા અને દુર્વાસાએ આપેલા મંત્રવડે ઇંદ્રને બોલાવવાની આજ્ઞા કરી. કુંતીએ તે આજ્ઞાને આધીન થઇ ઇંદ્રનું આવાહન કરવાથી ઇંદ્ર આવ્યા અને ગર્ભ ધરાવી અંતર્હિત થયા. યોગ્ય કાળ પ્રાપ્ત થયે કુંતીને અર્જુન એ નામના પુત્રનો પ્રસવ થયો. પ્રસવ થતાંજ આકાશવાણી થઇ કે "આ પુત્ર સદાશિવના જેવો પરાક્રમી થશે, સઘળા રાજાઓને જીતશે, સઘળાં દિવ્ય અસ્ત્રો મેળવશે, અસુરનો સંહાર કરશે અને ગયેલી લક્ષ્મીને પાછી પ્રાપ્ત કરશે." એમ સાંભળતાં કુંતી, પાંડુ તથા સર્વ તપસ્વીઓ રાજી થયા, આકાશમાં દુંદુભિ વાગ્યાં, પુષ્પની વૃષ્ટિ થઈ, અપ્સરાઓ ગાયનરૂપી અમૃતના વરસાદ વરસાવવા લાગી

અને ભરદ્વાજાદિ મહર્ષિઓએ ઘણા ઘણા આશીર્વાદ આપ્યા. પાંડુને હજી પણ વધારે પુત્રપ્રાપ્તિની ઇચ્છા થઇ. તે ઇચ્છા કુંતીને જણાવતાં કુંતીએ વિવેકથી ઉત્તર આપ્યો કે "આપત્કાળમાં પણ ત્રણઉપરાંત ચોથો પુત્ર મેળવવાની શાસ્ત્રની આજ્ઞા નથી. તમે ધર્મજ્ઞ છતાં લોભને વશ થઇ મને અધર્મનું આચરણ કરવા કેમ કહોછો ?" પાંડુ રાજા મનમાં સમજ્યો અને સંતોષ પામ્યો. કુંતીને તેમજ ગાંધારીને પુત્રો પ્રાપ્ત થતાં પુત્રવિનાની માદ્રીને પુત્રની ઇચ્છા થઇ. તેણે તે ઇચ્છા એકાંતમાં પાંડુને જણાવી કહ્યું કે "તમે મારાથી દૂર રહો છો તેનો, કુંતીથી મારે નિકૃષ્ટ રહેવું પડેછે તેનો અને ગાંધારીને સો પુત્ર થયા તેનો પણ મને ધોખો કે અદેખાઇ નથી. પણ હું અને કુંતી એ બન્ને શોક્યો છતાં એકલી કુંતીનેજ ત્રણ પુત્રો અને મને એક પણ પુત્ર નહિ તેનો મનમાં પરિતાપ થાયછે. માટે જો કુંતી મને એ મંત્રનો ઉપદેશ કરે તો હું મારી ઇચ્છા સંપૂર્ણ કરૂં. હું શોક્ય છું તેથી કુંતીની પ્રાર્થના કરતાં મને ક્ષોભ થાયછે માટે આપજ કૃપા કરીને મારે વાસ્તે કુંતીને કહો તો બહુ સારૂં?" પાંડુએ કહ્યું કે "મારા મનમાં પણ એજ વાતનો ઉદય થયો છે પણ તમને ગમે કે ન ગમે એમ જાણી હું તમને કહેતો નહોતો. હવે તમારો અભિપ્રાય જાણવામાં આવતાં હું કુંતીને ભલામણ કરીશ. હું ધારૂંછું કે, કુંતી મારા વચનનો અનાદર કરશે નહિ." પછી પાંડુએ એકાંતમાં કુંતીને કહ્યું કે "મારાપર હાથ રાખીને ધર્મનેવાસ્તે માદ્રીને એ મંત્રનો ઉપદેશ કરો. જેથી તેને પણ પુત્રની પ્રાપ્તિ થાય. પરોપકાર કરવામાં મોટું પુણ્ય છે." પાંડુની ભલામણથી કુંતીએ માદ્રીને મંત્રોપદેશ કર્યો અને એકજવાર તે મંત્રનો ઉપયોગ કરવા ભલામણ કરી. એકજ વખત બે પુત્રો ઉત્પન્ન થાય એવો વિચાર ગોઠવીને માદ્રીએ તે મંત્રથી અશ્વિનીકુમારોને બોલાવી નકુલ તથા સહદેવ એ નામના બે પુત્રો ઉત્પન્ન કર્યા. એમનો જન્મ થતાં પણ આકાશવાણી થઇ કે "આ કુમારો અશ્વિનીકુમારો કરતાં પણ બળ, રૂપ તથા પુણ્યથી અધિક થશે."

પાંડુરાજાને પાંચ પુત્રો પ્રાપ્ત થયેલા જોઇ શતશૃંગ નામના પર્વતમાં રહેનારા તપસ્વી લોકોને પણ પાંડુના જેવાજ આનંદ થયો. તપસ્વી લોકોની સ્ત્રીઓ પણ એ પાંચ પાંડવોની ઉપર બહુ પ્રેમ રાખવા લાગી. એક દિવસે ફરીથી પણ માદ્રીને વાસ્તે કુંતીને પાંડુ ભલામણ કરવા લાગ્યો ત્યારે કુંતીએ કહ્યું કે "મેં એકવાર એ મંત્રનો ઉપયોગ કરવા કહ્યું હતું તો માદ્રીએ યુક્તિ કરી એકજ વખત બે પુત્રો મેળવ્યા, તેથી હું ઠગાઇ છું. સ્ત્રીઓના પ્રપંચથી

હું બહુ બીહુંછું. મને ખબર ન હતી કે જોટાના દેવતાને બોલાવવાથી એ ફળ થતાં હશે. હવે તમારે માદ્રીની બાબતમાં મને કાંઇ કહેવું નહિ." પાંડુના પાંચ પુત્રો પાંડવો અને ધૃતરાષ્ટ્રના સો પુત્રો કૌરવો એ સઘળા થોડાજ કાળમાં હૃષ્ટપુષ્ટ થયા.

પોતાના પાંચ પુત્રોને જોઇ જોઇ રાજી થતો પાંડુ વસંત ઋતુના સમયમાં એક દિવસ માદ્રીની સાથે વનમાં ફરતો હતો. ખાખરા, આંબા, ચંપક તથા લીંબડા ઇત્યાદિ વૃક્ષોથી શોભી રહેલ વનને જોઈ પાંડુને કામ ઉત્પન્ન થયો. ઝીણાં વસ્ત્રવાળી અને યૌવનવાળી માદ્રીને એકાંતમાં જોઇ વધારે કામાતુર થયેલો પાંડુરાજા પોતાના મનને વશ રાખી શક્યો નહિ. માદ્રીએ પાંડુને કામદેવથી જીતાયેલો જોઇ પોતાનું ચાલ્યું ત્યાં સુધી ઘણી ઘણી ના પાડી અને જોરથી તેના હાથમાંથી છટકવાને ઘણું એ કર્યું; પરંતુ પાંડુએ પત્નીને બલાત્કારે પકડી કામને શાંત કર્યો. દૈવની ગતિને લીધે મૃગના શાપને ભૂલવાથી કામાંધ પાંડુ તરતજ મરણ પામ્યો.

રાજાની આ દશા જોઈ માદ્રીએ ચીસ પાડી. કુંતીએ આ કોલાહલ સાંભળ્યો અને તે પાંચે બાળકોસહિત દોડતી આવી. વ્યથા પામેલી માદ્રીએ દૂરથી કુંતીને કહ્યું કે "બાળકોને છેટે રાખી તમે એકલાંજ અહીં આવો." પાંચે બાળકોને દૂર રાખી કુંતી પાસે ગઈ અને પાંડુને મરણ પામેલો જોઇ હાય હાય!! કરવા લાગી. પાંડુને તથા માદ્રીને ધરતીપર સૂતેલાં જોઇ શોકગ્રસ્ત શોક્યે વિલાપ કરતાં માદ્રીને કહ્યું કે "હું આ રાજાનો બચાવ રોજ કરતી હતી અને તેને પોતાને શાપનું સ્મરણ રહેતું હતું. છતાં આજ તેણે આવી મોટી ભૂલ કેમ ખાધી? તારે તેનો બચાવ કરવા જોઇતો હતો તેને બદલે તેં એકાંતમાં એમને લલચાવી કામાંધ કર્યા. માદ્રિ! તું મારાકરતાં વધારે ભાગ્યશાળી કે તેં કામદેવના વેગથી પ્રફુલ્લિત થયેલું સ્વામીનું મુખ દીઠું." માદ્રી બોલી કે "મારૂં ચાલ્યું ત્યાં સુધી મેં તેમને વાર્યા તથા છટકી જવાનો પ્રયત્ન પણ કર્યો. પણ રાજાનું મૃત્યુ આવેલ હોવાથી તેને દૈવે ભૂલાવ્યા અને તેમણે બલાત્કાર કર્યો." કુંતીએ કહ્યું કે "હું રાજાની મોટી રાણી છું માટે હું તેની પછવાડે સતી થઇ બળી મરીશ; તારે મને અટકાવવી નહિ. તું તેમને છોડી બેઠી થા અને બાળકોનું પાલન કરજે." માદ્રી બોલી કે "રાજાની સાથે હુંજ જઇશ, હું હજુ કામથી તૃપ્ત થઈ નથી. તમે મને સંમતિ

આપો. કામનાથી મારો સમાગમ કરતાં અતૃપ્ત રહેલા આ રાજા અધવચથીજ શાપના પ્રતાપે મરણ પામ્યા છે; માટે ઇતર લોકમાં સાથે જઇને પણ મારે તેમની ઇચ્છા પૂર્ણ કરવી એ મારો ધર્મ છે. હું જીવીશ તો તમારા પુત્રોમાં સમાનદૃષ્ટિથી વર્ત્તી શકીશ નહિ, માટે તમે પુત્રોનું પાલન કરવા રહો, મારા બન્ને પુત્રોનું પોતાના પુત્રોની પેઠે પાલન કરજો. રાજા મારો સંગ કરતાં કરતાં મરણ પામ્યા છે માટે કોઇ ન જાણે એવી રીતે મારા શરીરને રાજાના શરીરસાથેજ બાળી દેવાની કૃપા કરો. ફરી વિનતિ કરૂં છું કે, મારા બાળકોની સંભાળથી રક્ષા કરજો અને મારૂં સ્મરણ રાખજો, વિશેષ ભલામણ કરવાની આવશ્યકતા હું જોતી નથી.” આટલું બોલી મદ્રદેશના મહીપતિની કુંવરી પાંડુના શબને ચિતાના અગ્નિમાં પધરાવી પોતે પણ ચિતામાં બેઠી.

પાંડુને મરણ પામેલા જોઇ શતશૃંગ પર્વતના સર્વ તપસ્વીઓએ વિચાર કર્યો કે, આ રાજા પોતાનું રાજ્યપાટ છોડી આ સ્થળમાં આપણા આશ્રય નીચે રહેલો અને આ વખતે નાનાં બાળકો તથા રાણીને આપણા સ્વાધીનમાં સોંપી મરણ પામ્યો માટે એમના પુત્રોને, એનાં અસ્થિને તથા તેની રાણીને લઇ તેના દેશમાં પહોંચાડવાં જોઇએ. આવો વિચાર કરી પાંચ પાંડવો તથા કુંતીને લઇને તેઓ હસ્તિનાપુર આવ્યા. પુરબહાર પડાવ નાખી શહેરમાં તેના સંબંધીઓને ખબર કર્યા. ઋષિઓને પધાર્યા જાણી ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, વિદુર, સત્યવતી, ગાંધારી, તેના સો પુત્રો તથા બીજા સંબંધીઓ તેનો સત્કાર કરવા સામે આવ્યા. ભીષ્મે તપસ્વીઓની પૂજા કરી. પછી એક વૃદ્ધ તપસ્વી આ સભામાં ઉઠીને બોલ્યો કે “ પાંડુ રાજા અહીંથી રાજ્ય છોડીને શતશૃંગ પર્વતમાં આવી રહ્યા હતા. આ પાંચ બાળકો એમના પુત્રો છે. આ યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન એ ત્રણે કુંતીના પુત્રો છે અને આ નકુલ તથા સહદેવ એ બે માદ્રીના પુત્રો છે. પાંડુની આજ્ઞાથી રાણીઓએ દેવતાઓનું આવાહન કરી તેમના બીજથી આ પાંચ પુત્રો ઉત્પન્ન કર્યા છે. યુધિષ્ઠિર ધર્મના બીજથી, ભીમસેન વાયુના બીજથી, અર્જુન ઇંદ્રના બીજથી તથા નકુલ અને સહદેવ અશ્વિનીકુમારોના બીજથી ઉત્પન્ન થયેલ છે. પાંડુ રાજા આજથી સત્તરમે દિવસે સ્વર્ગવાસી થયા છે. એમના નાહાની રાણી માદ્રી તેમની પાછળ સતી થયેલ છે. આ પાંચ કુમારોને, કુંતીને તથા પાંડુ અને માદ્રીનાં

અસ્થિને અમો તમારા સ્વાધીનમાં સોંપીએ છીએ. પાંડુની તથા માદ્રીની ઉત્તર ક્રિયા કરજો અને આ બાળકોને તથા કુંતીને સારી રીતે રાખજો." આવું બોલી તપસ્વીઓ ક્ષણમાત્રમાં અંતર્હિત થયા.

ધૃતરાષ્ટ્રની આજ્ઞાથી વિદુરે રાજરીતિ પ્રમાણે રાજા રાણીની ઉત્તર ક્રિયા કરી. લોકોએ શોકથી ઘણું રૂદન કર્યું. ભીષ્મઆદિએ સ્ત્રીઓની સાંત્વના કરી બાર રાત્રિ સુધી ગામ બહાર રહી સૂતક પાળ્યું. ક્રિયાને અંતે હજારો બ્રાહ્મણો જમાડી દાન દક્ષિણાથી ક્રિયા સમાપ્ત કરી સર્વ લોકો શહેરમાં આવ્યા. વેદવ્યાસે પોતાની માતા સત્યવતીને અત્યંત વિલાપ કરતી જોઈ કહ્યું કે "માતા! દિવસે દિવસે સમય બહુ ખરાબ આવવાનો છે, જગતમાં અધર્મ વધી જવાનો છે અને ધૃતરાષ્ટ્રના પુત્રની અનીતિથી કુળનો તથા ઘણા રાજાઓનો ક્ષય થવાનો છે. તમે કુળના ક્ષયને નજરે જોવાને ન ઇચ્છતાં હો તો વનમાં નિવાસ કરો તો બહુ સારૂં." આ પ્રમાણે વ્યાસનાં વચન સાંભળી સત્યવતી, અંબિકા તથા અંબાલિકા એ ત્રણે ભીષ્મની આજ્ઞા લઇ વનમાં ગયાં અને તપશ્ચર્યા કરી ઉત્તમ ગતિને પ્રાપ્ત થયાં.



પ્રકરણ ૩ જું.

બાલપણની હરિફાઈ અને અદેખાઈના અંકુર.

ધૃતરાષ્ટ્રે પાંડવોને ઉપવીત આદિ વેદોક્ત સંસ્કાર કરાવ્યા અને પોતાના પુત્રોનીપેઠે ઘણી પ્રીતિથી તેમને રાખવા માંડ્યા. પાંડવો તથા કૌરવો બાળપણાની અનેક રમતો સાથે રમવા લાગ્યા. પાંડવો, કૌરવોકરતાં રમતમાં વધવા લાગ્યા. ક્રોધથી નહિ પણ આનંદથી રમતાં રમતાં ભીમ કૌરવોને રગડવા લાગ્યો. ચોટલીઓ પકડી પકડીને પાંડવો સાથે લડાવવા લાગ્યો, ભોંયપર પછાડી ઘસડવા લાગ્યો, દશ દશ જણને સામટા પોતાની બાથમાં લઇ પાણીમાં ડુબકીઓ મારવા લાગ્યો, એક બીજાનાં માથાં સામસામાં અફાળવા લાગ્યો અને સૌને એકલોજ પહોંચી વળવા લાગ્યો. કૌરવો ઝાડપર ચડી ફળફુલ વીણતા હોય ત્યારે ભીમ ઝાડને નીચેથી હલાવી તેઓને ઉપરથી પાડી નાખવા લાગ્યો. યુદ્ધમાં, વેગમાં અને અભ્યાસમાં પણ કોઇ બાળક ભીમથી વધી શકતો નહોતો. આ પ્રમાણે ભીમસેનનું અપાર બળ જોવામાં આવતાં દુર્યોધન તેનો દ્વેષ કરવા લાગ્યો. ભૂંડાં કામ કરવાનો વિચાર કરનાર તથા ધર્મથી વિમુખ દુર્યોધને “ભીમસેન બહુ બળવાન છે અને અમારી સાની સ્પર્દ્ધા કરેછે માટે તેને કપટથી બેશુદ્ધ કરી ગંગામાં નાખી દેવો અને યુધિષ્ઠિર તથા

અર્જુનને કેદ કરી મારે એકલાએ રાજ્ય કરવું." એવો નિશ્ચય કરી જલક્રીડાને બહાને ગંગાને કાંઠે જવાનું ઠરાવ્યું અને ત્યાં પ્રમાણકોટિ નામના સ્થલમાં તંબુઓ ગોઠવી સર્વ પ્રકારની સામગ્રીઓ મોકલાવીને જમવામાટે રસોઇ તૈયાર કરાવી તેણે પાંડવોને કહ્યું કે "આજ બગીચાઓથી સુશોભિત ગંગાજીના કાંઠાપર આપણે સઘળા ભાઇઓ જઇએ અને ત્યાં ક્રીડા કરીએ." યુધિષ્ઠિરે હા પાડી. પાંડવો તથા કૌરવો નાના પ્રકારનાં વાહનોમાં બેસી ગંગાકાંઠે ગયા. બગીચામાં પ્રવેશ કરતાં ચાકરનફરોને રજા દઈ બધા પિત્રાઈ ભાઇઓ તંબુમાં આવ્યા. તંબુઓમાં ફુવારાઓ, ચિત્રો તથા પુષ્પોવડે ઉત્તમ ગોઠવણ કરી હતી. પાંડવો તથા કૌરવોએ ત્યાં એકાંત સ્થળમાં ગુપ્તરીતે અનેક પ્રકારે આહારવિહાર આનંદથી કર્યો. જમતી વખત એક બીજાના મોઢામાં કોળીઆ દેવા લાગ્યા. દુષ્ટ દુર્યોધને ભીમસેનને મારી નાખવામાટે તેના ખાણામાં ભયંકર ઝેર, નખાવી રાખ્યું હતું. વચનથી અમૃત જેવો પણ હૃદયથી અસ્ત્રા જેવો એ દુર્યોધન પોતે એ ઝેર ભેળવેલાં ખાણાંમાથી ભીમસેનને ઝાઝું ઝાઝું ખવરાવવા લાગ્યો અને ભીમસેન પણ ભોળાપણાને લીધે એ સઘળું ખાઇ ગયો; દુર્યોધને પોતાનો મનોરથ સિદ્ધ થયેલો માન્યો. પછી સર્વ ભાઇઓ ગંગાના જળમાં ક્રીડા કરવા લાગ્યા. ક્રીડા પૂરી થતાં થાકેલા સર્વ ભાઇઓ સ્વચ્છ વસ્ત્રો પહેરી સાંજ રાત રહેવાનો વિચાર કરી પાછા તંબુમાં આવ્યા. સર્વ બાળકોને પોતાના હાથમાં લઇને તરાવ્યા તેના પરિશ્રમને લીધે તથા મદિરાના નિશાથી અને ઝેરથી ચડેલ ઘેનને લીધે ભીમસેન ગંગાને કાંઠેજ સૂઈ રહ્યો. બેભાન અવસ્થામાં પડેલા ભીમસેનને દુર્યોધને બાંધીને ગંગાનાં ઉંડાં જલમાં ફેંકી દીધો. ભીમસેન પાણીમાં ઉંડો ઉતરતો ઉતરતો છેક નાગલોકમાં આવી પહોંચ્યો. ત્યાં મોટા ભયંકર સર્પો તેને કરડવા લાગ્યા. તેનું શરીર વજ્રસરખું હોવાથી સર્પની દાઢો તેના શરીરમાં ઉડી નહિ, પણ સર્પોના જંગમ ઝેરથી, તેને ખવરાવેલું ઝેર એકદમ ઉતરી ગયું અને જાગેલા ભીમસેન પોતાના બંધ ત્રોડી નાખી સર્પોને મારવા લાગ્યો. ભીમસેનના મારથી ત્રાસ પામેલા સર્પો પોતાના અધિપતિ વાસુકિપાસે ગયા, અને તેને કહ્યું કે, "બાંધીને પાણીમાં નાખી દીધેલો કોઈ એક માણસ આપણા લોકમાં આવ્યો છે. અમને જણાયછે કે તેણે ઝેર પીધું હશે. કેમકે તે પ્રથમ બેભાન હતો પણ અમારા કરડવાથી ઉલટો જાગ્રત થયો છે. જાગ્રત થઇ પોતાના બંધ ત્રોડી નાખી અમને પણ

મારવા લાગ્યો. અમે તેને જાણતા નથી માટે આપ તપાસ કરાવો." સર્પોનું બોલવું સાંભળી વાસુકિ ત્યાં આવી ભીમસેનને જોવા લાગ્યો. એ વખતે એક નાગ, કુંતીના નાનાનો મિત્ર હતો તેણે ભીમની સીપારશ કરતાં વાસુકિએ પ્રસન્ન થઇ સર્પોને આજ્ઞા કરી કે, "ભીમસેનને આપણા કુંડનો રસ પાઓ કે જેથી તે હજારો હાથીના બળવાળો થાય. તે જેટલો રસ પીએ તેટલો પીવા દેવો." અધિપતિની આજ્ઞાથી નાગોએ ભીમને નવરાવી શણગારી કુંડમાંનો રસ પીવા બેસાડ્યો. ભીમસેન એક, સડાકાથી એક કુંડને, બીજાથી બીજા કુંડને અને ત્રીજાથી ત્રીજા કુંડને એમ, રસના આઠે કુંડને પી ગયો અને વાસુકિના મેહેલમાં જઇ સુંદર શયનમાં સુઇ રહ્યો.

આ તરફ ગંગાને કાંઠે કૌરવો અને પાંડવોએ સવાર પડતાં ભીમને દીઠો નહિ. શેહેરમાં ગયો હશે એમ બોલતા બોલતા સૌ ઘેર આવ્યા, પવિત્ર મનવાળાં મનુષ્યો સૌને પોતાના જેવાં ભલાં માની ભૂલ ખાયછે. પૂજ્યબુદ્ધિ યુધિષ્ઠિર સૌને પોતાસમાન પવિત્ર માનતા હતા. તેથી કોઈ જાતનો વહેમ ન લાવતાં પોતાની માતા કુંતીપાસે પ્રણામ કરી પૂછ્યું કે, "માજી! ભીમસેન અહીં આવ્યો છે? અમે તેને ચારે તરફ શોધ્યો પણ જડ્યો નહિ. તે અમારા સૌથી પહેલાં અહીં આવ્યો હશે. તે ક્યાં ગયો છે? તમે તેને ક્યાંય કામે મોકલ્યો છે? મને તેનો ઉચાટ થાયછે, માટે તરત કહો." કુંતીએ હાય હાય કરી યુધિષ્ઠિરને કહ્યું કે, "ભીમસેનને મેં, અહીં દીઠો નથી, તે અહીં આવ્યો પણ નથી, તેનો પાકો તપાસ કરો." પછી કુંતીએ વિદુરને બોલાવી પૂછ્યું કે, "ભીમસેન ક્યાં ગયો છે? બગીચામાંથી સર્વ બાઇઓ આવ્યા તેમાંથી માત્ર એક ભીમસેન દીઠામાં આવતો નથી. ભીમસેનપર દુર્યોધનની નજર સારી દેખાતી નથી. રખેને એ લોભી અને દુષ્ટ દુર્યોધને ભીમને મારી નાખ્યો હોય! મારૂં હૃદય વ્યાકુળ થયું છે અને બળ્યા કરેછે." કુંતીનાં વચન સાંભળીને એવું ન બોલવા તથા બાકીના પુત્રોનું રક્ષણ કરવા વિદુરે ભલામણ કરી, "આ બાબત દુર્યોધનને ઠપકો આપશું તો તે દુષ્ટ તમારા બીજા પુત્રોનાં પણ પ્રાણ લેશે. મુનિઓએ કહ્યું છે કે, તમારા પુત્રો 'લાંબા આયુષવાળા છે, માટે તેની ચિંતા ન કરો." એમ કહી વિદુર પોતાને ઘેર ગયા, અને કુંતી ચિંતાતુર થઇ ચાર પુત્રોની સાથે ઘરમાં છાનાંમાનાં બેસી રહ્યાં.

પાતાળમાં ગયેલો ભીમસેન વાસુકિના શયનગૃહમાં આઠમે દિવસ જાગ્યો. જાગર્તિમાં આવેલા ભીમસેનની નાગલોકોએ સાંત્વના કરી કે, "તેં અમારા કુંડનો રસ પીધો છે તેથી તને દશહજાર હાથીનું જોર પ્રાપ્ત થશે, અને કોઈપણ શત્રુ તને પહોંચી શકશે નહિ. હવે તું આ દિવ્ય જલમાં સ્નાન કરી પાછો તારે ઘેર જા. તારા ભાઇઓ અને તારી માતા તારા વિના પરિતાપ પામતાં હશે." એમ કહીને નાગલોકોએ ભીમને નવરાવ્યો. ધોળાં વસ્ત્રાલંકાર પહેરાવ્યાં, ઝેર હરી લીએ એવી દિવ્ય ઓષધિઓ આપીને દૂધપાક જમાડ્યો અને ગંગાજીના જે પ્રદેશમાંથી તે આવ્યો હતો તે પ્રદેશમાં પાછો તેને મૂકી દીધો. ગંગાજીના જલમાંથી બહાર નિકળી ભીમ ઘેર ગયો અને માતા તથા ભાઇઓને પ્રણામ કરી નાગલોકમાં બનેલ વૃત્તાંત કહી સંભળાવ્યું. કુંતીએ તથા ભાઇઓએ હર્ષનાં આંસુઓ ખેરી તેને આલિંગન આપ્યું અને બહુ સારૂં થયું એમ સૌ બોલવા અને બનેલ બનાવ વિષે કોઇને વાત ન કરવા ભીમને ભલામણ કરવા લાગ્યાં. આ વખતથી પાંચે ભાઇઓ શત્રુઓથી સાવધાન રહેવા લાગ્યા અને વિદુરનાં વચનપ્રમાણે વર્ત્તવા લાગ્યા. ફરીથી વળી બીજીવાર દુર્યોધને કપટથી ભીમનાં ખાણાંમાં ઝેર નખાવ્યું, પણ સર્પોએ આપેલી દિવ્ય ઓષધિના પ્રતાપથી તે પચી ગયું. આ પ્રમાણે કૌરવો કપટથી રમવા લાગ્યા. ધૃતરાષ્ટ્રનો વાણીયાણીથી ઉત્પન્ન થએલ પુત્ર યુયુત્સુ પાંડવોના હિતમાં હતો તેથી તે જે જે ખબર મળતી હતી તે પાંડવોને કહેતો. દુર્યોધન, દુઃશાસન, કર્ણ અને દુર્યોધનનો મામો શકુનિ એ ચંડાળ ચોકડી પાંડવોને મારી નાખવામાટે ઘણી ઘણી યુક્તિપ્રયુક્તિ તથા પ્રપંચો રચતી હતી અને તેમાંના કેટલાક પ્રપંચોની વાત પાંડવો પ્રસિદ્ધપણે જાણતા તોપણ વિદુરની સલાહથી તે વાત પ્રસિદ્ધ પાડતા ન હતા.

પ્રકરણ ૪ થું.

દ્રોણાચાર્ય ગુરૂ અને રાજકુમારોનો અભ્યાસ.

રમતમાં ચડેલા સઘળા કુમારો મસ્ત થઈ જવાથી કેળવણી આપવા માટે ધૃતરાષ્ટ્રે તેમને કૃપાચાર્યના હાથમાં સોંપ્યા. કૃપાચાર્યને શંતનુ રાજાએ ઘણા કાળથી સન્માનપૂર્વક પોતાનીપાસે રાજ્યમાં રાખ્યા હતા. પાંડવો અને કૌરવો સઘળા કૃપાચાર્યની પાસે ધનુર્વેદનો અભ્યાસ કરવા લાગ્યા. તેમની સાથે યાદવોના તથા બીજા પણ કેટલાએક કુમારો અભ્યાસ કરતા હતા. તેવામાં કૃપાચાર્યના બનેવી અને અસ્ત્રવિદ્યામાં મહા પ્રવીણ દ્રોણાચાર્ય, પોતાના પુત્ર અશ્વત્થામાસહિત દૂર દેશથી કૃપાચાર્યને ઘેર આવી રહ્યા હતા. દ્રોણાચાર્ય ગુપ્તરીતે રહ્યા હતા અને અશ્વત્થામા એ રાજકુમારોને ભણાવવાનું કામ કરતો હતો.

એક દિવસ સઘળા રાજકુમારો શેહેર બહાર ગીલીદંડે (મોઈ દાંડીએ) રમતા હતા. રમતાં રમતાં મોઈ કુવામાં પડી ગઈ. કુમારોએ તે કહાડવાનો ઘણો પ્રયત્ન કર્યો પણ કામ આવ્યો નહિ. લજ્જા પામેલા સઘળા કુમારો એક બીજાના મોં સામું જોવા લાગ્યા, તેવામાં એક શ્યામવર્ણ

વૃદ્ધ બ્રાહ્મણ તેમના જોવામાં આવ્યો. બ્રાહ્મણે હાંસીથી તેમને કહ્યું કે "તમો કુવામાં પડેલી મોઈને પણ કહાડી શકતા નથી માટે તમારી અસ્ત્રવિદ્યા તથા ક્ષત્રિયવટને ધિક્કાર છે. જો તમે મને ભોજન આપો તો આ મારી વીંટીને કુવામાં નાખી દઈ દર્ભની સળીઓવતી તમારી મોઈને તથા વીંટીને કુવામાંથી કાઢી દઉં." બ્રાહ્મણે એમ કહી વીંટી પાણીવિનાના કુવામાં નાખી દીધી. યુધિષ્ઠિરે એ બ્રાહ્મણને કહ્યું કે "કૃપાચાર્યની સંમતિ લઈને તમને જીવિતપર્યંત ભોજન અપાવીશું." બ્રાહ્મણે કહ્યું કે "જુવો આ દર્ભની સળીઓને અસ્ત્રના મંત્રથી મંત્રુંછું. પછી આ સળીઓની શક્તિ જોઈ લેજો. એવી શક્તિ બીજે ક્યાંય નથી. એક સળીથી મોઈને વીંધીશ, તે સળીને બીજી સળીથી સાંધીશ, અને બીજી સળીને વળી ત્રીજી સળીથી એપ્રમાણે સઘળી સળીઓ જોડાઈ જતાં તેમને ખેંચી લેવાથી મોઈ હાથમાં આવશે." એમ કહી, કહ્યા પ્રમાણે કર્યું. કુમારો અતિ વિસ્મય પામ્યા અને વીંટી બહાર કાઢવાની વિનતિ કરી. વીંટીને પણ એજ પ્રમાણે બાણવતી વીંધીને બહાર કાઢી અને બાણસહિત કુમારોના હાથમાં આપી. કુમારોએ એ બ્રાહ્મણને પ્રણામ કરી તેની શક્તિની પ્રશંસા કરીને નામઠામ પૂછ્યું. બ્રાહ્મણે કહ્યું કે "ભીષ્મને જાહેર કરો એટલે તે મને ઓળખશે અને યોગ્ય ગોઠવણ કરશે." કુમારોએ ભીષ્મપાસે જઈ ખબર દીધા. વાતપરથી ભીષ્મ જાણી ગયા કે એ બ્રાહ્મણ દ્રોણાચાર્યવિના બીજો કોઈ હોય નહિ. બાળકોને વાસ્તે એવાજ ગુરૂ જોઈએ, એમ વિચાર કરી ભીષ્મે ઘણા સત્કારસાથે બોલાવી એમનું આવવાનું કારણ પૂછ્યું. ત્યારે દ્રોણાચાર્ય બોલ્યા કે "હું અને દ્રુપદ અગ્નિવેશ નામના ઋષિની પાસે સાથે અસ્ત્રવિદ્યાનો અભ્યાસ કરતા હતા ત્યારે દ્રુપદે મને વચન આપ્યું હતું કે, હું જ્યારે રાજા થઈશ ત્યારે તમને મારા રાજ્યમાં મોટા સત્કારથી રાખીશ. અભ્યાસ પૂરો કર્યા પછી અમે બન્ને શિષ્યો પોતપોતાને ઘેર ગયા. હું પરણ્યો અને તે સ્ત્રીમાં મને અશ્વત્થામા નામે પુત્ર પ્રાપ્ત થયો. પાડોશીઓનાં બાળકોને ગાયનું દૂધ પીતાં જોઈ અશ્વત્થામા રોવા લાગ્યો; જેથી મેં ગાય મેળવવાને ઘણી તજવીજ કરી પણ મળી શકી નહિ. પાડોશનાં બાળકો મશ્કરીમાં લોટપાણી કાઢીને અશ્વત્થામાને દૂધતરીકે આપવા લાગ્યાં, અને અશ્વત્થામા તેને દૂધ જાણી પી જતો તથા ખુશી થઈ નાચતો: તે જોઈ લોકો કહેવા લાગ્યાં કે અત્યંત નિર્ધન સ્થિતિવાળા દ્રોણને ધિક્કાર છે કે, જેનો પુત્ર દૂધની તૃષ્ણાથી લોટનું પાણી પીએછે. આ બનાવથી હું ખેદ પામતો હતો

આ સમયમાંજ દ્રુપદને રાજ્ય મળ્યું અને તેણે આપેલું વચન મને સાંભર્યું, જેથી હું તેની પાસે ગયો. દ્રુપદે પોતાનું વચન ન પાળતાં મારો તિરસ્કાર કર્યો; અને કહ્યું કે "એક ટંકનું અન્ન જોતું હોય તો આપું, બાકી તારી સાથે મારે બીજો કશો ઠરાવ નથી. આવું સાંભળી હું ક્રોધથી તેને નમાવવાની પ્રતિજ્ઞા કરીને આતરફ આવ્યો છું. ગુણવાન શિષ્યો મેળવવા મારી ઇચ્છા છે." દ્રોણનાં વચન સાંભળી ભીષ્મે કહ્યું કે "તમે અમારા બાળકોને અસ્ત્રવિદ્યા ભણાવો અને આ રાજ્ય તથા અમે તમારાજ છીએ એમ સમજો. તમે જે કહેશો તે અવસ્ય કરી દેવામાં આવશે" આમ કહી ભીષ્મે સઘળા કુમારો દ્રોણને સોંપી દીધા અને તેને રહેવા માટે ધનધાન્યથી ભરેલું અતિ ઉત્તમ ઘર આપ્યું તથા ચાલુ નિર્વાહને માટે મોટો ગરાસ આપ્યો. દ્રોણાચાર્યે પાંડવો તથા કૌરવોને પોતાના શિષ્ય સ્થાપીને કહ્યું કે "તમે બધા આ અસ્ત્રવિદ્યામાં નિપુણ થાઓ ત્યારે મારૂં ધારેલું એક કામ તમારે કરી આપવું એવું મને વચન આપો." આ સાંભળી સૌ કુમારો મુંગા રહ્યા પણ અર્જુને પ્રતિજ્ઞા કરી કે "હું તમારૂં ધારેલું કામ અવસ્ય કરી આપીશ." અર્જુનની યોગ્યતા જોઇ દ્રોણાચાર્યને હર્ષાશ્રુ છૂટયાં. અભ્યાસ શરૂ થયો. બીજા પણ કેટલાક રાજકુમારો પોતપોતાના દેશમાંથી દ્રોણની શાળામાં અભ્યાસ કરવા આવ્યા. દુર્યોધનના મિત્ર કર્ણ પણ ત્યાંજ અભ્યાસ કરવા લાગ્યો. ચાલાકીથી, ભુજના બળથી, ઉદ્યોગથી અને અસ્ત્રવિદ્યાપર પ્રેમ તથા પ્રયોગોથી અર્જુન સઘળા શિષ્યોકરતાં અધિક થયો. શિષ્યોને પોતામાટે પાણી ભરવા મોકલતાં તે સઘળાઓને સાંકડાં મોઢાનાં વાસણ આપતા અને અશ્વત્થામાને પાણી ભરી લાવતાં વિલંબ ન થાય માટે પહોળા મોઢાનું વાસણ આપતા. એમ કરવાથી અશ્વત્થામા સૌથી વહેલો વહેલો આવીને કેટલીક બીજી વિશેષ ક્રિયા શિખતો હતો. આ વાત અર્જુનના જાણવામાં આવતાં અર્જુન વારૂણાસ્ત્રથી કમંડલુને ભરી અશ્વત્થામાની સાથેજ આવવા લાગ્યો. અર્જુન સર્વ પ્રકારે અશ્વત્થામાની બરોબરી કરવા લાગ્યો, ગુરૂના પૂજનમાં પરમ યત્ન કરવા લાગ્યો તથા અસ્ત્રવિદ્યાનો સંપૂર્ણ કાળજીથી અભ્યાસ કરવા લાગ્યો, અને તેથી દ્રોણને તે અત્યંત પ્યારો થઇ પડયો: અર્જુનને અભ્યાસમાંજ ઉદ્યોગી થયેલો જોઇ એક દિવસે દ્રોણાચાર્યે રસોયાને એકાંતમાં બોલાવી કહ્યું કે "અર્જુન રાત્રે જમતો હોય ત્યારે દીવો ઠરી જાય તો તેને અન્ન પીરસવું નહિ અને માગે તો કહેવું કે, અંધારામાં જમાય નહિ. આ

વાત મારી કહેલી છે એમ અર્જુનના જાણવામાં આવવા દેવું નહિ." હવે એક દિવસ જ્યારે અર્જુન જમતો હતો ત્યારે પવનથી દીવો ઠરી ગયો. રસોયાએ અંધારામાં પીરસવાની અર્જુનને ના પાડી. રોજના અભ્યાસથી અંધારામાં પણ કોળીઆ મોઢામાંજ જાય એમ અર્જુને કહેતાં રસોયાએ પીરસ્યું અને અર્જુને અંધારામાં જમી લીધું. અંધારામાં પણ અભ્યાસને લીધે જમતાં હાથ મોઢા શિવાય આડો અવળો જતો નથી, માટે અભ્યાસ એ એક મોટી વાત છે એમ સમજી, અર્જુન રાતની વખતે પણ ધનુષવતી બાણો ફેંકવાનો અભ્યાસ કરવા લાગ્યો. રાત્રે પણ અર્જુનના ધનુષનો શબ્દ સાંભળી દ્રોણાચાર્યે પથારીમાંથી ઉઠી અર્જુનને આલિંગન દઈ કહ્યું કે "અર્જુન! જગતમાં તારા જેવો બીજો કોઈ પણ ધનુર્વિદ્યામાં પ્રવીણ ન થાય એવો હું તારે માટે યત્ન કરીશ." પછી ઘોડા, હાથી, રથ ઇત્યાદિ વાહનોપર બેસીને તથા પ્યાદલથી યુદ્ધ કરવાની સર્વ ક્રિયાઓ અર્જુનને ગુરૂએ અધિક અધિક શિખવવા માંડી. ગદાયુદ્ધ, ખડ્ગયુદ્ધ, એકી વખતે ઘણાઓની સાથે યુદ્ધ તથા ઘણાં આયુધોથી યુદ્ધ એ બધા પ્રકારમાં દ્રોણાચાર્ય રાજકુમારોને કેળવણી આપવા લાગ્યા. દ્રોણાચાર્યની કુશળતા સાંભળીને વળી પણ બીજા ઘણા રાજકુમારો શિખવા આવવા લાગ્યા તેમાં એક એકલવ્ય નામનો ભિલ્લનો છોકરો પણ અભ્યાસ કરવાસારૂ આવ્યો. અધમ જાતિવાળાને વિદ્યા શિખવવી એ ઠીક નહિ એમ વિચારીને દ્રોણાચાર્યે તેને શાળામાં દાખલ કરવાની ના પાડી. એકલવ્ય દ્રોણને પ્રણામ કરી વનમાં ગયો અને ત્યાં માટીથી દ્રોણાચાર્યની મૂર્તિ બનાવી તેને ગુરૂ માની પોતાની જાત મહેનતથી ધનુર્વિદ્યાનો અભ્યાસ કરવા લાગ્યો. ગુરૂમૂર્તિઉપર પરમ શ્રદ્ધાવાળા એકલવ્યે બાણો લેવામાં, સાંધવામાં અને મૂકવામાં બહુજ પ્રવીણતા મેળવી. એક દિવસ ગુરૂ દ્રોણની આજ્ઞાથી પાંડવો અને કૌરવો રથોમાં બેસી વનમાં શિકાર કરવા સારૂ ગયા. તેમની સાથે યદચ્છાથી કોઈ એક અન્ય પુરૂષ પણ શિકારનાં સાહિત્ય અને કૂતરા સાથે નિકળ્યો. શિકાર કરવાસારૂ સૌ ચારે દિશામાં ફરવા લાગ્યા. કૂતરો પેલા એકલવ્યની પાસે ગયો. એકલવ્યને મેલથી ખરડાયેલો, મૃગચર્મવાળો અને જટાવાળો જોઇ તે ભસવા લાગ્યો. એકલવ્યે એવી યુક્તિ અને ચાલાકીથી કૂતરાના મોઢામાં સામટાં સાત બાણ માર્યા કે, તે બાણોથી તેનું મોઢું જરા પણ નહિ વીંધાતાં પૂરાઈ ગયા જેવું થઇ ગયું. બાણોથી પૂરાઈ ગયેલે મોઢે કૂતરો પાંડવોપાસે આવતાં, પાંડવો તેને જોઈ ઘણા વિસ્મય પામ્યા અને એવી રીતે મોઢું પૂરનારની ચાલાકી અને

શબ્દવેધીપણાનો વિચાર કરી તેનાં વખાણ કરવા લાગ્યા અને પોતે ક્ષોભ પામી ઝંખવાણા પડી ગયા. પાંડવોએ તે પુરૂષને શોધી કાઢવાનો પ્રયત્ન કરતાં નિરંતર બાણો ફેંકનાર એકલવ્ય તેમના જોવામાં આવ્યો. ઓળખાણ નહિ પડતાં તેમણે તેનું નામ ઠામ પૂછ્યું. એકલવ્યે કહ્યું કે "હું હિરણ્યધનુ નામના ભિલ્લ લોકોના અધિપતિનો પુત્ર છું અને દ્રોણાચાર્યનો શિષ્ય છું. તેમની પાસે મેં ધનુર્વિદ્યાનો અભ્યાસ કરેલો છે. મારૂં નામ એકલવ્ય છે." આ વૃત્તાંત સાંભળી પાંડવો દ્રોણ પાસે આવ્યા અને સર્વ સમાચાર કહ્યા. એકલવ્યના અભ્યાસમાં મોહ પામેલા અર્જુને દ્રોણને પૂછ્યું કે "ગુરૂ મહારાજ! આપે તે દિવસે મારૂં આલિંગન કરીને કહ્યું હતું કે, મારો કોઈ શિષ્ય તારાથી અધિક નહિ થાય તે છતાં, એકલવ્ય મારાકરતાં ધનુર્વિદ્યામાં કેમ અધિક થયો ?" ગુરૂ વિસ્મય પામી અર્જુનની સાથે એકલવ્ય પાસે ગયા. ગુરૂને આવતા જોઇ એકલવ્ય સામો જઇ દંડવત્પ્રણામ કરી "હું આપનો શિષ્ય છું" એમ કહી બે હાથ જોડી આગળ ઉભો રહ્યો. દ્રોણાચાર્યે કહ્યું કે "તું મારો શિષ્ય હોય તો મને ગુરૂદક્ષિણા દે." એકલવ્ય બોલ્યો કે "આજ્ઞા કરો, જે માગો તે આપવા તૈયાર છું." દ્રોણાચાર્યે ગુરૂદક્ષિણામાં એકલવ્યના જમણા હાથનો અંગુઠો માગ્યો. સત્યવાદી અને વચનપાલક શિષ્ય એકલવ્યે મનમાં કંઈ પણ ખેદ પામ્યા વગર અંગુઠો કાપી આપ્યો. અંગુઠા જવાથી આંગળીઓ વડે બાણો ફેંકવામાં અગાઉના જેવી ચાલાકી રહી નહિ. અર્જુન ખુશી થયા અને દ્રોણનું વચન પળ્યું. દ્રોણાચાર્યના શિષ્યોમાં દુર્યોધન તથા ભીમ ગદાયુદ્ધમાં અધિક થયા, અશ્વત્થામા અસ્ત્રવિદ્યામાં અધિક થયો, નકુલ તથા સહદેવ ખડ્ગયુદ્ધમાં અધિક થયા, યુધિષ્ઠિર રથમાં બેસી લડવામાં અધિક થયા અને અર્જુન તો સઘળી બાબતોમાં સર્વોત્તમ થયો. બુદ્ધિથી, બળથી, ઉત્સાહથી અને અસ્ત્રવિદ્યામાં પ્રવીણપણાથી અર્જુન આખી પૃથ્વીમાં પ્રખ્યાત થયો. ભીમસેનનું શરીરબળ અને અર્જુનનું વિદ્યાબળ જોઇ કૌરવો અસહનતા કરવા લાગ્યા.

એક દિવસ કારીગરોએ બનાવેલ કૃત્રિમ ગરંજ પક્ષીને ઝાડપર ટંગાવ્યું અને સર્વ રાજકુમારોની પરીક્ષા કરવા માટે હાથમાં ધનુષ્યો લઇ બાણો સાંધી ઉભા રહેવાને અને એક પછી એક અનુક્રમે ગરંજઉપર બાણો મારવાને દ્રોણાચાર્યે તેઓને ફરમાવ્યું. સૌ બાણો સાંધીને ઉભા ત્યારે દ્રોણાચાર્યે યુધિષ્ઠિરને કહ્યું કે "આ ઝાડપરના ગરંજ પક્ષીને તમે દેખોછો?"

યુધિષ્ઠિરે હા પાડી. ફરી પૂછ્યું કે ‘આ ઝાડને, મને તથા તમારા ભાઇઓને દેખો-છો?’’ યુધિષ્ઠિરે કહ્યું કે સર્વને દેખું છું. ત્યારે ગુરૂએ કચવાઈ જઇ યુધિષ્ઠિરને કહ્યું કે “ખસી જાઓ, તમારાથી આ નિશાન વીંધી શકાશે નહિ.” ત્યાર પછી દ્રોણે દુર્યોધનાદિ સર્વ કૌરવોને, ભીમ વગેરેને તથા બીજા સઘળા શિષ્યોને એવીજ રીતે પૂછતાં તેમના તરફથી પણ યુધિષ્ઠિરના જેવાજ ઉત્તર મળતાં દ્રોણે બધાને તરછોડી દૂર કર્યા. પછી ગુરૂએ હસતાં હસતાં પોતાના પ્યારા શિષ્ય અર્જુનને પૂછ્યું કે “આ ગરંજને, મને તથા ઝાડને દેખોછો?” અર્જુને જવાબ દીધો કે “એકલા ગરંજને દેખું છું.” ગુરૂએ પૂછ્યું કે “આખા ગરંજને દેખોછો”? અર્જુને કહ્યું કે “ફક્ત તેનું માથુંજ દેખુ છું.” તુરતજ ગુરૂએ “ઘા કરો” એમ કહ્યું અને અર્જુને તીક્ષ્ણ બાણવતી ગરંજના માથાને વીંધી નીચે પાડ્યું. દ્રોણે અર્જુનનું આલિંગન કર્યું અને દ્રુપદ* રાજાને હવે હારી ગયેલોજ માન્યો.

વળી એક વખત ગુરૂ પોતાના શિષ્યોસહિત ગંગાજીમાં નહાવા ગયા. ત્યાં પાણીમાંનો એક મોટો ઝુડ ગુરૂની પીંડીએ બાઝી રહ્યો. દ્રોણાચાર્ય પોતાની શક્તિવડે ઝુડની ઝડપમાંથી છૂટવાને સમર્થ હતા, તોપણ શિષ્યોની પરીક્ષા કરવામાટે તેમને કહ્યું કે “આ ઝુડને એકદમ મારી મને છુટો કરો.” સર્વ રાજકુમારો અંદર અંદર ગમસમ કરવા અને મુંઝાવા લાગ્યા; પરંતુ અર્જુને તો તુરતજ પાણીમાં ડુબેલ ઝુડને પાંચ બાણો મારી કાપી નાખ્યો. ગુરૂએ પ્રસન્નતાથી અર્જુનને કહ્યું કે “આ અતિ પ્રબળ બ્રહ્માસ્ત્ર તમને આપું છું. આ અસ્ત્ર માણસોપર કદી નાખવાનું નથી. અલ્પશકિતવાળાપર, આ અસ્ત્રનો ઉપયોગ કરવામાં આવશે તો સઘળું જગત્ બળી જશે. આ અસ્ત્ર અસાધારણ છે, માટે મનુષ્યોથી જુદીજ જાતનો કોઇ પ્રબળ શત્રુ તમને હરકત કરે ત્યારેજ આ અસ્ત્રનો ઉપયોગ કરજો.” અર્જુને સઘળી વાત સ્વીકારી; ત્યારે અસ્ત્રનો ઉપદેશ દેતાં દ્રોણાચાર્યે પ્રસન્ન થઈ કહ્યું કે “તમારા જેવો જગત્માં કોઇ પણ ધનુર્ધારી થશે નહિ.”

---

* ગુરૂદક્ષિણામાં અર્જુન પાસેથી લીધેલ વચનનો ઉપયોગ દ્રુપદ રાજાને પકડી લાવી આપવામાં કરવાનો હતો.

પ્રકરણ ૫ મું.

પરીક્ષા અને ગુરૂ દક્ષિણા.

કૌરવોને તથા પાંડવોને અસ્ત્રવિદ્યા સંપૂર્ણ રીતે શીખવ્યા પછી દ્રોણાચાર્યે કૃપાચાર્ય, બાલ્હીક (શંતનુનો ભાઈ), સોમદત્ત (બાલ્હીકનો પુત્ર), ભીષ્મ, વ્યાસ અને વિદુરની સમક્ષ ધૃતરાષ્ટ્રને કહ્યું કે, "આપના કુમારો શાળાનો અભ્યાસ કરી તૈયાર થયા છે. આપ કહો ત્યારે પરીક્ષા કરીએ." ધૃતરાષ્ટ્રે કહ્યું કે, "આપ જે વખત તથા જે સ્થાન મુકરર કરશો તે વખતે અને તે સ્થાનમાં જોઈતી સગવડ પૂરી પાડવામાં આવશે. જે ચક્ષુવાળા પુરૂષો મારા પુત્રોને પરીક્ષા આપતાં દેખશે તેઓને હું ભાગ્યશાળી સમજુંછું" પછી વિદુરને આજ્ઞા કરી કે, "ગુરૂ મહારાજ જેમ કહે તેમ સગવડ કરી આપો." ધૃતરાષ્ટ્રની આજ્ઞા લઈને વિદુરે દ્રોણાચાર્યની સાથે જઈ શહેર બહાર જમીન મપાવી તેને સપાટ કરી ઉત્તર ભાગમાં ઢળતી રખાવી. યોગ્ય મુહૂર્તમાં બલિદાન કરીને રાજાને વાસ્તે તથા સ્ત્રીવર્ગને માટે જોવા બેસવાના ખંડો કારીગરોપાસે તૈયાર કરાવ્યા. લોકોને વાસ્તે પાટીયાં(બેંચ)ગોઠવાવ્યાં. મુકરર કરેલ દિવસે ધૃતરાષ્ટ્ર, તેના મંત્રીઓ, ભીષ્મ, કૃપાચાર્ય, ગાંધારી, કુંતી, બીજી સ્ત્રીઓ અને શહેરના

બીજા પ્રતિષ્ઠિત લોકો ત્યાં જઈ યોગ્ય સ્થાનપર બેઠા. મોટી સભા એકઠી થઈ, હર્ષનાં વાજાં વાગવા લાગ્યાં અને મહાસાગર જેવો દેખાવ થઈ રહ્યો. ધોળાં વસ્ત્રો, ધોળી જનોઈ, ધોળાં પુષ્પોના હાર અને ધોળું ચંદન ધારણ કરી ધોળી દાઢીવાળા દ્રોણાચાર્ય પોતાના પુત્ર (અશ્વત્થામા) સહિત પધાર્યા. તેમણે શાસ્ત્રની રીતિ પ્રમાણે બલિદાન કરાવ્યું અને બ્રાહ્મણો પાસે પૂજનાદિ મંગળ કરાવ્યું. પુણ્યાહવાચનનો શબ્દ ફેલાઈ રહેતાં સઘળા રાજકુમારો ધોળાં ચામડાંનાં મોજાં પહેરીને, કમર કસીને અને ભાથાંઓ ધરીને સઘળાં સાહિત્યો-સાથે યુધિષ્ઠિરને અગ્રણી કરી સભામાં આવ્યા. કુમારોએ બાણો ફેંકવાની તૈયારી કરી. બાણો પડવાની બીકે કેટલાક લોકો માથાં નમાવી રહ્યા અને કેટલાક નિર્ભયપણે જોવા લાગ્યા. કુમારોએ પોતપોતાનાં ચિન્હોવાળાં બાણો-વડે જુદાં જુદાં નિશાનો પાડી દેખાડ્યાં. ઘોડાપર સ્વાર થઇને સ્વારીની કળાઓ પણ દેખાડી. ધનુષબાણ ધરનારા કુમારોને જોઈ વિસ્મય પામેલા લાખો લોકો આનંદભેર વાહવાહના ઉચ્ચાર કરવા લાગ્યા. ધનુષબાણથી યુદ્ધની ક્રિયાઓ, રથમાં બેસી લડવાની ક્રિયાઓ, ઘોડા તેમજ હાથીપર બેસી યુદ્ધ કરવાની યુક્તિઓ અને ઢાલ તરવારથી લડવાના દાવપેચો દેખાડ્યા. ત્યાર પછી મદોન્મત્ત હાથીઓ જેવા દુર્યોધન તથા ભીમસેન મોટી મોટી ગદાઓ હાથમાં લઇને અખાડામાં ઉતર્યા અને ગદાયુદ્ધ સંબંધી ડાબાં જમણાં મંડળોમાં ફરવાના ચમત્કારો બતાવવા લાગ્યા. પરીક્ષાની સઘળી વિગત વિદુર, અંધ ધૃતરાષ્ટ્રને કહી સંભળાવતા હતા અને કુંતી, ગાંધારીને સંભળાવતાં હતાં. અખાડામાં ઉતરેલા બન્ને મલ્લ, દ્વંદ્વયુદ્ધની ક્રિયાઓ બતાવતા હતા ત્યારે સ્નેહથી થયેલા પક્ષપાતને લીધે જોનારાઓમાં મતભેદ પડ્યો. કેટલાક દુર્યોધનને અને કેટલાક ભીમને વખાણવા લાગ્યા. આ પ્રમાણે મતભેદ અને ગડબડ ઉઠેલી જોઇને ગુરૂ દ્રોણાચાર્યે બન્ને હરીફોને બંધ પાડવા પોતાના પુત્ર અશ્વત્થામાને કહ્યું. અશ્વત્થામાએ એમને લડતા અટકાવ્યા. દ્રોણાચાર્યે વાજાં બંધ રખાવી ઉભા થઇને સામું જોઈ કહ્યું કે, "હવે પુત્રકરતાં પણ મને અધિક પ્યારો અને સઘળી ધનુર્વિદ્યામાં પ્રવીણતા પામેલો અર્જુન પરીક્ષા આપશે તે જુઓ." દ્રોણાચાર્યની આજ્ઞાથી અર્જુન સોનાનું બખતર ધારણ કરી સજ્જ થઇને ઉઠ્યો. અખાડામાં આવ્યો કે તરત સભાજનોમાં મોટો ઉત્સાહ ફેલાઈ રહ્યો, શંખો તથા વાજાંઓ વાગ્યાં અને આ મહાવીર કાંઇ અપૂર્વ કામ કરશે એમ લોક-વાણી થવા લાગી. કુંતીને આનંદનાં આંસુ આવ્યાં અને સ્તનોમાં દૂધ ઉભ-

રાઇ આવ્યું. આ કોલાહલથી ધૃતરાષ્ટ્રે વિસ્મય પામી વિદુરને પૂછ્યું કે, "આ શું છે?" વિદુરે કહ્યું કે, "મહારાજ! કુંતીનો પુત્ર અર્જુન અખાડામાં ઉતર્યો તેથી આ મોટો ઘોંઘાટ ઉઠયો છે." ગડબડાટ બંધ પડતાં અર્જુને પોતાના પરાક્રમની પરીક્ષા આપવા માંડી. આગ્નેયાસ્ત્રથી અગ્નિ ઉત્પન્ન કર્યો, વારૂણાસ્ત્રથી જલ ઉત્પન્ન કર્યું, વાય્વસ્ત્રથી વાયુ ઉત્પન્ન કર્યો, મેઘાસ્ત્રથી વાદળાંઓ ઉત્પન્ન કર્યા, પૃથ્વીના અસ્ત્રથી પૃથ્વીમાં પ્રવેશ કર્યો, પર્વતાસ્ત્રથી પર્વતોને ઉત્પન્ન કર્યા અને અંતર્ધાનના અસ્ત્રથી અંતર્હિત પણ થઇ દેખાડ્યું. ક્ષણમાં લાંબો અને ક્ષણમાં ટુંકો દેખાયો. ક્ષણમાં રથની ધોંસરીપર, ક્ષણમાં રથના મધ્યમાં અને ક્ષણમાં જમીનપર ઉતરેલો દેખાયો. કુકડાંનાં ઇંડાંનાં કરેલાં નિશાનોને ચલાયમાન કર્યાવગરજ વીંધી નાખ્યાં; ચણોઠી જેવાં ઝીણાં નિશાનોને અને પથરા આદિ ઘાટાં નિશાનોને પણ ક્ષણવારમાં વીંધી નાખ્યાં. દોરીમાં લટકાવી ગતિમાં મૂકેલાં શીંગડામાં એકવીશ બાણ નાખ્યાં. લોઢાનો કૃત્રિમ સુવર ફર્યા કરતો હતો તેના મોઢામાં એકી વખતે પાંચ બાણ નાખી દીધાં. એવીજ રીતે ખડ્ગયુદ્ધ અને ગદાયુદ્ધની સઘળી ક્રિયાઓ સંપૂર્ણ રીતે દેખાડી. અર્જુનની પરીક્ષાનું ઘણું ખરૂં કામ સમાપ્ત થતાં વાજાંઓનો નાદ બંધ પડ્યો કે તુરતજ અખાડાના દ્વારમાં વજ્રના કડાકા જેવો હાથની ખંભી ઠોકવાનો (હાથેવતી ખભાઓ ઠોકવાનો) અવાજ સંભળાયો. સર્વ લોકો ચકિત થઈ જોવા લાગ્યાં કે આ તે પર્વત ફાટેછે! પૃથ્વી ચીરાઈ જાયછે કે આકાશમાં વાદળાંઓનો ગડગડાટ થાયછે! પાંચ પાંડવો દ્રોણાચાર્યને વીંટીને ઉભા હતા. અશ્વત્થામાસહિત દુઃશાસન આદિ સઘળા ભાઇઓ દુર્યોધનને વીંટીને ઉભા હતા. ખભા ઠોકનારો મલ્લ માણસોને આઘા કરતો અખાડામાં આવી પહોંચ્યો. સૂર્યના સરખી કાંતિવાળો, ઉંચો અને સર્વ સદ્ગુણસંપન્ન આ મહાવીર કર્ણ હતો. તે ગુરૂઓને ગર્વની રીતે પ્રણામ કરી ઉભો. સર્વ લોકોને કૌતુક ઉત્પન્ન થયું કે આ કોણ હશે? કર્ણે અખાડામાં ઉભા રહી મેઘનાદજેવી ગંભીર ગર્જના કરી અર્જુનને કહ્યું કે, "હે અર્જુન! તેં જે પરાક્રમ બતાવ્યું તે કરતાં હું વધારે પરાક્રમ બતાવુંછું તે જો. તારે તારા પરાક્રમમાટે પોરસાવું નહિ." સર્વ લોકો ઉભા થઈ ગયા, દુર્યોધન પ્રીતિમાં પ્રફુલ્લિત થયો અને અર્જુન લજ્જા પામી ગુસ્સે થયો. કર્ણે ગુરૂની આજ્ઞા લઇને અર્જુનના જેવુંજ પરાક્રમ બતાવ્યું. લોકો વિસ્મય પામ્યા. સઘળા ભાઇઓસહિત દુર્યોધને

કર્ણનું આલિંગન કરી કહ્યું કે, "મહાવીર! તું ભલે આવ્યો. હું તને મારો અને મારા રાજ્યનો યથેષ્ટ ઉપભોગ કરવાનો અધિકાર આપુંછું." કર્ણે કહ્યું કે, "તમારા વચનથી મને સઘળું મળી ચૂક્યું. હું કેવળ તમારી મૈત્રી માગુંછું અને અર્જુનની સાથે યુદ્ધ કરવાને ઇચ્છુંછું." દુર્યોધન બોલ્યો કે "હે કર્ણ! મારી સાથે રહીને રાજ્યસંબંધી સઘળાં સુખ ભોગવ, બંધુઓનું પ્રિય કર અને દુસ્મનોને માથે પગ મૂક." પોતાનું અપમાન થયેલું જાણી અર્જુને કહ્યું કે, 'હે કર્ણ! તારૂં મોત મારે હાથે થશે અને વિના તેડાવ્યે આવનારા તથા વગર બોલાવ્યા બોલનારા પુરૂષોના જેવી તારી ગતિ થશે." કર્ણ બોલ્યો કે, "આ અખાડો સર્વને સાધારણ છે. ના હા કહેવાનો તારો શું અધિકાર છે? તિરસ્કારનાં વચન બોલવાં એ તો નબળા માણસનું કામ છે. તારે જે કહેવું હોય તે બાણોવડે કહે એટલે ગુરૂ દ્રોણાચાર્યના દેખતાંજ મારાં બાણોવડે તારા માથાને પાડી નાખું." દ્રોણની આજ્ઞા લઇ અર્જુન કર્ણની સામો આવ્યો. આ દ્વંદ્વયુદ્ધ વખતે અર્જુનનો પિતા ઇંદ્ર અને કર્ણનો પિતા સૂર્ય[1] યુદ્ધ જોવામાટે આકાશમાં આવી ઉભા. ધૃતરાષ્ટ્રના સઘળા પુત્રો કર્ણને પડખે ઉભા રહ્યા અને દ્રોણાચાર્ય, કૃપાચાર્ય તથા ભીષ્મ એઓ અર્જુનને પડખે ઉભા રહ્યા. પોતાના બન્ને પુત્રોને સામસામા લડવા ઉભેલા જોઈ માતા કુંતી મૂર્છા પામ્યાં. દાસીઓએ ઠંડા ઉપચારોથી તેને આશ્વાસિત કર્યાં. કૃપાચાર્યે કર્ણને કહ્યું કે, "આ પાંડુ રાજાના પુત્ર અર્જુનની સાથે તું લડવા તૈયાર થયો છે પણ તું કોનો પુત્ર છે તે અમારે પ્રથમ જાણવું જોઇએ. નીચ કુળના માણસોસાથે રાજકુમારો યુદ્ધ કરે નહિ." કૃપાચાર્યનાં વચન સાંભળી કર્ણે લજ્જા પામી નીચું જોયું. દુર્યોધન બોલ્યો કે, "વીરપુરૂષ વીરપુરૂષની સામે યુદ્ધ કરે તેમાં કુળના વાંધા નાખવા યોગ્ય નથી. તોપણ જો અર્જુનને રાજકુમારપણાનું અભિમાન રહેતું હોય તો હું આજથી કર્ણને અંગદેશનો રાજા બનાવુંછું." એટલું બોલી તેજ વખત દુર્યોધને કર્ણને સોનાના સિંહાસનપર બેસાડી સુવર્ણ કલશવડે અંગદેશનો રાજ્યાભિષેક કર્યો અને છત્ર ચામરાદિ રાજચિન્હ આપ્યાં. કર્ણે દુર્યોધનને કહ્યું કે "તમે મને રાજ્ય આપ્યું તેનો બદલો મારે તમને શું આપવો?" દુર્યોધને પોતાની સાથે અત્યંત મૈત્રી

---

૧ કુંતીએ પોતાના પિતાને ઘેર કુંવારાપણામાંજ દુર્વાસાના મંત્રની પરીક્ષા કરવામાટે સૂર્યદેવને બોલાવ્યા હતા અને તેના બીજથી ઉત્પન્ન થયેલ પુત્ર (કર્ણ) ને લોકાપવાદના ભયને લીધે નદીમાં ફેંકી દીધો હતો. તે બાળક અધિરથ નામના સૂતના હાથમાં આવતાં તેણે તેને પોતાના પુત્રની પેઠે પાળ્યો. કર્ણવિષેની વિસ્તારથી કથા આગળ કહેવામાં આવશે.

રાખવા કર્ણને ઇચ્છા જણાવી. પરસ્પર વચનથી બંધાઇ એક બીજાનું આલિંગન કર્યું. કર્ણનો રાજ્યાભિષેક થતાં કર્ણનો બુઢ્ઢો બાપ અધિરથ નામનો સારથિ એ વખતે હાથમાં લાકડી લઇ પડતો આખડતો માણસોવચ્ચેથી કર્ણને આશીર્વાદ દેવાસારૂ પાસે આવ્યો. કર્ણે તેને પ્રણામ કર્યા અને અધિરથે આનંદાશ્રુથી તેને ભીંજવી દીધો. અધિરથને જોઇ આ કર્ણ તો સૂત (સારથિ) નો પુત્ર છે, એમ જાણી ભીમસેન બોલ્યો કે, "તું અર્જુનના હાથથી મરણ પામવાને પણ લાયક નથી. જેમ કુતરો યજ્ઞના ભાગને લાયક નથી તેમ તું અંગદેશનું રાજ્ય ભોગવવાને પણ લાયક નથી. તું ધનુષ બાણને છોડી દઇને તારા કુળને લાયક ચાબુક હાથમાં લે." ભીમનાં આવાં વચન સાંભળી કર્ણે ઉંડો નિઃશ્વાસ મૂક્યો. દુર્યોધન ભાઇઓના ટોળાંમાંથી બહાર આવ્યો અને કોપ કરી ભીમસામે બોલ્યો કે "ભીમ! તારે આમ બોલવું ઘટતું નથી. શૂરપુરૂષોનાં અને નદીઓનાં ઉત્પત્તિસ્થલોનો વિચારજ નહિ કરવો જોઇએ. તમો પાંચ ભાઇઓ કેવી રીતે ઉત્પન્ન થયા છો તે પણ હું જાણુંછું. કર્ણ અંગદેશના રાજ્યને નહિ પણ આખી પૃથ્વીના રાજ્યને યોગ્ય છે. જેનાથી આ કાર્ય સહન ન થતું હોય તે ભલે અમારી સાથે લડવાને તૈયાર થાય." દુર્યોધનનાં વચન સાંભળી સભામાં મોટો કોલાહલ ઉઠયો અને બે પક્ષ બંધાઇ ગયા. આ વખત સૂર્યાસ્તનો હતો. કર્ણનો હાથ પકડી મશાલના અજવાળાથી દુર્યોધન ઘેર ગયો અને પાંડવો, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, ભીષ્મ તથા બીજા લોકો પણ સૌ સૌને ઘેર ગયા. લોકોમાંથી કેટલાક કર્ણનાં, કેટલાક અર્જુનનાં અને કેટલાક દુર્યોધનનાં વખાણ કરવા લાગ્યા. પોતાના પુત્ર કર્ણને અંગદેશનો રાજા થયેલો જોઇ કુંતી છાની રીતે બહુ રાજી થયાં. દુર્યોધનના મનમાં અર્જુનની મોટી બીક હતી તે બીક કર્ણની સહાયતા મળવાથી દૂર થઇ અને યુધષ્ટિર પણ મનમાં માનવા લાગ્યા કે કર્ણના જેવો કોઇ પણ યોદ્ધા નથી.

ધનુર્વિદ્યાની પરીક્ષા પસાર કર્યા પછી કૌરવો અને પાંડવોના ગુરૂ દ્રોણાચાર્યે શિષ્યોપાસે ગુરૂદક્ષિણા માગી કે દ્રુપદરાજાને પકડી લાવી આપો. ગુરૂની આજ્ઞાપ્રમાણે સઘળા રાજકુમારો રથમાં બેસી ગુરૂને સાથે લઇ દ્રુપદ રાજાના પાંચાળ દેશને પાયમાલ કરતા કરતા તેની રાજધાની અહિચ્છત્રા નામની નગરી આગળ આવી પહોંચ્યા. કૌરવોના પછી અમે લડીશું એમ કહી પાંડવો રણભૂમિથી અરધો ગાઉ છેટે જઇ ઉભા. દ્રુપદ રાજા લડવા આવ્યો અને મોટી લડાઇ કરી કૌરવોને કાયર કર્યા. દ્રુપદ રાજામાં બાણોની વૃષ્ટિથી

ત્રાસ પામેલા કૌરવોનો કોલાહલ સાંભળી પાંડવો લડવા તૈયાર થયા. દ્રોણને પ્રણામ કરી તથા યુધિષ્ઠિરને દ્રોણની પાસેજ ઉભા રાખી ચારે ભાઇઓ રથમાં બેસી યુદ્ધ કરવા ચાલ્યા. અર્જુને નકુલ તથા સહદેવને પોતાના ચક્રરક્ષક (રથનાં પરડાંઓનું રક્ષણ કરનારા) કર્યા અને ભીમસેનને આગળ ચલાવ્યો. પ્રથમ ભીમે દ્રુપદની સેનામાં પ્રવેશ કરી ગદાથી હાથીઓનો અને ઘોડાઓનો સંહાર કર્યો. પાછળથી અર્જુને પ્રવેશ કરી ઘણી સેનાનો પ્રલય કર્યો. દ્રુપદના પાંચાળ દેશના સૈનિકો સિંહની પેઠે ગર્જના કરી આવવા લાગ્યા અને અર્જુન ક્ષણમાત્રમાં તેમને પરાસ્ત કરવા લાગ્યો. અર્જુન એવી ચાલાકીથી બાણો નાખવા લાગ્યો કે તે બાણોને ક્યારે સાંધેછે અને ક્યારે ફેંકેછે એ કોઇના જાણવામાં પણ આવતું નહોતું. દ્રુપદરાજા અને તેનો ભાઇ સત્યજિત્ અર્જુનની સામે ભારે યુદ્ધ કરવા લાગ્યા. મોટો કોલાહલ ઉઠયો અને અર્જુને થોડીવારમાં સત્યજિતને હરાવી દીધો. સત્યજિત્ પરાસ્ત થતાં દ્રુપદ રાજાએ અર્જુન ઉપર પ્રબળ બાણોની વૃષ્ટિ કરવા માંડી. અર્જુન દ્રુપદનાં ધનુષ તથા ધ્વજાને કાપી નાખી, ઘોડાઓ તથા સારથિને વીંધી નાખી, ધનુષને છોડી દઇ, તરવાર લઇ તેના રથની ધોંસરી ઉપર ચડી ગયો. રથમાં જઇ જેમ ગરૂડ સર્પને પકડે તેમ દ્રુપદને પકડી અર્જુને સિંહનાદ કર્યો. સઘળા પાંચાલો નાઠા અને કૌરવો તથા પાંડવો દ્રુપદની નગરીનો નાશ કરવા લાગ્યા. "દ્રુપદ આપણ કુરૂવંશીઓનો સંબંધી છે માટે તેને બહુ હાનિ ન પહોંચાડવી." એમ કહીને અર્જુને સર્વેને અટકાવ્યા અને દ્રુપદને પકડી લાવી દ્રોણના ચરણમાં અર્પણ કર્યો. દ્રોણે દ્રુપદને કહ્યું કે "અમો બ્રાહ્મણ હોવાને લીધે ક્ષમાવાળા છીએ. તું મારો જુનો મિત્ર છે. તારે મરવાનો ભય રાખવો નહિ. હું તને અરધું રાજ્ય પાછું આપુંછું. મિત્રપણાના દાવાથી હું તારી પાસે માગવા આવ્યો હતો તે સમયે તેં મને કહ્યું હતું કે રાજાનો મિત્ર અરાજા ન હોય, માટે હવે હું રાજા થઇને તારો મિત્ર થયો છું. ગંગાજીને દક્ષિણ કિનારે તારે રાજ્ય કરવું અને ઉત્તર કિનારે હું રાજ્ય કરીશ." દ્રુપદ બોલ્યો કે "આપ જેવા મહારાજાઓ આવું પરાક્રમ કરો એમાં આશ્ચર્ય નથી. હવે હું તમારી સાથે સર્વદા સ્નેહ રાખવા ઇચ્છુંછું." પછી દ્રોણે તેને છોડાવ્યો અને અરધા રાજ્યનો અધિપતિ કર્યો. તેથી તે અહિચ્છત્રા નામની જુની રાજધાની છોડીને દક્ષિણ કિનારે કાંપિલ્ય નામના નગરમાં રાજ્ય કરવા લાગ્યો. દ્રોણ અહિચ્છત્રા નગરીનું રાજ્ય સ્વાધીન કરીને કુમારોની સાથે પાછા હસ્તિનાપુરમાં આવ્યા. પરાજય પામેલો દ્રુપદ રાજા પોતાના બલવડે દ્રોણને જીતવા અશક્ત હોવાથી દ્રોણનો પરાજય કરે એવો પુત્ર ઉત્પન્ન કરવાની ઇચ્છા ધરી પૃથ્વીમાં ફરવા લાગ્યો.



પ્રકરણ ૬ ઠું.

વારણાવતનું લાક્ષાગૃહ.

યુધિષ્ઠિરના સદ્‌ગુણોથી સંતુષ્ટ થયેલા ધૃતરાષ્ટ્રે યુધિષ્ઠિરને યુવરાજ પદવી આપી. ધૈર્ય, સ્થિરતા, સહનશક્તિ, ભલપણ, સરલતા, નોકરવર્ગઉપર દયા અને સર્વ લોકો ઉપર સ્નેહભાવ ઇત્યાદિ ગુણસંપત્તિથી યુધિષ્ઠિર પાંડુ રાજા કરતાં પણ લોકોમાં પ્યારા થઇ પડ્યા. ભીમસેનાદિ ચારે ભાઇઓ મોટા ભાઇની આજ્ઞાને અનુસરી ચાલવા લાગ્યા. ભીમસેને શ્રીકૃષ્ણના મોટા ભાઇ બલભદ્રપાસેથી ગદાયુદ્ધનો વિશેષ અભ્યાસ કર્યો. એક સમયે દ્રોણાચાર્યે સભામાં અર્જુનને કહ્યું કે “મેં તને બ્રહ્માસ્ત્રનો ઉપદેશ આપ્યો છે તેની ગુરૂદક્ષિણા મને તારે આપવી જોઇએ.” અર્જુને કહ્યું કે “આપ જે માગો તે આપું.” દ્રોણાચાર્યે માગ્યું કે “જ્યારે હું તારી સામે યુદ્ધ કરવા તૈયાર થાઉં ત્યારે તારે જરાપણ પાછું નહિ હઠતાં મારી સાથે યુદ્ધ કરવું.” અર્જુને ગુરૂની આજ્ઞા મસ્તકપર ચઢાવી પ્રણામ કર્યા. પાંડુરાજા જે જે રાજાઓને જીતી નહોતો શક્યો તે સર્વને તેણે જીતી રાજ્ય વધારવા માંડ્યું અને પાંડવોની કીર્ત્તિ દેશદેશ પ્રસરી. પાંડવોનું પરાક્રમ વધતાં તુરતજ ધૃતરાષ્ટ્રના અંતઃકરણમાં દ્વેષનો અંકુર રોપાયો અને વૃત્તિ બદલી. પોતાના પુત્રોને માટે

ચિંતાથી આતુર થયેલા અંધ ધૃતરાષ્ટ્રને રાતની નિદ્રા આવતી નહતી. ચિંતાગ્રસ્ત થએલા ધૃતરાષ્ટ્રે રાજ્યખટપટમાં ખબરદાર એક કણિક નામના બ્રાહ્મણને બોલાવી આ વિષયમાં તેની સલાહ લીધી.

કણિકે કહ્યું કે, "હું ખરી વાત કહીશ પણ તેથી મારાપર દોષનો આરોપ નહિ મૂકશો. મારા વિચાર પ્રમાણે જે શત્રુ ગણાય તેને કપટ કરીને પણ માર્યા વિના મૂકવો નહિ. શત્રને અંકુરો નહિ ત્રોડતાં પૂરોજ ત્રોડી નાખવો. કાંટો પણ અરધો કપાયો હોય તો લાંબા કાળ સુધી પીડા કરે એવા વ્રણને ઉત્પન્ન કરેછે. શત્રુ દુર્બલ હોય તોપણ તેની ઉપેક્ષા નહિ કરવી જોઇએ. અગ્નિ અલ્પ હોય તોપણ પાછળથી વધીને સઘળું બાળી નાખેછે. શત્રુ શરણે આવે તોપણ તેનાપર દયા લાવવી નહિ. આંધળા થવા જેવો વખત આવે ત્યારે આંધળા થઈ જવું અને બહેરા થવા જેવો વખત આવે ત્યારે બહેરા પણ થઇ જવું. ગમે તે પ્રકારે શત્રને મારવાપર લક્ષ રાખવું. શત્રુના પક્ષનું મૂળજ કાપી નાખવું જોઇએ. મૂળ કપાયા પછી શાખાઓ પાલવતીજ નથી. ગમે તેવા ધર્માત્માપણાનો ઢોંગ કરી લોકોમાં વિશ્વાસ બેસાડીને પણ શત્રુને માર્યે રહેવું. યોગ્ય સમય પ્રાપ્ત ન થયો હોય ત્યાં સુધી તો શત્રુને કાંધપર બેસાડીને ઉપાડવો પડે તો પણ ઉપાડવો, પરંતુ સમય પ્રાપ્ત થતાં કાંધપરના ઘડાની પેઠે એવો પછાડવો કે, તેના છોતેછોતા થઇ જાય. શત્રુના કાલાવાલાપર ધ્યાન આપવું નહિ. પોતાના સ્વાર્થમાં જે આડા આવે તેને ગમે તેવા પ્રપંચો કરી ઉડાવી દેવા જોઇએ. દીકરો, ભાઇ, બાપ કે ગુરૂ હોય તોપણ જો તે પોતાનો શત્રુ જણાય તો તેને મારીજ નાખવો. ખોટા સોગન ખાઇને, ધન દઇને, ઝેર દઇને અને એવાજ બીજા ઉપાયો કરીને પણ શત્રુને જીવતો રહેવા દેવો નહિ. યુધિષ્ઠિર પોતાના ભાઇઓના બલથી ગર્વ પામેલો છે અને તમારૂંજ રાજ્ય પાંડુની પાસે થાપણરૂપ હતું એમ ન જાણતાં હક ધરાવેછે માટે તે શિક્ષાને યોગ્ય છે. મનમાં ક્રોધ છતાં પણ મોઢું પ્રસન્ન દેખાડવું. હસીને બોલવું અને ક્રોધ દેખાડવો નહિ. શત્રુને મારવાની તૈયારી કર્યા છતાં મારવાના સમય સુધી તેની સાથે પ્રિયજ બોલવું, મારી નાખ્યા પછી દયાળુપણું દાખવવું, શોક કરવો અને રોવું પણ ખરૂં. ગમે તેવો અપરાધ કરીને પણ જો ધર્માત્માપણું દેખાડવામાં આવે તો સઘળા દોષ ઢંકાઈ જાયછે. શત્રુને દાનમાનાદિથી વિશ્વાસ ઉપજાવીને પણ એવી દાઢ ભાગવી દેવી કે પાછો તે ઉભોજ થઇ શકે નહિ. અવિશ્વાસુનો વિશ્વાસ કરવો નહિ અને વિશ્વાસુનો પણ અતિ વિશ્વાસ

કરવો નહિ. વિશ્વાસથી તો એવો ભય થાયછે કે તેથી મૂળ પણ કપાઇ જાય. વચનમાં નમ્રતા રાખવી, હસીને બોલવું અને હૃદયમાં અસ્ત્રાજેવું રહેવું. ચડતીની ઇચ્છા હોય તો શત્રુઆગળ કપટથી હાથ પણ જોડવા, સોગન પણ ખાવા, પગમાં માથું પણ નમાવવું અને ખોટી ખોટી આશાઓ પણ દેવી. શત્રુને ફળની આશા દેખાડવી પણ ફળ દેખાડવું નહિ. કદાચ ફળ દેખાડવું પડે તોપણ નજરે દેખાડીને પછી તેમાં વિઘ્ન નાખી દેવું મણ ધન ખરચી નાખીને નિર્ધન થઇબેસવું નહિ. પરાયા મર્મોનું છેદન કર્યા વિના અને દારૂણ કર્મ કર્યા વિના સંપત્તિ મળતીજ નથી. પોતે જે કામ કરવું ધાર્યું હોય તે પોતાના મિત્રોના જાણવામાં પણ ન આવે એમ કરવું. જે માણસ શત્રુને વશ કર્યા પછી પણ તેના પર અનુગ્રહ કરે તે માણસ હાથે કરી પોતાના મૃત્યુને ઉપજાવેછે એમ સમજવું. શત્રુને આશા દઇને તે આશામાં મુદત નાખવી. મુદત આવે ત્યારે કાંઇ વિઘ્ન આવી પડ્યું, એમ બતાવીને તે આશાને રઝળાવી મારવી. તમે પણ જો મારા કહેવા પ્રમાણે પાંડવોની સાથે તેમજ બીજા શત્રુઓની સાથે વર્ત્તશો તો તમને કદી પણ હરકત પડશે નહિ. જેની પાસે ધન અને અધિકાર હોય તે સર્વોત્તમ ગણાયછે. પાંડવોથી તમારો બચાવ કરો. પાંડવો તમારા બલવત્તર શત્રુ છે. તમને પાછળથી પસ્તાવું ન પડે એવી કાંઇક ગોઠવણ કરો."

એક તરફથી આ મહાત્મા કણિકજી મોટો અનર્થ ઉપજાવે એવાં વચનામૃતોનો વરસાદ વરસાવી પોતાને ઘેર સિધાવ્યા કે બીજી તરફથી ધૃતરાષ્ટ્ર શત્રુવિનાશના વિચારસાગરમાં ડુબ્યો. યુધિષ્ઠિરના ગુણોથી સંતુષ્ટ થયેલાં ગામનાં લોકો પરસ્પર વાતો કરવા લાગ્યાં કે "ધૃતરાષ્ટ્રે પોતાના હાથમાં રાજ્ય રાખ્યું છે અને યુધિષ્ઠિરને હજુ સુધી યુવરાજજ રાખેલ છે એ યોગ્ય નથી. અંધ હોવાને લીધે ધૃતરાષ્ટ્રને પ્રથમથીજ રાજ્ય મળ્યું નથી તો હવે શાનું મળે? ભીષ્મ તો રાજ્ય ન કરવું એવી પ્રતિજ્ઞા કરી ચૂક્યા છે માટે તે તો કદી પણ રાજ્ય સ્વીકારે એમ નથી. આમ છે માટે આપણે પ્રજામતથી યુધિષ્ઠિરનેજ મુખ્ય રાજા બનાવીએ. યુધિષ્ઠિર ગુણવાન છે તેથી તે ભીષ્મને, ધૃતરાષ્ટ્રને તથા તેના પુત્રોને સારી રીતે રાખશે." આ પ્રમાણે લોકચર્ચા સાંભળવામાં આવતાં ઈર્ષ્યાથી પરિતાપ પામેલા દુર્યોધને એકાંતમાં પિતાની પાસે આવીને કહ્યું કે "લોકોની ભુંડી વાણી મારે કાને આવી છે. તમારો અને ભીષ્મનો અનાદર કરી લોકો યુધિષ્ઠિરને રાજા બનવવા ધારેછે. ભીષ્મને

તો આ વાતમાં કશો વાંધો નથી, પણ આપણને મોટી હરકત છે. જો પાંડુનો વારસો યુધિષ્ઠિરને મળે તો યુધિષ્ઠિરનો વારસો પછી યુધિષ્ઠિરના પુત્રોનેજ મળે, એટલે આપણે તો કાંઈ ગણત્રીમાંજ રહીએ નહિ અને એમને હાથે આપેલો ગરાસ માત્ર આપણે ખાવાનો રહે. આપણી દુર્દશા ન થાય એવી કાંઇ ગોઠવણ કરો. જો પ્રથમથીજ તમને રાજ્ય મળ્યું હોત તો અમને કશી અડચણ નહતી. અમો ભવિષ્યમાં મોટા અનર્થ દેખીએ છીએ.” સ્વાભાવિક રીતે તથા કણિકનાં વચનોપરથી ધૃતરાષ્ટ્રના મનમાં પાંડવોના ઉપર જે દ્વેષ ઉદય પામ્યો હતો તેને આ દુર્યોધનનાં વાક્યોથી વધારે ઉત્તેજન મળ્યું. પણ પાંડુના ગુણો સંભારીને તથા યુધિષ્ઠિરના સદ્‌ગુણો જોઇને ધૃતરાષ્ટ્રનું મન પાંડવોને અત્યંત દુઃખી કરવાના વિચારથી પાછું હઠતું હતું. આ વખતે દુર્યોધન, કર્ણ, શકુનિ અને દુઃશાસન એ ચંડાલ ચોકડીએ મળીને પાંડવોને કપટથી મારી નાખવાનો વિચાર કર્યો અને ધૃતરાષ્ટ્રને પ્રકારાંતરથી સમજાવવાનો પ્રપંચ રચ્યો. દુર્યોધને એકાંતમાં આવી ધૃતરાષ્ટ્રને કહ્યું કે “પાંડવોથી આપણને પીડા થવાનો સંભવ છે. માટે તમે કાંઇ પ્રપંચ ગોઠવીને પાંડવોને હસ્તિનાપુરમાંથી વારણાવત નામના આપણા મહાલમાં કાઢવાની યુક્તિ કરો.” દુર્યોધનનાં વચન સાંભળી ઢચુપચુ મનવાળા ધૃતરાષ્ટ્રે જરાવાર વિચાર કરી દુર્યોધનને કહ્યું કે “પાંડુ ધર્માત્મા હતો, સઘળા સંબંધીઓની સાથે યોગ્ય રીતે વર્ત્તતો હતો અને મારી સાથે તો બહુજ વિવેકભરેલી વર્ત્તણુક રાખતો હતો. પાંડુ મારાવિના એકલો જમતો પણ નહિ અને રાજ્યસંબંધી સઘળું સુખ મને આપતો. એનો પુત્ર યુધિષ્ઠિર એના જેવોજ ગુણવાન છે, ધર્માત્મા છે અને પ્રજાને પ્યારો છે, વળી સહાયકોસહિત છે. આપણે તેને તેના પિતાના રાજ્યમાંથી શી રીતે કાઢી શકીએ! પાંડુએ મંત્રીઓને, સૈનિક અધિકારીઓને તથા તેમના પુત્ર પૌત્રોને બહુજ પ્યારથી રાખ્યા હતા અને બીજા લોકોનાપર પણ ઘણાઘણા હાથ રાખ્યાં હતા. તે બધા યુધિષ્ઠિરને વાસ્તે તણાઇને આપણને તથા આપણા બાંધવોને માર્યા વિના કેમ રહેશે?” દુર્યોધન બોલ્યો કે “આ સઘળી વાતનો વિચાર કરીને મેં મંત્રિવગેરે લોકોને દાનમાનાદિકથી સારો રીતે વશ કરી રાખ્યા છે. માટે તે આપણાજ સહાયકો થશે એમાં સંશય નથી. ધનનો સઘળો કબજો પણ મારાજ હાથમાં છે. માટે આ પ્રસંગે તમે કોઇ કપટભરેલી. કોમળ યુક્તિથી પાંડવોને વારણાવતમાં કહાડો. જ્યારે રાજ્ય સંપૂર્ણરીતે મારા

હાથમાં સ્થિર થશે ત્યારે પાંડવોને પાછા બોલાવીશું." ધૃતરાષ્ટ્ર બોલ્યો કે "દુર્યોધન ! મારાં હૃદયમાં પણ એજ વાત ઘોળાયા કરેછે. પરંતુ એ વાત જગત્માં સારી કહેવાશે નહિ. તેથી હું તેમને ત્યાં જવાનું કહી શકતો નથી. આ વાતમાં એક એ પણ અડચણ છે કે ભીષ્મ, દ્રોણ અને વિદુર એઓ કદી પણ પાંડવોને વારણાવતમાં મોકલવા સંમતિ આપશે નહિ. આપણા રાજ્યના ભાયાતો અને પ્રતિષ્ઠિત લોકોને આપણે તેમજ પાંડવો પણ સરખે સંબંધેજ છીએ, માટે તેઓ આવી ગડબડને કદી પણ સ્વીકારશે નહિ. આપણા ભાયાતોનો, દ્રોણ આદિ પ્રતિષ્ઠિત લોકોનો અને પ્રજાનો કોપ આપણાપર ન થાય એવો કયો રસ્તો છે?" દુર્યોધન બોલ્યો કે "ભીષ્મ સર્વદા ત્રાહિતજ રહેછે. અશ્વત્થામા મારા પક્ષમાં છે તેથી દ્રોણને મારા પક્ષમાં રહ્યા વિના છૂટકો નથી. જે પક્ષમાં દ્રોણ અને અશ્વત્થામા હોય તેજ પક્ષમાં કૃપાચાર્ય રહે એમાં સંશય નથી. તે પોતાના બનેવીને તથા ભાણેજને કદી છોડે નહિ. વિદુરનો ગરાસ આપણા હાથમાં છે તે છતાં તે પાંડવોને મળતો રહેછે તોપણ તે એકલો આપણને શું કરી શકે? આમ હકીકત છે માટે તમે નિઃશંક રહીને પાંડવોને તથા કુંતીને અહીંથી કહાડો. તેઓ હવે તુરત વારણાવતમાં જાય એમ કરવું જોઇએ. પાંડવોસંબંધી ચિંતા આપણા હૃદયમાં સાલના જેવી ખુંચી રહી છે અને રાત્રે નિદ્રા પણ આવવા દેતી નથી. તે ચિંતાને યુક્તિથી નષ્ટ કરો."

આ પ્રમાણે ધૃતરાષ્ટ્રની સાથે પ્રપંચ ગોઠવીને દુર્યોધને મંત્રિઓવગેરે સઘળા લોકોને દાનમાનાદિથી વશ કરી લીધા. ધૃતરાષ્ટ્રે મોકલેલાં કેટલાંએક વિચક્ષણ માણસો પાંડવોનીપાસે વાતો કરવા લાગ્યાં કે, "વારણાવત બહુ રમણીય છે. ત્યાં થોડા દિવસમાં સદાશિવનો ઉત્સવ થવાનો છે તેમાં દેશોદેશના લોકોનો અતિ સુંદર મેલાવડો થશે." આ પ્રમાણે વાતો સાંભળી પાંડવોને પણ ત્યાં જવાનું મન થયું અને જ્યારે ધૃતરાષ્ટ્રે તે વાત જાણી ત્યારે પાંડવો પાસે જઇ તેણે તેઓને કહ્યું કે, "મારાં માણસો વારણાવતનાં બહુ વખાણ કરેછે માટે જો તમારી રૂચિ હોય તો તમો તમારાં માણસોને સાથેંલઇને ત્યાં જઇ થોડા દિવસ મોજમજા કરી આવો. ત્યાં તમારી મરજી પ્રમાણે બ્રાહ્મણોને તથા ગવૈયાઓ વગેરેને ધન અને વસ્ત્રો આપજો અને એ પ્રમાણે મોજમજા કરી મરજી થાયંત્યાં સુધી રહી પાછા હસ્તિનાપુર આવજો." ધૃતરાષ્ટ્રના આમ બોલવાનો અભિપ્રાય યુધિષ્ઠિરે જાણી લેતાં પોતે સહાયવિનાના છે. એમ ધારી ધૃતરા-

ષ્ટ્રની સલાહ સમય વિચારી સ્વીકારી લીધી. પછી યુધિષ્ઠિરે, ભીષ્મ, દ્રોણ, વિદુર, કૃપાચાર્ય, પુરોહિત લોકો અને બીજા માનીતા લોકોને કચવાતા અંતઃકરણથી કહ્યું કે "ધૃતરાષ્ટ્રની આજ્ઞાથી અમો વારણાવત જઇશું. અમારૂં ભલું થાય એવો આશીર્વાદ આપો, કે જેથી અમને કોઇ જાતનું સંકટ પડે નહિ." સર્વ લોકોએ કહ્યું કે, "તમારૂં સર્વદા શુભ હોજો." પાંડવો વારણાવતમાં જવાની તૈયારી કરવા લાગ્યા એ વાતની ખબર પડતાંજ દુર્યોધન ઘણો રાજી થયો અને પોતાના એક પુરોચન નામના મંત્રીને એકાંતમાં બોલાવી કહ્યું કે, "મારા રાજ્યનું રક્ષણ તારેજ કરવું છે. તારા જેવો મારો બીજો કોઈ પણ વિશ્વાસપાત્ર માણસ નથી. મારા વિચારને ગુપ્ત રાખવા અને મારા શત્રુઓને ઉખેડી નાખવા એ તારૂંજ કામ છે. પાંડવોને વારણાવતમાં જવાની ધૃતરાષ્ટ્રે આજ્ઞા કરી છે. તું આજેજ વારણાવતમાં જઇ પાંડવોને રહેવા વાસ્તે ગામના છેડાના ભાગમાં એક સુંદર ચાર શાળાઓવાળું અને સર્વ પ્રકારની સગવડવાળું ઘર તૈયાર કરાવ. તેની ભીંતોની અંદર રાળ, ઘી, તેલ, ચરબી અને ઘણી ઘણી લાખ નખાવજે તથા તેવાજ પદાર્થોવડે માટીને મિશ્રિત કરી લેપ કરાવજે. પાંડવો કે બીજા માણસો ઘરની પરીક્ષા કરવા લાગે તોપણ તેઓને આ દગાની ખબર ન પડે એવી ગોઠવણ કરવી. પાંડવો ત્યાં આવે ત્યારે તેમને કુંતીસહિત તે ઘરમાં સત્કારથી રાખજે અને તેમને શયન, આસન તથા વાહન આદિની સગવડ કરી આપજે. એ ઘરમાં પાંડવો વિશ્વાસથી રહ્યા જાણવામાં આવે ત્યારે રાતની વખતે તારે એ ઘરના બારણામાંથી અગ્નિ મૂકવો, કે જેથી પાંડવો બળી મરે અને ઘર સળગી જતાં પાંડવો બળી ગયા એમ સમજી લોકો આપણી નિંદા ન કરે." આ પ્રમાણે દુર્યોધનની આજ્ઞા લઇ પુરોચન તુરતજ વારણાવતમાં આવ્યો અને કહ્યાપ્રમાણે ઘર તૈયાર કરાવ્યું.

હસ્તિનાપુરમાં પાંડવો વારણાવત જવાને તૈયાર થઈ રહ્યા જેથી ભીષ્મ, ધૃતરાષ્ટ્ર, દ્રોણ, કૃપાચાર્ય અને વિદુર ઇત્યાદિ વડિલવર્ગ અને ગુરૂવર્ગની રજા માગવા ગયા અને તેમને પગે લાગ્યા. તેઓએ મિત્રવર્ગને આલિંગન કર્યું અને નાની વયના સંબંધીઓનો સત્કાર ગ્રહણ કર્યો, ગાંધારીઆદિ માતૃજનને પ્રણામ કર્યા અને તેમની રજા લઈ રવાના થયા. વિદુર તથા મોટા મોટા ભાયાતો અને નગરના લોકો તેમને વળાવા ગયા. પાંડવોનાં મોઢાંને દીન થયેલાં દેખી કેટલાક બ્રાહ્મણો નિર્ભયપણે ખુલ્લી રીતે બોલવા લાગ્યા કે,

"પાંડવો કોઇનું ભુંડું કરે એવા નથી. તોપણ તેઓનું મંદબુદ્ધિ ધૃતરાષ્ટ્ર ભુંડું કરવા તૈયાર થયો છે. પાંડુનું રાજ્ય પાંડવોનેજ મળવું ઘટેછે, પણ ધૃતરાષ્ટ્રથી તે સહન થઇ શકતું નથી. ધૃતરાષ્ટ્રે પાંડવોને કાઢવાની આ નીચ ગોઠવણ કરી છે. ભીષ્મ ધર્માત્મા છે છતાં આ વાતને કેમ સ્વીકારેછે! આપણે તો આપણું ઘરબાર છોડી દઇને પાંડવો જ્યાં જશે ત્યાં જઈશું" બ્રાહ્મણોનો આવો કલ્પાંત સાંભળીને યુધિષ્ટિરે તેમને કહ્યું કે, "ધૃતરાષ્ટ્ર અમારો પિતા છે. એમની આજ્ઞાપ્રમાણે વર્ત્તવું એ અમારો ધર્મ છે. તમો અમને આશીર્વાદ દઇ પાછા વળો. જ્યારે યોગ્ય પ્રસંગ આવે ત્યારે અમારૂં ભલું કરજો." યુધિષ્ટિરનાં આવાં વચન સાંભળી ઘણા ખરા લોકો આશીર્વાદ દઇને પાછા વળ્યા પછી વિદુરે દુર્યોધને રચેલ કપટની વાત પાંડવોપાસે પ્રકટ કરી. તેણે તેમને કહ્યું કે, "વારણાવતમાં તમારે માટે જે ઘર બનાવવામાં આવ્યું છે, તે અગ્નિથી તુરત સળગી ઉઠે એવા પદાર્થોથી ભરેલું છે માટે ચેતતા રહેજો અને નાશી છુટવાના રસ્તા શોધી કાઢજો. ગુપ્ત રીતે ભાગી જવાને વાસ્તે એક ભોંયરૂં કરી દેવાસારૂ તમારી પાસે હું એક વિશ્વાસપાત્ર માણસને પાછળથી મોકલીશ." બીજા લોકો ન સમજે માટે આ શબ્દો મ્લેચ્છ ભાષાથી કહીને વિદુર પાછા વળ્યા એટલે તેની સાથે બીજા કેટલાક બાકી રહેલા લોકો પણ પાછા વળ્યા. કુંતીએ યુધિષ્ઠિરને પૂછ્યું કે, "તમને વિદુરે શું કહ્યું? તે અડચણ ન હોય તો મને કહો." યુધિષ્ઠિરે વિદુરે આપેલી ભલામણ માતુશ્રીને જણાવી.

હસ્તિનાપુરમાંથી નીકળી પાંડવો કેટલેક દિવસે વારણાવતની પાસે પહોંચ્યા એટલે ત્યાંના લોકોએ મોટી ધામધૂમથી સામૈયું કરી સત્કારસાથે તેઓને શહેરમાં દાખલ કર્યા. પુરોચને તેમને વાસ્તે સર્વ સામગ્રી સારીરીતે તૈયાર કરી રાખી હતી. દશ રાત્રિસુધી પાંડવો બીજા કોઈ ઘરમાં રહ્યા પછી પુરોચનના કહેવાથી અગિયારમે દિવસે તેઓ લાખથી બનાવેલ ઘરમાં રહેવા ગયા. એ ઘરમાં રાળ, લાખ વગેરે પદાર્થોનો ગંધ આવતાં યુધિષ્ઠિરે કહ્યું કે "આ ઘર અવશ્ય તરતજ સળગી ઉઠે એવા પદાર્થોથી બનાવેલું છે. દુષ્ટ દુર્યોધનની પ્રેરણાથી આ પાપી પુરોચન આપણને આ ઘરમાં બાળી મૂકવા ઇચ્છેછે. આપણા નાના કાકા વિદુરે આપેલી ચેતવણી ખરીજ છે." ભીમસેન બોલ્યો કે "જો આ પ્રમાણે છે તો આ ઘરમાં રહેવાનું શું પ્રયોજન છે? ચાલો જે ઘરમાં આપણે પ્રથમ રહેતા હતા તે ઘરમાં રહેવા જઇએ." યુધિષ્ઠિરે કહ્યું કે

"આ દુર્યોધનના કપટની વાતવિષે કશું પણ જાણે આપણે જાણતા ન હોઇએ એમ વર્ત્તવાનીસાથે આપણે આ ઘરમાંજ રહેવું અને ગુપ્તરીતે નિકળી જવાની તજવીજ કરવી એ રસ્તો મને વધારે સમયસૂચકતા ભરેલો લાગે-છે. આપણો અભિપ્રાય જો કોઇપણ દ્વારા પુરોચનના જાણવામાં આવી જશે તો એ દુષ્ટ બલાત્કાર કરીને આપણને બાળી મૂક્યા વિના રહેશે નહિ. દુર્યોધન અને પુરોચનને નિંદા તથા અધર્મનો ભય તો છેજ નહિ. આપણે અહીં બળી જઇએ એટલે પછી ભીષ્મ કૌરવોની ઉપર કોપ શા માટે કરે? અને કદિ કોપ કરે તોપણ તેથી આપણને શો લાભ? આપણે રાજ્યવગરના, પક્ષવગરના અને ધનવગરના છીએ, તેથી કોઇના જાણવામાં ન આવે એવી રીતે આપણે ભાગી જઇએ તો દુર્યોધન ગમે તે ઉપાયો કરીને આપણને મરાવી નાખ્યા વગર રહે નહિ. એટલા વાસ્તે પુરોચનને તથા દુર્યોધનને છેતરીને અહીંથી ભાગી જઇ કોઈ ગુપ્ત સ્થળમાં રહેવું. શિકારને બહાને બહાર ફરીને સઘળા માર્ગો જોઈ રાખવા અને થોડા દિવસમાંજ આ ઘરમાં થનાર ગુપ્ત ભોંયરા સંબંધી પુરોચન કંઇપણ ન જાણે તેની પૂરતી સંભાળ રાખવી."

આ સમયે ભોંયરૂં બનાવવાના કામમાં કુશળ એક વિદુરના મિત્રે વારણા-વતમાં આવી પાંડવોને કહ્યું કે "મને તમારૂં પ્રિય કરવાસારૂ વિદુરે મોકલ્યો છે. હું ભોંયરૂં બનાવવાના કામમાં કુશળતા ધરાવું છું. મને આજ્ઞા કરો. વિદુરે તમને આ વાતની પ્રથમથીજ સૂચના કરી છે એ હું તમને નિશાની આપું છું. આ કૃષ્ણપક્ષની ચૌદશની રાતમાં પુરોચન આ ઘરના દ્વારથી અગ્નિ મૂકીને તમને તથા તમારી માતુશ્રીને બાળી નાખશે." યુધિષ્ઠિરે કહ્યું કે 'તું વિદુરનો મિત્ર છે તે હું જાણું છું. વિદુર કાચા માણસને અમારી પાસે મોકલેજ નહિ એવી મારી ખાત્રી છે. અમારા બચાવસારૂ તારે જે કાંઇ ઉપાય કરવો ઘટે તે કર." આ પ્રમાણે વાતચીત થયા પછી કિલ્લા પાછળની ખાઈ ચોખ્ખી કરવાના મિષથી તે માણસે એક સીધું અને સોંસરવું ભોંયરૂં જમીનની બરાબર તૈયાર કરી આપ્યું અને તેને કમાડ કરાવી આપ્યાં. પાપબુદ્ધિ પુરોચન, એ ઘરના દ્વારમાં રહેતો હતો અને પાં-ડવો પણ પોતાનીપાસે આયુધો રાખીને પુરોચનની પાસેજ સુવા લાગ્યા. પાંડવો દિવસે શિકાર કરવા જતા અને રાત્રે પુરોચનની પાસે સુતા તેથી પુરોચનને અગ્નિ મૂકવાનો લાગ મળતો નહિ. પાંડવો અવિશ્વાસ છતાં પુરોચનને છેતરવાસારૂ વિશ્વાસ દેખાડતા હતા અને એ વાત પેલા વિદુરે

મોકલેલા મિત્ર સિવાય બીજા કોઈના જાણવામાં આવતી ન હતી. એ પ્રમાણે એ ઘરમાં રહેતાં રહેતાં એક વર્ષ વીતી ગયું ત્યારે પાંડવોને પૂર્ણ વિશ્વાસ પામેલા જાણીને પુરોચન મનમાં રાજી થવા લાગ્યો. પુરોચનને ખુશી થતો જોઇને યુધિષ્ઠિરે પોતાના ભાઇઓને કહ્યું કે "આ દુષ્ટ પુરોચન આપણને વિશ્વાસ પામેલા જાણેછે, માટે ઠગાઇ ગયો છે. હવે આપણને ભાગી જવાનો અનુકૂળ વખત આવ્યો છે. આ આયુધોનાં ઘરને સળગાવી દઇ તથા પુરોચનની સાથે બીજાં કોઇ છ માણસોને પણ બાળી દઈ આપણે અહીંથી કોઈ ન જાણે એવી રીતે ભાગી જઇએ." સર્વ ભાઇઓ એકમત થયા અને કુંતીએ રાત્રે બ્રાહ્મણોની સ્ત્રીઓને જમવા તેડી. તેઓ ખાઇ પી દક્ષિણા લઇને પોતપોતાને ઘેર ગઇ. એક પાંચ પુત્રોવાળી ભીલડી પાંચે પુત્રોને સાથે લઇને અન્નની લાલચથી કુંતીપાસે આવી હતી, તે કાળની પ્રેરણાને લીધે ખાઇ પીને તેજ ઘરમાં સુઈ રહી. મધરાતે સર્વ માણસો ઉંઘી ગયાં અને પવન બહુજ ફુંકવા લાગ્યો તે વખતે ભીમસેને પ્રથમ એ ઘરના બારણામાં, અને પછી બીજાં સ્થળોમાં અગ્નિ મૂક્યો. આખું ઘર સળગી ઉઠેલું જોવામાં આવ્યું ત્યારે પાંડવો તુરતજ કુંતીની સાથે ભોંયરાંમાં પેઠા. અગ્નિમાંથી ભારે તાપ અને શબ્દો ઉત્પન્ન થતાં ગામના લોકો જાગી ઉઠયાં અને ત્યાં દોડી આવ્યાં. ઘરને સળગેલું જોઇ લોકો બોલવા લાગ્યા કે "ધૃતરાષ્ટ્રને અને દુર્યોધનને ધિક્કાર છે કે, તેઓએ પાંડવોને દુશ્મન ગણીને આ પ્રમાણે બળાવી નાખ્યા. પુરોચન બળી ગયો તે તો સારૂં થયું." આમ બોલતા તે લોકો આખી રાત તે ઘરને વીંટીને ઉભા રહ્યા.

આ તરફ પાંડવો પોતાની માતા સહિત ભોંયરાંમાંથી ગામબહાર નિકળી જઇ ચાલતા થયા. ભય અને નિદ્રાના ઉપરોધને લીધે ભીમસેનના ભાઇઓ તથા કુંતી ઉતાવળે ચાલી શકતાં નહોતાં, તેમને ભીમે પોતાની ખાંધે ઉપાડી લઇને પવનના વેગથી ચાલવા માંડ્યું. ચાલતાં ચાલતાં સૌ ગંગાને કિનારે પહોંચ્યાં. પ્રથમથીજ કરી રાખેલા સંકેતપ્રમાણે વિદુરે એક માણસને વહાણ લઇને ગંગાજીમાં મોકલી રાખ્યો હતો, તેણે પાંડવોને ગંગાજીનું જળ માપતા દીઠા, એટલે તે માણસે વિદુરની આજ્ઞા પ્રમાણે વહાણ બતાવીને તથા નિશાની આપીને પાંડવોને વહાણમાં બેસાડી સામે કાંઠે ઉતાર્યા.

વારણાવતમાં સવાર પડી ત્યારે લોકો અગ્નિને ઠારીને જુએછે તો, પુરોચનસિવાય બીજાં છ માણસોનાં મુડદાં જોવામાં આવ્યાં તેપરથી તેમણે

પાંડવો તથા કુંતીને પણ બળી ગયેલાં માન્યાં. શોધના મિષથી અગ્નિની રાખને પાવડાવતી ફેરવતાં ફેરવતાં પેલા ભોંયરૂં બનાવનારા તે વિદુરના મિત્રે રાખના જથાથી તે ભોંયરાંનું દ્વાર પૂરી નાખ્યું અને તેની કોઇને ખબર પડવા દીધી નહિ. ગામના લોકોએ માણસ મોકલી આ વાતની હસ્તિનાપુરમાં ખબર મોકલી. ખબર મળતાં ધૃતરાષ્ટ્રે ઘણો ઘણો વિલાપ કર્યો અને સર્વની ઉત્તરક્રિયાઓ કરવાની આજ્ઞા કરી. ક્રિયાઓ કરવામાં આવી. હસ્તિનાપુરની પ્રજા પાંડવોને તથા કુંતીને સંભારી સંભારી બહુ શોક કરવા લાગી. વિદુર તો સઘળું જાણતા હતા તોપણ તેણે લોકોને દેખાડવાવાસ્તે થોડોક શોક કર્યો.

પ્રકરણ ૭ મું.

હિડંબ અને બકાસુર વધ.

ગંગાને કાંઠે ઉતરેલા પાંડવો અંધારામાં નક્ષત્રોને નિરખી અટકળ બાંધી દક્ષિણ દિશામાં આગળ ચાલ્યા. ચાલતાં ચાલતાં એક ઘાટા વનમાં પહોંચ્યા. થાક્યા પાક્યા, તૃષાતુર અને ઉજાગરાથી અકળાએલા ચારે ભાઇઓએ ભીમસેનને કહ્યું કે "અમને માર્ગની ખબર પડતી નથી, અને આ ગહન વનમાં અમારાથી વેગથી ચાલી શકાતું નથી. પાછળથી રખેને કોઇ આવી પહોંચે એવો પણ ભય રહેછે; માટે તું અમને ઉચકીને ઉતાવળો ચાલ તો ઘણું સારૂં. આપણામાં બળવાન તું એકજ છે." આજ્ઞાપ્રમાણે ભીમસેને ભાઇઓ તથા માતાને પોતાની ખાંધપર લીધાં અને વેગથી ચાલવા માંડ્યું. મદોન્મત્ત હાથીની પેઠે દોડતાં તેના સાથળના વેગથી વનમાં વૃક્ષો પણ ત્રુટી પડવા લાગ્યાં અને જાણે આખું વન ઘુમતું હોય એવું જણાવા લાગ્યું. એક રાત્રિ તથા દિવસ વ્યતીત કરીને સાયંકાળે ભીમસેન એક ભયંકર વનમાં પહોંચ્યો. વનમાં ભયંકર પશુઓ દેખાવા લાગ્યાં, પ્રચંડ પવન ફુંકવા લાગ્યો અને સઘળી દિશાઓ અંધકારમય થઇ ગઇ. શ્રમથી અને તૃષાથી પીડાયેલા પાંડવો આગળ ચાલવાને અશક્ત હોવાથી એક ભયંકર પ્રદેશમાં પેઠા. તૃષા-

તુર થયેલી કુંતીએ પુત્રોની વચ્ચે કહ્યું કે "મને તૃષા બહુ લાગી છે." માતાનું વચન સાંભળી દયાને લીધે આ નિર્જલ વનમાંથી સર્વને ઉપાડી ભીમસેન બીજા ભયંકર પ્રદેશમાં ગયો અને ત્યાં એક મોટા વડનીચે સર્વને ઉતારી સારસ પક્ષીઓના શબ્દને અનુસરી પાણીની શોધમાં નીકળી પડયો. બે ગાઉ દૂર જઈ જલાશયને શોધી કહાડી તેમાં પોતે સ્નાનપાન કર્યું અને એક જાડા વસ્ત્રમાં ભાઇઓ તથા માતાને વાસ્તે પાણી લઈ ઉતાવળો પાછો આવી પહોંચ્યો. દૂરથી આવતાં કેટલોક વખત વીતવાથી ઝાડતળે જમીનપર ભાઇઓ તથા માતાને પરિશ્રમ પડવાથી નિદ્રાવશ થયેલાં દીઠાં. આ વખતે પોતાની આ દશાનો વિચાર કરી ભીમસેને કેટલોક પરિતાપ કર્યો કે "વસુદેવની બેહેન અને પાંડુરાજાની પત્ની કુંતીને આજ આવા ભયંકર વનમાં ભોંયપર સુવાનો વખત આવ્યો! ઇંદ્રજેવા પરાક્રમી પાંડવો અનાથની પેડે આવી અવદશાને પ્રાપ્ત થયા! આથી વિશેષ બીજું કષ્ટ કયું હોય? કાંતો ભાયાતોજ ન હોય અથવા જેને સારા ભાયાતો હોય તેજ જગતમાં સુખી રહેછે. હું શું કરૂં! જો યુધિષ્ઠિર આજ્ઞા આપે તો હમણાજ એ દુષ્ટ લોકોને મારી નાખું. અહીંથી ગામ ઘણું દૂર ન હોય એમ જણાયછે માટે જાગ્રત રહેવું જોઇએ. તેને બદલે આ સુઈ ગયાં છે, પણ થાકને લીધે સુતેલાં છે માટે તેને જગાડવાં નહિ. હું એકલો જાગું અને તેઓ જાગશે ત્યારે પાણી પીશે."

આમ વિચાર કરી ભીમસેન જાગતો બેઠો હતો એટલામાં એ વનથી થોડે છેટે ઝાડઉપર બેઠેલા એક હિડંબ નામના રાક્ષસને તેઓનો ગંધ આવ્યો. આટલામાં કોઇ માણસ છે એમ ધારી મનુષ્યનો આહાર કરવાની મમતાવાળા તે ક્રૂર રાક્ષસે ત્યાં જઈ તપાસ કરવાની અને કોઇ મનુષ્ય હોય તો તેને મારીને લાવી આપવાની પોતાની હિડંબા નામની બેહેનને આજ્ઞા કરી. પાંડવો જે સ્થળમાં હતા તે સ્થળમાં હિડંબા આવીને જુએછે તો, તેણે પાંચ માણસોને સુતેલાં દીઠાં અને એકને જાગતો દીઠો. ભીમસેનનું રૂપ અને કદ જોઈ કામાતુર થયેલી હિડંબાએ વિચાર કર્યો કે "આ માણસ મારો પતિ થવા યોગ્ય છે. આ લોકોને મારી નાખવાથી મારા ભાઇને તથા મને ક્ષણિક તૃપ્તિ થાય તેના કરતાં તેને પતિ કરી જીવિતપર્યંત તેના સમાગમનું સુખ લેવું એ વધારે ઉચિત છે." આવો વિચાર કરી હિડંબાએ એક સુંદર સ્ત્રીનું રૂપ ધારણ કર્યું અને ધીમે પગલે ભીમસેનપાસે આવી લજાતી લજાતી હસતે મોઢે બોલી કે "તું અહીં ક્યાંથી આવ્યો છે? અને કોણ છે? આ સુતેલા ચાર

પુરૂષો અને પાંચમી સ્ત્રી છે તે કોણ છે? તે કહે. આ વનમાં હિડંબ નામનો રાક્ષસ રહેછે તેને તું જાણતો નથી કે શું? તે રાક્ષસ મારો ભાઇ છે તેણે તમોને મારવા સારૂ મને મોકલેલ છે. પણ હું તારૂં રૂપ જોઇ તારાપર પ્રીતિ ધરાવું-છું અને તેથી તને મારવા ધારતી નથી. હું અત્યંત કામાતુર થઈ છું. મારો સ્વીકાર કર. હું તારો બચાવ કરીશ. આપણે અહીંથી ચાલો. પર્વતોમાં જઇએ અને ત્યાં મોજમજાહ કરીએ. હું અંતરિક્ષમાં ચાલવાની શક્તિ ધરાવુંછું અને જ્યાં ઇચ્છા હોય ત્યાં જઇ શકુંછું." હિડંબાનાં વચન સાંભળી ભીમસેન બોલ્યો કે "નિદ્રાવશ થયેલ માતાને તથા ભાઇઓને રાક્ષસના મોઢામાં મૂકી કામક્રીડાના સુખમાટે ચાલ્યા જવું એ સમજુ અને સમર્થ માણસનું કામ નથી. મારાથી એવું ક્રૂર કામ કદી બનવાનું નથી." હિડંબા બોલી કે "તું જેમ પ્રસન્ન થાય તેમ કરી આપું. તે સર્વને જગાડ એટલે તમોને હિડંબના ત્રાસથી મુક્ત કરૂં." ભીમસેન બોલ્યો કે "રાક્ષસી! આ મારા ભાઇઓ અને માતા ઉંઘી ગયેલાં છે તેમને તારા ભાઈની બીકથી હું જગાડવાનો નથી. રાક્ષસો, મનુષ્યો, ગંધર્વો કે યક્ષો કોઈ પણ મને જીતવાને સમર્થ નથી તો તારો ભાઈ શું લેખામાં? તારી જેમ ઇચ્છા હોય તેમ કર અથવા તારા ભાઇને અહીં મોકલ."

પેલો હિડંબ રાક્ષસ હિડંબાને વધારે વખત થએલો જાણી ક્રોધથી લાલચોળ આંખે ઝાડઉપરથી ઉતરી ત્યાં આવ્યો. હિડંબને આવતો જોઈ હિડંબાએ ભીમસેનને કહ્યું કે "આ આવેછે તે દુષ્ટ હિડંબ છે, માટે તું તારા ભાઇઓને તથા તારી માને જાગ્રત કર એટલે હું સર્વને મારા શરીરપર બેસાડી અહીંથી આકાશમાં લઈ જાઉં." ભીમસેન બોલ્યો કે "તારે બીવું નહિ. હું તારા ભાઇને મારવા સમર્થ છું." ભીમસેનનું બોલવું સાંભળીને તથા હિડંબાને સુંદર સ્ત્રીના સ્વરૂપમાં ઉભેલી જોઇને હિડંબે ડોળા ચડાવ્યા અને પોતાની બેહેનને કહ્યું કે "તેં સઘળા રાક્ષસોના કુળમાથે કલંક લગાડ્યું. તને ધિક્કાર છે. હવે હું આ સઘળાને તેમ તને પણ હમણાંજ મારી નાખુંછું." એમ બોલી હિડંબે ધસારો કર્યો. ભીમસેને તેને એકદમ બાથમાં લીધો. બન્ને બાથમબાથાં આવી ગયા. બન્નેના પગના ધમાકાથી કુંતી તથા પાંડવો જાગી ઉઠ્યાં. કુંતીએ પોતાની પાસે ઉભેલા સ્વરૂપવાન સ્ત્રી જોઇને તેને પૂછયું કે "તું કોણ છે અને અહીં શામાટે આવી છે?" હિડંબાએ સર્વ હકીકત ઉંઘમાંથી ઉઠેલાંને કહી સંભળાવી અને તેથી સર્વ ચમકી ઉઠ્યાં.

અર્જુને ભીમસેનને કહ્યું કે "ભીમસેન ! પાછો હઠતો નહિ. તારી સહાયતા કરવા હું તૈયાર છું." ભીમસેન બોલ્યો કે "અર્જુન ! તું જોયા કર. મારી બાથમાં આવેલો આ રાક્ષસ કદી બચવાનો નથી." અર્જુને કહ્યું કે "ત્યારે હવે તરત તેને મારી નાખવો જોઇએ, કારણ કે આપણે અહીંથી વગર વિલંબે જવાનું છે." પછી ભીમસેને હિડંબને બે હાથવતી ઉંચે ફેરવી ધરતીપર પછાડી યમદ્વારમાં પહોંચાડયો. હિડંબને મૃત્યુ પામેલો જોઈ પાંડવો તથા કુંતી બહુ રાજી થયાં અને દુર્યોધનની બીકને લીધે બમણા વેગથી ચાલતાં થયાં. હિડંબાએ તેની સાથે ચાલવા માંડયું ત્યારે ભીમસેને તેને કહ્યું કે "રાક્ષસની જાતિ વૈરને વિસરતી નથી, માટે તને પણ તારા ભાઇપાસે મોકલી દઉંછું." યુધિષ્ઠિરે સ્ત્રીહત્યા કરતાં ભીમસેનને વાર્યો અને કહ્યું કે "શરીરસંરક્ષણ કરવા કરતાં ધર્મનું રક્ષણ કરવાનું ફળ અધિક છે. હિડંબને તેં માર્યો તો તેની બેહેન તને શું કરી શકવાની છે?" હિડંબાએ કુંતીતરફ હાથ જોડી પ્રાર્થના કરી કે "હું કામથી પીડિત છું અને તમારા પુત્ર ભીમસેનઉપર પ્રીતિવાળી થઇ છું. બાઇજી ! મારાપર મેહેર લાવી ભીમસેનની સાથે મારો સંબંધ સાંધી આપો. હું ભીમસેનને અનેક પ્રદેશોમાં તેડી જઈ રાજી કરીશ અને પાછો તમારી પાસે લાવી આપીશ. મારો વિશ્વાસ રાખો. જ્યારે જ્યારે મને સંભારશો ત્યારે ત્યારે હું હાજર થઈ તમોને સંકટમાંથી કાઢીશ અને જરૂર પડશે ત્યારે હું તમો સઘળાંને મારી પીઠપર બેસાડી વેગથી જ્યાં કહેશો ત્યાં પહોંચાડીશ. ભીમસેનને આજ્ઞા કરો. રાંકનું રક્ષણ કરવામાં મોટો ધર્મ છે." કુંતી બોલ્યાં કે "હિડંબા ! ભીમસેન પ્રાતઃકાળમાં નહાય તે પછી તારે તેને મરજીમાં આવે ત્યાં તેડી જવો અને સૂર્યાસ્ત પહેલાં પાછો મારી પાસે હાજર કરવો. આટલું કબુલ કરે તો ભલે ભીમસેનસાથે સંબંધ બાંધી વિહાર કર." કુંતીની આ પ્રમાણે આજ્ઞા થતાં ભીમસેને હિડંબાને કહ્યું કે "તને દીકરો થશે ત્યાં સૂધી હું તારી પાસે આવવાનો નિત્ય નિયમ રાખીશ." હિડંબાએ હા પાડી અને ભીમસેનને ઉપાડી આકાશનો માર્ગ લીધો. વસ્ત્રાલંકારવડે સુંદર સ્વરૂપ ધારણ કરનારી હિડંબા પર્વતોમાં, દેવોને વિહાર કરવાનાં સ્થળોમાં, સુંદર સરોવરોમાં, નિર્મળ નદીઓમાં, વિચિત્ર વનોમાં અને સમુદ્રના સુશોભિત પ્રદેશોમાં ભીમસેનને સાથે રાખીને મનગમતા વિહાર કરવા અને ઠરાવપ્રમાણે સૂર્યાસ્તને વખતે તેને પાછો સોંપવા આવવા લાગી. કેટલેક દિવસે હિડંબાને ગર્ભ રહ્યો. બાઠ મોટી કાયાવાળો, મોટી માયા કરી જાણનારો અને બળવાળો પુત્ર પ્રસવ્યો. બાલ્યા-

વસ્થામાંજ યૌવનને પામેલો તથા સઘળા પ્રકારની અસ્ત્રવિદ્યામાં પ્રવીણ થએલો એ પુત્ર, પિતા ભીમસેન અને માતા હિડંબાને પગે પડ્યો. આનો ઘડો (માથું) કચ (વાળ) વગરનો છે એમ હિડંબા બોલી તે પરથી તે પુત્રને સૌ ઘટોત્કચ કહેવા લાગ્યાં. ઘટોત્કચ પાંડવોના ઉપર અતિ પ્યાર રાખવા લાગ્યો અને પાંડવો પણ તેને પોતાના પ્રાણ સમાન ગણવા લાગ્યા. ઠરાવ-પ્રમાણે સમય પૂરો થતાં હિડંબા ભીમસેનની રજા લઇને મનગમતા સ્થળમાં ચાલી ગઇ. ઘટોત્કચે પાંડવોને તથા કુંતીને પગે લાગીને કહ્યું કે " હું તમારૂં શું કામ કરી આપું ? તમો નિઃશંકપણે કહો. " કુંતીએ કહ્યું કે " તું પાંચે પાંડવોનો મોટો પુત્ર છે માટે પાંડવોની સહાયતા કરજે. " ઘટોત્કચ બોલ્યો કે " મારામાં રાવણ તથા તેના પુત્ર ઇંદ્રજિતના જેવું પરાક્રમ છે, માટે કામ પડે ત્યારે મારૂં સ્મરણ કરવું, હું તુરત આવી પહોંચીશ. " એમ આજ્ઞા લઇને ઘટોત્કચ ઉત્તર દિશામાં ચાલતો થયો.

પછી પાંડવો કુંતીસહિત અનેક વનઉપવનમાં ફર્યા અને મૃગોને મારી નિર્વાહ ચલાવવા લાગ્યા. પાંચે ભાઇઓએ જટાઓ, વલ્કલો તથા મૃગચર્મો ધારણ કરી તપસ્વીઓના જેવો વેષ ધારણ કર્યો. કુંતીએ પણ તેને અનુકૂળ વેષ લીધો. વેદ વેદાંગોનું અધ્યયન કરતા કરતા એ પાંડવો મત્સ્ય, ત્રિગર્ત્ત, પાંચાલ તથા કીચક ઇત્યાદિ દેશો મૂકીને બહુ દૂર ગયા. ત્યાં માર્ગમાં તેમને વેદવ્યાસનો સમાગમ થયો. કુંતી અને તેના પુત્રો વ્યાસને પ્રણામ કરી ઉભા રહ્યા. વ્યાસે કહ્યું કે, " તમને જે સંકટ પડ્યું છે તે પ્રથમથીજ મારા જાણ-વામાં છે. હું તમારૂં હિત કરવા માટેજ તમોને અહીં મળ્યો છું. તમારે મુંઝાવું નહિ. આ બધાં સંકટનું પરિણામ તમને સુખદાયી થશે. તમે અને કૌરવો મને સરખે સંબંધે છો, તોપણ તમારી લાયકી અને નમ્રતાને લીધે તમારાપર મને અધિક સ્નેહ છે. અહીંથી નજીક એકચક્ર નામની નગરી છે, તેમાં તમે ગુપ્ત રીતે રહેજો અને મારા આવવાની વાટ જોજો. કુંતિ ! તારો પુત્ર યુધિષ્ઠિર ભાઇઓના બળથી સઘળી પૃથ્વી જીતીને ચક્રવર્ત્તી રાજ્ય કરશે. " એટલો દિલાસો દઇને તથા તેમને એકચક્રનગરીમાં એક બ્રાહ્મણને ઘેર રાખી એક મહિના પછી પાછો આવીશ એમ કહીને વ્યાસ ત્યાંથી ગયા. એકચક્ર-નગરીમાં પાંડવો નિત્ય ભિક્ષા માગી ગુજરાન ચલાવતા હતા. તેઓ ત્યાંના લોકોમાં માનીતા થઈ પડ્યા. ભિક્ષામાંથી જે અન્ન તેઓ લાવતા હતા તેમાંથી કુંતી અર્ધ અન્ન એકલા ભીમસેનને આપી બાકીના અર્ધમાંથી ચાર ભાઇઓ-

ને વહેંચી આપતી હતી. એક દિવસે ચારે ભાઇઓ ભિક્ષા માગવા ગયા હતા, અને ભીમસેન તથા કુંતી ઘરમાં હતાં તેવામાં જે બ્રાહ્મણના ઘરમાં તેઓ રહ્યાં હતાં તેમાં રોવાનો શબ્દ તેમના સાંભળવામાં આવ્યો. પરદુઃખથી દુઃખી થનારી કુંતીએ દયાને લીધે એ બ્રાહ્મણની સહાયતા કરવા ભીમસેનને કહ્યું. બ્રાહ્મણે પાંડવોને સારી રીતે રાખ્યા હતા તેનો બદલો વાળવાનો આ અનુકૂળ વખત તેમણે વિચાર્યો. સારાં માણસનો ધર્મ છે કે ઉપકાર કરે તેનો વિશેષ ઉપકાર કરવો. કુંતી રોવાનાં કારણનો તપાસ કરવા બ્રાહ્મણના ઘરમાં ગઈ. ત્યાં એ બ્રાહ્મણ, તેનો દીકરો, દીકરી અને સ્ત્રી ચારે જણાં ઘણું રૂદન કરતાં હતાં. કુંતીએ તેમને પૂછ્યું કે, " તમને આવડું શું દુઃખ આવી પડ્યુ છે તે જણાવો. મારા પુત્રોનો કાંઇ ઉપાય ચાલશે તો તેઓ તમારૂં દુઃખ ટાળશે. " બ્રાહ્મણે જવાબ દીધો કે "અમારૂં દુઃખ કોઈથી ટાળ્યું ટળે એવું નથી. આ શહેરની સમીપમાં એક બક નામનો મહા બલવાન રાક્ષસ રહેછે તેને ચાર હજાર અને છન્નું તોલાં ભાર ભાત, એક પાડો અને એક માણસ નિત્ય ખાવાને વાસ્તે આ શહેરમાંથી આપવાં પડેછે. આ પ્રમાણે તેને ખાવા આપવા માટે શહેરમાં ઘર દીઠ વારા ઠરાવ્યા છે. આજ અમારા ઘરનો વારો આવ્યો છે. પૈસા આપી અમારી વતી બીજા માણસને મોકલવાની અમારી શક્તિ નથી. અમારામાંથી એકને ત્યાં જવું પડે એમ છે. હું કહુંછું કે હું જાઉં, મારી સ્ત્રી કહેછે કે હું જાઉં, દીકરો કહેછે કે હું જાઉં અને દીકરી કહેછે કે હું જાઉં. પરસ્પરના સ્નેહને લીધે આવો વાદ થઈ પડયો છે, માટે અમે ચારે જણાંએ રાક્ષસનો ભોગ થઈ પડવાનો નિશ્ચય કીધો છે. અમારાં કુટુંબનો નાશ થવાનો વખત આવ્યો વિચારી વિલાપ કરીએ છીએ. આ નગરીનો રાજા અહીંથી દૂર રહેછે અને રાક્ષસનો કાંઈ ઉપાય કરતો નથી. " કુંતીએ કહ્યું કે " તમે આ બાબતમાં જરા પણ ખેદ કરો નહિ. તમારે કોઇએ જવું નહિ. તમારે એકજ પુત્ર અને પુત્રી છે તથા મારે તો પાંચ પુત્રો છે. માટે તેમાંથી એક તમારી વતી ત્યાં જશે. " બ્રાહ્મણ બોલ્યો કે " મારે વાસ્તે બ્રાહ્મણનાં અને તેમાં વળી મહેમાનનાં પ્રાણ ખોવરાવવાનું કામ મારાથી બનેજ નહિ. બ્રહ્મહત્યા કરતાં આત્મહત્યા સારી છે. ખરૂં જેતાં આમાં આત્મહત્યા પણ ગણાય નહિ. આશ્રયમાં આવીને રહેલાને મરાવવો એ મોટા પાપનું કામ છે. " કુંતી બોલી કે " સો સો પુત્રોવાળી માનેઃપણ એકે દીકરા ઉપર અરૂચિ થાય નહિ, તો મારે તો માત્ર પાંચ પુત્રો છે પણ બ્રાહ્મ-

ણનું રક્ષણ કરવું એ પુત્રરક્ષણકરતાં પણ અધિક છે. વળી મારો પુત્ર બલવાન છે અને મંત્રવિદ્યા જાણેછે તેથી રાક્ષસને સઘળું અન્ન પહોંચાડી પોતે છુટી આવશે એમ મને ખાત્રી છે. મારા પુત્રે ઘણા બલવાન રાક્ષસો જોયા છે અને માર્યા પણ છે. આ વાત તમારે કોઇને કહેવી નહિ. આ વાતની લોકોને ખબર પડે તો તેઓ એવા ચમત્કાર દેખાડવામાટે મારા પુત્રોને સંતાપે." કુંતીની વાત સાંભળી બ્રાહ્મણનું કુટુંબ બહુ રાજી થયું. કુંતીએ ભીમસેનને બક રાક્ષસને ભક્ષ્ય આપવા જવાની આજ્ઞા કરી અને ભીમસેને જવા હા પાડી.

આ વખતે પાંડવો ભિક્ષા માગીને ઘેર આવ્યા અને ઉપલી વાત યુધિષ્ઠિરના જાણવામાં આવતાં તેણે માને કહ્યું કે "તમે આવું સાહસ કેમ માથે લીધું? બીજાને વાસ્તે પોતાના પુત્રનો ત્યાગ કરવો એ યોગ્ય નથી. જે ભીમસેનને લીધે દુર્યોધનાદિ શત્રુઓને રાત્રે નિદ્રા પણ આવતી નથી અને જેની સહાયતાથી અમો રાજ્ય પુનઃ પ્રાપ્ત કરવાની આશા રાખીએ છીએ, તેનો ત્યાગ કરવાનું તમને કેમ સુજ્યું?" કુંતીએ કહ્યું કે "મેં વિચારીનેજ વાત ઉપાડી છે, તમારે મુંઝાવું નહિ. ભીમમાં દશહજાર હાથીનું જોર છે. વારણાવતમાંથી એકલો ભીમ આપણ બધાંને માથે ઉપાડી ચાલ્યો હતો અને હિડંબને પણ માર્યો એ બધું તેનું પરાક્રમ તમે પણ જાણોછો. આ બ્રાહ્મણે આપણને પોતાના ઘરમાં રાખ્યાં તેનો બદલો પણ આપણે વાળવો જોઇએ." માતાનાં વચન સાંભળી યુધિષ્ઠિરે કહ્યું કે "મા! બ્રાહ્મણની દયાને લીધે તમે જે વિચાર ગોઠવ્યો છે તે યોગ્ય છે. ભીમ જરૂર રાક્ષસને મારીને આવશે પરંતુ આ વાતની ગામમાં કોઇને ખબર ન પડે એવી બોલી બ્રાહ્મણ સાથે કરજો."

પ્રભાત થતાં ભીમસેન ભાત તથા પાડા લઈ ભાત ખાતો ખાતોજ રાક્ષસવાળા વનમાં ચાલ્યો. વનમાં જઇ રાક્ષસને હાક મારી બોલાવ્યો. હાક સાંભળી ક્રોધ પામેલો મહાક્રૂર બક રાક્ષસ ત્યાં આવ્યો અને ભીમને કહ્યું કે "અરે! મારા દેખતાં છતાં તું મારા માટે આણેલ અન્ન કેમ ખાઈ જાયછે!" રાક્ષસના બોલવાને નહિ ગણકારતાં ભીમ તો ઉંધું માથું ઘાલીને ખાધાજ કરતો હતો. રાક્ષસે ભીમના વાંસામાં થપ્પડ મારી તોપણ ભીમે ખાવું છોડ્યું નહિ અને આડી આંખે તેની સામે જોયા કર્યું. રાક્ષસ ઝાડ ઉપાડીને મારવા આવ્યો એટલે ભીમ પાણી પી લંઇ તાજો થઇને સામો ઉઠયો. રાક્ષસે ફેંકેલ ઝાડને ભીમે ડાબા હાથથી પકડીને ભાંગી નાખ્યું. પછી ભીમને અને રાક્ષસને

વૃક્ષોથી યુદ્ધ ચાલ્યું; જેથી આખું વન વૃક્ષોવગરનું થઈ ગયું. પછી બન્ને જણા બાથેબાથ આવી ગયા. રાક્ષસનું બળ ઓછું થયેલું જાણી ભીમસેને તેને ધરતીપર ભીંસી પીઠપર ગોઠણ મૂકી ડોક મરડી મારી નાખ્યો; અને તે રાક્ષસનાં મુડદાંને ઢસરડીને નગરના દરવાજા આગળ લાવી નાખ્યું અને કોઈ ન જાણે એવી રીતે બ્રાહ્મણને ઘેર પહોંચ્યો. પ્રભાતમાં નગરના લોકો બહાર નીકળી જુએછે તો પહાડ જેવું ઉંચું મુડદું તેમના જોવામાં આવતાં તેઓ વિસ્મય પામ્યાં. જેના ઘરનો વારો હતો તે બ્રાહ્મણને પૂછતાં તેણે કહ્યું કે "મારા ઘરનો વારો હોવાથી હું રોતો હતો તે સાંભળી કોઇ મંત્રવેત્તા સિદ્ધ બ્રાહ્મણે આવી મને કહ્યું કે "આ દુરાત્મા રાક્ષસને હું અન્ન પહોંચાડીશ, તારે ખેદ કરવો નહિ. એટલું કહી તે અન્ન લઇ બકાસુરના વનમાં ગયો હતો; તેથી હું ધારૂંછું કે તેણે લોકોના ઉપકારને વાસ્તે આ કામ કર્યું હશે." વિસ્મય પામેલા લોકો રાજી થઇને ઘેર ગયા.

પાંડવો બ્રાહ્મણને ઘેર રહ્યા છે. ત્યાં એક દિવસ કોઇ પરદેશી બ્રાહ્મણ રાતનો ઉતારો કરવા સારૂ તે બ્રાહ્મણને ઘેર આવ્યો. બ્રાહ્મણે તેનું સન્માન કરી પાંડવોના ઉતારામાંજ ઉતારો આપ્યો. ભોજન કર્યા પછી કુંતીસહિત પાંચે પાંડવો પરદેશી બ્રાહ્મણની પાસે બેઠા. પરસ્પર વાત કરવાનો પ્રસંગ ચાલતાં બ્રાહ્મણે પાંચાલ દેશના દ્રુપદરાજાની કુંવરી દ્રૌપદીના સ્વયંવરના સમાચાર કહ્યા.

પ્રકરણ ૮ મું.

દ્રૌપદી સ્વયંવર.

પાંચાલ દેશના દ્રુપદ રાજાએ પોતાના વૈરી દ્રોણાચાર્યને મારવા સારૂ યાજ નામના એક મુનિને ગુરૂ સ્થાપીને યજ્ઞ કર્યો. યજ્ઞના અગ્નિમાંથી ધૃષ્ટદ્યુમ્ન નામનો એક અદ્દ્ભુત કુંવર અને દ્રૌપદી નામની એક રૂપાળી કન્યા, એ બે સંતાન ઉત્પન્ન થયાં. ઉત્પન્ન થતાં આકાશવાણી થઇ કે "આ કુંવર દ્રોણાચાર્યને મારશે અને આ દ્રૌપદીના કારણથી સર્વ કૌરવોનો ક્ષય થશે." ધૃષ્ટદ્યુમ્ન અસ્ત્રવિદ્યાનો અભ્યાસ કરવાસારૂ હસ્તિનાપુરમાં દ્રોણાચાર્યની પાસે ગયો. દ્રોણાચાર્યે પોતાની પ્રખ્યાતિ વધારવાસારૂ અને પોતે લઇ લીધેલ દ્રુપદના અરધા રાજ્યનો બદલો વાળી આપવાસારૂ પોતાના શત્રુનો પુત્ર છતાં તેને અસ્ત્રવિદ્યા ભણાવી. હવે દ્રૌપદી ઉમ્મર લાયક થતાં દ્રુપદે તેના સ્વયંવરની તૈયારી કરી. દેશોદેશના રાજવંશીઓ અને ઋષિઓને તેડાવ્યા. દ્રૌપદીના સ્વયંવરની વાત એકચક્રમાં પાંડવોના જાણવામાં આવતા તેઓ તે સ્વયંવરમાં જવા ઉત્કંઠિત થયા. એવા સમયમાં વેદવ્યાસ આપેલ વચન પ્રમાણે પાંડવો પાસે આવ્યા. પાંડવોએ ગુપ્ત રીતે તેઓની પૂજા કરી. વ્યાસે

તેઓની કુશળતા પૂછી કહ્યું કે "પૂર્વે તપોવનમાં એક અત્યંત રૂપાળી ઋષિકન્યા હતી. કર્મયોગે તેને કોઈ પતિ ન મળતાં તેણે પતિને વાસ્તે ઉગ્ર તપ કર્યું અને મહાદેવને પ્રસન્ન કર્યા. પ્રસન્ન થએલા મહાદેવે પ્રત્યક્ષ દર્શન દીધું અને વર માગવાની આજ્ઞા મળતાં તેણીએ સર્વ સદ્ગુણસંપન્ન પતિની ઉપરાઉપર પાંચવાર માગણી કરી. મહાદેવે કહ્યું કે "તેં પાંચ વખત પતિ માગ્યો માટે તારા પાંચ પતિ થશે." કન્યા બોલી કે "મારે એક પતિની ઈચ્છા છે." ત્યારે મહાદેવે કહ્યું કે "બીજા જન્મમાં તારા પાંચ પતિ થશે." આ પ્રમાણે દ્રૌપદીનું પૂર્વ વૃત્તાંત કહી વ્યાસે પાંડવોને કહ્યું કે "હે પાંડવો! એ કન્યા દ્રુપદ રાજાને ઘેર અગ્નિમાંથી ઉત્પન્ન થઈ છે, અને તે તમારી સ્ત્રી થશે એવું ભવિષ્યનું નિર્માણ છે, માટે તમે દ્રુપદ રાજાના દરબારમાં જાઓ. એ સર્વોત્તમ કન્યાને પરણી તમે સુખી થશો એમાં સંશય નથી." એટલું કહી વેદવ્યાસે રજા લીધી અને પાંડવો પોતાને ઘરમાં રાખનાર બ્રાહ્મણની રજા લઈ એકચક્રનગરમાંથી ચાલતા થયા. ગંગાજીને કિનારે આવી સાયંકાળે અંધારૂં થતાં પ્રકાશને માટે અર્જુન હાથમાં બળતું લાકડું લઇ આગળ ચાલ્યો. તે વખત ગંગાના જળમાં ચિત્રરથ નામનો એક ગંધર્વ સ્ત્રીઓનીસાથે ક્રીડા કરતો હતો તેણે, પાંડવોને બોલીપરથી ઓળખ્યા અને ક્રોધ કરી તેમને મારવા તૈયાર થયો અને પાંડવો ઉપર બાણો ફેંક્યાં; તેથી અર્જુને આગ્નેયાસ્ત્રનો ઉપયોગ કરી ચિત્રરથના રથને બાળી નાખી તેને પકડી લીધો. ચિત્રરથની સ્ત્રીએ પતિને છૂટો કરવા યુધિષ્ઠિર પાસે આવી પ્રાર્થના કરી તેપરથી યુધિષ્ઠિરે ચિત્રરથને છોડી દેવા અર્જુનને આજ્ઞા કરતાં અર્જુને ચિત્રરથને કહ્યું કે "મહારાજ યુધિષ્ઠિર તને અભયદાન આપેછે માટે હું તને છોડી દઉંછું." ચિત્રરથ બોલ્યો કે "હું તમને ગંધર્વ લોકની માયા આપીશ. એ માયાના પ્રભાવથી તમે તમારી ઇચ્છા પ્રમાણે પદાર્થોને જોઇ શકશો. પણ છ માસ સુધી એક પગે ઉભા રહેશો ત્યારે તે માયા તમને મળી શકશે. આ સિવાય તમો દરેક ભાઇઓને જેનો વેગ કદીપણ ક્ષીણ થતો નથી. એવા દેવલોકના સો સો ઘોડા આપીશ" અર્જુને કહ્યું કે "જીવિતદાન આપીને તેનો બદલો લેવો એ મને ગમતી વાત નથી; માટે મારી પાસેથી બીજું કાંઈક લઇને અમને માયા આદિ જે આપવું હોય તે આપ." ગંધર્વ બોલ્યો કે "હું તમારી પાસેથી અગ્નિનું અસ્ત્ર લઇશ અને તેને બદલે તમોને માયા આદિ આપીશ. તમારા સારાસારૂ એક બીજી ભલામણ કરૂંછું કે, જેઓનીપાસે શાંતિકર્મ કરનારો

પુરોહિત હોતો નથી તેઓને ભૂત, પ્રેત તથા ગંધર્વ આદિની નડતર થાયછે; માટે તમો તમારી સાથે એક પુરોહિત રાખો. તમારી ઇચ્છા હોય તો આ ઉત્કોચક નામના તીર્થમાં દેવલમુનિના નાના ભાઇ ધૌમ્યમુનિ તપ કરેછે, તેમને પુરોહિત કરો." અર્જુને તે વાતનો સ્વીકાર કરી ચિત્રરથને અગ્નિના અસ્ત્રનો ઉપદેશ કર્યો અને કહ્યું કે " ઘોડાવગેરે હમણાં તમારી પાસેજ રાખો. કામ પડશે ત્યારે લેશું." આ પ્રમાણે કહી પાંડવો ત્યાંથી આગળ ચાલી ઉત્કોચક તીર્થમાં આવ્યા અને ધૌમ્યમુનિને પુરોહિત થવાની પ્રાર્થના કરી. ધૌમ્યમુનિએ હા પાડતાં સ્વસ્તિવાચન કરાવી તેમને સાથે લઇ પાંડવો કુંતીસહિત દ્રુપદની રાજધાનીતરફ ચાલ્યા. માર્ગમાં સ્વયંવર જોવા જનારા કેટલાક બ્રાહ્મણોએ તેમને ક્યાંથી આવોછો ? ક્યાં જાઓછો ? વગેરે પૂછેલા પ્રશ્નોના પાંડવોએ ઉત્તર આપ્યા કે "અમે એકચક્ર નગરથી આવીએ છીએ અને દ્રુપદરાજાની પુત્રીનો સ્વયંવર જોવા જઇએ છીએ." બ્રાહ્મણો બોલ્યા કે "ચાલો આજેજ આપણે દ્રુપદરાજાની રાજધાનીમાં પહોંચશું. ત્યાં અદ્ભુત સ્વયંવરનો સમારંભ થયો છે. જેના શરીરનો સુગંધ એક ગાઉથી આવેછે એવી દ્રુપદ રાજાની કન્યા દ્રૌપદી અને કવચ તથા ખડ્ગ સહિત અગ્નિમાંથી ઉત્પન્ન થયેલ દ્રુપદના પુત્ર ધૃષ્ટદ્યુમ્નને જોઇશું. ત્યાં આપણને ઘણાં દાન દક્ષિણા મળશે; અને વળી દેશોદેશથી આવેલા રાજાઓ બ્રાહ્મણોને જમાડશે. તમો પાંચ જણા રૂપાળા છો તેથી તમારામાંથી એકને કદાચ દ્રૌપદી વરે તો વરે. આ તમારો એક ભાઇ મોટા હાથવાળો અને બહુ ભાગ્યશાળી જણાયછે." એમ બોલતા બોલતા તે બ્રાહ્મણો તથા પાંડવો દ્રુપદ રાજાના નગરમાં પહોંચ્યા. પાંડવોએ એક કુંભારને ઘેર ઉતારો કર્યો; અને ગામમાંથી ભિક્ષા માગી લાવીને ભોજન કર્યું. આ પ્રમાણે ભિક્ષુક બ્રાહ્મણોના વેષમાં ફરતા પાંડવોને કોઇએ ઓળખ્યા નહિ. કયાંયથી અર્જુન આવી ચડે તો તેને કન્યા દેવા દ્રુપદના મનનો વિચાર હતો. પણ તે વિચાર કોઇને જાહેર કરતો નહોતો. અર્જુનને શોધી કાઢવા વાસ્તેજ દ્રુપદ રાજાએ કોઇથી પણ ન નમાવી શકાય એવું જબરૂં ધનુષ તૈયાર કરાવ્યું હતું અને આકાશમાં ભ્રમણ કરતા યંત્રની ઉપર નિશાન રાખ્યું હતું. દ્રુપદરાજાએ સ્વયંવરની જાહેરખબરમાં સર્વત્ર જાહેર કર્યું હતું કે "અમે તૈયાર કરાવી રાખેલ ધનુષમાં દોરી ચડાવી અમારાં આપેલાં પાંચ બાણોને એકી વખતે ફેંકી ભ્રમણ કરતા યંત્રના છિદ્રોમાંનાં એક છિદ્રમાંથી આરપાર કહાડીને યંત્રની ઉપર રાખેલ નિશાનને જે

કોઈ વીંધશે તેને મારી કન્યા વરશે." આવી જાહેરખબરઉપરથી દુર્યોધન, કર્ણ, શિશુપાળ, જરાસંધ આદિ અનેક રાજાઓ અને રાજકુમારો આ સ્વયંવરમાં આવ્યા હતા. આ સિવાય ઘણા બ્રાહ્મણો તથા ઈતર લોકો પણ જોવાસારૂ, જમવાસારૂ તથા દાનદક્ષિણા લેવાસારૂ આવ્યા હતા. દ્રુપદ રાજાએ સ્વયંવરની બેઠકને માટે નગરબહાર એક મોટો મંડપ તૈયાર કરાવ્યો હતો. તેમાં રસ્તા, ઉલેચો અને તોરણો તૈયાર કરાવી મોટી શોભા કરી હતી અને ચંદનના જળના છંટકાવ કર્યા હતા. એ મંડપમાં પુષ્પના હારો અને ધૂપની ધમધમાટી થઇ રહી હતી. કૈલાસ પર્વતના શિખરજેવા આ મંડપના ઉંચા અને ધોળા મેહેલો વાદિત્રોથી ગાજી રહ્યા હતા. અગાઉથી કરેલી ગોઠવણપ્રમાણે સર્વ રાજાઓ અને રાજકુમારો હમેશાં પોતપોતાની બેઠકપર બેસતા હતા. જોવા આવેલા અન્ય લોકોને ઉતરતી બેઠકપર બેસાડવામાં આવતા હતા; તેઓ દ્રુપદ રાજાની સમૃદ્ધિ જોઇને આશ્ચર્ય પામતા હતા. સભામાં નાચ, ગાયન અને બીજા તમાસાઓની ધૂમ મચી રહી હતી; બ્રાહ્મણો તથા ગરીબ લોકોને ઘણું ધન તથા વસ્ત્રો આપવામાં આવતાં હતાં. આ પ્રમાણે પંદર દિવસ ધામધૂમ ચાલી. સોળમા દિવસની સભામાં દ્રૌપદી નાહી ધોઈ ઉત્તમ વસ્ત્રાભૂષણ પહેરી હાથમાં સુવર્ણની વરમાલા લઇ સમાજના મધ્યમાં આવી પહોંચી. દ્રુપદ રાજાના પુરોહિતે દર્ભોવડે પરિસ્તરણ કરી ઘીવડે અગ્નિમાં આહુતિ આપી, બ્રાહ્મણોપાસે સ્વસ્તિવાચન કરાવ્યું અને પછી વાજાંઓનો કોલાહલ બંધ કરાવ્યો. સઘળો સમાજ શાંત અને એકાગ્ર થયા પછી ધૃષ્ટદ્યુમ્ને દ્રૌપદીનો હાથ પકડીને ઉંચા સ્વરથી ભાષણ કર્યું કે " રાજાઓ ! રાજકુમારો ! અને ઋષિઓ ! આ ધનુષ છે, આ નિશાન છે અને આ પાંચ બાણો છે. જે કુલીન પ્રતાપી પુરૂષ આ ધનુષમાંથી સામટાં પાંચ બાણો ફેંકી આ ભ્રમણ કરતા યંત્રનાં છિદ્રોમાંનાં એક છિદ્રમાંથી સોંસરવાં કાઢીને આ નિશાનને વીંધશે તેને આ મારી બેહેન દ્રૌપદી વરમાલા આરોપશે." એ પ્રમાણે જાહેર કરી ધૃષ્ટદ્યુમ્ને દ્રૌપદીને કહ્યું કે "બા ! હવે તમને આ ભેળા થયેલા રાજાઓની ઓળખાણ આપું છું. આ દુર્યોધન છે, આ દુઃશાસન છે, આ કર્ણ, આ શકુનિ, આ અશ્વત્થામા, આ વિરાટ રાજા, આ તેમના કુંવરો; આ સુશર્મા રાજા છે, આ ચેકિતાન રાજા છે, આ શિશુપાલ છે, આ શલ્ય છે; આ બલભદ્ર, આ કૃષ્ણ, આ પ્રદ્યુમ્ન, આ અનિરૂદ્ધ અને આ સાત્યકિ છે; આ જરાસંધ છે." આમ ઘણાઓની ઓળખાણ આપી વળી પણ કહ્યું કે, આ સઘળા પ્રખ્યાત રા-

જાઓ અને રાજકુમારો તમારે વાસ્તે આવ્યા છે, એઓમાંથી જે કોઇ આ નિશાનને વીંધે તેને તમે વરજો." એ પ્રમાણે બોલી ધૃષ્ટદ્યુમ્ન બેસી ગયો. પરસ્પરની સ્પર્દ્ધા કરતા, અનેક અલંકાર, અસ્ત્રબળ અને શરીરબલનું અભિમાન ધરાવતા તથા કામદેવથી વ્યાકુળ થયેલા ઘણા જુવાનો તુરત પોતાનું પરાક્રમ અજમાવવાને ઉભા થઇ ગયા. આ વખતે દેવતાઓ, ગંધર્વો, યક્ષો અને અપ્સરાઓ એ સર્વ જોવા વાસ્તે અંતરિક્ષમાં આવી ઉભાં. શ્રીકૃષ્ણે વેષધારી પાંડવોને સારીપેઠે જોઇ બલભદ્રને સૂચના કરતાં બલભદ્રે પણ પાંડવોતરફ દૃષ્ટિ નાખી. શ્રીકૃષ્ણની સૂચનાથી સર્વ યાદવો નિશાન વીંધવા તૈયાર ન થતાં કેવળ જોતાજ ઉભા રહ્યા. બીજા રાજાઓનાં ચિત્ત તો દ્રૌપદીમાંજ લાગ્યાં હતાં તેથી તેમણે કોઇએ પાંડવોને ઓળખ્યા નહિ. વાદિત્રના નાદ અને પુષ્પોની વૃષ્ટિમાં દુર્યોધને ધનુષ ઉપાડ્યું. દોરી ચડાવવા માંડી તોપણ ચડી નહિ તેથી નિરાશ થઇ પોતાને સ્થાને પાછો ગયો. દુઃશાસન તથા અશ્વત્થામા આદિનું પણ એમજ થયું. આ પ્રમાણે ઘણાખરા રાજાઓ નિરાશ થયા પછી મહાવીર કર્ણ તુરત ઉભો થયો. ધનુષને ઉપાડી દોરી ચડાવીને તેમાં પાંચે બાણ સાંધ્યાં. કર્ણને જોઇ પાંડવો તથા બીજા રાજાઓ માનવા લાગ્યા કે "કર્ણ જીત મેળવ્યા વગર રહેશે નહિ." કર્ણની જીત નજીક આવેલી જોઈ દ્રૌપદી ઉંચે સ્વરે બોલ્યાં કે "આ સૂત જાતિના કર્ણને હું વરીશ નહિ." આ સાંભળી કર્ણે ક્રોધથી પણ હસીને તુરત ધનુષ છોડી દીધું. પછી દમઘોષનો પુત્ર શિશુપાલ ઉઠયો અને ધનુષને ચડાવવા માંડ્યું પણ તેતો ઝપાટ લાગતાં ગોઠણીયાભર થઈ પડયો. જરાસંધ પણ પોતાની એજ અવસ્થા થવાથી શરમાઇને સ્વદેશમાં ચાલ્યો ગયો. શલ્ય રાજા પણ ધનુષ ચડાવતાં ગોઠણીયાભર પડ્યો.

આ પ્રમાણે સર્વ રાજાઓ અને કુમારો નિરાશ થયા અને સભામાં મોટો હાહાકાર થઈ રહ્યો. આ હોકારાની વચમાં સર્વને સાનંદાશ્ચર્ય પમાડતો એક વીરપુરૂષ બ્રાહ્મણોના મધ્યમાંથી ઉઠી ધનુષની પાસે આવ્યો. પોતાની જાતિના મનાતા આ માણસને આવું પરાક્રમ કરવાનો પ્રયત્ન કરવા તૈયાર થયેલો જોઈ કેટલાએક બ્રાહ્મણો ખુશી થવા લાગ્યા, કેટલાએક પોતાની જાતિની હાંસી થવાની શંકાને લીધે કચવાવા લાગ્યા અને કેટલાએક બોલવા લાગ્યા કે "જરાસંધ તથા શલ્ય આદિ બળીયા રાજાઓથી જે ન થયું તે કામ કરવા આ બિચારો બટુક ઉભો થયો છે, તે હાર પામી હઠશે તો આપણી બ્રાહ્મણ જાતિ કહેવાયછે તેથી

પણ વિશેષ અટકચાળી કહેવાશે; માટે તેને અટકાવવો જોઇએ." કેટલાએક જાતિનું અભિમાન ધરી બોલવા લાગ્યા કે "બ્રાહ્મણો શરીરે શુષ્ક હોયછે પણ તેજમાં બલવત્તર હોયછે. બ્રાહ્મણોથી ન બને એવું એકે કામ નથી. જુઓ! પરશુરામે સર્વ ક્ષત્રિયોનો ક્ષય કર્યો હતો અને અગસ્ત્ય મુનિ સમુદ્રને પી ગયા હતા." બ્રાહ્મણોમાં આ પ્રમાણે પરસ્પર વાતો ચાલતી હતી તેટલામાં તે ઉમેદવારે ધનુષની પ્રદક્ષિણા કરી, પાર્વતીપતિને પ્રણામ કરી તથા મનમાં શ્રીકૃષ્ણનું સ્મરણ કરી ક્ષણમાત્રમાં ધનુષની દોરી ચડાવી અને પાંચે બાણોને ફેંકી નિશાનને વીંધી નાખ્યું. નિશાન પૃથ્વીપર આવી પડ્યું કે સભામાં અને અંતરિક્ષમાં મોટો અવાજ ઉઠી નિકળ્યો, આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ પડવા લાગી, બ્રાહ્મણો આનંદના કોલાહલ કરવા લાગ્યા, ક્ષીણતાને પામેલા ક્ષત્રિયો વિચારમાં પડી ગયા, લોકો પુષ્પોથી વધાવવા લાગ્યા, વાજાંઓનો નાદ થઈ રહ્યો અને ભાટ ચારણો સ્તુતિપાઠ ભણવા લાગ્યા.

વિવેકી વાંચનારે અનુમાન કર્યુંજ હશે કે, બ્રાહ્મણોના સમૂહમાંથી નિકળી દ્રૌપદીને વરવા ઉભો થયેલો ઉમેદવાર જેણે નિશાન પાડ્યું તે કોઇ બ્રાહ્મણ નહિ હતો પણ બ્રાહ્મણને વેષે દ્રુપદની રાજધાનીમાં આવી કુંભારને ઘેર ઉતારો કરી સ્વયંવરની સભામાં આવેલા અને બ્રાહ્મણોસાથે ભળી ગયેલા પાંચ પાંડવોમાંનો પાંડુનો પરાક્રમી પુત્ર યુદ્ધવીર અર્જુન હતો. પરંતુ દ્રુપદ રાજા કે વરમાલા આરોપવા તૈયાર થયેલી દ્રૌપદી કે સભામાંનું કોઇ પણ મનુષ્ય અર્જુનને ઓળખતું નહોતું. સ્વયંવરનું કાર્ય સફળ થયેલું જોઇ દ્રુપદ રાજા રાજી થયો અને દ્રૌપદીએ અર્જુનને ઇંદ્રસમાન તેજસ્વી જોઈ ઘણા હર્ષસાથે તેના ગળામા વરમાલા પહેરાવી. સભામાં કોલાહલ વધી પડતાં યુધિષ્ટિર તો નકુલ તથા સહદેવની સાથે પોતાને ઉતારે ચાલ્યા ગયા. ભરી સભામાં વિજય મેળવી અર્જુન બહાર નીકળ્યો અને દ્રૌપદી તેની પાછળ ચાલી. બ્રાહ્મણને કન્યા દેવા દ્રુપદ રાજાની ઇચ્છા જણાતાં ક્ષત્રિયોનું લોહી ઉકળ્યું. તેઓ મોટા પ્રકોપથી બોલવા લાગ્યા કે "દ્રુપદ રાજા આપણને તુચ્છ ગણી બ્રાહ્મણને કન્યા આપવા ધારેછે માટે તેનો અને તેના કુળનો નાશ કરવો ઘટેછે; સર્વ રાજાઓને દૂર દેશોમાંથી બોલાવી પ્રથમ સત્કાર કરી પાછળથી તેણે આપણ સર્વનું અપમાન કર્યું છે. સ્વયંવરમાં ક્ષત્રિયનેજ કન્યા વરાવવાનો રીવાજ છે. જો કોઇ રાજાને કે રાજકુમારને તેની કન્યા વરવા ન ઇચ્છતી હોય તો તેને બાળી મૂકવી જોઇએ. દ્રુપદની ભુંડાઇ તો જુઓ, કે તેને આટલા બધા

રાજાઓમાંથી કોઈ પણ યોગ્ય લાગ્યો નહિ. આ કામમાં તે બ્રાહ્મણ અપરાધી છે. પણ બ્રાહ્મણપર હાથ ઉપાડવો યોગ્ય નથી." આ પ્રમાણે મોટો કોલાહલ કરતા સર્વ રાજાઓ દ્રુપદને મારવા દોડ્યા. ત્રાસ પામેલો દ્રુપદ બ્રાહ્મણોને શરણે ગયો. રાજાઓને ધસી આવતા જોઇ બ્રાહ્મણના વેષમાં ઉભેલા અર્જુન અને ભીમ તેમની સામા થયા. એક તરફ સર્વ રાજાઓ અને બીજી તરફ આ બે ભાઇઓ એઓની વચ્ચે મોટું યુદ્ધ શરૂ થયું. ભીમ એક મોટું ઝાડ ઉપાડી લઇ સામો ઉભો અને અર્જુન ધનુષ ચડાવી ઉભો. બન્ને ભાઇઓને જોઇ શ્રીકૃષ્ણે બલભદ્રને કહ્યું કે "ભાઇ! જુઓ આપણી કલ્પના ખરી પડી છે. આપણે અગાઉ પણ સાંભળ્યું હતું કે પાંડવો તથા કુંતી લાખના ઘરમાંથી ઉગરી નાશી છુટયાં છે." બલભદ્ર બોલ્યા કે "ફઇબાને અને ફઇબાના પરાક્રમી પુત્રો પાંડવોને અગ્નિમાંથી બચેલા જોઈ આજ મને ઘણો આનંદ થાયછે." લડાઈની તૈયારી થતાં બ્રાહ્મણોએ પોતાના પાટલા અને પંચપાત્રોને રાજાઓની સામા ઉગામી અર્જુનને કહ્યું કે "તારે જરાપણ બીવું નહિ, અમો તેમની સાથે લડવા તૈયાર છીએ" અર્જુને બ્રાહ્મણોને કહ્યું કે "તમો આશીર્વાદ આપ્યા કરો અને જોયા કરો. હું એ સઘળી ભૂરને હમણાં વીંખી નાખુંછું." અર્જુન અને ભીમ તૈયાર થઇ લડવા ઉભા ત્યારે રાજાઓ બોલ્યા કે "યુદ્ધમાં બ્રાહ્મણોને પણ મારવાનો દોષ નથી." કર્ણ અર્જુનની સામે યુદ્ધ કરવા લાગ્યો અને શલ્ય ભીમની સામે થયો. દુર્યોધનાદિ બીજા રાજાઓ તો બીજા બ્રાહ્મણોની સાથે લડવા લાગ્યા. અર્જુને ધનુષ ખેંચી કર્ણને ઘણાં બાણોથી વીંધ્યો. કર્ણ અર્જુનનાં બાણોથી વ્યાકુલ થતાં પણ અર્જુનપર ભારે વેગ કરવા લાગ્યો. બન્ને પોતાનું પૂર્ણ પરાક્રમ દેખાડવા અને વીરપણાનાં વચનો બોલવા લાગ્યા. અર્જુનનું બાહુબલ અપાર જાણવામાં આવતાં કર્ણ વિશેષ વેગથી વળ્યો. અર્જુન તેનાં બાણોને કાપી ગર્જના કરવા લાગ્યો. શત્રુનીં અદ્દભુત શક્તિથી સંતુષ્ટ થઇ કર્ણે તેને કહ્યું કે "હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! તારાં ધૈર્યથી, બાહુબલથી અને અસ્ત્ર તથા શસ્ત્રો વાપરવાની વિદ્યાથી હું વિસ્મય પામુંછું. તું સાક્ષાત્ ધનુર્વેદ છે? પરશુરામ છે? ઇંદ્ર છે કે સાક્ષાત્ વિષ્ણુ છે? મારી સાથે લડવા અર્જુન અને ઇંદ્ર સિવાય કોઈ સમર્થ નથી." અર્જુન બોલ્યો કે "હું નથી ધનુર્વેદ, નથી પરશુરામ, નથી ઇંદ્ર કે નથી વિષ્ણું; પણ ગુરૂકૃપાથી ઇંદ્રાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર ઇત્યાદિ અસ્ત્રવિદ્યામાં અને શસ્ત્રવિદ્યામાં કુશળ એક ગરીબ બ્રાહ્મણ છું. તને જીતવા તૈયાર છું, સ્થિર

રહેજે." અર્જુનનાં વચન સાંભળી "બ્રાહ્મણના તેજને કોઈથી પહોંચી શકાય નહિ" એમ કહી કર્ણે લડાઈ કરવી છોડી દીધી. બીજી તરફ ભીમ અને શલ્યનું યુદ્ધ ચાલતું હતું. બન્ને બલવાન યોદ્ધાઓ મૂઠીઓથી, ગોઠણથી અને એવી અનેક યુક્તિઓથી પરસ્પર પીડવા લાગ્યા. છેવટ ભીમસેને શલ્યને બે હાથવતે ઉપાડી પૃથ્વીપર પછાડયો. બ્રાહ્મણો બહુજ હસવા લાગ્યા. કર્ણ અર્જુનની અદ્દ્ભુત શક્તિથી શંકિત થઇ આઘો જતાં અને શલ્ય ભીમના પરાક્રમથી પડી જતાં રાજાઓ વિસ્મય પામી બોલવા લાગ્યા કે "આ બ્રાહ્મણો કોણ છે અને કયાંના રહેવાશી છે તે તપાસ કરી નક્કી કરો. પરશુરામ, દ્રોણાચાર્ય, શ્રીકૃષ્ણ અને કૃપાચાર્ય એટલા વિના બીજો કયો પુરૂષ કર્ણની સામે બાથ ભીડી શકે! બળભદ્ર કે દુર્યોધનવિના બીજો કયો બળીયો શલ્યસામે ટકી શકે? અર્જુન કર્ણને અને ભીમ શલ્યને પૂરા પડે તેવા હતા. પણ તેઓ તો ઘણા કાળથી નષ્ટ થઈ ગયા છે. હમણાં તો આ બ્રાહ્મણો સાથેની લડાઇ બંધ પાડો; કેમકે બ્રાહ્મણો અપરાધી હોય તોપણ ક્ષત્રિયોએ ક્ષમા કરી તેમનું રક્ષણ કરવું યોગ્ય છે. એ બ્રાહ્મણોની ઓળખાણ પડયા પછી આપણે તેમની સાથે યુદ્ધ કરીશું." આ પ્રમાણે રાજાઓનું બોલવું સાંભળી શ્રીકૃષ્ણ વચમાં પડ્યા અને "બ્રાહ્મણોએ ધર્મની રીતિપ્રમાણે કન્યા મેળવી છે" એમ કહી સર્વને સમજાવી લડતા અટકાવ્યા. રાજાઓ પોતપોતાને ઉતારે ગયા અને બ્રાહ્મણોમાં જયજયકાર વર્ત્તી રહ્યો, બ્રાહ્મણોવચ્ચે ભીમ અને અર્જુન દ્રૌપદીને લઇ પોતાના ઉતારાતરફ ચાલતા થયા. ભિક્ષાનો સમય વ્યતીત થતાં કુંતી બહુ ઉચાટ કરતાં હતાં. વાદળાંઓનો અંધકાર વ્યાપી રહ્યો હતો અને સ્વયંવરની ધામધૂમ જોઇને લોકો થાકયા પાક્યા સુઇ ગયા હતા તે વખતે અર્જુન અને ભીમ દ્રૌપદીની સાથે મોડા મોડા કુંભારને ઘેર પોતાને ઉતારે આવ્યા.

ઉતારે આવી તે બન્નેએ કુંતીને કહ્યું કે "માજી! આજ તો અમે એક ઉત્તમ ભિક્ષા લાવ્યા છીએ." કુંતીએ જોયા વિચાર્યા વિના ઉતાવળથી કહી દીધું કે "પાંચે ભાઇઓ મળી વહેંચી ઉપભોગ કરો." પછી સ્વયંવરના સમાચાર સાંભળીને તથા દ્રૌપદીને પ્રત્યક્ષ જોઇને કુંતી પોતાનાં અવિચારભરેલાં વચનોને માટે પસ્તાવો કરવા લાગ્યાં. પણ બહુ વિચાર કરી અંતે તેનો નિર્ણય થવામાટે દ્રૌપદીનો હાથ પકડી યુધિષ્ઠિર પાસે લાવ્યાં અને વીતેલી વાત કહી સંભળાવી. હવે પોતાનું વચન પળે અને ધર્મને બાધ ન આવે એવો રસ્તો ગ્રહણ

કરવા કહ્યાથી યુધિષ્ઠિરે ઘણીવાર વિચાર કરી તે કન્યા અર્જુને પોતાના પરાક્રમથી મેળવેલ હોવાથી તેનું અગ્નિના સાક્ષીએ પાણિગ્રહણ કરવા અર્જુનને આજ્ઞા કરી. મોટા ભાઇ અવિવાહિત છતાં નાના ભાઇએ વિવાહ કરવો એ ધર્મ અને આચારવિરૂદ્ધ હોવાથી પોતાના ધર્મ અને યશને બાધ ન આવે તથા દ્રુપદ રાજાનું પણ હિત થાય એવો કોઇ યોગ્ય રસ્તો બતાવવા અર્જુને મોટા ભાઇને વિનતિ કરી. ભક્તિ અને સ્નેહભાવભરેલાં અર્જુનનાં વચન સાંભળી પાંચે ભાઇઓની સ્નેહભરેલી દૃષ્ટિ ભવિષ્યની ભાર્યાતરફ પડી. પાંચેની મુખમુદ્રાઉપરથી યુધિષ્ઠિરે યોગ્ય અભિપ્રાય બાંધી વિચાર કર્યો કે દ્રૌપદીનો એકસાથે વિવાહ થશે તો તે દ્રૌપદી પાંચે ભાઇઓના કુસંપનું કારણ થઈ પડવાનો સંભવ છે. આ પોતાના મનનો વિચાર અને વેદવ્યાસનું સ્મરણમાં આવેલું વચન ચારે ભાઇઓને જણાવી યુધિષ્ઠિરે કહ્યું કે "પાંચે ભાઇઓમાં સંપ રહેવામાટે આપણે પાંચે ભાઇઓ દ્રૌપદીને વરીશું." મોટા ભાઈની આવી આજ્ઞા સાંભળતાં ચારે ભાઇઓ વિચારમાં પડ્યા. એટલામાં શ્રીકૃષ્ણ અને બલભદ્ર તેઓને મળવામાટે ગુપ્તરીતે કુંભારને ઘેર તેમનો ઉતારો પૂછતા પૂછતા આવ્યા અને પોતાની ફઈ કુંતીને તથા યુધિષ્ઠિરને પ્રણામ કર્યા. પાંડવો બહુ રાજી થયા. શ્રીકૃષ્ણ હસીને બોલ્યા કે "છૂપાવેલો અગ્નિ જણાયા વિના રહે નહિ. પાંડવોવિના રાજાઓના સમાજમાં આવું પરાક્રમ કરવાને બીજું કોણ સમર્થ છે? તમે લાખના ઘરના ભયંકર અગ્નિમાંથી ઉગર્યા એ બહુજ સારૂં થયું. હવે દુર્યોધનની આશા પૂર્ણ નહિ થાય. તમારૂં કલ્યાણ થાઓ અને તમારા મનની જે ઉમેદ હોય તે હવે પાર પાડવાનો પ્રયત્ન કરો. અમે તમારી સહાય કરવાને તૈયાર છીએ." એ પ્રમાણે વાતો કરી છતા થઇ જવાના ભયથી ત્યાં વધારે ન રોકાતાં તેઓ બન્ને આવ્યા તેવાજ તરત પાછા પોતાને ઉતારે ગયા.

નિશાન પાડનાર પરાક્રમી બ્રાહ્મણ કોણ હશે? પાંડવોના પગ્નો લાગે તો સારૂં. કોઈ નીચ જાતિનો તે બ્રાહ્મણ હોઇ મારા કુળને કલંક તો નહિ લગાડે? દ્રૌપદીની શી સ્થિતિ હશે? વગેરે વિચારોમાં પડેલો દ્રુપદ રાજાનો દીકરો ધૃષ્ટદ્યુમ્ન દ્રુપદ રાજાની આજ્ઞાથી તેનો નિશ્ચય કરવાસારૂ કુંભારના ઘરની આસપાસ કોઇના પણ જાણવામાં ન આવે એવી રીતે ચારેતરફ પોતાનાં માણસો મોકલી દ્રૌપદીને વરનાર બ્રાહ્મણ તથા દ્રૌપદીની વચ્ચે રાત્રે જે ચર્ચા થાય તે પોતે સાંભળવા લાગ્યો. આ વખતે ભીમવગેરે ચારે ભાઇ-

ઓએ ગામમાંથી ભિક્ષા માગી લાવી માતુશ્રીને સોંપી. કુંતીએ દ્રૌપદીને કહ્યું કે "આ ભિક્ષામાંથી પ્રથમ દેવતાઓને બલિદાન આપો, એક બ્રાહ્મણને જમાડો અને બાકી વધે તેમાંથી બે ભાગ કરી એક ભાગ અત્યાહારી હોવાથી ભીમને આપો અને બીજા અર્ધ ભાગમાંથી છ ભાગ પાડી એક ભાગ તમારે વાસ્તે રાખી બાકીનાને બાકીના પાંચ ભાગ વહેંચી આપો." દ્રૌપદીએ તરતજ તે પ્રમાણે કર્યું અને સહુ જમ્યાં. નકુલ તથા સહદેવે સહુને માટે જુદી જુદી દર્ભની પથારીઓ કરી આપી; તેપર પોતપોતાનાં મૃગચર્મો પાથરી સહુ સુતાં. પાંચે ભાઇઓએ દક્ષિણ દિશાઓમાં ઓશીસાં રાખ્યાં, કુંતી તેમના ઓશીસાં આગળ સુતાં અને દ્રૌપદી તેમના પગ આગળ સુતી. આવી સ્થિતિમાં પણ દ્રૌપદીએ લગારે દુઃખ મનમાં ધર્યું નહિ અને પોતાના પતિઓનું મનવડે પણ અપમાન કર્યું નહિ. પાંડવો સુતા સુતા સેનાઓના વ્યૂહની, દિવ્ય અસ્ત્રોની, હાથીઓની, ઘોડાઓની અને ખડ્ગ આદિ આયુધોની વાતો કરતા કરતા નિદ્રાવશ થયા. ધૃષ્ટદ્યુમ્ને આ બધી ચર્ચા સાંભળી, ઘેર આવી પિતાને જણાવ્યું કે "તેઓની વાતો ક્ષત્રિયસિવાય બીજા ત્રણ વર્ણના ઉપયોગની ન હતી. તે પરથી મને ખાત્રી થાયછે કે, તેઓ બ્રાહ્મણો નથી. તેઓ નક્કી ક્ષત્રિયપુત્ર છે. પાંડવો લાખના ઘરના અગ્નિમાંથી બચીને નાશી છુટયાની વાત આપણે આગળ સાંભળી હતી. નિશાન પાડવામાં તથા રાજાઓને હરાવવામાં તેમણે જે પરાક્રમ બતાવ્યું હતું તે બધું તથા તેમની રાતની વાતો ઉપરથી મને જણાયછે કે, આપણી આશા સફળ થઇ છે. નક્કી ગુપ્ત વેષે ફરનારા તેઓ પાંડવોજ છે." દ્રુપદ રાજા રાજી થયો. પોતાના જમાઇની જાત ભાત પૂછવા પોતાના એક પુરોહિતને મોકલ્યો. પુરોહિતે પાંડવોપાસે આવીને કહ્યું કે "નિશાન પાડનારના પરાક્રમથી દ્રુપદ રાજા બહુ પ્રસન્ન થયા છે અને તમારૂં કુળ જાણવા માગેછે. હસ્તિનાપુરના પાંડુ રાજા દ્રુપદ રાજાના પરમ મિત્ર હતા; તેથી પોતાની કન્યા પાંડુ રાજાના પુત્ર અર્જુનસાથે વરાવવા દ્રુપદ રાજાની ઇચ્છા હતી. આવા ઉંચા કુળમાં કન્યા આપવાની અમારા રાજાની ઇચ્છા પૂર્ણ થઈ છે કે કેમ?" પુરોહિતનાં વચન સાંભળીને તથા ભીમને હાથે તેમનું પૂજન કરાવીને યુધિષ્ઠિરે ઉત્તર આપ્યો કે "વર્ણ, શીલ કુળ કે ગોત્ર જોઇને કન્યા આપવાનો પ્રથમથીજ ઠરાવ ન હતો, પણ જે ધણી નિશાન પાડે તેને કન્યા દેવી એવો ઠરાવ હતો; માટે હવે પાણી પીને ઘર પૂછવું યોગ્ય નથી. તોપણ દ્રુપદ રાજાની ઇચ્છા પૂર્ણ થશે. નીચ કુળના

અસ્ત્રવિદ્યાથી અજાણુ અને મંદ બળવાળા હોવાથી તેમનાથી નિશાન પડે નહિ. માટે દ્રુપદ રાજાએ પોતાની દીકરીને વાસ્તે કોઈ જાતની ચિંતા કરવી નહિ," આ વાત થતી હતી તેજ વખતે દ્રુપદ રાજા તરફથી એક બીજો માણસ કેટલાક રથ જોડી જાનને જમવા તેડવા આવ્યો. પાંડવોએ પુરોહિતને રજા આપી. જમવા જવાની તૈયારી કરી પાંચે ભાઇઓ એક એક રથમાં બેઠા તથા સાસુ વહુ બીજા રથમાં બેઠાં. પાંડવોસંબંધી વિશેષ વાત દ્રુપદરાજાએ પુરોહિતને મોઢેથી સાંભળી લીધી હતી અને હવે તેઓ જમવા આવે ત્યારે તેમની પરીક્ષા કરવાને એક ઓરડામાં જાતજાતની ચીજોનું સંગ્રહસ્થાન કરી રાખ્યું હતું. દ્રુપદ રાજાના દરબારમાં આવી પાંડવો રાજ્ય બેઠકમાં ગયા. દ્રૌપદીસહિત કુંતી અંતઃપુરમાં આવ્યાં. દ્રુપદ રાજાની રાણીઓએ કુંતીનો ઘણો સારો સત્કાર કર્યો. રૂપાળા, મોટી આંખોવાળા અને સિંહના જેવી પરાક્રમભરેલી ગતિવાળા પાંડવોને જોઈ દ્રુપદ રાજાના પુત્રો, સગાંઓ, મંત્રીઓ અને નોકરો બહુજ પ્રસન્ન થયા. કાંઈપણ વિસ્મય ન પામતાં પાંડવો અનુક્રમે ઉત્તમ આસનોપર બેઠા અને સોનારૂપાનાં વાસણોમાં જાત જાતનું ભોજન પીરસવામાં અવ્યું. તેઓ જમ્યા પછી આસપાસ ગોઠવેલી ચીજો તરફ દૃષ્ટિ પડતાં બીજી ચીજોપર લક્ષ ન આપતાં યુદ્ધની સામગ્રીઓ જેવાં કે ધનુષો, ઢાલો તથા બખતરો વગેરે ધ્યાન ધરી ધરીને જોતા હોય એમ દ્રુપદ રાજાના દેખવામાં આવ્યું અને તેપરથી આ પાંચે પાંડવોજ હશે એમ તેને વધારે ખાત્રી થઈ. તોપણ દ્રુપદ રાજાએ યુધિષ્ઠિરને એકાંતમાં બોલાવી બ્રાહ્મણનીરીતે માન આપી પૂછ્યું કે "તમે બ્રાહ્મણ છો? ક્ષત્રિય છો કે કોઈ અન્યજાતિ છો? તે મારે જાણવું જોઇએ. જ્યાંસુધી તમારી જાતિ મારા જાણવામાં આવી નથી ત્યાં સુધી મને તમારાવિષે મોટો સંદેહ રહેછે. તમે સાચેસાચું કહો. મારાં મોટાં ભાગ્ય હોય તો મારા સંશયનું પરિણામ સંતોષકારક આવે. તમને શપથ દઇને કહુંછું કે, તમે ખરેખરૂં કહો." યુધિષ્ઠિર બોલ્યા કે "દ્રુપદ રાજા તમો જરા પણ ખેદ નહિ ધરો. તમારી જે ઇચ્છા હતી તેજ પાર પડી છે. અમો પાંડુ રાજાના પુત્રો છીએ. હું યુધિષ્ઠિર છું અને આ ચાર મારા કનિષ્ઠ ભાઇઓ છે. જે, દ્રૌપદીની સાથે અંતઃપુરમાં આવેલ છે તે મારી માતુશ્રી કુંતી છે. અમને તો તમારી ઓથ મળી એમ સમજી વિશેષ ભાગ્યશાળી સમજીએ છીએ." યુધિષ્ઠિરનાં વચન સાંભળી દ્રુપદ રાજાના નેત્રમાં હર્ષનાં આંસુ આવ્યાં અને ગદ્દગદ્દ કંઠ થઈ જતાં ઉત્તર દઈ શકયા

નહિ. હર્ષના વેગને માંડમાંડ રોકીને દ્રુપદે યુધિષ્ઠિરને હસ્તિનાપુરમાં નિકળ્યા પછીનું સર્વ વૃત્તાંત પૂછ્યું. યુધિષ્ઠિરે અનુક્રમે સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું. તે હકીકત સાંભળી દ્રુપદ રાજાએ ધૃતરાષ્ટ્રની કેટલીક નિંદા કરી અને યુધિષ્ઠિરની આશ્વાસના કરી તેનું રાજ્ય કૌરવોપાસેથી પાછું અપાવી દેવાની પ્રતિજ્ઞા કરી. એકાંત પૂરી થતાં પાંડવોને રહેવામાટે એક સુંદર મહેલ કાઢી આપ્યો. ત્યાં તેઓ સર્વ ગયા. દ્રુપદ રાજાને કેટલાંક કામકાજ કરવાં હતાં તે પૂરાં કર્યાં. અને પછી શુભ મુહૂર્ત્ત જોવરાવી અર્જુન દ્રૌપદીનું પાણિગ્રહણ કરે એમ ઇચ્છા જણાવી. યુધિષ્ઠિરે કહ્યું કે "હું પણ હજુ અવિવાહિત છું" યુધિષ્ઠિરના બોલવાની મતલબ સમજી દ્રુપદે કહ્યું કે "મારી કન્યાનું પાણિગ્રહણ તમે અથવા તમારો હરકોઈ ભાઈ કરે તેથી હું ખુશી છું." યુધિષ્ઠિરે કહ્યું કે "દ્રૌપદી અમો પાંચે ભાઈઓની પટરાણી થશે. અમો પાંચે કુંવારા છીએ અને પાંચેનો ઠરાવ છે કે, જે ઉત્તમ વસ્તુ પ્રાપ્ત થાય તેને પાંચેએ ભોગવવી. અમારો ઠરાવ અમે તોડી શકતા નથી માટે દ્રૌપદી અમો પાંચેને અનુક્રમે પરણશે." દ્રુપદ રાજા જરા દુઃખિત થઇને બોલ્યો કે "એક પુરૂષથી ઘણી સ્ત્રીઓને પરણી શકાય એ શાસ્ત્રસંમત છે પણ એક સ્ત્રી ઘણા પુરૂષોને પરણે એવું કોઇ પણ શાસ્ત્રનું વચન નથી. તમે ધર્મવેત્તા થઈ આવો શાસ્ત્રવિરૂદ્ધ વિચાર કેમ કરોછો?" યુધિષ્ઠિરે કહ્યું કે 'ધર્મની ગતિ એવી સૂક્ષ્મ છે કે તે આપણા જાણવામાં આવી શકતી નથી; માટે અમે તો જે માર્ગે પૂર્વના પ્રચેતા આદિ મહાત્મા પુરૂષો ચાલી ગયા છે તે માર્ગને અનુસરવાને ઇચ્છીએ છીએ. પ્રાચીનબર્હિ નામના રાજાના પુત્ર દશ પ્રચેતાઓ એક કન્યાને પરણ્યા હતા, એ વાત ઇતિહાસથી પ્રસિદ્ધ છે. મારૂં વચન કદી મિથ્યા થતું નથી, મારી બુદ્ધિ અધર્મમાં પ્રવર્ત્તતી નથી અને અમારી માતા પણ અમને સહુને એક સ્ત્રીને પરણવાનું બોલી ચુકયાં છે." દ્રુપદ બોલ્યો કે "તમે પાંચ ભાઇઓ, તમારી મા અને મારો પુત્ર ધૃષ્ટદ્યુમ્ન તે બધાં મળી વિચાર કરીને જે કરવું યોગ્ય લાગે તે કરવાનું કહો. આવતી કાલે લગ્નવિધિ કરીશું."

યુધિષ્ઠિર અને દ્રુપદ આમ વિવાહસંબંધી વાતો કરેછે એટલામાં દૈવેચ્છાથી વેદવ્યાસ ત્યાં આવ્યા. પાંડવોએ તથા દ્રુપદે તેનો યોગ્ય સત્કાર કરી આસનપર બેસાડ્યા અને તેમની આજ્ઞા લઇ સૌ બેઠા. દ્રુપદે દ્રૌપદીના સંબંધની વાત પ્રથમ કહાડીને જે તકરાર ચાલતી હતી તેનો નિર્ણય કરવા

વેદવ્યાસને વિનતિ કરી. વ્યાસે કહ્યું કે "આ સવાલ મોટી તકરારભરેલો છે. માટે હાલ તો તમે સૌ પોતપોતાનો અભિપ્રાય આપો. તે પછી હું મારો વિચાર જણાવીશ." સૌએ પોતપોતાની દલીલોસાથે એક સ્ત્રીને પાંચ પતિ હોવાની બાબતમાં યોગ્યાયોગ્ય વિચાર જણાવ્યા. પછી વ્યાસ દ્રુપદને એકાંતમાં તેડી ગયા અને દ્રૌપદીના પૂર્વજન્મનું વૃત્તાંત સંભળાવી કહ્યું કે "હે દ્રુપદ રાજા ! મહાદેવના વચનપ્રમાણે તમારે ઘેર અવતરેલી તમારી દીકરી દ્રૌપદીના પાંચ પતિ થવાજ જોઇએ." દ્રુપદ બોલ્યો કે "વ્યાસજી ! આ વાત મેં આ-જેજ જાણી. મહાદેવજીનું એવું વચન છે તો હવે ધર્મ કે અધર્મ વિચા-રવાની મારે જરૂર નથી. ભલે પાંચે પાંડવો દ્રૌપદીનું પાણિગ્રહણ કરે."

વ્યાસે યુધિષ્ઠિરને કહ્યું કે "આજે લગ્નનો શુભ દિવસ છે માટે પ્રથમ તમે દ્રૌપદીનું પાણિગ્રહણ કરો." દ્રુપદ રાજાએ વિવાહની ગોઠવણ કરી. પછી દ્રૌપદીને નવરાવી તથા શણગારીને તૈયાર કરી. મંડપની રચના બહુ સારી કરી અને મુખ્ય મુખ્ય લોકોને આમંત્રણ કર્યું. પાંડવો પોતાના પુરોહિત ધૌમ્યમુનિસાથે મંડપમાં આવ્યા. પહેલે દિવસે યુધિષ્ઠિરે, બીજે દિવસે ભીમસેને, ત્રીજે દિવસે અર્જુને અને ચોથે તથા પાંચમે દિવસે અનુક્રમે નકુલે તથા સહદેવે પૃથક્ પૃથક્ દ્રૌપદીનું પાણિગ્રહણ કર્યું. દ્રુપદ રાજાએ પાંડવોને ઘણું ઘણું ધન, હાથી, રથ અને દાસદાસીઓ આપ્યાં. દ્રૌપદીએ સાસુને પ્રણામ કર્યા અને સાસુએ તેને સ્નેહભર્યાં આશીર્વચનો આપ્યાં. આ પ્રસંગે શ્રીકૃષ્ણે પણ પાંડવોને ઘણાં રત્નો, ધન, વસ્ત્રો, વાહનો તથા અલંકારો મોક-લાવ્યા. આ વૃત્તાંતની સ્વયંવરમાં આવેલા સર્વ રાજાઓને ખબર પડી. જે પાંડવોને કુંતીસહિત લાખના ઘરમાં બળી મૂવાના સમાચાર સાંભળી ખેદ થએલો હતો તેમને જીવતા રહેલા અને આ સ્થિતિએ પહોંચેલા જોઇ સર્વ રાજાઓ સાનંદાશ્ચર્ય પામ્યા અને ધૃતરાષ્ટ્રની તથા ભીષ્મની ઘણી ઘણી નિંદા કરતા કરતા સૌ પોતપોતાને દેશ ગયા. પાંડવોને આવી અણધારેલી ઉત્તમ સ્થિતિમાં પહોંચેલા જોઈ પોંચા કરતો દુષ્ટ દુર્યોધન કર્ણઆદિ યોદ્ધાઓસાથે હસ્તિનાપુર આવવા નીકળ્યો. "આપણે આટલા આટલા પ્રયત્ન કર્યા છતાં પણ પાંડવો જીવતા રહ્યા; એટલુંજ નહિ પણ આ ઉત્તમ સ્થિતિને પ્રાપ્ત થયા માટે પુરૂપાર્થને તો ધિક્કાર છે. દૈવ સર્વથા પ્રબળ છે." એમ બોલતા બોલતા કૌરવો રાંકડાં મોઢાં લઇને હસ્તિનાપુરમાં આવ્યા.

પ્રકરણ ૯ મું.

પાંડવોની હસ્તિનાપુરમાં પધરામણી અને ઇંદ્રપ્રસ્થની સ્થાપના.

પાંડવો સ્વયંવરમાં દ્રૌપદીને વર્યાની અને તેઓનો દ્રુપદજેવા મહાબળવાન રાજાસાથે સંબંધ થયાની વાત હસ્તિનાપુર પહોંચી. હસ્તિનાપુરનાં લોકો હર્ષ પામ્યાં. વિદુરે દ્રુપદ રાજાસાથે સંબંધ થવાની વધામણી ધૃતરાષ્ટ્રને આપી. ધૃતરાષ્ટ્રે દુર્યોધનનો વિવાહ થયો સમજી વસ્ત્રાભૂષણો મોકલી દુર્યોધનને દ્રૌપદીસાથે ગાજતે વાજતે તેડી લાવવા આજ્ઞા કરી. વિદુરે કહ્યું કે "દ્રૌપદીસાથે પાંડવોનો વિવાહ થયો." ધૃતરાષ્ટ્ર બોલ્યો કે "ત્યારે પાંડવો તો મારે મારા પુત્રોકરતાં પણ અધિક છે. 'પાંડવો દાહમાંથી બચ્યા અને દ્રુપદજેવો સસરો મેળવી ચડતીમાં આવ્યા સાંભળી હું બહુ ખુશી થાઉંછું." વિદુરે કહ્યું કે "હે રાજા ! તમારી આવીજ સદ્બુદ્ધિ સર્વદા રેહેજો એમ હું ઇચ્છુંછું" એમ કહી વિદુર પોતાને ઘેર ગયા.

બીજી તરફથી દુષ્ટ દુર્યોધનની ચંડાળ ચોકડી પોતાની પાપી ધારણામાં પાર ન પડવાથી અને પાંડવોને તો બળવાન સહાય મળવાથી ઉલટા અભ્યુદયમાં આવેલા જોઈ વિશેષ ઇર્ષ્યાને અધીન થઇ ફરી પાંડવોનો ઘાટ ઘડવાના દુષ્ટતાભરેલા વિચારમાં પડી, વિદુરની વાતને ધ્યાન ન દેવા તેમણે ધૃતરાષ્ટ્રને ઠપકાસાથે સમજુત આપી. તેમણે કહ્યું કે "તમે શત્રુની ચડતીમાં ચડતી માનોછો અને વિદુરને મોઢે શત્રુનાં વખાણ કરોછો એ શું કરોછો? આપણે તો સદા પાંડવોના બળને ત્રોડવાનોજ પ્રયત્ન કરવો જોઇએ: પાંડવો આપણને પી ન જાય માટે અમો તેમનો ઘાટ ઘડવાનો બીજો વિચાર ગોઠવીએ છીએ." ધૃતરાષ્ટ્રે કહ્યું કે "હું પણ તે વાતમાં રાજી છું પરંતુ વિદુરપાસે મારા મનનો અભિપ્રાય ખુલ્લો પાડવો એ યોગ્ય ન લાગવાથી તેના દેખતાં પાંડવોનાં વખાણ કરૂંછું. માટે હવે તમને યોગ્ય લાગે તેમ કરો અને તે વાત મને જણાવો." દુર્યોધન બોલ્યો કે "ગુપ્ત માણસો રાખી કુંતી તથા માદ્રીના પુત્રો-વચ્ચે કુસંપ કરાવવો જોઇએ અથવા દ્રુપદને અને તેના પુત્રોને ઘણું ધન આપી આપણા પક્ષમાં લેવા જોઇએ; હસ્તિનાપુરમાં રહેવાથી તમને હરકત છે એમ પાંડવોના મનમાં ઉતરાવી તેમને દૂર રાખવા જોઇએ અથવા દ્રૌપ-દીને લીધે પાંચે ભાઇઓનાં અંતઃકરણ પરસ્પર જુદાં પડે કે દ્રૌપદીનું અંતઃકરણ તેમનાથી જુદું પડે એવો કોઈ પ્રપંચ કરવો જોઇએ; અથવા ગુપ્ત રીતે ભીમસેનને મારી નાખવો જોઇએ, જેથી પાંડવોનો પક્ષ નબળો થાય; અ-થવા દરેક ભાઇઓને બીજી સ્ત્રીઓમાં લલચાવી દેવા જોઇએ, જેથી દ્રૌપ-દીની તેમનાપર અરૂચિ થાય. આટલા ઉપાયોમાં જે યોગ્ય લાગે તે ઉપાય તુરત કરો." કર્ણ બોલ્યો કે "દુર્યોધન, આ તારો એકે ઉપાય સારો નથી. પાંડવોઉપર તું ઘણા કપટભરેલા ઉપાયો કરી ચુક્યો પણ એકે ઉપાય લાગુ પડ્યો નહિ. પાંડવો તારી પાસેજ હતા અને વળી પક્ષવગરના હતા ત્યારે પણ તું તેમને કાંઇ ન કરી શક્યો તો હવે શું કરી શકવાનો છે? જેઓ એકજ સ્ત્રી પરણ્યા છતાં ભારે સંપ રાખી રહ્યા છે તેમની વચ્ચે કુસંપ કરાવી દેવો એ નબનવાજોગ છે. જે દ્રૌપદી કંગાળ સ્થિતિના પાંડવોને પ્રીતિથી વરી, તે દ્રૌપદીના દિલમાં આજ અધિક સારી સ્થિતિવાળા પાંડવો-ઉપર અરૂચિ કેમ ઉત્પન્ન થાય? વળી સ્ત્રીઓને તો ઘણા પતિની ઇચ્છા હોય એ સ્વાભાવિક છે. દ્રુપદ રાજા ધનના લાલચુ નથી પણ મહાત્મા છે તેથી તેને આપણું રાજ્ય સોંપી દઇએ તોપણ તે પાંડવોને છોડવાનો

નહિ. આવી હકીકત છે માટે મને તો આમ કરવું યોગ્ય લાગેછે કે, હજુ પાંડવો દૃઢમૂલ થયા નથી; આપણો પક્ષ પ્રબળ છે, દ્રુપદનો પક્ષ નિર્બળ છે, દ્રુપદે હજુ પાંડવોને વાસ્તે ઉદ્યમ કરવાની તૈયારી કરી નથી અને કૃષ્ણ હજી પાંડવોની સહાયતા કરવા સેના લઈ દ્રુપદના નગરમાં આવ્યો નથી તે પહેલાં આપણે મોટી સેનાસાથે ત્યાં જઈ દ્રુપદને ત્રોડી પાડી પાંડવોને પકડી આણી કેદ કરીએ. પરાક્રમથીજ શત્રુઓને ત્રોડી રાજ્ય કરવું, એ વધારે સારૂં છે." કર્ણનાં વચન સાંભળી તેની પ્રશંસા કરતો ધૃતરાષ્ટ્ર બોલ્યો કે "હવે ભીષ્મ, દ્રોણ અને વિદુરસાથે વિચાર કરી એકમત થઇ તે કહે તેમ કરીએ." પછી ધૃતરાષ્ટ્રે ભીષ્મ, દ્રોણ, અને વિદુરને તેડાવી તેમના અભિપ્રાય પૂછયા, તો ભીષ્મ બોલ્યા કે "પાંડવોની સાથે વિરોધ કરવો મને તો ગમતો નથી. મારે તો તમે સર્વ સરખા છો. આ રાજ્યપર તમારો અને પાંડવોનો સરખોજ હક છે. દુર્યોધન! જેવી તને આ રાજ્યની ઇચ્છા છે તેવી પાંડવોને પણ હોય. પાંડવોને રાજ્ય ન મળે તો તને કે આપણા કુળના બીજા કોઇને પણ કેમ મળે? પાંડવોને પ્રીતિથી અહીં બોલાવી તેમને અરધું રાજ્ય આપવું એ મારો મત છે. તેમ કરવાથીજ આ કુળનું તથા સર્વ પ્રજાનું કલ્યાણ છે. એથી ઉલટું કરવામાં આવશે તો આપણું કદી હિત થવાનું નથી અને જગતમાં તારી અપકીર્ત્તિ થશે. કીર્ત્તિ એજ મોટું બળ છે, કીર્ત્તિનું રક્ષણ કરો. લોકો પાંડવોને લાખના ઘરમાં બાળવાનો દોષ જેવો તારાઉપર મૂકેછે તેવો પુરોચનઉપર મૂકતા નથી. પાંડવોને બળી ગયા સાંભળ્યા હતા ત્યારથીજ મને કોઇ પ્રકારનું સુખ વળતું નહોતું. પાંડવો જીવતા રહ્યાથી તારી અપકીર્ત્તિ કાંઇક ઓછી થઇ છે. હવે જો તારે હિતની ઇચ્છા હોય અને મને પણ રાજી રાખવો હોય તો પાંડવોને બોલાવી તેમને અરધું રાજ્ય આપી દે." પછી દ્રોણાચાર્ય બોલ્યા કે "જ્યારે ધૃતરાષ્ટ્ર મારો અભિપ્રાય લેવા મને બોલાવે ત્યારે મારે ધર્મ, અર્થ તથા યશને અનુસરીનેજ વાત કરવી જોઇએ. હું પણ ભીષ્મના મતનેજ મળતો છું. હે રાજા! પાંડવો અને દ્રૌપદીને વાસ્તે ઘણું ઘણું ધન લઇને કોઇ સમજુ શાણા માણસને અહીંથી મોકલવો જોઇએ અને દ્રુપદ તથા ધૃષ્ટદ્યુમ્નપાસે તે માણસમારફત આપણાતરફનો હર્ષ જણાવવો જોઇએ. દ્રુપદના પુત્રોવાસ્તે, તથા કુંતીને વાસ્તે પણ યોગ્ય પદાર્થો મોકલવા જોઇએ અને સાંત્વનાપૂર્વક પાંડવોને અહીં બોલાવી અરધું રાજ્ય આપી દેવું જોઇએ."

આ પ્રમાણે રાજાના બન્ને સલાહકારોનાં વચન સાંભળી કર્ણ બોલ્યો કે,

"મહારાજ ધૃતરાષ્ટ્ર ! આ ભીષ્મ અને દ્રોણુ જેમને તમો બહુ સન્માનથી સઘળાં કામોમાં સામેલ રાખોછો તેઓ પણ તમારા હિતનો વિચાર કરતા નથી તો એથી વધારે અદ્દભુત બનવું શું હોય ? જેને સારી રીતે સન્માનથી રાખેલ હોય તે પણ અંદરખાનેથી શત્રુઓને મળતો રહેતો હોય તો ધણીનું શું ભલું થાય ! જો દુર્યોધનના પ્રારબ્ધમાં રાજ્ય હશે તો રહેશે પણ તમારા રાજ્યનાં માણસો દુર્યોધનના હિતમાં રાજી નથી એમ જણાયછે." વિદુર બોલ્યા કે "કર્ણ ! તું તારા અંતઃકરણના દોષને લઇનેજ આવું બોલેછે માટે તારા બોલવાનો સ્વીકાર અમારાથી કરી શકાતો નથી. મહારાજ ધૃતરાષ્ટ્ર ! અમો તમારા હિતની વાત કરીએ છીએ પણ તે વાત તમને રૂચતી હોય એમ જણાતું નથી. ભીષ્મે અને દ્રોણાચાર્યે ખરેખર તમારા હિતનીજ વાત કરી છે; એનાથી વિશેષ હિત ચાહનાર કે બુદ્ધિમાન બીજો કોઇ હોય એમ મારા ધારવામાં નથી. તમારે પાંડવોને દુર્યોધનાદિની તુલ્યજ ગણવા જોઇએ. જેઓ પાંડવોનું અહિત બોલેછે તેઓ તમારા દોષનેજ પ્રસિદ્ધમાં મૂકેછે એમ સમજો. પુરોચને તમારી જે અપકીર્ત્તિ કરાવી છે તે ધોઈ નાખવાનો આ સમય છે માટે ભીષ્મ તથા દ્રોણ કહેછે તેમજ કરો. દુર્યોધન, કર્ણ, શકુનિ તથા દુઃશાસન એ ચાર મોટા પાપી અને મૂર્ખ છે, માટે તેમના બોલવાપર વિશ્વાસ કરો નહિ. મેં તમોને પહેલેથીજ કહ્યું છે કે, દુર્યોધનના અપરાધથીજ કુળના અને પ્રજાનો મોટા ક્ષય થવાનો છે." ધૃતરાષ્ટ્ર બોલ્યો કે "વિદુર ! ભીષ્મ, દ્રોણ, તથા તમે જે કહોછો તે સાચી અને હિતની વાત છે. આ રાજ્યપર જેટલો મારા પુત્રોનો હક છે તેટલોજ પાંડવોનો હક છે એમાં કંઈ સંશય નથી. માટે તમે દ્રુપદ રાજાના નગરમાં જઈ પાંડવોને કુંતી તથા દ્રૌપદીસહિત સન્માનપૂર્વક અહીં બોલાવી લાવો. દુષ્ટ પુરોચન મરી ગયો અને પાંડવો જીવતા રહ્યા અને દ્રુપદની કન્યાને પરણ્યા એ બહુ સારૂં થયું." પછી ધૃતરાષ્ટ્રની આજ્ઞાથી વિદુર પાંડવો, દ્રૌપદી તથા દ્રુપદ રાજાના પુત્રોને વાસ્તે ઘણાં વસ્ત્રાભૂષણાદિ લઈ દ્રુપદના નગરમાં ગયા. ત્યાં દ્રુપદને, શ્રીકૃષ્ણને તથા પાંડવોને મળી કુશળ સમાચાર પૂછ્યા અને વસ્ત્રાલંકારાદિ આપીને દ્રુપદને વિદુરે શ્રીકૃષ્ણની સમક્ષ કહ્યું કે "હે રાજા ! મહારાજ ધૃતરાષ્ટ્રે તથા તેના પુત્રોએ તમો સૌનું કુશળ પૂછેલ છે. જેવો આનંદ રાજ્યપ્રાપ્તિથી પણ ન થાય તેવો આનંદ તમારા સંબંધથી ધૃતરાષ્ટ્રને થયો છે. હવે તમે પાંડવોને હસ્તિનાપુરમાં મોકલો. પાંડવો લાંબો કાળ થયાં હસ્તિનાપુરથી નીકળ્યા છે માટે તેમને

હસ્તિનાપુર જોવાની ઉત્કંઠા થઈ હશે. હસ્તિનાપુરનું રાજકુટુંબ તથા પ્રજા પાંડવોને જોવાને આતુર થઈ રહી છે. તમે તેમને રજા આપો એટલે હું ધૃતરાષ્ટ્રને તેવા ખબર અગાઉથી આપું." દ્રુપદ બોલ્યો કે "વિદુર! તમારા કુળની સાથે સંબંધ થવાથી હું પણ બહુ રાજી થયો છું. પાંડવોએ હસ્તિનાપુર જવું યોગ્યજ છે, તોપણ મારાથી તેમને જાઓ એમ કહી શકાય નહિ, તેમની ઇચ્છા થાય ત્યારે ભલે હસ્તિનાપુરમાં આવે." યુધિષ્ઠિર બોલ્યા કે "મહારાજા દ્રુપદ! અમો આપને અધીન છીએ માટે આપની જેવી આજ્ઞા હશે તે પ્રમાણે કરશું." આ વખત શ્રીકૃષ્ણે પણ પાંડવોને હસ્તિનાપુર જવાની સલાહ આપી. દ્રુપદ બોલ્યો કે "શ્રીકૃષ્ણ જેવો બીજો કોઈ પાંડવોનું હિત ચાહનાર નથી માટે શ્રીકૃષ્ણ કહેછે તો ભલે પાંડવોને તેડી જાઓ." પછી દ્રુપદની આજ્ઞા લઈ પાંડવો, શ્રીકૃષ્ણ તથા વિદુર, કુંતી અને દ્રૌપદીસહિત હસ્તિનાપુરમાં ગયા.

પાંડવોને આવેલા સાંભળી ધૃતરાષ્ટ્રે વિકર્ણ તથા ચિત્રસેન નામના પોતાના બે પુત્રોને, દ્રોણાચાર્યને તથા કૃપાચાર્યને સામૈયે મોકલ્યા. પાંડવો મોટી ધામધૂમથી હસ્તિનાપુરમાં પેઠા. લોકો બોલવા લાગ્યા કે "આજ અમારૂં પ્રિય કરવાને વાસ્તે પાંડુ રાજા પોતેજ જાણે વનમાંથી અહીં પધાર્યા હોય એમ અમને લાગેછે, અમે જો કાંઈ પુણ્ય કર્યાં હોય તો તે પુણ્યના પ્રભાવથી પાંડવો આ નગરમાં સેંકડો વર્ષસુધી રહેજો." પાંડવો ધૃતરાષ્ટ્રને, ભીષ્મને તથા બીજા વૃદ્ધ લોકોને પગે લાગ્યા અને કાકાની આજ્ઞાથી ઉત્તમ મહેલોમાં જઈ રહ્યા. કેટલોક કાળ ગયા પછી એક વખત ધૃતરાષ્ટ્રે તથા ભીષ્મે પાંડવોને બોલાવી તેમના હિતને વાસ્તે કહ્યું કે "ફરીવાર તમારે કૌરવોસાથે કંકાસ ન થાય માટે તમે ઇંદ્રપ્રસ્થ નામના વનમાં જુદું નગર વસાવી ત્યાં રહો અને તમોને આ રાજ્યનો અર્ધ ભાગ આપવામાં આવેછે." ધૃતરાષ્ટ્રની આજ્ઞા માથે ચડાવી અરધું રાજ્ય લઈ પાંડવો ઇંદ્રપ્રસ્થમાં ગયા અને ત્યાં એજ નામનું સ્વર્ગજેવું રમણીય નગર વસાવ્યું. આ નગરમાં ઉત્તમ વર્ણના લોકો, કારીગરો અને વિદ્વાનો દેશદેશથી આવીને વસવા લાગ્યા. નગરને બાગ બગીચાથી શણગાર્યું. શ્રીકૃષ્ણે તથા વેદવ્યાસે પાંડવોને નગર વસાવવાના કામમાં ઘણી મદદ આપી. આ પ્રમાણે નગર વસાવી ત્યાં સ્થિર થયા પછી શ્રીકૃષ્ણ અને બલભદ્ર પાંડવોની રજા લઈ દ્વારકાં ગયા. ધર્માત્મા યુધિષ્ઠિર પ્રજાનું યોગ્ય રીતે પાલન કરવા લાગ્યા અને ભીમસેનાદિ બીજા ચાર ભાઇઓ રાજ્ય સંબંધી કામકાજમાં જોડાઇ પ્રસન્નતાથી વર્ત્તવા લાગ્યા, જેથી સર્વત્ર સુખશાંતિ ફેલાઈ.

પ્રકરણ ૧૦ મું.

અર્જુનનો બાર વર્ષનો વનવાસ અને સુભદ્રાહરણ.

પાંડવો ઇંદ્રપ્રસ્થમાં રાજ્ય કરેછે એવામાં એક દિવસે નારદમુનિ ત્યાં યદચ્છાથી આવી ચડ્યા. યુધિષ્ઠિર રાજાએ તેમને આસન આપી, અર્ધ્ય, પાદ્ય ઇત્યાદિવડે પૂજા કરી. દ્રૌપદીને ખબર કરતાં તેણે ત્યાં આવી નારદને પ્રણામ કર્યા. પછી તેણે આપેલા આશીર્વાદનો અંગીકાર કરી તે અંતઃપુરમાં ગયાં. ત્યાર પછી નારદજીએ એકાંતમાં આવી પાંડવોને નીચે પ્રમાણે કહ્યું.

“તમારા પાંચવચ્ચે એકજ સ્ત્રી છે એ કુસંપ થવાનું કારણ છે, માટે તેમ ન થાય તેવી કંઈ ગોઠવણ કરો. પૂર્વે હિરણ્યકશિપુના વંશમાં સુંદ અને ઉપસુંદ નામના બે સહોદર ભાઇઓ હતા, જે પરસ્પર ઘણા સ્નેહસંપથી રહેતા હતા, પણ તેઓ તિલોત્તમા નામની એક અપ્સરાને વાસ્તે કુસંપમાં પડી લડી મુવા હતા.”

નારદજીનાં આવાં વાક્યો સાંભળી પાંડવોએ તેની સમક્ષજ એવો ઠરાવ કર્યો કે “પાંચમાંથી એક ભાઈ દ્રૌપદીપાસે બેઠા હોય ત્યાંસુધી બીજાએ ત્યાં

જવું કે જોવું નહિ. અને એ ઠરાવ ત્રોડે તેણે બાર વર્ષસુધી બ્રહ્મચર્ય ધરી વનમાં વસવું."

પાંડવોએ કરેલા આ ઠરાવથી, નારદજી પ્રસન્ન થઈ, રજા લઈ ત્યાંથી ચાલતા થયા.

ઉપરના ઠરાવપ્રમાણે વર્તવાથી તેઓમાં કદી કુસંપનું કારણ ઉત્પન્ન થતું નહોતું. તેઓ પરમ સુખથી રાજ્ય કરવા લાગ્યા; અને બીજા રાજાઓને શસ્ત્રોથી વશ કરી રાજ્યનો વધારો પણ કરવા લાગ્યા. એક દિવસ એવું બન્યું કે, એક બ્રાહ્મણની ગાયો ચોર લોકો લઇ ગયા. તેની ફરિયાદ અર્જુનપાસે આવી. બ્રાહ્મણનો પોકાર સાંભળી, અર્જુને તેને અભયવચન આપી શાંત કર્યો. પણ તે સમયે પોતાનાં અસ્ત્રો જે ઓરડામાં હતાં, તે ઓરડામાં દ્રૌપદીસાથે યુધિષ્ઠિર બેઠા હતા, તેથી અર્જુન વિચારમાં પડ્યો; ગમે તેમ થાય તોપણ "બ્રાહ્મણને અભય વચન આપ્યાપ્રમાણે ગાયોનું રક્ષણ કરવું એ ક્ષત્રિયધર્મ છે." એમ વિચારી ઠરાવવિરૂદ્ધ તે ઓરડામાં જઇ, રાજાની રજા લઇ, ધનુષ બાણ ગ્રહણ કરી, ચોર લોકોની પાછળ દોડી, તેમને ઠાર કરી; ગાયો બ્રાહ્મણને સ્વાધીન કરી. પછી યુધિષ્ઠિરપાસે આવી કહ્યું કે "મેં આપણો ઠરાવ ત્રોડ્યો છે માટે હું બાર વર્ષસુધી વનમાં રહેવા જવાની આજ્ઞા માગું છું." યુધિષ્ઠિરે કહ્યું કે "હું તેને માટે ક્ષમા કરૂંછું. મોટો ભાઇ સ્ત્રીપાસે બેઠો હોય ત્યાં નાના ભાઇના જવાથી કશો ધર્મનો લોપ થતો નથી. માટે તારે વનમાં ન જવું" અર્જુન બોલ્યો કે "ધર્મ પાળવામાં કોઇ જાતનો પ્રપંચ ગોઠવી બારી શોધવી નહિ એમ મેં તમારે મોહોડેથીજ સાંભળ્યું છે. હું મારાં આયુધોના સોગન ખાઇને કહુંછું કે હું સત્યથી ચલાયમાન થઇશ નહિ." એમ કહી બાર વર્ષસુધી વનવાસની દીક્ષા લઈ અર્જુન ઇંદ્રપ્રસ્થમાંથી ચાલી નીકળ્યો. તેની સાથે બ્રાહ્મણવગેરે કેટલાએક લોકો પણ તીર્થયાત્રા કરવાસારૂ નીકળ્યા.

કેટલેક દિવસે અર્જુન હરિદ્વારમાં પહોંચ્યો. ત્યાં એક દિવસ સાયંકાળે ગંગામાં સ્નાન કરી જળમાંથી બહાર નિકળતાં કામાતુર થયેલી ઉલૂપી નામની નાગકન્યા અર્જુનને નાગલોકમાં ખેંચી ગઇ અને ત્યાં જઇ તેણે અર્જુનને કહ્યું કે "હું તમારે વાસ્તે કામાતુર થયેલી છું માટે મારો કામ શાંત કરો." અર્જુને કહ્યું કે "મારે બાર વર્ષસુધી બ્રહ્મચર્યનો નિયમ છે માટે તેમ કેમ બને ?" ઉલૂપી બોલી કે "વનવાસ થવાનું જે કારણ છે તે હું જાણુંછું. દ્રૌપ-

દીના સંબંધમાંજ તમને બ્રહ્મચર્ય છે માટે મારો સમાગમ કરવામાં તમને કશો બાધ નથી. જો મારી ઇચ્છા પૂર્ણ નહિ કરો તો હું હમણાંજ પ્રાણત્યાગ કરીશ. હું શરણાગત છું."

ઉલૂપીનાં આવાં વચન સાંભળી, શરણાગતના રક્ષણરૂપ ધર્મનું રક્ષણ કરવા અર્જુને એક રાત્રિ તેની સાથે રહી પ્રભાતમાં પાછો હરિદ્વાર આવી બ્રાહ્મણોપાસે સઘળી બીના કહી સંભળાવી. પછી ત્યાંથી હિમાલયમાં ગયો. ત્યાં સઘળાં તીર્થોની યાત્રા કરી બ્રાહ્મણોને ઘણાં દાન તથા દક્ષિણા દીધી. ત્યાંથી પૂર્વ દિશામાં પ્રવાસ કરી યાત્રા કરી. તેણે ત્યાંથી પોતાની સાથેના કેટલાએક બ્રાહ્મણોને પાછા વાળ્યા. થોડાક સહાયોને સાથે લઇ મહેંદ્રાચલનાં દર્શન કરી, સમુદ્રકિનારે ફરતાં ફરતાં અર્જુન મણિપુર નામના નગરમાં આવી પહોંચ્યો. ત્યાં ચિત્રવાહન નામના રાજાને મળી તેની ચિત્રાંગદા નામની કન્યાનું પોતાને વાસ્તે માગું કર્યું. પોતે અપુત્ર હોવાથી ચિત્રાંગદાથી જે પુત્ર થાય તે મણિપુરના રાજ્યનો વારસ થાય એવા ઠરાવથી તેણે અર્જુનને ઉત્તમ કુળનો જાણી પોતાની કન્યા પરણાવી. અર્જુન મણિપુરમાં ત્રણ વર્ષ રહ્યો. ચિત્રાંગદાને અર્જુનથી "બભ્રુવાહન" નામનો પુત્ર થયો. ત્યાર પછી ચિત્રવાહનની રજા લઈ અર્જુન દક્ષિણની યાત્રા કરી પાછો મણિપુરમાં આવ્યો. અર્જુને ચિત્રાંગદાને કહ્યું કે "હમણાં તમે અહીંજ રહો, અને આ પુત્રનું પાલન કરો. તમારા જેઠ યુધિષ્ટિર રાજસૂય યજ્ઞ કરવાના છે, તે પ્રસંગપર તમારા પિતાસાથે તમે ઇંદ્રપ્રસ્થ આવજો." આ પ્રમાણે કહી માંડમાંડ ચિત્રાંગદાની સંમતિ લઈ અર્જુન ગોકર્ણેશ્વર નામનું તીર્થ કરી પ્રભાસમાં આવ્યો. અર્જુન પ્રભાસમાં આવ્યા છે એવી દ્વારકામાં ખબર થતાં, શ્રીકૃષ્ણ, અર્જુનને મળવા આવ્યા. પરસ્પર મળી કુશળ સમાચાર પૂછી શ્રીકૃષ્ણે યાત્રાનું કારણ પૂછ્યું, તેથી અર્જુને સઘળી હકીકત કહી. ત્યાંથી બન્ને મિત્રો ગિરનારપર રાત્રિ રહેવા આવ્યા. ત્યાં અગાઉથી કહેવરાવ્યાપ્રમાણે ભોજન તથા શયનની તૈયારી કરી રાખી હતી, ત્યાં વિનોદસહિત રાત્રિ રહ્યા. પછી પ્રભાતમાં સુવર્ણના રથમાં બેસી બન્ને જણ દ્વારકામાં આવ્યા. અર્જુનના આવવાથી દ્વારકામાં મોટી ધામધૂમ કરવામાં આવી. સર્વ લોકોએ અર્જુનનો ઘણો સત્કાર કર્યો. અર્જુન શ્રીકૃષ્ણના ઘરમાં ઘણા દિવસ રહ્યા. પ્રતિવર્ષના નિયમ પ્રમાણે ગિરનાર પર્વતપર યાદવ લોકોના ઉત્સવનો દિવસ આવ્યો, ત્યારે ત્યાં મોટો ઉત્સવ કરવામાં આવ્યો.

બ્રાહ્મણ ભોજન અને નાચ તમાસાની ધામધૂમ થવા લાગી. કુમાર અને કુમારિકાઓ ઉત્તમ વસ્ત્રાભૂષણ ધરી ફરવા લાગ્યાં. શ્રીકૃષ્ણ અને અર્જુન સાથેજ ફરવા લાગ્યા. ફરતાં ફરતાં શ્રીકૃષ્ણનાં બેહેન સુભદ્રા અર્જુનની દૃષ્ટિએ પડ્યાં, સુભદ્રાને જોતાં અર્જુન કામાતુર થયો અને શ્રીકૃષ્ણે તેના મનનો અભિપ્રાય જાણી લીધો. અર્જુને પોતાના મિત્ર શ્રીકૃષ્ણને તેજ વખતે કહ્યું કે "તમારી બેહેન સુભદ્રા મને પરણાવો તો સારૂં. હું તેને માટે કહો તે ઉપાય કરૂં." શ્રીકૃષ્ણે કહ્યું કે "ક્ષત્રિયોને વાસ્તે સ્વયંવર ઉત્તમ છે, પણ તેમાં કન્યા કોને પસંદ કરશે તે પ્રથમથી જાણી શકાતું નથી. બલાત્કારથી કન્યાનું હરણ કરવું એ પણ ક્ષત્રિયોને વાસ્તે અધર્મનો પક્ષ નથી, માટે તમારાથી બની શકે તો તે પ્રમાણે કરો."

શ્રીકૃષ્ણે તથા અર્જુને આ પ્રમાણે ગોઠવણ કરી ઇંદ્રપ્રસ્થ માણસ મોકલી મોટા ભાઈ મહારાજા યુધિષ્ઠિરની સંમતિ મગાવી. અર્જુન શ્રીકૃષ્ણનાજ રથમાં બેસી, મૃગયાનો મિષ કરી, દૂર જઇ ગિરનારમાંથી સુભદ્રાનું હરણ કરી, ઇંદ્રપ્રસ્થ તરફ ચાલતો થયો. આ ખબર દ્વારકામાં પહોંચતાં સર્વે યાદવો અર્જુનની પછવાડે પડવા હથિયાર લઈ તૈયાર થયા. શ્રીકૃષ્ણે તરતજ દ્વારકામાં જઈ યાદવોને કહ્યું કે "આમાં અર્જુને આપણા કુટુંબનું અપમાન કર્યું નથી, ઉલટું માન વધાર્યું છે. અર્જુનના ઘરમાં આપણી કન્યા જાય એતો આપણી ચડતી દશા સમજવી જોઇએ; તમો લડાઇ કરવા ધારશો તોપણ મહાપરાક્રમી અર્જુનઆગળ તમે બધા નિષ્ફળ જશો; એટલામાટે અર્જુનને પ્રીતિપૂર્વક પાછા વાળી લાવો અને અહિં તેનો વિવાહ કરવાની ગોઠવણ કરો; જો અર્જુન તમારો પરાજય કરીને જશે તો તમારી લાજ જશે. માટે વિરોધમાં ન ઉતરતાં સમાધાનીમાં ઉતરવું એજ સારૂં છે."

આ પ્રમાણે શ્રીકૃષ્ણે સર્વે યાદવોને શાંત પાડી માણસો મોકલી અર્જુનને પાછા બોલાવ્યા અને તેની સાથે સુભદ્રાનો વિવાહ ધામધૂમથી કર્યો. સુભદ્રાસાથે વિવાહ થયા પછી અર્જુન એક વર્ષ દ્વારકામાં રહ્યો અને પછી બાર વર્ષમાં જે દિવસો બાકી હતા તે પુષ્કર ક્ષેત્રમાં ગાળી ઇંદ્રપ્રસ્થ આવ્યો. ત્યાં આવી માતુશ્રીને તથા યુધિષ્ઠિર રાજાને પ્રણામ કરી બ્રાહ્મણોનું પૂજન કરી, દ્રૌપદીપાસે જતાં તેણે સ્નેહપૂર્વક કહ્યું કે "હવે તમારો મારાપરનો સ્નેહ શિથિલ થયો છે માટે સુભદ્રાપાસે રહો." આવાં વચન સાંભળી અર્જુને દ્રૌપદીની ઘણી સાંત્વના કરી, ક્ષમા માગી, સુભદ્રાને ગોવાળણ જેવો વેષ પહેરાવી દ્ર-

બારમાં મોકલ્યાં, કે જેથી દ્રૌપદીના મનમાં તેનાપર પોતાની બરોબરી કર્યાનો દ્વેષ ઉત્પન્ન ન થાય. સુભદ્રાએ અંતઃપુરમાં જઇ કુંતીજીને પ્રણામ કરી, તેમનાં આશીર્વચન લીધાં, ત્યાંથી દ્રૌપદીપાસે જઇ તેને પ્રણામ કરી કહ્યું કે "હું તમારી દાસી છું." આ પ્રમાણે થતાં સુભદ્રા અને દ્રૌપદી પરસ્પર સ્નેહથી વર્તવા લાગ્યાં.

અર્જુન તથા સુભદ્રાનું ઇંદ્રપ્રસ્થમાં આગમન થયા પછી શ્રીકૃષ્ણ તથા બલભદ્ર વગેરે યાદવોએ ત્યાં આવી ઘણી સેના, રત્ન, સુવર્ણ, પશુ, માણસો તથા વસ્ત્ર પાંડવોને પહેરામણીમાં તથા સુભદ્રાને દાયજામાં આપ્યાં. યુધિષ્ઠિરે પણ યાદવોને ઘણા દિવસ રોકી તેમનો ઘણો સત્કાર કર્યો. ત્યાર પછી તેઓ યુધિષ્ઠિરની રજા લઇ દ્વારકાં ગયા, પણ શ્રીકૃષ્ણ અર્જુનના સ્નેહને લીધે ત્યાં રોકાણા અને અર્જુનની સાથે યમુનાને કિનારે મૃગયાવગેરે વિનોદ કરવા લાગ્યા. કેટલેક મહિને સુભદ્રાને અભિમન્યુ નામનો પુત્ર આવ્યો. અભિમન્યુના જન્મસમયે યુધિષ્ઠિરે બ્રાહ્મણોને દશ હજાર ગાયો તથા દશ હજાર સુવર્ણમાળાનાં દાન આપ્યાં. સિંહસમાન પરાક્રમી, મેઘસમાન ગંભીર નાદવાળો, પૂર્ણિમાના ચંદ્રસમાન મુખવાળો અને શ્રીકૃષ્ણજેવો સદ્‌ગુણી એ અર્જુનનો પુત્ર અભિમન્યુ થોડાજ કાળમાં કદાવર થઇ રહ્યો. તેણે અર્જુન તથા પોતાના મામા શ્રીકૃષ્ણપાસે, સઘળા ધનુર્વેદનો સર્વોત્તમ અભ્યાસ કર્યો. દ્રૌપદીને યુધિષ્ઠિરથી પ્રતિવિંધ્ય, ભીમસેનથી શ્રુતસોમ, અર્જુનથી શ્રુતકર્મા, નકુલથી શતાનીક અને સહદેવથી શ્રુતસેન એ નામના પાંચ મહારથી પુત્રો એક એક વર્ષને અંતરે આવ્યા, અને તેમની જાતકર્મવગેરે સઘળી ક્રિયા ધૌમ્યમુનિએ કરી. એ સઘળા રાજકુમારોએ અર્જુનપાસેથી શસ્ત્રઅસ્ત્રવિદ્યાનો અભ્યાસ કર્યો, અને વેદનું અધ્યયન કર્યું.

પ્રકરણ ૧૧ મું.

ખાંડવ વનનો વિનાશ અને મયસભાની સ્થાપના.

ઈન્દ્રપ્રસ્થમાં રાજધાની કરી, રાજ્ય કરતાં પાંડવોએ ધૃતરાષ્ટ્ર અને ભીષ્મની આજ્ઞાથી ઘણા રાજાઓને વશ કર્યા અને ઘણાં રાજ્યો જીતી રાજ્યમાં વધારો કર્યો. યુધિષ્ઠિરના રાજ્યથી સર્વ લોકોને ઘણો સંતોષ થયો; કારણ કે યુધિષ્ઠિર પ્રજાનું પ્રેમપૂર્વક પાલન કરતા હતા. એક દિવસ અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું કે, "હમણાં ઉષ્ણ કાળ છે માટે ચાલો આપણે યમુનામાં વિહાર કરવા જઇએ, સાંજે પાછા આવીશું." શ્રીકૃષ્ણે કહ્યું કે "મારી પણ એજ ઇચ્છા થઇ છે. માટે ચાલો રાજાની રજા લઇએ." યુધિષ્ઠિરની રજા લઇ બન્ને મિત્રો પોતાના સ્નેહીઓ અને સ્ત્રીઓને સાથે લઈ યમુનાજીના તટપર ગયા. ત્યાં વિહારની અત્યુત્તમ ગોઠવણ કરવામાં આવી હતી, બગીચામાં ફરી ખાનપાનાદિકથી તૃપ્ત થઇ, મનમાનતી રીતે ક્રીડા કરી, કેટલીએક સ્ત્રીઓ બગીચાઓમાં, કેટલીએક લતાગૃહોમાં અને કેટલીએક જળમાં વિહાર કરવા લાગી. આ પ્રમાણે જળક્રીડા ચાલતી હતી તે વખતે શ્રીકૃષ્ણ અને અર્જુન પાસેના એક મનોહર પ્રદેશમાં જઇ બેઠા અને પૂર્વના અનુભવની કેટલીએક વાતો કરવા લાગ્યા.

વાતો કરેછે તેટલામાં તાડના ઝાડજેવડો ઉંચો, તપાવેલ સોનાસરખી કાંતિવાળો, પીંગળી દાઢી મૂછવાળો, અને દગતા સૂર્યજેવો મહા તેજસ્વી એક બ્રાહ્મણ તેમની પાસે આવી ઉભો. બ્રાહ્મણને જોઇ બન્ને મિત્રો તરતજ ઉભા થયા. બ્રાહ્મણે કહ્યું "હું ઘણું અન્ન ખાનાર છું માટે તમો મને એકવાર ખૂબ તૃપ્ત કરો." તેમણે કહ્યું "તમે કયા અન્નથી તૃપ્ત થશો તે કહો." તે બોલ્યો "હું બ્રાહ્મણ નથી પણ અગ્નિ છું, પૂર્વે શ્વેતકી નામના રાજાએ બાર વર્ષ સુધીનો યજ્ઞ આરંભીને મારામાં નિરંતર ઘી હોમ્યા કર્યું તેથી મને રોગ ઉત્પન્ન થતાં, મેં બ્રહ્માને તે વાતનું નિવેદન કર્યું. બ્રહ્માએ મને આજ્ઞા કરી કે 'ખાંડવ નામના વનમાં દૈત્યો તથા બીજાં ક્રૂર પ્રાણી રહેછે તેને બાળીને તેના મેદથી તું તૃપ્ત થશે, ત્યારે તારો રોગ મટશે."

"આવી રીતે બ્રહ્માની સલાહ પ્રમાણે હું ખાંડવ વન બાળવા લાગ્યો પણ આ વનમાં ઇંદ્રનો મિત્ર તક્ષકનાગ રહેછે તેના રક્ષણને વાસ્તે ઇંદ્રે વર્ષાદ વર્ષાવી મને હારી નાખ્યો. મેં બાણીવાર પ્રયત્ન કર્યો તોપણ તેમજ થયું. અંતે નિરાશ થઇને આજ હું તમારો આશ્રય લેવા આવ્યો છું. તમો તમારા અસ્ત્રના બળથી વર્ષાદની ધારા અટકાવી મને આ વનનું ભક્ષણ કરવા આપો." અગ્નિનાં વચન સાંભળી અર્જુને કહ્યું કે "મારી પાસે ઘણાં દિવ્ય અસ્ત્રો છે જેવડે એક ઇંદ્રનું નહિ પણ ઘણા ઇંદ્રોનું પણ નિવારણ કરવા હું સમર્થ છું. પરંતુ મારા હાથનું જોર સહન કરી શકે તેવું ધનુષ મારી પાસે નથી. મને યુદ્ધ કરવા અખૂટ બાણ જોઇએ તે પણ નથી, મારે જોઇએ તેવો રથ પણ નથી અને દિવ્ય ઘોડા પણ નથી. માટે એ સઘળી સગવડ કરી આપો તો હું ઇંદ્રનું નિવારણ કરી શકું. આ શ્રીકૃષ્ણપાસે પણ તેના બળના પ્રમાણનું આયુધ નથી. તેના લાયક જબરૂં આયુધ હોય તો તે પ્રબળ દૈત્યોને પણ મારી શકે." અગ્નિએ અર્જુનને વરૂણદેવપાસેથી ગાંડીવ નામનું પ્રબળ ધનુષ, બાણ ખૂટેજ નહિ એવાં બે ભાથાં અને જેની ધ્વજામાં હનુમાન રહેછે એવો ચાર ઘોડાવાળો દિવ્ય રથ આપ્યો અને શ્રીકૃષ્ણને સુદર્શન નામનું અમોઘ ચક્ર આપ્યું, કે જેથી બ્રહ્માંડનો સંહાર કરવો હોય તોપણ કરી શકાય. ધ્વજામાં રહેનારા હનુમાનની ગર્જનાથી શત્રુઓ બેભાન થઇ જાય એવા રથમાં અર્જુન ગાંડીવ ધનુષ ધારણ કરી સજ્જ થઈ બેઠો અને શ્રીકૃષ્ણ પણ હાથમાં ગદા ધરી પોતાના રથમાં બેસી તૈયાર થયા. પછી તે બન્નેની આજ્ઞા લઇને અગ્નિએ ખાંડવ વન બાળવા માંડ્યું, તે વખતે પ્રલય કાળના જેવો દેખાવ

થઇ રહ્યો. વનમાં પ્રાણીઓ જ્યાં ત્યાં ભાગતાં જોવામાં આવ્યાં. શ્રીકૃષ્ણ તથા અર્જુન પોતાના અસ્ત્રવડે તે પ્રાણીઓને કાપવા લાગ્યા.

ત્રાસથી ઉડેલાં પક્ષીઓ બાણથી કપાઇને પાછાં અગ્નિમાં પડવા લાગ્યાં, જળાશયો તાપથી ખદખદવા લાગ્યા, તેમાંના લાખો જળચર જીવનો સંહાર થવા લાગ્યો, વિનાશ પામતાં પ્રાણીઓના ભયંકર શબ્દો સંભળાવા લાગ્યા અને અગ્નિની જ્વાળા આકાશપર્યંત પહોંચવા લાગી. આ વાતની ઇંદ્રને ખબર પડતાં તે સઘળા દેવતાસાથે ત્યાં આવી ખાંડવ વનમાં વર્ષાદ વર્ષાવવા લાગ્યા. ગાડાંની ધરીજેવી જાડી જળની ધારા પડવા લાગી, વીજળી ચળકવા લાગી અને તેથી અગ્નિનો પરાભવ થવા લાગ્યો. આ ઉપરથી અર્જુને ઘણાં ઘણાં બાણ નાખી ખાંડવ વન ઢાંકી દીધું, કે જેથી તેની અંદર વર્ષાદ પડી શકે નહિ અને કોઇ પ્રાણી વનની બહાર નીકળી શકે નહિ. આ વખતે તક્ષક નાગ કુરૂક્ષેત્રમાં ગયો હતો તેથી ખાંડવ વનમાં તે હાજર નહતો. પણ તેની સ્ત્રી તથા તેનો પુત્ર અશ્વસેન ખાંડવ વનમાં હાજર હતાં. અશ્વસેને અગ્નિમાંથી નિકળવાને ઘણો યત્ન કર્યો પણ અર્જુનનાં બાણથી અટકી જઇ નિકળી શકયો નહિ; તે વખતે તેની મા તેના બચાવમાટે તેને અરધો ગળીને ઉડવા લાગી, તેને અર્જુને બાણવતી મારી નાખી, પણ ઇંદ્રે અર્જુનને પવનના ઝપાટાથી મુંઝવીને અશ્વસેનને બચાવી લીધો. ઇંદ્રની આ ઠગાઇ જોવામાં આવતાં, અર્જુને આકાશમાં ઉડતાં પ્રાણીના બબ્બે ત્રણ ત્રણ કટકા કરી અગ્નિમાં પાડવા માંડયાં અને ઇંદ્રસાથે યુદ્ધ કરવા માંડયું. અર્જુને ઇંદ્રના મેઘાસ્ત્રને વાયવ્યાસ્ત્રથી શાંત કરી નાખ્યુ એટલે અગ્નિ અત્યંત પ્રદીપ્ત થયો અને હજારો પ્રાણીના ચરબીથી તૃપ્ત થવા લાગ્યો. વનમાં રહેનારા કેટલાક દૈત્યો, પિશાચો, નાગો તથા મોટાં મોટાં પક્ષિઓ સામાં થઇ મારવા આવ્યાં તેમને શ્રીકૃષ્ણે પોતાના ચક્રથી અને અર્જુને બાણથી કાપી નાખ્યાં. ઇંદ્રની સહાય કરવા આવેલ યમ તથા કાર્તિકેયસ્વામી વગેરે બીજા દેવતા પણ શસ્ત્રો ફેંકવા લાગ્યા. દેવતાઓને પણ પરાજય પામેલા જોઇ ઇંદ્ર ક્રોધથી પથરાઓ તથા શિખરોની વૃષ્ટિ કરવા લાગ્યો. અર્જુને તે પથરા તથા શિખરોને બાણથી કાપી કાપી નીચે પાડવા માંડયાં, તેથી ખાંડવ વનનાં ઘણાં પ્રાણીઓ ચગદાઇ મુવાં. અર્જુનનું તથા શ્રીકૃષ્ણનું અદ્ભુત પરાક્રમ જોઇ ઇંદ્ર પ્રસન્ન થયા; ઇંદ્રને આકાશવાણી થઈ કે "હે ઇંદ્ર ! તમારો મિત્ર તક્ષકનાગ કુરૂક્ષેત્રમાં ગયો છે, તેથી હમણાં આ વનમાં નથી. શ્રીકૃષ્ણ તથા અર્જુન કોઇથી જીતાય એમ નથી, માટે તમે

પાછા ફરી સ્વર્ગમાં જાઓ." આ પ્રમાણે આકાશવાણી થતાં, ઇંદ્ર સઘળા દેવતાઓસહિત પાછા ગયા, અને શ્રીકૃષ્ણ તથા અર્જુને સિંહનાદ કર્યો. હવે અગ્નિ અત્યંત પ્રદીપ્ત થઇને વન બાળવા લાગ્યો, તેથી દૈત્યનો મોટો કારીગર મયદાનવ તક્ષક નાગના ઘરમાંથી નિકળતો તે અગ્નિના તથા શ્રીકૃષ્ણ અને અર્જુનના જોવામાં આવ્યો. અગ્નિએ મયદાનવનું પણ ભક્ષણ કરવાની પ્રાર્થના કરતાં, મયદાનવને મારવાસારૂ શ્રીકૃષ્ણે પોતાનું ચક્ર ફેરવવા માંડ્યું તે સમયે "હે અર્જુન ! દોડીને મારી રક્ષા કરો" એવો મયદાનવે પોકાર કર્યો. અર્જુને શરણાગતને અભયવચન આપ્યું અને તેનું વચન પાળવામાટે શ્રીકૃષ્ણે પણ તેને છોડી મેલ્યો. આ પ્રમાણે પંદર દિવસસુધી અગ્નિએ ખાંડવ વન બાળ્યું અને તેનો રોગ મટી ગયો. પછી ઇંદ્રે સ્વર્ગમાંથી નીચે આવી અર્જુન તથા શ્રીકૃષ્ણને કહ્યું કે "તમોએ દેવતાથી પણ ન બની શકે એવું અદ્ભુત કામ કર્યું તેથી હું પ્રસન્ન થયો છું. માટે વરદાન માગો." અર્જુને ઇંદ્રપાસેથી સઘળાં અસ્ત્ર માગ્યાં, ઇંદ્રે કહ્યું કે "મહાદેવ તમને પ્રસન્ન થશે ત્યારે હું સઘળાં અસ્ત્ર આપીશ. મહાદેવ ક્યારે પ્રસન્ન થશે તે સમય મારા જાણવામાં છે." શ્રીકૃષ્ણે તો અર્જુનની સાથે અવિચળ પ્રેમ રહેવાનુંજ માગ્યું અને ઇંદ્રે તથાસ્તુ એમ કહ્યું. માંસ, રૂધિર અને મેદથી અત્યંત તૃપ્ત થયેલો અગ્નિ શ્રીકૃષ્ણ તથા અર્જુનનાં વખાણ કરતો કરતો પોતાને ઠેકાણે ગયો અને અર્જુન, શ્રીકૃષ્ણ તથા મયદાનવ એ ત્રણ ભેળા થઇ પાછા યમુનાને કિનારે જઇ બેઠા.

યમુનાને કિનારે બેઠા બેઠા પોતાના પરાક્રમની વાતો કરેછે, તે વખતે મયદાનવે હાથ જોડી અર્જુનને કહ્યું કે "આપે શ્રીકૃષ્ણના ચક્રથી અને અગ્નિથી મારી રક્ષા કરી માટે હું આપનું શું કામ કરી આપું તે મને કહો." અર્જુને કહ્યું કે "મેં તમને જીવિતદાન આપ્યું છે માટે મારાથી તમારી પાસે કશું કામ કરાવી શકાય નહિ, તોપણ જો કાંઇ કામ કરી આપવાની તમારી ઇચ્છાજ હોય તો શ્રીકૃષ્ણનું કાંઇ કામ કરી આપો, એટલે હું મારૂંજ કામ કરી આપ્યું સમજીશ." મયદાનવની પ્રાર્થનાથી શ્રીકૃષ્ણે જરાવાર વિચાર કરી કહ્યું કે "તું દૈત્યોનો મોટો કારીગર છે, માટે યુધિષ્ઠિર રાજાને વાસ્તે એક એવી સભા કરી આપ કે જે મનુષ્ય લોકમાં તો ક્યાંય હોયજ નહિ અને જેમાં દેવ, ગંધર્વ, અસુર તથા મનુષ્ય વગેરે સર્વ લોકોની મનોવૃત્તિઓનો આબેહુબ ચિતાર જોવામાં આવે." મયદાનવે ખુશીથી તે કામ કરી દેવા કબુલ કર્યું, પછી ઇંદ્રપ્રસ્થમાં આવી બન્ને જણાએ મયદાનવનો મહારાજા યુધિષ્ઠિરસાથે

સમાગમ કરાવ્યો અને સર્વ વાત નિવેદન કરી. યુધિષ્ઠિરે મયદાનવનો સારો સત્કાર કર્યો. અને પછી ફરતી દશ હજાર હાથ જમીનમાં દોરી છાંટાવી સભાનું કામ શરૂ કરતાં શુભ દિવસે સભાનું ખાત મુહૂર્ત કરી પાયો નાખ્યો. શ્રીકૃષ્ણ સર્વ સંબંધીઓની રજા લઈ દ્વારકાં ગયા.

મયદાનવે અર્જુનને કહ્યું કે "કૈલાસ પર્વતના ઉત્તર પ્રદેશમાં મૈનાક પર્વતની પાસે બિંદુસર નામનું સરોવર છે. સરોવરના કિનારાઉપર વૃષપર્વા નામના દૈત્યોના રાજાની એક સભા છે તેમાં મેં સઘળી જાતના મણિનાં ચૂર્ણોના રંગો તૈયાર કરીને રાખી મૂકેલા છે તે રંગો લેવ સારૂ હું જાઉં છું; ત્યાં લાખ ગદાનું કામ સારે એવી એક મોટી ગદા છે તે ભીમસેનસારૂ લેતો આવીશ અને દેવદત્ત નામનો મોટો શંખ છે તે તમારે વાસ્તે લેતો આવીશ." એમ કહી મયદાનવ તે વસ્તુઓ લેવાસારૂ ગયો અને થોડાજ કાળમાં તે વસ્તુઓ લઇને પાછો આવ્યો. પછી તેણે યુધિષ્ઠિર રાજાવાસ્તે રત્નોના કિલ્લાવાળી, અત્યંત વિચિત્રતાવાળી, સૂર્યકરતાં પણ વિશેષ પ્રકાશવાળી અને મનુષ્ય લોકમાં સર્વોત્તમ ગણાય તેવી રમણીય સભા બનાવી. એ સભામાં સ્ફટિકના પગથિઆંવાળો, માણિક્યનાં કમળોવાળો, ઇંદ્રનીલમણિથી બાંધેલો અને અત્યંત જળથી ભરપૂર હોવાને લીધે, જેનું જળ સપાટ ધરતીજેવુંજ દેખાય એવો એક સુંદર જળાશય બનાવ્યો કે જે જોઇને જોનારને વ્યામોહ થયાવિના રહેજ નહિ. ચારે બાજુએ ઋતુ ઋતુનાં ફળફુલથી ભરેલા બગીચા બનાવ્યા. વળી એમાં એવી યુક્તિ વાપરી હતી કે તે સભામંડપ જ્યાં લઇ જવો હોય ત્યાં ઉચકી લઇ જવાય. સવાચૌદ માસમાં મંડપ સંપૂર્ણ થયો. યુધિષ્ઠિર રાજાએ મોટી ધામધૂમથી તેમાં વાસ્તુ કરી, બ્રહ્મભોજન કરી અને બ્રાહ્મણોને દક્ષિણાથી તૃપ્ત કરી તેમાં પ્રવેશ કર્યો. એ સભામાં કેટલાએક મોટા મોટા ઋષિઓ, રાજાઓ, ગંધર્વો અને નાગ વગેરે લોકો યુધિષ્ઠિરની સેવા કરવા લાગ્યા.

એક દિવસ પાંડવો તથા બીજા મહાત્મા લોકો તે સભામંડપમાં બેઠા હતા ત્યાં નારદજી પધાર્યા; તેમને જોઈ સર્વ ઉભા રહ્યા. યુધિષ્ઠિર રાજાએ તેમનું યોગ્ય રીતિથી પૂજન કર્યું. નારદજીએ આસનપર બેઠા પછી યુધિષ્ઠિરને પુછ્યું કે "તમે ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરૂષાર્થનું યોગ્ય રીતે સેવન કરોછો ? તમારા સર્વ મંત્રિઓ વ્યસનવગરના, વિદ્વાન અને રાજ્યભક્ત છે ? તમે શયન કરવાનો તથા જાગ્રત થવાનો વખત નિયમિત રાખ્યો છે ? પાછલી રાત્રિએ રાજ્યસંબંધી કામકાજનો વિચાર કરોછો? સઘળા કારભારીઓને

નિર્ભયપણે નહિ રાખવા જોઇએ અને સભય પણ નહિ રાખવા જોઇએ તે પ્રમાણે તમે તેમની સાથે વર્તોછો ? તમારા રાજકુમારો તથા યોદ્ધાઓ સર્વદા શસ્ત્રવિદ્યામાં તત્પર રહે એવી ગોઠવણ રાખી છે ? તમે તમારા સારા મંત્રીઓ-સાથે કરી રાખેલા વિચાર તેનું ફળ થતાં સૂધી બીજા લોકોથી ગુપ્ત રાખોછો ? ધર્મશાસ્ત્ર જાણનારાની સંમતિથી ન્યાયનું કામ ચલાવોછો ? હજારો મૂર્ખોને બદલે એક પંડિતને રાખવાનું ધોરણ રાખોછો ? તમારા સઘળા કિલ્લાઓ ધન, ધાન્ય, જળ, આયુધ, યોદ્ધા અને મંત્રિથી ભરપૂર રાખોછો ? સારા સારા શાસ્ત્રીઓ, જ્યોતિર્વેત્તાઓ તથા વૈદ્યોને મોટા માનસહિત રાખોછો ? મંત્રીઓ પ્રજાને કોઈ પણ પ્રકારે લૂટી ખાય નહિ તથા ઉગ્ર દંડથી દંડે નહિ તેનો તપાસ રાખોછો ? સેનાવાળાઓનો પગાર ચડાવી ન દેતાં વખતસર આપોછો ? સઘળા યોદ્ધા તમારે વાસ્તે પોતાનાં પ્રાણ આપે એવા વફાદાર છે ? જેઓ તમારે વાસ્તે મુવા કે કષ્ટ પામ્યા હોય તેમનાં બાલબચ્ચાંનું યોગ્ય રીતે પોષણ કરોછો ? શરણે આવેલાનું પુત્રની પેઠે પાલન કરોછો? જે કોઇ તમારી ઉપરના પ્રેમને લીધે મોટું કામ કરી આવે તેની યોગ્ય કદર કરોછો ? મદ્યપાન, સ્ત્રી લંપટપણું,મૃગયા કે બીજી રમત ગમ્મતમાં અનાસક્તિ રાખો-છો ? તમારી ખાવા પીવાની કે સ્પર્શ કરવાની કે સુંઘવાની વસ્તુનું તમારા વિશ્વાસપાત્ર સેવકો બરાબર રક્ષણ કરેછે ? ખજાનો, કોઠાર, વાહનો, આયુધ, ઉપજ અને ખર્ચ એ બધાનો બરાબર હિસાબ રાખવામાં આવેછે ? જ્ઞાતિ-ઓનો, ગુરૂઓનો, વૃદ્ધોનો, વેપારીઓનો અને આશ્રિત લોકોનો સર્વદા યોગ્ય રીતે સત્કાર કરોછો ? નિર્ધન લોકોને ધન ધાન્ય આપી તેમનાં કષ્ટ કાપો-છો ? દોષ જોવામાં આવે તોપણ સારા નોકરોને તેમના અધિકારઉપરથી ભ્રષ્ટ તો નથી કરતા ? દેશમાં વર્ષાદ ન થાય તોપણ ધાન્યની તંગી ન થાય એવી ગોઠવણ તળાવ અને નહેરોથી કરોછો ? ખેડુતો કરજદાર ન થઈ જાય અને થઇ ગયા હોય તોપણ તેઓને બીજની, ખાવામાટે અન્નની તથા ખેડના ઓજારોની અડચણ ન આવે તેની તજવીજ રાખોછો ? મહાલોને શહેર-જેવા, ગામડાંને મહાલોજેવાં અને નેસોને ગામડાંજેવા રાખોછો ? દેશમાં લુટફાટ ન થાય તેને માટે ચોકી પહેરાનો પૂરતો બંદોબસ્ત રાખોછો? સ્ત્રીઓનું સારી રીતે રક્ષણ કરવું પણ તેમની વાતપર વિશ્વાસ ન રાખવો, તથા તેમની પાસે ગુહ્ય વાત ન કરવી એ વાત ધ્યાનમાં રાખોછો ? કોઈ ભૂંડી વાત સાંભળ્યા છતાં પણ અંતઃપુરમાં જઇ સુઈ રહેવાની ટેવ તો નથી

રાખી ? તમારા શરીરનું રક્ષણ કરવાવાસ્તે રાતાં વસ્ત્રો તથા ખુલ્લી તરવારવાળા યોદ્ધાઓ તમારી આસપાસ રાખોછો ? શરીરના ઉપદ્રવને યોગ્ય ઔષધથી અને મનના ઉપદ્રવને મહાત્માઓની સેવાથી શાંત કરોછો ? તમારા તાબાના રાજાઓમાં પરસ્પર ગડબડ ન ઉઠે એવી ગોઠવણ રાખી છે ? અપરાધી છુટી ન જાય અને નિરપરાધી ફસાઇ પડે નહિ એવી યુક્તિ રાખોછો ? તથા નિદ્રા, આલસ્ય, દીર્ઘસૂત્રપણું, સ્વચ્છંદપણું અને નીચ પુરૂષનો સમાગમ એટલી વસ્તુથી દૂર રહોછો ?

ઉપર પ્રમાણે નારદજીનાં પ્રશ્નો સાંભળી યુધિષ્ટિર બોલ્યા કે "આપ યથાર્થ કહોછો. આપના કહ્યાપ્રમાણે ચાલવું એ તો મહાત્મા રાજાથી બની શકે. હું મારાથી બને તેટલું કરૂંછું. આપે શિખામણ આપી મારી બુદ્ધિ વધારી તો હવેથી હું ધારૂંછું કે, ચાલતી પદ્ધતિમાં પણ વિશેષ સંભાળ રાખીને વર્ત્તીશ."

પછી યુધિષ્ટિર રાજાએ પોતાની સભાના સર્વ ભાગ નારદજીને બતાવીને પૂછ્યું કે "આપ બ્રહ્માએ બનાવેલાં સર્વ ભુવનમાં ફરનારા છો તેથી પૂછુંછું કે, આ સભાજેવી અથવા તેથી અધિક સારી કોઇ સભા આપના જોવામાં આવી છે?" નારદજી બોલ્યા કે "મનુષ્ય લોકોમાં તો આપની આ સભા જેવી કોઇ સભા મારા જોવામાં કે સાંભળવામાં આવી નથી. તમારી સભામાં મને દિવ્ય સભાનો આભાસ થાયછે. હું ધર્મ રાજાની સભામાંથી હમણાંજ આવુંછું. તમારા પિતા પાંડુ રાજાને મેં દીઠા હતા." યુધિષ્ટિરે પૂછ્યું "માહારા પિતાજીએ આપને કંઇ સમાચાર કહ્યા હોય તો કૃપા કરી કહો." નારદજી બોલ્યા કે "હરિશ્ચંદ્ર રાજા રાજસૂય યજ્ઞ કરવાના પ્રભાવથી ઇંદ્રની સભામાં અપૂર્વ સુખ ભોગવેછે એવું જાણવામાં આવવાથી તમારા પિતાએ પોતાને પણ ઇંદ્રલોકની પ્રાપ્તિને માટે તમને રાજસૂય યજ્ઞ કરવાની ભલામણ કરવાનું મને કહ્યું છે. જો તમે રાજસૂય યજ્ઞ કરશો તો તમને તથા તમારા પિતા વગેરે પૂર્વજોને પણ ઇંદ્રલોકની પ્રાપ્તિ થશે. પરંતુ એ યજ્ઞમાં ઘણાં વિઘ્ન પડવાનો સંભવ છે તથા યુદ્ધથી રાજાઓનો મોટો ક્ષય થવાનો સંભવ છે, માટે એ કામ બહુજ વિચારીને કરવાનું છે. હવે હું દ્વારકા જવામાટે આપની રજા લઉંછું." એમ કહી નારદજી ત્યાંથી પધારી ગયા.

પ્રકરણ ૧૨ મું.

રાજસૂય યજ્ઞ.

નારદ મારફત પિતાએ મોકલેલા સમાચાર ઉપરથી યુધિષ્ઠિર રાજાનું ચિત્ત રાજસૂય યજ્ઞ કરવાના વિચારમાં રોકાયું. તેણે પોતાના ભાઇઓ અને મંત્રીઓને ભેળા કરી વારંવાર એજ વાત પૂછવા માંડી. સહુએ તે યજ્ઞ કરવામાં સંમતિ આપી જણાવ્યું કે, "આપ રાજસૂય યજ્ઞ કરવાને શક્તિમાન અને યોગ્ય છો." વ્યાસ તથા ધૌમ્યમુનિએ પણ યજ્ઞ કરવાની સલાહ આપી. આવા કામમાં શ્રીકૃષ્ણની સલાહ જરૂર લેવી જોઇએ, એવા વિચારથી દ્વારકામાં એક દૂત મોકલી શ્રીકૃષ્ણને ઉતાવળથી તેડાવી યુધિષ્ઠિરે તેમને પૂછ્યું કે "રાજસૂય યજ્ઞ કરવાની મારી ઇચ્છા છે, પણ તે યજ્ઞ કેવળ ઇચ્છાથીજ પાર પડે તેમ નથી એ આપ જાણોછો. જેને સર્વ પ્રકારની સગવડ હોય અને જે સર્વ રાજાઓનો અધિપતિ હોય અને સર્વથી માન પામતો હોય તેનાથીજ રાજસૂય યજ્ઞ થઇ શકેછે. મારા સર્વ સ્નેહીઓ મને તે યજ્ઞ કરવાની સલાહ આપેછે પણ તે બાબતનો નિશ્ચય આપની સલાહ ઉપર આધાર રાખેછે. કેટલાએક લોક સ્નેહને લીધે કાર્યની અડચણ ન જોતા હોય, કેટલાએક પોતાના સ્વાર્થસારૂજ સારૂં બોલતા હોય અને કેટલાએક પોતાના

મનમાં ઠસેલી બાબતનો લાંબો વિચાર કર્યા વિના બોલતા હોય એવો સંભવ છે માટે મેં તો આપની સલાહઉપર આધાર રાખ્યો છે." શ્રીકૃષ્ણ બોલ્યા કે "મહારાજ ! આપ સર્વ ગુણથી રાજસૂય યજ્ઞ કરવાને યોગ્ય છો પરંતુ આ વિષયમાં મારે કંઇક કહેવાનું છે. હમણાં ઘણા ઘણા રાજાઓએ મળી જરાસંધને સર્વોપરિ રાજા ઠરાવ્યો છે. આ જરાસંધ બળવત્તર રાજા છે, શિશુપાળ તેનો સેનાપતિ થયો છે અને ભગદત્ત, મિથ્યાવાસુદેવ, પૃથ્વીના ચોથા ભાગનો અધિપતિ મારો સસરો ભીષ્મક રાજા તથા શાલ્વ આદિ બીજા ઘણા રાજા જરાસંધના પક્ષમાં છે. તમારા પક્ષમાં તો કેવળ તમારો મામોજ છે. જ્યારે મેં જરાસંધના જમાઇ કંસને માર્યો ત્યારે જરાસંધ મોટી સેના લઇ અમારી ઉપર ચઢી આવ્યો હતો. તેના ત્રાસથી અમારે મથુરાં છોડી દ્વારકામાં નિવાસ કરવો પડયો છે. અમારા મૂળ ગરાશની પૃથ્વી જરાસંધે લઇ લીધી છે, એ વાત અમને મનમાં બહુ ખટક્યા કરેછે. એ જરાસંધ જ્યાંસુધી જીવતો છે ત્યાં સુધી તમારાથી રાજસૂય બનવો અશક્ય છે. જરાસંધે લડવા તૈયાર થયેલા કેટલાએક રાજાઓને કેદ કરી રાખ્યા છે. માટે જો તમારે રાજસૂય યજ્ઞ કરવાની ઇચ્છા હોય તો પ્રથમ એ રાજાને મુક્ત કરવાનાં બહાનાંથી જરાસંધને મારવાનો પ્રયત્ન કરો. સૈન્ય લઇ યુદ્ધ કરવા જવાથી તેને કોઈ પણ રીતે પહોંચી શકાય તેમ નથી; માટે મારી સલાહ એવી છે કે કોઇ પણ પ્રકારે તેની સાથે જાતે યુદ્ધ કરવાનું માગી લઇ તેને મારવો. હું, ભીમસેન અને અર્જુન એ ત્રણે જણ તેના નગરમાં જઈ તેને રૂબરૂ મળીને યુદ્ધની માગણી કરીશું તો હું ધારૂં છું કે, જરાસંધ ભીમસેનને પોતાનો વડીઓ જાણી તેની સાથે દ્વંદ્વયુદ્ધ કરવાનું સ્વીકારશે અને જો ભીમસેનસાથે યુદ્ધ કરશે તો તે તેને મારશે. હું યુક્તિ ગોઠવીશ અને ભીમસેન બળ વાપરશે અને અર્જુન અમારૂં બન્નેનું રક્ષણ કરશે, એટલે એ કામ પાર પડ્યા વિના રહેશે નહિ. જો આપને મારાપર વિશ્વાસ હોય તો ભીમસેન તથા અર્જુનને મને સોંપો."

ઉપર પ્રમાણે શ્રીકૃષ્ણનાં વચન સાંભળી તથા ભીમસેન અને અર્જુનને ઉત્સાહવાળા જોઈ યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણને કહ્યું કે "તમારો અવિશ્વાસ મને કેમજ હોય ? તમેજ અમારા ધણી છો, અને અમે તમારા આશ્રિત છીએ, માટે આ કામ તુરત પાર પડે તેમ કરો."

આ પ્રમાણે યુધિષ્ઠિર રાજાની આજ્ઞા થતાં ત્રણે જણ બ્રહ્મચારીનો વેષ લઇ મગધ દેશમાં જરાસંધના ગિરિવ્રજ નામના નગરમાં ગયા, તેજ સમયે

જરાસંધના આશ્રિત બ્રાહ્મણોના જોવામાં કેટલાંએક અપશકુનો આવ્યાં, તેની તેમણે જરાસંધને ચેતાવીને શાંતિ કરી. પેલા ત્રણે જણ બ્રહ્મચારીને વેષે જરાસંધના શેહેરમાં દાખલ થયા અને એક માળીપાસેથી બલાત્કારે પુષ્પો લઇ જરાસંધના દરબારમાં ગયા. તે દિવસે જરાસંધે અપશકુનોની શાંતિસારૂ ઉપવાસ કર્યો હતો, અને તેથી બ્રહ્મચારીઓને યોગ્ય સત્કાર કરી, આવવાનું કારણ પૂછ્યું. શ્રીકૃષ્ણ બોલ્યા કે "મહારાજ ! મારી સાથેના આ બે બ્રહ્મચારીઓને મધ્ય રાત્રિ પછી બોલવાનો નિયમ છે માટે તે સમયે તમે અમારી પાસે આવજો. એટલે અમો અહિં આવવાનું કારણ કહીશું." જરાસંધે એ ત્રણે બ્રહ્મચારીને યજ્ઞશાળામાં ઉતારો આપ્યો. બ્રાહ્મણની આજ્ઞા હોય તો મધ્યરાત્રિએ પણ તેની પાસે જવું એવો જરાસંધનો નિયમ હતો તેથી તે ઉપરપ્રમાણે તેમની પાસે આવ્યો અને નીચે પ્રમાણે કહ્યું.

"તમારા સહુના હાથમાં ધનુષ્યની દોરીના કણ પડેલા જોવામાં આવેછે તેથી તમે બ્રાહ્મણ જણાતા નથી. માટે સાચું બોલો કે તમે કોણ છો અને કેમ આવ્યા છો ? મારો કશો ભય ન રાખતાં તમે માળીપાસેથી બલાત્કારે પુષ્પ લીધાની વાત પણ મારા જાણવામાં આવી છે."

"શત્રુના નગરમાંથી બલાત્કારે પુષ્પો લેવામાં આવે તો શત્રુને જીતી શકાય એમ શાસ્ત્રનો લેખ છે."

"તમારી સાથે મેં કયારે વૈર કર્યું હતું એ મારા સ્મરણમાં નથી. હું તો પોતાને નિરપરાધી માનુંછું."

"તમે ઘણા રાજાઓને કેદ કર્યા છે અને તેમને ભૈરવના બલિદાનરૂપ કરવાને ઇચ્છોછો તે છતાં તમે પોતાને નિરપરાધી કેમ માનોછો ? હું કૃષ્ણ છું, આ ભીમસેન છે અને આ અર્જુન છે. તમો, ત્રણમાંથી એકની સાથે મલ્લયુદ્ધ કરો અથવા કેદ કરેલા રાજાઓને છોડી મેલો એ અમારી માગણી છે."

ઉપર પ્રમાણે શ્રીકૃષ્ણનું બોલવું સાંભળી અભિમાની જરાસંધે ભીમસેનસાથે મલ્લયુદ્ધ કરવાનું સ્વીકારી લીધું અને પોતાના સહદેવ નામના પુત્રનો રાજ્યાભિષેક કરી દીધો. બન્ને મલ્લો અખાડામાં ઉતર્યા. ગામના સર્વ લોકો તે યુદ્ધ જોવા આવ્યા. આ યુદ્ધ કાર્તિક માસના પ્રથમ દિવસથી છેક

ત્રયોદશીસુધી *રાત્રિ દિવસ અવિચ્છિન્ન ચાલ્યા કર્યું. ચતુર્દશીની રાત્રિએ જરાસંધ થાકીને કાંઇક હઠતો જોવામાં આવતાં ભીમસેનને ચેતવવામાટે ચતુરાઇથી શ્રીકૃષ્ણે કહ્યું કે "હે ભીમસેન ! થાકેલા શત્રુને બહુ દબાવવો ન જોઇએ, કારણ કે જો સંપૂર્ણ દબાવવામાં આવે તો મરીજ જાય." ભીમસેને આ ઉપરથી યોગ્ય સૂચના મળતાં, જરાસંધને ઉપાડી ફેરવી ધરતીપર પછાડ્યો અને એ ગોઠણવતી તેની પીઠ ભાંગી નાખી, પછી એક પગ હાથમાં પકડી બીજો પગ પોતાના પગથી દબાવી, તેના શરીરના ગુદાથી બે ઉભા ચીરા કરી નાખ્યા તથા મોટો સિંહનાદ કર્યો. ત્યારપછી જરાસંધના શબને ત્યાંજ છોડી દઈ શ્રીકૃષ્ણ, અર્જુન તથા ભીમસેને, જરાસંધના રથમાં બેસી રાજાઓના કેદખાનાઆગળ આવી, સર્વ રાજાઓને છુટા કર્યા. ત્યાંથી નગર બહાર આવ્યા. ત્યાં ગામના લોકોએ આવી તેમનો સત્કાર કર્યો; પછી બંધનથી મુક્ત થયેલા રાજાઓએ કહ્યું કે "તમે અમોને જીવિતદાન આપ્યું માટે જેમ કહો તેમ કરવા તૈયાર છીએ." શ્રીકૃષ્ણે કહ્યું કે "યુધિષ્ઠિર રાજા રાજસૂય યજ્ઞ કરવાના છે, તે કામમાં તમારે તેમને સહાયતા આપવી." રાજાઓએ એઆજ્ઞા માથે ચડાવી શ્રીકૃષ્ણનું પૂજન કર્યું.

આ વખતે જરાસંધના પુત્ર સહદેવે પણ પોતાના પુરોહિત તથા મંત્રીઓ સહિત ત્યાં આવી શ્રીકૃષ્ણને નમન કર્યું. શ્રીકૃષ્ણે તેને અભય વચન આપી તેના પિતાનું રાજ્ય સોંપ્યું. પછી સઘળા રાજાઓને સાથે તેડી ઘણાં રત્નોસહિત ત્રણે જણાઓએ ઇંદ્રપ્રસ્થમાં આવી યુધિષ્ઠિર રાજાને તે વૃત્તાંત કહી સંભળાવ્યું કે જેથી તે બહુ પ્રસન્ન થઈ શ્રીકૃષ્ણનો મોટો ઉપકાર માનવા લાગ્યા. સાથે આવેલા રાજાઓ કેટલાએક દિવસ સુધી ઈંદ્રપ્રસ્થમાં રહ્યા, અને યુધિષ્ઠિર રાજાના હાથથી સત્કાર પામી તેની આજ્ઞા લઈ સહુ પોતપોતાના દેશમાં ગયા. અને શ્રીકૃષ્ણ પણ §દ્વારકાં પધાર્યા.

* કેટલાંએક પુસ્તકોમાં એમ લખ્યું છે કે "ભીમસેન અને જરાસંધે ૨૭ દિવસ યુદ્ધ કર્યું. પણ તેઓ માત્ર દિવસનું યુદ્ધ કરતા અને રાત્રિએ સગા ભાઇઓની પેઠે સાથે જમતા તથા સુઇ રહેતા.

§ જરાસંધને મારી રાજસૂય યજ્ઞ સમાપ્ત કર્યાપછીજ શ્રીકૃષ્ણ દ્વારકાં પધાર્યા છે એમ કેટલાંએક પુરાણમાં લખ્યું છે.

ત્યાર પછી યુધિષ્ઠિર રાજાએ યોગ્ય મુહૂર્તમાં સ્વસ્તિવાચનવગેરે ક્રિયા કરાવી, અર્જુનને ઉત્તરમાં, ભીમસેનને પૂર્વમાં, સહદેવને દક્ષિણમાં અને નકુલને પશ્ચિમમાં દિગ્વિજય કરવાસારૂ મોકલ્યા. અર્જુને ભગદત્તવગેરે કેટલાએક રાજાઓને યુદ્ધ કરી નમાવ્યા અને કેટલાએક તો યુદ્ધ કર્યાવિનાજ નમ્યા. ભીમસેને પૂર્વ દિશામાં સુધર્મા તથા બૃહદ્‌બલ આદિ રાજાઓને વશ કર્યા, શિશુપાલ આદિ રાજાઓ તો સ્નેહથીજ વશ થયા. સહદેવે દક્ષિણમાં દંતવક્ત્ર તથા નીલ આદિ રાજાઓને તાબે કર્યા. અને કેટલાએક શરણે આવ્યા. તેજ પ્રમાણે નકુલે પશ્ચિમમાં જય મેળવ્યો. આ પ્રમાણે ચારે ભાઇઓ દિગ્વિજય કરી ઘણાં રત્નો તથા ઘોડા લઈ થોડાજ સમયમાં ઇંદ્રપ્રસ્થમાં આવ્યા, તેથી યુધિષ્ઠિર રાજા બહુ પ્રસન્ન થયા. ઇંદ્રપ્રસ્થમાં ઘણો આનંદ વર્ત્તી રહ્યો અને દિવસે દિવસે ધનની વૃદ્ધિ થવા લાગી. એવી રીતે ધન ધાન્ય વગેરે સાધનો પ્રાપ્ત થયેલાં જોઇ, યુધિષ્ઠિર રાજાએ રાજસૂય યજ્ઞ કરવાની તૈયારી કરવા માંડી અને સર્વ સંબંધીઓને નિમંત્રણ મોકલ્યું. આ યજ્ઞમાં શ્રીકૃષ્ણ ઘણું ઘણું ધન લઈ તથા ઘણા ઘણા યાદવોને સાથે તેડી ઇંદ્રપ્રસ્થમાં પધાર્યા. યુધિષ્ઠિરે ઘણા માનથી તેમને ઘરમાં પધરાવી પોતાનો મનોરથ શ્રીકૃષ્ણની કૃપાથીજ સિદ્ધ થયો એમ માન્યું. એક દિવસે યુધિષ્ઠિર રાજાએ સભામાં શ્રીકૃષ્ણને કહ્યું કે “ આપની કૃપાથી સઘળી પૃથ્વી મારે વશ થઇ છે અને મારા ભંડારમાં ધન પણ ઘણુંજ એકઠું થયું છે, હવે એ ધન બ્રાહ્મણોના, યજ્ઞના અને અગ્નિના ઉપયોગમાં આવે એમ મારી ઇચ્છા છે માટે આપ પોતે દીક્ષા લઇને રાજસૂય યજ્ઞ કરો અથવા મને રજા આપો. ”

“ હે મહારાજ ! રાજસૂય યજ્ઞ કરવાના મુખ્ય અધિકારી તમે છો, માટે તમે દીક્ષા લઇને તે યજ્ઞ કરો. મને તો આપે તે સંબંધમાં કામકાજ કરવાની આજ્ઞા કરવી એટલે તે પ્રમાણે હું કરી આપીશ. ”

યુધિષ્ઠિર રાજાએ શ્રીકૃષ્ણની કૃપામાટે ઘણો વિવેક બતાવી ઉપકાર માની સહદેવપાસે યજ્ઞની સઘળી સામગ્રી તૈયાર કરાવી બ્રાહ્મણોને માટે અન્નપાનની સગવડ કરી અને વેદવ્યાસની આજ્ઞા પ્રમાણે સર્વ બ્રાહ્મણોને બોલાવ્યા. ત્યાર પછી વેદવ્યાસ બ્રહ્મા થયા, સુસામા નામના મુનિ ઉદ્‌ગાતા થયા, યાજ્ઞવલ્ક્યમુનિ અધ્વર્યુ થયા અને ધૌમ્ય તથા પૈલ મુનિ હોતા થયા. એ મુનિઓએ પુણ્યાહવાચન કરી સંકલ્પોના ઊહો ગોઠવ્યા અને શાસ્ત્રમાં કહ્યાપ્રમાણે

યજ્ઞભૂમિનું પૂજન કર્યું. શિલ્પી લોકોએ તે સ્થળમાં બ્રાહ્મણો તથા રાજા વગેરેને રહેવામાટે દેવભુવન જેવાં સુંદર ઘર બનાવ્યાં. પછી યુધિષ્ઠિર રાજાની આજ્ઞાથી સહદેવે દેશોદેશમાંથી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રોને બોલાવવાવાસ્તે દૂતો મોકલ્યા. યુધિષ્ઠિર રાજા દીક્ષા લેવાને પોતાના ભાઇઓસહિત યજ્ઞભૂમિમાં પધાર્યા. દેશ દેશમાંથી આવેલા રાજા અને બ્રાહ્મણોમાટે ઉતારાની બહુ સારી સગવડ થવા માંડી. સત્કારસહિત રહેલા બ્રાહ્મણો પ્રસંગ પ્રસંગની ઘણી ઘણી વાર્તા કરવા લાગ્યા અને ભોજન સમયે સુભાષિતનો આનંદયુક્ત કોલાહલ થઇ રહેવા લાગ્યો. જમણવારમાં "જમો જમો" ઇત્યાદિ ધામધૂમના શબ્દો સંભળાવા લાગ્યા. યુધિષ્ઠિર રાજા નિત્ય નિત્ય એક:એક લક્ષ ગાય, શય્યા અને સોનામહોરનાં દાન દેવા લાગ્યા. આ પ્રમાણે યજ્ઞક્રિયા ચાલતી થતાં ભીષ્મ, દ્રોણાચાર્ય, ધૃતરાષ્ટ્ર, વિદુર, કૃપાચાર્ય, દુર્યોધન વગેરે ભાઇઓ અને બીજા સ્નેહીઓને બોલાવવા સારૂ નકુલને હસ્તિનાપુર મોકલ્યો. તેણે ત્યાં જઇ સર્વને આમંત્રણ આપતાં તે સહુ રાજી થઇ અનેક રત્નો લઇ ઇંદ્રપ્રસ્થમાં આવ્યા. શકુનિ, કર્ણ, શલ્ય, બાલ્હીક (શંતનુનો ભાઈ), સોમદત્ત (બાલ્હીકનો પુત્ર), ભૂરિશ્રવા (સોમદત્તનો પુત્ર), અશ્વત્થામા, જયદ્રથ (ધૃતરાષ્ટ્રનો જમાઇ), દ્રુપદરાજા, શાલ્વરાજા, કામરૂદેશનો રાજા ભગદત્ત, મિથ્યા વાસુદેવ, શિશુપાલ, વિરાટ અને કુંતિભોજ ઇત્યાદિ ઘણા ઘણા આર્ય જાતિના તેમજ મ્લેચ્છ જાતિના રાજાઓ, એ યજ્ઞ તથા યુધિષ્ઠિર રાજાની સભા જોવાના ઉત્સાહથી ઇંદ્રપ્રસ્થમાં આવ્યા. યુધિષ્ઠિર રાજાએ સર્વનો યોગ્ય સત્કાર કરી તેમને વાસ્તે ઉત્તમ ઉતારા અને અન્નપાન વગેરેની યોગ્ય ગોઠવણ કરી દીધી. યુધિષ્ઠિરે ભીષ્મ, દ્રોણ તથા ધૃતરાષ્ટ્ર વગેરેની પાસે જઇ વિજ્ઞપ્તિ કરી કે "આ યજ્ઞમાં તમોએ મને સહાયતા કરવી. જે કંઇ મારી પાસે ધન છે તેનો યથેષ્ટ ઉપયોગ કરવાની તમોને છુટ છે". એ પ્રમાણે વિજ્ઞપ્તિ કરીને સહુ સહુને યોગ્ય કામની સોંપણી કરી દુઃશાસનને ભક્ષ્ય ભોજ્યના અધિકાર ઉપર રાખ્યો, અશ્વત્થામાને સરબરા કરવાનું કામ સોંપ્યું, ભીષ્મ તથા દ્રોણને સર્વ ખાતાંઓની દેખરેખ રાખવાનું ઉપરીપણું આપ્યું. કૃપાચાર્યને સુવર્ણ તથા રત્નોની પરીક્ષા કરવાનું તથા દક્ષિણા દેવાનું કામ સોંપ્યું. વિદુરજીને ખર્ચ કરવાનો અધિકાર આપ્યો અને દુર્યોધનને રાજાઓતરફથી મણિ તથા રત્ન વગેરે જે ભેટ આવે તે સંભાળવાનું કામ સોંપ્યું. શ્રીકૃષ્ણ તો ખુશીથીજ બ્રાહ્મણોના ચરણ ધોવાના કામમાં રહ્યા. યુધિષ્ઠિરનું તથા તેની સભાનું દર્શન કરવાની ઇચ્છાથી

આવેલા અનેક લોકોમાં કોઇપણ હજાર સિક્કાથી ઓછી ભેટ લાવ્યા નહોતા. યુધિષ્ઠિરની કૃપા મેળવવામાટે રાજાઓ એક બીજાની સ્પર્ધાથી એક બીજા કરતાં અધિક અધિક ધન ભેટમાં દેવા લાગ્યા. યુધિષ્ઠિરની યજ્ઞભૂમિ સ્વર્ગભૂમિજેવી સુંદર દેખાવા લાગી. દેવતાઓ, બ્રાહ્મણો અને રાજાઓ કદી કોઇપણ સ્થળે ન થયા હોય તેવા તૃપ્ત થયા.

રાજસૂયના અંગરૂપે સોમયાગ કરવાનો દિવસ પ્રાપ્ત થતાં વ્યાસ તથા ભીષ્મ આદિ સર્વ માનનીય પાત્રો યજ્ઞની અંતર્વેદીમાં આવ્યા. વિદ્વાન બ્રાહ્મણો ત્યાં શાસ્ત્રાર્થની ભારે ધામધૂમ કરવા લાગ્યા. સમય પ્રાપ્ત થતાં ભીષ્મે યુધિષ્ઠિર રાજાને કહ્યું કે "અંતર્વેદીમાં આવેલ પ્રત્યેક પ્રતિષ્ઠિત લોકોનું યોગ્ય પૂજન કરો અને તેઓમાં જે સર્વોત્તમ જણાય તેનું પ્રથમ પૂજન કરો." યુધિષ્ઠિરે ભીષ્મને કહ્યું કે 'આ સર્વમાં આપ કોને સર્વોત્તમ માનોછો તે કહો, એટલે તેનું હું પ્રથમ પૂજન કરૂં.' ભીષ્મે કૃષ્ણનું નામ દીધું. એટલે યુધિષ્ઠિરની આજ્ઞાથી સહદેવે શાસ્ત્રરીતિપ્રમાણે શ્રીકૃષ્ણનું પ્રથમ પૂજન કર્યું. શ્રીકૃષ્ણે તે સઘળું પૂજન સ્વીકાર્યું. આ વખતે ચેદિના (ચંદેરીના) શિશુપાલ રાજાથી શ્રીકૃષ્ણનું પ્રથમ પૂજન સહન થયું નહિ અને તેથી તે સભાવચ્ચે નીચે પ્રમાણે બોલ્યો.

"બીજા મહાત્મા પુરૂષો ઘણા બેઠા છે છતાં કૃષ્ણનું પ્રથમ પૂજન કેમ યોગ્ય ગણાય ? હે યુધિષ્ઠિર ! કેવળ સ્વાર્થને લીધે તમે કૃષ્ણની પૂજા કરી તે યોગ્ય કર્યું નથી. હે પાંડવો ! તમે ધર્મ જાણતાજ નથી અને ભીષ્મની તો વૃદ્ધાવસ્થાને લીધે બુદ્ધિજ ફરી ગઇ છે. કૃષ્ણ કંઇ રાજા નથી, તો સઘળા રાજાઓના મધ્યમાં તેનું પૂજન કેમ થઇ શકે ? કૃષ્ણને વૃદ્ધ ગણી તેનું પ્રથમ પૂજન કર્યું હોય તો તેના કરતાં વધારે વૃદ્ધ વસુદેવજી છે. સંબંધી માની તેનું પૂજન કર્યું હોય તો દ્રુપદ રાજા વિશેષ પૂજાને યોગ્ય છે, આચાર્યતરીકે તેનું પૂજન કરવામાં આવ્યું હોય તો દ્રોણાચાર્ય તેનાથી અધિક છે. વિદ્વાન માની કૃષ્ણનું પ્રથમ પૂજન કર્યું હોય તો તેનાથી વધારે વિદ્વાન વેદવ્યાસ પણ અહીં બેઠા છે. ભીષ્મ, અશ્વત્થામા, દુર્યોધન, કૃપાચાર્ય, કર્ણ અને શલ્ય જેવા મહા પ્રતિષ્ઠિત પુરૂષો બેઠા છતાં કૃષ્ણનું કેમ પૂજન કર્યું ? હે યુધિષ્ઠિર ! કૃષ્ણ બ્રાહ્મણ નથી, આચાર્ય નથી તેમ રાજા પણ નથી. એટલું છતાં તેનું પ્રથમ પૂજન કર્યું એ સ્વાર્થને લીધે નહિ તો બીજું શું કહેવું ? તમારે આ રીતે કૃષ્ણનું પ્રથમ

પૂજન કરવાનું હતું ત્યારે આ સર્વ રાજાઓને કેવળ આવવાને વાસ્તેજ અહીં બોલાવવાનું શું પ્રયોજન હતું ? અમો તમારી બીકથી, કોઈ પ્રકારની લાલચથી કે કાલાવાલાથી કર આપીએ છીએ એમ નથી, પણ તમને ધર્માત્મા સમજી કર આપીએ છીએ. જેને છત્ર ચામર આદિ રાજચિન્હો પણ મળ્યાં નથી એ કૃષ્ણનું જ્યારે પ્રથમ પૂજન કર્યું ત્યારે રાજાઓના અપમાનવિના બીજું શું થયું ? યુધિષ્ઠિરે આજ પોતાના ધર્માત્માપણાની કીર્તિને કલંક લગાડીને કૃષ્ણનું પૂજન કરવાથી કેવળ પોતાનું કંગાલપણુંજ દેખાડ્યું છે. જેણે જરાસંધજેવા મહાત્મા રાજાને અન્યાયથી મરાવ્યો, તે પ્રથમ પૂજા કરવાને યોગ્ય કેમ હોઈ શકે ? કૃષ્ણ ! તારાથી બીને કંગાલ પાંડવોએ તારૂં પ્રથમ પૂજન કર્યું પણ તે પૂજન તેં કેમ સ્વીકાર્યું ? જેમ એકાંતમાં યજ્ઞનું ઘી ચાટી કૂતરો રાજી થાય તેમ તું આ પૂજનથી રાજી થાયછે, તું અયોગ્ય છતાં તારૂં પ્રથમ પૂજન કરવામાં આવ્યું એ તારી મોટાઈ નહિ પણ હાંસી થઈ છે, એમ સમજવું. જેમ નપુંસકને પરણાવવો વ્યર્થ છે અને આંધળાને આરસી દેખાડવી એ વ્યર્થ પ્રયત્ન છે તેમ અરાજાનું રાજાની પેઠે પૂજન કરવું તે પણ વ્યર્થ છે."

આ પ્રમાણે દુર્વચનો બોલી, શિશુપાલે કેટલાક મળતીઆ રાજાની સાથે આસનપરથી ઉઠી સભામાંથી ચાલવા માંડ્યું, તે વખતે યુધિષ્ઠિરે તેની પાછળ દોડી સાંત્વના કરી કહ્યું કે—

"શિશુપાલ ? તમારે આવાં કઠણ વચન બોલવાં ન જોઈએ. ભીષ્મ ધર્મ ન સમજે એ વાત સંભવિત નથી. આ તમારા કરતાં પણ વધારે વૃદ્ધ બીજા રાજાઓ કૃષ્ણના પૂજનની ક્ષમા કરેછે, તેમ તમારે પણ ક્ષમા કરવી જોઈએ."

"જે માણસ જગત્પૂજ્ય શ્રીકૃષ્ણના પૂજનનો સ્વીકાર કરતો નથી તેનું સાંત્વન કરવું યોગ્ય નથી. શ્રીકૃષ્ણ કેવળ આપણને પૂજ્ય છે એમ નથી પણ તે સઘળા ત્રૈલોક્યને પણ પૂજ્ય છે. શ્રીકૃષ્ણે ઘણા ઘણા રાજાઓને જીતી લીધા છે. આ સભામાં એવો એક પણ રાજા જોવામાં આવતો નથી કે જે શ્રીકૃષ્ણથી અધિક હોય. મેં ઘણા ઘણા જ્ઞાનવૃદ્ધ પુરૂષોની સેવા કરી છે અને તેઓના કહેવાથી શ્રીકૃષ્ણના ઉત્તમ ગુણને તથા તેનાં ઉત્તમ કર્મોને મેં સાંભળ્યાં છે. શિશુપાલ ! અમે કોઈ પ્રકારની લાલચથી કે સંબંધથી શ્રીકૃષ્ણનું પૂજન કર્યું નથી, પણ શ્રીકૃષ્ણના યશ, શૌર્ય અને વિજય જોઈને તેનું

પૂજન કર્યું છે. અખિલ જગતમાં શ્રીકૃષ્ણથી અધિક ગુણવાન કોઈ છેજ નહિ એવો મારો નિશ્ચય છે તે છતાં શિશુપાલ થયેલી પૂજાને અયોગ્ય ધારતો હોય તો ભલે તેને ભાસે તેમ તે કહે."

ભીષ્મનું બોલવું બંધ થતાં સહદેવ બોલ્યો કે "આ સઘળા બળવાન રાજાઓમાં જે કોઇ શ્રીકૃષ્ણનું પૂજન સહન કરી શકતો ન હોય તેના માથા ઉપર હું પગ મુકુંછું; અને જે કોઈ આ પૂજનમાં વાંધો લેશે તેનો નાશ કર્યા વગર હું રહેનાર નથી." સહદેવે એમ બોલી સભા વચ્ચે પોતાનો પગ દેખાડ્યો કે તેનાપર પુષ્પવૃષ્ટિ થઈ. નારદ મુનિ બોલ્યા કે "જે મનુષ્યો શ્રીકૃષ્ણનું પૂજન નહિ કરે તેને જીવતે મુવાજેવા સમજવા." શ્રીકૃષ્ણના પૂજન પછી બીજા પણ પૂજ્ય પુરૂષોનું પૂજન કરી સહદેવે પૂજનવિધિ સમાપ્ત કર્યો. આમ થતાં ક્રોધથી રાતાં નેત્રવાળો શિશુપાલ આ પ્રમાણે બોલ્યો.

"રાજાઓ! શું જુઓછો! આપણે સઘળા ભેળા થઈને યાદવોને તથા પાંડવોને યુદ્ધમાં ત્રોડી પાડીએ. ઉઠો, હું તમારૂં સેનાપતિપણું કરૂં." આ પ્રમાણે બોલી શિશુપાલે યજ્ઞનો ભંગ કરવા સર્વ રાજાઓને ઉશ્કેર્યા અને રાજાઓ પણ વેગમાં આવી જઈ યુધિષ્ઠિરની વિરૂદ્ધ અંદર અંદર વાતો કરવા લાગ્યા. રાજાઓના પ્રબળ મંડળને રોષથી ઉશ્કેરાએલું જોઈ યુધિષ્ઠિરે ભીષ્મને કહ્યું કે "આમાંના ઘણા રાજાઓ યજ્ઞનો ભંગ કરવા તૈયાર થઈ ગયા છે. માટે આપણે શું ઉપાય કરવો? યજ્ઞમાં વિઘ્ન ન થાય અને પ્રજાનું હિત થાય એવો ઉપાય બતાવો." ભીષ્મ બોલ્યા કે "રાજા! તમે ભય ન રાખો. સિંહ સૂતો હોય ત્યાં સુધી કૂતરાં ભસ્યા કરે પણ તે જાગ્યા પછી કૂતરાં જીવતાં જઈ શકે નહિ. શ્રીકૃષ્ણ જ્યાં સુધી ચુપચુપ રહીને સાંભળ્યા કરેછે ત્યાંસુધીજ આ લોકો ગડબડ કરી શકશે. પણ શ્રીકૃષ્ણ જેવા વેગમાં આવશે તેવીજ સઘળી ગડબડ બડબડ બંધ પડી જશે. શિશુપાલનું અને તેના પક્ષકાર રાજાઓનું મોત આવ્યું છે, એમ સમજો." ભીષ્મનાં આવાં વચનો સાંભળી શિશુપાલે તેને કહ્યું કે "તારે રાજાઓને ખોટી રીતે બીવરાવતાં લજાવું જોઈએ. જેમ આંધળાને અગ્રણી કરી પાછળ ચાલનાર ખરાબજ થવાના, તેમ તને અગ્રણી કરીને ચાલનારા આ પાંડવોની હવે ખરાબી નજીકજ આવી સમજવી. તું નપુંસક છે, માટે આ અધર્મ બોલે એમાં કાંઇ આશ્ચર્ય નથી. કૃષ્ણ કંસનું અન્ન ખાઇ ઉછર્યો તે છતાં તેણે કંસને માર્યો, એવા કૃતઘ્નનાં વખાણ કરતાં તું કેમ લજ્જા પામતો નથી? તું અને પાંડવો કૃષ્ણને પૂજ્ય માનોછો માટે

તમે નીચ છો. તેં જીવતાં સુધી બ્રહ્મચર્ય પાળ્યું છે, તે ધર્માત્માપણાને લીધે નહિ પણ નપુસંકપણાને લીધેજ પાળ્યું છે એમ હું ધારૂંછું. તારા ભાઈ વિચિત્રવીર્યની સ્ત્રીઓમાં જાર પુરૂષથી સંતાન ઉત્પન્ન થયાં છે એ વાત મારા જાણવા બહાર નથી. હે પાપી ભીષ્મ! તું બકભક્ત છે. તને અને તારા કુટુંબને અમે માર્યાવિના મૂકનાર નથી." શિશુપાલને આ પ્રમાણે બકતો જોઇને ભીમસેનની આંખો ક્રોધથી લાલ થઈ ગઈ અને શિશુપાલને મારવા સારૂ ઉછળ્યો પણ ભીષ્મે તેને પકડીને શાંત કર્યો. ભીમસેનને ઉછળતો જોઈ શિશુપાલ બોલ્યો કે "ભીષ્મ! ભીમને છોડી દે, ભલે તે મારી સાથે લડવા આવે અને પોતાના પ્રાણનો ત્યાગ કરે." શિશુપાલનાં આવાં વચન સાંભળી ભીમસેન વળી પાછો વેગમાં આવ્યો. ભીષ્મે ભીમને કહ્યું કે "આ શિશુપાલે જન્મ થતી વખતે ગધેડાના જેવો નાદ કર્યો હતો, અને તેથી તેનાં માબાપે તેનો ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો, પણ આકાશવાણી થઇ કે "તે બળવાન થશે માટે તેનો ત્યાગ ન કરતાં રક્ષણ કરજો; અને તેનું જેના હાથથી મોત થવાનું છે તે ઉત્પન્ન થઈ ચૂકયો છે." આકાશવાણી સાંભળી શિશુપાલની મા જે શ્રીકૃષ્ણની ફઈ થાય તે આકાશવાણીપ્રત્યે બોલી કે "મારા પુત્રને કોણ મારશે તે કહો?" આકાશવાણીએ ઉત્તર આપ્યો કે "આ તારો પુત્ર ચાર હાથ અને ત્રણ આંખવાળો જન્મ્યો છે તેથી તે જેના ખોળામાં બેસતાં તેના વધારાના બે હાથ પડી જશે તથા એક આંખ બુઝા જશે તેના હાથથી તે મરશે." પછી આ નવાઇ સરખા બાળકની વાત ફેલાતાં ઘણાક રાજાઓ તેને જોવા સારૂ આવવા લાગ્યા. રાજાઓનું સન્માન કરી શિશુપાલના બાપ તે બાળકને પ્રત્યેકના ખોળામાં બેસાડવા લાગ્યો. એ પ્રમાણે ઘણા રાજાઓના ખોળામાં બેસાડતાં પણ આકાશવાણી થયાપ્રમાણે શિશુપાલના વધારાના હાથ તથા આંખ નષ્ટ થયાં નહિ. એક દિવસ શ્રીકૃષ્ણ અને બલભદ્ર પોતાની ફઇને મળવાસારૂ ચેદિ નગરમાં ગયા. ફઇએ પોતાના પુત્ર શિશુપાલને શ્રીકૃષ્ણના ખોળામાં બેસાડ્યો કે તુરતજ તેના વધારાના બે હાથ અને ત્રીજી આંખનો નાશ થયો. એ જોઇને ફઇએ પોતાના પુત્રને બચાવવાની પ્રાર્થના કરતાં શ્રીકૃષ્ણે વચન આપ્યું કે તમારા પુત્રના સો અપરાધ હું સહન કરીશ પણ તેથી વધારે અપરાધ કરશે તો હું તેને મારી નાખીશ."

"શિશુપાલનું પૂર્વ વૃત્તાંત આ પ્રમાણે છે માટે હે ભીમ! શ્રીકૃષ્ણ શિશુપાલના સો અપરાધ પૂરા થવાની રાહ જુએછે. સો અપરાધ પૂરા થયા

પછી જ્યારે તે એકપણ અપરાધ કરશે ત્યારે શ્રીકૃષ્ણને હાથે તેનું મોત થશે એમ સમજવું. શિશુપાલ જે બોલેછે તે પોતાની ઈચ્છાથી બોલતો નથી પણ શ્રીકૃષ્ણની પ્રેરણાથીજ બોલેછે. તેનું મોત ન આવ્યું હોય તો તે આ પ્રમાણે મારી સામે બોલેજ નહિ." ભીષ્મનું બોલવું સાંભળી શિશુપાલ વળી ક્રોધથી બોલ્યો કે "કૃષ્ણમાં જે પ્રભાવ હોય તે અમારા દુશ્મનોને હોજો. તું તો ભાટ ચારણની પેઠે કૃષ્ણનાં ખોટાં વખાણજ કર્યા કરેછે. તારે વખાણનુંજ વ્યસન હોય તો દ્રોણ, દુર્યોધન, અશ્વત્થામા, કર્ણ, જયદ્રથ, કૃપાચાર્ય, રૂકમી કે ભગદત્તનાં વખાણ કર કે જેઓ દરેક, ક્ષણમાત્રમાં પૃથ્વીને ઉથલપાથલ કરી નાખવાને સમર્થ છે. એ સઘળાઓનાં વખાણ કરવાને બદલે તું આ ગોવાળીઆનાં વખાણ કરેછે ? દુષ્ટ ! તું આ સઘળા રાજાઓની મરજીથીજ જીવતો છે એમ સમજ. ધારે તો આ સઘળા રાજાઓ તને હમણાંજ મારી નાખે." ભીષ્મ બોલ્યા કે "જો હું રાજાઓની ઇચ્છાથીજ જીવતો રહેતો હોઉં તો હવે હું કહુંછું કે તારા રાજાઓને તો હું તરણાથી પણ હલકા ગણુંછું." ભીષ્મનું આવું બોલવું સાંભળી કેટલાએક રાજાઓ કોલાહલ કરવા મંડી ગયા, કેટલાએક રાજી થયા અને કેટલાએક ભીષ્મને ધિક્કારવા લાગ્યા તથા બોલવા લાગ્યા કે "આ પાપી ભીષ્મને પશુની પેઠે કાપી નાખો અથવા સળગાવી મેલો." ભીષ્મ બોલ્યા કે "હે રાજાઓ ! ચડ્યાઉતરી કરી બોલ્યાનો અંત આવતો નથી, માટે હું કહુંછું કે આ મારો પગ હું તમારે માથે મૂકુંછું હવે તમારાથી જે બને તે કરી લીઓ. અમોએ ધરાળ શ્રીકૃષ્ણનું પૂજન કર્યું છે. હવે તમારામાંથી જેને મરવાની મરજી હોય તેણે યુદ્ધ કરવા વાસ્તે શ્રીકૃષ્ણને બોલાવવા"

આવાં વચન સાંભળી મહાવીર શિશુપાલ બોલી ઉઠયો કે "હે કૃષ્ણ ! હું તને મારી સામે યુદ્ધ કરવા બોલાવુંછું, પાંડવોએ રાજાનું અપમાન કર્યું છે, માટે તેમને પણ તારી સાથે મારવા છે." આ પ્રમાણે બોલી ગર્જના કરી શિશુપાલ ઉભો થયો કે શ્રીકૃષ્ણે સર્વ રાજાઓ સાંભળતાં આ પ્રમાણે ભાષણ કર્યું.

"હે રાજાઓ ! આ શિશુપાલ યાદવોનો મોટો શત્રુ છે. અમો કામરૂ દેશ ગયા હતા તે સમય શિશુપાલે પાછળથી આવીને અમારી દ્વારકાને બાળી નાખી હતી. અમારા રાજા ઉગ્રસેન ગિરનારમાં ક્રીડા કરતા હતા, તે સમયે શિશુપાલ કેટલાક યાદવોને મારી નાખીને પોતાના પુરમાં જતો રહ્યો હતો. મારા પિતા જે, આ દુષ્ટ શિશુપાલના મામા થાયછે, તેમણે અશ્વમેધ યજ્ઞ

કરવામાટે ઘોડો ફેરવવા મોકલ્યો હતો, તે ઘોડાનું પણ આ પાપીએ હરણ કર્યું હતું. બભ્રુ નામના યાદવની સ્ત્રી સૌવીરદેશમાં ગઈ હતી, ત્યાંથી તેનું આ શિશુપાલે બલાત્કારથી હરણ કર્યું હતું. આ શિશુપાલના એવા એવા ઘણા મોટા અપરાધો મેં મારી ફોઇને વાસ્તે સહન કર્યા છે. આજ સઘળું રાજમંડળ અહીં પાસે છે તે ઘણું સારૂં થયું છે. આ શિશુપાલ આજ મારો કેવો અપરાધ કરેછે એ સહુના જોવામાં આવ્યું છે, તો હું ધારૂંછું કે, હવે હું કાંઇ પ્રયત્ન કરૂં તો તેમાં મારો કશો દોષ ગણાશે નહિ. આ દુષ્ટને રૂકિમણી પરણવાની ઇચ્છા હતી પણ તે ઇચ્છા પાર પડી નહિ, તેથી તે મારો દ્વેષ કરેછે."

શ્રીકૃષ્ણના ભાષણથી શિશુપાલવિરૂદ્ધ કેટલીએક વાર્ત્તા સાંભળી કેટલાએક રાજાઓના અભિપ્રાય શ્રીકૃષ્ણની તરફેણમાં વળ્યા અને શિશુપાલને માટે તેઓ ખરાબ વિચારો બાંધવા લાગતાં શિશુપાલ ખડખડ હસ્યો અને શ્રીકૃષ્ણને કહ્યું કે "કૃષ્ણ! રૂકિમણી મારી સંવેલી હતી તેનું રાજાઓની વચ્ચે નામ લેતાં તું શરમાતો કેમ નથી? સંવેલીને પરણનારો માણસ જો લાજવાળો હોય તો એવિષે સભામાં વાતજ કેમ કરી શકે? તું ક્ષમા કર કે નહિ કર તેથી મને લાભ કે હાનિ કંઈ થવાનું નથી." શિશુપાલ આ પ્રમાણે બોલતો હતો તેટલામાં શ્રીકૃષ્ણે પોતાના સુદર્શન ચક્રનું સ્મરણ કર્યું અને સ્મરણ કરતાંજ તે ચક્ર હાજર થઇ તેના હાથમાં આવી પડ્યું. ચક્ર હાથમાં ધરી શ્રીકૃષ્ણે સર્વ રાજાઓને કહ્યું કે "હે રાજાઓ! આ દુષ્ટની માતાએ માગણી કરી હતી તે પ્રમાણે આજ દિવસ સુધી તો તેની દુષ્ટતા હું સહન કરી રહેલો છું પણ હવે તેના સો અપરાધ સંપૂર્ણ થયા છે; માટે તમારા સહુની સમક્ષ હું તેને મારૂં છું." આમ બોલી તરતજ શ્રીકૃષ્ણે ચક્રવતી તેનું માથું ઉડાડી દીધું. વજ્રપ્રહારથી ત્રુટેલ પહાડની પેઠે શિશુપાલ પડતાં તેનું તેજ શ્રીકૃષ્ણના શરીરમાં પેઠું, જે સઘળા રાજાઓએ દીઠું. પોતાને બોલવાનો આ સમયે અવકાશ નહિ રહેતાં કેટલાએક રાજાઓ કાંઇ બોલ્યા નહિ અને જે બન્યું તે જોયાજ કર્યું. કેટલાએક અસહનતાથી હાથસાથે હાથ ઘસીને બેસી રહ્યા. કેટલાએક દાંત કરડીઆં કરવા લાગ્યા, કેટલાએક ગુપ્ત રીતે શ્રીકૃષ્ણનાં વખાણ કરવા લાગ્યા, કેટલાએક ત્રાહિત રહ્યા અને કેટલાએક ઉશ્કેરાઈ પણ ગયા. બ્રાહ્મણો તથા મહાત્મા ઋષિઓ આનંદ પામી શ્રીકૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યા. યુધિષ્ઠિર રાજાએ શિશુપાલના દેહનો અગ્નિસંસ્કાર કરવાની આજ્ઞા કરતાં ભીમસેનઆદિ પાંડવોએ

તે સંસ્કાર કર્યો. પછી સર્વ રાજાઓની સમ્મતિથી યુધિષ્ટિરે શિશુપાલના પુત્રનો શિશુપાલની ગાદીઉપર અભિષેક કર્યો.

આ પ્રમાણે યુધિષ્ઠિર રાજાનો રાજસૂય યજ્ઞ શ્રીકૃષ્ણની કૃપાથી નિર્વિઘ્ને પાર પડયો અને યજ્ઞને અંતે અવભૃથ સ્નાનની છેલ્લી ક્રિયા સમાપ્ત થતાં સઘળા રાજાઓએ યુધિષ્ઠિરપાસે આવી પ્રાર્થના કરી કે "આપનો અભ્યુદય થયો અને ચક્રવર્તીપણું પ્રાપ્ત થયું એ ઘણું સારૂં થયું. અમો ઘણા ખુશી થયા છીએ. આપે આ કાર્ય કરી આપના પૂર્વજોની કીર્ત્તિ વધારી અને ધર્મ પણ વધાર્યો. આપે અમારૂં ઘણું સન્માન કર્યું છે. હવે અમે અમારે દેશ જવાની ઇચ્છા કરીએ છીએ અને આપની રજા લેવા આવ્યા છીએ." યુધિષ્ઠિર રાજા સર્વનો સત્કાર કરી બોલ્યા કે "તમારી સહુની સેવા ચાકરી કરવામાં ખામી રહી હોય તેને માટે ક્ષમા કરવી અને હવે તમે સહુ ખુશીથી સહુ સહુને દેશ જાઓ અને તમારી પ્રજાનું યોગ્ય રીતે પાલન કરો." એટલું કહી તેમના સાંભળતાંજ ભીમસેનને આજ્ઞા કરી કે "આ સર્વ રાજાઓને વળાવવા તમે જાઓ અને આપણા દેશના સીમાડા સુધી સહીસલામત મૂકી આવો." આજ્ઞા પ્રમાણે ચાર પાંડવો તથા પુત્રો અને બીજા સંબંધીઓ જૂદા જૂદા રાજાઓને વળાવવા ગયા. સઘળા રાજાઓ સિધાવ્યા પછી શ્રીકૃષ્ણે જવાની રજા માગી. યુધિષ્ઠિરે તેમને કહ્યું કે "તમારી કૃપાથી મારો યજ્ઞ પૂરો થયો છે અને સર્વ રાજાઓ મને વશ થયા છે. આપને જવાનું કહેતાં મારી જીભ ઉપડતી નથી. પણ આપને જવાનું અવસ્ય છે તેથી ના પાડી શકતો નથી. કુંતીજીની તથા સુભદ્રાની રજા લઇ સઘળા યાદવો સ્વસ્તિવાચન કરાવી તથા બ્રાહ્મણોને દક્ષિણા આપી દ્વારકાંતરફ રવાના થયા. હવે દુર્યોધન તથા તેનો મામો શકુનિ એ બે જણાજ યુધિષ્ઠિરની સભામાં જ્યાં તેમને ઉતારો આપ્યો હતો ત્યાં રહ્યા હતા.

પ્રકરણ ૧૩ મું.

મામા ભાણેજની મસલત.

યજ્ઞ સમાપ્ત થયા પછી થોડે દિવસે વેદવ્યાસ પોતાના શિષ્યોસહિત પાંડવોને મળવા ઇંદ્રપ્રસ્થમાં આવ્યા. યુધિષ્ઠિરે તેમને પરમ સન્માનથી સુવર્ણના આસનપર બેસાડ્યા. ત્યાર પછી વ્યાસજીએ યુધિષ્ઠિરને પૂછયું કે "તમારો અભ્યુદય થયો અને ચક્રવર્ત્તીપણું પ્રાપ્ત થયું એ બહુ સારૂં થયું. તમે તમારા કુળની બહુ અભિવૃદ્ધિ કરી છે. હું કેવળ તમને મળવાની ઇચ્છાથી આવ્યો હતો, માટે હવે રજા લઇશ." યુધિષ્ઠિરે કહ્યું કે "મહારાજ! મને એક મોટો સંશય ઉત્પન્ન થયો છે, જેનું નિવારણ આપવિના બીજા કોઇથી થઇ શકે તેમ નથી. શિશુપાલ મરણ પામ્યા પછી પૃથ્વી તથા અંતરિક્ષમાં ઘણા ઉત્પાતો થતા જોવામાં આવેછે તેનું શું પરિણામ આવશે! તે જાણવા માગુંછું." વ્યાસજી બોલ્યા કે "રાજા! એ ઉત્પાતોનું ફળ તમારે તેર વર્ષસુધી ભોગવવું પડશે. કાળની ગતિને લીધે કેવળ તમારેજ વાસ્તે યુદ્ધમાં સઘળા ક્ષત્રિયોનો ક્ષય થશે. તમને પ્રાતઃકાળે સ્વપ્નમાં પોઠીઆઉપર બિરાજેલા અને વારંવાર દક્ષિણ દિશાતરફ જોયા કરતા સદાશિવનું દર્શન થશે. કાળની ગતિ અલંધ્ય છે માટે તમે આ બાબતમાં કાંઇ પણ શોક કરતા નહિ." એટલું કહી વ્યાસ કૈલાસ

પર્વતપર પધાર્યા અને યુધિષ્ઠિર રાજા ઉંડા નિઃશ્વાસ મૂકી મોટા વિચારના વમળમાં પડ્યા. "વ્યાસે જે ભવિષ્ય કહ્યું તે અવશ્ય થશે, પુરૂષાર્થથી દૈવનું ઉલ્લંઘન કેમ કરી શકાય? ક્ષત્રિયોનો સંહાર કરી જીવવાકરતાં મરવું વધારે સારૂં." એમ ધારી તેણે પોતાના ભાઇઓને કહ્યું કે "વ્યાસજીનું વચન સાંભળ્યું ત્યારથી મેં મરવાનો નિશ્ચય કર્યો છે. હુંજ જો ક્ષત્રિયોના વિનાશનું કારણ થવાનો છું તો મારે જીવવાનું પ્રયોજન શું?" અર્જુને કહ્યું કે "હે રાજા! ખેદ, બુદ્ધિનો નાશ કરનાર છે માટે તમે ખેદ ન કરો. બુદ્ધિથી વિચાર કરી યોગ્ય લાગે તે કરો." યુધિષ્ઠિરના મનમાં તો વ્યાસજીનું વચન આવી રહ્યું હતું તેથી તેણે સર્વ ભાઇઓને કહ્યું કે "હું આજથી પ્રતિજ્ઞા કરૂંછું કે, હું કોઇને પણ કદી કઠણ વચન કહીશ નહિ અને ભાઇઓ જે કહેશે તે માથે ચડાવીશ. કુસંપ કજીઆનું મૂળ છે પણ હું એવી રીતે ચાલીશ કે જેથી કુસંપજ થાય નહિ." સર્વ ભાઇઓ મોટા ભાઇના મતને મળતા થયા. ત્યાર પછી પિતૃ તથા દેવતાનું તર્પણ કરી મંગળ વિધિ કરી, મહારાજા યુધિષ્ઠિર પોતાના ભાઇઓ અને મંત્રીઓસહિત યજ્ઞભવનમાંથી રાજ્યભવનમાં પધાર્યા અને રાજ્યના કામમાં ગુંથાયા.

બીજી તરફ મયસભામાં ઉતરેલા દુર્યોધન તથા તેનો મામો શકુનિ હજી તે દિવ્ય સભાની શોભામાં લીન થઇ ત્યાંજ રહેલા છે. દુર્યોધન સભાને નિરખી નિરખી જોવા લાગ્યો. દેવતાઓની ક્રીડા તથા તેમની સ્થિતિ વગેરેના આબેહુબ ચિત્રેલાં તથા ગોઠવેલાં સાદશ્યો જોવામાં આવ્યાં કે જેવાં તેણે હસ્તિનાપુરમાં કદી દીઠાં નહોતાં. એ પ્રમાણે જોતા જોતા દુર્યોધન એક દિવસ સ્ફાટિક મણિના સ્થળ પાસે આવ્યો ત્યાં સ્થળમાં જળની ભ્રાંતિથી તેણે પોતાનાં વસ્ત્ર ઉંચાં લીધાં અને ઉંડાં જળની ભ્રાંતિથી પગ મૂકતાં ઉંધમુંધ પડ્યો. ત્યાંથી શરમાઇ ઉઠી આગળ ચાલતાં સ્ફાટિકમણિ જેવા જળથી ભરેલી વાવ તેના જોવામાં આવી. આ ઠેકાણે તેને સ્થળની ભ્રાંતિ થવાને લીધે તેમાં વસ્ત્રસહિત પડ્યો; આમ થવાથી પાંડવો તથા દ્રૌપદીએ તેની હાંસી કરી, અને યુધિષ્ઠિર રાજાની આજ્ઞાથી ચાકરોએ તેને પહેરવા કોરાં વસ્ત્ર આપ્યાં. પોતાની થયેલી હાંસીની જાણે પોતાને ખબર નથી એવો ડોળ કરી કોઇની સામે ન જોતાં દુર્યોધન ત્યાંથી આગળ ચાલ્યો. બીજી વાર પણ સ્થળમાં જળની ભ્રાંતિ થતાં કૂદ્યો અને લોકો હસી પડ્યા. આગળ ચાલતાં સ્ફાટિક મણિનો બંધ થયેલો દરવાજો આવ્યો. તેને ભ્રાંતિથી ઉઘાડો સમજી આગળ

ચાલ્યો અને કમાડમાં માથું અફળાતાં ચકરી ખાઇ ગયો. ત્યાંથી આગળ ચાલતાં સ્ફાટિક મણિનાં ઉઘાડાં કમાડવાળો દરવાજો આવ્યો; પણ બંધ છે એવી ભ્રાંતિથી તે ત્યાંથી પાછો વળ્યો. આ પ્રમાણે સભાના ચમત્કારથી ઘણી વખત ઠગાયો, હાંસી થવાથી કોપ્યો અને પાંડવોની અદ્ભુત લક્ષ્મી જોઈ મત્સરને લીધે મનમાં બળ્યો. સભા જોઇ રહ્યા પછી મામો ભાણેજ યુધિષ્ઠિરની રજા લઇ હસ્તિનાપુર જવા નિકળ્યા. પાંડવોનો અપાર મહિમા જોઇ લેવાઈ ગયેલ મોહોડે, ચાલતાં ચાલતાં માર્ગમાં દુર્યોધન સભાનુંજ ચિંતન કરતો હતો અને શકુનિએ બોલાવ્યા છતાં પણ જ્યારે તેણે કંઇ ઉત્તર ન આપ્યો ત્યારે તેણે આ પ્રમાણે પૂછ્યું, “દુર્યોધન ! તું નિઃશ્વાસ મૂકયા કરેછે તેનું શું કારણ છે?” “મામા ! અર્જુનના પ્રતાપથી સઘળી પૃથ્વી યુધિષ્ઠિરને વશ થઈ અને તેણે ઇંદ્રના સરખો રાજસૂય યજ્ઞ કર્યો તેની અસહનતાથી હું બળ્યા કરૂંછું. ગ્રીષ્મ ઋતુમાં જેમ ખાબોચીયું સૂકાય તેમ હું શરીરે સૂકાયા કરૂંછું. તમે નજરે જોયું કે કૃષ્ણે શિશુપાલને માર્યો તે વખત કોઈ પણ રાજા કાંઇ બોલી શક્યો નહિ. પાંડવોના પ્રતાપરૂપી અગ્નિથી દાહ પામતા રાજાઓ કૃષ્ણનો મોટો અપરાધ પણ સહન કરી રહ્યા. સઘળા રાજાઓ વણિક લોકોની પેઠે યુધિષ્ઠિરના પગપાસે કર આપતા હતા અને અનેક રત્નોની કિંમતી ભેટ અર્પણ કરતા હતા. આ વૈભવ જોઇનેજ મારા મનમાં બળતરા ઉઠી છે, હું તેની સભામાં ભ્રમિત થઈ ગયો તે સમયે ભીમે અને દ્રૌપદીએ “હે ધૃતરાષ્ટ્રના પુત્ર !” એમ કહી મારી હાંસી કરી તે પણ મને બહુ સાલેછે. જો મેં તે વખતે કાંઇપણ તીનપાંચ કરી હોત તો હું પણ શિશુપાલની પેઠે કૂટાઇ જાત.” વળી થોડીવાર વિચારસાગરના વમળમાં પડી બોલી ઉઠયો કે “મામા ! હું બળી મરીશ અથવા ઝેર ખાઇશ અથવા બુડી મરીશ, પણ આ અસહનતાના તાપથી હવે હું જીવી શકીશ નહિ. શત્રુઓને વૃદ્ધિ પામેલા જોઇ અને પોતાને દીન અને ખિન્ન થયેલો જોઈ કયો પુરૂષ તે સહન કરી શકે ? હું પાંડવોની રાજ્યલક્ષ્મી હરી લેવાને હાલ અશક્ત છું. મારે એના જેવા કોઈ સહાય કરનાર જોવામાં આવતા નથી, માટે હું મરવાનોજ વિચાર કરૂંછું. યુધિષ્ઠિરને અપાર લક્ષ્મી મળેલી જોઇ હું દૈવનેજ પ્રબળ માનુંછું. પુરૂષાર્થ તો વ્યર્થજ સમજાુંછું. આપણે પાંડવોનો વિનાશ કરવામાટે ઘણા ઘણા પ્રયત્નો કર્યા તે સઘળા વ્યર્થ ગયા અને તે તો ઉલટા વૃદ્ધિ પામ્યા. સભામાં મારી મશ્કરી થઇ એ પણ તમારા જોવામાં

આવ્યું. મામા ! મને મરવાની રજા આપો; મારા દુઃખનું ધૃતરાષ્ટ્રપાસે જઇ નિવેદન કરજો." શકુનિ બોલ્યો "દુર્યોધન ! તારે પાંડવોપર અસહનતા રાખવી નહિ. પાંડવો પોતાના ભાગ્યનેજ ભોગવેછે. આપણે તેમને નષ્ટ કરવાના ઘણા ઘણા ઉપાયો કર્યા, પણ પોતાના ભાગ્યની પ્રબળતાને લીધે સર્વ દુઃખથી મુક્ત થયા. એટલુંજ નહિ પણ તેઓને દ્રુપદ રાજા જેવો પ્રબળ સંબંધી મળ્યો અને રાજ્યવૃદ્ધિ કરવામાં કૃષ્ણજેવી સહાયતા મળી. પાંડવો પોતાના પરાક્રમથી વધ્યા તેમાં આપણે પરિતાપ શામાટે કરવો જોઇએ ? દુર્યોધન! તું પોતાને સહાય વિનાનો માનેછે તે તારી ભૂલ થાયછે. દુઃશાસનઆદિ સઘળા ભાઇઓ, દ્રોણાચાર્ય, અશ્વત્થામા, કર્ણ, કૃપાચાર્ય, હું, મારા ભાઇઓ અને ભૂરિશ્રવા, એ અમો સઘળા તારીજ સહાયતામાં છીએ માટે તેમની મદદથી તું દિગ્વિજય કર."

"મામા! જો તમે સંમતિ આપો તો તમને તથા દ્રોણ આદિને સાથે રાખીને હું પાંડવોનેજ જીતી લેવા ધારૂંછું. પાંડવો જીતાય તો સઘળી પૃથ્વી, સઘળા રાજાઓ અને પાંડવની દિવ્ય સભા મારા સ્વાધીનમાં આવે."

"દુર્યોધન! પાંડવો, દ્રુપદરાજા, તેના પુત્રો અને કૃષ્ણ એવા બળવત્તર અને શસ્ત્રવિદ્યામાં પ્રવીણ છે કે, તેમને ઇંદ્રાદિક દેવતા પણ જીતી શકે તેમ નથી, પણ હું એવો એક ઉપાય જાણુંછું કે જેથી યુધિષ્ઠિર સહેજવારમાં જીતી શકાય." દુર્યોધન બોલ્યો "મામા ! તે ઉપાય જલદી બોલો."

"યુધિષ્ઠિરને જુગાર રમવાઉપર બહુ પ્રેમ છે અને રમતાં આવડતું નથી. આપણે તેને રમવા બોલાવશું તો તે ના પાડી શકશેજ નહિ. મારાજેવો જુગાર રમવામાં કુશલ ત્રૈલોક્યમાં પણ કોઇ નથી. હું તેની સાથે જુગાર રમીને તારે માટે તેનું સઘળું રાજ્ય ખેંચી લઇશ, એમાં કાંઇ શક નથી. પણ આ વાતમાં ધૃતરાષ્ટ્રની મંજુરી તારે મને લઈ દેવી."

"મામા ! આ વિષે તમને જેમ યોગ્ય લાગે તેમ તમારેજ સઘળી વાત ધૃતરાષ્ટ્રને કહેવી. હું કહી શકીશ નહિ."

"ત્યારે બહુ સારૂં, હુંજ બધી ગોઠવણ કરી આપીશ."



પ્રકરણ ૧૪ મું.

જુગારનો ખેલ.

'વિનાશકાળે વિપરીત બુદ્ધિ."

હસ્તિનાપુર પહોંચ્યા પછી "મહારાજ ! દુર્યોધન ચિંતામાં લેવાઈ ગયો છે, માટે તેની તે ચિંતા તમારે ટાળવી જોઇએ," એવું એક દિવસ શકુનિએ લાગ જોઇ ધૃતરાષ્ટ્રને કહ્યું. આ ઉપરથી ધૃતરાષ્ટ્રે દુર્યોધનને બોલાવી ચિંતાનું કારણ પૂછ્યું, કે "આ રાજ્યનું આવડું મોટું ઐશ્વર્ય તારા હાથમાં છે, ભાઇઓ તથા સંબંધીઓ પણ તારે સ્વાધીન છે, ઉત્તમ અન્નપાન, વાહન, સુંદર શયન અને સ્ત્રીઓ વગેરે બધું મ્હોએ માગ્યું મળેછે, તે છતાં તું રાંકની પેઠે શામાટે શોચ કરેછે?" દુર્યોધને જવાબ આપ્યો કે "જે પુરૂપ કેવળ ખાવા પીવાનું મળવાથી સંતોષ રાખીને કાળક્ષેપ કરે તે તો પામર કહેવાય, શત્રુઓનો પરાભવ કરી પોતાની ઉન્નતિમાં ઉમેરો કરે તેજ પુરૂપ કહેવાય. સંતોપ, દયા તથા ભય એ ત્રણ લક્ષ્મી તથા અભિમાનને ત્રોડનારાં છે, અને ઉંચ પદવી પ્રાપ્ત થવા

દેતાં નથી. યુધિષ્ઠિરની અપાર લક્ષ્મી મારી નજરે તર્યા કરેછે. તેની લક્ષ્મીઆગળ મારી લક્ષ્મી હું તુચ્છમાત્ર માનુંછું. તેનો વૈભવ જોયો છે ત્યારથી મારા શરીરમાં ચાલેલી બળતરાથી હું દુબળો થયો છું. યુધિષ્ઠિરને ઘેર નિત્ય અઠયાશી હજાર બ્રાહ્મણો જમેછે અને એક એક બ્રાહ્મણની સેવામાં ત્રીશ ત્રીશ દાસીઓ હાજર રહેછે. દશ હજાર બ્રાહ્મણો તો તેને ઘેર નિત્ય સુવર્ણ-પાત્રોમાં જમેછે. દેશોદેશના રાજાઓએ યુધિષ્ઠિરને રત્નોની, વસ્ત્રોની તથા પશુ, પક્ષી, ચામર, દાસ, દાસીઓ અને વસ્ત્રાલંકારની અપાર ભેટો આપી, કે જે ભેટો હું મારા હાથમાં લેતાં લેતાં થાકી ગયો હતો. યુધિષ્ઠિરે મને આવક લેવાનું કામ સોંપ્યું ન હોત્ તો મને આવડી બળતરા ઉઠત નહિ. આવી અને આવડી આવક મેં તો ક્યાંય દીઠી કે સાંભળી નથી. સેંકડો રાજાઓ તો ઘણી ઘણી ભેટો લાવ્યા હતા તોપણ તેઓને યુધિષ્ઠિરના દ્વારમાં દાખલ થવાનો પણ લાગ મળતો નહોતો, તેથી તેઓ દ્વારપાળને ધન આપી દાખલ થવાની સગવડ કરતા હતા. નિત્ય પૂરેપૂરા બે લાખ બ્રાહ્મણોને પીરસાઈ રહે ત્યારે જમવા માંડવાની ચેતવણીમાટે શંખનાદ કરવામાં આવતો હતો, તે સાંભળીને મારાં રૂવાંટાં ઉભાં થતાં હતાં. ગંધર્વના રાજા ચિત્રરથે પણ પવનજેવા વેગવાળા ચારસો ઘોડા અને તુંબુરૂએ આંબાનાં પાનજેવા વર્ણવાળા સો ઘોડા આપ્યા. સઘળા વર્ણના લોકો અને મ્લેચ્છો પણ યુધિષ્ઠિરને માટે અમૂલ્ય ભેટો લઇ આવ્યા હતા. નારદ, ધૌમ્ય, વ્યાસ તથા પરશુરામ આદિ મહાત્મા બ્રાહ્મણોએ યુધિષ્ઠિરના અભિષેકની તૈયારી કરાવી ત્યારે યુધિષ્ઠિરઉપર સાત્યકિએ છત્ર ધર્યું, અર્જુને બે પંખા ધર્યા, નકુલ તથા સહદેવે ધોળાં ચામર ધર્યાં અને કૃષ્ણે ઘણાં સોનાથી મઢેલ ઉત્તમ શંખમાં ભરેલ તીર્થોદકથી અભિષેક કર્યો; તે જોઇને હું તો મારા શરીરનું ભાન પણ ભૂલી ગયો. યુધિષ્ઠિરે બ્રાહ્મણોને જેવાં ઉત્તમ દાન આપ્યાં તેવાં પૂર્વે મનુ, માંધાતા, પૃથુ કે યયાતિ રાજાએ પણ નહિ આપ્યાં હોય. હરિશ્ચંદ્ર રાજાના જેવીજ લક્ષ્મી યુધિષ્ઠિરને મળેલી છે. આ બધું મારાથી સહન થઇ શકતું નથી. નાના વધી ગયા અને મોટા પાછળ પડી ગયા, તેથી મને કોઈ રીતે સુખ વળતું નથી.'' પાંડવોના વૈભવની અસહનતાથી સંતાપ પામતા પુત્રને ધૈર્ય આપવાનો ધૃતરાષ્ટ્રે પ્રયત્ન કર્યો કે "પુત્ર ! તું મોટો તથા સમજુ છે, માટે તારે પાંડવોનો દ્વેષ નહિ કરવો જોઇએ, દ્વેષ કરનારને મૃત્યુસરખું દુઃખ થાયછે. યુધિષ્ઠિર પરાયા કપટને જાણતો નથી અને તારો કે તારા મિત્રોનો દ્વેષ કરતો નથી, તેનો દ્વેષ તારે શામાટે કરવો

જોઇએ? તું પણ તેના જેવોજ સહાયતાવાળો અને શક્તિવાળો છે, છતાં ભાઇઓની લક્ષ્મીની અસહનતા કેમ કરેછે? હે પુત્ર! આવો સ્વભાવ ન રાખતાં શોચ કરવો છોડી દે. તારે યુધિષ્ઠિર જેવો યજ્ઞ કરવાની ઈચ્છા હોય તો કર, એટલે તારે વાસ્તે પણ રાજાઓ ઘણું ધન તથા રત્નો લાવશે. પરધનની ઇચ્છા કરવી એ નીચ કામ છે. જે પુરૂષ સંતોષી રહીને સ્વધર્મમાંજ સ્થિતિ રાખે તેજ સુખી થાયછે. પરાયું ધન લઈ લેવાનો ઉદ્યોગ કદી પણ ન કરવો; પોતાના કામમાં ઉદ્યમી રહેવું અને પ્રાપ્ત થયેલ રાજ્ય તથા રત્નોનું રક્ષણ કરવું. જે પુરૂષ વિપત્તિના સમયમાં અધીર ન થાય, વિચક્ષણતા રાખે, નિરંતર ઉદ્યોગી રહે, સાવધાન રહે અને નમ્રતા રાખે, તે પુરૂષ સર્વદા કલ્યાણનેજ દેખેછે. પાંડવોનું જે ધન છે તે તારૂંજ છે એમ સમજી, તું ભાઇઓનો દ્વેષ કરવો છોડી દે. પાંડવોનો દ્વેષ કરવાથી તને અને તારા પૂર્વજોને મોટો અધર્મ પ્રાપ્ત થશે. તું પણ યજ્ઞ કર, બ્રાહ્મણોને ધન આપ અને ઇચ્છિત વૈભવ ભોગવી શાંત થા." દુર્યોધન બોલ્યો કે, "જેમ કડછીને દાળના રસની ખબર પડે નહિ, તેમ જેને શાસ્ત્રનું જ્ઞાન છતાં પણ પોતાની બુદ્ધિ ન હોય તેને શાસ્ત્રના ખરા અભિપ્રાયની ખબર પડતી નથી. તમને કાંતો સ્વાર્થની ખબર પડતી નથી અથવા તો મારાપર દ્વેષ છે, એમ હું ધારૂંછું. તમારૂં શરીર તથા બુદ્ધિ પણ પાકી ગઇ છે તેથી તમે અમને બહુજ મુંઝાવ્યા કરોછો. જગતની નીતિરીતિ કરતાં રાજ્યની નીતિરીતિ જુદીજ હોયછે, એમ બૃહસ્પતિનીતિમાં કહ્યું છે. રાજાઓએ સર્વદા સાવચેતીથી પોતાના સ્વાર્થનુંજ ચિંતન કરવું જોઇએ. ક્ષત્રિયોની આજીવિકા જયનેજ અધીન છે. જય મેળવવામાં ધર્મઅધર્મની ભાંજગડ હોયજ નહિ. જેનાથી બીજી વસ્તુ કપાય તેજ શસ્ત્ર નથી, પણ જે ગુપ્ત અથવા પ્રકટ ઉપાય શત્રુને પીડા કરે તે પણ શસ્ત્ર છે. અમુકજ શત્રુ હોયછે એવો કાંઈ લેખ નથી, પણ જે અસંતોષ આપે તે શત્રુ કહેવાય. અસંતોષજ લક્ષ્મીનું મૂળ છે; પોતાની ઉન્નતિમાટે ઉદ્યોગ એજ નીતિ છે. ઐશ્વર્યની ઉપર કે ધનની ઉપર મમતા રાખવામાં ન આવે તો જે મળ્યું હોય તે પણ બીજા હરી જાય. ઇંદ્રે નમુચિ નામના દૈત્યને દ્રોહ ન કરવાનું વચન આપીને તેનું માથું કાપી નાખ્યું હતું; તેથી પણ નિશ્ચય થાયછે, કે, શત્રુસાથે કપટથી વર્ત્તવામાં દોષ નથી. કોઇ જન્મથી શત્રુ હોતોજ નથી, બરોબરીઓ હોય તેજ શત્રુ. વૃદ્ધિ પામતા જતા શત્રુની ઉપેક્ષા કરવામાં આવે તો તે શત્રુ વધતા જતા રોગનું

કામ કરેછે. હવે તો નિશ્ચય કર્યો છે કે, પાંડવોનું રાજ્ય લઈ લેવું અથવા યુદ્ધ કરી તેમના હાથથી મરવું." આવો લાગ જોઇ શકુનિ બોલ્યો કે "દુર્યોધન ! યુધિષ્ઠિરની જે લક્ષ્મી જોઈ તું પરિતાપ પામ્યા કરેછે, તે લક્ષ્મી હું જુગારની રમતથી જીતી આપું. જુગાર રમવાસારૂ યુધિષ્ઠિરને અહીં બોલાવવો, એટલુંજ તમારે કરી આપવું, પછી જે કરવુ ઘટશે તે હું કરીશ, તેની તમારે કશી ચિંતા કરવી નહિ." આ ઉપરથી તુરતજ દુર્યોધને પિતાને કહ્યું, કે, "મહારાજ ! જુગારવિદ્યામાં કુશળ આ મારો મામો જુગાર રમીને પાંડવોની લક્ષ્મી છીનવી લેવાની પ્રતિજ્ઞા કરેછે, માટે તેમ કરવા દેવાની આજ્ઞા આપવી જોઇએ." "વિદુરને પૂછ્યા વિના મારાથી એવી આજ્ઞા આપી શકાય નહિ. હું વિદુરને મળી તેની આવિષે સલાહ લઇશ." પિતાનો આવો જવાબ સાંભળી દુર્યોધન બોલ્યો કે, "વિદુર તમારી બુદ્ધિને ફેરવી નાખશે, એમાં શક નથી. વિદુર મારાકરતાં પાંડવોનું વિશેષ હિત વાંચેછે. બીજાની બુદ્ધિથી કોઇએ કાંઇ કામ આરંભવું નહિ, કારણકે બન્નેનો મત મળવો ઘણુંકરીને દુર્લભ હોયછે. જે પુરૂષ ખટપટમાં ન પડતાં કેવળ પોતાનો બચાવ કર્યા કરેછે તે પુરૂષ વરસાદથી પલળેલા દ્વારની પેઠે એમને એમ સડી જાયછે." "હે પુત્ર ! સર્વથા બળવાનસાથે વિરોધ કરવો મને ગમતો નથી. વૈર એ લોઢાવગરનું શસ્ત્ર છે. કજીઆને ઉત્પન્ન કરનાર જુગારરૂપ મોટા અનર્થને તું અર્થરૂપ માનેછે, પણ એવો અનર્થ વહોરી લેવો મને ગમતો નથી." દુર્યોધન બોલ્યો, કે "જુગારની રમત જુના સમયથી ચાલી આવેછે અને તેને ઉપાયરૂપ પણ ધર્મશાસ્ત્રમાં લખેલ છે. જુગારમાં મરવું પડે એમ પણ નથી અને લડાઇ ઉઠે એવું પણ કાંઇ નથી. માટે શકુનિનાં વચનોમાં તમે સંમતિ આપો અને પાંડવોને અહીં બોલાવવાનાં બહાનાંરૂપે એક સભાનું મકાન કરવાની આજ્ઞા આપો." "હે પુત્ર, તારી વાત મને જરાપણ ગમતી નથી. તને જે ગમતું હોય તે કર. મારૂં વચન નહિ માનવાથી અંતે તારે પસ્તાવું પડશે." આવાં વચનો બોલતા અને પુત્રના દાબથી દબાએલા ધૃતરાષ્ટ્રે દૈવની ગતિને પ્રબળ માની હજાર સ્તંભ અને એકસો દ્વારવાળું સુવર્ણ અને મણિથી સુશોભિત, એક ગાઉના વિસ્તારવાળું, ઉત્તમ મકાન તૈયાર કરી આપવા કારીગરોને બોલાવી આજ્ઞા આપી.

રાજા ધૃતરાષ્ટ્રની આજ્ઞા થતાં હજારો કારીગરોએ થોડાજ સમયમાં એક

સુંદર મકાન તૈયાર કરી ધૃતરાષ્ટ્રને ખબર આપી. સભાનું મકાન તૈયાર થયું ત્યારે ધૃતરાષ્ટ્રે વિદુરને બોલાવી આજ્ઞા કરી કે "તમે મારાં વચનથી યુધિષ્ઠિરને તુરત અહીં બોલાવી લાવો. તેને અમારા તરફથી કહેજો કે અમે અતિ ઉત્તમ સભાગૃહ બંધાવ્યું છે, તે જોવાને તમારા ભાઇઓને સાથે લઇને અહીં આવો. એ સભામાં વિનોદને વાસ્તે જુગારની રમત રમવાની છે." વિદુરે આ વચનો સાંભળીને કહ્યું કે "રાજા! આ તમારી આજ્ઞા મને ગમતી નથી. તમે આવું પગલું ભરશો માં. કુળનો નાશ થવાનો મને ભય લાગેછે. જુગાર રમવાથી તમારા કુટુંબમાં મોટો કુસંપ અને ફિસાદ ઉઠશે એમ હું ધારૂંછું." ધૃતરાષ્ટ્રે કહ્યું કે "જો દૈવ પ્રતિકૂળ નહિ હોય તો કોઈ પ્રકારનો કજીઓ ઉઠશે નહિ. હું, ભીષ્મ, દ્રોણ અને તમે સભામાં બેઠા રહીશું એટલે કોઇ પ્રકારનો ફિસાદ ઉઠવા દેશું નહિ. તમે તુરત યુધિષ્ઠિરને ઇંદ્રપ્રસ્થમાંથી બોલાવી લાવો." ધૃતરાષ્ટ્રની આજ્ઞા માથે ચઢાવી વિદુર રથમાં બેસી એકદમ ઇંદ્રપ્રસ્થ ગયા અને યુધિષ્ઠિરને મળ્યા. વિદુરના વ્યાકુળ ચેહેરાઉપરથી તેમનો સત્કાર કરતાં યુધિષ્ઠિરે પૂછ્યું કે "તમારા મનમાં કાંઇ ઉદાસી હોય એમ દેખુંછું. મને કહો કે તમે ખુશીમાં છો? હસ્તિનાપુરમાં સૌ કુશળ છે? ધૃતરાષ્ટ્રના પુત્રો પિતાની આજ્ઞાપ્રમાણે ચાલેછે? પ્રજા ધૃતરાષ્ટ્રને ચાહેછે?" વિદુરે ઉત્તર આપ્યો કે "મહાત્મા ધૃતરાષ્ટ્રરાજા અને તેના પુત્રો સૌ કુશળ છે. મહારાજાએ આપની કુશળતા પૂછવાની સાથે આજ્ઞા કરી છે કે, અમે તમારી સભા જેવીજ એક સભા બંધાવી છે તે જોવા પધારો અને ત્યાં દુર્યોધનાદિ ભાઇઓસાથે વિનોદને વાસ્તે હેતપ્રીતનું જુગાર રમો. જુગાર રમવામાટે જે જે જુગારીઓને ત્યાં હાજર રાખ્યા છે તે તમે ત્યાં આવશો ત્યારે તમારા જોવામાં આવશે."

"વિદુરજી! જુગારમાં તો કજીયો ઉત્પન્ન થયાવિના રહેજ નહિ. ક્યો સમજુ માણસ જુગાર રમવામાં રાજી હોય? હવે આપને યોગ્ય લાગે તે સલાહ આપો. અમે સહુ આપના વચનપર આધાર રાખીશું." આવું યુધિષ્ઠિરનું વિવેકભરેલું બોલવું સાંભળી વિદુર બોલ્યા, કે "જુગાર સઘળા અનર્થનું મૂળ છે એ હું જાણુંછું, અને તેથી મેં આ વાતનો અટકાવ કરવા પ્રયત્ન કર્યો, પરંતુ ધૃતરાષ્ટ્ર રાજાએ બલાત્કારે મને અહીં મોકલ્યો છે. તમે ત્યાં આવો અને ધૃતરાષ્ટ્રની વાત સાંભળી જે યોગ્ય લાગે તેમ કરજો." ધૃતરા-

ષ્ટ્રના પુત્રોસિવાય બીજા ખેલાડીઓવિષે યુધિષ્ઠિરની જિજ્ઞાસા થતાં વિદુરે ખેલાડીઓમાં સૌથી ચાલાક અને જેને પાશાઓ વશ છે, એવા ગાંધાર દેશના રાજા શકુનિ અને બીજા વિવિંશતિ, ચિત્રસેન, સત્યવ્રત, પુરૂમિત્ર અને જય એમનાં નામ ગણાવ્યાં. યુધિષ્ઠિરે કહ્યું "તેઓ તો મોટા કપટી છે અને ભારે ભયંકર નિવડે એવા છે. જેમ ભવિષ્ય હશે તેમ થશે. જગતમાં કોઇ સ્વતંત્ર નથી; સૌ દૈવને અધીન છે. ધૃતરાષ્ટ્રની આજ્ઞા છે એટલે હું ન આવું એમ તો બનેજ નહિ. શકુનિ મને પોતાસાથે રમવાં નહિ બોલાવે તો હું તેની સાથે રમવા બિલકુલ ઇચ્છિતો નથી. પણ જો બોલાવશે તો રમ્યાવિના છુટકો નથી. કેમકે કોઇ કામમાં પાછો પગ ન દેવો એવો મારો દૃઢ નિયમ છે." એ પ્રમાણે આવવાની હા પાડી યુધિષ્ઠિરે કેટલોક રસાલો ચાલતો કરી દીધો અને બીજે દિવસે પોતે દ્રૌપદી, ભાઇઓ અને મુખ્ય મંત્રીઓસહિત રથોમાં બેસી હસ્તિનાપુરતરફ વિદુરની સાથે પ્રયાણ કર્યું. જેમ ઝડપથી આવતું તેજ ચક્ષુને હરી લેછે, તેમ દૈવ બુદ્ધિને હરી લેછે અને માણસ ફાંસીને લાકડે બંધાએલાની પેઠે દૈવને અધીન થાયછે. શત્રુએ બોલાવ્યા છતાં ન જાઉં તો, લોકો મને બીકણ અને કંજુસ કહેશે, એવા વિચારો કરતાં કરતાં યુધિષ્ઠિર હસ્તિનાપુર પહોંચ્યા. ધૃતરાષ્ટ્ર તથા ભીષ્મ વગેરેને યોગ્યતા પ્રમાણે મળ્યા અને તે રાત્રિ ધૃતરાષ્ટ્રના દરબારમાંજ રહ્યા. દ્રૌપદીની ભારે સંપત્તિ જોઇ દુર્યોધનવગેરેની સ્ત્રીઓ ઇર્ષ્યાથી ખેદ પામવા લાગી. સવાર થતાં સ્નાન સંધ્યાદિક નિત્યકર્મો કરી લઇ સર્વ પાંડવો જુગારી લોકોના આમંત્રણથી પેલી રમણીય સભામાં ગયા અને ત્યાં બેઠેલા સઘળા રાજાઓ તથા પૂજ્ય લોકોની સાથે યોગ્ય વિવેકથી મળીને આસનોપર બેઠા. સર્વ શાંત થયા પછી શકુનિએ ધૃતરાષ્ટ્રને કહ્યું, કે "મહારાજ! જુગાર રમવાની સઘળી બોલાત થઇ ચુકી છે, માટે રમવાનું શરૂ કરીએ છીએ." "જુગાર એ એક જાતની ઠગાઇ છે; એ રમવામાં કાંઇ ક્ષત્રિય જાતનું પરાક્રમ નથી તેમ કોઇ જાતની નીતિ પણ નથી છતાં તમે જુગારની રમતને કેમ સારી ગણોછો ?" એવું યુધિષ્ઠિરનું બોલવું સાંભળી શકુનિએ ઉત્તર આપ્યો કે "વિચક્ષણની અને મૂર્ખની તથા ઉદારની અને લોભીની પરીક્ષા જુગારમાંજ થાયછે. જે જુગાર રમી જાણે તેજ મોટાં મોટાં કાર્યોમાં ઉત્સાહપૂર્વક વર્ત્તી શકે અને તેજ બુદ્ધિમાન કહેવાય. જુગારમાં પાશા પડવાથી હાર જીત થાયછે, પણ તેમાં પોતાની ઇચ્છાથી કાંઇ કપટ કરી શકાતું નથી; માટે જુગાર કપટરૂપ

ગણાય નહિ." યુધિષ્ઠિરે કહ્યું, કે "યુદ્ધ કરીને જીતવામાં ધર્મ છે, પણ જુગારથી જીતવામાં ધર્મ નથી. જુગાર તો એક જાતનું પાપજ છે. આર્ય લોકોને મ્લેચ્છ ભાષા બોલવાની અને જુગાર રમવાની મોટી ખોટ છે. જીતવું હોય તો કપટવગરનું યુદ્ધ કરીને જીતવું એ સજ્જનોની રીતિ છે. અમોએ બ્રાહ્મણોનો ઉપકાર કરવાસારૂ ધન મેળવ્યું છે અને હજી પણ મેળવવાનો યત્ન કરીએ છીએ. અમારા એવા ધનનો જુગારમાં ઉપયોગ કરાવવો એ સારૂં નથી. હું નીચકર્મોથી સુખને અને ધનને મેળવવા ઇચ્છતો નથી. જુગારી માણસ વિચક્ષણ હોય તોપણ તેની રીતભાત વખણાતી નથી." શકુનિએ જવાબ દીધો કે "કોઈપણ કામ કપટવગરનું તો છેજ નહિ, વિદ્વાન અવિદ્વાનને, અસ્ત્રવિદ્યાવાળો અસ્ત્રવિદ્યાવગરનાને અને બળવાળો નબળાને જીતી લેછે, એ સઘળું શું કપટવિના થાયછે કે ? તમે હારી જવાના ભયથી આવી રીતે આડી વાત નાખતા હો તો ભલે પાછા જાઓ." યુધિષ્ઠિરે કહ્યું કે "કોઈના બોલાવ્યા પછી પાછી પાની મૂકવી નહિ એવો મારો નિયમ છે. દૈવ બળવાન્ છે, તેણે જે ધાર્યું હશે તે થશે. મારી સાથે રમવા બેસનાર કોણ છે, તે મારે જાણવું જોઇએ. જેટલું ધન મારી પાસે છે તેટલું તમારી પાસે નથી. માટે મારા જેટલા ધનવાળો બીજો કોઇ મારી સામે રમવા બેસે. તમારે બેસવું હોય તો ધન આપવાનો તમારો કોઇ જામીન થવો જોઇએ." દુર્યોધન બોલ્યો કે "ધન જોઇશે તો હું આપીશ, અને મારો મામો શકુનિ મારા તરફથી જુગાર રમશે." "જય પરાજયનો ધણી બીજો અને રમનાર બીજો એ અયોગ્ય છે. તોપણ સૌની એમ ઇચ્છા હોય તો ભલે રમત ચલાવો." એમ બોલી યુધિષ્ઠિર રમવા તૈયાર થયા. સર્વે રાજાઓ ધૃતરાષ્ટ્રને અગ્રણી કરીને સૌસૌને આસને બેઠા. ભીષ્મ, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય અને વિદુર પણ મનમાં કચવાતા કચવાતા સહુના મતને અનુસર્યા.

રમત શરૂ થતાં યુધિષ્ઠિર બોલ્યા, કે "સમુદ્રમાં ઉત્પન્ન થયેલ અને સુવર્ણથી જડેલ આ મણિની મુઠ હું માડુંછું. તમે શું માંડોછો ?" "મારી પાસે પુષ્કળ ધન અને ઘણા મણિ છે. તમારો માલ થોડી કિમ્મતનો હશે તોપણ હું વાંધો લેનાર નથી." એવો દુર્યોધનતરફથી જવાબ મળતાં પાશા નાખવામાં કુશળ શકુનિ મનમાનતા પાશા નાખી બોલ્યો કે "હું જીત્યો છું." "મારી ગફલતનો લાભ લઈ તમે મને કપટ કરી જીતી લીધો છે, પણ હવે ચાલો બીજી મુઠ માંડીએ. સોનારૂપાથી ભરેલો મારો ભંડાર મુકુંછું."

એવું યુધિષ્ઠિરનું બોલવું સાંભળી શકુનિએ ફરી પાશા નાખ્યા અને તે પણ તેની ઇચ્છાપ્રમાણેજ પડ્યા. **હાર્યો જુગારી બમણું રમે.** યુધિષ્ઠિરે પોતાના રથ, વાહનો, દાસદાસીઓ, હાથી ઘોડા, અને એવા બીજા અનેક પદાર્થો સુઠમાં માંડવા માંડ્યા; અને તે સર્વ શકુનિ પોતાની કપટભરેલી ચતુરાઇથી જીતતો ગયો. આવી જુગારની ભયંકર રમત ચાલતાં વિદુરે ધૃતરાષ્ટ્રને કહ્યું, કે "જેમ મરવા પડેલાને ઔષધ પીવું ગમતું નથી તેમ તમને જો કે મારૂં વચન ગમશે નહિ તોપણ કહુંછું, કે દુર્યોધનના જન્મ સમયે શિઆળે ભયંકર શબ્દ કર્યો હતો તેનું આજ તમને ફળ પ્રાપ્ત થવાનું છે. દુર્યોધન કુળનો નાશ કરશેજ, એ વાત તમે મોહને લીધે જાણતા નથી. સગર રાજાએ અસમંજસ નામના પોતાના દુષ્ટ પુત્રનો ત્યાગ કર્યો હતો, તેમ તમારે કુળના હિતને માટે દુર્યોધનનો ત્યાગ કરવો યોગ્ય છે. અર્જુન દુર્યોધનને પકડી કેદ કરી લે એવી આજ્ઞા કરો, જેથી કુળનો નાશ થતો અટકે. કાગડાનો ત્યાગ કરી મયૂરોને ખરીદવામાં આવે અને શીઆળીઆંને મૂકી સિંહોને ખરીદવામાં આવે તેમ તમે દુર્યોધનનો ત્યાગ કરી પાંડવોને પોતાના કરીલીઓ. સુવર્ણને ચરકનારાં પક્ષીઓમાંથી વધારે સોનાની લાલચે તેમને મારી નાખનારો એક રાજા જેમ આ લોક તેમજ પરલોકથી ભ્રષ્ટ થયો હતો તેમ તમે પાંડવોને ખરાબ કરીને ઉભયલોકના સુખથી ભ્રષ્ટ થવા માગોછો. એકનો ત્યાગ કરવાથી કુળનો બચાવ થતો હોય તો તેમ કરવા ચુકવુંજ નહિ જોઇએ. માળી વૃક્ષોમાંથી પુષ્પો વીણેછે, તેમ તમે પાંડવો પાસેથી સંપનું સુખ મેળવો; પણ કોલસાની લાલચથી વૃક્ષોને મૂળમાંથીજ બાળનારની પેઠે તમે પાંડવોને મૂળથી બાળી નાખો નહિ. પાંડવો એવા પ્રબળ છે કે, યુદ્ધમાં તેમની સામે દેવતાઓસહિત ઇંદ્ર પણ ટકી શકતો નથી. તમે તમારા પુત્રો, મંત્રીઓ અને સૈન્યો સહિત પાંડવોના હાથથી હાથે કરીને યમપુરીમાં ન જાઓ તો ઠીક. જુગાર એ વૈરનું મોટું મૂળ છે. આ દુર્યોધન જુગાર રમાડીને મોટું વૈર ઉત્પન્ન કરેછે, જે વૈરમાંથી ઘણા ક્ષત્રિયોનો ક્ષય થશે. જે ડાહ્યા પુરૂષો પોતાના પુખ્ત વિચારને વેચેછે અને પરાઈ બુદ્ધિને અનુસરેછે, તે પુરૂષો મૂર્ખ ખલાસીઓને હાથે હંકારેલા વહાણના ઉતારૂઓની પેઠે ડુબી ગયા વિના રહેતા નથી. કુરૂ કુળના ક્ષત્રિયો મારી ખરી વાત ઉપર ધ્યાન આપો અને દુર્યોધનના દુષ્ટ વિચારોને અનુસરી સળગતા દાવાનલમાં પડો નહિ. જો પાંડવો કોપ્યા તો તમારૂં રક્ષણ કરનાર કોઈ નથી. મહારાજ ધૃતરાષ્ટ્ર! તમારી પાસે ધનની ક્યાં ખામીછે કે તમે પાંડવોનું ધન

લઈ લેવા ધારોછો. પાંડવોને ધનરૂપ ગણીને તેમને પોતાનેજ તમારા કરી લ્યો, પણ તેમના ધનને તમારૂં કરવાનો પ્રયત્ન કરો માં. શકુનિ અતિ દુષ્ટ છે, માટે તેને તેના દેશમાં કાઢી મૂકો. પાંડવોની સાથે વિરોધ કરો માં." વિનાશકાળે વિપરીત બુદ્ધિવાળા આ અંધ ધૃતરાષ્ટ્રે વિદુરનાં વચનો ધ્યાનપર લીધાં નહિ, એટલુંજ નહિ પણ ક્રોધને વશ થઇ કેટલાંએક અયોગ્ય વચનો તેને કહ્યાં કે "તું અમને સર્વદા ધિક્કારેછે અને પાંડવોને વખાણેછે. અમારૂં અપમાન કરીને પાંડવોના ઉપર તું પ્રેમ રાખેછે, તે અમારાથી અજાણ્યું નથી. અમારૂં અન્ન ખાઇને તું અમારોજ દ્વેષ કરેછે, માટે તું મોટો પાપી છે. જેમ સર્પ પોતાના રમાડનારને કરડેછે, તેમ તું અમોને ખરાબ કરવા ધારેછે. શત્રુઓને જીતી લેવાથી અમે મોટો લાભ મેળવ્યો છે, તો હવે તારે અદેખાઇ કરી કાંઇ બોલવું નહિ. અમારો આશ્રિત થઇને શત્રુઓના પક્ષમાં બોલતાં લાજતો નથી ? તને વિદ્વાન્ થવાને હજુ ઘણી વાર છે, જા વૃદ્ધ લોકોની પાસે જઈ રાજનીતિનો અભ્યાસ કર. રાજ્યના માનીતા થવાનો લાભ લઈ અમારૂં અપમાન કરવાથી તારે દૂર રહેવું. મારૂં હિત કેમ થાય તે હું તને પૂછતો નથી, માટે ચુપ રહે. અમે તારૂં ઘણું ઘણું સહન કરીએ છીએ. તારે હવે અમને વધારે છંછેડવા નહિ. હું આ કામ મારા વિચારથી કરતો નથી, પણ જેમ મને પરમેશ્વર બુદ્ધિ આપેછે તેમ કરૂંછું. કપૂર સળગે એટલે તેને ઠારી નાખવા દોડવું નહિ, પણ સળગવાજ દેવું, જેથી તેની ભસ્મ પણ અવશેષ ન રહે; શત્રુઓ ખરાબ થતા હોય ત્યારે તેમનો કાંઇ પણ બચાવ કરવો નહિ, પણ ખરાબજ થવા દેવા, જેથી તેઓનો છોડ પણ અવશેષ ન રહે. વ્યભિચારિણી સ્ત્રીને ઘણા માનથી રાખી હોય તોપણ તે છોડી દીધા વગર રહેતી નથી, માટે તેનો પ્રથમથીજ ત્યાગ કરવો યોગ્ય છે, તેમ શત્રુના પક્ષના માણસને ઘણા સત્કારથી રાખીએ તોપણ તે અંતે છોડી દીધા વિના રહેનાર નથી. માટે વિદુર ! જ્યાં તારી ઇચ્છા હોય ત્યાં જા." આ પ્રમાણે પોતાનું અપમાન થતાં પણ બન્ને પક્ષનું શ્રેય ઇચ્છનારા વિદુરજીએ પોતાનું બોલવું બંધ કર્યું નહિ. "અરે લોકો ! સાચું બોલનારઉપર રાજાઓ ક્રોધ કરેછે, માટે રાજ્યનો આશ્રય કરતાં પહેલાં વિચાર કરજો. રાજાઓ મેલા ચિત્તવાળા હોય છે અને વિશ્વાસઘાત કરતાં વાર લગાડતા નથી. દુર્મતિ દુર્યોધન ! તું પોતાને સમજુ ગણેછે અને મને મૂર્ખ માનેછે. પણ મૂર્ખ તો તેજ કે જે સ્નેહી સંબંધીઓનો પણ વિશ્વાસ ન કરે. જો તને મારૂં બોલવું વિરૂદ્ધ લાગતું હોય

તો હવે તું સઘળાં કામોમાં મૂર્ખાઓની સલાહ લઇ સારૂં પરિણામ ભોગવજે. પ્રિય બોલનારાં માણસો ઘણાં મળે પણ કડવી છતાં પરિણામે હિતકારક વાત કહેનારા દુર્લભ છે તેમ સાંભળનારા પણ દુર્લભ છે. પ્રિય લાગે કે અપ્રિય લાગે તેનો વિચાર નહિ કરતાં કેવળ ધર્મઉપર લક્ષ રાખી જે માણસ હિતની વાત કરેછે, તેજ ખરો હેતુ કહેવાયછે. મહારાજ ધૃતરાષ્ટ્ર ! મારાં વચનોનો કડવાં ઔષધની પેઠે ઘુંટડો ઉતારો, જેથી પરિણામે તમને સુખ થાય. હું તમને ફરીવાર પણ કહુંછું કે, તમારે પાંડવોને કોપાવવા જોઇતા નથી." વિદુર એ પ્રમાણે બોલતાજ રહ્યા અને શકુનિએ યુધિષ્ઠિરને કહ્યું કે, "તમે પાંડવોનું બધું ધન હારી ગયા, હવે હાર્યાવિનાનું બાકી હોય તો બોલો." "તારે મારા ધનવિષે પૂછવાનું શું પ્રયોજન છે? મારી પાસે તો પરાર્દ્ધકરતાં પણ વધારે ધન છે તેની હું મૂઠ માંડુંછું." યુધિષ્ઠિર એ પ્રમાણે બોલ્યા કે શકુનિએ પાશા નાખ્યા અને એ પણ જીતી લીધું. "પર્ણાશા નામની નદીથી માંડીને સિંધુના કિનારા સુધીમાં આવેલાં મારાં બધાં ગાય, ઘોડાં, અને બકરાં માંડું છું." શકુનિએ તે પણ જીતી લીધાં. પછી પોતાના દેશો, શહેરો, રાજ્યનાં ભૂષણો ઇત્યાદિ સર્વસ્વ યુધિષ્ઠિર માંડતા ગયા અને હારતા ગયા. છેવટ પોતાના નાના ભાઇ નકુલને મૂઠમાં મૂકયો, તેને હારી ગયા. સહદેવને માંડયો તેને પણ હારી ગયા. શકુનિ બોલ્યો કે "રાજા ! નકુલ અને સહદેવ તમારા સાવકા ભાઇઓ છે તેથી તેઓને તમે મૂઠમાં મૂકયા, તેથી હું ધારૂંછું કે, અર્જુન અને ભીમ તમને વધારે વહાલા છે." યુધિષ્ઠિર બોલ્યા કે "અમો પાંચ ભાઇઓ પરસ્પર પ્રીતિવાળા છીએ તેમાં આવું બોલી કુસંપ ઉત્પન્ન કરાવવાનો પ્રયત્ન કરેછે, માટે તું અધર્મી છે." શકુનિ બોલ્યો કે "તમે મહાત્મા અને મોટા છો, હું તમને પ્રણામ કરૂંછું. હું તો જુગારમાં ઘેલો થઇ ગયો છું, તેથી નજરમાં આવે એમ બોલું પણ આપે ક્ષમા કરવી. જુગારી લોકો પોતાની રમતમાં છાકટા જેવા થઇ જાયછે, અને જે વાતો સ્વપ્નામાં પણ અસંભવિત હોય એવી વાતો બકવા મંડી જાય, એ સ્વાભાવિક છે." પછી યુધિષ્ઠિરે પોતાનો ભાઇ અર્જુન, જે જગતમાં તે સમયમાં મોટામાં મોટો વીર અને શસ્ત્રવિદ્યામાં કુશળ હતો તેને મૂઠમાં મૂકયો. શકુનિએ દાવ નાખી તેને જીત્યો, મિલકતમાં માત્ર હવે ભીમ રહ્યો, તેને પણ માંડવા સૂચના કરતાં યુધિષ્ઠિરે છેવટે ભીમને માંડયો. શકુનિએ ભીમને પણ જીત્યો, અને કહ્યું કે "તમે ભાઇઓને પણ હારી ગયા. હવે કાંઇ હાર્યાવગરનું તમારૂં ધન રહ્યું હોય તો બોલો?

નાખો" "હું હવે મારા પિંડને મૂડમાં મૂકું છું અને હારી જઇશ તો તમારૂં કામ કરીશ." શકુનિએ પાશા ઢાળી તેને પણ જીતી લીધા. પછી તે બોલ્યો કે "તમે પોતાનાં શરીરને હારી ગયા એ અવળું કર્યું. જ્યાં સુધી કાંઇ પણ મિલકત અવશેષ હોય ત્યાં સુધી શરીરને હારી બેસવું એ બહુ ભુંડું ગણાય. હાર્યાવગરની તમારી મિલકતમાં હવે માત્ર દ્રૌપદી અવશેષ રહેલ છે, તેને મૂડમાં મૂકી આ ફેરે જીત મેળવી તમારા શરીરને દાસપણામાંથી મુક્ત કરો. અને હારી જશો તો દ્રૌપદી પણ અમારા હાથમાં આવશે." યુધિષ્ઠિરે કહ્યું કે "અમારી પ્યારી પત્ની દ્રૌપદીને પણ હું મૂડમાં મૂકું છું." યુધિષ્ઠિરના મોહોડામાંથી આવા શબ્દો નીકળ્યા કે તેજ ક્ષણે વૃદ્ધ સભાસદો ધિક્કારના શબ્દો બોલવા લાગ્યા. વિદુર પોતાના બન્ને હાથથી પોતાનું માથું પકડી શબ જેવા બની ગયા. ભીષ્મ તથા દ્રોણ આદિને પ્રસ્વેદ વળી ગયો. રાજાઓને આંસુ આવી ગયાં. સભામાં ગડબડ થઇ રહી. ધૃતરાષ્ટ્ર પોતાના અભિપ્રાયને ગુપ્ત નહિ રાખી શકવાથી "કોણ જીત્યું, કોણ જીત્યું?" એમ વારંવાર પૂછવા લાગ્યો. કર્ણ, દુઃશાસન આદિ કૌરવ પક્ષમાં મોટો હર્ષ ફેલાયો અને બીજા સંભાવિત સભાસદો છાના છાના અશ્રુપાત કરવા લાગ્યા. દ્રૌપદીને મૂડમાં મૂકતાંજ શકુનિ પાશા નાખી બોલ્યો, કે "હું જીત્યો છું."

પ્રકરણ ૧૫ મું.

સતી દ્રૌપદી સભામાં.

દુર્યોધને વિદુરને આજ્ઞા કરી કે "પાંડવોની પ્યારી પત્ની દ્રૌપદીને એકદમ આંહીં બોલાવી લાવો. એ અભાગણી હવે અમારા ઘરનું વાશીદું વાળશે અને દાસીઓની મંડળીમાં રહેશે." વૃદ્ધ વિદુરથી આ અપમાન સહન ન થતાં તેણે દુર્યોધનના ઉપર વચનપ્રહાર કર્યો કે "અરે, હતભાગ્ય દુર્યોધન! તું ન બોલવાનું બકેછે! તું ઉંડી ખાડમાં પડવા લટકી રહ્યો છે. તું હરણીયું, સુતા સિંહોને જગાડેછે. તારી ઉપર સિંહણનાં બચ્ચાં ટાંપી રહ્યાં છે, તે તું જાણતો નથી. તું હાથે કરીને તારો વિનાશ શામાટે માગી લેછે? ન્યાયની રીતિપ્રમાણે પોતાના શરીરને હાર્યાપછી, એટલે સ્ત્રીઉપરથી પોતાનો અધિકાર ઉઠી ગયાપછી યુધિષ્ઠિરે દ્રાપદીને મૂહમાં માંડેલ છે, માટે દ્રૌપદી દાસી થવાને યોગ્ય નથી. નાહક દુર્વચનોરૂપી બાણોથી હેતુને શત્રુ કરવાનું પરિણામ કદી પણ સારૂં નહિ આવે. કોઇનું મર્મસ્થળ વીંધાઇ જાય એવું દુર્વચન બોલવું એ સારા માણસનું કામ નથી. નીચ કૃત્યથી કે કપટથી શત્રુને પણ જીતવામાં નીતિ નથી. હથીઆરને ગળવાનો પ્રયત્ન કરતાં જેમ બકરો તેજ હથીયારના ઘાથી મુવો, તેમ દુર્યોધનનું થવાનું છે.

આટલું આટલું થતાં પણ પાંડવો હજુ બોલતા નથી એ તેમની ધીરતાને ધન્ય છે. કૂતરો તપસ્વીને, વિદ્વાનને, સદ્‌ગૃહસ્થને કે સંન્યાસીને કોઇને પણ ભસ્યા વિના રહે નહિ, પણ તેઓ કૂતરાના ભસવાતરફ લક્ષ આપવું યોગ્ય ધારતા નથી. આ તો તુંબડાં ખુલ્યાં ને પથરા તર્યાં, એવું થયું છે. મૂઢ દુર્યોધન ! તું મારાં વચનોને કાન દેતો નથી, પણ નક્કી માનજે કે આવો લોભ વધવાથી કુરૂકુળનો નાશ થવાનો આ આરંભ થઇ ચૂક્યો છે." ઇત્યાદિ વિદુરનાં નીતિવચનો હવામાં ઉડી ગયાં અને લોભથી લક્ષણરહિત દુર્યોધને પ્રતિકામી નામના પોતાના સારથિને દ્રૌપદીને બોલાવી લાવવાની આજ્ઞા કરી કે "પ્રતિકામી ! વિદુરને ધિક્કાર છે કે તે મારી આજ્ઞા માનતો નથી, તારે કાંઈ પાંડવોની પરવા નથી. વિદુર બીકણુ છે અને અમારા કલ્યાણમાં રાજી નથી માટે તું જલદી જા." સારથિ આજ્ઞા માથે ચડાવી દરબારમાં દ્રૌપદીપાસે ગયો અને દુર્યોધનની ઇચ્છા જણાવી; અને વળી વિશેષ જણાવ્યું કે, "યુધિષ્ઠિરની જુગારથી બુદ્ધિ ફરી ગઈ છે. તેણે રમતમાં તમને મૂઠમાં મૂક્યાં અને શકુનિએ તમને જીતી લીધાં છે, હવે તમે દુર્યોધનનાં દાસી થયાં માટે તમારી પાસે દાસીનું કામ કરાવવા દુર્યોધન તમને બોલાવેછે."

"અરે ! આ તું શું બોલેછે ! ઓની મૂડ તે કોઇ ક્ષત્રિય માંડે ? યુધિષ્ઠિરની પાસે કાંઈ ધન ન રહ્યું કે શું ? જેથી મને મૂઠમાં માંડવાનું તેણે સાહસ કર્યું !" ઇત્યાદિ દ્રૌપદીનાં પ્રશ્નો સાંભળી સારથિ બોલ્યો કે "યુધિષ્ઠિર રમતમાં સર્વસ્વ હારી બેઠા પછી તેણે પ્રથમ ચાર ભાઇઓને, પછી પોતાના શરીરને અને પછી તમને મૂઠમાં માંડ્યાં." "પ્રતિકામી! તું જઇને એ જુગારી રાજાને મારી તરફથી પૂછ કે તમે પ્રથમ તમારા શરીરને હાર્યા છો કે મને હાર્યા છો ? આ વાત નક્કી કરીને પછી મને તેડવા આવ." પ્રતિકામીએ સભામાં જઈ દ્રૌપદીનો અભિપ્રાય યુધિષ્ઠિરને નિવેદન કરતાં યુધિષ્ઠિર મૂર્છિત થયા અને દ્રૌપદીના પ્રશ્નનો તેના તરફથી જવાબ ન મળતાં દુર્યોધને કહ્યું કે "દ્રૌપદીએ અહીં આવીનેજ યુધિષ્ઠિરને એ પ્રશ્ન પૂછવો, જેથી પ્રશ્નોતર અને તેનો નિર્ણય સઘળા સભાસદોના સાંભળવામાં આવે." દુર્યોધનની આજ્ઞાથી પ્રતિકામી પાછો દ્રૌપદીપાસે ગયો અને શરમાતો શરમાતો બોલ્યો કે "તમારી બાબતમાં કાંઇક વાંધો ઉઠ્યો જણાયછે માટે સભાસદો તમને સભામાં બોલાવેછે અને દુર્યોધને તેની મોટાઇ મૂકી દઇને તમને સભામાં બોલાવવાનો દુરાગ્રહ કર્યો છે." દ્રૌપદી બોલ્યાં, કે "સુખ દુઃખ તો સહુને આવે એવો ઇશ્વરી નિયમ છે, માટે અમારા ઉપર કદિ દુઃખ

આવી પડે તેમાં મને કાંઈ આશ્ચર્ય નથી. પરંતુ ધર્મનું રક્ષણ કરવાથી કલ્યાણ થાય છે એવી ઇશ્વરનીજ આજ્ઞા છે, માટે આવે વખતે ધર્મ અમારૂં રક્ષણ કરશે." તું પાછો જઇને સભાસદોને પૂછ કે તમો સર્વ ધર્માત્મા છો, નીતિવાળા છો, માટે તમો જેમ આજ્ઞા કરશો તેમ કરવાને હું તૈયાર છું." પ્રતિકામી બીજીવાર સભામાં પાછો ગયો અને દ્રૌપદીતરફથી સભાસદોનો અભિપ્રાય પૂછયો. દુર્યોધનનો આગ્રહ જોઈ સઘળા સભાસદો કાંઈ પણ ઉત્તર આપ્યા વિના નીચાં મોં કરી બેસી રહ્યા. દુર્યોધનનો દુષ્ટ અભિપ્રાય જાણી લઇ યુધિષ્ઠિરે પોતાના એક ખાનગી દૂતને મોકલી દ્રૌપદીને કહેવરાવ્યું કે "તમે હાલ રજસ્વલા છો માટે જે વસ્ત્ર પહેર્યા હોય તેજ વસ્ત્રમાં અને તેવીજ સ્થિતિમાં રોતાં રોતાં સભામાં આવી સસરાની (ધૃતરાષ્ટ્રની) પાસે ઉભાં રહેજો. વડિલબાઇના વચનને અક્ષરશઃ અનુસરનારા, સત્યથી બંધાએલા, રાંક બનેલા અને શોકસાગરમાં ડુબેલા ભીમસેન આદિ પાંડવો તો કોઇના તરફ દૃષ્ટિ પણ કરતા ન હતા. પાંડવોનાં દીન મોહોડાં જોઇ રાજી થતા દુર્યોધને પ્રતિકામીને આજ્ઞા કરી કે "દ્રૌપદીને અહીંજ બોલાવી લાવ, એટલે સભાસદોરૂબરૂ ખુલાસો થશે." દુર્યોધનની આજ્ઞા થઇ તોપણ ભીમસેનની બીકથી તે આજ્ઞાનું માન ન રાખતાં તેણે સભાસદોને ફરીથી પૂછયું કે "મારે દ્રૌપદીને શો ઉત્તર આપવો?" દુર્યોધને તુરતજ દુઃશાસનને કહ્યું કે "આ મૂઢ સારથિ ભીમસેનથી બીએછે, માટે તું પોતેજ દ્રૌપદીને અહીં પકડી લાવ. પરાધીન થએલા બિચારા પાંડવો હવે તને શું કરનાર છે?" દુઃશાસન ઉઠયો અને લાલ આંખો કરી દરબારમાં દ્રૌપદીપાસે આવ્યો. "દ્રૌપદી ચાલ ચાલ, તને દુર્યોધને જીતી છે, માટે શરમ તજી દઇને સભામાં આવી દુર્યોધનની સેવામાં હાજર થા." દુઃશાસનનાં દુર્વચનોથી દુઃખ પામેલી દ્રૌપદી હાયવતી પોતાનું મોં લુતાં લુતાં બચાવની ઇચ્છાથી કૌરવકુળની સ્ત્રીઓ બેઠી હતી ત્યાં દોડી, અને દુઃશાસન ગર્જના કરતો કરતો તેને પકડવાને પછવાડે દોડયો. દ્રૌપદીને પકડી પાડી તેનો લાંબો ચોટલો પકડી દુઃશાસન તેને સભાતરફ લઈ ચાલ્યો. સભા સમીપ આવતાં દ્રૌપદીએ ધ્રુજતાં ધ્રુજતાં કહ્યું, કે "દુઃશાસન ! હું રજસ્વલા છું અને તેથી મેં એકજ વસ્ત્ર પહેર્યું છે, માટે મને સભામાં લઈ જવી યોગ્ય નથી. એમ કહી રક્ષણને વાસ્તે શ્રીકૃષ્ણને પોકારવા લાગ્યાં. "તું રજસ્વલા હો, એક વસ્ત્રવાળી હો કે વસ્ત્રવગરની હો તોપણ શું ! તું જુગારમાં જીતાઇને અમારી દાસી થઇ છો; દાસીને કેવાં વસ્ત્ર પહેરાવવાં એ તો હવે અમારા

મરજીઉપર છે." દુષ્ટ દુઃશાસનનો જવાબ સાંભળી દ્રૌપદીએ ફરી કરગરી કહ્યું કે "મને ખેંચવાથી મારા કેશ વીંખાઇ ગયા છે, અરધું વસ્ત્ર નીચું પડી ગયું છે, વિદ્વાન, વૃદ્ધ અને મારે પિતાસમાન એ સભાસદોની આગળ મારાથી આવી હાલતમાં ઉભાય નહિ. અરે ભુંડાં કામ કરનારા દુઃશાસન ! મને ખેંચમાં અને વસ્ત્રવગરની કર નહિ. ઇંદ્ર આદિ દેવતાઓ તારે સહાય હશે તોપણ પાંડવો તારા આવા અપરાધને સહન કરશે નહિ. મને રજસ્વલાની સ્થિતિમાં રાજાઓની સભામાં ખેંચી લઇ જાયછે એ તું બહુ ભુંડું કરેછે. હાય હાય ! આ સભામાં કોઇ લજાતો નથી, અને સર્વ તારા દુષ્કૃત્યને જોયા કરેછે? ધિક્કાર છે, ભરતવંશી રાજાઓનો ધર્મ નષ્ટ થઇ ગયો જણાયછે, અને સદાચરણ પણ નષ્ટ થયું જણાયછે, નહિ તો ધર્મની મર્યાદાનું ઉલ્લંઘન થાય અને સર્વે ભરતવંશીઓ જોયા કેમ કરે? ભીષ્મ, દ્રોણ, વિદુર અને ધૃતરાષ્ટ્રમાં તો કાંઇ માલજ દેખાતો નથી. આ ઉગ્ર અધર્મ થાયછે, તેનો વૃદ્ધ લોકો પણ વિચાર કરતા નથી." આવી રીતે બોલતાં દ્રૌપદીએ પોતાના સ્વામી પાંચ પાંડવોને એવાં કટાક્ષ માર્યાં કે પાંડવો જાણે કોપરૂપી અગ્નિથી સળગીજ ગયા હોય એવા થઇ ગયા. આવી સ્થિતિમાં આવાં અપમાનનો અનુભવ પાંડવોને જેવો થયો તેવો ભાગ્યેજ કોઇને થયો હશે. આવું ધૈર્ય પણ પાંડુના પ્રતાપી પુત્રોથીજ રહી શકે. આ કરતાં વિશેષ દુઃખકારક બનાવ બીજા થોડાજ બનેછે. કંગાળ થઇ ગયેલા પોતાના પતિઓતરફ જોયા કરતી અને બેશુદ્ધ બનેલી દ્રૌપદીને જોઇ રાજી થતો દુઃશાસન તેના શરીરને જોરથી હલાવતો હલાવતો અને હસતો હસતો મોટેથી બોલ્યો કે "આ દ્રૌપદી અમારી દાસી છે." દુઃશાસનનાં દુર્વચનોમાં વિનોદ માની કર્ણ ખડખડ હસ્યો. શકુનિએ પણ દુઃશાસનને અભિનંદન આપ્યું. બીજા સભાસદો મનમાં કચવાવા લાગ્યા. ભીષ્મે દ્રૌપદીને કહ્યું કે "દ્રૌપદિ ! હું તમારા પ્રશ્નનો ખુલાસો બરાબર આપી શકતો નથી. એક તરફથી પોતાના શરીરને હારીને પરાયા દાસ થયેલા યુધિષ્ઠિર તમારા માલેક નહિ રહેવાથી તમને મૂઠમાં માંડી શકે નહિ એવું સિદ્ધ થાયછે. બીજી તરફ વિચાર કરીએ છીએ તો દાસની સ્ત્રીએ પણ દાસીજ થવુંજ જોઇએ. ત્રીજો વિચાર એવો પણ છે કે યુધિષ્ઠિરના શરીરની હાર થયા ભેગી તમારી હાર થએલી શકુનિએ માની નથી, અને તેથીજ તમને મૂઠમાં માંડવાનું તેણે યુધિષ્ઠિરને કહ્યું, અને તેથી યુધિષ્ઠિરના શરીરની સાથે તમારી હાર થઇ ગણી શકાય નહિ. તથા પરાયા દાસ થએલાનું તમારી ઉપર

સ્વામિત્વ રહે નહિ. ચોથો મુદ્દો એવો છે કે પરાયા દાસ થયાપછી યુધિષ્ઠિર તમારી ઉપર પોતાનું સ્વામિત્વ રહેલું ન માનતા હોય તો ધર્મની રીતિને પરિપૂર્ણ જાણતાં છતાં પણ તમને મૂઠમાં કેમજ મૂકે ? આ પ્રમાણે પરસ્પર વિરૂદ્ધ મુદ્દાઓથી ભેદભરી આ વાત છે. ધર્મનું સ્વરૂપ અત્યંત સૂક્ષ્મ છે. વાસ્તે મારાથી તમારા પ્રશ્નનો બરાબર ખુલાસો થઈ શકતો નથી.” દ્રૌપદી બીજાઓ તરફ નજર કરી બોલ્યાં કે “સભાસદો! તમે સહુ સત્યને ચાહનારા છો અને દૂધપુતના ધણી છો, વિચાર કરીને મારા પ્રશ્નનો ખુલાસો કરો. ભીષ્મની પેઠે દહીંદૂધમાં પગ રાખી સંદિગ્ધ ઉત્તર આપશો નહિ.” દુઃશાસન દ્રૌપદીને વારંવાર ખેંચતો હતો અને કઠોર વચનો બોલતો હતો. આવી અધમ સ્થિતિનો દેખાવ લાંબા કાળસુધી સહન ન થવાથી ભીમસેને યુધિષ્ઠિરને કહ્યું, કે “જુગારી લોકોના ઘરમાં છીનાળ સ્ત્રીઓ હોયછે, તોપણ તે લોકો તે સ્ત્રીઓની ઉપર દયા રાખેછે, અને તેમને મૂઠમાં માંડતા નથી. આપે આ કપટી લોકોની સાથે જુગાર રમી સર્વસ્વ ખોયું અને અમને પણ દાસ કર્યા, ત્યાં સુધી પણ આપને અમારા મુરબ્બી ગણીને મેં આપના ઉપર ક્રોધ કર્યો નથી; પરંતુ આપે દ્રૌપદીને મૂઠમાં માંડવાનો મોટો અપરાધ કર્યો, તે સહન ન થઈ શકે એવો છે. આ બિચારી પતિવ્રતા સ્ત્રી પાંડવોને પરણીને કેવળ આપના અવિચારી કૃત્યને લીધેજ આ ક્ષુદ્ર લોકોના હાથથી અપમાનસહિત દુઃખ પામેછે; દ્રૌપદીને વાસ્તે મારો દાબી ન શકાય એવો કોપ હવે આપના ઉપર ઉતારવો પડેછે. હું આપના બન્ને હાથ બાળી નાખીશ. સહદેવ ! અગ્નિ લાવ.” ભીમસેનને આ પ્રમાણે બોલતો જોઈ અર્જુને કહ્યું, કે “ભીમસેન ! તમારા મુખમાંથી કદી પણ આવા અક્ષર નીકળ્યા મેં સાંભળ્યા નથી. હું સમજુંછું, કે શત્રુઓએ બહુ સંતાપીને તમારી ધર્મઉપરની આસ્થાને ખંડિત કરી નાખી છે, તેથી તમે આ પ્રમાણે બોલોછો. પણ ધૈર્ય છોડી આમ બોલી તમારે શત્રુઓને રાજી કરવા નહિ જોઇએ. તમે ધર્મઉપરજ દૃઢતા રાખો. યુધિષ્ઠિર આપણા મોટા ભાઇ છે, ધર્માત્મા છે. તેનું આપણાથી ઉલ્લંઘન કેમ થાય ? શત્રુએ બોલાવવાથી પાછી પાની નહિ દેવારૂપ ક્ષત્રિયવટ રાખવાસારૂ પરાઇ ઇચ્છાથી આવી રમત રમ્યા છે, તેમાં આપણી કાંઇપણ અપકીર્ત્તિ થઇ છે, એમ માનવું નહિ.” “અર્જુન! હું પણ તે વાતને સમજુંછું, અને તેથીજ ધૈર્ય રાખી બધું જોયા કરૂંછું, નહિ તો મોટા ભાઇના બન્ને હાથ

ક્યારનાએ બાળી નાખ્યા હોત." પાંડવોની આવી સ્થિતિ જોઇને ન્યાયના તત્ત્વોને અનુસરવાની બુદ્ધિવાળા દુર્યોધનના ભાઈ વિકર્ણથી મુંગા બેસી રહેવાયું નહિ. અંધારી રાતમાં એક આગીયો પણ કાંઈ પ્રકાશ પાડી યોગ્ય રસ્તાનું ભાન કરાવેછે, તેમ દુર્યોધનરૂપી રાહુની છાયાથી સભામાં બિરાજેલા વડીલો અને રાજાઓનાં અંતઃકરણઉપર અંધારો પડદો પડ્યો હતો તેને વિકર્ણે પ્રકાશથી દૂર કર્યો. તે એકદમ બોલી ઉઠયો, "રાજાઓ! દ્રૌપદીના પ્રશ્નનો યથાર્થ ઉત્તર આપતા નથી, તેથી સર્વ નરકના નિવાસી થવાને પાત્ર બનોછો. ભીષ્મ અને ધૃતરાષ્ટ્ર આ કુળના વડીલ છતાં પણ કાંઇ બોલતા નથી, તેમ વિદુરે પણ મૌન ધારણ કર્યું છે, તે ઘટતું નથી. દ્રોણાચાર્ય અને કૃપાચાર્ય સર્વના ગુરૂ છે, છતાં શામાટે બોલતા નથી? એઓને કાંઇ બોલવાનું સૂજતું ન હોય અથવા પોતાના સ્વતંત્ર વિચારોનો પ્રકાશ કરવાને બીતા હોય તો ભલે તે ન બોલે; પણ તમે સઘળા સૌસૌની બુદ્ધિપ્રમાણે નિષ્પક્ષપાતપણે ઉત્તર આપો." વિકર્ણે આ પ્રમાણે એકકરતાં વધારે વખત પોકારીને કહ્યું છતાં કોઇ બોલ્યું નહિ, ત્યારે તે ક્રોધથી હાંથ ચલાવતો બોલ્યો, કે "રાજાઓ તમે ઉત્તર આપો કે ન આપો તેની મને કાંઇ પરવા નથી. હું મારી સ્વતંત્ર બુદ્ધિને વેંચવા માગતો નથી, આ વિષયમાં મને જે વાજબી લાગેછે તે હું કહુંછું. શિકાર, મદ્યપાન, પાશાની રમત અને સ્ત્રીઓનો પ્રસંગ એ ચાર ભયંકર વ્યસનો છે. એ વ્યસનોમાં આસક્ત થયેલો માણસ ધર્મનું ઉલ્લંઘન કરીને ક્રિયા કરેછે, પણ તેવા માણસે કરેલી ક્રિયાને લોકો મંજુર રાખતા નથી. તેજ પ્રમાણે જુગારના વ્યસનમાં પડેલા અને જુગારીઓએ બોલાવેલા આ યુધિષ્ઠિરેં દ્રૌપદીની મૂઠ માંડેલી છે, તે મૂઠ મંજુર રાખવાલાયક નથી. દ્રૌપદી સઘળા પાંડવોની સ્ત્રી છે તેને એક પાંડવથી મૂઠમાં માંડી શકાય નહિ. વળી યુધિષ્ઠિરે પોતાના શરીરને હાર્યાપછી દ્રૌપદીને માંડી છે. શકુનિએ પણ યુધિષ્ઠિરની હાર ભેળી દ્રૌપદીની હાર ન ગણતાં પાછળથી દ્રૌપદીને મૂઠમાં માંડવાની સૂચના કરેલી છે. આ સઘળા મુદ્દાઓનો વિચાર કરીને હું કહુંછું, કે દ્રૌપદી જીતાએલી નથી" વિકર્ણનાં વચનો સાંભળીને સભામાં મોટો કોલાહલ થઇ રહ્યો. સભાસદો વિકર્ણનાં વખાણ કરવા લાગ્યા અને શકુનિને ધિક્કારવા લાગ્યા. ઘોંઘાટ કાંઇક શાંત થયો એટલે ક્રોધાયમાન થયેલા કર્ણે વિકર્ણનો હાથ પકડી કહ્યું, કે "અરણિથી ઉત્પન્ન થયેલો અગ્નિ જેમ અરણિનોજ નાશ કરે તેમ ધૃતરાષ્ટ્રથી

ઉત્પન્ન થયેલો તું ધૃતરાષ્ટ્રનોજ નાશ કરેછે. સંસારમાં મિત્રમુખ શત્રુઓ પણ ઘણા હોયછે, તેઓમાં । તું પણ એક છે. દ્રૌપદીને ધર્મથી જીતાએલી માનીનેજ આ સઘળા સભાસદો દ્રૌપદીને ઉત્તર આપી શકતા નથી, અને તું એક બાલક સભામાં વૃદ્ધનો ડોળ ઘાલી ફાટે મ્હોંયે બોલેછે, તે તને આવડો બધો ડાહ્યો કોણે ઠરાવ્યો છે? દ્રૌપદી જીતાએલી નથી એમ તું બોલેછે, તેથી હું ધારૂંછું કે તને ધર્મનું યથાર્થ જ્ઞાનજ નથી. યુધિષ્ઠિરે પોતાના સર્વસ્વની મૂડ માંડી, તેમાં દ્રૌપદી પણ આવીજ જાયછે. દ્રૌપદીને મૂડમાં માંડયાનું યુધિષ્ઠિર બોલી ચુકયો અને તેમાં બીજા પાંડવોએ ગર્ભિત સંમતિ આપી, તો હવે તું શા કારણથી દ્રૌપદીને નહિ જીતાએલી માનેછે? દ્રૌપદીને એકજ લુગડે સભામાં લાવવામાં આવી છે, તે તું અધર્મ માનતો હો તો તેવિષે પણ સાંભળ. એક સ્ત્રીને એકજ પતિ હોય. એવી ધર્મની મર્યાદા છે આ દ્રૌપદીને તો પાંચ પતિ છે, માટે તે એક પ્રકારની વેસ્યા છે, વેસ્યાને ગમે તે હાલતમાં સભામાં લાવવામાં અધર્મ નથી." પછી તેણે દુઃશાસનને કહ્યું, કે "આ મૂર્ખ વિકર્ણ તો ખોટું ડહાપણ ડોળેછે, તું પાંડવોનાં લુગડાં ઉતારી લે." કર્ણનાં વચન સાંભળી પાંડવો તો પોતાને હાથેજ પોતાનાં ઉત્તરીય વસ્ત્રો ઉતારી ફેંકી દઇ બેઠા અને દુઃશાસન મધ્ય સભામાં બલાત્કારે દ્રૌપદીનાં વસ્ત્ર ખેંચવા લાગ્યો. દ્રૌપદીએ શ્રીકૃષ્ણનું સ્મરણ કર્યું. "હે ગોવિંદ, હે દ્વારિકેશ, હે કૃષ્ણ! મારી આ દુર્દશા થાયછે, તે તમે કેમ જાણતા નથી! હે લક્ષ્મીના સ્વામી! હું કૌરવરૂપી સમુદ્રમાં ડુબુંછું તેને બહાર કહાડો. હે કૃષ્ણ! હે મહાયોગી! હે જગતના નિયંતા! હે જગતનું પાલન કરનાર! શરણાગતને દુઃખમાંથી બચાવો અને મારી લાજનું રક્ષણ કરો." એ પ્રમાણે દ્રૌપદી પોકારી પોકારી શ્રીકૃષ્ણને સંભારવા લાગ્યાં. આવો કરૂણાજનક પોકાર સાંભળી શ્રીકૃષ્ણભગવાન્ ઉતાવળે પોતાનાં આસનને છોડી એકદમ સભાની સમીપમાં આવી અંતર્હિત ઉભા રહી દ્રૌપદીને વસ્ત્રો પૂરવા લાગ્યા. દુઃશાસન એક વસ્ત્ર ખેંચે કે બીજું તેવુંજ વસ્ત્ર પ્રકટ થાય અને બીજું ખેંચે કે ત્રીજું તેયાર દેખાય. આ પ્રમાણે ધર્મના પરિપાલનને માટે શ્રીકૃષ્ણપરમાત્માની કૃપાથી રંગવગરનાં તેમજ નાના પ્રકારના રંગનાં સેંકડો વસ્ત્રો દ્રૌપદીને પૂરાં પડવા માંડયાં. આ અત્યંત અદ્દભુત બનાવ જોઇ સભાસદો કોલાહલ કરવા લાગ્યા તથા દ્રૌપદીનાં વખાણ અને દુઃશાસનનો ધિક્કાર કરવા લાગ્યા. આ વખતે ક્રોધથી ફફડતા હોઠવાળો ભીમસેન ભયંકર રૂપ ધરીને બે હાથ

ભીંસીને બોલ્યો, કે 'રાજાઓ ! મારી પ્રતિજ્ઞા સાંભળો, જેવી પ્રતિજ્ઞા કોઇએ પૂર્વે કરી નથી અને ભવિષ્યમાં કોઈ કરશે નહિ. યુદ્ધ કરીને આ પાપી દુર્મતિ દુઃશાસનની છાતી ફાડીને મારે બલાત્કારથી તેનું લોહી પીવું છે. હું જો આ પ્રતિજ્ઞા ન પાળી શકું તો મારી સદ્‌ગતિ થજો માં." રૂંવાડાં ઉભાં કરી નાખે એવી ભીમની ભયંકર પ્રતિજ્ઞા સાંભળીને સભાજનો કાંઇક ભય અને કાંઇ આનંદનો અનુભવ કરતા જણાયા. સભાની અંદર વસ્ત્રોનો મોટો ઢગલો થયો. અને હજુ પણ પાર ન લાગતાં દુઃશાસન લજાઈ હારીને હેઠો બેઠો. તેનાપર લોકના ધિટકારની વૃષ્ટિ થઈ. સૌ કોઇ ધૃતરાષ્ટ્રની નિંદા કરવા લાગ્યા, કે "દ્રૌપદીના પ્રશ્નનો ઉત્તર દેવાતો નથી એ બહુ ભુંડું થાયછે." છેવટે ધર્મના તત્વને જાણનાર વિદુરે પોતાના બન્ને હાથ ઉંચા કરી સભાજનોને ઘોંઘાટ કરતા અટકાવીને કહ્યું, કે "સભાસદો ! દ્રૌપદી અનાથની પેઠે આક્રંદ કરેછે, છતાં તેના પ્રશ્નનો ખુલાસો થતો નથી, એમાં ધર્મનો નાશ થાયછે." વિકર્ણે પોતાની બુદ્ધિપ્રમાણે ઉત્તર આપ્યો, તો હવે તમે પણ પોતપોતાની સમજપ્રમાણે ઉત્તર આપો. ધર્મને જાણતાં છતાં પૂછેલા પ્રશ્નનો ઉત્તર ન્યાયપુરઃસર ન આપે તેને ખોટા બોલવા જેટલું નહિ તોપણ તેથી અરધું પાપ લાગેછે. અને ખોટો ઉત્તર આપે તો ખોટું બોલવાનું સઘળું પાપ લાગેછે. જાણતાં છતાં કામથી, ક્રોધથી કે ભયથી પ્રશ્નનો ખરો ઉત્તર ન આપે તે સભાસદ નરકમાં જાયછે અને હજાર વર્ષ સુધી વરૂણપાશથી બંધાએલો રહેછે. ધર્મનો વાંધો ઉત્પન્ન થતાં તેનું નિરાકરણ કરવાનું પંચને માથે આવે ત્યારે પંચ તેનો યથાર્થ નિર્ણય ન કરી આપે તો પંચને માથે મોટું પાપ આવી પડેછે." વિદુરનાં આવાં વચનો સાંભળતાં પણ સભાસદો કાંઇ બોલ્યા નહિ. "દાસી થયેલી આ દ્રૌપદીને દુર્યોધનના ઘરમાં લઇ જા" એવી કર્ણે દુઃશાસનને આજ્ઞા કરતાં દુઃશાસન દ્રૌપદીને ખેંચવા લાગ્યો. દ્રૌપદી બોલ્યાં, કે "દુઃશાસન ! હું સભામાં આવી ત્યારે વિહ્વલપણાને લીધે વૃદ્ધ વડીલોને પ્રણામ કરી શકી નથી માટે પ્રણામ કરી લઉં તેટલો વખત મને આપ." દ્રૌપદીના બોલવાપર ધ્યાન નહિ આપતાં દુઃશાસન તેને બલાત્કારથી ખેંચવા લાગ્યો તેથી તે સભાની વચમાં પડી ગયાં અને વિલાપ કરવા લાગ્યાં, કે "હાય હાય ! મારા સ્વયંવરમાં જે રાજાઓ મને જોવા પામ્યા હતા, તેઓની પાસે આ સ્થિતિમાં ભરસભામાં મારે આવવું પડ્યું ! પાંડવો મારા શરીરને પવનના સ્પર્શનું પણ સહન ન કરે એવા છે, તેઓ આજ મારૂં અપમાન પ્રત્યક્ષ સહન કરેછે ! આ

સભામાં બિરાજેલા વૃદ્ધ રાજાઓની આગળ હું વહુ દીકરી છું, તેનાપર થતા આવા સંસ્કારોને આ વૃદ્ધ લોકો પણ સહન કરી જોયા કરેછે! આ ઉપરથી હું ધારૂંછું કે, ઘણો બુરો વખત આવી પહોંચ્યો છે અને કૌરવોનો ધર્મ નાશ પામ્યો છે. અરે વૃદ્ધ લોકો ! આ દુષ્ટ દુઃશાસન મને દુઃખ દેછે, તે મારાથી ખમાતું નથી, માટે તુરત ચોખ્ખે ચોખ્ખું કહી નાખો કે હું જીતાએલી છું કે નહિ ? તમારા મનમાં હોય તે હવે તરત બોલી નાખો.” દ્રોપદીનો વિલાપ સાંભળી ભીષ્મ બોલ્યા, કે “ હું તો પ્રથમથીજ કહી ચુકયો છું કે ધર્મની ગતિ અત્યંત સૂક્ષ્મ છે, માટે મારાથી તમારા પ્રશ્નનો ખુલાસો બરાબર આપી શકાતો નથી. પણ એટલું તો ખરૂં છે કે આ કુળનો થોડાજ કાળમાં વિનાશ થવાનો છે. તમે આવા દુઃખમાં પણ ધર્મને વળગી રહ્યાં છો, એ તમને યોગ્ય જ છે, અને કુલીનનું એજ લક્ષણ છે. આ ધર્માત્મા દ્રોણ આદિ વૃદ્ધ લોકો પણ મૌન ધરીને બેઠા છે. હવે તમે યુધિષ્ઠિરનેજ એ પ્રશ્ન પુછો. તમારા પ્રશ્નનો ખુલાસો યુધિષ્ઠિરના મુખથીજ થવો યોગ્ય છે. ” ભીષ્મનું એ પ્રમાણે બોલવું સાંભળી બીજા રાજાઓ ભયને લીધે કાંઇ બોલ્યા નહિ અને દુર્યોધને હસતાં હસતાં દ્રૌપદીને કહ્યું, કે “તારા પ્રશ્નનો ઉત્તર તારા પતિઓએજ દેવો જોઇએ. આ સભાની અંદર ભીમઆદિ તારા પતિઓ એમ કહે કે યુધિષ્ઠિરે ભૂલ કરી છે. અથવા યુધિષ્ઠિર પોતેજ તને મૂઠમાં માંડવાની પોતાની ભૂલ કબુલ કરે તો, હું તને દાસીપણામાંથી મુક્ત કરૂં.” દુર્યોધનના આ યુક્તિભરેલા નિર્ણયવાદનાં સૌ વખાણ કરવા લાગ્યા અને હવે પાંડવો શું બોલેછે તેને માટે આતુરતા બતાવવા લાગ્યા. ભીમ બોલ્યો કે “આ અમારા વડિલ ભાઈ યુધિષ્ઠિર જો અમારા તથા અમારા સર્વસ્વના માલેક ન હોત તો અમે આટલીવાર સુધી આ અપમાન સહન કર્યું ન હોત. યુધિષ્ઠિર અમારા સર્વસ્વનાજ નહિ પણ અમારા પ્રાણના પણ માલેક છે. જો તે દ્રૌપદીને મૂઠમાં માંડ્યા પહેલાં પોતાના પંડને હારી ગએલા માનતા હોય તો દ્રૌપદીની બાબતમાં અમારો જયજ છે. દ્રૌપદીના ચોટલાને પકડનારો પુરૂષ મારા હાથમાંથી જીવતો જાયજ નહિ, પરતુ હું ધર્મના પાશથી બંધાએલો છું; યુધિષ્ઠિરનું માન અને અર્જુન મને અટકાવેછે, તેથી નિરૂપાય છું. જો યુધિષ્ઠિર આજ્ઞા કરે તો હમણાંને હમણાં આ દુષ્ટ લોકોને ચાંચડની પેઠે ચોળી નાખું.” ભીમસેન વેગમાં આવી જતાં ભીષ્મે, દ્રોણે તથા વિદુરે તેને કહ્યું, કે “તમે સઘળું કરી શકો એવા સમર્થ છો, પણ હમણાં ક્ષમા કરો” એક-

તરફથી આ લોકો સમાધાનીની વાત કરતા હતા, ત્યારે બીજી તરફથી કર્ણે બળતામાં ઘી હોમ્યું કે "અરે દ્રૌપદી! દાસની સ્ત્રી અને ધન દાસના માલેકનાંજ કહેવાય. માટે તું દુર્યોધનની દાસી થઇ છે, તેથી દુર્યોધનના દરબારમાં જઈ તેની સ્ત્રીઓની પગચંપી કર. હવે પાંડવો તારા માલેક નથી, પણ ધૃતરાષ્ટ્રના પુત્રોજ તારા માલેક છે. તારે આજસુધી પાંચ પતિ હતા પણ હવે દાસી થવાથી તને વધારે છુટ મળશે અને વધારે સુખી થઇશ. તારા પાંચ પતિ તો અમારા દાસ થયા છે, તેથી તેઓ હવે અમારી રજા વિના તારાપર સત્તા ચલાવી શકશે નહિ. યુધિષ્ઠિરે સભાની વચમાં તને મૂહમાં માંડીને પોતાના જન્મની સફલતા કરી છે!" કર્ણનાં આવાં કઠોર વચનો સાંભળી ભીમસેને યુધિષ્ઠિરને કહ્યું, કે "આપણે સર્વ આવી દુર્દશામાં આવી પડ્યા છીએ, તેથી હમણાં હું આ દુષ્ટ કર્ણઉપર મારો ક્રોધ કાઢી શકતો નથી. તમે જો દ્રૌપદીની મૂઠ ન માંડી હોત તો શત્રુઓ મારી સમક્ષ આમ બકત નહિ." ભીમસેનનાં વચન સાંભળી દુર્યોધને યુધિષ્ઠિરને કહ્યું, કે "તમારા ચારે ભાઇઓ તમારી આજ્ઞાપ્રમાણે ચાલનારા છે, માટે તમેજ બોલો કે દ્રૌપદી જીતાએલી છે કે નહિ?" આ પ્રમાણે બોલતાં એ દુષ્ટે ભીમસેનને વધારે ખીજવવામાટે પોતાનો કેળના થાંભલા જેવો સાથળ ખુલ્લો કરી દ્રૌપદીને બતાવ્યો. આ બેઅદબી ભરેલી દુર્યોધનની વર્ત્તણુક જોઈ ભીમસેન લાલ આંખો ચડાવી બોલ્યો, કે "સભાસદો! જો મોટા યુદ્ધમાં હું ગદાવડે આ દુષ્ટના સાથળને ભાંગી ન નાખું તો મને નરકની પ્રાપ્તિ હોજો." દાવાનળથી સળગેલા ઝાડની કોતરોમાંથી જેમ અગ્નિની જવાળાઓ નીકળે તેમ આ વખતે ભીમસેનના શરીરનાં છિદ્રોમાંથી અગ્નિની જવાળાઓ નીકળવા માંડી. ભીમસેનનું આવું ઉગ્ર સ્વરૂપ જોઇ વિદુર બોલ્યા, કે "અરે ભરતવંશના રાજાઓ! ભીમસેનના ક્રોધથી મોટો ત્રાસ ઉપજવા સંભવ છે, એમ નક્કી સમજજો. કાળની ગતિને લીધે આ કુળમાં આ મોટી અનીતિ ઉત્પન્ન થઈ તેનું પરિણામ ઘણુંજ નઠારૂં આવશે. સભાની વચ્ચે સ્ત્રીની બાબતમાં શરમભરેલો વિવાદ ચલાવોછો એ, જુગારજેવી નીચ રમતની મર્યાદાથી પણ વિરૂદ્ધ છે. હે ધૃતરાષ્ટ્રના પુત્રો! તમો નીચ વિચાર કર્યા કરોછો, તેથી તમારૂં સત્યાનાશ વળવાનો વખત નજીક આવ્યો છે. યુધિષ્ઠિરે પોતાના શરીરને હાર્યાપહેલાં દ્રૌપદીની મૂઠ માંડી હોત તો દ્રૌપદી જીતાએલી કહેવાત; પણ પોતાના શરીરને હાર્યાપછી દ્રૌપદીની મૂઠ માંડવા યુધિષ્ઠિરને અધિકાર નહોતો. જે ધણી જે ધનનો માલેક રહ્યો ન હોય

તે ધણી તે ધનની મૂઠ માંડે તો એ વૃથાજ છે. આ નીચ શકુનિની વાતો સાંભળીને તમો ધર્મનું ઉલ્લંઘન કરોછો તે ઘણું ભૂંડું છે.” દુર્યોધન બોલ્યો કે “હું તો હવે ભીમ, અર્જુન, સહદેવ તથા નકુલનાં વચનપર આધાર રાખું-છું. એઓ એમ કહે, કે યુધિષ્ઠિર દ્રૌપદીના માલેક નથી, તો હું દ્રૌપદીને હમણાંજ મુક્ત કરૂં.” અર્જુન બોલ્યો, “મહાત્મા યુધિષ્ઠિર પ્રથમ અમારા ઘરના સ્વામી હતા. પણ પોતાના શરીરને હાર્યા પછી તેની કોનાપર માલીકી રહે?” આ વિવાદ ચાલતો હતો તે સમયે ધૃતરાષ્ટ્રની અગ્નિની શાળામાં શિયા-ળીઆંઓ ઉંચા અવાજ કરવા લાગ્યાં અને તે પછી અનુક્રમે ગધેડાં અને પક્ષીઓએ અપશકુનના પોકારો કર્યા. આવા ઉગ્ર શબ્દો સાંભળવામાં આવતાં વિદુર, ગાંધારી ભીષ્મ, દ્રોણ અને કૃપાચાર્યના મુખથી “શિવ શિવ” એવા શબ્દોનો ઉચ્ચાર થયો. આ ભયંકર ઉત્પાતસૂચક શબ્દો થતાં વિદુરે તથા ગાંધારીએ ધૃતરાષ્ટ્રને એવિષે નિવેદન કરતાં ધૃતરાષ્ટ્રે દુર્યોધનને કહ્યું, કે “ હે મંદબુદ્ધિ દુર્યોધન ! તું દ્રૌપદીને આ પ્રમાણે દુઃખ દેછે માટે તારો દિવસ ફર્યો લાગે છે.” પછી પાંડવોના ભયને લીધે સમાધાન કરવાની ઇચ્છાથી તેણે દ્રૌપદીને કહ્યું, કે “વહુ દ્રૌપદી ! તમે ધર્માત્મા હોવાને લીધે મારી સઘળી વહુવારૂઓમાં શ્રેષ્ટ છો, માટે તમે જે કાંઈ ઇચ્છતાં હો તે મારી પાસે માગી લો.” દ્રૌપદીએ માગ્યું કે “યુધિષ્ઠિર દાસપણાથી મુક્ત થાય અને મારા પુત્ર પ્રતિવિંધ્યને કોઇ અજાણ્યા લોક પણ દાસપુત્ર ન કહે એ હું માગું છું” ધૃતરાષ્ટ્રે દ્રૌપદીની આ માગણી કબુલ રાખી બીજું વરદાન માગવા મરજી બતાવી. દ્રૌપદીએ માગ્યું કે “ભીમસેન, અર્જુન, નકુલ અને સહદેવ એઓ પણ દાસપણાથી છુટીને સ્વતંત્ર થાય, અને પોતપોતાના રથોને તથા શસ્ત્રોને પાછાં મેળવે.” ધૃતરાષ્ટ્રે તે ઇચ્છા પણ પૂરી કરી સૌને છુટા કર્યા, અને હજુ ત્રીજું વરદાન આપવા ઇચ્છા જણાવી. દ્રૌપદીએ કહ્યું કે “વધારે લોભથી ધર્મનો નાશ થાય માટે વધારે વરદાન માગવા મારી ઇચ્છા નથી. મારા પતિઓ દાસપણામાંથી મુક્ત થયા તો હવે પોતાનાં સત્કર્મોથી સારી સ્થિતિને પામશે.” દ્રૌપદીએ આ પ્રમાણે પાંડવોને છોડાવ્યા, તેથી કર્ણ બોલ્યો, કે “મનુષ્યજાતમાં સ્ત્રીએ કોઈ દિવસ આવું પરાક્રમ કરેલું અમારા સાંભળવામાં આવ્યું નથી. પાંડવો આપત્તિરૂપ સમુદ્રમાં ડુબતા હતા તેમને તેમની સ્ત્રીએ બચાવ્યા.” ભીમસેન આ સાંભળી કર્ણનો તિરસ્કાર કરવા લાગ્યો. અર્જુને ભીમસેનને વાર્યો અને જણાવ્યું કે “નીચ પુરૂષો ગમે

તેવાં કઠોર વચનો બોલે પણ ઉત્તમ પુરૂષોએ તેમની સામે બોલવું યોગ્ય નથી. સત્પુરૂષો બીજાએ કરેલા ઉપકારનુંજ સ્મરણ કરે પણ અપકારનું સ્મરણ કરે નહિ.” ભીમ બોલ્યો, કે “મહારાજ યુધિષ્ઠિર ! આ દુષ્ટ શત્રુઓને અહીંજ મારી નાખું કે બહાર નીકળીને તેમને મૂળસહિત ઉખેડી નાખું ? બીજું કહેવાનું કે વાંધો ચલાવવાનું શું પ્રયોજન છે ! એ લોકોને અહીંજ હમણાંજ મારી નાખું એટલે તમે સુખેથી આખી પૃથ્વીનું રાજ્ય કરો.” એ પ્રમાણે બોલતો ભીમસેન પોતાના નાના ભાઇઓની સાથે જેમ સિંહ મૃગોને જુવે તેમ શત્રુઓને વારંવાર જોવા લાગ્યો. યુધિષ્ઠિર ઘણી ઘણી રીતે તેને શાંત પાડવા લાગ્યા, તોપણ તે શાંત ન થયો અને તેના કાનવગેરે શરીરનાં છિદ્રો-માંથી અગ્નિની જ્વાળાઓ નીકળવા લાગી. આંખની ભમરો વાંકી થઇ જવાને લીધે તેનું મુખ કાળસરખું વિકરાળ દેખાવા લાગ્યું. યુધિષ્ઠિરે તેનો હાથ પકડી બલાત્કારથી તેને વાર્યો અને કહ્યું, કે “ચુપ રહે.” ભીમસેનને અટકાવી યુધિષ્ઠિર રાજા હાથ જોડી ધૃતરાષ્ટ્રની પાસે આવ્યા. “હવે અમો આપની શું સેવા કરીએ તે અમને આજ્ઞા કરો. અમે સર્વદા આપની આજ્ઞામાંજ રહે-વાને ઇચ્છીએ છીએ.” ધૃતરાષ્ટ્રે કહ્યું, કે “યુધિષ્ઠિર ! તમારૂં કલ્યાણ થાઓ. તમે જે કાંઇ જુગારમાં હારી ગયા છો તે સઘળું તમને પાછું આપું છું. તમે સુખેથી તમારૂં રાજ્ય કરો. હું તમને એક હિતકારી શિખામણ આપું છું તે ધ્યાનમાં રાખજો. હું આંધળો છું માટે મારી અને ગાંધારી સામું જોઇને તમો દુર્યોધન-આદિની દુષ્ટતા મનમાં લાવશો નહિ. બીજાઓએ કરેલા ઉપકારનું સ્મરણ કરવું અને અપકારો ભૂલી જવા એજ સત્પુરૂષોનું લક્ષણ છે. તમારા તથા મારા કોણ કોણ મિત્રો છે, તે જોવાસારૂ તથા બન્ને પક્ષનું બળાબળ જોવા-સારૂ જાણી જોઇને મેં આ રમત રમવા દીધી છે. તમે ઇંદ્રપ્રસ્થમાં જઇને રાજ્ય કરો, તમારૂં મન ધર્મમાં રહેજો અને ભાઇઓની સાથે તમને સંપ રહેજો.”

ધૃતરાષ્ટ્રનાં વચનો શિરપર ચડાવી તેની આજ્ઞા લઈ યુધિષ્ઠિર રાજા પોતાના ભાઇઓ તથા દ્રૌપદી વગેરેની સાથે ઇંદ્રપ્રસ્થતરફ ચાલી નીકળ્યા.

પ્રકરણ ૧૬ મું.

જુગારમાં પાંડવોનો બીજીવાર પરાજય અને વનવાસ.

પાંડવોએ જુગારમાં હારેલું સર્વસ્વ ધૃતરાષ્ટ્રે તેમને પાછું આપ્યું, તેથી દુર્યોધન આદિ ચંડાળચોકડી પાંડવોનો ઘાટ ઘડવાનો પંદ રચવાને બીજીવાર મસલત કરવા મળી. પરસ્પર વિચાર ગોઠવી આ મહાપુરુષોની મંડળી ચલિત મનવાળા અંધરાજા ધૃતરાષ્ટ્ર પાસે આવી બોલી, કે "શત્રુઓને ગમે તેવા ઉપાયો કરીને ત્રોડવા, એવું શુક્રનીતિમાં કહ્યું છે, તે તમે સાંભળ્યું છે કે નહિ? પાંડવોના ધનવડે સઘળા રાજાઓને તૃપ્ત કરી તેમની સહાયતા મેળવીને અમો પાંડવોની સાથે લડીએ તો શી હાનિ થવાની છે? છંછેડી છોડી મૂકેલા કાળોતરા નાગ વખત મળ્યે વેર લીધા વિના રહેવાના નહિ. પાંડવો આપણા-ઉપર કોપેલા તો છે, તેમાં વળી તેમને સાધનો મળ્યાં, તો હવે તેઓ ચાલશે તો આપણને મૂળસહિત ઉખેડી નાખવાનું મથન કર્યાવિના રહેશે નહિ. પાંડવો આંહીથી ગયા ત્યારે યુદ્ધ કરવાની મનસાથે વેતરણ કરતા હોય તેમ તેઓ પોતાનાં આયુધોને વારેવારે જોતા હતા. તેઓ ઇંદ્રપ્રસ્થમાં પહોંચ્યા પછી સૈન્ય તૈયાર કરી લડાઇ ઉઠાવ્યાવિના રહેશે નહિ. આપણે તેમને જે

અપમાન અને દુઃખ આપ્યું છે, તેની તેઓ કદી પણ ક્ષમા કરશે નહિ. દ્રૌપદીનાપર થયેલા સંસ્કારને સહન કરી બેસી રહે એવો પાંડવોમાં કોણ છે ! માટે એકવાર ફરીથી પાંડવોની સાથે જુગાર રમવાની અમને રજા આપો. અમે વનવાસની શરત કરી પાંડવોને હરાવી વનમાં મોકલીશું. વળી તેમાં એવી પણ શરત કરવી કે હારે તે બાર વરસ સુધી વલ્કલો પહેરી વનમાં વસે અને તેરમા વરસમાં કોઇના જોવા જાણવામાં ન આવે એવી રીતે ગુપ્ત રહે, ને જો ઓળખાઈ જાય તો બીજાં બાર વરસ સુધી વનવાસ ભોગવે. શકુનિ પાશાની વિદ્યામાં કુશળ છે, માટે આપણી ઇચ્છા પાર પડ્યાવિના નહિ રહે. પાંડવો તેર વરસ સુધી વનમાં રહેશે, એટલામાં અમો અમારાં મૂળ દૃઢ કરી લેશું અને ઠરાવ પ્રમાણે તેર વરસ વનમાં વસી પાછા આવશે તો યુદ્ધ કરી તેમને જીતી લેશું. આ પ્રમાણે અમે વિચાર ગોઠવ્યો છે, માટે તે વાતમાં તમે સંમતિ આપો." "સાઠી બુદ્ધિ–નાઠી" એ કહેવતપ્રમાણે આ અંધ રાજાની બુદ્ધિ ફરી ગયેલી હોવાથી તેણે તે વાતમાં તરતજ સંમતિ દઇ પાંડવોને તરતજ પાછા બોલાવવાનો હુકમ આપ્યો. દ્રોણાચાર્યવગેરે ડાહ્યા પુરૂષોએ ધૃતરાષ્ટ્રને ઘણોએ વાર્યો, પણ દશા ફરી ગયેલી હોવાથી તેણે કોઇનું માન્યું નહિ. કેટલીક વખતે સ્ત્રીઓ પણ સમયોચિત સલાહ આપવાને ચુકતી નથી, તે પ્રમાણે ગાંધારીએ પોતાના પતિને કહ્યું, કે "દુર્યોધન જન્મ્યો ત્યારે શિઆળીઆંનો શોર સાંભળીને વિદુરે કહેલું ભવિષ્ય ખરૂં પડવાનું આ પગલું ભરાયછે. તમે શકુનિઆદિ મૂર્ખ લોકોની સલાહ માનીને કુળનો નાશ કરવાને તૈયાર થયા છો. તમારા જેવા વૃદ્ધે બાળકબુદ્ધિ નહિ રાખવી જોઇએ. પાંડવો શાંત પડ્યા છે, તેમને પાછા કોપાવવા એ તો શાંત પડેલા અગ્નિને ધમવા જેવું છે. દુર્યોધનનો ત્યાગ કરો કે જેથી સઘળું કુળ વિપત્તિરૂપી સમુદ્રમાં બુડતું બચે. ક્રૂર ઉપાયોથી મેળવેલી સંપત્તિ તરતજ જતી રહેછે અને યોગ્ય ઉપાયોથી મેળવેલી સંપત્તિ પુત્રપૌત્રાદિકને ઉપભોગમાં આવેછે." ગાંધારીનાં વચનો સાંભળી ધૃતરાષ્ટ્ર બોલ્યો, કે "કુળનો નાશ થવો હોય તો ભલે થાય પણ હું દુર્યોધનને અટકાવીશ નહિ." ધૃતરાષ્ટ્રની આજ્ઞા થતાં પ્રતિકામી પાંડવોની પછવાડે દોડ્યો અને રસ્તામાંજ તેમને પહોંચી વળી ધૃતરાષ્ટ્રની આજ્ઞા સંભળાવી. યુધિષ્ઠિરે વિચાર કર્યો, કે "જે બનવાનું હશે તેમાં ફેરફાર થવાનો નથી, માટે ફરીવાર પણ જુગાર રમવું તો ખરૂં. જુગારની રમત મોટો અનર્થ કરવાવાળી છે, તે હું જાણું છું, તોપણ વૃદ્ધની આજ્ઞાથી અને

કંજુસપણારૂપ અપકીર્તિથી બચવાસારૂ પાછો રમવા જાઉં. સોનાના મૃગનો સંભવ નહિ છતાં પણ ભવિષ્યના યોગને લીધે રામચંદ્રજી ખરો મૃગ માનીને પછવાડે જવાને લલચાયા હતા. જેનું ભુંડું થવાનું હોય તેની બુદ્ધિ ફરેછે." આ પ્રમાણે બોલતા યુધિષ્ઠિર ભાઇઓ તથા દ્રૌપદીસહિત પાછા ફર્યા અને સભામાં આવ્યા. શકુનિ બોલ્યો, કે "ધૃતરાષ્ટ્ર રાજાએ તમારા રાજ્યને છોડી દીધું એ ઠીક કર્યું. પણ હવે આપણે એકવાર ફરીથી રમીએ." એ પ્રમાણે કહી તેણે રમતની ગોઠવેલી શરત સભાસદોનાં સાંભળતાં કહી સંભળાવી કે સભાસદોનાં મન ઉદ્વેગ પામી ગયાં અને ઉંચા હાથ કરી બોલી ઉઠયા, કે "અરે! આ ભુંડું થાયછે, આ લોકો સમજતા નથી, તેમને કોઈ સમજાવો, આથી મોટો ભય ઉત્પન્ન થશે." સભાસદોના આ શબ્દોનો કંઈ જવાબ ન મળવાથી તથા કૌરવોનો વિનાશ ઢુંકડો આવ્યો છે, એવો વિચાર કરી યુધિષ્ઠિરે શકુનિની માગણી સ્વીકારી. રમત શરૂ થતાં શકુનિએ પહેલી વારના પાશા નાખીનેજ યુધિષ્ઠિરને હરાવી દીધા. પાંડવો વનમાં જવાને તૈયાર થયા અને મૃગચર્મ ધારણ કરવા લાગ્યા, તે જોઇ દુષ્ટ દુઃશાસન દુષ્ટ વચનોથી દાઝયાને ડામ દેવા લાગ્યો. "મહાત્મા દુર્યોધનની આજ્ઞા હવે પૃથ્વીમાં સર્વત્ર પ્રવર્તી ચૂકી અને પાંડવો હારીને પતિત સ્થિતિમાં આવી પડ્યા. પાંડવોએ ધનના મદમાં અમારી મશ્કરી કરી હતી તેઓ આજ બુરે હાલે વનમાં જાયછે. દ્રુપદ રાજાએ ડાહ્યો થઇ પોતાની દીકરી પાંડવોને આપીને અંતે ફળ મેળવ્યું તે જુઓ. દ્રૌપદીના પતિઓ પુરૂષત્વવિનાના નિવડ્યા. જુઓ આજે પાંડવો મૃગચર્મ પહેરવાથી મચ્છીમારજેવા લાગેછે. હે દ્રૌપદી! કંગાળ પાંડવોને છોડી દઇ હવે તું અમારામાંથી કોઈને પસંદ કરી સુખી થા." દુઃશાસનનાં દુર્વચનો સાંભળી ભીમસેન ભયંકર રૂપ કરી પાસે આવ્યો. "પાપી! તું શકુનિની વિદ્યાથી મદોન્મત્ત થઇને બહુ બકવા લાગ્યો છે, પણ યાદ રાખજે કે યુદ્ધમાં હું તારાં મર્મસ્થળો કાપતો કાપતો આ સઘળાં વચનોની યાદી આપવાનો છું. તને અને તારા અનુયાયીઓને સર્વને હું યમપુરીમાં મોકલી આપીશ." દુઃશાસન ભીમસેનનું બોલવું સાભળી નાચવા અને વધારે દુર્વચનો બકવા લાગ્યો. ભીમસેન વિશેષ બોલ્યો, કે "દુઃશાસન! યુદ્ધમાં તારી છાતી ફાડીને મારે તારૂં લોહી પીવું છે, અને તમો સર્વ ભાઇઓને મારી નાખવા છે. હું જો આ મારી પ્રતિજ્ઞા પાળી શકું નહિ તો મારી સદ્ગતિ થજો માં." દુર્યોધન પણ ભીમસેનના ચાળા પાડવા લાગ્યો. ભીમસેને તેને

કહ્યું, કે "અરે મૂર્ખ ! આટલાથી તું પહોંચી રહ્યો એમ સમજવું નહિ." સભામાંથી બહાર નીકળવા વખતે વળી તે બોલ્યો, કે "હું દુર્યોધનને મારીશ; અર્જુન કર્ણને મારશે અને સહદેવ શકુનિને મારશે. બીજી મોટી વાત એ કહુંછું, કે આ પાપી દુર્યોધનને મ્હોટી ગદાથી કચરી નાખીને તેના માથાને મારા પગવતી છુંદવું છે. જો યુદ્ધ થશે તો દેવતાઓ આ મારાં વચનો અવશ્ય સત્ય કરશે." અર્જુને ભીમને કહ્યું કે, "ભાઈ! આપણે બોલી બતાવવાની કશી જરૂર નથી. આજથી ચૌદમે વર્ષે જે થશે તે સૌ જાણશે." "દુર્યોધન, કર્ણ, શકુનિ અને દુઃશાસન એ દુષ્ટ ચંડાળ ચોકડીના રક્તને રણભૂમિ અવશ્ય પીશે." એવું ભીમનું બોલવું સાંભળી અર્જુન બોલ્યો, કે "ભીમને પ્રસન્ન કરવાસારૂ હું પણ પ્રતિજ્ઞા કરૂંછું કે, આ કર્ણને, અને બીજા જેઓ મારી સામા લડશે તેમને હું યમપુરીમાં મોકલીશ. હિમાલય ચલાયમાન થાય, સૂર્ય પ્રકાશરહિત થાય, અને શીતળ ચંદ્ર ઉનો થઇ જાય, તોપણ આ મારી પ્રતિજ્ઞા જુઠી પડે નહિ." એ પ્રમાણે સહદેવ અને નકુલ પણ પ્રતિજ્ઞાઓ કરી શત્રુઓને કોપવડે કોપાવતા સભામાંથી ઉઠયા.

પછી ચારે ભાઇઓસહિત યુધિષ્ઠિરે ધૃતરાષ્ટ્રની પાસે આવીને કહ્યું કે "મહારાજ! આપની તેમજ સઘળા ભાઇઓની હું રજા માગુંછું. વનવાસનો સમય પૂરો થયે પાછો આવી તમારાં દર્શન કરીશ." યુધિષ્ઠિરને આ પ્રમાણે વિનયથી બોલતો સાંભળી ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય આદિ વૃદ્ધો ઝંખવાણા પડી જઈ કાંઇ બોલ્યા નહિ. પણ અંતઃકરણથી યુધિષ્ઠિરનું કલ્યાણ ઇચ્છવા લાગ્યા. વિદુર બોલ્યા, કે "પાંડવો ! મારી ભાભી કુંતી વૃદ્ધ છે અને સુકુમાર છે માટે તે વનમાં નહિ આવે પણ મારે ઘેરજ રહેશે. હું તેમની સેવા કરીશ. વનમાં તમારૂં કલ્યાણ થજો." પાંડવો બોલ્યા કે "તમે અમારા પિતાસમાન છો, માટે જે આજ્ઞા કરોછો તે અમે માથે ચડાવીએ છીએ. બીજી પણ કાંઇ શિખામણ આપવી ઘટે તે આપો."

"યુધિષ્ઠિર ! તમને કૌરવોએ અધર્મથી હરાવ્યા છે, માટે તમે કાંઇ પણ ખેદ કરશો નહિ. તમારામાં જોઇએ તેવો સંપ છે, માટે તમારૂં અંતે શ્રેય થશેજ. જેઓમાં પરસ્પર સંપૂર્ણ સંપ હોયછે તેમને ઇંદ્રસરખો પણ પહોંચી શકે નહિ, એ સિદ્ધાંત છે. તમે જેવા ધર્માત્મા છો તેવાજ રહેજો, અને કુશળતાથી પાછા આવો ત્યારે મળશું." એ પ્રમાણે વિદુરનાં વચનો શિરપર ચડાવી ભીષ્મ, દ્રોણ વગેરેને પ્રણામ કરી યુધિષ્ઠિર સભામાંથી બહાર નીકળ્યા. દ્રૌપદી પોતાની

સાસુ કુંતી તથા ગાંધારીને પ્રણામ કરી તેમની રજા લઇ પાંડવોની સાથે પ્રયાણ કરવા તૈયાર થયાં. અંતઃપુરમાં શોકને લીધે મોટો કોલાહલ થઈ રહ્યો. દ્રૌપદીને વનમાં જતાં જોઇ વિહ્વલ થયેલાં સાસુ બોલ્યાં, કે "વહુ ! આ મોટું કષ્ટ પ્રાપ્ત થયું છે તોપણ તમારે શોક કરવો નહિ. તમે સુશીલ છો અને પતિવ્રતાઓના ધર્મ જાણોછો, માટે તમને કાંઇ ભલામણ કરવી પડે એમ નથી. તમે તમારા સદાચારથી બન્ને કુળને દીપાવ્યાં છે. આ જે કાંઇ થાય-છે તે દૈવગતિથી થાયછે. પણ તમે ધર્માત્મા છો માટે કલ્યાણજ થશે. કૌરવોને તમે શાપ આપી બાળી ન મૂક્યા એથી હું કૌરવોને ભાગ્યશાળી સમજું-છું. સહદેવની સંભાળ રાખજો, જેથી તે કોઇ રીતે મુંઝાય નહિં" એ પ્રમાણે કુંતીની ભલામણ સાંભળતાં સાંભળતાં દ્રૌપદી છૂટે ચોટલે રોતાં રોતાં બહાર નીકળ્યાં. કુંતી વળાવવા પછવાડે ચાલ્યાં, ત્યાં આભરણો અને વસ્ત્ર-વિનાના માત્ર મૃગચર્મોને ધારણ કરેલા વેષે શરમાતા પોતાના પુત્રોને દીઠા. તેમની પાસે જઈ આલિંગન દઈ બોલ્યાં, કે "વહાલા પુત્રો ! આ તે ભાગ્યનો શો ફેરફાર થયો? તમે સદાચારવાળા છો અને દેવભક્ત છો, તમને કયા દોષને લીધે આ કષ્ટ પ્રાપ્ત થયું ? તમે આવી સ્થિતિમાં વનમાં શી રીતે રહી શકશો ? તમારા ભાગ્યમાં વનવાસજ છે એમ પ્રથમથી મારા જાણવામાં હોત તો પાંડુ રાજાના સ્વર્ગવાસ પછી હું શતશૃંગ પર્વતમાંથી તમોને લઇને હસ્તિનાપુરમાં આવી, તે આવત નહિ. પાંડુરાજા અને માદ્રીને હું ભાગ્યશાળી સમજુંછું કે, તેઓને પોતાના પુત્રોનું આ દુઃખ જોવું પડ્યું નહિ. માદ્રીની પેઠે મેં અગ્નિ-પ્રવેશ ન કર્યો, તેનો મને આજ પસ્તાવો થાયછે. જગતમાં સર્વનો અંત આવેછે, પણ મારા જીવતરનો અંત કેમ નથી આવતો ? હે શ્રીકૃષ્ણ ! હે દ્વારિકેશ ! મને અને મારા પુત્રોને આ વિપત્તિમાંથી કેમ બચાવતા નથી ? હે કૃષ્ણ ! તમે ભક્તોનું દુઃખ ભાંગવાવાળા કહેવાઓછો, છતાં અમારી તમે કેમ ઉપેક્ષા કરોછો ? પુત્ર સહદેવ ! તું મને પ્રાણકરતાં પણ પ્યારો છે, માટે તું પાછો વળ અને મારી સાથેજ રહે." આ પ્રમાણે કુંતી વિલાપ કર-તાંજ રહ્યાં, અને પાંડવો માતાને પ્રણામ કરી દિલાસો દેતા દેતા હસ્તિનાપુરની બહાર નીકળ્યા.

પાંડવોને વનવાસ મળ્યાની વાત સાંભળી હસ્તિનાપુરની પ્રજામાં મ્હોટો ગભરાટ ઉત્પન્ન થયો. દુર્યોધન વગેરે ઉદ્ધત લોકોનાં કૃત્યોતરફ તો પ્રજાની સંપૂર્ણ અપ્રીતિ હતીજ, પણ એમની દુષ્ટતાનો અટકાવ ન કરી શકવાથી

ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય, વિદુર વગેરે વૃદ્ધ લોકો પણ પ્રજાની બત્રીશીએ ચડ્યા. તેઓ પણ ધિક્કારના શબ્દોને પાત્ર બન્યા. પાંડવો પુરની બહાર નીકળ્યા કે તેમનાપર સંપૂર્ણ પ્યારને લીધે હસ્તિનાપુરની પ્રજા કૌરવોતરફના ત્રાસને તિરસ્કારી કાઢી કૌરવોનાપર કઠોર શબ્દોનો વરસાદ વરસાવતી એકઠી મળી. "શકુનિ, કર્ણ અને દુઃશાસનની સલાહપ્રમાણે દુર્યોધન રાજ્ય ચલાવવા માગેછે, તો હવે કૌરવકુળ અને આપણાં ઘરબાર ઉજડ થવાનાં છે. પાપી નીચ દુર્યોધન નીચ લોકોની શીખવણીથી આવી રીતે રાજ્ય કરવા લાગશે તો રાજ્યમાં ધર્મ કે સુખ સંપત્તિનો સંભવજ કેવો ? માટે આપણે પણ હવે પાંડવો રહે ત્યાં રહેવું યોગ્ય છે. પાંડવો દયાળુ છે, જિતેંદ્રિયછે અને ધર્માત્મા છે; માટે એમના આશ્રયમાં રહેવાથીજ આપણા સુખનું અને આપણી સંપત્તિનું રક્ષણ થશે." એમ બોલતી હસ્તિનાપુરની વસ્તી પાંડવો-પછવાડે દોડી. પાંડવોપાસે જઈ તેમણે હાથ જોડી વિનતિ કરી, કે 'અમને પ્રજાને દુઃખમાં નાખી તમે કયાં જાઓછો ? તમો જ્યાં જશો ત્યાં અમે પણ સાથેજ આવશું. નિર્દય શત્રુઓએ કપટવડે કરેલી તમારી હાર સાંભળીને અમે બહુ ઉદ્વેગ પામીએ છીએ અને તમારા વિના હસ્તિનાપુરમાં રહેવાથી અમારી મોટી ખરાબી થશે એમ ધારીએ છીએ, માટે અમને છાંડી ચાલ્યા જવું તમને ઘટે નહિ. અમે તમારા દાસ છીએ. કૌરવો મૂઢ અને નીચ છે, તેમની સોબતમાં રહેવાથી અમે પણ એવા અધમ થઇ જઇશું એવી અમને બીક લાગેછે. જેઓનાં કુળ, વિદ્યા અને કૃત્યો શુદ્ધ હોય, તેમના સમાગમમાં રહેવાથીજ કલ્યાણ થાયછે. તમે અમને તમારી સાથે તેડી જાઓ."

"અમારામાં એવા ગુણો નહિ છતાં સ્નેહને લીધે અમારા ગુણ ગાઓ-છો, તેથી અમો પોતાને ભાગ્યશાળી માનીએ છીએ. હું તમો સર્વને એટલીજ વિજ્ઞપ્તિ કરૂંછું કે વિદુર, અમારા દાદા ભીષ્મ, અમારી માતુશ્રી કુંતી અને અમારા સ્નેહી લોકો હસ્તિનાપુરમાંજ રહેવાના છે, માટે અમારૂં હિત કરવાને વાસ્તે તમારે હસ્તિનાપુરમાં રહીને તેમનું પાલન કરવું. અમારી વિજ્ઞપ્તિનો તમે અમારાપરના સ્નેહ અને દયાને લીધે સ્વીકાર કરો. હવે પુરથી બહુ છેટું પડેછે માટે તમો સૌ પાછા પધારો. અમારી માતા વગેરે સ્વજ-નોને તમારા હાથમાં થાપણરૂપે સોંપીએ છીએ, તેનાપર સ્નેહ રાખશો. મારા સ્વજનોનું રક્ષણ થયાથી હું મારો તમારાતરફથી સત્કાર થયો માનીશ."

યુધિષ્ઠિરનાં એ પ્રમાણે વચનો સાંભળી હસ્તિનાપુરની પ્રજા નેત્રમાં આંસુ ભરી લાચારીથી પાછી ફરી અને પાંડવો વનમાં સિધાવ્યા.



પ્રકરણ ૧૭ મું.

સ્પષ્ટવકતા વિદુર અને અસ્થિર મનનો આંધળો.

પાંડવોના વિયોગથી અત્યંત પરિતાપ પામતા વિદુરે ઘણી ઘણી આશ્વાસના કરી કળકળતાં કુંતીને ઘેર આણ્યાં. કૌરવોની સ્ત્રીઓ પણ દ્રૌપદીનું દુઃખ સાંભળી દિલગીર થઇ, કૌરવોનાં કૃત્યને નિંદવા લાગી અને શોક કરવા લાગી. પોતાના પુત્રોની આવી અનીતિથી ઉદ્વેગ પામેલા ધૃતરાષ્ટ્રના મનને કોઇ રીતે શાંતિ વળતી નહોતી. તેને ચોતરફથી ફિટકાર મળવા લાગ્યા. તેણે વિદુરને તેડાવી કહ્યું, કે ‘વિદુર ! પાંડવો અહીંથી શું શું ચેષ્ટાઓ કરતા ગયા તે મને કહે.” વિદુર સમયને અનુસરી બોલ્યા કે ‘યુધિષ્ઠિર વસ્ત્રવતે પોતાના મુખને ઢાંકતા ચાલ્યા ગયા, ભીમસેન પોતાની વિશાળ ભુજાઓને જોતો જોતો ચાલતો થયો, અર્જુન હાથવતે રેતી છાંટતો છાંટતો ગયો, સહદેવ મુખઉપર માટી ચોપડીને ચાલ્યો, નકુલે પોતાના શરીરને ધુળવતી ચોળીને ચાલવા માંડયું. દ્રૌપદી પોતાના મુખને માથાના વાળથી ઢાંકી રોતાં રોતાં ગયાં, અને ધૌમ્યમુનિ યમના અને રૂદ્રના મંત્રો બોલતા હાથમાં દર્ભ લઇને પાંડવોની પછવાડે ચાલતા થયા.” ધૃતરાષ્ટ્રે પૂછ્યું, કે “પાંડવો

એવી ચેષ્ટા કરતા ગયા તેની શું મતલબ હશે?" વિદુરે જવાબ આપ્યો, કે"જેનાપર યુધિષ્ઠિરની ક્રોધદૃષ્ટિ પડે તે બળી ગયા વિના રહે નહિ, માટે રખેને કોઈનાપર ક્રોધદૃષ્ટિ પડી જાય એવી કૌરવપર કૃપાને લીધે તેણે પોતાનું મુખ વસ્ત્રવતે ઢાંકયું. ભીમસેને ભુજાઓતરફ દૃષ્ટિ કરી એમ સૂચવ્યું કે એ વિશાળ ભુજાઓવડે શત્રુઓનો સંહાર કરવાનો છે. જેમ રેતીના દાણા અવિચ્છિન્ન રીતે પરસ્પરનો સ્પર્શ કર્યાવિના પડેછે તેવીજ રીતે મારાં બાણો શત્રુઓનાપર પડશે એમ સૂચવવાસારૂ અર્જુન રેતી વેરણતો ચાલ્યો ગયો. અને કોઈ ન ઓળખે તો ઠીક એવી ઇચ્છાથી સહદેવે પોતાના મુખઉપર માટી ચોપડી. મારૂં રૂપ જોઇ સ્ત્રીઓને મોહ ન થાય એવી ઈચ્છાથી નકુલે પોતાના શરીરે ધૂળ લગાડી. જ્યારે કૌરવોની સ્ત્રીઓના કેશ ઉતરશે (તેઓ વિધવા થશે) ત્યારેજ મારે મારા કેશ બાંધવા છે, એમ બતાવવાને દ્રૌપદીએ કેશ છૂટા લટકાવ્યા હતા અને પાંડવોના હાથથી કૌરવો મરણ પામશે ત્યારે તેમને શ્મશાન લઇ જતાં આવાજ મંત્રોચ્ચાર કરવામાં આવશે અને દર્ભનો ઉપયોગ કરવામાં આવશે, એમ બતાવવાસારૂ ધૌમ્યમુનિ હાથમાં દર્ભ રાખી યમના તથા રૂદ્રના મંત્ર બોલતા બોલતા ગયા. મહારાજ ધૃતરાષ્ટ્ર! પાંડવો હસ્તિનાપુરમાંથી નીકળ્યા ત્યારે હસ્તિનાપુરની સઘળી પ્રજા અત્યંત પરિતાપ પામી કૌરવોને ધિક્કારતી હતી, આકાશમાં વાદળાંવગર વીજળીઓ થતી હતી, પૃથ્વી કંપવા લાગી હતી, તે દિવસ અમાવાસ્યા નહિ છતાં સૂર્યગ્રહણ દેખાયું હતું, શેહેરની ડાબી બાજુએ ઉલ્કાપાત થયો હતો અને દેવમંદિરોઉપર ગરજો અને કાગડાઓના અનિષ્ઠસૂચક અવાજો થયા હતા." આ પ્રમાણે આ બન્ને રાજવંશીઓ વાતો કરતા હતા, એજ સમયે કેટલાએક મહર્ષિઓસહિત નારદજી ત્યાં આવ્યા. તેમણે ધૃતરાષ્ટ્રને કહ્યું કે "આજથી ચૌદમે વરસે દુર્યોધનના અપરાધથી અર્જુન તથા ભીમને હાથે કૌરવોનો ક્ષય થઇ જશે." આટલુંજ બોલી નારદજી અંતર્હિત થઇ ગયા. દુર્યોધનાદિ ચંડાળ ચોકડી નારદજીનાં ભવિષ્યથી ભયભીત થઇ પણ દ્રોણાચાર્ય આ સંકટમાંથી બચાવશે એમ ધારી દ્રોણાચાર્યને સઘળું રાજ્ય સોંપી દીધું. દ્રોણાચાર્યે કહ્યું, કે "પાંડવો કોઇના માર્યા મરે એવા નથી, એવું વખતોવખત મહાત્માઓના મુખથી સાંભળ્યું છે, તોપણ તમે શરણાગત થયાછો, એટલાવાસ્તે મારી શક્તિપ્રમાણે હું તમને મદદ કરીશ. દૈવ સર્વથી બળવત્તર છે. પાંડવો તેર વર્ષસુધી બહાર રહીને ચૌદમે વર્ષે એવું વેર વાળશે કે જેથી તમોને મોટું દુઃખ

ઉત્પન્ન થશે. દ્રુપદ રાજાએ મને મારવાવાસ્તેજ યજ્ઞ કરીને ધૃષ્ટદ્યુમ્નને ઉત્પન્ન કરેલ છે અને ધૃષ્ટદ્યુમ્ન પાંડવોનો સાળો છે, એ તમારા જાણવા બહાર નથી. જગતમાં પણ કહેવાયછે કે ધૃષ્ટદ્યુમ્ન દ્રોણને મારશે. અર્જુન મહાવીર છે, પ્રબળ છે અને મહારથિઓની સંખ્યામાં અગ્રણી છે તેની સામે પણ તમારા વાસ્તે મારે મોટું યુદ્ધ કરવું પડશે, તો એથી વધારે બીજું શું ભુંડું હોય! દુર્યોધન ! તારા વાસ્તે મારૂં મોત આવ્યું એમ હું સમજુંછું. હમણાં જે તમને સુખ મળ્યું લાગેછે તે તો શિયાળામાં તાડની છાયાજેવું બે ઘડીજ રહેવાનું છે. જે તમારે કરવાનું હોય તે કરી લ્યો, વૈભવ ભોગવી લ્યો, યજ્ઞ કરી લ્યો, અને મોટાં મોટાં દાનો પણ કરી લ્યો. આજથી ચૌદમે વર્ષે તમારો ઘાણ નીકળી જશે."

એવામાં સંજય નામના એક વિશ્વાસપાત્ર વૃદ્ધ સેવકે નિઃશ્વાસ મૂકતા ધૃતરાષ્ટ્ર રાજાને આવીને કહ્યું, કે "મહારાજ ! પાંડવોને વનવાસ આપીને આપે આખી પૃથ્વીને સ્વાધીન કરી છે. હવે તમો શામાટે શોક કરોછો?" ધૃતરાષ્ટ્ર બોલ્યો, કે "પ્રતાપવાન્ પાંડવોની સાથે જેને વૈર થાય તેને ચિંતા થયા વિના કેમ રહે!" "મહારાજ! આપે હાથે કરીને શૂલ ઉપજાવ્યું છે. તમારા હાથથીજ આ મોટું વૈર ઉત્પન્ન થયું છે જેથી ક્ષત્રિયોનો મોટો પ્રલય થઇ જશે. ભીષ્મ, દ્રોણ અને વિદુરના વારવા છતાં પણ તમારા પુત્ર દુર્યોધને દ્રૌપદીને માથે બુરા સંસ્કાર કર્યા, એ બહુજ ભુંડું કર્યું. કાળ જે માણસનું ભુંડું કરવા ધારે તેની બુદ્ધિને ખેંચી લેછે, એટલે તેને અવળીજ વાત સુજેછે. જેનો વિનાશ થવાનો હોય તેના હૃદયમાંથી અનીતિ જતી નથી, એટલુંજ નહિ પણ અનીતિ પણ તેના મનથી નીતિ જેવી લાગેછે. કાળ તરવાર લઇને પ્રત્યક્ષ આવી કોઇનું માથું કાપી નાખતો નથી, પણ કાળનું જોર એટલુંજ છે કે તે તેના ભક્ષ્યને વિપરીત વાતો સુજાડેછે." વૃદ્ધ સેવકનાં આ વચનો સાંભળી દુખીઓ ધૃતરાષ્ટ્ર બોલ્યો, કે "હા, સંજય ! મને પણ એમજ ભાસે-છે અને વિદુર પણ વખતે વખત એમજ કહેછે. પાંડવોના પ્રયાણ વખતે પુરમાં કેટલાંએક અપશકુનો થયાં એ પણ મારા જાણવામાં આવ્યાં. વિદુરે મને ઘણીવાર વાર્યો પણ દુર્યોધનના દાબથી અને પુત્રવાત્સલ્યથી મારાથી કાંઈ થઈ શકતું નથી, જેનો મને હવે ઘણો પસ્તાવો થાયછે."

પ્રતાપી પાંડવો અંતે પોતાનું વૈર લીધા વિના રહેશે નહિ અને કૌરવ-

ફળને વિનાશ થશે, એવી લોકવાણીથી ભયભીત થયેલો ધૃતરાષ્ટ્ર વળી પાછો વિચારના વમળમાં પડયો. એ બિચારાનાં ચર્મચક્ષુઓની સાથે જ્ઞાનચક્ષુઓ પણ ફુટી ગયાં હતાં, એટલે તેને કંઇ પણ સૂજ પડતી નહતી. તે વારે વારે બીજાઓની સલાહ લેતો હતો પણ એક તરફથી પુત્રોતરફનું દબાણ અને પુત્રવાત્સલ્ય, તથા બીજી તરફથી ધર્મ અને નીતિપર પગ દેવાથી નીપજતાં પરિણામોનો ભય એ બન્ને પરસ્પર વિરોધી વિચારોએ તેના ચંચળ મનને વધારે અસ્થિર બનાવી દીધું હતું અને હવે કુળ ા બચાવમાટે તેને કઠિનમાં કઠિન કરવાનું કામ આવી પડ્યું તે એ કે, કૌરવ અને પાંડવ એ બન્ને પક્ષનું હિત થાય એવો રસ્તો શોધી કાઢવો. દુર્યોધન કોઇ રીતે સમજે એમ નહોતો. આવી ગુંચવણમાં તેણે વિદુરની સલાહ લેવાના વિચારથી તેને વળી પણ પૂછ્યું, કે "વિદુર! તમે ધર્મના તત્વને જાણોછો. તમારી બુદ્ધિ શુદ્ધ છે. તમને કૌરવો અને પાંડવો બન્ને સમાન છે. માટે પાંડવોનું, મારૂં અને મારા પુત્રોનું હિત થાય એવો રસ્તો બતાવો. આવા મામલામાં હસ્તિનાપુરના લોકો મારાપર પ્રીતિ રાખે અને પાંડવો અમારૂં નિકંદન કાઢતા અટકે એવો ઉપાય શો છે? આ બાબતમાં વિચાર કરી યોગ્ય યુક્તિ હોય તે કહો." વિદુરે ઉત્તર આપ્યો, કે "હે રાજા! રાજ્યનું મૂળ ધર્મજ છે. તમે ધર્મને અનુસરીને તમારા પુત્રો અને પાંડવોનું રક્ષણ કરો. શકુનિવગેરે નીચ લોકોએ સભામાં ઠગાઈ કરીને ધર્મને મોટી હાનિ પહોંચાડી છે. તમારા પુત્ર દુર્યોધને યુધિષ્ઠિરને જુગાર રમવાને બોલાવ્યા અને તેને અધર્મ કરી હરાવ્યા, એ અધર્મ દાબવાનો હવે એજ ઉપાય છે કે, પાંડવોની પાસેથી જે કાંઇ હરી લેવામાં આવ્યું છે, તે તેમને પાછું આપી દેવું. આમ કરશો તો તમારો પુત્ર દોષમુક્ત થઇ જગત્માં પ્રતિષ્ઠાને પામશે, ભાયાતોમાં સંપ રહેશે અને કુળનો નાશ નહિ થાય. છેવટ કર્ત્તવ્ય તો હવે એક એજ છે કે, પાંડવોને રાજી કરવા અને તેમ કરતાં શકુનિનું અપમાન થાય તો ભલે થાય. જો આ પ્રમાણે નહિ કરો તો કૌરવોનો અવશ્ય વિનાશ થશે. ભીમસેન અને અર્જુન જો ક્રોધ કરે તો તેઓ શત્રુના બીજને પણ અવશેષ રહેવા દે એવા નથી. જે સમયે દુર્યોધન જન્મ્યો તેજ વખત તેનો ત્યાગ કરી દેવાની મેં તમને ભલામણ કરી હતી, પણ તમે માન્યું નહિ, તેનું આ ફળ થયું. હજુ પણ મારાં વચનનો સ્વીકાર નહિ કરો તો પસ્તાવો થશે. પાંડવોનું સર્વસ્વ પાછું આપી દેવા દુર્યોધન સંમતિ આપે તો સારી વાત, નહિ તો તેને કેદ કરી સઘળું રાજ્ય યુધિષ્ઠિરનેજ સોંપી દેવું

યોગ્ય છે. દુઃશાસને સભાની વચમાં ભીમસેન અને દ્રૌપદીની માફી માગવી જોઇએ અને શકુનિવગેરે સર્વ લોકોએ પાંડવોને અનુસરવું જોઇએ. તમે મને પૂછોછો તો હું આટલું કહુંછું."

વિનાશકાળે વિપરીત બુદ્ધિ! ધૃતરાષ્ટ્રને વિદુરની સલાહ સારી લાગી નહિ. તેણે આ યોગ્ય સલાહનો અવળો અર્થ લીધો. તેણે મોઢું મચડી વિદુરને કહ્યું, કે "વિદુર! તમે હમેશાં મારા પુત્રોનું અહિત થાય અને પાંડવોનું હિત થાય એવીજ વાત કરતા આવ્યા છો, માટે તમારી સલાહ હું સ્વીકારી શકતો નથી. તમારી આવી સલાહથી મને નિશ્ચય થાયછે કે, તમે મારા હિતમાં રાજીજ નથી. પાંડવોને વાસ્તે હું પુત્રોનો ત્યાગ કેમ કરૂં? હું તમારૂં જેમ વધારે માન રાખુંછું તેમ તમે મારાથી વધારે કપટભરેલી રીતે વર્ત્તોછો. હવે તમારે હસ્તિનાપુરમાં રહેવું હોય તો રહો અને નીકળીજવું હોય તો નીકળી જાઓ. વ્યભિચારી સ્ત્રીને જેમ વધારે રાજી રાખીએ તેમ વધારે છુટ લેતી જાય, તેમ તમારા સંબંધમાં પણ થાયછે."

ધૃતરાષ્ટ્ર એમ બોલતો એકદમ ઉઠી પોતાના ઘરની અંદર ગયો અને "હવે આ કુળનો અવશ્ય નાશ થવો છે" એમ બોલતા વિદુરે રથમાં બેસી તેજ ક્ષણે હસ્તિનાપુરને તજ્યું અને પાંડવોને મળવાની ઇચ્છાથી કામ્યક વનનો રસ્તો લીધો.

પ્રકરણ ૧૮ મું.

પાંડવોનો વનમાં પેહેલો વાસ.

(કામ્યક વન)

હસ્તિનાપુરથી નીકળેલા પાંડવોએ પોતાનાં બાળ બચ્ચાં અને નિમકહલાલ નોકરોસાથે ગંગાને કિનારે "પ્રમાણુ" નામના મોટા વડનીચે પહેલે દિવસે મુકામ કર્યો અને કેવળ જળનો આહાર કરીને રાત્રિ ગુજારી. હસ્તિનાપુરના ઘણાખરા લોકો તો યુધિષ્ઠિરના આગ્રહથી પાછા વળી ગયા હતા પણ કેટલાએક બ્રાહ્મણો પાંડવોની સાથે રહ્યા હતા. તેઓ ગંગાજીને કાંઠે હોમ કરી વેદાધ્યયનવગેરે વિધિ સમાપ્ત કરી સાયંકાળે પાંડવોની પાસે આવી વડનીચે બેઠા, અને નાના પ્રકારની વિનોદ વાર્ત્તાથી પાંડવોને આનંદ આપવા લાગ્યા. અરૂણોદયવખતે પ્રયાણની તૈયારી થતાં બ્રાંહ્મણો પાંડવોની આગળ આવી ઉભા. યુધિષ્ઠિરે તેમનો વિચાર જાણી લઇ કહ્યું, કે "અમારૂં રાજ્ય અને સર્વસ્વ હરાઇ ગયું છે તેથી અમો આ સ્થિતિમાં વનમાં જઇએ છીએ. વનમાં અમારે ફલ ફુલ તથા માંસ ખાઇનેજ રહેવું પડશે. સિંહ સર્પ વગેરે ક્રૂર પ્રાણીઓનો વનમાં વાસ હોયછે. બીજી પણ ત્યાં અનેક અડચણો વેઠવી પડેછે. માટે હું ધારૂંછું કે, તમે વનમાં આવશો તો તમને ઘણા પ્રકારથી હેરાન થવું પડશે. બ્રાહ્મણો દુઃખ પામે તો દેવતાઓને

પણ દુ:ખ પ્રાપ્ત થાય ત્યારે મારૂં ભુંડું થાય એમાં આશ્ચર્ય શું ? માટે તમે હવે અહીંથી પાછા વળો.” બ્રાહ્મણો બોલ્યા, કે “તમારે અમારા પોષણની જરા પણ ચિંતા કરવી નહિ. અમે અમારા હાથથી અન્ન લાવીશું અને સારી સારી વાતોથી તમોને વિનોદ કરાવીશું અને આશીર્વાદથી તમારૂં કલ્યાણ કરીશું.” યુધિષ્ઠિરે કહ્યું, કે “બ્રાહ્મણો ! તમો કહો છો તે તો ખરૂં છે, પણ જો મારાથી મારા આશ્રિતોનું પોષણ ન થાય તો મને ધિક્કાર લાગ્યા જેવું થાય. તમો મારાઉપરની પ્રીતિને લીધે મારી સાથે આવી દુ:ખ પામો તે મારાથી સહન કેમ થાય ?” એવું સાંભળી શૌનક નામનો એક વેદાંતી બ્રાહ્મણ બોલ્યો, કે “હે રાજા ! ઇષ્ટના વિયોગ અને અનિષ્ટના સંયોગરૂપ શોક તથા ભયનાં હજારો કારણો મૂઢજનોને પ્રાપ્ત થાયછે, પણ પંડિતને તે પીડતાં નથી; ધનનો નાશ વગેરે વિષમ વિપત્તિઓ, રોગો અને ચિંતા આદિ માનસિક દુ:ખો આવી પડ્યા છતાં પણ તમારા જેવા બુદ્ધિમાન પુરૂષો મુંઝાયજ નહિ. આવી પડેલ દુ:ખનું મનમાં ચિંતન ન કરવું એજ દુ:ખને ટાળવાનો મોટો ઉપાય છે. મનને દુ:ખ થાય તો શરીરને પણ થાય. દુ:ખ, ભય, શોક, વગેરે સઘળું સ્નેહથીજ થાયછે, માટે જેમ બને તેમ સ્નેહને ઓછો કરવો એ ઉત્તમ છે. યૌવન, રૂપ, જીવન, ધન, ઐશ્વર્ય અને પ્યારાઓનો સમાગમ એ સઘળું અનિત્ય છે, માટે ડાહ્યા પુરૂષોએ તેમાં તૃષ્ણા રાખવી નહિ. ધનનું સંપાદન, પાલન અને ક્ષય એ સઘળું દુ:ખદાયીજ છે, માટે ધનનું ચિંતન નહિ કરવું જોઇએ.” યુધિષ્ઠિર બોલ્યા, કે “મારા ઉપભોગમાટે હું ધનની તૃષ્ણા નથી રાખતો, પણ બ્રાહ્મણોના પોષણને વાસ્તે રાખુંછું. મારા જેવો ગૃહસ્થ, સાથે આવેલા બ્રાહ્મણોનું પોષણ ન કરી શકે એ કેવી શરમભરેલી વાત ! પીડાએલાને શયન દેવું, થાકેલાને આસન દેવું, તરસ્યાને પાણી પાવું અને ભૂખ્યાને ભોજન દેવું, એ ગૃહસ્થોનો સાધારણ ધર્મ છે. જો એ ધર્મ બરાબર ન સચવાય તો ગૃહસ્થપણાને ધિક્કાર છે !” એ પ્રમાણે યુધિષ્ઠિરનાં વચન સાંભળી શૌનકે કહ્યું, કે “જો તમારા મનમાં એવું હોય તો તપ કરીને સિદ્ધિ મેળવો. જેથી બ્રાહ્મણોનું ભરણપોષણ થાય.” આ પ્રમાણે સાંભળી યુધિષ્ઠિરે ધૌમ્ય મુનિની સલાહ લીધી. ધૌમ્યે યુધિષ્ઠિરને સૂર્યની ઉપાસના કરવાની સલાહ આપી અને એક મંત્ર બતાવ્યો. આવી સલાહ મળતાં તેણે જલમાં પ્રવેશ કરી સૂર્યની સામે ઉભા રહી સૂર્યનાં એકસો આઠ નામોનો જપ કર્યો. સૂર્ય પ્રસન્ન થઇ પ્રત્યક્ષ થયા અને તેણે યુધિષ્ઠિરને

બાર વરસ સુધી અન્ન પૂરું પાડવાનું વચન આપ્યું, એક પીરસવાનું પાત્ર આપ્યું અને કહ્યું કે "તેના સંયોગથી હરકોઇ પ્રકારની રાંધેલી રસોઇનો અખૂટ જથ્થો પૂરો પડી શકશે, સૌને જમાડી છેવટ દ્રૌપદી જમશે ત્યાં સુધી રાંધેલી રસોઇ ખૂટશે નહિ અને ચૌદમે વર્ષે પાછું રાજ્યમળશે." આ પ્રમાણે વરદાન આપી સૂર્યદેવ અંતર્હિત થયા. યુધિષ્ટિરે જલમાંથી બહાર આવી ધૌમ્યમુનિને પ્રણામ કર્યા અને વરદાનની વાત ભાઇઓને કહી રસોઈ તૈયાર કરાવી. થોડી રસોઇ કર્યા છતાં પેલા પાત્રના સંયોગથી સર્વ સામગ્રી અખૂટ થઇ પડી. સર્વ જમી રહ્યા ત્યારેજ રસોઈ ખુટી. આથી બ્રાહ્મણો તેમજ પાંડવો રાજી થયા અને બ્રાહ્મણોના સમાગમમાં ધર્મસંબંધી સઘળી ક્રિયાઓ યોગ્ય રીતે થવા લાગી. પછી ત્યાંથી બ્રાહ્મણોસહિત પાંડવો ત્રણ દિવસે કુરૂક્ષેત્રની અંદરના કામ્યક વનમાં આવ્યા.

ધૃતરાષ્ટ્રનાં દુર્વચનોથી દુભાએલા વિદુરજી હસ્તિનાપુરનો ત્યાગ કરી પાંડવોને મળવા વનમાં ચાલી નીકળ્યાની વાત આપણે આગલા પ્રકરણમાં વાંચી છે. આ વખતે પાંડવો કામ્યક વનમાં આવી વસ્યાને કેટલાક દિવસ થયા હતા. વિદુરને આવતા જોઇ પાંડવો હર્ષઘેલા બની સામા લેવા ગયા અને તેમને સન્માનસાથે આશ્રમમાં તેડી જઇ યોગ્ય આસન આપી આવવાનું કારણ પૂછ્યું. વિદુરજીએ ઉત્તર આપ્યો, કે "ધૃતરાષ્ટ્રના પૂછવાઉપરથી મેં ધૃતરાષ્ટ્રના અને કૌરવના કલ્યાણની વાત કરી તે ધૃતરાષ્ટ્રને ગમી નહિ એટલુંજ નહિ પણ તેનું કેટલુંક અયોગ્ય બોલવું થયું. આતુરને પથ્ય ગમે નહિ તેમ ધૃતરાષ્ટ્રને મારી વાત પસંદ પડી નહિં. વેદીઆ બ્રાહ્મણની વ્યભિચારિણી સ્ત્રી કોઇ રીતે સારે રસ્તે આવી શકે નહિ, તેમ ધૃતરાષ્ટ્રને કોઇ રીતે પણ સારે રસ્તે લાવી શકાય એમ નથી. વૃદ્ધ પતિમાં જુવાન સ્ત્રીની રતિ લાગે નહિ, તેમ ધૃતરાષ્ટ્રને મારો ઉપદેશ ગમ્યો નહિ. કમલના પત્રમાં જળનું બિંદુ સ્થિર રહી શકે નહિ, તેમ ધૃતરાષ્ટ્રના ચલિત મનમાં કલ્યાણની વાત ટકી નહિ. ધૃતરાષ્ટ્રને પથ્ય વાત ગળે ઉતરતી નથી તેથી મને લાગેછે કે, હવે તેનો વિનાશ થશે. મેં તેને સારી અને સાચી વાત કહી તેથી કુપિત થઇ તેણે મને કહ્યું, કે "તારી ઇચ્છા હોય ત્યાં જા." આ પ્રમાણે ધૃતરાષ્ટ્રે મારો ત્યાગ કરવાથી હું અહિં આવ્યો છું. સભામાં મેં તમને જે ભલામણ દીધી છે; તે ભૂલશો નહિ. શત્રુઓ તીવ્ર દુઃખો દે તે છતાં જે રાજા ક્ષમા રાખીને સમયની વાટ જુએ, જિતેંદ્રિય રહે અને જેમ અગ્નિને ખડ નાખીને

વધારવામાં આવેછે તેમ પોતાના બળને સહાયોની સંપત્તિથી વધાર્યા કરે તે રાજા એકલોજ સઘળી પૃથ્વીને ભોગવવા સમર્થ થાયછે. જે ધન મળ્યું હોય કે મળે તેને પોતાની અને પોતાના સહાયકારોની વચ્ચે સરખી રીતે વહેંચી આપવું એજ સહાયકારોને પ્રસન્ન રાખવાનો રસ્તો છે. આવી સમાનતાથી વર્તનારને દુઃખમાં પણ સહાય મળેછે, અને સહાયકારો મળ્યા એટલે રાજ્ય મળી ચુક્યું સમજવું. સહાયકારોની પાસે કાંઈ નકામી કે કપટભરેલી વાત ન કરતાં સાચી અને સીધી વાત કરવી, તેમની સાથે બેસીને જમવું રમવું પણ તેમની પાસે પોતાની સ્તુતિ નહિ ગાવી એજ વધવાનો ઉત્તમ ઉપાય છે." વિદુરજીની સમયોચિત શીખામણ સાંભળી યુધિષ્ઠિરે ઉત્તર આપ્યો, કે, "આપ કહોછો તેજ પ્રમાણે હું વર્તીશ અને બાકી પણ જે શીખામણ આપશો તે પ્રમાણે ચાલીશ."

વિદુર હસ્તિનાપુર છોડીને પાંડવોપાસે ગયાપછી પછવાડે ધૃતરાષ્ટ્રને પરિતાપ થયો. તે પોતાના મનસાથે અનેક ઘોડા ઘડવા લાગ્યો. "વિદુર બહુ વિચક્ષણ માણસ છે માટે જો તે પાંડવોનો પક્ષ કરશે તો પાંડવોનો જય થયા વિના રહેશે નહિ. તેને મેં દુર્વચનોથી દુભાવ્યો તે ઠીક ન કર્યું. હવે તે પાછો આવે તો ઠીક." આવા સંકલ્પ વિકલ્પ કરતો અંધ રાજા સભાના દ્વારમાં આવી વિદુરના વિયોગથી વ્યાકુળ થયો હોય એવી રીતે કૃત્રિમ પ્યારનો પ્રકાશ કરવા રાજાઓની સમક્ષ ધરતીપર ઢળી પડ્યો. શુદ્ધિમાં આવતાં તેણે સંજયને આજ્ઞા કરી, કે "મારો ભાઈ વિદુર ધર્માત્મા છે અને મારો હિતેચ્છુ છે, તે મારાં દુર્વચનોથી દુઃખિત થઈ મને છોડી ચાલ્યો ગયો છે; તેનું સ્મરણ થતાં હમણાં મારૂં હૃદય ફાટી જાયછે; તું પાંડવોના આશ્રમમાં જઈ તેને જલદીથી બોલાવી લાવ. એ મારા ભાઈએ મારૂં કાંઈ પણ અનિષ્ટ કર્યું નથી તેમ છતાં મેં મૂર્ખાઈથી તેનું અપમાન કર્યું છે. જો એ જીવતો હોય તો તુરત મારી પાસે તેડી લાવ, નહિ તો મારા પ્રાણનો ત્યાગ થશે." ધૃતરાષ્ટ્રની આજ્ઞા થતાં સંજય તરતજ કામ્યક વનમાં આવ્યો અને પાંડવોનો આશ્રમ શોધી કાઢી તેમને તથા વિદુરને મળ્યો. પરસ્પર કુશળતા પૂછ્યા પછી સંજયને વનમાં આવવાનું કારણ પૂછતાં તે બોલ્યો, કે "વિદુર! તમને ધૃતરાષ્ટ્ર રાજા યાદ કરેછે તમે તેને નહિ મળો તો તે પ્રાણનો ત્યાગ કરશે." સંજયનો સંદેશો સાંભળી વિદુર પાંડવોની રજા લઈ પાછા હસ્તિનાપુરમાં આવ્યા અને ધૃતરાષ્ટ્રને મળ્યા. ધૃતરાષ્ટ્રે તેને પોતાના ખોળામાં ખેંચી લઈ

ઘણો પ્યાર બતાવી કહ્યું, કે "તમે આવ્યા તે ઘણું સારૂં કર્યું. તમારા વિયોગથી મને વિમાસણ થયું છે. આજ મને ઉંઘ આવી નથી. તમે મારા બોલવાની ક્ષમા કરજો." વિદુરે વિનયથી કહ્યું કે "આપ મારા મોટા ભાઈ છો. આપની આજ્ઞાપ્રમાણે આપનાં દર્શનની આતુરતાથી એકદમ હાજર થયો છું. મારા મનથી તમારા પુત્રો અને પાંડવો તુલ્યજ છે; પણ પાંડવોને ગરીબ જાણીને મારૂં મન પાંડવોતરફ વળેલું છે. હું તમારા પુત્રોના દ્વેષથી પાંડવોના પક્ષમાં બોલુંછું એમ નથી પણ તેમને ગરીબ જાણીને બોલુંછું. ગરીબ માણસોતરફ સમજુ માણસોનું વલણ થાય એ સ્વાભાવિક છે." આ પ્રમાણે પરસ્પર મનને શાંત કરી બન્ને જણા છૂટા પડ્યા.

દુનિયામાં ગણાતી સાત અજાએબ ચીજોમાં આતંકનિગ્રહ ગોળીરૂપ આઠમી અજાએબ ચીજનો ઉમેરો થયો છે.

પ્રકરણ ૧૯ મું.

વનવાસી પાંડવોને સ્નેહિસમાગમ.

પાંડવોને રાજ્યભ્રષ્ટ થઈ કામ્યક વનમાં રહેલા સાંભળી યાદવો, પદ રાજાના પુત્રો, શિશુપાલનો પુત્ર ધૃષ્ટકેતુ રાજા અને શ્રીકૃષ્ણ એ સહુ પાંડવોને મળવા વનમાં આવ્યા. કૌરવોને ધિક્કારતા સઘળા સ્નેહીઓ યુધિષ્ઠિરને પ્રણામ કરી તેમને વીંટીને બેઠા, એટલે શ્રીકૃષ્ણ બોલ્યા કે "દુર્યોધન, કર્ણ, શકુનિ તથા દુઃશાસન એ દુષ્ટ ચતુષ્ટયના લોહીથી પૃથ્વીને તૃપ્ત કરવી છે, માટે હે યુધિષ્ઠિર! તમે અમારી સાથે ચાલો, આપણે એમને તથા એમના મિત્રોને યુદ્ધમાં મારીને તમારો પુનઃ રાજ્યાભિષેક કરીએ." શ્રીકૃષ્ણને આ પ્રમાણે કોપેલા જોઇને તથા બીજાઓને પણ વેગમાં આવેલા જોઈ અનુકૂળ પ્રસંગ જાણી દ્રૌપદી પોતાના ભાઈ ધૃષ્ટદ્યુમ્નસાથે શ્રીકૃષ્ણને કહેવા લાગ્યાં કે "તમે શરણાગતનું રક્ષણ કરનારા છો છતાં તમે મારૂં રક્ષણ કેમ ન કર્યું ? હું પાંડવોની પત્ની, તમારી સખી અને ધૃષ્ટદ્યુમ્નની બહેન તેને રજસ્વલાપણાની સ્થિતિમાં કૌરવો ભરી સભામાં બલાત્કારે બોલાવે અને મારાં વસ્ત્ર તથા ચોટલો ખેંચે, અને પાંડવો, તમે તથા મારા ભાઇઓ જીવતાં એ બધું સહન કરી રહે એ કાંઈ

થોડા ખેદની વાત નથી. પાંડવોને તો હું ધિક્કારૂં છું, કેમકે તેમણે પોતાની પ્યારી પત્નીની એ દશા નજરે જોયા છતાં કાંઇ પણ પરાક્રમ કર્યું નહિ; નબળા પતિઓ પણ પોતાની સ્ત્રીઓનું રક્ષણ કરેછે અને આતો પોતે પરાક્રમી છતાં તેઓએ મારી ઉપેક્ષા કરી. દુષ્ટ દુર્યોધન આવા કૃત્યને માટે જરાવાર પણ જીવતો ન રહેવો જોઇએ તે હજુ સુધી જીવેછે. ભીમસેનના બળને અને અર્જુનના પરાક્રમને ધિક્કાર છે. ભીમસેને હિડંબ તથા બકાસુર જેવા રાક્ષસોને માર્યા, પણ દુર્યોધનને માર્યો નહિ. હે શ્રીકૃષ્ણ! હું દુઃખો ભોગવી ભોગવીને સળગી ગઇ છું, મારૂં રક્ષણ કરનાર કોઈ નથી. મારા પતિઓ, પુત્રો, બાંધવો, ભાઇઓ અને તમે સૌ મારે મન જીવતા મુઆ સરખાજ છો. સંબંધઉપર, મારાં કુળ-ઉપર, મારી ભક્તિઉપર અને તમારી પ્રભુતાઉપર ધ્યાન આપીને મારૂં તમારે રક્ષણ કરવું જોઇએ અને મને થયેલા અપમાનનું વેર લેવું જોઇએ." આવાં શૌર્યનાં વચનો બોલી દ્રૌપદી મોં આડા હાથ દઈ આંસુ ભરી રોવા લાગતાં શ્રીકૃષ્ણે તેમને દીલાસો આપ્યો, કે "દ્રૌપદી! તમારો જેમના ઉપર ક્રોધ છે તે અર્જુનનાં બાણોથી કપાશે તથા તેમને લોહીથી ખરડાઈ જમીનપર સૂતેલા જોઈ તેમની સ્ત્રીઓ રડશે. હું નક્કી પાંડવોનું હિત કરીશ; તમે શોક કરો નહિ. પૃથ્વી ફાટી પડે અને સમુદ્ર સુકાય તોપણ મારૂં વચન મિથ્યા થાય નહિ." શ્રીકૃષ્ણનાં વચન સાંભળતાં દ્રૌપદીએ આડી આંખે અર્જુનના સામું જોયું. અર્જુને દ્રૌપદીને કહ્યું, કે "સુંદરિ! તમે રૂદન નહિ કરો. શ્રીકૃષ્ણ જેમ કહેછે તેમજ થશે; એમાં કાંઇ ફેરફાર થવાનો નથી." પછી ધૃષ્ટદ્યુમ્ને બેહેનને કહ્યું, કે "બેહેન! હું દ્રોણને મારીશ, શિખંડી ભીષ્મને મારશે, ભીમસેન દુર્યોધનને મારશે અને અર્જુન કર્ણને મારશે. શ્રીકૃષ્ણ અને બલભદ્રના આશ્રયને લીધે અમોને ઇંદ્ર પણ જીતી શકે એમ નથી, ત્યારે કૌરવો તો કોણ માત્ર છે?" આ પ્રમાણે દ્રોપદીની આશ્વાસના થયાપછી શ્રીકૃષ્ણે યુધિષ્ઠિર રાજાને કહ્યું કે "જો હું દ્વારકામાં હાજર હોત તો બોલાવ્યાવગર પણ જુગારની સભામાં આવીને ભીષ્મ વગેરેને સમજાવી જુગારને અટકાવત અને આ કષ્ટ પ્રાપ્ત થાત નહિ પણ હું તે સમયે શિશુપાલના મિત્ર અમારા મોટા શત્રુ શાલ્વ રાજાને શાસન કરવા સારૂ સમુદ્રના એક દ્વીપમાં ગયો હતો. પાછો આવ્યો ત્યારે સાત્યકિના કહેવાથી તમારૂં સઘળું વૃત્તાંત મેં જાણ્યું અને મને આવા ખબર મળતાંજ હું તમારી પાસે આવેલો છું, પ્રથમથી ખબર મળ્યા હોત તો કાંતો જુગારની રમત બંધ રહેત અથવા દુર્યોધન જીવતો બંધ રહેત. હવે તુરત શું થઈ શકે?

ધીરજ રાખો વખત આવ્યે સર્વ સારાં વાનાં થશેજ." એ પ્રમાણે દિલાસો આપી શ્રીકૃષ્ણે રજા માગી. પાંડવોએ તેમનું યોગ્ય પૂજન કર્યું અને દ્રૌપદીએ તો અશ્રુપાતથીજ પૂજન કર્યું. શ્રીકૃષ્ણ પોતાની બેહેન સુભદ્રા તથા ભાણેજ અભિમન્યુને સાથે રથમાં બેસાડી દ્વારકામાં પાછા પધાર્યા. ધૃષ્ટદ્યુમ્ને દ્રૌપદીના પાંચે પુત્રો એટલે પોતાના ભાણેજોને તેડીને પાંચાલ દેશનો પંથ લીધો અને ધૃષ્ટકેતુ પોતાની બેહેન કરેણુમતી (નકુલની સ્ત્રી) ને લઇ ચેદીદેશ તરફ ચાલ્યો. બીજા કેટલાએક બ્રાહ્મણો તથા વૈશ્યો વગેરે સ્વદેશી લોકો જેઓ તે સમયે પાંડવોને મળવા વનમાં આવ્યા હતા તેઓ પણ યુધિષ્ઠિરના આગ્રહને લીધે માંડમાંડ પાછા વળી પોતપોતાને ઘેર ગયા.

દરદોરૂપ શત્રુઓને નસાડવા આતંકનિગ્રહ ગોળીઓને કામમાં લેવી જોઇએ.



પ્રકરણ ૨૦ મું.

ધૈર્ય અને શૌર્યનો ચિતાર:

(દ્વૈત વન.)

મળવા આવેલા સ્નેહી સંબંધીઓ વિદાય થયા પછી પત્ની-સહિત પાંચે પાંડવો તથા ધૌમ્યમુનિ ઘણાં દાનોથી બ્રાહ્મણોને સંતુષ્ટ કરી તેમના આશીર્વાદ લઇ રથમાં બેસી કામ્યક વનમાંથી નીકળ્યા. ઇંદ્રસેન આદિ નોકરો પણ પાંડવોનાં આયુધોને અને દ્રૌપદીનાં વસ્ત્રોને રથમાં ભરી પાંડવોની સાથેજ ચાલ્યા. રસ્તામાં યુધિષ્ટિરે ભાઇઓને કહ્યું, કે "આપણને બાર વર્ષસૂધી વનમાં રહેવાનું છે, માટે ફળ, ફુલ, મૃગો, પક્ષીઓ અને પાણીથી ભરપૂર કોઇ સારો પ્રદેશ શોધી કહાડો કે ત્યાં આપણે શાંતિથી રહી શકીએ." અર્જુને કહ્યું, કે "આપની મરજી હોય ત્યાં રહીએ. આ દ્વૈત વન સરોવરના સ્વચ્છ જળથી ભરપૂર છે. ઘણાં ફળો, પશુઓ અને પક્ષીઓવાળું હોવાથી અન્ન પણ સહેલથી મળી શકશે.:ઇચ્છા હોય તો અહીંજ નિવાસ કરીએ." અર્જુનના અભિપ્રાય પ્રમાણે ત્યાં રહ્યા પછી ઘણા મુનિ લોકો પણ ત્યાં આવીને રહ્યા. તેઓના વેદઘોષથી તે સ્થળ બ્રહ્મલોકજેવું જણાવાં લાગ્યું. એક સમયે સાયંકાળે પાંચે ભાઇઓ અને પત્ની એકાંત સ્થળમાં બેઠાં હતાં ત્યારે વાતનો પ્રસંગ ચાલતાં દ્રૌપદીએ યુધિષ્ઠિરને કહ્યું કે "આપણે

હસ્તિનાપુરથી નીકળ્યાં તે સમયે દુર્યોધન, દુઃશાસન, કર્ણ અને શકુનિ એ ચાર જણને આંસુ આવ્યાં નહિ, બાકી સઘળા સ્નેહીઓ અને લોકો રોવા લાગ્યા. આપ જેવા મહાત્માને દુઃખમાં નાખીને દુર્યોધન પસ્તાતો પણ નથી, તેથી તે પાપીનું હૃદય લોહાનું હશે એમ હું ધારૂંછું. તમારા પુર્વનાં સુખ તથા વૈભવને અને હાલના દુઃખને યાદ કરવાથી મારી છાતી ચીરાઈ જાયછે. તમને કૌરવોઉપર ક્રોધ કેમ નથી ચડતો? જગતમાં કહેવાયછે કે, ક્ષત્રિય ક્રોધવગરનો હોય નહિ, પણ આજ તમારામાં તેની ખોટ પડેલી જોવામાં આવેછે. જે ક્ષત્રિય શત્રુને પોતાનું પરાક્રમ ન બતાવે તેને સર્વ લોકો તુચ્છ ગણી કાઢેછે. તમારે શત્રુઓનાપર ક્ષમા રાખવી જોઇતી નથી. જે ધણી સર્વદા ક્ષમાજ રાખ્યા કરે તેનું નોકરો પણ અપમાન કરે અને સ્ત્રીઓ પણ સ્વચ્છંદપણે વર્ત્તેછે. પ્રથમ ઉપકારી થઇ પાછળથી અપકારી થયો હોય, અજાણતાં અપરાધ કર્યો હોય અને અપરાધ કરીને પોતાની ભૂલ કબુલ કરતો હોય તેના પર તો ક્ષમા કરવી યોગ્ય છે, પણ કૌરવો જેવા નીચ લોકોની ઉપર ક્ષમા કરવી યોગ્ય નથી. તમારે ક્ષમા કરવાનો આ વખત નથી. નમ્રનું સૌ અપમાન કરેછે અને તીક્ષ્ણને સહુ નમેછે. માટે તમે તીક્ષ્ણ થાઓ." યુધિષ્ઠિરે ધીરેથી ઉત્તર આપ્યો, કે "ક્રોધી માણસો પાપ કરેછે, ગુરૂઓને પણ મારેછે, મહાત્માઓનું પણ અપમાન કરેછે, બોલવા ન બોલવાનું જાણતો નથી, કરવા ન કરવાનું જોતો નથી અને વખતે પોતાને પણ યમપુરીમાં દાખલ કરી દેછે; ક્રોધ રાખવાથી મોટી હાનિ છે. ઉપજેલા ક્રોધને શમાવે તેની ચડતી થાયછે અને ન શમાવે તેની પડતી થાયછે. જે માણસ ક્રોધની સામે ક્રોધ કરે તે માણસ પોતાને તેમજ સામાને બચાવેછે. સહન કરવાથી સમર્થ અને અસમર્થનું પણ કલ્યાણ થાયછે અને વિદ્વાન તથા મૂર્ખ પણ સુખ મેળવેછે. પંડિત લોકો જેને તેજસ્વી કહેછે તેનામાં ક્રોધ હોતો નથી. કામ કરવામાં પ્રમાણિકપણું, શત્રુઓને ત્રાડવાના ઉપાયોનું ચિંતન તથા શત્રુઓનો પરાજય કરવાની યુક્તિ અને ચાલાકી એ ગુણો ક્રોધીને કદી પણ પ્રાપ્ત થતા નથી. મૂર્ખ લોકો ક્રોધને અને તેજસ્વીપણાને એક માનેછે, પણ વાસ્તવિક જોતાં ક્રોધ અને તેજ એ બન્ને જુદાજ પદાર્થો છે. ક્રોધનો ત્યાગ કરવામાં આવે ત્યારેજ તેજની પ્રાપ્તિ થાયછે." યુધિષ્ઠિરનો ઉત્તર સાંભળી દ્રૌપદી બોલ્યાં, કે "ગમે તેમ હોય, પણ નિરૂદ્યોગ રહેવાથી કાર્યની કશી સિદ્ધિ થતી નથી. જગમ જીવો ઉદ્યોગ કર્યાવિના જીવી શકતા નથી. જે પુરૂષ કેવળ દૈવઉપર આધાર

રાખી હાથ પગ જોડી નિરૂદ્યમી થઇ બેસી રહેછે, તે પુરૂષ કાચા ઘડાની પેઠે વીંખાઇ જાયછે. જો ઉદ્યોગનું ફળ ન હોય તો ખેડુ લોકો ખેડ કરે નહિ અને કોઇ ભણે પણ નહિ. મોટાં મોટાં શેહેરો અને ઇમારતો પણ ઉદ્યોગથીજ બનેછે. આળસુને અલક્ષ્મી અને ઉદ્યોગીને લક્ષ્મી પ્રાપ્ત થાયછે, એવા ઘણા દાખલાઓ જોવામાં આવેછે. માટે જો આપ આપના ચારે ભાઇઓને ઉદ્યોગ કરવાની આજ્ઞા આપો તો પછી ઉદ્યોગ સફળ કે નિષ્ફળ થયાની આપને ખાત્રી થાય. મન ઢચુપચુ રાખીને ઉદ્યોગજ કરવામાં ન આવે તો તેના સફળપણાની કે નિષ્ફળપણાની ખબરજ કેમ પડે? આપના અસ્થિર મનને લીધે આવો અનર્થ આપણાપર જોર કરી આવ્યો છે. જો આપ નિઃસંશય થઈ ઉદ્યોગમાં લાગો તો પડેલું દુઃખ દૂર થયાવિના રહેજ નહિ. સમુદ્રને પૂરી નાખવો હોય કે પાહાડને ત્રોડવો હોય તો તેવાં કામ પણ ઉદ્યોગથી પાર પડેછે, તો શત્રુને ત્રોડવાનું કામ તો કેમ ન બને? ઉદ્યોગ કર્યા છતાં ફળ કે જય ન મળે તોપણ પછી ઉદ્યોગ ન કર્યાનો દોષ ટળી જાયછે. પોતાનું અશક્તપણું સમજીને પોતાથી પોતાનું અપમાન તો કરવુંજ નહિ. પોતાને અપમાન કરનારો પુરૂષ કદી પણ જય પામતો નથી.” દ્રૌપદી બોલી રહ્યાં એટલે તેજ વાતને ભીમસેને ક્રોધયુક્ત થઇને ઉપાડી લીધી.

“દ્રૌપદી જે કહેછે તે ખરૂંજ કહેછે, માટે રાજ્ય પાછું મળે એવો રસ્તો પકડો. આવી અવદશામાં વનમાં રહેવાનું શું પ્રયોજન છે? દુર્યોધને આપણું રાજ્ય ધર્મથી, સરલતાથી કે પરાક્રમથી હરી લીધું નથી; પણ જેમ શિયાળ સિંહના ખાજને કપટ કરી હરી લે તેમ કપટથી લીધું છે. માટે તેની સાથે સરલતા રાખવાની જરૂર નથી. એકલા ધર્મને વળગી રહેવાથી કોઇ પણ રાજાને ગયેલું રાજ્ય પાછું મળ્યું સાંભળ્યું છે! દેવતાઓએ પણ દૈત્યોને કપટથી જીતી પોતાનું રાજ્ય પાછું મેળવ્યું હતું. પ્રતિજ્ઞારૂપ એક નહાના સરખા ધર્મને વળગી રહેવાથી અનેક ધર્મો તથા સુખો સંપાદન થાય એવા રાજ્યને છોડી દઇ શામાટે દુઃખી થાઓછો! અમે આપનું દિલ ન દુખાવવાસારૂજ આજ સુધી આપની આજ્ઞાને અનુસરતા આવ્યા છીએ; પણ તેથી મિત્રો કચવાયછે અને શત્રુઓ રાજી થાયછે. આપ કચવાશો એવા ભયથીજ અમોએ તે સમયે કૌરવોને કચેરીમાં માર્યા નહિ, તેનો હવે અમને પસ્તાવો થાયછે. ‘ધર્મ’ ‘ધર્મ’ કરીને આપે

નપુંસકની પદ્ધતિ પકડી છે, તેમાં અમો કોઇ રાજી નથી. આપણે જેમ જેમ ક્ષમા કરીએ છીએ, તેમ તેમ શત્રુઓ આપણને અશક્ત માનેછે, એ, મને મરણથી પણ અધિક દુઃખકર લાગેછે, લડાઇ કરતાં મરીએ તે સારૂં પણ અશક્તપણાનો આરોપ લઇ મરીએ, તે સારૂં નહિ. જે કર્ત્તવ્યથી પોતાનું શરીર અને મિત્રો દુઃખી થાય તેને હું ધર્મ માનતો નથી; પણ તે તો એક જાતનું વ્યસન છે, એમ સમજાુંછું. શબને સુખ અને દુઃખ એ બન્ને છોડી દેછે, તેમ ધર્મને વળગી રહેનારને ધર્મ અને અર્થ એ બન્ને છોડી દેછે. જેનો ધર્મ કેવળ ધર્મનેજ વાસ્તે હોય, પણ સુખને વાસ્તે ન હોય, અને જેનું ધન કેવળ સુખનેજ વાસ્તે હોય પણ ધર્મને વાસ્તે ન હોય, તેઓને હું પશુસમાન ગણુંછું. ક્ષત્રિયને પૃથ્વીનું પાલન કરવાથી જેટલું ધર્મરૂપ ફલ મળેછે, તેટલું વનમાં રહીને તપ કરવાથી મળતું નથી; આમ છે, માટે આજેજ હસ્તિનાપુર જઇ શત્રુઓને મારી દુર્યોધનપાસેથી રાજ્યલક્ષ્મી ખેંચી લીઓ. અર્જુનનાં બાણો કે મારી ગદાને સહન કરી શકે એવો કોઇ નથી. શ્રીકૃષ્ણ, પાંચાલો અને કેકયો આપણા સહાય છે, તો આપણને રાજ્ય કેમ ન મળે ? પોતે સઘળી રીતે બળવાન છતાં શત્રુના હાથમાંથી રાજ્યલક્ષ્મી ન લઇ લેવી એ કેવી મોટી ભૂલ કહેવાય ? ”

“મારી ભૂલને લીધે તમો સર્વને દુઃખ પ્રાપ્ત થયું છે, એ ખરી વાત છે અને તેથી તમારાં વચનરૂપી બાણો હું હમેશાં સહનતાથી સાંભળી રહુંછું. હું તો દુર્યોધનનું રાજ્ય હરી લેવાને વાસ્તે જુગાર રમવા બેઠો હતો, પણ શકુનિના કપટને લીધે મારી હાર થઇ અને આવું વિપરીત પરિણામ આવ્યું. શકુનિ કપટ કરેછે, એવું જાણવામાં આવ્યું તે વખતથીજ મારા મનને હાથમાં રાખી રમવું બંધ રાખ્યું હોત તો રખાત, પણ તે સમયે મારા મનમાં અભિમાનનો કોઇ એવી રીતનો વેગ આવ્યો કે જેથી હું તેમ કરી શકયો નહિ. ભાવી હતું તેમ બન્યું. હવે તેનો પશ્ચાત્તાપ કરવો વ્યર્થ છે. ભરી સભામાં હું પ્રતિજ્ઞાથી બંધાઇ ગયો છું તો હવે રાજ્યના લોભે મારાથી એ પ્રતિજ્ઞાનો ભંગ થઇ શકશે નહિ. ધર્મનું ઉલ્લંઘન કરી રાજ્ય કરવાકરતાં મરવું વધારે સારૂં છે. તમારા આવાજ વિચારો હતા ત્યારે મને પ્રથમથીજ કહેલું હતું અથવા જ્યારે હું જુગારમાં હારતો જતો હતો ત્યારેજ તમારે મારા હાથ બાળી નાખવા હતા. હવે યોગ્ય સમય ગયા પછી શામાટે આવાં તીવ્ર વચનો

મને સંભળાવોછો ? મારાથી મારી પ્રતિજ્ઞા ફેરવી શકાશે નહિ, તમારે તેર વર્ષ પૂરાં કરવાં પડશે. પ્રથમ શત્રુના હાથથી ઠગાયેલો માણસ તે શત્રુની અત્યંત ચડતી સ્થિતિમાં તેનો પરાજય કરે તો, તેથી મોટી કીર્તિ પ્રાપ્ત થાયછે."

આ પ્રમાણે યુધિષ્ઠિર બોલી રહ્યા પછી ભીમસેને ઉત્તર આપ્યો કે "તેર વર્ષ સુધી જીવતા રહેવાનો કોને ભરોસો છે? આયુષ્ પ્રત્યેક નિમિષે ઓછું થતું જાયછે, માટે તેર વર્ષ જેવડા લાંબા વખતની વાટ કેમ જોવાય? જો આપણે કાળની વાટ જોયા કરીશું તો એ કાળ આપણા મનોરથને પૂરા નહિ થવા દેતાં આપણા આયુષ્નોજ ક્ષય કરી નાખશે. જે પુરૂષો શત્રુઓને માર્યાવિના મરી જાયછે, તેનો જન્મ નિષ્ફળ થાયછે. શત્રુઓને મારીને કદી તુરત નરકમાં પડે તો તે નરક પણ સ્વર્ગસમાન લાગેછે. અસહનતાથી થયેલો સંતાપ અગ્નિકરતાં પણ વધારે બળવાન છે. આવા સંતાપથી તપી જવાને લીધે મને રાત્રિદિવસ નિદ્રા આવતી નથી. હું અને દ્રૌપદી આપને મોહોડા મોહોડ કહીએ છીએ અને અર્જુન વગેરે બીજા સૌ મનમાં ને મનમાં કચવાયા કરેછે. જે સહુના મનમાં છે તેજ હું કહુંછું. અમો સર્વ યુદ્ધ કરવાને રાજી છીએ. નીચ અને નબળા લોકો આપણા રાજ્યને જીતી લઈને ભોગવેછે, એ સમાન બીજી કોઈ વિપત્તિ નથી. આપ આપના પ્રામાણિક સ્વભાવરૂપ દોષને લીધે દુઃખો સહન કરોછો પણ તેથી આપનાં વખાણ થવાને બદલે ઉલટી નિંદા થાયછે. જેમ વેદીઆ બ્રાહ્મણની બુદ્ધિ ગોખી ગોખીને બુઠી થઇ ગઇ હોયછે, તેમ આપની બુદ્ધિ ધર્મની અનાડી પકડથી બેહેર મારી ગઇ છે. આપના જેવા દયાળુનો જન્મ બ્રાહ્મણની જાતિમાં થવો જોઇતો હતો. ક્રૂરબુદ્ધિવાળાજ ક્ષત્રિયપણાને શોભાવેછે. આપે મનુસ્મૃતિઉપરથી રાજ્યધર્મની ક્રૂરતા સાંભળી છે, છતાં દુષ્ટ શત્રુઓની ઉપર ક્ષમા રાખીને અજગરની પેઠે કેમ બેસી રહ્યા છો. અમને સૌને છેલ્લાં વરસમાં ગુપ્ત રાખવા માગોછો તે તો હિમાલયને ખડથી ઢાંકી રાખવાની ઇચ્છા કર્યા બરાબર છે, જેમ સૂર્ય આકાશમાં ગુપ્ત રહી શકેજ નહિ તેમ પરાક્રમી માણસો ઢાંકયા રહી શકેજ નહિ. રાજસૂય યજ્ઞના સમયમાં આપણે રાજ્યથી ભ્રષ્ટ કરેલા ઘણા રાજાઓ અને રાજકુમારો ધૃતરાષ્ટ્રના પક્ષમાં મળ્યા છે, માંટે તે ગમે તેમ કરીને આપણને તેરમા વર્ષમાં છતા કર્યા વિના રહેશે નહિ. વેદમાં એક માસને એક વર્ષનો પ્રતિનિધિ ગણવામાં આવેછે, તે પ્રમાણે આપણને વનમાં

રહેતાં તેર માસ થયા, તે તેર વર્ષ પ્રમાણે ગણી લ્યો, એટલે આપણે ધર્મનો પણ કાંઇ બાધ નહિ આવે. અથવા એક મોટા બળદને તૃપ્તિપર્યંત ખડ ખવરાવવામાં આવે તો ખોટું બોલવાનું પાપ મટેછે એવું ધર્મશાસ્ત્રમાં લખ્યું છે, એ પ્રમાણે કરશો એટલે પ્રતિજ્ઞાભંગ થયાનું પાપ ઉતરી જશે. વેદમાં કોઇ ઠેકાણે એક દિવસને પણ વર્ષ શબ્દના અર્થ પ્રમાણે માનેલો છે, અને ધર્મશાસ્ત્રની રીતપ્રમાણે બાર વર્ષસૂધી કરવાના પ્રાયશ્ચિત્તનો ગોદાનઆદિ પ્રત્યામ્નાયદ્વારા એક દિવસે પણ નિકાલ કરી શકાયછે, તે કાંઈ આપથી અજાણ્યું નથી. માટે શત્રુઓને મારવામાટે આપ હમણાથીજ તૈયાર થાઓ. યુદ્ધ કરવાજેવો ક્ષત્રિયોનો બીજો કોઇ ઉત્તમ ધર્મ નથી."

"મેં ધર્મશાસ્ત્રો સાંભળ્યાં છે અને હું ધર્મની સ્થિતિને સંપૂર્ણ જાણુંછું; તમારા કહ્યાપ્રમાણે કરીને મારાથી ધર્મનું ઉલ્લંઘન થશે નહિ." વળી જરાવાર ઉંડો વિચાર કરી યુધિષ્ઠિર ફરી બોલ્યા, કે "ભીમસેન ! જે મોટાં કાર્યો સાહસથી આરંભવામાં આવે તે પરિણામે દુઃખદાયી થાયછે. વિચારકરીને ધૈર્યથી જે કરવામાં આવેછે તેમાંજ જય મળેછે. દૈવની અનુકૂળતાની તો સર્વ કાર્યમાં જરૂર છે. તમે જુવાનીના તથા બળના મદને લીધે કેવળ ચપળતાથી સાહસ ઉઠાવવા ઇચ્છોછો, પણ હું કહુંછું તે સાંભળો. ભીષ્મ, દ્રોણ, અશ્વત્થામા, કર્ણ, કૃપાચાર્ય તથા સોમદત્તનો પુત્ર ભૂરિશ્રવા એઓ તથા દુર્યોધન વગેરે સઘળા ભાઇઓ એવા બળવાન અને અસ્ત્રવિદ્યામાં પ્રવીણ છે કે, તેઓના તરફથી મારા મનમાં બહુ ધાસ્તી રહેછે. તેમજ જેઓને આપણે પદભ્રષ્ટ કર્યા છે, તેઓ પણ કૌરવના પક્ષમાં ભરાયા છે, પૂર્ણ બળવાળા છે અને ધનવાળા છે, તેથી તેઓ પણ આપણી સામે યુદ્ધમાં ઉતર્યાવિના રહેશે નહિ. કૌરવોના મંત્રીઓ અને સેનાપતિઓને દુર્યોધન માન આપેછે, તેથી તેઓ પણ કૌરવોને વાસ્તે સંગ્રામમાં મરવા તૈયાર થશે. ભીષ્મ, દ્રોણ અને કૃપાચાર્યની વૃત્તિ, કૌરવો તેમજ આપણાઉપર સરખી છે, તોપણ તેઓ કૌરવોનો આપેલો ગરાસ ખાનારા છે માટે કૌરવોને વાસ્તેજ સંગ્રામમાં પ્રાણ આપવા તૈયાર થશે, એમ હું ધારૂંછું. એ સઘળા યોદ્ધાઓ દિવ્ય અસ્ત્રોથી સંપન્ન છે અને ઇંદ્રાદિક દેવતાઓથી પણ જીતાય નહિ એવા છે. તેઓમાં કર્ણ તો સઘળાં અસ્ત્રોને જાણનાર, કોઇ રીતે ભેદાય નહિ એવાં બખતરવાળો અને આપણો કટ્ટો શત્રુ છે. ભીમસેન ! એ સઘળા મહાવીર પુરૂષોને જીત્યા વિના તમે દુર્યોધનને મારવાની આશા રાખો માં. મારા મનમાં સર્વથી અધિક કર્ણની કુશળતાનો વિચાર એવો ઘોળાયા કરેછે કે, જેથી મને રાતની કે દિવસની નિદ્રા આવતી નથી."

યુધિષ્ઠિરનાં એવાં વચનો સાંભળી ભીમસેન ત્રાસ પામ્યો અને ફરી કાંઇ બોલ્યો નહિ.

પ્રકરણ ૨૧ મું.

પાપીને અભિશાપ અને પુણ્યવાનને આશીર્વાદ.

પાંડવોના વનવાસથી પસ્તાવો કરતા ધૃતરાષ્ટ્રપાસે પાંડવોને પાછા બોલાવીને તેમનું રાજ્ય પાછું સોંપવાની વિદુરે વિષ્ટિ ચલાવ્યાની વાત સાભળી દુર્યોધનવગેરે ચંડાળ ચોકડીએ ધૃતરાષ્ટ્રનું મન ફેરવી પાંડવોને મારવા તેમની સાથે લડાઇ કરવાની તૈયારી કરવા માંડી. કૌરવોનો લડાઇનો ઉદ્યોગ મહાત્મા વેદવ્યાસે પોતાનાં દિવ્યચક્ષુવડે જાણી લીધો. તેમણે હસ્તિનાપુર આવી દુર્યોધનને અટકાવ્યો અને ધૃતરાષ્ટ્રને કહ્યું કે, "દુર્યોધન વગેરેએ પાંડવોને કપટથી જીતી લઇ તેઓને વનમાં કાઢ્યા છે, તેમાં હું રાજી નથી. તમારો આ દુષ્ટ પુત્ર દુર્યોધન એટલાથીજ સંતોષ નહિ પામતાં વળી પાંડવોને મારી નાખવા લશ્કર લઇ વનમાં જવાની તૈયારી કરેછે, એ કેવી વાત છે? તમે દુર્યોધનને વારો. સ્વજનમાં વિરોધ કરવાસમાન બીજી કાંઈ ભુંડી વાત નથી. દુર્યોધનને તેની ઇચ્છાપ્રમાણે વર્ત્તવા દેશો તો મોટો અનર્થ ઉત્પન્ન થશે. મારી સલાહ તો એવી છે કે, એકલા દુર્યોધનને પાંડવોની સાથે વનમાં રાખો, જેથી તેને પાંડવોસાથે સ્નેહ થશે અને આ સઘળો પંચાત મટી જશે. માટે તમે, ભીષ્મ, દ્રોણ અને વિદુર એ ચાર મળીને વિચાર કરી યોગ્ય લાગે તે તુરત કરો; કેમકે વિચાર કરવાનો વખત જતો રહેછે."

"મહારાજ! અમે ચાર તથા ગાંધારી આવી ખટપટમાં રાજી નહોતાં, છતાં દૈવ ગતિથી બન્યું. હું બધું જાણુંછું. સ્નેહને લીધે દુર્યોધનનો ત્યાગ કરી શકતો નથી."

"ધૃતરાષ્ટ્ર! તમે કહોછો તે ખરૂં છે. પરંતુ વિચારવું જોઇએ કે, કુપુત્રસમાન કોઇ શત્રુ નથી અને સત્પુત્રસમાન કોઇ સખા નથી. જો તમે કૌરવોને જીવતા રાખવા ઇચ્છતા હો તો દુર્યોધન અને પાંડવોની વચ્ચે સમાધાન થાય એમ કરો." "મહારાજ! આપ કહોછો તે સાચું છે, અને વિદુરવગેરે પણ એમજ કહેછે, કૌરવોની દયાની ખાતર અને મારાપર અનુગ્રહ કરવામાટે આપ મારા એ કુપાત્ર પુત્રને શિખામણ આપો." "મહાત્મા મૈત્રેયમુનિ વનમાં પાંડવોને મળીને અહિં તમોને મળવા હમણાં આવશે, તે દુર્યોધનને યોગ્ય શિખામણ આપશે. મારી સલાહ એ છે કે, મૈત્રેયમુનિ જેમ કહે તેમ કરવું. નહિ તો, એ મુનિ ક્રોધથી દુર્યોધનને શાપ દેશે." એટલું બોલી વેદવ્યાસ ત્યાંથી ઉઠી ચાલી નીકળ્યા અને પાંડવોપાસે દ્વૈતવનમાં ગયા.

મૈત્રેયમુનિ પધાર્યા ત્યારે તેમનો અર્ધ્યપાદ્યઆદિથી યોગ્ય સત્કાર કરી તેમને આસનપર બેસાડી ધૃતરાષ્ટ્રે હાથ જોડી વિનયથી પાંડવોના ખબર પૂછ્યા કે "મહારાજ! પાંચે પાંડવો કુટુંબસહ કુશળ છે, અને પોતાના ઠરાવપ્રમાણે વર્ત્તવાને ઇચ્છેછે? કૌરવો અને પાંડવો વચ્ચે સંપ થાય એમ આપને ભાસેછે?"

"રાજા! હું તીર્થયાત્રામાં ફરતો ફરતો કુરૂક્ષેત્રમાં ગયો હતો, ત્યાં કામ્યકવનમાં જટા ધરીને બેઠેલા પાંડવો મારા જોવામાં આવ્યા. પાંડવોને જોવામાટે બીજા મુનિઓ પણ ઘણા આવ્યા હતા. તમારા પુત્રોએ કરેલી અનીતિ ત્યાં મારા સાંભળવામાં આવી અને તેથી મોટો ભય ઉત્પન્ન થવાનો સંભવ જાણી હું તેમને સમજાવવાસારૂ અહિં આવ્યો છું; કેમકે તમારાપર મને સર્વદા બહુ પ્રીતિ છે. તમે અને ભીષ્મ હયાત છતાં તમારા પુત્રો પરસ્પર વિરોધ કરે એ સારી વાત નથી. તમે કુળના સ્તંભરૂપ છતાં અને નિગ્રહ અનુગ્રહમાં સમર્થ છતાં આવા ભયંકર અન્યાયને કેમ થવા દોછો? તમારી સભામાં ચોર લોકોના જેવું કામ થયું તેથી તપસ્વીઓ તમારી અપકીર્ત્તિ કરેછે." એ પ્રમાણે ધૃતરાષ્ટ્રને કહી બીજી તરફ દુર્યોધનને કહ્યું કે, "દુર્યોધન! તું પાંડવોનો દ્રોહ કરવો છોડી દે. પાંડવો મહાવીર છે, દશ દશ હજાર હાથીઓના બળવાળા છે, દૃઢ શરીરવાળા છે અને હિડંબ, બકઆદિ

મોટા મોટા રાક્ષસોને પણ તેમણે માર્યા છે. તેમની સાથે વિરોધ કરવામાં તને કશો લાભ થશે નહિ એટલુંજ નહિ પણ ઉલટી તારી ખરાબી થશે. પાંડવો ગંગાતીરે કામ્યકવનમાં જતા હતા ત્યાં રાતે બકનો ભાઈ કિર્મીર નામનો રાક્ષસ તેમની સામે થયો. ભીમસેને તેને પશુની પેઠે રહેંસી નાખ્યો. રાજસૂય યજ્ઞ સમયે એજ ભીમે દશ હજાર હાથીઓના બળવાળા જરાસંધને મારી નાખ્યો હતો, એ તારા જાણવામાં છે. પાંડવોને શ્રીકૃષ્ણસરખા સહાય છે અને ધૃષ્ટદ્યુમ્નજેવા સાળા છે, તેમની સામે યુદ્ધ કરવાને કયો પુરૂષ સમર્થ છે? જેમને માથે મોત હોય તેઓ તો પાંડવોની સાથે લડવાને હિમ્મત કદીપણ કરે નહિ. આમ વાત છે, માટે મારૂં કહ્યું માન અને પાંડવોની સાથે સંપ કર." મુનિનાં વચનો સાંભળી દુર્યોધન જરા હસ્યો અને કાંઇ પણ જવાબ નહિ આપતાં પોતાના હાથથી પોતાના સાથળને થાપડતાં નીચું જોઇ બેસી રહ્યો તથા પગથી ધરતી ખોતરવા લાગ્યો. દુર્યોધનની એવી અનાદરભરેલી સ્થિતિ જોઇ કોપથી રાતાં નેત્રવાળા મૈત્રેયમુનિએ દુર્યોધનને શાપ દીધો કે, "તું મારો અનાદર કરેછે અને મારી શીખામણ માનતો નથી માટે તને તારા અભિમાનનું ફળ તુરત મળશે; તારી દુષ્ટતાને લીધે મોટું યુદ્ધ ઉત્પન્ન થશે અને તેમાં ભીમસેન ગદા મારીને તારા સાથળને ત્રોડી નાખશે." એ પ્રમાણે અભિશાપ દઇ મુનિ ત્યાંથી ચાલી નીકળ્યા અને દુર્યોધન કિર્મીરના વધની વાત સાંભળી ઉદ્વેગ પામતો ધૃતરાષ્ટ્રની પાસેથી ઉઠી ચાલી ગયો.

દ્વૈતવનમાં જે વખતે યુધિષ્ઠિર અને ભીમ પરસ્પર સંવાદ કરતા હતા તેજ વખતે હસ્તિનાપુરથી નીકળેલા વેદવ્યાસ પાંડવોની પાસે આવી પહોંચ્યા. યુધિષ્ઠિરે તેમનો સત્કાર કરી આસન આપ્યું. વ્યાસ બોલ્યા કે, "યુધિષ્ઠિર! તમારા મનમાં જે વિચારો ઘોળાયા કરેછે તે, મેં મારી યોગવિદ્યાના બળથી જાણી લીધા છે અને તેટલાવાસ્તે તમારી પાસે આવ્યો છું. ભીષ્મ, દ્રોણ તથા કર્ણ વગેરેનો તમારા મનમાં જે ભય છે, તે ભય હું દૂર કરીશ. તમે મારા કહેવાપ્રમાણે કરો." એમ કહી યુધિષ્ઠિરને એકાંત સ્થળમાં લઇ જઇ વ્યાસે કહ્યું કે "આ પ્રતિસ્મૃતિ નામની ઇંદ્રની મંત્રરૂપ વિદ્યા છે, જે સાક્ષાત્ સિદ્ધિ દેવી છે. તે તમે મારી પાસેથી લીઓ અને તેનો અર્જુનને ઉપદેશ કરજો. અર્જુન એ વિદ્યાના પ્રભાવથી તપ કરીને રૂદ્ર તથા ઇંદ્ર આદિ સર્વ દેવતાઓને મળી શકશે અને તેમની પાસેથી સઘળાં દિવ્ય અસ્ત્રો મેળવીને શત્રુમાત્રને જીતી શકશે. હવે તમે આ વનમાંથી નીકળી બીજા કોઈ વનમાં જઇ રહો.

લાંબા કાળ સુધી એકજ સ્થાનમાં રહેવું મને નિર્ભય લાગતું નથી. તમે તમારી સાથેના બ્રાહ્મણોનું પોષણ કરોછો તેથી, પશુઓ અને વૃક્ષોનો પણ ક્ષય થવા આવ્યો છે.” આ પ્રમાણે સલાહ આપી તથા પેલી મંત્રરૂપ વિદ્યાનો ઉપદેશ કરી વ્યાસજી અંતર્હિત થયા. યુધિષ્ઠિર પ્રસન્ન થયા, આપેલી વિદ્યાનું સ્મરણ કરવા લાગ્યા અને ભાઇઓને મળી તેમની સલાહ લઇ ભાઇઓ તથા બ્રાહ્મણોસાથે પાછા કામ્યકવનમાં સરસ્વતીને કિનારે ગયા. ધનુર્વેદ તથા વેદશાસ્ત્રના અભ્યાસ અને શ્રવણમાં શ્રદ્ધાવાળા તે પાંડવો પિતૃઓ, દેવતાઓ અને બ્રાહ્મણોને તૃપ્ત કરતાં કેટલાક કાળસુધી એ કામ્યકવનમાં રહ્યા.

સ્વર્ગમાં અમૃત અને પૃથ્વીમાં આતંકનિગ્રહ ગોળીઓની તુલના એક સરખી છે.

પ્રકરણ ૨૨ મું.

ઈંદ્રલોકમાં અર્જુન.

તપશ્ચર્યા ફલીભૂત થઇ.

પ્રતિપક્ષીઓનો પક્ષ બળવત્તર લાગવાથી એક દિવસે યુધિષ્ઠિરે વેદવ્યાસપાસેથી મેળવેલી ગુપ્ત મંત્રરૂપ વિદ્યાની વાત અર્જુન આગળ કરી તેને કહ્યું કે, "આપણા તરફથી લડાઇનો સઘળો બોજો તમારાપર છે માટે, વ્યાસજીપાસેથી મેળવેલી એ વિદ્યાનો મારી પાસેથી ઉપદેશ લઇ ઉગ્ર તપ કરવાવાસ્તે તમે તમારાં આયુધોસહિત ઉત્તર દિશામાં જાઓ. અને એ મંત્રના પ્રભાવથી ઇંદ્રનાં દર્શન મેળવી તેમની પાસેથી દિવ્ય અસ્ત્રો પ્રાપ્ત કરો." એમ કહી યુધિષ્ઠિરે એ મંત્રનો અર્જુનને ઉપદેશ આપ્યો. આર્ય બંધુની આજ્ઞા લઇ અર્જુને બખ્તર પેહેરીને તથા ગાંડીવઆદિ આયુધો ધારણ કરી બ્રાહ્મણોપાસે સ્વસ્તિવાચન કરાવ્યું. અર્જુન એ પ્રમાણે જવાને તૈયાર થતાં દ્રૌપદીએ કહ્યું કે, "આપના જન્મસમયે આપની માતાજીએ આપના તરફથી જે આશા બાંધી હોય તથા હમણાં આપના મનમાં જે અભિલાષા હોય તે સંપૂર્ણ થજો. મારો ક્ષત્રિયના કુળમાં જન્મ થયો છે, પણ

ભિક્ષાથી જીવનારા બ્રાહ્મણોના કુળમાં થયો નથી તેથી, આપના આ પ્રવાસનો મારે સ્વીકાર કરવો પડેછે. આપ આ કાર્ય સિદ્ધ કરીને આવો ત્યાં સુધીમાં આપના ભાઇઓ અને હું આપના સંબંધની વાતોથી સમય કહાડીશું. હવે અમારાં સુખદુઃખ, જીવનમરણ, રાજ્ય અને ઐશ્વર્ય એ બધાંનો આધાર આપનાપર છે. ઇંદ્ર, વસુ તથા રૂદ્રઆદિ સઘળા દેવતાઓ આપનું રક્ષણ કરજો." દ્રૌપદીનાં આશીર્વચનોથી અતિ ઉત્સાહને પામેલો અર્જુન મંત્રના બળથી એકજ દિવસમાં હિમાલય પહોંચ્યો. ત્યાંથી ગંધમાદન પર્વત વગેરે કેટલાંક વિષમ સ્થાનોને પસાર કરી તે ઇંદ્રકીલ;નામના પર્વતમાં પહોંચ્યો. આ પર્વતઉપર અર્જુને અંતરિક્ષમાંથી વાણી સાંભળી કે, "ઉભો રહે." અર્જુન આશ્ચર્ય પામી ચારે તરફ જોવા લાગ્યો. તેવામાં તેણે એક ઝાડ નીચે એક તેજસ્વી, જટાધારી, પિંગળો તથા કૃશ શરીરવાળો તપસ્વી દીઠો. તપસ્વીએ અર્જુનને પૂછ્યું, કે "આયુધોને ધારણ કરનાર તું કોણ છે? આ તપસ્વી લોકોને વસવાનું સ્થળ છે, ત્યાં તારે આવવાનું શું પ્રયોજન છે? માટે તું તારાં આયુધોને અહિં તજી દે." તપસ્વીએ એ પ્રમાણે અર્જુનને એકકરતાં વધારે વાર કહ્યું પણ અર્જુને ધૈર્ય રાખી તેના વચનપર ધ્યાન આપ્યું નહિ. ત્યારે પેલો તપસ્વી અર્જુનપર ક્રોધ કરવાને બદલે પ્રસન્ન થયો અને પોતે તપસ્વીના રૂપમાં ઇંદ્ર છે એવું જણાવી વરદાન આપવાની ઇચ્છા બતાવી. અર્જુને પ્રણામપૂર્વક બે હસ્ત જોડી માગ્યું કે, "હું આપના દર્શનને ઇચ્છતો હતો. હવે આપની પાસેથી સઘળી અસ્ત્રવિદ્યાનો અભ્યાસ કરવાને ઇચ્છું છું." ઇંદ્રે કહ્યું કે, "અર્જુન! તું અહિં આવ્યો તો હવે તારે અસ્ત્રોનું શું પ્રયોજન છે? જે જે વૈભવો તથા સ્વર્ગાદિકનાં સુખો જોઇતાં હોય તે મારી પાસેથી માગી લે." અર્જુન બોલ્યો કે, "શત્રુઓને વૈરનો બદલો આપ્યાવિના અને મારા ભાઇઓને વનમાં રઝળતા મૂકીને હું સુખને, દેવપણાને કે ઇંદ્રપણાને પણ ઇચ્છતો નથી." ઇંદ્રે ઉત્તર આપ્યો, કે "તારી ભ્રાતૃભક્તિ જોઇ હું તારાપર પ્રસન્ન થયો છું; તને સદાશિવનાં દર્શન થશે ત્યારે હું તને દિવ્ય અસ્ત્રો આપીશ અને સ્વર્ગમાં બોલાવીશ. માટે તું સદાશિવનાં દર્શન મેળવવાનો પ્રયત્ન કર." એટલું બોલી ઇંદ્ર અંતર્હિત થયા. અર્જુન ત્યાંજ રહી દર્ભ, દંડ તથા મૃગચર્મ ધારણ કરીને ઉગ્ર તપ કરવા લાગ્યો. પ્રથમ માસ ત્રણ ત્રણ દિવસે ફલાહાર કરીને કહાડ્યો. બીજે માસે છ છ દિવસે ફલાહાર કર્યો. ત્રીજે મહીને પખવાડીએ પખવાડીએ અને ચોથા માસથી

કેવળ વાયુનો આહાર કરવો શરૂ કર્યો. આ પ્રમાણે અર્જુનનું ઉગ્ર તપ જોઇને પ્રસન્ન થએલા સદાશિવે તેના ક્ષત્રિયધર્મની પરીક્ષા કરવાસારૂ પોતે ભીલનો વેષ ધર્યો, અને પાર્વતીને ભીલડીનો વેષ અને પોતાના પાર્ષદોને ભીલોનો વેષ ધરાવી તેમને સાથે લઇ અર્જુનના આશ્રમપાસે આવ્યા. આ વખતે પોતાની સામે ઘુરકારા કરતા એક મોટા સૂવરનો શિકાર કરવાસારૂ અર્જુનને ધનુષમાં બાણો ચઢાવતો જોઈ પેલા ભીલે (સદાશિવે) કહ્યું કે, "આ સૂવર મારો શિકાર છે માટે, તારે એના ઉપર ઘા કરવો નહિ." અર્જુને ભીલનાં વચનોનો અનાદર કરી સૂવરના ઉપર પોતાનું બાણ ફેંકયું. ભીલે પણ તેજ વખતે પોતાનું બાણ ફેંકયું અને તે બન્ને બાણો એકી વખતે લાગતાં સૂવર ચીસ પાડી પૃથ્વીપર ઢળી પડ્યો. ભીલે અર્જુનને કહ્યું કે, "મારા શિકારપર તેં ઘા કર્યો માટે હું તને જીવતો છોડનાર નથી. મારી સામે યુદ્ધ કરવાને તૈયાર થા." ભીલભાઈનાં અભિમાનભરેલાં વચનો સાંભળીને અર્જુનને આવેશ આવ્યો અને ક્રોધયુક્ત થઇને ભીલનાપર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યો. ભીલ અર્જુનનાં બાણોને શરીરમાં ગુમ કરતો વારંવાર કહેવા લાગ્યો કે, "તારી પાસે જેટલાં બાણ હોય તેટલાં ફેંક્યા કર." એમ કહેતાં ભીલે પણ અર્જુનના ઉપર બાણોની વૃષ્ટિ કરવા માંડી. બાણોની આવી વૃષ્ટિથી ભીલને જરા પણ ભય નહિ લાગતાં અર્જુન વિચાર કરવા લાગ્યો કે, "મારા ગાંડીવ ધનુષમાંથી છૂટેલાં પ્રબળ બાણોથી આ ભીલ નથી ઘાયલ થતો કે નથી મુંઝાતો, માટે કોઇ ચમત્કારી દેખાયછે. ગમે તેવો બળવાન હોય તોપણ હવે હું તેને યમપુરીમાં મોકલ્યા વિના રહેનાર નથી." એમ મનસાથે વિચાર કરી અર્જુને પાછાં મર્મસ્થળોને ભેદી નાખે એવાં અગણિત બાણો નાખવા માંડ્યાં, પણ પેલો ભીલ તો તે બાણોને પણ પોતાના શરીરમાં ગળી જવા લાગ્યો. અર્જુનનાં સઘળાં બાણો ખૂટયાં, અને તેથી તે ભયભીત થયો. વળી તે વિચારમાં પડ્યો, કે, "અગ્નિએ ખાંડવવન બાળવાને સમયે મને અખૂટ બાણોવાળાં ભાથાં આપેલાં છે, છતાં બાણો ખૂટી ગયાં એ શું કહેવાય! હવે મારે ધનુષમાંથી શું મૂકવું? એના માથામાં ધનુષ મારી એને યમપુરીમાં મોકલવો જોઇએ." આવો વિચાર કરી અર્જુને ભીલના માથામાં ધનુષ માર્યું; તે ધનુષ પણ ભીલના માથામાં ગુમ થઈ ગયું. પછી તરવાર મારતાં તે પણ ફાટી પડી. પછી શિલાઓથી અને વૃક્ષોવડે યુદ્ધ કર્યું અને છેલ્લે મલ્લયુદ્ધ પણ કર્યું. અર્જુન ભીલને મૂઠીઓ મારવા મંડ્યો અને ભીલ અર્જુ-

નને મારવા લાગ્યો. ધડાકા આખા વનમાં સંભળાવા લાગ્યા. અર્જુને પોતાની છાતી ભીલની છાતીમાં પછાડી, તેમાંથી અગ્નિના તણખા ઉઠયા. થોડીજ વારમાં ભીલે અર્જુનને પૃથ્વીપર પછાડયો અને અર્જુન મૂર્છિત થઈ પડ્યો. થોડી વારે મૂર્છાથી મુકત થતાં અત્યંત વિહ્વલ થયેલ અર્જુને યુદ્ધ કરવું છોડી દઇ સદાશિવનું સ્મરણ કર્યું. માટીનું શિવલિંગ (પાર્થિવેશ્વર) બનાવીને તેનાપર પુષ્પ ચડાવતાં તે પુષ્પ તેણે પેલા ભીલના માથાપર પણ દીઠું. અર્જુનને અચંબો થયો અને એ ભીલ નથી પણ સદાશિવજી છે એવો નિશ્ચય કરી તેના ચરણમાં આવી પડ્યો. તેણે તેની સ્તુતિસાથે ક્ષમા માગતાં સદાશિવે ભીલનું રૂપ છોડી દીધું અને પોતાનું મૂળ સ્વરૂપ ધારણ કરીને અર્જુનને કહ્યું કે, "તારા શૂરવીરપણાથી તથા ધૈર્યથી હું પ્રસન્ન થયો છું. તારૂં પરાક્રમ મારાસરખું થશે. હું તને મારૂં પાશુપતાસ્ત્ર આપીશ. તેના પ્રભાવથી તું માણસોને તો શું પણ રાક્ષસોને અને દેવતાઓને પણ જીતી શકશે." એમ કહી ગાંડીવ, બાણો તથા તરવાર પાછાં આપતાં સદાશિવે પાશુપતાસ્ત્રના મંત્રનો ઉપદેશ આપી કહ્યું કે "આ અસ્ત્રને દેવતાઓ પણ જાણતા નથી. આ અસ્ત્રથી ન મરે એવો ત્રૈલોક્યમાં પણ કોઇ નથી. આ અસ્ત્રથી હજારો ત્રિશૂલ, ગદાઓ અને ઝેરી નાગજેવાં હજારો બાણો ઉત્પન્ન થાયછે." એમ બોલી અર્જુનના શરીરપર હાથ ફેરવી સઘળી વ્યથાને મટાડી સદાશિવ, પાર્વતી તથા પાર્ષદોસાથે અંતર્હિત થયા.

સદાશિવ અંતર્હિત થયાપછી ઇંદ્ર, યમ, વરૂણ અને કુબેર એ ચારે લોકપાલ અર્જુનની પાસે આવ્યા. યમે અર્જુનને વરદાન આપ્યું કે, "તું ભીષ્મ, દ્રોણ, અશ્વત્થામા વગેરેને જીતી શકશે, કર્ણને મારશે અને તારી કીર્તિ અક્ષય થશે, આ મારૂં કાલદંડ નામનું અમોઘ અસ્ત્ર તને આપુંછું તેવડે તું મોટું પરાક્રમ કરીશ." વરૂણે વર આપ્યો કે, "હું તને મારૂં પાશ નામનું અસ્ત્ર આપુંછું, તેનો તું સંગ્રામમાં ઉપયોગ કરીશ ત્યારે પૃથ્વી ક્ષત્રિયવગરની થઇ જશે. સર્વ જગતનો નાશ કરવાવાળો કાળ પણ આ અસ્ત્રમાંથી છૂટી શકે એમ નથી." કુબેરે કહ્યું કે, "આ મારૂં પ્રસ્વાપન નામનું અસ્ત્ર આપુંછું, જે વડે અંતર્ધ્યાન થવાની શક્તિ પ્રાપ્ત થઇ શકેછે અને હજારો શત્રુઓને બાળી શકાયછે. પૂર્વે આ અસ્ત્રથીજ ત્રિપુરનિવાસી દૈત્યોને સદાશિવે બાળી નાખ્યા હતા." અર્જુને પ્રણામ કરી દરેક લોકપાલપાસેથી અસ્ત્ર ગ્રહણ કર્યાં. પછી ઇંદ્રે કહ્યું કે, "હે પુત્ર અર્જુન! તારે મારી સાથે સ્વર્ગમાં

આવવાનું છે, માટે તૈયાર થા. તારે વાસ્તે મારા સારથિ માતલિને રથ લઇને મોકલું છું. મારે તને આપવાનાં અસ્ત્રો તું સ્વર્ગમાં આવીશ ત્યારે આપીશ." આ પ્રમાણે અસ્ત્રોની પ્રાપ્તિ થવાથી અર્જુન ઘણો રાજી થયો અને શત્રુઓને હવે જીતાયેલાજ માનવા લાગ્યો. અર્જુને સર્વ દેવોની પૂજા કરી એટલે તેઓ અંતર્હિત થયા કે તરતજ મોટી પ્રભાથી દિશાઓના અંધકારને મટાડતો, મેઘના જેવી ગર્જના કરતો, લાખો શસ્ત્ર અસ્ત્રોથી ભરેલો, દશ હજાર ઘોડાઓથી જોડેલો અને મોટી ધ્વજાવાળો ઈંદ્રનો રથ અર્જુનને તેડવા આવ્યો. અર્જુન ગંગાજીમાં નાહી, પવિત્ર થઇ પિતૃઓનું પૂજન કરી તથા ત્યાં રહેનારા મહાત્માઓની આજ્ઞા લઇ રથમાં બેઠો. રથ આકાશમાર્ગે ચાલ્યો. રસ્તામાં ઝીણા ઝીણા તારાઓ મોટા મોટા દેખાવા લાગ્યા. સ્વર્ગલોકના દ્વારની પાસે આવતાં ઐરાવત નામના ચાર દાંતવાળા ઇંદ્રના હાથીને દીઠો. આગળ ચાલતાં ઇંદ્રની નગરી અમરાવતી જોવામાં આવી. નગરમાં પ્રવેશ કરતાં અર્જુને દેવોનાં, ગંધર્વોનાં તથા અપ્સરાઓનાં હજારો વિમાનો રસ્તે ચાલતાં દીઠાં. વિમાનમાં બેઠેલાઓ અર્જુનનો સત્કાર કરતા હતા. આ પ્રમાણે દેવોથી માન પામતો અર્જુન, સૂર્ય તથા વસુ આદિ મોટા મોટા દેવોને મળીને ઇંદ્રના દરબારમાં આવી પહોંચ્યો. દરબારમાં અતિ સુંદર સભામાં સિંહાસનસ્થ ઇંદ્ર મહારાજનાં દર્શન થયાં, તેમને અર્જુને સાષ્ટાંગ દંડવત્પ્રણામ કર્યાં. ઇંદ્ર મહારાજે પ્રીતિથી અર્જુનને આલિંગન દઇ પોતાનું અરધું આસન આપ્યું અને પીઠપર હાથ ફેરવી વાંસો થાપડ્યો. આ નવા પરોણાને પ્રસન્ન કરવા ઇંદ્રની આજ્ઞાથી તુંબુરૂ આદિ ગંધર્વોએ ઉત્તમ ગાન કર્યું અને ઉર્વશી આદિ હજારો અપ્સરાઓએ અપૂર્વ નૃત્ય કર્યું. ઇંદ્ર મહારાજની ઇચ્છાથી ત્યાં બેઠેલા સર્વ દેવોએ અર્જુનને અપૂર્વ માન આપ્યું. ઇંદ્રની આજ્ઞાથી ચિત્રસેન અર્જુનની હજુરમાં રહ્યો અને તેની સાથે અર્જુન પોતાને આપેલા ઉતારામાં ગયો. કેટલાક દિવસો રહીને અર્જુને ઇંદ્રપાસેથી સઘળાં અસ્ત્રોનો, ચિત્રસેન પાસેથી દિવ્ય ગાયનનો અને વાજાં તથા નૃત્યનો અભ્યાસ કર્યો. આ પ્રમાણે સ્વર્ગનું સુખ ભોગવતાં છતાં પણ વારંવાર ભાઇઓનું સ્મરણ થતાં અર્જુન દુઃખ પામતો હતો.

એક દિવસ સભામાં અર્જુનની દૃષ્ટિ ઉર્વશીઉપર લાગેલી ચિત્રસેનના જોવામાં આવી. મિત્રતાને પ્રાપ્ત થયેલા ચિત્રસેને અર્જુન અને ઉર્વશીનો મેલાપ કરાવી તેને અપૂર્વ સુખ આપવાનો વિચાર કર્યો. સભા વિસર્જન થયા-

પછી ચિત્રસેન તુરતજ ઉર્વશીને ઘેર ગયો અને અર્જુનની યોગ્યતા બતાવીને પોતાની ઇચ્છા જણાવી. ઉર્વશીનું ચિત્ત સભામાંજ અર્જુનતરફ ગયું હતું, તેથી તેણીએ ચિત્રસેનની ઇચ્છાને અનુમોદન આપી, તેજ રાત્રે અર્જુનને મળવાની મંજુરી આપી. ચિત્રસેને રજા લીધી. ઉર્વશી અર્જુનને મળવા આતુર બની અને સૂર્યાસ્તની રાહ જોતી બેઠી. યોગ્ય કાળ પ્રાપ્ત થતાં પુષ્પોથી ગુંથેલા સુંદર ચોટલાવાળી, મુખની શોભાથી ચંદ્રને પણ લજાવનારી, અતિ સુંદર સ્તનોના ભારથી નમી જતી, મદન અને માદક પદાર્થોથી મોહિત થયેલી અને આકાશી રંગનું વસ્ત્ર ઓઢવાને લીધે કાળાં વાદળાંથી ઘેરાએલી ચંદ્રરેખાજેવી તથા નેત્રની ચપળતાથી ચતુર લોકોના મનને હરણ કરતી ઉર્વશી, અર્જુનને ઉતારે આવી. દ્વારપાલોએ ઉર્વશી આવ્યાની ખબર અંદર આપતાં, અર્જુન આ સંકેતથી અજાણ્યો હોવાથી આશ્ચર્ય પામ્યો અને પોતાના મનસાથે પ્રશ્નોત્તર કરતો ઉર્વશીને લેવા સામે ચાલ્યો. ઉર્વશીને જોતાંજ શરમિંદા થઇ ગુરૂજનની પેઠે તેનો પ્રણામપૂર્વક સત્કાર કરી, અર્જુને કહ્યું કે, "દેવિ ! શું આજ્ઞા છે? હું તમારો દાસ છું." અર્જુનનાં આવાં વચનોથી વિસ્મય પામી ઉર્વશી બોલી કે, "ઇંદ્ર મહારાજની સભામાં આપની દૃષ્ટિ મારાતરફ લાગેલી મારા જોવામાં આવી ત્યારથી હું કામાતુર થઈ છું, ચિત્રસેને પણ મને આપની પાસે આવવાની ભલામણ કરી તેથી હું આવી છું, માટે મારી અભિલાષા પરિપૂર્ણ કરો." લજ્જા પામેલા અર્જુને કાનપર હાથ મૂકી કહ્યું કે, "તમો જે કહોછો તે વાતથી હું કેવળ અજાણ છું. તમે ઇંદ્રને ભોગ્ય હોવાને લીધે મનેતો માતાસમાન છો. હું તમને ઇંદ્રાણી અથવા કુંતીજેવાં ગણું છું. સભામાં મેં તમારાપર દૃષ્ટિ કરી હતી તે એવા કારણથી કે તમે પૂર્વે પુરૂરવા રાજાના ઘરમાં રહીને અમારા પૂર્વજોને જન્મ આપ્યો હતો, જેથી તમને અમારા કુળનાં દાદી જાણીને તમારાં દર્શનની મને અભિલાષા હતી અને એથીજ હું આપનાતરફ દૃષ્ટિ કરતો હતો. મારેવિષે તમારે બીજો કશો વિપરીત વિચાર લાવવો નહિ." ઉર્વશી બોલી કે, "અર્જુન ! અમે તો સ્વર્ગલોકની વેશ્યાઓ, અમે કોઇની સ્ત્રીઓ નથી. માટે તમારે મને ગુરૂપત્નીને ઠેકાણે ગણવી યોગ્ય નથી. તમારા જે જે પૂર્વજો તપશ્ચર્યાઆદિ સાધનોવડે આ સ્વર્ગલોકમાં આવેછે તેઓ સૌ મારી સાથે ગમન કરેછે, તેમાં તેમને કશો ધર્મનો બાધ લાગતો નથી. કૃપા કરીને મારી કામવ્યથાને શાંત કરો." અર્જુન બોલ્યો કે, "અમારા પૂર્વજોને જન્મ

આપનારાં હોવાથી આપ મને તો કુંતી, માદ્રી તથા ઇંદ્રાણીથી પણ અધિક પૂજ્ય છો, આપ અહીંથી પધારો, હું આપને પ્રણામ કરૂં છું. આપે મને સર્વદા પુત્રજેવોજ ગણવો." અર્જુનનાં એવાં વચનો સાંભળી ક્રોધના આવેશથી ધ્રુજતી ઉર્વશીએ અર્જુનને શાપ દીધો કે, "કામાગ્નિથી બળતી હું તમારી પાસે શાંતિ મેળવવાને આવી તેનો તમે અનાદર કરોછો, માટે તમે માનરહિત થઈ સ્ત્રીઓના મધ્યમાં નાચનાર અને નપુંસક થઇને ફરશો." એ પ્રમાણે અર્જુનને શાપ દઇ ખેદ પામેલી ઉર્વશી પાછી ફરી. રાત્રિ વીત્યા પછી બનેલી વાત અર્જુને ચિત્રસેનને કહી અને ચિત્રસેનથી તે વાત ઇંદ્રપાસે પહોંચી, ઇંદ્રે અર્જુનને એકાંતમાં બોલાવી ધીરજ આપી કહ્યું કે, "અર્જુન ! તને ધન્ય છે, તારા જેવું ધૈર્ય મેં કોઇ ઋષિઓમાં પણ જોયું નથી. તને ઉર્વશીએ જે શાપ આપ્યો છે તે તારો સ્વાર્થ સાધનારો થઇ પડશે. તમારે તેરમું વર્ષ અજ્ઞાત રહેવાનું છે, તે વર્ષમાં નપુંસકપણે નાચનારના વેષથી વિહાર કરી તું પાછો પુરૂષપણાને પ્રાપ્ત થશે."

ઉર્વશીના શાપથી ચિંતાતુર બનેલો અર્જુન ઇંદ્રે કરેલા ખુલાસાથી ખેદમુક્ત થયો, અને ચિત્રસેનની સોબતમાં ઇંદ્રના દરબારમાં પોતાનો વખત વિનોદ વાર્તાથી ગાળવા લાગ્યો.

પ્રકરણ ૨૩ મું.

પાંડવોનો પ્રવાસ.

અર્જુનના લાંબા કાળના વિયોગથી યુધિષ્ઠિરાદિ ભાઇઓને તથા દ્રૌપદીને ઘણી ચિંતા થવા લાગી. તેઓ રાતદિવસ અર્જુનનુંજ ચિંતન કરવા લાગ્યાં. એવામાં એક દિવસ ધૌમ્યમુનિ તેઓને પૃથ્વીનાં પવિત્ર ક્ષેત્રોના મહિમાનું શ્રવણ કરાવતા હતા ત્યારે ત્યાં લોમશ નામના મુનિ આવ્યા. લોમશનું સન્માન કરી આગમનકારણ પૂછતાં મુનિએ કહ્યું, કે "હું ઇંદ્રનાં દર્શન કરવાસારૂ ઇંદ્રલોકમાં ગયો હતો અને હાલ અહિં ત્યાંથીજ આવુંછું. ઇંદ્ર મહારાજની સભામાં અર્જુન ઇંદ્રના અરધા આસનપર બેઠેલો મારા જોવામાં આવ્યો; ત્યાં તે પરમ સુખમાં છે, અને તે જે કાર્યને વાસ્તે ગયો છે તે કાર્ય સિદ્ધ થયું છે. એવા ઇંદ્રે તથા અર્જુને સંદેશો કહાવ્યો છે તે કહેવાને હું તમારી પાસે આવ્યો છું. ઇંદ્રે કહેવરાવ્યું છે કે, અર્જુન હવે થોડા વખત મારી પાસે રહી, તમારી પાસે આવશે. વળી તે બન્નેએ મને ભલામણ દીધી છે કે તમે યુધિષ્ઠિરવગેરેને યાત્રા કરવાસારૂ તેડી જજો અને તેમનું સારી રીતે રક્ષણ કરજો."

ઘણે દિવસે અર્જુનની કુશળતાનો સંદેશો આવવાથી યુધિષ્ઠિરને એટલો બધો હર્ષ થયો કે, તેને થોડીવાર પ્રત્યુત્તર આપવો પણ સૂઝ્યો નહિ. પછી તેણે મુનિને કહ્યું કે, "જેનું ઇંદ્ર મહારાજ સ્મરણ કરે, જેને આપનો સમાગમ થાય અને જેને અર્જુનસરખો પરાક્રમી ભાઈ હોય તેના જેવો ભાગ્યશાળી બીજો કોણ હોય ? તીર્થયાત્રા કરવાની મારી ઘણા દિવસની ઇચ્છા છે. હવે આપ કહો ત્યારે નીકળીએ."

પ્રવાસમાં ઓછાં માણસો હોય તો અનુકૂળતા રહેછે એવો લોમશ મુનિનો અભિપ્રાય જાણીને પ્રવાસની પ્રતિકૂળતા સહન ન કરી શકે એવા બ્રાહ્મણો વગેરેને તેમજ નોકરો અને હસ્તિનાપુરના જે લોકો પ્રેમને લીધે આજ સુધી પાંડવોને છોડતા ન હતા તેમને સૌને યુધિષ્ઠિરે પાછા વાળ્યા અને તેમને સલાહ આપી કે, "જો ધૃતરાષ્ટ્ર તમારી સાથે પ્રતિકૂલપણે વર્ત્તે તો તમારે દ્રુપદ રાજાપાસે જઇ વસવું." પછી લોમશ તથા ધૌમ્ય એ બે મુનિઓ, થોડાક બ્રાહ્મણો, પોતાના ભાઇઓ, દ્રૌપદી, રસોયા, ઇંદ્રસેનઆદિ નોકરો અને પરિ. ચારકોને સાથે લઈ યુધિષ્ઠિર તીર્થયાત્રા કરવા કામ્યક વનમાંથી નીકળ્યા.

રસ્તામાં જે જે તીર્થો, ક્ષેત્રો અને આશ્રમો આવ્યાં તે સર્વનાં માહાત્મ્ય લોમશ મુનિને મોઢેથી સાંભળી ત્યાં સ્નાન દાન કર્યાં અને ત્યાં વસનારા મહાત્માઓનો સમાગમ કર્યો. પ્રભાસ ક્ષેત્રમાં બાર દિવસ રહ્યા, તેવામાં તેમના આવવાની દ્વારકામાં ખબર પડતાં બલભદ્ર, શ્રીકૃષ્ણ તથા સાત્યકિ વગેરે ઘણા યાદવો મળવા આવ્યા. પાંડવોની એ સ્થિતિ જોઈ તેમનાં નેત્રોમાં આંસુ ભરાઈ આવ્યાં. અરસ્પરસ કુશળ પૂછાયા પછી યુધિષ્ઠિરે અર્જુનના તથા પોતાના પ્રવાસની હકીકત કહ્યા પછી બલભદ્રે શ્રીકૃષ્ણને કહ્યું કે, "કૃષ્ણ ! ધર્માત્મા યુધિષ્ઠિર આ પ્રમાણે વનમાં દુઃખ વેઠેછે અને પાપી દુર્યોધન રાજ્ય કરેછે તેથી લોકો એમ માનશે કે ધર્મ કરવાથી કલ્યાણ થતું નથી અને અ-ધર્મ કરવાથી અકલ્યાણ થતું નથી. પાંડવોનું તેમને દૃષ્ટાંત મળ્યું છે. ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય અને ધૃતરાષ્ટ્ર પાંડવોને વનમાં કહાડી કેમ સુખ માનતા હશે ? આવો ઉલટોજ ક્રમ ચાલવાથી પૃથ્વી રસાતલમાં કેમ જતી રહેતી નથી ?" સાત્યકિએ સમયોચિત ઉત્તર આપ્યો કે, "અશકત લોકો સ્નેહીઓના સંતાપને જોઇ વિલાપ કરી માત્ર બડબડીને બેસી રહે અને શક્તિમાન્ લોકો સ્નેહિનાં કષ્ટનું નિવારણ કરવાનો પ્રયત્ન કરે. જેમને ખરેખરા મિત્રો હોય તેમને પોતાના કષ્ટમાટે પોતાને પ્રયત્ન કરવાની બહુ જરૂર પડતી નથી. મિત્રોજ

પ્રયત્ન કરી તેમને દુઃખમાંથી છોડાવેછે. તમારા જેવા, શ્રીકૃષ્ણ જેવા, પ્રદ્યુમ્ન જેવા અને સાંબ જેવા પાંડવોને મિત્રો છતાં તેઓ આમ અનાથની પેઠે શા માટે વન વેઠેછે? આજને આજ આપણી સેના તૈયાર કરી હસ્તિનાપુરઉપર ચડાઈ લઈ જઈએ અને દુર્યોધન તથા તેના બાંધવોને જેર કરીએ. યાદવોને યુદ્ધમાં હરાવી શકે એવો કોણ છે? શ્રીકૃષ્ણ પણ ભલે બેઠા રહે. તમે એકલાજ જો કોપ કરો તો આખી પૃથ્વીને એવડી વાળી મૂકો એવા બળવાન છો. હું આ તરવારથી દુર્યોધનનું માથું ઉડાવવા તૈયાર છું. પ્રદ્યુમ્ન યુદ્ધમાં મચે તો તેના વેગને ભીષ્મ, દ્રોણ, કર્ણ કે કૃપાચાર્ય કોઇ સહન કરવાને શક્તિમાન નથી. માટે ચાલો હમણાંજ કૌરવોને કચરી મારી અભિમન્યુને અધિરાજ કરીએ. યુધિષ્ઠિર પોતાની પ્રતિજ્ઞા પાળવા ભલે તેર વર્ષ પૂરાં કરી હસ્તિનાપુરમાં પ્રવેશ કરે." કૃષ્ણ બોલ્યા કે, "સાત્યકિ! તમે જે કહોછો તે બધું ખરૂં છે, પરંતુ યુધિષ્ઠિર બીજાઓએ જીતી આપેલા રાજ્યની કદી ઇચ્છા કરે એમ નથી. યુધિષ્ઠિર, તેના ભાઇઓ તથા દ્રૌપદી કોઇ પણ પ્રકારના લોભ, લાલચ કે કામનાથી કે ભયથી ધર્મને કદી પણ છોડે એમ નથી. એમને પોતાના પરાક્રમથી જય મેળવવાની ઇચ્છા છે." યાદવોને આમ બોલતા સાંભળી યુધિષ્ઠિરે સાત્યકિને જણાવ્યું કે, "યુદ્ધ કરવાનો સમય પ્રાપ્ત થયાનું શ્રી કૃષ્ણ કહે ત્યારે તમે અમારી સહાયતા કરજો. યાદવો! તમોને આવ્યાને ઘણી વાર થઇ, માટે હવે તમે દ્વારકાં પધારો અને ધર્મ કરવામાં તત્પર રહેજો. સમય આવ્યે હું તમોને પાછો મળીશ." આ પ્રમાણે વાતચિત થયા પછી પરસ્પર મળી, પાંડવો તથા યાદવો જુદા પડ્યા. યાદવો દ્વારકામાં ગયા અને પાંડવો યાત્રા કરવા આગળ ચાલ્યા.

પશ્ચિમ દિશાનાં સઘળાં ક્ષેત્રોમાં ફરી તેઓ ઉત્તર દિશામાં આવ્યા. ઉત્તર દિશાનાં ઘણાં તીર્થોમાં થઈ હિમાલયમાં બદરિકાશ્રમની સમીપના વનમાં આવી પહોંચ્યા. ત્યારે લોમશ મુનિએ જણાવ્યું કે, "આપણે કૈલાસ પર્વતની નજીકમાં આવ્યા છીએ; હવે કૈલાસમાં અને મંદરાચલમાં પ્રવેશ કરવાનો છે, માટે સહુ સાવચેતી રાખજો. આ સ્થળોમાં ગંધર્વો, યક્ષો, રાક્ષસો તથા કિંપુરૂષો ઘણા વસેછે અને સ્થળો પણ વિષમ છે." એ સાંભળી સર્વને સાવધાન કરી યુધિષ્ઠિરે દ્રૌપદીનું રક્ષણ કરવા ભીમને ભલામણ દીધી અને કહ્યું કે, "આવા વિષમ સ્થાનમાં દ્રૌપદી વગેરે સૌને સાથે લઈ જવું મને ઠીક લાગતું નથી, માટે તમે, સહદેવ, ધૌમ્ય મુનિ, દ્રૌપદી, તથા નોકર ચાકરો, રથો

અને ઘોડાઓને લઇ પાછા દ્વારકાંમાં જઇ રહો અને અમારી ત્યાં રાહ જોજો. હું, લોમશ મુનિ તથા નકુલ ત્રણ જણા યાત્રા પૂરી કરીને પાછા તમને આવી મળશું." યુધિષ્ઠિરનાં વચનો સાંભળી ભીમસેને કહ્યું કે, "દ્રૌપદી શ્રમથી પીડાએલાં છતાં પણ અર્જુનના દર્શનની ઉત્કંઠાને લીધે પાછાં વળશે નહિ. તમને પણ અર્જુનના વિયોગથી કાંઇ ચેન પડતું નથી. તેમાં વળી અમારો વિયોગ થતાં અધિક ઉદ્વેગ થશે. માટે અમે ત્રણ તો સાથે આવશું. અમને સર્વને અર્જુનના દર્શનની ઘણી અભિલાષા છે. અને તે આ સ્થળમાં તપશ્ચર્યા કરવા ગયેલ છે માટે અહિંજ ક્યાંક મળશે એવો સંભવ છે. પર્વતમાં રથો ચાલી શકશે નહિ તો અમે સૌ પગે ચાલીને આવશું. તમારે કોઇ રીતે કચવાતું નહિ. દ્રૌપદી, નકુલ તથા સહદેવ નહિ ચાલી શકે ત્યારે હું તેમને મારી ખાંધપર બેસાડીને ચાલીશ." દ્રૌપદીએ પણ પોતાતરફથી કાંઇ ચિંતા ન રાખવા યુધિષ્ઠિરને વિનતિ કરી. લોમશ મુનિના જણાવવાપ્રમાણે એ ગંધમાદન નામના પર્વતમાં તપસ્વી લોકોથીજ જઇ શકાતું હતું માટે તેઓ સૌ તપસ્વી બન્યાં. આગળ ચાલતાં તેઓ પહાડી લોકોના રાજા સુબાહુના દેશમાં પહોંચ્યાં. રાજાએ સામે આવી તેમનું સન્માન કર્યું અને એક રાત તેમને પોતાના નગરમાં રાખ્યાં. પ્રાતઃકાળે પોતાના નોકર ચાકરોને, રથોને તથા વસ્ત્રાભૂષણોને સુબાહુના સ્વાધીનમાં સોંપી તેઓ ત્યાંથી આગળ ચાલ્યાં. પાંડવોએ પોતાનાં હથિયારો સાથેજ રાખ્યાં હતાં. તેઓ નદીઓ, તળાવો, પર્વતો, વનો અને જંગલી પશુઓને જોતા જોતા ગંધમાદન પર્વતમાં પેઠા. આ વખતે ઘણી ધૂળ ઉડી, પછી ઝડીવાળો વરસાદ વરસવા લાગ્યો અને મોટો અંધકાર વ્યાપી રહ્યો. વીજળી ચમકારા કરવા લાગી અને નદીઓનાં પૂરોમાં વૃક્ષો તણાવા લાગ્યાં. આ વખતે ભીમસેન દ્રૌપદીને લઇ ઝાડ નીચે ઉભો રહ્યો. યુધિષ્ઠિર તથા ધૌમ્ય મુનિ એક ગુફામાં પેઠા અને બીજા જુદા જુદા સ્થળને ઓથે ભરાણા. આ તોફાન નરમ પડતાં તેઓ ત્યાંથી આગળ ચાલ્યા. એક ગાઉ દૂર જતાં દ્રૌપદી મૂર્છિત થઇ પૃથ્વીપર પડ્યાં. નકુલે તેને પકડી લીધાં અને યુધિષ્ઠિરને બુમ પાડી બોલાવ્યા. સર્વ મંડળ દ્રૌપદીની આસપાસ ફરી વળ્યું તેઓ તેની મૂર્છા ઉતારવાના ઉપચારો કરવા મંડી ગયા. સંજ્ઞા પ્રાપ્ત થતાં તેણીને મૃગચર્મપર સુવાડી નકુલ તથા સહદેવ તેના પગ ચાંપવા લાગ્યા અને યુધિષ્ઠિર આશ્વાસના કરવા લાગ્યા. યુધિષ્ઠિરે ફરી ભીમસેનને પ્રશ્ન કર્યો કે, "આવા વિષમ વનમાં દ્રૌપદી શી રીતે

ચાલી શકશે ?" ભીમસેને ઉત્તર આપ્યો કે, "તમે ગભરાઓ નહિ. તમને સૌને મારી પીઠપર બેસાડી કહેશો ત્યાં તેડી જઇશ. આપની ઇચ્છા હોય તો મારાથી હિડંબામાં ઉત્પન્ન થયેલ ઘટોત્કચ રાક્ષસને યાદ કરૂં એટલે તે તુરત આવીને આપણે કહેશું ત્યાં આપણને ખભાપર બેસાડી પહોંચાડી દેશે." યુધિષ્ઠિરની ઇચ્છા જાણીને ભીમે ઘટોત્કચનું સ્મરણ કર્યું કે તે કેટલાક રાક્ષસો-સાથે આવીને ઉભો રહ્યો. ભીમે પુત્રને કહ્યું કે, "આ તારી મા દ્રૌપદી બહુજ થાકી ગએલ છે, માટે તેને ખાંધપર બેસાડી અમારી સમીપમાં આ-કાશમાર્ગે ચાલ્યો આવ." પછી તેણે દ્રૌપદીને તથા બીજા રાક્ષસોએ બીજા સર્વને ખાંધપર બેસાડ્યા. લોમશ મુનિ રાક્ષસની ખાંધપર નહિ બેસતાં પોતાની શક્તિના બળે અંતરિક્ષમાં ચાલ્યા. આવું સાધન મળવાથી તેઓ થોડાજ વખતમાં બદરિકાશ્રમમાં પહોંચ્યા. ત્યાં તેઓ છ દિવસ રહ્યા. આ જગ્યા ખરેખર દેવભૂમિજ હતી. ત્યાં વસતા ઋષિઓએ યુધિષ્ઠિરનો દુળ મૂળથી ઘણો સત્કાર કર્યો. બદરિકાશ્રમનાં જુદાં જુદાં પવિત્ર સ્થળમાં સ્નાન કરીને તથા તેમનાં દર્શન કરીને સૌ અતિ આનંદ પામ્યાં. દ્રૌપદી પણ પોતાનું સઘળું દુઃખ આશ્રમમાં ભૂલી ગયાં.

પ્રકરણ ૨૪ મું.

ભાઈની ભલાઈ.

પાંડવોનો સઘળો સાથ બદરિકાશ્રમમાં રહ્યો છે તેવામાં એક દિવસ પવનના વેગને લીધે ઈશાન ખુણામાંથી ઉડી આવી પડેલું હજાર પાંખડીઓવાળું, સૂર્યના જેવા તેજવાળું અને સુગંધથી ભરેલું કમળ દ્રૌપદીના જોવામાં આવ્યું. દ્રૌપદીએ તરતજ તે ઉપાડી લીધું અને ઘણા હર્ષથી જોતાં જોતાં ભીમસેનને કહ્યું કે, "જુઓ આ સુંદર કમળ. હું આ કમળ યુધિષ્ઠિર રાજાને આપીશ, મારાપર તમારો પૂર્ણ પ્રેમ હોય તો આવાં ઘણાં કમળ મને લાવી આપો." એટલું કહી દ્રૌપદી યુધિષ્ઠિરપાસે ગયાં અને ભીમસેન દ્રૌપદીને રાજી રાખવાની ઇચ્છાથી હાથમાં ધનુષ બાણ લઇને મદોન્મત્ત હાથીની પેઠે કમળ લેવા ચાલ્યો. એવા વિષમ સ્થળમાં ચાલતાં તેને ગ્લાનિ, વિહ્વલપણું, ભય કે સંભ્રમ કાંઈ થતું નહોતું. યુધિષ્ઠિર પોતાની વાટ જોઈ ચિંતાતુર થશે એવા વિચારથી તે વેગથી ચાલ્યો. રસ્તે ચાલતાં વૃક્ષો અને વેલાઓને ઉખેડી નાખતો તથા સિંહ અને વાઘ વરૂ જેવાં ભયંકર પ્રાણીઓનું મર્દન કરતો અને ગર્જના કરતો તે આગળ ધસ્યો. વાઘો અને સિંહો પોતાની ગુફાઓને છોડી નાસવા લાગ્યા, પક્ષીઓ વૃક્ષોપરથી ઉડવા લાગ્યાં. મૃગોનાં ટોળાં સંતાઇ જવા લાગ્યાં અને હાથીઓ પણ ત્રાસને લીધે

ભાગવા લાગ્યા. કેટલાએક સિંહો અને હાથીઓ ભીમસેનની સામા થયા પણ ભીમસેને સિંહને સિંહથી અને હાથીને હાથીથીજ માર્યાં અને બીજાં કેટલાંએક પ્રાણીઓને પોતાના હાથના તળાંના પ્રહારથીજ મારતો મારતો એક તળાવની પાસે આવી પહોંચ્યો. તળાવનું પાણી ઘણું સ્વચ્છ જોઈ ભીમસેને તેમાં સ્નાન કર્યું અને પછી સોનેરી કેળાના વનમાં પહોંચ્યો. ત્યાં માર્ગને રોકીને મ્હોટી શિલાપર સૂતેલો, પાતાળ જેવું મોઢું ફાડીને બગાસાં ખાતો, ઈંદ્રની ધજા જેવાં મ્હોટાં પૂંછડાંને પછાડતો તથા તે પૂંછડાંના શબ્દોથી સઘળા પર્વતોને ગજાવી મુકતો, વીજળી જેવી આંખો વાળો, રાતા વર્ણવાળો, આંખોથી જરા જરા જોયા કરતો અને પહાડના જેવો મ્હોટો એક વાનર તેના જોવામાં આવ્યો. ભીમસેને નિર્ભયપણે પાસે આવી સિંહના જેવી ગર્જના કરી એટલે પેલા વાનરે અપમાનભરેલી દૃષ્ટિથી તેની સામે જોઈ હસીને કહ્યું કે, "હું સુખથી સુઈ રહ્યો હતો તેને તેં બૂમો મારીને શામાટે જગાડ્યો! સમજુ માણસે પ્રાણીઓના ઉપર દયા રાખવી જોઈએ. અમે પશુઓ ધર્મને ન જાણીએ પણ મનુષ્યોએ તો ધર્મને અવશ્ય જાણવો જોઈએ. તું કોણ છે? આવા નિર્જન વનમાં શામાટે આવ્યો છે? ક્યાં જવું છે તે કહે. અહીંથી આગળ મનુષ્યથી જવાય એમ નથી, માટે હું તને રસ્તો આપીશ નહિ. આ મિષ્ટ ફળફુલ ખાવાં હોય તો ખાઈને હવે અહીંથીજ પાછો જા, નહિ તો ક્યાંક માર્યો જશે." વાનરનાં આવાં મોટાઈનાં વચનો સાંભળીને ભીમસેને ઉત્તર આપ્યો કે, "મારૂં ગમે તેમ થાય તેવિષે હું તને પૂછતો નથી. મને રસ્તો દે નહિ તો મારા હાથથી તને વ્યથા થશે." "હું બુઢ્ઢો છું અને માંદો છું તેથી અહીંથી ઉઠવાની મારામાં શક્તિ નથી. જો તારે જરૂર જવુંજ હોય તો મને ઠેકીને ચાલ્યો જા." એવાં વાનરનાં વચન સાંભળી ભીમસેન બોલ્યો કે, "પ્રાણીઓના શરીરમાં પરમાત્મા રહેલા છે, એ વાત હું ન જાણતો હોઉં તો જેમ હનુમાને સમુદ્રનું ઉલ્લંઘન કર્યું હતું તેમ હું પણ તારા શરીરનું ઉલ્લંઘન કરવાને આંચકો ખાઉં એવો નથી." વાનરે પૂછ્યું કે, "સમુદ્રનું ઉલ્લંઘન કરનાર એ હનુમાન કોણ હતો! ભીમસેને હનુમાનની સ્તુતિ કરીને કહ્યું કે, "તે મારા મોટા ભાઈ હતા, જેનું નામ રામાયણમાં અતિ પ્રખ્યાત છે. તેમણે રામચંદ્રજીની સ્ત્રી સીતાને શોધી લાવવામાટે સો યોજનના લાંબા સમુદ્રનું એક ઠેકથીજ ઉલ્લંઘન કર્યું હતું; એ હનુમાન વાયુના પુત્ર હતા અને હું પણ વાયુનો પુત્ર છું. હું પણ એમના જેવોજ બળવાન છું. હવે તું તરત ઉઠીને

મને રસ્તો દે, નહિ તો હું હમણાં તને યમપુરીમાં મોકલુંછું." વાનરે કહ્યું કે, "હું ઘડપણને લીધે ઉઠી શકતો નથી, માટે મારાપર દયા કરી મારાં પૂંછડાંને ઉંચું કરી રસ્તો કરીને ચાલ્યો જા." વાનરને અશક્ત સમજી ભીમસેન પોતાના ડાબા હાથે તેનાં પૂંછડાંને ઉચકવા લાગ્યો, પણ પૂંછડું ઉપાડ્યું ઉપડે નહિ, ત્યારે તેણે પોતાના બે હાથનો ઉપયોગ કર્યો. તેમાં પણ શ્રમ વૃથા ગયો. શ્રમથી શરીરમાં પરસેવો વળી ગયો અને પોતાના બળનું અભિમાન મૂકાઇ ગયું. ભીમસેને વિચાર્યું કે આ કોઇ મારાકરતાં પણ બળવાન પ્રાણી જણાયછે; તેથી તેણે લાજને લીધે મોઢું નીચું કરી વાનરને પ્રણામ કર્યા અને કહ્યું કે, "મારાઉપર ક્ષમા કરો. તમે કોણ છો ? એ મને કૃપા કરીને કહો." આ વાનર તે કોઈ નહિ પણ હનુમાન પોતેજ છે એવું જ્યારે વાનરને મોઢેથી સાંભળ્યું ત્યારે તે ખરેખર સાનંદાશ્ચર્ય પામ્યો. હનુમાને કહ્યું કે, "જગતમાં જ્યાંસુધી રામકથા કાયમ રહે ત્યાંસુધી જીવતા રહેવાનું મેં રામચંદ્રજીપાસેથી વરદાન માગ્યું હતું. અહીં સીતાજીની કૃપાને લીધે ગંધર્વો તથા અપ્સરાઓ મારી પાસે આવી રામાયણની કથા ગાઇ મને વિનોદ કરાવેછે. અહીંથી આગળ પર્વતનો માર્ગ મનુષ્યોથી અગમ્ય છે. માટે તું જો આ રસ્તેથી જશે તો તને કોઇ શાપ દેશે અથવા તારો પરાભવ કરશે, એવું ધારી મેં આ માર્ગ રોકી રાખ્યોછે. તારે કમળ લેવાવાસ્તે જે તળાવમાં જવું છે તે તળાવ આ રસ્તે આવશે નહિ પણ આ બાજી તરફ અહીંથી પાસેજ છે." ભીમસેન બોલ્યો કે, "આજ મને મારા મોટા ભાઇનાં દર્શન થયાં તેથી હું મારૂં મોટું ભાગ્ય સમજુંછું. હું આપના દર્શનથી બહુ હર્ષિત થયો છું. મારી એક પ્રાર્થના છે, તે એ કે, સમુદ્રનું ઉલ્લંઘન કરતી વખતે આપે જે રૂપ ધર્યું હોય તે મને બતાવો." હનુમાને ઉત્તર આપ્યો કે, "એ સમય બીજો હતો અને આ સમય બીજો છે, માટે એ રૂપ હું તને દેખાડી શકીશ નહિ, આ કાળમાં સર્વનાં તેજ, બળ તથા શરીર હીન થયાં છે." ભીમસેન હઠ લઇ બેઠો કે, "તમારા એ રૂપનું દર્શન કર્યાવિના હુંઅહીંથી જવાનો નથી, માટે કૃપા કરી મને એ રૂપ દેખાડો." ભીમસેનના આગ્રહથી હનુમાન પોતાનું રૂપ મોટુંને મોટું કરવા લાગ્યા. તેનું શરીર આડું અને ઉભું એટલું બધું વધી ગયું કે તેથી કેળીનું આખું વન ઢંકાઇ ગયું અને પર્વતના પાસેના બીજા પ્રદેશો પણ ઢંકાવા લાગ્યા. દશે દિશાઓ અંધકારમય થઇ ગઇ. ભીમસેનને બહુજ વિસ્મય તથા આનંદ થયો અને તેના ઉગ્ર સ્વરૂપને લીધે તેની આંખો મિંચાઇ ગઈ.

હનુમાને કહ્યું કે, "તું મારૂં આથી મોટું સ્વરૂપ જોઇને સહન કરી શકશે નહિ, મારી ઇચ્છા પ્રમાણે આથી પણ અધિક મોટું રૂપ કરી શકું છું અને શત્રુઓની સામે યુદ્ધ કરવાના સમયમાં તો તે રૂપ અત્યંત મોટું થાયછે!!" ભીમસેને પ્રાર્થના કરી કે, "આપનું ઉગ્ર સ્વરૂપ મેં જોયું. હવે આપ કૃપા કરીને આપનું શરીર શમાવો. હું આપની સામે જોઈ શકતો નથી. મારાં રૂંવાડાં ઉભાં થાયછે, મને વિસ્મય થાયછે કે તમે એકલાજ લંકાને તથા રાવણને ત્રોડી નાખવાને સમર્થ છો, છતાં તમે રામચંદ્રજીવગેરેને રાવણની સામે યુદ્ધ કરવાને પરિશ્રમ શામાટે આપ્યો?" હનુમાને ઉત્તર આપ્યો કે, "મેં રાવણને મારે હાથે મારવાની ઉપેક્ષા એટલામાટેજ કરી કે જો હું રાવણને મારી નાખત તો રામચંદ્રજીની કીર્તિનો વિનાશ થાત." એમ કહી ભીમને તેણે કમળવનનો માર્ગ બતાવ્યો; વળી કહ્યું કે, "કમળવન કુબેરજીનું છે અને યક્ષો તથા રાક્ષસો તેનું રક્ષણ કરનારા છે. એ વનમાં જઇ એકદમ પુષ્પો નહિ વીણવા માંડતાં પ્રથમ દેવતાઓનું પૂજન કરજે અને પછી પુષ્પો વીણજે." એમ બોલતાં હનુમાને પોતાનું સ્વરૂપ શમાવ્યું અને બન્ને હાથવડે ભીમસેનનું આલિંગન કર્યું જેથી ભીમસેનનો સઘળો પરિશ્રમ ઉતરી ગયો. પછી નેત્રમાં હર્ષનાં આંસુ લાવી હનુમાનજી બોલ્યા કે, "હવે તારે જ્યાં જવું હોય ત્યાં જા. વાતોના પ્રસંગમાં મારૂં સ્મરણ કરજે. મારી અહીં વસવાની વાત કોઇની પાસે કરીશ નહિ. તું મનુષ્ય છે અને મનુષ્યના શરીરનું આજ આલિંગન મળવાથી મને મારા સ્વામી રામચંદ્રજીનું વિશેષ તાજું સ્મરણ થયું છે. મારૂં દર્શન સફળ થવું જોઇએ અને વળી તું મારો ભાઇ છે, એટલામાટે તું કાંઇ મારી પાસેથી માગી લે. જો તું કહે તો હું અહીંથી હસ્તિનાપુર જઈ દુર્યોધનાદિ કૌરવોને મારી નાખું અથવા મોટી શિલા ફેંકીને હસ્તિનાપુરને ચગદી નાખું અથવા દુર્યોધનને બાંધીને હમણાં અહીં તારી પાસે હાજર કરૂં, જે કહે તે કરવા હું તૈયાર છું." ભીમસેન બહુજ રાજી થઇ બોલ્યો કે, "આપની કૃપાનાં આવાં વચનોથીજ મારૂં કામ સિદ્ધ થઇ ચુક્યું. આજથી પાંડવો અનાથ મટીને ધણીવાળા થયા. અમો આપના પ્રભાવથીજ શત્રુઓને જીતીશું." હનુમાનજીએ કહ્યું કે, "તમારાપરના સ્નેહને લીધે તથા ભાઇઓના સંબંધને લીધે હું તમારૂં હિત, કરીશ. તમે શત્રુઓની સેનામાં પ્રવેશ કરીને જ્યારે સિંહનાદ કરશો ત્યારે હું તમારા સ્વરસાથે મારો સ્વર મિશ્રિત કરી શત્રુઓને વ્યાકુળ કરીશ અને અર્જુનની ધ્વજામાં બેઠા બેઠા એવા દારૂણ નાદ કરીશ કે જેથી શત્રુઓનાં સામર્થ્ય હરાઇ જશે." આ પ્રમાણે ફરી ભીમને કમળવનનો માર્ગ બતાવી હનુમાનજી અંતર્હિત થયા.

પ્રકરણ ૨૫ મું.

અજાણ્યાને આશ્રય આપવાથી થતું નુકસાન

હનુમાનજી અંતર્હિત થયા પછી ભીમસેન તેમણે બતાવેલા માર્ગમાં ચાલતો થયો. હનુમાનજી તથા રામચંદ્રજીના પ્રભાવનું સ્મરણ કરતો કરતો, માર્ગમાં વિચિત્ર વૃક્ષોને, પશુઓને તથા નદીઓને જોતો જોતો ભીમસેન, દ્રૌપદીનાં વચનરૂપી ટીમણસહિત કેટલેક દૂર ગયો ત્યાં કૈલાસના શિખરની સમીપમાં કુબેરજીના નગરની પાસે અતિ રમણીય, મોટી છાયાવાળી, સૌગંધિક નામના સોનેરી રંગનાં કમળોથી વ્યાપ્ત થયેલી, અનેક પક્ષીઓવાળી, કાદવવગરની અને અમૃતજેવા જળથી ભરેલી દિવ્ય નદી તેના જોવામાં આવી. કુબેરજીની આજ્ઞાથી એ સ્થળની ચોકી કરનારા ક્રોધવશ નામના લાખો રાક્ષસોએ ભીમસેનને, ત્યાં આવેલો જોઈ પાસે આવીને પૂછ્યું કે, "તુ કોણ છે અને અહીં શામાટે આવ્યો છે?" ભીમસેન બોલ્યો કે, "હું પાંડુ રાજાનો પુત્ર અને યુધિષ્ઠિરનો નાહાનો ભાઈ ભીમસેન છું. અમો સઘળા ભાઈઓ. અમારી સ્ત્રી દ્રૌપદીની સાથે બદરિકાશ્રમમાં રહેલા છીએ. ત્યાં પવનથી ઉડી આવેલું એક સૌગંધિક કમળ જોવામાં આવતાં દ્રૌપદીએ એવાં ઘણાં

પુષ્પો મેળવવાની પોતાની ઇચ્છા જણાવી તેથી હું અહી પુષ્પો લેવા આવેલો છું." રાક્ષસો બોલ્યા કે, "આ જગ્યા કુબેરજીને વિહાર કરવાની છે માટે એમાં કોઇ મનુષ્યોથી વિહાર કરી શકાતો નથી. દેવતાઓ, દેવર્ષિઓ, યક્ષો તથા અપ્સરાઓ પણ કુબેરજીની રજા લઇને આસ્થળમાં વિહાર કરેછે તથા પાણી પીએછે. તારે પણ જો આ સ્થળમાંથી પુષ્પો લેવાની ઇચ્છા હોય તો કુબેરજીની રજા મેળવી લે. કુબેરજીની રજાવિના તારાથી ફુલની સામે પણ જોઇ શકાશે નહિ." ભીમસેન બોલ્યો કે, "હું અહીં કુબેરજીને દેખતો નથી અને દેખું તોપણ તેમની પાસે માગું નહિ. કેમકે રાજાઓ કદી માગેજ નહિ એ સનાતન ધર્મ છે. આ નદી પર્વતના ઝરાથી પર્વતનાજ પ્રદેશમાં ઉત્પન્ન થયેલી હોવાને લીધે સાર્વજનિક છે અને તેથી કુબેરજીનો આમાં કાંઇ પણ અખત્યાર નથી. એ પ્રમાણે બોલીને બળાત્કારથી ભીમસેને તે નદીમાં પ્રવેશ કરતાં, એ લાખો રાક્ષસો આયુધોને લઇને ભીમસેનને મારવા-સારૂ ઘેરી વળ્યા. આ સમયમાં ભીમસેને પોતાની યમદંડ જેવી ગદાથી તેઓ-માંના સેંકડો જણને મારી નાખ્યા અને સિંહનાદ કરવા માંડ્યો. ભીમસેનના અપાર બાહુબળને જોઈ ત્રાસને લીધે તેઓ બીખાઇને પર્વતના શિખરોમાં ભાગી જતાં ભીમસેને તે નદીમાં પડી નાહીને અમૃતજેવું પાણી પીધું તથા પોતાની ઇચ્છા પ્રમાણે તેમાંથી સુગંધી કમળો ત્રોડી લીધાં. ભાગી ગએલા એ ક્રોધવશ નામના રાક્ષસોએ ભીમસેનના બળની તથા સાહસની વાત કુબેરજીને કહી સંભળાવતાં કુબેરજીએ તે રાક્ષસોને કહ્યું કે, "ભીમ દ્રૌપદીને વાસ્તે ભલે કમળો લીએ." કુબેરજીનું વચન સાંભળીને તે રાક્ષસો પાછા તે સ્થાનકમાં ગયા ત્યાં ભીમસેન નદીમાં વિહાર કરીને કમળોને ત્રોડતો જોવામાં આવ્યો.

આ સમયમાં બદરિકાશ્રમમાં જ્યાં પાંડવો રહ્યા હતા ત્યાં કેટલાએક પ્રચંડ પવન અને ઉલ્કાપાત વગેરે ઉત્પાતો થતા જોવામાં આવતાં યુધિષ્ઠિર બોલ્યા કે, "આ ઉત્પાતોઉપરથી કોઈ મોટું યુદ્ધ થશે એમ જણાયછે માટે આયુધો લઇને સજ્જ રહો." એટલું બોલી આસપાસ નજર ફેરવતાં ભીમ-સેન નહિ જોવામાં આવવાથી યુધિષ્ઠિરે દ્રૌપદીને પૂછ્યું કે, "ભીમસેન ક્યાં છે? એણે કાંઈ સાહસ તો નથી કર્યું?" દ્રૌપદી બોલ્યાં કે, "રાજા! પવ-નથી ઉડીને અહીં આવી પડેલું સુગંધિકમળ લઇને હું તમારી પાસે આવી ત્યારે ભીમસેનને કહી આવી હતી કે, 'જો આવાં ઘણાં પુષ્પો ક્યાંય જોવામાં આવે તો લાવી આપો." એ ઉપરથી હું ધારૂં છું કે ભીમસેન અહીંથી પુષ્પો

લેવાને વાસ્તે ઈશાન ખુણામાં ગયેલ હશે." દ્રૌપદીનાં વચન સાંભળી યુધિષ્ઠિર બોલ્યા કે, "ચાલો, જે રસ્તે ભીમ ગયેલ છે તેજ રસ્તે આપણે સઘળા જઇએ: ઘટોત્કચ! તું દ્રૌપદીને ખભાઉપર લે અને બીજા રાક્ષસો બ્રાહ્મણોને ખભાઓઉપર લીએ. ભીમસેન અહીંથી ગયો તેને ઘણીવાર થઈ. હું ધારૂંછું કે, તે અહીંથી દૂર નીકળી ગએલ છે. નહિતર એને અહીં આવતાં કાંઇ પણ વાર લાગે નહિ, કેમકે એનો વેગ પવનના જેવો છે. આપણે તુરત ભીમસેનની પાસે પહોંચી જઇએ તો સારૂં. એ સાહસી છે અને બળના અભિમાનવાળો છે તેથી તેણે રખેને કોઈ મહાત્માનો અપરાધ કર્યો હોય." એ પ્રમાણે યુધિષ્ઠિર બોલતાં તેમની આજ્ઞાને માથે ચડાવી ઘટોત્કચ આદિ રાક્ષસો પાંડવોને, દ્રૌપદીને અને બ્રાહ્મણોને કાંધઉપર લઇ લોમશ મુનિની સાથે ચાલ્યા અને પેલી કુબેરજીની નદીના પ્રદેશને જાણનારા હોવાને લીધે તુરતજ ત્યાં પહોંચી ગયા. યુધિષ્ઠિર ત્યાં જઇને જુએછે તો કેટલાએક રાક્ષસોનાં ભીમસેનની ગદાથી છુંદાઇ ગયેલાં શબો પડેલાં જોવામાં આવતાં અને ભીમસેન કમળોને લઇ નદીને કિનારે ઉભેલો જોવામાં આવતાં યુધિષ્ઠિરે તેને કહ્યું, કે "અરે! આ સાહસ શામાટે કર્યું? મને રાજી રાખવાની જરૂર હોય તો ફરીવાર આવું કામ કદી કરવું નહિ." એ પ્રમાણે ભીમસેનને શીખામણ દઇ તેના હાથમાંથી કમળો લઇને પાંડવો ત્યાંજ રહ્યા અને અર્જુનના સમાગમની ઉત્કંઠા કરવા લાગ્યા. એ સ્થળમાં રહેતાં યુધિષ્ઠિર રાજાએ એક દિવસ પોતાના ભાઇઓને તથા દ્રૌપદીને કહ્યું કે, "આપણે ઘણાં ઘણાં તીર્થો, પર્વતો તથા ક્ષેત્રો જોયાં. તે તે સ્થળોમાં મહાત્માઓના ઇતિહાસો સાંભળ્યા અને હરિદ્વારથી પણ ઉપર આવીને હિમાલય, ગંધમાદન, બદરિકાશ્રમ તથા આ સૌગંધિક વન પણ જોયું. લોમશ મુનિએ કૃપા કરીને આપણને ઘણાં ઘણાં સ્થળો દેખાડ્યાં. હવે તો આ સામો દેખાતો કુબેરજીનો નિવાસ જોવાનું અવશેષ રહ્યું છે, હવે વિચાર કરો કે એ સ્થળમાં આપણે જવાનું કેમ બનશે?" આ પ્રમાણે યુધિષ્ઠિર વાત કરતા હતા તે સમયે આકાશવાણી થઇ કે "આ પછીનો પ્રદેશ અગમ્ય છે માટે અહીંથી પાછા વળીને બદરિકાશ્રમમાં જાઓ. ત્યાંથી વૃષપર્વાના આશ્રમમાં થઇને આર્ષ્ટિષેણના આશ્રમમાં જઇ રહેજો એટલે ત્યાંથી તમને કુબેરજીનો નિવાસ જોવાનું મળશે." આ આકાશવાણી સાંભળવામાં આવતાં અને ધૌમ્યમુનિએ પણ તે પ્રમાણેજ ચાલવાની સલાહ આપતાં યુધિષ્ઠિર ભીમસેનઆદિ ભાઇઓ. દ્રૌપદી અને બ્રાહ્મણોસહિત ત્યાંથી

પાછા વળી બદરિકાશ્રમમાં આવીને રહ્યા.

અર્જુનના સમાગમની લાલસાથી પાંડવો બદરિકાશ્રમમાં સ્થિરતા કરીને રહ્યા હતા, તે સમય એક જટાસુર નામનો રાક્ષસ ઉત્તમ બ્રાહ્મણના વેષથી પાંડવોની પાસે રહ્યો હતો અને લાગ જોઇને પાંડવોનાં આયુધોનું તથા દ્રૌપદીનું હરણ કરી જવા ધારતો હતો. એક દિવસે ભીમસેન મૃગયા કરવા નીકળી જતાં, ઘટોત્કચ આદિ રાક્ષસો પોતપોતાના કામને વાસ્તે દૂર નીકળી જતાં અને લોમશ આદિ મુનિઓ નાહાવાને તથા ફુલ લેવાને વાસ્તે બીજા પ્રદેશમાં જતાં એ જટાસુર ભયંકર રૂપ ધરી યુધિષ્ઠિરને, નકુલને, સહદેવને, દ્રૌપદીને તથા પાંડવોનાં આયુધોને બલાત્કારથી લઇને ચાલતો થયો. આ પ્રમાણે થતાં સહદેવ પોતાના યત્નથી કોઈ રીતે તેના હાથમાંથી છટકી જઈ તરવાર ઉઘાડી કરીને ભીમસેનને બોલાવવા લાગ્યો, યુધિષ્ઠિર પેલા જટાસુરને કહેવા લાગ્યા, કે, "અમારો જરાપણ અપરાધ નથી તે છતાં તું અમોને શામાટે લઇ જાયછે ? જેઓનાં અન્ન ખાધાં હોય અને જેઓએ આશ્રય આપ્યો હોય તેઓનું ભુંડું કરવામાં મોટું પાપ છે, એ તું કેમ સમજતો નથી ? તારામાં શક્તિ હોય તો અમોને આયુધો આપી યુદ્ધ કરીને દ્રૌપદીનું હરણ કરી જા." આ પ્રમાણે કહેતાં છતાં પણ જટાસુરે માન્યું નહિ ત્યારે યુધિષ્ઠિરે પોતાના તપોબલથી એ જટાસુરને એટલો બધો ભાર દીધો કે જેથી તે ચાલવાને અશક્ત થઇ ગયો અને માર્ગને પણ ભુલી ગયો. યુધિષ્ઠિરે દ્રૌપદીને તથા નકુલને કહ્યું કે, "બીહીશો નહિ. આ રાક્ષસની ગતિને મેં હરી લીધી છે. હવે ભીમસેન તરત આવી પહોંચશે અને આ રાક્ષસને મારી નાખશે." સહદેવે યુધિષ્ઠિરને કહ્યું કે, "યુદ્ધ કરીને પ્રાણ છોડી દેવાં અથવા શત્રુઓને મારવા એ ક્ષત્રિયોનો પરમ ધર્મ છે માટે આપણે આ રાક્ષસથી યુદ્ધ કરવું યોગ્ય છે. સૂર્ય આથમ્યા સુધી આ રાક્ષસ જીવતો રહેશે તો હું સભાઓમાં 'ક્ષત્રિય છું' એમ કદી બોલીશ નહિ" વળી સહદેવે જટાસુરને કહ્યું કે, "અરે રાક્ષસ ! તું ઉભો રહે. મને મારીને દ્રૌપદીને લઇ જા અથવા મારા હાથથી મરણ પામીને યમપુરીમાં જા." સહદેવ એ પ્રમાણે બોલતો હતો તેટલામાં યદૃચ્છાથી ભીમસેન ત્યાં આવી પોહોંચ્યો. પોતાના ભાઇઓની તથા દ્રૌપદીની એ સ્થિતિ જોઇ અને રાક્ષસને આમ તેમ ગોથાં ખાતો જોઈ ક્રોધથી અત્યંત વ્યાપ્ત થયેલા ભીમસેને તે રાક્ષસને કહ્યું કે, "તું બ્રાહ્મણ થઇને વારંવાર અમારાં આયુધોને જોયાં કરતો હતો તે ઉપરથી મને તારાઉપર જે શક હતો તે આજ ખરો પડ્યો.

જે પ્રદેશમાં તું જવા ધારેછે તે પ્રદેશમાં નહિ જઇ શકતાં હવે તારે હિડંબ તથા બકાસુરના માર્ગમાં જવું પડશે." આ પ્રમાણે ભીમનાં વચન સાંભળી ભય પામેલો રાક્ષસ યુધિષ્ઠિર વગેરેને છોડી દઈ યુદ્ધને વાસ્તે તૈયાર થઇને બોલ્યો કે, "હું દિશાને ભૂલી ગયો નથી પણ મેં તારા વાસ્તેજ વાર લગાડી છે. તેં જે જે રાક્ષસોને માર્યા છે તેઓનું આજ તારા રૂધિરથી તર્પણ કરવાનું છે." એ પ્રમાણે બોલીને જટાસુર ભીમની સામે ગયો અને ભીમ જટાસુરની સામે ગયો. બન્ને જણ પરસ્પર વળગીને મલ્લયુદ્ધ કરવા લાગતાં ભારે ધડાકાઓ થવા લાગ્યા. થોડીવાર સુધી મલ્લયુદ્ધ કરીને પછી તેઓ એક બીજાઉપર વૃક્ષો ફેંકી ફેંકીને યુદ્ધ કરવા લાગ્યા. વનમાંથી વૃક્ષો ખુટી જતાં શિલાઓ ફેંકી ફેંકીને યુદ્ધ કરવા લાગ્યા અને શિલાઓ ખુટી જતાં પાછા મલ્લયુદ્ધ કરવા લાગ્યા. ભીમસેને એ રાક્ષસને થાકી રહેલો જાણી બન્ને હાથથી ઉપાડી ધરતીપર પછાડી બાંસી નાખીને હાથવતે તેના ધડઉપરથી માથું ખેંચી લીધું. જટાસુર મરણ પામતાં પ્રસન્ન થયેલા યુધિષ્ઠિર ભીમસેનનાં વખાણ કરી પાછા બદરિકાશ્રમમાં આવીને રહ્યા.

ત્યાં રહી અર્જુનનું નિરંતર સ્મરણ કર્યા કરતા યુધિષ્ઠિર રાજાએ એક દિવસે પોતાના ભાઇઓને તથા દ્રૌપદીને કહ્યું કે, "આપણે વનમાં ફરતાં ફરતાં ચાર વર્ષ વીતી ગયાં અને પાંચમું વર્ષ ચાલેછે. "હું પાંચ વર્ષસુધી અસ્ત્ર-વિદ્યાનો અભ્યાસ કરીને તુરત કૈલાસ પર્વતમાં તમને મળીશ." એમ અર્જુન મને વચન આપી ગયેલ છે માટે આપણે અર્જુનને કૈલાસમાંજ દેખીશું. ચાલો હવે કૈલાસનો રસ્તો લઇએ." એ પ્રમાણે કહી સર્વની સંમતિ લઇને યુધિષ્ઠિરે ત્યાંના રહેવાશી મુનિઓની આજ્ઞા માગતાં મુનિઓએ આશીર્વાદ આપ્યા કે, "તમે થોડા દિવસમાંજ આ ક્લેશમાંથી મુક્ત થઇને પૃથ્વીનું રાજ્ય કરશો." બ્રાહ્મણોનાં આશીર્વચનોને માથે ચડાવી ભાઇઓને, દ્રૌપદીને, કેટલાએક બ્રાહ્મણોને અને ઘટોત્કચઆદિ રાક્ષસોને સાથે લઇને યુધિષ્ઠિર રાજા ત્યાંથી ચાલ્યા. એઓ કોઇ સ્થળમાં પાળા ચાલતા હતા અને કોઈ સ્થળમાં રાક્ષસોની કાંધઉપર બેસીને ચાલતા હતા. પ્રાપ્ત થયેલાં ઘણાં ઘણાં દુઃખોનું મનમાં ચિંતન કર્યાકરતા યુધિષ્ઠિર ઉત્તર દિશામાં મૈનાક તથા ગંધમદન આદિ પર્વતોના રમણીય ભાગોને તથા પર્વતોઉપરની ઘણી સુંદર નદીઓને જોતા જોતા સત્તરમે દિવસે હિમાલયના પાછલા ભાગમાં પહોંચ્યા. વનોની શોભા જોઇને પ્રસન્ન થયેલા યુધિષ્ઠિરે ભીમસેનને કહ્યું કે, "અહો! આ ગંધ-

માદનનાં વનો આપણા મનને બહુ આનંદ આપેછે. પાંદડાંઓથી, પુષ્પોથી તથા ફળોથી નમી રહેલાં, કોયલ પક્ષીઓના ટૌકારાઓથી મનનું હરણ કરતાં અને લતાઓથી ઘેરાયેલાં આ દિવ્ય વૃક્ષો કેવાં શોભી રહ્યાં છે. આ વનોમાં કોઈ પણ વૃક્ષો કાંટાઓવાળાં, પુષ્પોવગરનાં કે રૂક્ષ પાંદડાંઓવાળાં નથી. કમળોથી શોભી રહેલી, ગુંજાર કરતા ભ્રમરોથી ઘેરાએલી અને જેને હાથીઓ તથા હાથણીઓ ડોળી નાખેછે એવી આ નદી, મદોન્મત્ત લોકોની લક્ષ્મી-જેવી લાગેછે તે જુઓ. ભીમસેન ! જ્યાં મનુષ્યો પહોંચી શકતાં નથી એવાં સ્થળમાં આપણે આવ્યા છીએ. રાતા તથા પીળા વગેરે અનેક વર્ણોવાળાં આ વિચિત્ર પક્ષીઓ સામસામે જોઈ રહ્યાં છે. આ ચકોર પક્ષીઓ, મયૂરો તથા સારસો કેવા મધુર નાદો કરેછે ? સૂર્યના જેવી, સંધ્યાકાળના જેવી, શરદૃઋતુનાં વાદળાંઓ જેવી, આંજણના જેવી અને સોનાના જેવી કાંતિઓવાળી આ વિચિત્ર ધાતુઓ પર્વતને કેવી શોભા આપેછે ! આ પર્વ-તનાં શિખરોની ઉપર સ્ત્રીઓની સાથે ગંધર્વો તથા કિંપુરૂષો ગાયન કરેછે તેઓનો કેવા મધુર સ્વર સાંભળવામાં આવેછે ! હંસોના, ઋષિઓના તથા કિન્નરોના સમૂહો જેનું નિરંતર સેવન કરેછે એવાં આ પવિત્ર ગંગાજી જો-વામાં આવેછે તેમનાં દર્શન કરો.” એ પ્રમાણે વાતો કરતા કરતા યુધિષ્ટિર સર્વ લોકોની સાથે વૃષપર્વા નામના રાજર્ષિના આશ્રમમાં પહોંચ્યા. ત્યાં આવીને પાંડવોએ વૃષપર્વાને પ્રણામ કરતાં તેમણે પાંડવોને ઘણું માન આપ્યું. સાત રાત સૂધી વૃષપર્વાના આશ્રમમાં રહી આઠમે દિવસે પોતાની સાથેના કેટલાએક બ્રાહ્મણોને તથા કેટલાએક આભરણાદિ પદાર્થોને થાપણરૂપે વૃષપર્વાનાજ આ-શ્રમમાં મૂકીને પાંડવો ત્યાંથી આગળ ચાલ્યા. વૃષપર્વા કેટલેક દૂર સૂધી તેઓને વળાવા જઈ, રસ્તો બતાવી તથા કેટલીક યોગ્ય ભલામણ કરીને પાછા પોતાના આશ્રમમાં આવ્યા. વૃષપર્વાએ બતાવેલા માર્ગમાં ચાલતાં સઘળી ઋતુઓમાં ફળપુષ્પોથી શોભી રહેનારાં દાડિમ, બિજોરાં, આંબા, નાળિએર, ટીંબરૂ, અંજીર, પનસ, ખજુર, અમલબેદ, કદંબ, બીલી, કોઠ, જાંબુ, શીવણ, પીપર, ઉંબરા, વડ, પીપળા, રાણ, ભીલામાં, આંબલી, હરડે, બેહેડાં, કરમદાં, ચંપક આશોપાલવ, કેવડા, કંચનાર, કણેર, ઇંદ્રજવ, દેવદાર, સાગ, તાડ, તમાલ, ખાખરા તથા ઇંગોળીઆં વગેરે અનેક વૃક્ષોને જોતા જોતા તેઓ આર્ષ્ટિષેણ નામના રાજર્ષિના આશ્રમમાં પહોંચ્યા.

એઓએ આવીને પ્રણામ કરતાં આર્ષ્ટિષેણે તેઓને યોગ્ય માન આપી

પોતાના આશ્રમમાં રાખ્યા. આર્ષ્ટિષેણે પાંડવોને સૂચના આપી કે, "આ પર્વતના શિખરની ઉપર ગંધર્વઆદિ લોકો અપ્સરાઓસાથે વિહાર કરેછે માટે તમારે અહીંથી આગળ વધવું નહિ. કોઇ કોઇ સમયે અહીં ભેરી, મૃદંગ તથા શંખ વગેરેના શબ્દો સાંભળવામાં આવે તોપણ તે શબ્દ તમારે અહીં બેઠાં બેઠાંજ સાંભળવા, પણ ત્યાં જવાનું મન કરવું નહિ. જે માણસ અહીં આવીને કાંઈ પણ ચપળતા કરે તેને રાક્ષસો મારી નાખેછે. પૂનમ ઉતરવા અને પડવો બેસવાના સમયમાં આ સામા શિખરઉપર કુબેરજીનાં, દેવતાઓનાં તથા સિદ્ધ લોકોનાં દર્શન થાયછે અને તુંબુરૂ નામના ગંધર્વનો ગાયનનો શબ્દ સાંભળવામાં આવેછે. તમો અહીંથી આગળ વધવાની અથવા બીજી કોઇ જાતની ચપળતા નહિ કરતાં મીઠાં મીઠાં ફળ ફૂલો જમ્યા કરો અને અર્જુન આવતાંસુધી અહીંજ રહો.

એ પ્રમાણે આર્ષ્ટિષેણનાં વચન સાંભળી, સઘળી વાતનો સ્વીકાર કરી પાંડવો ત્યાં રહ્યા અને ફળ, ફૂલ તથા મૃગ આદિ પશુઓના માંસથી પોતાની વૃત્તિ ચલાવવા લાગ્યા. "જ્યારે કામ પડશે ત્યારે હાજર થઇશ" એમ કહી સઘળા રાક્ષસોની સાથે ઘટોત્કચ તો ત્યાંથી પ્રથમજ ગયો હતો. આર્ષ્ટિષેણના આશ્રમમાં રહેલા પાંડવો પોતાને જોવાસારૂ આવતા ઘણા ઘણા સિદ્ધ લોકોની સાથે પ્રેમથી વાતો કરતા હતા અને સહુ લોકોનો પ્રેમ સંપાદન કરતા હતા. આ પ્રમાણે રહેતાં ઘણા મહિના વ્યતીત થઇ ગયા અને પાંચમું વર્ષ ઉતરવા આવ્યું.



પ્રકરણ ૨૬ મું.

અવિચારી પ્રયત્નની નિષ્ફળતા.

"તમારા ભાઈ અર્જુને ખાંડવ વનમાં ઘણા રાક્ષસોને મારી ઇંદ્રને જીતી જેવી ખ્યાતિ મેળવી છે તેવી ખ્યાતિ તમે પણ મેળવો. આ પર્વતના શિખરપરથી રાક્ષસ વગેરે લોકોને મારી કહાડો તો ત્યાં જઇ શકાય અને ત્યાંનો આનંદ લઇ શકાય." એવાં એક દિવસ દ્રૌપદીનાં વચન સાંભળી જેમ ચાબુકથી તેજી ઘોડો ચમકે તેમ મહા ભડ ભીમસેન ચમકી ઉઠયો અને ધનુષ તથા ગદા લઇને તે શિખરપર ચડયો. ત્યાં જઇને જોયું તો સોનાના કિલ્લાવાળો અને અનેક રત્નમય ઘરોથી શોભી રહેલો કુબેરજીનો દિવ્ય આવાસ જોવામાં આવ્યો. ભીમસેને તે આવાસની આસપાસ ઉભો રહી ધનુષની દોરીનો ટંકાર કર્યો. આ ટંકાર સાંભળી યક્ષો, રાક્ષસો અને ગંધર્વો અનેક આયુધો લઇને ભીમસેનને મારવા આવ્યા. ભીમ પણ તૈયાર થઇ ગયો. ભીમનાં બાણ અને રાક્ષસોનાં આયુધોની વૃષ્ટિ થવા લાગી અને માથાંઓ પૃથ્વીપર પડવા લાગ્યાં. રાક્ષસોની સંખ્યા મોટી હોવાથી ભીમસેન ઘેરાણો, પણ તે કોઇનો ગાંજ્યો જાય એવો નહિ હતો તેથી તેણે રાક્ષસોને મારી પરાસ્ત કર્યા. યક્ષો અને રાક્ષસોમાં ભંગાણ પડયું. કુબેરજીના મિત્ર મણિમાન નામના

રાક્ષસે નાસી જતા રાક્ષસોને પાછા વાળ્યા અને તે ભીમની સામે દોડયો. ભીમે તેની છાતીમાં ત્રણ બાણ માર્યાં. તેણે ભીમના ઉપર ગદાનો ઘા કર્યો. ગદાને ત્રોડવાસારૂ ભીમે ઘણાં બાણ ફેંકયાં પણ ગદા ભેદાણી નહિ ત્યારે ભીમે ચાલાકીથી ખસી જઇ ગદાને વ્યર્થ કરી. એક રાક્ષસે ભીમને સાંગ મારી, તે ભીમનો જમણો હાથ ભેદી પૃથ્વીપર પડી. ભેદાએલે હાથે ભીમ પોતાની ભયંકર ગદા લઇ મણિમાનની ઉપર ધસ્યો અને મણિમાન પોતાનું ઉગ્ર ત્રિશૂળ લઇ સામો આવ્યો. ત્રિશૂળ ભીમની ગદાની અણીથી ભાંગી આકાશમાં ઉડયું અને ગદાથી મણિમાન ચગદાઇ મરણ પામ્યો. મણિમાન મરાયો જાણી બીજા રાક્ષસો રાડ પાડતા નાસી છુટયા. પર્વતના શિખરપર ચાલેલી આ લડાઇનો હોકાર તળેટીપર વસેલા પાંડવોના સાંભળવામાં આવતાં, ભીમને સમીપ જાણી સૌએ ભીમને યાદ કર્યો. ભીમ જોવામાં નહિ આવતાં સૌને ખેદ થયો. દ્રૌપદીને આર્ષ્ટિષેણ ઋષિના આશ્રમમાં રાખી પાંડવો શિખરપર ચડ્યા. ત્યાં રાક્ષસોનાં મુડદાંઓની વચમાં ભીમસેન આયુધો ધરીને ઉભેલો જોવામાં આવ્યો. સૌએ આનંદથી ભીમસેનને આલિંગન આપ્યું. કુબેરજીના આવાસની પાસે રાક્ષસોને ભીમે મારેલા જોઇ તેના સાહસને માટે યુધિષ્ઠિરે ઠપકો દીધો કે "આ કામથી કુબેરજી તથા દેવતાઓ આપણાપર અપ્રસન્ન થશે. ધર્મનો તથા અર્થનો અનાદર કરી પાપ કરનારને પાપનું ફળ મળ્યા વિના રહેતું નથી. તને ઘણીવાર કહ્યું છે ને વળી પણ કહુંછું કે, તારે ફરી આવું કામ કરી મને દુઃખ ઉત્પન્ન કરવું નહિ. હું આવાં પરાક્રમથી રાજી નથી."

રાક્ષસોએ નાસીને ભીમસાથેની લડાઇના ખબર કુબેરજીને કહ્યા, તેથી ભીમસેનના આ બીજી વખતના અપરાધને સહન ન કરી શકવાથી કુબેરજી કોપાયમાન થયા અને પોતાની સેનાને લઇ પુષ્પક વિમાનમાં બેસી લડવાને આવ્યા, પણ પાંડવોને જોઇ કુબેરજીનો કોપ શાંત થઇ ગયો. પાંડવો પોતાને કુબેરજીના અપરાધી ગણીને તેની સામે હાથ જોડીને ઉભા રહ્યા. પણ ભીમસેન તો કુબેરજીને પ્રણામ નહિ કરતાં જાણે લડવાને તૈયાર ઉભો હોય એવું રૂપ રાખીને ઉભો રહ્યો. કુબેરજીએ યુધિષ્ઠિરને કહ્યું કે, "હું એક દિવસ દેવતાઓની સભામાં જતો હતો ત્યારે મારા એક અનુચરે ભૂલથી અગસ્ત્ય મુનિનો અપરાધ કર્યો. અગસ્ત્ય મુનિએ કોપ કરી મને શાપ દીધો, કે "તારો માણસના હાથથી પરાભવ થશે તારા અનુચરો માણસના હાથથી માર્યા જશે."

એ શાપનું આજ મને ફળ મળ્યું. જો કે હું તમારાપર કે બીમપર જરા પણ કોપ કરતો નથી, પણ આ તમારો ભાઈ બીમસેન ધર્મને જાણતો નથી. તે અભિમાની છે, મૂર્ખ છે, અને ઉછાંછળો છે માટે તેને શિખામણ દેજો કે, તે ફરી આ પ્રમાણે કોઈ મહાત્માના અપરાધમાં આવી પડે નહિ. અર્જુનમાં અને બીમસેનમાં ઘણો ફેર છે. અર્જુન ધર્માત્મા છે અને આ દુષ્ટ છે, અર્જુન વિવેકીછે અને આ અવિવેકી છે, અર્જુન નમ્ર છે અને આ અક્કડો છે; અર્જુન કાર્યના પરિણામનો વિચાર કરે એવા છે અને આ સાહસિક છે" ઇત્યાદિ વચનોથી બીમસેનના સંબંધમાં કેટલીક શિખામણ દઈ કુબેરજીએ પાંડવોપર ઘણી પ્રીતિ બતાવી અને તેમને આર્ષ્ટિષેણના આશ્રમમાં રહેવાની ભલામણ દીધી તથા પોતાના અનુચરોને મોકલી પાંડવોને અન્નપાન પહોંચાડવાનું વચન આપીને તથા અર્જુનની કુશળતાના સમાચાર આપીને કુબેરજી આકાશ માર્ગે પોતાના આવાસમાં ગયા અને પાંડવો પાછા ઋષિના આશ્રમમાં આવી કુબેરજીના બંધાવેલા બંગલાઓમાં રહ્યા.

પ્રકરણ ૨૭ મું.

પડતીમાં ચડતી.

આર્ષ્ટિષેણ ઋષિના આશ્રમમાં રહેલા પાંડવો અર્જુનના આવવાની આતુરતાથી વાટ જોયા કરતા હતા, તેવામાં એક દિવસ વીજળીના જેવા પ્રકાશવાળો, દશ હજાર ઘોડાવાળો તથા સઘળા અંતરિક્ષને પ્રકાશમય કરતો ઇંદ્રનો રથ આકાશમાંથી ઉતરતો તેમના જોવામાં આવ્યો. રથ વધારે પાસે આવ્યો ત્યારે રથ હાંકનાર માતલિ અને રથની અંદર ઇંદ્રના જેવાજ પ્રભાવવાળા અર્જુનને જોઈ પાંડવો હર્ષસંયુક્ત વિસ્મય પામ્યા. અર્જુન રથમાંથી ઉતરી ધૌમ્યમુનિ, લોમશમુનિ, યુધિષ્ઠિર તથા ભીમસેનને અનુક્રમે પગે લાગ્યો. સહદેવ તથા નકુલે અર્જુનને દંડવત્ પ્રણામ કર્યા. દ્રૌપદીસાથે સઘળા ભાઇઓએ અર્જુનને પ્રેમપૂર્વક આલિંગન આપ્યું. દ્રૌપદીની સાંત્વના કરી અર્જુન યુધિષ્ઠિરપાસે આવી બેઠો. પાંડવોએ ઇંદ્રના રથને પ્રદક્ષિણા કરી માતલિનો ઇંદ્રના જેટલોજ સત્કાર કર્યો અને તેને સઘળા દેવતાઓનું કુશળ પૂછ્યું. માતલિ યોગ્ય ઉત્તર આપી યુધિષ્ઠિર તથા અર્જુનની રજા લઇ પાછો ઇંદ્રલોકમાં રથને લઇને ગયો. અર્જુને સઘળાં અસ્રો દ્રૌપદીને આપી પોતાનો બધો ઇતિહાસ સંક્ષેપમાં સર્વને કહી સંભળાવ્યો. તે

દિવસે સર્વ સાથ ઘણા આનંદમાં સૂઇ રહ્યો. પ્રભાતમાં જ્યારે બધા પાછા યુધિષ્ઠિર તથા અર્જુનની આગળ આવીને બેઠા હતા ત્યારે આકાશમાં દિવ્ય વાજાંઓનો નાદ તેમણે સાંભળ્યો. થોડીવારમાં રથનાં ચક્રો તથા ઘંટાઓનો ઘોષ સંભળાવા લાગ્યો અને ગંધર્વોના તથા અપ્સરાઓના ગાયનના સુસ્વરો કાને પડવા લાગ્યા. સૌ વિસ્મય પામી ઉંચે જોવા લાગ્યા. એકાએક દેવતાઓથી વિંટાએલો, મેઘના જેવી ગર્જના કરતો અને આગલે દિવસે દીઠો હતો તેજ રથ અંતરિક્ષમાંથી ઉતર્યો. રથમાંથી ઇંદ્ર મહારાજ પોતે ઉતર્યા. યુધિષ્ઠિરે ઉઠી તેમની વિધિપૂર્વક પૂજા કરી. અર્જુન દાસની પેઠે ઇંદ્રને પ્રણામ કરી આગળ ઉભો રહ્યો. અત્યંત આનંદ પામેલા યુધિષ્ઠિરને ઇંદ્રે કહ્યું કે, "મેં, સદાશિવ તથા સઘળા લોકપાલોએ અર્જુનને દિવ્ય અસ્ત્રોની સંપૂર્ણ વિદ્યા આપી છે. અર્જુને મારૂં મોટું પ્રિય કર્યું છે. હવે અર્જુનને ત્રૈલોક્યમાં પણ કોઇ જીતી શકશે નહિ. તમારાં વનવાસનાં વર્ષો પૂરાં થતાં તમને સઘળી પૃથ્વીનું રાજ્ય મળશે. હવે તમે અહીંથી પાછા કામ્યકવનમાં જઇને રહો," એમ કહી ઇંદ્ર પાછા રથારૂઢ થઇ સ્વર્ગમાં પધાર્યા એટલે યુધિષ્ઠિરે અર્જુનને પૂછ્યું કે, "તમે ઇંદ્ર મહારાજનું શું પ્રિય કર્યું છે તે કહો." અર્જુને પોતે ઇંદ્રની કરેલી સેવાનો સંક્ષિપ્ત સાર કહી સંભળાવ્યો. આ સેવાનું કાર્ય એ હતું કે, "જ્યારે અર્જુન ઇંદ્રપાસેથી સઘળી અસ્ત્રવિદ્યા શીખી રહ્યો ત્યારે ઇંદ્રે ગુરૂદક્ષિણામાં નિવાતકવચ નામના દૈત્યો જેઓ દુષ્ટપણે દેવતાઓને દુઃખ દેતા હતા તેમને મારી નાખવાનું અર્જુન પાસેથી વચન માગ્યું હતું. તેઉપરથી અર્જુન ઇંદ્રના રથમાં બેસી, બખતર, શંખ તથા બીજાં યુદ્ધનાં સાધનો લઇ નિવાતકવચના નગર પર ચાલ્યો. ત્રણ કરોડજેટલા દૈત્યો લડવા નગર બહાર નીકળી પડ્યા. અર્જુનના રથપર શસ્ત્રો તથા અસ્ત્રોની વૃષ્ટિ થઇ. અર્જુને તેમનાં શસ્ત્રોનો પોતાના દિવ્ય અસ્ત્રના પ્રભાવવડે નાશ કર્યો. સઘળા દૈત્યોને ક્ષણવારમાં પાર મૂક્યા. રથ હાંકનાર સારથિ માતલિ અર્જુનના આવા અપૂર્વ પરાક્રમથી ભારે વિસ્મય પામ્યો. પાછા વળતાં માર્ગમાં હિરણ્યપુર નામનું નગર આવતાં માતલિએ અર્જુનને જણાવ્યું કે, "આ નગરના દાનવો પણ ઇંદ્રના શત્રુ છે." તે ઉપરથી ત્યાં પણ અર્જુને શંખનાદ કર્યો એટલે સાઠ હજાર દૈત્યોએ અર્જુનના રથને ઘેરી લીધો. થોડીવાર લડાઇ ચાલતાં પાશુપતાસ્ત્રથી અર્જુને તેમને પણ હરાવ્યા, માતલિને તો અર્જુનનું પરાક્રમ દેવતાઓથી પણ અધિક લાગ્યું. તેથી તે અર્જુનની સ્તુતિ કરવાજ મંડી ગયા. અર્જુનનું આ બધું

પરાક્રમ માતલિએ ઇંદ્રને કહી સંભળાવતાં ઇંદ્રે અર્જુનને કહ્યું કે, "ગુરૂદક્ષિણામાં કોઇથી ન બની શકે એવું મારૂં કામ તેં કરી આપ્યું છે. તને ભીષ્મ, દ્રોણ કે કર્ણ કોઇ પણ શત્રુ જીતી શકશે નહિ અને તારાજ બાહુબળથી યુધિષ્ઠિર પૃથ્વીમાં ચક્રવર્તીપણું પામશે." એટલા આશીર્વાદ આપી ઇંદ્ર મહારાજે અર્જુનને ન ભેદાય એવું બખતર, સુવર્ણના માળા, કિરીટ, દેવદત્ત નામનો શંખ અને દિવ્ય વસ્ત્રો તથા આભરણો આપ્યાં હતાં. આ પ્રમાણે અર્જુને પોતાની હકીકત પૂરી કરતાં કહ્યું કે, "પાંચ વર્ષ સુધી સ્વર્ગમાં ઇંદ્રના દરબારમાં રહ્યો પણ જુગારથી ઉત્પન્ન થયેલા કજીઆનું મને એક દિવસ વિસ્મરણ થયું નથી." યુધિષ્ઠિર આ ઇતિહાસથી તથા પોતાના ભાઇના પરાક્રમથી બહુ ખુશી થયા અને પૃથ્વીને પોતાના હાથમાંજ આવેલી માનવા લાગ્યા, પછી જે દિવ્ય અસ્ત્રોથી નિવાતકવચ નામના દૈત્યોને તથા હિરણ્યપુરના દાનવોને અર્જુને માર્યા હતા તે જોવા-જાણવાની મોટા ભાઇની આજ્ઞા થતાં અર્જુને ઇંદ્રે આપેલું બખતર પહેરી, હાથમાં ગાંડીવ લઇ દિવ્ય અસ્ત્રોનો પ્રયોગ કરવાનો પ્રારંભ કર્યો કે, તેના પગના ભારથી પૃથ્વી કંપવા લાગી, પર્વતો ફાટી પડવા લાગ્યા, સમુદ્ર ક્ષોભ પામવા લાગ્યો, સૂર્ય નિસ્તેજ થવા લાગ્યો, પવન પડી ગયો અને આખું બ્રહ્માંડ જાણે બળવા લાગ્યું હોય તેમ દેખાવા લાગ્યું. આવાં ઉત્પાતનાં ચિન્હો થતાં દેવતાઓએ નારદજીને યુધિષ્ઠિરપાસે પૃથ્વીપર મોકલ્યા. નારદજીએ યુધિષ્ઠિરને કહ્યું કે, "યુદ્ધના પ્રસંગવિના દિવ્ય અસ્ત્રોનો પ્રયોગ કરવામાં મોટો દોષ છે, માટે અર્જુનને અટકાવો." યુધિષ્ઠિરે તે પ્રયોગ બંધ રખાવ્યો. એટલે પૃથ્વીપર પુનઃ સ્થિરતા થઇ. નારદજી હર્ષ પામી પાછા સ્વર્ગમાં સિધાવ્યા.

પ્રકરણ ૨૮ મું.

શેરને માથે સવાશેર.

અર્જુન ઇંદ્રલોકમાંથી આવ્યો ત્યાર પછી બીજાં ચાર વર્ષ સુધી પાંડવો આર્ષ્ટિષેણના આશ્રમમાંજ રહ્યા. એકંદર વનવાસનાં દશ વર્ષ પૂરાં થયાં. અગિયારમું વર્ષ બેસતાં પાંડવોએ વિચાર કર્યો કે હવે આપણે હસ્તિનાપુરની સમીપમાં જઇને રહેવું ઠીક છે; તેરમા વર્ષમાં ગુપ્ત રહેવાનું છે માટે પાછા છૂપી રીતે દૂર જઇ વસવાથી આપણે હસ્તિનાપુરની આસપાસમાંજ વસીએ છીએ, એમ જાણી કૌરવો આપણની હસ્તિનાપુરની નજીકમાંજ શોધ કરશે. આવી યુક્તિ રચી તેમણે ઋષિની આજ્ઞા લીધી અને ઘટોત્કચ વગેરે રાક્ષસોની મદદથી પર્વતઉપરથી નીચે ઉતરવા માંડ્યું. લોમશમુનિ પાંડવોને તેમના હિતની યોગ્ય સલાહ આપી ત્યાંથી જુદા પડ્યા અને સ્વર્ગમાં ગયા. પાંડવો અનેક પ્રદેશોને જોતા જોતા વૃષપર્વાના આશ્રમમાં આવ્યા. ત્યાં એક માસ રહ્યા. ત્યાંથી ચાલી સુબાહુના નગરમાં આવી ત્યાં રાખેલા પોતાના રથો તથા ચાકરોને લઇને તથા ઘટોત્કચવગેરે રાક્ષસોને રજા આપી યામુન નામના પર્વતમાં આવી પહોંચ્યા.

આ પર્વતમાં એક દિવસ ભીમસેન મૃગયા કરવાસારૂ વનમાં દૂર પ્રદેશમાં નીકળી ગયો. ત્યાં બાણોથી મૃગોને, સુવરોને અને પાડાવગેરે પશુઓને

મારવા લાગ્યો. હજારો હાથીના બળનું અભિમાન હોવાથી તે વનમાં મોટી મોટી ગર્જના કરવા લાગ્યો. પર્વતનાં શિખરોને પગના પ્રહારથી ચૂર્ણ કરી નાખવા લાગ્યો, વૃક્ષોને ઉખેડી નાખવા લાગ્યો અને હાથીઓને તથા સિંહોને બાથમાં લઈ લઈને પછાડવા લાગ્યો. આગળ ચાલતાં કોઈ વિષમ સ્થળમાં પડેલો, પર્વતના શિખર જેવડા મોટા શરીરવાળો, વિચિત્ર રૂંવાડાંવાળો, પીળા વર્ણવાળો, અત્યંત લાંબો, વિશાળ આંખોવાળો, ગુફાજેવા મહોડાંવાળો, ફુંફાડા મારતો જાણે સાક્ષાત્ કાળ હોય નહિ એવો એક અજગર તેના જોવામાં આવ્યો. અજગરે એકદમ ભીમસેનના બન્ને હાથને ભરડો દઈ બંધીવાનજેવો બનાવ્યો. ભીમસેન તો પોતાનું ભાનજ ભૂલી ગયો. આ વખતે તેનું દશ હજાર હાથીના જેવું જોર પણ અસ્ત પામી ગયું અને છૂટા થવાનો બધો પ્રયત્ન મિથ્યા થયો. પરવશ થયેલો ભીમસેન વિચાર કરવા લાગ્યો કે, "સુખ કે દુઃખ ભાવી હોય તે કોઈ પ્રકારે ટળે નહિ. દૈવજ પ્રબળ છે. અભિમાન કોઈનું રહેતું નથી. શેરને માથે શવાશેર પણ પડ્યા છે, એમ આજ મને ખાત્રી થઈ. પુરૂષાર્થ વ્યર્થ છે. પુરૂષાર્થથી દૈવને ઠગવા કોઈ પણ પુરૂષ સમર્થ નથી જે હાથે મેં સેંકડો રાક્ષસોને, સિંહોને અને મદોન્મત્ત હાથીઓને હણ્યા છે, તે હાથ આજ આ અજગરના આગળ નકામા થઈ પડ્યા. મને મારા શરીરને વાસ્તે શોક થતો નથી, પણ રાજ્યથી ભ્રષ્ટ થયેલા અને હાલ વનમાં છોડી દીધેલા મારા ભાઈઓને વાસ્તે મને ઘણી ચિંતા થાયછે." અર્જુનનું પરાક્રમ યાદ લાવી વળી વિચાર કરેછે કે, "અથવા હું મરીશ તો ચિંતા નથી, કેમકે સર્વ અસ્ત્રોને જાણનારો અર્જુન એકલો સઘળા કૌરવોને પૂરો પડે એમ છે." અજગરના મોઢાંમાં આવેલો ભીમ આ પ્રમાણે પોતાના મનસાથે વિચાર કરેછે તેજ વખતે આ તરફ પાંડવોના આશ્રમની આસપાસ દક્ષિણ દિશામાં કાગડીઓ રોવા લાગી, પ્રચંડ પવન વાવા લાગ્યો, કાગડા ભયસૂચક શોર કરવા લાગ્યા, યુધિષ્ઠિરની છાતી થડકવા લાગી અને ડાબું અંગ ફરકવા લાગ્યું. આવી ભયની નિશાનીઓ થતી જોઈને યુધિષ્ઠિરે ભીમસેનને યાદ કર્યો. ભીમસેન ઘણીવાર થયા આશ્રમ છોડી ગયાના ખબર દ્રૌપદીથી જાણી યુધિષ્ઠિરને ભીમને વાસ્તે ચિંતા થઈ. તેણે દ્રૌપદીનું રક્ષણ કરવા અર્જુનવગેરેને ભલામણ દીધી અને પોતે ભીમસેનનાં પગલાં જોતા જોતા વેગથી ભીમ ગયો હતો તે દિશામાં ગયા. માર્ગમાં ભીમસેનના પરાક્રમની નિશાનીઓ જોવામાં આવી. આ ઉપરથી વધારે ખાત્રી થતાં યુધિષ્ઠિર દોડતા ચાલ્યા. આગળ ચાલતાં એક

ઘાટી ઝાડી આવી અને એ વિષમ સ્થલમાં અજગરે પકડેલા ભીમસેન યુધિષ્ઠિરના જોવામાં આવ્યો. આ અજગર પૂર્વ જન્મમાં યુધિષ્ઠિરનો દાદો નહુષ રાજા હતો. તેને તપના બળથી મનુષ્યદેહેજ ઈંદ્રની પદવી મળી હતી. એવી મોટી પદવી મળતાં ગર્વને લીધે, તેને અગસ્ત્ય નામના મુનિએ યુધિષ્ઠિરના દર્શનપર્યંત અજગર થઇને પૃથ્વીપર પડવાનો શાપ આપ્યો હતો, તે યુધિષ્ઠિરનાં દર્શન થવાથી તેના સાથે કેટલોએક સંવાદ કરી અને ભીમને છોડી દઇ દિવ્ય શરીરથી પાછો સ્વર્ગમાં ગયો અને યુધિષ્ઠિર રાજા, ભીમસેનની સાથે પાછા પોતાને આશ્રમે આવ્યા. અજગરના સંબંધમાં બનેલ બનાવ આશ્રમમાં સૌને સંભળાવતાં સર્વ રાજી તો થયા પણ ભીમસેનના સાહસને ધિક્કારવા લાગ્યા.

અગીયારમું વર્ષ યામુન પર્વતમાં પુરૂં થયું. બારમા વર્ષની શરૂઆતમાં ત્યાંથી નીકળી કાર્તિકી પુનમ વીતી ગયા પછી પાંડવો હસ્તિનાપુર પાસે કામ્યક વનમાં આવી વસ્યા. કામ્યકવનના મુનિ લોકો તેમને ઘણુંઘણું માન આપવા લાગ્યા. પાંડવો આ વનમાં પાછા આવ્યાની ખબર શ્રીકૃષ્ણને થતાં સત્યભામાને સાથે લઇ તે પાંડવોને મળવા આવ્યા. ધૌમ્યમુનિને, યુધિષ્ઠિરને તથા ભીમસેનને પ્રણામ કરી શ્રીકૃષ્ણ અર્જુનને બાથમાં લઇ પ્રીતિથી મળ્યા. સત્યભામા દ્રૌપદીને મળ્યાં, નકુલવગેરેએ શ્રીકૃષ્ણને પ્રણામ કર્યા. અર્જુને ઈંદ્રલોકમાં જઇ આવી દિવ્ય અસ્ત્રો પ્રાપ્ત કર્યાની સઘળી હકીકત શ્રીકૃષ્ણને કહી યુધિષ્ઠિરે અભિમન્યુ તથા સુભદ્રાનું કુશળ પૂછ્યું. તેમના કુશળસમાચાર જણાવતાં શ્રીકૃષ્ણે કહ્યું કે, "દ્રૌપદીના પાંચ પુત્રો જેઓ પોતાના મોસાળમાં (દ્રુપદ રાજાને ઘેર) રહ્યા હતા અને જેમને ત્યાં ઘણા સન્માનસાથે રાખ્યા હતા તેમને એક ઠેકાણે લાંબો વખત સુધી રહેવું કંટાળાભરેલું લાગે એવા હેતુથી તેમને બોલાવી દ્વારકામાં રાખ્યા છે. કુંતી અને દ્રૌપદી તેમની જેવી ખબર રાખે તેવીજ સંભાળ સુભદ્રા રાખેછે. પ્રદ્યુમ્ન અભિમન્યુની સાથે તેમને પણ અસ્ત્રવિદ્યાનો અભ્યાસ કરાવેછે. અભિમન્યુ તથા તેઓ સૌ શસ્ત્રવિદ્યામાં કુશળ થયા છે. તેમનાં રક્ષણમાટે યાદવોની મોટી સેના તેમની સાથેજ રહેછે અને દ્વારકામાં તેઓ પ્રદ્યુમ્નના જેટલાજ માનથી રહ્યા છે." ઇત્યાદિ પાંડવોના પુત્રોસંબંધી કુશળ સમાચાર આપીને વિશેષ કહ્યું કે, "યુધિષ્ઠિર! તમે કાર્યના લાભ કરતાં પણ ધર્મના લાભને અધિક માનોછો અને ધર્મની વૃદ્ધિને વાસ્તે તપનું, સત્યનું તથા સરલતાનું પાલન કરોછો, તેથી

તમારૂં અંતે કલ્યાણજ છે. કૌરવોએ તમારાપર મોટો અન્યાય કર્યો છે તે પણ તમે ધર્મને વાસ્તેજ સહન કરોછો. તમારી પ્રતિજ્ઞાનાં વર્ષ પૂરાં થયે અમે સૌ તમારૂં રાજ્ય અપાવવા તૈયાર છીએ. તમે કહો ત્યાં અમારૂં સૈન્ય તૈયાર રાખીએ. મરજી હોયતો હમણાંજ અમોને આજ્ઞા કરો એટલે કૌરવોને હરાવીએ અને તમો તેર વર્ષ પૂરાં કરી આવી તમારૂં રાજ્ય સંભાળજો." શ્રીકૃષ્ણનું બોલવું સાંભળી યુધિષ્ઠિરે હાથ જોડ્યા અને કહ્યું કે, "પાંડવોના ધણી આપજ છો. પાંડવો આપને શરણે છે. પરંતુ સમય આવે ત્યારે તૈયાર રહેજો અને અમને સહાયતા કરજો. બાર વર્ષ પૂરાં થવા આવ્યાં છે. હવે ગુપ્ત રહેવાનું છે." શ્રીકૃષ્ણ સહાયતા કરવાનું વચન આપી કેટલાએક દિવસ પાંડવોની સાથે વનમાં રહ્યા. માર્કંડેય તથા નારદજી વગેરે મહાત્મા મુનિઓ પણ પાંડવો પાસે આવી તેમને વિનોદવાર્તા કરાવવા લાગ્યા અને તેથી પાંડવોનું એ વર્ષ પણ શાંતિમાં પસાર થયું.

પ્રકરણ ૨૯ મું.

સાચું વશીકરણ.

કામ્યક વનમાં એક દિવસ દ્રૌપદી તથા સત્યભામા તેમના એકાંતવાસમાં બેઠાં બેઠાં વિનોદવાર્તા કરતાં હતાં, ત્યારે વાતના પ્રસંગમાં સત્યભામાએ દ્રૌપદીને પૂછ્યું કે, "તમે પાંચ પાંડવોને શી રીતે કબજામાં રાખી શકોછો ? પાંડવો તમારાપર કદી કોપ કરતા નથી એટલુંજ નહિ, પણ તમારાં વચનને પણ કોઇ દિવસ ઉથાપતા નથી. તમે એવડું બધું શું વશીકરણ કર્યું છે ? તમારી પાસે વશ કરવાની વિદ્યા, મંત્ર, ઓષધિ, દાન, અંજન કે કામણ હોય તો તે મને પણ બતાવો કે જેથી શ્રીકૃષ્ણ સર્વદા મને વશ રહે." સત્યભામાનું આવું બોલવું સાંભળી દ્રૌપદી આશ્ચર્ય પામી બોલ્યાં કે, "સત્યભામા ! નીચ સ્ત્રીઓનાં આચરણવિષે મને પૂછોછો તેનો ઉત્તર હું શી રીતે આપી શકું ? સ્ત્રી કામણ કુમણ કરેછે એવું જ્યારથી પતિના જાણવામાં આવેછે ત્યારથી પતિ જેમ ઘરમાં રહેલા સર્પના ભયથી નાસે તેમ એવી સ્ત્રીથી ત્રાસ પામી નાસેછે; આવું થયા કરે એટલે તે દંપતીને પરસ્પર

સંતોષ તો ક્યાંથીજ રહે? પતિ તમે જણાવેલા ઉપાયોથી વશ થાયછે તે વાતજ ખોટી છે. નીચ સ્ત્રીઓ વશીકરણને વાસ્તે પતિને જે જે પદાર્થોનો સ્પર્શ કરાવેછે અને જે જે પદાર્થો ખવરાવેછે તે તે પદાર્થોથી પતિના શરીરમાં જલોદર, કોઢ, આંધળાપણું, બેહેરાપણું તથા નપુંસકપણું આદિ રોગો ઉત્પન્ન થાયછે. કામણ વગેરેથી પતિને વશ કરવા વિચાર કરવો એતો દુષ્ટ સ્ત્રીઓનું કામ છે. સારી સ્ત્રીઓ તો પતિની ઇચ્છાને અક્ષરશઃ અનુસરીને તેને પ્રસન્ન રાખેછે અને પતિને વશ કરવાનો એટલે પોતાનો કરી લેવાનો એજ ખરો ઉપાય છે. મેં જે રીતે મારા પતિઓની પ્રીતિ મેળવી તેમને વશ કરેલા છે તે રીતિ કહુંછું તે સાંભળો. અહંકાર, કામ, ક્રોધ, તથા ઈર્ષ્યા આદિ દુર્ગુણોનો અત્યંત ત્યાગ કરી મનને ધીરજવાળું રાખી હું પાંડવોની સેવા કર્યા કરૂંછું. ખરાબ ભાષણ, અયોગ્ય રીતે જોવું, બેસવું, ઉઠવું અને ચાલવું: ઇત્યાદિ અઘટિત વર્તણુકથી હું હમેશાં બીતી રહુંછું, કે રખેને એ દુર્ગુણો મારામાં પ્રવેશ કરી જાય. પરપુરૂષતરફ કદી મારી વૃત્તિસરખી પણ થતી નથી. પતિઓને નવરાવ્યા પહેલાં હું કદી નહાતી નથી, જમાડ્યા પહેલાં જમતી નથી અને સુવાડ્યા પહેલાં સુતી નથી. પતિ બહારથી ઘેર આવે ત્યારે ઉભા થઇને પ્રસન્ન વદને આસન અને જળ આપી તેનો સત્કાર કરવા ચુકતી નથી. ઘરની વસ્તુઓ સ્વચ્છ રાખુંછું. રસોઈ સુંદર બનાવુંછું, વખતસર જમાડુંછું, જિતેંદ્રિય રહુંછું, વાતચિતમાં તેમનું કદી પણ અપમાન કરતી નથી, નીચ સ્ત્રીઓના સાથે સંબંધ રાખતી નથી, આળસુ રહેતી નથી, ધનને સારી રીતે સાચવી રાખુંછું, કોઇની હાંસી કરતી નથી, ઝાઝું હસતી નથી, બારણામાં કે ગલીઓમાં વારવાર ઉભી રહેતી નથી, ક્રોધનાં કારણોને છોડી દઉંછું. સર્વદા સત્યમાંજ પ્રીતિ રાખુંછું, પતિના કહ્યાપ્રમાણેજ ચાલુંછું અને તેમની સેવામાં સદા તત્પર રહુંછું. પતિની ગેરહાજરીમાં અલંકારને દૂર કરી યોગ્ય નિયમો પાળુંછું, સ્વામી સ્વીકારે નહિ એવી વસ્તુને હું પણ છોડી દઉંછું, સાસુની આજ્ઞાપ્રમાણે કુટુંબીઓની સાથે વર્તુંછું, શ્રાદ્ધવગેરે કુળની પરંપરાની રીતિને અનુસરૂંછું, પતિને ઇષ્ટદેવથી પણ અધિક માનુંછું, સાસુની સાથે કદી પણ વિવાદ કરતી નથી, સાસુની આજ્ઞા પાળવામાં સાવધાન રહુંછું, સાસુની સેવા કરૂંછું, ઘરના નોકર ચાકરોને જમાડી જમુંછું, નોકર ચાકરનાં કામપર દેખરેખ રાખુંછું, ઘરના ઉપજ ખર્ચનો હિસાબ રાખુંછું, છુટે હાથે ખર્ચ કરતી નથી, પતિનું

આરાધન કરવામાં ભૂખ, તરસ, નિદ્રા કે કશાને ગણકારતી નથી, પતિના જાગવા પહેલાં જાગું છું અને સૂઇ ગયા પછી સૂઇ જાઉં છું. મારી પાસે માત્ર આવાં આચરણ સિવાય વશીકરણની બીજી વિદ્યા નથી. બીજા કોઇ પ્રકારના વશીકરણને હું જાણતી નથી. તમારે પણ પ્રેમથી સંપૂર્ણ રીતે શ્રીકૃષ્ણની મરજી સાચવવી, તેની કહેલી વાત પેટમાં રાખવી. દાસીઓ હાજર છતાં પણ પતિનું કામ જાતેજ ઉઠીને કરવું, પતિવ્રતાઓના સમાગમ રાખવા, નીચ સ્ત્રીઓની સાથે ભાષણ પણ કરવું નહિ અને પુખ્ત ઉમ્મરના પુત્રોપાસે પણ એકાંતમાં બેસવું નહિ. પતિને જે વાત અપ્રિય હોય તેથી અળગાંજ રહેવું. મદિરા પીવી નહિ, અભિમાન રાખવું નહિ, ઝાઝું બોલવું નહિ, મનને વશ રાખવું, વસ્ત્રાલંકારની બહુ લાલચ કરવી નહિ અને શોક્યનું પણ વાંકું બોલવું નહિ. સુખ ભોગવવાથી સુખ મળતું નથી પણ સુખ મેળવવાનું સાધન દુઃખ છે. એ વાત હમેશાં ધ્યાનમાં રાખવી. સત્યભામા ! જો તમે એ પ્રમાણે વર્ત્તશો તો શ્રીકૃષ્ણ કેવળ તમારા ઉપરજ પ્રેમ રાખશે."

પાંડવોના સમાગમમાં કેટલાક દિવસ રહી, તેમને ધૈર્ય આપીને શ્રીકૃષ્ણ દ્વારકાં ગયા. જુદાં પડતી વખતે સત્યભામાએ પણ દ્રૌપદીને દીલાસો આપી જણાવ્યું કે "તમારા પુત્રોની કાંઇ પણ ચિંતા કરશો નહિ. તેમને અમે અમારા પુત્રોની પેઠેજ પાળીએ છીએ."

પ્રકરણ ૩૦ મું.

ગુણોનું મૂળસ્વભાવપર આકર્ષણ.

એક વખત ધૃતરાષ્ટ્રના દરબારમાં એક વૃદ્ધ બ્રાહ્મણ ફરતો ફરતો આવી ચઢ્યો. " કામ્યક વનમાંથી પાંડવોપાસેથી આવું છું." એવું તે બ્રાહ્મણે જણાવતાં ધૃતરાષ્ટ્રે પાંડવોના ખબર પૂછ્યા. બ્રાહ્મણપાસેથી પાંડવોની દુઃખદાયક સ્થિતિની તથા ઇંદ્રાદિ દેવતાઓની અર્જુનપર થયેલી કૃપાની વાત સાંભળી ધૃતરાષ્ટ્ર બહુ ખેદ પામ્યો. પહેલી વાત પાંડવોના દુઃખની હતી અને બીજી ખબર પાંડવોના લાભની હતી, તથાપિ ધૃતરાષ્ટ્રને તો પાંડવોના સુખના અને દુઃખના એ બન્ને ખબરમાં ખેદજ થયો. પાંડવોનું દુઃખ એ ધૃતરાષ્ટ્રના પોતાના દોષનુંજ પરિણામ હતું તેનો એક તરફથી પોતાને પસ્તાવો થતો હતો અને બીજી તરફથી પાંડવોને ઇંદ્રાદિનો આશ્રય મળવાથી તેઓ પોતાના પુત્રોનો પરાજય કરવા બળ મેળવતા જાયછે, એ વિચારથી તે બિચારો બળાપો કરતો હતો. ટુંકામાં તેને કોઇ રીતે સુખ વળતું નહતું. બ્રાહ્મણથી પાંડવોના નવા સમાચાર સાંભળી ધૃતરાષ્ટ્ર બિચારો બડબડવા લાગ્યો. પ્રથમ પાંડવોનું દુઃખ તેની નજરે ખડું થયું. "પવિત્ર બુદ્ધિવાળા ધર્માત્મા યુધિષ્ઠિરનો ઉત્તમ પલંગોપર પોઢવાનો અભ્યાસ હતો તે હાલ ધરતીપર કેમ સૂઇ શકતા હશે ? ભીમસેન, વાયુનું, ટાઢનું

તથા તડકાનું શી રીતે સહન કરી શકતા હશે? સુકુમાર શરીરવાળા અર્જુન, નકુલ અને સહદેવ વનમાં કષ્ટોને કેવી રીતે વેઠી શકતા હશે?" પુત્રવાત્સલ્યથી ધૃતરાષ્ટ્રના વિચારોએ એકદમ બીજી બાજુ પકડી. "અપમાન પામેલા પાંડવો મારા પુત્રોને મારવાનોજ મનસુબો કરતા હશે. સભામાં દુઃશાસનનો વચનપ્રહાર ભીમસેનની છાતીમાં ખુંચતો હશે. ભીમ અને અર્જુન મારા પુત્રોને માર્યાવિના મૂકશે નહિં. દુર્યોધનવગેરે મંદ બુદ્ધિવાળા હોવાથી હાલના સુખપરજ નજર રાખેછે અને પરિણામનો વિચાર કરતા નથી. શુભ વા અશુભ કાર્ય કર્યા પછી તેના ફળની વાટ અવશ્ય જોવીજ જોઇએ. યુધિષ્ઠિરે આજ સુધી સારૂંજ કર્યું છે, મેં દુષ્ટ દુષ્ટ પુત્રને વશ થઈ ભુંડુંજ કર્યું છે. જરૂર કૌરવોનો વિનાશ થવાનો છે. ગર્ભિણી સ્ત્રી વેહેલી મોડી પણ અવશ્ય બાળકને જન્મ આપે, તેમ જે દુઃખ માથે ફરતું હોય તે એક દિવસે આવીને પડ્યા વિના રહે નહિ. પણ શું થાય? હું પણ મળેલા લાભને છોડી શકતો નથી. ધન એ કાંઈ એવો પદાર્થ છે કે તેને વાસ્તે અન્યાયથી પણ યત્ન કરવામાં આવેછે. પૂર્વે મહાત્મા રાજાઓ પણ મળેલા ધનને છોડી શકયા નથી. ધનનાપર મનુષ્યને કોઇ એવો સ્વાભાવિકજ પ્રેમ છે. ધનવિના વ્યવહારની પણ અનુકૂળતા થતી નથી. અન્યાયથી પણ મેં મેળવેલા ધનનું રક્ષણ કર્યાવિના કેમજ ચાલે? ભવિષ્ય હશે તે થશે, પણ બીકથી ધનને કેમ છોડી દેવાય! ધનને એવું જાળવી રાખવું જોઇએ કે, એક દમડી પણ ઓછી થાય નહિ. અર્જુન અને ભીમ એજ માત્ર કૌરવોનો વિનાશ કરવાને સમર્થ છે, તથાપિ જે હાથમાં આવ્યું છે તે અનાર પાસે પાછું આપી દેવું એ તો મને ઠીક લાગતું નથી." અંતે ધૃતરાષ્ટ્રના છેવટના વિચારોથી દુર્યોધનના દુરાગ્રહને અનુમોદન મળેલું જાણી ચંડાળચોકડી રાજી થઇ. શકુનિએ તથા કર્ણે એકાંતમાં દુર્યોધનને કહ્યું કે, "હવે આપણને કોઇ જાતની ચિંતા રહી નથી. પાંડવોનું સઘળું રાજ્ય તારા હાથમાં આવી ચુક્યું છે. સઘળા રાજાઓ તને નમી નમીને કર આપેછે. તારો અનાદર કરવાવાળા પાંડવો બુભુક્ષિત જેવા બની વનમાં રઝળેછે. સાંભળવા પ્રમાણે પાંડવો દ્વૈતવનમાં આવી વસ્યા છે તો હવે તારે રાજ્યલક્ષ્મીના મોટા ભભકાથી ત્યાં જઇ પતિત થયેલા પાંડવોને જોવા, જેથી તારી જાહોજલાલી જોઇ તેઓ મનમાં બળશે. પોતાની ઉત્તમ સ્થિતિમાં પોતાના શત્રુને ચીંથરેહાલ હલકી સ્થિતિમાં જોનારનું મોટું ભાગ્ય સમજવું. પાંડવો તને રાજાધિ-

રાજ થયેલો દેખે એજ આપણને મોટો લાભ છે શત્રુઓને દુઃખી દેખવાથી જેવો આનંદ થાયછે તેવો આનંદ ધનલાભ, પુત્રજન્મ કે રાજ્યની પ્રાપ્તિથી પણ થતો નથી. અર્જુનને વલ્કલો પહેરી બેઠેલો જોવાથી તને કેટલોબધો આનંદ થશે ? ઉત્તમ વસ્ત્રાલંકારોથી શણગારેલી તારી સ્ત્રીઓ દીન થયેલી દ્રૌપદીને દેખી રાજી થશે અને દ્રૌપદી પોતાના જીવિતને ધિક્કારશે." દુર્યોધન રાજી થયો પણ કેટલાંક કારણોને લીધે પાંડવોપાસે જવાની ધૃતરાષ્ટ્ર રજા નહિ આપે, એવું વિચારી મિત્રોને જણાવતાં તેણે કહ્યું કે, "ધૃતરાષ્ટ્ર આપણાં કર્ત્તવ્યમાં કદી રાજી હોય તોપણ અપકીર્તિથી મને ત્યાં જવાની રજા આપે એવો સંભવ નથી. વળી દ્વૈતવનમાં જવાનું હાલ કાંઇ બીજું બહાનું કે પ્રયોજન પણ નથી. ત્રીજી વાત એ છે કે, વિદુર તેની હમેશની રીતપ્રમાણે આપણી ધારણામાં વિઘ્ન નાખી ધૃતરાષ્ટ્રના વિચારને ફેરવી નાખશે. ભીમ, અર્જુન તથા દ્રૌપદી વગેરેને ચીંથરેહાલ જોવાથી જેવો મને આનંદ થાય એવો આનંદ રાજ્યસુખથી પણ મળતો નથી. તેઓ મારા ઉત્કર્ષને દેખે તોજ મારૂં જીવિત સફળ થાય. પણ ધૃતરાષ્ટ્ર રજા આપે એવો ઉપાય તમે શોધી કહાડો." કર્ણ હસીને બોલ્યો કે, "દ્વૈતવનમાં જવાના અનેક મિષ મળશે. મારા મનમાં એક વાત ઉગી છે તે એ કે, દ્વૈતવનમાં ગોવાળોને આપણી ગાયો ચારવા સોંપીછે તેનો તપાસ કરવાને તથા તેમાં વાછરડાંઓને અંકાવવાને બહાને જવાની રજા મેળવશું. પણ તે પહેલાં આપણે ધૃતરાષ્ટ્રની પાસે બેઠેલા હોઇએ તે વખતે એવિષે કોઈ ગોવાળ આવીને અરજ કરે એવી યુક્તિ રચવી જોઇએ." આ સૂચનાથી સૌ રાજી થયા અને આવતે દિવસે એ યુક્તિનો અમલ કરવાનો ઠરાવ કરી પરસ્પર હાથતાળીઓ દઈ છૂટા પડ્યા. ગોવાળને ઉભો કર્યો અને બીજે દિવસે ઠરાવ પ્રમાણે તેઓ ધૃતરાષ્ટ્ર પાસે આવી બેઠા. થોડીવારમાં ગોવાળે આવી ધૃતરાષ્ટ્રને અરજ કરી કે, "મહારાજ ! આપની ગાયો દ્વૈત વનમાં અમને સોંપી છે તેઓની નોંધ કરી લેવા તથા તેના વાછરડાંઓને અંકાવવાનો આ યોગ્ય સમય છે, માટે આપનાં માણસ મોકલી તેનો બંદોબસ્ત કરો." શકુનિએ હળવે રહીને બનેવીને સૂચના કરી કે, "હમણાં ગાયોના નેસો દ્વૈતવનના ઉત્તમ પ્રદેશમાં કરવામાં આવ્યા છે. તેમાં કેટલી સગર્ભા છે, કેટલી ઠાલી છે અને કેટલી દૂઝણી છે, તેની નોંધ કરવાનો અને વાછરડાંઓને અંકાવી લેવાનો આ યોગ્ય અવસર છે; વળી ત્યાં મૃગયા કરવાની પણ સગવડ છે, માટે દુર્યોધનને ત્યાં જવાની રજા આપો." ધૃતરાષ્ટ્રે ઉત્તર આપ્યો કે,

"તમે કહોછો તે બરાબર છે, પણ ગોવાળ લોકોનો વિશ્વાસ કરવો એ ઠીક નથી. સિંહ જેવા પાંડવો હાલ તે વનમાં વસેછે. યુધિષ્ઠિર ક્રોધ કરે એમ નથી, પણ ભીમ અને દ્રૌપદી તો પ્રજ્વલિત અગ્નિજેવાં છે. તમે અભિમાનને લીધે તેમની જરા છેડ કરો તો તેઓ તપસ્વી હોવાને લીધે તમને શાપથીજ બાળી મૂકે અથવા તેઓ શૂરવીર હોવાથી તમને શસ્ત્રોથી કાપી નાખે. તેઓ કદી શાંત થઇ સહન કરે તો એથી પણ આપણી અપકીર્તિ કહેવાય. અર્જુને આગળ દિગ્વિજય કર્યો હતો અને હવે તો તે ઇંદ્રલોકમાંથી અસ્ત્રવિદ્યા શીખી લાવ્યો છે. માટે હવે તે કયું કામ કરી નહિ શકે? તમને શત્રુની સમીપમાં મોકલવા એ મને સારૂં લાગતું નથી. તમે નહિ તો તમારા સિપાઇઓ તેમની છેડ કરે, તેનો દોષ પણ આપણાપર આવી પડે. માટે એ કામને વાસ્તે બીજા કોઇ વિશ્વાસુ માણસોને મોકલો." શકુનિએ ધૃતરાષ્ટ્રના ભયનું સમાધાન કરતાં જણાવ્યું કે, "યુધિષ્ઠિર ધર્માત્મા છે માટે તે અમારાપર કોપ કરશે નહિ અને સઘળા ભાઇઓ વડિલ ભાઇની આજ્ઞાનું ઉલ્લંઘન કરે એમ નથી. અમારે પાંડવો પાસે જવાની જરૂર નથી." મરજી નહિ છતાં સાળાનો આગ્રહ જોઇ ધૃતરાષ્ટ્રે આજ્ઞા આપી. આજ્ઞા મળતાં દુર્યોધને મોટા દમામથી ત્યાં જવાની તૈયારી કરી. પોતાના ભાઇઓ, શકુનિ, કર્ણ, હજારો સ્ત્રીઓ, રથો, હાથીઓ, ઘોડાઓ તથા લાખો પાળાઓ લઇને તે નીકળ્યો. સાથે સેંકડો મોદીઓ, વેપારીઓ, વેશ્યાઓ, બંદિજનો તથા મૃગયામાં રૂચિ ધરાવનારા બીજા લોકો પણ તેમની પછવાડે જવાને નીકળ્યા. દ્વૈતવનથી બે ગાઉને છેટે પડાવ નાખ્યો. ગાયો તથા વાછડાંઓની સંભાળ લેવાનું કામ પ્રથમ શરૂ કર્યું. સિપાઇઓ વનમાં મોજમજાહ કરવા લાગ્યા. દુર્યોધને ગાન તાન કરાવી હજારો પૈસાને માથે પાણી ફેરવી પોતાનો પોરસ દેખાડ્યો. પછી મૃગયા કરવા નીકળ્યો. ઘણાં પશુઓને માર્યાં અને ઘણાંને જીવતાં પકડ્યાં. અભિમાનમાં આવેલો દુર્યોધન પોતાના પડાવને ધીરે ધીરે આગળ વધારવા અને પાંડવોનો આશ્રમને દબાવવા લાગ્યો. પાંડવોના આશ્રમ નજીક દુર્યોધનના સિપાઇઓ જતાં તે સ્થળમાં હજારો ગંધર્વોની સાથે આવેલો એક મોટો ગંધર્વ ત્યાં પડાવ નાખીને રહેલો તેમના જોવામાં આવ્યો. દુર્યોધનને ખબર પડતાં તેણે ગંધર્વોને કાઢી મુકવાની આજ્ઞા આપી. સિપાઇઓએ પોતાના મહારાજાની ઓળખાણ આપી અને તેની એ આજ્ઞા ગંધર્વોને જણાવી. ગંધર્વોએ તેમની આજ્ઞાનો તિરસ્કાર કરી કહ્યું કે, "મંદબુદ્ધિ દુર્યોધન કોણ છે? જે અમને આવી રીતે હુકમ કરેછે! તમોને પણ મરવાની ઇચ્છા થઇ જ-

ણુાયછે, જેથી અમને નિકળવાના હુકમનો અમલ કરવા આવ્યા છો. જેને જીવવાની આશા હોય તો અહીંથી જલદી જતા રહો." સિપાઇઓ પાછા ગયા. દુર્યોધને પૂર્ણ ક્રોધ કરી સખ્ત આજ્ઞા કરી, કે "એ ગંધર્વ લોકોને શિક્ષા કરો. આ વખતે કદાચ ઇંદ્ર આવેલ હોય તો ઇંદ્રને પણ શિક્ષા કરો." આવી આજ્ઞા થતાં હજારો સૈનિકો ગંધર્વોપર ધસ્યા. ગંધર્વોના અધિપતિ ચિત્રસેને શત્રુઓને સંપૂર્ણ રીતે શિક્ષા કરવા પોતાના ગંધર્વોને આજ્ઞા આપી. ગંધર્વો મોટાં મોટાં આયુધો લઈ જેવા ઉઠયા, કે દુર્યોધનના યોદ્ધાઓ ભય પામીને ભાગ્યા. માત્ર કર્ણ, સામે ઉભો રહ્યો. લાખો ગંધર્વો કર્ણની સામે છૂટયા. કર્ણને અગ્રણી રાખી દુર્યોધનવગેરે પણ પ્રબળ યુદ્ધ કરવા લાગ્યા. ગંધર્વોએ તુમુલ યુદ્ધ માંડયું પણ ક્ષણમાત્રમાં પરાસ્ત થઈ પાછા પડી ગયા. ગંધર્વોને ત્રાસ પામેલા જોઇ કૌરવો સિંહનાદ કરવા લાગ્યા. ક્રોધ પામેલો ચિત્રસેન ઉઠયો અને માયાના અસ્ત્રથી યુદ્ધ કરવા લાગ્યો. કૌરવ-સૈન્યના યોદ્ધાઓ મુંઝાઇ ગયા અને દશ દશ ગંધર્વો તેમના એક એક યોદ્ધાને ઘેરીને ઉભા. ઘણા યોદ્ધાઓ કાયર થઇ, જીવ લઇ નાસવા લાગ્યા. સૂર્યનો પુત્ર કર્ણ પહાડની પેઠે અચળ થઇ ઉભો રહ્યો અને ગંધર્વોને મારવા લાગ્યો. દુર્યોધન વગેરે પણ મરણીયા થઇ લડયા. કર્ણને પ્રથમ મારી નાખવાની ઇ-ચ્છાથી લાખો ગંધર્વોએ તેને ઘેર્યો, અને તેનાપર બાણોની વૃષ્ટિ કરી. કેટલાએકે કર્ણના રથની ધોંસરી કાપી નાખી, કેટલાએકે ધ્વજા પાડી નાખી, કેટલાએકે ઉધ કાપી નાખી, કેટલાએકે ઘોડા મારી નાખ્યા, કેટલાએક સારથિને મારવા મંડયા અને કેટલાએકે રથના ટુકડેટુકડા કર્યા. ત્રાસ પામેલો કર્ણ પોતાના રથમાંથી ઉતરી ઢાલ તરવાર લઇ વિકર્ણના રથમાં ચઢી બેઠો અને ભાગી નાસવા માટે તે રથના ઘોડાઓને મારી મૂકયા જેથી કર્ણનો ફરી પત્તોજ લાગ્યો નહિ. પ્રહારથી કર્ણને નાસી ગયેલો જોઇ સઘળા યોદ્ધાઓ દુર્યોધનના દેખતાં નાઠા. દુર્યોધન યુદ્ધથી વિમુખ ન થયો. તે હજુ શત્રુઓનાપર બાણોની વૃષ્ટિ કરતો હતો. તેની બાણવૃષ્ટિને નહિ ગણકારતાં ગંધર્વો દુર્યોધનના રથપર તુટી પડયા અને કર્ણના રથ જેવી દુર્યોધનના રથની સ્થિતિ કરી. દુર્યોધન ધરતીપર પડયો. ચિત્રસેને તેને પકડી લીધો. દુઃશાસન પણ એક ગંધર્વના સપાટામાં સપડાયો, કેટલાએક ગંધર્વોએ બીજા કૌરવોને તથા તેમની સ્ત્રીઓને પકડયાં. આ પ્રમાણે દુર્યોધનને તથા ઘણાં માણસોને પકડીને ગંધર્વો ચાલવા માંડતાં યુદ્ધમાંથી ભાગી છૂટેલા કેટલાએક વૃદ્ધ મંત્રીઓએ પાસેના આશ્રમમાં જઇ

પાંડવોને શરણે થઈ પોકાર કર્યો કે, "પાંડવો ! દુર્યોધન રાજાને ગંધર્વો પકડી લઈ જાયછે, માટે તેનું રક્ષણ કરવા દોડો. દુઃશાસન, વિકર્ણ તથા તેમની સ્ત્રીઓને પણ ગંધર્વો પકડી લઈ જાયછે." ભીમસેન બોલ્યો કે, "જે કામ મોટા પ્રયત્નથી અમારે કરવાનું હતું તે ગંધર્વોએ બજાવ્યું. નપુંસકના દુશ્મનોને બીજાઓજ મારેછે, એવું અમે સાંભળ્યું હતું તે વાતને આજ ગંધર્વોએ ખરી પાડી. જગતમાં અમારૂં ભલું કરનાર પણ એવો કોઇ પુરૂષ છે કે જેણે અમારો સઘળો ભાર સેહેજ ઉતારી નાખ્યો. સુખીયો દુર્યોધન અમો દુઃખીઆઓને જોવા આવ્યો હતો, તેનો દૈવેજ આ પ્રમાણે પરાભવ કર્યો." ભીમસેનનાં ક્રોધભરેલાં વાક્યો સાંભળી યુધિષ્ઠિર બોલ્યા કે, "આ સમય કઠણ વચનો બોલવાનો નથી. આ લોકો ભયથી પીડા પામી શરણની ઇચ્છાથી આપણી પાસે આવેલા છે તેમને આવાં વચન કહેવાં યોગ્ય નથી. ભીમસેન ! ભાઇઓમાં વૈર પણ થાય, કુસંપ પણ થાય અને કજીઆ પણ થાય, પરંતુ તેવાં કારણોને વચમાં લઇ કુળનો ધર્મ છોડી દેવો યોગ્ય નથી. ભાઇઓમાં પરસ્પર વૈર હોય તોપણ જ્યારે કોઇ બહારનો શત્રુ કુળની લાજ લઇ જતો હોય ત્યારે તે વખતે સઘળા ભાઇઓએ એકસંપ કરી શત્રુને મારવો જોઇએ. વૈરને લીધે બે પક્ષ બંધાયાથી સો ભાઇઓ કૌરવો અને આપણે પાંચ પાંડવો કહેવાઇએ છીએ, પણ જ્યારે કોઈ ત્રીજો શત્રુ ઉભો થઈ કુળની લાજ લેવા આવે ત્યારે આપણે એકસો પાંચ ભાઇઓ છીએ એવું સમજી પરસ્પર સહાયતા કરવી જોઇએ. એ દુષ્ટબુદ્ધિ દુર્યોધન પોતાની રાજ્યલક્ષ્મી લઇને આપણને કચવાવવા આવ્યો હતો, તોપણ આપણે વિચારવું જોઇએ કે, ગંધર્વોના હાથથી દુર્યોધન પકડાઇ જવાથી અને તેમના હાથથી કૌરવોની સ્ત્રીઓનો સ્પર્શ થવાથી આપણા કુળની પ્રતિષ્ઠાને મ્હોટી હાનિ પહોંચી છે. ભીમસેન ! તમે, અર્જુન, નકુલ તથા સહદેવ શરણાગતના રક્ષણરૂપ ધર્મને તથા કુળની પ્રતિષ્ઠાના રક્ષણરૂપ ધર્મને સાચવવાસારૂ સજ્જ થઇ પકડાયલાઓને ગંધર્વોપાસેથી છોડાવી લાવો. કૌરવોના તથા આપણા રથો તૈયાર છે તેમાં બેસીને ગંધર્વોની પછવાડે પડો અને કૌરવોને છોડાવો. સાધારણ ક્ષત્રિય પણ શરણાગતના રક્ષણને માટે પોતાનાં પ્રાણસુદ્ધાં આપવા તૈયાર થઈ જાયછે. શત્રુ છતાં પણ જો તે શરણાગત થઇ "મારૂં રક્ષણ કરો" એમ બોલે તો તેનું રક્ષણ કરવું એ આર્ય મહાત્માઓનો ધર્મ છે. દેવતાઓપાસેથી વરદાનની પ્રાપ્તિ, રાજ્ય અને પુત્રજન્મ એ ત્રણ ઉત્સવરૂપ પ્રિય વસ્તુઓને એક પલ્લામાં મૂકો અને બીજા પલ્લામાં

શત્રુના રક્ષણરૂપ ધર્મને મૂકો અને પછી તેની તુલના કરો તો આ છેલ્લી એક વસ્તુ પહેલી ત્રણના બરાબર ઉતરશે. વિપત્તિમાં આવેલો દુર્યોધન તમારા બાહુબળથી પુનઃ જીવનને પામે એના જેવો બીજો કયો લાભ? ભીમસેન! જો હું આજ આ દિવસની યજ્ઞક્રિયા આરંભી બેઠો ન હોત, તો હું પોતે હમણા દોડત. નીતિવચનોથી ગંધર્વો ન છોડે તો પછી થોડું પરાક્રમ કરી દુર્યોધનને છોડાવજો." ધર્મરાજાનાં આ વચનો સાંભળી તેજ વખતે અર્જુને પ્રતિજ્ઞા કરી કે, "જો ગંધર્વો અમારા કહેવા પ્રમાણે ધૃતરાષ્ટ્રના પુત્રોને નહિ છોડે, તો આજ આ પૃથ્વી ગંધર્વોના લોહીથી તૃપ્ત થશે." અર્જુનનાં વચનો સાંભળી દુર્યોધનના મંત્રીઓને હોંસ આવ્યા અને હેઠા બેઠા. ભીમસેન વગેરે બીજા ભાઇઓ પણ આયુધો લઇ તૈયાર થઇ ચાલતા થયા. પાંડવોને પછવાડે આવતા જોઇ ચિત્રસેને પોતાની સેનાને પાછી વાળી પોતે અંતર્હિત ઉભો રહ્યો. અર્જુને ગંધર્વોને કહ્યું કે, "મારા ભાઈ દુર્યોધનને છોડી મૂકો." ગંધર્વો હસતાં હસતાં બોલ્યા કે, "અમે એકજ ધણીના તાબેદાર છીએ અને તેનોજ હુકમ માનીએ છીએ, બીજાનો હુકમ માનતા નથી." અર્જુન બોલ્યો કે, "તમો માણસોને પકડી જાઓછો અને પરસ્ત્રીઓનો સ્પર્શ કરોછો એ તમોને ઘટતું નથી. તમે યુધિષ્ઠિરની આજ્ઞાથી ધૃતરાષ્ટ્રના પુત્રોને તથા તેમની સ્ત્રીઓને છોડી મૂકો નહિ તો હું પરાક્રમ કરીને છોડાવીશ." એવું સાંભળી ગંધર્વો ગર્વિત થયા અને વેગમાં આવી જતાં અર્જુને તેમના પર બાણોની વૃષ્ટિ ચલાવી. ગંધર્વો પાંડવોને ઘેરી વળ્યા. પાંડવો પ્રબળ બાણોથી એવા પ્રહાર કરવા લાગ્યા કે, ગંધર્વો તેમના સમીપમાં આવવા પામ્યા નહિ. ક્રોધ પામેલા ગંધર્વોઉપર અર્જુને દિવ્ય અસ્ત્રોનો ઉપયોગ કર્યો. બાણોથી કપાતા ગંધર્વો દુર્યોધનવગેરેને લઈ આકાશમાં જવા લાગ્યા. અર્જુને બાણોનું જબરૂં જાળ પાથરી તેમને અટકાવ્યા. અર્જુનનાં બાણોથી તેમનાં શરીર એવાં તો કપાવા માંડ્યાં કે, તેમનાં માથાં, હાથ, પગ વગેરે તાડનાં ફળોની પેઠ ધરતીપર ધડાધડ પડવા લાગ્યાં. ગંધર્વોને ત્રાસ પામેલા જોઈ છુપાએલા ચિત્રસેન દિવ્ય અસ્ત્રોનો પ્રયોગ કરવા લાગ્યો. અર્જુને પોતાનાં બાણોથી તેનું વારણ કર્યું ત્યારે ચિત્રસેન પ્રત્યક્ષ થયો અને અર્જુનપાસે આવી બોલ્યો કે, "મને ઓળખોછો ? હું તમારો મિત્ર છું" ઓળખાણ પડતાં પાંડવોએ યુદ્ધ બંધ કર્યું. અર્જુને ચિત્રસેનની કુશળતા પૂછી અને દુર્યોધનવગેરેને પકડી લઈ જવાનું કારણ પૂછ્યું. ચિત્રસેને ઉત્તર આપ્યો

કે, "અહિં આવી પોતાની સંપત્તિનો ભપકો દેખાડીને તમોને કચવાવવાનો તથા દ્રૌપદીની હાંસી કરવાનો દુર્યોધનવગેરેનો દુષ્ટ અભિપ્રાય જાણ‑વામાં આવતાં ઇંદ્ર મહારાજે મને આજ્ઞા કરી કે, અર્જુન તારો પ્રિય મિત્ર છે અને શિષ્ય પણ છે, માટે આ અપમાનમાંથી અર્જુનની અને તેના ભાઇઓ‑ની રક્ષા કર અને દુર્યોધનવગેરે તેમના શત્રુઓને પકડી લાવ. આ પ્રમાણે ઇંદ્ર મહારાજની આજ્ઞાથી હું સૈન્ય લઇ આવ્યો હતો અને હવે આ લોકોને પકડી લઇ જાઉંછું." અર્જુને કહ્યું કે, "ચિત્રસેન! તું મને રાજી રાખવા ઇચ્છતો હો તો આ મારા ભાઇ દુર્યોધનને છોડી દે." ચિત્રસેને ઉત્તર આપ્યો કે, "યુધિ‑ષ્ઠિર જેવા ધર્માત્માને તથા દ્રૌપદી જેવી સતીને ઠગનારો આ દુષ્ટ દુર્યોધન છોડી દેવા યોગ્ય નથી. દુર્યોધનના મનોરથની યુધિષ્ઠિરને ખબર નથી તેથી તે તેને છોડી મૂકવાનું કહેછે. ચાલો આપણે આ વાત યુધિષ્ઠિરપાસે મૂકી‑એ, પછી તે મરજી પ્રમાણે કરે." એમ વિચાર કરી સૌ યુધિષ્ઠિર પાસે આવ્યા અને દુર્યોધનના મનનો વિચાર અને ઇંદ્ર મહારાજની આજ્ઞા યુધિષ્ઠિરને નિવે‑દન કરી. યુધિષ્ઠિરે તેની દુષ્ટતાનો વિચાર મનમાં ન લાવતાં તેને છોડી મૂકવાની આજ્ઞા કરી અને દુર્યોધનવગેરે છૂટા થતાં તેઓને મારી ન નાખતાં છૂટા કર્યાના કૃત્યને માટે ગંધર્વોનો ઉપકાર માન્યો અને ઇંદ્ર મહારાજની કૃપાને વાસ્તે પોતાની પ્રીતિ બતાવી. યુધિષ્ઠિરના મનની ઉદારતાથી આશ્ચર્ય પામી ગંધર્વો રાજી થયા અને આજ્ઞા માગી પાછા ઇંદ્રલોકમાં ગયા. યુદ્ધમાં મરણ પામેલા ગંધર્વોઉપર અમૃતની વૃષ્ટિ કરી ઇંદ્રે તેમને પુનઃ જીવતા કર્યા. યુધિષ્ઠિરે પ્રસન્ન વદને દુર્યોધનને કહ્યું કે, "ભાઇ! આવું સાહસ ફરીવાર કરીશ નહિ. સાહસ કરનારાઓ સુખી થતા નથી. હવે તું નિર્ભયપણે તારા ભાઇઓ તથા સ્ત્રીઓને લઇ પાછો ઘેર જા અને આ બાબતનો કશો ખેદ કરીશ નહિ." યુધિષ્ઠિરે આમ કહી રજા દેતાં જીવતાં મુવા જેવા અને લાજથી લેવાઇ ગયેલો દુર્યોધન પો‑તાના સૈન્યનીસાથે પાછો હસ્તિનાપુરતરફ ચાલ્યો અને પાંડવો ત્યાંજ પાછા કર્તવ્યપરાયણ થયા.

પ્રકરણ ૩૧ મું.

સ્મશાનવૈરાગ્ય.

દુર્યોધન પાંડવોને તેઓની પડતી દશામાં પોતાનો વૈભવ બતાવી બળ્યાને બાળવા આવ્યો હતો, પણ બિચારો પોતેજ ઉપહાસ અને દયાનું પાત્ર બની, એજ પાંડવોના પ્રતાપથી પ્રાણ બચાવી પોતાની રાજધાનીતરફ નીચું મોઢું કરી નાઠો. રસ્તામાં રમણીય પ્રદેશમાં વાસ કર્યો અને ત્યાં રાહુએ ગ્રહેલ ચંદ્ર જેવો દીનની પેઠે પલંગપર તે બેઠો હતો તે વખતે, યુદ્ધમાંથી પોબારા ગણી ગએલો કર્ણ તેની પાસે આવી બોલ્યો કે, ‘ દુર્યોધન! તમે તથા તમારા ભાઈઓ જીવતા રહ્યા અને ગંધર્વોને જીત્યા એ બહુ સારૂં થયું. મારા ઉપર ગંધર્વોએ એવી તો ચોટ કરી. કે મારે ભાગી જવાની જરૂર પડી. તમારી જીતને માટે હું તમને અભિવંદન કરૂંછું. તમારા કાર્યની બરોબરી કરનાર જગતમાં કોઈ નથી.” ગળગળો થયેલો દુર્યોધન કર્ણના ભાગવા પછી પોતાની થયેલી દુર્દશા તેને જણાવતાં બોલ્યો કે, “તમારા નાસવા પછી બનેલ વૃત્તાંતથી તમે જાણીતા થયા જણાતા નથી. ગંધર્વોએ અમને હરાવ્યા અને તેઓ અમને તથા અમારી સ્ત્રીઓને પકડી બાંધીને લઇ જતા હતા તે સમયે આપણી સેનાનાં કેટલાંએક માણસો પાંડવોને શરણે જતાં, પાંડવોએ

કુળની પ્રતિષ્ઠા બચાવવા સારૂ ગંધર્વોની સાથે યુદ્ધ કરીને અમોને છોડાવ્યા. આપણે જે અભિપ્રાયથી દ્વૈતવનમાં ગયા હતા તે અભિપ્રાય ચિત્રસેને યુધિષ્ઠિરને કહી સંભળાવવા માંડ્યો તે સમયે તો મને :"ધરતી માર્ગ આપે તો ઠીક" એવી ઇચ્છા થઇ હતી. જેઓના મેં ઘણા ઘણા તિરસ્કારો કર્યા અને જેઓનો હું પરમ શત્રુ છું, તેઓની પાસે હું બંધાઇને ગયો, તેઓએજ મને છોડાવ્યો અને તેઓએજ મને જીવિતદાન આપ્યું; તો એથી વધારે બીજું શું ભુંડું કહેવાય? હું ગંધર્વોના હાથથી મરી ગયો હોત તો સારૂં હતું પણ જીવતો રહ્યો એ ભુંડું થયું. હું યુદ્ધમાં મુવો હોત તો મારી કીર્તિ પણ રહેત અને ઉત્તમ લોકની પ્રાપ્તિ પણ થાત. હવે હું તો અન્ન જળનો ત્યાગ કરીને અહીંજ મારા પ્રાણ કહાડી નાખીશ તમો સર્વે હસ્તિનાપુરમાં જાઓ. હું હસ્તિનાપુરમાં આવીને શું મોહોડું દેખાડું, ધૃતરાષ્ટ્રની પાસે શું બોલું અને ભીષ્મ તથા વિદુર વગેરે લોકોને શો ઉત્તર આપું! શત્રુઓનાં માથાંઓની ઉપર પગ મુકનારો હું આજ પોતાના દોષથીજ દુઃખી થયો તો હવે મારે જીવીને શું કરવું? આજ મને નિશ્ચય થયો કે, અભિમાની લોકોને લક્ષ્મી, વિદ્યા કે ઐશ્વર્ય મળે તો લાંબા વખત સુધી ટકે નહિ. મેં દુર્બુદ્ધિપણાને લીધે ન કરવાનું કામ કર્યું તેથી મને પસ્તાવું પડેછે. હું જે મોટું અભિમાન ધરાવનારો છું, તેને શત્રુઓએ કષ્ટમાંથી છોડાવ્યો તથા હાંસી કરી માટે હવે મારા જીવવાની આશા છોડી દીધી." દુર્યોધને કર્ણને એ પ્રમાણે કહીને પછી દુઃશાસનને કહ્યું કે, "હું તને મારૂં રાજ્ય આપી દઉંછું. તું કર્ણની અને શકુનિની સહાયતાથી પૃથ્વીનું પાલન કરજે, બાંધવાનું રક્ષણ કરજે અને શત્રુઓનો તિરસ્કાર કરજે. જા હવે હું તને રાજ્ય આપુંછું." દુર્યોધનનાં વચન સાંભળી, ગળગળો થઇ, રોઇ પડી, હાથ જોડી, પ્રણામ કરીને દુઃશાસન બોલ્યો કે, "મહારાજ! એમ કદી થવાનું નથી પૃથ્વી ફાટી પડે અને સમુદ્ર સુકાઇ જાય તોપણ હું તમારાવિના રાજ્ય કરવાનો નથી. તમેજ સો વર્ષ સુધી રાજ્ય કરશો." એટલું બોલી દુર્યોધનના પગમાં માથું મુકીને દુઃશાસન રોવા લાગતાં કર્ણે દુર્યોધનને કહ્યું કે, "મૂર્ખપણાથી પામરની પેઠે મુંઝાઓછો શું? જો શોક કર્યા કરીએ તો શોક કદી પણ મટે નહિ. શોક કરવાથી દુઃખ કાંઇ મટી જતું નથી પણ ઉલટું વધેછે, માટે શોક કરવામાં શું ફળ છે? ધીરજ પકડો. શત્રુઓને રાજી કરો માં. પાંડવોએ કાંઇ નવું કર્યું નથી પણ જે કામ નોકરોએ તથા પ્રજાએ કરવું જોઇએ તેજ કર્યું છે. રાજાઓ જ્યારે કાંઇ

સંકટમાં આવી પડે ત્યારે તાબાના લોકોએ રાજાની સહાયતા કરવીજ જોઇએ. પાંડવો તમારા દેશમાં તમારા રક્ષણતળે રહેલા છે તો તેઓએ તમને છોડાવ્યા તેમાં શી નવાઈ કરી? હું તો એટલે સુધી કહુંછું કે, પાંડવો નોકરતરીકે તમારી પછવાડે ચાલ્યા આવ્યા નહિ એ તેઓએ ભૂલ કરી. પાંડવોની ધીરજ જુઓ કે એઓ મોટી વિપત્તિમાં પડ્યા છતાં અન્નજળનો ત્યાગ કરી બેઠા નથી. રાજા! જો તમે મારૂં વચન નહિ માનો તો હું પણ અહીંજ રહીને તમારા ચરણની સેવા કરીશ. પણ હું તમને ચોખ્ખું કહુંછું કે, અન્નજળનો ત્યાગ કરી આ રીતે બેસવાથી રાજાઓમાં તમારી મશ્કરી થશે.''

કર્ણ બોલી રહ્યા પછી શકુનિએ દુર્યોધનને કહ્યું કે, "કર્ણ જે કહેછે તે સાચું કહેછે. મેં પાંડવોના પાસેથી ખેંચીને લઇ આપેલી લક્ષ્મીને છોડી દઇને તમે આજ મૂર્ખાઇથી પ્રાણ છોડી દેવા કેમ બેઠા છો? હું તો એમજ ધારૂંછું કે, તમે કોઇ વૃદ્ધ લોકોની વાતો સાંભળીજ નથી. જે પુરૂષ ઉછળેલા હર્ષને કે ઉછળેલા શોકને સમાવી શકે નહિ તે પુરૂષ લક્ષ્મીને પામ્યો હોય તો પણ પાણીમાં પડેલા માટીના કાચા વાસણની પેઠે વીંખાઇ જાયછે. જે રાજા અત્યંત બીકણ, અત્યંત દુબળા મનવાળો, દીર્ઘસૂત્રી કે ગાફલ હોય તેને પ્રજા માન દેતી નથી. પાંડવોએ તો તમારો સત્કાર કર્યો છે તેમાં તમે ઉંધું કેમ સમજોછો? પાંડવોએ કરેલી સેવાને તમારે રદ કરી નાખવી છે કે શું? તમારે રાજી થવું જોઇએ અને પાંડવોનો સત્કાર કરવો જોઇએ તેને બદલે આ વિપરીત શું કરોછો? પાંડવોએ કરેલી નોકરીની કદર બુઝીને જો તમારી ખુશી હોય તો એઓને રાજ્ય આપો, કે જેથી તમારી કીર્ત્તિ પણ વધે.'' એ પ્રમાણે કર્ણ તથા શકુનિ સમજાવતાં છતાં પણ લજાએલો, ભોંઠો પડેલો અને નિરાશ થયેલો દુર્યોધન બોલ્યો કે, "મારે ધર્મનું, ધનનું, સુખનું, ઐશ્વર્યનું, આજ્ઞાનું કે ભોગોનું કશું કામ નથી. તમો અહિંથી જતા રહો. મેં અન્નનો અને જળનો ત્યાગ કરીને અહીંજ બેઠા રહેવાનો નિશ્ચય કર્યો છે. તમો સઘળા હસ્તિનાપુર જાઓ અને ધૃતરાષ્ટ્રની તથા મારી માની સેવા કરો.'' એ પ્રમાણે દુર્યોધનનાં વચન સાંભળી "જે ગતિ તમારી થશે તેજ અમારી થશે.'' એમ કહી સર્વ લોકો દુર્યોધનની પાસેજ રહ્યા. મિત્રો, કારભારીઓ, ભાઇઓ તથા સંબંધીઓએ દુર્યોધનને ઘણી ઘણી રીતે સમજાવ્યો તોપણ દુર્યોધન પોતાના નિશ્ચયથી ચલિત થયો નહિ. મરવાનો નિશ્ચય કરી, જળનું આચમન કરી, દુર્યોધન દર્ભની પથારી ઉપર સુતાં તેને મધરાતના સમયમાં

એક સ્વપ્ન આવ્યું તેમાં દૈત્યોએ કહ્યું કે, 'તારે કોઇ જાતની ચિંતા રાખવી નહિ, પરિણામે તારો જય થશે અને પાંડવોનો પરાજય થશે." સ્વપ્ન જતું રહેતાં દુર્યોધન રાજી થતો થતો ઉઠયો, પણ તેણે તે સ્વપ્નની વાત કોઈ પાસે કહી નહિ. પરોઢીયું થતાં કર્ણે આવી હાથ જોડીને કહ્યું કે, "જે જીવતો હોય તેજ સુખોને દેખે છે. મુવેલો માણસ શત્રુઓને જીતી શકતો નથી. ખેદ કરવાનો, મરવાનો કે ભય રાખવાનો આ સમય નથી પણ ઉદ્યોગ કરવાનો સમય છે. હું પ્રતિજ્ઞા કરીને મારા આયુધોના શપથ લઇને કહુંછું કે, "પાંડવોને વનવાસનું તેરમું વર્ષ પૂરૂં થયા પછી અર્જુનને યુદ્ધમાં હું અવશ્ય મારી નાખીશ." આ પ્રમાણે કર્ણનાં વચન સાંભળી તેના ઉપર વિશ્વાસને લીધે, બંધુઓના કાલાવાલાઉપરથી અને રાતે થયેલા સ્વપ્નઉપરથી મરવાનો નિશ્ચય છોડી દઈ સેના તૈયાર કરી દુર્યોધન મોટી ધામધુમથી તુરત હસ્તિનાપુરમાં ગયો.

પ્રકરણ ૩૨ મું.

આશા, અહંકાર અને અધમતા.

દુર્યોધન વીલે મોંહાડે હસ્તિનાપુરમાં આવ્યો ભીષ્મના પરાક્રમની વાત ઘેર ઘેર થવા લાગી. ભીષ્મને આ દુર્દશાના સમાચાર મળતાં તેણે દુર્યોધનને સમયોચિત શિખામણ આપી કે, "ધૃતરાષ્ટ્રની મરજીવિરૂદ્ધ તું દ્વૈતવનમાં ગયો તો ગંધર્વોના હાથથી પકડાયો અને પાંડવોના પરાક્રમથી છૂટો થયો. કહુંછે કે, તું યુદ્ધમાં ઝુમો પાડતો હતો છતાં કર્ણ પલાયન કરી ગયા તે તેં નજરે જોયું. પાંડવોના પરાક્રમની તથા કર્ણના પરાક્રમની પરીક્ષા કરવાનો આ તને સારો પ્રસંગ મળ્યો; હવે તને સમજ પડી હશે કે, પાંડવોપાસે કર્ણ કશા લેખામાં નથી. હવે તારે તારા કુળના કલ્યાણને વાસ્તે પાંડવોની સાથે સમાધાની કરવી જોઇએ." ભીષ્મના વચનોપર હાસ્ય કરતો દુર્યોધન મામાની સાથે ત્યાંથી ઉઠી ચાલતો થયો અને તેમની પાછળ કર્ણ તથા દુઃશાસન પણ ચાલતા થયા. ફરી એકવાર તે ચંડાળ ચોકડી વિચાર કરવાને એકઠી થઇ. કર્ણે ભીષ્મનાં વચનોમાં દ્વેષબુદ્ધિનો આરોપ મૂક્યો; પાંડવોનાં વખાણ અને પોતાની નિંદામાં અસહનતા દર્શાવી ભીષ્મનાં વચનો મિથ્યા કરવા પોતે દિગ્વિજય કરવાનો પોતાનો નિશ્ચય દુર્યોધનને જણાવ્યો. દુર્યોધને આજ્ઞા આપી અને સૈન્યની

જોઈતી સહાયતા કરી આપી. શુભ મુહૂર્તમાં બ્રાહ્મણોપાસે સ્વસ્તિવાચન કરાવી કર્ણ સૈન્યસાથે નીકળી પડ્યો. થોડી મુદતમાંજ ચારે દિશાઓના રાજાઓને જીતી, પુષ્કળ ધન લઇ, કર્ણ પાછો આવ્યો, દુર્યોધને સામૈયું કર્યું અને કર્ણના તરફનો સર્વથી અધિક સંતોષ જાહેર કર્યો. પાંડવોને કર્ણના પરાક્રમ આગળ તુચ્છકારી કાઢ્યા. દિગ્વિજયમાંથી મેળવેલું ધન દુર્યોધનને આપતાં કર્ણ બોલ્યો કે, "સઘળી પૃથ્વી તને સ્વાધીન થઈ છે, માટે તું ઇંદ્રના સરખું સુખ ભોગવ." દુર્યોધને આ પ્રસંગે પાંડવોના જેવો રાજસૂય યજ્ઞ કરવાની ઇચ્છા જણાવી અને તે ઇચ્છા પાર પાડવાનો ભાર કર્ણને માથે મૂક્યો. કર્ણે સંમતિ આપી. દુર્યોધને ગોરને બોલાવી તેની સલાહ પૂછી. કુળમાં રાજસૂય યજ્ઞ કરનાર પુરૂષની હૈયાતીમાં બીજાને તેવો યજ્ઞ કરવાનો અધિકાર નથી, એવું ગોરના ટીપણામાં નીકળ્યું. બીજો બાધ એ આવ્યો કે પિતાએ રાજસૂય યજ્ઞ ન કર્યો હોય તો પિતાની હૈયાતીમાં પુત્રથી એ યજ્ઞ થઈ શકે નહિ. પરંતુ રાજસૂયવિના એક બીજા પ્રકારના યજ્ઞનો અધિકાર ગોર મહારાજે ગોતી કહાડ્યો, જે યજ્ઞ વિષ્ણુવિના બીજા કોઇએ કર્યો નહોતો. દુર્યોધને સર્વની સલાહ લીધી અને ખાવાની ચાંદે ચાંદ બોલનારી ચંડાળ ચોકડીએ ચાસલું બેસાડી દીધું. દુર્યોધને કારીગરોને આજ્ઞા કરી યજ્ઞમંડપ તૈયાર કરાવ્યો. સુવર્ણના હળથી જમીન ખેડાવી કુંડ કરાવ્યા. યોગ્ય સમયે દુર્યોધને યજ્ઞની દીક્ષા લીધી. યજ્ઞ ઉત્સવનો આરંભ થતાં સંબંધીઓ અને વડીલ વર્ગ સૌ પ્રસન્ન થયાં. રાજાઓને અને બ્રાહ્મણોને બોલાવવા દૂતો મોકલ્યા. એક દૂતને દ્વૈતવનમાં મોકલતાં દુઃશાસને કહ્યું કે, "દ્વૈતવનમાં બ્રાહ્મણો છે તેમને આવવાનું આમંત્રણ કરતાં પાપી પાંડવોને પણ આમંત્રણ કરજે." દૂતે દુર્યોધનની આજ્ઞાને અનુસરી દ્વૈતવનમાં જઈ પાંડવોને યજ્ઞના સમાચારસાથે આમંત્રણ કર્યું. યુધિષ્ઠિરે મધુર વાણીથી ઉત્તર આપ્યો કે, "દુર્યોધન રાજાએ યજ્ઞારંભ કર્યો, તે બહુ સારૂં કર્યું. અમારે તો તેર વર્ષસુધી બહાર રહેવાની પ્રતિજ્ઞા પાળવાની છે, તેથી અમારાથી આવી શકાશે નહિ." પછી ભીમે દૂતની સાથે સંદેશો કહેવરાવ્યો કે, "મહારાજ યુધિષ્ઠિર હસ્તિનાપુરમાં ત્યારે આવશે કે, જ્યારે અસ્ત્રોવડે પ્રદીપ્ત થયેલ રણભૂમિરૂપી યજ્ઞમાં દુર્યોધનને હોમી દેશે. તેર વર્ષ પછી જ્યારે મહારાજ યુધિષ્ઠિર, રણરૂપી યજ્ઞમાં ધૃતરાષ્ટ્રના સઘળા પુત્રોને પશુરૂપ કરશે ત્યારે ભીમસેન ત્યાં આવશે, એવું તું તારા દુર્યોધનને કહેજે." બીજા પાંડવો કાંઈ અપ્રિય વચન બોલ્યા નહિ. દૂતના સંદેશાથી સઘળા કૌરવો ચકિત થઇ ગયા.

યજ્ઞને દિવસે સઘળા રાજાઓ અને બ્રાહ્મણો આવી પહોંચ્યા. તેમનો સત્કાર કરવાનું કામ ધૃતરાષ્ટ્રે વિદુરને સોંપ્યું હતું. યજ્ઞ સમાપ્ત થતાં સૌને સંતુષ્ટ કરી રજા આપી. દુર્યોધન ગાજતે વાજતે દરબારમાં આવ્યો અને ધૃતરાષ્ટ્ર વગેરે વડિલોને પગે પડયો. તેમણે દુર્યોધનને આશીર્વાદ આપ્યો. સ્નેહિવર્ગે આ યજ્ઞને માંધાતાના જેવો કહી વખાણ્યો. સઘળી ક્રિયા સંપૂર્ણ થતાં દુર્યોધન સભામાં આવી સિંહાસને બેઠો એટલે કર્ણે ઉઠીને કહ્યું કે, "તમારો આ મોટો યજ્ઞ બહુ ઉત્તમ રીતે સમાપ્ત થયો છે, હવે પાંડવોને માર્યા પછી જ્યારે તમે રાજસૂય યજ્ઞ કરશો ત્યારે વળી આવીજ રીતે તમને અભિનંદન આપવાનો મને પ્રસંગ મળશે." દુર્યોધન કર્ણનું આલિંગન કરી બોલ્યો કે, "હું પાંડવોને મારી રાજસૂય યજ્ઞ કરૂં એવા દિવસો કયારે દેખું!" કર્ણ બોલ્યો કે, "જ્યાંસૂધી અર્જુનને મેં માર્યો નથી ત્યાં સૂધી મારે બીજાના હાથથી પગ ધોવરાવવા નથી, મદ્ય પીવું નથી, માંસ ખાવું નથી અને માગનારને કોઇ વસ્તુની ના પાડવી નથી." કર્ણની પ્રતિજ્ઞા સાંભળી સભામાં હર્ષની તાળીઓ પડી. કર્ણને સાબાશી મળી.

કર્ણના ભાષણની વાત ચારલોકની મારફત યુધિષ્ઠિરને કાને પડતાં તેને ચિંતા થઈ. દ્વૈતવનમાં આવ્યાં ઘણો સમય થવાથી તથા કર્ણના પરાક્રમનું અને પોતાના ભાઇઓ અને દ્રૌપદીના દુઃખનું વારંવાર સ્મરણ થવાથી ઉદ્વેગ પામીને યુધિષ્ઠિર હવે દ્વૈતવનમાંથી નીકળી, સૌને લઈ, કામ્યકવનમાં આવી વસ્યા. ત્યાં પણ યુધિષ્ઠિર નિશ્વાસ મૂકવા લાગ્યા. વનવાસનો અલ્પ સમય અવશેષ રહેવાથી બીજા ભાઇઓ શત્રુઓનાપર ક્રોધને લીધે તથા યુદ્ધ કરવાના ઉત્સાહથી વિચિત્ર આકૃતિવાળા દેખાવા લાગ્યા. આ સ્થળમાં એ અરસામાં વેદવ્યાસ તેમને મળવા આવ્યા. પાંડવોએ અભ્યુત્થાન આપી પ્રણામ કર્યા અને યોગ્ય પૂજા કરી આસનપર બેસાડ્યા. વ્યાસે યુધિષ્ઠિરને કહ્યું કે, "માણસોને સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ આવ્યાજ કરેછે. જેઓમાં સત્ય, સરલતા, અક્રોધ, મનની શાંતિ, જિતેન્દ્રિયપણું, અહિંસા અને ઉદારતા એટલા સદ્‌ગુણો હોય તેમને માથે ગમે તેવું દુઃખ પડેલું હોય તોપણ પરિણામે તેમને સુખની પ્રાપ્તિ થયા વિના રહેતી નથી. તમે પણ એ બધા સદ્‌ગુણો ધરાવો છો, માટે તમારો અંતે જયજ છે. તેરમું વર્ષ વીતશે કે, તમોને તુરત રાજ્ય મળશે." એટલું કહી વ્યાસજી પાછા પોતાને આશ્રમે ગયા.

પ્રકરણ ૭૭ મું.

દ્રૌપદીહરણ.

એક દિવસ યુધિષ્ઠિર આદિ પાંચે ભાઇઓ દ્રૌપદીને તૃણબિંદુ નામના રાજર્ષિના આશ્રમમાં મૂકી તથા ધૌમ્યમુનિને દ્રૌપદીની સંભાળ રાખવાની ભલામણ આપી ચારે દિશાઓમાં મૃગયા કરવાસારૂ ગયા. પાંડવો ગયા પછી ધૃતરાષ્ટ્રની દીકરી દુઃશલાનો વર સિંધુદેશનો રાજા જયદ્રથ મોટી સેના અને ઘણા રાજાઓને જાનમાં લઈ પરણુવાને વાસ્તે શાલ્વદેશમાં જતો હતો, તે રસ્તે ચાલતાં કામ્યકવનમાં આવ્યો. ત્યાં આશ્રમના દ્વારમાં કદંબની શાખાને નમાવીને ઉભેલાં દ્રૌપદી તેના જોવામાં આવ્યાં. દ્રૌપદીનું રૂપ જોતાંજ કામદેવનાં બાણોથી વ્યાકુળ થયેલા જયદ્રથે પોતાના તાબેદાર એક કોટિકાસ્ય નામના રાજાને કહ્યું કે, “તું જઇને આ કોની સ્ત્રી છે અને કોની દીકરી છે એ નક્કી કર. જો આ સ્ત્રી મારા હાથમાં આવે તો શાલ્વદેશમાં જઈ પરણુવાનું મારે કાંઇ કામ નથી.” જયદ્રથની આજ્ઞા માથે ચડાવી, રથમાંથી ઉતરી, દ્રૌપદીની પાસે જઇ, કોટિકાસ્યે પૂછ્યું કે, “તું દેવાંગના છે, ગંધર્વની સ્ત્રી છે, અપ્સરા છે કે નાગ-

કન્યા છે? અથવા તું કોની પુત્રી છે અને કોની સ્ત્રી છે? આ સિંધુ દેશના અધિપતિ જયદ્રથ રાજા પોતાની જાનમાં ઘણા ઘણા રાજાઓને લઇને શાલ્વદેશમાં જાયછે એ તને પૂછાવેછે.” કોટિકાસ્યનાં વચન સાંભળી કદંબની શાખાને છોડી દઇ વસ્ત્રોને સંકોચી દ્રૌપદી બોલ્યાં કે, “મારાજેવી પતિવ્રતા સ્ત્રીએ આવા સ્થળમાં પરપુરૂષની સાથે વાત નહિ કરવી જોઇએ તોપણ બીજો કોઈ જવાબ દેનાર નથી અને હું તને ઓળખુંછું તેથી ઉત્તર આપુંછું. હું દ્રુપદ રાજાની પુત્રી છું અને યુધિષ્ઠિર આદિ પાંચે પાંડવોની સ્ત્રી છું. પાંચે પાંડવો અહીં મને રાખીને મૃગયા કરવા ગયા છે. હું ધારૂંછું કે, એઓને આવવાનો વખત થઈ ચુક્યો છે, માટે તમો અહીં ઉતારો કરી પાંડવોને મળી મેહેમાની લઇને જજો.” એ પ્રમાણે કહી તેઓના સન્માનની સગવડ કરવાને વાસ્તે પર્ણશાળામાં પેસતાં કોટિકાસ્ય જયદ્રથની પાસે પાછો આવ્યો. કોટિકાસ્યને આવેલો જોઇ જયદ્રથે કહ્યું કે, “તું એ સ્ત્રીને લીધા વિના કેમ આવ્યો? મેં એ સ્ત્રીને જોઇ તેથી હવે તો મને બીજી સ્ત્રીઓ વાનરીઓ જેવી લાગેછે.” કોટિકાસ્ય બોલ્યો કે, “એ દ્રુપદ રાજાની દીકરી અને પાંચે પાંડવની સ્ત્રી દ્રૌપદી છે. એ તમારી મેહેમાની કરવા ધારેછે માટે જો તમારી ઇચ્છા હોય તો તેને મળો.” એ પ્રમાણે કોટિકાસ્યનાં વચન સાંભળી બીજા છ જણની સાથે જયદ્રથે દ્રૌપદીની પર્ણશાળામાં જઇને દ્રૌપદીને પૂછ્યું કે, “તમારા પતિઓ કુશળ છે? અને જેઓનું તમે કુશળ ઇચ્છો તેઓ સઘળા કુશળ છે?” દ્રૌપદી બોલ્યાં કે, “જયદ્રથ! તમે કુશળ છો? અને તમારા રાજ્યમાં સર્વે કુશળ છે? મારા પાંચે પતિઓ કુશળ છે તથા બીજા પણ સંબંધીઓ કુશળ છે. આ જલ પીઓ અને આસનપર બિરાજો. હાલ પાંચસો મૃગનું માંસ તૈયાર છે એ હું તમને તથા તમારી સેનાને શીરામણને વાસ્તે આપુંછું. મારા પાંચે પતિઓ મૃગયા કરવા ગયા છે તેઓ બીજું પણ ઘણું ઘણું માંસ લઇને હમણાં આવશે.” જયદ્રથ બોલ્યો કે, “તમે કહ્યું એટલે અમો શીરાવી ચુક્યા. હવે ચાલો, મારા રથમાં બેસો અને કેવળ સુખજ ભોગવો. પાંડવો તો કંગાલ છે, રાજ્ય વગરના છે, વનમાં ફરનારા છે અને હવે પછી પણ રાજ્યને કે લક્ષ્મીને પ્રાપ્ત થાય એમ નથી માટે તેઓને છોડી દઇ, મારી સ્ત્રી થઇને સિંધુ દેશના રાજ્યનું સુખ ભોગવો.” એ પ્રમાણે જયદ્રથે હૃદયને કંપાવી નાખે એવું નીચ ભાષણ કરતાં, દ્રૌપદી ભમર ચઢાવી, જરા દૂર જઈ, તેનો તિરસ્કાર કરી, “નીચ! લજ્જા, લજ્જા,” એમ બોલીને

ધૌમ્યમુનિને સાદ પાડવા લાગ્યાં. આ સમયમાં જયદ્રથે તેમનો છેડો પકડતાં તેમણે જોરથી છેડો વછોડાવી, તેને એવો તો પાડી નાખ્યો કે, તે નીચ કાપી નાખેલા ઝાડની પેઠે નીચે પડી ગયો. જયદ્રથે પાછો ઉઠીને દ્રૌપદીને પકડતાં અને ખેંચતાં તેના જોરજુલમથી દ્રૌપદી નિસાસા મુકી ધૌમ્યમુનિને પ્રણામ કરી તેના રથમાં બેઠાં. એ પ્રમાણે દ્રૌપદીનું હરણ કરી, રથમાં બેસી, પોતાની સેનાની સાથે જયદ્રથ ચાલતો થતાં, "અરે નીચ! પાંડવોને જીત્યાવિના તારાથી કદી પણ દ્રૌપદીને લઈ જઈ શકાશે નહિ. તું કાંઇક ક્ષત્રિયોના જુના ધર્મનો વિચાર કર. તને આ નીચ કર્મનું ફળ હમણાંજ મળશે." એમ બોલતાં બોલતાં ધૌમ્યમુનિ પણ તેના રથની પછવાડે પ્યાદલોની સાથે ચાલ્યા. આ સમયમાં પાંડવો મૃગયા કરી, સર્વ ભેળા થઇને પાછા આવતા હતા ત્યાં કેટલાંએક અપશકુનો જોવામાં આવતાં યુધિષ્ઠિરે સઘળા ભાઇઓને કહ્યું કે, 'તુરત ચાલો, કામ્યકવનમાં આપણા આશ્રમની અંદર કોઈ મોટો અનર્થ ઉત્પન્ન થયો હોય એમ જણાયછે." એ પ્રમાણે યુધિષ્ઠિરનાં વચન સાંભળી ઉદ્વેગ પામેલા ભીમસેન આદિ પાંડવો પોતાના રથોને વેગથી ચલાવવા લાગ્યા અને યુધિષ્ઠિર પણ તેજ પ્રમાણે કરવા લાગ્યા. પાંડવો પોતાના રથોને દોડાવીને આશ્રમની પાસે પહોંચ્યા ત્યાં દ્રૌપદીની એક દાસી રોતી રોતી સામે ચાલી આવતી તેઓના જોવામાં આવી. દાસી, પાંડવોને આવતા જોઈ પોકારવા લાગી કે, "દ્રૌપદીને હરીને જયદ્રથ ચાલ્યો જાયછે, માટે ધનુષ બાણ સજ્જ કરીને જલદી તેની પછવાડે પહોંચો. દ્રૌપદીનું પતિવ્રતાપણું ખંડિત થાયછે" એ પ્રમાણે દાસીનો પોકાર સાંભળી પાંચે પાંડવોએ આયુધોને સજ્જ કરી, તુરત રથોને પાછા વાળી, નવા ચીલાઓને રસ્તે દોડાવ્યા. ત્યાં સૈન્યના રજની ડમરી ચડેલી તેઓના જોવામાં આવી અને પ્યાદલોમાં ચાલ્યા જતા ધૌમ્યમુનિનો પોકાર પણ સાંભળવામાં આવ્યો. પાંડવો તુરત ધૌમ્યમુનિની પાસે પહોંચી "તમે હવે ધીરે ધીરે ચાલ્યા આવો." એમ કહી પાછળથી જયદ્રથને હાકલ પાડીને સેનાની ઉપર બાણો ફેંકવા લાગતાંજ જયદ્રથની સેનામાં ભારે કીકીઆટો ઉઠયો. ભીમસેન ગદા લઇને જયદ્રથની પાછળ દોડતાં કોટિકાસ્યે મોટી ફોજને વચમાં નાખી ભીમસેનની ઉપર બાણોની વૃષ્ટિ કરાવવા માંડી. આ સમયમાં ભીમસેને ગદાથી ચૌદ હાથીઓને તથા તેઓના ઉપર બેસનારાઓને મારી નાખ્યા. અર્જુને પાંચસો પાહાડી યોદ્ધાઓને મારી નાખ્યા. નકુલે રથમાંથી ઉતરીને તરવારથી હજારો યોદ્ધાઓને કાપી નાખ્યા, સહદેવે બા-

ણોથી યોદ્ધાઓનાં માથાંને ધડોધડ પાડવા માંડ્યાં અને યુધિષ્ઠિરે પોતે પણ એક નિમેષમાત્રમાં સો યોદ્ધાઓને મારી નાખ્યા. ત્રિગર્ત્ત દેશના રાજાએ રથમાંથી ઉતરી ગદાથી યુધિષ્ઠિરના ચારે ઘોડાઓને મારી નાખતાં યુધિષ્ઠિરે અર્દ્ધચંદ્રાકૃતિ બાણથી એ રાજાની છાતીને એવી વીંધી નાખી કે, તે રાજા લોહી ઓકતો ઓકતો ધરતીપર પડી ગયો. પછી યુધિષ્ઠિર પોતાના સારથિ ઇંદ્રસેનનીસાથે સહદેવના રથમાં બેસીને સેનાને મારવા લાગ્યા. ક્ષેમંકર અને મહામુખ નામના બે રાજાઓ નકુલની ઉપર બન્ને તરફથી તીક્ષ્ણ બાણો વરસાવવા લાગતાં નકુલે તે બન્નેને એક એક બાણથી મારી નાખ્યા. પછી સુરથ રાજાએ પોતાના હાથીની સુંઢવતે નકુલના રથને ઉચકાવી લેવરાવતાં નકુલ તે રથમાંથી નીચે ઉતરી તરવારથી તે હાથીની દંતોસલસહિત સુંઢ કાપી નાખીને ભીમસેનના રથમાં જઈ બેઠો. કોટિકાસ્ય ભીમસેનની ઉપર બાણો વરસાવવા લાગતાં ભીમસેને તેના સારથિને મારી નાખીને તેને પણ પ્રાસ નામના આયુધથી મારી નાખ્યો. અર્જુને સૌવીરદેશના બાર રાજાઓનાં તથા બીજા પણ ઘણા ઘણા દેશના યોદ્ધાઓનાં માથાંઓને કાપી કાપીને તેઓના શબોથી રણભૂમિને ઢાંકી દીધી કે જેથી કાગડાઓ, ગરંજો, કુતરાં તથા શીઆળીઆંઓ માંસોવગેરેથી અત્યંત તૃપ્ત થયાં. ઘણા ઘણા વીર પુરૂષો મરણ પામતાં જયદ્રથ બીકને લીધે દ્રૌપદીને છોડી દઈ, કોઇને ખબર ન પડે એવી રીતે ભાગી ગયો. દ્રૌપદીને આવતાં જોઈ યુધિષ્ઠિરે તથા ભીમસેને તેમને તથા ધૌમ્યમુનિને નકુલના રથમાં બેસાડી દીધાં અને પછી જયદ્રથના સૈન્યને મારવા માંડ્યું. જયદ્રથ ક્યાંય જોવામાં નહિ આવતાં અર્જુને ભીમસેનને કહ્યું કે, "જયદ્રથ ક્યાંય જોવામાં આવતો નથી તો હવે આપણે શું કરવું?" અર્જુનનું વચન સાંભળી ભીમસેને યુધિષ્ઠિરને કહ્યું કે, "તમે હવે દ્રૌપદીને લઇ નકુલ, સહદેવ અને ધૌમ્યમુનિ એઓની સાથે આપણા આશ્રમમાં જઇને દ્રૌપદીની સાંત્વના કરો. હું અને અર્જુન જયદ્રથની પાછળ જઇએ છીએ. જયદ્રથ પાતાલમાં ગયો હશે તોપણ અમો એને જીવતો છોડવાના નથી." યુધિષ્ઠિર બોલ્યા કે, "એ ગમે તેવો દુષ્ટ છે તોપણ આપણી બેન દુઃશલાની ઉપર તથા ગાંધારીની ઉપર ધ્યાન આપીને તેને મારી નાખવો નહિ." યુધિષ્ઠિરનાં વચન સાંભળી કોપ પામેલાં દ્રૌપદીએ ભીમને તથા અર્જુનને કહ્યું કે, "મને રાજી કરવી હોય તો એ નીચ જયદ્રથને મારીજ નાખજો. જે શત્રુએ સ્ત્રીનું કે રાજ્યનું હરણ કર્યું હોય, તે શત્રુ પ્રાર્થના

કરે તોપણ સંગ્રામમાં તેને છોડી દેવો નહિ જોઇએ." પછી યુધિષ્ઠિર દ્રૌપદી વગેરેને સાથે લઇને પોતાના આશ્રમમાં જઇ બેઠા અને ભીમસેને તથા અર્જુને જયદ્રથના રથના ચીલાઓને રસ્તે પોતાના રથોને જોરથી હાંકી મૂક્યા. એક ગાઉને છેટે જયદ્રથનો રથ જોવામાં આવતાં અર્જુને એવું અદ્ભુત કામ કર્યું કે, અસ્ત્રવિદ્યાથી મંત્રેલાં બાણો ફેંકીને ત્યાંથી જયદ્રથના ઘોડાઓને મારી નાખ્યા. ઘોડાઓને મરી ગયેલા જોઈ દુઃખ પામેલો જયદ્રથ બીકને લીધે પગે પાળો ભાગવા લાગતાં અને અર્જુને તિરસ્કારનાં વચનોથી હાકલ કરતાં છતાં ઉભો નહિ રહેતાં, ભીમસેન પોતાના રથમાંથી ઉતરી "ઉભો રહે ઉભો રહે" એમ કહેતો કહેતો તેની પછવાડે દોડયો. ભીમસેને તુરત દોડી પોહોંચી, તેનો ચોટલો પકડી ઉપાડીને પછાડયો. ઉઠવા ગયો ત્યાં માથામાં પાટુ મારી, મોહોડાઉપર ઠપાટા મારી અને કેડમાં ગોઠણીઆ મારીને ગુંદ્યો કે જેથી જયદ્રથ મૂર્છિત થઈ ગયો. "દુર્યોધનની બેહેન દુઃશલા કે જે આપણી પણ બેહેન થાય તેનું સૌભાગ્ય રાખવાને વાસ્તે આને ઠાર કરી નાખવો નહિ." એમ અર્જુને નિવારણ કરતાં ભીમસેને અર્જુનને કહ્યું કે, "આ દ્રૌપદીને દુઃખ દેનાર પાપી મારા હાથમાંથી જીવતો રહેવાને યોગ્ય નથી, પણ હું શું કરૂં ? યુધિષ્ઠિર દયાળુ છે અને તું વેવલાપણાથી આવા કામમાં મને સર્વદા અડચણ કરેછે." એટલું બોલી ભીમસેને અસ્ત્રા જેવા બાણવતે જયદ્રથના માથામાં પાંચ પટીઆં પાડ્યાં. જયદ્રથ તરફડવા લાગતાં તેને ભીમસેને કહ્યું કે, "મૂઢ ! જો તું સભાઓમાં હું પાંડવોનો દાસ છું એમ બોલે તો હું તને જીવિતદાન આપું." જયદ્રથે તે વાતને સ્વીકારતાં તેને જીવતો રાખી, બાંધી, રથમાં નાખીને ભીમસેન તથા અર્જુન યુધિષ્ઠિરની પાસે લાવ્યા. ધૂળથી ખરડાએલા અને હતપ્રાય થયેલા એ જયદ્રથને જોઇ, યુધિષ્ઠિરે હસીને છોડી દેવાની આજ્ઞા કરતાં ભીમસેને યુધિષ્ઠિરને કહ્યું કે, "આ જયદ્રથ પાંડવોનો દાસ થયો છે એમ દ્રૌપદીને કહો." દ્રૌપદીએ યુધિષ્ઠિરની સામે જોઈ ભીમસેનને કહ્યું કે, "તમે આનાં પટીઆં પાડ્યાં અને યુધિષ્ઠિરનો દાસ પણ કર્યો તો હવે એને છોડી મૂકો." દ્રૌપદીનું વચન સાંભળી ભીમસેને છોડેલો અને વિહ્વલ થએલો જયદ્રથ મુનિઓને જોઈ લજાતો લજાતો યુધિષ્ઠિરને પ્રણામ કરતાં યુધિષ્ઠિરે તેને કહ્યું કે, "જા, તને દાસપણામાંથી મુક્ત કરૂંછું. તેં આવી નીચ બુદ્ધિ કરી માટે તને ધિક્કાર છે. ફરીવાર આવું કામ કદી કરીશ માં અને ધર્મને માર્ગે ચાલજે." આ પ્રમાણે યુધિષ્ઠિરનાં વચન સાંભળી લાજથી નીચું મોહોડું

કરી, યુદ્ધમાંથી અવશેષ રહેલી પોતાની સેનાને સાથે લઇને જયદ્રથ પરબારો હરિદ્વારમાં ગયો અને સદાશિવઉપર ઉગ્ર તપ કરવા લાગ્યો. સદાશિવે ઉગ્ર તપથી પ્રસન્ન થઈ પ્રત્યક્ષ દર્શન આપીને વર માગવાનું કહેતાં જયદ્રથે માગ્યું કે, "હું પાંચે પાંડવોને તથા તેની સેનાને યુદ્ધમાં જીતું એ વરદાન આપો." સદાશિવ બોલ્યા કે, "એમ તો નહિ થશે પણ અર્જુનવિના બીજા સઘળા પાંડવોને તું એક દિવસ યુદ્ધમાં રોકી શકશે. અર્જુનને તો મેં મારૂં પાશુપતાસ્ત્ર આપ્યું છે અને વળી શ્રીકૃષ્ણ યુદ્ધમાં અર્જુનના સહાય થવાના છે માટે અર્જુન કોઇથી જીતાશે નહિ." આ પ્રમાણે વર આપી સદાશિવ અંતર્હિત થઈ જતાં જયદ્રથ પાછો પોતાના રાજ્યમાં આવી રહ્યો.

જયદ્રથ કામ્યકવનમાં ગયા પછી મુનિઓના સમાજમાં બેઠેલા યુધિષ્ઠિરે માર્કંડેય મુનિને પૂછ્યું કે, "મહારાજ ! અમો વનવાસનું દુઃખ ભોગવતા હતા તેમાં વળી આ દ્રૌપદીના હરણનું મોટું દુઃખ પ્રાપ્ત થયું, અને જેમાંથી આપ લોકોની કૃપાને લીધે અમો માંડમાંડ છુટયા. કોઇ મારા જેવો મંદભાગ્ય રાજા આપે દીઠો કે સાંભળ્યો છે?" આ પ્રમાણે યુધિષ્ઠિરે પૂછતાં માર્કંડેયે રામચંદ્રજીની સઘળી કથા કહી સંભળાવીને યુધિષ્ઠિરને કહ્યું કે, "જેવું રામચંદ્રજીને દુઃખ પડયું હતું તેવું તમને પડયું જ નથી. રામચંદ્રજીની પાસે નોકરો કે રથો વગેરે કાંઇ હતું જ નહિ અને તમારી પાસે તો એ સઘળું છે. રામચંદ્રજીનાં પત્ની સીતા રાવણના હાથમાંથી ઘણે મહીને છુટયાં હતાં અને તમારી પત્ની આ દ્રૌપદી તો જયદ્રથના હાથમાંથી જરાવારમાં છુટયાં છે, માટે તમારે શોક કરવો યોગ્ય નથી. તમારા જેવા મહાત્મા પુરૂષોએ શોકનો તો ત્યાગજ કરવો જોઇએ." એ પ્રમાણે માર્કંડેયનાં વચન સાંભળી યુધિષ્ઠિર રાજા સઘળા પરિતાપને છોડી દઇને બ્રાહ્મણોની, ભાઇઓની તથા દ્રૌપદીની સાથે કામ્યકવનમાં વિનોદ કરવા લાગ્યા.

પ્રકરણ ૩૪ મું.

મમત્વ.

પાંડવોના વનવાસનું બારમું વર્ષ પૂરૂં થવા આવ્યું તે સમયે પાંડવોનું અને મુખ્યત્વે કરીને અર્જુનનું હિત કરવાસારૂ ઇંદ્રે વિચાર કર્યો કે, " કુંતીને કુંવારાપણામાં સૂર્યના સ્પર્શથી કર્ણ જન્મ્યો છે જેને કુંતીએ લોકભયથી નદીમાં ફેંકી દીધો હતો અને તેને અધિરથ નામના સૂત[1] જાતિના રાજાએ નદીમાંથી લઇને પોતાનો પુત્ર કરી રાખ્યો છે. એ કર્ણ જન્મ્યો ત્યારે પોતાના શરીરની સાથેજ અભેદ્ય કવચ (બખતર) તથા કુંડલ લાગ્યો છે તો જ્યાંસુધી એ કવચ તેના શરીરમાં હશે અને કુંડલ કાનમાં હશે ત્યાંસુધી મારો પુત્ર અર્જુન તેને કદી પણ મારી શકશે નહિ અને હરાવી પણ શકશે નહિ, માટે હું બ્રાહ્મણનું રૂપ ધરી કર્ણની પાસેથી એ કવચ તથા કુંડલ માગી આવું. કર્ણની પાસે જે કોઇ માગવા જાય તેને કર્ણ માગેલી વસ્તુ આપ્યા વિના રહેતો નથી એ કર્ણનો નિયમ છે, માટે આ કામમાં હું ફાવી શકીશ." ઇંદ્રનો આ સંકલ્પ કર્ણના પિતા સૂર્યના જાણવામાં આવતાં સૂર્યે કર્ણને ચેતવવામાટે બ્રાહ્મણના રૂપથી પરોઢીએ સ્વપ્નામાં દર્શન આપી કર્ણને કહ્યું કે, 'કર્ણ! દેવતાઓનો

---

૧ ક્ષત્રિયના વીર્યથી બ્રાહ્મણીમાં જે પુત્ર ઉત્પન્ન થએલ હોય, તે સૂત કહેવાયછે.

રાજા ઇંદ્ર, બ્રાહ્મણનું રૂપ ધરીને તારાં કવચ તથા કુંડલ માગવાનેવાસ્તે તારી પાસે આવશે પણ તારે તેને કોઇ રીતે પણ એ આપવાં નહિ. ઇંદ્ર બીજું જે કાંઈ માગે તે આપવાનું સ્વીકારીને અથવા બીજા કેટલાંએક દાનો આપવાનું કહીને તથા આપીને પાછો વાળજે, પણ કવચ કુંડલ આપીશ માં. કવચ તથા કુંડલ જે જન્મથી તારા શરીરની સાથેજ આવેલાં છે તેઓના પ્રભાવથી તું શત્રુઓના હાથથી મરે એમ નથી. જો એ આપી દેવામાં આવશે તો તું રણમાં મૃત્યુને વશ્ય થઇ જશે. જો તને જીવવું વહાલું હોય તો એ કવચને તથા કુંડલોને તારી પાસે જેમ છે તેમજ રાખજે." કર્ણ બોલ્યો કે, "બ્રાહ્મણનો વેષ ધરીને અહીં પધારેલા અને મારાઉપર પરમ સ્નેહ દેખાડતા તમે કોણ છો એ મને કહો." સૂર્ય બોલ્યા કે, "હું સૂર્ય છું. તું મારો પરમ ભક્ત છે તેથી સ્નેહને લીધે હું તને હિત વચન કહેવા આવ્યો છું." કર્ણ બોલ્યો કે, "આપ મારા હિતની ઇચ્છા રાખોછો તેથી હું પોતાને ભાગ્યશાળી માનું છું પણ આપની પાસે ક્ષમા માગીને કહુંછું કે, આપે મને મારા નિયમથી અટકાવવો નહિ. હું મધ્યાન્હકાળમાં આપની સ્તુતિ કરૂંછું તે સમયે બ્રાહ્મણો આવીને મારા પ્રાણને માગે તો હું તેઓને પ્રાણ પણ આપી દઉં એ મારો લોકપ્રસિદ્ધ નિયમ છે. ઇંદ્ર જો પાંડવોના હિતને વાસ્તે બ્રાહ્મણ થઇને મારી પાસે માગવા આવશે તો હું તેને કવચ તથા કુંડલો આપી દઇશ. મને જેવી કીર્ત્તિ પ્યારી છે તેવું જીવિત પ્યારૂં નથી. ઇંદ્ર જો માગવા આવશે તો ઇંદ્રની અપકીર્ત્તિ થશે અને તેનું માગ્યું આપવાથી મારી કીર્ત્તિ થશે." સૂર્ય બોલ્યા કે, " કર્ણ ! તું તારા હાથથી તારૂં તથા તારાં સ્ત્રીપુત્રવગેરેનું અહિત નહિ કર. કીર્ત્તિ જીવતાને સુખ આપેછે પણ મુએલાને સુખ આપતી નથી. જીવતાને પોતાની કીર્ત્તિ જાણવામાં આવેછે પણ મુએલાને જાણવામાં આવતી નથી. મુએલાને કીર્ત્તિ તો શબને પહેરાવેલી માળાજેવી છે. હું તને ફરીવાર પણ કહુંછું કે, તું ઇંદ્રને ગમે તેમ સમજાવીને પણ તેની માગણી પતાવજે પણ તારાં કવચ કુંડલ કદી આપીશ માં. તું સર્વદા અર્જુનની સ્પર્ધા કરેછે અને તારે અર્જુનની સાથે યુદ્ધ પણ થવાનું છે. તારી પાસે કવચ તથા કુંડલ હશે ત્યાંસુધી અર્જુન તને કોઇ રીતે જીતી શકશે નહિ. તારે અર્જુનને જીતવાની ઇચ્છા હોય તો, ઇંદ્રને તારાં કવચ કુંડલ આપજે માં." કર્ણ બોલ્યો કે, "મહારાજ ! મને જેવા આપ પ્યારા છો તેવાં મારાં સ્ત્રી, પુત્ર કે પ્રાણ પણ પ્યારાં નથી અને આપને પણ હું એવોજ પ્યારો છું. પરંતુ હું આપને શિરો-

વંદન કરીને માગી લઉંછું કે, આપે મારા નિયમનો ભંગ કરાવવો નહિ. આપ અર્જુનની સાથેના યુદ્ધમાં મારી ચિંતા રાખોછો પણ એ ચિંતાને છોડી દીયો. મારી પાસે પણ પરશુરામની તથા દ્રોણની કૃપાથી પ્રાપ્ત થયેલું ભારે અસ્ત્રબળ છે, જે આપના જાણવામાંજ હશે. તેના પ્રભાવથી હું યુદ્ધમાં અર્જુનને જીતી લઇશ એમાં કશો સંશય નથી." સૂર્ય બોલ્યા કે, "કર્ણ ! જો ઇંદ્રને ના ન પાડવાનુંજ તારા મનમાં હોય તો તું બદલામાં ઇંદ્રની પાસેથી તેની અમોઘ સાંગ માગી લેજે અને પછી તું તારાં કવચકુંડલવિના પણ અર્જુનને મારી શકીશ." સૂર્ય, કર્ણને સ્વપ્નમાં એ પ્રમાણે કહીને અંતર્હિત થઇ ગયા અને કર્ણે પણ બદલામાં સાંગ લઇનેજ ઇંદ્રને કવચ કુંડલ આપવાનો નિશ્ચય કરી રાખ્યો.

એક દિવસ કર્ણ મધ્યાન્હકાલમાં સૂર્યની સ્તુતિ કરતો હતો તે સમયે ઇંદ્રે બ્રાહ્મણના વેષથી તેની પાસે આવીને "ભિક્ષા આપો" એમ માગતાં કર્ણે તેને "ભલે પધાર્યા" એમ કહીને "શું આપું" એમ પૂછ્યું. ઇંદ્ર બોલ્યા કે, "તમારાં કવચ તથા કુંડલ જે શરીરની સાથેજ આવેલાં છે તે આપો." કર્ણ બોલ્યો કે, "સ્ત્રીઓ, ગાય, ધન કે પૃથ્વી વગેરે બીજું જે કાંઇ માગો તે આપું પણ મારાથી કવચ કે કુંડલ આપી શકાય એમ નથી." ઇંદ્રે કહ્યું કે, "મારે બીજું કાંઈ પણ જોઇતું નથી. જો તમે તમારૂં વચન પાળતા હો તો તમારાં શરીરમાંથી કવચ તથા કુંડલ ઉખેડીને આપો." કર્ણ બોલ્યો કે, "મને તમારા આવવાની પ્રથમથીજ ખબર હતી. તમે બ્રાહ્મણ નથી પણ ઇંદ્ર છો. હું તમને કવચ કુંડલ આપીશ તો શત્રુઓના હાથથી મારો વધ થશે અને તમારી પણ અપકીર્ત્તિ તથા હાંસી થશે કે. ઇંદ્ર જેવા ત્રૈલોક્યના રાજાએ ઉઠીને કર્ણ જેવા એક સાધારણ રાજાની પાસેથી મફત કવચ કુંડલ લીધાં; અને વળી તેમ કરી કર્ણનો નાશ કરાવ્યો. આ પ્રમાણે છે એટલામાટે હું જે કાંઇ માગું તે મને બદલામાં આપીને મારાં કવચ કુંડલ ખુશીથી લઇ જાઓ. હું મારા વચનથી કદી પણ ફરવાનો નથી. ઇંદ્ર બોલ્યા કે, "આ મારા આવવાની વાત તમને સૂર્યે કહેલી છે અને આ બદલામાં માગવાનો પ્રપંચ પણ તેમણેજ બતાવ્યો છે, એમાં કશો સંશય નથી. ભલે જેમ તમારી ઇચ્છા હોય તેમ કરો. મારા વજ્રસિવાય બીજું ગમે તે મારી પાસેથી માગી લીઓ." કર્ણ બોલ્યો કે, "ઇંદ્ર મહારાજ! તમારી પાસે જે અમોઘ (શત્રુને માર્યાવિના રહેજ નહિ એવી) સાંગ છે તે મને આપો અને મારીપાસેથી કવચ તથા કુંડલ લીઓ." ઇંદ્ર જરાવાર મનમાં વિચાર કરી બોલ્યા કે, "હું તમને એ સાંગ આપુંછું પણ એ સાંગને

જ્યારે તમે યુદ્ધમાં ફેંકશો ત્યારે તે સાંગ તમારા એક પ્રબળ શત્રુને મારીને પાછી મારીપાસે આવશે.” કર્ણ બોલ્યો કે, “હું સાંગથી મારા એકજ પ્રબળ શત્રુને મારવા ઇચ્છુંછું.” ઇંદ્ર બોલ્યા કે, “તમે એ સાંગથી એક પ્રબળ શત્રુને મારશો પણ જેને મારવા ધારોછો તેનું રક્ષણ કરનાર તો નારાયણ છે, માટે તેને મારી શકશો નહિ.” કર્ણ બોલ્યો કે, “ગમે તેમ થાય પણ એ સાંગ મને આપો કે જેથી હું એક મારા મહાપ્રતાપી શત્રુને મારી શકું ! હું મારા શરીરમાંથી શસ્ત્રવતે ઉખેડીને તમને કવચ કુંડલ આપુંછું. માટે તમારે એટલી કૃપા કરવી જોઇએ કે કાપ્યા છતાં પણ મારાં ગાત્રોમાં સુગામણાપણું ન થાય.” ઇંદ્ર બોલ્યા કે, “તમે તમારાં વચનને પાળોછો એટલામાટે તમારાં ગાત્રોમાં સુગામણાપણું કે વ્રણ કંઇ પણ નહિ થાય અને કાંતિ પણ જેવી છે તેવીજ રહેશે. બીજાં શસ્ત્રો વિદ્યમાન છતાં અને ભારે મુંઝવણ આવ્યા વિના જો તમે કોઇ શત્રુની ઉપર એ સાંગ નાખશો તો તે સાંગ તમારીજ ઉપર પડશે.” કર્ણ બોલ્યો કે, “જ્યારે સંગ્રામમાં મને બહુજ મુંઝવણ આવશે ત્યારેજ હું તમારી સાંગનો ઘા કરીશ એ પ્રતિજ્ઞાપૂર્વક કહુંછું.” એ પ્રમાણે કહી, કર્ણે ઇંદ્રની પાસેથી સાંગ લીધી અને જેમ ચામડીને ઉખેડે તેમ સજાવેલા શસ્ત્રવતે પોતાના શરીરમાંથી કવચ તથા કુંડલ ઉખેડીને ભીનાં ને ભીનાં ઇંદ્રને આપ્યાં. આ સમયમાં દેવતાઓનાં દુદંભિઓ વાગવા લાગ્યાં, કર્ણના ઉપર આકાશમાંથી પુષ્પોની વૃષ્ટિઓ પડવા લાગી અને અંગો કપાયા છતાં તથા દિવ્ય વસ્તુઓ ગયા છતાં પણ કર્ણના મોહોડાને હસતું તથા આનંદભરેલું જોઇને સર્વ માણસો વિસ્મય પામવા લાગ્યાં. એ પ્રમાણે કર્ણને ઠગી, પાંડવોના કાર્યને સિદ્ધ થયેલુંજ માનીને ઇંદ્ર હસતા હસતા પાછા સ્વર્ગલોકમાં ગયા. કર્ણને ઠગાએલો સાંભળીને દુર્યોધનવગેરે બહુજ ખેદ પામી રાંક જેવા થઇ ગયા અને પાંડવો ચારલોકોના મોહોડાથી એ વાતની ખબર મળતાં બહુ રાજી થયા. જયદ્રથનો પરાજય કરી, દ્રૌપદીને પાછાં મેળવી અને માર્કંડેયના મુખથી અનેક જુના ઇતિહાસો સાંભળીને આ સમયે પાંડવો પોતાના સઘળા સોબતીઓની સાથે કામ્યકવનમાંથી પાછા દ્વૈતવનમાં આવી રહ્યા. અહીં તેઓના વનવાસના બારમા વર્ષનું લગભગ છેવટ આવ્યું.

પ્રકરણ ૩૫ મું.

ગુપ્ત નિવાસની ગોઠવણ.

કર્ણે ઇંદ્રથી ઠગાયો. આ વાત પાંડવોના જાણવામાં આવતાં તેઓ રાજી થયા; પણ વનવાસ અને તેમાં વળી ઉપરાઉપર પડતાં અસહ્ય દુઃખોથી તેઓ અત્યંત કાયર થઈ ગયા હતા. એક દિવસ પરસ્પર વાતો કરતાં નકુલે કહ્યું કે, "આપણે કદી પણ ધર્મનો ભંગ કર્યો નથી છતાં આવું દુઃખ કેમ પામીએ છીએ?" "દુઃખોનું કે સુખોનું બીજું કશું કારણ નથી. પણ કેવળ પ્રારબ્ધજ કારણ છે." એમ યુધિષ્ઠિરનો જવાબ સાંભળી ભીમ બોલ્યો કે, " દુર્યોધનનો નોકર પ્રતિકામી દ્રૌપદીને દાસીની પેઠે સભામાં લાવ્યો તે વખતેજ મેં તેને મારી નાખ્યો નહિ તેથી આપણે આ દુઃખ પામીએ છીએ." અર્જુને કહ્યું કે, "મર્મભેદી કર્ણનાં અતિ તીવ્ર વચનો હું સહન કરી રહ્યો તેથીજ આપણે આ દુઃખ પામ્યા છીએ." એ પ્રમાણે બન્ને બોલી રહ્યા પછી સહદેવ પણ કહેવા લાગ્યો કે, "શકુનિએ યુધિષ્ઠિરને જુગારમાં હરાવ્યા તે સમયેજ મેં શકુનિને મારી નાખ્યો નહિ એજ આપણાં દુઃખોનું કારણ છે." એ પ્રમાણે સૌએ પોતપોતાના ઉભરા બહાર કાઢી તેરમા વર્ષમાં ગુપ્ત રેહેવાની તૈયારી કરતાં પાંડવોએ બાર વર્ષસુધી પોતાની સાથે રહેલા બ્રાહ્મણોનીસામે હાથ જોડીને કહ્યું કે, "ધૃતરાષ્ટ્રના પુત્રોએ કેટલીએક અનીતિ કરી અમારૂં

રાજ્ય હરી લઇ અમોને વનવાસ આપ્યો છે, તે તમારા જાણવામાં છે. બાર વર્ષ પૂરાં થવા આવ્યાં છે, તેરમા વર્ષમાં દુર્યોધન, કર્ણ, દુઃશાસન. અને શકુનિ એઓ જો અમોને કોઇ સ્થળમાં રહેલા જાણશે તો અમારે બીજાં તેર વર્ષસુધી વનમાં રહેવું પડશે. તેથી અમો એ વર્ષમાં કોઇ સ્થળમાં ગુપ્ત રહેવાની ધારણા રાખીએ છીએ અને ઇશ્વરની પ્રાર્થના કરીએ છીએ કે, એ તેરમા વર્ષમાંથી પાર ઉતરી, પોતાના રાજ્યમાં રહી, સર્વદા બ્રાહ્મણોનો સમાગમ રાખીએ." એ પ્રમાણે બ્રાહ્મણોપાસેથી જૂદા પડવાના સમયમાં યુધિષ્ઠિર રાજા ગભરાઇ જતાં ધૌમ્યમુનિએ તેની આશ્વાસના કરી, અને કહ્યું કે, "તમારા જેવા વિદ્વાન્ અને જિતેંદ્રિય પુરૂષોએ કોઇ પણ વિપત્તિમાં મુંઝાવું નહિ જોઇએ. દેવતાઓને માથે પણ વિપત્તિઓ પડેલી છે અને તેઓએ પણ ઘણી ઘણી વાર ગુપ્ત રહીને પોતાના સ્વાર્થ સાધેલા છે. વિષ્ણુએ પણ મનુષ્યોમાં ગુપ્ત રહીને રાવણાદિ શત્રુઓને મારેલા છે તો તમે પણ એક વર્ષ ગુપ્ત રહી, પરિણામે તે પ્રમાણે શત્રુઓને મારશો" એ પ્રમાણે ધૌમ્યમુનિનાં વચન સાંભળી યુધિષ્ઠિર રાજા ધૈર્ય પામ્યા અને ભીમસેન. આદિ ભાઇઓએ પણ યુધિષ્ઠિરનું મન સંતુષ્ટ થાય એવાં વચનો બોલી યુધિષ્ઠિરનો ખેદ દૂર કર્યો; પછી બ્રાહ્મણોઆદિ સર્વ લોકો આશીર્વાદ આપી પોતપોતાને ઘેર જતાં વનવાસના બારમા વર્ષને છેલ્લે દિવસે પાંચે પાંડવો, દ્રૌપદી તથા ધૌમ્યમુનિ એઓ છેટેના એકાંત સ્થળમાં તેરમા વર્ષમાં ગુપ્ત રહેવાનો વિચાર કરવાસારૂ બેઠાં અને વિરાટ રાજાના નગરમાં ગુપ્ત રહેવા નિર્ણય કર્યો. સઘળાઓએ ગુપ્ત વેષમાં વિરાટ રાજાના દરબારમાં રહી પોતાને લાયક જુદી જુદી જાતની નોકરી કરવાનો ઠરાવ કરતાં યુધિષ્ઠિરે જણાવ્યું કે, "હું વિરાટ રાજાનો સભાસદ થઇ રહીશ. રાજાને ચોપાટ રમાડી રાજી કરીશ, કંક નામનો બ્રાહ્મણ છું એમ કહીશ અને રાજા અથવા બીજો કોઈ વધારે પૂછશે તો કહીશ કે હું ઇંદ્રપ્રસ્થમાં યુધિષ્ઠિર રાજાનો મિત્ર હતો." ભીમે જણાવ્યું કે, "હું વિરાટ રાજાનો રસોઇઓ થઈ રહીશ, બલ્લવ એ નામ રાખીશ. રાજા કોઈ દિવસ જમ્યો નહિ હોય એવી ઉત્તમ ઉત્તમ રસોઈ કરી રાજાને રાજી કરીશ, મોટા મોટા લાકડાના ભારાઓ ઉપાડીશ, વળી બીજાં પણ ભારે ભારે કામો કરી રસોડા ખાતાંના સઘળા માણસો ઉપર અધિકાર ચલાવી, કોઇ મદોન્મત્ત હાથીઓને કે બળદો વગેરેને પકડવા હશે તો પણ પકડી આપીશ. રાજસભામાં કોઈ બલવાન મલ્લ આવશે

તો તેની સાથે કુસ્તી પણ કરીશ." અર્જુને કહ્યું કે, "હું નપુંસક છું એ પ્રતિજ્ઞા કરી વિરાટ રાજાના અંતઃપુરમાં નોકરી કરીશ. મારાં કાંડાઓમાં ધનુષની દોરીના ઘણને ચુડીઓ પેહેરી ઢાંકીશ, સ્ત્રીનો વેષ પહેરીશ, ચોટલો રાખીશ, બૃહન્નલા એ નામ ધરાવીશ, સ્ત્રીસ્વભાવની જુની જુની વાતો કરી સર્વને રાજી કરીશ અને અંતઃપુરની સ્ત્રીઓને ગાયનની, નાચની તથા વાદિત્રની વિદ્યા શિખવીશ." નકુલ બોલ્યો કે, "મને ઘોડાઓઉપર પ્યાર છે, તેમજ ઘોડાઓને કેળવવામાં તથા તેની ચિકિત્સા કરવામાં પણ પ્રવીણ છું, માટે હું ઘોડારના ઉપરીપણાનું કામ કરીશ અને ગ્રંથિક એ નામ ધરાવીશ." સહદેવ બોલ્યો કે, "હું વિરાટ રાજાની ગાયોનો ગોવાળ થઇશ. કારણ કે ગાયોનું પાલન કરવામાં, દોવામાં, પરીક્ષા કરવામાં, અને ચિકિત્સા કરવામાં પ્રવીણ છું અને બળદોની પણ પરીક્ષા કરી શકું છું. ગાયોના કામમાં મને ઘણુ પ્રીતિ છે, તેથી તે કામ કરી રાજાને રાજી કરીશ અને તંતિપાળ નામ ધરાવીશ." દ્રૌપદીએ જણાવ્યું કે, "હું પુષ્પોની, સુગંધોની, અલંકારોની તથા વસ્ત્રોની વાતમાં કુશળ છું, તેથી અંતઃપુરમાં સૈરંધ્રી થઇને રહીશ, રાણી તથા રાજકન્યાઓના ચોટલા ગુંથવાનું કામ કરીશ, કોઇ પણ પુરૂષ મારી છેડ કરે નહિ એવો ઠરાવ કરીશ અને હું મારૂં શીલ સારી પેઠે જાળવીશ. મને ખાત્રી છે કે વિરાટની રાણી સુદેષ્ણા બહુજ વિવેકી હોવાને લીધે મારૂં રક્ષણ કરશે."

ઉપર પ્રમાણે પરસ્પર ઠરાવ કરી વિરાટ રાજાની નોકરી કરવાસારૂ રજા માગતાં ધૌમ્યમુનિએ પાંડવોને કહ્યું કે, "તમો જગતની સઘળી રીતભાતને જાણોછો તોપણ હું સ્નેહીના ધર્મને અનુસરીને શીખામણ આપુંછું કે, જેથી તમે રાજદરબારમાં નિર્દોષ રીતે રહી શકશો. તમને વિરાટના દરબારમાં માન મળે કે અપમાન મળે તોપણ ધીરજથી સઘળું સહન કરીને ગુપ્તપણાથી એક વર્ષ કહાડી નાખજો. એક વર્ષ નીકળી જશે તો પછી તમો તમારા રાજ્યમાં યથેચ્છ વિહાર કરી શકશો. તમારા ઉપર વિરાટની પ્રીતિ થાય તોપણ દ્વારપાળના મોહોડાથી ખબર આપ્યા વિના કોઇ સમયે તેની હજુરમાં જશો માં. રાજા, મંત્રીઓની સાથે કોઇ રહસ્ય વિચાર કરવા બેઠેલ હોય ત્યારે બોલાવ્યા વગર તેની પાસે જવું નહિ. જે આસનઉપર બીજો કોઇ આવવાનો ન હોય તે આસનઉપરજ બેસવું. "હું રાજાને પ્યારો છું" એમ સમજીને કોઇના વાહનઉપર, પલંગઉપર કે આસનઉપર ચડી બેસવું નહિ. જ્યાં

બેસવાથી બીજાઓને કોઈ જાતનો શક ઉત્પન્ન થાય તેવા સ્થળમાં બેસવુંજ નહિ. રાજાએ પૂછ્યાવિના રાજાને કોઇ જાતની શિખામણ આપવી નહિ પણ ચુપચુપ બેસી રહેવું. રાજા કોઇ સારૂં કામ કરે કે પરાક્રમ કરે તે સમયે તેની સ્તુતિ કરવી. ખોટી સ્તુતિ કરવાની ટેવ રાખવી નહિ; કેમકે ખોટું બોલનારાની ઉપર રાજાને અરૂચિ થાયછે. રાજાની સ્ત્રીઓની સાથે કશો સંબંધ રાખવો નહિ. જનાનાનાં માણસોની સાથે, જેઓના ઉપર રાજાની અરૂચિ હોય તેઓની સાથે કે જેઓ રાજાના દ્વેષી હોય તેઓની સાથે મૈત્રી કરવી નહિ. નહાનાંસનાં કામો પણ રાજાને ચેતવ્યા વિના કરવાં નહિ. પોતાને નિત્ય ઉત્તમ આસન મળતું હોય તોપણ જ્યાંસુધી રાજા પ્રીતિ બતાવે નહિ ત્યાંસુધી તે આસનપર જન્માંધની પેઠે દૃષ્ટિજ કરવી નહિ. કેમકે ભાઇ, દીકરો કે પોતરો પણ જો મર્યાદાનું ઉલ્લંઘન કરે તો તેના ઉપર રાજાની અરૂચિ થાયછે. રાજા જે પૂછે તેનોજ જવાબ દેવો, અને ગફલત, કોપ તથા અભિમાન એઓનો ત્યાગ કરવો. જો બહુજ સમીપમાં રહેવામાં આવે તો રાજા અગ્નિની પેઠે બાળી નાખેછે અને બહુજ દૂર રહેવામાં આવે તો કશું ફળ થતું નથી. એટલામાટે રાજાની પાસે મધ્ય સ્થિતિમાં રેહવું. રાજા સલાહ પૂછે ત્યારે જેથી પરિણામે રાજાનું હિત થાય તથા રાજાને પ્યારૂં લાગે એવુંજ બોલવું. સઘળી બાબતોમાં તથા સઘળી વાતોમાં રાજાથી અનુકૂળ રેહેવું અને રાજાના પ્રિયકરતાં પણ હિતતરફ વધારે ધ્યાન દેવું. વિદ્વાનની રાજાના ડાબા અથવા જમણા પડખામાં બેઠક છે અને શસ્ત્રોને ધરનારા રક્ષક લોકોની રાજાની પછવાડે બેઠક છે એ ધ્યાનમાં રાખવું. રાજાની સામે જોઇ બેસવાની ટેવ રાખવી નહિ. રાજા સેવકોને જાહેરમાં પગાર કે અન્ન વગેરે વેહેંચી આપતો હોય તોપણ તેના બોલાવ્યા વગર લેવા ઉઠવું નહિ. રાજાને ખોટી વાત કરવાની ટેવ હોય તોપણ તે મનમાંજ સમજવી પણ કોઇને જણાવવી નહિ. હું શૂર છું અથવા બુદ્ધિમાન છું એવો ગર્વ નહિ રાખતાં સર્વદા રાજાની સેવામાંજ તત્પર રહેવું. રાજાના કોપથી મોટું અકલ્યાણ થાયછે અને રાજાની કૃપાથી મોટું ફળ થાયછે, માટે મનથી પણ રાજાનું અનિષ્ટ કરવાનું ધારવું નહિ. રાજાની સમીપમાં હોઠ કે હાથ હલાવવાની અને વાતને અધવચથી ઝડપવાની ટેવ રાખવી નહિ. મોઢાડાનો નિઃશ્વાસ ધીરે ધીરે મૂકવો અને ભાષણ પણ ધીરે ધીરે કરવું. રાજાની સમીપમાં બીજા કેઈ માણસની ઢબછબ ઉપરથી હસવાનું કારણ ઉત્પન્ન થાય

તોપણ ખડખડ હસવું નહિ, તેમ હસ્યા વગર પણ રહેવું નહિ. ખડખડ હસવાથી હલકાઈ ગણાયછે અને બિલકુલ નહિ હસવાથી મૂર્ખાઇ ગણાયછે. લાભ થવાથી અત્યંત હર્ષ ન ધરવામાં આવે, અપમાન થવાથી અત્યંત વ્યથા ન ધરવામાં આવે અને સર્વદા સાવધાનપણું રાખવામાં આવે, તો રાજદ્વારમાં લાંબા કાળસુધી રહી શકાયછે. રાજાનાં, રાજકુંવરોનાં અને તેઓના પ્યારા લોકોનાં વખાણ કરવાની ટેવ રાખવી પણ હદ મૂકીને વખાણ કરવાં નહિ. જે કારભારી કે સેવક રાજાએ કારણવગર શિક્ષા કર્યા છતાં પણ રાજાની નિંદા ન કરે તેને ગયેલું ઐશ્વર્ય પાછું પ્રાપ્ત થાયછે. રાજાના દેશમાં રહેનારાએ પણ પ્રત્યક્ષમાં તથા પરોક્ષમાં રાજાની પ્રશંસા કરવી જોઇએ, ત્યારે સેવકે કરવી જોઇએ તેમાં તો આશ્ચર્યજ શું? રાજાએ મંત્રીની કે વજીરની પદવી આપી હોય તોપણ બલાત્કારથી રાજાને દબાવવાની ટેવ રાખવી નહિ. દબાવવાની ટેવ રાખવામાં આવે તો લાંબા કાળસુધી સ્થાનકપર રહી શકાતું નથી અને વખતપર પ્રાણ જવાનો ભય પણ ઉત્પન્ન થાયછે. રાજાને જ્યારે સમોવડીઆ કે ઉપરી રાજાઓની સાથે વાતચીત કરવાનો પ્રસંગ આવે ત્યારે રાજાને વધારે પરિશ્રમ પડવા નહિ દેતાં પ્રૌઢ યુક્તિઓથી સામાઓને પરાસ્ત કરી દેવા અને યુદ્ધ કરવાનો પ્રસંગ આવે ત્યારે પણ આગળ ચાલીને યુદ્ધ કરવું. રાજા ધનના કે સ્ત્રીઓવગેરેના રક્ષણનું અથવા બહાર જવાનું ગમે તે કામ ફરમાવે તોપણ જે પુરૂષ મુંઝાય નહિ તે પુરૂષ રાજદ્વારમાં રહી શકેછે. રાજાની આજ્ઞાથી રાજકીય કામને વાસ્તે પરદેશમાં જવું પડ્યું હોય તો પોતાનાં સ્ત્રી, પુત્ર વગેરેનું પણ અત્યંત સ્મરણ નહિ કરતાં રાજકીય કામમાંજ તત્પર રહેવું. દુઃખ ભોગવવાથીજ સુખની પ્રાપ્તિ થાયછે. વસ્ત્રાદિકથી રાજાની બરોબરી કરવી નહિ. રાજાના ગુપ્ત વિચારને બહાર પાડવા નહિ અને કોઇ પણ કામમાં જરા પણ લોકોની પાસેથી લાંચ લેવી નહિ. રાજાએ જે વાહન, વસ્ત્ર કે અલંકાર આદિ આપેલ હોય તેનુંજ સર્વદા ધારણ કરવું કે જેથી રાજાનો પ્યાર વધે. પાંડવો! તમો આ એક વર્ષ પૂરૂં થતાંસુધી આ પ્રમાણે વર્ત્તશો તો પછી તુરતજ પોતાના રાજ્યને પ્રાપ્ત થઇને મનમાનતી રીતે વર્તી શકશો.” ધૌમ્યમુનિનાં વચનો સાંભળીને યુધિષ્ઠિર બોલ્યા કે, “અમોને અમારી મા કુંતી કે અમારા કાકા વિદુર જેવી શીખામણ આપે તેવીજ આપે શીખામણ આપી છે હવે અમારા પ્રસ્થાનના સમયમાં મંગળને વાસ્તે જે કંઇ કૃત્ય કરવું યોગ્ય હોય તે કરો.” યુધિષ્ઠિરનાં વચન સાંભળી ધૌમ્યમુનિએ પાં-

વોનાં કલ્યાણને વાસ્તે મંત્રપૂર્વક અગ્નિમાં હોમ કર્યો, પાંડવોને અગ્નિની પ્રદક્ષિણા કરાવી અને ઘણાં ઘણાં આશીર્વચનો આપ્યાં. પ્રણામ કરીને પાંચે પાંડવો તથા છઠ્ઠાં દ્રૌપદી ત્યાંથી ચાલી નીકળતાં ધૌમ્યમુનિ પાંડવોના આશ્રમમાં આવી અગ્નિહોત્રનાં સાધનોને તથા દ્રૌપદીની દાસીઓને સાથે લઇને દ્રુપદ રાજાના નગરમાં ગયા, અને ધૌમ્યમુનિના કહેવા પ્રમાણે ઇંદ્રસેન-આદિ નોકરો પાંડવોના રથોને તથા ઘોડાઓને લઇને દ્વારકા ગયા.

પોતાનાં ખડ્ગ તથા ધનુષ આદિ આયુધો લઇ ઘોનાં ચામડાના મોજાઓ પેહેરી, દ્વૈતવનમાંથી પાળા ચાલેલા પાંડવો પર્વતોના તથા વનોના ઉજ્જડ પ્રદેશોમાં રાતો રહેતાં રહેતાં, મૃગોના શિકાર કરતાં કરતાં અને જે કોઇ પૂછે તેને "અમો શિકારી લોકો છીએ" એમ કહેતાં કહેતાં દશાર્ણ વગેરે દેશોને મૂકીને દ્રૌપદીની સાથે મત્સ્યદેશના (વિરાટ રાજાના દેશના) સીમાડામાં પહોંચ્યા. સીમાડામાં બહુજ ગુપ્ત રીતે ચાલતાં ચાલતાં વિરાટની રાજધાની પાસે પહોંચ્યા ત્યારે યુધિષ્ઠિરે અર્જુનને કહ્યું કે, "આપણે આપણાં આયુધોને કયે ઠેકાણે રાખીને આ નગરમાં પ્રવેશ કરશું? જો આયુધોને સાથે લઇને નગરમાં પેસીશું તો લોકોને મોટો શક ઉત્પન્ન થશે, એટલુંજ નહિ પણ આ તમારા પ્રખ્યાત ગાંડીવ ધનુષ ઉપરથી ઓળખાઈ પણ જઇશું." અર્જુન બોલ્યો કે, "આ મસાણની સમીપમાં ઉંચા પ્રદેશમાં બહુજ મોટું ખીજડાનું ઝાડ છે તેમાં આયુધો રાખીને આપણે વિરાટના નગરમાં જવું." આમ કરવામાં યુધિષ્ઠિરે સંમતિ આપતાં સઘળા ભાઇઓએ સઘળાં આયુધોનો એકઠો ગાંસડો બાંધ્યો. નકુલે ખીજડાની ઉપર ચડીને જ્યાં વરસાદનું પાણી પણ ન પડે એવી શાખામાં તે આયુધોના ગાંઠડાને મજબૂત રીતે બાંધ્યો અને તેની સાથે એક માણસના શબને પણ લટકાવી દીધું કે જેથી ભયને લીધે અને દુર્ગંધને લીધે કોઇ પણ માણસ એ ખીજડાની પાસે જાય નહિ.

પોતાના ખાનગી સંકેતને માટે જય, જયંત, વિજય, જયંતસેન અને જયદ્બલ એ પ્રમાણે નામ રાખી પાંડવોએ કોઇ ન જાણે તેવી રીતે વિરાટ-નગરમાં પ્રવેશ કર્યો. યુધિષ્ઠિરને ચોપાટની રમત બહુ પ્યારી હતી અને વિરાટને પણ રમતનું વ્યસન હોવાથી તેણે તેને પોતાની હજુરમાં રાખી દાનાધ્યક્ષ-પણાનું કામ સોંપ્યું. ભીમસેને હાથમાં કડછી તથા માંસ કાપવાની છરી લઈ, રસોયાના વેષથી વિરાટની સભામાં જઈ, પોતાની સઘળી હકીકત જાહેર કરતાં

જણાવ્યું કે, ' હું રસોઇ કરવા ઉપરાંત મલ્લયુદ્ધમાં પણ પ્રવીણ છું અને મદોન્મત્ત હાથીઓને તથા સિંહોને પકડવા હોય તોપણ પકડી શકું છું." ઉપર પ્રમાણે ભીમસેનનાં વચન સાંભળી વિશ્વાસ આવતાં વિરાટ રાજાએ તેને પોતાના રસોડાનો ઉપરી કરી રાખ્યો. અર્જુને સ્ત્રીનો વેષ ધરી સભાની સમીપમાં આવી પોતાની હકીકત જાહેર કરતાં જણાવ્યું કે, "મારૂં આવું રૂપ થયા વિષેની વાત ખેદકારક છે માટે હું કહેતી નથી. હું નોકર રહેવાને માટે અહીં આવેલી છું, મા-બાપ વગરની છું અને મારૂં નામ બૃહન્નલા છે. હું ગાયનમાં, નૃત્યમાં તથા બજાવ-વામાં પ્રવીણ છું." એ પ્રમાણે અર્જુનનાં વચન સાંભળી વિરાટ રાજાએ કારભારીઓની સાથે વિચાર કરી સ્ત્રીઓની પાસે તેની પરીક્ષા કરાવી અને ખરેખર નપુંસક છે એમ નિશ્ચય થતાં તેને અંતઃપુરમાં નોકર રાખ્યો અને તે, તે પ્રમાણે નોકર રહી વિરાટની ઉત્તરાકુંવરીને તથા તેની સખીઓને નૃત્ય, ગાયન તથા બજાવવાની તાલીમ આપવા લાગ્યો અને સર્વને પ્યારો થઇ પડ્યો. નકુલ વિરાટ રાજાના દરબારમાં આવી બોલ્યો કે, "હું એક વખત યુધિષ્ઠિર રાજાની ઘોડારનો ઉપરી હતો, ઘોડાઓની જાતને, કેળવવાની રીતિને, ખોટ-વાળા ઘોડાઓની ખોટ કાઢવાનાં પ્રકારને તથા ઘોડાઓની ચિકિત્સાને સંપૂર્ણ રીતે જાણુંછું. મારૂં નામ ગ્રંથિક છે અને નોકર રહેવાની આશાએ અહીં આવેલો છું." નકુલનાં વચન સાંભળી પ્રસન્ન થઈ વિરાટ રાજાએ તેને પોતાના ઘોડાઓ તથા ઘોડારના નોકરોને તેના કબજામાં સોંપી, મોટો પગાર કરી આપ્યો. સહદેવે પણ ગોવાળની ભાષાથી જણાવ્યું કે, "હું ગોવાળ છું, પાંડ-વોના દેશથી આવ્યો છું. હું એક વખત યુધિષ્ઠિર રાજાની ગાયોનો ગોવાળ હતો, મારૂં નામ તંતિપાળ છે અને ગાયોના પાલનમાં, ચિકિત્સા કરવામાં તથા પરીક્ષા કરવા વગેરેમાં પ્રવીણ છું." એ પ્રમાણે તંતિપાળનાં વચન સાંભળી વિરાટ રાજાએ તેને પણ ગોવાળનો ઉપરી કરી રાખ્યો અને યોગ્ય પગાર આપવાનો ઠરાવ કરી દીધો.

ઉપર પ્રમાણે પાંચે પાંડવો વિરાટ રાજાના દરબારમાં રહી નોકરી કરવા લાગ્યા. દ્રૌપદી પણ પોતાના ચોટલાનો જમણીતરફ અંબોડો વાળી એકજ મેલું વસ્ત્ર પહેરી તથા ઓઢી રાજમહેલની આસપાસ ફરતાં વિરાટની પટ-રાણી સુદેષ્ણાને નજરે પડ્યાં કે તરતજ તેણે તેને પોતાની પાસે બોલાવી પૂછતાં દ્રૌપદી બોલ્યાં કે, "હું સૈરંધ્રી છું, કેશ બહુ સારીરીતે ગુંથી જાણું છું, ચંદન પણ સારૂં તૈયાર કરી જાણું છું, પુષ્પોની માળા પણ અચ્છી તરેહ ગુંથી

જાણુંછું અને મેં સત્યભામા તથા દ્રૌપદીની નોકરી કરી છે." આ વાત સાંભળી સુદેષ્ણાને તેને પોતાની પાસે રાખવા મરજી થઈ પણ તે અત્યંત રૂપાળી તથા ચતુર હોવાથી રખેને મારો પતિ તેને દેખે તો મને છોડી તેનેજ સ્વાધીન થયા વગર રહે નહિ એવી બીકથી પોતાના મનમાં તે અનેક સંકલ્પ વિકલ્પ કરવા લાગી અને મનમાં કહેવા લાગી કે, આ સ્ત્રીને જોઈ સ્ત્રીઓ પણ મોહ પામેછે, તો પુરૂષ મોહ પામે તેમાં શી નવાઈ? સુદેષ્ણાના તે પ્રમાણે હચુપચુ વિચારને જાણી લઇ દ્રૌપદી બોલ્યાં કે, "મારા પતિ પાંચ ગંધર્વ છે, અને તે સદા મારૂં ગુપ્તરીતે રક્ષણ કરેછે. કોઇ પુરૂષ નીચબુદ્ધિથી મારી છેડ કરે તો તે, તેજ રાતમાં મરણ પામ્યા વગર રહે નહિ. મારી પાસે પગ ધોવરાવવા નહિ અને મને ઉચ્છિષ્ટ અન્ન આપવું નહિ. આ પ્રમાણે કબુલાત આપો તો હું તમારી નોકરી કરૂં." આ પ્રમાણે દ્રૌપદીનાં વચન સાંભળી રાજી થઇ તેણે તેને પોતાની નોકરીમાં રાખી.



પ્રકરણ ૩૬ મું.

કાળની ગતિ.

પાંચ પાંડવો તથા છઠ્ઠાં દ્રૌપદી વિરાટ રાજાના દરબારમાં નોકર રહીને પોતપોતાને ફરમાવેલી નોકરી કરવા લાગ્યાં, અને તેઓ અમુક છે એમ કોઈના જાણવામાં આવ્યું નહિ. યુધિષ્ઠિર પોતાને જે કાંઇ ધન મળે તે ગુપ્તરીતે ભાઈઓને આપવા લાગ્યા. ભીમસેન વિરાટની આજ્ઞાથી જે કાંઇ પોતાને માંસવગેરે મળવા લાગ્યું તે પોતાના ભાઇઓને ગુપ્ત રીતે આપવા લાગ્યો; અર્જુન જે કાંઈ જુનાં વસ્ત્રવગેરે મળે તે પાંડવોને વહેંચી આપવા લાગ્યો. અને નકુલ પણ જે કાંઇ પોતાને મળે તે પોતાના ભાઈઓને આપવા લાગ્યો. અને સહદેવ પોતાના ભાઈઓને દૂધ, દહીં તથા ઘી આપવા લાગ્યો. જેમ પ્રાણીઓ ગર્ભમાં ગુપ્ત રહે, તેમ વિરાટના નગરમાં ગુપ્ત રહેલા, કૌરવોની બીકને લીધે બહુજ સંભાળ રાખતા અને દ્રૌપદીની ખબર રાખ્યા કરતા પાંડવોને એ નગરમાં રહેતાં ચાર માસ વ્યતીત થયા ત્યારે એ મત્સ્ય દેશમાં બ્રહ્માનો મહોત્સવ કરવાનો તહેવાર આવ્યો. આ તહેવારના પ્રસંગમાં દેશોદેશથી

મોટા મોટા મલ્લો વિરાટ રાજાની પાસે આવવા લાગ્યા; અને તેઓમાં એક જીમૂત નામનો મલ્લ તો એવો આવ્યો કે, જેને કોઇપણ મલ્લ જીતી-શકતો નહોતો. આ મલ્લથી વિરાટ રાજાના સઘળા મલ્લ ત્રાસ પામતાં વિરાટે રસોયા બલ્લવને તેની સાથે લડવાની આજ્ઞા કરી. રખેને ઓળખાઇ જઇએ એવા ભયને લીધે મનમાં એ કુસ્તી કરવી ગમતી નહોતી તોપણ પરતંત્રપણાને લીધે હા પાડી, તૈયાર થઇ, ભીમસેન અખાડામાં ઉતર્યો અને જીમૂત પણ અખાડામાં ઉતર્યો. પરસ્પરને જીતી લેવાની ઇચ્છા કરતા અને પરસ્પરના લાગ જોયા કરતા એ બન્ને જણ ભારે બાહુયુદ્ધ કરવા લાગ્યા. [1]પ્રમાથ, [2]ઉન્મથન, [3]ક્ષેપણ, [4]મુષ્ટિ, [5]અવાઙ્મુખ, [6]પ્રસૃષ્ટા, [7]શલાકાનખ-પાત, [8]પાદોદ્ધૂત, [9]પૂર્ણકુંભ, [10]પ્રકર્પણ, [11]આકર્પણ, [12]અભ્યાકર્પણ, ઇત્યાદિ ક્રિયાઓથી એ બન્ને જણ મલ્લયુદ્ધ કરતાં જોનારા સર્વે લોક રાજી થવા લાગ્યા અને ઉત્સાહના શબ્દોથી તથા તાળીઓ પાડવા વગેરેથી માન દેવા લાગ્યા. પરસ્પરને ગોઠણ, માથાં તથા છાતીઓ મારવા વગેરે ક્રિયાઓ ચાલતાં ભીમસેને જીમૂત મલ્લને બન્ને હાથથી ઉપાડી ખૂબ ફેર-વીને ધરતીપર એવો પછાડીને ભીંસ્યો, કે જેથી એ જીમૂતનાં પ્રાણજ નીકળી ગયાં અને સર્વ મલ્લોને તથા બીજા લોકોને ભારે વિસ્મય થયો. જીમૂત મલ્લ મરણ પામતાં વિરાટ રાજાએ ભીમસેનને ઘણાં ઘણાં ઇનામો આપ્યાં. આ પ્રમાણે જ્યારે જ્યારે મોટા મોટા મલ્લો વિરાટની પાસે આવ્યા ત્યારે ત્યારે તેઓને જીતી લઇને ભીમસેને વિરાટની પ્રીતિ બહુજ સંપાદન કરી. જ્યારે બલ્લવના જેવો કોઇ પુરૂપ બળવાન નથી એમ ધારવામાં આવ્યું ત્યારે વિરાટ રાજાએ તેને હાથીઓની સાથે, દીપડાઓની સાથે તથા સિંહોની સાથે પણ લડાવવા માંડ્યો અને તેની કેટલીએક કુસ્તીઓ અંતઃપુરની સ્ત્રીઓને પણ દેખાડી. અર્જુન પોતાના નૃત્યથી તથા ગાયનથી વિરાટને તથા અંતઃપુરની સ્ત્રીઓને રાજી કરવા લાગ્યો અને ભારે ભારે ઇનામો લેવા લાગ્યો. એવીજ રીતે નકુલ તથા સહદેવ પણ પોતપોતાનાં કામોથી વિરાટને રાજી કરીને મોટાં

---

૧ ધરતીપર પાડીને ભીંસ દેવી. ૨ ઉંડાડીને અંગોનું મથન કરવું. ૩ ઠેકાણાથી ખસે-ડવું. ૪ બન્ને મુઠીઓ છાતીમાં મારવી. ૫ ખભા ઉપર લઇ ફેરવી ઉંધે મોહોડે પછાડવું. ૬ ચારે આંગળીઓ લાંબી કરીને ઘોંચવી. ૭ એક આંગળી લાંબી કરી નખ મારવો. ૮ પગ ફેરવવા. ૯ બન્ને હાથના પાશથી માથું દબાવવું. ૧૦ ખેંચીને પડખામાં લેવું. ૧૧ સન્મુખ કરવું. ૧૨ આગળ પાછળ તથા પડખામાં ખેંચીને ભ્રમણ કરાવવું.

ઇનામો મેળવવા લાગ્યા. પોતાના પાંચે પતિઓને એ પ્રમાણે પરતંત્રપણાથી નોકરી કરતા જોઇ, દ્રૌપદી ખેદ પામતાં હતાં અને વારંવાદ નિસાસા મુકતાં હતાં.

આ પ્રમાણે વિરાટના નગરમાં રહી, વિરાટની નોકરી કરતાં કરતાં પાંડવોને દશ મહીના વ્યતીત થઇ ગયા તે સમયે એક દિવસે સુદેષ્ણાના ભાઇ અને વિરાટના સેનાપતિ કીચકે દ્રૌપદીને જોઈ, કામાતુર થઇ, પોતાની બેહેન અને વિરાટની રાણી સુદેષ્ણાની પાસે આવીને કહ્યું કે, "બેહેન! તમારી પાસે આ જે સૈરંધ્રી છે તેને જોઇ મારૂં મન પરવશ થયું છે અને એ સૈરંધ્રીપણું કરવાને લાયક નથી પણ મારી સ્ત્રી થઇને મારૂં સઘળું ઐશ્વર્ય ભોગવવાને લાયક છે; માટે કોઇ રીતે એ સૈરંધ્રી મારા ઘરમાં રહે એવી સગવડ કરી આપો." પછી સુદેષ્ણાની સંમતિ મળતાં કીચકે દ્રૌપદીને મળીને કહ્યું કે, "સુંદરિ! તું કોણ છે અને આ નગરમાં ક્યાંથી આવી છે? મારા શરીરમાં કામદેવ રૂપી અગ્નિ પ્રજ્વલિત થયો છે તેને તું તારા સમાગમરૂપી વરસાદથી શાંત કર. તું દાસીપણાની દુઃખમય સ્થિતિમાં રહેવાને યોગ્ય નથી પણ મારા ઘરમાં રહીને મારા સઘળા ઐશ્વર્યની અધિષ્ઠાત્રી થવાને યોગ્ય છે. તું મારી સ્ત્રી થશે તો મારી બીજી સઘળી સ્ત્રીઓ તારી દાસી થઇને રહેશે અને હું પણ દાસ થઇને રહીશ." એ પ્રમાણે કીચકનાં વચન સાંભળી દ્રૌપદીએ કહ્યું કે, "તારે મારાપર આવી દૃષ્ટિ કરવી યોગ્ય નથી. હું મારા પતિઓને પ્યારી છું. જે પુરૂષ પરસ્ત્રીમાં લંપટ થાય તે મોટી અપકીર્તિને અથવા વધને પ્રાપ્ત થાયછે." દ્રૌપદીનાં વચન સાંભળી કીચક પોતે સમજુ છતાં પણ અજિતેંદ્રિય હોવાને લીધે બોલ્યો કે, "સુંદરિ! હું જે તારે વાસ્તે કામાતુર થયો છું તેને તારે ના પાડવી જોઇતી નથી. મને ના પાડીને તારે પાછળથી પસ્તાવો કરવો પડશે. વિરાટ રાજાનું આ સઘળું રાજ્ય મારા કબજામાં છે અને મારાજેવો બીજો કોઇ પણ પુરૂષ સઘળીરીતે ભાગ્યશાળી નથી, માટે મારી સ્ત્રી થઇને રાજ્યના સુખનો ઉપભોગ કર. દાસીપણું શામાટે કરેછે?" કીચકનાં વચન સાંભળી તેને ધિક્કારીને દ્રૌપદી બોલ્યાં કે, "અરે સૂતના પુત્ર! મારા પતિ પાંચ ગંધર્વો છે અને તેઓ સર્વદા મારૂં રક્ષણ કરેછે, તેઓનો અપરાધ કરીને તારે મરવાનું મન થયું છે કે શું? તું મારી માગણી કરશે તો તે ગંધર્વો તને અવસ્ય મારીજ નાખશે." આ પ્રમાણે દ્રૌપદીએ ચોખ્ખી ના પાડતાં કામાતુર દુર્બુદ્ધિ કીચકે પોતાની બેહેન સુદેષ્ણાને મળીને કહ્યું કે, "સુદેષ્ણા! ગમે તેમ કરીને પણ સૈરંધ્રી મને વસ્ય થાય એવો ઉપાય ગોઠવી આપો,

નહિતર મારાં પ્રાણ જતાં રહેશે.” પછી સુદેષ્ણાએ વિચાર ગોઠવીને કીચકને કહ્યું કે, “ચૌદશનો દિવસ કે જેને મધ પીનારાઓના ઉત્સવનો સમય ગણવામાં આવેછે તે દિવસે તું મારે વાસ્તે પ્રસિદ્ધરીતે મદિરા તથા રસોઈ તૈયાર કરાવજે એટલે હું મદિરા તથા રસોઈના થાળને લેવા સૈરંધ્રીને તારી પાસે મોકલીશ. પછી તું એને એકાંતમાં સમજાવજે.” એ પ્રમાણે બેહેનનાં વચન સાંભળી કીચકે પોતાને ઘેર જઈ ઉત્સવને દિવસે પ્રસિદ્ધ રીતે બેહેનને નોતરૂં આપી અનેક જાતનાં ભક્ષ્ય ભોજનો તથા મદિરાઓ તૈયાર કરાવી. કીચકનાં નોતરાં ઉપરથી સુદેષ્ણાએ દ્રૌપદીને કહ્યું કે, “સૈરંધ્રી ! તું કીચકને ઘેર જઈને મારે વાસ્તે ભોજનનો થાળ તથા મદિરા લાવ.” દ્રૌપદી બોલ્યાં કે, “રાણીજી ! હું કીચકને ઘેર નહિ જાઉં. કીચક નિર્લજ્જ છે એ તમે પણ જાણો છો. તમારે ઘેર હું વ્યભિચાર કરવાને રહી નથી. મેં પ્રથમ તમારી સાથે જે બોલી કરી છે તેનું સ્મરણ કરો. તમારે બીજી દાસીઓ ઘણી છે માટે તેઓમાંથી કોઈને મોકલો.” “તને અહીંથી હું મોકલુંછું માટે કીચક તારી કશી છેડ નહિ કરે.” એમ કહી સુદેષ્ણાએ પોતે ઉઠીને સોનાનો થાળ તથા મદિરાનું પાત્ર દ્રૌપદીના હાથમાં આપ્યાં. આમ થવાથી દ્રૌપદી રોતાં રોતાં ઉઠી થાળવગેરે લઈને કીચકને ઘેર જવા ચાલ્યાં અને પોતાના રક્ષણને માટે માર્ગમાં સૂર્યની સ્તુતિ કરવા લાગ્યાં. આ ઉપરથી સૂર્યે એક રાક્ષસને દ્રૌપદીનું રક્ષણ કરવા સારૂ આજ્ઞા કરતાં તે રાક્ષસ અંતર્હિત રહીને દ્રૌપદીની સાથેજ કીચકને ઘેર ગયો. દ્રૌપદીને પાસે આવેલાં જોઈ કીચક ઉભો થઈને બોલ્યો કે, “સુંદરિ! તું ભલે આવી. આજ મારો દહાડો સારો ઉગ્યો. તું મને રાજી કર. હું તારે વાસ્તે ઉત્તમ ઉત્તમ વસ્ત્રો, અલંકારો તથા અન્નપાનો મગાવુંછું. મેં તારે વાસ્તેજ દિવ્ય શયન તૈયાર કરાવી રાખ્યું છે માટે તે શયનપર આવીને મારીસાથે મદ્યપાન કર.” દ્રૌપદી બોલ્યાં કે, “મને સુદેષ્ણાએ તમારી પાસેથી ભોજન તથા મદિરા લેવાને મોકલી છે માટે બીજું કાંઇ પણ નહિ બોલતાં સુદેષ્ણાને વાસ્તે ભોજન તથા મદિરા આપો. સુદેષ્ણા વાટ જોઇ રહ્યાં છે.” કીચક બોલ્યો કે, “સુદેષ્ણાને વાસ્તે ભોજન તથા મદિરા લઇ જવાનાં છે તે બીજી દાસીઓ લઈ જશે, તું તો હમણાં મારા મનોરથને પૂર્ણ કર.” એમ બોલીને કીચકે જમણો હાથ પકડતાં દ્રૌપદી બોલ્યાં કે, “મેં મનથી પણ કદી વ્યભિચાર કર્યો નથી એ વાત જો સત્ય હશે તો હું તારા ભુંડા હવાલ થએલા જોઈશ.” આ પ્રમાણે કહેતાં છતાં પણ નહિ માનીને કીચકે વસ્ત્રનો

છેડો પકડતાં દ્રૌપદી તેને તરછોડી પછાડીને વિરાટરાજાની સભામાં દોડતાં ગયાં કે જ્યાં યુધિષ્ઠિર તથા ભીમ પણ બેઠા હતા. કીચકે ઉઠી તેની પછવાડે દોડી પહોંચી લઈ તેનો ચોટલો પકડી ધરતીપર પાડીને પાટુ મારતાં સૂર્યે મોકલેલા રાક્ષસે વાયુના વેગથી કીચકને ધરતીપર પાડી નાખ્યો. આ સમયમાં કોપને લીધે ભીમસેને લાલ આંખો કરીને કીચકને મારવાસારૂ ઝાડની સામે જોતા યુધિષ્ઠિરે પોતાના અંગુઠાથી તેનો અંગુઠો દબાવીને કહ્યું કે, "તારે રસોડાને વાસ્તે લાકડાં જોઇતાં હોય તો આ ઝાડમાંથી નહિ પણ બીજા ઝાડમાંથી લેજે." દ્રૌપદીએ સભાના દ્વારમાં આવીને પોકાર કર્યો કે, "જેઓનો દુશ્મન અદૃશ્ય સ્થળમાં હોય તોપણ જીવી શકતો નથી, જેઓ બીજાઓને આપેછે પણ બીજાઓની પાસે કશી યાચના કરતા નથી, જેઓ સર્વ લોકોને મારી શકે એવા છે પણ ધર્મના પાશથી બંધાઇ રહ્યા છે અને જેઓ શરણાગતનું રક્ષણ કર્યાવિના રહેતાજ નથી તેઓની ભાર્યાને કીચકે પાટુ મારી. વિરાટ રાજા પણ ન્યાયની ઉપર ધ્યાન નહિ આપતાં કીચકના અપરાધનું સહન કરે એ તેને શોભા આપતું નથી. વિરાટ રાજા ! તમારી સમીપમાં મને કીચકે પાટુ મારી એ તમારી પ્રતિષ્ઠાની હાનિ થઈ છે. સભાસદો ! આ કીચકે કેવો અપરાધ કર્યો તે જુઓ. હાય હાય ! જેમ કીચક અધર્મી છે તેમ વિરાટ રાજા અને તેના સભાસદો પણ અધર્મી છે." આ પ્રમાણે દ્રૌપદીએ પોકાર કરતાં વિરાટ બોલ્યો કે, "તમને કજીઓ શામાટે થયો એ હું જાણતો નથી. ખરી વાત જાણ્યાવિના મારાથી શું થઈ શકે !" સૈરંધ્રીની આ સ્થિતિ જોઇને સભાસદો કીચકને ધિક્કારવા લાગતાં પોતાના કપાળપર આવેલા પરસેનાને લુછ્યા કરતા યુધિષ્ઠિરે સૈરંધ્રીને કહ્યું કે, "સૈરંધ્રી ! પતિની સેવામાં તત્પર રહેનારી પતિવ્રતાઓને આવાં કેટલાંએક કષ્ટો સહન કરવાં પડેછે એમાં કાંઇ નવાઇ નથી. હું ધારૂંછું કે, તારા પતિ પાંચ ગંધર્વો હમણાં ક્રોધ કરવાનો સમય નહિ દેખતા હોય તેથી તારી વારે ચડતા નથી. તને સમયની ખબર નથી અને આ સભામાં ચાલતી ચોપાટની રમતમાં તું વૃથા અડચણ કરેછે માટે અહીંથી જતી રહે અને સુદેષ્ણાની સેવા કર." સૈરંધ્રી બોલી કે, "જેઓના અધ્યક્ષ જુગારી હોય તેઓ સર્વના હાથથી માર ખાય એમાં પણ કશી નવાઇ નથી." એટલું બોલીને દ્રૌપદી રોતાં રોતાં ત્યાંથી તુરત સુદેષ્ણાની પાસે જતાં સુદેષ્ણાએ પૂછ્યું કે, "સૈરંધ્રી ! તું શામાટે રૂએછે ! તને કોણે દુઃખાવી ?" સૈરંધ્રી બોલી કે, "હું તમારે વાસ્તે ભોજન તથા મદિરા લેવા ગઇ

ત્યાં કીચકે મારી છેડ કરી અને સભામાં વિરાટ રાજા દેખતાં છતાં મને નિર્જન વનમાં મારે તેમ મારી." સુદેષ્ણા બોલી કે, "જો તારી ખુશી હોય તો હું કીચકને મારી નાખું." સૈરંધ્રી બોલી કે, "કીચકે જેઓનો અપરાધ કર્યો છે તેઓજ તેને મારશે અને હું ધારૂંછું કે, એ કીચક આજેજ પરલોકમાં જશે."

પછી દ્રૌપદી પોતાનાં ગાત્રોને તથા વસ્ત્રોને ધોઇ નાખી નાહીને વિચાર કરવા લાગ્યાં કે, "હું શું કરૂં, ક્યાં જાઉં અને મારૂં કામ શી રીતે થાય? ભીમસેનવિના મારૂં પ્રિય કરનાર બીજો કોઇ નથી." એ પ્રમાણે વિચાર કરી રાતે શયનમાંથી ઉઠીને રસોડામાં ગયાં કે જ્યાં ભીમસેન સૂતો હતો. "મારો શત્રુ પાપી કીચક જીવેછે તે છતાં તમને ઉંઘ કેમ આવેછે?" એમ બોલતાં બોલતાં રસોડામાં જઇ ભીમસેનનું આલિંગન કરી જગાડીને કહ્યું કે "ઉઠો ઉઠો. મુએલાની પેઠે સૂતા છો શું? જેનો પતિ જીવતો હોય તે સ્ત્રીનો સ્પર્શ કરીને પાપી પુરૂષ જીવેજ નહિ." આ પ્રમાણે દ્રૌપદીનાં વચન સાંભળી ભીમસેને પલંગમાં બેઠો થઇને દ્રૌપદીને પૂછ્યું કે, "તમારૂં મોહોડું કેમ લેવાઇ ગયું છે? તમે મારી પાસે ઉતાવળાં ઉતાવળાં કેમ આવ્યાં છો? સુખની, દુઃખની, પ્રિયની કે અપ્રિયની જે કાંઇ વાત હોય તે તમારે મને કહેવી અને સઘળાં કામોમાં મારોજ વિશ્વાસ કરવો. જે કાંઇ તમારે કહેવાનું હોય તે કહીને તુરત અહીંથી જતાં રહો કે જેથી કોઇના જાણવામાં ન આવે." દ્રૌપદી બોલ્યાં કે, "જેનો સ્વામી યુધિષ્ઠિર હોય તેને સુખ ક્યાંથીજ હોય? તમો મારૂં સઘળું દુઃખ જાણોછો તે છતાં કેમ પૂછોછો? જુગારની સભામાં મને "દાસી દાસી, કહીને પ્રતિકામી લઇ ગયો તથા વનવાસમાં પાપી જયદ્રથ મને હરી ગયો અને વળી આ ગુપ્ત વાસમાં મને કીચકે પાટુ મારી તો હવે મારે જીવવાનું શું પ્રયોજન છે? એવાં એવાં દુઃખો ભોગવીને દ્રૌપદીવિના બીજી કઇ રાજપુત્રી જીવતી રહે? વિરાટનો સાળો કીચક મને રોજ પોતાની સ્ત્રી થવાનું કહેતો હતો કે જેની ના પાડવાથી તેણે મને સભા દેખતાં પાટુ મારી. તમારી પાંચે ભાઇઓની પૂર્વની દશાને સંભારીને તથા હમણાંની દુર્દશાને જોઇને મારૂં મન બહુજ ખેદ પામેછે અને યુધિષ્ઠિરને ધિક્કાર્યાં કરેછે. હું જે કુંતીથી પણ બીતી નહિ તે આજ સુદેષ્ણાથી બીઉંછું એ કેવું અસહ્ય દુઃખ? જુઓ, ચંદન ઘસી ઘસીને બન્ને હાથમાં ટણ પડી ગયા છે." એમ બોલતાં બોલતાં બહુજ રોઇ પડીને વળી દ્રૌપદી બોલ્યાં કે, "ભીમસેન! તમે જો કીચકને નહિ મારો તો હું ઝેર પીને અથવા અગ્નિમાં

પ્રવેશ કરીને મરીશ." એ પ્રમાણે દ્રૌપદીનાં વચન સાંભળી તેના બન્ને હાથને પોતાના મોહો ઉપર લઈ રોઈ પડીને અત્યંત દુઃખથી ભીમસેન બોલ્યો કે, "હું તમારા આવા ડણવાળા હાથને જોઉંછું માટે મારા બાહુબળને ધિક્કાર છે. કીચક તમને પાટુ મારતો જોવામાં આવ્યો તે સમયેજ હું કીચકના માથાંને ફાડી નાખત અને બીજા પણ જે કોઇ આડે આવત તેઓનું કદન કરી નાખત; પરંતુ યુધિષ્ટિરે મને અટકાવ્યો તેથી હું લાચાર થઇ ગયો. મેં જુગારની સભામાંજ દુર્યોધન, દુઃશાસન, કર્ણ અને શકુનિ એઓનાં માથાં કાપી લીધાં નહિ તેનો મને પસ્તાવો થાયછે. તમે મારી પાસે જેવાં વચનો બોલ્યાં તેવાં વચનો યુધિષ્ટિરની કે અર્જુન વગેરેની પાસે બોલશો માં. નહિતર એઓ ખેદને લીધે પોતાના જીવિતને છોડી દેશે અને એઓ જો જીવિતને છોડી દે તો મારાથી પણ જીવી શકાય નહિ. લોપામુદ્રા તથા સાવિત્રી એઓની પેઠે તમે પણ શાંત મનથી દુઃખોનું સહન કરો. હવે ફક્ત દોઢ મહીનો ખમી રહેવાનું છે. પછી તો તમને મહારાણીની પદવી મળશે." દ્રૌપદી બોલ્યાં કે, "સ્વામિન્! દુઃખોનો કોઇ પાર જોવામાં નહિ આવવાથી હું આપની પાસે આ વચનો બોલી, પણ રાજાને કશું કહીશ નહિ. ગઇ વાતનો અફસોસ કરવાથી શું વળે? પણ હવે પછી જે કરવું યોગ્ય છે તે કરવામાં સજ્જ થાઓ." "જો વિરાટ રાજા આને દેખશે તો મને છોડી દેશે." એવી શંકાથી સુદેષ્ણા મને કીચકના ઘરમાં રાખવા ઇચ્છેછે અને તેનીજ ખરાબ પેરવીથી કીચક નિત્ય મારી માગણી કરેછે. મેં કીચકને ગંધર્વોનો ડારો દીધો ત્યારે કીચક બોલ્યો કે, "પાંચ તો શું પણ લાખો ગંધર્વોને પણ મારી નાખવા હું સમર્થ છું." સુદેષ્ણાએ મને ભોજન તથા મદિરા લાવવાના બાહાનાથી કીચકને ઘેર મોકલી હતી અને ત્યાં કીચક મારો છેડ કરવા લાગતાં હું ત્યાંથી ભાગી એટલે પછવાડે દોડી પોહોંચીને સઘળી સભા દેખતાં મને મારી. આમ થયા છતાં પણ વિરાટ, સઘળા સભાસદો અને બીજા લોકો પણ કાંઇ બોલી શક્યા નહિ તેથી મને બહુ ખેદ થાયછે. કીચક મોટો પાપી છે, રાજાના સઘળા ઐશ્વર્યને ભોગવેછે, બીજાઓને રોવરાવીને તેઓનાં ધનોનું તથા સ્ત્રીઓનું પણ હરણ કરેછે અને તમારો પણ મોટો અપરાધી છે માટે ગમે તેમ કરીને પણ તેને આજને આજ મારી નાખો. જટાસુરના હાથથી તથા જયદ્રથના હાથથી પણ તમેજ મારો બચાવ કરીને તેઓને શિક્ષા કરી હતી. જો આવતી કાલના સૂર્યોદયસુધી કીચક જીવતો

હશે તો, હું તમારી આગળ ઝેર ઘોળીને પી જાઇશ." એ પ્રમાણે બોલી ભીમસેનના સાથળઉપર પડીને દ્રૌપદી રોવા લાગતાં ક્રોધથી વ્યાપ્ત થએલા ભીમસેને પોતાના મનમાં કીચકને મારવાનો વિચાર ગોઠવી લઇને દ્રૌપદીને કહ્યું કે, "જેમ તમે કહોછો તે પ્રમાણે હું આજજ કીચકને મારી નાખીશ એ પ્રતિજ્ઞાપૂર્વક બોલુંછું. સવાર પડે ત્યારે તમે કીચકને મળીને ઠરાવ કરો કે, આ કન્યાઓની નૃત્યશાળામાં રાતે કોઈ માણસ રેહેતું નથી માટે રાતે તે શાળામાં આવીને સમાગમનું સુખ લેવું. દ્રૌપદી! પછી હુંજ તમારીવતી રાતે તે શાળામાં જઇને કીચકને યમપુરીનો મેહેમાન કરીશ. પણ આ વાત કોઇના જાણવામાં ન આવે, તેની સાથે વાત કરતાં તમને કોઇ દેખે નહિ અને રાતે કીચક અવશ્ય એ શાળામાં આવે એવી સઘળી પ્રપંચભરેલી ગોઠવણ કરજો." ભીમસેનનાં વચન સાંભળી તે પ્રમાણે પ્રપંચ કરવાની હા પાડીને દ્રૌપદી સુદેષ્ણાના આવાસમાં ગયાં અને ભીમસેને પણ મનમાં બરાબર ગોઠવણ કરી રાખી. રાત્રિ વ્યતીત થતાં કીચકે વેહેલો વેહેલો ઉઠી દરબારમાં જઇ દ્રૌપદીને કહ્યું કે, "સભામાં રાજા દેખતાં છતાં મેં તને પાડીને પાટુ મારી તોપણ કોઇએ તારી સહાયતા કરી નહિ; એટલાથીજ તારે સમજી લેવું કે રાજ્યમાં મારૂં કેટલું જોર છે. રાજા તો માત્ર કહેવાનો છે પણ ખરો રાજા તો હુંજ છું; માટે તું મારી સ્ત્રી થા, હું તારો દાસ થઇને રહીશ અને સેંકડો દાસો, દાસીઓ તથા સોનામોહરો આપીશ." કીચકનાં વચન સાંભળી દ્રૌપદી કટાક્ષના ચાળા કરીને બોલ્યાં કે, "હું ગંધર્વોથી બહુજ બીઉંછું. માટે તારા ભાઇઓ કે મિત્રો પણ જો તારા અને મારા સમાગમને ન જાણે અને તેવા પ્રકારનું તું મને વચન આપે તો હું એકાંતમાં તારો સમાગમ કરૂં." કીચક બોલ્યો કે, "સુંદરિ! તું જેમ કહે તેમ કરવા તૈયાર છું, તું જે સ્થળ બતાવે ત્યાં રાતે હું એકલોજ આવું કે જેથી ગંધર્વો પણ ઠગાઇ જાય." દ્રૌપદી બોલ્યાં કે, "આ કન્યાઓની નાચવાની શાળા કે જે વિરાટ રાજાએ બનાવી છે તેમાં દિવસે કન્યાઓ નાચેછે અને રાતે પોતપોતાને ઘેર જતી રહેછે; માટે આજે રાતે અંધકારના સમયમાં તારે એકલાએ ત્યાં આવવું, હું ત્યાં હાજર રહીશ. આમ કરવાથી કોઈ જાતની અડચણ પડશે નહિ." આ પ્રમાણે વાતચીત કરી ઠરાવ કરી દ્રૌપદી સુદેષ્ણાના આવાસમાં ગયાં અને કીચક પોતાને ઘેર ગયો; પણ ઉત્કંઠાને લીધે તેને તે દિવસ યુગજેવડો જણાવા લાગ્યો. કીચક પોતાને ઘેર જઇ નાહી ધોઈ જમીને વસ્ત્રોથી, અલં-

કારોથી તથા પુષ્પોની માળાઓ વગેરેથી પોતાના શરીરને શણગારવા લાગ્યો અને તે સમયે જેમ ઠરી જવાને તૈયાર થયેલા દીવાની કાન્તિ વધારે પ્રકાશિત થાય તેમ કીચકની કાન્તિ પણ વધારે પ્રકાશિત થઈ. દ્રૌપદીએ રસોડામાં જઇને એકાંતમાં ભીમસેનને કહ્યું કે, "તમારા કહેવા પ્રમાણે મેં કીચકની સાથે સંકેત કરેલો છે અને તે આજ રાતે જરૂર નૃત્યશાળામાં આવશે માટે ત્યાં તમે એને મારીજ નાખજો, કે જેથી મારાં આંસુ લુવાય અને તમારા કુળની પ્રતિષ્ઠા રહે." ભીમસેન બોલ્યો કે, "તમે મને આ વધામણી આપી. હવે જેમ તમે કહોછો તેમજ કરીશ. મારે બીજા કોઈ સહાયકની જરૂર નથી. બની શકશે ત્યાં સુધી ગુપ્ત રીતે અને નહિ બની શકે તો જાહેર રીતે પણ હું કીચકને માર્યા વિના છોડવાનો નથી. કીચકને વાસ્તે મત્સ્યદેશના બીજા યોદ્ધાઓ પણ જો મારી સામે લડવા આવશે તો તેઓને પણ મારીશ અને એમ કરતાં ઓળખાઇ જઇશ તો પછી દુર્યોધનને મારીને હસ્તિનાપુરનું રાજ્ય હસ્તગત કરીશ, પણ હવે હું વિરાટની નોકરી કરવાનો નથી. યુધિષ્ઠિર ભલે વિરાટની સેવા કર્યા કરે." દ્રૌપદી બોલ્યાં કે, "જે રીતે મારે વાસ્તે તમારૂં સત્ય ન જાય તે રીતેજ કીચકને મારજો." એમ કહીને દ્રૌપદી સુદેષ્ણાની પાસે જતાં ભીમસેન રાતે પ્રથમજ તે નૃત્યશાળામાં જઇને સૂતો અને જેમ સિંહ હરિણની વાટ જુવે, તેમ કીચકની વાટ જોવા લાગ્યો. આ સમય કીચક પણ દ્રૌપદીના સમાગમની આશાથી ગુપચુપ અંધારાથી ઘેરાએલી તે શાળામાં પેઠો અને બોલવા લાગ્યો કે, "સૈરંધ્રી! મેં તારે વાસ્તે ધનોથી તથા રત્નોથી ભરપૂર અને સેંકડો દાસીઓવાળું ઘર તૈયાર કરાવી રાખ્યું છે. આજ હું શણગાર્યો તે સમયમાં મારા ઘરની સઘળી સ્ત્રીઓ અકસ્માત્ મારાં વખાણ કરવા લાગી, કે તમારા જેવો રૂપાળો કોઈ પુરૂષ નથી." ભીમસેન સ્ત્રીના જેવા સ્વરથી બોલ્યો કે, "તમે પોતાની જીભથી જેવાં પોતાનાં વખાણ કરોછો તેવાજ રૂપાળા છો અને હું પણ તમને એવું સ્પર્શસુખ આપવાની છું કે જેવું સુખ તમે કયાંય દીઠું નહિ હોય." એટલું બોલી તુરત ઉછળી તેનો ચોટલો પકડીને ભીમસેન બોલ્યો કે, "દુષ્ટ કીચક! આજ તને તારી બેહેન મારા હાથથી મરણ પામેલો દેખશે અને સૈરંધ્રી તથા સૈરંધ્રીના પતિઓ સુખથી વિચરશે." આ વચન સાંભળી અકસ્માત્ ચકિત થયેલા કીચકે વેગથી પોતાનો ચોટલો છોડાવીને ભીમસેનને બાથ નાખી અને ભીમસેને પણ તેને બાથ નાખી. આ સમય મદોન્મત્ત હાથીઓના જેવું અને સિંહોના જેવું યુદ્ધ

ચાલતાં જાણે વાંસ ફાટતા હોય એવા શબ્દ થવા લાગ્યા. ભીમસેને બલાત્કારથી પકડીને હલબલાવતાં કીચક પણ પોતાની શક્તિપ્રમાણે ભીમસેનને ખેંચવા લાગ્યો. કીચકના ધક્કાથી ભીમસેન ગોઠણીયાભર ધરતીપર પડી ગયો પણ પાછો તુરત ઉછળીને કીચકને માર મારવા લાગ્યો. કીચક બલહીન થયેલો જાણવામાં આવતાં ભીમસેને વેગથી છાતીમાં દબાવીને તેને ખૂબ ભીંસ દીધી અને ગળું દાબી ગોઠણથી તેની કેડને એવડી વાળીને મારી નાખ્યો. મારી નાખ્યા પછી તેના બન્ને હાથને, બન્ને પગને, માથાંને અને ડોકને જોરથી તેના ધડમાં ખોસી દઇને માંસના પિંડ જેવા બનાવી દીધો. આ સમયમાં દ્રૌપદી ગુપ્ત રીતે જોવા આવતાં ભીમસેને દીવાબત્તીથી તેને પેલા માંસનો પિંડ દેખાડીને કહ્યું કે, "આવો આવો, જુઓ. આ તમારા શત્રુને મેં કેવી રીતે માર્યો છે? હજી પણ તમારા જે જે શત્રુઓ છે તેઓના આવાજ સંસ્કાર થવાના છે." એ પ્રમાણે કહી દ્રૌપદીની રજા લઇને ભીમસેન તુરત પાછો રસોડામાં ગયા પછી દ્રૌપદીએ શાળાના રક્ષકોની પાસે આવીને કહ્યું કે, "પરસ્ત્રીમાં લાલચ રાખનાર કીચકને મારા પતિ ગંધર્વોએ મારી નાખ્યો છે માટે તમો સઘળા ત્યાં આવીને જુઓ." એ સાંભળી શાળાના રક્ષકો ઘણી ઘણી દીવીઓ લઇને જોવા ગયા ત્યાં હાથ પગ વગરનો અને પાણીમાંથી બહાર કાહાડેલા કાચબા જેવા એ કીચક જોવામાં આવતાં બહુજ વિસ્મય પામ્યા અને આની ડોક ક્યાં, પગ ક્યાં, હાથ ક્યાં અને માથું ક્યાં એમ પરીક્ષા કરવા લાગ્યા. આ સમયમાં મોટો કોલાહલ ઉઠતાં ત્યાં આવી પહોંચેલા કીચકના બીજા એકસો પાંચ ભાઇઓ કીચકની એ દશા થયેલી જોઇ વિસ્મય પામીને તેને બાળવા લઇ જવાની તજવીજ કરવા લાગ્યા.

પ્રકરણ ૩૭ મું.

ગાયોનું હરણ.

પાંડવોની શોધ કહાડવાને વાસ્તે દુર્યોધને દેશોદેશમાં ફરવા મોકલેલા ચારલોકોએ સર્વ દેશમાં ફરી પાછા હસ્તિનાપુરમાં આવી દુર્યોધનને ખબર આપી કે, "પાંડવોના સારથિઓ ખાલી રથો લઈ દ્વારકામાં ગયા અને બીજા માણસો દ્રુપદ રાજાના નગરમાં ગયા એટલી અમોને ખબર મળી છે. પણ પાંડવો ક્યાં રહ્યા છે એ જરા પણ અમારા જાણવામાં આવ્યું નથી. એ ઉપરાંત બીજી નવી ખબર એ છે કે, "વિરાટ રાજાના સાળા કીચકને વિરાટ રાજાની કોઈ સૈરંધ્રીના પ્રસંગને વાસ્તે પાંચ ગંધર્વોએ મારી નાખ્યા અને વિરાટ રાજાના રસોડીયાએ મલ્લયુદ્ધમાં લોકવિખ્યાત જીમૂત નામના મલ્લને મારી નાખ્યો." આ ખબર સાંભળી દુર્યોધને ઉંડો વિચાર કર્યો કે, "એ સૈરંધ્રી દ્રૌપદી હોવી જોઈએ, પાંચ ગંધર્વો પાંડવો હોવા જોઈએ અને પ્રખ્યાત યશવાળા જીમૂત મલ્લને મારનારો ભીમસેનજ હોવો જોઈએ." આ વિચારથી રાજી થઈ કર્ણથી તથા

ત્રિગર્ત્ત દેશના રાજા સુશર્માથી એકાંતમાં વૃદ્ધ લોકોને ઠગવાની ગોઠવણ કરી લઇ દુર્યોધને ભીષ્મ, દ્રોણ તથા કૃપાચાર્ય આદિ સઘળા સભ્યોને સભામાં બોલાવીને પૂછ્યું કે, "આપણે પાંડવોને શોધી કહાડવાની શી યુક્તિ કરવી જેથી પાંડવોને ફરીવાર પણ વનવાસ ભોગવવો પડે." દુર્યોધનનું વચન સાંભળી સઘળા સભાસદો જુદી જુદી યુક્તિઓની વાતો કરવા લાગતાં દુર્યોધને ભણાવી રાખેલો સુશર્મા બોલ્યો કે, "પાંડવો તો ક્યાંય નષ્ટ થઇ ગયા હશે પણ જો તમારો સહુનો અભિપ્રાય મળે તો, આપણે વિરાટ રાજાની ઉપર ચઢાઇ લઇ જઇએ. વિરાટ રાજા કીચકના બળને લીધે આપણને કોઇને પણ ગણકારતો નહોતો અને કેટલીક અડચણ કરતો હતો પણ તે, હાલ ગંધર્વોના હાથથી કીચક માર્યો જતાં નિર્બળ અને નિરુત્સાહ થઇ ગયલો હોવો જોઇએ અને તેથીજ આપણે તેને જીતવો સુખસાધ્ય થઇ પડશે. તમો સઘળા કૌરવો અને અમો મળી વિરાટના નગરને દબાવીને બલાત્કારથી તેની ગાયોનું હરણ કરીએ. આપણે આપણી સેનાના બે વિભાગ કરી બે પડખેથી વિરાટના નગરને અડચણ કરીશું તો, હું ધારૂં છું કે, વિરાટ તમને વશ્ય થઈ જશે કે જેથી તમારા મનમાં મોટો હર્ષ ઉત્પન્ન થશે." સુશર્માનાં વચનો સાંભળીને કર્ણ બોલ્યો કે, "સુશર્મા જે કહેછે તે બરાબર છે, માટે આપણે સેનાને સજ્જ કરીને તુરત ત્યાં જવું જોઇએ અને બે પાસથી દબાણ ચલાવીને વિરાટને વશ્ય કરવો જોઇએ. પછી તમારી મરજી. આ કામમાં આપણને ભીષ્મપિતામહ, દ્રોણાચાર્ય તથા કૃપાચાર્ય એઓની સહાયતા પણ અવશ્ય જોઇશે અને હું ધારૂં છું કે, તેઓ અવશ્ય સહાયતા આપશે. પાંડવો તો મરી ગયા હશે અને કદાચ કયાંક જીવતા હોય તોપણ તેઓથી હવે આપણને કશું થવાનું નથી. માટે તેઓના શોધની ચિંતાને છોડી દઇને આપણે વિરાટના નગરઉપરજ ચાલો. વિરાટની ગાયોને લઈ લેઇશું અને તેનાં કેટલાંએક ધનોને પણ લઈ લેઇશું." કર્ણ એ પ્રમાણે બોલતાં તેના વચનને સ્વીકારી લઇને દુર્યોધને દુઃશાસનને તુરત આજ્ઞા કરી કે, "ભીષ્મ આદિ સઘળા વૃદ્ધ લોકોને સાથે લઇને મોટી સેનાને સજ્જ કરો. પહેલે દિવસ સુશર્માએ પોતાની સેનાને સાથે લઈ દક્ષિણતરફથી વિરાટની ગાયોનું હરણ કરવું અને બીજે દિવસે આપણે જઈ ઉત્તર તરફથી વિરાટના ગાયોનું હરણ કરવું. એ રીતે દબાણ થવાથી વિરાટ કાયર થઈ આપણને વશ્ય થશે."

આ પ્રમાણે વેતરણ થતાં ત્રિગર્ત્ત દેશના રાજા સુશર્માએ પોતાની સેનાસહિત વિરાટના નગરની સમીપમાં જઇને કૃષ્ણપક્ષની સાતમને દિવસે પાછલે પોહોરે દક્ષિણતરફની ગાયોનું હરણ કર્યું. આમ થતાં એક ગોવાળે દોડતો દોડતો વિરાટની સભામાં આવીને પોકાર કર્યો કે, "ત્રિગર્ત્ત દેશનો રાજા સુશર્મા પોતાની સેનાસહિત આવી, અમારો પરાભવ કરીને તમારી ગાયોને હરી જાયછે. જે તજવીજ કરવી હોય તે કરો." ગોવાળનો પોકાર સાંભળી વિરાટ રાજાએ પોતાની સેનાને સજ્જ થવાની આજ્ઞા કરતાં રાજાઓ, રાજકુમારો અને બીજા પણ યોદ્ધાઓ બખ્તરો પહેરવા લાગ્યા. હાથીઓ, ઘોડાઓ, રથો તથા પ્યાદલો મોટા આડંબરથી તૈયાર થયા. શતાનીક, મદિરાક્ષ અને સૂર્યદત્ત નામના વિરાટના ત્રણ નાહાના ભાઇઓ અને શંખ નામનો વિરાટનો પાટવી કુંવર એઓ પણ સજ્જ થઇને રથમાં બેઠા. વિરાટે પોતે પણ તૈયાર થઇ રથમાં બેસીને પોતાના ભાઇ શતાનીકને આજ્ઞા કરી કે, "કંક, બલ્લવ, ગ્રંથિક અને તંતિપાળ એઓ પણ લડે એવા છે માટે તેઓને પણ આયુધો, રથો તથા બખ્તરો આપીને આપણી સાથે લીયો." વિરાટની આજ્ઞાથી શતાનીકે આયુધોની તથા રથો વગેરેની સગવડ કરી આપતાં તે ચારે પાંડવો પણ તૈયાર થઇને વિરાટની પછવાડે ચાલ્યા. એક હજાર હાથીઓ, આઠ હજાર રથ અને સાઠ હજાર ઘોડાઓ એઓથી ભારે ઉદ્દંડ લાગતું વિરાટનું સૈન્ય ગામથી બહાર નીકળી સુશર્માના સૈન્યની પછવાડે દોડયું. એ સૈન્યને પાછળ આવતું જોઇ સુશર્માએ પોતાના સૈન્યને પાછું વાળ્યું. સૂર્ય સારી પેઠે પશ્ચિમમાં લટકયો હતો તે સમયે એ બન્ને સેનાઓને તુમુલ સંગ્રામ થવા લાગ્યો. સેનાઓનો સમાગમ થતાં રજની ડમરીઓ બહુજ ઉંચે ચડી, રજથી ઘેરાઇને પક્ષીઓ નીચે પડવા લાગ્યાં, સૂર્યનો પ્રકાશ અંતર્હિત થઇ ગયો, હજારો વીર લોકોના માથાંઓ કપાઇ કપાઇને ધરતીપર પડવા લાગ્યાં, લોહીના પ્રવાહો ચાલવા લાગ્યા અને કશી મર્યાદા રહી નહિ. શતાનીક સો યોદ્ધાઓને, મદિરાક્ષ ચારસો યોદ્ધાઓને અને વિરાટ પાંચસો યોદ્ધાઓને કાપી નાખીને સુશર્માના સૈન્યના મધ્યમાં જઇ પહોંચ્યા. આ સમયે સુશર્મા અને વિરાટ પરસ્પરની ઉપર બાણોની વૃષ્ટિઓ કરવા લાગ્યા, પરસ્પરના યોદ્ધાઓને તોડવા લાગ્યા અને જોનારાઓને ભારે વિસ્મય આપવા લાગ્યા. રજથી અને અંધકારથી રણભૂમિ વ્યાપ્ત થઇ જવાને લીધે લડાઇ જરાવાર બંધ રાખવામાં આવી અને ચંદ્રનો ઉદય થયા પછી પાછી શરૂ

કરવામાં આવી. સુશર્માએ અને સુશર્માના ભાઇએ ચારે કોર રથોના સમૂહથી વિરાટને ઘેરી લઇ હાથમાં ગદાઓ લઇ રથોમાંથી ઉતરી પડી વિરાટના ઘણા ઘણા યોદ્ધાઓને પાડીને વિરાટને જીવતો પકડી લીધો અને પછી વિરાટને પોતાના રથમાં નાખીને સુશર્મા ચાલતો થયો. વિરાટ પકડાઈ જતાં અને વિરાટનું સૈન્ય ત્રાસથી ભાગવા લાગતાં યુધિષ્ઠિરે ભીમસેનને કહ્યું કે 'સુશર્મા વિરાટને પકડી લઇ જાયછે, તો હવે તમો પરાક્રમ કરીને વિરાટને છોડાવો. આપણને વિરાટ રાજાએ સારી રીતે રાખ્યા છે માટે આપણે વિરાટને યોગ્ય બદલો દેવો જોઇએ." ભીમસેન બોલ્યો કે, "હમણાં હું વિરાટનું રક્ષણ કરૂંછું. તમો સર્વ એકાંતમાં ઉભા રહીને મારૂં પરાક્રમ જોયા કરો. મારી પાસે મારી ગદા હાજર નથી માટે આ મોટા ઝાડને ઉખેડી લઇ તેથી શત્રુઓનુ મર્દન કરી નાખીશ અને ક્ષણમાત્રમાં વિરાટને છોડાવીશ" આમ બોલીને ભીમસેન ઝાડની સામે જોવા લાગતાં યુધિષ્ઠિરે તેને કહ્યું કે, "ભીમસેન! જો તમે ઝાડથી શત્રુઓને મારશો અને માણસોથી ન બને એવું સાહસ કરશો તો લોક તમને ઓળખી જશે કે, "આ ભીમ છે." એટલામાટે બીજા આયુધથી કામ લીયો અને વિરાટને તુરત છોડાવો. નકુલ અને સહદેવ તમારા રથનાં પૈડાંઓનું રક્ષણ કરશે અને તમને સહાયતા આપશે." યુધિષ્ઠિરનાં વચન સાંભળી હાથમાં મોટું ધનુષ લઇ બાણોની વૃષ્ટિ કરતો, અને "ઉભો રહે, ઉભો રહે." એમ બોલતો ભીમસેન પોતાના રથને દોડાવીને તુરત સુશર્માની પાછળ પોહોંચ્યો. સુશર્મા પણ એને આવતો જોઇ પોતાના ભાઇઓની સાથે પાછો વળ્યો. વિરાટ રાજાના દેખતાં ભીમસેને સુશર્માના હજારો યોદ્ધાઓને પાડી નાખીને સુશર્માને મુંઝાવી દીધો. આ સમય યુધિષ્ઠિરે એક હજાર યોદ્ધાઓને, ભીમસેને સાત હજાર યોદ્ધાઓને, નકુલે સાતસો યોદ્ધાઓને અને સહદેવે ત્રણસો યોદ્ધાઓને યમપુરીમાં મોકલી દીધા. એ પ્રમાણે મોટી સેનાને તોડી નાખીને યુધિષ્ઠિરે સુશર્માની ઉપર બાણોની વૃષ્ટિ કરવા માંડતાં સુશર્મા પણ વેગથી યુધિષ્ઠિરની સામે લડવા લાગ્યો. ભીમસેને તુરત સુશર્માના રથની પાસે પહોંચીને સુશર્માના ઘોડાઓને મારી નાખતાં અને સારથિને પાડી નાખતાં વિરાટ રાજા તુરત સુશર્માના રથમાંથી ઉતરી પડી હાથમાં ગદા લઇને વૃદ્ધ છતાં પણ જુવાનની પેઠે સુશર્માની સામે થયા. પોતાની ઉપર બહુ દબાણ થવાને લીધે સુશર્મા ભાગવા લાગતાં ભીમસેને પાછળથી હાકલ કરી કે "અરે! આવા જોરથી તું ગાયોને લઇ જવા માગતો હતો?" આ હાકલ સાંભળી

સુશર્મા પાછો વળીને યુદ્ધ કરવા લાગતાં ભીમસેને તુરત પોતાના રથમાંથી ઉતરીને જેમ સિંહ મૃગને પકડે તેમ સુશર્માને પકડી ચોટલો ઝાલીને ધરતી-પર પછાડ્યો ભીંસ્યો અને ગોઠણુ તથા પાટુઓના માર માર્યા. સુશર્મા, મૂર્છિત થઈ જતાં અને તેનું સઘળું સૈન્ય ભાગી જતાં ભીમસેન સુશર્માને રથમાં નાખીને યુધિષ્ઠિરની પાસે લાવ્યો. યુધિષ્ઠિરે હસીને છોડી મુકવાની આજ્ઞા કરતાં ભીમસેને સુશર્માને કહ્યું કે, "તું સભાઓમાં અને મંડળીઓમાં "દાસ છું" એમ કહેવાનું સ્વીકારે તો હું તને છોડી દઉં." યુધિષ્ઠિર બોલ્યા કે, "બહુવ! એટલાથીજ આ સુશર્મા વિરાટ રાજાનો દાસ થઇ ચુક્યો છે માટે મારૂં માનો તો હવે એને દાસપણાથી મુક્ત કરી છોડી મૂકો." એટલું બોલી, "તું અદાસ છે અને ફરીવાર કદી આવું કામ કરીશ માં." એમ કહી યુધિષ્ઠિરે છોડાવતાં સુશર્મા નીચું મોહોડું કરી વિરાટના ચરણમાં પ્રણામ કરી ચાલ્યો ગયો. સુશર્મા ગયા પછી તેની સેનાનું પડી રહેલું સઘળું ધન હસ્તગત કરી વિરાટ, તેના ભાઇઓ વગેરે તથા પાંડવો રણભૂમિમાંજ ખુશીથી એ રાત રહ્યા અને વિરાટે પાંડવોને મોટાં મોટાં ઇનામો આપ્યાં તથા વચનથી તેઓનો બહુજ ઉપકાર માન્યો. પછી યુધિષ્ઠિરના કહેવાથી વિરાટ રાજાએ દૂતોને આજ્ઞા કરી કે, "નગરમા જઇને સંગ્રામમાં મારો જય થયાનો સહુ લોકોને ખબર આપો, અને સહુ લોકો ગાજતે વાજતે અમારૂં સામૈયું કરવા આવે તથા કુમારિકાઓ વધાવવાને તૈયાર રહે એમ કહો." વિરાટની આજ્ઞા ઉપરથી દૂતોએ પ્રભાતમાં નગરમાં જઇ વધામણી આપી તથા સામૈયું કરવા વગેરેનું કર્યું.



પ્રકરણ ૩૮ મું.

બાળક ઉત્તર અને અર્જુન.

જે દિવસે સુશર્મા હસ્તિનાપુરમાંથી ગયો તેને બીજે દિવસે ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય, અશ્વત્થામા, દુઃશાસન આદિ સઘળા ભાઈઓ અને બીજા પણ ઘણા ઘણા મહારથિઓ એઓને સાથે લઈ દુર્યોધને મોટી સેનાથી વિરાટના નગરની સમીપમાં આવી ઉત્તર તરફથી બલાત્કારે ગાયોનું ધણ વાળ્યું. આમ થતાં એક ગોવાળો દોડતો દોડતો વિરાટના નગરમાં આવી વિરાટની ગેરહાજરીમાં વિરાટના નાહાના પુત્ર ઉત્તરની પાસે આવી પોકાર કર્યો કે, "કૌરવો તમારી સઘળી ગાયોનું હરણ કરી જાયછે, ઉઠો, યુદ્ધ કરવા તૈયાર થાઓ, કૌરવોને હરાવીને ગાયોને પાછી વાળો અને આજ દિવસસુધી જે તમારાં વખાણ થયાં છે તેઓને સફળ કરો." સ્ત્રીઓની મંડલીમાં બેઠેલો ઉત્તર એ પ્રમાણે ગોવાળનો પોકાર સાંભળી ઉભો થઇને બોલ્યો કે, "મારો સારથિ આગળના યુદ્ધમાં મરાઈ ગયો છે, મને કોઈ બીજો પ્રવીણ સારથિ મળે તો, હું હમણાંજ કૌરવોની પાછળ જઇ

દુર્યોધનને, ભીષ્મને, કર્ણને, કૃપાચાર્યને, દ્રોણને, અશ્વત્થામાને તથા બીજા પણ સઘળા મહારથિઓને યુદ્ધમાં પરાસ્ત કરી ગાયો પાછી લઈ આવું અને કૌરવો મારા પરાક્રમને જોઇને એમજ માને કે આતે બીજો અર્જુન કે શું? પરંતુ લાચાર છું કે, મને કોઈ સારો સારથિ મળતો નથી." ઉત્તરનાં વચન સાંભળી અને પોતાના ગુપ્ત વાસના સમયને પણ વ્યતીત થયો જાણી અર્જુને દ્રૌપદીને કહ્યું કે, "તમે જઇને ઉત્તરને કહો કે, બૃહન્નલા સારથિના કામમાં અત્યંત પ્રવીણ છે અને તેણે ઇંદ્રપ્રસ્થમાં અર્જુનનું સારથિપણું કરેલું છે, માટે તેને સારથિ કરો." અર્જુનનાં વચન સાંભળી દ્રૌપદીએ સ્ત્રીઓના મંડલમાંથી ઉઠી લજાતાં લજાતાં ઉત્તરની પાસે જઇને ધીરેથી કહ્યું કે, "રાજકુમાર! આ બૃહન્નલા સારથિના કામમાં બહુ વિચક્ષણ છે અને તેણે ખાંડવવનને બાળવાના સમયમાં અર્જુનના રથનું સારથિપણું કર્યું હતું અને તેથી અર્જુન સઘળા ઇંદ્રઆદિ દેવતાઓને પણ જીતી શક્યો હતો એ મારા જાણવામાં છે. તમને એના જેવો બીજો કોઇ પણ સારથિ પસંદ આવશે નહિ." ઉત્તર બોલ્યો કે, "સૈરંધ્રી! હું પણ ધારૂંછું કે, એ નપુંસક નથી પણ કોઈ ચમત્કારી માણસ છે. પણ મારાથી તેને સારથિ થવાનું કેમ કહી શકાય?" દ્રૌપદી બોલ્યાં કે, "આ તમારી નાહાની બેહેન ઉત્તરા જો કહેશે તો બૃહન્નલા તમારા વચનને માન્યાવગર રહેશે નહિ. જો બૃહન્નલા સારથિ થાય તો તમે સઘળા કૌરવોને ક્ષણમાત્રમાં જીતી ગાયોને પાછી લાવો એમાં કશો સંશય નથી." એ પ્રમાણે દ્રૌપદીના વચન સાંભળીને ઉત્તરે પોતાની બેહેન ઉત્તરાને કહ્યું કે, "સૈરંધ્રી બૃહન્નલાને સારથિના કામમાં બહુ વખાણેછે માટે તમે જઇને બૃહન્નલાને સારથિ થવાનું કહો અને ગમે તેમ સમજાવીને અહીં બોલાવી આવો." ઉત્તરના કહેવાથી ઉત્તરા કુંવરીએ નૃત્યશાળામાં અર્જુનની પાસે જઇને કહ્યું કે "બૃહન્નલે! કૌરવો અમારા નગરની ગાયોને હરી જાયછે અને તેઓને જીતવા જવાને મારો ભાઈ ઉત્તર સજ્જ થાયછે, પણ તેનો કોઈ સારથિ થોડા દિવસ પહેલાં સંગ્રામમાં મરણ પામ્યો છે. બીજો કોઇ એવો સારથિ મળતો નથી, માટે તું મારા ભાઈનું સારથિપણું કર. સૈરંધ્રીએ મારા ભાઇની પાસે સારથિના કામ બાબત તારાં બહુજ વખાણ કર્યાં છે. તું જો મારા વચનને નહિ માને તો હું મારા જીવિતનો ત્યાગ કરીશ." એ પ્રમાણે ઉત્તરાનાં વચનો સાંભળીને અર્જુન ઉત્તરની પાસે ગયો અને ઉત્તરા પણ તેની પછવાડે ગઈ.

બૃહન્નલાને આવેલી જોઇ ઉત્તર બોલ્યો કે, "બૃહન્નલે! તેં જેમ અર્જુનનું સારથિપણું કર્યું હતું તેમ મારૂં પણ સારથિપણું કર. કૌરવો અમારી ગાયોને હરી જાયછે માટે તેઓની સામે મારે યુદ્ધ કરવા જવું છે." અર્જુન બોલ્યો કે "ગાયનનું, નાચવાનું તથા વાજાં બજાવવાનું કામ મને આવડે, પણ સારથિપણું કેમ આવડે!" ઉત્તર બોલ્યો કે, "ગમે તેમ હોય પણ તું મારા રથપર બેસીને ઘોડા હાંક." ઉત્તરનું વચન સાંભળી અર્જુને જાણી જોઇને ઘણા ઘણા ચાળા કર્યા અને બખ્તરને ઉપાડીને ઝભાની પેઠે પહેરવા માંડ્યું, કે જેથી સઘળી કન્યાઓ હસી પડી. બૃહન્નલાને મુંઝાતી જોઇ ઉત્તરે પોતે ઉઠીને તેને બખ્તર પહેરાવી, રથઉપર બેસાડી. પછી ઉત્તમ ઉત્તમ ધનુષો તથા બાણો વગેરે લઇ ઉત્તર રથમાં બેસતાં અને બૃહન્નલા રથ ચલાવવાની તૈયારી કરતાં ઉત્તરા વગેરે કન્યાઓએ સ્નેહથી બૃહન્નલાને કહ્યું કે, "બૃહન્નલે! ઢીંગલીઓ બનાવવાને વાસ્તે અમોને દુર્યોધન આદિ કૌરવોનાં વસ્ત્રો લાવી આપજે." બૃહન્નલા બોલી કે, "જો આ ઉત્તર સંગ્રામમાં કૌરવોને જીતશે તો હું તમારે વાસ્તે તેઓનાં સારાં સારાં વસ્ત્રો લાવીશ." પછી અર્જુને ઘોડાઓને હાંકતાં કન્યાઓએ તથા બ્રાહ્મણોએ આશીર્વચનો આપ્યાં કે, "જેમ ખાંડવવનને બાળવાના સમયમાં અર્જુનનો જય થયો હતો તેમ આ કામમાં ઉત્તરનો જય થજો." રાજધાનીમાંથી બહાર નીકળીને ઉત્તરે બૃહન્નલાને કહ્યું કે, "રથને ખૂબ હાંકીને મને કૌરવોની પાસે પહોંચાડી દે એટલે હું ક્ષણમાત્રમાં કૌરવોને જીતી લઇશ." ઉત્તરનું વચન સાંભળી અર્જુને એવી યુક્તિથી ઘોડાઓને હાંક્યા કે જેથી તેઓ જાણે ખરીઓથી આકાશને ઉખેડતા હોય અને વેગથી પવનને જીતતા હોય એમ જણાવા લાગ્યા. પ્રથમ સ્મશાનને રસ્તે રથને ચલાવી ખીજડાની ઉપર બાંધેલાં પોતાનાં આયુધોના ગાંસડાને જોઇ લઇને પછી કૌરવોના સૈન્યની સામે ચલાવ્યો કે જેથી સઘળું સૈન્ય સંપૂર્ણ રીતે જોવામાં આવ્યું. દુર્યોધન, ભીષ્મ, દ્રોણ, તથા કર્ણ આદિ યોદ્ધાઓથી શોભી રહેલું અને જાણે સમુદ્ર ફેલાતો હોય એવા દેખાવવાળું એ ભયંકર સૈન્ય જોવામાં આવતાં ઉત્તરે ત્રાસથી રોમાંચિત થઇને અર્જુનને કહ્યું કે, "બૃહન્નલે! કૌરવોના સામે યુદ્ધ કરવામાં મારી હિમ્મત ચાલતી નથી. મારાં રૂંવાડાં ઉભાં થઇ ગયાં છે. દ્રોણ, ભીષ્મ કર્ણ તથા દુર્યોધન આદિ મહારથિઓની સામે જોવાને પણ હું અશક્ત છું. આ પ્રબળ સેનામાં મારાથી કેમ પ્રવેશ કરી શકાય? હવે હું બહુ મુંઝાઇ જાઉછું. મારા રથને પાછો વાળ." અર્જુન બોલ્યો કે, "હજી શત્રુઓએ કાંઇ કર્યું નથી

તે પહેલાં તું હિમ્મત હારી જાયછે અને શત્રુઓને રાજી કરવા તૈયાર થાયછે એ ઠીક નથી. હું તો તને આ સૈન્યના મધ્યમાં લઇ જઈશ. તું સ્ત્રીઓના સમાજમાં ભારે ભારે બડાઇ મારીને નીકળ્યો છે તો હવે અહીંથી ભાગી જવા કેમ ઇચ્છેછે ? તું શત્રુઓને જીત્યાવિના અને ગાયો પાછી લીધા વિના ગામમાં પાછો જશે તો સર્વ લોકો તારી મશ્કરી કરશે. મને સૈરંધ્રીએ સારથિના કામમાં વખાણેલ છે, તો હવે મારાથી પાછું વળી શકાયજ નહિ.” ઉત્તર બોલ્યો કે, “કૌરવો અમારી ગાયોને ભલે લઈ જાય, સ્ત્રીઓ તથા પુરૂષો ભલે મારી મશ્કરી કરે, હું તો યુદ્ધ કરવાનો નથી, મારૂં નગર રેઢું છે અને હું મારા પિતાના ઠપકાથી બીઉંછું.” એમ બોલી ધનુષને છોડી દઇ રથમાંથી ઉતરી પડીને ઉત્તર ભાગવા લાગતાં અર્જુન રથ ઉપરથી ઉતરી તેને પકડવાને વાસ્તે પાછળ દોડયો અને કહેવા લાગ્યો કે, “ક્ષત્રિયને સંગ્રામમાંથી ભાગવાનો મોટો ધિક્કાર છે. યુદ્ધમાં મરવું સારૂં છે પણ ભય પામીને ભાગવું સારૂં નથી.” લાંબા ચોટલાવાળી અને રાતાં વસ્ત્રોવાળી એ બૃહન્નલાને દોડતી જોઇને દુર્યોધનની સેનાવાળાઓ હસવા લાગ્યા અને કેટલાએક બોલવા લાગ્યા કે, “ આ વિરૂપ વેષવાળો જણ કોણ હશે ? આના શરીરમાં કાંઇક સ્ત્રીનું ચિન્હ છે. આના સઘળા અવયવો અર્જુનના જેવા લાગેછે પણ જો અર્જુન હોય તો નપુંસક કેમ હોય ? આ અર્જુનસિવાય બીજો કોઇ હાવો સંભવિત નથી. કેમકે અર્જુનવિના આપણની સામે એકલો આવવાની કોની હિમ્મત ચાલે ? નપુંસકના વેષથી રહેલો એ અર્જુનજ છે. આ વિરાટનો દીકરો ઉત્તર પોતાના પિતા વગેરેની ગેરહાજરીમાં મૂર્ખતાથી યુદ્ધ કરવા નીકળ્યો છે પણ આપણને જોઇ ભય પામીને પાછો ભાગેછે અને તેને પકડવાને આ અર્જુન દોડેછે.” ઉત્તરે અર્જુનને કહ્યું કે, ‘બૃહન્નલે ! તું મને અહીંથી જવા દે, હું તને મારી મા પાસેથી ઘણું ઘણું ધન અપાવીશ.” એ પ્રમાણે ઉત્તર બહુ વિલાપ અને કાલાવાલા કરતો હતો પણ તેને બલાત્કારથી પકડી રથની પાસે લાવીને અર્જુને કહ્યું કે, “જો શત્રુઓની સામે લડવાની તારી હિમ્મત ન હોય તો તું મારો સારથિ થા અને હું યોદ્ધા થાઉં. મારા બાહુબળના આશ્રયતળે રહીને તું આ સૈન્યમાં પ્રવેશ કર. તું ક્ષત્રિય થઇને સંગ્રામથી ડરેછે તો હવે હું કૌરવોની સાથે લડીને તારી ગાયોને પાછી વાળું છું.” અર્જુને એ પ્રમાણે કહી ઉત્તરને સારથિ કરીને ખીજડા તરફ રથ હંકાવ્યો. આ સમયમાં અર્જુનની શંકાને લીધે સઘળા કૌરવો

ત્રાસ પામેલા જોવામાં આવતાં અને પોતાના સૈન્યના વિનાશને સૂચવનારા કેટલાએક મોટા ઉત્પાતો પણ જોવામાં આવતાં દ્રોણાચાર્ય બોલ્યા કે, "કાંકરીઓને વરસાવનારા પ્રચંડ વાયુઓ વાયછે, ભસ્મ વર્ણવાળા અંધકારથી આકાશ ઘેરાઇ ગયું છે, વાદળાંઓ રૂક્ષ વર્ણવાળાં જોવામાં આવેછે, ખડ્ગો મીયાનમાંથી પોતાની મેળે નીકળી પડેછે, દીપ્ત મોહોડાંઓવાળી ફ્યાવડીઓ બોલ્યા કરેછે, ઘોડાઓના નેત્રમાંથી આંસુ ઝરતાં જોવામાં આવેછે અને ધ્વજાઓ પણ કોઈ વિચિત્ર રીતે કંપ્યા કરેછે તેથી જણાયછે કે, આપણની ઉપર કોઇ મોટી બલા આવેછે. તમો સહુ લોકો સાવધાન થઇને ઉભા રહો, સેનાને વ્યૂહના આકારમાં બરાબર ગોઠવો અને હરી લીધેલી ગાયોનો બચાવ કરો. આ નપુંસકના વેષથી અર્જુન આવ્યો છે એમાં કશો સંશય નથી. ભીષ્મ ! આ અર્જુન આપણને જીતીને ગાયોને લઇ જશે અને દુર્યોધનને મોટું દુઃખ થશે; દુર્યોધનનો બચાવ કરજો. અર્જુન વનવાસથી મુંઝાએલો છે માટે આપણને તોડ્યા વગર કદી રહેનાર નથી. કૌરવો ! અર્જુનની સામે ટક્કર ઝીલે એવો આપણામાં કોઇ પણ જણ જોવામાં આવતો નથી. આપણે સાંભળ્યું છે કે, અર્જુને હિમાલયમાં યુદ્ધ કરીને મહાદેવને પણ પ્રસન્ન કર્યા છે અને સઘળા દેવતાઓપાસેથી અસ્ત્રવિદ્યાનું ગ્રહણ કર્યું છે." એ પ્રમાણે દ્રોણનાં વચન સાંભળી કર્ણ બોલ્યો કે, "આચાર્ય ! તમે સર્વદા અર્જુનના ગુણ ગાઓછો અને અમારી નિંદા કરોછો; પણ નક્કી સમજો કે, દુર્યોધનના બળના સોળમા ભાગ જેટલું પણ અર્જુનમાં બળ નથી." દુર્યોધને કર્ણને કહ્યું કે, "કર્ણ! જો આ નપુંસક, અર્જુન નીવડશે તો હું આપણા કામને સિદ્ધ થયેલું સમજુંછું, કેમકે હજી તેરમું વર્ષ પુરૂં થયું નથી માટે ઓળખાઇ જવાને લીધે પાંડવોને બીજીવાર બાર વર્ષ સુધી વનમાં ફરવું પડશે. જો કદાચ આ નપુંસક અર્જુનવિના બીજો કોઇ હશે તો હું સજેલાં બાણોથી એને મારી નાખીશ." દુર્યોધનનું બોલવું સાંભળી ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય તથા અશ્વત્થામા મનમાં હસીને દુર્યોધનના વિચારની વ્યાજસ્તુતિ કરવા લાગ્યા.

અર્જુને ખીજડાની પાસે જઇ, ઉત્તરને કહ્યું કે, "આ સઘળાં તારાં આયુધો મારા હાથની ભીંસને ખમી શકે એમ નથી માટે એ આયુધોને રથમાંથી ઉતારી નાખ અને આ ખીજડાઉપર પાંડવોનાં આયુધો, બખતરો તથા ધ્વજાઓ રાખવામાં આવેલાં છે તેઓને લઈ આવ. એ આયુધોના ગાંસડામાં

અર્જુનનું ગાંડીવ નામનું ધનુષ છે અને તે એક ધનુષ લાખ ધનુષોજેવું છે માટે તે ધનુષ લઇને હું યુદ્ધ કરીશ. એ ગાંસડામાં યુધિષ્ટિરનાં, ભીમસેનનાં, નકુલનાં તથા સહદેવનાં પણ આયુધો છે અને તેઓ સઘળાં અત્યંત દૃઢ છે તથા ભળવત્તર છે." ઉત્તર બોલ્યો કે, "આ ખીજડામાં તો શબ બાંધેલું છે એમ મારા સાંભળવામાં આવ્યું છે માટે હું પવિત્ર રાજકુમાર થઇને હાથથી શબનો સ્પર્શ કેમ કરૂં ? હું શબનો સ્પર્શ કરીશ તો તુંજ મને શી રીતે અડકશે ?" અર્જુન બોલ્યો કે, "આ ગાંસડામાં આયુધો બાંધેલાં છે પણ શબ બાંધેલું નથી માટે ચિંતા નહિ કર. હું વિરાટ રાજાના દીકરાના હાથથી અયોગ્ય કામ નજ કરાવું." એ પ્રમાણે અર્જુનનાં વચન સાંભળી ઉત્તર ખીજડાઉપર ચડી તે ગાંસડાને નીચે લાવ્યો. ગાંસડાને છોડી ઉખેડીને જુવેછે ત્યાં શસ્ત્રોની અપાર પ્રભાથી આંખો અંજાઇ જતાં ત્રાસ પામેલા ઉત્તરને અર્જુને ધીરજ આપીને કયા કયા પાંડવનું કયું કયું શસ્ત્ર છે, એ સમજણ આપી. ઉત્તરે પૂછ્યું કે, "એ મહાત્મા પાંડવો અને તેઓની સ્ત્રી દ્રૌપદી હાલ ક્યાં છે? હું તો જાણુંછું કે, પાંડવો જુગારની રમતમાં સઘળું હારી જઇને ક્યાંક નીકળી ગયા છે અને તેઓનો પત્તોજ મળ્યો નથી." "હું અર્જુન છું, કંક યુધિષ્ટિર છે, બલ્લવ ભીમસેન છે, ગ્રંથિક નકુલ છે, તંતિપાળ સહદેવ છે અને સૈરંધ્રી દ્રૌપદી છે." અર્જુનનાં વચન સાંભળી સાનંદાશ્ચર્ય પામેલા ઉત્તરે પ્રણામ કરીને અર્જુનને કહ્યું કે, "તમો ભલે પધાર્યા. મેં અજ્ઞાનથી જે કાંઇ તમને કહ્યું હોય તેની ક્ષમા કરજો. તમે પૂર્વે દિગ્વિજય આદિ દુષ્કર કામો કર્યાં છે તેથી મારા મનની સઘળી બીક ટળી ગઇ અને તમારાઉપર ભારે પ્રીતિ થઇ છે. હવે હું ક્યા માર્ગથી રથને હાંકીને આ સૈન્યમાં લઇ જાઉં તે કહો." અર્જુને કહ્યું કે, "તારે કશો ભય રાખવો નહિ. હું તારા શત્રુઓનું કેવું કદન કરૂંછું તે જોજે." પછી ઉત્તરના હાથથીજ બીજાં આયુધોની ખીજડામાં રાખવાની વ્યવસ્થા કરાવી, પોતાનાં આયુધો રથમાં ભરાવી "મને એક વર્ષ સુધીજ અમુક કારણને લીધે નપુંસકપણું હતું પણ હવે નથી" એમ કહી હાથોમાંથી કંકણો ઉતારી નાખી ચોટલાને ધોળા ફેંટાથી બાંધી લઈ સ્ત્રીના વેષનો ત્યાગ કરી આચમન લઇને અર્જુને સઘળાં દિવ્ય અસ્ત્રોનું ધ્યાન કરતાં તે અસ્ત્રોએ દેહધારીપણાથી હાજર થઇ અર્જુનને કહ્યું કે, "અમો હાજર છીએ, શી આજ્ઞા કરોછો ?" અર્જુને પ્રણામ કરી, હાથથી સ્પર્શ કરી, તેઓને કહ્યું કે, "જે સમયે કામ પડતાં તમારૂં સ્મરણ કરૂં તે સમયે હાજર થજો."

એ પ્રમાણે અસ્ત્રોને સાધ્ય કરી, પ્રસન્ન થઈ, ગાંડીવ ધનુષમાં દોરી ચડાવી, અર્જુને ટંકાર કર્યો એટલે પૃથ્વી કંપવા લાગી, દિશાઓમાં અંધારૂં થઇ ગયું, પ્રચંડ પવન ફુંકાવા લાગ્યો, આકાશ જાણે ઘૂમતું હોય એવું જણાવા લાગ્યું અને કૌરવોના મનમાં ત્રાસ ઉત્પન્ન થયો. ઉત્તરે અર્જુનને કહ્યું કે, "તમે એકલા છો અને કૌરવો તો ઘણા છે. તમે તેઓને કેમ જીતી શકશો ? મને બીક લાગેછે." અર્જુને કહ્યું કે, 'તારે જરા પણ બીવું નહિ. હું ગંધર્વોની સાથે લડ્યો હતો, ખાંડવના દાહના પ્રસંગમાં દેવતાઓની સાથે લડ્યો હતો. ઇંદ્રને વાસ્તે નિવાતકવચ તથા પૌલોમ નામના દાનવોની સાથે લડ્યો હતો અને દ્રૌપદીના સ્વયંવરમાં પણ ઘણા ઘણા રાજાઓની સાથે લડ્યો હતો તે સમયમાં મારે કોણ સહાય હતો ? મેં દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, ઇંદ્ર, કુબેર, યમ, વરૂણ અને અગ્નિ એઓની સેવા કરીને તેઓની પાસેથી અસ્ત્રવિદ્યાનો અભ્યાસ કર્યો છે. હું જો યુદ્ધમાં સહાયની અપેક્ષા રાખું તો એ મારા ગુરૂઓ લજાય. ઉત્તર ! તું સઘળી ચિંતા છોડી દઇ, મારા રથને શીઘ્ર ચલાવ." એમ કહી એ રથઉપરથી સિંહની નિશાનીવાળી ધ્વજા ઉતારી નાખી હનુમાનના ચિહ્નવાળી ધ્વજા ચડાવીને અર્જુને અગ્નિનું ધ્યાન કર્યું કે તુરતજ, અગ્નિદેવે ખાંડવવનમાં પોતે આપેલાં વચનપ્રમાણે ઘણાં ઘણાં ભૂતોને તેની ધ્વજામાં બેસવાની આજ્ઞા કરી. પ્રદક્ષિણા કરી, રથમાં બેસી, હાથમાં ગાંડીવ ધરી, ઉત્તર દિશામાં જઇ, અર્જુને શંખનાદ કરતાં ઘોડાઓ ગોઠણીઆભર થઇ ગયા અને ઉત્તર પણ ત્રાસ પામી પોતાના શરીરને સંકોચી રથની ઉધમાં ભરાઇ રહ્યો. પછી ઘોડાઓને સ્વસ્થ કરી અર્જુને ઉત્તરને ત્રાસનું કારણ પૂછતાં ઉત્તર બોલ્યો કે, "મેં સેનાઓમાં શંખ, ભેરી તથા હાથીઓ વગેરેના શબ્દો ઘણા ઘણા સાંભળ્યા છે પણ આવા શંખનો શબ્દ કદી સાંભળ્યો નથી, આવો ધનુષનો શબ્દ પણ સાંભળ્યો નથી અનેઆવું ધ્વજાનું રૂપ પણ જોયું નથી. શંખના, ધનુષના, ધ્વજામાં રહેલ ભૂતના અને આ રથના શબ્દથી મારૂં હૃદય વ્યથા પામેછે, કાન બહેરા થઇ ગયા છે અને કોઈ દિશા સૂજતી નથી. આ તમારી ધ્વજાએ તો સઘળી દિશાને ઢાંકી દીધી છે." અર્જુન બોલ્યો કે, "ઉત્તર ! તું રથમાં બરાબર પગ ભરાવી રાખજે અને ઘોડાઓની રેનને મજબૂત પકડજે. હવે હું બીજીવાર શંખનાદ કરૂંછું." એમ કહી અર્જુને બીજીવાર શંખનાદ કરતાં પૃથ્વી ધ્રુજવા લાગી અને કૌરવોની સેનામાં ત્રાસ ઉત્પન્ન થયો.

પ્રકરણ ૩૯ મું.

મતભેદ.

અર્જુન વિરાટ રાજાતરફથી તેમની ગાયો છોડાવવા દુર્યોધનના લસ્કરસામે જેમ જેમ નજીક આવતો ગયો તેમ તેમ દુર્યોધનના લસ્કરમાં ઘણાં ઘણાં અપશકુનો થવા લાગ્યાં, ઘોડા તથા સઘળાં વાહનો રોવા લાગ્યાં, શસ્ત્રોનો પ્રકાશ કમતી થવા લાગ્યો, ધ્વજાઓઉપર કાગડા બેસવા લાગ્યા તથા શિઆળ ભયંકર અવાજ કરતાં કરતાં સૈન્યના મધ્યમાં દોડવા લાગ્યાં અને રથના શબ્દ ઉપરથી, શંખનાદ ઉપરથી, ધનુષના ટંકાર ઉપરથી અને પૃથ્વીના કંપ ઉપરથી વિરાટતરફથી એકલો અર્જુનજ પોતાસામે આવેછે એમ જ્યારે સઘળા સૈન્યને જણાયું ત્યારે, તેઓ સઘળા બીવા લાગ્યા; પણ અણસમજુ બીચારો દુર્યોધન રાજી થવા લાગ્યો અને મનમાં વિચાર કરવા લાગ્યો કે, "જો એ અર્જુન છે એમ સિદ્ધ થાય તો હું મારાં અહોભાગ્ય સમજું, કારણકે તેમના વનવાસનાં તેર વર્ષ પૂરાં થયાં નથી અને તેથી તે ઓળખાઈ જવાથી તેમને ફરીવાર બીજાં તેર વર્ષ સુધી વનવાસ ભોગવવો પડશે." આ વખતે કૌરવના સૈન્યમાં ઘણા મતભેદ થવા લાગ્યા. દુર્યોધન એમ સમજ્યો કે, "દ્રોણાચાર્યને અર્જુનઉપર પ્રેમ છે તેથી તે આપણને બીવરાવેછે." અને કહેવા લાગ્યો કે, "દ્રોણાચાર્યને

પાંડવોઉપર પ્યાર ન હોય તો, તે ફક્ત ઘોડાઓનો હણહણાટ સાંભળીનેજ અર્જુનની સ્તુતિ કેમ કરે? ઘોડા હણહણે, પ્રચંડ વાયુ વાય, વાદળાં થાય, શીઆળ રૂવે તેમાં શી નવાઇ ? ભોજનમાં, યજ્ઞની ક્રિયાઓમાં અને વિચિત્ર કથાઓમાં બ્રાહ્મણોની સલાહ લેવી જોઇએ પણ યુદ્ધમાં બ્રાહ્મણો અને પંડિતોનું કામ હોયજ નહિ." કર્ણ કીકીઆરી મારવા લાગ્યો કે, "હું બધા યોદ્ધાઓને ભય પામેલા દેખુંછું તો મારે કોઇનું કામ નથી. જે આ સામો આવેછે તે અર્જુન હશે તો, હું એકલોજ તેને ત્રોડી નાખીશ. મારાં ઝેરી બાણો કેવું પરાક્રમ કરેછે તે આજ સહુ લોકોના જાણવામાં આવશે. જેમ ટીડો ઝાડને ઢાંકી દેછે તેમ, મારાં તીક્ષ્ણ બાણો અર્જુનને આજ ઢાંકી દેશે. અર્જુન અને હું વડીઆ છીએ તેથી તેનીસામે લડવાની મને ઘણી હોંસ છે તે આજ પૂરી પડશે. અર્જુનને મારીને ઘણા કાળના મારાપર રહેલા દુર્યોધનના કરજમાંથી હું મુક્ત થઇશ. જેમ ગરૂડ સર્પને પરવશ કરી પકડી લેછે તેમ હું આજ અર્જુનને પરવશ કરી રથમાંથી પકડી લઇશ. જેમ વરસાદ અગ્નિને ઠારી નાખેછે તેમ હું અર્જુનને આજ ઠારી નાખીશ. હું મારા અસ્ત્રવિદ્યાના પ્રભાવથી ઈંદ્રની સામે પણ યુદ્ધ કરવા સમર્થ છું. ભલે બધા યોદ્ધાઓ જતા રહે. હું એકલોજ આજ દુર્યોધનના હૃદયના લાંબા કાળના સાલને સમૂળ ઉખેડી નાખીશ." આ પ્રમાણે કર્ણનાં ગર્વભરેલાં વચનો સાંભળી કૃપાચાર્યથી રહેવાયું નહિ અને કહેવા લાગ્યા કે, "કર્ણ સદા યુદ્ધનોજ ઉત્સાહ ધરાવેછે પણ દેશકાલ તથા પરિણામ ઉપર તેની નજર પહોંચતી નથી. યુધિષ્ઠિર જુગારથી જીતાયા તેમ અર્જુન યુદ્ધથી જીતાય તેમ નથી. અર્જુન એકલાએજ દેવતાઓને હરાવી અગ્નિને તૃપ્ત કરેલ છે. તે એકલાએજ સર્વ યાદવોને નહિ ગણકારતાં સુભદ્રાનું હરણ કરેલ છે, તે એકલાએજ સદાશિવસાથે યુદ્ધ કરેલ છે, તેણે એકલાએજ ગંધર્વોના રાજા ચિત્રસેનને હરાવ્યો છે, તે એકલાએજ નિવાતકવચ તથા કાલખંજોને માર્યા છે અને તે એકલાએજ ઘણી ઘણી વાર ઘણાં ઘણાં અશક્ય કામો કરેલાં છે પણ કર્ણે એકલાએ કે બીજાની સહાયતાથી પણ કયું એવું કામ કર્યુ છે કે, એ એટલીબધી બડાઇ કરેછે? ઇંદ્ર પણ અર્જુનની સામે યુદ્ધ કરવા સમર્થ નથી તો કર્ણ તો શા હિસાબમાં છે? જો તે અર્જુનનીસાથે લડવા ઇચ્છતો હોય તો હું ધારૂંછું કે, તેની મતિ ફરી ગઇ છે અથવા તો તે ઘેલો થઇ ગયો છે. આ વખતે કર્ણના ઉન્માદનું ઔષધજ કરવું જોઇએ. ક્રોધ પામેલા ઝેરી નાગના

મોહોડામાં આંગળી નાખી તેની દાઢ કાહાડી લેવાની ઇચ્છા કરવી, ઘીમાં ઝબોળેલ વસ્ત્રો પહેરી પ્રજ્વલિત અગ્નિના મધ્યમાંથી પસાર થવાની ઇચ્છા કરવી, ગળામાં મોટી શિલા બાંધીને હાથવતી સમુદ્રને તરવાની ઈચ્છા કરવી અને અર્જુનને જીતી લેવાની ઇચ્છા કરવી એ બરાબર છે. તેર તેર વર્ષ સૂધી સંતાએલો અને આજ છુટો થએલો અર્જુન કૌરવના સૈન્યને ઇતિહાસોના પાનામાંજ રહેવા દેશે. આજ, ભૂલથી આપણે અર્જુનની સામે ભેખડાવા તૈયાર થયા છીએ. કર્ણ, દ્રોણાચાર્ય, દુર્યોધન, ભીષ્મ, અશ્વત્થામા અને હું એ છ જણ મળીને અર્જુનની સામે યુદ્ધ કરશું તોપણ વૃથા છે.” આ પ્રમાણે કૃપાચાર્ય બોલી રહ્યા પછી અશ્વત્થામા પણ બોલી ઉઠયો કે “હજુ ગાયો હસ્તિનાપુરમાં કે બીજા સીમાડામાં પણ પહોંચી નથી છતાં કર્ણ આટલો બધો બકવાદ કેમ કરેછે ? મહાત્મા પુરૂષો ઘણા ઘણા સંગ્રામોમાં જીત મેળવીને પણ કદી પોતાની જીભે વખાણ કરતા નથી. પણ આ કર્ણ સૂત નામની નીચ જાતિમાં જન્મેલ છે તેથી વૃથા અભિમાન કરેછે. કૌરવોએ યુદ્ધ કરી પાંડવોને હરાવ્યા નથી પણ જુગાર રમાડીને હરાવ્યા છે. કયા સંગ્રામમાં પાંડવોને હરાવીને કૌરવોએ ઇંદ્રપ્રસ્થ સ્વાધીન કરેલ છે ? દ્રૌપદીને આપેલા દુઃખોની આજ અર્જુન કદી પણ માફી આપનાર નથી. અર્જુનનો જન્મ કૌરવોના વિનાશને માટેજ છે. જેની ઉપર અર્જુનની નજર પડશે તે આજ યમપુરીમાં પહોંચેલોજ સમજવો. જે બળથી દ્રૌપદીને સભામાં બોલાવી અને જે બળથી પાંડવોનું ઇંદ્રપ્રસ્થ લઇ લીધું, તે બળથી ભલે આજ દુર્યોધન અર્જુનની સામે યુદ્ધ કરે. કાળના સપાટાથી વખતે કોઇ બચે પણ અર્જુનના સપાટાથી કોઇ બચે એવી આશા રાખવીજ નહિ.”

કૃપાચાર્ય, અશ્વત્થામા અને બીજાઓ પણ પોતપોતાના વિરૂદ્ધ વિચારો જણાવવા લાગ્યા. શું કરવું એ કાંઇ દુર્યોધનને સૂઝ્યું નહિ. તે મુંઝાવા લાગ્યો. સૈન્યમાં ભંગાણ પડે અને જેના ઉપર સૂર્ય જેવા તેજસ્વી પાંચ શત્રુઓ ઉદય પામતા હોય તે મુંઝાયા વગર કેમજ રહે? આ વખતે દુર્યોધને સૌની ક્ષમા માગી અને જાહેર કર્યું કે, “પાંડવોનાં આપણા ઠરાવ મુજબ વનવાસનાં વર્ષો પૂરાં થયાં છે કે નહિ, એ પ્રથમ નિર્ણય કરવો જોઇએ અને એ નિર્ણય ભીષ્મ પિતામહે કરી આપવો જોઇએ.”

“સૂર્યની, ચંદ્રની બૃહસ્પતિની તથા નક્ષત્રોની ગતિઓઉપરથી જુદા જુદા માપનાં વર્ષો ગણવામાં આવેછે. સૂર્યની ગતિઉપરથી ત્રણસો પાંસઠ દિવ-

સનું, ચંદ્રની ગતિ ઉપરથી ત્રણસોપચ્ચાવન દિવસનું, બૃહસ્પતિની ગતિ ઉપરથી ત્રણસોએકસઠ દિવસનું અને નક્ષત્રોની ગતિ ઉપરથી ત્રણસોચોવીશ દિવસનું વર્ષ ગણવામાં આવેછે. સામાન્ય રીતે ત્રણસોસાઠ દિવસનું જે વર્ષ ગણવામાં આવેછે તે સાવન વર્ષ કહેવાયછે. ચંદ્રની ગતિ ઉપરથી ગણાતાં ચાંદ્ર વર્ષના હિસાબથી ગણીએ તો તેર વર્ષના એકસોછપ્પન મહિના પૂરા થઇ ચૂક્યા છે. માટે પાંડવો અધુરી મુદતે પ્રસિદ્ધ થયેલા ગણાય નહિ. સઘળા પાંડવો ધર્માત્મા છે અને તેમાં યુધિષ્ઠિર તો અત્યંત ધર્માત્મા છે. માટે જો ધર્મની રીતિપ્રમાણે તેઓની કાંઇ પણ મુદત અધુરી હોય તો તેઓ કદી પ્રસિદ્ધ થાય નહિ. પાંડવો નિર્લોભ હોવાને લીધે અધર્મથી રાજ્ય લેવાને ઇચ્છેજ નહિ એ મારો સિદ્ધાંત છે. પાંડવોને જો અધર્મમાં રૂચિ હોત તો જુગારસમયેજ તમોને મારીને રાજ્ય પાછું લઇ લેત. પાંડવો સમય પ્રાપ્ત થયાવિના હક માગે નહિ અને સમય પ્રાપ્ત થતાં પોતાનો હક ઇંદ્રની પાસે ગયો હોય તોપણ છોડે નહિ એવો મને પરિપૂર્ણ વિશ્વાસ છે. એટલામાટે પાંડવોની સાથે મળી જઇ, તેઓનું રાજ્ય પાછું આપી દેવું યોગ્ય છે. દુર્યોધન! સંગ્રામમાં જય અથવા પરાજય થવાનો પ્રથમથીજ નિશ્ચય થઇ શકતો નથી. અર્જુન જેવો પ્રબળ શત્રુ સામે આવ્યો છે માટે મારૂં વચન માનતો હો તો તેમનું રાજ્ય પાછું આપી દે, નહિ તો યુદ્ધની તૈયારી કર.”

એ પ્રમાણે ભીષ્મપિતામહે પોતાનો વિચાર જાહેર જણાવ્યો, પણ દુર્મતિ દુર્યોધનનો રાજ્ય પાછું નહિ આપવાનો આગ્રહ જણાતાં સર્વ પોતપોતાનું પરાક્રમ બતાવવા યુદ્ધ કરવાને તૈયાર થયા.

પ્રકરણ ૪૦ મું.

સફળ અને નિષ્ફળ પરિશ્રમ.

દુર્યોધને લડાઇ કરવાનો નિશ્ચય જણાવતાં કૌરવના સૈન્યની વ્યૂહરચના થઇ અને અર્જુન જેમ જેમ પોતાના સારથિ ઉત્તરસાથે કૌરવોના લશ્કરસમીપ આવતો ગયો તેમ તેમ તેના રથના શબ્દથી દિશાઓ વધારે ગાજી રહી, ગાંડીવ ધનુષનો ટંકાર વધારે વધારે સંભળાવા લાગ્યો, ધ્વજા પ્રકાશવા લાગી અને તેમાં હનુમાન ગર્જના કરવા લાગ્યા કે તુરતજ અર્જુનનાં બે બાણ દ્રોણાચાર્યના પગમાં પડ્યાં અને બીજાં બે બાણ તેના કાન આગળથી ચાલ્યાં ગયાં. તેમાં તેણે દ્રોણાચાર્યને એમ સૂચવ્યું કે, આપ મારા ગુરૂ હોવાથી હું આપને પ્રણામ કરૂંછું અને લડાઇ કરવા રજા માગુંછું. આ વખતે અર્જુને પોતાના રથને કૌરવનાં આખાં સૈન્યઉપર નજર પડે તેવી રીતે ઉભો રાખવા ઉત્તરને હુકમ કર્યો અને આખા લશ્કરઉપર નજર કરતાં નીચ દુર્યોધન ક્યાંય જોવામાં નહિ આવવાથી જ્યાં દુર્યોધન હોય ત્યાં જવાની ઇચ્છા જણાવતાં ઉત્તરે પોતાના રથના ઘોડા લશ્કરમાં દુર્યોધનની શોધપાછળ હાંકી મૂક્યા. દુર્યોધનપછવાડે જવાનો અર્જુનનો અભિપ્રાય કૃપાચાર્યે જાણી લીધો

અને જણાવ્યું કે "આજ દુર્યોધનરૂપી વહાણ અર્જુનના બળરૂપી સમુદ્રમાં ડુબી જશે માટે ચાલો ગાયોને પડતી મૂકી રાજાનું રક્ષણ કરીએ." આમ કૃપાચાર્ય હજુ તો વિચાર કરેછે, તેટલામાં અર્જુને દુર્યોધનનું સૈન્ય ગાયોને લઇ જતું હતું તેના પર બાણોની વૃષ્ટિ કરવા માંડી. આ વૃષ્ટિથી પૃથિવી તથા અંતરિક્ષ ઢંકાઇ ગયાં, યોદ્ધાઓ મુંઝાઈ ગયા અને અર્જુનનાં વખાણ કરવા લાગ્યા. આ વખતે અર્જુનના શંખનાદથી, ગાંડીવના ટંકારથી અને રથના શબ્દથી પૃથ્વી કંપવા લાગી અને યોદ્ધાઓ બેભાન થઇ ગયા કે તરતજ વિરાટની ગાયો પૂંછડાં ઉંચાં કરી "હંભા હંભા" એવા શબ્દ કરી પાછી વળી વિરાટનગરતરફ દોડી ગઇ.

અર્જુને પોતાનું ગાયો વાળવાનું ધારેલું કામ પાર પાડી દુર્યોધનની સાથે લડવા નિશ્ચય કર્યો, પણ તેવામાં વચમાં કૌરવોનું આખું સૈન્ય આવી પડવાથી તેણે કર્ણઉપર ઝડપ કરી અને વચમાં જે જે યોદ્ધાઓ આવ્યા તેને ઠાર કર્યા અને કર્ણના ભાઇ સંગ્રામજિતનું માથું એક બાણથી ઉડાવી દીધું. ભાઇના મરણથી કર્ણે ક્રોધ પામી સાત બાણોથી અર્જુનને વિંધ્યો, અર્જુનના ઘોડાઓને પણ વિંધ્યા અને તેના સારથિ ઉત્તરના હાથને પણ વિંધી નાંખ્યો. કર્ણનું આવું પરાક્રમ જોઇ ક્રોધ કરી અર્જુને ક્ષણમાત્રમાં કર્ણને, કર્ણના ઘોડાઓને, રથને તથા સારથિને અંતર્હિત કરી નાખ્યા. પણ મહાવીર કર્ણ જરા વારમાં અર્જુનનાં બાણોને તોડી ખુલ્લી રીતે બહાર આવ્યો, કે તરતજ કૌરવોના સૈન્યમાં શંખો તથા ભેરીના નાદ થવા લાગ્યા. અર્જુન તથા કર્ણનું અદ્‌ભુત યુદ્ધ ચાલતું થયું, બીજા સઘળા યોદ્ધાઓ વિસ્મય પામી તે યુદ્ધ જોવાને એક બાજુ ઉભા રહ્યા. આ વખતે પરસ્પર તુમુલ યુદ્ધ ચાલ્યું અને છેવટે અર્જુને કર્ણને હાથમાં, સાથળોમાં, મસ્તકમાં, લલાટમાં અને કંઠમાં પોતાનાં બાણોથી એવો વિંધ્યો કે, તે મુંઝાઈ ગયો અને રણભૂમિ મુકી નાસી ગયો. કર્ણને નાસી ગયો જાણી દુર્યોધન પોતાના લશ્કરસહિત અર્જુનની સામે થયો. સૂર્ય જેમ પોતાનાં કિરણોથી પૃથ્વીને ઢાંકી દે તેમ, અર્જુને બાણોથી પૃથ્વીને ઢાંકી દીધી અને શત્રુના રથ, ઘોડા, હાથીવગેરેને ઘણી ઝડપથી વિંધવા માંડ્યા. આ વખતે અર્જુનનાં, દિવ્ય અસ્ત્રોના પ્રભાવનાં અને ઉત્તરની ઘોડા હાંકવાની ચતુરાઇનાં વખાણ થવા લાગ્યાં. આ અર્જુન નથી પણ જગતનો સંહાર કરતો કાલાગ્નિ છે, એમ સૌને ભાસવા લાગ્યું. રથોને, ઘોડાઓને, હાથીઓને અને યોદ્ધાઓને તોડતાં અર્જુન, જેમ ખડના વનમાં અગ્નિ ફરે તેમ

ફરવા લાગ્યો; યોદ્ધાઓનાં માથાંઓ તાડનાં ફળોની માફક ધડાધડ નીચે પડવા લાગ્યાં; લોહીથી ખરડાએલી રજથી સૂર્યનાં કિરણો પણ રાતાં દેખાવા લાગ્યાં; સઘળા યોદ્ધાઓ કાયર થઇ ગયા અને સર્વને એમ જણાયું કે, એ અર્જુન નથી પણ સાક્ષાત્ ઇંદ્રજ કૌરવોને મારવા આવેલ છે. અર્જુને ત્રાંતેર બાણોથી દ્રોણને, આઠ બાણોથી અશ્વત્થામાને, બાર બાણોથી દુઃશાસનને, કૃપાચાર્યને ત્રણ બાણોથી, ભીષ્મને સાઠ બાણોથી અને સો બાણોથી દૂર્યોધનને વિંધ્યો કે તરતજ, કૌરવોની સઘળી સેના ત્રાસ પામી ભાગવા લાગી. આ વખતે અર્જુનના હુકમથી ઉત્તરે કૃપાચાર્યના સૈન્યતરફ રથને હાંક્યો અને અર્જુને એ સૈન્યઉપર બાણોની વૃષ્ટિ કરવા માંડી. આ ચમત્કારી યુદ્ધ જોવાસારૂ ઇંદ્રાદિ સઘળા દેવતા અને સ્વર્ગવાસી યયાતિઆદિ સઘળા રાજર્ષિઓ વિમાનોમાં બેસી આકાશમાં આવી ઉભા. ડાબાં જમણાં મંડળોમાં રથ ફેરવવાથી કૌરવોને મુંઝાવી દઈ ઉત્તરે કૃપાચાર્યના રથની સામે અર્જુનનો રથ ઉભો રાખ્યો. અર્જુને દેવદત્ત નામના પોતાના શંખનો અદ્દ્ભુત નાદ કર્યો અને તે નાદ સાંભળી કૃપાચાર્યે પણ સામે પોતાના શંખનો નાદ કર્યો અને ધનુષનો ટંકાર કર્યો. કૃપાચાર્યે પ્રથમ દશ બાણ અર્જુનનાં ઉપર નાખ્યાં, કે તરતજ અર્જુને ગાંડીવને ખેંચી તેમના ઉપર અસંખ્ય બાણો મૂક્યાં. અર્જુનનાં બાણો પોતાપર આવતાં પહેલાંજ કૃપાચાર્યે તેઓને કાપવા માંડ્યાં, અને તેવીજ રીતે કૃપાચાર્યનાં બાણોને અર્જુને કાપવા માંડ્યાં. કૃપાચાર્યે એકદમ દશ હજાર બાણોથી અર્જુનને ઢાંકી દીધો અને અર્જુને કૃપાચાર્યના ઘોડાઓને એવા વિંધ્યા કે જેથી ઘોડાઓ બિછળ્યા અને કૃપાચાર્ય ઉથલી પડી બેભાન થઇ ગયા. માન જાળવવા અર્જુન થોડીવાર શાન્ત પડ્યો, કે તરતજ સાવચેત થઇ કૃપાચાર્યે અર્જુનઉપર દશ બાણ મૂક્યાં અને અર્જુને એક બાણથી કૃપાચાર્યના ધનુષને અને હાથનાં ચામડાનાં મોજાંને કાપી નાખી તેઉપરાંત તેમના શરીરને પીડા ન થાય તેમ તેમના બખ્તરને પણ કાપી નાખ્યું. એક ધનુષ કપાવાથી કૃપાચાર્યે બીજું ધનુષ હાથમાં લીધું, તરતજ તે ધનુષને પણ અર્જુને કાપી નાખ્યું અને તેજ પ્રમાણે ત્રીજા ધનુષને પણ કાપી નાખ્યું. આ પ્રમાણે પોતાનો પરાભવ થવાથી ક્રોધ કરી કૃપાચાર્યે એક મોટી સાંગનો ઘા કર્યો. અર્જુને તે સાંગને પણ કાપી નાખી, વળી એક બાણથી કૃપાચાર્યના રથના ધોંસરાને, ચાર બાણોથી ચાર ઘોડાઓને અને એક બાણથી સારથિના માથાંને કાપી નાખી એક બાણથી કૃપાચાર્યની છાતીને વિંધી નાખી.

આમ થવાથી કૃપાચાર્ય બહુ પીડા પામ્યા. કૃપાચાર્યને રથવગરના અને પીડા પામેલા જોઇ તેના યોદ્ધાઓ તેને અત્યંત દૂર લઈ ગયા કે તરતજ, ઉત્તરે અર્જુનના રથને દ્રોણાચાર્યના રથની સામે કર્યો.

દ્રોણાચાર્યના રથની સામે અર્જુનનો રથ આવ્યો કે તરતજ, દ્રોણાચાર્યે પ્રથમ એકવીશ બાણો અર્જુનઉપર ફેકયાં જે તેણે અધવચથીજ કાપી નાખ્યાં. જેમ ઝાકળથી ચંદ્ર ઘેરાઈ જાય તેમ, અર્જુનનાં બાણોથી ઘેરાઈ જતાં આચાર્યે એવાં બાણ ફેંકવા માંડયાં કે, જેઓ એક બીજાનાં પુંખોની સાથે લાગેલાં હોવાથી જાણે એકજ લાંબું બાણ હોય એમ જણાવા લાગ્યું. અર્જુન ભાથાઓમાંથી બાણોને ક્યારે કાઢેછે, ધનુષમાં ક્યારે સાંધેછે અને ક્યારે ફેકેછે એ કોઇના જાણવામાં આવતું નહોતું, પણ જેમ તીડો પડે તેમ, અર્જુનનાં બાણો પડતાં જોવામાં આવતાં હતાં. અર્જુને પોતાનાં બાણોથી દ્રોણાચાર્યને ઢાંકી દીધા કે કૌરવોના સૈન્યમાં મોટો હાહાકાર થઈ રહ્યો અને ઇંદ્રાદિ દેવતાઓ પણ અર્જુનનાં વખાણ કરવા લાગ્યા. પોતાના પિતાનો પરાભવ થએલો જાણી ઘણા રથોને સાથે લઇ બાણોની વૃષ્ટિ કરતો અને મનમાં અર્જુનનાં વખાણ કરતો અશ્વત્થામા આડો ફર્યો જેથી અર્જુને અશ્વત્થામાના રથતરફ પોતાના રથને વળાવી દ્રોણાચાર્યને યુદ્ધમાંથી નીકળી જવાનો લાગ આપ્યો. બહુ જખમી થએલા દ્રોણાચાર્ય લાગ મળતાંજ રથને દોડાવી યુદ્ધમાંથી નીકળી ગયા. અશ્વત્થામાએ અર્જુનના ઉપર બાણોના સમૂહ નાખવા માંડ્યા તથા અર્જુને તેના પર ફેંકવા માંડ્યા. બન્ને મહાવીરો પરસ્પરના ઉપર બાણોની વૃષ્ટિ કરવા લાગતાં સઘળું આકાશ અંધકારમય થઇ ગયું, સૂર્યનો પ્રકાશ બંધ પડ્યો, બળવા લાગેલા વાંસોના જેવા તડાકા થવા લાગ્યા અને પવન બંધ પડી ગયો. આ બન્ને વીરપુરૂષોના સંગ્રામને જોઇ સઘળા યોદ્ધાઓ વિસ્મય પામ્યા; અર્જુનનાં ભાથાં અક્ષય હોવાથી તેનાં બાણો ખુટયાં નહિ અને અશ્વત્થામાનાં બાણો ખુટી ગયાં તેથી અર્જુનની અધિકતા થઈ. આ વખતે ક્રોધને વશ થએલા કર્ણે અશ્વત્થામાને બચાવવા સારૂ અર્જુનની સામે રહી ધનુષનો ટંકાર કર્યો. અર્જુન અશ્વત્થામાને છોડી કર્ણની સામે થયો અને કહ્યું કે "કર્ણ ! તું સભામાં ધર્મ છોડી દઈ ઘણાં ઘણાં કઠોર વચનો બોલ્યો હતો, મારા જેવો કોઇ યોદ્ધા નથી એમ બકતો હતો અને બીજાં સ્થળોમાં પણ એવાજ પ્રકારના બકવાદ કર્યા કરેછે, તો આજ મારી સામે યુદ્ધ કરીને તારામાં જે શક્તિ હોય તે બતાવ. હું ધર્મના પાશથી આજ દિવસ સુધી બંધાયો હતો, તેને લીધે તારા

અનેક અપરાધોને સહન કર્યા છે; પણ હવે હું એ પાશથી મુક્ત થયો છું માટે તારા સઘળા અપરાધોનું પૂરેપૂરૂં ફળ આપીશ."

"અર્જુન! તું જે બોલેછે તે કરી બતાવ એટલે અમે તારા ભાષણને સાચું માનીએ. તું હજુ ધર્મના પાશથી છુટયો નથી તે છતાં છુટયો માનેછે તે તારી ભૂલ છે; તેં વનમાં તેર વર્ષ પૂરાં કર્યાં હોત તો તને યુદ્ધ કરવાનો અધિકાર પ્રાપ્ત થાત પણ તેં તેર વર્ષ પૂરાં કર્યાં નથી; હું ઈંદ્રથી પણ ડરૂં નહિ તો તારાથી કેમજ ડરૂં?" આ પ્રમાણે કર્ણે વાળેલો જવાબ સાંભળી અર્જુને કહ્યું, કે "કર્ણ! થોડી વાર પહેલાંજ તું મારી પાસેથી માર ખાઇ ભાગી ગયો હતો તેથી જીવેછે. તારા ન્હાના ભાઇને પણ તું બચાવી શકયો નહિ. નહાના ભાઇને મરાવી સંગ્રામમાંથી ભાગી જઈ તારાસિવાય બીજો કયો પુરૂષ પાછો આવી આવો બકવાદ કરે?"

ઉપર પ્રમાણે કર્ણ તથા અર્જુનનું પરસ્પર ભાષણ થતાં અર્જુને કર્ણઉપર તીવ્ર બાણો ફેંકવા માંડ્યાં અને કર્ણ પણ અર્જુનઉપર બાણોનો વરસાદ વરસાવવા લાગ્યો. કર્ણે જુદાં જુદાં બાણોથી અર્જુનના ઘોડાઓને તથા હાથનાં મોજાંઓને વિંધી નાખ્યાં. અર્જુને ક્રોધ પામી કર્ણનાં ભાથાંનો દોરો કાપી નાખ્યો જેથી ભાથું નીચે પડી ગયું. કર્ણે બીજાં નાનાં ભાથાંઓમાંથી બાણો ફેંકવા માંડ્યાં અને અર્જુનના હાથને વિંધ્યો, જેથી અર્જુનની મુઠી ઢીલી પડી ગઈ. આથી અર્જુનને ઘણો ક્રોધ ચડયો અને કર્ણનું ધનુષ કાપી નાખ્યું, સાંગ કાપી નાખી અને જે કોઈ યોદ્ધાઓ કર્ણનું રક્ષણ કરવા આડા આવ્યા તેઓને ઠાર કર્યા અને છેલ્લે એવું એક બાણ છાતીમાં માર્યું કે તેથી કર્ણનું બખતર ભેદાઈ ગયું, ઘણી વ્યથા થઈ અને તે બેભાન થઈ ગયો. વેદનાથી ઘેરાઈ કાયર થએલો કર્ણ બીજીવાર રણભૂમિ મૂકી ભાગી ગયો. તે જોઈ અર્જુને તથા ઉત્તરે સિંહનાદ કર્યા

કર્ણને જીતી ભીષ્મની સામે થવા અર્જુનની ધારણા હોવાથી બાળક કુમાર ઉત્તર મુંઝાઇ ગયો અને જણાવ્યું કે "રૂધિર તથા માંસ વગેરેના ગંધથી મારૂં માથું ફરી ગયું છે, ગાંડીવના અવાજથી બેહેરો થઇ ગયો છું, પૃથ્વી જાણે ભમતી હોય એમ જણાયછે અને મન મુંઝાયછે; હવે હું રથને હાંકી શકીશ નહિ." "ઉંચા કુળનો રાજકુમાર થઈ બીહેછે કેમ? મનને સ્થિર કર, જલદીથી રથને ભીષ્મની સેનામાં લઇ જા, આજ મારે હજારો યોદ્ધાઓને

કાપી નાખવા છે, લોહીની નદી ચલાવવી છે, કોઇ પણ પ્રકારે અટકવું નથી અને ગાંડીવનાં ઝળાઝળા ભ્રમણથી શત્રુઓને ચકિત કરવા છે." આ પ્રમાણે ઉત્તરને અર્જુનતરફથી ધીરજ મળતાં તેણે ભીષ્મના સૈન્યમાં રથ હાંક્યો, કે તરતજ અર્જુને એક બાણથી ભીષ્મની ધ્વજાને પાડી નાખી. અર્જુનનાં બાણથી દુઃશાસન ભાગી ગયો, વિકર્ણ મૂર્છિત થઇ પડી ગયો અને દુઃસહ તથા વિવિંશતિને તેના સ્નેહીઓ રણભૂમિમાંથી દૂર લઇ ગયા. આ વખતે અર્જુન શરદ્‌ઋતુના મધ્યાહ્ન કાળના સૂર્યજેવો ઉગ્ર દેખાવા લાગ્યો, યોદ્ધાઓનાં માથાંઓથી ધરતી ઢંકાઇ ગઈ, ગાંડીવનો શબ્દ પ્રલયકાળના મેઘના શબ્દ જેવો જણાવા લાગ્યો અને લોહીની ભયંકર નદી ચાલવા લાગી. ભીષ્મ તથા અર્જુનનું પ્રલયકાળ જેવું યુદ્ધ ચાલવા લાગ્યું, જેમાં જરા વાર ભીષ્મ અર્જુનથી વધવા લાગ્યા અને જરા વાર અર્જુન ભીષ્મથી વધવા લાગ્યો. છેવટ ભીષ્મ અર્જુનના બાણથી મુંઝાયા અને મૂર્છિત થઇ રથના ધોંસરાને પકડી બેસી રહ્યા. ભીષ્મને બેભાન થયેલા જોઇ તેનો સારથિ પોતાની પદ્ધતિપ્રમાણે ભીષ્મના રથને દૂર લઈ ગયો.

ભીષ્મ સંગ્રામમાંથી નીકળી ગયા, કે દુર્યોધન સિંહનાદ કરતો મોટું ધનુષ લઈ અર્જુનની સામે થયો. આ વખતે અર્જુને પોતાનાં બાણોથી કૌરવોની સેનામાં ત્રાસ વર્તાવી દુર્યોધનની છાતીને વજ્રજેવા એક બાણથી ભેદી નાખી. પીડાએલો દુર્યોધન પોતાના બીજા યોદ્ધાઓને ભાગતા જોઇ પોતે પણ રથ ફેરવી ભાગવા લાગ્યો. દુર્યોધનને ભાગતો જોઇ અર્જુને બુમ પાડી કહ્યું કે "દુર્યોધન ! કીર્તિને છોડી યુદ્ધમાંથી પાછો વળી ભાગેછે કેમ ? તું રાજ્યથી ભ્રષ્ટ થયો છે કે શું ? તારી આગળ વાદિત્ર કેમ વાગતાં જોવામાં આવતાં નથી ? હું યુધિષ્ઠિરનો આજ્ઞાકારી અર્જુન નામનો પાંડવ છું. મોહોડું ફેરવી જવાબ દે, પણ આગળ કે પાછળ તારો બચાવ કરનારો કોઇ જોવામાં આવતો નથી માટે ભાગી જા અને મારા હાથમાંથી તારાં પ્યારાં પ્રાણનો બચાવ કર." અર્જુનનું કઠોર વચન સાંભળી અંકુશથી જેમ હાથી પાછો વળે તેમ દુર્યોધન પાછો વળ્યો અને બીજા પણ યોદ્ધાઓ અર્જુનની સામે થયા. શત્રુનાં સઘળાં અસ્ત્રોનું નિવારણ કરી સંમોહન અસ્ત્રથી, ગાંડીવના અદ્‌ભુત શબ્દથી અને શંખના ભયંકર નાદથી અર્જુને સર્વને મૂઢ કરી દીધા અને શત્રુઓ આયુધો છોડી બેભાન થઇ પડ્યા કે, અર્જુનને ઉત્તરાનાં વચનો યાદ આવ્યાં તેથી તેણે ઉત્તરને કહ્યું કે 'આ યોદ્ધાઓને સંજ્ઞા પ્રાપ્ત થઇ નથી તે પહેલાં તું રથ

ઉપરથી ઉતર અને સઘળા યોદ્ધાઓનું એક એક વસ્ત્ર ઉતારી લે." ઉત્તર રથ-ઉપરથી ઉતરી દ્રોણાચાર્યનાં ધોળાં વસ્ત્રને, કર્ણનાં પીળાં વસ્ત્રને, કૃપાચાર્યનાં ધોળાં વસ્ત્રને, દુર્યોધનનાં નીલ વસ્ત્રને, અશ્વત્થામાનાં નીલ વસ્ત્રને અને બીજા પણ યોદ્ધાઓનાં તે તે રંગનાં વસ્ત્રો લઇ આવી પાછો રથઉપર બેઠો.

આટલો પરાભવ થયા છતાં પણ જ્યારે સંજ્ઞા પ્રાપ્ત થઇ ત્યારે દુર્યોધને પાછી અર્જુન સામા લડવા સઘળા યોદ્ધાઓને આજ્ઞા આપી એટલે ભીષ્મ પિતા હાંસી કરી બોલ્યા કે, "અરે દુર્યોધન ! તારી બુદ્ધિ ક્યાં ગઈ છે ? હવે અર્જુનને જવા દો અને આપણે પાછા હસ્તિનાપુર ચાલો. હવે મૂર્ખાઇથી સ્વાર્થની હાનિ નહિ કરતાં બચાવનો રસ્તો લેવો એ ઉત્તમ છે." ભીષ્મનાં વચનથી અને સઘળા યોદ્ધાઓને થાકેલા જોઇ દુર્યોધન હસ્તિનાપુરતરફ નિસાસા મુકતો પાછો વળ્યો, કે પાછળથી અર્જુને એક બાણ ફેંકી દુર્યોધનનો રત્નમય મુકુટ કાપી નાખ્યો.

દુર્યોધનનો પરાભવ કરી પાછા વળતાં અર્જુને ઉત્તરને જણાવ્યું કે "તારા પિતાપાસે પાંડવો વસેછે એ તારા જાણવામાં આવ્યું પણ એ વાત તારે તારા પિતાપાસે કહેવી નહિ. નગરમાં જઇ તારે તારા પિતાપાસે એટલુંજ કહેવું કે, કૌરવોની સેનાને હું જીત્યો છું, ગાયોને મેંજ છોડાવી છે અને સઘળું પરાક્રમ મેંજ બતાવ્યું છે." એ પ્રમાણે ઉત્તરને બોધ આપી સ્મશાનમાં આવી, સઘળાં આયુધોને પ્રથમની પેઠે ખીજડામાં બંધાવી, રથની ઉપર સિંહની નિશાનીવાળી પહેલાંની ધ્વજા પાછી ચડાવી, પૂર્વની પેઠેજ નપુંસકનો વેષ ધરી, ઉત્તરને રથમાં બેસાડી, પોતે સારથિ થઇ, વિરાટના નગરની પાસે ગયો અને ઉત્તરને કહ્યું કે "અહીં ઘોડાઓને ધમારી પાછલે પોહોરે નગરમાં જઇશું; વધામણીસાર દૂતોને નગરમાં મોકલો." અર્જુનનો હુકમ થતાં ઉત્તરે દૂતોને નગરમાં વધામણી પહોંચાડવા આજ્ઞા કરી.

આતંકનિગ્રહગોળીઓનાં કુવખાણ કરવાં એ દરદીઓની દુશ્મનાઈ કરવા બરોબર છે.



પ્રકરણ ૪૧ મું.

વિરાટ નગરમાં પાંડવોનું પ્રકટ થવું.

સુશર્માને જીતી, ગાયો પાછી વાળી, મોટી ધામધૂમથી વિરાટ રાજા પોતાના નગરમાં આવ્યાને હજુ ઘણો વખત થયો નહિ હતો તેવામાં, કન્યાઓ અને સ્ત્રીઓનાં મોહોડાંથી કૌરવોની સામે ઉત્તરના ગયાના સમાચાર જાણી તે તેની સહાયતામાટે સૈન્ય મોકલવાની ગોઠવણુ કરતો હતો અને તેનો સારથિ નપુંસક છે એમ ધારી, ચિંતા કરતો હતો એવા વખતમાં, કૌરવો હાર્યા, સઘળી ગાયો પાછી વળી અને સારથિસહિત ઉત્તરઃ કુશળ છે, એવી વધામણી આવી. વધામણી સાંભળી દૂતોને ઘણા ઘણા ભારે પોશાકો આપી મંત્રીઓને ઉત્તરનું સામૈયું કરવા આજ્ઞા આપી. ઉત્તર ગાજતે વાજતે બૃહન્નલાની સાથે ગામમાં આવ્યો. વિરાટે ઉત્તરને લડાઈની હકીકત પૂછતાં ઉત્તરે જણાવ્યું કે "શત્રુઓને જીતનાર અને ગાયોને પાછી વાળનાર હું નથી. પણ એક દેવકુમાર છે, જેણે મને સારથિને ઠેકાણે બેસાડી પોતે રથમાં બેસી સઘળું યુદ્ધ કર્યું અને ભીષ્મ, દ્રોણ, કર્ણ, તથા દુર્યોધન આદિ મહારથિઓને હરાવ્યા.

એ દેવકુમાર આવતી કાલે અહીં પ્રકટ થશે.”

બીજે દિવસે વિરાટની આખી સભા એકઠી થઈ તે વખતે વિરાટના આવવા પહેલાંજ યુધિષ્ઠિર વિરાટના સિંહાસનપર બેઠા. વિરાટે આવી પોતાના સિંહાસનપર બેઠેલા યુધિષ્ઠિરને જોઇ ક્રોધ કર્યો, ત્યારે રાજાને યુધિષ્ઠિરની તથા પોતાની અને બીજા ભાઇઓની તથા દ્રૌપદીની તેના રાજ્યમાં ગુપ્ત રહેવા વગેરેની સઘળી હકીકત અર્જુને જાહેર કરી અને ઉત્તરે કૌરવોસામે અર્જુને કરેલા પરાક્રમની સઘળી બીના વિગતવાર કહી બતાવી.

સઘળી હકીકત જાણી પ્રસન્ન થઇ પાંડવોને રાજી કરવાના ઇરાદાથી ઉત્તરની સલાહથી વિરાટે પોતાની ઉત્તરાકુંવરી અર્જુનને આપવા ઇચ્છા જણાવી અને તેઓના સમાગમથી મોટો સંતોષ જાહેર કર્યો અને સઘળું રાજ્ય યુધિષ્ઠિરને સ્વાધીન કર્યું.

વિરાટનો વિચાર જાણી અર્જુને પોતાસાથે નહિ પણ પોતાના પુત્ર અભિમન્યુવેરે ઉત્તરાનું માગું કર્યું અને જણાવ્યું કે “હું અંતઃપુરમાં ઉત્તરાસાથે ઘણા દિવસો રહ્યો છું, તેણે મને પિતા જેવો ગણી સઘળો વિશ્વાસ મારા ઉપર રાખ્યો છે અને તે મને આચાર્યજેવો ગણેછે. જુવાન ઉત્તરાસાથે લાંબો કાળ વસી જઇ તેનો હું પ્રતિગ્રહ કરૂં તો અવશ્ય અપયશનું પાત્ર થાઉં એમાં કશો સંદેહ નથી. દીકરી અને દીકરાની વહુમાં કાંઇ અંતર લેખાતો નથી: વગેરે કારણોથી અભિમન્યુ સાથે ઉત્તરાનો વિવાહ કરવા હું મારી ઇચ્છા જણાવું-છું, અને તેમ થવાથી મારો પુત્ર અને શ્રીકૃષ્ણનો ભાણેજ અભિમન્યુ તમારો જમાઇ થાય અને આપણાં બન્ને કુળ પરસ્પર વેહેંચાઇ ગએલાં થાય એ વધારે શોભા આપનારૂં છે.” આ પ્રમાણે અર્જુનનો યોગ્ય ઉત્તર સાંભળી વિરાટે કહ્યું કે “હું મારી કન્યા અભિમન્યુને આપું છું.”

ઉપર પ્રમાણે વાગ્દાન કરી વિરાટ રાજાએ પાંડવોને પોતાના ઉપપ્લવ્ય નામના પાસેના મહાલમાં રાખ્યા. યુધિષ્ઠિરે વિવાહનો એક દિવસ મુકરર કરી અભિમન્યુ તથા શ્રીકૃષ્ણને તેડાવ્યા અને બીજા સંબંધીઓને પણ નિમંત્રણ મોકલ્યાં. શ્રીકૃષ્ણ, બલભદ્ર, સાત્યકિ, અભિમન્યુ, દ્રૌપદીના પાંચ પુત્રો, પાંડવોની બીજી સ્ત્રીઓ, કાશીનો રાજા, શલ્ય રાજા, દ્રુપદ રાજા, ધૃષ્ટદ્યુમ્ન આદિ દ્રુપદના સઘળા પુત્રો અને બીજા પણ ઘણા ઘણા સંબંધીઓ પોતપોતાની સેનાસહિત યોગ્ય સમયે આવી પહોંચ્યા. વિરાટ રાજાએ પ્રેમપૂર્વક તેમનાં યોગ્ય સન્માન કર્યાં. સુભદ્રાસહિત અભિમન્યુ, દ્રૌપદીના પાંચ પુત્રો

અને ઇન્દ્રસેન આદિ પાંડવોના જુના નોકરો પાંડવોની પાસે આવીને રહ્યા અને પરસ્પરના સમાગમથી બહુ પ્રસન્ન થયા. શ્રીકૃષ્ણે તથા બલભદ્ર પ્રત્યેક પાંડવને તથા દ્રૌપદીને ભારે ભારે પોશાકો, રત્નો અને દાસીઓ આપ્યાં; વિવાહનો ઉત્સવ થતાં અનેક પ્રકારનાં વાજાં વાગવા લાગ્યાં અને પાંડવોની દ્રૌપદીઆદિ સ્ત્રીઓ સર્વોત્તમ શણગાર ધરીને મંડપમાં આવી. અભિમન્યુ અને ઉત્તરાને યોગ્ય આસનપર બેસાડી અગ્નિની સમીપમાં તેઓનો વિધિપૂર્વક વિવાહ કરવામાં આવ્યો. વિરાટ રાજાએ દાયજામાં સાત હજાર ઉત્તમ ઘોડા, બસો હાથી અને બીજું પણ ઘણું ધન આપીને પોતાનું સઘળું રાજ્ય પાંડવોને નિવેદન કર્યું. વિવાહ સમાપ્ત થતાં યુધિષ્ઠિર રાજાએ બ્રાહ્મણોને રત્નો, વસ્ત્રો, ધન, ગાયો તથા ભોજન બહુજ ઉત્તમ રીતિથી આપ્યાં, સંબંધીઓને પોશાકો આપ્યા અને બીજા લોકોને પણ ધન વગેરેથી સંતુષ્ટ કર્યા. વિરાટ નગરમાં આ ઉત્સવના સંબંધની ભારે ભારે ધામધૂમો મચી રહી અને સર્વ લોકો બહુ પ્રસન્ન થયા.

પ્રકરણ ૪૨ મું.

વિષ્ટિનો વિચાર.

વિવાહોત્સવ થયા પછી ચાર દિવસે પાંડવના કાર્યસંબંધી વિચાર કરવાસારૂ શ્રીકૃષ્ણે વિરાટના દરબારમાં એક સભા બોલાવવા ગોઠવણ કરી, વિવાહમાં આવેલા સઘળા રાજાઓને નિમંત્રણ મોકલ્યાં અને નિમંત્રણ પ્રમાણે સઘળા રાજાઓ તે સભામાં હાજર થયા. વિરાટ અને દ્રુપદ એ બે વૃદ્ધ રાજાઓએ પ્રથમ પોતાની બેઠક સભામાં લીધી, ત્યાર પછી વસુદેવ, બલભદ્ર, શ્રીકૃષ્ણ, સાત્યકિ, યુધિષ્ઠિર આદિ પાંચે પાંડવો તથા બીજા પણ ઘણા રાજાઓ પોતપોતાની યોગ્યતાપ્રમાણે પોતાના આસનપર બેઠા. સભામાં પરસ્પર સમાગમને ઘટે એવી વાતો થઇ રહ્યા પછી શ્રીકૃષ્ણે ઉભા થઈ નીચે પ્રમાણે ભાષણ કર્યું.

''સભાસદો! સર્વ કોઇના જાણવામાં હશે કે, શકુનિએ જુગારમાં યુધિષ્ઠિરને કપટથી હરાવી તેમનું રાજ્ય લઈ લીધું એટલુંજ નહિ પણ દ્રૌપદીસહિત પાંચે પાંડવોને તેર વર્ષસુધી વનવાસ આપ્યો. સમર્થ છતાં સત્યઉપર આધાર રાખી, તેઓએ ઘણાં ઘણાં કષ્ટો વેઠી, બાર વર્ષ વનમાં અને તેરમું વર્ષ તો વિરાટ રાજાની ગુલામગીરી કરી કહાડ્યું. પાંડવોએ પોતાનું વચન પાળ્યું

છે. અધર્મથી દેવતાઓનું રાજ્ય મળતું હોય તોપણ યુધિષ્ઠિર રાજા તે લેવા ચાહતા નથી અને ધર્મથી એક નાના સરખા ગામડાનો ગરાસ મળે તે પણ લેવા તે ખુશી ધરાવેછે. પાંડવોની બાલ્યાવસ્થામાંજ તેમના હક લઈ લેવા કૌરવોએ તેમનાપર ઘણા જુલમ ગુજાર્યા છે, તે સર્વના જાણવામાં હશે પાંડવોને તેનું વાજબી રાજ્ય પાછું આપી દેવા દુર્યોધનનો શું વિચાર છે તે હજી જણાયું નથી. માટે તે જાણવા સારૂ કોઇ કુલીન પુરૂષને હસ્તિનાપુર મોકલવો જોઇએ."

ઉપર પ્રમાણે પોતાનો ટુંકામાં અભિપ્રાય જણાવી, શ્રીકૃષ્ણ પોતાને સ્થાનકે બેઠા પછી બલભદ્ર ઉભા થઇ બોલ્યા કે—

"શ્રીકૃષ્ણની વાતને ટેકો આપતાં હું જણાવુંછું કે, પાંડવોની માગણીપ્રમાણે અર્ધું રાજ્ય પાછું આપવા દુર્યોધનને ગળે ઉતરે અને સર્વત્ર સુખ શાન્તિ ફેલાય એમ હું ઇચ્છુંછું અને તેથી જે માણસ અહીંથી વિષ્ટિ કરવા જાય તે ત્યાંના સઘળા વૃદ્ધ પુરૂષોને તથા દુર્યોધનવગેરેને યુધિષ્ઠિરની વતી પ્રણામ કરી અર્ધા રાજ્યની ઘણી નમ્રતાપૂર્વક માગણી કરે અને તેમ થવાથી તે લોકો યુધિષ્ઠિરઉપર દયા ઉશ્કેરાય અને કામ પાર પડે. વાર્યા છતાં જુગારમાં હારી ગયા તેમાં શકુનિનો કે દુર્યોધનનો કશો અપરાધ હોય એમ હું કહી શકતો નથી અને તેથીજ અહીંથી જનાર માણસે જોરથી નહિ પણ કાલાવાલા કરી યુધિષ્ઠિરની વતી અર્ધા રાજ્યની માગણી કરવી. જે કામ સામથી સિદ્ધ થાયછે તે કામ જોરથી કે યુદ્ધથી સિદ્ધ થતું નથી; મુખ્યત્વે કરીને પોતાનો વાંક હોય ત્યારે નમ્રતાથીજ કામ લેવું જોઇએ."

બલભદ્રનું આ વિરૂદ્ધ ભાષણ સાંભળી ક્રોધથી ઘેરાએલો સાત્યકિ તુરતજ ઉભો થઇ, બલભદ્રના વાક્યને ધિક્કારી, વચમાં બોલી ઉઠયો કે—

"માણસના મનમાં જેવું હોય તેવુંજ બોલી જવાય પણ તેનો તે બોલનારઉપર હું દોષ મૂકતો નથી, પણ સાંભળનારઉપરજ દોષ મૂકુંછું. એક પિતાના પુત્ર છતાં શ્રીકૃષ્ણ તથા બલભદ્રનાં વાક્યોમાં ઘણો ફેરફાર જણાયછે. બલભદ્રના મોંહાડામાંથી જે શબ્દો નીકળ્યા તે કેવળ પક્ષપાતનાં લીધેંજ છે એમ મારૂં માનવું છે. આ કોણ યુધિષ્ઠિરનો જરા પણ વાંક છે એમ સાબિત કરવા કોણ સમર્થ છે? જો કૌરવોએ ઇંદ્રપ્રસ્થઉપર ચઢાઈ લઇ જઇ યુદ્ધમાં યુધિષ્ઠિરને હરાવ્યા હોત તો તે વાજમી કહેવાત. નીચ કૌરવોપાસે યુધિષ્ઠિરને કાલાવાલા કરવાની કંઈ જરૂર નથી. હું એ લોકોને મારાં તીક્ષ્ણ બાણોથી બલાત્કારે સમજાવી યુધિષ્ઠિરના પગમાં પાડીશ અને તેમ છતાં પગમાં નહિ

પડે તો યમપુરીમાં મોકલી આપીશ. વજ્રના વેગને જેમ પર્વત સહન ન કરે તેમ, તેઓ આ સાત્યકિના વેગને સહન કરવા સમર્થ નથી. અમો સઘળા કૌરવોને યુદ્ધમાં મારી યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક કરશું. હવે તો નિશ્ચય છે કે, કાં તો કૌરવો યુધિષ્ઠિરને રાજ્ય આપે અથવા તો રણમાં રખડી ધરતી-ઉપર ઢળી પડે."

સાત્યકિનાં વચનને અનુમોદન આપી વૃદ્ધ દ્રુપદ રાજા આસનઉપરથી ઉઠી બોલ્યા કે "સાત્યકિ જે કહેછે તે ખરી વાત છે. મધુર વચનથી દુર્યોધન કદી પણ રાજ્ય આપવાનો નથી. બલભદ્રનું વચન મારા મનમાં ગોઠતુંજ નથી. સજ્જન મધુર વચનથી સમજે પણ દુર્જન કદી સમજે નહિ. દુર્યોધન-આગળ કોમળપણું એ ગર્ધભપાસે કોમળપણું બતાવવા જેવું છે. પાપી, કોમળ બોલનારને અશક્ત માને છે. આ વખતે તો વિષ્ટિ મોકલવા અગાઉ સેનાઓને એકઠી કરવા ઉદ્યોગ આદરવો જોઇએ. જૂદા જૂદા રાજાઓને તેઓની સેનાસહિત અહીં બોલાવવા દૂતો મોકલો; કારણકે દુર્યોધન પણ તેઓને બોલાવવા દૂતો મોકલશે. પાછળની માગણીકરતાં પ્રથમની માગણી વધારે વજનદાર ગણી, સ્વીકારવામાં આવેછે. માટે એ પ્રમાણે ગોઠવણ કરી પાછળથી દુર્યોધનપાસે દૂતને મોકલો."

દ્રુપદનાં વચન સાંભળી તથા બલભદ્રનો મતભેદ જોઇ શ્રીકૃષ્ણ બોલ્યા કે "પાંડવોના કલ્યાણમાટે દ્રુપદ રાજાએ કરેલી ગોઠવણ યોગ્ય છે. રાજાઓની સહાયતા મેળવવાનું કામ આપણે પ્રથમજ કરવું જોઇએ અને પાછળથી કરવામાં આવે તો મૂર્ખતા ગણાય. કૌરવો તથા પાંડવોસાથે અમારે તુલ્ય સબંધ હોવાથી મારાથી સ્પષ્ટ બોલી શકાયું નહોતું. અવસ્થાથી તથા શાસ્ત્રાભ્યાસથી સઘળા રાજાઓમાં આ દ્રુપદ રાજા વૃદ્ધ છે અને અમે તો તેના શિષ્ય-જેવા છીએ માટે તેમના મતને અનુસરવું વધારે ઉચિત છે. તેથી રાજાઓની સહાયતાઓ મેળવવાની ગોઠવણ કરી દ્રુપદ રાજાના વિચારપ્રમાણે દુર્યોધન-પાસે વિષ્ટિ કરવા દૂતને મોકલજો અને તે પાછો આવ્યા પછી જેનો નિશ્ચય થાય તે અમને કહેવરાવજો. અમો વિવાહ પ્રસંગઉપર આવ્યા છીએ અને તે કામ સમાપ્ત થયું છે માટે હાલ તો અમે અમારે ઘેર જઇએ છીએ." આ પ્રમાણે બોલી સર્વની આજ્ઞા માગી શ્રીકૃષ્ણ દ્વારકાંતરફ રવાના થયાં.

શ્રીકૃષ્ણ દ્વારકાં ગયા પછી યુધિષ્ઠિર, વિરાટ અને દ્રુપદ એઓએ યુદ્ધની સઘળી તજવીજ કરવા માંડી. સઘળા રાજાઓને સંગ્રામનાં આમંત્રણો મોકલ્યાં

જે ઉપરથી રાજી થઈ મોટા મોટા રાજાઓ પોતપોતાની સેનાઓસહિત વિરાટના નગરમાં આવવા લાગ્યા. પાંડવોનું સૈન્ય એકઠું થતું સાંભળી દુર્યોધને પણ ઘણા રાજાઓઉપર આમંત્રણો મોકલ્યાં અને તેઉપરથી હસ્તિનાપુરમાં પણ ઘણા ઘણા રાજાઓ મોટી મોટી સેના લઈ હાજર થવા લાગ્યા. બન્ને પક્ષની સેનાઓથી પૃથ્વી ભરપૂર થવા લાગી.

યુધિષ્ઠિરનો અભિપ્રાય લઈ દ્રુપદ રાજાએ પોતાના ગોરને વિષ્ટિ કરવા હસ્તિનાપુરમાં મોકલવા બોલાવીને કહ્યું કે 'બુદ્ધિવાળાં પ્રાણીઓમાં માણસો શ્રેષ્ઠ છે, માણસોમાં બ્રાહ્મણો શ્રેષ્ઠ છે, બ્રાહ્મણોમાં વિદ્વાનો શ્રેષ્ઠ છે અને વિદ્વાનોમાં પણ તમે શ્રેષ્ઠ છો. યુધિષ્ઠિર તથા દુર્યોધન એ બન્નેની રીતભાત તમારા જાણવામાં છે તથા બીજી સઘળી વાતથી પણ તમે જાણીતા છો. જો કે કૌરવો કોઈરીતે પોતાથી સમજી પાંડવોને રાજ્ય આપવાના નથી, તોપણ તમે ધૃતરાષ્ટ્રની પાસે જઈ નીતિની વાતો કરશો તો કૌરવોના યોદ્ધાઓનાં અંતઃકરણ જરૂર પાંડવોના પક્ષમાં ખેંચી શકશો. વિદુર પણ તમારા વચનને ટેકો આપશે. કૌરવોના યોદ્ધાઓમાં મતભેદ થશે તો પછી તેને એકમત કરવાના કામમાં દુર્યોધન અને કર્ણને રોકાવું પડશે, અને તેટલા વખતમાં પાંડવો દ્રવ્ય તથા સેનાને ઝડપથી એકઠી કરી લેશે. તમે વિદ્વાન છો, વૃદ્ધ છો અને વળી દૂત થઈને જાઓછો માટે કૌરવોતરફથી તમને કોઈપણ જાતની હરકત નડે તેમ નથી.'

દ્રુપદના કહેવાઉપરથી સઘળી વાતને હૃદયમાં રાખી નીતિશાસ્ત્રમાં પ્રવીણ, વિદ્વાન ગોર પોતાના ઘણા ઘણા શિષ્યોને સાથે લઇ, સુમુહૂર્ત્તમાં હસ્તિનાપુર તરફ રવાના થયા.

પ્રકરણ ૪૩ મું.

પાંડવોપાસે સંજયનું ભાષણ.

દ્રુપદ રાજાએ મોકલેલો પુરોહિત બન્ને પક્ષના સૈન્યોના અદ્ભુત જમાવને જોતો જોતો હસ્તિનાપુર પહોંચ્યો. ભીષ્મે તથા વિદુરે તેમનો સારો સત્કાર કર્યો; પરસ્પર કુશળ પ્રશ્નોના યોગ્ય ઉત્તર દેવાયા પછી કૌરવોની એકઠી થયેલી સભામાં તે પુરોહિતે નીચે પ્રમાણે ભાષણ કર્યું.

“તમો સનાતન કાળથી ચાલ્યા આવતા રાજધર્મને જાણોછો તોપણ મારે મારી ફરજ બજાવવી જોઇએ; તેથી હું કહુંછું કે, ધૃતરાષ્ટ્ર રાજા અને પાંડુ રાજા એક બાપના દીકરા હોવાથી તેની જે કાંઈ મિલ્કત હોય તે સઘળી બન્ને પક્ષને સરખે હિસ્સે મળવી જોઇએ એમાં કશો સંદેહ નથી. પાંડવો તુલ્યભાગના હક્દાર છતાં દુર્યોધન એકલો સઘળી મિલ્કતને દબાવી રાખે એ કેવળ અન્યાય છે. મિલ્કત દબાવવાઉપરાંત પાંડવોનાં પ્રાણ લેવા જે ઘણા ઘણા ઉપાયો તેમના તરફથી કરવામાં આવ્યા તે સહુના જાણવામાં છે. પોતાના

પરાક્રમથી મેળવેલું રાજ્ય પણ જુગાર રમાડી કપટથી હરી લીધું અને પાંડવોને તેર તેર વર્ષ સુધી વનમાં રખડાવ્યા. આ સઘળું પાંડવોએ દૃઢતાથી સહન કર્યું. વનવાસમાં તથા તેરમા વર્ષમાં દ્રૌપદીપર પડેલ દુ:ખનું વર્ણન હું આ ઠેકાણે કરવા અશક્ત છું. પાંડવો દુર્યોધનસાથે સમાધાનીમાં રાજી છે. દુર્યોધન પાંડવોને નિર્બળ સમજી યુદ્ધ ઉઠાવવા ધારતો હોય, તો તેમાં તેની મોટી ભૂલ છે. કારણકે પાંડવો અત્યંત બળવાન છે. એક કાંટામાં કૌરવોનું આખું સૈન્ય મૂકીએ અને બીજા કાંટામાં એક અર્જુનને મૂકીએ તો બળમાં તેઓ બરાબર થાય એમ છે. વળી પાંડવોને શ્રીકૃષ્ણની સહાયતા છે. શ્રીકૃષ્ણની બુદ્ધિ, અર્જુનનું પરાક્રમ અને સેનાનો અદ્ભુત જમાવ જોઈ કયો બુદ્ધિમાન્ પુરૂષ પાંડવોસાથે યુદ્ધ કરવા ઈચ્છા કરે ? છેવટ હું એટલુંજ કહુંછું કે, જુગારના સમયમાં પરસ્પરના કોલકરારપ્રમાણે હવે પાંડવોને પોતાનો સઘળો હક મળવો જોઇએ."

ઉપર પ્રમાણે દૂતનાં વચન સાંભળી તેને માન આપી ભીષ્મે કહ્યું કે "સઘળા પાંડવો કુશળ છે, ધર્મઉપર રૂચિ રાખેછે અને યુદ્ધની ઇચ્છા રાખતા નથી એ બહુ સારૂં છે. પાંડવો હવે પોતાની મિલ્કતના હકદાર થયા છે એવાત પણ નિ:સંશય છે. અર્જુન બળવાન છે અને તે અસ્ત્રવિદ્યામાં એવો પ્રવીણ છે કે, ઈંદ્ર પણ તેની સાથે યુદ્ધ કરી શકે તેમ નથી." આ પ્રમાણે હજુ ભીષ્મ પોતાનું ભાષણ આગળ ચલાવતા હતા ત્યાં તે ભાષણને અધરચ રોકી દુર્યોધનની સામે જોઇ કર્ણ બોલી ઉઠયો કે,—

"દુર્યોધનને માટે શકુનિએ જુગાર રમી પાંડવોને હરાવ્યા અને રાજ્ય લઈ લીધું; બાર વર્ષઉપરાંત તેરમા વર્ષમાં પ્રસિદ્ધ થઇએ તો બીજીવાર વનવાસ ભોગવવો એવા કોલકરાર થયાપછી યુધિષ્ઠિર વનમાં ગયેલ છે. યુધિષ્ઠિર પોતાનાં વચનપ્રમાણે બાપનું રાજ્ય લેવા ઇચ્છિતો નથી પણ મૂર્ખની પેઠે દ્રુપદ તથા વિરાટના બળઉપર આધાર રાખી રાજ્ય લેવા ઇચ્છેછે. મહારાજ દુર્યોધન બીકથી અરધું તો શું પણ ચોથા હિસ્સાનું પણ રાજ્ય આપે એમ નથી. પણ ધર્મની મર્યાદાથી શત્રુને પણ સઘળું રાજ્ય આપી દે એમ છે. જો પાંડવો રાજ્ય મેળવવા ઇચ્છિતા હોય તો ફરીવાર વનવાસ ભોગવી રાજ્યની માગણી કરે. પણ મૂર્ખતાથી જો તેઓ લડાઇમાં ઉતરશે તો મારાં વચન સંભારશે."

કર્ણનાં અતિ ગર્વિષ્ટ વચન સાંભળી ભીષ્મથી રહેવાયું નહિ અને બોલી ઉઠયા કે "કર્ણ ! તારો બકવાદ વૃથા છે. અર્જુન એકલાએજ વિરાટ નગરમાં

આપણુ છ જણુને થોડી વારમાં જીતી લીધા, તે વાત યાદ કર. તારૂં તો ઘણી વારે હારી અને ભાગી જવાનું કામજ અમોએ જોએલું છે. જો આ બ્રાહ્મણુના કહેવાને નહિ માનીશું તો અવશ્ય આપણે રણુભૂમિમાં પડી ધૂળ ફાકશું."

આ વખતે ધૃતરાષ્ટ્રે, ભીષ્મને કેટલાક કાલાવલા કરી, તેને પ્રસન્ન કરી, કર્ણુને તરછોડી, દ્રુપદના દૂતને કહ્યું કે "આપ સુખેથી પાછા પધારો અને હું વિચાર કરી પાંડવોપાસે મારા હજુરી સંજયને મોકલુંછું."

દ્રુપદના ગોરનો કેટલોક યોગ્ય સત્કાર કરી તેને પાંડવોપાસે પાછો મોકલ્યા પછી ધૃતરાષ્ટ્રે સંજયને સભામાં બોલાવી પંડવો વિરાટના ઉપપ્લવ્ય નામના ગામમાં રહેલા છે તેની પાસે જઇને તેને શાન્ત કરવાની આજ્ઞા કરી; અને કહ્યું કે "આજ દિવસસુધી પાંડવોનો કોઇ દોષ મારા જોવામાં આવ્યો નથી, પણુ તેઓનું રાજ્ય પાછું આપી દેવા દુર્યોધનને ગળે ઉતરતું નથી. પાંડવો ઘણા પ્રબળ છે, તેઓ મારા પુત્રોને માર્યાવિના રહેશે નહિ, મારૂં મન થરથરેછે. હું યુધિષ્ઠિરથી વધારે ડરૂંછું; તે સત્યવાદી અને તપસ્વી છે. તેનો સંકલ્પ સિદ્ધ થયાવિના રહે એમ નથી. આ સઘળાં કારણોને લીધે હું તને કહુંછું કે, તું ત્યાં જા અને તેઓને મારાતરફથી કુશળ પૂછી એવીરીતે વાત કરજે કે, તેઓ યુદ્ધ કરવાનું મન નહિ કરતાં શાન્તિ પકડે."

ધૃતરાષ્ટ્રની આજ્ઞાપ્રમાણે સંજય હસ્તિનાપુરથી ઉપપ્લવ્યમાં પાંડવોપાસે ગયો અને ત્યાં પાંડવોને મળી ધૃતરાષ્ટ્ર રાજાની વતી સહુને કુશળ પૂછ્યું. યુધિષ્ઠિરે જવાબ આપ્યો કે 'અમો સર્વ કુશળ છીએ. ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, દ્રોણાચાર્ય, વિદુર, કૃપાચાર્ય, કર્ણ તથા દુર્યોધન આદિ સઘળા કુશળ છે? અર્જુને તથા ભીમસેને દુર્યોધનવગેરેને ગંધર્વોની પાસેથી છોડાવ્યા હતા અને વિરાટના નગરમાં એકલા અર્જુને સહુને જીતી લીધા હતા એ વાતને તેઓ સંભારેછે? ભીષ્મ, દ્રોણુ, વિદુર અને કૃપાચાર્ય એઓ કોઇ પ્રકારે અમારો વાંક તો નથી કહાડતા? અમો આજ દિવસસુધી ભલપણુજ રાખતા આવ્યા છીએ પણુ તેનો કશો વિચાર ધૃતરાષ્ટ્ર રાજાના મનમાં આવતો નથી એ મોટા ખેદની વાત છે." સંજય બોલ્યો કે, "તમે જેઓનું કુશળ પુછોછો તેઓ સઘળા કુશળ છે. ધૃતરાષ્ટ્ર રાજા તમારૂં અનિષ્ટ કરવામાં સંમતિ આપતા નથી, એટલુંજ નહિ પણુ દુર્યોધનવગેરેની કુચાલ જોઇને મનમાં કચવાયા કરેછે. સર્વ લોકો અર્જુનનાં તથા ભીમસેનનાં પરાક્રમોને સંભારેછે અને ભીષ્મતથા દ્રોણુઆદિ વૃદ્ધ લોકો તમારાં વખાણુ કરેછે. યુધિષ્ઠિર રાજા! તમે ધર્માત્મા

તથા બુદ્ધિમાન છો. કોઇ પણ પ્રકારે બુદ્ધિ પહોંચાડીને આ બખેડાને શાંત કરી નાખો. મને ધૃતરાષ્ટ્ર રાજાએ જે સમાચારો કહ્યા છે, તે સઘળા હું આપને તથા આપના સઘળા સમાજને આવતી કાલે કહીશ."

સંજયના કહેવાપ્રમાણે બીજે દિવસે જ્યારે પાંડવોના દરબારમાં સભા એકઠી થઇ ત્યારે ઉભા થઈ સંજયે નીચે પ્રમાણે ભાષણ કર્યું.

"સાંભળો, ધૃતરાષ્ટ્ર રાજા શાન્તિ ઇચ્છેછે અને તેમણે મને અહીં ઉતાવળથી મોકલ્યો છે. પાંડવો ધર્માત્મા, લાજવાળા અને ઉદાર મનવાળા છે; તેથી તેઓએ બખેડો ઉઠાવી પોતાને ડાઘ લગાડવો જોઇતો નથી. જેમ પાંડવોને તેમ કૌરવોને પણ જીતવા કોઇ સમર્થ નથી. તેથી જો યુદ્ધ થશે તો પરિણામ બન્ને પક્ષના ક્ષયસિવાય બીજું કશું આવવાનું નથી. કદાચ પાંડવો પોતાના ભાયાતોને મારીને જીવતા રહેશે તો ગોત્રહત્યા કરી જીવવું એ મને તો કોઇ રીતે સારૂં લાગતું નથી. મને આશાછે કે, શ્રીકૃષ્ણ તથા અર્જુન મારાં વચનને માન્ય કરશે."

હજુ સંજય ધૃતરાષ્ટ્રે મોકલેલો સંદેશો આગળ કહેતો હતો તેવામાં યુધિષ્ઠિર વચમાં બોલી ઉઠયા કે "મારાં મોઢાથી યુદ્ધની વાત સાંભળ્યાસિવાય તમે શામાટે બીઓછો,? યુદ્ધ ન કરવું એ પહેલે દરજ્જે સારૂં છે. કશું નહિ કરતાં મનની ઇચ્છા પાર પડતી હોય તો પછી બીજું શું જોઇએ? અમારી ઇચ્છા ધર્મથી અવિરૂદ્ધ સુખ મેળવવાની છે, પણ ધૃતરાષ્ટ્રની તૃષ્ણાનો તો અંતજ આવતો નથી, એ મોટો અફસોસ છે. જેવી પોતાને સુખની ઇચ્છા હોય તેવી બીજાને પણ હોય એમ સમજવું જોઇએ. ઉનાળાની અંદર ઘણા ખડવાળી જગ્યામાં અગ્નિ મૂકવો અને પછી વાયુથી વધેલા તે અગ્નિને જોઇને અફસોસ કરવા બરોબર ધૃતરાષ્ટ્રને અફસોસ થાયછે. દુષ્ટ પુત્રને વશ થઇ, ઐશ્વર્ય મેળવી, હવે શામાટે વૃથા વિલાપ ધૃતરાષ્ટ્રને કરવો પડેછે? વિદુરનાં વાક્યોનું અપમાન થયું ત્યારથીજ કૌરવોનો ક્ષય થવાનો પાયો મંડાણો છે. દુર્યોધનઆદિ ચંડાળચોકડી હયાત છતાં કૌરવોના ભલાની આશા સ્વપ્નામાં પણ રાખવી ન જોઇએ. અર્જુને તથા ભીમસેને યુદ્ધમાં ઘણી વાર હાથ દેખાડ્યા છતાં કર્ણ હજુ અર્જુનને જીતી લેવા હિમ્મત ધરાવેછે એ કેવી મોટી ભૂલ? કર્ણે ક્યા યુદ્ધમાં અર્જુનના સપાટામાંથી કૌરવોને બચાવ્યા છે? કૌરવોએ ઘણાં ઘણાં કષ્ટો અમોને આપ્યા છતાં હજુ પણ દુર્યોધન પોતે હસ્તિનાપુરનું રાજ્ય રાખી મને ઇંદ્રપ્રસ્થનું પણ રાજ્ય આપે તોપણ અમોને કશી અડચણ કે તકરાર નથી.

"મનુષ્યોનું જીવન ક્ષણભંગુર છે, સર્વદા દુઃખરૂપ છે, જીવનને વાસ્તે કુટુંબને મારી અપકીર્તિ લેવી એ તમોને ઘટતું નથી, તમો ધર્માત્મા છો અને ધર્મને વાસ્તેજ વનમાં રહ્યા છો, તો હવે પણ વનમાં રહીનેજ તમારે જીવન ગાળવું જોઇએ; અથવા તો યાદવોના રાજ્યમાં ભીખ માગી ખાવું એ સારૂં છે, પણ યુદ્ધથી રાજ્ય મેળવવું એ સારૂં નથી. રાજ્યનીજ ઇચ્છા હતી તો પ્રથમથીજ આટલાં આટલાં દુઃખો શામાટે સહન કરી રહ્યા? તે દુઃખો સહન કરી દુર્યોધનનું બળ શામાટે વધવા આપ્યું? મિત્રોને શામાટે નિર્બળ કર્યા? હવે તો તમોને ક્ષમાજ શોભેછે, ક્રોધ શોભતો નથી, સંતોષજ શોભા આપેછે, લોભ શોભા આપતો નથી, શાંતિ રાખો. પૃથ્વીનું રાજ્ય મળશે તોપણ જરા, મરણ, પ્રિય, અપ્રિય, સુખ કે દુઃખથી કદી પણ તમો છૂટી શકશો નહિ. મારૂં માનો અને યુદ્ધનો આરંભ છોડી દો."

આ પ્રમાણે સંજયનું બોલવું સાંભળી યુધિષ્ઠિરની મરજીથી શ્રીકૃષ્ણે જવાબ વાળ્યો કે "હું બન્ને પક્ષનું કલ્યાણ થાય એમ ઇચ્છુંછું. રાજા યુધિષ્ઠિરનો પણ એજ અભિપ્રાય છે. પણ જ્યાંસુધી દુર્યોધન અતિ લોભનો ત્યાગ ન કરે ત્યાંસુધી શાંતિ થવી એ મને દુર્લભ લાગેછે. યુદ્ધ કરી રાજ્ય મેળવવાની ગોઠવણ કરવી એ ક્ષત્રિયોનો સ્વધર્મજ છે. અને સ્વધર્મ પાળતાં મરણ થાય તોપણ યોગ્ય છે. જ્યારે ચોરજેવા રાજાઓ બીજારાજાઓનાં રાજ્યો લઇ લેવા લાલચ કરવા લાગ્યા ત્યારેજ યુદ્ધ કરવાની પદ્ધતિ ઉત્પન્ન થઇ છે. છાની રીતે પરાયા ધનનું હરણ કરે એજ ચોર કહેવાય અને પ્રસિદ્ધ રીતે કપટથી પરાયા ધનનું હરણ કરે તે ચોર ન કહેવાય કે? ચોરી કરનારાઓને મારી નાખવા જોઇએ, એમાં પુણ્ય છે. કૌરવોએ યુધિષ્ઠિરના રાજ્યની ચોરી કરી છે એ વાત જગત્પ્રસિદ્ધ છે. વાસ્તવિક જોતાં પાંડવોનો વિભાગ દુર્યોધનપાસે થાપણરૂપે છે તે, દુર્યોધન લુચ્ચાઇથી પચાવી પાડવા ઇચ્છેછે. દ્રૌપદીને બલાત્કારથી સભામાં લઈ જતાં દુઃશાસનને ધૃતરાષ્ટ્રે કે ભીષ્મે અટકાવ્યો હોત તો ધૃતરાષ્ટ્રના પુત્રોનું ભલું થાત. કર્ણ, શકુનિ તથા દુઃશાસને જુગારની સભામાં જે જે દુર્વચનો કહ્યાં છે તે હજુ અર્જુનના મનમાં ખુંચી રહ્યાં છે. તોપણ હજુ સમાધાન કરવા હું પોતે હસ્તિનાપુર આવવાનો છું; પાંડવોના હકને નુકસાન નહિ પોહોંચતાં જો કૌરવો મારૂં માનશે તો હું ધારૂંછું કે, હજી કૌરવોનો દિવસ ઘેર છે, અને જો તેમ નથયું તો અર્જુન તથા ભીમસેનના હાથથી કૌરવોને મુવેલાજ સમજો. કૌરવોની સહાયતામાટે જે જે રાજાઓ

આવેલા છે તેઓની પાસે અમારી ધર્મસંબંધી વાત કરજો અને કહેજો કે, પુત્રો-સહિત ધૃતરાષ્ટ્ર રાજા વન છે અને પાંડવો સિંહ છે. વનનો તથા સિંહનો ઉચ્છેદ ન થાય તેમ કરો. વનવગરનો સિંહ માર્યો જાયછે અને સિંહવગરનું વન કપાઈ જાયછે. પાંડવો સેવા કરવાને તેમ યુદ્ધ કરવાને પણ તૈયાર છે. હવે ધૃતરાષ્ટ્ર જેમ પોતાને યોગ્ય લાગે તેમ કરે.”

“સંજય! ત્યાં જઇ અમારીવતી સર્વને કુશળ પૂછજો. વિદુરના આવવાથી જેમ અમો રાજી થયા હતા તેમ તમારા આવવાથી પણ અમો રાજી થયા છીએ. દુર્યોધનને કહેજો કે, અમોને મૂકી તું એકલોજ રાજ્ય કરવા ધારેછે તે કદી બનવાનું નથી. વળી પણ કહેજો કે, અમને ઇંદ્રપ્રસ્થનું રાજ્ય દે અથવા યુદ્ધ કરવા તૈયાર થા. જો ઇંદ્રપ્રસ્થનું રાજ્ય આપશે તો તેના તથા દુ:શાસનવગેરેના સઘળા અપરાધોની ક્ષમા થશે. વિદુરને પણ અમારીવતી પ્રણામ કરી કહેવું કે, યુદ્ધ ન ઉઠે તેમ કરજો. સંજય! અમને ઇંદ્રપ્રસ્થનું પણ રાજ્ય આપવા દુર્યોધનને ગળે ન ઉતરે તો છેલ્લી વારે કુશસ્થલ, વૃકસ્થલ, માકંદી, વારણાવત અને હરકોઇ પાંચમું ગામ આપવાની વષ્ટિ કરજો, જેથી અમો પાંચે ભાઇઓ ગરાશીયા થઇને રહીએ અને સઘળી સેના જીવતી રહે. ભાઈ ભાઇની સાથે તથા પિતા પુત્રની સાથે મળે અને સઘળાં પ્રાણીઓ જીવતાં રહે. સંજય! હું યુદ્ધને વાસ્તે પણ તૈયાર છું અને સમાધાનને વાસ્તે પણ તૈયાર છું. ભલે હવે ખુશીથી પધારો અને અમારીવતી સર્વને કુશળ પૂછજો.”

“યુધિષ્ઠિર રાજા! હું તમારી તથા સભાની રજા લઉંછું. મારાથી કાંઇ અયોગ્ય ભાષણ થયું હોય તો ક્ષમા કરજો. હું હવે જાઉંછું.”

પ્રકરણ ૪૪ મું.

ધૃતરાષ્ટ્રપ્રત્યે વિદુરનો ઉપદેશ.

સંજયને પાંડવોપાસે મોકલ્યા પછી ધૃતરાષ્ટ્રને કોઈપણ રીતે નિરાંત વળતી નહોતી, ચિંતાથી ઘેરાઇ ગયો હતો અને શું કરવું એ કાંઈ સૂજતું નહોતું. અંધને ક્યાંથી સૂજે? તેથી વિદુરને બોલાવવા દ્વારપાળને આજ્ઞા કરી. વિદુરે આવી હાથ જોડી ચિંતાનું કારણ પૂછ્યું. "વિદુર! મને ચિંતા થાયછે, બળતરા થાયછે, ઉજાગરો થાયછે, જાગ્યા કરૂંછું, મનમાં બળ્યા કરૂંછું અને મુંઝાયા કરૂંછું. મારા કલ્યાણની જે વાત હોય તે કહો. મારૂં મન શાન્ત થતું નથી. સઘળી ઇંદ્રિયો અસ્વસ્થ થઇ ગઇ છે."

"જેના ઉપર અતિ પ્રબળ શત્રુઓ હોય તેને, જેનું ધન હરાઇ ગયું હોય તેને, કામી જનને, ચોરને અને પરાયા ધનને પચાવી પાડવાની લાલચ રાખનારને ઉજાગરા થાયછે. હું પૂછુંછું કે એમાંનો કોઇ દોષ તમારામાં નથી આવ્યો કે?"

"તમે મને કાંઈ પણ નહિ પૂછતાં સારી સારી વાતો કરો. હું તમારી વાતો સાંભળવા ઇચ્છુંછું."

"યુધિષ્ઠિર સઘળાં શુભ લક્ષણોથી સંપન્ન છે તેથી તે પૃથ્વીના તો શું પણ ત્રૈલોકયના રાજા થવાને પણ યોગ્ય છે; તેને તમે વનવાસ કહાડ્યા એ બહુ અવળું કર્યું. તમે અંધ હોવાને લીધે માણસોના ગુણદોષોને જોઇ શકતા નથી અને પાસે રહેનારા નીચ લોકો જેમ સમજાવે તેમ સમજોછો. તમને પિતાતુલ્ય ગણવાને લીધે અને ભલપણ, દયા તથા ધર્મઆદિ ગુણોને લીધે યુધિષ્ઠિર, તમે આપેલાં દુઃખોનું આજદિવસસુધી સહન કર્યા કરેછે. દુર્યોધન, શકુનિ, કર્ણ અને દુઃશાસન કે જેઓ નીચ અને મૂર્ખ છે તેઓના હાથમાં રાજ્યની લગામ સોંપી દઇને તમે સુખની ઇચ્છા કેમ રાખોછો ? જેમ ભણ્યાવિના પંડિતપણાનું અભિમાન રાખનારો અને દરિદ્ર છતાં ઉદારપણું રાખનારો માણસ મૂઢ કહેવાયછે તેમ અયોગ્ય માર્ગથી ધર્મની ઇચ્છા રાખનારો અને બળવાનનો દ્વેષ કરનારો માણસ પણ મૂઢ કહેવાયછે. પાપો કરીને ધન મેળવવામાં આવ્યું હોય તો તે ધનથી થતાં સુખોને ઘણા જણ ભોગવેછે, પણ પાપો તો કરનારાનેજ ભોગવવાં પડેછે. તમે વિદ્યમાન છો ત્યાંસુધી રાજ્યની ઉપર દુર્યોધનની કશી માલેકી નથી. માટે જો રાજ્ય પાંડવોને આપવું હોય તો તમે આપવાને શક્તિમાન છો. પરાઈ મિલકતનું હરણ, પરસ્ત્રીનો પરાભવ અને મિત્રનો ત્યાગ એ ત્રણ દોષો મોટી ખરાબી કરનારા છે. જેમ દેવતાઓનો સંકલ્પ, બુદ્ધિમાન લોકોનો પ્રભાવ અને વિદ્વાનનો વિનય તુરત ફળ આપેછે, તેમ પાપી લોકોનાં પાપો પણ તુરતજ વિનાશરૂપ ફળને આપેછે. રાજ્ય કબજામાં આવી ગયું એટલાઉપરથી અયોગ્ય રીતે વર્તવું યોગ્ય નથી. જેમ જરાવસ્થા રૂપનો નાશ કરેછે તેમ અન્યાય લક્ષ્મીનો નાશ કરેછે. જેમ માછલું માંસની ગોળીથી ઢંકેલી કુંડીને લાલચથી મોહોડામાં લેતાં તેના પરિણામને જોતું નથી તેમ દુર્યોધનવગેરેએ પાંડવોનું રાજ્ય કબજામાં લેતાં પરિણામ જોયુંજ નથી. જે વસ્તુ ગળી શકાય એવી હોય, ગળ્યાપછી પચે એવી હોય અને પચ્યાપછી હિત કરે એવી હોય તેનેજ ગળવી જોઇએ. આ કામ કરવાથી શું થશે અને નહિ કરવાથી શું થશે એવો સંપૂર્ણ વિચાર કર્યાપછીજ જો યોગ્ય લાગે તો કામનો આરંભ કરવો જોઇએ. જે રાજા ન્યાયને છોડી દઇ અન્યાયનું ગ્રહણ કરે તેનું રાજ્ય અગ્નિમાં પડેલા ચામડાની પેઠે સંકોચાઇ જાયછે. નબળા માણસે બળવાન માણસને નમવામાં પોતાની કશી હલકાઈ સમજવી નહિ. જે માણસ બળવાનને નમેછે તે ઇંદ્રનેજ નમે છે એવો શાસ્ત્રનો સિદ્ધાંત છે. જેમ ધર્મનું રક્ષણ સત્યથી થાયછે, વિદ્યાનું રક્ષણ અભ્યાસથી થાયછે અને રૂપનું

રક્ષણ સ્વચ્છતાથી થાયછે તેમ કુળનું રક્ષણ સારી વર્ત્તણુકથીજ થાયછે. પરાયાં ધનોમાં, રૂપોમાં, પરાક્રમોમાં અને સુખોમાં જે પુરૂષ ઇર્ષ્યા રાખેછે તેને અનંત પીડા થાયછે. જે માણસમાં સુશીલ ન હોય તે માણસનું જીવિત, ધન અને કુળ વ્યર્થજ છે. સઘળા મદોકરતાં ઐશ્વર્યનો મદ અતિ દુષ્ટ છે; કેમકે ઐશ્વર્યના મદથી મત્ત થયેલો પુરૂષ ઐશ્વર્યથી ભ્રષ્ટ થયાવિના જાગ્રત થતોજ નથી. જે પુરૂષ મનનું સહજ રીતે આકર્ષણ કરનારા ઇંદ્રિયોના વિષયોમાં લંપટ રહેછે તેની આપદાઓ દિવસે દિવસે વધતી આવેછે. જે રાજા પ્રથમ પોતાના મનને વસ્ય કરીને પછી મંત્રીઓને તથા શત્રુઓને વસ્ય કરવા ધારે તેની સઘળી ઇચ્છા પાર પડેછે. મોટા મોટા રાજાઓ પણ મનને અને ઈંદ્રિયોને વસ્ય નહિ રાખી શકવાથી રાજ્યભ્રષ્ટ થયેલા જોવામાં આવ્યા છે. જેમ સૂકાની સાથે રહેલું લીલું પણ બળી જાયછે તેમ પાપી લોકોની સોબતમાં રહેલો ભલો પુરૂષ પણ દુઃખી થાયછે. કુવાડાનો જખમ થયો હોય તોપણ તે રૂઝાઈ જાયછે પણ દુર્વચનોથી થયેલો જખમ કદી રૂઝાતો નથી. દૈવ જે માણસનું ભુંડું કરવા ધારે તેની બુદ્ધિને હરી લેછે એટલે પછી તે માણસને નીચ કામો સૂજેછે. વિનાશનો સમય આવવાને લીધે બુદ્ધિ મલિન થઇ જાયછે ત્યારે અનીતિ નીતિજેવી લાગીને હૃદયમાંથી ખસતીજ નથી. પાંડવોની ઉપર દ્વેષને લીધે તમારા પુત્રોની બુદ્ધિ ફરી ગઇ છે પણ તે લોભને લીધે તમારા જાણવામાં આવતી નથી. સઘળાં તીર્થોમાં સ્નાન કરવાથી જે ફળ પ્રાપ્ત થાયછે તેકરતાં પણ વિષમબુદ્ધિને છોડી દેવાથી વધારે પુણ્ય થાયછે; તમે તમારા પુત્રોમાં અને પાંડુના પુત્રોમાં વિષમબુદ્ધિ રાખો માં. જ્યાંસૂધી માણસની સારી કીર્ત્તિ જગતમાં ગવાયછે ત્યાંસૂધી તે માણસ સ્વર્ગમાં પણ પૂજાયછે એવો સિદ્ધાંત છે. એક કન્યાને પરણવાની બાબતમાં વિરોચન નામના દૈત્ય અને સુધન્વા નામના બ્રાહ્મણને, હારી જનારનાં પ્રાણ જાય એવો વિવાદ ઉત્પન્ન થયો હતો તે છતાં પણ વિરોચનના પિતા પ્રહ્લાદે પુત્રનો પક્ષપાત નહિ કરતાં સાચીજ વાત કહી હતી. ધૃતરાષ્ટ્ર રાજા! તમારે પણ પુત્રોને વાસ્તે ખોટું બોલવું જોઇતું નથી. ગરાસને વાસ્તે ખોટું બોલવામાં આવે તો તેથી સઘળાં બ્રહ્માંડનો વધ કરવાજેટલું પાપ લાગેછે. દેવતાઓ ગોવાળની પેઠે હાથમાં લાકડી લઇને કોઈનું રક્ષણ કરવા આવતા નથી પણ તેઓ જેનું રક્ષણ કરવાને ઇચ્છેછે તેને સુબુદ્ધિ આપેછે. માણસનું મન જેમ જેમ નીચ માર્ગમાં પ્રવર્ત્તતું જાય તેમ તેમ તેનું ભુંડું થતું આવેછે અને જેમ જેમ ભલા માર્ગમાં

પ્રવર્ત્તતું જાય તેમ તેમ તેનું ભલું થતું આવેછે એમાં કશો સંશય નથી. જેમ મદ્યપાન કરવાથી, ઘણાઓની સાથે વૈર કરવાથી અને રાજદ્રોહ કરવાથી ભુંડું થાયછે તેમ ભાયાતોમાં કુસંપ રાખવાથી પણ ભુંડું થાયછે. સત્ય, ક્ષમા, દયા અને અલોભ એઓજ ધર્મનું મુખ્ય સ્વરૂપ છે અને તેઓ મહાત્માઓવગર બીજાઓમાં રહેતાંજ નથી. જે પુરૂષ પરાયા સદ્ગુણોમાં દોષોનો આરોપ કરનાર, વૈર ઉત્પન્ન કરનાર, કઠોર વચનો બોલનાર અને શઠપણાવાળો હોય તેને થોડા દિવસોમાંજ મોટું કષ્ટ પ્રાપ્ત થાયછે. રાત્રિએ સુખે સુવાય એવું કામ દિવસેજ કરી લેવું જોઇએ, ચોમાસામાં સુખે રહેવાય એવું કામ આઠ મહિનામાં કરી લેવું જોઇએ, ઘડપણમાં સુખે રહેવાય એવું કામ પેહેલી અવસ્થામાંજ કરી લેવું જોઇએ અને પરલોકમાં સુખી રહેવાય એવું કામ જીવતાંસુધી કરવું જોઇએ. તમે કર્ણનાં વખાણ કરોછો પણ જેમ અન્ન પચી ગયાપછી અન્નનાં વખાણ કરવાં જોઇએ અને સ્ત્રી વૃદ્ધ થયાપછી સ્ત્રીનાં વખાણ કરવાં જોઇએ તેમ શૂર પુરૂષનાં વખાણ તે પુરૂષ જ્યારે સંગ્રામમાં જય મેળવે ત્યારે કરવાં જોઇએ. અધર્મથી મળેલા ધનથી જે છિદ્ર ઢાંકવામાં આવે તે છિદ્ર ઉઘાડુંજેવુંજ રહેછે, એટલુંજ નહિ પણ તે ઢાંકવા જતાં બીજાં ઘણાં છિદ્રો ફાટીને પ્રકટ થાયછે. જે ક્ષત્રિય માન્ય લોકોનું માન રાખનાર હોય, સુશીલ હોય અને ભાયાતોની સાથે સરલતાથી વર્ત્તનાર હોય તે ક્ષત્રિય લાંબા કાળસુધી રાજ્ય કરી શકેછે. કોઇ સમયે નીચ કર્મથી પણ ધન મળેછે પરંતુ તેવું કર્મ કરનારનાં વખાણ થતાં નથી અને તેને કુલીનોની પંક્તિ પણ મળતી નથી. જિતેંદ્રિયપણું, શાસ્ત્રોનું અધ્યયન, યજ્ઞની ક્રિયાઓ, પવિત્ર વિવાહો અને અન્નોનાં દાન એઓથી કુલીનપણું પ્રાપ્ત થાયછે. નીચ વિવાહો કરવાથી, નાસ્તિકપણાથી અને અનીતિભરેલાં આચરણોથી ઉત્તમ કુળ પણ નીચ કુળમાં ગણાયછે. જે કુળોમાં ધન અલ્પ હોય પણ સદાચરણ પરિપૂર્ણ હોય તે કુળો મોટી કીર્ત્તિને મેળવેછે. ધન તો આવેછે અને જાયછે માટે ધનના રક્ષણઉપર વિશેષ દૃષ્ટિ નહિ રાખતાં સદાચારનુંજ રક્ષણ કરવું જોઇએ. મહાત્માઓ ઇચ્છેછે, કે અમારા કુળમાં કોઇ પણ વૈર કરનાર, પરાયા ધનનું હરણ કરનાર, મિત્રદ્રોહી, કપટી, ખોટાબોલો કે નાસ્તિક થજો માં. રથ નાહાનો છતાં પણ અંગોથી સારી રીતે ગોઠવાએલો હોવાને લીધે જેટલા ભારને ઉપાડી શકેછે તેટલા ભારને મોટાં વૃક્ષો પણ ઉપાડી શકતાં નથી, તેમ ભાયાતોનાં ઐક્યવાળો પુરૂષ જેટલા તે તે કાર્યોના બોજાને ઉપાડી શકેછે તેટલા બોજાને પ્રબલ પુરૂષો પણ ઉપાડી

શકતા નથી. જન્મ, મરણ, લાભ, હાનિ, સુખ, દુઃખ, ઉત્કર્ષ અને અપકર્ષ એઓ અનુક્રમે સર્વ પ્રાણીઓને પ્રાપ્ત થાયછે માટે હર્ષના કે શોકના વેગમાં નહિ પડતાં પ્રામાણિકપણાની કીર્તિ મેળવવીજ યોગ્ય છે. જેઓને ભાયાતોમાં કુસંપ ઉત્પન્ન થયો હોય તેઓને સારા બીછાવેલા પલંગોમાં સુતા છતાં પણ નિદ્રા આવતી નથી, સ્ત્રીઓઉપર રૂચિ થતી નથી, ભાટ ચારણો સ્તુતિ કરતાં છતાં પણ સુખ મળતું નથી, કોઇનું હિતકારી ભાષણ ગમતું નથી, આજીવિકામાં હાનિ થતી જાયછે અને અંતે વિનાશજ પ્રાપ્ત થાયછે. સુતરના તાંતણાઓ નબળા છતાં પણ જો સામટા એકઠા થાયછે તો મોટા બોજાને સહન કરી શકેછે; તેમ ભાયાતો નિર્બળ છતાં પણ જો સંપવાળા હોય તો મોટાં મોટાં દુષ્કર કામો પણ કરી શકેછે. જો કે જેમ ઉંબાડીયાંઓ જુદાં પડે તો ધુંધવ્યા કરેછે અને એકઠાં થાય તો સળગી ઉઠેછે તેમ ભાયાતો જુદા પડે તો ધુંધવ્યા કરેછે અને એકઠા થાય તો સળગી ઉઠેછે એમ કેટલેક ઠેકાણે જોવામાં આવેછે; પરંતુ પાંડવો અને કૌરવો એકઠા થાય તો કદી પણ તેમ થવાનો સંભવ નથી. જેઓ બ્રાહ્મણોની ઉપર, સ્ત્રીઓની ઉપર, જ્ઞાતિઓની ઉપર કે ગાયોની ઉપર પોતાનું શૂરપણું વાપરે તેઓ પાકેલાં ફળોની પેઠે પોતાની મેળેજ પડી જાયછે. વૃક્ષોના સમુદાયવગરનું એકલું ઝાડ મોટું હોય, બળવત્તર હોય અને દૃઢ મૂળવાળું હોય તોપણ તે પ્રચંડ પવનથી ક્ષણમાત્રમાં ઉખડી જાયછે, પણ જે વૃક્ષો પોતાના સમુદાયમાં રહેલાં હોય તેઓ પરસ્પરના આશ્રયને લીધે ઘણા ઘણા પ્રચંડ પવનોને પણ સહન કરી શકેછે. તેમ જે પુરૂષ ગુણવાન્ છતાં પણ એકલો હોય તે પુરૂષ શત્રુના હાથથી સેહેલાઇથી ઉખડી જાયછે, સમુદાયના સંપવાળા પુરૂષો પરસ્પરના ટેકાને લીધે પ્રબળ શત્રુઓનું પણ સહન કરી શકેછે. મહારાજ ધૃતરાષ્ટ્ર! ક્રોધ જે મહાદુષ્ટ રોગજેવો છે તેનો નાશ કરીને શાંત થાઓ. પૂર્વે જુગારની સભામાં દ્રૌપદીની સ્થિતિ જોઇને મેં તમને દુર્યોધનને વારવાનું કહ્યું પણ તમે માન્યું નહિ તેનું આજે ફળ ભોગવોછો. સમજુ પુરૂષોએ જુગારથી તો બહુજ દૂર રહેવું જોઇએ. ક્રૂર માણસના હાથમાં આવેલી લક્ષ્મી તુરત નષ્ટ થાયછે અને સુપાત્ર માણસના હાથમાં આવેલી લક્ષ્મી વંશપરંપરાસુધી પોહોંચેછે. જે બળ ક્રૂર માણસની ઉપર વાપરવામાં આવે તેજ બળ કહેવાય પણ સહન કરનારા યુધિષ્ઠિરજેવાની ઉપર વાપરવામાં આવે તે બળજ ન કહેવાય. તમારા પુત્રો પાંડવોનું પાલન કરે અને પાંડવો તમારા પુત્રોનું પાલન કરે એવો સંપ થાય તો બહુ સારૂં.

તમારાઉપર સઘળા કુળનો આધાર છે. તમે પોતાની કીર્તિનો બચાવ કરવાસારૂ તમારા પુત્રોને અને પાંડવોને સ્નેહ કરાવો કે જેથી દુશ્મનો રાજી ન થાય અને તમારા કુળઉપર કોઇ પણ શત્રુઓ તરાપ ન મારે. પાંડવો અનીતિને રસ્તે નજ ચાલે એવા છે; તમે દુર્યોધનને સમજાવો. અતિ અભિમાનથી, અતિ વિવાદથી, અતિ અપરાધથી, અતિ ક્રોધથી, અતિ લોભથી અને મિત્રોના દ્રોહથી માણસોનાં આયુષો કપાઇ જાયછે. નિરંતર પ્રિય બોલનારા પુરૂષો જેટલા જોઇએ તેટલા મળેછે પરંતુ કડવાં ઓસડજેવાં હિતકારી વચનનો બોલનાર તો દુર્લભજ છે અને સાંભળનાર પણ દુર્લભજ છે. જુગારના સમયમાં પણ મેં તમને એવાં વચનો કહ્યાં હતાં પણ જેમ આતુરને પથ્ય ઔષધો ગમે નહિ તેમ તે વચનો તમને ગમ્યાં નહિ હતાં. જુગારમાં તમારા પુત્રોના હાથથી પાંડવોને હરાવ્યા એ કામ કાગડાઓથી હંસોને હરાવવાબરાબર થયું છે. ધન અને સહાયો એઓ અન્યોન્યથી પ્રાપ્ત થાયછે એટલે ધનથી સહાયો પ્રાપ્ત થાયછે અને સહાયોથી ધન પ્રાપ્ત થાયછે. ધન આપી દેવું પડ્યું હોય તોપણ જેની પાસે બુદ્ધિ, પ્રભાવ, શૌર્ય, ધૈર્ય, ધર્મ, ઉદ્યોગ અને નિશ્ચય હોય તેને આજીવિકા નહિ મળવાનો ભય કેમજ થાય ? પાંડવોની સાથે કજીઓ કરવામાં કેટલી પીડાઓ છે તેનો વિચાર કરો. કજીઓ કરવાથી કુટુંબમાં વૈર થાયછે, નિરંતર ઉદ્વેગ રહ્યા કરેછે, કીર્તિનો નાશ થાયછે અને શત્રુઓ રાજી થાયછે. તમારા, ભીષ્મના, યુધિષ્ઠિરના અને અર્જુનના કોપથી લોકોનો મોટો પ્રલય થશે. તમારા સો પુત્રો, કર્ણ અને પાંચ પાંડવો જો ઐક્ય પામે તો સઘળી પૃથ્વીનું રાજ્ય કરી શકે. દુષ્ટ ચિત્તવાળા દુર્યોધનઆદિ લોકો પાંડવોના દોષોને જોવા જોયા કરેછે તેવા તેઓના ગુણોને જોવા ઇચ્છતા નથી. જેને ધન મેળવવાની ઇચ્છા હોય તેણે પ્રથમ ધર્મનું સંપાદન કરવું જોઇએ. કેમકે જ્યાં ધર્મ હોય ત્યાં ધન પ્રાપ્ત થયાવગર રહેતુંજ નથી. જે પુરૂષ પોતાના અંતઃકરણને પાપોથી તમામ અટકાવીને સદાચરણમાંજ તત્પર રાખે તેના સઘળા મનોરથો સિદ્ધ થાયછે. બાહુબળ, સારા મંત્રિઓના લાભરૂપ બળ, ધનરૂપ બળ અને કુટુંબના ઐક્યરૂપ બળ એ ચારે બળોકરતાં સદાચરણરૂપ બળ અત્યંત શ્રેષ્ઠ છે જે માણસ મોટો અપકાર કરવાને સમર્થ હોય તેની સાથે વૈર બાંધીને નિશ્ચિંત રહેવાયજ નહિ. જે પુરૂષ દુરાચારી, અવિવેકી ઇર્ષ્યાવાળો, અધર્મી, કઠોર બોલનારો અને ક્રોધી હોય તેને તુરતજ અનર્થો પ્રાપ્ત થાયછે. પ્રમાણિકપણું, ઉદારતા, સમયનું સાચવવું અને મધુર ભાષણ એઓ-

થી સઘળાં મનુષ્યો વશ્ય થાયછે. ધીરજ, શાંતિ, જિતેંદ્રિયપણું, પવિત્રતા, દયા, મધુર ભાષણ અને મિત્રોનો અદ્રોહ એઓથી લક્ષ્મી દિવસે દિવસે વધ્યા કરેછે. પોતે અપરાધી છતાં જે માણસ નિરપરાધી માણસને દુઃખવાવે તે માણસ રાતે સુખથી સુઈ શકતો નથી. જેઓનો પ્રકોપ થયાથી પોતાની આજીવિકામાં અડચણ આવે તેઓનું તો સર્વદા દેવતાઓના જેવુંજ આરાધન કરવું જોઇએ. જ્યાં મૂર્ખના હાથમાં ઐશ્વર્ય હોય અને જુગારીનું જોર હોય ત્યાં મોટી ખરાબી થયાવગર રહેતીજ નથી. જેને કપટી લોકો, ચારણો અને છીનાળો વખાણે તે માણુસ લાંબા કાળસુધી જીવતો નથી. તમે પાંડવોનો ત્યાગ કરીને મોટું ઐશ્વર્ય દુર્યોધનને સોંપી દીધું છે, પણ તે દુર્યોધન થોડા દિવસમાંજ રાજ્યથી ભ્રષ્ટ થએલો તમારા જોવામાં આવશે. દુર્યોધન જન્મ્યો તે સમયેજ મેં તમને કહ્યું હતું કે, દુર્યોધનનો ત્યાગ નહિ કરો તો તમારી મોટી ખરાબી થશે. જે વૃદ્ધિ પ્રાપ્ત થવાથી પરિણામે ક્ષય પ્રાપ્ત થાય એમ હોય તે વૃદ્ધિથી રાજી થવું નહિ; પરંતુ જે ક્ષય પ્રાપ્ત થવાથી પરિણામે વૃદ્ધિ પ્રાપ્ત થાય એમ હોય તે ક્ષયથી પણ રાજી થવું. જે ક્ષયથી પરિણામે વૃદ્ધિ પ્રાપ્ત થાય તેને ક્ષયજ નહિ માનવો પણ જે વૃદ્ધિથી પરિણામે ક્ષય પ્રાપ્ત થાય તે વૃદ્ધિનેજ ક્ષયરૂપ માનવી. તમારાથી દુર્યોધનનો ત્યાગ ન કરી શકાતો હોય તોપણ શકુનિવગેરેનો ત્યાગ તો અવશ્ય કરવો જોઇએ. કેમકે જેઓ કુટુંબમાં કુસંપ કરાવનારા હોય, પરાઇ નિંદાઓમાંજ આસક્ત હોય અને નમ્રતાવગરના હોય તેઓના સહવાસથી અકલ્યાણજ થાય. સમજુ પુરૂષે કુટુંબમાં જરા પણ ખટપટ ઉઠતી હોય તો તેને તુરત દાબી નાખવીજ જોઇએ. પાંડવોની ઉપર કૃપા કરીને તેઓની આજીવિકાને વાસ્તે થોડાંકજ ગામડાં આપશો તોપણ તમારી સારી કીર્ત્તિ થશે અને સઘળો વિરોધ ટળી જશે. તમે વૃદ્ધ છો, તમારેજ તમારા પુત્રોને સારી શીખામણ દેવી જોઇએ અને મારે પણ તમને હિતની વાત કહેવીજ જોઇએ. સાથે બેસી જમવું, સાથે રહી વાતો કરવી અને પરસ્પરથી પ્રીતિ રાખવી એજ ભાઇઓને શોભા આપનાર છે. ભાઇઓ સારા હોય તો સઘળું સારૂં થાયછે અને ભાઇઓ બગડ્યા હોય તો સઘળું બગડી જાયછે. એક ભાયાત સારી પેઠે ઐશ્વર્યવાળો છતાં બીજા ભાયાતો જો સીદાતા હોય તો તે પાપ ઐશ્વર્યવાળા ભાયાતને લાગેછે. તમે તમારા પુત્રોને મરણ પામેલા સાંભળશો અથવા પાંડવોને મરણ પામેલા સાંભળશો તોપણ તમને પાછળથી પરિતાપ થયાવગર રહેશે નહિ. જે કામ કરવાથી લજ્જાઇને

લોકોમાં મોહોડું દેખાડવું ગમે નહિ તે કામ પ્રથમથીજ કરવું નહિ. માણસોમાં ભૂલ આવ્યાવગર રહે નહિ એ સ્વાભાવિક છે પણ પાછળથી તે ભૂલને ટાળી નાખવી એ બુદ્ધિમાનનું કામ છે. દુર્યોધને પાંડવોની ઉપર જે ખરાબ ચાલ ચલાવી છે તેને તમારે ભલાઈ કરીને ધોઈ નાખવી જોઇએ. પાંડવોને રાજ્યનો વિભાગ આપીને સ્થિર કરશો તો તમે નિર્દોષ થઇને સારાં માણસોમાં માનપાત્ર થશો. હિતને ઇચ્છિનારા ધીર પુરૂષોનાં વચનોનાં ફળોનો વિચાર કરીને જે માણસ કાર્ય કરવાનો નિશ્ચય કરે તે માણસ લાંબા કાળસુધી કીર્ત્તિને ભોગવેછે. જેમ રાખમાં હોમેલું વ્યર્થ થાય તેમ લોભી માણસને આપલો ઉપદેશ પણ વ્યર્થ થાયછે. ઉત્તમ કુળનો અથવા નીચ કુળનો પણ જે માણસ મર્યાદાનું ઉલ્લંઘન ન કરે, ધર્મઉપર પ્રેમ રાખે, કોમળ રહે અને લાજવાળો હોય તેને સેંકડો કુલીનોકરતાં પણ શ્રેષ્ઠ સમજવો જોઇએ. જે લોક અભિમાની, મૂર્ખ, સાહસી અને અધર્મી હોય તેઓની સાથે મૈત્રી રાખવીજ નહિ જોઇએ. જે પુરૂષ બગડી ગયેલી વાતને નીતિથી પાછી સુધારી શકે તેજ બુદ્ધિમાન કહેવાય. જે સુખનું સેવન કરતાં ધર્મને કે અર્થને હાનિ ન પહોંચે તે સુખનું સેવન કરવું પણ જેથી મૂઢતા કહેવાય એવા સુખનું સેવન કરવું નહિ. અધર્મથી મેળવેલાં ધનો ખરચીને જે કાંઈ યજ્ઞ, દાન કે શ્રાદ્ધાદિક કરવામાં આવે તેનું કાંઇ પણ યોગ્ય ફળ થતું નથી. દારિદ્ર્ય કે તેવું બીજું જે કાંઇ પોતાને ભુંડું લાગે તે બીજાઓને પણ તેવુંજ ભુંડું લાગે એવો વિચાર રાખીને કોઇનું પણ અનીતિથી અનિષ્ટ કરવું નહિ. જે ધન અત્યંત દુઃખ ભોગવવાથી અથવા ધર્મનું ઉલ્લંઘન કરવાથી અથવા નીચ લોકોને પ્રણામ કરવાથી મળતું હોય તેવા ધનની ઇચ્છાજ કરવી નહિ. જેની પાસે હજાર હોય તે પણ જીવેછે અને જેની પાસે સો હોય તે પણ જીવેછે; માટે અન્યાયથી ધન મેળવવાની ઇચ્છાજ રાખવી નહિ. ઝાઝું ધન હોય તોજ જીવાય અને થોડું ધન હોય તો ન જીવાય એમ નથી. પૃથ્વીમાં જેટલું ધાન્ય છે, જેટલું ધન છે અને જેટલી સ્ત્રીઓ છે તે સઘળું એકને મળે તોપણ તૃષ્ણા શાંત થાય એમ નથી. એમ વિચાર કરવામાં આવે તો કોઇ પ્રકારની ભૂલ થાય નહિ. ધૃતરાષ્ટ્ર રાજા! હું તમને ફરીવાર પણ કહુંછું કે તમારા પુત્રોમાં અને પાંડવોમાં તમે સમતાથી વર્ત્તો. બીજાઓતરફથી દબાણ થયાવગરજ જે પુરૂષ અધર્મના સંબંધવાળા મોટા ધનને પણ છોડી દે તે પુરૂષ સઘળાં દુઃખોથી રહિત થઇને સુખે સૂઇ શકેછે. જેમ આશા ધીરજને હણી નાખેછે,

કાળ પ્રબળતાને હણી નાખેછે અને ક્રોધ લક્ષ્મીને હણી નાખેછે તેમ અતિ લોભ કીર્તિને હણી નાખેછે. પૃથ્વી કે ધન કોઇની સાથે ગયાં પણ નથી અને જશે પણ નહિ. મુવાપછી તો પુણ્ય અને પાપ એઓજ જીવની સાથે જાયછે. મહાપ્રતાપી મોટા મોટા રાજાઓ પણ રાજ્યોને અને વૈભવોને છોડી દઇને મૃત્યુને વશ્ય થયેલા છે. આ મારાં વચનપ્રમાણે જો તમો કરી શકશો તો જીવતાં યશ પ્રાપ્ત થશે અને મૃત્યુ પામ્યાપછી સદ્ગતિ પ્રાપ્ત થશે. ધૃતરાષ્ટ્ર રાજા ! તમે પાંડવોને કાંઈ નહિ આપો તો પાંડવો ક્ષત્રિયપણાથી ભ્રષ્ટ થશે. તમારે પાંડવોને ક્ષત્રિયપણામાં રાખવા ઘટેછે."

પ્રકરણ ૪૫ મું.

કૌરવોની સભા.

પાંડવોએ મોકલેલા સમાચાર સંજયના મોહોડાંથી સભામાં સાંભળવાનો ઠરાવ ધૃતરાષ્ટ્રે કર્યો હતો, તેથી પ્રાતઃકાળમાં સંજયની વાતો સાંભળવાસારૂ ધૃતરાષ્ટ્રઆદિ સર્વે લોકો એકઠા થયા. સભામાં ઘણા ઘણા વીર પુરૂષો ધૃતરાષ્ટ્રને અગ્રણી કરી પોતપોતાના લાયક સ્થાનકે બેઠા. સઘળી સભા એકઠી થયા પછી તે સભામાં આવી આસનપર બેસી સંજય નીચે પ્રમાણે બોલ્યો.

"યુધિષ્ઠિર મંત્રિઓ, ભાઇઓ અને પુત્રોવગેરેસહિત કુશળ છે, તેમણે વૃદ્ધ લોકોને પ્રણામ કહ્યા છે અને બીજા પણ સર્વ લોકોને યથાયોગ્ય કહ્યા છે; મોટા મનવાળા ધર્માત્મા યુધિષ્ઠિર બીજી વાર જુગાર રમાયાપહેલાં જે કાંઇ કૌરવોતરફથી તેને મળ્યું હતુ તે લેવા ઇચ્છેછે. તે ધનના સમૂહકરતાં ધર્મને અધિક માનેછે અને બીજા ધર્મકરતાં દયાને અધિક માનેછે. લોકોમાં યુધિષ્ઠિરની સ્તુતિ અને ધૃતરાષ્ટ્રની નિંદા થાયછે; નીચ લોકોનો સ્વીકાર કરવાથી, ઉત્તમ લોકોને દૂર કરવાથી અને અન્યાયનો આગ્રહ રાખવાથી ગમે તેવું રાજ્ય હોય

તો તે પણ જતું રહેછે. યુધિષ્ઠિરની સંમતિથી શ્રીકૃષ્ણઆદિ સઘળા વીર પુરૂષો સાંભળતાં રાતી આંખોવાળા અર્જુને મને કહ્યું, કે સંજય ! ધૃતરાષ્ટ્રના પુત્રોને પાંડવો, શ્રીકૃષ્ણ, સાત્યકિ, ધૃષ્ટદ્યુમ્ન, અભિમન્યુ, દ્રુપદ તથા વિરાટ આદિ પ્રબળ રાજાઓસાથે યુદ્ધ કરવાનું માથે આવેલું છે; માટે તેમનાં નસીબ ફરી વળેલાં છે. દુર્યોધનને તેઓની સાથે યુદ્ધ કરવાનું મન થયું હોય તો પાંડવોના સઘળા મનોરથ સિદ્ધ થયેલાજ સમજવા. સમાધાન થશે તો પાંડવોને અરધું અને યુદ્ધ થશે તો સઘળું રાજ્ય મળશે. દુર્યોધનને યુદ્ધની ઇચ્છા હોય તો અરધું રાજ્ય દેવાની વિષ્ટિ કરવી નહિ. જ્યારે જિતેંદ્રિય યુધિષ્ઠિર રાજા ઘણા કાળથી અટકાવી રાખેલા અગ્નિસમાન ક્રોધને કૌરવોની ઉપર છૂટો મૂકશે ત્યારે તે તેમને સુકેલાં ખડની માફક બાળી દેશે. જ્યારે ભીમસેન પોતાની ભયંકર ગદાથી હાથીનાં કુંભસ્થળો ત્રોડતો ત્રોડતો કૌરવોની સેનામાં સિંહની પેઠે પ્રવેશ કરશે ત્યારે દુર્યોધનને ઘણોજ પસ્તાવો થશે. જ્યારે ભીમસેનનાં શસ્ત્રોની જ્વાલાઓથી ખડના વનની પેઠે બળવા લાગેલું પોતાનું સૈન્ય વિમુખ થયેલું અને હાહાકાર કરતું જોવામાં આવશે ત્યારે દુર્યોધનને કોઇ દિવસ નહિ થયેલો પસ્તાવો થશે. જ્યારે નકુલ, સહદેવ અને દ્રૌપદીના પાંચે પુત્રો પ્રબળ શસ્ત્રો તથા દિવ્ય અસ્ત્રોથી યોદ્ધાઓનાં મસ્તકોને જથ્થાબંધ ઉડાવવા લાગશે ત્યારે દુર્યોધન પસ્તાશે. જ્યારે અભિમન્યુ અપાર બાણોની વૃષ્ટિ કરતો અને મૃત્યુની પેઠે ઉછળતો જોવામાં આવશે ત્યારે દુર્યોધન પસ્તાશે. જ્યારે વિરાટ અને દ્રુપદ વીણી વીણીને યોદ્ધાઓને કાપી નાખતા જોવામાં આવશે ત્યારે દુર્યોધન પસ્તાશે. જ્યારે સહદેવ શકુનિને મારશે, શિખંડી ભીષ્મને પાડશે, ધૃષ્ટદ્યુમ્ન દ્રોણનું માથું કાપી નાખશે અને હું કર્ણને યમપુરીમાં મોકલીશ ત્યારે દુર્યોધન પસ્તાશે. તારાજેવા ધનુષ્યવાળો અને દિવ્ય અસ્ત્રોમાં અતિ પ્રવીણ સાત્યકિ અમોને સહાય મળેલો છે. હવે દુર્યોધને રાજ્યની આશા રાખવી એ ફોકટ છે. લાંબા હાથવાળો, સૂર્યજેવો તેજસ્વી અને હિમાલયજેવા પહાડોને પણ તોડી નાખવાની શક્તિ ધરાવતો સાત્યકિ જ્યારે યુદ્ધમાં સિંહની પેઠે ફરતો જોવામાં આવશે ત્યારે દુર્યોધન પસ્તાશે. જ્યારે ધોળા ઘોડાવાળો, ધ્વજામાં હનુમાનથી શોભી રહેલો અને શ્રીકૃષ્ણના હાથથી હંકાતો મારો રથ રણમાં અપ્રતિબંધથી ફરતો જોવામાં આવશે, જ્યારે ગાંડીવનો પ્રબળ ટંકાર સાંભળવામાં આવશે, જ્યારે વાદળામાંથી નિકળતા વીજળીઓના તણખાની પેઠે ગાંડીવમાંથી નિકળતાં હજારો બાણો જોવામાં આવશે, જ્યારે ગાંડીવમાંથી

નિકળતા અકેક બાણથી એકી વખતે હજારો યોદ્ધાઓનાં મસ્તકો રણભૂમિમાં પડતાં જોવામાં આવશે અને જ્યારે દેવદત્ત નામના શંખનો અદ્દભુત નાદ કાને પડશે ત્યારે દુર્યોધન પસ્તાશે. દુર્યોધન પાંડવોની સાથે યુદ્ધ કરવા તૈયાર થયો છે માટે તેનું મોતજ આવ્યું છે. ધૃતરાષ્ટ્રના પુત્રોએ પાંડુના પુત્રોને બાલ્યાવસ્થામાં પણ ઘણાં ઘણાં દુઃખો આપ્યાં અને પછી પણ કપટથી જુગારમાં જીતી તેર વર્ષ સુધી પીડ્યા, હવે તે પાંડુના પુત્રો ધૃતરાષ્ટ્રના પુત્રોને રાજી રહેવા અને જીવવા કેમજ દેશે ? જો માણસોને પાપોનાં ફળો પ્રાપ્ત નહિ થતાં હોય, ધર્મ નિષ્ફળ હશે અને અમો કૌરવોથી શ્રેષ્ઠ નહિ હશું તો ધૃતરાષ્ટ્રના પુત્રો જીવતા રહેશે. હું જાહેર બોલુંછું કે જો યુદ્ધ થયું તો ધૃતરાષ્ટ્રના એકે પુત્ર જીવતો રહેવાનો નથી. મારૂં ખડ્ગ મ્યાનમાંથી પોતાની મેળે નીકળી પડેછે, બાણો ભાથાંઓનાં મોહોડાંમાંથી વારંવાર બહાર નીકળ્યા કરેછે, સ્પર્શ કર્યાવગર પણ ગાંડીવ વિકૃતિ પામેછે, ગાંડીવની દોરી કંપાવ્યાવગર કંપેછે, ધ્વજામાં પણ ક્યારે અર્જુન રથ જોડશે એવા ભયંકર શબ્દો થાયછે, રાત્રિમાં શિયાળિયાંઓ ઘોર નાદ કરેછે અને ગરજો તથા કાગડાવગેરે માંસભક્ષક પક્ષિઓ મારા રથની પછવાડે ઉડેછે, તેથી મને નિશ્ચય થાયછે કે, હું એકલોજ બાણોની વૃષ્ટિથી સઘળા શત્રુઓને યમપુરીમાં મોકલી આપીશ. સ્થૂણાકર્ણ, પાશુપતાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર અને બીજાં પણ ઘણાં ઘણાં દિવ્ય અસ્ત્રો મારી પાસે હાજર છે. હું કૌરવોને નિઃશેષ કરી નાખીશ એમાં કશો સંશય નથી. સંજય ! જોકે આ પ્રમાણે છે તોપણ હું છેલ્લીવારે કહુંછું કે, ભીષ્મપિતામહ, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, અશ્વત્થામા અને વિદુર એઓ મળી જેમ કહેશે તેમ અમો સ્વીકારશું કે જેથી કૌરવો જીવતા રહે.”

ઉપરપ્રમાણે અર્જુને કહેલું સંજયનું બોલવું સાંભળી ભીષ્મે કહ્યું કે “દુર્યોધન ! શ્રીકૃષ્ણ, નારાયણનો અને અર્જુન, નરનો અવતાર છે; માટે તેઓ યુદ્ધમાં કોઇથી જીતી શકાય એમ નથી. ચક્રધારી શ્રીકૃષ્ણ અને દિવ્ય અસ્ત્રોના પ્રયોગો કરતો અર્જુન એ બન્ને જ્યારે એક રથમાં બેઠેલા તારા જોવામાં આવશે ત્યારે તું આ મારાં વચનને યાદ કરશે. કૌરવોનો વિનાશકાળજ પ્રાપ્ત થયો છે એમ હું ધારૂંછું; નહિતર તારી બુદ્ધિ ધર્મના માર્ગમાંથી કેમ ભ્રષ્ટ થઈ જાય ? તારા સિદ્ધાંતને સર્વ કૌરવો સ્વીકારેછે અને તું પરશુરામે શાપેલા નીચ કર્ણ, જુગારી શકુનિ અને ક્ષુદ્રબુદ્ધિ દુઃશાસનના મતને સ્વીકારેછે, તેથી મોટી ખરાબી થવાનો સંભવ છે.”

ભીષ્મનાં એવાં વચનો સાંભળી કર્ણથી બેસી રહેવાયું નહિ અને બોલી ઉઠયો, કે "પિતામહ ! આપે આવું બોલવું નહિ. હું ક્ષત્રિયોના ધર્મમાં રહ્યો છું અને ધર્મથી કદી પણ ભ્રષ્ટ થયો નથી. મને ધિક્કારવાનો તમે મારામાં કયો દુરાચાર દીઠો ? હું સઘળા પાંડવોને યુદ્ધમાં મારીશ. મારે ધૃતરાષ્ટ્ર અને દુર્યોધનનું પ્રિય કરવું છે. ઘણા કાળથી ચાલતા આવતા વિરોધનું સમાધાન કેમજ બને ! "

"ધૃતરાષ્ટ્ર ! આ દુરાત્મા કર્ણ પાંડવોને મારવાનો બકવાદ કરેછે પણ તે પાંડવોના બળના સોળમા ભાગની પણ બરાબરી કરી શકે તેમ નથી. તમારા પુત્રોની ઉપર જે આ આપત્તિ આવેલી છે તે આ સૂતના દીકરા કર્ણનુંજ કામ છે. એક એક પાંડવે જેવાં દુષ્કર કામો કરેલાં છે તેવું એક પણ કામ આ કર્ણે કર્યું નથી અને વૃથા અભિમાન રાખેછે. ગંધર્વો દુર્યોધનને પકડી ગયા ત્યારે આ કર્ણ કયાં ગયો હતો? વિરાટના નગરમાં અર્જુને કર્ણના ભાઇને મારી નાખ્યો તે સમય આ કર્ણ શું કરી શકયો હતો ? અર્જુન સઘળા કૌરવોસામે એકલો આવી સર્વનાં લુગડાં લઇ ગયો હતો ત્યારે આ કર્ણ પરદેશ ગયો હતો કે શું ? બકવાદ કરનારા અને ધર્મનો લોપ કરનારા આ કર્ણની ખોટી વાતોઉપર તમારે વિશ્વાસ મૂકવો જોઇતો નથી."

ભીષ્મનું વચન ઉપાડી લઈ દ્રોણાચાર્ય બોલ્યા, કે "રાજા ભીષ્મ જેમ કહેછે તેમ કરો, લાલચુ લોકોનાં વચનો તમારે માનવાં જોઇતાં નથી. યુદ્ધ જામ્યું નથી તે પહેલાં સમાધાન કરી લેવું સારૂં છે. સંજયના મોહોડાંથી અર્જુનનું જે ભાષણ આપણા સાંભળવામાં આવ્યું તે પ્રમાણેજ અર્જુન સઘળું કરશે એમાં કશો સંશય નથી. અર્જુનજેવો બીજો યોદ્ધા ત્રૈલોક્યમાં પણ નથી."

ભીષ્મ અને દ્રોણના વચનને કાન નહિ દેતાં ધૃતરાષ્ટ્રે જ્યારે ઉત્તરથી માન આપ્યું નહિ અને સંજયને પાંડવોની ખબર પૂછવા લાગ્યો ત્યારે સઘળા સમજુ યોદ્ધાઓએ જીવવાની આશા છોડી દીધી.

"સંજય ! યુધિષ્ઠિર કેવા પ્રકારથી વર્ત્તેછે? તેની આજ્ઞા ઉઠાવી લેવાની ઈચ્છાથી કોણ કોણ તેમના મોહોડાસામે જોઈ રહેછે ? યુદ્ધ નહિ કરવાનું કોણ કોણ કહેછે અને યુદ્ધ કરવાનું ઉત્તેજન કોણ કોણ આપેછે ? કોનાકોના બળઉપર આધાર રાખી યુધિષ્ઠિર આપણી સામે યુદ્ધ કરવા ઇચ્છેછે ?" આ વખતે સંજય લાંબો ઉંડો નિસાસો મૂકી ઉંડા વિચારમાં ઉતરી અકસ્માત્ મૂર્છિત થઇને ધરતીઉપર પડી ગયો અને તે ખબર વિદુરતરફથી ધૃતરાષ્ટ્રને મળતાં પાં-

વોનો ભપકો જોવાથી અને તેના પડકારા સાંભળવાથી સંજય મૂર્છિત થઈ ગયો હશે એમ ધૃતરાષ્ટ્રે માની લીધું.

સંજ્ઞા પ્રાપ્ત થતાં સંજયે જવાબ આપ્યો, કે 'પાંડવો, દ્રુપદઆદિ પાંચાલ દેશના ક્ષત્રિયો, વિરાટઆદિ મત્સ્ય દેશના ક્ષત્રિયો અને બીજા પણ ઘણા ઘણા યોદ્ધાઓ યુધિષ્ઠિરની આજ્ઞાની રાહ જુએ છે, અને સૂર્યની માફક યુધિષ્ઠિરને માન આપેછે. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યની કેટલીએક કન્યાઓ રમતી રમતી યુધિષ્ઠિરનાં દર્શન કરવા આવેછે. યુધિષ્ઠિર પોતાના ભાઇઓ, પુત્રો, ધૃષ્ટદ્યુમ્ન, કેકય દેશના પાંચ રાજકુમારો, સાત્યકિ, વિરાટ, ધૃષ્ટકેતુ, શ્રીકૃષ્ણ, દ્રુપદ તથા જરાસંધના બે પુત્રો અને બીજા પણ સેંકડો રાજાઓના બળઉપર આધાર રાખી આપણની સામે યુદ્ધ કરવા ઇચ્છેછે."

સંજયની વાત સાંભળી ધૃતરાષ્ટ્ર બીજા યોદ્ધાઓકરતાં ભીમ અને અર્જુનથી વધારે બીવા લાગ્યો અને માનવા લાગ્યો કે તેઓ એવા પ્રબળ છે કે, મારા પુત્રોને મારી નાખ્યાવગર રહેશે નહિ; અને તેથી તેણે સમાધાનની ઇચ્છા જણાવી પણ તે પુત્રવશ્ય હોવાથી પોતાનો વિચાર સ્થિર રાખી શક્યો નહિ અને પુત્રોના મતને ફેરવી શક્યો નહિ.

પોતાના પિતાને બીતા જાણી દુર્યોધને કહ્યું, કે 'તમે જરા પણ બીઓ માં. અમો પાંડવોને જીતવા સમર્થ છીએ. મહારાજ! પૂર્વે ભીષ્મે એકલાએજ સઘળા રાજાઓને જીતી લીધા હતા અને હમણાં તો ભીષ્મને અમો સઘળા સહાયતા આપીશું, માટે ભીષ્મ સઘળા પાંડવોને જીતી શકશે એ નિશ્ચય છે. અહીં બોલાવેલા સઘળા રાજાઓમાંથી એક એક પણ પાંડવોને જીતી લેવા સમર્થ છે અને તેઓ મારેમાટે અગ્નિમાં કે સમુદ્રમાં પડવું હોય તોપણ પડે એમ છે. તમે ઘેલા માણસની પેઠે સભામાં વિલાપ શામાટે કરોછો? શત્રુઓના ખોટા પડકારાઓથી શામાટે બીઓછો? સભાસદો તમારી મશ્કરી કરેછે. યુધિષ્ઠિર છેવટે પાંચ ગામનીજ માગણી કરવા ધારેછે તે ઉપરથીજ સમજો કે યુધિષ્ઠિર મારા પ્રભાવથી અને સૈન્યથી ભય પામેછે; ભીમને વધારે સમર્થ માનોછો પણ એ તમારી ભૂલ છે. ગદાયુદ્ધમાં મારાજેવો સમર્થ બીજો કોઈ થયો નથી, છે નહિ અને થશે પણ નહિ. હું ભીમને ગદાના એક પ્રહારથીજ મારી શકું તેમ છું. લાંબા કાળથી ભીમની સાથે યુદ્ધ કરવાની મને ઉમેદ છે. હું ગદાથી હિમાલયને પણ ચૂર્ણ કરી નાખું ત્યારે ભીમસેન તે શા હિસાબમાં? હું ભીમને મારી નાખીશ એટલે પછી ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય,

અશ્વત્થામા અને કર્ણ એઓ ક્ષણ માત્રમાં અર્જુન અને પાંડવોની સઘળી સેનાને યમપુરીમાં મોકલી દેશે. ભૂરિશ્રવા, ભગદત્ત, શલ્ય અને જયદ્રથઆદિ સઘળી પૃથ્વીના રાજાઓ મારા પક્ષમાં છે. કર્ણને ઇંદ્રે આપેલી એક સાંગ એવી અમોઘ છે કે તે અર્જુનનો જીવ લીધાવિના રહેશે નહિ. પાંચ પાંડવો, ધૃષ્ટદ્યુમ્ન અને સાત્યકિ એટલાજ એ પક્ષમાં પ્રબળ છે. મારા પક્ષમાં તો ભીષ્મ, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, કર્ણ, સોમદત્ત, બાહ્‌લીક, ભગદત, શલ્ય, જયદ્રથ, દુઃશાસન અને વિકર્ણ આદિ ઘણા ઘણા યોદ્ધાઓ પ્રબળ છે. તમે શામાટે ભય ધરોછો ? હું બીજા કોઇના ઉપર આધાર રાખીને યુદ્ધનો આગ્રહ રાખતો નથી, પણ હું મારા પોતાના પર, કર્ણઉપર તથા દુઃશાસનઉપર આધાર રાખી યુદ્ધનો આગ્રહ રાખુંછું. મેં, કર્ણે અને દુઃશાસને તો યુદ્ધરૂપી યજ્ઞની દીક્ષાજ લીધી છે. કાં તો અમો પાંડવોને મારી નિષ્કંટક રાજ્ય કરીશું અને કાં તો પાંડવો અમોને મારી નિષ્કંટક રાજ્ય કરશે. હું ધન, રાજ્ય અને જીવિતને છોડી દેવું સ્વીકારૂંછું પણ પાંડવોની સાથે રહેવાને સ્વીકારતો નથી. તીખી સોયની અણીથી ધરતીનો જેટલો ભાગ વીંધાય તેટલો ભાગ પણ અમો પાંડવોને આપવાના નથી. હું દેવતાઓના કરતાં પણ વધારે શક્તિ ધરાવુંછું, પૃથ્વી જળમાં ડુબી જતી હોય તો તેને સ્તંભાવી શકુંછું, પ્રચંડ વાયુને શમાવી શકુંછું, જગતનો પ્રલય થતો અટકાવી શકુંછું અને સમુદ્રમાં સેનાને ચલાવવી હોય તોપણ ચલાવી શકુંછું. જેના પર હું ક્રોધ કરૂં તેનો બચાવ કરવાને દેવતાઓ પણ સમર્થ નથી. મારામાં બુદ્ધિ, તેજ, પરાક્રમ, વિદ્યા અને યોગ સર્વથી અધિક છે. હું જેમ ધારૂં તેમજ થાય. જેમ નદીઓ સમુદ્રને પ્રાપ્ત થઇ નષ્ટ થઈ જાય તેમ પાંડવો મને પ્રાપ્ત થઇ નષ્ટ થઇ જશે. ભીષ્મ, દ્રોણ, અશ્વત્થામા અને કૃપાચાર્ય એઓની પાસે અસ્ત્રોસંબંધી જે જે વિદ્યાઓ છે તે સઘળી મારામાં છે. પાંડવો શું કરવાના છે ?”

દુર્યોધનને બોલતો જોઈ કર્ણભાઈ પણ મનમાં ફુલાઇ ગયા અને કહેવા લાગ્યા, કે “હું પરશુરામની પાસેથી જે વિદ્યા શીખ્યો છું તે વિદ્યાના પ્રભાવથી સમુદ્રોસહિત સઘળી પૃથ્વીને બાળી નાખવા સમર્થ છું; મારે ભીષ્મ, દ્રોણ કે બીજા કોઇ રાજાની કશી ગરજ નથી. પાંડવોને મારી નાખવાનો બોજો હું મારે માથેજ લઉંછું. જેઓને યુદ્ધ કરવાની ઇચ્છા ન હોય તેઓ ભલે બેઠા રહે. દુર્યોધન! પાંડવો પાંડવોના પુત્રો, પાંચાલો તથા બીજા પણ તારા સઘળા શત્રુઓને હું મારાં બાણોથી ભસ્મ કરી નાખીશ.”

આ પ્રમાણે કર્ણ જ્યારે અભિમાન ભરેલાં વચનો બોલતો હતો ત્યારે ભીષ્મે વારંવાર ઠપકો દઇ કહ્યું, કે "અરે સૂતપુત્ર ! તું શું બકેછે ? તારી પાસે ઇંદ્રની આપેલી જે સાંગ છે તે સાંગને શ્રીકૃષ્ણનું ચક્ર ક્ષણમાત્રમાં ભસ્મ કરી નાખશે અને તારી પાસે જે સર્પમુખ બાણ છે તે પણ અર્જુનનાં દિવ્ય અસ્ત્રોથી ભસ્મ થઇ જશે. બાણાસુર અને નરકાસુરને તોડી નાખનાર શ્રીકૃષ્ણ અર્જુનની રક્ષા કરેછે, માટે તારાથી અર્જુનની સામે પણ જોઈ શકાશે નહિ." ભીષ્મનાં કઠોર વચનો સાંભળી કર્ણે કહ્યું, કે "ભીષ્મ મને વારંવાર દુર્વચનો સંભળાવે છે માટે જ્યાંસુધી ભીષ્મ જીવતો હશે ત્યાંસુધી મારે યુદ્ધમાં ઉતરવુંજ નથી. હું જો યુદ્ધમાં ભીષ્મની સાથે હોઉં તો મારી સહાયતાથી ભીષ્મ જીવતો રહે અને મારાં કરેલાં કામનો યશ પોતે લીએ. માટે ભીષ્મ ગયાપછીજ મારો પ્રભાવ સઘળા રાજાઓને હું દેખાડીશ." એ પ્રમાણે બોલી રીસાઇ કર્ણ સભામાંથી ઉઠી ગયો. કર્ણના ઉઠી ગયાપછી ભીષ્મે હાસ્ય કર્યું અને કહ્યું, કે "દુર્યોધન ! જોયું ? આ કર્ણની કેવી સ્થિતિ? પ્રથમ તો તે સહુથી પહેલાં યુદ્ધ કરવાની બડાઇ મારતો હતો અને હમણાં હું જીવતાંસુધી તને નુકસાન થતું હોય તોપણ તે સ્વીકારીને ઉઠી ગયો. આવો મિત્ર પરિણામે શા ઉપયોગનો થાય એ તારે વિચારવું જોઇએ. એ કર્ણે અસ્ત્રવિદ્યા શિખવાસારૂ પરશુરામપાસે પોતે બ્રાહ્મણ હોવાનું ખોટું બોલ્યો હતો ત્યારેજ તેનાં ધર્મ, તપ અને તેજ નષ્ટ થઇ ગયાં છે. પરશુરામે એને શાપ આપ્યો છે કે મરવાના સમયમાં તને અસ્ત્રવિદ્યા સ્ફુરિત થશે નહિ."

આ વખતે કૌરવોની સભામાં મોટી ગડબડ ઉઠી રહી. પરસ્પર વિરૂદ્ધ વચનો બોલાવા લાગ્યાં. માંહોમાંહે કુસંપનું બીજ રોપાયું. બિચારા અંધ ધૃતરાષ્ટ્રે પોતાના પુત્રોના જીવવાની આશા છોડી દીધી. સઘળા સમજુ વૃદ્ધપુરૂષો દુર્યોધનને ધિક્કારવા લાગ્યા અને વિચારવા લાગ્યા કે જ્યારે પહેલાંથીજ આ પ્રમાણે પરસ્પર આવડો બધો કુસંપ જોવામાં આવેછે ત્યારે યુદ્ધના સમયમાં તો તેનું કેવું પરિણામ આવશે ? પોતાના મંડળમાંજ પરસ્પર વિરોધ કરે તેઓ શત્રુઓના હાથમાં આવ્યાવગર કેમજ રહે ? છેવટ તેઓવચ્ચે વિવાદ ઉઠતાં સઘળી સભા પોતાની મેળેજ બરખાસ્ત થઈ ગઇ.

સઘળી સભા ઉઠી ગયા પછી ધૃતરાષ્ટ્રે કુપુત્ર દુર્યોધનને પોતાનીપાસે બોલાવ્યો અને ગાંધારીને પણ બોલાવી પોતાના પુત્રને શિખામણ આપવા ભલામણ કરી. ગાંધારીએ તેને ઘણાં ઘણાં નમ્ર વચન બોલી સમજાવ્યો, આગ્રહ છોડવાની ભલામણ

કરી અને કહ્યું, કે "ભીમસેનની ગદા વાગશે ત્યારે તું મારાં વચનને યાદ કરીશ. માટે ગમે તેમ કરી તું શ્રીકૃષ્ણને શરણે જા. કારણકે સંજયના કહેવાઉપરથી જણાયછે જે શ્રીકૃષ્ણ પોતે અહીં સમાધાન કરવાને પધારવાના છે." "ગમે તેમ થાય પણ હું કદી અર્જુનના મિત્ર કૃષ્ણને નમવાનો નથી." એમ બોલી માતાપિતાનાં વચનોનો તિરસ્કાર કરી કાળચક્ર માથે ફરવાને લીધે દુર્મતિ દુર્યોધન ચાલતો થયો. એટલે ધૃતરાષ્ટ્ર, ગાંધારી તથા વ્યાસઆદિ બીજાં પણ જે માણસો પછવાડે રહ્યાં હતાં તેઓ પણ ઉદાસ બની પોતપોતાને સ્થાનકે ગયાં.

પ્રકરણ ૪૬ મું.

સમાધાનમાટે શ્રીકૃષ્ણનો કૈરવોપાસે જવા વિચાર.

સંજય ઉપપ્લવ્યમાં આવીને પાછો ગયાપછી યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણને કહ્યું, કે "સંજયના બોલવાઉપરથી ધૃતરાષ્ટ્રનો સઘળો અભિપ્રાય આપના જાણવામાં આવ્યો લોભી ધૃતરાષ્ટ્ર રાજ્યમાંથી કાંઈ પણ ભાગ નહિ દેતાં અમને શાંત રાખવા ઇચ્છેછે; તેર વર્ષપછી અમને અમારૂં રાજ્ય પાછું મળશે એવી દૃઢ આશાથી અમોએ વનમાં ઘણું દુઃખ વેઠી તેર તેર વર્ષ ગાળી અમે અમારી બોલી બરાબર પાળી, પણ ધૃતરાષ્ટ્ર લોભી અને પુત્રને વશ્ય હોવાથી અમોને દુઃખ દેવાજ ઇચ્છેછે. હું મારા મિત્રો કે મારી માતું પણ પોષણ કરી શકતો નથી, એ સમાન બીજી કઈ દુર્દશા કહેવાય ? મેં છેવટ પાંચ ગામની માગણી કરાવી છે, પરંતુ દુર્યોધન તેટલું આપવાનું પણ સ્વીકારવાનો નથી. હવે મારે કેમ કરવું એવિષે આપ નિશ્ચય કરો. જો અમો શાંત રહીશું તો ભૂખે મરશું અને યુદ્ધ કરશું તો ગોત્રહત્યાના પાપમાં પડશું; યુદ્ધમાં

પણ જીતવાનો કે હારવાનો કશો નિશ્ચય પ્રથમથી થઇ શકતો નથી. હારી જઇએ તો એ દુઃખ મોતકરતાં પણ અધિક થાય અને જીતીએ તોપણ સંબંધીઓનો નાશ કરવાથી પશ્ચાત્તાપ થયાવગર રહે નહિ. જો કે તમે પોતે ત્યાં વિષ્ટિ કરવા જવાની ધારણા રાખોછો તોપણ તમે હસ્તિનાપુરમાં જાઓ એ મને ગમતું નથી. દુર્યોધન તમારા હિતવચનને કદી પણ માનવાનો નથી. ત્યાં દુર્યોધનનું ભલું ઇચ્છિનારા ઘણા ઘણા રાજાઓ એકઠા થયા છે, તેઓના મંડળમાં તમને એકલા મોકલવા એ મને ગોઠતું નથી. દુષ્ટ લોકો વખતે તમારા-ઉપર પણ કંઇ દગો કરે એમ મને ધાસ્તી રહેછે. પણ જ્યારે તમારો અત્યંત આગ્રહજ છે તો જેમ રૂચે તેમ કરો; ત્યાં જઈ કૌરવોને શાંતિમાં ઉતારજો અને બન્ને પક્ષ સુખી રહે તેમ કરજો. તમે અમને પણ ઓળખોછો, કૌરવોને પણ જાણોછો અને ત્યાં શું બોલવું જોઇએ એ પણ તમને ખબર છે. જે રીતે શાંતિ થાય તેમજ બોલજો."

"મિત્ર ! જે કાંઇ કહેવાનું હતું તે સઘળું વડિલ બાંધવે કહ્યું, હું પણ ટૂંકામાં તમને એટલુંજ કહુંછું કે, અમારૂં અને કૌરવોનું પણ કુશળ થાય એમ યત્ન કરજો."

આ વખતે ભીમે ખંધાઇથી કૃષ્ણને કહ્યું, કે "શ્રીકૃષ્ણ ! જે રીતે શાંતિ થાય તેમજ બોલજો. તેઓને યુદ્ધની વાતોથી બીવરાવજો માં. દુર્યોધન એવો પાપી અને ક્રૂર છે કે તે ભાંગી કે મરી જાય તોપણ કોઇની બીકથી પોતાનો મત છોડે એમ નથી; માટે મધુર વચનોથી તેને સમજાવજો. જો લડાઇ ઉઠશે તો અમારા સઘળા કુળનો નાશ થઈ જશે, માટે લડાઇ ન ઉઠે એમ કરવું. અમો સઘળા ભાઇઓ દુર્યોધનના તાબેદાર થઇને રહેશું. કુળનો વિનાશ થાય એ મને ગમતું નથી. અમારા પિતામહ અને બીજા પણ જે જે સભાસદો હોય તેઓની પાસે અમારા નમ્રપણાનીજ વાતો કરજો. યુધિષ્ઠિર અને અર્જુન શાંતિમાં રાજી છે; અને હું પણ તમને શાંતિનીજ ભલામણ કરૂંછું."

'તમારૂં અને કૌરવોનું પણ ભલું કરવામાટે હું પોતે ધૃતરાષ્ટ્રની સભામાં જઇશ. જો તમારા હકને હાનિ નહિ પોહોંચાડતાં હું સમાધાન કરી શકીશ તો મને મોટું પુણ્ય તથા યશ મળશે અને ઘણાં ઘણાં પ્રાણીઓનો બચાવ થશે. હું દુર્યોધનની દુષ્ટતાને જાણુંછું. આપે મારી કશી ચિંતા કરવી નહિ. જેમ ક્રોધ પામેલા સિંહની સામે ઉભવાને કોઇ પણ પશુ સમર્થ નથી તેમ હું જ્યારે ક્રોધ કરૂં ત્યારે મારી સામે ઉભવાને કોઇ પણ રાજા સમર્થ

નથી. મારૂં ત્યાં જવું કદી વ્યર્થ થવાનું નથી. મારા ત્યાં જવાથી વખતપર સમાધાન થશે તો તમને તમારો વિભાગ મળશે અને તેમ નહિ થાય તો તમારાઉપરથી સઘળો દોષ ઉતરી જશે. હું કૌરવોના તથા તમારા અભિપ્રાયને પણ જાણુંછું. તમારી બુદ્ધિ ધર્મઉપર અને તેઓની વૈરઉપર છે. થોડે ઘણું માનવાઉપર તમારો અભિપ્રાય છે પણ વાસ્તવિક ભિક્ષા માગવી એ ક્ષત્રિયોનો ધર્મ નથી. તમે જ્યાંસુધી કોમળપણાથી તેમની પાસે નમ્રતા કરશો ત્યાંસુધી તેઓ તમારા રાજ્યને પચાવી જવાનુંજ કરશે. તમો વલ્કલ તથા મૃગચર્મ ઓઢીને નિકળ્યા ત્યારે જેને દયા ન આવી તેને હવે શાથી આવે ? તમો ધૃતરાષ્ટ્ર તથા ભીષ્મપાસે નમ્રતા કરો એ યોગ્ય છે, પણ દુર્યોધનપાસે નમ્રતા કરો એ તો અયોગ્યજ છે. હું આબાલવૃદ્ધ સઘળા લોકોની પાસે દુર્યોધનવગેરેને એવા આંખે કરીશ કે, તેઓ સહુ લોકોને અકારા થઈ પડશે. સમાધાનની ઇચ્છાથી તમો લોકોના પ્રેમપાત્ર થશો અને તેઓ નિંદાના પાત્ર થશે. હું ત્યાં જઇ તમારા હકને નુકસાન નહિ પહોંચવા દેતાં સમાધાનને રસ્તે ઉતરીશ, અને તેઓની સઘળી હીલચાલ જોઈશ. આ સમયનાં શકુનોઉપરથી હું ધારૂંછું કે સમાધાન થવું બહુ છેટું છે, માટે હું પાછો આવતાંસુધી તમો સંગ્રામની ગોઠવણ કર્યા કરો. દુર્યોધન જીવતો હશે ત્યાંસુધી તમને કોઇ પણ રીતે રાજ્ય આપશે નહિ. પણ ભીમ ! તમારૂં વચન સાંભળી મને નવાઇ લાગેછે. આગળ તો તમો દુષ્ટ કૌરવોનું મર્દન કરી નાખવાની ઇચ્છાથી યુદ્ધનાંજ વખાણ કરતા હતા, રાત્રે પણ નિદ્રા નહિ લેતાં ઉજાગરાજ કરતા હતા, સર્વદા ક્રોધભરેલાં વચનોજ બોલતા હતા, અસહનતાથી ઉંધમુંધ થઇ સુઇ રહેતા હતા, બીજાઓ તમને ઉન્મત્ત માને એવી રીતે એકાંતમાં નિસાસા મૂક્યા કરતા હતા, મોટાં મોટાં વૃક્ષોને ભાંગીને ધરતીપર પગના ધમાકા બોલાવ્યા કરતા હતા, ઘણી વખત આંખો મીંચી બે ગોઠણની વચમાં માથું ઘાલી બેસી રહેતા હતા, વારંવાર ભમર ચઢાવ્યા કરતા હતા, બન્ને હોઠને ડસ્યા કરતા હતા, સઘળાં ક્રોધનાંજ ચિન્હો બતાવ્યા કરતા હતા અને ગદાથી હું દુર્યોધનને ચૂર્ણ કરી નાખીશ એમ ભાઇઓના મધ્યમાં વારંવાર બોલ્યા કરતા હતા. તમારી એ સમયની અને આ સમયની બુદ્ધિમાં બહુ ફેર પડી ગયો એ આશ્ચર્યજેવું જણાયછે. અહો ! યુદ્ધની ઇચ્છા ધરાવનારાઓનાં અંતઃકરણો પણ યુદ્ધનો સમય પ્રાપ્ત થાય ત્યારે બદલી જાયછે. તમને શત્રુઓની બીક લાગી કે શું ! તમે જાગ્રતમાં છો કે સ્વપ્નમાં ? તમે નપુંસકની પેઠે પોતાનામાં કાંઇ પણ

પુરૂષપણું નથી ધારતા કે શું? તમારી આ બદલી ગયેલી વાણી સઘળા પાંડવોનાં અંતઃકરણને ખિન્ન કરી નાખેછે. ભીમસેન! તમે પોતાને ન ઘટે એવું આ દીન વચન બોલોછો. તમારૂં વચન સમુદ્રના સુકાઇ જવાજેવું, અગ્નિના શીતળપણાજેવું અને મોટા પર્વતના પરિવર્ત્તન જેવું મને આશ્ચર્યકારક લાગેછે. મહાવીર! તૈયાર થાઓ, સ્થિર થાઓ. ખેદ નહિ કરો. પોતાના ક્ષત્રિયધર્મનો વિચાર કરો અને ગ્લાનિને છોડી દો. ક્ષત્રિયે પરાક્રમથી મેળવેલી વસ્તુઓજ ભોગવવી જોઇએ."

જેમ ચાબુકના મારથી તેજી ઘોડો ચમકે તેમ શ્રીકૃષ્ણના વચનથી ભીમ ચમકીને બોલી ઉઠયો, કે "શ્રીકૃષ્ણ! પોતાની મેળે પોતાના બળવગેરેનાં વખાણ કરવાં એ યોગ્ય નથી. પણ તમારા ચમકાવવાથી મારે બોલવું પડેછે કે, હું જે કલ્પનાથી બોલ્યો છું તે કલ્પના તમે જાણી નથી. આકાશનું ને ધરતીનું પડ સાથે ચોંટી ગયેલ હોય તોપણ મારા બાહુઓવતી તેઓને જૂદાં પાડવાની હું શક્તિ ધરાવુંછું. આ મારા ભોગળોજેવા બે બાહુના મધ્યમાં આવ્યાપછી જીવતો રહે એવો કોઇ પણ પુરૂષ મારા જોવામાં આવતો નથી. જેને હું મારી નાખવા ધારૂં તેને બચાવવાને ઇંદ્ર પણ સમર્થ નથી. પાંડવોની સામે યુદ્ધ કરવા આવેલા સઘળા ક્ષત્રિયોને મારા પગોથીજ કચરી નાખવા હું શક્તિ ધરાવુંછું. હિમાલયજેવા પર્વતને પણ પગની પાટુથી ઉડાવી દેવા તૈયાર છું. મારૂં પરાક્રમ તમારા જાણવામાં નહિ હોય, હું જેટલું બોલુંછું તે કરતાં પણ મારામાં અધિક પરાક્રમ છે એમ સમજજો. મેં લડાઇમાં બાહુઓવતે ફેંકી નાખેલા હાથીઓ, ઘોડાઓ, રથો અને પ્યાદલો જ્યારે તમારા જોવામાં આવશે ત્યારે તમને મારા પરાક્રમની ખાત્રી થશે. શ્રીકૃષ્ણ! હું તો યુધિષ્ઠિરના અને અર્જુનના દયાળુપણાનો ઉપહાસ કરવાજ દીનના જેવાં વચનો બોલ્યો હતો."

"શ્રીકૃષ્ણ! યુધિષ્ઠિર, ભીમસેન અને અર્જુન એઓના અભિપ્રાયો તમારા જાણવામાં આવ્યા પણ એ સઘળા અભિપ્રાયોને છોડી દઇ જેમ તમને યોગ્ય લાગે તેમ કરજો. જૂદાં જૂદાં કારણોને લીધે માણસોના અભિપ્રાયો જૂદા જૂદા પડે એ સ્વાભાવિક છે પણ તે અભિપ્રાયો સાંભળી પ્રવીણ માણસે જેમ પોતાને સમયાનુસાર યોગ્ય જણાય તેમ કરવું. અહીં એક વાત ધારેલી હોય અને ત્યાં ગયાપછી બીજી વાતનો પ્રસંગ આવે તો પછી ધારેલી વાતને વળગી રહેવાનું નથી." આ પ્રમાણે નકુલને બોલતો સાંભળી સહદેવ બોલી

ઉઠયો, કે "યુધિષ્ઠિરે પોતાના શાંત સ્વભાવને અનુસરી જે કહ્યું તે ઠીક છે પણ મારા અભિપ્રાયપ્રમાણે જેમ યુદ્ધ થાય તેમજ કરજો. કૌરવો સમાધાનની ગોઠવણ કરતા હોય તોપણ તમે યુદ્ધ થાય તેવીજ ગોઠવણ કરજો. જુગારની સભામાં દ્રૌપદીની દુર્દશા થઈ હતી તે મારા જોવામાં આવી છે. દુર્યોધનને માર્યાવિના મારો ક્રોધ કેઇ રીતે શાંત થાય તેમ નથી." સહદેવનાં વાક્યને ટેકો આપતાં મહા બળવાન સાત્યકિ બોલી ઉઠયો, કે "શ્રીકૃષ્ણ! આ મહાબુદ્ધિમાન સહદેવ સાચું કહેછે. જો દુર્યોધનનો વધ થાય તોજ મારા ક્રોધની શાંતિ થાય તેમ છે." આ પ્રમાણે સાત્યકિને બોલતો સાંભળી પાંડવોતરફના સઘળા યોદ્ધાઓ એકમતથી તાળીઓ પાડવા લાગ્યા, સિંહનાદો કરવા લાગ્યા અને સાત્યકિના વચનનાં વખાણ કરવા લાગ્યા.

યુધિષ્ઠિરનાં વચનો સાંભળી અત્યંત ખેદ પામેલાં અને આંસુઓની ધારાઓથી વ્યાપ્ત થયેલાં દ્રૌપદીએ સહદેવ તથા સાત્યકિની પ્રશંસા કરી શ્રીકૃષ્ણને બલામણ આપી, કે "શ્રીકૃષ્ણ! દુર્યોધન જો રાજ્ય આપ્યાવિના બીજી કોઇ રીતે સમાધાન કરવા માગે તો તે તમારે કદી કરવું નહિ. દુર્યોધન, કર્ણ, દુઃશાસન તથા શકુનિ એઓએ કેવાં કેવાં કપટો કરીને અમોને રાજ્યથી ભ્રષ્ટ કરેલાં છે, એ આપ જાણોછો. એ લોકોની ઉપર કોઇ પ્રકારની દયા કરવીજ નહિ. નિરપરાધી માણસને મારી નાખવામાં જેટલું પાપ છે તેટલુંજ પાપ મોટા અપરાધીને નહિ મારવામાં છે, એમ ધર્મશાસ્ત્રો કહેછે. માટે જે રીતે આપને દોષ ન લાગે તેમ કરજો. પૃથ્વીમાં બીજી કોઇ સ્ત્રીને માથે મારાજેવાં દુઃખો પડયાં છે? હું દ્રુપદ રાજાની પુત્રી, ધૃષ્ટદ્યુમ્નની બેહેન, તમારી સખી, પાંડવોની સ્ત્રી અને પાંચ દીકરાઓની મા છું, તેને માથે તમો સઘળા જીવતા છતાં કેવાં કેવાં સંકટો પડયાં એ વિચાર કરો. મને કષ્ટ આપીને દુર્યોધન ઘડીવાર પણ નહિ જીવવો જોઇએ છતાં હજુસુધી જીવેછે માટે અર્જુનની અસ્ત્રવિદ્યાને અને ભીમસેનના બળને ધિક્કાર છે. તમને જો મારાઉપર કોઈ પ્રકારની દયા હોય તો કૌરવોનું ઉચ્છેદન થઇ જાય એમજ કરજો." આ પ્રમાણે બોલતાં બોલતાં દ્રૌપદી ધ્રુસકા મેલવા લાગ્યાં અને વળી પણ પોતાનો લાંબો ચોટલો ડાબા હાથમાં લઇ શ્રીકૃષ્ણને બતાવી કહ્યું, કે "કૌરવોની સાથે વાતચિત કરવાના સમયમાં મારા આ ચોટલાનું સ્મરણ રાખજો કે જેને નીચ દુઃશાસને પકડયો હતો. શ્રીકૃષ્ણ! જો ભીમસેન અને અર્જુન કંગાળપણાને લીધે સમાધાનની ઇચ્છા રાખતા હશે તો પોતાના પુત્રોસહિત મારો વૃદ્ધ પિતા કૌરવોની સામે

યુદ્ધ કરશે અને મારા પાંચ પુત્રો પણ અભિમન્યુને અગ્રણી કરી કૌરવોની સામે યુદ્ધ કરશે. જો હું દુ:શાસનના કાળા હાથને કપાઈ પડેલો અને રજથી ખરડાએલો ન દેખું તો શી રીતે શાંતિ થાય ? તેર વર્ષ પૂરાં થવાની વાટ જોઇ જોઇને અગ્નિ જેવા મારા ક્રોધને મેં મારા હૃદયમાંજ દાબી રાખ્યો છે. કૌરવોનાં દુર્વચનોરૂપી શલ્યોથી મારૂં હૃદય ફાટી જાયછે; તોપણ હજુ આ યુધિષ્ટિર રાજા શાંતિનીજ ઇચ્છા રાખેછે?" એટલાં વચન બોલી દ્રૌપદી ઉંચા સ્વરથી રોવા લાગ્યાં.

"જે કાંઇ કહેવાનું હતું તે સઘળું યુધિષ્ટિર કહી ચૂક્યા છે. મારો અભિપ્રાય પણ સમાધાન ન કરવાઉપરજ છે પણ કાર્યું પાર પાડવામાં દૈવની સહાયતા પણ જોઇએ છીએ. દુર્યોધન પોતે પણ પાપી છે અને વળી તેની પાપબુદ્ધિને શકુનિ, કર્ણ તથા દુ:શાસન વધાર્યા કરેછે; અને તેથીજ દુર્યોધન જરા પણ રાજ્ય પાછું આપવા ઇચ્છતો નથી તેમ યુધિષ્ટિર પોતાના હકને છોડી દેવા ઇચ્છતા નથી. મારા વિચારપ્રમાણે પાંચ ગામની માગણી કરવી એ પણ સારૂં નથી; કારણ કે એવી માગણી કરવાથી દુર્યોધન આપણને દીન જાણશે. આપણે આપણા પૂરા હકનીજ માગણી કરવી જોઇએ. મન, વચન અને કર્મથી જે કાંઇ મારાથી બનશે તે ગોઠવણ કરીશ પણ સમાધાન થવાની આશા મને નથી. સહદેવ ! તમારી ઇચ્છા પાર પડશે. સાત્યકિ ! તમે જે તકની વાટ જુઓછો તે જલદી પ્રાપ્ત થશે. ભીમસેન ! તમારૂં પરાક્રમ જોવાને વખત ટુંકડોજ છે દ્રૌપદી ! આંસુઓને બંધ કરો. હું સત્ય પ્રતિજ્ઞા કરીને કહુ છું કે, તમે થોડાજ દિવસમાં તમારા પતિઓને નિષ્કંટક રાજ્ય કરતા દેખશો. હવે હું આ સઘળી બાબતનો ફેંસલો કહાડવા આવતી કાલે હસ્તિનાપુરતરફ પ્રયાણ કરીશ."



પ્રકરણ ૪૭ મું.

શ્રીકૃષ્ણ હસ્તિનાપુરમાં.

આ જે દિવસે શ્રીકૃષ્ણે પ્રભાતમાં ઉઠી સંધ્યાવંદનાદિ કૃત્યો પહોંચી લઇ અને બ્રાહ્મણોપાસે સ્વસ્તિવાચન કરાવી શત્રુ દુર્બળ હોય તોપણ તેથી સાવચેત રહેવું જોઇએ એવા વિચારથી ચક્ર, ધનુષ અને ગદાવગેરે સઘળાં આયુધો સહિત પોતાનો રથ તૈયાર કરવા સાત્યકિને આજ્ઞા કરી. તે ઉપરાંત ઉઘાડી તરવારવાળા દશ હજાર મહારથિ, એક હજાર સ્વાર, એક હજાર પ્યાદલ અને બીજા સેંકડો અનુચરોને સાથે લેવા ગોઠવણ કરી. સઘળી ગોઠવણ થઇ રહ્યાપછી સાત્યકિને પોતાના રથમાં સાથે લઈ શ્રીકૃષ્ણ હસ્તિનાપુરતરફ ચાલવા તૈયાર થયા. શકુનો સઘળાં અનુકૂળ થવા લાગ્યાં અને યુધિષ્ઠિરવગેરે પાંડવો તથા બીજા પણ ઘણા ઘણા મોટા રાજાઓ તેમને વળાવવા ચાલ્યા. રસ્તે થોડેક દૂર ગયાપછી યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણને પ્રેમપૂર્વક આલિંગન કર્યું અને કહ્યું કે "શ્રીકૃષ્ણ! અમારી મા કુંતી જેણે ઘણાં ઘણાં કષ્ટો વેઠી અમોને મોટા કર્યા છે, દુર્યોધને કરેલાં ઘણાં ઘણાં કૌભાંડોમાંથી અમારો બચાવ કર્યો છે અને અમો વનવાસમાં ચાલ્યા ત્યારે હૃદય ભરાઈ જાય એવું રૂદન કર્યું છે

તેને અમારીવતી પ્રણામ કરજો અને અમારું કુશળ કહેજો. અમારી માએ પરણીને આવ્યાપછી સાસરીઆંતરદુઃખનાં દુઃખોજ સહન કર્યાં છે અને અમારા અભ્યુદયની વાટ જોયા કરી છે. ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, દ્રોણાચાર્ય તથા વિદુર વગેરેને અમારા પ્રણામ કહેજો." વગેરે વગેરે કેટલીએક વાતો કર્યાપછી અર્જુન તથા ભીમ પણ સમયોચિત સૂચના આપીને પાછા વળ્યા. તેઓના પાછા વળવાપછી દારૂક સારથિએ જાણે આકાશને પોતાની ખરીથી ઉખેડતા હોય! એવા વેગથી ઘોડાને હાંકવા માંડ્યા.

શ્રીકૃષ્ણની સેના જે જે નગરની અને જે જે ગામની આગળ આવી તે તે નગરનાં અને તે તે ગામનાં લોકો શ્રીકૃષ્ણને અને તેની સેનાને ઘણું માન આપવા લાગ્યાં. શ્રીકૃષ્ણ હસ્તિનાપુર પધારવાના છે એવી પ્રથમ સંજયેજ ખબર આપી હતી અને હવે પધારેછે એમ દૂતોના કહેવાઉપરથી ધૃતરાષ્ટ્રે તેના સન્માનમાટે સઘળી તજવીજ કરવા માંડી. રસ્તામાં જ્યાં જ્યાં તેમના ઉતારા થાય ત્યાં ત્યાં અન્નપાન તથા શયન વગેરેની ઉત્તમ ગોઠવણો કરાવી. રસ્તાના રમણીય પ્રદેશોમાં રત્નમય ઉતારાઓ તૈયાર કરાવ્યા. વિચિત્ર આસનો, સ્ત્રીઓ, કિંમતી વસ્ત્રો અને ઉત્તમ ભોજનો વગેરેની હદથી વધારે તજવીજ કરાવી. પણ તે સઘળી તૈયારીને નહિ જોતાં શ્રીકૃષ્ણ પરબારા હસ્તિનાપુરસમીપ ચાલ્યા. હસ્તિનાપુરમાં પણ તેના સન્માનને માટે રસ્તાઓઉપર સુગંધી જળ છંટાવવામાં આવ્યાં, ઘેર ઘેર ધ્વજાપતાકાઓ ખડી કરાવી, ઉતારામાટે દુઃશાસનનું ઘર કે જે બીજાં બધાં હસ્તિનાપુરનાં ઘરોકરતાં શ્રેષ્ઠ હતું તે તૈયાર રખાવ્યું અને તેને ત્યાં જે જે જોઇએ તે પ્રીતિપૂર્વક પૂરું પાડવા ગોઠવણ કરાવી. ધોળા ઉત્તમ ચાર ચાર ઘોડાઓવાળા સોળ સોનાના રથો, મોટા દાંતવાળા તથા આઠ આઠ અનુચરોવાળા આઠ મદોન્મત્ત હાથીઓ, એકસો શણગારેલી દાસીઓ, એકસો દાસો, આઠ હજાર દુશાલાઓ, હજારો ચીનાઈ મૃગચર્મો, એક દિવસમાં ઘણા માઇલ પહોંચે એવી ખચ્ચરની ગાડીઓ અને ઘણા ઘણા સર્વોત્તમ મણિઓ શ્રીકૃષ્ણને નજરાણામાં આપવા ધૃતરાષ્ટ્રે ઠરાવ કર્યો. દુર્યોધનસિવાય સઘળા પુત્ર પૌત્રો, મંત્રીઓ અને બીજા પણ ઘણા ઘણા હસ્તિનાપુરના રહેવાસીઓ મોટી ધામધૂમથી સામૈયામાં જાય એવી ગોઠવણ કરાવી.

આ સઘળી ગોઠવણ શ્રીકૃષ્ણના માનખાતર કે ભલાઇખાતર નહિ, પણ શ્રીકૃષ્ણને પાંડવોના પક્ષમાંથી ખસેડવાનો ઇરાદો રાખી ખંધાઇથી કર-

વામાં આવી હતી. પરંતુ ધન, ઉદ્યમ અથવા બીજા કોઇ પ્રપંચથી શ્રીકૃષ્ણ અર્જુનથી જુદા પડે એમ નહિ હતું.

દુર્યોધનનું મન આ વખતે જૂદાજ ઘોડા ઘડતું હતું. તે એમ ધારતો હતો કે જો શ્રીકૃષ્ણને ધનવગેરે આપવામાં આવશે તો તે એમ ધારશે કે કૌરવો બીકને લીધે સઘળું આપેછે. વળી શ્રીકૃષ્ણ આવે કે તુરતજ, તેને કેદ કરી લેવા એવો તેણે નિશ્ચય કરી રાખ્યો હતો. તે ધારતો હતો કે શ્રીકૃષ્ણને કેદ કરવાથી પાંડવો તથા બીજા યાદવો પણ પોતાને વશ્ય થઈ જશે. પોતાના પ્રપંચની કોઇ પણ રીતે શ્રીકૃષ્ણને ખબર ન પડે તેવી સંભાળ રાખતો હતો અને પોતાની બુદ્ધિને અનર્થના રસ્તામાંજ લઇ જતો હતો.

શ્રીકૃષ્ણ જ્યાં રાત રહ્યા હતા ત્યાંથી પ્રભાતમાં ઉઠી નિત્યકર્મ પતાવી સેના- સહિત હસ્તિનાપુરના પાદરમાં પધાર્યા. દુર્યોધનસિવાય ધૃતરાષ્ટ્રના સઘળા પુત્રો, ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય અને હસ્તિનાપુરના બીજા પણ રહેવાસીઓ શ્રીકૃષ્ણનું સામૈયું કરવા આવ્યા. માર્ગમાં ભીષ્મવગેરેની સાથે મળી જ્યારે શ્રીકૃષ્ણે હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો ત્યારે તેમના દર્શનને માટે ઘણાં મનુષ્યો પ્રત્યેક સ્થળમાં એકઠાં થયાં હતાં. સ્ત્રીઓ પણ પોતપોતાના ઘરની અગાસીઓઉપર ચડી બેઠી હતી અને રાજમાર્ગમાં એટલીબધી ભીડાભીડ થઈ હતી કે, શ્રીકૃષ્ણના ઘોડાઓ ઉતાવળી ચાલવાળા છતાં પણ ધીમે ધીમે ચાલવાની ફરજમાં આવી પડ્યા. પોતાના સન્માનને વાસ્તે સારી રીતે શણગારેલ હસ્તિનાપુરને જોતા જોતા શ્રીકૃષ્ણ ધૃતરાષ્ટ્રના દરબારમાં પધાર્યા. ત્યાં આવી સૌ લોકોસાથે યોગ્ય રીતે મળી યોગ્ય સંભાષણ કરી ધૃતરાષ્ટ્રની આજ્ઞાથી મોટા રત્નમય આસનપર બિરાજ્યા અને ધૃતરાષ્ટ્રના પુરોહિતે તેમનું મધુપર્કપૂર્વક પૂજન કર્યું. સંબંધીની પદ્ધતિને અનુસરી કેટલીએક હાસ્યવિનોદની વાતો કરી ત્યાંથી વિદુરને ઘેર પધાર્યા. તેમની સાથે પણ પાંડવોના કુશળસંબંધી તથા બીજી પણ કેટલીએક આડીઅવળી વાતો કરી અપરાહ્ણમાં શ્રીકૃષ્ણ પોતાની ફોઈ કુંતીપાસે ગયા.

શ્રીકૃષ્ણને પધારતા જોઈ અત્યંત આનંદ પામેલાં કુંતી ઉભાં થઈ તેમના ગળામાં વળગી રહી બહુજ રડી પડ્યાં. આ વખતનો દેખાવ બહુ કરૂણાજનક હતો. પોતાઉપર, પુત્રોપર તથા દ્રૌપદીપર પડેલાં સંકટોની વાત કહી સંભળાવી તે બાબતનો ઘણોજ ખેદ કર્યો અને કહ્યું, કે "તમો મારીવતી પાંડવોને

કહેજો કે રજપૂતાણી જે કામ કરવા પુત્રોને જન્મ આપેછે તે કામ કરવા તમારો સમય આવ્યો છે, આ સમયમાં જો તે કામ નહિ કરો તો હું તમારૂં મોહોડું પણ જોવાની નથી.” આમ કહી બીજી વાર પણ છાતીફાટ રોવા માંડ્યું. શ્રીકૃષ્ણે કુંતીની આશ્વાસના કરતાં કહ્યું, કે “તમે વીરપિતાની પુત્રી છો, વીર પતિની સ્ત્રી છો અને વીર પુત્રોની માતા છો; માટે સુખ-દુઃખ સહન કરી તમારે ધીરજ રાખવી જોઇએ. તમે થોડા દિવસમાંજ તમારા પુત્રોને નિષ્કંટક રાજ્ય ભોગવતા દેખશો. તમારા સઘળા પુત્રોએ અને દ્રૌપદીએ તમને પ્રણામ કહ્યા છે.” આ પ્રમાણે ધીરજ આપી કુંતીની આજ્ઞા લઇ પાછા પોતે વિદુરને ત્યાં પધાર્યા.

વિદુરને ત્યાં દુર્યોધનાદિ કેટલાએક માણસો શ્રીકૃષ્ણને ભોજનનું નિમંત્રણ આપવા આવ્યા હતા પણ પોતે દૂત થઇને આવ્યા હતા તેથી દૂતના પદ્ધતિ-પ્રમાણે પાંડવોના કોઇ પણ વિરૂદ્ધ પક્ષતરફથી ભોજન કે પૂજાનો સ્વીકાર કર્યો નહિ. વિદુરે ઘણા માનપૂર્વક સઘળા ઉત્તમ પદાર્થોથી શ્રીકૃષ્ણનું પૂજન કર્યું અને તેને તથા તેના અનુચરોને અતિ પવિત્ર સર્વોત્તમ અન્નપાનોથી તૃપ્ત કર્યા. ભોજન કર્યાપછી શ્રીકૃષ્ણ તથા વિદુર સુખેથી વાતો કરવા બેઠા.

“આપ હસ્તિનાપુરમાં પધાર્યા એ આપે ઠીક કર્યું નથી. દુર્યોધન અત્યંત દુષ્ટ છે, સારા માણસનું અપમાન કરવામાં પણ વાર લગાડે એમ નથી અને કોઇ પણ વૃદ્ધલોકોનું માનતો નથી. દુર્યોધન ધાર્મિક બુદ્ધિથી નહિ પણ યુદ્ધમાં ઉતારવાની ઇચ્છાથી ભીષ્મવગેરેને રાજી રાખેછે અને ઘણું ધન આપેછે. આપ સંપ કરાવવાની ઇચ્છાથી ગમે તેવું પ્રયત્ન કરશો તોપણ એ વ્યર્થ જવાનું છે. તેણે પાંડવોને કંઇ પણ ન આપવાનો નિશ્ચય કર્યો છે. દુર્યોધન તથા તેના મંત્રીઓ માની બેઠા છે કે ભીષ્મ, કર્ણ તથા દ્રોણને પાંડવો કદી જીતી શકવાના નથી. મર્યાદાવગરના એ મૂર્ખ લોકોપાસે આપનું ભાષણ ચાંડાલપાસે બ્રાહ્મણના ભાષણજેવું થશે. યોગ્ય અને અયોગ્ય વચન તુલ્ય ગણાય ત્યાં વાત કરવી એ બેહેરાની પાસે ગાયન કરવાબરાબર છે. એ અધમ લોકોના મધ્યમાં આપનું પધારવું પણ મને ગમતું નથી. હું આપનો પ્રભાવ, પુરૂષાર્થ તથા બુદ્ધિ જાણુંછું તોપણ પ્રેમને લીધે આ વચન બોલુંછું. આપના દર્શનથી મારા મનમાં જે આનંદ ઉત્પન્ન થયો છે તેનું વર્ણન હું આપની પાસે કરી શકતો નથી.”

“જેમ વિચક્ષણ પુરૂષે અને ખરા સ્નેહી પુરૂષે કહેવું જોઇએ તેમજ તમે કહોછો; માબાપ શિખામણ આપે તેમ શિખામણ આપવી એ આપને ઘટેજ

છે; તમારૂં કહેવું યોગ્ય અને યથાર્થ છે. દુર્યોધનનું દુષ્ટપણું અને રાજાઓના વૈરભાવને જાણતા છતાં પણ હું અહીં આવ્યો છું તેનું કારણ એજ છે, કે ઘોડાઓ, રથો અને હાથીઓસહિત સઘળી પૃથ્વી મૃત્યુના પાશમાં આવી ગઇ હોય તે સમયે જે પુરૂષ સમાધાન કરી પૃથ્વીને તે પાશમાંથી છોડાવે તેને મોટા પુણ્યની પ્રાપ્તિ થાયછે. શક્તિપ્રમાણે ધર્મના કામમાં યત્ન કરતાં છતાં તે કાર્ય સિદ્ધ ન થાય તોપણ યત્ન કરનારાને પુણ્યની પ્રાપ્તિ થાયછે. હું કોઇનું અહિત કરવા આવ્યો નથી; સર્વનું હિત કરવાજ આવ્યો છું. દુશ્મનોની સભામાં જતાં હું કોઇ રીતે સપડાઇ જાઉં એવી શંકા તો આપે રાખવીજ નહિ. હું જ્યારે ક્રોધ કરૂં ત્યારે મારી સામે ઉભવાને સઘળું બ્રહ્માંડ પણ સમર્થ નથી." આ પ્રમાણે પરસ્પર વાતો કરતાં કરતાં રાત્રિ વ્યતીત થઇ.

પ્રકરણ ૪૮ મું.

કૌરવોની સભમાં શ્રીકૃષ્ણનો પ્રતાપ.

વિદુરને ત્યાં પ્રભાતમાં સૂત, માગધ, તથા બંદિજનો વાજાં તથા ગાયનના શબ્દોથી શ્રીકૃષ્ણને જગાડવા આવ્યા. શ્રીકૃષ્ણ શયનમાંથી ઉઠી સ્નાનાદિક નિત્યકર્મ પહોંચી રહ્યા, કે તરત દુર્યોધન તથા શકુનિએ તેમની પાસે આવી વિજ્ઞપ્તિ કરી કે, "ધૃતરાષ્ટ્ર રાજા સભામાં પધારી ચૂક્યા છે અને ભીષ્મ દ્રોણ-આદિ સઘળા સભાસદો આપના પધારવાની વાટ જુએછે." આ વિજ્ઞપ્તિને માનપૂર્વક સ્વીકારી બ્રાહ્મણોને સુવર્ણ તથા ગાયોવગેરેનાં દાનો આપી કૌસ્તુભાદિ આભરણો તથા ખડ્ગાદિ આયુધો ધરી શ્રીકૃષ્ણ રથમાં બિરાજ્યા. વિદુર પણ તેની સાથેજ રથમાં બેઠા. દુર્યોધન તથા શકુનિ એક બીજા રથમાં બેઠા અને સાત્યકિ, કૃતવર્મા તથા બીજા કેટલાએક યાદવો પણ જૂદાં જૂદાં વાહનોપર બેસી તેમની પછવાડે ચાલ્યા. અદ્ભુત વેષોવાળા તથા ખડ્ગવગેરે વિચિત્ર આયુધોને ધરનારા હજારો યોદ્ધાઓ, પાંચસો હાથીઓ અને હજારો રથો શ્રીકૃષ્ણની આગળ પાછળ ચાલવા લાગ્યા. શ્રીકૃષ્ણ સભામાં પધારેછે, આ ખબર મળવાથી રાજમાર્ગોમાં લોકોની મોટી ભીડ જામી અને રસ્તાઉપરનાં

ધરે જાણે સ્ત્રીઓના ભારથી ચલાયમાન થતાં હોય એવાં જણાવા લાગ્યાં. લોકોનાં મધુર વચનો સાંભળતા અને સૌ લોકોને યોગ્ય રીતે માન આપતા શ્રીકૃષ્ણ સભાની સમીપમાં પધાર્યા કે તરતજ અનુચરોએ વાજાંઓના શબ્દોથી સઘળી દિશાઓ ગજાવી મેલી. વાજાંઓનો તથા શ્રીકૃષ્ણના રથનો શબ્દ સાંભળી સભામાં બેઠેલા રાજાઓ રાજી થવા લાગ્યા તથા કંપવા પણ લાગ્યા. શ્રીકૃષ્ણ સભાના દ્વારમાં આવી રથમાંથી ઉતરી વિદુર તથા સાત્યકિનો હાથ પકડી પોતાની છટાથી સઘળા કૌરવોની કાંતિને ઢાંકી દેતા સભામાં પધારતાં કર્ણ તથા દુર્યોધન તેમની આગળ ચાલ્યા. શ્રીકૃષ્ણને પધારતા જાણી ધૃતરાષ્ટ્ર આસનઉપરથી ઉભો થયો કે સઘળી સભા ઉભી થઈ. ધૃતરાષ્ટ્રની આજ્ઞાથી એક સુવર્ણમય આસનપર શ્રીકૃષ્ણ બિરાજ્યા. કર્ણ તથા દુર્યોધન શ્રીકૃષ્ણની પાસેજ એક જૂદા આસનપર બેઠા. વિદુર શ્રીકૃષ્ણના આસનની અડોઅડ એક જૂદા આસનપર બેઠા. ભીષ્મ તથા દ્રોણ ધૃતરાષ્ટ્રના આસનની આગળ બેઠા. અને સાત્યકિ, કૃતવર્મા તથા શકુનિ વગેરે લોકો પણ પોતપોતાને વાસ્તે ગોઠવાયેલા આસનોપર બેઠા. સર્વનાં મન શ્રીકૃષ્ણની ઉપર લાગી રહ્યાં અને સઘળી સભા ચુપ થઇ ગઇ.

સઘળી સભા ચુપ થઈ કે તરતજ સૌ સાંભળે એવી રીતે શ્રીકૃષ્ણે ગંભીર સ્વરથી ધૃતરાષ્ટ્રને કહ્યું, કે—

“વીર લોકોનો નાશ ન થાય તથા કૌરવો અને પાંડવોવચ્ચે સંપ થાય એ વિષયનો યત્ન કરવા હું અહીં આવેલો છું. તમારૂં કુળ દયા, સત્ય, ક્ષમા, સરલતા તથા શૌર્યઆદિ સઘળા સદ્‌ગુણોથી સંપન્ન છે; હવે પછી પણ એ કુળ એવીજ સ્થિતિમાં રહે એમ થવું જોઇએ. અયોગ્ય રીતે ચાલનાર કુળના કોઇ પણ જણને સુમાર્ગે ચલાવવો એ તમારૂં કામ છે; દુર્યોધન લોભથી ધર્મ તથા નીતિનું ઉલ્લંઘન કરે એ તમારી શોભા નથી. વૈર કરવું એ નિષ્ફળ છે એમ જાણી જો તમે યોગ્ય સમાધાન કરો તો પાંડવો તમારાજ સહાય થઇને રહે અને તેમ થવાથી પાંડવો તથા તમારા પુત્રો પૃથ્વીમાં એકછત્ર રાજ્ય કરી શકે એમાં કશો સંશય નથી. જો લડાઇ થશે તો બન્ને પક્ષમાં મોટો ક્ષય થઈ જશે. જો તમે સારૂં વલણ પકડો તો સર્વનો બચાવ થાય. આ સઘળા રાજાઓ પરસ્પર હળીમળી અને જમી રમી પાછા પોતાના રાજ્યમાં જાય એમ કરો. બાપવગરના પાંડવોને બાલ્યાવસ્થાથીજ તમે ઉછેરેલા છે, હવે પણ યોગ્ય રીતે તેમનું પાલન કરો. હું બન્ને પક્ષનું શુભ

ઇચ્છીને કહ્યું કે, તમે અનર્થને અર્થરૂપ માની પ્રજાનો નાશ કરોમાં અને અંતક્ષોભમાં લાગેલા તમારા પુત્રોને વારો. પાંડવો તમારી સેવા કરવાને પણ તૈયાર છે અને યુદ્ધ કરવાને પણ તૈયાર છે. તમને જે પથ્ય લાગે તે કરો"

એ પ્રમાણે ધૃતરાષ્ટ્રને સંભળાવી શ્રીકૃષ્ણે જરા ફરી બેસી દુર્યોધનને કહ્યું, કે "દુર્યોધન! મારૂં વચન માન. ક્રૂર અને નિર્લજ્જ નીચ લોકોના જેવું કૃત્ય તારે કરવું જોઇતું નથી. પાંડવોસાથે સમાધાન કરવું એ તારા પિતાને તથા ભીષ્મ-વગેરે સઘળાઓને ગમેછે. તને પણ તે ગમવું જોઇએ. હિતેચ્છુઓનાં વચનો ન માનવાથી પરિણામે પસ્તાવું પડેછે. તું પાંડવોસાથે વિરોધ કરી બીજા મૂઢ લોકોના હાથથી રક્ષણ મેળવવા ઇચ્છેછે એ તારી મોટી ભૂલ થાયછે. સુખ અને ધન ધર્મથી કદી દૂર જઇ શકતાં નથી. તારે ધર્મને રસ્તેજ ચાલવું જોઇએ. દુર્જનોના સમાગમકરતાં પાંડવોનો સમાગમ કરવો એ તારેવાસ્તે સારૂં છે. કર્ણ, દુઃશાસન તથા શકુનિના હાથથી અભ્યુદય થવાનો નથી. મૂઢતાને લીધે તેઓ ધર્મ કે અર્થનું તત્વ જાણતા નથી. પરાક્રમથી પણ પાંડવોને તેઓ પોહોંચી શકે તેમ નથી. આ સઘળા રાજાઓ યુદ્ધમાં ક્રોધ પામેલા ભીમસેનની સામે જોવા પણ સમર્થ નથી. જેનાપર જયનો તું મોટો આધાર રાખેછે તે કર્ણ, અર્જુનને જીતવા કદી પણ સમર્થ થાય તેમ નથી. અર્જુનને જીતી શકે એવો ત્રૈલોક્યમાં કોઈ પણ ઉત્પન્ન થયો નથી. તારી આખી સેનામાં એવો એક પણ યોદ્ધો નથી કે જે અર્જુનની સામે જઈ જીવતો પાછો આવે. દુર્યોધન! વૃથા લોકોનો ક્ષય કરાવવાથી તને શો લાભ થશે? તારા દીકરાઓ, ભાઇઓ તથા સંબંધીઓ કે જેઓ આ સભામાં બેઠેલા છે તેઓનો ક્ષય કરવાનીજ અને પોતાને કુલઘાતક કહેવરાવવાનીજ તારી ઇચ્છા થઈ હોય એમ જણાયછે. તું પાંડવોસાથે સંપ કરીશ તો પાંડવો તને યુવરાજ રહેવા દેશે અને ધૃતરાષ્ટ્રનેજ મહારાજ રહેવા દેશે. બાપ! તું પાંડવોને અરધું રાજ્ય આપ, જીવતો રહે અને સઘળાં સુખો ભોગવ."

આ વખતે ભીષ્મ તથા દ્રોણવગેરે પણ દુર્યોધનને કહેવા લાગ્યા, કે "દુર્યોધન! શ્રીકૃષ્ણનાં વચન માન, નહિતો પ્રજાનો નાશ થશે. ધૃતરાષ્ટ્ર જીવતા છતાંજ તું તેને રાજલક્ષ્મીથી ભ્રષ્ટ કરશે અને અભિમાનને લીધે મંત્રીઓ તથા પુત્ર-પૌત્રાદિક સહિત તું જીવિતથી ભ્રષ્ટ થશે. તારે શ્રીકૃષ્ણનું તથા અમારૂં નહિ માની કુલઘાતકની પદવી મેળવવી જોઈતી નથી અને માબાપને શોકરૂપી સમુદ્રમાં ડુબવા દેવાં જોઇતાં નથી. જે લોકો તને યુદ્ધવાસ્તે ઉત્તેજન આપેછે એઓ

યુદ્ધમાં કશું કામ કરી શકવાના નથી, પણ યુદ્ધનો બોજો અમારા જેવાના ગળામાં નાખી દેવાના છે. જે પક્ષમાં શ્રીકૃષ્ણ અને અર્જુન હોય તે પક્ષને જીતવાને કોઇ પણ સમર્થ નથી." વિદુરે પણ કહ્યું, કે "દુર્યોધન! હું તારે વાસ્તે શોક કરતો નથી પણ તારાં બુઢ્ઢાં માબાપને વાસ્તે શોક કરૂંછું, કે જેઓ તારા જેવા કુલઘાતક પુત્રને ઉત્પન્ન કરી ઘડપણમાં કપાઈ પડેલી પાંખોવાળાં પક્ષીઓની પેઠે દુર્દશામાં સડશે અને રોતાં રોતાં ભીખ માગ્યા કરશે. જ્યાંસુધી શ્રીકૃષ્ણ તથા અર્જુન યુદ્ધમાં તૈયાર થયા નથી, ગાંડીવ ધનુષ સજ્જ થયું નથી, યુધિષ્ઠિર ક્રોધથી તારી સેનાને જોવા લાગ્યા નથી, ભીમસેન હાથમાં ગદા લઇ કદન કરવા લાગ્યો નથી, ધૃષ્ટદ્યુમ્ન, સાત્યકિ તથા વિરાટવગેરે યોદ્ધાઓ બાણોથી યોદ્ધાઓનાં માથાંઓ ઉડાવવા લાગ્યા નથી અને રાજાઓનાં સુકુમાર શરીરોમાં બાણો પડવા લાગ્યાં નથી તે પહેલાં તું પાંડવોની સાથે સંપ કરી લે. તું પ્રણામ કર અને યુધિષ્ઠિર તારી પીઠઉપર હાથ મૂકે કે જેથી સઘળા રાજાઓને આનંદનાં આંસુ આવે. સઘળા રાજાઓમાં સંપ થયાનું જાહેર કરી દે અને ભાઇઓના સંપથી પૃથ્વીનું નિષ્કંટક રાજ્ય કર."

સઘળા બોલી રહ્યાપછી ધૃતરાષ્ટ્રે પણ દુર્યોધનને કહ્યું, કે "ભાઇ! તારે શ્રીકૃષ્ણનું કહ્યું માનવું જોઇએ. શ્રીકૃષ્ણ આપણા સહાય થશે તો આપણે સઘળાં ધારેલાં કાર્યોને પહોંચી શકીશું. તું શ્રીકૃષ્ણસાથે જઈ તેદ્વારા પાંડવોની સાથે સંપ કર. સંપ કરવાની આજ તક છે માટે તેને ખોવી જોઇતી નથી."

શ્રીકૃષ્ણ, ભીષ્મ, દ્રોણ, વિદુર તથા ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળી રહ્યાપછી દુર્મતિ દુર્યોધન ક્રોધથી શ્રીકૃષ્ણને કહેવા લાગ્યો, કે "તમારે મોઢું સંભાળીને બોલવું જોઇએ. તમે પાંડવોપર ભક્તિભાવને લીધે કેવળ મનેજ ધિક્કારોછો. તમે બીજા કોઇને પણ ઠપકો નહિ આપતાં મનેજ ઠપકો આપોછો. મારી કોઇ જાતની જરા પણ ભૂલ મારા જોવામાં આવતી નથી. પાંડવો ખુશીથી જુગાર રમવા આવ્યા અને તેઓને શકુનિએ જીતી લીધા તેમાં મારો શો અપરાધ? પહેલી વારના જુગારમાં તેઓ જે કાંઇ હાર્યા હતા તે સઘળું તેઓને તે વખતેજ પાછું આપવામાં આવ્યું હતું છતાં તેઓ બીજીવાર જુગાર રમવા આવી વનવાસ ગયા તો તેમાં મેં શું ભુંડું કર્યું? મેં અન્યાયથી પાંડવોનું એવું શું ભુંડું કર્યું છે કે, તેઓ અમારી સાથે લડવાને ઇચ્છેછે? અમો ઉગ્ર વચનથી ભય પામી ઇંદ્રને પણ નમીએ નહિ ત્યારે પાંડવોને તો કેમજ નમીએ! શ્રીકૃષ્ણ!

અમોને યુદ્ધમાં હરાવે એવો કોઈ પણ જણ અમારા જોવામાં આવતો નથી. કદાચ અમો લડાઈમાં મરશું તોપણ એ ઉત્તમ છે. યુદ્ધની અંદર બાણોની શય્યામાં સૂવું એજ ક્ષત્રિયોનો મુખ્ય ધર્મ છે. ધર્મથી વર્ત્તનારો ઉંચા કુળનો કયો ક્ષત્રિય આજીવિકાની લાલચથી દુશ્મનને પગે લાગે? હું અજાણ્યો બાળક હતો ત્યારેજ પાંડવોને મારા પિતાએ રાજ્યનો ભાગ આપ્યો હતો. હવે તો સોયની તીખી અણીથી જેટલી ધરતી વીંધાય તેટલી ધરતી પણ અમારે પાંડવોને આપવી નથી."

"મહાત્મા પાંડવોની રાજલક્ષ્મી જોઇ પરિતાપને લીધે તેં તથા શકુનિએ જુગાર રમાડવાનો નીચ વિચાર કર્યો તે તારો અપરાધ નહિ કે? પોતાનાજ ભાઈની સ્ત્રીને સભામાં બળાત્કારથી બોલાવી, તેનાં વસ્ત્રો ખેંચાવ્યાં તથા કેટલાંએક દુર્વચનો સંભળાવ્યાં એ તારો અપરાધ નહિ કે? વનમાં જતી વખતે તારી સંમતિથી દુઃશાસને તથા કર્ણે નીચ ભાપણો કર્યાં એ તારો અપરાધ નહિ કે?" વારણાવતમાં કુંતીસહિત પાંડવોને લાખના ઘરમાં બાળી નાખવાની ગોઠવણ કરી તે તારો અપરાધ નહિ કે? ઝેર દેવાથી, સર્પો કરડાવવાથી તથા બંધનોથી ભીમસેનને મારી નાખવાનો યત્ન કર્યો, દુર્યોધન! એ તારો અપરાધ નહિ કે? વનવાસની મુદત પૂરી થયા પછી પણ પાંડવોનો વાજબી હક ડુબાવવો એ તારો અપરાધ નહિ કે? હું નક્કી કહુંછું કે, તારે માથે કાળચક્રજ ફરેછે."

આપણે આગલા પ્રકરણમાં વાંચી ગયા છીએ કે, દુર્યોધનના મનમાં શ્રીકૃષ્ણને કેદ કરી લેવાનો વિચાર ઘોળાયાજ કરતો હતો અને તેથી તે કંઇ પણ બહાનું ગોતતો હતો. આ વખતે લાગ મળવાથી તે સર્વ લોકોનું અપમાન કરી, એકદમ સભામાંથી ઉઠી ગયો અને એકાંતમાં જઇ કર્ણ, શકુનિ તથા દુઃશાસન-સાથે, કૃષ્ણને પકડવાનો વિચાર ગોઠવવા લાગ્યો અને જણાવ્યું કે "કૃષ્ણ પોતાની ચાલાકીથી ધૃતરાષ્ટ્ર અને ભીષ્મનો મત મેળવી, આપણને હમણાંજ કેદ કરી લેશે માટે તે પહેલાં આપણે તેનેજ કેદ કરી લઇએ તો વધારે સારૂં."

બિચારો દુર્યોધન કૃષ્ણને કેદ કરી લેવાની ગોઠવણ કરતો હતો તે ગુપ્ત રહી શક્યું નહિ. તેની હીલચાલઉપરથી સાત્યકિ તુરત તેનો અભિપ્રાય ચેતી ગયો અને એકદમ સભામાંથી બહાર આવી કૃતવર્માને શ્રીકૃષ્ણની ફોજ તૈયાર

કરવા કહ્યું અને ત્યાંથી પાછા આવી શ્રીકૃષ્ણને ચેતવણી આપી. પછી ધૃતરાષ્ટ્રને તથા વિદુરને કહ્યું કે "મૂઢબુદ્ધિ દુર્યોધનાદિ લોકો, જેમ બાળકો અગ્નિને લુગડાંવતી પકડી લેવા ધારે તેમ શ્રીકૃષ્ણને પકડી લેવા ધારેછે."

"ભલે મને દુર્યોધન કેદ કરી લે. તમોને હમણાંજ જણાશે કે હું એકલો જ એ લોકોને મારી નાખવા સમર્થ છું; પણ તેઓ લોભને લીધે પોતાની મેળેજ મરવાના છે. તેઓએ આવા પ્રકારની દુષ્ટ ગોઠવણ કરી તેથી હું ધારૂંછું કે, યુધિષ્ઠિરનું કામ સિદ્ધ થઇ ચૂકયું છે. હમણાંજ તેઓને પકડી પાંડવોના હાથમાં સોંપું તોપણ કશી વાર લાગે તેમ નથી. પણ એવું નિંદિત કામ કરવા મને શરમ લાગેછે. હું ધૃતરાષ્ટ્રના સઘળા પુત્રોને છુટ આપુંછું કે, તેઓનાથી જે બને તે ભલે કરી લે." શ્રીકૃષ્ણ આ પ્રમાણે બોલતા હતા ત્યાંજ ધૃતરાષ્ટ્રની આજ્ઞાથી વિદુર દુર્યોધનની મરજી નહિ છતાં સભામાં તેને બોલાવી લાવ્યા અને ધૃતરાષ્ટ્ર તેને કહેવા લાગ્યો કે "અરે ક્રૂર! નીચ! પાપી! ક્ષુદ્ર લોકોની સાથે મળી તું ક્ષુદ્ર કામ કરવા ધારેછે! ઇંદ્રાદિ દેવતાઓ પણ જેને પકડી શકે નહિ તેને તું પકડી લેવા હિંમત ધરાવેછે? શ્રીકૃષ્ણનું ભુંડું કરવા ધારતાં તારોંજ વિનાશ થઈ જશે."

'દુર્યોધન! તું મને એકલો જાણી પકડી લેવા ધારેછે પણ હું એકલો નથી. પાંડવો, યાદવો અને ઇંદ્રાદિ દેવતાઓવગેરે સઘળું મારા શરીરમાંજ સમાયેલું છે." એટલું બોલી શ્રીકૃષ્ણે ઉંચા સ્વરથી હાસ્ય કર્યું, કે તરતજ તેમનાં નેત્રો, નાક તથા કાનોમાંથી ધૂમાડાવાળી મહા ભયંકર અગ્નિની જવાલાઓ નીકળવા લાગી. લલાટમાં બ્રહ્મા, છાતીમાં રૂદ્ર, મુખમાં અગ્નિ, જમણા હાથમાં અર્જુન, ડાબા હાથમાં બલભદ્ર, પીઠમાં પાંડવો, અંગોમાં યાદવો અને રૂંવાડાંનાં છિદ્રોમાં અનેક બ્રહ્માંડો દેખાવા લાગ્યાં. શ્રીકૃષ્ણનું આ વિરાટ્રૂપ જોઇ દ્રોણ, ભીષ્મ, વિદુર અને સંજય એ સિવાય બીજા બધા લોકો પોતપોતાનાં નેત્રો મીંચી ગયા. શ્રીકૃષ્ણની કૃપાથી ધૃતરાષ્ટ્ર પણ પોતાની દિવ્ય આંખોવડે તે વિરાટ્ રૂપ જોવા લાગ્યો; ઋષિઓ સ્તુતિ કરવા લાગ્યા, દેવતાઓનાં દંદુભિઓ વાગવા લાગ્યાં, પુષ્પોની વૃષ્ટિ થવા લાગી, પૃથ્વી ચલાયમાન થવા લાગી અને સમુદ્રો ક્ષોભ પામવા લાગ્યા. થોડા વખત પછી પોતાનું દિવ્ય સ્વરૂપ શમાવી પ્રથમના જેવા સ્વરૂપથી સાત્યકિ તથા કૃતવર્માનો હાથ પકડી સભામાંથી ઉઠી બહાર નીકળી શ્રીકૃષ્ણે પોતાના રથમાં બેસવાની તૈયારી કરતાં સઘળા સભાસદોને કહ્યું કે "હવે હું તમારી સઘળાની રજા લઉંછું." એમ બોલી પોતાનો

રથ હાંકવા હુકમ કર્યો. ભીષ્મ, દ્રોણ તથા બીજા પણ સભાસદો તેમને વળાવવા ગયા.

શ્રીકૃષ્ણના ગયા પછી ભીષ્મે ધૃતરાષ્ટ્રને કહ્યું, કે "આ રાજકુમાર દુર્યોધન દુષ્ટ તથા મિથ્યાભિમાની હોવાની સાથે ક્રોધ તથા લોભને વશ્ય છે; તેને તથા તેને અનુસરનારા સઘળા રાજાઓને હું કાળથી પાકી ગયેલા સમજાુંછું. તમોને રૂચે કે ન રૂચે પણ હું જાહેર કરૂંછું કે, તમારે દુર્યોધનનો પક્ષ છોડી દેવો જોઇએ; કુળનું હિત કરવું હોય તો દુર્યોધન, કર્ણ, દુઃશાસન તથા શકુનિને બાંધી પાંડવોના હાથમાં સોંપી દેવા જોઇએ." એ પ્રમાણે ધૃતરાષ્ટ્રને કહ્યા પછી દુર્યોધનતરફ નજર કરી તેણે તેને કહ્યું કે "યુધિષ્ઠિર તારા અપરાધની ક્ષમા કદી કરનાર નથી. તું જાણેછે કે, વિરાટ નગરમાંથી અર્જુને એકલાએજ આપણ બધાને જીતી લીધા હતા અને ગંધર્વોના હાથથી તેણે એકલાએજ તને છોડાવ્યો હતો. આ બે દાખલાથીજ બસ સમજી તારે પાંડવોસાથે સંપ કરવો જોઇએ છીએ. મનમાંથી સઘળો મેલ કહાડી નાખ, શસ્ત્રોને છોડી દે અને યુધિષ્ઠિર પાસે જઈ માફી માગ; એટલે સઘળે શાંતિ થઈ જાય. યુદ્ધ કરવાનો આગ્રહ છોડી દે. આ વખતે તું અમારૂં કહેવું નહિ માને તો પછી જ્યારે ગાંડીવનો ટંકાર અને ભીમસેનનો સિંહનાદ તારા સાંભળવામાં આવશે ત્યારે તારે અવશ્ય પસ્તાવું પડશે."

ભીષ્મનાં હિત વચનોને કાન નહિ દેતાં કાંઇ પણ ઉત્તર આપ્યા વગર ક્રોધથી આડી નજરે દુર્યોધને જોયા કર્યું; તે કોઈ પણ રીતે સમજે તો સારૂં અને માનું કહ્યું પુત્રને વધારે ગળે ઉતરે એમ સમજી ધૃતરાષ્ટ્રે ગાંધારીને બોલાવવા વિદુરને આજ્ઞા કરી.

ધૃતરાષ્ટ્રના બોલાવવાઉપરથી અને કહેવાઉપરથી ગાંધારી ત્યાં આવી દુર્યોધનને કહેવા લાગી, કે "બાપુ! દીકરા! દુર્યોધન! મારૂં વચન સાંભળ; તારૂં કલ્યાણ થાય એમાં મારી પાંતી છે. તારો પિતા, વિદુર, ભીષ્મ, દ્રોણ અને કૃપાચાર્ય જેમ કહે તેમ કર. તું જો એઓનું માને તો તેં મારી મોટી સેવા કરી એમ હું સમજીશ. અતિ તૃષ્ણા અને ક્રોધ રાજ્યથી ભ્રષ્ટ કરેછે. તારે જો રાજા રહેવાની ઇચ્છા હોય તો પાંડવોને અરધું રાજ્ય આપ. તું, કર્ણ, દુઃશાસન અને શકુનિ જે ધારોછો તે કદી પાર પડવાનું નથી; પણ તેમાંથી તો સઘળી પ્રજાના ક્ષયનુંજ પરિણામ આવશે. યુધિષ્ઠિર અને તું રાજ્યના સરખા-

જ હકદાર છો; માણુસોને લોભનું પરિણામ સારૂં આવતુંજ નથી; માટે લોભને છોડી દઇ શાંત થા."

માનાં હિત વચનોનું પણ અપમાન કરી ઐશ્વર્યના લોભથી કાળોતરા નાગની પેઠે ફુંફાટા મારતો દુર્યોધન કંઇ પણ જવાબ આપ્યાવગર એકદમ ચાલતો થયો અને તેની સાથે કૌરવોનાં જીવિત પણ ચાલવાને તૈયાર થયાં.

કૌરવોરૂપ દરદોને પાંડવોરૂપ આતંકનિગ્રહ વગેરે ઔષધપ્રયોગો મારી હઠાવે એમાં કાંઈ આશ્ચર્ય નથી.

પ્રકરણ ૪૯ મું.

પાંડવોને તેમની માએ મોકલેલા સમાચાર.

શ્રીકૃષ્ણે તથા કુંતીએ કર્ણને ફોડવા કરેલી ખટપટ.

શ્રીકૃષ્ણ જ્યારે કૌરવોની સભામાંથી પાંડવોપાસે આવવા તૈયાર થયા ત્યારે પોતાની ફોઇ કુંતીને ફરી મળવાના વિચારથી તેમને ત્યાં જઈ, તેમના ચરણમાં પ્રણામ કરી, ટુંકામાં સભાની હકીકત કહી સંભળાવી અને કહ્યું કે "મેં ઘણાં ઘણાં કારણો દેખાડી ઘણું ઘણું કહ્યું અને બીજા કેટલાએક સુજનોએ પણ ઘણો ઘણો સમજાવ્યા છતાં, દુષ્ટ દુર્યોધન કશું સમજ્યો નહિ. હું ધારૂંછું કે, તે પોતાના પક્ષસહિત કાળથી પાકી રહ્યો છે, એમાં કશો સંદેહ નથી. હવે હું તમારી રજા લઉંછું અને પાંડવોપાસે જાઉંછું. તમારે જે સમાચાર આપવાના હોય તે સુખેથી આપો."

"યુધિષ્ઠિરને મારા તરફથી કહેજો કે, તમારા પૃથ્વીનું પાલન કરવારૂપ ધર્મને ઘણી હાનિ પહોંચેછે. રાજાએ સારી રીતે પાળેલી પ્રજા જે જે ધર્મ કુ-

રેછે તેમાંથી રાજાને ચોથો ભાગ મળેછે. જે પદ્ધતિમાં તમે રહેવાને ઇચ્છોછો તે પદ્ધતિ રાજધર્મથી વિરૂદ્ધ છે. તમે ઋષિમુનિના ધર્મથી વર્ત્તશો એવી તમારા પિતાએ કે મેં તમારા જન્મના સમયમાં આશા રાખી નહોતી. તમે હાથના પરાક્રમથી જીવિકા મેળવનાર ક્ષત્રિય છો. બાપના ડુબી ગયેલા ભાગને પાછો હસ્તગત કરો. તમને જણીને હું રાંકપણામાં વર્તુંછું તથા પરાયા અન્નના ટુકડાઓ ખાઉંછું એ સમાન બીજું ભુંડું શું કહેવાય? તમે બાપદાદાઓનું બોળોમાં, રાજધર્મને અનુસરી યુદ્ધ કરો. જેને ક્રોધજ ન ચડે એવો પુરૂષ નપુંસકની ગણતરીમાં ગણાયછે. સિંહની દાઢ કહાડતાં મરવું એ સારૂં છે પણ કૂતરાની પેઠે ટુકડાઓને વાસ્તે હડહડ થઇને મરવું એ સારૂં નથી. કોઇ રાજાને ઘેર કોઈ પણ માના ઉદરથી તમારા જેવો નમાલો દીકરો જન્મજો માં. તમો ફોતરાંના અગ્નિની પેઠે ધુંધવોમાં, ટીંબરૂનાં ઉબાડીયાંની પેઠે બે ઘડીવાર પણ પ્રજ્વલિત થાઓ. જેનું ચરિત્ર લોકોમાં ચારેકોર પ્રખ્યાતિ પામી ગવાય નહિ, તેને પુરૂષ નહિ સમજવો પણ જણનારીની વિષ્ટારૂપજ સમજવો. સંતોષ અને દયા એઓ લક્ષ્મીને હણીજ નાખેછે. તમો પોતાની છાતીને લોઢાની કરી શત્રુઓથી બાપની મિલકતને છોડાવી લીઓ. જેમાં સાંજે કે સવારે શું ખાશું? એવી ચિંતા રહ્યા કરે તે સ્થિતિજેવી બીજી કોઈ સ્થિતિ ભુંડી નથી. જે ક્ષત્રિય જીવતો રહેવાની આશાથી યથાશક્તિ પરાક્રમ ન દેખાડે તેને ક્ષત્રિય નહિ પણ ચોરજ સમજવો, એમ વિદ્વાનો કહેછે બીજા લોકો આપણો આશ્રય લીએ પણ આપણે કોઇનો આશ્રય લઇએ એ વાજબી નથી. ઇંદ્રને સંતોષથી કે દયાથી નહિ પણ વૃત્રાસુરને મારવાથીજ ઇંદ્રની પદવી મળેલી છે. તમે આવી નપુંસકની વૃત્તિથીજ રહેવાના હો તો તમારૂં જીવવાનું કશું પ્રયોજન નથી. યુદ્ધ કરી શત્રુઓને મારી પોતાનું નામ પ્રખ્યાત કરો. અમો કે જેઓ મુવાં પડેલાં છીએ તેને જીવાડો. યુદ્ધમાં જય થાય તો રાજ્ય મળેછે અને મરણ થાય તો સ્વર્ગ મળેછે. યુદ્ધ કોઈ રીતે હાનિકારક નથી. શત્રુઓની ઉપર તુટી પડો અને તેઓનો ઘાણ કહાડી નાખો. આપણા સ્નેહીઓને શોક કરતા, શત્રુઓને રાજી થતા અને તમને રાંકની પેઠે રહેલા જોવા હું રાજી નથી. તમારા જેવો રૂડો રૂપાળો અને વિદ્વાન્ થઇ જે ધણી બીજાને માથે પડે એવો થાય તેને મરવુંજ સારૂં છે એમ હું માનુંછું. તમને કોઇની પછવાડે ચાલતા અને કોઇની પાસે કાલાવાલા કરતા દેખું તો મારૂં મન કેમ શાંત થાય? બીજાની પછવાડે ચાલે એવો આ કુળમાં કોઈ પણ ઉત્પન્ન થયો નથી. યુદ્ધનો

આ સમય પ્રાપ્ત થયા છતાં જો તમે યુદ્ધ નહિ કરો તો મોટી અપકીર્ત્તિનું પાત્ર થશો. આ સમય જો હું તમને ખરી વાત ન સમજાવું તો મારી જાતને પણ કલંક લાગે. જે ક્ષત્રિયજાતની સ્ત્રી ઉદ્યોગવગરના નમાલા પુત્રને જોઇ રાજી થાય તેને ધિક્કાર છે.”

આ પ્રમાણે યુધિષ્ઠિરને આપવાના સમાચાર આપી વળી પણ કુંતીએ શ્રીકૃષ્ણને કહ્યું કે “ભીમસેન, અર્જુન, નકુલ તથા સહદેવ એઓને પણ કહેજો કે રજપૂતાણી જે કામવાસ્તે દીકરાને જન્મ આપેછે તે કામ કરવાનો આ સમય પ્રાપ્ત થયા છતાં જો તમો તે કામ નહિ કરો તો તમારી માને પેટ વૃથા પડ્યાજ કહેવાશો. શ્રીકૃષ્ણ ! મારા પુત્રો યુદ્ધમાં કદીપણ ઉત્સાહવગરના ન થાય એમ કરજો. કૌરવોએ તેઓને જે જે દુઃખો દીધાં છે તેઓની વારંવાર યાદી આપ્યા કરજો, યુદ્ધમાં તેઓનો વિજય થાય એવી ગોઠવણ કરજો અને મારીવતી દ્રૌપદીની આશ્વાસના કરજો.”

કુંતીનાં વચનો સાંભળી તે સઘળાનો સ્વીકાર કરી, પ્રણામ કરી, અને ત્યાંથી બહાર નીકળી, સૌ લોકોને રજા આપી કર્ણને પોતાની સાથે રથમાં બેસાડી શ્રીકૃષ્ણ પોતાની સેનાસહિત હસ્તિનાપુરમાંથી બહાર નીકળ્યા. દરવાજાબહાર નિકળી, થોડે દૂર જઇ, શ્રીકૃષ્ણે કર્ણને કહ્યું કે “કર્ણ ! તું મહા વિચક્ષણ છે અને સઘળાં ધર્મશાસ્ત્રોનાં રહસ્યને જાણેછે. હું તને એક ખાનગી વાત કહુંછું. કુંતી કુંવારાં હતાં તે સમયે તું તેના ઉદરથી જન્મેલો છે તેથી ધર્મની રીતિપ્રમાણે તું પાંડુરાજાનોજ પુત્ર છો માટે મારી સાથે આવ. હું તને રાજા બનાવી દઉં. હું તને મારીસાથે તેડી જઇ પાંડવોને આ વાત સમજાવીશ. પાંચે પાંડવો તને મોટો ભાઇ ગણી તારા ચરણમાં પડશે. પાંડવોનાં કામને વાસ્તે આવેલા સઘળા રાજાઓ પણ તને પ્રણામ કરશે. પાંડવો, રાજાઓ તથા રાજકન્યાઓ સુવર્ણના કુંભોમાં જળ ભરી તારો પટ્ટાભિષેક કરશે, બ્રાહ્મણો સ્વસ્તિવાચન કરશે, ધૌમ્યમુનિ તારા કલ્યાણને વાસ્તે અગ્નિમાં હોમ કરશે અને હું પોતે પણ તારો પટ્ટાભિષેક કરવામાં સામેલ રહીશ. યુધિષ્ઠિર યુવરાજ થશે અને તું મહારાજ થશે. બીજા ચાર પાંડવો છત્ર ચામર લઇ તારી સેવા કરશે અને અભિમન્યુ સર્વદા તારી હજુરમાં રહેશે. તું પાંડવોસાથે મળી રાજ્ય કર, જેથી કુંતી પ્રસન્ન થાય, મિત્રો રાજી રહે અને શત્રુઓ ખેદ પામે.”

“શ્રીકૃષ્ણ ! તમે સ્નેહથી, મિત્રપણાથી તથા મારૂં હિત ઇચ્છી કહોછો એ

વાત નિઃસંશય છે. હું સૂર્યનારાયણના વીર્યથી કુંતીમાં ઉત્પન્ન થયોછું અને તેનાજ વચનથી કુંતીએ મને નાખી દીધો હતો એ વાત મારા જાણવામાં છે. આરીતે જો કે ધર્મશાસ્ત્રોની મર્યાદાપ્રમાણે હું પાંડુનોજ પુત્ર છું તોપણ અધિરથ તથા તેની સ્ત્રી રાધાએ મને ઉછેરી મોટો કર્યો છે. મારાં વિષ્ટા મૂત્ર પણ રાધાએજ ઉસરડેલાં છે, માટે મારાથી હવે કુંતીનો પુત્ર થઇ રાધાને ફચવાવી શકાય નહિ તથા તેના પિંડદાનનો લોપ કરી શકાય નહિ. કુંતીએ તો મને બહુજ ભુંડી રીતે ફેંકી દીધો હતો. અધિરથ મને પુત્ર સમજેછે, હું તેમને પિતા સમજુંછું. મારા જાતકર્માદિ સંસ્કારો પણ તેણેજ કરાવેલા છે. હું જુવાન થયો ત્યારે અધિરથની જાતમાંથીજ સ્ત્રીઓ પરણેલો છું. એ સ્ત્રીઓમાંજ મને પુત્ર પૌત્રો ઉત્પન્ન થએલા છે તથા તે સ્ત્રીઓમાંજ મારૂં મન બંધાઇ ગયેલું છે. એ સઘળાંને હું રાજ્યની લાલચથી કે કોઇ પ્રકારની બીકથી પણ છોડી દેવાને યોગ્ય ધારતો નથી. શ્રીકૃષ્ણ! મેં દુર્યોધનના આશ્રયથી તેર વર્ષસુધી નિષ્કંટક રાજ્યાધિકાર ભોગવ્યો છે અને કેવળ મારા ભરોસાથીજ દુર્યોધને પાંડવોની સાથે આ વિગ્રહ આરંભેલો છે. રાજ્યની લાલચથી, મોતની બીકથી કે બીજાં કોઇ કારણથી પણ હું દુર્યોધનને છોડું એ મારાથી બની શકવાતુંજ નથી. હું કૃતઘ્નપણાનો અને વિશ્વાસઘાતનો દોષ મારે માથે કદી લઇશ નહિ. 'કર્ણ અર્જુનની સાથે લડશે.' એવી દુર્યોધનની લાંબા કાળની આશાનો ભંગ મારાથી કેમજ બને? આજ હું અર્જુનની સાથે નહિ લડતાં તેની સાથે મળી જાઉં તો મારી અને અર્જુનની બન્નેની અપકીર્ત્તિ થાય. શ્રીકૃષ્ણ! પાંડવો તમને વશ્ય છે, તેથી જેમ તમે કહો તેમ કરે એ વાત નિઃસંશય છે, તો પણ મારાથી પાંડવોના પક્ષમાં આવી શકાય એમ નથી. હું તમારી પાસેથી માગી લઉંછું કે, કર્ણ કુંતીનો પુત્ર છે એ વાત તમે કોઇની પાસે જણાવશો નહિ. હવે હું રજા લઉંછું."

આ પ્રમાણે કહી, સારી પેઠે આલિંગન કરી, કર્ણ રથમાંથી ઉતર્યો અને શ્રીકૃષ્ણ પોતે ઉપપ્લવ્યતરફ ચાલતા થયા.

શ્રીકૃષ્ણના ગયા પછી કુંતીના મનમાં એક એવો વિચાર ઉત્પન્ન થયો કે દ્રોણ તથા ભીષ્મ દુર્યોધનના પક્ષમાં રહેશે તોપણ પાંડવોને કદી હાડ જશે નહિ. પણ કર્ણ જે દુષ્ટ, આગ્રહી, બળવાન અને દુર્યોધનનો પરમ મિત્ર છે તે પાંડવોનું ભુંડું કર્યાવિના કદી રહેશે નહિ. માટે આ વખતે કર્ણના મનને

પાંડવોના પક્ષમાં ખેંચવાની ગોઠવણ કરવી મને યોગ્ય લાગેછે. કર્ણ પણ મારી કુંવારી અવસ્થાનો પુત્ર છે માટે મારૂં કહેવું કેમ નહિ માને? આવો વિચાર કરી કુંતી કોઈ પણ ન જાણે એવી રીતે ગંગાજીને કિનારે કર્ણની પાસે ગયાં. આ વખતે કર્ણ ઉંચા હાથ કરી મધ્યાહ્ન કાલનું સૂર્યોપસ્થાન કરતો હતો. સૂર્યના તાપથી પીડાએલાં કુંતી કર્ણના વસ્ત્રની છાયામાં ઉભાં રહ્યાં. પોતાનો જપ પૂરો થઇ રહેતાં કર્ણ પ્રદક્ષિણા ફર્યો કે પાછળ કુંતી ઉભેલાં તેના જોવામાં આવ્યાં. કુંતીને જોઈ પ્રણામ કરી, હાથ જોડી, કર્ણે કહ્યું કે "હું અધિરથ અને રાધાનો પુત્ર કર્ણ તમને પ્રણામ કરૂંછું. તમે અહીં શામાટે આવ્યાં છો ? કહો હું તમારૂં શું કામ કરી આપું?"

"તું રાધા તથા અધિરથનો પુત્ર નથી પણ આ કુંતીનોજ પુત્ર છે. હું મારા પિતાને ઘેર કુંવારી હતી ત્યારે સૂર્યનારાયણથી મારા ઉદરમાં તું ઉત્પન્ન થયેલો છે. તું તારા સાચા ભાઇઓને મોહથી નહિ જાણી ધૃતરાષ્ટ્રના પુત્રોની સેવા કરેછે એ તને ઘટતું નથી. પુત્ર ! સઘળી રીતે માતાને રાજી કરવી એજ પુત્રનો ધર્મ છે. પ્રથમ અર્જુને મેળવેલી અને પાછળથી દુષ્ટ લોકોએ હરી લીધેલી યુધિષ્ઠિરની લક્ષ્મીને ધૃતરાષ્ટ્રના પુત્રો પાસેથી ખેંચી લઇ તું ભોગવ. આજ, કૌરવો, કર્ણ તથા અર્જુનના સંપને જોઈનમી દીએ અને જેવા શ્રીકૃષ્ણ તથા બલભદ્ર ગણાયછે તેવાજ કર્ણ તથા અર્જુન ગણાઓ એમ હું ઇચ્છુંછું. તારો અને અર્જુનનો સંપ થતાં કયું કામ અસાધ્ય રહે ? કર્ણ ! તું સઘળા સદ્ગુણોથી સંપન્ન છો અને સઘળા ભાઇઓમાં મોટો છો. પાંચ ભાઇઓના સમાગમથી અવસ્ય તુંને ભારે શોભા પ્રાપ્ત થશે."

"હું તમારાં વચનોને સ્વીકારતો નથી. તમારા કહ્યા પ્રમાણે ચાલું તો ધર્મનો નાશ થાય. તમે મને નાખી દઈ મારૂં એવું ભુંડું કર્યું કે, તેથી મારાં માહાત્મ્યનો નાશ થયો. હું ક્ષત્રિયજાતની માતાના ઉદરથી જન્મી ક્ષત્રિયજાતિના સંસ્કારોને પ્રાપ્ત ન થયો, એ સમાન બીજું શું ભુંડું ! શત્રુ પણ એથી વધારે બીજું ભુંડું શું કરે ? ક્ષત્રિયજાતિના સંસ્કારો કરવાના સમયમાં મારા ઉપર જરા પણ દયા નહિ આવી અને આ સમય મને કહેવા આવ્યાં! તમે માએ કરવું જોઇએ એવું મારૂં કાંઈ પણ હિત કર્યું નથી, પણ આજ કેવળ પોતાના સ્વાર્થને વાસ્તેજ મને સમજાવવા આવ્યાં છો. હું પાંડવોનો ભાઇ નથીજ એમ જણાયેલું છે તે આજ યુદ્ધનો સમય પ્રાપ્ત થતાં ભાઈપણાથી પ્રસિદ્ધ થાઉં અને પાંડવોને મળું તો ક્ષત્રિયો મને શું કહે? ધૃતરાષ્ટ્રના

પુત્રો જેઓ પાંડવોની સાથે વૈર બાંધી મારાઉપર પ્રાણથી પણ વધારે પ્રેમ રાખેછે, મારા બળથીજ શત્રુઓને હરાવવાની લાંબા કાળથી આશા ધરી બેઠા છે અને ધન તથા સત્કારવગેરેથી મારૂં ઘણું ઘણું પૂજન કર્યા કરેછે, એઓનો આ સમયે મારાથી ત્યાગ કેમ કરી શકાય ? જે સેવકો ધણીનું ખાઇ પી સમય આવે ત્યારે કૃતઘ્ન થઇ બેસે તેઓનું આ લોકમાં કે પરલોકમાં કયાંય કલ્યાણ થાય નહિ. સત્પુરૂષોને લાયક ભલાઈ બચાવવાને ખાતર તમારૂં વચન નહિ માનતાં હું તમારા પુત્રોની સાથે યુદ્ધ કરીશ, એ ખરેખર કહુંછું, પણ તમારા આ પરિશ્રમને વૃથા નહિ કરવાવાસ્તે હું તમને વચન આપુંછું, કે યુધિષ્ઠિર, ભીમસેન, નકુલ અને સહદેવ કે જેઓ મારા વડીઆ નથી, તેઓ મારા હાથમાં આવી જશે તોપણ હું તેઓનો વધ કરીશ નહિ. અર્જુન તો મારો વડીઓ છે, તેથી જો તે મારા હાથમાં આવશે તો અવસ્ય હું તેને મારી નાખીશ. હું અર્જુનને મારીશ અથવા અર્જુન મને મારશે તોપણ તેમાં મારી મોટી કીર્તિ છે એમ સમજાુંછું. અર્જુન મરશે તોપણ તમારા પાંચના પાંચ પુત્રો રહેશે અને હું મરીશ તોપણ તમારા પાંચના પાંચ પુત્રો રહેશે.”

કર્ણનાં વચન સાંભળી દુઃખથી ધ્રુજવા લાગેલાં કુંતીએ કર્ણનું આલિંગન કરીને કહ્યું કે “ક્ષત્રિયોનો ક્ષય થવાનુંજ ભવિષ્ય છે એમ જણાયછે. પણ યુધિષ્ઠિર આદિ ચાર ભાઇઓને નહિ મારવાનું જે વચન આપ્યું છે તેનું યુદ્ધમાં સ્મરણ રાખજે.”

આ પ્રમાણે વાતચિત કરી કુતી અને કર્ણ ત્યાંથી જુદાં પડી પોતપોતાને ઘેર ગયાં.

પ્રકરણ ૫૦ મું.

કુરૂક્ષેત્રમાં સૈન્યનો જમાવ.

ભીષ્મ તથા ધૃષ્ટદ્યુમ્નનો સેનાપતિપણામાં અભિષેક.

શ્રીકૃષ્ણ પોતાની ધારેલી મુરાદ પાર પાડ્યાવિના પાછા પાંડવો પાસે ગયા માટે તે હવે પાંડવોને અવશ્ય યુદ્ધ કરવા ઉત્સાહ ચડાવશે અને લડાઈ કરાવશે. જે લડાઈ થશે તે પણ અદ્ભુત થશે. માટે હવે આલસ્ય છોડી યુદ્ધ કરવા તૈયાર થઇ રહેવું જોઇએ. એમ વિચારી દુર્યોધને કર્ણ, દુઃશાસન તથા શકુનિને યુદ્ધની સઘળી ગોઠવણ કરવા આજ્ઞા આપી. લડાઇ કરવાનાં સ્થાનકમાં પોતાની સહાયતામાટે આવેલા રાજાઓસારૂ સંપૂર્ણ અવકાશવાળા, પદાર્થોની આવક જાવક થવામાં શત્રુઓથી કોઇ જાતની અડચણ નાખી શકાય નહિ એવા અને અનેક પ્રકારનાં આયુધોથી ભરપૂર, સારી બાંધણીવાળા અને ધ્વજા પતાકાઓથી સુશોભિત સેંકડો ઉતારાઓ તૈયાર કરાવવા તથા સેનાને ચાલવાવાસ્તે રસ્તાઓ સાફ કરાવવા આજ્ઞા આપી.

રાજાઓને પણ યુદ્ધનાં આમંત્રણ મોકલ્યાં અને બીજી પણ સંગ્રામને લગતી ઘણી ઘણી તૈયારીઓ કરાવી.

લડાઇને માટે તોમરો, ભાથાંઓ, ધનુષો, ખડ્ગો, ગદાઓ, લાકડીઓ, ભોગળો, સાંગો તથા બીજાં પણ અનેક આયુધો ગોઠવાવ્યાં. વિચિત્ર પ્રકારની દોરીઓ, તેલ, ગોળ, રેતી, રાળ, ઘડાઓ, છરીઓ, ગોફણો, પથરાઓ, મીણ, મુદ્‌ગરો, સુંડલા, સુપડાં, દાતરડાં, અંકુશો, કુવાડાઓ, વાંસલા, ખીલા, લોઢાના પાટાઓ, કરવતો, બખતરો, કોદાળીઓ અને એવા બીજા પણ ઘણાઘણા લડાઇને ઉપયોગી પદાર્થો મોકલાવ્યા. એક એક રથને ચાર ચાર ઉત્તમ ઘોડાઓ જોડવામાં આવ્યા. ઘોડાની જાતને જાણનારા, ઉત્તમ કુળવાળા, શૂર અને શસ્ત્રવિદ્યામાં પણ નિપુણ સારથિઓ ગોઠવવામાં આવ્યા. એક એક રથમાં એક એક યોદ્ધા, એક એક સારથિ અને બબ્બે ચક્રરક્ષક એમ નિમવામાં આવ્યા. એક એક હાથીઉપર બે ધનુષ ધરનાર, બે જણ તરવારવાળા, એક જણ સાંગવાળો અને બે જણ અંકુશ ધરનારા એ પ્રમાણે સાત જણ મુકરર કરવામાં આવ્યા. દરેક સેનાઓનાં ચિન્હોમાટે પ્યાદલોના જુદા જુદા વેષો, જુદાં જુદાં બખ્તરો, જુદાં જુદાં શસ્ત્રો અને જુદી જુદી માળાઓ ધરાવવામાં આવી. ઘોડાઓ પણ અસાધારણ રીતે સઘળી તરેહનાં લક્ષણોવાળા તૈયાર કરવામાં આવ્યા અને પ્રત્યેક સેનામાટે જુદા જુદા વૈદ્યોની પણ નીમણુક કરવામાં આવી. એકવીશ હજાર આઠસો સિત્તેર હાથી, તેટલાજ રથ, પાંસઠ હજાર છસોને દશ ઘોડા તથા એક લાખ નવ હજાર ત્રણસોને પચાસ પ્યાદલ; એ પ્રમાણે મળી એક અક્ષૌહિણી સેના કહેવાયછે. એવી અગિયાર અક્ષૌહિણી સેના દુર્યોધનના પક્ષમાં એકઠી થઇ. કૌરવોની એકઠી થયેલી અગિયાર અક્ષૌહિણી સેનામાં કૃતવર્મા યાદવ, જયદ્રથ, કંબોજ દેશનો રાજા સુદક્ષિણ, માહિષ્મતીનો અધિપતિ નીલ, બિંદ, અનુબિંદ, કેકય દેશના પાંચ રાજાઓ, અને કામરૂ દેશનો રાજા ભગદત્ત ઇત્યાદિ મુખ્ય રાજાઓ હતા.

દુર્યોધને એ અગિયાર અક્ષૌહિણી સેનામાં કૃપાચાર્ય, દ્રોણાચાર્ય, શલ્ય, જયદ્રથ, સુદક્ષિણ રાજા, કૃતવર્મા યાદવ, અશ્વત્થામા, કર્ણ, ભૂરિશ્રવા, શકુનિ અને બાહ્લીક રાજા એ અગિયાર જણને મુખ્ય ઠરાવ્યા અને તેમનું પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે પૂજન ચાલુ રાખ્યું.

સૈન્યસંબંધી ગોઠવણ સંપૂર્ણ થયાપછી દુર્યોધનના મનમાં એવો વિચાર ઉત્પન્ન થયો કે, જો સેનાનો એક મુખ્ય સેનાપતિ ન હોય તો લડાઈમાં મોટી

સેના પણ વીંખાઇ જાય. સેનાઓમાં જે જે મુખ્ય ગણાતા હોય તેઓને પરસ્પરની સાથે સ્પર્ધા પણ હોયજ. જેના સૈન્યમાં શૂર, હિતેચ્છુ અને નિર્દોષ પુરૂષ સેનાપતિ હોય તેજ વિજય મેળવેછે. પૂર્વે બ્રાહ્મણો અને ક્ષત્રિયો વચ્ચે મોટી લડાઇ ઉત્પન્ન થઈ હતી તેમાં બ્રાહ્મણોની મોટી સંખ્યા છતાં તેઓનો કોઇ સેનાપતિ ન હોવાને લીધે તેઓ હારી ગયા હતા. આ પ્રમાણે વિચાર કરી ભીષ્મ પોતાની સેનાના અધિપતિ થાય તો સારૂં; એમ ધારી તેણે ઉપરનાં સઘળાં કારણો બતાવી ભીષ્મને સેનાધિપતિ થવા અરજ કરી.

"મારે પાંડવોની સાથે જેટલો સંબંધ છે તેટલોજ તારીસાથે છે. તોપણ મારો ઠરાવ છે કે, મારે પાંડવોનું ભલું બોલવું અને તારે વાસ્તે યુદ્ધ કરવું. એક અર્જુનસિવાય સઘળી પૃથ્વીમાં મારી સામે લડી શકે એવો કોઇ પણ જણ નથી. હું મારાં શસ્ત્રબળથીજ ક્ષણમાત્રમાં સઘળા જગતને ભસ્મ કરી નાખવા શક્તિ ધરાવુંછું, પણ તેથી મોટો અનર્થ થાય. આ અનર્થથી બચવાસારૂ અને પાંડુના પુત્રોને મારે મારવા નથી એટલામાટે સેનાધિપતિપણું લેવા પહેલાં તારીસાથે એટલી બોલી કરૂંછું કે, હું જીવતો હોઇશ ત્યાં સુધી નિત્ય દશ હજાર યોદ્ધાઓને મારીશ. વળી બીજી પણ એક શરત કરૂંછું કે, હું લડું ત્યાંસુધી કર્ણ લડે નહિ. કારણ કે તેણે પણ તેવીજ પ્રતિજ્ઞા લીધી છે અને તે કદાચ લડે તો તેટલા દિવસ હું લડું નહિ. કારણકે કર્ણ મારી સાથે સર્વદા સ્પર્દ્ધા કરેછે, તેથી મારા પરાક્રમનો યશ કર્ણને આપવા હું રાજી નથી."

ભીષ્મની સઘળી માગણીનો સ્વીકાર કરી દુર્યોધને તેનો સેનાધિપતિપણામાં અભિષેક કર્યો. આ વખતે સેંકડો વાજાંઓ વાગવા લાગ્યાં અને યોદ્ધાઓ સિંહનાદ કરવા લાગ્યા. ભીષ્મને સેનાપતિ કરી બ્રાહ્મણોપાસે સ્વસ્તિવાચન કરાવી તેમને સુવર્ણ તથા ગાયોવગેરેનાં ઘણાં ઘણાં દાન આપી અતિ પ્રબળ સેનાને સાથે લઇ ગાજતે વાજતે દુર્યોધને કુરૂક્ષેત્રમાં જઇને પડાવ કર્યો.

શ્રીકૃષ્ણે હસ્તિનાપુરમાંથી આવી પાંડવોને કહ્યું કે "દુર્યોધનને સભામાં મેં, દ્રોણે, ભીષ્મે, વિદુરે, ધૃતરાષ્ટ્રે તથા ગાંધારીએ સંપ કરવાને ઘણું ઘણું સમજાવ્યો તોપણ તે અભાગીઓ કોઇ રીતે સમજ્યો નહિ. તે સમજ્યો નહિ ત્યારે મેં સઘળા રાજાઓને તેના પક્ષમાંથી ફોડવાની તજવીજ પણ કરી, કેટલાએક ચમત્કારો પણ દેખાડ્યા, રાજાઓની સમક્ષ દુર્યોધનના અપરાધો પણ સાબીત કર્યા અને છેલ્લી વારે કર્ણને પણ ફોડવાની ગોઠવણ કરી તોપણ કોઇ

રીતે સપાડે બેઠે નહિ. તેથી એ દુષ્ટને યુદ્ધથી ભયંકર શિક્ષા કરવી એજ મને યોગ્ય લાગેછે. મારા સાંભળવામાં પણ આવ્યું છે કે, દુષ્ટ કૌરવે ભીષ્મને સેનાપતિ કરી કુરૂક્ષેત્રના મેદાનમાં જઇ ચૂક્યા છે."

પાંડવોએ શ્રીકૃષ્ણની સલાહથી પ્રથમથીજ સેના એકઠી કરવા માંડી હતી અને તેથી તેના પક્ષમાં કુલ એકંદર સાત અક્ષૌહિણી સેનાનો જમાવ થયો હતો. તેમાં દ્રુપદ, વિરાટ, સાત્યકિ, શિશુપાળનો પુત્ર ધૃષ્ટકેતુ, જરાસંધનો પુત્ર જયત્સેન અને પાંડ્ય રાજા એઓ મુખ્ય હતા. આ વખતે શ્રીકૃષ્ણની સલાહથી સઘળા ભાઇઓને તથા સભાસદોને યુધિષ્ઠિરે જાહેર કર્યું કે "દુર્યોધન કોઈ રીતે સમજ્યો નહિ તેથી હવે યુદ્ધવિના છુટકોજ નથી, માટે હવે સેનાઓના વિભાગ કરો." આ પ્રમાણે આજ્ઞા આપી દ્રુપદ, વિરાટ, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, સાત્યકિ, ચેકિતાન રાજા અને ભીમસેન એ સાત જણાઓને એક એક અક્ષૌહિણીમાં મુખ્ય ઠરાવ્યા. ભીષ્મની સાથે બરાબર ટક્કર લઈ શકે એવો એક મુખ્ય સેનાપતિ ઠરાવવાનો વિચાર થતાં સૌએ પોતપોતાના જૂદા જૂદા મત જાહેર કર્યા. સહદેવે વિરાટને, નકુલે દ્રુપદને, અર્જુને ધૃષ્ટદ્યુમ્નને અને ભીમસેને શિખંડીને સેનાધિપતિ કરવાનો મત જણાવ્યો. છેલ્લે શ્રીકૃષ્ણની સલાહથી ધૃષ્ટદ્યુમ્નને સેનાધિપતિ કરવાનો મત કાયમ રહ્યો. તેથી તેનો અભિષેક કર્યો. આ સમયે યોદ્ધાઓ સિંહનાદ કરવા લાગ્યા, રથો, ઘોડાઓ તથા હાથીઓના પ્રબળ શબ્દો થવા લાગ્યા, સમુદ્રજેવાં મોટાં સૈન્યની કૂચ થઇ, વાજાંઓ વાગવા લાગ્યાં અને સઘળા રાજાઓથી વીંટાઇ યુધિષ્ઠિરે પ્રયાણ કર્યું. ગાડાંઓ, બજારો, ખજાના, યંત્રો, વૈદ્યો અને આયુધોના સમૂહો વગેરે રવાના કરવામાં આવ્યાં. બ્રાહ્મણો સ્વસ્તિવાચનના મંત્રો બોલવા લાગ્યા. દક્ષિણાઓ દેવાવા લાગી અને મોટો ઘોંઘાટ મચી રહ્યો. કુરૂક્ષેત્રના મેદાનમાં આવી શંખોના નાદો કરી પાંડવોએ પણ પોતાની સેનાનો ત્યાં પડાવ કર્યો. શ્રીકૃષ્ણ અને અર્જુન બંદોબસ્તવાસ્તે ત્યાં ફરવા લાગ્યા, ધૃષ્ટદ્યુમ્ન અને સાત્યકિએ સઘળી સેનાના ઉતારાને વાસ્તે બંદોબસ્ત કર્યો, રક્ષણને વાસ્તે જૂદાં જૂદાં સૈન્યો રાખવામાં આવ્યાં. બીજા રાજાઓના પણ પાંડવો જેવાજ ઉતારાઓ કરાવવામાં આવ્યા. ફરતી ખાઇ ખોદાવવામાં આવી, અન્નપાનો તથા કાષ્ટોવગેરેની સગવડો કરાવવામાં આવી, પગારો આપી હજારો કારીગરોને રાખવામાં આવ્યા અને ઉપયોગી પદાર્થોના મોટા મોટા ગંજો કરી રાખવામાં આવ્યા. દાસ તથા દાસીઓથી વીંટાયેલાં દ્રૌપદી તો બીજી સ્ત્રીઓસાથે ઉપપ્લવ્યમાંજ રહ્યાં.

આ ઠેકાણે એટલી વાત જણાવવી જોઇએ કે, જ્યારે કૌરવો તથા પાંડવોએ પોતપોતાની સેના એકઠી કરવા રાજાઓને નિમંત્રણ મોકલ્યાં હતાં ત્યારે, પાંડવોએ મોકલેલાં નિમંત્રણઉપરથી નકુલ તથા સહદેવનો મામો મદ્રદેશનો રાજા શલ્ય પોતાના મહારથિ પુત્રોને તથા મોટાં સૈન્યને સાથે લઈ પાંડવોની પાસે આવવા પોતાના દેશમાંથી ચાલ્યો. એ રાજા જ્યાં જ્યાં રસ્તામાં ઉતારા કરતો હતો ત્યાં ત્યાં તેની સેનાનો પડાવ છ ગાઉમાં થતો હતો. તેની સાથેના યોદ્ધાઓ વિચિત્ર વેષ, બખતર, આયુધ તથા મોટાં સામર્થ્યવાળા હતા. મહાત્મા અને મહારથિ શલ્ય રાજાને પાંડવોની પાસે આવતો સાંભળી દુર્યોધને રસ્તાનાં દરેક સ્થળોમાં પોતાના કારભારી મોકલી તે તે સ્થળોમાં રમણીય ઉતારાઓ, અતિ ઉત્તમ વિચિત્ર અન્નપાનો અને બીજા પણ અપૂર્વ વૈભવોથી તેની સરભરા કરવા માંડી. આ સઘળી સરભરા પાંડવોથીજ થાયછે એમ શલ્ય રાજા માનતો હતો. સરભરાઓથી રાજી થઇ સરભરા કરનારાઓને મનમાનતું આપી રાજી કરવાનો તેણે ઠરાવ કર્યો. આ વાતની ખબર પડતાં દુર્યોધન ગુપ્તરીતે શલ્યને મળ્યો. શલ્યે તેનું આલિંગન કર્યું અને બોલ્યો, કે "દુર્યોધન! જે તારે જોઇતું હોય તે માગ." "મામા! તમે તમારા બોલવાને અવસ્ય પાળશોજ એવો મને સંપૂર્ણ વિશ્વાસ છે; તેથી માગું છું કે, તમે આ સઘળી સેનાસહિત મને સહાયતા આપો." પોતાનું વચન પાળવામાટે "હું મારી સેનાસહિત તમારા પક્ષમાં રહીને પાંડવોની સાથે લડીશ." એ પ્રમાણે વચન આપી શલ્ય પાંડવોને મળવા ગયો; ત્યાં જઈ તેમને મળી કુશળ પૂછી કેટલીએક વાતો કરી તેમને કહ્યું કે "તમને વનવાસમાંથી મુક્ત થયેલા જોઇ હું રાજી થાઉં છું. તમે બધા ભાઇઓએ દ્રૌપદીસહિત મહા વિષમ તેર વર્ષ કહાડ્યાં એ મહા દુષ્કર કામ કર્યું. તમોને ઘણા દિવસ ભારે દુઃખ વેઠવું પડ્યું; પણ હવે સઘળા શત્રુઓને મારી તમે સુખ પામશો. દુર્યોધને કરેલી સરભરાઓ તમારાથી થયેલી મારા સમજવામાં આવી, એથી દુર્યોધનને મારાથી વચન અપાઈ ગયું છે; માટે હું દુર્યોધનના પક્ષમાં જાઉં છું; ક્ષમા કરજો."

"મામા! જે વચન અપાઈ ગયું હોય તે પાળવું જોઇએ. માટે સુખેથી દુર્યોધનના પક્ષમાં જાઓ. પરંતુ હું પણ એક વચન માગી લઉં છું કે તમે શ્રીકૃષ્ણ જેવા છો તેથી કર્ણ અર્જુનની સાથેના યુદ્ધના સમયમાં તમને સારથિ કર્યાવગર રહેશે નહિ. તેથી તમે જ્યારે કર્ણના સારથિ થાઓ ત્યારે તમારે અર્જુનનો બચાવ કરવો અને કર્ણના ઉત્સાહનો ભંગ કરવો."

આ પ્રમાણે યુધિષ્ઠિરે માગેલું વચન આપી દુર્યોધનના પક્ષમાં જતી વખત શલ્યે કહ્યું કે "કર્ણ મને શ્રીકૃષ્ણ જેવો માનેછે તેથી મને પોતાનો સારથિ કર્યા વગર રહેશેજ નહિ. હું તેનો સારથિ પણ થઇશજ અને સારથિ થઇ એવાં દુર્વચનો કહીશ કે, તેથી કર્ણનો ગર્વ તથા ઉત્સાહ ત્રુટી જશે અને બીજું પણ જે કાંઈ તમારૂં હિત મારાથી બની શકશે તે કરીશ."

બીજી પણ એક બાબત આ ઠેકાણે જણાવવાની જરૂર છે કે, દુર્યોધન તથા અર્જુન એ બન્ને લડાઇની તૈયારી થયા પહેલાં શ્રીકૃષ્ણની મદદ માગવા ગયા હતા. દુર્યોધન શ્રીકૃષ્ણના દરબારમાં પ્રથમ પોહોંચ્યો હતો પણ તે વખતે કૃષ્ણ પોઢી ગયા હતા, તેથી દુર્યોધન તેના ઓશીકા પાછળના આસનપર બેઠો અને અર્જુન જરા મોડો પોહોંચવાથી તેમના ચરણની આગળ હાથ જોડીને ઉભો રહ્યો. જાગ્યા પછી શ્રીકૃષ્ણે બન્નેને આવકાર દઇ યોગ્ય સત્કાર કરી બન્નેને પોતાની પાસે આવવાનું કારણ પૂછ્યું.

"અમારા તથા પાંડવોવચ્ચે જે વિગ્રહ થવાનો છે તે આપ જાણોછો, તેથી આપે મને સહાયતા આપવી જોઇએ. જો કે આપને મારી અને અર્જુનની સાથે સરખી મિત્રતા અને સંબંધ પણ સરખો છે. તોપણ હું આપની પાસે પ્રથમ આવ્યો છું અને અર્જુન પાછળથી આવેલ છે. જે પ્રથમ આવે તેનો પ્રથમ સ્વીકાર કરવો એ સજ્જનોની રીતિ છે. આપ સજ્જનોમાં મુખ્ય છો તેથી તેજ પદ્ધતિને અનુસરી આપે મને સહાયતા આપવી જોઇએ."

"દુર્યોધન ! તમે પ્રથમ આવ્યા છો એ વાત ખરી છે, પણ મારી દૃષ્ટિ પ્રથમ અર્જુનઉપર પડી છે. તમે પ્રથમ આવ્યા છો અને અર્જુન પ્રથમ જોવામાં આવ્યો છે, માટે હું બન્નેને સહાયતા કરીશ. પરંતુ બાળકની મરજી પ્રથમ પૂછવી જોઇએ એ પદ્ધતિ છે. તેથી હું કહું છું કે, એક પક્ષમાં હું એકલો રહીશ. પણ હથીઆર પકડી યુદ્ધ કરીશ નહિ; અને બીજા પક્ષમાં મારી નારાયણ એ નામથી ઓળખાતા ગોવાળીઆઓની ખાનગી મોટી સેના છે તે આપીશ. આ બન્ને વાતમાંથી મરજીમુજબ અર્જુન પ્રથમ માગી લીએ."

શ્રીકૃષ્ણના ઉપર પ્રમાણે બોલવાઉપરથી અર્જુને ફક્ત શ્રીકૃષ્ણનીજ સહાયતા માગી હતી. શ્રીકૃષ્ણની મદદ માગવા પ્રમાણે દુર્યોધને બલભદ્રની પણ મદદ માગી હતી. પરંતુ "શ્રીકૃષ્ણ હોય તે પક્ષને છોડી મારાથી બીજા પક્ષમાં રહેવાયજ નહિ." એવો બલભદ્રનો નિશ્ચય હતો ; તેથી તેમણે દુર્યોધનને મદદ આપવા ના કહી હતી. બલભદ્રનું આલિંગન કરી દુર્યોધન કૃતવર્માની પાસે ગયો

હતો. તેણે પોતાની એક અક્ષૌહિણી સેનાસહિત જાતે આવવાને સ્વીકાર્યું હતું.

બન્ને પક્ષ, સૈન્ય એકઠું કરવામાં રોકાયા હતા તે વખતે ભીષ્મક રાજાનો પુત્ર મહાપરાક્રમી રૂકમી પોતાની એક અક્ષૌહિણી સેનાસહિત પાંડવોપાસે આવી બડાઇથી અર્જુનને કહેવા લાગ્યો કે "જો તમે શત્રુઓથી બીતા હો તો હું તમારી સહાયતામાં રહેવા તૈયાર છું. દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, ભીષ્મ અને કર્ણ એઓમાંથી જે મારા ભાગમાં આવે તેને હું મારી નાખવા સમર્થ છું."

"પાંડુનો પુત્ર, શ્રીકૃષ્ણની સહાયતાવાળો, દ્રોણાચાર્યનો શિષ્ય અને ગાંડીવ ધનુષનો ધરનાર આ અર્જુન "હું બીઉંછું" એમ તો કેમજ બોલે? મેં ઘણે ઘણે ઠેકાણે યુદ્ધ કરેલાં છે, તે વખતે મારી સહાયતામાં કોણ હતું! મારે તમારી સહાયતાની જરૂર નથી, તમારે જવું હોય તો જાઓ અગર દુર્યોધનના પક્ષમાં મળવું હોય તો ભલે મળો."

દુર્યોધનની સેનામાં જઈ દુર્યોધનને મળી રૂકમીએ જેમ અર્જુનને કહ્યું હતું તેમજ કહ્યું. વીરપણાનું અભિમાન ધરાવનારા દુર્યોધને પણ અર્જુનના જેવોજ ઉત્તર આપ્યો, તેથી રૂકમી પાછો વળી સેનાસહિત પોતાના નગરમાં લડાઈ વખત બેસી રહ્યો હતો.

પ્રકરણ ૫૧ મું.

યોદ્ધાઓના બળની તુલના.

લડાઇની સઘળી તજવીજ થઈ રહ્યાપછી વચમાં વીશ ગાઉનું મેદાન લડાઇ કરવાવાસ્તે છોડી, કુરૂક્ષેત્રમાં પાંડવોએ હિરણ્યવતી નામની નદીના કિનારાઉપર પોતાનો પડાવ નાખ્યો. કૌરવોએ તેમની સામે પડાવ નાખ્યો. પાંડવોના પડાવમાં ધૃષ્ટદ્યુમ્ન, સાત્યકિ અને અર્જુનવગેરે યોદ્ધાઓ અને કૌરવોના પડાવમાં ભીષ્મ, દ્રોણ, અશ્વત્થામા તથા કર્ણવગેરે યોદ્ધાઓ યોગ્ય ગોઠવણો કરવા લાગ્યા.

લડાઇમાં પોતાની કુશળતા સંબંધી કેટલીએક વાતચીત કરી ભીષ્મે કોઇ પણ પ્રકારની ચિંતા ન રાખવાનું કહેતાં દુર્યોધને કહ્યું કે "આપ તથા દ્રોણાચાર્ય મારા પક્ષમાં છો, તેથી હું શત્રુઓથી બીતોજ નથી. આપની કૃપાથી દેવતાઓનું રાજ્ય પણ દુર્લભ નથી. કૃષ્ણે આપણી સભામાં આવી પોતાના શરીરમાંથી અગ્નિની જ્વાળાઓવગેરે દેખાડવાનો ઢોંગ કર્યો તેથી કોઇએ ડરવું નહિ. કારણ કે એવા કેટલાએક જાદુસંબંધી ખેલો તો અમોને પણ કરતાં આવડેછે; પણ હવે પિતામહ! આપણી તથા શત્રુઓની સેનામાં અર્ધરથી, એકરથી, દ્વિરથી, મહારથી અને અતિરથી કોણ કોણ છે? એ, હું તથા સઘળા

રાજાઓ આપના મુખથી જાણવા ઇચ્છીએ છીએ."

'આપણી સેનામાં તું, દુઃશાસન વગેરે તારા સઘળા ભાઇઓ, કંબોજ દેશનો રાજા સુદક્ષિણ, માહિષ્મતીનો અધિપતિ નીલ રાજા, માલવાના રાજા બિંદ તથા અનુબિંદ, ત્રિગર્ત દેશના સુશર્મા આદિ પાંચ ભાઇઓ, તારો પુત્ર લક્ષ્મણ, દુઃશાસનનો પુત્ર, દંડધાર રાજા, અયોધ્યાનો રાજા બૃહદ્બલ, તારો મામો શકુનિ, પૌરવ રાજા, સત્યકીર્ત્તિ, કર્ણનો પુત્ર વૃષસેન, જલસંધ રાજા, સત્યવાન્ અને શકુનિના ભાઇઓ અચલ તથા વૃષક એટલા એકરથી છે. તારો બનેવી સિંધુ દેશનો રાજા જયદ્રથ દ્વિરથી છે. અલંબુષ નામનો રાક્ષસ અને કામરૂ દેશનો રાજા ભગદત્ત એઓ મહારથી છે. કૃતવર્મા યાદવ, શલ્ય, ભૂરિશ્રવા કૃપાચાર્ય અને બાહ્લીક રાજા એઓ અતિરથી છે. પોતાના ગુણો પોતાને મોહોડેથી કહેવા એ સમાન બીજું કંઈ પણ અસભ્યપણું નથી તેથી હું મારા વિષે કાંઇ બોલતો નથી દ્રોણનો પુત્ર અશ્વત્થામા અર્જુનના જેવોજ અસ્ત્રવિદ્યામાં પ્રવીણ છે, જો તે ઇચ્છે તો ત્રૈલોક્યને પણ ક્ષણમાત્રમાં ભસ્મ કરી શકે એવી શક્તિવાળો છે; તેથી અતિરથી કરતાં પણ ઉંચી પંક્તિમાં દાખલ કરવાયોગ્ય છે. તોપણ હું એને અતિરથી તો શું પણ મહારથીમાં પણ ગણતો નથી, કારણ કે તેને જીવવાની તૃષ્ણા બહુ છે. દ્રોણાચાર્ય એકલાજ હજારો અતિરથીઓના જેટલું કામ કરી શકે એવા છે. તેની શક્તિનું પ્રમાણ મારાથી કહી શકાતુંજ નથી. તે યુદ્ધમાં એકલા હોય તોપણ સઘળાં બ્રહ્માંડોને તોડી શકે એવા છે. પરંતુ હું ધારૂંછું કે, તે અર્જુનને પુત્રસમાન ગણેછે તેથી અર્જુનને કદી પણ મારશે નહિ. આ તને નીચ વાત શીખવનાર, બકવાદ કરનાર અને અત્યંત મિથ્યાભિમાની કર્ણને હું અતિરથી, મહારથી, દ્વિરથી કે એકરથી પણ માનતો નથી. પરંતુ અર્ધરથી માનુંછું. કારણકે એ બખતર તથા કુંડલોથી રહિત થયેલો છે અને પરશુરામના શાપથી શાપિત થયો છે, તેથી તે સમયસર સામર્થ્યવગરનો થઇ જાયછે. એ જ્યારે અર્જુનના સપાટામાં આવશે ત્યારે જીવતો છુટવાનોજ નથી" દ્રોણે પણ એ વખત ભીષ્મની વાતમાં અનુમતિ આપી કહ્યું કે "ભીષ્મ જે કહેછે તે ખરી વાત છે, એમાં જરા પણ ખોટું નથી. કર્ણને આપણે પ્રત્યેક યુદ્ધમાં અભિમાન કરતો, તેમ વિમુખ થઇને ભાગી જતો પણ જોયેલો છે."

"હું કાંઇ પણ અપરાધી નહિ છતાં ભીષ્મ કેવળ દ્વેષને લીધે મને ધિક્કારેછે. પણ દુર્યોધના તે હું સહન કરી લઉંછું. ભીષ્મજ કૌરવોનું ભુંડું કરનાર છે

એ વાત દુર્યોધનના સમજવામાં આવતી નથી. કારણકે તેના જેવો બીજો દુષ્ટ કોણ કહેવાય, કે જે અંદર અંદર કુસંપ કરાવવાવાસ્તે સમાન પંક્તિના જણના ઉત્સાહનો ભંગ કરી નાખે? દુર્યોધન! તું આ દુષ્ટ ભીષ્મનો ત્યાગ કરી દે. જો સ્નેહીઓમાં કુસંપ ઉત્પન્ન થયો તો પછી કેમે સમાધાન થઈ શકશે નહિ. વૃદ્ધોની વાત સાંભળવી જોઇએ પણ જેઓ અતિ વૃદ્ધ થયા હોય તેઓની બુદ્ધિ નષ્ટ થઈ ગઇ હોયછે, તેથી તેઓનું સાંભળવું નહિ જોઇએ. રથીઓ વગેરેની પરીક્ષા કરવી એ કયાં અને અલ્પબુદ્ધિવાળો ભીષ્મ કયાં? હું એકલોજ પાંડવોની સેનાને મારી નાખત પણ તેં ભીષ્મને સેનાધિપતિ કર્યો એટલે મારો મનોરથ અટકયો છે. અરે! લડાઇની ભીસાભીસ તથા લડાઇ સંબંધી વિચારો ક્યાં અને પાકી ગયેલી અવસ્થાવાળો ભીષ્મ કયાં?"

"લડાઇનો મોટો બોજો મારાઉપર આવેલો છે અને જે સંગ્રામ થવાનો છે તે અતિ ભયંકર થશે. તેથી પરસ્પર કુસંપ કરવોજ નહિ. નહિતર હું વૃદ્ધ છતાં પણ તારાં લાડ ઉતારૂં એમ છું. યુદ્ધમાં પરશુરામ પણ મને કશું કરી શક્યા નથી, ત્યારે તું તો શું કરી શકવાનો છે? પોતાનાં વખાણ પોતાના મોહોડાંથી કરવાં એ યોગ્ય નથી, પરંતુ બળતરાને લીધે મારે કહેવું પડેછે કે, કાશીરાજની કન્યાઓના સ્વયંવરમાં તારા જેવા તો હજારો યોદ્ધાઓને મેં એકલાએજ તોડી નાખ્યા છે."

"પિતામહ! મારાઉપર નજર કરીને ક્ષમા કરો. આ મોહોટું કામ ઉઠાવ્યું છે માટે કુસંપ ઉઠે એ યોગ્ય નથી. તમે અને કર્ણ બન્ને મારૂં મોટું કામ કરશો એવી આશા રાખુંછું."

દુર્યોધનના બોલવાઉપરથી પોતાની તથા કર્ણની વચ્ચે ચાલેલી તકરાર બંધ પાડી દુર્યોધનની માગણી મુજબ પાંડવોની સેનામાં અતિરથી વગેરેની ગણના કરાવતાં ભીષ્મે કહ્યું કે "યુધિષ્ઠિર, નકુલ, સહદેવ, દ્રૌપદીના પાંચ પુત્રો, વિરાટનો પુત્ર ઉત્તર, દ્રુપદના પુત્રો, શિખંડી, ક્ષત્રદેવ, જયંત, અમિતૌજા, અજ, ભોજ, કેકય દેશના પાંચ રાજપુત્રો, ઉત્તમૌજા, યુધામન્યુ, કાશિક, નીલ, સૂર્યદત્ત, શંખ, મદિરાશ્વ, ચિત્રાયુધ, ચેકિતાન, સત્યધૃતિ, વ્યાઘ્રદત્ત, અને ચંદ્રસેન એટલા એકરથી છે; ભીમસેન અષ્ટરથી છે અને ગદાયુદ્ધમાં તેના જેવો જગતમાં બીજો કોઈ નથી. મારી તને ભલામણ છેકે, તારે કોઈ પણ પાંડવની સાથે ભેટાભેટ થવુંજ નહિ. તેઓ ઘણા કાળના દાઝેલા છે તેથી તારાઉપર તો તૂટીજ પડશે. વિરાટ રાજા, દ્રુપદ રાજા, શિશુપાલનો પુત્ર

ધૃષ્ટકેતુ, વાર્દ્ધક્ષેમી અને રાજમાન; એઓ મહારથી છે. અભિમન્યુ, સાત્યકિ, ધૃષ્ટદ્યુમ્ન, દ્રુપદનો પુત્ર સત્યજિત, પાંડ્ય રાજા, શ્રેણિમાન, વસુમાન, કુંતિભોજ અને ભીમસેનનો પુત્ર ઘટોત્કચ એઓ અતિરથી છે. સેનાબિંદુ તથા કાશીરાજા પણ ભીમસેનના જેવાજ છે. ધૃષ્ટદ્યુમ્નનો પુત્ર ક્ષત્રધર્મા અર્ધરથી છે. પાંડવોની સેનામાં જેવો અર્જુન છે તેવો તો બીજો કોઈપણ યોદ્ધા આપણી સેનામાં કે તેઓની સેનામાં નથી, એટલુંજ નહિ પણ હું સત્ય કહુંછું કે અર્જુનના જેવો યોદ્ધા આખા બ્રહ્માંડમાં પણ થયો નથી, છે નહિ અને થશે પણ નહિ. અર્જુનની પાસે શ્રીકૃષ્ણ સારથિ, ગાંડીવ નામનું દિવ્ય ધનુષ, પવનના જેવા વેગવાળા દિવ્ય ઘોડાઓ અને ભાથાંઓ પણ અખૂટ બાણોવાળાં છે. બખતર પણ કોઇ શસ્ત્ર કે અસ્ત્રથી ભેદાય એવું નથી, અને પાશુપતાદિ અસ્ત્રો પણ અસાધારણ છે, માટે અર્જુન એકલો હોય તોપણ તારી સઘળી સેનાને મારી નાખવા સમર્થ છે. હું અને દ્રોણાચાર્ય એ બેજ તેની સામે લડી શકીએ એમ છીએ, ત્રીજો કોઈ પણ તેની સામે ટકી શકે તેમ પણ નથી, પરંતુ અમારામાં અને તેનામાં તફાવત એટલો છે કે એ જુવાન છે અને અમો બન્ને બૂઢા છીએ. અભિમન્યુને અતિરથીમાં ગણ્યો છે, પરંતુ એને અર્જુન જેવોજ કહી શકાય એમ છે. જ્યાં સુધી મારામાં શક્તિ હશે ત્યાં સુધી હું પાંડવોના સઘળા યોદ્ધાઓસાથે લડી તારી સેનાનું પાલન કરીશ, પરંતુ શિખંડીસાથે કદી લડીશ નહિ; કેમકે એ પ્રથમ કન્યા અવતરીને પાછળથી પુરૂષ થયો છે. તેને જોવાથી તેનાં સ્રીપણનું સ્મરણ આવતાં મારા બ્રહ્મચર્યવ્રતનો ભંગ થાય.”

પોતાના તથા શત્રુઓના પક્ષમાં અતિરથી વગેરેની ગણના જાણ્યા પછી શત્રુની આખી સેનાને મારી નાખવાને પોતાના સૈન્યના દરેક યોદ્ધાઓ કેટલા કેટલા સમયમાં સમર્થ છે ? તે જાણવામાટે દુર્યોધને પોતાની ઇચ્છા જણાવી.

“હું જો સેંકડો અને હજારોને મારી નાખે એવાં મોટાં મોટાં અસ્રોના પ્રયોગો કરૂં તો એક મહીને પાંડવોના સઘળા સૈન્યને મારી શકું.” એ પ્રમાણે ભીષ્મનાં વચન સાંભળી દ્રોણાચાર્ય બોલ્યા, કે ‘મારામાં ભીષ્મના જેટલી શક્તિ છે. માટે હું એક મહીને શત્રુના લસ્કરને મારી શકું એમ ધારૂંછું.” અશ્વત્થામાને પૂછતાં તેણે જણાવ્યું, કે “હું દશ દિવસમાં મારી શકું.” કર્ણે જણાવ્યું, કે “હું પાંચ દિવસમાં પાંડવોની આખી સેનાને મારી શકું.” કર્ણનાં વચન સાંભળી ભીષ્મે ઉંચા સ્વરથી હસી કર્ણને કહ્યું કે “તું એથી પણ ઓછી મુદતે પાંડવોની સેનાને મારી નાખવાનું કહે તોપણ તારી જીભ સ્વતંત્ર છે. પરંતુ હું

કહું છું કે, તું અર્જુનના સપાટામાં આવશે તે વખતે તારૂં કશું અભિમાન રહેશે નહિ."

દુર્યોધનના સૈન્યમાં ઉપર પ્રમાણે વાતચીત થયાની યુધિષ્ઠિરને ખબર મળતાં તેમણે અર્જુનને પૂછ્યું કે "તમે કૌરવનાં સઘળાં સૈન્યને કેટલે દહાડે મારી શકો? એ કહો." તેના જવાબમાં અર્જુને શ્રીકૃષ્ણની સામે યુધિષ્ઠિરને કહ્યું કે "જો હું દિવ્ય અસ્ત્રોનો પ્રયોગ કરૂં તો આંખ મીંચીને ઉઘાડીએ એટલી વારમાં દુર્યોધનના સઘળા સૈન્યને મારી નાખું, પરંતુ સાધારણ લોકોને દિવ્ય અસ્ત્રોથી મારવા એ યોગ્ય નથી; તેથી આપણે સરલતાભરેલ યુદ્ધથી શત્રુઓને મારીશું. શિખંડી, સાત્યકિ, ધૃષ્ટદ્યુમ્ન, ભીમસેન, નકુલ, સહદેવ, યુધામન્યુ, ઉત્તમૌજા, વિરાટ, દ્રુપદ, શંખ, ઘટોત્કચ અને અભિમન્યુ આદિ આપણા પક્ષના યોદ્ધાઓ ત્રૈલોક્યને તોડી નાખવામાં પણ સમર્થ છે. આપના પ્રભાવને પણ હું જાણું છું. જે માણસને આપ ક્રોધની દૃષ્ટિથી જુવો તે માણસ તરતજ નષ્ટ થઈ જાય."

બન્ને પક્ષનું સૈન્ય સંપૂર્ણ એકઠું થયા પછી સઘળી પૃથ્વીમાં ક્ષત્રિય જગતમાં કેવળ વૃદ્ધો તથા બાળકોજ અવશેષ રહ્યા હોય અને ઘોડા, રથ તથા હાથીઓ અવશેષ નજ રહ્યા હોય એમ જણાવા લાગ્યું. આ સમય પાંડવો તથા કૌરવોએ મળી યુદ્ધના કાયદા ઘડ્યા અને ઠરાવ કર્યો કે "લડાઇ બંધ પડ્યાપછી પરસ્પર પ્રીતિથી વર્તવું. વડીઆએ વડીઆસાથેજ લડવું, વચનથી લડતો હોય તેની સાથે વચનથીજ લડવું. ફોજમાંથી બહાર ગયેલાઓને કદી મારવા નહિ. સામા જણને બોલાવી સાવચેત કર્યાપછી તેનાપર પ્રહાર કરવો. વિશ્વાસથી રહેલ કે વિહ્વળ થયેલાને મારવો નહિ. એકની સાથે લડતો હોય તેને બીજાએ મારવો નહિ. શરણાગતને, વિમુખ થયેલાને, જેનાં શસ્ત્રો ખૂટી ગયાં હોય તેને અને બખ્તર વગરનાને મારવો નહિ. સારથિ, ઘોડા, હથિઆરો લાવનારા કે વાજાં વગાડનારાઓની ઉપર પ્રહાર કરવો નહિ."

કુરૂક્ષેત્રમાં સૈન્યોની ગોઠવણ થયા પછી યુધિષ્ઠિર બન્ને સૈન્યના મધ્યમાં ઉભા રહી ઉંચા સ્વરથી બોલ્યા કે "જે કોઈ અમારા પક્ષમાં આવવા રાજી હોય તેની હું સહાયતા માગું છું." યુધિષ્ઠિરને એ પ્રમાણે બોલતા સાંભળી યુયુત્સુ (ધૃતરાષ્ટ્રથી વાણીઆણીમાં થયેલો પુત્ર) કૌરવોના સૈન્યમાંથી બહાર નિકળી બોલ્યો, કે "મહારાજ! જો મને તમારા પક્ષમાં લ્યો તો હું તમારે વાસ્તે કૌરવોની સાથે યુદ્ધ કરીશ." યુધિષ્ઠિરે કહ્યું કે "આવો! આવો!

આપણે સઘળા મળી તમારા મૂર્ખ ભાઇઓસાથે યુદ્ધ કરીશું. હવે ધૃતરાષ્ટ્રના પિંડ અને વંશનો આધાર તમારાઉપરજ રહેશે." એ પ્રમાણે યુધિષ્ઠિરનાં વચન સાંભળી યુયુત્સુ કૌરવોને છોડી દઇ, દુંદુભિ વગડાવી, પાંડવોની સેનામાં ગયો.



પ્રકરણ પર મું.

દિવસ ૧ લો.

યુદ્ધની શરૂઆત.

યુધિષ્ઠિરની ગમગીની.

ઠરાવપ્રમાણે પ્રાતઃકાળમાં યુદ્ધને વાસ્તે સેનાઓ તૈયાર થતાં શંખ તથા દુંદભિના નાદો થવા લાગ્યા. યોદ્ધાઓ સિંહનાદો કરવા લાગ્યા. ઘોડાઓ, હાથીઓ તથા રથોના શબ્દોથી સઘળું આકાશ ગાજી રહ્યું. બન્ને સેનાઓ ભેટભેટા થઇ. ભીષ્મ અનેક યોદ્ધાઓ તથા રથોથી વીંટાઈ અગ્રણી થઇ ઉભા. ધ્વજાઓ તથા પતાકા ફડફડવા લાગી. ઉઘાડાં હથિઆરો ચળકવા લાગ્યાં. શકુનિ, શલ્ય, જયદ્રથ, બિંદ, અનુબિંદ, સુદક્ષિણ, શ્રુતાયુધ, જયત્સેન, બૃહદ્બલ અને કૃતવર્મા એ દશ યોદ્ધાઓ એક એક અક્ષૌહિણીને જાળવી ઉભા અને અગિયારમી અક્ષૌહિણી ભીષ્મની પાસે ઉભી. ધોળી પાઘડીવાળા, ધોળા ઘોડાવાળા, ધોળાં બખ્તરવાળા અને રૂપાના રથમાં બેઠેલા ભીષ્મને જોઈ પાંડવોના પક્ષના ધૃષ્ટદ્યુમ્ન વગેરે યોદ્ધાઓને વારંવાર ઉદ્વેગ થવા

લાગ્યો. પ્રલયકાળમાં મહાસાગરો ભેગા થાય તેમ એ બન્ને સેના ભેગી થઈ. ભીષ્મ તથા દ્રોણાચાર્ય પોતાના ઠરાવપ્રમાણે પાંડવોને જયના આશીર્વાદ દેવા લાગ્યા અને કૌરવોના વિજયને વાસ્તે લડાઇની ગોઠવણ કરવા લાગ્યા. આ વખતે ભીષ્મે સઘળા યોદ્ધાઓ સાંભળે તેમ કહ્યું કે "ક્ષત્રિયજાતનો પુરૂષ ઘરમાં માંદો પડીને મરે એ અધર્મ છે. હવે તમે સૌ તમારી જાતને છાજતું કામ કરજો. તમારે વાસ્તે આ યુદ્ધરૂપી સ્વર્ગનું દ્વાર ખુલ્લું છે." ભીષ્મનાં વચનથી ઉત્સાહ પામેલા સર્વે ક્ષત્રિયો રણભૂમિમાં આગળ વધ્યા. અશ્વત્થામા, શલ્ય, ભૂરિશ્રવા અને દુર્યોધનનો ભાઇ વિકર્ણ એઓ ભીષ્મની આગળ ઉભા. રણશિંગાના નાદથી પૃથ્વી કંપવા લાગી અને ઘણા ઘણા રાજાઓ ભીષ્મનું રક્ષણ કરવા ઉભા.

શત્રુની સેનાને વ્યૂહમાં ગોઠવાયેલી જોઇ યુધિષ્ઠિરે અર્જુનને કહ્યું કે "યુદ્ધના શાસ્ત્રપ્રમાણે આપણી સેનાને મોટા વિસ્તારમાં રાખો અને તેમાં થોડા જણ લડે એવો બંદોબસ્ત કરો." યુધિષ્ઠિરની આજ્ઞાપ્રમાણે અર્જુને પોતાનું સૈન્ય વજ્રવ્યૂહમાં ગોઠવ્યું અને ભીમને અગ્રણી રાખ્યા; જેથી કૌરવો ઉત્સાહવગરનાજ થઇ ગયા. નકુલ તથા સહદેવને ભીમના ચક્રરક્ષક નિમ્યા. દ્રૌપદીના પુત્રો, અભિમન્યુ, વિરાટ રાજા તથા બીજા પણ ઘણા ઘણા ક્ષત્રિયોને ભીમના પૃષ્ઠરક્ષક ઠરાવવામાં આવ્યા. પ્રથમના ઠરાવમુજબ સઘળી સેનાના અધિપતિતરીકે ધૃષ્ટદ્યુમ્ન અગ્રણી થયો તથા શિખંડી અર્જુનના રક્ષણતળે રહી ભીષ્મને મારવા ચાલ્યો.

યુદ્ધમાં જીતવાથી પણ કલ્યાણ છે અને મરવાથી પણ કલ્યાણ છે એવો નિશ્ચય કરી, બન્ને પક્ષના વીર ક્ષત્રિયો આગળ વધવા લાગ્યા. આ સમય ધૂળની ભારે ડમરી ચડી, સઘળું અંધકારમય થઈ ગયું, વાદળાંમાંથી માંસ તથા લોહીની વૃષ્ટિ થવા લાગી અને વાયુને લીધે કાંકરીઓ ઉડવાથી યોદ્ધાઓને બહુ પીડા થવા લાગી. આ વખતે ભીમસેને એવી ગર્જના કરી કે, બીજા સઘળા શબ્દો ઢંકાઇ ગયા, શત્રુઓનાં વાહનો છેરવા લાગ્યાં તથા શત્રુઓ ત્રાસ પામ્યા.

શરૂઆતમાં દુર્યોધન તથા દુઃશાસનઆદિ ભાઇઓ ભીમને ઘેરી તેનાપર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા. ભીમ તેઓના ઉપર બાણો ફેંકવા લાગ્યો. ધનુષની દોરીઓનો શબ્દ નિરંતર થવા લાગ્યો. ધનુષોમાંથી દીપ્ત બાણો નિકળવા લાગ્યાં. ભીમ અને દુર્યોધનવચ્ચે થતાં તુમુલ યુદ્ધને બીજા રાજાઓ

તમાસગીરોની પેઠે જોવા લાગ્યા અને તેથી બન્ને સેનાઓ જાણે ચિત્રમાં આળેખેલી હોય એમ દેખાવા લાગી. બીજા રાજાઓને પણ યુદ્ધની આજ્ઞા થતાં હજારો યોદ્ધાઓ શત્રુઓસાથે લડવા લાગ્યા. રજથી સૂર્ય ઢંકાઇ ગયો. ભીષ્મે કાલદંડજેવું ધનુષ લઈ અર્જુનઉપર ઝડપ કરી. અર્જુને પણ ગાંડીવ ધનુષ લઇ ભીષ્મના ઉપર ઝડપ કરી; ભીષ્મ અર્જુનને ધ્રુજાવી શકયા નહિ અને અર્જુન ભીષ્મને ધ્રુજાવી શકયો નહિ. એજ પ્રમાણે સાત્યકિ તથા કૃતવર્મા, અભિમન્યુ તથા બૃહદ્‌બલ, યુધિષ્ઠિર તથા શલ્ય, ધૃષ્ટદ્યુમ્ન તથા દ્રોણ, ઘટોત્કચ તથા અલંબુષ, શિખંડી તથા અશ્વત્થામા, વિરાટ તથા ભગદત્ત, બૃહત્સેન તથા કૃપાચાર્ય, દ્રુપદ તથા જયદ્રથ, પ્રતિવિંધ્ય તથા શકુનિ અને ધૃષ્ટકેતુ તથા બાલ્હીક ઇત્યાદિ યોદ્ધાઓનાં પરસ્પર દ્વંદ્વ યુદ્ધ થવા લાગ્યાં. પરસ્પરનાં ધનુષો કપાવા લાગ્યાં, ધ્વજાઓ છેદાવા લાગી, ઘોડાઓ મરવા લાગ્યા, શરીરમાં બાણો ખુંચી જવા લાગ્યાં અને એક બીજા ઉપર વરસાદની પેઠે બાણો પડવા લાગ્યાં.

જરાવારસૂધી મધુર દેખાવવાળું યુદ્ધ ચાલ્યું પણ પાછળથી તો તે ઉન્મત્ત-જેવું દેખાવા લાગ્યું. પાંડવો અને કૌરવો જાણે ભૂતના આવેશવાળા હોય એમ લડવા લાગ્યા. પુત્ર પિતાને, પિતા પુત્રને, મામો ભાણેજને, ભાણેજ મામાને, ભાઇ ભાઇને અને મિત્ર મિત્રને, જાણે મુદલ નજ ઓળખતા હોય તેમ પરસ્પર મારવા લાગ્યા. રથોનાં ધોંસરાં સામસામાં ભટકાઇને ભાંગી જવા લાગ્યાં, હથીઓના દંતોસળો ત્રુટવા લાગ્યા, મરવા લાગેલાં પ્રાણીઓની પ્રેતના જેવી વાણી સંભળાવા લાગી, હાથીઓ ઘોડાઓને પકડી પગથી કચરી નાખવા લાગ્યા, બાણોવગેરે આયુધો બખ્તરોને તોડી સોંસરાં નીકળવા લાગ્યાં, આંતરડાંઓના ઢગલા થવા લાગ્યા, ઘવાઇને પડી ગયેલા લોકો તરસથી ચીસો પાડવા લાગ્યા અને લોહીથી ખરડાયેલા લોકો વસંત ઋતુમાં પ્રફુલ્લિત થયેલ ખાખરા-જેવા દેખાવા લાગ્યા. એ પ્રમાણે નિર્મર્યાદ યુદ્ધ ચાલતાં પાંડવોની સેના ભીષ્મના પ્રભાવથી કંપવા લાગી. દુર્યોધનની પ્રેરણાથી કૃતવર્મા, કૃપાચાર્ય તથા શલ્ય ભીષ્મનું રક્ષણ કરવા લાગ્યા. જ્યારે ભીષ્મ નમેલી અણીવાળાં ભાલાંથી હજારો યોદ્ધાઓ હાથીઓ, રથો તથા ઘોડાઓને કાપવા લાગ્યા ત્યારે અભિમન્યુએ પીળા ઘોડાવાળા રથથી ભીષ્મસામે જઇ એવી ચાલાકી દેખાડી કે, તેથી સર્વે લોકો વિસ્મય પામ્યા. ભીષ્મનાં બાણોને અભિમન્યુ કાપવા લાગ્યો અને અભિમન્યુનાં બાણોને ભીષ્મ કાપવા લાગ્યા. અભિમન્યુએ નવ બાણોથી ભીષ્મની ધ્વજાને કાપી નાખી તેથી ભીમસેને રાજી થઇ ભારે સિંહનાદ કર્યો. ભીષ્મ

અભિમન્યુઉપર હજારો બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા કે તરતજ, વિરાટ, ધૃષ્ટદ્યુમ્ન, ભીમ તથા સાત્યકિવગેરે યોદ્ધાઓ અભિમન્યુનું રક્ષણ કરવા આવી પહોંચ્યા. ભીષ્મનાં બાણો એવીરીતે નિકળવા લાગ્યાં કે, તેથી અંતરિક્ષ તથા પૃથ્વી બાણમય થઇ ગઇ. પાંડવોના પક્ષના હજારો યોદ્ધાઓ પડવા લાગ્યા. હાહાકાર વર્ત્તી રહ્યો, અને પાંડવોની સેના દાવાગ્નિથી બળતાં વનજેવી દેખાવા લાગી; ભીષ્મ નિર્ધૂમ અગ્નિની પેઠે શોભવા લાગ્યા અને પાંડવોના યોદ્ધાઓ ભીષ્મની સામે જોવાને પણ અશક્ત થયા. સિંહે ફાડી નખાતી ગાયની પેઠે સઘળી સેના કંપવા લાગી અને ભીષ્મ વીણી વીણીને યોદ્ધાઓને મારવા લાગ્યા.

આ વખતે સૂર્યાસ્તને લીધે અંધારૂં ફેલાવા લાગ્યું કે, પાંડવોએ પોતાની સેનાને પાછી વાળી લીધી.આ પહેલે દિવસે કંઇ જાણવા જેવો બનાવ બન્યો નહિ.

પોતાનાં સૈન્યને પાછું વાળી, ઉતારે જઇ, શ્રીકૃષ્ણને બોલાવી યુધિષ્ઠિરે કહ્યું કે "જેમ ગ્રીષ્મઋતુમાં અગ્નિ ખડને બાળી નાખે તેમ, ભીષ્મ મારા સૈન્યને બાળી નાખેછે. ઇંદ્રને કે વરૂણને જીતી શકાય પણ ભીષ્મને જીતી શકાય તેમ નથી. મેં મૂર્ખાઇથી આ લડાઇ ઉઠાવી. આ સઘળા રાજાઓને ભીષ્મરૂપી કાળના મોહોડામાં દેવા હું રાજી નથી. ભીમ એકલો પોતાથી બને તેટલું યુદ્ધ કરેછે, પણ સઘળાં અસ્ત્રોને જાણનાર તમારો મિત્ર આ અર્જુન ત્રાહિત જેવો રહેછે તેથી પાછો હું વનમાંજ જવા ધારૂંછું. ભીમસેન એકલો તો સો વર્ષે પણ આ શત્રુના સૈન્યને મારી શકે તેમ નથી."

"ચિંતા રાખોમાં; તમારા ચારે ભાઇઓ અત્યંત પ્રબળ છે. હું, સાત્યકિ, વિરાટ, દ્રુપદ તથા ધૃષ્ટદ્યુમ્ન તમારા હિતમાંજ રાજી છીએ. ધૃષ્ટદ્યુમ્ન દ્રોણને મારવાસારૂ અને શિખંડી ભીષ્મને મારવાસારૂજ અવતરેલ છે. માટે તમારે ગભરાવું જોઇતું નથી."

શ્રીકૃષ્ણનાં વચન સાંભળી યુધિષ્ઠિરે ધૃષ્ટદ્યુમ્નને કહ્યું કે "જેમ કાર્ત્તિકેય દેવતાના સેનાપતિ છે, તેમ તમે અમારા સેનાપતિ છો. તમે પરાક્રમથી કૌરવોને મારો. અમો સઘળા ભાઇઓ તથા યોદ્ધાઓ તમારી પાછળ ચાલશું."

"હું ભીષ્મ, કૃપાચાર્ય, દ્રોણ, શલ્ય, જયદ્રથ તથા બીજા પણ સઘળા યોદ્ધાઓને પરાસ્ત કરીશ. મારો જન્મ દ્રોણને મારવાવાસ્તેજ છે એ તમે જાણોછો. પરાક્રમ બતાવવાનો વખત ચાલ્યો આવેછે. જરા પણ ગભરાઓમાં" એ પ્રમાણે બોલી ધૃષ્ટદ્યુમ્ને સિંહનાદ કર્યો કે, પાંડવોના બીજા યોદ્ધાઓ પણ સિંહનાદ કરવા મંડી પડ્યા.

પ્રકરણ ૫૭ મું.

દિવસ ૨ જો.

પરાક્રમી પૌત્ર તથા પિતામહનું પરસ્પર ઉગ્ર યુદ્ધ.

બીજે દિવસે પ્રભાતપહેલાં ધૃષ્ટદ્યુમ્ને સઘળી લડાઇની ગોઠવણ કરવા માંડી. પોતાનો ચમત્કાર દેખાડવામાટે તેણે પાંડવોની સેનાનો ક્રૌંચવ્યૂહ ગોઠવ્યો. ક્રૌંચના મસ્તકને ઠેકાણે દ્રુપદ રાજા, નેત્રને ઠેકાણે કુંતીભોજ તથા ધૃષ્ટકેતુ, પીઠને ઠેકાણે યુધિષ્ઠિર, પાંખોને ઠેકાણે ભીમસેન તથા પોતે, પેડુ-ઠેકાણે વિરાટ અને મુખ ઠેકાણે અર્જુન; એ પ્રમાણે વ્યૂહ ગોઠવાયા પછી સઘળા રાજાઓ યુદ્ધને વાસ્તે તૈયાર થયા અને સૂર્યોદયની રાહ જોવા લાગ્યા.

અર્જુનના રક્ષણતળે રહેલા ક્રૌંચવ્યૂહને જોઇ દુર્યોધને પોતાના સઘળા યોદ્ધાઓને મળીને કહ્યું કે "તમો એક એક જણ પણ પાંડવોની બધી સેનાને

મારવા સમર્થ છો, ત્યારે એકઠા થઇને મારવા સમર્થ થાઓ તેમાં તો શુંજ કહેવું? પાંડવોનું સૈન્ય બચુકલાજેવું છે અને આપણું સૈન્ય અતિ પ્રબળ છે, માટે તમે સઘળા મળીને ભીષ્મનું રક્ષણ કરશો તો ભીષ્મ ઘણું કામ કરી આપશે એમ હું ધારૂંછું.”

દુર્યોધનનાં વચન સાંભળી દ્રોણુની સલાહથી ભીષ્મે પાંડવોના વ્યૂહને તોડનારો મોટો વ્યૂહ રચ્યો. ભીષ્મ પ્રમુખ થઇને ચાલ્યા. ભીષ્મની પાછળ દ્રોણ, દ્રોણુની પાછળ શકુનિ અને શકુનિની પાછળ દુર્યોધન પોતપોતાની મોટી સેના લઇ ચાલ્યા. ભૂરિશ્રવા, શલ્ય, ભગદત્ત અને માળવાના રાજા બિંદ તથા અનુબિંદ સેનાના ડાબા ભાગનું પાલન કરવા લાગ્યા. સોમ, સુશર્મા, સુદક્ષિણ અને શ્રુતાયુ એઓ દક્ષિણ ભાગનું રક્ષણ કરવા લાગ્યા. અશ્વત્થામા, કૃપાચાર્ય અને કૃતવર્મા સૈન્યના પાછલા ભાગમાં ઉભા રહ્યા. ભીષ્મે સિંહનાદ કરી શંખનાદ કર્યો કે, સઘળા યોદ્ધાઓ પણ તેમ કરવા લાગ્યા. આ વખતે બીજાં પણ દુંદુભિવગેરે વાજાંઓ વાગવા લાગ્યાં. ધોળા ઘોડાવાળા રથમાં બેઠેલા અર્જુને તથા તેના સારથિ શ્રીકૃષ્ણે તથા બીજા પણ પાંડવોના સઘળા યોદ્ધાઓએ સિંહનાદ તથા શંખનાદ કર્યા જેથી આકાશ અને પૃથ્વી ગાજી રહ્યાં.

પ્રભાતમાં સૂર્યનાં કિરણો ફુટયાં કે તરતજ, યોદ્ધાઓ પ્રાણ બચાવવાની ગરજ નહિ રાખતાં પરસ્પરની સેનાઉપર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા. ભીષ્મ ભીમસેન, અભિમન્યુ તથા સાત્યકિઉપર બાણોનો એવો વરસાદ વરસાવવા લાગ્યા કે પાંડવોનો વ્યૂહ તરત વીંખરાઈ ગયો અને સૈન્યમાં ભાગનાસ થવા લાગી. હું ભીષ્મની ઉપેક્ષા કરીશ તો તે મારી સેનાનો ક્ષય કરી નાખશે એમ વિચારી અર્જુને શ્રીકૃષ્ણને પોતાનો રથ ભીષ્મની સામે લઇ જવા કહ્યું; ભીષ્મે પણ પોતાનો રથ અર્જુનની સામે કર્યો. ભીષ્મે સિત્તેર, દ્રોણે પચ્ચીશ, કૃપાચાર્યે પચ્ચાસ, દુર્યોધને ચોસઠ, શલ્યે નવ, જયદ્રથે નવ અને શકુનિએ પાંચ બાણ અર્જુનઉપર નાખ્યાં. બાણોથી વીંધાયા છતાં પણ વ્યથાને નહિ પામતાં અર્જુને ભીષ્મને પચ્ચીશ, કૃપાચાર્યને નવ, દ્રોણુને સાઠ, શલ્યને નવ અને દુર્યોધનને પાંચ બાણ માર્યાં. સાત્યકિ, વિરાટ, ધૃષ્ટદ્યુમ્ન અને અભિમન્યુ એઓ અર્જુનનું રક્ષણ કરવા લાગ્યા. અર્જુન શત્રુની સેનાના મધ્યમાં પ્રવેશ કરી ભારે કતલ કરવા લાગ્યો. અર્જુનને કતલ કરતો જોઇ દુર્યોધને મુંઝાઇ, ભીષ્મને કહ્યું કે “કૃષ્ણની સહાયતાવાળો આ અર્જુન આપણાં મૂળને કાપેછે; તમો તથા દ્રોણ જીવતા છતાં આમ થવું જોઇતું નથી. કર્ણ તમારે

વાસ્તેજ હથિયાર મૂકી બેઠા છે, તમારે અર્જુનને મારવાનો પ્રયત્ન કરવો જોઇએ."

દુર્યોધનનાં કઠોર વચનો સાંભળી, ક્ષત્રિયજાતના ધર્મને ધિક્કાર છે, એમ બોલી, ભીષ્મ અર્જુનસામે ચાલ્યા; અશ્વત્થામા, દુર્યોધન અને વિકર્ણ ભીષ્મનું રક્ષણ કરવા ઉભા રહ્યા અને સઘળા પાંડવો અર્જુનનું રક્ષણ કરવા લાગ્યા; ભીષ્મે શ્રીકૃષ્ણની છાતીમાં ત્રણ બાણ માર્યાં કે જેથી લોહી નિકળવાને લીધે શ્રીકૃષ્ણ પ્રફુલ્લિત થયેલા ખાખરાજેવા શોભવા લાગ્યા. શ્રીકૃષ્ણને વીંધાયેલા જોઈ અર્જુને ભીષ્મના સારથિને બાણોથી વીંધી નાંખ્યો. અર્જુન તથા ભીષ્મ ભારે યત્ન કરતાં છતાં પણ પરસ્પરને કોઇ હરાવી શક્યું નહિ; પણ કેવળ તેઓ પોતાની ચાલાકી દેખાડતા હોય એમ દેખાવા લાગ્યું. તેઓના શંખનાદ, સિંહનાદ, ધનુષના ટંકાર અને રથોના શબ્દથી પૃથ્વી ફાટવા લાગી, કંપવા લાગી અને ગાજવા લાગી. ભીષ્મ અર્જુનનાં છિદ્ર જોવા લાગ્યા અને અર્જુન ભીષ્મનાં છિદ્ર જોવા લાગ્યો; પણ કોઇને કોઇનું છિદ્ર જોવામાં આવ્યું નહિ. યુદ્ધ જોવામાટે આકાશમાં આવેલા દેવતાઓ તથા ગંધર્વો બોલવા લાગ્યા કે "આ બે યોદ્ધાઓને સઘળું ત્રૈલોક્ય ભેળું થાય તોપણ જીતી શકે તેમ નથી. ભીષ્મ અર્જુનને કે અર્જુન ભીષ્મને જીતી શકે તેમ નથી. આવું યુદ્ધ તો પૂર્વે થયું નથી અને થવાનું પણ નથી."

આ પ્રમાણે યુદ્ધ જામ્યું કે તરતજ ધૃષ્ટદ્યુમ્ન, અર્જુનની પીઠ છોડી દઇ દ્રોણના રથની સામે ગયો. દ્રોણે તેના પ્રાણ લેવા કાલદંડજેવું એક બાણ ધનુષમાં સાંધ્યું પણ તે બાણ કાપી નાખી ધૃષ્ટદ્યુમ્ન બાણોનો વરસાદ વરસાવવા લાગ્યો. દ્રોણે પોતાના વધસારૂ શત્રુએ ફેંકેલી સાંગને કાપી નાખી તેનું ધનુષ પણ કાપી નાખ્યું; ધૃષ્ટદ્યુમ્ન પોતાની ચાલાકીથી એક મોટી ગદાના દાવમાંથી પણ છટકી ગયો. દ્રોણે ધૃષ્ટદ્યુમ્નનું બીજું ધનુષ પણ કાપી નાખી ભાલાંથી તેના સારથિ અને ઘોડાઓને પાડી નાખ્યા તથા સિંહનાદ કર્યો. ધૃષ્ટદ્યુમ્ન એક મોટી ગદા હાથમાં લઇ રથમાંથી ઉતરવા જતો હતો તેવામાં તરતજ તેની ગદાને દ્રોણે તોડી નાખી. ગદા તુટતાં તે ઢાલતરવાર લઇ દ્રોણની સામે દોડ્યો પણ તેણે તેને બાણની વૃષ્ટિથી એવો તો અટકાવ્યો કે તે બળવાન છતાં જરા પણ વધી શક્યો નહિ. આ વખતે ભીમ ત્યાં આવી પહોંચ્યો અને સાત બાણથી દ્રોણને વીંધી ધૃષ્ટદ્યુમ્નને પોતાના રથમાં બેસાડી દીધો. દુર્યોધનની આજ્ઞાથી કલિંગ

દેશનો રાજા ભાનુમાન્ પોતાની મોટી સેનાસહિત ભીમસેનની સામે આવ્યો. બન્ને પક્ષના યોદ્ધાઓનું પરસ્પર એવું યુદ્ધ જામ્યું કે કોઇને પોતાના કે પારકાની પણ ખબર રહી નહિ. સમુદ્રજેવી ધુમવાટી થવા લાગી અને સઘળી ભૂમિ લોહીથી ભીંજાઇ રહી. ભીમસેને સઘળા યોદ્ધાઓને પરાસ્ત કરી ભાનુમાનના દીકરા શક્રદેવને તો ગદાથીજ મારી નાખ્યો અને ભાનુમાનનાં બાણોની વૃષ્ટિને નહિ ગણકારતાં તેના હાથીના દંતૂસળઉપર ચડી તેને તલવારથી જનોઇવઢ કાપી નાખ્યો તથા હજારો હાથીઓ, ઘોડાઓ અને પ્યાદલોને કાપી નાખ્યા તથા કચરી પણ નાખ્યા. સઘળી પૃથ્વી શબમય દેખાવા લાગી. તેણે ઠેકી ઠેકીને કેટલાએક યોદ્ધાઓ તથા હાથીઓને ખડ્ગથી તથા કેટલાએકને પોતાના સાથળના વેગથી પાડી નાખ્યા, અને કેટલાએક તો તેને જોઇનેજ મરી ગયા. તેણે ભીષ્મની સામે જોતાં જોતાં ક્ષણમાત્રમાં સત્યાવીશસો યોદ્ધાઓ તથા હજારો હાથીઘોડાઓની કતલ કરી નાખી અને શંખનાદ કર્યો. ભીમસેનનું પરાક્રમ જોઇ કૌરવોની સઘળી સેના કંપવા લાગી અને બેભાનજેવી થઇ ગઇ. યુધિષ્ઠિર, ધૃષ્ટદ્યુમ્ન તથા સાત્યકિ ભીમની મદદમાટે આવતા હતા તેને ભીષ્મે પોતાનાં બાણોથી અટકાવી ભીમના ઘોડાઓને મારી નાખ્યા તથા તેણે મૂકેલી સાંગને પણ કાપી નાખી. ઘોડાઓ મરી જતાં ભીમ હાથમાં મોટી ગદા લઇ ઠેકીને ઉતરી પડ્યો. ભીમને રાજી કરવાસારૂ સાત્યકિએ બાણોથી ભીષ્મના સારથિને મારી નાખ્યો. સારથિવગરના ઘોડાઓ ભીષ્મના રથને દૂર લઇ ગયા. લડાઇ થતાં થતાં મધ્યાન્હનો સમય થવા આવ્યો.

ધૃષ્ટદ્યુમ્ન અશ્વત્થામા, શલ્ય તથા કૃપાચાર્યસાથે યુદ્ધ કરતો હતો. આ યુદ્ધમાં અશ્વત્થામાના ઘોડા મરી ગયા તેથી તે શલ્યના રથમાં બેઠો. ધૃષ્ટદ્યુમ્નની સહાયતામાટે અભિમન્યુએ તુરત ત્યાં આવી પહોંચી શલ્ય, કૃપાચાર્ય, તથા અશ્વત્થામાને બાણોથી વીંધી નાખ્યા. આ સમયે દુર્યોધનના પુત્ર લક્ષ્મણે અભિમન્યુનું ધનુષ કાપી નાખ્યું, તેથી તેણે ક્રોધ કરી બીજું ધનુષ લઇ લક્ષ્મણઉપર બારે ઝડપ કરી. લક્ષ્મણના બચાવસારૂ દુર્યોધને ઘણા ઘણા રાજાઓને સાથે લઇ ત્યાં આવી અભિમન્યુને ઘેરી લીધો. શ્રીકૃષ્ણજેવાજ પરાક્રમવાળો અભિમન્યુ ગભરાણો નહિ. તેને ઘેરાયેલો જોઇ તેની મદદસારૂ અર્જુન ત્યાં આવી પહોંચ્યો; પણ ભીષ્મ, દ્રોણઆદિ ઘણા પ્રબળ યોદ્ધાઓએ અર્જુનને ઘેરી લીધો. તેણે એવી ઝડપથી બાણો નાખવા માંડ્યાં કે પૃથ્વી તથા આકાશ બાણમય થઇ ગયાં; યોદ્ધાઓ પોતપોતાનાં વાહનોને છોડી

ભાગવા લાગ્યા; પડી ગયેલા હાથ તથા બીજા અવયવોથી પૃથ્વી સંપૂર્ણ છવાઇ રહી; હાથીઓ, ઘોડાઓ તથા માણસોનાં હજારો શબો કચરાવા લાગ્યાં; ઘોડેસ્વારો ઘોડાઓને, હાથીપર બેઠેલા હાથીઓને અને રથોવાળા રથોને છોડીને ભાગવા લાગ્યા; રથો, હાથીઓ અને ઘોડાઓઉપરથી પડેલા અને પડતા કેટલાએક યોદ્ધાઓ જોવામાં આવ્યા. અર્જુનની સામે જોઇ શકે એવો કૌરવના સૈન્યમાં કોઈ પણ જણ આ વખતે દેખાયો નહિ. જે કોઇ તેની સામે જતા તે ક્ષણમાત્રમાંજ પરલોકમાં પહોંચતા. કૌરવોના યોદ્ધાઓ ભાગવા લાગ્યા કે, શ્રીકૃષ્ણ તથા અર્જુને શંખનાદ કર્યો. સૈન્યમાં ભંગાણ પડેલું જોઈ ભીષ્મે દ્રોણાચાર્યને કહ્યું કે "શ્રીકૃષ્ણસહિત આ મહા બળવાન અર્જુન આપણા સૈન્યને જેમ અગ્નિ ખડને બાળે, તેમ બાળવા લાગ્યો છે. અર્જુનનું રૂપ, કાળ તથા યમજેવું દેખાયછે. હું ધારૂંછું કે, તેને કોઇ જીતી શકે તેમ નથી. એકબાજુના મોહડાંસામું જોઇ ભાગતી આપણી સેનાને કોઈ પણ રીતે રોકી શકાય તેમ પણ નથી; સૂર્ય અસ્ત થવાની તૈયારી છે, યોદ્ધાઓ થાકી ગયા છે તથા ભય પામેલા પણ છે તેથી તેઓ આજ લડી શકે તેમ નથી. માટે હું આજ લડાઈ બંધ કરવા ધારૂંછું."

દ્રોણની સલાહથી ભીષ્મે પોતાની સેના પાછી વાળી એટલે પાંડવોએ પણ પોતાની સેના પાછી વાળી લીધી. ભીષ્મના બીજા દિવસમાં પણ કાંઈ જાણવા જેવો બનાવ બન્યો નહિ.

પ્રકરણ ૫૪ મું.

દિવસ ૩ જો.

ભીષ્મપર દોડેલા શ્રીકૃષ્ણનો ક્રોધાક્રાંત દેખાવ.

રાત્રિ વ્યતીત થઇ, પ્રાતઃકાળ થયો. ભીષ્મે સૈન્યને ચડવાની આજ્ઞા કરી અને પોતાનાં સૈન્યનો વ્યૂહ ગોઠવ્યો. કૌરવોના વ્યૂહને તૈયાર થયેલો જોઈ પાંડવોએ પણ પોતાના સૈન્યનો અર્ધચંદ્રવ્યૂહ ગોઠવ્યો. બન્ને પક્ષના વ્યૂહો ગોઠવાયા પછી લડાઇ શરૂ થઇ અને વાજાંઓના તુમુલ શબ્દો થવા લાગ્યા. બન્ને પક્ષના યોદ્ધાઓ યશની ઇચ્છાથી મરતાંસુધી લડવાનો નિશ્ચય કરી લડવા લાગ્યા. રથોની એવી દોડાદોડ થવા લાગી કે, રજથી સૂર્ય ઢંકાઇ ગયો, દિશાઓની ખબર રહી નહિ, કેવળ અનુમાન અને સંજ્ઞા ઉપરથી યુદ્ધ ચાલવા લાગ્યું. કૌરવોનો તેમજ પાંડવોનો વ્યૂહ પણ તૂટયો નહિ. યોદ્ધાઓ ઉતાવળા થઈ સેનાના અગ્રભાગમાંથી બહાર નીકળી યુદ્ધ કરવા લાગ્યા. બાણ, ખડ્ગ, પ્રાસ, ફરસીવગેરે હથિઆરો એકબીજાઉપર પડવા

લાગ્યાં. માણસો, ઘોડાઓ અને હાથીઓનાં શબો પડવાથી પૃથ્વીપર માંસ તથા લોહીનો કીચ જામી રહ્યો; લોહીથી રજ ઉડતી બંધ થઇ અને સઘળી દિશાઓ નિર્મળ થઇ ગઈ; અસંખ્ય કબંધો ઉડવા લાગ્યાં. ભીષ્મ, દ્રોણુ, જયદ્રથ, શલ્ય તથા શકુનિવગેરે યોદ્ધાઓ પાંડવોની સેનાને અને ભીમસેન, ઘટોત્કચ, સાત્યકિ તથા ચેકિતાનવગેરે યોદ્ધાઓ કૌરવોની સેનાને તોડવા લાગ્યા. એક બીજાને મારતા અને લોહીથી ખરડાએલા ક્ષત્રિયો ભયંકર દૈત્યોજેવા જણાવા લાગ્યા. દુર્યોધન ઘટોત્કચની સામે ગયો, દ્રોણુ તથા ભીષ્મ પાંડવોની સેનાઉપર ગયા અને અભિમન્યુ તથા સાત્યકિ શકુનિની સેનાઉપર ગયા. અર્જુન તો સઘળી દિશાઓમાં ફરી ફરી શત્રુઓને વીણી વીણી મારવા લાગ્યો. સામા પક્ષવાળા અર્જુનનું ભારે પરાક્રમ જોઈ તેને ઘેરી લઈ બાણો, સાંગો, પરિઘો તથા મુદ્દગરોની વૃષ્ટિ કરવા લાગ્યા. ટીડના યૂથની પેઠે આવી પડતાં એ આયુધોને અર્જુને પોતાનાં બાણોથી રોકી દીધાં. સાત્યકિનો રથ ભાંગી જવાથી તે અભિમન્યુના રથમાં બેઠો. બન્ને સાથે બેસી શત્રુના સૈન્યને તોડવા લાગ્યા. દુર્યોધનસામે લડતાં લડતાં ઘટોત્કચે એવું પરાક્રમ કર્યું કે, તે પરાક્રમઆગળ ભીમસેનનું પરાક્રમ કંઇપણ હિસાબમાં નહિ એમ જણાવા લાગ્યું. ભીમસેને ક્રોધ કરી દુર્યોધનની છાતી વીંધી નાખી. તે મૂર્છિત થયો અને તેનો સારથિ રથને દૂર લઇ ગયો. આમ થવાથી કૌરવોની સેનામાં ભંગાણ પડ્યું. ભાગતી સેનાને રોકવામાટે ભીષ્મ તથા દ્રોણે ઘણું ઘણું પ્રયત્ન કર્યું પણ તે રોકી શકાઈ નહિ. મૂર્છા ઉતર્યાપછી માંડમાંડ ભાગતી સેનાને દુર્યોધને પાછી વાળી. પાછા વળવાના સમયમાં પુનમને દિવસ સમુદ્રની ભરતીજેવો વેગ કૌરવોની સેનાનો દેખાવા લાગ્યો.

પોતાની સેનાએ માર ખાધેલો જોઇ બિચારો દુર્યોધન તુરત ભીષ્મની પાસે ગયો અને કહ્યું કે "તમે, દ્રોણુ, કૃપાચાર્ય તથા અશ્વત્થામા જીવતા છતાં આમ થાયછે એ યોગ્ય નથી. તમો ખરા રૂપમાં આવો તો પાંડવો કદી પણ તમને પહોંચી શકે નહિ. તમે આપણી સેનાની ઉપેક્ષા કરોછો તેથી હું ધારૂંછું કે, તમારા પેટમાં પાંડવોનો પક્ષપાત છે. જો તમારે આમ કરવું હતું તો મને પ્રથમથીજ ચેતવવું હતું એટલે હું કર્ણની સલાહથીજ સઘળું કામ લેત. હવે જો તમારે મને છોડી દેવો ન હોય તો તમોને છાજે તેવું પરાક્રમ કરો."

"અરે મૂર્ખ! પાંડવો દેવતાથી પણ જીતી શકાય તેમ નથી, એમ મેં તને વારંવાર સાચું કહેલું છે, મારો કશો અપરાધ નથી; હું વૃદ્ધ છતાં પણ

આજ યથાશક્તિ કામ કરી દેખાડીશ અને સર્વ લોકો દેખતાં આજ હું પાંડવોને પરાસ્ત કરીશ."

ભીષ્મનાં વચન સાંભળી આનંદથી સેનામાં ભેરીઓ તથા શંખોના નાદ થવા લાગ્યા. કૌરવોની સેનામાં થતા નાદને સાંભળી પાંડવોની સેના પણ તેવાજ નાદ કરવા લાગી. પોતાની પ્રતિજ્ઞાપ્રમાણે ભીષ્મ મોટી સેનાસહિત પાંડવોની સેનામાં આગળ વધ્યા. આ વખતે સૂર્ય પશ્ચિમ દિશામાં લટક્યો હતો. પાંડવોની સેનામાં ભારે કતલથી લોહીની નદીઓ ચાલવા લાગી. મારો, કાપો એવા શબ્દો થવા લાગ્યા. હજારો માથાંઓ તથા ધડો ધરતીપર પડી તરફડવા લાગ્યાં. હાથી, ઘોડા તથા યોદ્ધાઓનાં શબો પડવાથી રથોને ચાલવાનો માર્ગ પણ ન રહ્યો. કેટલાએક યોદ્ધાઓ પોતાનાં નિકળી પડેલાં આંતરડાંને ઢસેડતા ઢસેડતા પણ યુદ્ધ કરવા લાગ્યા. કેટલાએક યોદ્ધાઓ કાયર થઈ પોતાના સંબંધીઓને બોલાવવા લાગ્યા અને કેટલાએક તેઓની સાંત્વના કરવા લાગ્યા. ભીષ્મ ધનુષને મંડલાકાર કરી, ઝેરી નાગજેવાં બાણોથી સઘળી દિશાઓને આચ્છાદિત કરી, પાંડવોના યોદ્ધાઓને વીણીવીણીને મારવા લાગ્યા. પોતે એક છતાં પણ પાંડવોના યોદ્ધાઓને અનેક દેખાવા લાગ્યા. ભીષ્મ જાણે માયાથી અનેક રૂપ ધરી ફરતા હોય તેમ ક્ષણે ક્ષણે સઘળી દિશાઓમાં દેખાવા લાગ્યા. એક એક બાણથી સામટા ચાર ચાર પાંચ પાંચ હાથીઓને વીંધવા લાગ્યા. જે જે જણ ભીષ્મની સામે થયો, તે તે જણ ક્ષણમાત્રમાં મરણ પામેલો જોવામાં આવ્યો. તેની સામે થતા સઘળા ક્ષત્રિયો અગ્નિમાં પડતા પતંગિયાની દશાને પ્રાપ્ત થવા લાગ્યા. તેનું કોઈ પણ બાણ વ્યર્થ જોવામાં આવ્યું નહિ. શ્રીકૃષ્ણ, અર્જુન, ધૃષ્ટદ્યુમ્ન અને ભીમસેન જોતાં છતાં પણ તેનાં બાણોથી પાંડવોની સેના સેંકડો પ્રકારથી વીંખાવા લાગી. પાંડવોના ભાગતા યોદ્ધાઓને વાળવા છતાં પણ ભીષ્મના ત્રાસને લીધે કોઈ પણ પાછા વળ્યા નહિ. કોઈ બે જણ પણ સાથે ન દોડે એવું પાંડવોની સેનામાં ભંગાણ પડેલું જોઈ શ્રીકૃષ્ણે રથને ઉભો રાખી અર્જુનને કહ્યું કે "તમે જે સમયને ઈચ્છતા હતા તે સમય હવે પ્રાપ્ત થયો છે. તમે હવે રાજાઓની સમીપમાં જે પ્રતિજ્ઞા કરી છે તે સફળ કરો. તમે દેખતા છતાં તમારા યોદ્ધાઓ ભીષ્મના ભયથી ભાગી જાયછે તેમાં તમારી પ્રતિષ્ઠા નથી."

શ્રીકૃષ્ણનાં વચન સાંભળી તેણે પોતાના રથને ભીષ્મની સામે લઈ જવા કહ્યું અને કહ્યું કે "હવે હું એ ડોસાને પાડ્યાવગર રહેવાનો નથી." આ-

ર્જુનનાં વચનથી કૃષ્ણે પણ તેના રથને ભીષ્મના તરફ વાળ્યો. તે જોઈ પાંડવોની ભાગતી સેના પણ હિમ્મત ધરી પાછી વળી. ભીષ્મે સિંહના જેવી ગર્જના કરી અને બાણોની વૃષ્ટિથી અર્જુનના આખા રથને ઢાંકી દીધો. ઢંકાયા છતાં પણ શ્રીકૃષ્ણ ધીરજ રાખી ઘોડાઓને હાંકવા લાગ્યા. અર્જુને બાણોથી ભીષ્મના ધનુષને કાપી નાખ્યું. નિમિષમાત્રમાં બીજું ધનુષ લઇ, સજ્જ કરવા માંડ્યું કે તેને પણ તેણે કાપી નાખ્યું. આ પ્રમાણે અર્જુનનું પરાક્રમ જોઇ ભીષ્મ બોલ્યા કે "અર્જુન ! પુત્ર ! ધન્ય છે. આવું પરાક્રમ તમેજ કરી શકો. હું રાજી થઇને આજ્ઞા આપું છું કે, મારી સામે યુદ્ધ કરો."

આ પ્રમાણે અર્જુનનાં વખાણ કરી, ત્રીજું ધનુષ હાથમાં લઈ, ભીષ્મ અર્જુનઉપર અસંખ્ય બાણો નાખવા લાગ્યા. પરંતુ તે સઘળાં બાણો શ્રીકૃષ્ણની ઘોડા હાંકવાની ચાલાકીને લીધે વ્યર્થ જવા લાગ્યાં. પોતાનાં બાણો વ્યર્થ જવાથી અત્યંત ક્રોધ કરી ભીષ્મે હજારો અને લાખો બાણો ફેંકી અર્જુનના રથની સઘળી દિશાઓ બંધ કરી દીધી અને શ્રીકૃષ્ણ તથા અર્જુનને બાણોથી શેઢાઇ જેવા બનાવી દીધા.

પાંડવોના સેનાનો પરાભવ થતો જોઇ શ્રીકૃષ્ણને મનમાં વિચાર થયો કે, ભીષ્મ અગ્નિના પેઠે પાંડવોના સૈન્યને બાળેછે; અર્જુન તેની મોટાઈ જાળવવા સારૂ કોમળ યુદ્ધ કરેછે; ભીષ્મ એક દિવસમાં પણ સઘળા ત્રૈલોક્યને નષ્ટ કરવા સમર્થ છે. અર્જુન તીક્ષ્ણ બાણોથી પીડાતો છતાં પણ પોતાના કર્તવ્યને જાણતો નથી. કૌરવો ગર્જના કરેછે, પાંડવોના યોદ્ધાઓ ભાગેછે, જો આમજ ચાલ્યા કરશે તો એક દિવસમાંજ પાંડવોની સેનાનો ક્ષય થઇ જશે; માટે પાંડવોને વાસ્તે હું જ સજ્જ થઈ ભીષ્મને મારી આજનેઆજ પાંડવોપરનો બોજો ઉતારી નાખું. આ પ્રમાણે શ્રીકૃષ્ણ વિચાર કરેછે તેટલામાંજ ભીષ્મે એટલાં બધાં બાણો અર્જુનના રથઉપર નાખ્યાં કે, તેથી અંતરિક્ષ, દિશાઓ, સૂર્ય તથા પૃથ્વી દેખાતાં બંધ થઇ ગયાં અને પ્રચંડ પવન વાવા લાગ્યો. દ્રોણ, ભૂરિશ્રવા, જયદ્રથ, કૃતવર્મા અને કૃપાચાર્ય એઓએ ચારેકોરથી અર્જુનના રથને ઘેરી લીધો, અને અર્જુન ક્યાં છે એ પત્તો પાંડવોના યોદ્ધાઓને મળવો પણ કઠણ થઇ પડ્યો.

શ્રીકૃષ્ણ તથા અર્જુન ઘેરાઈ ગયા છે અને પાંડવોનું સૈન્ય ભાગેછે માટે મારે મારૂં પરાક્રમ બતાવવું જોઇએ; એવા વિચારથી મહાવીર સાત્યકિ તેઓની સહાયતા કરવા આવી પહોંચ્યો અને સેનાને ધીરજ આપવાને વાસ્તે પણ પ્રયત્ન

કરી કહેવા લાગ્યો કે "વીર લોકો ! તમો તમારી પ્રતિજ્ઞા નહિ છોડતાં ધર્મનું પાલન કરો. કયાં જાઓછો ? આવી રીતે ભાગી જવું એ તમારો ધર્મ નથી. યુદ્ધ કરો અને શત્રુઓને હરાવો."

સાત્યકિ સેનાને ધીરજ આપેછે અને લડાઇ કરવાનો ઉત્સાહ આપેછે છતાં લશ્કર પાછું વળતું નથી; અર્જુન કોમળ યુદ્ધ કરેછે અને ભીષ્મ યુદ્ધમાં વૃદ્ધિ પામતા જાયછે; તેથી હું પોતેજ આજ યુદ્ધ કરી કૌરવનાં લશ્કરને હરાવીશ. એમ વિચાર કરી શ્રીકૃષ્ણે સાત્યકિને કહ્યું કે "જેઓ જાય તે ભલે જાય અને અને જેઓ ઉભા છે તેઓ પણ ભલે જાય; આજ હું સઘળા કૌરવોને તથા ભીષ્મ અને દ્રોણને તોડી પાડીશ. આજ કૌરવોનો એક યોદ્ધા મારા હાથથી છટકી જવાનો નથી. આજ મારે યુધિષ્ઠિરને સઘળું રાજ્ય હસ્તગત કરી આપવાનું છે." એમ કહેતાં કહેતાં કરોડો સૂર્યજેવું સુદર્શન પણ શત્રુઓને દુર્દર્શનચક્ર હાથમાં લઇ, રથમાંથી ઉતરી, સિંહનાદ કરતા કરતા હાથમાં હથિઆર ન ધરવાની પોતે લીધેલી પ્રતિજ્ઞા ભુલી જઇ શ્રીકૃષ્ણ ભીષ્મની સામે દોડ્યા. જેમ મદાંધ હાથીની સામે સિંહ દોડે તેમ ભીષ્મના સામે દોડતા, જગતનો પ્રલય કરવા ધારતા હોય! એમ ઉગ્ર દેખાતા અને વેગને લીધે જેનું પીતાંબર ઘસડાયછે એવા શ્રીકૃષ્ણને જોઇ સર્વ લોકો કૌરવોનો ક્ષય ધારવા લાગ્યા. શ્રીકૃષ્ણને ચક્ર લઇ વેગથી આવતા જોઇ નિર્ભયરીતે બન્ને હાથથી પોતાના ધનુષને ખેંચતા ખેંચતા ભીષ્મ બોલ્યા કે "હે દેવાધિદેવ ! હે જગતના નિવાસરૂપ ! હે માધવ ! હે ચક્રપાણિ ! પધારો, પધારો: તમારા હાથે મરવાથી આ લોક તથા પરલોકમાં મારૂં કલ્યાણ છે. આજ આપે મારી સામે આવી મને સઘળા વીર લોકો તથા ભક્ત લોકોમાં માનપાત્ર કરેલ છે."

ઉપર પ્રમાણે ભીષ્મ બોલતા હતા અને કૃષ્ણ દોડ્યા જતા હતા, તેવામાં અર્જુને તુરત પોતાના રથમાંથી ઉતરી દશમે પગલે શ્રીકૃષ્ણને પકડ્યા. પકડ્યા છતાં પણ અર્જુનને ઢસેડીને આગળ વધતા શ્રીકૃષ્ણના પગમાં અર્જુન બલાત્કારથી પડ્યો અને પ્રણામ કરી કહ્યું કે "હું મારા પુત્રો તથા સહોદર ભાઇઓના સોગન લઈ કહુંછું કે, હવે હું મારી પ્રતિજ્ઞાપ્રમાણે કામ કરવામાં કશી ખામી રાખીશ નહિ. શાંત થાઓ. હું આપની સહાયતાથી કૌરવોનો તુરત નાશ કરીશ."

અર્જુનનાં વચનો સાંભળી રાજી થયેલા શ્રીકૃષ્ણ પાછા રથપર બેઠા. અર્જુને ગાંડીવનો ટંકાર કર્યો. સઘળી દિશાઓ ગાજી રહી, અર્જુને એટલાં

તો બાણો ફેંકયાં કે સઘળી દિશાઓ અંધકારમય થઇ ગઇ; દુર્યોધન, ભૂરિશ્રવા, શલ્ય તથા ભીષ્મઆદિ સઘળા યોદ્ધાઓ કાયર થઇ ગયા અને કૌરવોના સૈન્યમાં હાહાકાર વર્તી રહ્યો. તે સમયેજ અર્જુને ઈંદ્રાસ્ત્રનો પ્રયોગ કર્યો. પાંડવોના પક્ષના સઘળા યોદ્ધાઓ રાજી થયા, કૌરવોની સેના ધ્રુજવા લાગી, લોહીની ભયંકર નદી ચાલવા લાગી અને પાંડવોના યોદ્ધાઓ શત્રુઓને કાપવા લાગ્યા.

ઇંદ્રાસ્ત્રને વૃદ્ધિ પામતું તથા સૂર્યને અસ્ત પામતો જોઈ ભીષ્મે પોતાની સેનાને પાછી વાળી. કૌરવોની સેનાવાળા પાછા વળતાં વળતાં બોલવા લાગ્યા કે "આજ અર્જુને જે કામ કર્યું તેવું બીજા કોઇથી બની શકવાનું નથી. આજ અર્જુને દ્રોણ, ભીષ્મ, શલ્ય અને ભૂરિશ્રવા તથા બીજા પણ યોદ્ધાઓને જીતી લીધા છે."

અર્જુનના ભયથી ત્રાસ પામેલી કૌરવોની સઘળી સેના રાતે મશાલના અજવાળાથી પોતાના ઉતારામાં ગઇ. આ લડાઇના ત્રીજા દિવસમાં પણ કૃષ્ણ પોતાના હાથમાં ક્રોધથી ચક્ર લઇ ભીષ્મના સામે દોડ્યા અને અર્જુને ઇંદ્રાસ્ત્રનો પ્રયોગ કરી કૌરવોની સેનામાં હાહાકાર વર્તાવી દીધો તેસિવાય બીજી કોઇ પણ બાબત વધારે જાણવાજોગી બની નહિ.

પ્રકરણ ૫૫ મું.

દિવસ ૪ થો.

ભીમનું પરાક્રમ, ઘટોત્કચનો ત્રાસ.

પ્રાતઃકાળ થતાં પોતાની સેનાનો વ્યૂહ ગોઠવી ભીષ્મ પાંડવોની સેનાસામે ચાલ્યા. દ્રોણ, દુર્યોધન, જયદ્રથ, શલ્ય તથા શકુનિવગેરે યોદ્ધાઓ ભીષ્મની પાછળ ચાલ્યા. કૌરવોના વ્યૂહને જોઇ પાંડવોએ પોતાનો વ્યૂહ એવા પ્રકારથી ગોઠવ્યો કે જે વ્યૂહ પૂર્વે કોઇના જોવામાં કે સાંભળવામાં પણ આવ્યો નહિ હોય. બન્ને સૈન્યોમાં સઘળા યોદ્ધાઓ પોતપોતાની જગ્યાઉપર ઉભી જતાં ભેરીઓ તથા શંખોના શબ્દો સંભળાવા લાગ્યા. ધનુષોના ટંકારો થવા લાગ્યા અને ભારે લડાઇ ચાલતી થઇ.

ભીષ્મ, દ્રોણ તથા દુર્યોધનવગેરે યોદ્ધાઓ અર્જુનની સામે થયા પણ વચમાં અભિમન્યુએ તે સઘળાને તોડલાવારતે ભારે યુદ્ધ મચાવી લોહીની નદી ચલાવી મૂકી. ભીષ્મ અભિમન્યુને છોડી દઇ, અર્જુનની સામે આવી, બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા. તે બન્ને યોદ્ધાઓ એક બીજાનાં અસ્ત્રોને તોડવા લાગ્યા. આ વખતે અશ્વત્થામા, ભૂરિશ્રવા, શલ્ય તથા તેનો પુત્ર, એઓએ અભિમન્યુને ઘેરી લીધો. પરંતુ તેઓમાંનો કોઇ યોદ્ધા શૌર્ય, અસ્ત્રવિદ્યા કે ચાલાકીમાં અભિમન્યુકરતાં વધી શક્યો નહિ. પુત્રને પરાક્રમ કરતો જોઇ અ-

ર્જુને આનંદથી સિંહનાદ કર્યો કે તરતજ, અભિમન્યુએ અશ્વત્થામા તથા શલ્યને તીક્ષ્ણ બાણોથી વીંધી નાખ્યા અને શલ્યના પુત્રની ધ્વજા તથા ભૂરિશ્રવાની સાંગ કાપી નાખવાની સાથે શલ્યના ચારે ઘોડાઓને યમલોકમાં મોકલી દીધા. બાળક અભિમન્યુના હાથથી મહા પરાક્રમી શલ્યઆદિ યોદ્ધાઓને પરાસ્ત થતા જોઇ દુર્યોધનની પ્રેરણાથી ત્રિગર્ત્ત તથા મદ્રદેશના મુખ્ય પચ્ચીશ હજાર યોદ્ધાઓ અભિમન્યુ તથા અર્જુનને ચારે તરફથી ઘેરી વળ્યા. પોતાના સૈન્યના એ મુખ્ય યોદ્ધાઓને ઘેરાયેલા જોઈ સેનાપતિ ધૃષ્ટદ્યુમ્ન ઘણી મોટી સેનાસાથે ત્યાં આવી પહોંચ્યો. તેણે ઘણા ઘણા શત્રુઓને તોડી પાડી એક ભયંકર ગદાના પ્રહારથી શલ્યના પુત્રનું જીવિત હરી લીધું. પુત્રને મરણ પામેલો જોઇ વેગમાં આવેલા ક્રોધાતુર શલ્યે તરતજ એક તીવ્ર બાણવડે ધૃષ્ટદ્યુમ્નનું ધનુષ કાપી નાખી, તેને બાણના જાળથી ઢાંકી દીધો. શલ્યનું આવું પરાક્રમ જોઈ અભિમન્યુએ તેનાપર ભારે ઝડપ કરી. આ સમયે દુર્યોધન તથા દુઃશાસન આદિ દશ યોદ્ધાઓ શલ્યનું રક્ષણ કરવા આવતાં ભીમસેન, ધૃષ્ટદ્યુમ્ન, નકુલ, સહદેવ તથા દ્રૌપદીના પાંચ પુત્રો એઓ અભિમન્યુપાસે આવી પહોંચ્યા. દુર્યોધનને જોઈ ભીમસેને આ મહાભારત કંકાસનો એકદમ અંત આણવામાટે મૃત્યુદૂતીસરખી ભયાનક ગદા હાથમાં લેતાં દુર્યોધન તથા તેના સઘળા ભાઇઓ ત્યાંથી ખસી ગયા.

થોડીવાર પછી દશ હજાર હાથીઓસહિત માગધ રાજાને અગ્રણી કરી દુર્યોધન ભીમસેનસામે આવ્યો કે તરત, ભીમસેન રથમાંથી ઉતરી મદોન્મત્ત હાથીઓને મારવા લાગ્યો. કેટલાએક હાથીઓ તો ભીમના સિંહનાદથીજ ફાટી પડવા લાગ્યા. ભીમની સહાયતામાટે અભિમન્યુ, નકુલ, સહદેવ તથા ધૃષ્ટદ્યુમ્ન એઓએ પણ ત્યાં આવી સામા પક્ષના અસંખ્ય યોદ્ધાઓ અને હાથીઓનાં મસ્તકોથી પૃથ્વીને ઢાંકી દીધી. માગધ રાજાએ પોતાનો ઐરાવતસરખો હાથી અભિમન્યુસામે ચલાવ્યો કે વગરવિલંબે પરાક્રમી અભિમન્યુએ એક બાણથી તે હાથીને મારી નાખ્યો અને બીજા બાણથી માગધ રાજાનું ચળકતાં કુંડળો તથા મુકુટથી શોભતું મસ્તક ઉડાવી દીધું.

ભીમસેને હાથીઓની ફોજમાં પેસી હાથીઓને મારવા માંડ્યા, જેથી કેટલાએક હાથીઓ ભાગી ગયા, કેટલાએક ભયને લીધે વિષ્ટામૂત્ર કરી રહ્યા અને કેટલાએક વિહ્વળ બની ધરતીપર પડી તરફડવા લાગ્યા. હાથીઓના મદ અને રૂધિરથી ખરડાયેલો ભીમસેન કૌરવોની સેનામાં કાળરૂદ્ર જેવો દેખા-

વા લાગ્યો. વાયુ જેમ વાદળાંને વીંખી નાખે તેમ હાથીઓના સમૂહને વીંખીને ભીમ રણભૂમિમાં નિર્ભય થઇને ઉભો રહ્યો. હાથીઓની ફોજ ત્રુટી જતાં દુર્યોધનની આજ્ઞાથી સમગ્ર સૈન્યે ભીમને ઘેરી લીધો; પરંતુ મહાબલવાન ભીમ પોતે એકલોજ સર્વ શત્રુઓને ત્રાસ ઉપજાવવા લાગ્યો. કેટલાએકને ગદાથી અને કેટલાએકને તો સાથળના વેગથીજ પાડી નાખ્યા. માંસ, લોહી તથા મજ્જાથી ખરડાયેલી ભીમની ગદા યમદંડ તથા કાળરૂદ્રના પિનાકસરખી દેખાવા લાગી. જે જે દિશાતરફ ભીમ દૃષ્ટિ કરવા લાગ્યો તે તે દિશામાંથી કૌરવોનું સૈન્ય વીંખાવા લાગ્યું.

આ પ્રમાણે થતું જોઈ ભીષ્મે પોતાનો રથ ભીમની સામે ચલાવ્યો. ભીમના રક્ષણમાટે સાત્યકિ આવી પહોંચ્યો, તેને અટકાવવા માટે શત્રુપક્ષના યોદ્ધાઓએ ઘણો ઘણો યત્ન કરવા છતાં પણ તે અટક્યો નહિ અને સામે થયેલાઓને મુંઝાવી દેવા લાગ્યો. તે જોઇ ભૂરિશ્રવા સાત્યકિસામે થયો. સાત્યકિ ભૂરિશ્રવાની સાથે લડવામાં રોકાઇ જતાં દુર્યોધન શલ્ય તથા પોતાના ચૌદ ભાઇઓસહિત ત્યાં આવી પહોંચ્યો. વેગમાં આવેલા દુર્યોધનના પ્રચંડ પ્રહારથી ભીમ મૂર્છિત થઈ ગયો, પરંતુ ક્ષણમાત્રમાં પાછો સાવચેત થઈ ઉગ્ર બાણોની વૃષ્ટિથી તેણે શલ્ય અને દુર્યોધનને પરાસ્ત કરી તેના ચૌદે ભાઇઓનાં માથાં ઉડાવી દીધાં. આ સમય ભીષ્મની આજ્ઞાથી ભગદત્તે પોતાનો મદોન્મત્ત હાથી, ભીમની સામે હાંક્યો જેને અટકાવવા અભિમન્યુઆદિએ કરેલો યત્ન નિષ્ફળ થયો. મહા બળવાન ભગદત્તે ભીમની છાતીમાં એક ભયંકર બાણ મારી તેને મૂર્છિત કર્યો કે મહાવેગમાં આવેલા તેના પુત્ર ઘટોત્કચે પોતાની માયાથી ઐરાવતઆદિ દિગ્ગજોને તથા બીજા પણ ઘણા ઘણા હાથીઓને નવા બનાવી પોતે ભયાનક રૂપ ધરી ઐરાવતઉપર બેસીને ભગદત્તને મારવા આવ્યો. ઘટોત્કચના હાથીના દંતોસળોના પ્રહારથી ભગદત્તનો હાથી ઘાયલ થઇ ઘણી ચીસો પાડવા લાગ્યો. તે જોઇ ભીષ્મે દ્રોણ તથા દુર્યોધનને કહ્યું કે "આ માયાવી ઘટોત્કચ તાજો છે અને આપણે સઘળા થાકેલા છીએ માટે હમણાં તેની સાથે યુદ્ધ કરવું મને ગમતું નથી. આપણી સેનાને પાછી વાળી લ્યો. આવતી કાલે યુદ્ધ કરીશું."

ભીષ્મનાં વચન સાંભળી ભયથી પીડાયેલા કૌરવો પોતાની સેનાને પાછી વાળી, ભીષ્મને અગ્રણી કરી, પોતાના ઉતારાપર ગયા; તે જોઇ પાંડવો પણ પોતાની સેનાને પાછી વાળી, ભીમ તથા ઘટોત્કચને અગ્રણી કરી, અતિ આનંદ પામતા તથા સિંહનાદ કરતા ગાજતે વાજતે પોતાના ઉતારામાં ગયા. ભાઇઓના વધથી રાંક થઈ ગયેલો દુર્યોધન ઉતારામાં આવ્યા પછી સૈન્યનો સઘળો બંદોબસ્ત કરીને ભવિષ્યના ભયની ભારે ચિંતા કરવા લાગ્યો.

પ્રકરણ ૫૬ મું.

દિવસ ૫ મો.

સાત્યકિના દશ પુત્રોનું મરણ.

સૂર્યોદય થતાં બન્ને સેના યુદ્ધવાસ્તે તૈયાર થઈ. કૌરવોની સેનામાં ભીષ્મે મકરવ્યૂહ અને પાંડવોની સેનામાં ધૃષ્ટદ્યુમ્ને શ્યેન-વ્યૂહ ગોઠવ્યો. ભીમસેને મકરના મુખમાં પેસીને ભીષ્મને બાણોથી ઢાંકી દીધા, અને ભીષ્મે મોટાં મોટાં અસ્ત્રોથી પાંડવોની સેનાને ગભરાવી, તેવામાં અર્જુને એક હજાર બાણો નાખી ભીષ્મના વેગને અટકાવી દીધો. આ વખતે દ્રોણાચાર્ય પાંડવોની સેનાને તોડવા લાગતાં સાત્યકિ તેની સામે થયો. દ્રોણાચાર્યે બાણોથી સાત્યકિની હાંસડી વીંધી નાખી, તેથી તેના બચાવમાટે ભીમસેને દ્રોણની ઉપર ભારે ચપળતા વાપરી ચોટ કરી, પણ ભીષ્મે, દ્રોણે તથા શલ્યે તેને બાણોથી ઢાંકી દીધો. શિખંડી ઉગ્ર બાણોથી શત્રુઓને ત્રાસ પમાડતો ભીષ્મની સાંમે આવ્યો. શિખંડીને સામે આવેલો જોઇ પોતાની પ્રતિજ્ઞાપ્રમાણે તેનું પ્રથમનું સ્ત્રીપણું સંભારી, ભીષ્મે તેને છોડી દીધો કે દુર્યોધનની પ્રેરણાથી દ્રોણ શિખંડીની સામે

લડવા લાગ્યા. પ્રલયકાળના અગ્નિસમાન ક્રોધ પામેલા દ્રોણને જોઈ શિખંડી ત્રાસને લીધે બીજાયોદ્ધાઓસામે યુદ્ધ કરવા ચાલ્યો ગયો. આ સમય પાંડવો તથા કૌરવો એક બીજાની સેનાઉપર ઘણા રોષથી તૂટી પડ્યા. પથરાઓની પેઠે પડતાં માથાંઓની વૃષ્ટિને લીધે તથા હાથી, ઘોડા અને માણસોનાં મુડદાંઓથી પૃથ્વી છવાઇ રહી. ધનુષો અને હાથીઓના શબ્દોથી ભારે ઘોંઘાટ મચી રહ્યો અને લોહીના પ્રવાહો ચાલવા લાગ્યા.

ભીષ્મની વધતી જતી ઝડપ જોઇ અર્જુન તેની સામે દોડ્યો. ગાંડીવ અને પાંચજન્ય તેમજ દેવદત્ત નામના શંખનો શબ્દ સાંભળી તથા હનુમાનના ચિન્હવાળી ધ્વજા જોઈ કૌરવોની સેનામાં ભારે ભય ફેલાઇ રહ્યો. ભયંકર અસ્ત્રોવાળા અર્જુનનું ભીષ્મપર થતું પરાક્રમ જોઇ કૌરવો ના યોદ્ધાઓને દિશાઓનું ભાન રહ્યું નહિ. વજ્રના કડાકાજેવા ગાંડીવના શબ્દને સાંભળી દુર્યોધન તથા તેની સઘળી સેના ભીષ્મની પાછળ ભરાવા લાગી. ભીષ્મ અને અર્જુન, જયદ્રથ અને ભીમસેન, શલ્ય અને યુધિષ્ઠિર, તથા દ્રોણ અને સાત્યકિ; તેમજ દુર્યોધન તથા શકુનિ વિરાટની સાથે અને કૃતવર્મા તથા કૃપાચાર્ય ધૃષ્ટદ્યુમ્નની સાથે યુદ્ધ કરવા લાગ્યા. આ સમય મોટા મોટા ઉલ્કાપાત થવા લાગ્યા, પ્રચંડ પવન વાવા લાગ્યો, ધૂળથી આકાશ ઘેરાઇ જવાને લીધે સૂર્ય અદૃશ્ય થઇ ગયો, શરીરોપર પડતાં શસ્ત્રોના શબ્દો સંભળાવા લાગ્યા અને યુદ્ધનો દેખાવ મહા ભયાનક દેખાવા લાગ્યો.

ભીષ્મ, ભીમતરફ દોડ્યા અને તેનાપર ઘણાં ઘણાં બાણો નાખતાં ભીમસેને ક્રોધથી વ્યાકુળ થઇ ભીષ્મપર એક ભયંકર સાંગ ફેંકી. ભીષ્મે એ સાંગના સેંકડો કટકા કરી નાખવાની સાથે ભીમના ધનુષને પણ કાપી નાખ્યું. ભીમના બચાવમાટે સાત્યકિએ ભીષ્મપર ચડાઈ કરતાં ભીષ્મે તેના સારથિને મારી નાખ્યો જેથી સાત્યકિના ઘોડા આમ તેમ દોડવા લાગતાં પાંડવોના સૈન્યમાં ભારે ગભરાટ વર્તી રહ્યો. સાત્યકિનો રથ દૂર નીકળી જતાં ભીષ્મે પાંડવોની સેનાને તોડવા માંડી. અશ્વત્થામાએ અર્જુનની છાતી છ બાણોથી વીંધી નાખી અને અર્જુને ત્રણ બાણોથી તેનું ધનુષ કાપી નાખ્યું. અશ્વત્થામાએ બીજું ધનુષ લઈ નેવું બાણોથી અર્જુનને અને સીત્તેર બાણોથી શ્રીકૃષ્ણને વીંધતાં અર્જુને લાંબો તથા ઉંડો નિસાસો મૂકી તેનાપર બાણોની વૃષ્ટિ ચલાવી. અર્જુનના બાણોથી વીંધાયા છતાં પણ અશ્વત્થામા બિલકુલ નહિ મુંઝાતાં ભીષ્મનું રક્ષણ કરવામાં તત્પર રહેવા લાગ્યો, જેથી સઘળા યોદ્ધાઓ

અશ્વત્થામાનાં વખાણ કરવા લાગ્યા. જો કે અશ્વત્થામા નિર્ભય બની નિર્દયપણાથી યુદ્ધ કરતો હતો, તોપણ અર્જુને તેને ગુરૂપુત્ર તથા બ્રાહ્મણ જાણી દયાને લીધે વધારે વેગ નહિ કરતાં તેને છોડી દઈ કૌરવોની સેનામાં પ્રવેશ કર્યો.

આ વખત અભિમન્યુ તથા દુર્યોધનના પુત્ર લક્ષ્મણવચ્ચે ભારે યુદ્ધ ચાલતું હતું. અભિમન્યુએ લક્ષ્મણના સારથિ તથા ઘોડાઓને મારી નાખી તેનાપર ભારે ઝડપ કરી. પરંતુ કૃપાચાર્ય વચમાં આવી, લક્ષ્મણને પોતાના રથમાં બેસાડી દૂર લઇ ગયા. અભિમન્યુનું પરાક્રમ જોઇ સાત્યકિએ પણ ઘણી ચાલાકી વાપરી દિવ્ય અસ્ત્રોથી એકદમ કૌરવોની સેનાના દશ હજાર યોદ્ધાઓનો નાશ કરી નાખ્યો. ભૂરિશ્રવા સાત્યકિસામે થયો. તેનાં કાળોતરા નાગજેવાં બાણોથી સાત્યકિના યોદ્ધાઓ તેને છોડીને ભાગી ગયા. પરંતુ સાત્યકિના દશ પુત્રો અચલ પર્વતની પેઠે ટકી રહી ભૂરિશ્રવાસામે ઘણું ભયંકર યુદ્ધ કરવા લાગ્યા. આખરે તેઓ થાકી જતાં ભૂરિશ્રવાએ પોતાનાં ભયાનક હથિયારોથી તે દશેનાં માથાં કાપી નાખ્યાં. દશે પુત્રોને ભૂરિશ્રવાના હાથથી મરણ પામેલા જોઈ શોક તથા ક્રોધથી વ્યાપ્ત થયેલા સાત્યકિએ ભૂરિશ્રવાનું ધનુષ કાપી નાખી તેના સારથિ તથા ઘોડાઓને મારી નાખતાં રથને પણ ભાંગી નાખ્યો. ભૂરિશ્રવાએ પણ સાત્યકિને રથ વગરનો કરી દીધો. બન્ને યોદ્ધાઓ ઢાલતરવાર લઇ સામસામે રણભૂમિપર ઉતરી પડ્યા. પરંતુ તેવામાં ભીમે સાત્યકિને અને દુર્યોધને ભૂરિશ્રવાને પોતાના રથમાં બેસાડી દીધો. આ પ્રમાણે યુદ્ધ ચાલતાં ભીષ્મને નરમ પાડવાસારૂ અર્જુને કૌરવોના પચ્ચીશ હજાર યોદ્ધાઓને મારી નાખ્યા. જેમ અગ્નિમાં પડીને પતંગિયા નાશ પામે તેમ, કૌરવોના પક્ષના ઘણા યોદ્ધાઓ અર્જુનના સપાટામાં સપડાઇ નષ્ટ થયા.

આ વખત સૂર્યને અસ્ત થતો, સેનાને ગભરાતી અને રથના ઘોડાઓને થાકેલા જોઇ ભીષ્મે પોતાની સેના પાછી વાળી લીધી એટલે પાંડવોએ પણ પોતાની સેનાને યુદ્ધ કરતી અટકાવી. ઉદ્વેગ પામેલા સઘળા યોદ્ધાઓ પોતપોતાને ઉતારે જઇ ભોજનાદિ કરી સુઇ રહ્યા.

પ્રકરણ ૫૭ મું.

દિવસ ૬ ઠ્ઠો.

દુર્યોધને ભીમના હાથથી ખાધેલો માર.

પ્રભાતમાં બન્ને સૈન્ય રણભૂમિમાં આવતાં શંખ તથા દુંદુભિના શબ્દો થવા લાગ્યા. યુધિષ્ઠિરના કહેવાથી ધૃષ્ટદ્યુમ્ને સેનાનો મકર વ્યૂહ ગોઠવ્યો. ભીષ્મે કૌરવોની સેનાનો ક્રૌંચ વ્યૂહ ગોઠવ્યો. સૂર્યોદય થતાં બન્ને સેનાઓમાં ભારે કતલ ચાલી. ભીમ, દ્રોણની સામે થતાં દ્રોણે ભીમનાં મર્મસ્થળોને વીંધી નાખ્યાં અને ભીમે દ્રોણના સારથિને મારી નાખ્યો. દ્રોણ, મહારથિ અને સારથિ એ બન્નેનું કામ પોતેજ કરવા લાગ્યા. દ્રોણ તથા ભીષ્મના હાથથી પાંડવોની અને ભીમ તથા અર્જુનના હાથથી કૌરવોની સેના ગભરાવા લાગી. થોડી વારમાં બન્ને સેનાના વ્યૂહ ત્રુટી ગયા અને ભીમ ભયંકર બાણોથી મોટી સેનાને તોડી, દુઃશાસન તથા વિકર્ણ વગેરે દુર્યોધનના ભાઇઓ-

સામે થયો. દુર્યોધનના સઘળા ભાઇઓ તેને જીવતો પકડી લેવાનો નિશ્ચય કરી ચારેતરફથી ઘેરી વળ્યા અને લાખો બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા. ભીમ તેઓના નિશ્ચયને જાણી હાથમાં ગદા લઈ રથમાંથી ઉતરી પડ્યો અને શત્રુઓના સૈન્યની અંદર પેસી યોદ્ધાઓનો વિનાશ કરવા લાગ્યો. ભીમની ખબર લેવા માટે ધૃષ્ટદ્યુમ્ન ભીમના રથઆગળ આવ્યો અને તે રથ ખાલી જોવામાં આવતાં તેણે ઘણો ખેદ પામી તેના સારથિને પૂછ્યું કે "મારાં પ્રાણકરતાં પણ મને વિશેષ વહાલો ભીમ ક્યાં છે?" "મને અહીં ઉભો રાખી તે કૌરવના સૈન્યમાં ગયા છે." એવાં સારથિનાં વચન સાંભળી ધૃષ્ટદ્યુમ્ને પોતાનો રથ તરત ભીમની તરફ ચલાવવા સારથિને પ્રેરણા કરી. ભીમના હાથથી મરેલા હાથીઓની નિશાનીઉપરથી સારથિએ રથ હાંકી ધૃષ્ટદ્યુમ્નને ભીમની પાસે પહોંચાડી દીધો.

દુર્યોધનના ભાઇઓએ ઘેરી લઈ ઘાયલ કરેલ ભીમને ધૃષ્ટદ્યુમ્ને પોતાના રથમાં બેસાડી દીધો. દુર્યોધનના કહેવાથી તે ભાઇઓએ ધૃષ્ટદ્યુમ્ન ઉપર ભારે ઝડપ કરી. પણ તેણે મોહનાસ્ત્રથી તે સઘળાઓને બેભાન કરી દીધા. ધૃષ્ટદ્યુમ્ન તથા ભીમને કૌરવોની સેનામાં કાળની પેઠે ફરતા અને દુર્યોધનના ભાઇઓને બેભાન થયેલા જોઈ દ્રોણાચાર્યે તરત દ્રુપદરાજાને પરાસ્ત કરી ત્યાં આવી પ્રજ્ઞાસ્ત્રથી મોહનાસ્ત્રનો નાશ કરી નાખ્યો. દુર્યોધનના ભાઇઓ પોતાનો મોહ મટી જતાં વળી પાછા ધૃષ્ટદ્યુમ્ન તથા ભીમની સામે લડાઈ મચાવવા લાગ્યા. યુધિષ્ઠિરે અભિમન્યુઆદિ બાર યોધ્ધાઓને આજ્ઞા કરી કે "તમો તરત ભીમ અને ધૃષ્ટદ્યુમ્નની પાસે પહોંચો. તેમને એકલા ગયા સાંભળી મારૂં મન મુંઝાય-છે." યુધિષ્ઠિરની આજ્ઞાને માથે ચડાવી તેઓ પોતાનો સૂચિમુખ નામે વ્યૂહ ગોઠવી શત્રુઓની સેનાને તોડતા તોડતા ભીમ તથા ધૃષ્ટદ્યુમ્નની પાસે જઇ પહોંચ્યા. ભીમ અને ધૃષ્ટદ્યુમ્નના ભયથી મોહ પામેલી કૌરવોની સેના અભિમન્યુવગેરે યોદ્ધાઓને અટકાવી શકી નહિ, પરંતુ વધારે ગભરાટમાં પડી. સહાયતા આવેલી જોઇ રાજી થયેલા ભીમ તથા ધૃષ્ટદ્યુમ્ન વધારે ઝડપથી સેનાને મારવા લાગ્યા; તેટલામાં ત્યાં દ્રોણાચાર્ય આવી પહોંચ્યા. દ્રોણાચાર્યને આવેલા જોઈ ધૃષ્ટદ્યુમ્ને દુર્યોધનના ભાઇઓના વધની આશા છોડી, ભીમને બીજા રથમાં બેસાડી પોતે પોતાનો રથ દ્રોણની સામે ચલાવ્યો. ઘણાં ઘણાં બાણોથી દ્રોણને વીંધતાં તેણે ધનુષની દોરી તોડી નાખી તથા ઘોડાઓને પાડી નાખવાની સાથે સારથિનું માથું પણ ઉડાવી દીધું. પરાભવ પામેલો ધૃષ્ટદ્યુમ્ન તરત પોતાના

રથમાંથી ઉતરી પડી અભિમન્યુના રથમાં બેઠો. દ્રોણાચાર્યના વેગથી પાંડવોનું સૈન્ય કંપવા લાગ્યું અને કૌરવો તેનાં વખાણ કરવા લાગ્યા. ભીમને પકડવામાટે ઉપાય કરતા દુર્યોધનના ભાઇઓને ભીમે એવાં તીક્ષ્ણ બાણોથી વીંધી નાખ્યા કે, તેઓ રણભૂમિ છોડી ત્યાંથી ભાગી જવા લાગ્યા. તેઓને જીવતા જતા જોઇ મનમાં ખેદ પામતો ભીમ તેની પછવાડે દોડી તેઓને પીડવા લાગ્યો.

આ વખત ભીષ્મ પાંડવોની સેનાને બહુજ ત્રાસ આપતા હતા, પણ દક્ષિણ ભાગતરફ અર્જુનના ગાંડીવનો શબ્દ તેને કાને પડતાં તે કાંઇક નરમ પડ્યા. તેટલામાં ભીમતરફ વેગથી દુર્યોધન દોડ્યો, જેને જોઇ ભીમ બોલ્યો કે "ઓ દુષ્ટ દુર્યોધન ! હું જે સમયને ઘણાં વર્ષો થયાં ઇચ્છતો હતો તે સમય આજ આવેલો સમજું છું. જો તું અહીંથી ભાગી નહિ જાય તો હું તને માર્યા વગર છોડનાર નથી. તેં કર્ણ વગેરે દુષ્ટ લોકોની સલાહથી અમને વનવાસ આપ્યો, દ્રૌપદીને કષ્ટ દીધું તથા કૃષ્ણની માગણીનું અપમાન કર્યું એ સર્વ પાપોનો બદલો આજે હું તને આપીશ." એમ બોલી ભીમસેને દુર્યોધનનાં ધનુષને, છત્રને તથા ધ્વજાને કાપી, સારથિ તથા ઘોડાઓને પણ મારી નાખી સિંહનાદ કર્યો અને દશ બાણોથી તેની છાતીને વીંધી મૂર્ચ્છા પમાડી દીધો. તેને જોઈ દુર્યોધનના રક્ષણવાસ્તે આવી પહોંચેલા જયદ્રથે ભીમની સાથે ભારે યુદ્ધ કરવા માંડ્યું અને કૃપાચાર્યે મૂર્છિત થયેલા દુર્યોધનને પોતાના રથમાં ઉપાડી લીધો.

સૂર્ય આથમી ગયા પછી પણ દારૂણ યુદ્ધ ચલાવી હજારો યોદ્ધાઓને મારી ભીષ્મે પોતાની સેનાને પાછી વાળતાં યુધિષ્ઠિર પણ પોતાની સેનાને પાછી વાળી ઉતારાપર ગયા. ચિંતાથી ઘેરાયેલા તથા લોહી ઝરતાં શરીરવાળા દુર્યોધને રાત્રિવખતે ભીષ્મના તંબુમાં આવી તેને કહ્યું કે "આજે ભીમસેને મને ઘણોજ ઘાયલ કર્યો છે, જેની પીડા હજુ સુધી શાંત થઈ નથી માટે હવે તો હું આશા રાખું છું કે, કાલે તમે પાંડવોને અવશ્ય મારશો."

"હું બની શકતાં સુધી પરમ યત્નથી તારા હાથમાં વિજય દેવા ઇચ્છું છું અને યુદ્ધમાં જરા પણ ખોટાઇ કરતો નથી. દ્રોણ, અશ્વત્થામા, કૃતવર્મા તથા શલ્યઆદિ યોદ્ધાઓ પણ તારે વાસ્તે જીવિત દેવા તૈયાર છે. પરંતુ મારે તારા હિતને વાસ્તે અવશ્ય જણાવવું જોઇએ કે, પાંડવો દેવતાથી પણ જીતી શકાય તેમ નથી. તોપણ કાલે હું પાંડવોને જીતીશ અથવા પાંડવો મને 'જીતશે" એ પ્રમાણે કહી ભીષ્મે દુર્યોધનને એવી ઓષધિ આપી કે, જેના પ્રભાવથી દુર્યોધનના શરીરમાં પેઠેલાં શલ્યો નિકળી જઈ તેની વેદના એકદમ દૂર થઈ ગઈ.



પ્રકરણ ૫૮ મું.

દિવસ ૭ મો.

યુધિષ્ઠિરે શિખંડીને મારેલું મેહેણું.

પ્રભાત થતાં ભીષ્મે પોતાની સેનાનો મંડળવ્યૂહ ગોઠવ્યો. જેમાં એક એક હાથીઆગળ સાત સાત રથ, એક એક રથઆગળ સાત સાત ઘોડા, એક એક ઘોડાઆગળ દશ દશ ધનુર્ધારી અને એક એક ધનુર્ધારીઆગળ દશ દશ ખડ્ગધારી ગોઠવ્યા. શત્રુઓના મંડળવ્યૂહને જોઇ યુધિષ્ઠિરે પોતાની સેનાનો વજ્રવ્યૂહ ગોઠવ્યો. આ વખત યોદ્ધાઓના સિંહનાદોથી તથા વાજાંવગેરેના શબ્દોથી આકાશ તથા પૃથ્વીવગેરે ગાજવા લાગ્યાં. દ્રોણાચાર્ય વિરાટની સામે, અશ્વત્થામા શિખંડીની સામે, દુર્યોધન ધૃષ્ટદ્યુમ્નની સામે, શલ્ય નકુલ તથા સહદેવની સામે, કૃતવર્મા ભીમની સામે, દુઃશાસનવગેરે ભાઇઓ અભિમન્યુની સામે, ભગદત્ત ઘટોત્કચની સામે, અલંબુષ સાત્યકિની સામે તથા બીજા સઘળા રાજાઓ અર્જુનની સામે યુદ્ધ કરવા ગયા.

શત્રુઓપર અત્યંત ક્રોધ પામેલા અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું કે 'શ્રીકૃષ્ણ! આપના દેખતાં હું સઘળા રાજાઓનો નાશ કરૂંછું તે જુઓ." એમ બોલી તેણે ઇંદ્રાસ્ત્રનો પ્રયોગ કર્યો, જેથી સામે આવેલો કોઇ પણ શત્રુ ભેદાયા વગર રહ્યો નહિ. અર્જુનનાં બબ્બે અને ત્રણ ત્રણ બાણોથી વીંધાઇ ગયેલા લાખો રાજાઓ, ઘોડાઓ અને હાથીઓ એવા તો ગભરાઇ ગયા કે, તે સર્વને ભીષ્મની શરણે જવાની જરૂર પડી. ભીષ્મ અને અર્જુન એકબીજાસાગે થતાં કૌરવોનો પક્ષ અર્જુનને અને પાંડવોનો પક્ષ ભીષ્મને જોઇ શકતો નહોતો. આ વખતે દ્રોણાચાર્યે વિરાટ રાજાના રથ તથા ધનુષ્યને તોડી નાખી તેના પુત્ર શંખને મારી નાખ્યો જેથી વિરાટને યુદ્ધમાંથી નીકળી જવાની જરૂર પડી. અશ્વત્થામા અને શિખંડીનું પરસ્પર યુદ્ધ ચાલતાં અશ્વત્થામાએ શિખંડીના ઘોડા મારી નાખવાથી તે ઢાલતરવાર લઇ રથમાંથી ઉતરી પડ્યો. એટલામાં વળી પણ અશ્વત્થામાએ તેની તરવાર કાપી નાખવાની સાથે તેનું શરીર પણ પોતાનાં તીક્ષ્ણ બાણોથી વીંધી નાખ્યું. શિખંડી મુંઝાઇને સાત્યકિના રથમાં બેઠો. તેવામાં અલંબુષ રાક્ષસે સાત્યકિનું ધનુષ્ય કાપી નાખ્યું અને પોતાની રાક્ષસી માયા ચલાવતાં સાત્યકિએ ઇંદ્રાસ્ત્રનો પ્રયોગ કરી તે માયાનો નાશ કર્યો અને અલંબુષને ઘણાં ઘણાં બાણોથી ઢાંકી દીધા જેથી તેને યુદ્ધભૂમિમાંથી નીકળી જવું પડ્યું. ધૃષ્ટદ્યુમ્ને દુર્યોધનને ઘણાં બાણોથી ઢાંકી દેતાં જરા પણ નહિ ગભરાયેલા દુર્યોધને ધૃષ્ટદ્યુમ્નને ઘણાં બાણોથી વીંધી નાખ્યો. જેથી ધૃષ્ટદ્યુમ્ને ઘણા વેગથી દુર્યોધનના ધનુષ્યની દોરી તોડી તેના રથના ચારે ઘોડાઓને મારી નાખ્યા; દુર્યોધન રથમાંથી ઉતરી ખડ્ગ લઇ ધૃષ્ટદ્યુમ્નની સામે દોડતાં શકુનિએ દુર્યોધનનો હાથ પકડી તેને પોતાના રથમાં બેસાડી દીધો. ભીમે પોતાની સાથે યુદ્ધ કરતા કૃતવર્માના ઘોડા તથા સારથિને યમલોકમાં મોકલી દીધા અને કૃતવર્માને ઘણોજ ઘાયલ કરી નાખવાથી તે બીજા રથમાં બેસીને ત્યાંથી ચાલ્યો ગયો. ઘટોત્કચે ઘણા રાક્ષસોને સાથે લઇ ભગદત્તસાથે ભયંકર સંગ્રામ મચાવતાં ભગદત્ત પણ તેની સાથે એવો લડ્યો કે, જેથી સઘળા રાક્ષસો ભાગી ગયા. પાંડવોમાં ત્રાસ વર્તી રહ્યો. ઘટોત્કચનાં સઘળાં શસ્ત્રો કપાઇ ગયાં અને છેલ્લે તેને ભાગી જવાની જરૂર પડી. નકુલ તથા સહદેવે પોતાના મામાં શલ્યની સાથે ભારે યુદ્ધ કરી તેને ઘાયલ કરી દેતાં મૂર્છિત થઈ ગયેલા શલ્યને તેનો સારથિ દૂર લઇ ગયો. અભિમન્યુએ દુર્યોધનના સઘળા ભાઇઓને રથવગરના કરી નાખ્યા, પણ ભીમની પ્રતિજ્ઞા જાળવવાસારૂ તે.

ઓને જીવતા છોડી દીધા.

આ સમય ભીષ્મવગેરે ઘણા ઘણા યોદ્ધાઓએ અભિમન્યુને ઘેરી લીધો. તેનું રક્ષણ કરવામાટે અર્જુન ત્યાં આવતાં સુશર્માએ કર્યું પણ બોલ્યા ચાલ્યાવગર પોતાની સેનાથી તેને ઘેરી લીધો અને અપાર બાણોની વૃષ્ટિ કરી કે તરતજ, અર્જુને પોતાને ઘેરી વળેલા યોદ્ધાઓનાં ધનુષ તથા મસ્તકો કાપી નાખી તથા કેટલાએકને ઘાયલ કરી પોતે ભીષ્મની સામે ગયો. જે વખત યુધિષ્ઠિર, ભીમસેન, નકુલ તથા સહદેવ એઓ પણ ભીષ્મનો વધ કરવાના ઉદ્દેશથી તેની સાથે ચાલ્યા. વચમાં જયદ્રથે તથા દુર્યોધને તેઓને રોકી રાખતાં યુધિષ્ઠિરે શિખંડીને કહ્યું કે "તેં ભીષ્મને મારવાની પ્રતિજ્ઞા કરી છે તે છતાં તું તેને નહિ મારતાં તેનાથી બાગતો ફરેછે એ તુંને લાયક નથી." એ પ્રમાણે યુધિષ્ઠિરનું મ્હેણું સાંભળી શિખંડીએ ભીષ્મઉપર વેગ કરતાં શલ્યે વચમાં પડીને બાણોથી તેને અટકાવી દીધો. યુધિષ્ઠિરે ભીષ્મપાસે પહોંચી તેને હજારો બાણોથી ઢાંકી દેતાં ક્ષણ માત્રમાં ભીષ્મે યુધિષ્ઠિરને અસંખ્ય બાણોથી અદૃશ્ય કરી દીધો અને તેનાં શસ્ત્રોને કાપી ઘોડાઓને પણ મારી નાખ્યા, જેથી તેને નકુલના રથમાં બેસવું પડ્યું. પછી યુધિષ્ઠિરે સઘળા રાજાઓને ભાષણથી ઉત્તેજન આપતાં તેઓ સઘળાએ ઘણા ઘણા રથોથી ભીષ્મને ઘેરી લીધા. ઘેરાઇ ગયેલા ભીષ્મે સિંહ જેમ પશુઓને મારે તેમ, શત્રુઓને મારવા માંડ્યા. ભીષ્મના પ્રહારોથી યોદ્ધાઓનાં માથાં તાડનાં ફળોની પેઠે નીચે પડવા લાગ્યાં અને ભારે ગડમડ મચી રહી. તેવામાં શિખંડી ભીષ્મની સામે જઇ બાણો ફેંકવા લાગતાં ભીષ્મ વળી પણ પોતાની પ્રતિજ્ઞાપ્રમાણે તેને છોડી દઇને બીજા યોદ્ધાઓને મારવા લાગ્યા. અનેક યોદ્ધાઓનાં યુદ્ધ ચાલતાં રણ ભૂમિની અંદર લોહીના પ્રવાહોનાં પૂર ચાલવા લાગ્યાં અને કૂયાવડીઓ, શિયાળ તથા ગરજો વગેરે, મુડદાંઓને ખેંચી ખેંચીને માંસોનું ભક્ષણ કરવા લાગ્યાં.

સૂર્યાસ્તનો સમય હોવાથી બન્ને પક્ષની સેનાઓ પોતપોતાના ઉતારા ઉપર ગઇ અને સર્વ લોકો નાહી, ધોઇ, જમી તથા ગાયનવગેરે ક્રિયા કરી સુઇ રહ્યા.

પ્રકરણ ૫૯ મું.

દિવસ ૮ મો.

કૌરવોના સૈન્યમાં ઘટોત્કચે બીજી વાર વર્તાવેલો ત્રાસ.

ભીષ્મે દુર્યોધનને વચન આપ્યું.

રાત્રિ વ્યતીત થઈ. સવાર પડતાં બન્ને સૈન્ય યુદ્ધને માટે રણભૂમિપર આવી પહોંચ્યાં. ભીષ્મે પોતાની સેનાનો સાગરોપમ (દરિયાજેવો) વ્યૂહ ગોઠવ્યો અને ધૃષ્ટદ્યુમ્ને શૃંગાટક (ચોવટાજેવો) વ્યૂહ ગોઠવ્યો. સિંહનાદો અને ભેરી તથા હાથીઘોડાઓના શબ્દોથી સઘળી દિશાઓ ગાજી રહી. યોદ્ધાઓ એક બીજાને બોલાવી પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. ઝેરી સર્પોજેવાં બાણો, વીજળીજેવી સાંગો અને પર્વતનાં શિખરોજેવી ગદાઓ પડવા લાગી.

હાથીઓના દંતૂસળો સામસામા ભટકાતાં તેમાંથી અગ્નિ ઉત્પન્ન થવા લાગ્યો. ભીષ્મ અને ધૃષ્ટદ્યુમ્ન એકબીજાની સેનાસામે ચડી ગયા. ભીષ્મે પાંડવોના ઘણા ઘણા યોદ્ધાઓને મારવા માંડ્યા તોપણ તેઓ મૃત્યુનો જરા પણ ત્રાસ નહિ રાખતાં ભીષ્મની સામે ઘણા વેગથી લડવા લાગ્યા. ભીષ્મે કેટલાએકના હાથ, કેટલાએકનાં મસ્તકો તથા કેટલાએકના રથો પોતાનાં આયુધોના વેગથી તોડી પાડ્યા.

પાંડવોના સૈન્યમાં ભીષ્મની સામે ભીમસેનસિવાય બીજો કોઇ પણ ટક્કર લેતો જોવામાં આવ્યો નહિ. દુર્યોધન પોતાના ભાઇઓસહિત ભીષ્મનું રક્ષણ કરવા આવતાં ભીમે ભીષ્મના સારથિને મારી નાખી, તેના રથને દૂર દોડાવી મૂક્યો અને ભયંકર બાણોનો વરસાદ વરસાવી, દુર્યોધનના આઠ ભાઇઓનાં મસ્તકો ધડથી જૂદાં કરી, પૃથ્વીપર પાડી નાખ્યાં. ભાઇઓના દુ:ખથી પીડાયેલા દુર્યોધને વિદુરનાં વચન સંભારી તથા વિલાપ કરી ભીષ્મની પાસે જઇને કહ્યું કે "ભીમ મારા ભાઇઓને મારી નાખેછે તોપણ તમે તેને મારતા નથી અને દુર્દૈવને લીધે અમારી ઉપેક્ષા કરોછો." આવાં દુર્યોધનનાં વચન સાંભળી અશ્રુઓથી વ્યાપ્ત થયેલા ભીષ્મ ક્રૂર વચન બોલ્યા કે "મેં, દ્રોણે, વિદુરે તથા ગાંધારીએ આ વાત પ્રથમથીજ તુંને કહી હતી પણ તું સમજ્યો નહિ. તેમ મને અને દ્રોણને યુદ્ધમાં નહિ લેવાને વાસ્તે પણ મેં તને કહ્યું હતું. તારા જે જે ભાઇઉપર ભીમની દૃષ્ટિ પડશે તેને તેને ભીમ માર્યાવગર રહેનાર નથી. પાંડવો ઇંદ્રાદિ દેવતાઓથી પણ જીતાય તેમ નથી. માટે હવે તું બીજો કાંઇ પણ વિચાર નહિ કરતાં સ્વર્ગલોકઉપર ધ્યાન રાખીને યુદ્ધ કર્યા કર."

ભીષ્મ આ પ્રમાણે બોલતા હતા તેટલામાં ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી તથા સાત્યકિ ભીષ્મની ઉપર ચડી આવ્યા. અર્જુન, અભિમન્યુ, ભીમસેન તથા ઘટોત્કચ બાજા યોદ્ધાઓની સાથે લડવા લાગ્યા. પાંચાલોને દ્રોણાચાર્ય અને કૌરવોને ભીમસેન નિર્દયપણાથી મારવા લાગતાં ભારે હાહાકાર વર્ત્તી રહ્યો. શકુનિ, કૃતવર્મા તથા કંબોજ રાજા ઘોડેસ્વારની મોટી ફોજથી પાંડવોની સેનાને મુંજાવવા લાગતાં નાગકન્યામાં ઉત્પન્ન થયેલો ઇરાવાન નામે અર્જુનનો પુત્ર, જે પોતાની બોલીપ્રમાણે યુદ્ધના સમયમાં નાગલોકમાંથી અહીં આવેલો હતો તે, પોતાના ઘોડેસ્વારોના સૈન્યસહિત તેમની સામે થયો. ઇરાવાનના ઘોડેસ્વારોએ શકુનિના સૈન્યમાં ભારે કતલ મચાવતાં શકુનિનું સૈન્ય નાશ પામવા લાગ્યું. તેને જોઇ શકુનિના ગજ વગેરે છ ભાઇઓ તેણે વાર્યા છતાં પણ ઇરાવાનની સામે

થયા. તેમનાં ઘણાં બાણોથી વીંધાઇ જવા છતાં પણ ઇરાવાને ધૈર્ય રાખી, પોતાના ઘોડાઉપરથી ઉતરી પડી, હાથમાં ખડ્ગ લઈ, ઘણી ચાલાકી વાપરીને તેઓમાંના પાંચ જણને કાપી નાખ્યા. તે જોઇ ભય પામેલા દુર્યોધને મોકલેલો આર્ષ્યશૃંગી નામનો રાક્ષસ ઇરાવાનની સામે આવ્યો. આર્ષ્યશૃંગીએ પોતાની માયાથી ઉત્પન્ન કરેલા હજારો ઘોડેસ્વાર રાક્ષસોએ, ઇરાવાનના સૈન્યને કાપી નાખતાં ઇરાવાને ઘણા વેગથી પોતાનું ખડ્ગ ચલાવી આર્ષ્યશૃંગીના ધનુષને કાપી નાખ્યું. ઇરાંવાનને ગભરાવવાસારૂ તે રાક્ષસ અંતરિક્ષમાં ચડી જતા ઇરાવાન પણ ત્યાં જઈ પોતાનાં બાણોવડે તેના શરીરને કાપવા લાગ્યો. રાક્ષસ જેમ જેમ કપાતો ગયો તેમ તેમ પોતાની માયા વડે નવો નવો થતો ગયો. રાક્ષસની આવી ભયંકર માયા જોઇ, ઇરાવાને પોતાની માયાવડે હજારો નાગો ઉત્પન્ન કરી, આર્ષ્યશૃંગીને ઘેરી લીધો. પોતે ઘેરાઈ જતાં તેણે ગરૂડનું રૂપ લીધું અને સઘળા નાગોને ખાઈ જતાં છેલ્લે ઇરાવાન ગભરાયેલો જોવામાં આવ્યો કે તુરત, એક મોટા ખડ્ગવડે તેણે તેનું માથું કાપી નાખ્યું. કૌરવની સેનામાં ભારે ખુશાલી ઉત્પન્ન થઇ.

આ તરફથી પુત્રના મરણથી બિનવાકેફગાર અર્જુન, ભીષ્મનું રક્ષણ કરનારા ક્ષત્રિયોનો સંહાર કરવા લાગ્યો છે અને ભીષ્મ, અર્જુનતરફના રાજાઓને તોડવા લાગ્યા છે તેવામાં ભીમસેનના પુત્ર ઘટોત્કચે ઇરાવાનને મરણ પામેલો જોઇ, મોટા આવેશમાં આવી, એવી ગર્જના કરી કે, તેથી સઘળી દિશાઓ ગાજી રહી; અને સામા પક્ષના યોદ્ધાઓ કંપવા લાગ્યા. હાથમાં ભયંકર ત્રિશૂળ લઇ પોતાના સૈન્યનો સમૂળ વિનાશ કરવા તૈયાર થયેલા ઘટોત્કચને તથા તેના ત્રાસથી વિમુખ થયેલ પોતાના સૈન્યને જોઈ, એક મોટું ધનુષ લઇ, દુર્યોધન તેની સામે થયો. દુર્યોધનની સહાયતામાટે પોતાનું દશ હજાર હાથીઓનું લશ્કર લઇ બંગાલાનો રાજા પણ ઘટોત્કચની સમીપે આવ્યો. જે વખત ઘટોત્કચની સેનાના રાક્ષસોએ અનેક શસ્ત્રો, પર્વતો તથા વૃક્ષોથી હાથીઓનો નાશ કરી દેતાં ક્રોધાતુર થયેલો દુર્યોધન જીવવાની આશાને પણ એક બાજુપર છોડી દઈ રાક્ષસો અને ઘટોત્કચઉપર બાણોની પ્રબળ વૃષ્ટિ કરવા લાગ્યો. પોતાના પક્ષના મુખ્ય ચાર રાક્ષસોને તે બાણવૃષ્ટિમાં વિનાશ પામેલા જોઇ, ઘટોત્કચે ધનુષનો ટંકાર કરી દુર્યોધનને કહ્યું કે "મારા પિતા પાંડવોને તથા મારી માતા દ્રૌપદીને તેં ઘણાં કષ્ટો આપેલાં છે, જેનો બદલો આજે હું તને આપ્યાવગર રહેનાર નથી." એમ કહી તેણે બાણોની વૃષ્ટિથી દુર્યોધનને ઢાંકી દીધો. દુર્યોધને પણ

પચ્ચીશ બાણોથી ઘટોત્કચને વીંધી નાખ્યો. લોહીથી ખરડાયેલા ઘટોત્કચે તેના પ્રાણ લેવાસારૂ વીજળીસરખી ભયંકર સાંગ ફેંકતાં બંગાલાના રાજાએ પોતાનો હાથી વચમાં નાખ્યો, જેથી તે સાંગ હાથીપર પડી તેનાં પ્રાણ લઇ શાંત થઈ. હાથીને મરણ પામેલો જોઇ દુર્યોધનના સૈન્યમાં ઘણો ગભરાટ ફેલાઈ ભંગાણ પડ્યું, તોપણ ક્ષત્રિયધર્મઉપર ધ્યાન આપી અચલ ઉભેલા દુર્યોધને ઘટોત્કચઉપર વજ્રજેવું એક ભયંકર બાણ ફેંક્યું. ઘટોત્કચે પોતાની ચાલાકીથી તે બાણના સપાટામાંથી છટકી જઇ મોટો સિંહનાદ કર્યો.

રાક્ષસની ગર્જના સાંભળી ભીષ્મે દ્રોણાચાર્યને કહ્યું કે "ઘટોત્કચ અને દુર્યોધન વચ્ચે ભારે યુદ્ધ થતું જણાયછે. એ દુરાત્મા રાક્ષસથી દુર્યોધનનું રક્ષણ કરવાસારૂ તમે તુરત ત્યાં પહોંચો." ભીષ્મનાં વચનથી ઘણાએક યોદ્ધાઓને સાથે લઇ દ્રોણને પોતાની તરફ આવતા જોઇ ઘટોત્કચે આવતા યોદ્ધાઓપર ભયંકર શસ્ત્રોની વૃષ્ટિ માંડી, દ્રોણાચાર્યનું ધનુષ કાપી નાખ્યું, સોમદત્તના રથની ધ્વજા ઉડાવી દીધી, બાહ્લીકની છાતી વીંધી નાખી, કૃપાચાર્યને મૂર્છિત કર્યા અને જયદ્રથવગેરે બીજા યોદ્ધાઓને પણ પરારત કરી દીધા. સઘળા યોદ્ધાઓને વિમુખ કરી દુર્યોધનપર ચોટ કરવા જતાં તેના રક્ષકોએ ઘણા આવેશથી પોતાનાં હથિયારોવડે ઘટોત્કચનાં સઘળાં અંગો વીંધી નાખ્યાં. ગરૂડની પેઠે આકાશમાં ચડી જઇ ઘટોત્કચે ઘણી ભયાનક કીકીયારી કરી. તે સાંભળી યુધિષ્ઠરે ભીમસેનને કહ્યું કે "આ વખતે ઘટોત્કચઉપર કોઈ મોહોટો બોજો આવી પડેલો જણાયછે; માટે તમે અભિમન્યુવગેરે યોદ્ધાઓને સાથે લઈ, ત્યાં જઈ, તેનું રક્ષણ કરો." યુધિષ્ઠિરની આજ્ઞાથી ભીમસેનવગેરે સઘળા યોદ્ધાઓ ઘટોત્કચપાસે જઇ પહોંચ્યા. બન્ને પક્ષ ભેટાભેટ થઈ જતાં ભારે સંગ્રામ ચાલ્યો, વાહનોની ચીસોથી ધરતી ધ્રુજવા લાગી, રજની ડમરી ચડવાથી દિશાઓ અંધકારમય થઇ ગઈ, લોહીના પ્રવાહો ચાલવા લાગ્યા અને હજારો વાહનો તથા યોદ્ધાઓનો ક્ષય થવા લાગ્યો. દુર્યોધને નાખેલ બાણોથી ભીમસેનની છાતી વીંધાઇ જતાં ઘટોત્કચ તથા અભિમન્યુએ દુર્યોધનપર એવી ઝડપ કરી કે, સઘળું સૈન્ય અને દ્રોણાચાર્ય પણ ગભરાઈ ગયા દ્રોણે ધનુષ્યનો ટંકાર કરી ભીમને પચ્ચીશ બાણોથી વીંધ્યો કે તુરતજ, તેણે પોતાનાં બાણોથી દ્રોણને ડાબા પડખામાં એવા વીંધી નાખ્યા કે, તે મૂર્છિત થઇ પોતાના રથમાં પડી ગયા. દ્રોણને મૂર્છિત થયેલા જોઇ દુર્યોધન ભીમની સાથે અને અશ્વત્થામા ઘટોત્કચની સાથે યુદ્ધ કરવા લાગ્યો. ઘટોત્કચે એવી માયા પ્રગટ કરી કે, કૌરવોના સઘળા યોદ્ધાઓ પરસ્પરને

કપાયેલા, તરફડતા અને ભાગતા દેખવા લાગ્યા. કૌરવોના સૈન્યમાં મોટું ભંગાણુ પડ્યું. પાંડવોના સૈન્યમાં દુંદુભિના શબ્દો થવા લાગ્યા.

આ પ્રમાણે થયેલું જોઇ નિસાસા મૂકતા દુર્યોધને ભીષ્મની પાસે આવીને કહ્યું કે "મેં ફક્ત આપના આશ્રયથી પાંડવોની સાથે આ ભયંકર બખેડો ઉઠાવ્યો અને હું તથા સર્વ સેના આપનાજ હુકમમાં વર્તીએ છીએ; છતાં ઘટોત્કચના બળથી પાંડવોએ મને આ વખત જીતી લીધો તેથી મને મોટી બળતરા થાયછે. હવે હું આપના આશ્રયતળે રહી એ દુષ્ટ રાક્ષસને મારા પોતાના હાથથી મારવા ઇચ્છુંછું; તો તેવી સગવડ આપે કરી આપવી જોઇએ." ભીષ્મ બોલ્યા કે "રાજાએ રાજાની સામેજ લડવું જોઇએ, માટે તારે પણ પાંડવોની સામેજ લડવું, પણ ઘટોત્કચજેવાઓ સામે જવું નહિ. તેમની સામે યુદ્ધ કરનારા તો અમો હાજર છીએ. તારા મનમાં જો રાક્ષસને માટે પશ્ચાત્તાપ થતો હોય તો તેની સામે હું આ ભગદત્ત રાજાને મોકલુંછું." એમ કહી ભીષ્મે આજ્ઞા કરતાં પોતાના સુપ્રતીક નામના હાથીપર બેસી ભગદત્ત પાંડવોની સેનાસામે ગયો. ભીમ, અભિમન્યુ, ઘટોત્કચ તથા દશાર્ણ દેશના રાજા વગેરેએ ભગદત્તને પોતાની સામે આવતો જોઇ તેઓ પણ તેની સામે ચાલ્યા અને ભારે યુદ્ધની શરૂઆત થઇ. મહારથીઓએ ફેંકેલાં બાણો હાથી, રથ અને ઘોડાઓ ઉપર પડવા લાગ્યાં, માવતોએ કેળવેલા મદોન્મત્ત હાથીઓ પરસ્પર ઝડપ કરી એકબીજાને ભેદી નાખવા લાગ્યા, સ્વારોએ પ્રેરેલા ઘોડાઓ પરસ્પર તૂટી પડવા લાગ્યા અને અસંખ્ય પાયદલ પરસ્પરનાં શસ્ત્રોથી પૃથ્વીપર પડવા લાગ્યું.

મદોન્મત્ત હાથીપર બેઠેલા ભગદત્તે ભીમસેનપર ભયંકર શસ્ત્રોની ભારે વૃષ્ટિ કરી અને ભીમસેને તેના હાથીના સેંકડો પાદરક્ષકોને મારી નાખ્યા. ભીમસેનના રથઉપર ભગદત્તનો હાથી દોડતાં તેને, અભિમન્યુ આદિ યોદ્ધાઓએ લોહીની ધારાઓથી રક્તવર્ણ કરી મેલ્યો અને દશાર્ણ દેશના રાજાએ પોતાનો હાથી વચમાં નાખી તેને અટકાવ્યો જેથી તે ભીમસેનને કાંઇ પણ ન કરી શકયો. આથી ક્રોધ પામેલા ભગદત્તે પોતાનો હાથી એવી ઝડપથી હાંક્યો કે, જેથી પાંડવોનું ઘણું સૈન્ય કચરાઇ જવા લાગ્યું. તેને જોઇ ઘટોત્કચે ભયંકર રૂપ ધરી પહાડોને પણ ફાડી નાખે એવું ત્રિશૂળ ભગદત્તના હાથી ઉપર ફેંક્યું. ભગદત્તે તે ત્રિશૂળને પોતાના બાણવડે અધવચથીજ કાપી નાખ્યું અને તરતજ ઘટોત્કચઉપર અગ્નિની શિખાસરખી જાજ્વલ્યમાન પ્રબલ સાંગ ફેંકી. સાંગને આવતી જોઇ ઘટોત્કચે ઉછળી તે સાંગને અધવચથી પકડી લીધી અને

પોતાના ગોદણુપર ચડાવી ભાંગી નાખી. ઘટોત્કચનું પરાક્રમ જોઈ પાંડવોની સેનાવાળા સિંહનાદ કરવા લાગ્યા અને આકાશમાં જોવા ઉભેલા દેવતાઓ પણ તેનાં વખાણ કરવા લાગ્યા. આ વખત ભગદત્તે એવી ચાલાકીથી પરાક્રમ કર્યું કે, ઘટોત્કચ, અભિમન્યુ તથા બીજા પણ ઘણા યોદ્ધાઓને ઘાયલ કરી ભીમના રથના ઘોડાઓને મૃત્યુલોકતરફ રવાના કરી દીધા. ભીમસેન હાથમાં ગદા લઇને રથમાંથી હેઠળ ઉતરી પડ્યો અને તેટલામાં અર્જુન પણ ત્યાં આવી પહોંચ્યો. ભીમના મોહોડાથી અર્જુનને ઇરાવાનના વધની ખબર પડતાં અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું કે "વિદુરના કહેવા મુજબ થયું છે. નિર્ધનપણામાં મરી જવું એ સારૂં, પણ ભાયાતોને મારી ધન મેળવવું એ સારૂં નથી. આ વખત ક્ષત્રિયોની વૃત્તિને ધિક્કારી, હું યુદ્ધ છોડી દઉં તો ક્ષત્રિયો મને અશક્ત ગણે માટે મારી ભુજાઓથી આ યુદ્ધસમુદ્ર તર્યાવગર છૂટકો નથી. હવે તુરત શત્રુઓની સેનામાં રથને ચલાવો. કાલક્ષેપ કરવાનો આ વખત નથી." અર્જુનનાં વચનથી શ્રીકૃષ્ણે ઘોડાઓને હાંકતાં કૌરવોના સૈન્યમાં મોટો ઘોંઘાટ ઉઠ્યો. ભીષ્મ, ભગદત્ત અને સુશર્મા એ ત્રણે અર્જુનની સાથે યુદ્ધ કરવા સામે થયા અને દુર્યોધનના ભાઇઓએ ભીમસેનને બાણોથી ઢાંકી દીધો. ક્રોધથી કાલાગ્નિસમાન જણાતા ભીમસેને તેનાપર ઝડપ કરતાં દ્રોણે તેને અટકાવવા માંડ્યો પણ તે બિલકુલ અટક્યોજ નહિ અને ભારે વેગથી દ્રોણને પણ ગભરાવી દઈ, દુર્યોધનના નવ ભાઇઓને મારી નાખ્યા જેથી બીજાઓ ત્રાસવડે ત્યાંથી નાસી ગયા. ભીષ્મ, ભગદત્ત તથા કૃપાચાર્યે અર્જુનને અનેક અસ્ત્રોથી પરારત કરી ઘણા યોદ્ધાઓને યમપુરીમાં મોકલી દીધા.

આ વખત સંધ્યાકાળ થઈ ગયો હતો. બન્ને સૈન્યો પણ ઘણાં થાકી ગયાં હતાં જેથી ભીષ્મે પોતાની સેના પાછી વાળતાં પાંડવોએ પણ પોતાની સેના પાછી વાળી. તંબુમાં ગયા પછી દુર્યોધન, દુઃશાસન, શકુનિ અને કર્ણ એ ચારે જણા વિચાર કરવા બેઠા. દુર્યોધન બોલ્યો કે "કર્ણ! ભીષ્મ, દ્રોણ અને કૃપાચાર્ય એઓ શા કારણથી પાંડવોને મારતા નથી તેની કાંઈ ખબર પડતી નથી. પાંડવો મારા સૈન્યનો ક્ષય કરી નાખેછે માટે હવે મારે શું કરવું ?"

"જો ભીષ્મ હથિઆર છોડી દઇને યુદ્ધમાંથી નીકળી જાય તો હું પાંડવોને માર્યાવગર કદી પણ છોડીશ નહિ. ભીષ્મ અભિમાની છે પણ પાંડવોને જીતી શકે તેમ નથી, તેમ પાંડવોઉપર દયા પણ રાખેછે. જો તમારે જીવવું હોય

તો તમે જાતે ભીષ્મને ઉતારે જઇ,તેને સમજાવી, તે હથિયાર છોડી દે તેમ કરો; અને ભીષ્મ હથિયાર મૂકે એટલીજ પાંડવોને મારવાને વાર છે એમ સમજો."

કર્ણનાં વચન સાંભળી દુર્યોધને દુઃશાસનને કહ્યું કે "કર્ણને સેનાપતિ ઠરાવવા-માટે મારે ભીષ્મપાસે જવાનું છે માટે સ્વારી તૈયાર કરાવો." દુર્યોધનનાં વ-ચનથી દુઃશાસને સ્વારી તૈયાર કરાવતાં તે ઘોડાપર બેસી સઘળાં સૈન્યની બન્ને હાથે સલામ સ્વીકારતો સ્વીકારતો પોતાના ભાઇઓસહિત ભીષ્મને ઉતારે ગયો. ત્યાં ઘોડાપરથી ઉતરી, ભીષ્મને પ્રણામ કરી, તેની પાસે બેઠો અને આંખમાં આંસુઓ લાવી હાથ જોડીને બોલ્યો કે "પિતામહ! આપે મારા ઉપર કૃપા કરી પોતાનાં વચનો સફળ કરવાં જોઇએ. પરંતુ જો દયાથી અથવા મારા ઉપર કોઇ જાતના દ્વેષથી અથવા મારા મંદભાગ્યને લીધે આપ પાંડવોને ન મારતા હો તો કર્ણને યુદ્ધ કરવાની આજ્ઞા આપો એટલે તે પાંડવોને મારી નાખે." દુર્યોધન આથી કાંઇ પણ વિશેષ બોલી શક્યો નહિ. જો કે ભીષ્મ, દુર્યોધનનાં વચનરૂપ બાણોથી અત્યંત વીંધાઈ ગયા અને મનમાં ઘણું દુઃખ થયું તોપણ કાંઇ વિશેષ ક્રોધ નહિ કરતાં કહ્યું કે "દુર્યોધન! હું તારે વાસ્તે મારી શક્તિપ્રમાણે યુદ્ધ કરૂંછું અને પ્રાણાર્પણ કરવા તૈયાર થયો છું છતાં, તું મને દુર્વચનોથી શામાટે પીડે છે? મેં તને ઘણીવાર કહ્યું છે અને હજી પણ કહુંછું કે, અર્જુને ઇંદ્રનો પરાજય કરી ખાંડવ વનથી અગ્નિને તૃપ્ત કર્યો હતો, ગંધર્વોના યુદ્ધમાંથી તારા ભાઇઓ અને કર્ણ ભાગી જતાં તને ગંધર્વોના હાથમાંથી છોડાવ્યો હતો, વિરાટના નગરમાં તે એકલોજ આપણા સઘળાની સામે આવી, મને, તને તથા કર્ણવગેરેને જીતી લઈ, તમારા સર્વનાં વસ્ત્ર લઈ ગયા હતો; અને ઇંદ્રથી પણ નહિ જીતા-યેલા નિવાતકવચ નામના દૈત્યોને તેણે એકલાએજ માર્યા હતા. એ ઉપરથીજ તારે સમજવું જોઇએ કે, અર્જુનને કોઇ પણ જીતી શકે તેમ નથી. તને મૂર્ખ-તાને લીધે બોલવાની કાંઇપણ ખબર નથી. જેનું મોત આવ્યું હોય તેની બુદ્ધિ ફરી જાય એ સ્વાભાવિક છે. હું તને કહુંછું કે, ફક્ત શિખંડીને છોડી દઇને બાકી સઘળાઓને મારીને અથવા તેઓના હાથથી મરીને હું તને રાજી કરીશ. મારા પ્રાણ જતાંસુધી પણ હું શિખંડીઉપર ઘા નહિ કરૂં; કેમકે શિખંડી સ્ત્રી-માંથી પુરૂષ બનેલો છે. દુર્યોધન! જા, સુખેથી સુઇ રહે. હું આવતી કાલે એવો સંગ્રામ કરીશ કે, જેની વાતો આ પૃથ્વીની સ્થિતિપર્યંત કાયમ રહી જશે."

આ પ્રમાણે ભીષ્મનાં વચન સાંભળી, તેને પ્રણામ કરી, દુર્યોધન ત્યાંથી ચાલી નીકળ્યો અને સર્વ લોકોને રજા આપી પોતાના ઉતારામાં જઇ સુઇ રહ્યો.



પ્રકરણ ૬૦ મું.

દિવસ ૯ મો.

પ્રતિજ્ઞા પાળી.

બીજે દિવસે સવારમાં લડાઇની શરૂઆત પહેલાં આગલે દિવસે ભીષ્મે આપેલાં વચનઉપરથી દુર્યોધન બહુ રાજી થવા લાગ્યો અને પોતાના ભાઇ દુઃશાસનને કહેવા લાગ્યો કે "આજ સૈન્યસહિત સઘળા પાંડવોનો વધ થશે. મને રાજ્ય મળશે. સેનાને તૈયાર કરો."

દુઃશાસન સઘળા યોદ્ધાઓથી વીંટાઇ, ભીષ્મને અગ્રણી કરી, સૂર્યોદય થતાં યુદ્ધ કરવા ચાલ્યો. ભીષ્મે પોતાની સેનાનો સર્વતોભદ્ર નામનો અને ધૃષ્ટદ્યુમ્ને મહાવ્યૂહ નામે વ્યૂહ ગોઠવ્યો. લડાઇની શરૂઆત થવા લાગી કે ભેરીઓ, શંખો, દુંદુભિઓ તથા યોદ્ધા વગેરેના શબ્દો થવા લાગ્યા. બન્ને સૈન્યો ભેટાભેટ થયાં, અભિમન્યુએ એવી ચાલાકીથી બાણો ફેંકવા માંડ્યાં કે, સઘળા શત્રુઓ તેની સામે જોવા પણ અશક્ત થયા. હજારો ક્ષત્રિયો યમપુરીના મહેમાન થવા લાગ્યા, ચોતરફ અભિમન્યુનાં વખાણ થવા લાગ્યાં અને દુર્યોધનના યોદ્ધાઓની કાદવમાં ખુંચી ગયેલા હાથીઓના જેવી સ્થિતિ થઇ પડી. કૃપાચાર્ય, દ્રોણા-

ચાર્ય, અશ્વત્થામા તથા જયદ્રથ વગેરે યોદ્ધાઓ ગભરાઇ ગયા અને સર્વ લોકો અભિમન્યુના પરાક્રમથી જગતમાં બે અર્જુન છે એમ જાનવા લાગ્યા.

"તારા સિવાય અભિમન્યુનું ઓસડ બીજો કોઇ કરવા સમર્થ નથી માટે તું અભિમન્યુની સામે થા." આ પ્રમાણે દુર્યોધનનું વચન સાંભળી, રાક્ષસ અલંબુષ પાંડવોની સેનામાં આવી, ભારે કતલ કરવા લાગ્યો. પાંડવોની સેના કંપવા લાગી. દ્રૌપદીના પાંચે પુત્રો પરાજિત થઈ ગયા અને સેનામાં મોટો હાહાકાર થઇ રહ્યો. અલંબુષે માયાથી અંધકારને ઉત્પન્ન કર્યો પણ સૂર્યાસ્ત્રથી તે અંધકારને અભિમન્યુએ ટાળી નાખી, બીજી પણ રાક્ષસની અનેક માયાને નષ્ટ કરી, તે રાક્ષસને એટલો બધો હેરાન કર્યો કે, તેને પોતાનો રથ છોડી દઈ ભાગી જવાની જરૂર પડી. રાક્ષસને ભાગી ગયેલો જોઇ ભીષ્માદિ ઘણા ઘણા યોદ્ધાઓ અભિમન્યુને ઘેરી વળ્યા. પરંતુ જરા પણ ભય નહિ પામતાં તે પોતાના પિતા તથા મામાના સરખું પરાક્રમ કરવા લાગ્યો અને સર્વને વિસ્મય આપવા લાગ્યો. કૃપાચાર્ય અર્જુનની ઉપર બાણોની વૃષ્ટિ કરતા હતા તેવામાં સાત્યકિએ તે આચાર્યનાં પ્રાણ લઇ જાય એવું એક બાણ તેનાપર નાખ્યું પણ અશ્વત્થામાએ તે બાણને તથા સાત્યકિના ધનુષને પણ કાપી નાખ્યું. બીજું ધનુષ હાથમા લઈ સાત્યકિએ સાઠ બાણોથી અશ્વત્થામાની છાતી તથા હાથ વીંધી નાખ્યા. અશ્વત્થામા જરાવાર મૂર્છિત થઈ ગયો. સંજ્ઞા પ્રાપ્ત થતાં તેણે સાત્યકિની સાથે ભારે યુદ્ધ કરવા માંડ્યું. પુત્રનું રક્ષણ કરવા આવેલ દ્રોણાચાર્યની સામે અશ્વત્થામાને છોડી દઈ સાત્યકિએ યુદ્ધ કરવા માંડ્યું. દુર્યોધનની પ્રેરણાથી અર્જુનની સામે સુશર્મા થયો, પણ સુશર્માને તથા તેના સૈન્યને તેણે બહુ મારવા માંડ્યું, તેથી સર્વ દેવતાઓ રાજી થવા લાગ્યા. જ્યારે અર્જુને તેના સૈન્યઉપર વાયવ્યાસ્ત્રનો પ્રયોગ કર્યો ત્યારે વાયુના સપાટાથી યોદ્ધાઓ તથા વૃક્ષો પણ પડવા લાગ્યાં. આ વખતે દ્રોણાચાર્યે સાત્યકિને છોડી દઈ, પર્વતાસ્ત્રનો પ્રયોગ કરી, વાયુને શાંત કરી નાખ્યો.

આ પ્રમાણે યુદ્ધ ચાલતું હતું તેવામાં ભગદત્તે પોતાની હાથીઓની મોટી ફોજથી ભીમને ઘેરી લીધો; ભીમ હાથીઓનો પ્રલય કરવા લાગ્યો અને તેના દંતોસળો કહાડી લઈ તેઓથીજ તેમનાં કુંભસ્થળોને ભાંગવા લાગ્યો. આ વખતે લોહી, મેદ તથા માંસથી તેનું શરીર ખરડાયેલું હતું; તેથી તે એક મોટા રાક્ષસ જેવા દેખાવા લાગ્યો. શત્રુના ત્રાસથી કૌરવોની સેનાનો દેખાવ જોવાલાયક થયો. યોદ્ધાઓથી રહિત થયેલા રથો, ઘોડાઓ તથા બીજાં પણ વાહનો

દોડાદોડ કરવા લાગ્યાં. મોટા મોટા રાજાઓ પણ પિશાચોજેવા દેખાવા લાગ્યા. હાથી, રથ તથા ઘોડાઓથી પ્યાદલો કચરાવા લાગ્યા. લોહીની ભયંકર નદી ચાલી અને ક્ષત્રિયો પોકારવા લાગ્યા કે "દુષ્ટ દુર્યોધનનો અપરાધ આ સઘળા કલ્પાંતનું કારણ છે." જ્યારે કૌરવોના સૈન્યમાં ભારે ભંગાણ પડ્યું ત્યારે કેટલાએક યોદ્ધાઓ વાહનોને છોડી દઈ અને કેટલાએક સાથે લઇ, હથિયાર વગરના થઇ, ગમે તે રસ્તે દોડવા લાગ્યા. તેઓને પાછા વાળવાનો સુશર્માએ ઘણો પ્રયત્ન કર્યો પણ તે સઘળો નિષ્ફળ થયો.

પોતાના સૈન્યમાં ભારે ભંગાણ પડેલું જોઇ સુશર્માને બચાવવાસારૂ દુર્યોધન ભીષ્મને પડખામાં લઇ સઘળા ઉદ્યોગથી અર્જુનની સામે થયો. બરાબર મધ્યાહ્ન થતાં સાત્યકિ તથા કૃતવર્મા, દ્રોણ તથા દ્રુપદ અને ભીમસેન તથા બાલ્હીક રાજા પરસ્પર ઉગ્ર યુદ્ધ કરવા લાગ્યા. દ્રોણે દ્રુપદને બાણોથી ખૂબ વીંધ્યો અને તેના સારથિને મારી નાખ્યો તેથી તે ઘોડા દોડાવી ભાગી ગયો. સાત્યકિ કૃતવર્માને પરાસ્ત કરી ભીષ્મની સામે થયો અને તેના તરફથી પોતાપર આવેલી સાંગના સપાટામાંથી ચાલાકીથી ખસી જઇ એક બીજી સાંગ તેણે ભીષ્મ ઉપર નાખી. ભીષ્મે તે સાંગને કાપી નાખી અને બાણોથી સાત્યકિને ઢાંકી દીધો. સાત્યકિના બચાવસારૂ સઘળા પાંડવોએ ભીષ્મને ઘેરી લીધા કે તરતજ, દુ:શાસન દશહજાર ઘોડેસ્વારથી ભીષ્મનું રક્ષણ કરવા ઉભો રહ્યો. ભીષ્મે યુધિષ્ટિર, ભીમ, ધૃષ્ટદ્યુમ્ન, સાત્યકિ, તથા બીજા પણ સઘળા યોદ્ધાઓને એવા તો વીંધ્યા કે, પાંડવોની સેનામાં ત્રાસ વર્ત્તી રહ્યો. યોદ્ધાઓ વગરના રથો, ઘોડાઓ તથા હાથીઓ દોડાદોડ કરવા લાગ્યા. ભીષ્મનું એકે બાણ વ્યર્થ થતું ન હતું. એકી વખતે ચેદી દેશના તથા કાશીના ચૌદ હજાર યોદ્ધાઓને તેણે પરલોકમાં મોકલ્યા. પાંડવોની સેનામાં ભારે હાહાકાર થઇ રહ્યો અને મોટું ભંગાણ પડ્યું.

પાંડવોની સેનામાં મોટું ભંગાણ પડેલું જોઇ તથા ભીષ્મને નિર્દય યુદ્ધ કરતા અને અર્જુનને કોમળ યુદ્ધ કરતો જોઇ શ્રીકૃષ્ણભગવાન, ઘોડાની રેન છોડી દઈ, રથ ઉપરથી ઉતરી, ચાબુક લઇ, ભીષ્મને મારવા દોડ્યા અને તે વખતે "ભીષ્મ મુવા, ભીષ્મ મુવા" એવો પોકાર થઇ રહ્યો. શ્રીકૃષ્ણને આવતા જોઇ નિર્ભય મનથી બાણોની વૃષ્ટિ કરતાં કરતાં ભીષ્મ બોલ્યા કે "મહારાજ! પધારો, મને જલદી મારી નાખો. તમારે હાથે મરવાથી આ દાસનું આ લોક અને પરલોકમાં એ બન્નેમાં કલ્યાણ છે."

ભીષ્મને મારવા તૈયાર થયેલા શ્રીકૃષ્ણને અર્જુને પાછળ દોડી દશમે પગલે માંડ માંડ બાથમાં લીધા અને કહ્યું કે "મહારાજ! પાછા વળો. યુદ્ધમાં હથિયાર નહિ ધરવાની પ્રતિજ્ઞા ખોટી ના કરો. ભીષ્મને મારવાનો જોખમ મારે માથે છે." અર્જુનનાં વચન સાંભળી ક્રોધને લીધે કાંઇ પણ નહિ બોલતાં શ્રીકૃષ્ણ પાછા ઘોડા હાંકવા બિરાજ્યા. શ્રીકૃષ્ણ તથા અર્જુનને રથમાં બેઠેલા જોઇ વળી પણ ભીષ્મે તેઓપર બાણોની વૃષ્ટિ કરવા માંડી અને પાંડવોના હજારો યોદ્ધાઓને વીણી વીણીને મારવા માંડ્યા અને આગલે દિવસે દુર્યોધનપાસે કરેલી પ્રતિજ્ઞા પાળી.

સૈન્યને પાયમાલ થતું અને સૂર્યને અસ્ત થતો જોઈ યુધિષ્ઠિર રાજાએ લડાઈ બંધ પાડી અને પોતાનું સૈન્ય પાછું વાળી લીધું. કૌરવોએ પણ તેમ કર્યું; બન્ને સૈન્યો પોતપોતાના ઉતારામાં ગયાં.

ઉતારામાં જઇ પાંડવો, યાદવો અને પાંચાલો વિચાર કરવા બેઠા. યુધિષ્ઠિરે લાંબો વિચાર કરી, નિસાસો મૂકી, શ્રીકૃષ્ણને કહ્યું કે 'મેં યુદ્ધનો આરંભ કર્યો એ મોટી ભૂલ કરી છે. વખતપર ઇંદ્ર કે યમને જીતી શકાય પણ ભીષ્મને કોઈરીતે જીતી શકાય તેમ નથી. ભીષ્મ નિર્દયપણે યુદ્ધ કરેછે અને અર્જુન ભીષ્મનો વધ કરવામાં "બાણો શી રીતે મૂકી શકાય ? હું બાળક હતો અને રસ્તામાં રમતો હતો ત્યારે ભીષ્મે મને લઇ છાતીમાં દાબ્યા પોતાના હાથથી મારા અંગપરની રજ ખંખેરી છે, વડિલનો વધ કરવામાં મારો હાથ શી રીતે ઉપડે ?" એમ વિચાર કર્યા કરેછે. હે શ્રીકૃષ્ણ! હું તો લડાઇ બંધ પાડી વનમાં જવા ધારૂંછું."

"રાજાધિરાજ! ઉતાવળ ના કરો. પ્રથમ કરેલી પ્રતિજ્ઞાપ્રમાણે આવતી કાલે શિખંડીને નિમિત્ત કરી ભીષ્મને મારવાનો અર્જુને નિશ્ચય કર્યો છે, માટે શાંત થાઓ."

શ્રીકૃષ્ણના મોહોડાથી અર્જુનનો નિશ્ચય સાંભળી, રાજી થઇ, સઘળા પોતપોતાના ઉતારામાં જઇ સુઈ રહ્યા.

પ્રકરણ ૬૧ મું.

દિવસ ૧૦ મો.

ભીષ્મ પડયા.

બીજે દિવસે પ્રભાતમાં ભેરીઓ તથા શંખોના શબ્દો થવા લાગ્યા. પાંડવો પોતાની સેનાનો વ્યૂહ ગોઠવી શિખંડીને અગ્રણી કરી ભીષ્મની સામા થયા. પાંડવોને આવતા જોઇ ભીષ્મ પણ પોતાની સેનાનો વ્યૂહ ગોઠવી, સજ્જ થઈ, સામે થયા. પાંડવોને ભારે યુદ્ધ કરતા જોઇ અનેક શસ્ત્રાસ્ત્રથી તેણે તેઓને અટકાવ્યા. સઘળા પાંડવો ભીષ્મની સામે થયા છતાં પણ તેને પરાસ્ત કરવાને કોઇ સમર્થ થયા નહિ. આ વખતે શિખંડીએ ભીષ્મની છાતીમાં ત્રણ બાણો માર્યાં. શિખંડીસાથે વાત પણ કરવાની પોતાની ઇચ્છા નહિ છતાં પણ ભીષ્મે તેને કહ્યું કે "તું પ્રયત્ન કર કે ન કર પણ હું તારી સાથે યુદ્ધ કરવાનો નથી. તું શિખંડી નથી પણ વિધાતાએ બનાવેલી શિખંડિની છો." ભીષ્મનાં વચનઉપર ક્રોધ કરી શિખંડી બોલ્યો કે "તું ગમે તેમ છટકવાનું કર

પણ આજ હું તને છોડનાર નથી. તારે જેઓને મળવું હોય તેઓને મળી લે." એમ બોલતાં બોલતાં તેણે બીજાં પાંચ બાણ ભીષ્મને માર્યાં.

"તારે કાંઈ પણ ફીકર રાખવી નહિ. આજે ભીષ્મને માર્યાવિના પાછો ફરીશ તો તારી અને મારી પણ મશ્કરી થશે. હું તારૂં રક્ષણ કરવા તારી પછવાડે ઉભો છું. તું ભીષ્મઉપર નિર્દયપણે પ્રહાર કર્યા કર. દ્રોણ, જયદ્રથ તથા ભગદત્ત વગેરે સઘળા યોદ્ધાઓને હું અટકાવી રાખીશ તેથી તારે ભીષ્મને પાડવાનું કામ સુગમ પડશે." એમ કહી અર્જુને કૌરવોની સેનાનો સંહાર કરવા માંડ્યો અને ભીષ્મે પાંડવોની સેનાનો સંહાર કરવા માંડ્યો. ભીષ્મની સામે ટકવા કોઇ પણ સમર્થ થયું નહિ પણ એકલો અર્જુન તેની સામે આવી, ગાંડીવનો ટંકાર કરી, સિંહનાદ કરવા લાગ્યો. અર્જુન પોતાસામે આવતો હતો તેટલા વખતમાંજ ભીષ્મે પાંડવોના દશ હજાર હાથી, દશ હજાર ઘોડા અને બે લાખ પ્યાદલોને મારી નાખ્યાં. અર્જુનની સહાયતામાટે ધૃષ્ટદ્યુમ્ન વગેરે યોદ્ધાઓ ભીષ્મની ઉપર ઝડપ કરવા લાગ્યા. ધૃષ્ટદ્યુમ્નને કૃતવર્માએ, ભીમસેનને ભૂરિશ્રવાએ, નકુલને વિકર્ણે, સહદેવને કૃપાચાર્યે, ઘટોત્કચને દુર્યોધનના ભાઈ દુર્મુખે, સાત્યકિને દુર્યોધને, યુધિષ્ઠિરને દ્રોણાચાર્યે, વિરાટ તથા દ્રુપદને અશ્વત્થામાએ અને અર્જુનને દુઃશાસને રોકી રાખ્યા. આ વખતે ધૃષ્ટદ્યુમ્ને પોતાની સેનામાં બૂમ પાડી કહ્યું કે " આજ જુવાન અર્જુન ભીષ્મને મારવા જાયછે, માટે તેના રક્ષણતળે રહી તમો ભીષ્મની ઉપર તૂટી પડો. બૂઢો ભીષ્મ તમને પહોંચી શકવાનો નથી." આ પ્રમાણે ધૃષ્ટદ્યુમ્નની હાકલથી સઘળા યોદ્ધાઓ ભીષ્મના રથઉપર આવવા લાગ્યા. ભીષ્મના બચાવ માટે દુઃશાસને અર્જુનની સામે યુદ્ધ કરવા માંડ્યું પણ તેણે તેનું ધનુષ કાપી નાખ્યું. દુઃશાસને બીજું ધનુષ લઇ અર્જુન તથા શ્રીકૃષ્ણને વીંધ્યા. અર્જુને દુઃશાસનના શરીરમાં હજારો બાણો ખુંચાડી દીધાં તથા તેનો રથ ભાંગી નાખ્યો. ગભરાયેલો દુઃશાસન ભીષ્મના રથમાં આવી જરાવાર આરામ લઈ પાછો અર્જુનની સામે લડવા લાગ્યો. સાત્યકિએ અલંબુષ તથા ભગદત્તનાં હજારો બાણો કાપી સિંહનાદ કર્યો.

"સાત્યકિ હવે આપણા સૈન્યમાંથી જીવતો ન જાય એમ કરવું જોઇએ. સાત્યકિ મરે તો પાંડવોના સૈન્યને હું મુવેલુંજ દેખુંછું." આ પ્રમાણે દુર્યોધનને બોલતો સાંભળી તેના ભાઇઓ સાત્યકિને ચારે કોરથી ઘેરી લઇ યુદ્ધ કરવા લાગ્યા.

"આપણી સેનાઉપર ગરજો આવીને પડેછે, દિશાઓમાં રાતડ થઇ ગઈ છે, ઉલ્કાપાત થાયછે, ધરતી ધ્રુજ્યા કરેછે, આપણા યોદ્ધાઓનાં મોહોડાં નિસ્તેજ થઈ ગયાં છે, ગાંડીવનો અદ્ભુત શબ્દ સાંભળવામાં આવેછે, ભીષ્મ શિખંડીના ઉપર ઘા કરે તેમ નથી અને પ્રબળ અસ્ત્રવાળો અર્જુન શિખંડીને અગ્રણી કરી તેને ભીષ્મની સામે લઇ ગયેલ છે. હું ધારૂંછું કે, આજ કાંઈ આપણું અમંગળ થવાનું છે. આજ તારે બીજાની સાથે લડવું પણ અર્જુનની સામે જવું નહિ. આજ અર્જુનનું રૂપ કોઇ બીજા પ્રકારનું જોવામાં આવેછે."

પિતાનાં વચન સાંભળી અશ્વત્થામા અર્જુનની સામે નહિ જતાં પાંડવોની સેનાનેજ કાપવામાં રોકાયો અને ભીમસેન ભીષ્મના વધના ઉદ્દેશથી કૌરવોના સૈન્યમાં ભારે કતલ ચલાવવા મંડ્યો. કૃતવર્મા, કૃપાચાર્ય, શલ્ય તથા ભગદત્ત ભીમસેનને પીડવા લાગ્યા પણ ભીમસેને તે સર્વને તૃણસમાન ગણી કોઇનાં શસ્ત્ર, કોઇના ઘોડા, કોઇના રથ, અને કોઇના સારથિ કાપી નાખ્યા. ભીમસેનને ઘણા શત્રુઓની વચમાં આવેલો જોઇ અર્જુન તેની સહાયતામાટે આવી પહોંચી કૃપાચાર્યવગેરેને પરાસ્ત કરવા લાગ્યો. ભીમસેન તથા અર્જુન બન્ને ભાઇઓ વિચિત્ર બાણોની ભારે વૃષ્ટિ કરવા લાગ્યા અને હજારો યોદ્ધાઓ, રથો, હાથીઓ તથા ઘોડાઓને તેઓએ કાપી નાખ્યા. ભીમસેન દ્રોણાચાર્યને અને અર્જુન સુશર્માને વીંધી નાખી સૈન્યને કાપવા લાગતાં શિખંડીવગેરે યોદ્ધાઓ ભીષ્મની ઉપર ચડી ગયા. ભીષ્મે પણ ભારે કતલ ચલાવી, ઘણા ઘણા યોદ્ધાઓનો ક્ષય કરી નાખ્યો. આ વખતે ભીષ્મ જીવવાથી તથા પ્રાણીઓના વધથી કાયર થઇ ગયા હતા.

પાંડવોને ભીષ્મની ઉપર તુટી પડતા જોઇ દુઃશાસનવગેરે કૌરવોના યોદ્ધાઓ ભીષ્મને બચાવવાને વાસ્તે ભારે યત્ન કરવા લાગ્યા. આ સમય પૃથ્વી ધ્રુજવા લાગી, દારૂણ શબ્દોથી દિશાઓ ગાજવા લાગી અને લોહીની નદીઓ ચાલવા લાગી. ભીષ્મની ઉપર શિખંડી બાણો ફેંકવા લાગ્યો. પણ ભીષ્મ તો શિખંડીને છોડી દઈ દિવ્ય અસ્ત્રોથી પાંડવોની સેનાને મારવા લાગ્યા. જે કોઈ તેની સામે થયો તે મરતોજ જોવામાં આવ્યો. ફક્ત અર્જુન તથા શિખંડીવિના બીજા કોઇએ તેની સામે થવા હિમ્મત ધરી નહિ. શિખંડીએ ભીષ્મની સામે જઈ તેની છાતીમાં દશ બાણ માર્યાં અને બીજાં અનેક બાણોથી ભીષ્મને ઢાંકી દીધા. ભીષ્મ ક્રોધથી વ્યાપ્ત થયા પણ તેનું સ્ત્રીપણું સંભારી તેનાપર ઘા નહિ કરતાં અર્જુનના ઉપરજ બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા; પરંતુ શિખંડી તો ભી-

ષ્મની ઉપરજ મંડયો રહ્યો. ક્રોધ પામેલા ભીષ્મે શિખંડીનાં બાણોને નહિ ગણકારતાં થોડીવારમાં પાંડવોના અસંખ્ય હાથી, ઘોડા, રથ, ચૌદ હજાર પ્યાદલ અને વિરાટના ભાઈ શતાનીકઆદિ આઠ મહારથિઓને મારી નાખ્યા. ભીષ્મનું રૂપ મધ્યાહ્નના સૂર્યજેવું દેખાવા લાગ્યું. પાંડવોનો કોઈ પણ યોદ્ધા તેની સામે જોઇ શકયો નહિ, અને સેનામાં ત્રાસ વર્ત્તી રહ્યો.

"તમારાવિના ભીષ્મનાં બાણો સહન કરવા કોઇ સમર્થ નથી; પરાક્રમ કરવાનો આ સમય છે; ભીષ્મને માર્યાવિના તમારો કદી વિજય થવાનો નથી" વગેરે વગેરે શ્રીકૃષ્ણનાં વચન સાંભળી અર્જુને પોતાનાં બાણોથી ભીષ્મના રથને ઢાંકી દીધો; અને ભીમસેન, સાત્યકિ, ઘટોત્કચ તથા અભિમન્યુ વગેરે યોદ્ધાઓને ભીષ્મથી બચાવ્યા. અર્જુનના આશ્રયતળે રહી શિખંડી તથા સાત્યકિ વગેરે સઘળા યોદ્ધાઓ ભીષ્મની ઉપર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા, પણ ભીષ્મે એક શિખંડીસિવાય સઘળા યોદ્ધાઓને પરાસ્ત કરી નાખ્યા. શિખંડીનાં બાણોથી ભીષ્મને કશી પીડા થતી નહોતી પણ ભીષ્મનાં બાણોથી પાંડવોની સઘળી સેના પીડા પામતી હતી. અર્જુને શિખંડીને અગ્રણી રાખી ભીષ્મનું ધનુષ કાપી નાખ્યું. મારો, કાપો, પકડો એવા શબ્દો થવા લાગ્યા. અર્જુનના રક્ષણતળે રહી શિખંડીએ ભીષ્મના સારથિને મારી નાખ્યો અને તેની ધ્વજા કાપી નાખી. અર્જુને ભીષ્મનાં ઘણાં ધનુષો કાપી નાખ્યાં. ધનુષો કપાઈ જતાં ભીષ્મે સાંગ, ભાલાં તથા બીજાં પણ ઘણાં ઘણાં શસ્ત્રો ફેંકવા માંડયાં પણ અર્જુને તે સઘળાં કાપી નાખ્યાં. ભીષ્મ પ્રબળ ધનુષ લઇ અર્જુનસામે યુદ્ધ કરવા લાગ્યા, પણ કોઈરીતે તે અર્જુનથી વધી શકયા નહિ અને કહેવા લાગ્યા કે "ભયંકર વજ્રજેવાં બાણો જે મારાં મર્મસ્થલોને કાપી નાખેછે તે શિખંડીનાં નથી પણ અર્જુનનાં છે. જેમ કુડચલ્લનાં બચ્ચાં પોતાની માના વાંસાને ફાડીને નીકળી જાય તેમ અર્જુનનાં બાણો મારા વાંસાને ફાડીને નીકળી જાયછે." એમ બોલતાં બોલતાં ભીષ્મે અર્જુન ઉપર સાંગનો ઘા કર્યો પણ અર્જુને ત્રણ બાણથી તે સાંગને કાપી નાખી, એટલે ભીષ્મ ઢાલ તરવાર લઇ રથમાંથી ઉતરવા જતાં ઢાલ તથા તરવારને પણ અર્જુને કાપી નાખી. આ વખતે હજારો યોદ્ધાઓ ભીષ્મઉપર તુટી પડયા અને તેના રથ ઉપર "મારો, પકડો, પાડો, કાપો," ઈત્યાદિ તુમુલ શબ્દો થવા લાગ્યા. અર્જુનનાં બાણોથી કૌરવોનો કોઈ પણ યોદ્ધા ભીષ્મને પડખે આવી શકયો નહિ, અને ભીષ્મના શરીરમાં એક આંગળજેટલી જગા પણ વીંધાયાવગર રહી નહિ. બાણો ખુંચી જવાથી શેળાઇજેવા થઇ જઈ સૂર્ય અસ્ત થવાને થોડીકવાર હતી તે સમયે પૃથ્વીપર ભીષ્મ પડ્યા, અને ભીષ્મના સાથે કૌરવોનાં હૃદયો પણ પડી ગયાં.

પ્રકરણ ૬૨ મું.

ભીષ્મની બાણશય્યા.

ભીષ્મના પડવાથી પૃથ્વી તથા આકાશમાં હાહાકાર વર્તી રહ્યો. સઘળાં અંગોમાં બાણો ખુંચી રહેવાને લીધે કોઇ પણ અંગને પૃથ્વીનો સ્પર્શ ન થાય તેવી રીતે બાણશય્યામાં પડેલા ભીષ્મે, તે સમયમાં દક્ષિણાયન હોવાથી ઉત્તરાયણમાં મરવાનો નિશ્ચય કરી મૃત્યુને પાછું વાળ્યું અને ઉપનિષદના મંત્રનો જપ કરવા માંડયો. ભીષ્મ પડતાં કૌરવોની સઘળી સેના બેભાન થઈ ગઈ. કૃપાચાર્ય તથા દુર્યોધન વગેરે સર્વે નિસાસા મૂકીને રોવા લાગ્યા. દુઃશાસનના કહેવાથી દ્રોણને ખબર પડતાં તે પણ ગભરાટને લીધે લડાઇ બંધ પાડી ભીષ્મની પાસે આવ્યા. કૌરવોએ લડાઇ બંધ પાડતાં પાંડવોએ પણ તે બંધ પાડી, અને સઘળા પાંડવો, કૌરવો તથા બીજા પણ રાજાઓ બખતરો ઉતારી, પગે લાગી, ભીષ્મની પાસે ઉભા રહ્યા.

ભીષ્મ બાણશય્યામાં પડ્યા હતા પણ તેનું માથું લટકી રહ્યું હતું માટે તેને ઓશીસાંની જરૂર છે એમ વિચારી, ઘણા રાજાઓ મખમલ. વગેરેનાં કોમળ કોમળ ઓશીસાં લાવ્યા. પણ ભીષ્મે હાસ્ય કરી, અર્જુનની સામે જોઈ, એમ સૂચવ્યું કે "વીર લોકોના શયનમાં આવાં ઓશીસાં યોગ્ય ગણાય નહિ."

અર્જુને ભીષ્મનો અભિપ્રાય જાણી, રોતાં રોતાં ગાંડીવ ધનુષને ચડાવી, ભીષ્મના માથામાં ત્રણ બાણ મારી, લટકતું માથું ઉંચું કર્યું અને ભીષ્મને પ્રસન્ન કર્યા. આ વખતે કન્યાઓ પુષ્પોથી તથા અક્ષતથી ભીષ્મને વધાવવા લાગી અને ગવૈયાવગેરે બીજા ઘણા ઘણા લોકો ભીષ્મની પાસે આવ્યા. શલ્ય કહાડવામાં ચતુર વૈદ્યો પણ હાજર થયા, પણ ક્ષત્રિયધર્મમાં જેવી જોઇએ તેવી ગતિ મળવાથી તે વૈદ્યોને ઘણું ધન અપાવી ભીષ્મે રજા આપી અને હુકમ આપ્યો કે "હું જ્યારે મરણ પામું ત્યારે મારા દેહને આ બાણોસહિતજ બાળી દેજો. ધર્માત્મા ક્ષત્રિયોએ બાણના શયનમાં આવીરીતે સુવુંજ યોગ્ય છે. સૂર્ય ઉત્તરાયણના થશે ત્યાં સૂધી મેં આવીરીતેજ પડી રહેવા ધાર્યું છે." એમ બોલતાં બોલતાં ભીષ્મનું ગળું સુકાવા લાગ્યું. તે જોઈ સઘળા રાજાઓ સારા સારા ભક્ષ્ય પદાર્થો તથા શીતલ જલના કુંભો હાજર કરવા લાગ્યા. પણ મનુષ્યોની પંક્તિમાંથી ખસી બાણશય્યામાં પોતે પડયા છે અને હવે મનુષ્યોના કોઇ ભોગ ભોગવી શકાય નહિ એમ વિચારી, તેણે ફરીથી અર્જુનસામે દૃષ્ટિ કરી. અર્જુન ભીષ્મના અભિપ્રાયને જાણી ગયો. તેણે તુરતજ હાથ જોડી, રથપર બેસી, ગાંડીવને સજ્જ કરી, પર્જન્યાસ્ત્રનો પ્રયોગ કરી, પૃથ્વીને વીંધી કે અમૃતજેવાં અને દિવ્યગંધવાળાં જલની ધારા પૃથ્વીમાંથી નિકળી. અર્જુનનું આવું પરાક્રમ જોઇ કૌરવો ધ્રુજવા લાગ્યા, બીજા રાજાઓ વખાણ કરવા લાગ્યા અને શંખો તથા દુંદુભિના નાદ થવા લાગ્યા. પૃથ્વીમાંથી નિકળેલ જલનું પાન કરી, તૃપ્ત થઈ, અર્જુનનાં વખાણ કરી, ભીષ્મે દુર્યોધનને કહ્યું કે—

"અર્જુનનો ચમત્કાર તેં નજરે જોયો. તેને કોઇ જીતી શકે તેમ નથી. તારે તેની સાથે તુરત સંધિ કરવો યોગ્ય છે. સઘળા રાજાઓ નષ્ટ થયા નથી અને હજી તારા થોડા ભાઇઓ જીવતા છે ત્યાંસૂધીમાં સંધિ કરી લે. મારો છેડો આવવાથી યુદ્ધનો છેડો આવે એમ હું ઇચ્છું છું."

ભીષ્મનાં વચનો કોઇ પણ રીતે દુર્યોધનના મનમાં ઉતર્યાં નહિ તેથી સર્વ ક્ષત્રિયો ભવિષ્યને પ્રબળ માની પોતપોતાને ઉતારે ગયા.

ભીષ્મના પડવાની વાત સાંભળી, કાંઇક ત્રાસમાં પડી, કર્ણ રથમાં બેસી ભીષ્મની પાસે આવ્યો; ઇંદ્રે પૃથ્વીપર પાડેલો મૈનાક પર્વત હોય, પ્રલયના પવનથી સુકાઇ ગયેલો મહાસાગર હોય અને કાળયોગથી પૃથ્વીપર પડેલો સૂર્ય હોય એવા ભીષ્મને જોઈ કર્ણ રથથી હેઠે ઉતર્યો. રથથી હેઠો ઉતરી, ભીષ્મનાં દર્શન કરી, આંખોમાં આંસુ લાવી, પ્રણામ કરી, હાથ જોડી, ગદ્ગદ કંઠથી બોલ્યો

કે "ભીષ્મ ! ભીષ્મ ! સર્વદા તમારી આંખે આવેલો અને તમારા દ્વેષનું પાત્ર હું કર્ણ આપને પ્રણામ કરૂંછું. મારી સામે કૃપાદૃષ્ટિ કરો. મને પવિત્ર વચનથી બોલાવો. આપ જેવા મહાવીર અને ધર્માત્મા પણ યુદ્ધભૂમિમાં પડ્યા; તેથી હું ધારૂંછું કે, ધર્મની સઘળી ક્રિયાઓ નિષ્ફળજ છે. હવે આપના જેવો કોઇ પણ વીર જોવામાં આવતો નથી, તેથી કૌરવોની સેના મોટા ત્રાસમાં પડેલી છે; જેમ મોટી જ્વાળાઓવાળો અગ્નિ વનનો દાહ કરે તેમ હવે અર્જુન કૌરવોની સેનાનો દાહ કરશે એમ મને ભય રહેછે. જો આપ મને આજ્ઞા આપો તો હું અર્જુનને મારવા પ્રયત્ન કરૂં."

કર્ણનો સ્વર સાંભળી, આંખો ઉઘાડી, ધીરેથી સ્નેહપૂર્વક જોઇ, આસપાસનાં માણસોને દૂર કરી, એક હાથ કર્ણના ગળામાં નાખી, ભીષ્મે તેને કહ્યું કે "કર્ણ ! આવ આવ. જો આ સમયે તું મારી પાસે ન આવ્યો હોત તો તારૂં કલ્યાણ થાત નહિ. તું અધિરથના વીર્યથી રાધામાં ઉત્પન્ન થયો નથી, પણ સૂર્યના વીર્યથી કુંતીમાં ઉત્પન્ન થયો છે એ વાત હું ખરેખરી જાણુંછું. તારાપર મને કોઇ જાતનો દ્વેષ નહોતો. પરંતુ તું નીચના આશ્રયને લીધે નાહક પાંડવોની નિંદા કરતો હતો તેથી તારા ઉત્સાહનો ભંગ કરવા હું તને કઠણ વચનો કહેતો હતો. તારૂં પરાક્રમ, શૌર્ય, આસ્તિકપણું અને ઉદારતા પણ હું જાણુંછું. તું, શસ્ત્ર તથા અસ્ત્ર વિદ્યામાં અર્જુન તથા શ્રીકૃષ્ણજેવો છે અને જરાસંધ કરતાં પણ અધિક બળવાન છે. મને તારા ઉપર જે રીસ હતી તેને દૂર કરીને આજ હું તને કહુંછું કે, જો મને રાજી કરવો હોય તો તું પાંડવો સાથે મળી જા જેથી સર્વ રાજાઓ જીવતા રહે."

"આપ કહોછો તે સઘળું હું જાણુંછું. હું રાધાનો નહિ પણ કુંતીનોજ પુત્ર છું. મેં આજ દિવસસુધી દુર્યોધનનુંજ ઐશ્વર્ય ભોગવ્યું છે, તે સઘળું ટાળી નાખીને હું કૃતઘ્ન થવા ઇચ્છતો નથી. જેમ કૃષ્ણ અર્જુનને માટે ધન, શરીર અને પુત્રો વગેરે છોડી દેવા તૈયાર છે, તેમ હું દુર્યોધનને વાસ્તે સઘળું છોડી દેવા તૈયાર છું. ક્ષત્રિયો ઘરમાં માંદા પડી મરે એ તેને કલંક છે. એ કલંક ક્ષત્રિયોઉપર ન આવે એવા હેતુથી હું દુર્યોધનના આશ્રયતળે રહી પાંડવોની સામે થયો છું. જેઓ કોઇથી જીતાય નહિ એવા હોય તેઓની સામે લડવું એમાં મોટો પુરૂષાર્થ છે. મને તો યુદ્ધજ કરવાની આજ્ઞા આપો. મેં આજદિવસસુધીમાં કોઇ જાતના વેગ અથવા ચપળતાથી આપને જે દુર્વચનો કહ્યાં હોય તેની ક્ષમા માગુંછું."

"તું સઘળાં પ્રાણીને આનંદ આપનાર છે તેમ, સઘળા મિત્રોને આનંદ આપનાર થા. તેં ઘણા ઘણા સંગ્રામોમાં ભારે ભારે વિજય મેળવ્યા છે તે હું જાણુંછું. આ દારૂણ વૈર કોઇરીતે છોડી શકાય એવું ન હોય તો, હું તને યુદ્ધ કરવાની રજા આપુંછું. તું અભિમાનવગરનો રહીને યુદ્ધ કરજે એટલે તને ક્ષત્રિયના ધર્મપ્રમાણે ઉત્તમ લોકની પ્રાપ્તિ થશે. જેમ હું દુર્યોધનને ગણુંછું તેમજ તને ગણીને કહુંછું કે, તું સુખેથી યુદ્ધ કર અને દુર્યોધનના હાથમાં વિજય દે. જે દુર્યોધનનું તે તારૂં પોતાનુંજ છે એમ ધારી, કૌરવોના સૈન્યનું પાલન કર. પણ અફસોસ છે કે, મેં ઘણા કાળ સુધી બખેડો ન ઉઠે એવો યત્ન કર્યો તે સફળ થયો નહિ. પુત્ર ! જા અને તારી વીર માતાને શોભા આપ."

ભીષ્મનાં વચન સાંભળી, પ્રણામ કરી, તેની આજ્ઞા લઇ, રથમાં બેસી, કર્ણ દુર્યોધનપાસે ગયો.

પ્રકરણ ૬૩ મું.

દ્રોણનો સેનાધિપતિપણામાં અભિષેક.

બાણ શય્યામાં સુતેલા ભીષ્મના રક્ષણનો સઘળો બંદોબસ્ત કરી, સર્વ ક્ષત્રિયો યુદ્ધની તૈયારી કરવા લાગ્યા. આ વખતે સેનાપતિ વગરની કૌરવોની સેના મહાસાગરમાં પવનના તોફાનથી દુઃખી થતાં માલમવગરના વહાણની પેઠે મુંઝાવા લાગી. જેમ મોટી વિપત્તિમાં પડેલાં માણસનું મન પોતાના હિતેચ્છુ સંબંધીનું સ્મરણ કરે તેમ, સઘળા ક્ષત્રિયો કર્ણનું સ્મરણ કરવા લાગ્યા અને બોલવા લાગ્યા કે "આપણું રક્ષણ કરવાને આ કર્ણનો સમય છે."

આ પ્રમાણે કૌરવોનું સૈન્ય વિચાર કરે છે તેવામાં ભીષ્મની આજ્ઞા લઇ, રથમાં બેસી પાછા આવતા કર્ણને તેમણે જોયો. તેને જોઇ, સઘળા યોદ્ધાઓ રાજી થઇ, સિંહનાદ તથા ધનુષોના શબ્દોથી તેને માન આપવા લાગ્યા. કર્ણના આવવાથી રાજી થયેલા દુર્યોધને તેને કહ્યું કે "આ મારા સૈન્યને તારા આવવાથી સનાથ થયેલું માનું છું. આ સમય શું કરવું યોગ્ય છે અને શાથી આપણું હિત થાય એ વિચાર મને જણાવવો જોઇએ."

'ધીરજ, બુદ્ધિ, પરાક્રમ, શસ્ત્ર તથા અસ્ત્રવિદ્યા આદિ સઘળા ગુણોથી શોભી રહેલા ભીષ્મજેવા મહાત્મા પુરૂષ શાંત થઇ ગયા તો હવે આ યુદ્ધમાં

આપણે જીવતા રહેવાની આશા શીરીતે રાખી શકાય?" આ પ્રમાણે બોલતાં બોલતાં આંખમાં આંસુ લાવી, કર્ણ નિસાસા મૂકવા લાગ્યો અને તેની સાથે કૌરવો અને તેનાં સઘળાં માણસો રોવા તથા દુઃખની વાતો કરવા લાગ્યાં. કૌરવોની સેનાને હર્ષ આપવામાટે પોતે ધીરજ પકડી કહેવા લાગ્યો કે "તમે મોટા વીર લોકો જીવતા છતાં પાંડવોએ ભીષ્મને પાડ્યા એ મને આશ્ચર્યજેવું જણાયછે. ભીષ્મ પડી જતાં હવે કોઇ પણ રાજા અર્જુનના વેગને સહન કરે એવો દેખાતો નથી તેથી અનાથ સેનાના રક્ષણનો બોજો મારે ઉઠાવવો પડશે. આ જગત્ અનિત્ય છે અને આ મોટો બોજો મારાપર આવી પડેલો છે માટે હું નિર્ભય થઇને યુદ્ધ કરીશ. કાં તો પાંડવોને હું મારૂંછું અથવા તો પાંડવોના હાથથી હું મરૂંછું. સૈન્યમાં ભંગાણ પડ્યું હોય તે સમયમાં જે મદદ આપે તેજ ખરો મિત્ર કહેવાય. આજ મારે કૌરવોનું રક્ષણ કરી પાંડવોનો વિનાશ કરવો છે અને દુર્યોધનને રાજ્ય અપાવવું છે. મારો રથ, બખ્તર, આયુધો, ઘોડાઓ, ધ્વજા અને ભાથાંઓ તૈયાર કરો. જાતે મૃત્યુદેવ આવીને અર્જુનની રક્ષા કરશે તોપણ હું અર્જુનને માર્યાવગર છોડવાનો નથી. આ સેનામાં જે કોઇ મિત્રદ્રોહી, બીકણ કે દુર્યોધનની ઉપર થોડી ભક્તિવાળો હોય તેણે મારી સાથે આવવું પણ નહિ. દુર્યોધન! કંઇપણ ફિકર ના રાખો. હું મારૂં પૂરતું પરાક્રમ દેખાડીશ. સેનાપતિ કોને કરવો એ વિચાર તમારા મનમાં ઘોળાયા કરેછે તો હું કહુંછું કે, આપણા સૈન્યના સઘળા મહાત્મા રાજાઓ કુળવાન, બુદ્ધિમાન અને યુદ્ધમાં કદી પણ પાછો પગ ન આપે એવા છે તેથી, તેઓ સઘળા સેનાપતિ થવાને લાયક છે એમાં કશો સંશય નથી. પણ એકી વખતે સઘળાને સેનાપતિ કરી શકાતા નથી. માટે સર્વમાં જે અધિક ગુણવાન જણાય તેનેજ સેનાપતિ કરવો યોગ્ય છે. આ સઘળા રાજાઓ જેઓ પરસ્પર હરીફાઇ રાખનારા છે તેમાંથી જો એક જણને સેનાપતિ કરશો તો બીજા રાજાઓ અવશ્ય કચવાઇ યુદ્ધ કરવું છોડી દેશે. દુર્યોધન! સઘળા યોદ્ધાઓના ગુરૂ, વૃદ્ધ અને સર્વગુણસંપન્ન દ્રોણાચાર્ય સેનાપતિ થવાને યોગ્ય છે. બુદ્ધિમાં કે અસ્ત્રવિદ્યામાં દ્રોણાચાર્યની બરોબરી કરી શકે એવો બીજો કોઇ નથી. દ્રોણાચાર્ય વિદ્યમાન છતાં બીજો કોણ સેનાપતિ થવાને લાયક છે? માટે દ્રોણાચાર્યનેજ સેનાપતિ કરવા એ મને યોગ્ય જણાયછે."

કર્ણનાં વચન સાંભળી દુર્યોધન રાજી થયો અને સેનાના મધ્યમાં ઉભેલા દ્રોણાચાર્યપાસે જઇ દુર્યોધને પોતાની ઇચ્છા જણાવી કહ્યું કે "બ્રાહ્મણપણું,

કુલીનપણું, શાસ્ત્રાભ્યાસ, અવસ્થા, બુદ્ધિ, પરાક્રમ, ચાતુર્ય, ઉદ્દંડપણું, નીતિ, જય, તે તે બાબતનું તત્વનું જ્ઞાન, તર્ક અને કૃતજ્ઞપણું ઇત્યાદિ ગુણો જોતાં બીજો કોઇ નહિ પણ આપજ અમારા સેનાધિપતિ થવાને લાયક છો. આપના હાથનીચે રહી, અમો શત્રુઓને જીતવા ઇચ્છીએ છીએ. આપને અમારી સેનાના અગ્રણી થયેલા જોઇ અર્જુન આપની સામે લડવું છોડી દેશે એટલે મારો સહજ વિજય થશે એમ ધાર્યું છું."

"ષડંગવેદ, અર્થવિદ્યા અને સઘળી શસ્ત્રાસ્ત્ર વિદ્યામાં પ્રવીણતા વગેરે જે જે મારા ગુણો તમોએ કહ્યા તે સત્ય કરવા હું પાંડવોની સાથે યુદ્ધ કરીશ. પણ ધૃષ્ટદ્યુમ્નને કદી મારીશ નહિ. તે મારો વધ કરવા વાસ્તેજ ઉત્પન્ન થયો છે. તમે ભીષ્મપિતામહપછી મને સેનાપતિપણાની પદવી આપી તેથી હું રાજી થઇને કહુંછું કે, તમારે જે કાંઇ મારી પાસેથી માગવું હોય તે માગો."

દ્રોણાચાર્યનાં વચનઉપરથી દુર્યોધને કર્ણ, દુઃશાસન તથા શકુનિની સાથે વિચાર કરી "યુધિષ્ઠિરને જીવતો પકડી મારા હાથમાં આપો" એ પ્રમાણે માગણી કરી.

"હું યુધિષ્ઠિરને ધન્ય માનુંછું, કે જેના વધને વાસ્તે નહિ પણ પકડવાને માટે તમે માગણી કરી. યુધિષ્ઠિરનો કોઇ ખરો દ્વેષી નથી? અથવા તમે તેને જીવતા રાખીને કુળનું રક્ષણ કરવા ઈચ્છોછો? અથવા પાંડવોને જીત્યા પછી યુધિષ્ઠિરને પાછું રાજ્ય આપી સંપ કરવા ઇચ્છોછો? યુધિષ્ઠિરઉપર તમારો સ્નેહ જોઈ તેમના "અજાતશત્રુ" એ નામને હું સત્ય માનુંછું."

પ્રપંચથી પૂછવામાં આવે ત્યારે બૃહસ્પતિજેવાઓથી પણ મનનો અભિપ્રાય ગુપ્ત રાખી શકાતો નથી. એ નિયમપ્રમાણે દુર્યોધનના મનમાં જે હમેશનો અભિપ્રાય હતો તે તુરત બહાર નીકળ્યો.

"આચાર્ય! યુધિષ્ઠિરનો વધ થવાથી મારો વિજય થાય એમ હું માનતો નથી. તેનો વધ થાય તો પાંડવો અમને સઘળાઓને મારી નાખે એમાં કશો સંદેહ નથી. તેઓ દેવતાઓથી પણ માર્યા જાય તેવા નથી. તેમાંથી એકાદ જણ પણ અવશેષ રહે તે પણ અમોને નિઃશેષ કરી નાખે. તમે સત્યવક્તા યુધિષ્ઠિરને પકડી મારી પાસે લાવો તો તેને ફરીવાર જુગાર રમાડી જીતી લઉં એટલે વળી પાંછા પાંડવો વનવાસ ભોગવે અને મારૂં રાજ્ય ઘણા કાળ સૂધી ચાલે. આ કારણને લીધેજ હું તેના વધને ઇચ્છતો નથી."

"અર્જુન ઈંદ્રાદિ દેવતાઓથી પણ પરાજય પામે તેમ નથી. તે જુવાન, ધ-

ર્માત્મા, એકમાર્ગી તથા સઘળા દેવતાઓની પાસેથી અસ્ત્રવિદ્યા શિખેલો છે અને વળી સમયને ભૂલે તેવો નથી. તેથી જો તમારાથી બની શકે તો કોઇ પણ ઉપાય ગોઠવી, લડાઇની અંદર અર્જુનને દૂર પ્રદેશમાં લઇ જાઓ તો પછી હું યુધિષ્ટિરને પકડીજ આપીશ; એમાં કશો સંશય નથી. જો અર્જુન દૂર પ્રદેશમાં યુદ્ધ કરતો હશે અને યુધિષ્ટિર બેઘડીવાર પણ મારી સામે ઉભશે તો તમારો મનોરથ સિદ્ધ થયો સમજો; એમાં કશો સંદેહ નથી."

દુર્યોધનના કપટભરેલા અભિપ્રાયને જાણી, વચમાં બારી રાખી, જે વચન દ્રોણે આપ્યું તે મૂર્ખ દુર્યોધન સમજી શક્યો નહિ અને તેણે રાખેલી બારીના ચમત્કારમાં નહિ સમજતાં યુધિષ્ઠિરને પકડાયેલાજ માનવા લાગ્યો. તેના ભાઇઓ પણ તે પ્રમાણેજ માનવા લાગ્યા. દુર્યોધનને એવો વહેમ હતો કે "દ્રોણને પાંડવોની ઉપર કાંઈ પક્ષપાત છે તેથી દ્રોણની પ્રતિજ્ઞાને સ્થિર કરવા વાસ્તે આખી સેનામાં વાજાં વગડાવી દ્રોણનો વિચાર જાહેર કર્યો."

દ્રોણનો સેનાધિપતિપણામાં અભિષેક થયો તથા તેણે યુધિષ્ટિરને પકડવાની પ્રતિજ્ઞા કરી તેથી કૌરવોના સૈન્યમાં સઘળા યોદ્ધાઓ રાજી થયા, સિંહનાદ કરવા લાગ્યા, બંદિજનો સ્તુતિ કરવા લાગ્યા અને બ્રાહ્મણો સ્વસ્તિવાચન તથા પુણ્યાહવાચનના શબ્દો કરવા લાગ્યા. સેનામાં વાજાંઓ તથા શંખોના શબ્દોની ધામધૂમ મચી રહી.



પ્રકરણ ૬૪ મું.

દિવસ ૧૧ મો.

યુધિષ્ઠિરને પકડવા દ્રોણનો પ્રયત્ન.

અર્જુનને દૂર રાખવા સુશર્માની પ્રતિજ્ઞા

અતિરથિ દ્રોણાચાર્યે સેનાપતિની પદવીપર આ સઘળું સૈન્ય સંભાળી લીધું અને યુદ્ધમાટે સૈન્યનો વ્યૂહ ગોઠવ્યો. પાંડવોએ પણ પોતાના સૈન્યનો ક્રૌંચ વ્યૂહ ગોઠવ્યો.

દુર્યોધને દ્રોણાચાર્ય તરફથી મળેલું વચન પોતાના લશ્કરમાં જાહેર કરતાં તે વાતના કોઇ વિશ્વાસુ માણસ તરફથી યુધિષ્ઠિરને ખબર મળ્યા ત્યારે તેણે અર્જુનને બોલાવી તેને તે વાતથી વાકેફ કર્યો. આ વખત અર્જુને પ્રતિજ્ઞા લીધી કે "જો કે હું મારાં પ્રાણને છોડી દઉં તોપણ આચાર્યને મારૂં નહિ એવો મારો નિયમ છે; પરંતુ પ્રતિજ્ઞાપૂર્વક કહુંછું કે, પૃથ્વી

ફાટી પડે, સૂર્ય પૃથ્વીપર પડી જાય અને વિષ્ણુઆદિ દેવતાઓ દ્રોણની સહાયતા કરે તોપણ હું જીવતાંસુધી તમારે તેના હાથથી પકડાઈજવાની કશી ધાસ્તી રાખવી નહિ." આ પ્રમાણે અર્જુને પ્રતિજ્ઞા કરતાં પાંડવોના સૈન્યમાં યોદ્ધાઓના સિંહનાદો તથા ધનુષના ટંકારો અને વાજાંવગેરેના શબ્દો થવા લાગ્યા અને લડાઇ ચાલવા લાગી.

દ્રોણાચાર્યે સેનાના મુખમાંથી બહાર નિકળીને પાંડવોની સેનાઉપર એવી ઝડપ કરી કે, જેથી સઘળા શત્રુઓ દ્રોણને એક છતાં પણ અનેક માનવા લાગ્યા. દ્રોણે મૂકેલાં પ્રબળ બાણો સઘળે સ્થળે જોવામાં આવતાં પાંડવોના સૈન્યમાં ત્રાસ વર્ત્તી રહ્યો. જેમ લોકો મધ્યાહ્ન કાળના સૂર્યસામે જોવાને અશક્ત થાય તેમ સર્વ દ્રોણાચાર્યસામે જોવાને અશક્ત થયા. પ્રતાપી દ્રોણે થોડીવારમાં ધૃષ્ટદ્યુમ્નના સૈન્યમાં પ્રવેશ કરી જેમ સૂકેલા ખડને અગ્નિ બાળે તેમ, તેને બાળવા માંડયું. સઘળા સોમકો તથા સૃંજયો કે જેઓ ધૃષ્ટદ્યુમ્નના ભાયાત થાય તેઓ ધ્રુજવા લાગ્યા. દ્રોણના ધનુષનો ટંકાર વજ્રના કડાકાસરખો સંભળાવા લાગ્યો. હજારો રથો, ઘોડાઓ, હાથીઓ અને પ્યાદલો તૂટવા લાગ્યા, દ્રોણનું ધનુષ વીજળીજેવું ચમકવા લાગ્યું અને જેમ કરાઓની વૃષ્ટિ પડે તેમ, ધૃષ્ટદ્યુમ્નની સેનાઉપર દ્રોણનાં બાણોની વૃષ્ટિ પડવા લાગી. દ્રોણે ચલાવેલી લોહીની નદીમાં ધ્વજાઓ વૃક્ષોની પેઠે, રથો ચકરીઓની પેઠે, બખ્તરો મછવાઓસરખાં, હાથીઓનાં મુડદાંઓ બેટજેવાં, હાડકાંઓ પથ્થરસરખાં, પાઘડીઓ ફીણસરખી અને કેશો સેવાળજેવા જણાવા લાગ્યા.

આ પ્રમાણે દ્રોણને પરાક્રમ કરતા જોઇ યુધિષ્ઠિરવગેરે સઘળા યોદ્ધાઓ તેનાપર ચડી આવ્યા. ભારે કોલાહલ મચી રહેતાં શકુનિએ સહદેવને, વિવિંશતિએ ભીમસેનને, શલ્યે નકુલને, કૃપાચાર્યે ધૃષ્ટકેતુને, કૃતવર્માએ સાત્યકિને, સુશર્માએ ધૃષ્ટદ્યુમ્નને, કર્ણે વિરાટને, ભગદત્તે દ્રુપદને, ભૂરિશ્રવાએ શિખંડીને, અલંબુષે ઘટોત્કચને અને પૌરવ રાજાએ અભિમન્યુને રોકી દીધો. પૌરવ, અભિમન્યુની ઉપર બાણોની વૃષ્ટિ કરવા લાગતાં તેણે તેની ધ્વજા, છત્ર તથા ધનુષને કાપી નાખી તેનાં પ્રાણ હરી લે એવું એક બાણ સાંધતાં દૂરથી કૃતવર્માએ પોતાનાં બે બાણોવડે અભિમન્યુનું ધનુષ કાપી નાખ્યું કે તરતજ, અભિમન્યુએ હાથમાં ઢાલ તરવાર લઇ, રથમાંથી હેઠે ઉતરી, તરવાર ફેરવવાની અનેક ક્રિયાઓ દેખાડતાં દેખાડતાં પૌરવના રથના ધોંસરાઉપર ચડી જઈ એક ઘાથી તેના સારથિને કાપી નાખી રથમાં પેસી પૌરવ રાજાનો ચોટલો પકડયો.

તેવામાં તેના બચાવમાટે જયદ્રથે ઢાલ તરવાર લઇ, ઘણી ઝડપથી પોતાના રથમાંથી ઉતરી પડી, અભિમન્યુપર વેગ કર્યો. તેને આવતો જોઇ પૌરવને છોડી દઈ બાજપક્ષીની પેઠે તે રથમાંથી એકદમ જયદ્રથની ઉપર કૂદી પડ્યો. મહાબળવાન જયદ્રથ અને અભિમન્યુવચ્ચે એવું યુદ્ધ જામ્યું કે, તે બન્નેમાં કેટલોએક વખતસુધી કોઇની પણ અધિકતા કે ન્યૂનતા જણાઇ નહિ. છેવટ અભિમન્યુએ પોતાની તરવારનો તેનાપર ઘા કરતાં જયદ્રથે તેને પોતાની ઢાલપર ઝીલવાથી તે તરવાર ભાંગી પડી. આમ થવાથી અભિમન્યુ ઘણી ચાલાકીથી છ પગલાં કૂદી પોતાના રથપર ચડી ગયો. તેવામાં તેના પર શલ્યે વીજળીસરખી ભયંકર સાંગ ફેંકતાં અભિમન્યુએ ઉંચે ઉછળી તે સાંગને પકડીને પાછી શલ્યનાજ રથઉપર નાખી જેથી તેનો સારથિ મરણ પામી નીચે પડી ગયો. અભિમન્યુની ચાલાકી જોઈ પાંડવોના યોદ્ધાઓ સિંહનાદ કરવા લાગ્યા. તે સહન નહિ થઇ શકતાં શલ્ય રથમાંથી મોટી ગદા લઇ અભિમન્યુઉપર આવતાં તે પણ ઘણી મોટી ગદા હાથમાં લઇ તેની સામે દોડ્યો. અધવચથીજ અભિમન્યુને આઘો ખસેડી, મહા બળવાન ભીમસેન હાથમાં ભયંકર ગદા લઇ, શલ્યની સામે આવ્યો. શલ્ય પણ અભિમન્યુની તરફ નહિ જતાં ભીમની સાથે ગદાયુદ્ધ કરવા લાગ્યો. ભીમ અને શલ્યના યુદ્ધને જોઇ બન્ને સેનાવાળાઓ સિંહનાદ કરવા લાગ્યા. ભીમ તથા શલ્યનાં વખાણ થવા લાગ્યાં કે "ભીમની ગદાના વેગને સહન કરવાને શલ્યવગર તથા શલ્યની ગદાના વેગને સહન કરવામાટે ભીમવગર બીજો કોઇ પણ સમર્થ નથી." ડાબાંજમણાં મંડળોમાં ફરતાં પરસ્પર વપરાતી બન્નેની ગદાઓમાંથી અગ્નિના તણખા નિકળવા લાગ્યા અને એકબીજાને લાગવા વખત વજ્રના ધડાકાસરખા ગદાઓના શબ્દો થવા લાગ્યા. બન્નેમાંથી કોઇ પણ નહિ હારતાં આખર પરસ્પરના પ્રહારથી બન્ને યોદ્ધાઓ એકી વખતે પૃથ્વીપર પડી ગયા. શલ્યને વિહ્વલ થયેલો જોઇ કૃતવર્મા તેને પોતાના રથમાં બેસાડી દૂર લઇ ગયો અને વિહ્વલ થયેલો ભીમ તો પોતાની મેળેજ પાછો તરત ઉઠીને બીજા યોદ્ધાઓને મારવા લાગ્યો; તેથી કૌરવોની સેના કંપવા લાગી અને પાંડવોની સેનામાં સિંહનાદ તથા શંખનાદ થવા લાગ્યા.

પાંડવોના બળથી કૌરવોના સૈન્યને વીંખાતું જોઇ કર્ણનો પુત્ર વૃષસેન પોતાનું અદ્ભુત પરાક્રમ બતાવવા લાગ્યો. ઉનાળામાં સૂર્યનાં પ્રચંડ કિરણોસરખાં વૃષસેનના ધનુષમાંથી નિકળતાં બાણો પાંડવોની સેનાને તોડવા લાગ્યાં,

વૃષસેનને નિર્ભયપણાથી પરાક્રમ કરતો જોઈ દ્રૌપદીના પાંચે પુત્રોએ તેની સામે આવી બાણોની વૃષ્ટિથી તેને ઢાંકી દીધો; તરતજ અશ્વત્થામાવગેરે મહારથીઓ તેનું રક્ષણ કરવા આવી પહોંચ્યા. તેમને જોઈ ભીમ, યુધિષ્ઠિર, સાત્યકિ તથા ધૃષ્ટદ્યુમ્ન એઓએ પણ આવી પહોંચી તેમને તોડી નાખતાં કૌરવોના સૈન્યમાં ભંગાણ પડ્યું.

પોતાના સૈન્યને ભાગતું જોઇ "શૂરાએ ! આ વખત ભાગવું એ તમોને શોભતું નથી." એમ બોલી ધોળા ઘોડાવાળા દ્રોણાચાર્યે પાંડવોના સૈન્યમાં પેસી યુધિષ્ઠિરપર ચોટ ચલાવી. યુધિષ્ઠિરે દ્રોણને ઘણાં બાણોથી વીંધી નાખ્યા. પરંતુ દ્રોણે તેનું ધનુષ કાપી નાખ્યું અને તેનું રક્ષણ કરવા આવેલા એક રાજકુમારને પણ એકદમ કાપી નાખ્યો. શિખંડી, ઉત્તમૌજા, નકુલ, સહદેવ, સાત્યકિ, વિરાટ અને દ્રૌપદીના પાંચે પુત્રોને ઘણાં તીક્ષ્ણ બાણોથી ગભરાવી દઇને તથા સિંહસેન અને વ્યાઘ્રદત્તને ભાલાંઓવડે મારી નાખવાથી સઘળાઓને કાલરૂદ્રસરખા જણાતા દ્રોણ યુધિષ્ઠિરના રથની પાસેજ આવી પહોંચ્યા. પાંડવોના સૈન્યમાં યુધિષ્ઠિર પકડાઈ જવાનો એકદમ પોકાર ઉઠયો. આ પોકાર પોતાને કાને પડતાં આશ્ચર્ય ઉપજાવે એવી ઝડપથી શત્રુઓનો પ્રલય કરતો અને લોહીની નદીઓ ચલાવતો અર્જુન, દ્રોણના સૈન્યમાં આવી પહોંચ્યો. તેણે બાણોના સમૂહથી સઘળાઓને ગભરાવી દીધા અને દિશાઓ, અંતરિક્ષ તથા પૃથ્વી એ બધું બાણમય કરી મૂક્યું. અર્જુન પોતાનું બાણ ક્યારે સાંધેછે અને ક્યારે મૂકેછે એ કોઈ પણ જાણી શકતું નહોતું. આ વખત બાણોથી જેમ અંધકાર થઇ ગયો હોય તેમ સૂર્યાસ્તથી અંધકાર ફેલાવા લાગ્યો. શત્રુ મિત્રની પણ ખબર રહી નહિ તેથી દ્રોણે યુધિષ્ઠિરને પડતા મૂકી પોતાની સેનાને પાછી વાળી લીધી. કૌરવોને ત્રાસ પામેલા જોઇ ધૃષ્ટદ્યુમ્ને પણ પોતાનું સૈન્ય પાછું વાળી લીધું. રાજી થયેલા પાંચાલો, પાંડવો અને સૃંજયો અર્જુનનાં વખાણ કરવા લાગ્યા.

ઉતારે આવી દ્રોણાચાર્યે દુર્યોધનને કહ્યું કે "જ્યાંસુધી અર્જુન હાજર હોય ત્યાંસુધી ઇંદ્ર આવે તોપણ યુધિષ્ઠિર પકડાય તેમ નથી. માટે જો તમે અર્જુનને ક્યાંક રોકી રાખો અને યુધિષ્ઠિર મારી સામે બે ઘડી પણ સંગ્રામ કરવા ઉભે તો તમારી ધારણા પાર પડે." આમ દ્રોણાચાર્ય દુર્યોધનને કહેતા હતા તે વખતે ત્રિગર્ત્ત દેશના રાજા સુશર્માએ પોતાના ભાઇઓની સાથે એકમત

થઈ અર્જુનની સાથે પોતાનું આગળનું વૈર સંભારી દુર્યોધનને કહ્યું કે "તમારી ધારણા પાર પાડવા અમો અર્જુનને યુદ્ધભૂમિથી બહાર લઇ જઇ મારી નાખીશું. અમો સત્ય પ્રતિજ્ઞાથી બોલીએ છીએ કે, પૃથ્વી કાં તો અર્જુનવગરની અને કાં તો ત્રિગર્ત્ત નામના ક્ષત્રિયોવગરની થશે." પ્રતિજ્ઞાથી દુર્યોધનને રાજી કરી સુશર્મા, સત્યરથ, સત્યવ્રત, સત્યેષુ અને સત્યવર્મા એઓ પોતપોતાના ઉતારામાં જઇ સુઇ રહ્યા.

પ્રકરણ ૬૫ મું.

દિવસ ૧૨ મો.

ભગદત્તના હાથીનું પરાક્રમ.

બીજે દિવસ લડાઈની શરૂઆતપહેલાં લડાઇમાં કદીપણ પાછી પેની ન આપે એવા સુશર્માદિ સંસપ્તક લોકોએ યુધિષ્ઠિરને દ્રોણ સહેલાઇથી પકડી શકે એટલામાટે અર્જુનને દૂર લઈ જવા સારૂ આગલે દિવસ દુર્યોધનપાસે પોતે કરેલ ઠરાવ મુજબ સર્વ લોકો સાંભળતાં અગ્નિસાન્નિધ્ય પ્રતિજ્ઞા કરી કે "જો અમો આજ અર્જુનને માર્યાવિના પાછા વળીએ અથવા બીકને લીધે યુદ્ધમાંથી પાછી પેની આપીએ તો અમોને બ્રહ્મહત્યા, મદ્યપાન, ગુરૂપત્નીગમન, બ્રાહ્મણના ધનનું હરણ, નોકરીમાં રહી ધણીનું ભુંડું કરવું, શરણાગતનો ત્યાગ, પ્રાર્થના કરનારને મારવો, પારકાં ઘર બાળવાં, ગોહત્યા, ઋતુસમયમાં દ્વેષથી સ્ત્રીનો સંગ ન કરવો, શ્રાદ્ધને દિવસ મૈથુન, પોતાની જાતને ગુપ્ત રાખવી,

પરાઇ થાપણનું અપહરણ, એ.લીને ફરવું, નપુંસકની સાથે યુદ્ધ,:નાસ્તિકપણું અને માતાપિતાનો ત્યાગ કરવા વગેરેનું પાપ લાગજો. અમે અમારી પ્રતિજ્ઞા પાળીએ તો અમોને સારા લોકની પ્રાપ્તિ થજો."

ઉપરપ્રમાણે પ્રતિજ્ઞા કરી તેઓએ યુદ્ધભૂમિથી દક્ષિણ દિશામાં લડાઇને માટે અર્જુનને બૂમ પાડી. યુદ્ધને માટે બોલાવનારની સામે જવું અને તેઓનો પરાભવ કરીને પાછા આવવું એ અર્જુનનો નિયમ હતો, તેથી અને પોતાની ગેરહાજરીમાં યુધિષ્ઠિરને જીવતા પકડવા દ્રોણે પ્રતિજ્ઞા કરી હતી તેથી આ વખતે અર્જુનના મનમાં બહુ સંકલ્પવિકલ્પ થવા લાગ્યા. આખરે પોતાના નિયમનો ભંગ ન થાય અને દ્રોણાચાર્યની પ્રતિજ્ઞા ખોટી પડે એવા વિચારથી દ્રુપદના દીકરા મહા બલવાન સત્યજિતને યુધિષ્ઠિરના રક્ષણમાટે નિમ્યો. કારણ કે તેને ખાત્રી હતી કે તે જીવતાં દ્રોણ કદી પણ પોતાની ધારણામાં પાર પડનાર નથી. 'સત્યજિત્ લડાઇમાં કામ આવી જાય તો બીજા બધાઓની સહાયતા છતાં પ તમારે દ્રોણના સામે ઉભવું નહિ." એ પ્રમાણે યુધિષ્ઠિરને ભલામણ આપી, જેમ ભૂખ્યો સિંહ હરિણઉપર જાય તેમ અર્જુન ત્રિગર્ત્ત લોકોપર દોડ્યો. અર્જુન રણભૂમિથી દૂર પ્રદેશમાં ગયો છે એ સમાચાર સાંભળી દુર્યોધન તથા તેનું સઘળું સૈન્ય દ્રોણના હાથથી યુધિષ્ઠિરને પકડાયેલાજ માનવા લાગ્યું.

આ વખતનો લાભ લઈ દ્રોણાચાર્ય પોતાના સૈન્યનો ગરૂડવ્યૂહ ગોઠવી પાંડવોસામે ચાલ્યા. આચાર્યને આવતા જોઇ ધૃષ્ટદ્યુમ્ને પણ પોતાના સૈન્યનો મંડલાર્ધ વ્યૂહ ગોઠવ્યો. "હું જીવતો છું ત્યાંસુધી તમારે દ્રોણના હાથથી પકડાઈ જવાની બિલકુલ ધાસ્તી રાખવી નહિ." એ પ્રમાણે યુધિષ્ઠિરને ધારણા આપી ધૃષ્ટદ્યુમ્ન દ્રોણસામે દોડ્યો. પોતાને મારવાસારૂજ ઉત્પન્ન થયેલ ધૃષ્ટદ્યુમ્નને સામે આવેલો જોઈ દ્રોણનો મુખરાગ જરાવાર બદલાઈ ગયો; તોપણ હિમ્મતથી યુધિષ્ઠિરના સૈન્યને બાણોથી તોડવા લાગ્યા અને વાયુ જેમ વાદળાંને વીંખી નાખે તેમ, તેણે પાંડવોના સૈન્યને વીંખવા માંડ્યું. આ યુદ્ધ શરૂઆતમાં તો મધુર મધુર ચાલ્યું પણ પાછળથી ઉન્મત્તની પેઠે વૃદ્ધિ પામતું ગયું. યુદ્ધના વેગથી અને રજની ડમરીથી કોઇને પોતાના કે પારકાની ખબર ન રહી, પણ કેવળ અનુમાન અને સંજ્ઞાથી યુદ્ધ કરવા લાગ્યા. માણસો માણસોને, હાથી હાથીઓને અને ઘોડા ઘોડાઓને મારવા લાગ્યા. પરસ્પર

ઘસાતા હાથીઓના દંતોસળોમાંથી અગ્નિ પ્રકાશવા લાગ્યો. બીજાના હાથીઓના નાદ, વાદળાંઓની ગર્જનાજેવા જણાવા લાગ્યા. માવતો પડી જવાથી હાથીઓ આમતેમ દોડાદોડ કરી, માણસો, રથો તથા ઘોડાઓને કચરવા લાગ્યા. પહાડોજેવાં હાથીઓનાં હજારો શબોથી ધરતી ધ્રુજવા અને ગાજવા લાગી. પૃથ્વીપર ઘુંટીસુદ માંસ તથા લોહીનો કીચ જામી રહ્યો. બાપ દીકરાને, દીકરો બાપને અને સંબંધી સંબંધીઓને કાપવા લાગ્યા. છેવટ સઘળા શત્રુઓને ગભરાવી આચાર્ય યુધિષ્ઠિરના રથસમીપ આવી પહોંચ્યા. યુથપતિને જેમ સિંહ પકડવા જાય અને હાથીઓનો મોટો કોલાહલ થાય તેમ પાંડવોના સૈન્યમાં ભારે કોલાહલ થઇ રહ્યો. આ વખતે સત્યજિત્ વચમાં પડ્યો અને ઘણું પરાક્રમ કર્યું. તેનાં ઘણાં ધનુષો કપાઇ ગયાં તોપણ બીજાં ધનુષો હાથમાં લઇ, તે દ્રોણને બાણોથી વીંધવા લાગ્યો. તેનો ભાઈ વૃક પણ તેની મદદમાં રહી દ્રોણને મારવા લાગ્યો, પણ દ્રોણે તરતજ પોતાની ચાલાકીથી વૃકનું માથું કાપી દઇ એક અર્ધચંદ્રાકૃતિ બાણથી સત્યજિત્નું માથું પણ કાપી નાખ્યું. સત્યજિત્ મરણ પામતાં રાજા યુધિષ્ઠિર પોતાના રથને દોડાવી દૂર નીકળી ગયા. શિખંડી, સાત્યકિ, ધૃષ્ટદ્યુમ્ન અને ઉત્તમૌજા વગેરે યોદ્ધાઓને કાયર કાયર કરી મૂકી શતાનીક, દૃઢસેન, ક્ષત્રદેવ તથા વસુદાન નામના મહારથીઓને દ્રોણે યમપુરીના મહેમાન બનાવી દીધા. આ પ્રમાણે કતલ ચલાવતાં ચલાવતાં આચાર્ય વળી પણ યુધિષ્ઠિરના રથસમીપ આવી પહોંચ્યા એટલે યુધિષ્ઠિરે ભયથી બીજી વાર પણ પોતાના રથને દોડાવી મૂક્યો.

પાંડવોના સૈન્યનો પરાભવ તથા તેને નાસતું જોઇ દુર્યોધન મનમાં રાજી થવા લાગ્યો અને કર્ણવગેરેને કહેવા લાગ્યો કે " સહાયો ભાગી જવાને લીધે એકલા થયેલ અને આપણા સૈન્યના યોદ્ધાઓના ઘેરામાં આવેલ આ ભાગને જોઇ મારૂં મન રાજી થાયછે. હું ધારૂંછું કે, હવે તે થોડીવારમાં સઘળી આશા છોડી યુદ્ધભૂમિમાંથી ભાગી જશે."

"પાંડવો શૂરા, બળવાન અને અસ્ત્રવિદ્યાવાળા છે તથા વનવાસવગેરેનાં ઘણાં દુઃખો યાદ કર્યા કરેછે તેથી, ભીમ જીવતાંસુધી યુદ્ધ છોડી દે એમ હું ધારતો નથી. જેમ ઝાઝા પતંગીઆ દીવાને ઠારી નાખે તેમ જુવો આ ભીમ, સાત્યકિ અને બીજા પણ ઘણા મહા બળવાન યોદ્ધાઓ દ્રોણની સામે ચાલ્યા આવેછે તેઓ તેને અવશ્ય મારી નાખશે, એમ હું ધારૂંછું. માટે ચાલો આપણે દ્રોણની મદદ કરીએ."

આ પ્રમાણે કર્ણનાં વચન સાંભળી દુર્યોધન પોતાના ભાઇઓસહિત દ્રોણની સહાયતામાટે આવી પહોંચ્યો. શત્રુઓના ભારે કોલાહલથી કૌરવો ત્રાસ પામવા લાગ્યા. રજથી આખું સૈન્ય ઢંકાઇ ગયું ત્યારે કૌરવોના કેટલાએક યોદ્ધાઓ દ્રોણને કપાઇ ગયેલાજ માનવા લાગ્યા. આ વખતે ભીમ તથા દુર્યોધનવચ્ચે ભારે યુદ્ધ જામી રહ્યું હતું. દુર્યોધનને પીડાયેલો જાણી અંગ દેશના રાજાએ પોતાનો હાથી વચમાં નાખ્યો; પણ તે હાથી ભીમસેનનાં બાણોથી ઘવાઇ ધરતીપર ઢળી પડયો, કે તરતજ તેપર બેઠેલો અંગ દેશનો રાજા કૂદવા જતો હતો તેનું ભીમસેને એક ભાલાથી માથું ઉડાવી દીધું. અંગ દેશના રાજાના મરણથી ભય પામી ભાગતાં કૌરવોનાં સૈન્યને જોઇ કામરૂ દેશનો રાજા ભગદત્ત ઐરાવતના વંશના સુપ્રતીક નામના હાથીપર બેસી ભીમની સામે થયો. એ સુપ્રતીક હાથીએ એકદમ આવી ક્રોધથી પોતાના બે પગ તથા કુંડળીવાળી સુંઢથી ભીમના રથ તથા ઘોડાના ભૂકા કરી નાખ્યા. ભીમ પાળો દોડી તેના ચાર પગની વચમાં પેસી ગયો. દશ હજાર હાથીના બળવાળો એ હાથી ભીમને પકડવા કુંભારના ચાકડાની પેઠે ફરવા લાગ્યો. છેવટ પગમાંથી બહાર નીકળેલા ભીમને તે હાથી સુંઢવતી નમાવી બન્ને ગોઠણના માર મારી ડોકમાં સુંઢનો વીંટો લઇ મારવાની તૈયારી કરતાં ભીમ ચકરી ફરી સુંઢના દાવને છોડાવી દઇ ફરીથી તેના પગોમાં પેસી ગયો અને પોતાના સૈન્યમાંથી આ વખતે કોઇ હાથી આવે તો ઠીક એમ રાહ જોવા લાગ્યો. પણ આખર પોતાની આશા ભંગ થવાથી વેગ કરી તે હાથીના પગોમાંથી નિકળી ભીમ એકદમ ભાગી ગયો. ભીમને ભાગતો જોઇ સૈન્યમાં કોલાહલ થઇ રહ્યો અને તેનાપર ધિક્કાર પડવા લાગ્યો. ભીમની એ સ્થિતિ જોઇ યુધિષ્ઠિર, ધૃષ્ટદ્યુમ્ન અને બીજા પણ ઘણાક યોદ્ધાઓ તે હાથીને ઘેરી લઇ તીક્ષ્ણ બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા. પણ ભગદત્તે તે સઘળાં બાણોને કાપી નાખી હાથીના બળથી તે યોદ્ધાઓને પરાસ્ત કરી નાખ્યા. પાંડવોના સૈન્યને ગભરાતું જોઇ દશાર્ણ દેશનો રાજા પોતાના મદોન્મત્ત હાથીઉપર બેસી ભગદત્તના હાથીસામે થયો. જેમ બે પહાડોનું યુદ્ધ થાય તેમ, તે બે હાથીઓનું પરસ્પર યુદ્ધ થવા લાગ્યું. ભગદત્તના હાથીએ જરા પાછો હઠી પડખે ચડી દંતોસળવતી તે હાથીનું પેટ ફોડી નાખ્યું. પેટ ફુટી જવાને લીધે પડતા હાથી ઉપરથી દશાર્ણ દેશનો રાજા ઉતરવાની તૈયારી કરતો હતો તેટલામાં ભગદત્તે તેને સાત ભાલાં મારી, મારી નાખ્યો. પછી તે હાથીએ સાત્य-

કિના રથને ઉપાડી દૂર ફેંકી દીધો, જેથી સાત્યકિ માંડ માંડ છટકી શક્યો. ભગદત્તના એ હાથીએ પાંડવોની સેનામાં એટલોબધો ત્રાસ વર્તાવ્યો કે, તે એક છતાં હજારો હાથીરૂપ મનાવા લાગ્યો. આ વખતે ક્રોધ પામેલો ભીમસેન બીજીવાર તે હાથીની સામે આવ્યો. ભીમના રથને આવતો જોઇ તે હાથીએ પોતાની સુંઢના ફૂંફાટાના પાણીથી તેના ઘોડાઓને ભીંજવી, એવા તો ભડકાવ્યા કે, જેથી તેઓ ભીમના રથને દૂર લઈ ગયા. વળી તેજ હાથીએ યુયુત્સુના ઘોડાઓની ઉપર પગ મૂકી સારથિને મારી નાખ્યો અને યુયુત્સુ માંડમાંડ તેમાંથી છટકી અભિમન્યુના રથમાં બેઠો. અભિમન્યુવગેરે યોદ્ધાઓનાં બાણોથી ચારેકોર પીડાયેલો છતાં પણ ભગદત્તની કારીગિરીથી તે હાથી શત્રુઓને ડાબા જમણા ફેંકવા લાગ્યો. પાંડવોની સેનામાં બાજની ઝડપમાં આવેલા કાગડાઓના જેવો યોદ્ધાઓનો આર્ત્તસ્વર થવા લાગ્યો.

ભગદત્તનો હાથી જે વખતે પાંડવોના સૈન્યમાં રમખાણ મચાવી રહ્યો હતો તે વખતે અર્જુન દુર્યોધને મોકલેલા સંસપ્તક લોકોની સાથે યુદ્ધ કરવા રોકાયેલો હતો. સંસપ્તકના લશ્કરમાં, દેવાસુરના સંગ્રામમાં ઇંદ્રનો રથ શોભે તેમ અર્જુનનો રથ શોભતો હતો. અર્જુન તેઓને સુકાયેલાં પાંદડાંના સમૂહની પેઠે ઉડાવતો હતો. થોડીવારમાં અર્જુને તે લોકોના હાથ, સાથળ તથા બીજા અવયવોથી રણભૂમિને બીછાવી દીધી, જેથી તે રણભૂમિ પ્રલયકાળમાં રૂદ્રને ક્રીડા કરવાનું સ્થલ હોય એવી શોભવા લાગી. આ વખતે પોતાની સેનાનો આર્ત્તસ્વર તથા હાથીનો નાદ કાને પડતાં અર્જુને વિચાર્યું કે "એ નાદ ભગદત્તના હાથીનો હોવો જોઇએ. ભગદત્ત રાજા યુદ્ધમાં ઇંદ્રના જેવો પરાક્રમી છે અને હાથીની લડાઇમાં પહેલા નંબરનો છે. એનો હાથી પણ કોઈ શસ્ત્રોને માને એવો નથી, થાકે એવો નથી અને અગ્નિની જ્વાળાઓને પણ સહન કરે એવો છે. માટે હવે જો હું ત્યાં નહિ જાઉં તો એ હાથી સઘળા સૈન્યનો નાશ કરી નાખશે." એ પ્રમાણે વિચાર કરી અર્જુને શ્રીકૃષ્ણને પોતાનો રથ ભગદત્તની સામે લઇ જવા કહ્યું. શ્રીકૃષ્ણે અર્જુનના રથને પાછો વાળ્યો કે વીશ હજાર સંસપ્તકો ચડાઇ કરી પાછળથી અર્જુનને યુદ્ધમાટે બોલાવવા લાગ્યા. "હું સંસપ્તકોને મારવા જાઉં કે યુધિષ્ઠિરની સેનાનું રક્ષણ કરૂં?" એ પ્રમાણે અર્જુનનું હૃદય દોલાયમાન થવા લાગ્યું. પણ આખરે પ્રથમ સંસપ્તકોને મારવાનોજ નિશ્ચય થવાથી પોતાનો રથ પાછો હંકાવ્યો. અર્જુનને આ પ્રમાણે મુંઝાવવાનીજ દુર્યોધને તથા કર્ણે ગોઠવણ કરી સૈન્યના એ વિભાગ

કર્યા હતા. એ બે વિભાગથી મુંઝાયેલા અર્જુને સંસપ્તક લોકોપર બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરી તેઓને ગભરાવી દીધા તથા તેઓમાંના ઘણા વીર પુરૂષોને મારી પોતાના સૈન્યના બચાવમાટે પોતાના રથને ભગદત્તના હાથીસામે હંકાવ્યો. આ વખતે પણ સુશર્મા પોતાના ભાઇઓસહિત પાછો આવી અર્જુનને યુદ્ધમાટે બોલાવવા લાગ્યો. વળી પણ અર્જુનનું મન દ્વૈધીભૂત થઇ ગયું; શ્રીકૃષ્ણની સલાહથી પોતાનો રથ સુશર્માસામે કરી સુશર્માના ભાઇને યમપુરીમાં મોકલી દીધો અને સુશર્માને પણ ઘણાં બાણોથી મુંઝાવી પાછો ભગદત્તની તરફ પોતાનો રથ હંકાવ્યો. આ વખતે તેને કોઇ રોકી શક્યું નહિ.

જેમ અગ્નિ ખડને બાળે તેમ, અર્જુન બાણોથી કૌરવોની સેનાને બાળતો બાળતો ગરૂડના જેવી ઝડપથી ભગદત્તની પાસે આવી પહોંચ્યો અને ક્ષણમાત્રમાં ભગદત્તના સૈન્યને તોડી નાખ્યું. સૈન્યને તૂટી ગયેલું જોઈ ભગદત્તે હાથીને અર્જુનની સામે દોડાવ્યો. જાણે ક્રોધ પામેલો કાળ હોય એવા હાથીને આવતો જોઇ શ્રીકૃષ્ણે અર્જુનના રથને હાથીથી જમણીતરફ હાંકી મેલ્યો. તેથી હાથીઉપર ઘા કરવા અર્જુનને લાગ આવ્યો, પણ હાથીને વિમુખ ઉભેલો જોઈ યુદ્ધના ધર્મઉપર ધ્યાન આપી અર્જુને તેના પર ઘા ન કર્યો. અર્જુનનો રથ પાછો હાથીની સામે આવતાં સર્વે લોકો શ્રીકૃષ્ણ તથા અર્જુનને મૃત્યુની દાઢમાં આવેલા માનવા લાગ્યા. પણ અર્જુન જાણે ભગદત્તના હાથીને રમાડતો હોય! તેમ લડાઈ કરવા લાગ્યો. ભગદત્તે અગ્નિજેવાં ભયંકર ચૌદ ભાલાંઓ અર્જુનઉપર ફેંક્યાં પણ તેણે તે ભાલાંઓના બબ્બે કટકા કરી નાખી પોતાનાં બાણોથી તે હાથીનું બખતર તોડી નાખ્યું. બખતર તૂટી જવાથી તે ઘણો પીડાવા લાગ્યો. શરીરમાંથી લોહીની ધારાઓ નિકળવા લાગી તેથી તે હાથી પ્રબળ ધોધવાળો પહાડ હોય એમ દેખાવા લાગ્યો. "હવે તું આ મનુષ્યલોકને છેલ્લી વારે સારી પેઠે જોઇ લે" એમ બોલી અર્જુને ભગદત્તનાં ધનુષ તથા ભાથાંઓને કાપી નાખી તેનાં સઘળાં મર્મસ્થળોને વીંધી નાખ્યાં. વ્યથા પામેલા ભગદત્તે અંકુશને વૈષ્ણવાસ્ત્રના મંત્રથી મંત્રી તે અંકુશનો અર્જુનની છાતીઉપર ઘા કર્યો, પણ શ્રીકૃષ્ણે ઉભા થઈ તે અંકુશને પોતાની છાતીમાં ઝીલી અર્જુનને બચાવ્યો.

"તમે લડાઈ નહિ કરતાં ફક્ત ઘોડાઓને હાંકવાનીજ પ્રતિજ્ઞા કરી છે તેનું વિસ્મરણ કરી મારો આડો ઘા શામાટે લીધો? જો હું અશક્ત હોઉં અથવા વિપત્તિમાં પડ્યો હોઉં તો આપે આમ કરવું જોઇએ. પણ હું સાવધ અને સ-

મર્થ છતાં આપે આમ કર્યું એ યોગ્ય ગણાય નહિ. હું મારાં ધનુષ બાણોના પ્રભાવથી સઘળા ત્રૈલોક્યને જીતવા સમર્થ છું, એ આપ ક્યાં જાણતા નથી ?"

"એ અસ્ત્રનું નિવારણ મારાવિના બીજા કોઈથી થઈ શકે એમ નહોતું તેથી મારે તેમ કરવા ફરજ પડી. હવે અસ્ત્રથી રહિત થયેલ અને તેથી ઝેરવગરના સર્પજેવા એ ભગદત્તને ભલે તમે મારો."

પોતાના મનનું સમાધાન થવાથી અર્જુને એક વજ્રજેવું બાણ હાથીના કુંભસ્થળમાં માર્યું જે તેમાં સોંસરવું પેસી ગયું. આમ થવાથી પીડાયેલા તે હાથીએ ઘણીવાર પ્રેરાતા છતાં પણ, જેમ સ્ત્રી કંગાળ થયેલા પતિનું કહ્યું ન માને તેમ તેનું કહ્યું માન્યું નહિ. અર્જુનનાં બાણથી પીડાયેલો તે હાથી પોતાના દંતૌસળને ધરતીમાં ખોડી દઇ ચીસ પાડી મરી ગયો.

"આ ભગદત્ત રાજા બહુજ બુઢ્ઢો છે, તેણે આંખો ઉઘાડી રાખવાવાસ્તે પાંપણોને પાટા બાંધેલા છે." એ પ્રમાણે શ્રીકૃષ્ણનાં માર્મિક વચનના અભિપ્રાય સમજી લઇ, અર્જુને બાણવતી તે રાજાના પાટા તોડી નાખ્યા. પાટા તૂટવાથી પાંપણોવડે ભગદત્તની આંખો રોકાઇ ગઇ અને તે આંધળાજેવા થઈ ગયો કે અર્જુને અર્ધચંદ્રાકાર બાણથી તેની છાતી તોડી એટલે તેનાં પ્રાણ નિકળી ગયાં અને પાઘડી નીચે પડી ગઈ. ભગદત્તને મારી બીજા પણ વૃષક અને અચળ નામના તેના બે ભાઇઓને અર્જુને એક બાણથીજ યમપુરીમાં મોકલી દીધા. પ્રબળ મામાઓને મરણ પામેલા જોઇ ધૃતરાષ્ટ્રના સઘળા પુત્રો રોવા લાગ્યા. પોતાના બન્ને ભાઇઓને મરણ પામેલા જોઇ માયામાં વિચક્ષણ શકુનિએ શ્રીકૃષ્ણ તથા અર્જુનને મુંઝાવવા માયા કરી અને ચારેકોર અંધકાર ફેલાવ્યો. તે અંધકારને અર્જુને જ્યોતિષ નામના અસ્ત્રથી તોડી નાખ્યો. વળી પણ શકુનિએ માયા કરી અર્જુનના રથઉપર જળનો વરસાદ વરસાવ્યો. તે જળનો પણ આદિત્યાસ્ત્રથી નાશ કરી શકુનિઉપર બાણોનો એવો પ્રહાર કર્યો કે, અંતે ત્રાસ પામી શકુનિને ભાગી જવાની જરૂર પડી. અર્જુનના ભારે પરાક્રમથી કેટલાએક યોદ્ધાઓ દ્રોણની પાસે અને કેટલાએક દુર્યોધનની પાસે જતા રહ્યા. આ વખતે દ્રોણને મારો, મારો, એમ બોલી પાંડવોના યોદ્ધાઓ દ્રોણઉપર તૂટી પડ્યા અને દ્રોણને બચાવો, બચાવો, એમ બોલતા કૌરવોના યોદ્ધાઓએ આડા પડી યુદ્ધ કરવા માંડ્યું. જેમ જૂગારી લોકો મૂઠને વાસ્તે પરસ્પર લડવા લાગે તેમ, કૌરવો અને પાંડવો દ્રોણને વાસ્તે પરસ્પર લડવા લાગ્યા. પાંચાલોની જે જે ટુકડીમાં દ્રોણ ઝડપ કરવા લાગ્યા તે તે ટુક-

ડીમાં ધૃષ્ટદ્યુમ્ન હાજર થઈ દ્રોણુની ઝડપને અટકાવવા લાગ્યો. પાંડવોના પક્ષના નીલ રાજાએ કૌરવોની સેનામાં ત્રાસ વર્ત્તાવ્યો તેથી અશ્વત્થામા તેની સામે થયો, અને ત્રણ ભાલાંઓથી તેનાં ધ્વજ, ધનુષ તથા છત્રને કાપી નાખ્યાં. નીલ રથમાંથી ઉતરી ઢાલ તરવાર લઇ ગરૂડની પેઠે અશ્વત્થામાની સામે દોડયો પણ તેટલામાં અશ્વત્થામાએ એક ભાલાંથી તેનું માથું પાડી નાખ્યું. નીલ મરણ પામતાં ભીમે અસહનતાને લીધે દ્રોણ તથા કર્ણની સામે જઇ એકને સાઠ તથા બીજાને દશ બાણ માર્યા પણ તેઓએ ભીમને બાણોની વૃષ્ટિથી એવો પીડયો કે, તે મોતની દાઢમાં આવી ગયેલાજેવો થઈ ગયો. આ વખતે કૌરવો અને પાંડવોવચ્ચે ભારે યુદ્ધ થવા લાગ્યું. બાણો, ફરસીઓ, તરવારો અને ભાલાંઓ એકબીજાઉપર પડવા લાગ્યાં. હાથીઓ, ઘોડાઓ અને રથોઉપરથી યોદ્ધાઓ ઉંધે માથે પડવા લાગ્યા. હાથીઓની દોડાદોડથી પ્યાદલો, રથો તથા ઘોડાઓ કચરાઇ જવા લાગ્યા. હાથીઓ દંતોસળોથી યોદ્ધાઓને ભેદી, તેઓનાં આંતરડાંને લટકાવી, ઘુમવા લાગ્યા. મારો, કાપો, ઉભા રહો, કયાં જાઓછો ? એવા શબ્દો ચારે બાજુ થવા લાગ્યા. કેટલાએક લોકો બાપને, કેટલાએક દીકરાને, કેટલાએક ભાઇઓને અને કેટલાએક મિત્રોને સંભારીને રોવા લાગ્યા. કેટલાએક યોદ્ધાઓ મૂઠીઓ, દાંતો અને નખોથી પણ યુદ્ધ કરવા લાગ્યા. ધૃષ્ટદ્યુમ્નની આજ્ઞાથી જેમ હંસો તળાવઉપર આવી પડે તેમ પાંડવોના યોદ્ધાઓ દ્રોણના રથઉપર આવી પડ્યા. દ્રોણે પણ મૃત્યુના ભયને છોડી દઈ પાંડવોના યોદ્ધાઓનાં માથાં ઉડાવવા માંડ્યાં. દ્રોણના ધનુષનો શબ્દ વજ્રના શબ્દ જેવા ચારે કોર સંભળાવા લાગ્યો. આ વખતે અર્જુન પણ ત્યાં આવી પહોંચ્યો અને શસ્ત્રોથી કૌરવોની સેનાનો પ્રલય કરવા લાગ્યો. તૂટતા, ચીસો પાડતા અને ભાગતા કૌરવોના યોદ્ધાઓને અભયવચન આપતો કર્ણ અર્જુનની સામે થયો. બન્ને યોદ્ધાઓનું ભારે યુદ્ધ થતું જોઇ કર્ણને દબાવવા ધૃષ્ટદ્યુમ્ન, ભીમ અને સાત્યકિ પણ તેની ઉપર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા. સાત્યકિએ બે ભાલાંઓથી કર્ણના ધનુષને કાપી નાખી તેને છાતીમાં તથા બીજા અવયવોમાં ઘણાં બાણો માર્યાં. સાત્યકિરૂપી સમુદ્રમાં કર્ણને ડુબતો જોઇ દુર્યોધનાદિ ઘણા યોદ્ધાઓએ આવી પહોંચી કર્ણનો બચાવ કર્યો. યુદ્ધના પરિશ્રમથી કાયર થઇ જતાં અને સૂર્ય અસ્તાચળના શિખર ઉપર જતાં બન્ને પક્ષના સેનાપતિઓએ યુદ્ધને બંધ પાડી સેનાઓને ઉતારામાં જવા આજ્ઞા કરી.

પ્રકરણ ૬૬ મું.

દિવસ ૧૩ મો.

ચક્ર વ્યૂહ.

કુમાર અભિમન્યુ.

શત્રુઓની વૃદ્ધિ જોઈ ખેદ પામેલા દુર્યોધને બીજે દિવસ સવારમાં સઘળા યોદ્ધાઓ સાંભળતાં વેગમાં આવી દ્રોણાચાર્યને કહ્યું કે "આપ અમોને દુશ્મન લેખતા જણાઓ છો. કારણ કે યુધિષ્ઠિર હાથમાં આવી ગયા છતાંપણ આપે તેને પકડ્યો નહિ. જો આપ તેને પકડવા ધારો તો પાંડવો તો શું પણ ઇંદ્ર તેનું રક્ષણ કરવા આવ્યો હોય તોપણ તે તમારા હાથમાથી છટકી શકે નહિ. મહાત્મા લોકો સેવકની આશાનો કદી પણ ભંગ કરતા નથી. આપ તો મને પ્રથમ પ્રેમથી વરદાન આપી .પાછળથી ફરી ગયા છો."

"હું તારૂંજ સારૂં કરવા યત્ન કર્યા કરૂંછું, છતાં તારે મારાઉપર આવો ખોટો

વેહેમ લાવવો જોઇતો નથી. પણ અર્જુન જેનું રક્ષણ કરતો હોય તેને પરાભવ પમાડવામાટે સુર, અસુર, ગંધર્વ, યક્ષ, નાગ કે રાક્ષસ તેમ ત્રૈલોક્યમાં પણ કોઈ સમર્થ નથી. જ્યાં શ્રીકૃષ્ણ અને અર્જુન એ બન્ને જણા સાથે હોય ત્યાં સદાશિવવગર બીજા કોઇનું જોર ચાલી શકે નહિ. આજના સંગ્રામમાં હું એક પાંડવોના પક્ષના મોટા મહારથિને પાડીશ, એ તને વચન આપું છું. અને તેટલાજ સારૂ આજ દેવતાઓથી પણ તોડી ન શકાય એવો વ્યૂહ ગોઠવીશ. પણ હું તને ફરીથી યાદ આપું છું કે, કોઇ પણ પ્રકારે અર્જુનને દૂર રાખવાની તારે ગોઠવણ કરવી.

દ્રોણાચાર્યનાં વચનઉપરથી સંસપ્તક લોકો ફરીવાર પહેલાંથીજ અર્જુનને દક્ષિણ દિશામાં યુદ્ધ કરવા લઇ ગયા. આચાર્યે પોતાના સૈન્યનો ચક્રવ્યૂહ ગોઠવ્યો. તે વ્યૂહસામે ભીમસેન, સાત્યકિ, દ્રુપદ, વિરાટ, નકુલ, સહદેવ, ઘટોત્કચ, અને યુધામન્યુવગેરે પાંડવોના યોદ્ધાઓ થયા. લડાઇ શરૂ થતાં જેમ સમુદ્ર કિનારાઓનું ઉલ્લંઘન ન કરી શકે તેમ પાંડવોના યોદ્ધાઓ દ્રોણનું ઉલ્લંઘન કરી શક્યા નહિ એટલુંજ નહિ, પણ સામે ઉભવાને પણ અશક્ત થયા. આ વખતે દ્રોણને વધતા આવતા જોઇ યુધિષ્ઠિરે તે વ્યૂહ તોડવાનો બોજો અભિમન્યુઉપર નાખવા વિચાર કર્યો. તેણે તેને પોતાની પાસે બોલાવી આજ્ઞા કરી કે "પુત્ર ! તારો પિતા પાછો આવી આપણને ધિક્કારે નહિ તેમ કર. આ ચક્રવ્યૂહને તોડવાની પદ્ધતિ અમો જાણતા નથી. અર્જુન, શ્રીકૃષ્ણ, પ્રદ્યુમ્ન અને તું એ ચાર સિવાય બીજો કોઇ પણ ચક્રવ્યૂહને તોડવા સમર્થ નથી. આજ સઘળી સેના એ વ્યૂહને તોડવાને તારી પ્રાર્થના કરેછે. એ પ્રાર્થનાને સફળ કર."

"આપના હાથમાં વિજય દેવા હું તુરત એ વ્યૂહને ભેદી તેમાં પ્રવેશ કરીશ. મારા પિતાએ મને તે ભેદવાનો ઉપાય શિખવ્યો છે, પણ પ્રવેશ થયા પછી કોઇ વિપત્તિ આવી પડે, તો તેમાંથી નિકળવાના ઉપાયને હું જાણતો નથી."

"ચક્રવ્યૂહને તોડી તું અંદર પ્રવેશ કરીશ અને અમોને રસ્તો કરી આપીશ તો પછી અમો સઘળા તારી પછવાડેજ આવી ઘણી સાવચેતીથી તારૂં રક્ષણ કરશું. અભિમન્યુ ! ભીમ, સાત્યકિ, ધૃષ્ટદ્યુમ્ન અને બીજા પણ ઘણા ઘણા યોદ્ધાઓ અંદર પ્રવેશ થયા પછી આખા વ્યૂહને વીંખી નાખશે."

"બહુ સારૂં. હું આજ આ ભયંકર વ્યૂહને તોડી પ્રવેશ કરી, મારા મોસાળ

તથા પિતૃપક્ષને શોભા આપીશ. આજ શત્રુઓનું સઘળું સૈન્ય એક બાળકના હાથથી પરાભવ પામશે, એ સર્વ લોકના જોવામાં આવશે. જો હું આજ યુદ્ધમાં કોઇને પણ જીવતો મૂકું તો મને અર્જુન અને સુભદ્રાનો પુત્ર સમજવો નહિ. મારા એક રથથીજ એ વ્યૂહના આઠ કટકા ન કરી નાખું તો મને શ્રીકૃષ્ણનો ભાણેજ સમજવો નહિ." આ પ્રમાણે અભિમન્યુ શત્રુઓને તોડવાનો ઉત્સાહ ધરાવતો હતો તે વખતે "પુત્ર ! તારા બળની વૃદ્ધિ હો" એ પ્રમાણે યુધિષ્ઠિરે આશીર્વાદ આપ્યો.

આશીર્વાદ લઇ, પ્રણામ કરી, અભિમન્યુએ સારથિને પોતાનો રથ દ્રોણના ફોજઉપર લઈ જવા આજ્ઞા કરી. સારથિએ તેને ઘણી ભલામણ આપી કહ્યું કે "રાજકુમાર ! તમારાઉપર પાંડવોએ અસહ્ય બોજો નાખ્યો છે માટે જરા વિચાર કરી વ્યૂહમાં ઝંપલાવવું જોઇએ. દ્રોણ અસ્ત્રવિદ્યાનો ઘણા કાળથી અનુભવી અને ભારે કસરતી છે. તમે સુખમાંજ ઉછરેલા બાળક તથા અસ્ત્રવિદ્યાના નવા અનુભવી છો." એ પ્રમાણે સારથિનાં વચન સાંભળી, જરા હસી, અભિમન્યુએ ઉત્તર વાળ્યો કે "સારથિ ! મારી પાસે આ દ્રોણ અને સઘળા ક્ષત્રિયો પણ કાંઇ હિસાબમાં નથી. હું રૂદ્ર તથા ઐરાવતઉપર બેઠેલા ઇંદ્રસાથે પણ યુદ્ધ કરવા સમર્થ છું. શ્રીકૃષ્ણનો ભાણેજ અને અર્જુનનો પુત્ર થઇ યુદ્ધથી ડરૂં તો તે બન્નેને લજાવું પડે." આ પ્રમાણે બોલતાં બોલતાં "સારથિ ! જલદી ચાલ, સારથિ ! જલદી ચાલ." એમ આજ્ઞા કરી. કાંઇક ખેદ પામેલા સારથિએ તેનો રથ દ્રોણની સામે હાંક્યો એટલે કૌરવોના યોધ્ધાઓ અભિમન્યુની સામા થયા અને પાંડવો અભિમન્યુની પાછળ ચાલ્યા. જેમ સિંહનું બચ્ચું હાથીઓસામે જાય તેમ સોનાના બખતરવાળો અભિમન્યુ શત્રુની સામે ગયો. ગંગાજીને સમુદ્રમાં પેસવાના સમયમાં જેવાં આવર્ત્તનો થાયછે તેમ અભિમન્યુને તે વ્યૂહમાં પેસતાં આવર્ત્તનો થયાં. અભિમન્યુ વ્યૂહને તોડવા લાગ્યો, કૌરવો રક્ષણ કરવા લાગ્યા, દ્રોણ દેખતાં દેખતાં તે, તે વ્યૂહને ભેદી અંદર પેઠો; અંદર પેસતાં "જહાંશમાં, ઉભો રહે, મારી સામો આવ." એમ બોલતા બોલતા હજારો શત્રુઓ તેની સામે આવ્યા. અભિમન્યુનાં બાણોથી શત્રુઓનાં માથાં ટપોટપ પડવા લાગ્યાં. કુંડલો, મુકુટો તથા પાઘડીઓથી શોભતાં રાજાઓનાં મસ્તકોથી રણભૂમિ વ્યાપ્ત થઈ ગઇ; પ્રાણીઓના શબોથી રણભૂમિમાં ચાલવાનો રસ્તો પણ ન રહ્યો; ઘોડાઓની જીભો, આંખો તથા આંતરડાંઓ નીકળી પડવા લાગ્યાં,

કૌરવોનાં મોહોડાં સૂકાવા લાગ્યાં; ગાત્રોમાં પસીનો વળી ગયો, નેત્રો ચકરવકર થવા લાગ્યાં, જીતવાનો સઘળો ઉત્સાહ ટળી ગયો અને જીવવાની ઈચ્છાથી યોધ્ધાઓ પોતપોતાનાં વાહનોને ઉતાવળથી હાંકી ભાગી જવા લાગ્યા. આ વખતે દ્રોણ પણ પોતાનું મન મોકળું મૂકી લડતા હતા. અભિમન્યુના સપાટામાં આવેલ દુર્યોધનને જ્યારે દ્રોણ, અશ્વત્થામા, કર્ણ તથા બીજા યોધ્ધાઓએ છોડાવ્યો ત્યારે જેમ માણસ મોઢામાંથી કોળીઓ ખેંચાઇ જતાં જુસ્સામાં આવે તેમ અભિમન્યુ જુસ્સામાં આવી અદ્‌ભુત રીતે પરાક્રમ કરવા લાગ્યો અને સમુદ્રની ચડતી આવતી ભરતીને કિનારો રોકી રાખે તેમ શત્રુઓના વેગને રોકવા લાગ્યો. તે પોતાના સ્વાભાવિક અને કેળવણીના બળથી શત્રુઓની સઘળી ક્રિયાઓને વ્યર્થ કરવા લાગ્યો. તેણે એક પ્રબળ બાણથી કર્ણનું બખતર ભેદી તેને ગભરાવી નાખ્યો. સુષેણ અને કુંડભેદી નામના મહારથિઓને મારી શલ્યનાં મર્મસ્થળોને ભેદી તેને મૂર્છિત કરી દીધો. શલ્ય મૂર્છિત થતાં જેમ સિંહના ત્રાસથી મૃગો ભાગવા લાગે તેમ કૌરવોના યોધ્ધાઓ અભિમન્યુના ત્રાસથી ભાગવા લાગ્યા. પોતાની અસ્ત્રવિદ્યાનો ચમત્કાર દેખાડવાસારૂ થોડીવાર તો તેણે કોમળ યુધ્ધ ચલાવી પાછળથી એવું દારૂણ યુદ્ધ ચલાવ્યું કે, આચાર્ય જોતાં છતાં કૌરવોનું સઘળું સૈન્ય વિમુખ થઈ ગયું.

સૈન્ય વિમુખ થતાં અભિમન્યુ ઘણા ઘણા રાજકુમારોને એકી વખતે બાણોથી વીંધવા લાગ્યો અને ઉંબાડિઆના ચક્રની પેઠે સઘળી દિશાઓમાં દેખાવા લાગ્યો. તેને પરાક્રમ કરતો તથા પોતાની સેનામાં વધતો આવતો જોઇ દ્રોણાચાર્ય દુર્યોધન સાંભળે તેમ બોલ્યા કે "પાંડવોની સેનામાં એના જેવા બીજો કોઇ પણ ધનુર્ધારી નથી. જો તે ધારે તો આ સેનાને ક્ષણમાત્રમાં મારી નાખે. પણ કોણજાણે શામાટે તે તેમ નહિ કરતો હોય."

દ્રોણાચાર્યનાં વચન સાંભળી અભિમન્યુ ઉપર ક્રોધ પામેલા દુર્યોધને કર્ણ, દુઃશાસન, શલ્ય તથા બીજા પણ મહારથિઓને કહ્યું કે "આચાર્ય અર્જુનના મૂઢ પુત્રને મારવાજ ઇચ્છતા નથી. જો તે સાચા દિલથી યુધ્ધ કરે તો તે કાળને પણ તોડી નાખે. તેને શિષ્યનો પુત્ર જાણી આચાર્ય બચાવ્યે જાયછે, તેમ તેમ અભિમન્યુ પોતામાં બળવત્તરપણું માનેછે. માટે ચાલો હવે આપણે તેને જલદી તોડી નાખીએ." દુર્યોધનનાં વચન સાંભળી દુઃશાસન બોલ્યો કે "મહારાજ! પાંડવો અને પાંચાલો જોતાં છતાં હું અભિમન્યુને મારી નાખીશ. તે મરશે એટલે પાંડવો તથા શ્રીકૃષ્ણ શોકને લીધે પોતાની

મેળેજ મરી રહેશે; મને વિજયના આશીર્વાદ આપો." એમ બોલી તે તેનાપર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યો. એ બન્ને પ્રબળ યોદ્ધાઓ ડાબાં જમણાં મંડળો-માં ફરતા ફરતા અદ્ભુત યુદ્ધ કરવા લાગ્યા. "દુઃશાસન ! આજ લડાઇમાં તું મારી સામે ઉભેલો છે એ બહુ સારૂં થયું. તેં જુગારનું કપટ કરી પાંડવોને બહુ કચવાવ્યા છે અને દ્રૌપદીનું ભારે અપમાન કર્યું છે તેનું હું તને આજ ફળ આપીશ. જો તું અહીંથી ભાગી નહિ જાય તો તને જીવતો છોડવાનો નથી." એમ બોલી અભિમન્યુએ એક કાળ તથા અગ્નિજેવું બાણ દુઃશાસન ઉપર ફેંક્યું; જે તેની હાંસડી તોડી પુંખસહિત તેના શરીરમાં પેસી ગયું અને તે મૂર્છિત થયો. દુઃશાસન અત્યંત મૂર્છિત થતાં સારથિ તેના રથને રણભૂમિથી દૂર લઈ ગયો. મોટા શત્રુનો પરાભવ થયેલો જોઇ પાંડવોના યો-દ્ધાઓ સિંહનાદ કરવા લાગ્યા અને દ્રોણના સૈન્યને વધારે વેગથી વીંધવા લાગ્યા. દુઃશાસનનો પરાભવ કરી અભિમન્યુએ જરાવારમાં કર્ણનો રથ તથા ધ્વજ કાપી નાખ્યાં. વચમાં તેનો નાનો ભાઇ સામે થયો તેને તો તેણે હસતાં હસતાં એક બાણથીજ ઠેકાણે કર્યો. કર્ણ પણ તેનાં બાણો સહન ન થવાથી ઘોડાઓ દો-ડાવી ભાગી ગયો. કર્ણને જીતી, શંખનાદ કરી, જેમ અગ્નિ સુકાં ખડની વીડીમાં ચાલવા લાગે તેમ કૌરવોની સેનામાં અભિમન્યુ ફરવા લાગ્યો. તેનાં બાણોથી કપાયેલા યોદ્ધાઓ જીવવાની આશાથી પાછા વળી આડે આવતા પોતાનાજ જણોને કાપતા કાપતા ભાગવા લાગ્યા. તેનાં બાણથી કપાઇ જતા રાજકુમારો કરૂણાભરેલા ભારે પોકાર કરવા લાગ્યા. અભિમન્યુના રક્ષણ માટે ભીમસેનાદિ પાંડવોના યોધ્ધાઓને આવતા જોઇ શત્રુનું સૈન્ય ત્રાસથી વિમુખ થવા લાગ્યું. આ વખતે "એક અર્જુનસિવાય તું પાંડવોની સઘળી સેનાને અટકાવી શકશે." એમ મહાદેવતરફથી મળેલ વરદાનના પ્રભાવવાળા જ-યદ્રથે આડે આવી અભિમન્યુના બચાવમાટે જતા પાંડવોના યોધ્ધાઓને અટકાવી રાખ્યા. અભિમન્યુ શત્રુના સૈન્યમાં ઘણે દૂર નિકળી ગયો. સહાય-તાની કંઇ પણ અપેક્ષા રાખ્યાસિવાય તે આગળ વધી શત્રુઓનાં પ્રાણ લેવા લાગ્યો. તેણે ઘણા ઘણા યોદ્ધાઓને મારી, ધરતીને શબમય કરી દીધી. જે જે યોદ્ધાઓ અભિમન્યુની સામે થયા તે સમુદ્રમાં ગયેલ નદીઓની પેઠે ત્યાંજ રહ્યા. જાણે વાયુના રોગથી ઝલાઇ ગઈ હોય તેમ કૌરવોની સેના ધ્રુજવાં લાગી. અસ્ત્રની માયાથી અને રથ ચલાવવાના ચમત્કારોથી તેણે સઘળા રાજકુમા-રોને દિગ્મૂઢ કરી દીધા. જેમ ફળ દેવાને તૈયાર થયેલ પાંચ પાંચ વર્ષના

આંબાઓની વાડીને માળી ગુડી નાખે તેમ તેણે એ રાજકુમારોને ગુડી નાખ્યા. પોતાની સેનાને ડુબતી જોઇ ક્રોધ કરી દુર્યોધન તરત અભિમન્યુની સામે થયો. પણ અભિમન્યુનાં બાણોના પ્રહારથી તે વિમુખ થઇ ગયો. તેથી તેની સેનાને લડવાનો ઉત્સાહ ઘટી ગયો અને ભાગવાનો ઉત્સાહ વધી ગયો. સૈન્યને ભાગતું જોઇ દુર્યોધનનો પરાક્રમી પુત્ર લક્ષ્મણ બાળકપણાને લીધે અને અભિમાનને લીધે અભિમન્યુની સામે થયો. તેના બચાવને માટે દુર્યોધન પણ પછવાડે ગયો. તેની સાથે બીજા ઘણા યોદ્ધાઓ જઇ જેમ વાદળાંઓ પૃથ્વીપર જળની વૃષ્ટિ કરે તેમ, અભિમન્યુની ઉપર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા. પણ જેમ પ્રચંડ પવન વાદળાંઓને વીંખી નાખે તેમ, તેણે તેઓને વીંખી નાખી, લક્ષ્મણની ઉપર ભારે ઝડપ કરી અને કહ્યું કે "લક્ષ્મણ ! દુર્યોધન તથા બીજા પણ સઘળા બાંધવો જોતાં છતાં હું તને યમપુરીમાં મોકલુંછું, માટે આ લોકને જોઇ લે." એમ બોલી કાંચળીવગરના સર્પ જેવું એક બાણ ફેંકી લક્ષ્મણનું કુંડળસહિત મસ્તક ઉડાવી દીધું. લક્ષ્મણને મરણ પામેલો જોઇ યોદ્ધાઓ હાહાકાર કરવા લાગ્યા. ક્રોધ પામેલા દુર્યોધનની પ્રેરણાથી દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, અશ્વત્થામા, બૃહદ્બલ, કર્ણ અને કૃતવર્માં એ છ મહારથિઓ અભિમન્યુને ઘેરી વળ્યા. બીજીવાર પણ તેઓને વિમુખ કરી અભિમન્યુ જયદ્રથના સૈન્યઉપર જવાનું કરતો હતો તેટલામાં ક્રાથ રાજાનો પુત્ર તથા બીજા ભીલ વગેરે યોદ્ધાઓએ હાથીઓની મોટી ફોજ વચમાં નાખીને તેના રસ્તાને રોકી દીધો. જેમ વાયુ વાદળાંને વીંખે તેમ, તેણે તે ફોજને તોડી ક્રાથ રાજાના પુત્રનું માથું ઉડાવી દીધું.

મહાદેવે આપેલ વરદાનથી જયદ્રથે યુધિષ્ઠિર, ભીમ, સાત્યકિ તથા ઘટોત્કચ વગેરે સઘળા યોધ્ધાઓને રોકી રાખ્યા હતા તેથી અભિમન્યુ કૌરવોના મધ્યમાં અસહાય હતો. તોપણ નિર્ભયપણાથી દ્રોણવગેરે છ મહારથિઓની સામે યુધ્ધ કરવા લાગ્યો. એ છ મહારથિઓ અસ્ત્રસંબંધી સઘળી વિદ્યામાં પરિપૂર્ણ પહોંચેલા હતા અને પોતપોતાની શક્તિને અનુસરી બાણોની વૃષ્ટિ કરતા હતા તોપણ તેઓને અભિમન્યુ પોતાનાં બાણોથી વિમુખ કરવા લાગ્યો. તેણે દ્રોણને પચાસ, બૃહદ્બલને વીશ, કૃતવર્માને એંશી, કૃપાચાર્યને સાત, અશ્વત્થામાને દશ અને કર્ણને એક બાણથી વીંધ્યો. કૃપાચાર્યના ઘોડાઓ તથા ચક્રરક્ષકોને મારી નાખી અભિમન્યુ અશ્વત્થામાપર વધારે ચોટ કરવા લાગ્યો. તેના બચાવમાટે દ્રોણે એકસો, કર્ણે બાવીશ, કૃતવર્માએ વીશ, બૃહદ્બલે પચાસ અને કૃપાચાર્યે

દશ બાણુ અભિમન્યુને માર્યાં. અભિમન્યુએ પણ તે દરેકને દશ દશ બાણુ મારી વ્યથિત કર્યા અને બૃહદ્બલના સારથિ તથા ઘોડાઓને મારી નાખ્યા; એટલે બૃહદ્બલ રથમાંથી ઉતરી ઢાલ તરવાર લઈ અભિમન્યુનું માથું કાપી લેવા દોડયો. પણ તેણે તેની છાતીમાં એવું એક પ્રબળ બાણુ માર્યું કે, બૃહદ્બલ તરત યમપુરીમાં પહોંચી ગયો. બૃહદ્બલ મરણ પામતાં દ્રોણવગેરે મહારથિઓ નરમ પડી ગયા. આ વખતનો લાભ લઇ અભિમન્યુએ બીજા દશ હજાર મહાત્મા ક્ષત્રિયોને તોડી નાખ્યા. અને કર્ણની દુષ્ટતાનો બદલો દેવા તેને ફરીવાર પચાસ બાણોથી વીંધ્યો. કર્ણે સામાં તેટલાંજ બાણુ અભિમન્યુને માર્યાં. અભિમન્યુના પરાક્રમથી મધ્યાહ્ન કાળના સૂર્યને જોવાને અશક્ત થાય તેમ કૌરવોના યોધ્ધાઓ તેની સામે જોવાને અશક્ત થયા. તે જોઇ દુ:શાસનના દીકરાએ અભિમન્યુસામે આવી ચાર બાણુથી ચાર ઘોડાને, એક બાણુથી સારથિને અને દશ બાણુથી અભિમન્યુની છાતીને વીંધી નાખી.

"તારો પિતા નમાલાની પેઠે યુધ્ધ છોડી દઇ હમણાંજ મારી પાસેથી જતો રહ્યો છે. તુ યુધ્ધવિદ્યાને જાણેછે એ ઘણી સારી વાત છે. પણ હવે મારા સપાટામાંથી તારે છૂટવાની આશા રાખવી એ ફોગટ છે." એમ બોલી અભિમન્યુએ એક ભયંકર બાણુ તેપર ફેંકયું. પણ અશ્વત્થામાએ વચમાંથી તે બાણુને કાપી નાખ્યું.

"અભિમન્યુ ઘણું પરાક્રમ કરેછે માટે આપણે સઘળા મળી એને મારી નાખીએ, કેમકે એકએકને તો તે તુરત તોડી નાખેછે." એમ દુર્યોધન શકુનિને કહેવા લાગ્યો. કર્ણ દ્રોણાચાર્યને કહેવા લાગ્યો કે "આ હમણાંજ આપણુ સર્વને તોડી નાખશે માટે એને મારી નાખવાનો કોઈ ઉપાય અમને બતાવો." અભિમન્યુના બાણુથી પીડાતા કર્ણે ફરીવાર દ્રોણુને કહ્યું કે "મારે લડાઇમાં ઉભ્યાવિના છુટકો નથી તેથી હું ઉભો છું; પણ તેનાં અગ્નિજેવાં બાણોથી મારી છાતી ભેદાઈ જાયછે. હવે હું શું કરૂં?" દ્રોણાચાર્યે હસતાં હસતાં ધીરેથી કર્ણને કહ્યું કે "જુઓ તેની જરા પણ ચુક થતી હોય એમ આપણા જોવામાં આવતું નથી. તમે સઘળા મહારથિઓ છતાં એના જરા પણ છિદ્રને જાણી શકતા નથી તેથી હુ એને અર્જુનજેવો ગણું છું. એ મને પણ દુ:ખ દેછે અને મુંઝાવી દેછે. તોપણ હું એની ચાલાકી જોઇને રાજી થાઉંછું. તે જુવાન છે, ઝડપદાર છે અને તેનું બખ્તર કોઇ રીતે તૂટે તેમ નથી. મેં તેના બાપને બખ્તર પહેરવાનીજે પધ્ધતિ શિખવી છે તે સઘળી તે જાણેછે

એમ જણાયછે, તેથી તેનું બખ્તર તો નહિજ તૂટે. માટે જો તારાથી બની શકે તો તેનું ધનુષ, દોરી, ઘોડા, સારથિ તથા ચક્રરક્ષકોને મારી નાખવાનો પ્રયત્ન કર. જ્યાંસુધી તે રથમાં બેઠો છે અને હાથમાં ધનુષ છે ત્યાં સુધી તો તે દેવતાઓથી કે દૈત્યોથી પણ જીતાય એમ નથી."

દ્રોણનું વચન સાંભળી કર્ણે તેના ધનુષને કાપી નાખ્યું. કૃતવર્માએ ઘોડા અને કૃપાચાર્યે ચક્રરક્ષકોને મારી નાખ્યા. અત્યંત નિર્દય થયેલા એ પાકી વયના છ મહારથિઓ, કુમાર અભિમન્યુને રથ તથા ધનુષ વગરનો કરી બાણોની વૃષ્ટિથી ગભરાવવા લાગ્યા. તે જોઇ આકાશમાં ઉભેલા દેવતાઓ તથા ગંધર્વો તેઓના ઉપર ધિક્કારની વૃષ્ટિ કરવા લાગ્યા. રથ અને ધનુષ વગરનો અભિમન્યુ ક્ષત્રિયધર્મનું સ્મરણ કરી, ઢાલ તરવાર લઇ, આકાશમાં ઠેંકી ઠેંકીને તરવાર ફેરવવાના ચમત્કારોથી ગરૂડના જેવી ઝડપ કરવા લાગ્યો. "તે તરવારસહિત મારી ઉપરજ પડશે." એવી પ્રત્યેકને શંકા આવવા લાગી. તેથી તે સઘળા મહારથિઓ પોતાની દૃષ્ટિને ઉંચી રાખી લાગ જોઇ જોઇ બાણોથી અભિમન્યુને વીંધવા લાગ્યા. દ્રોણે તરવારની મૂઠ કાપી નાખી અને કર્ણે ઢાલ કાપી નાખી. તેથી બાણોવડે વીંધાયેલો અભિમન્યુ અંતરિક્ષમાંથી પાછો ધરતીપર આવી, હાથમાં ચક્ર લઇ, દ્રોણની સામે દોડયો. અભિમન્યુને ચક્ર લઇ આવતો જોઇ અત્યંત ઉદ્વેગ પામેલા એ છ મહારથિઓએ બાણોથી તેના ચક્રના ટુકડા કરી નાખ્યા. આ વખતે અભિમન્યુના કેશ પવનથી ઉડતા હતા અને તેનું તેજ એટલું બધું વૃદ્ધિ પામ્યું હતું કે, દેવતાઓ પણ તેની સામે જોવાને અશક્ત થતા હતા. ચક્ર તૂટવાથી અભિમન્યુ હાથમાં મોટી ગદા લઇ અશ્વત્થામાસામે દોડયો. પણ અશ્વત્થામા રથમાંથી ઉતરી ત્રણ પગલાં ખસી ગયો તેથીજ બચ્યો. અભિમન્યુએ તેના ઘોડા તથા ચક્રરક્ષકોને મારી શકુનિના ભાઇ કાલકેય, તેના સિત્તોતેર અનુચરો તથા બીજા પણ સત્તર મહારથિઓ અને કેટલાએક હાથીઓને મારી દુઃશાસનના પુત્રના રથ તથા ઘોડાઓને ગદાથી ચૂર્ણ કરી નાખ્યા. દુઃશાસનનો પુત્ર ગદા લઇ યુદ્ધ કરવાની ઇચ્છાથી સામે આવી "ઉભો રહેજે, ઉભો રહેજે," એમ બોલતાં તેના સાથે ગદાથી યુદ્ધ કરવા લાગ્યો. અન્યોન્ય વધ કરવાને ઇચ્છતા એ બન્ને ભાઇઓનુ ગદાયુદ્ધ સઘળા યોદ્ધાઓને વિસ્મય આપવા લાગ્યું. તે બન્ને ભાઇઓ પરસ્પરની ગદાથી ઘવાઇને પૃથ્વીપર પડ્યા પણ દુઃશાસનના પુત્રે પ્રથમ ઉઠી અભિમન્યુ ઉઠવા જતો હતો તેટલામાં તેના માથામાં ગદા મારી. ગદાના વેગથી અને લડાઇના પરિશ્ર-

મથી મુંઝાઇ ગયેલો અભિમન્યુ પ્રાણરહિત થઇ ધરતીપર પડ્યો.

પુનમના ચંદ્રજેવા મુખવાળો અને જલબિંદુઓથી ઘેરાયેલી આંખોવાળો મરણ પામેલો અભિમન્યુ, વનને બાળી શાંત થયેલો દાવાનળ હોય, પર્વતોનાં શિખરોને ઉડાવીને શાંત થયેલો પ્રચંડ પવન હોય, સઘળી પૃથ્વીને તપાવીને અસ્ત પામેલો સૂર્ય હોય અને રાહુના મુખમાં આવી ગયેલો ચંદ્ર હોય તેમ દેખાવા લાગ્યો. અભિમન્યુને ધરતીપર પડેલો જોઇ કૌરવોના પક્ષના યોધ્ધાઓ રાજી થવા લાગ્યા અને બાળાઓનાં નેત્રોમાંથી આંસુની ધારાઓ પડવા લાગી. જેને પૂરૂં યૌવન આવ્યું નહતું એવો અભિમન્યુ મરી જવાની ખબર પડતાં યુધિષ્ઠિર મનમાં ગભરાઇ ગયા અને તેની સઘળી સેના ભાગવા લાગી.

સૈન્યને ભાગતું જોઇ ધીરજ રાખી યુધિષ્ઠિરે પોતાના યોધ્ધાઓને કહ્યું કે "અભિમન્યુ યુધ્ધમાં હજારો ક્ષત્રિયોને તોડી તથા હજારો ક્ષત્રિયોને યમપુરીમાં મોકલી સામે પગલે મરણ પામેલો છે. તેને ઇંદ્રલોકમાં ગયેલો સમજો. બાઓમાં, ઉભા રહો, આપણે શત્રુઓને હમણાં જીતી લેશું. હજારો હાથીઓ ઘોડાઓ તથા રથોને તોડી ઝેરી નાગજેવા હજારો ક્ષત્રિયોને માર્યા અને તેમ છતાં પણ તૃપ્તિ નહિ પામી અભિમન્યુ મૃત્યુ પામેલો છે, માટે તેનો કોઈ રીતે શોક કરવો યોગ્ય નથી."

અભિમન્યુને માર્યા પછી પોતાની સેનાને થાકેલી તથા આકાશમાં સંધ્યાકાલની રાતડ જોઈ દ્રોણાચાર્યે લડાઇ બંધ પાડવાનો હુકમ કર્યો. કૌરવોની સેનાને પાછી વળતી જોઇ ધૃષ્ટદ્યુમ્ને પણ પોતાની સેનાને પાછી વાળી લીધી. ગ્લાનિ પામેલા બન્ને પક્ષના યોદ્ધાઓ લોહીના પ્રવાહો અને માંસના કીચોથી વૈતરણી જેવી દેખાતી રણભૂમિને જોતા જોતા પાછા વળ્યા.

પ્રકરણ ૬૭ મું.

યુધિષ્ઠિર, અર્જુન અને સુભદ્રાનો વિલાપ.

શ્રીકૃષ્ણે કરેલી આશ્વાસના

અભિમન્યુના મરણથી સઘળા વીર પુરુષો ખેદ પામી, રથમાંથી ઉતરી, બખતરો વગેરેને ઠેકાણે રાખી, યુધિષ્ઠિરપાસે આવી બેઠા અને અભિમન્યુના મરણનો વિચાર કરવા લાગ્યા. ઘણા રાજાઓ જેમ જેમ અભિમન્યુના મરણવાસ્તે શોકનીસાથે યુધિષ્ઠિરની આશ્વાસના કરવા લાગ્યા તેમતેમ યુધિષ્ઠિરનું મન વધારે ને વધારે ગભરાવા લાગ્યું અને તે વિલાપ કરવા લાગ્યા.

"જેમ બકરાંઓના મધ્યમાં કેસરીસિંહ પ્રવેશ કરે તેમ, દ્રોણના વ્યૂહમાં પ્રવેશ કરી, ઘણા ઘણા મહારથિઓને તોડનાર અને અમારી ઉપર અત્યંત દુશ્મનાઈ ધરાવનાર દુઃશાસનને વિમુખ કરનાર અભિમન્યુ આજ દુષ્કર કામ કરી, દુઃશાસનના પુત્રના હાથથી રણમાં કામ આવ્યો ! અરે ! હવે હું, શ્રીકૃષ્ણ તથા અર્જુનને શો જવાબ આપીશ ? મારા સ્વાર્થની લાલચથી

શ્રીકૃષ્ણ, અર્જુન અને સુભદ્રાનું મેં અત્યંત અપ્રિય કર્યું. લોભીને દોષની ખબર પડતી નથી, એ વાત સાચી પડી. અરે ! જેને ભોજનના કામમાં, ભૂષણો પહેરવામાં અને સારાં સારાં વાહનોઉપર બેસવામાં અગ્રણી કરવો જોઇએ તેને મેં યુદ્ધમાં અગ્રણી કર્યો ! શત્રુઓને પણ અભય આપે એવા અર્જુનના દીકરાનું આપણે રક્ષણ કરી શક્યા નહિ? હવે મને વિજય મળે, રાજ્ય મળે કે ઇંદ્રની પદવી મળે તોપણ મને તેથી રાજી થવાજેવું કશું રહ્યું નથી. અધર્મી શત્રુઓએ ઘણા જણ ભેગા થઇ બાળક અભિમન્યુને માર્યો ? વ્યૂહમાં રસ્તો કરવા મારી આજ્ઞાથી તે અંદર પેઠો અને દુષ્ટ જયદ્રથે તેની મદદ કરવામાટે પાછળ ગએલાઓને અટકાવી રાખ્યા. યુદ્ધની આજીવિકાવાળા લોકોએ વડીઆની સાથે ધર્મથી યુદ્ધ કરવું જોઇએ, કૌરવોએ તો બાળકની સાથે અધર્મથી યુદ્ધ કર્યું. અરે ! હવે હું શું કરૂં ? ક્યાં જાઉં ?”

આ પ્રમાણે યુધિષ્ઠિર શોક કરતા હતા તે વખતે સંસપ્તક લોકોને મારી દક્ષિણ પ્રદેશમાંથી અર્જુન પાછો વળ્યો. માર્ગમાં ચાલતાં ચાલતાં અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું કે “આજ મારૂં મન સીદાયછે, બોલતાં પણ પરિશ્રમ પડેછે, શરીરમાં તથા દિશાઓમાં અપશકુનો જોવામાં આવેછે અને કંઇક ભૂંડું થયું હશે એવી શંકા દૂર થતી નથી; મહારાજા યુધિષ્ઠિર અને તેમના મંત્રીઓ કુશળ હોય તો સારૂં.” છાવણીઆગળ પહોંચતાં સઘળું લશ્કર નિસ્તેજ અને આનંદવગરનું જોઇ અર્જુનનું હૃદય વધારે ને વધારે ગભરાવા લાગ્યું અને તે શ્રીકૃષ્ણને કહેવા લાગ્યો કે ‘આજ ઉતારામાં વાજાંઓ, શંખો તથા વીણાઓનો શબ્દ સંભળાતો નથી, બંદીજનો મંગળ ગાયન ગાતા નથી, યોદ્ધાઓ મને જોઈ નીચાં મોહોડાં કરી પાછા વળી જાયછે અને આગળની પેઠે કોઈ પણ જણ પોતે કરેલાં કામનું મારી પાસે નિવેદન કરતો નથી. છાવણીની આ દશા જોઇ મારા મનના સંકલ્પવિકલ્પ મટતા નથી. મહારાજા યુધિષ્ઠિર અને બીજા પણ સઘળા યોદ્ધાઓ કુશળ હોય તો સારૂં. હું જ્યારે સાયંકાળે છાવણીમાં આવું ત્યારે અભિમન્યુ હસતો હસતો મારી સામે નિત્ય આવતો હતો પણ તે આજ જોવામાં આવતો નથી.” આ પ્રમાણે શ્રીકૃષ્ણની સાથે વાતો કરતાં કરતાં અર્જુન છાવણીમાં આવ્યો. છાવણીમાં આવી સઘળા ભાઇઓ તથા પુત્રોને ખિન્ન જોયા અને અભિમન્યુ તો મુદ્દલ તેના જોવામાં નજ આવ્યો. તેથી ઘણુંજ અધીરા મનથી અર્જુને તેઓને વારંવાર પૂછવા માંડ્યું કે “આજ તમારાં સર્વનાં મોઢાં લેવાઇ ગયેલાં જોવામાં આવેછે,

અભિમન્યુ જોવામાં આવતો નથી અને તમે કોઇ મારો સત્કાર કરતા નથી તેનું શું કારણ? દ્રોણે ચક્રવ્યૂહ ગોઠવ્યાની મને ખબર મળી હતી. અભિમન્યુવિના આપણામાંનો કોઇ જણ તે વ્યૂહને ભેદી શકે એવો નથી, મેં અભિમન્યુને ચક્રવ્યૂહનું ભેદન કરી અંદર પેસવાનો પ્રકાર શિખવ્યો છે પણ તેમાંથી પાછું નિકળી આવવાની યુક્તિ શિખવી નથી. તમોએ એ બાળકને ચક્રવ્યૂહમાં તો નથી મોકલ્યો? રાતી આંખોવાળો સિંહના જેવો મનસ્વી એ સુભદ્રાનો પ્યારો પુત્ર ક્યાં છે? મારાકરતાં પણ દોઢી શક્તિવાળા એ મારા પ્યારા પુત્રને નહિ દેખું તો હું જરૂર મરણ પામીશ. રખેને મારા ભાગ્યની વિપરીતતાને લીધે એ પુત્ર સ્વર્ગલોકમાં પહોંચ્યો હોય? મહારાજ યુધિષ્ઠિર! કહો એને કોણે માર્યો? એ સામે પગલે ચાલીને મુઓ કે નહિ? દ્રોણ, કર્ણ અને કૃપાચાર્યવગેરે લોકોએ બાણોથી તેને પીડવા માંડ્યો હશે ત્યારે ગભરાઇને "આ સમયમાં જો મારો પિતા હાજર હોય તો મારૂં રક્ષણ કરે" એમ તેણે મને યાદ કર્યો હશે. અરે! આ કલ્પના હું ભૂલથીજ કરૂંછું. સુભદ્રાથી જન્મેલો, શ્રીકૃષ્ણનો ભાણેજ અને મારો પુત્ર એ અભિમન્યુ કદી પણ મનમાં એવી દીનતા લાવે નહિ. બાણોથી ઘવાયેલો અને લોહીથી ખરડાયેલો એ પુત્ર જ્યાં પડ્યો હશે ત્યાં પૃથ્વી પણ શોભતી હશે. હું, સુભદ્રા અને દ્રૌપદીને શો ઉત્તર આપીશ? અભિમન્યુની વહુ ઉત્તરાની દુર્દશા જોઈ મારી છાતી ફાટી પડશે. અરે! એ લાંબા હાથવાળો અને કમળજેવાં નેત્રવાળો અભિમન્યુ રણમાં શીરીતે કામ આવ્યો એ હું સાંભળવા ઇચ્છુંછું. જેઓએ મારા પુત્રને માર્યો હશે તેઓને હું છોડવાનો નથી. તમો સઘળા યોદ્ધાઓ જીવતાં છતાં અભિમન્યુ શત્રુઓના હાથથી માર્યો જાય એ સંભવતું નથી. જો તમે આવા નબળા છો એમ મારા જાણવામાં હતે તો હું અભિમન્યુનું રક્ષણ કરત. હાય! તમારામાં કશો પુરૂષાર્થ કે પરાક્રમ નથી, જો હોય તો તમો દેખતા છતાં અભિમન્યુ યુદ્ધમાં કેમ મરાય? તમોને બીકણ જાણવા છતાં હું બીજા પ્રદેશમાં યુદ્ધ કરવા ગયો તેથી હું મને પોતાનેજ ધિક્કારૂંછું. તમો વાતોમાં તો મોટી મોટી બડાઇ મારોછો પણ મારા પુત્રનું રક્ષણ કરી શક્યા નહિ. આજ મને નિશ્ચય થયો કે, તમારાં બખતરો અને શસ્ત્રો કેવળ શણગારને વાસ્તેજ છે."

આ પ્રમાણે અર્જુન વિલાપ કરતો હતો તે વખતે શ્રીકૃષ્ણે તેની ઘણી આશ્વાસના કરી અને કહ્યું કે "રણમાં સામે પગલે મરણ પામેલાનો શોક ન

કરવો જોઇએ. ક્ષત્રિયનો પુત્ર ઘરમાં મરણ પામે એ મોટું કલંક છે, પણ તે યુદ્ધમાં કામ આવે તો, તે મોટો ઉત્કર્ષ છે. હજારો શત્રુઓને મારી યુદ્ધમાં સામે પગલે મરવાની ક્ષત્રિયો માગણીજ કરેછે. તમને શોક કરતા જોઇ આ તમારા સઘળા ભાઇઓ અને રાજાઓ ગભરાઈ ગયા છે તેઓને તમારે ધીરજ દેવી જોઇએ." આ પ્રમાણે ઘણી ઘણી આશ્વાસના કરવા છતાં પણ અર્જુનનો વિલાપ કોઇરીતે અટક્યો નહિ. તેને શ્રીકૃષ્ણ કે યુધિષ્ઠિરસિવાય આવી સ્થિતિમાં ઉત્તર આપી શકે એવું કોઇપણ ન હતું. પુત્રના શોકથી અત્યંત પીડાયેલા અને ક્રોધને વશ થયેલા અર્જુનને યુધિષ્ઠિરે કહ્યું કે "તમે દક્ષિણ દિશામાં સંસપ્તકોને મારવા ગયાપછી દ્રોણે મને પકડવાનો ભારે પ્રયત્ન કર્યો. અમો સઘળા ચારેકોરથી દ્રોણને અટકાવવા લાગ્યા પણ તે નહિ અટકતાં અમારી સામે આવી પહોંચ્યા. દ્રોણના પરાક્રમને લીધે અમો તેના વ્યૂહની સામે પણ જોઇ શકતા નહતા, તો ભેદી તો ક્યાંથીજ શકીએ ? આમ થવાથી અમોએ અભિમન્યુને સૈન્યનું ભેદન કરવા કહ્યું. તેથી તે અસહ્ય બોજો ઉપાડી ગરૂડના જેવી ઝડપથી ચક્રવ્યૂહમાં પેઠો; અમો પણ તે રસ્તેથીજ અભિમન્યુની મદદમાટે તેની પછવાડે જતા હતા, પણ નીચ જયદ્રથે અમોને અટકાવી રાખ્યા. સહાયવગરના અભિમન્યુને દ્રોણ, કૃપાચાર્ય અને અશ્વત્થામા વગેરે છ મહારથિઓએ ઘેરો લીધો; તે પોતાની શક્તિઅનુસાર યત્ન કરતો હતો, તો પણ તે છ જણાઓએ મળી તેને ધનુષ તથા રથવગરનો કરી નાખ્યો. છેલ્લીવારે ગદાથી લડતા એ અભિમન્યુને દુઃશાસનના દીકરાએ મારી નાખ્યો. આઠ હજાર રથ, નવસો હાથી, બે હજાર રાજકુમાર, અયોધ્યાના રાજા બૃહદ્બલ તથા બીજા પણ ઘણા ઘણા યોદ્ધાઓને મારી અભિમન્યુ સ્વર્ગવાસી થયો છે."

યુધિષ્ઠિરનાં વચન સાંભળી નિસાસો મૂકી "હાય પુત્ર !' એમ બોલી અર્જુન ધરતીઉપર પડ્યો અને સર્વ લોકો તેને વીંટીને બેઠા તથા નિમેષવગરની આંખોથી પરસ્પર જોવા લાગ્યા. સંજ્ઞા પ્રાપ્ત થતાં ક્રોધ તથા શોકથી વ્યાપ્ત થયેલો, જાણે જ્વરથી ઘેરાયેલો હોય તેમ કંપતો તથા નિઃશ્વાસ મૂકતો, આંસુની ધારાઓને ચલાવતો અને ઘેલાની પેઠે ચારે કોર દૃષ્ટિ કરતો અર્જુન હાથથી હાથ ભીંસીને બોલ્યો કે "જો જયદ્રથ મરવાની બીકથી કૌરવોને છોડી જતો ન રહે, અથવા શ્રીકૃષ્ણની, યુધિષ્ઠિરની કે મારી શરણે ન આવે, તો આવતી કાલે હું જયદ્રથને મારીશ. આ મારી પ્રતિજ્ઞા સત્ય સમજવી.

જયદ્રથનું રક્ષણ કરવાવાસ્તે જે કોઈ યોદ્ધા મારી સામે આવશે તેઓને અને દ્રોણ કે કૃપાચાર્ય આવશે તો તેઓને પણ બાણોથી પરાસ્ત કરી નાખીશ. ક્ષત્રિયો! જો હું એ પ્રમાણે ન કરૂં તો માતા પિતાની હત્યા કરનાર, ચાડીયા, સજ્જનોની ઈર્ષ્યા કરનાર, થાપણનું હરણ કરનાર, વિશ્વાસઘાત કરનાર, બ્રાહ્મણ તથા ગાયોની હિંસા કરનાર, રૂશવત લેનાર, કન્યાવિક્રય કરનાર અને વચન આપી ફરી જનારને જે લોકની પ્રાપ્તિ થાય તે લોકની પ્રાપ્તિ મને થજો. વળી બીજી પણ પ્રતિજ્ઞા કરૂંછું કે, આવતી કાલે જયદ્રથ મરાયા પહેલાં સૂર્ય આથમશે તો હું અગ્નિમાં પ્રવેશ કરીશ. દેવતાઓ, દૈત્યો, રાક્ષસો, મનુષ્યો કે સઘળું સ્થાવર જંગમ ત્રૈલોક્ય પણ મારા દુશ્મનને બચાવવા સમર્થ નથી. અભિમન્યુનો દુશ્મન જયદ્રથ પૃથ્વી, પાતાળ, સ્વર્ગ કે બીજા કોઇ સ્થળમાં પ્રવેશ કરશે તો પણ હું અવશ્ય આવતી કાલે તેનું માથું ઉડાવવાનો છું" એ પ્રમાણે બોલતાં બોલતાં અર્જુને ગાંડીવ તથા શંખનો શબ્દ કર્યો. શ્રીકૃષ્ણે પણ પોતાના પાંચજન્ય શંખનો નાદ કર્યો અને સૈન્યમાં વાજાંઓ વાગવા લાગ્યાં તથા સિંહનાદો થવા લાગ્યા.

પાંડવોના સૈન્યમાં વાજાંઓના શબ્દો તથા સિંહનાદો અને ચાર લોકોના મોઢાંથી અર્જુનની પ્રતિજ્ઞાની વાત સાંભળી દુઃખથી ઘેરાયેલો, શોકથી મૂઢ થયેલો અને જાણે અગાધ દરિયામાં ડુબેલો હોય એવો જયદ્રથ કૌરવોની સભામાં ગયો અને રાજાઓની પાસે લજાતાં લજાતાં બોલ્યો કે "અર્જુને આવતી કાલે મને મારી નાખવાની પ્રતિજ્ઞા કરી છે માટે જીવવાની ઇચ્છાથી હું ઘેર જઈશ, તમારૂં ભલું થજો. અર્જુનની પ્રતિજ્ઞા તોડવા દેવતાઓ પણ સમર્થ નથી ત્યારે બીજાઓ તો કેમજ સમર્થ થાય? ગભરાઇને હું તમારી રજા માગુંછું." આ પ્રમાણે જયદ્રથે બહુ બહુ ગભરાવા માંડ્યું એટલે સ્વાર્થી દુર્યોધને કહ્યું કે "તારે જરા પણ બીવું નહિ. હજારો યોદ્ધાઓના મધ્યમાં તને ઉભો રાખશું. હું, કર્ણ, દ્રોણ, અશ્વત્થામા, ભૂરિશ્રવા, શલ્ય, શકુનિ તથા દુઃશાસન તારી પાસેજ રહીશું. તારે કોઈ જાતની ચિંતા રાખવી નહિ. તું પોતે પણ શૂર તથા મહારથિઓમાં ઉત્તમ છે, છતાં પાંડવોથી કેમ ધાસ્તી રાખેછે?" એમ કહેતાં કહેતાં દુર્યોધન તેનો હાથ પકડી તેને દ્રોણાચાર્યની પાસે લઇ ગયો અને ત્યાં બનેલી હકીકત કહી સંભળાવી. જયદ્રથની આશ્વાસના કરતાં દ્રોણે કહ્યું કે "તારે યુદ્ધમાં અર્જુનથી કોઇ રીતે બીવું નહિ, હું તારૂં રક્ષણ કરીશ એમાં કશો સંશય નથી. હું જેનું રક્ષણ કરતો હોઉં તેને મારવા દેવતાઓ પણ

સમર્થ નથી. ક્ષત્રિયના ધર્મઉપર ધ્યાન ધર. તેં વેદોનું અધ્યયન કર્યું છે, અગ્નિહોત્ર હોમ્યું છે અને મોટા મોટા યજ્ઞો કર્યા છે. હવે છેલ્લીવારે યુદ્ધમાં મરવારૂપ મહાભાગ્ય પ્રાપ્ત થાય તો તેથી રાજી થવું જોઇએ. તપસ્વી તપ કરીને અને ક્ષત્રિયો યુદ્ધ કરીને મરણ પામવાથી સ્વર્ગલોકને પ્રાપ્ત થાયછે."

દ્રોણની સાંત્વનાથી જયદ્રથે અર્જુનની બીક છોડી દઇ યુદ્ધ કરવાનો નિશ્ચય કર્યો; તેથી કૌરવોના સૈન્યમાં પણ આનંદથી વાજાંઓના શબ્દો તથા સિંહનાદો થવા લાગ્યા.

કૌરવોના સૈન્યમાં ધામધૂમ મચી રહી હતી તે વખત અભિમન્યુના મરણના ખબર સાંભળી સુભદ્રા અત્યંત વિલાપ કરતી હતી. "હે પુત્ર! મારાં દુર્ભાગ્યનેલીધે તું યુદ્ધમાં મરણ પામ્યો? અરે! હવે હું પૂર્ણિમાના ચંદ્રજેવું અને કમળજેવાં નેત્રોવાળું તારૂં હસતું મુખ ક્યારે દેખીશ? ભીમસેનના બળને, અર્જુનની અસ્ત્રવિદ્યાને અને યાદવોની શક્તિને ધિક્કાર છે. તેઓ યુદ્ધમાં તારૂં રક્ષણ કેમ કરી શક્યા નહિ? હાય હાય! જેમ સ્વપ્નામાં દીઠેલું ધન જતું રહે તેમ તું જતો રહ્યો. હવે વિધવા થયેલી તારી વહુ ઉત્તરાને મારાથી શી રીતે જોઇ તથા જાળવી શકાશે? હે પુત્ર! ગુરૂની સેવા કરનારા, હજારો ગોદાન કરનારા, શાંત સંન્યાસીઓ અને પરસ્ત્રીઓને માતાસમાન ગણનારાઓની જે ગતિ થાય તેજ તારી થજો." સુભદ્રાનો વિલાપ જોઈ દ્રૌપદી તથા ઉત્તરા પણ વિશેષ વિલાપ કરવા લાગ્યાં.

આ પ્રમાણે અભિમન્યુના મરણથી અંતઃપુરમાં વિલાપ થઈ રહ્યો છે તે વખત અર્જુનના કહેવાઉપરથી શ્રીકૃષ્ણ પોતે ત્યાં આવી સુભદ્રાવગેરેની આશ્વાસના કરવા લાગ્યા કે "બહેન! સુભદ્રે! તમે તથા તમારી વહુ અભિમન્યુનો શોક કરો માં; પ્રાણીમાત્રને એક દિવસ મરવું એ દૈવી નિયમ છે. ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલ ક્ષત્રિયને જે રીતે મરવું જોઇએ, તે રીતે તમારા પુત્રનું મરણ થયું છે. પિતાજેવા પરાક્રમવાળો, ધીર, વીર, મહારથિ અભિમન્યુ ઘણા ઘણા શત્રુઓને મારી, જીતી, ક્ષત્રિયોના સંપ્રદાયપ્રમાણે મરણ પામ્યો છે. તમે વીરની માતા, વીરની પુત્રી, વીરની સ્ત્રી અને વીરની બહેન છો. તમારે શોક કરવો ઘટિત નથી. અભિમન્યુના મરણમાં કારણરૂપ થયેલ દુષ્ટ જયદ્રથનું માથું આવતી કાલે અર્જુનના બાણથી ઉડશે. અર્જુનની એ પ્રતિજ્ઞામાં કશો ફેરફાર થવાનો નથી. શાંત થાઓ અને તમારી વહુને

પણ ધીરજ આપો. આ પ્રમાણે શ્રીકૃષ્ણતરફથી આશ્વાસના થયા છતાં ત્રણે રાજપત્નીઓ વિલાપ કરતાં કરતાં બેભાન થઇ ધરતીપર પડી ગઇ. પાણી છાંટવાંવગેરે બીજા કેટલાએક ઉપચારોથી સંજ્ઞા પ્રાપ્ત થતાં વળી પણ શ્રીકૃષ્ણે કહ્યું કે "બેહેન સુભદ્રે ! શોક કરોમાં, ઉત્તરાને ધીરજ આપો. અમે ઇચ્છીએ છીએ કે, અમારા કુળના દરેક પુરૂષને અભિમન્યુના જેવી ગતિ હોજો. તમારા દીકરા એકલાએ જેવું કામ કર્યું છે તેવું કામ અમે તથા અમારા સંબંધીઓ કરીએ એમ ઇશ્વરપાસે અમો વારંવાર માગીએ છીએ." એ પ્રમાણે બીજી પણ કેટલીએક ધીરજ આપી તેઓને શાંત પારી શ્રીકૃષ્ણ પાછા અર્જુનપાસે આવ્યા.

પાંડવોના ઉતારામાં અભિમન્યુના મરણની રાત્રિએ કોઇને પણ ઉંઘ આવી નહિ. સઘળાઓએ ઘણા કષ્ટથી તે રાત્રિ વ્યતીત કરી.

પ્રકરણ ૬૮ મું.

દિવસ ૧૪ મો.

અર્જુનનું પરાક્રમ.

પ્રભાત થતાં યુધિષ્ઠિરને સ્વપ્નમાંથી ઉઠાડવા વાજાંઓ વાગવા લાગ્યાં અને બંદીજનો સ્તુતિ કરવા લાગ્યા. રાજા શયનમાંથી ઉઠી, આવશ્યક કાર્યોને પહોંચી લઇ, નહાવાના ઓરડામાં પધાર્યા. ત્યાં ધોળાં વસ્ત્રવાળા, નાહેલા અને સદાચારવાળા એકસોસાઠ નોકરો સુવર્ણના કળશો જળથી ભરી રાજાને નવરાવવા હાજર થયા. યુધિષ્ઠિર ઝીણું વસ્ત્ર પહેરી ઉત્તમ આસનપર બેસી વૈદ્યકશાસ્ત્રના નિયમપ્રમાણે ઉત્તમ ક્વાથોથી શરીર ચોળાવી, સુગંધ જળથી નાહી, સ્વચ્છ વસ્ત્રથી શરીરને લુછી, ઉત્તમ ચંદનનું લેપન કરી, માળા ધારણ કરી, પૂર્વાભિમુખ બેસી જપ કરવા લાગ્યા. જપ સમાપ્ત કરી, અગ્નિહોત્રની શાળામાં જઈ, યોગ્ય આહુતિઓથી અગ્નિને તૃપ્ત કરી, બીજી દોઢીમાં પધાર્યા. ત્યાં હાજર થએલા દશ સુપાત્ર બ્રાહ્મણોપાસે સ્વસ્તિવાચન કરાવી, સુવર્ણ, ઘોડા, વસ્ત્ર તથા ગાયોનું દક્ષિણાસહિત દાન કરી, માંગલિક પદાર્થોનો સ્પર્શ તથા તેનું દર્શન કરી, ત્યાંથી ત્રીજી દોઢીમાં પધાર્યા.

ત્યાં દિવ્ય સિંહાસનપર બેસી મોતીવગેરેનાં આભરણો ધારણ કર્યાં. રાજા આસનપર બેઠા કે, સોનાની દાંડીવાળાં ચમરો બન્ને બાજુથી ઢોળાવા લાગ્યાં. લોકો સ્તુતિ તથા પ્રણામ કરવા લાગ્યા અને ગંધર્વો ગાયન કરવા લાગ્યા. થોડીવારમાં રથો, ઘોડાની ખરીઓ, હાથીઓની ઘંટાઓ અને માણસોવગેરેના ભારે શબ્દો થવા લાગ્યા, તેથી જાણે પૃથ્વી ધ્રુજતી હોય એમ જણાવા લાગ્યું. તેવામાં એક જુવાન દ્વારપાળે ગોઠણભર બેસી, મસ્તક નમાવી, પ્રણામ કરી યુધિષ્ઠિરને અરજ કરી કે "મહારાજ! શ્રીકૃષ્ણ પધાર્યા છે, અંદર આવવાની આજ્ઞા માગે છે." "ભલે પધારે" એમ હુકમ થતાં દ્વારપાળ શ્રીકૃષ્ણને અંદર બોલાવી લાવ્યો. યોગ્ય પૂજન કરી યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણને કુશળ પૂછ્યું. પરસ્પર કુશળ પૂછાયા પછી બન્નેએ અર્જુને લીધેલી પ્રતિજ્ઞાની વાતો કરવા માંડી. વાતોમાં યુધિષ્ઠિર શ્રીકૃષ્ણનોજ ઉપકાર માનતા હતા અને તેમની સહાયતાથીજ આ સઘળું જોખમ તેણે પોતાને માથે ઉઠાવ્યું છે એમ વારંવાર કહેતા હતા તેવામાં, અર્જુન તૈયાર થઇ પોતાના ઉતારાથી સભામાં આવી, પ્રણામ કરી ઉભો રહ્યો. યુધિષ્ઠિરે સામા ઉઠી, આલિંગન કરી, હસતે મ્હોંએ કહ્યું કે "આજ તમારા શરીરની કાંતિ તથા શ્રીકૃષ્ણની કૃપાઉપરથી હું ધારૂંછું કે, સંગ્રામમાં અવશ્ય તમારો જય થવાનો છે."

મોટા ભાઇતરફથી મળેલા આશીર્વાદને અર્જુને ઘણા માનથી સ્વીકારી પ્રણામ કર્યા અને શ્રીકૃષ્ણ તથા સાત્યકિ, યુધિષ્ઠિરને પ્રણામ કરી, અર્જુનને સાથે લઇ, તેને ઉતારે આવ્યા; એટલે યુધિષ્ઠિરની આજ્ઞાથી સઘળી સેના યુદ્ધને માટે તૈયાર થઇ.

શ્રીકૃષ્ણે રથને જોડી તૈયાર કરી ખબર આપતાં, અર્જુન સાત્યકિને સાથે લઇ રથમાં બેસી રણભૂમિતરફ ચાલ્યો; એટલે બ્રાહ્મણો પુણ્યાહવાચન કરવા લાગ્યા, માગધ લોકો સ્તુતિ કરવા લાગ્યા અને પવન પણ બહુ અનુકૂળ વાવા લાગ્યો. પાંડવોનો જય અને કૌરવોનો પરાજય થાય એવાં કેટલાંએક શકુનો પણ થવા લાગ્યાં. સઘળાં શુભ શકુનોઉપરથી અર્જુને રાજી થઇ સાત્યકિને કહ્યું કે "યુદ્ધમાં મારો વિજય થવાનો છે. જયદ્રથ યમલોકના પ્રયાણમાટે મારા પરાક્રમની વાટ જોતો જોતો જ્યાં ઉભો રહેશે ત્યાં હું પહોંચી જઇશ. પણ જયદ્રથનો વધ કરવા મને જેટલી કાળજી છે તેટલીજ કાળજી રાજાનું રક્ષણ કરવામાં છે; માટે, સાત્યકિ! તમે અહીંથી રાજાનું રક્ષણ કરવાવાસ્તે જાઓ. યુદ્ધમાં ઇંદ્ર પણ તમને હરાવી શકે તેમ નથી એ મને પક્કો ભરોસો છે; તેથી

હું તમને યુધિષ્ઠિરના રક્ષણનું કામ સોંપું છું. તમારે મારી કશી ચિંતા રાખવી નહિ. મને શ્રીકૃષ્ણની પણ સહાયતા છે."

આ ઠેકાણે એટલી વાત જાણવાની જરૂર છે કે અભિમન્યુના મરણપછી તે રાત્રે અર્જુન જ્યારે પોતાના ઓરડામાં સુવા ગયો ત્યારે શ્રીકૃષ્ણે તેની ચોકીમાટે કેટલાએક દ્વારપાળો તથા નાગી તરવારવાળાને નીમી પોતાના સારથિ દારૂકને ગદા, સાંગ, ચક્ર, ધનુષ્યવગેરે સઘળાં આયુધોથી ભરપૂર પોતાનો જૂદો રથ અર્જુનના રથને પડખેજ તેણે કરેલી પ્રતિજ્ઞા સફળ થાય તે માટે યુદ્ધના વખતમાં તૈયાર રાખવા હુકમ કર્યો હતો અને કહ્યું હતું કે "યુદ્ધમાં જ્યારે હું જૂદા સ્વરથી શંખનાદ કરૂં ત્યારે તરતજ હું જ્યાં હોઉં ત્યાં તારે રથ લઈ હાજર થવું; કારણ કે, આવતી કાલે જયદ્રથને મારવા અર્જુને પ્રતિજ્ઞા કરી છે. અર્જુન દ્રોણવગેરે મહા પ્રબળ યોદ્ધાઓને જીતી શી રીતે પાર પડશે એ મને ચિંતા થાય છે. જેનું દ્રોણ રક્ષણ કરે તેને ઇંદ્ર પણ મારી શકે નહિ. મને મારી સ્ત્રીઓ, મિત્રો કે બાંધવો કોઈ પણ અર્જુનસમાન પ્યારાં નથી. હું જાતે અર્જુનવાસને યુદ્ધ કરી કર્ણવગેરેને ચક્રથી મારી નાખવા ધારૂં છું. આવતી કાલે સઘળું ત્રૈલોક્ય મને અર્જુનનો ખરો મિત્ર જાણશે."

અર્જુન સામો આવેછે એમ જાણી આચાર્ય પણ પોતાના સૈન્યની જાતે ફરીને ફરીને ગોઠવણ કરવા લાગ્યા અને યુદ્ધનાજ ઉત્સાહવાળા કેટલાએક યોદ્ધાઓ ધનુષોના ટંકાર કરવા લાગ્યા. કેટલાએક તરવારો ફેરવવા લાગ્યા. કેટલાએક ગદાઓ ઉંચી કરવા લાગ્યા અને સઘળાઓ બોલવા લાગ્યા કે "અર્જુન ક્યાં છે? અમો હમણાંજ અર્જુનને મારી નાખશું." આ પ્રમાણે સૈન્યમાં અભિમાનના શબ્દો બોલાતા હતા ત્યારે આચાર્યે શંખનાદ કરી, સેનાને સ્થિર કરી, આજ્ઞા આપી કે "જયદ્રથ, ભૂરિશ્રવા, કર્ણ, અશ્વત્થામા, શલ્ય, વૃષસેન અને કૃપાચાર્ય એઓએ આજના યુદ્ધમાં પરસ્પરથી જૂદું પડવું નહિ. એક લાખ ઘોડા, સાઠ હજાર રથ, ચૌદ હજાર હાથી અને એકવીશ હજાર પ્યાદલો સાથે રાખી, જયદ્રથ તથા કર્ણવગેરે યોદ્ધાઓએ મારાથી છ ગાઉ છેટે રહેવું. ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્મર્ષણે પંદરસો હાથીઓની ફોજ લઈ સેનાના અગ્રભાગમાં ઉભવું. દુઃશાસન તથા વિકર્ણે પણ તેઓની આસપાસજ રહેવું."

ઉપર પ્રમાણે સૈન્યનો બદોબસ્ત કરી ચોવીશ ગાઉ લાંબો, પાછલા ભાગમાં દશ ગાઉ પહોળો અને ગર્ભમાં ચક્રવ્યૂહવાળો શકટવ્યૂહ ગોઠવ્યો. શકટવ્યૂહના પાછલા અર્ધભાગમાં પદ્મવ્યૂહ નામનો ગર્ભવ્યૂહ ગોઠવ્યો, પદ્મવ્યૂહના

ગર્ભમાં અત્યંત ગૂઢતાવાળો સુચિવ્યૂહ રચ્યો, સુચિવ્યૂહના મુખમાં કૃતવર્મા, કાંબોજ, જલસંધ, દુર્યોધન અને કર્ણ એઓને અનુક્રમે ગોઠવ્યા અને તે વ્યૂહના પડખામાં મોટા સૈન્યથી વીંટાઈ જયદ્રથ ઉભો રહ્યો. ધોળું બખતર, ધોળા ઘોડા, ધોળી પાઘડી અને મોટા પરાક્રમવાળા આચાર્યને શકટવ્યૂહના મુખમાં ઉભેલા જોઈ કૌરવો રાજી થવા તથા શંખનાદ કરવા લાગ્યા. એ વ્યૂહને જોઈ હરકોઇ કબૂલ કરે કે, તે સઘળી પૃથ્વીને પણ ગળી જવા સમર્થ થાય.

લડાઇ શરૂ થતાં અર્જુને પોતાના રથને સૈન્યસામે હંકાવ્યો, કે હજારો કાગડા અર્જુનના રથની આગળ ઉડી કૌરવોની સેનાતરફ જવા લાગ્યા. અર્જુન જાણે ક્રોધ પામેલો કાળ હોય, વજ્રને ધરનારો ઇંદ્ર હોય, ત્રિશૂળધારી રૂદ્ર હોય અને કાળદંડ ધરી સાક્ષાત્ મૃત્યુ આવેલ હોય એવો દેખાવા લાગ્યો. શરૂઆતમાંજ અર્જુનના કહેવાઉપરથી શ્રીકૃષ્ણે તેનો રથ દુર્મર્ષણની સામે હાંક્યો અને ઝપાઝપી શરૂ થઇ. જેમ મેઘ, પર્વતોપર જળની વૃષ્ટિ કરે તેમ અર્જુન, શત્રુઓઉપર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યો. લોહીની નદી ચાલતી થઇ. વેદનાથી કણકણતા, અરધા બેભાન થયેલા અને લોહીના પ્રવાહમાં સુતેલા ઘણા યોદ્ધાઓ પોતપોતાના બાંધવોને સંભારવા લાગ્યા. સામે ઉભેલાને, પાછા વળવા લાગેલાને, પાછા વળેલાને, લડતા અને નહિ લડનારને પણ અર્જુન મારવા લાગ્યો. જેમ ઉગતો સૂર્ય અંધકારને તોડી નાખે તેમ, તેણે હાથીઓની ફોજને તોડી નાખી. જેમ પ્રલયકાળમાં પૃથ્વીપર ધસાઇ પડેલા પર્વતો જોવામાં આવે, તેમ રણભૂમિપર અનેક હાથીઓ જોવામાં આવવા લાગ્યા. જેમ મધ્યાહ્ન કાળમાં સૂર્યની સામે જોવું અશક્ય થઇ પડે, તેમ શત્રુઓને અર્જુનની સામે જોવું અશક્ય થઇ પડ્યું. પાંખોવાળા પહાડોજેવા હાથીઓને સાથે લઇ આવતા દુઃશાસનને જોઈ અર્જુન સિંહનાદ કરી તેને ભેદવા લાગ્યો. જેમ પ્રલયકાળમાં તોફાની પવનથી ઉછળવા લાગેલા સમુદ્રમાં મગર પેસે તેમ, તે હાથીઓની ફોજમાં પેઠો. જેમ પ્રલયકાળમાં સૂર્ય સઘળી દિશાઓમાં ઉગ્ર રૂપથી ફરે તેમ, તે સૈન્યમાં ફરવા લાગ્યો. પાંખો કપાઈ જવાથી પર્વતો પડે તેમ, અર્જુનનાં બાણોથી ચીસો પાડી પાડી હાથીઓ પડવા લાગ્યા. યંત્રોથી બંધાયેલા યોદ્ધાઓ, હાથીઓ ચકરી ખાવા લાગતાં છતાં પણ ઉતરી નહિ શકાયાને લીધે લટકવા લાગ્યા. જયદ્રથપાસે તુરત પહોંચવાની ઇચ્છાથી અર્જુન દ્રોણની સામે થયો. ત્યાં કેટલુંએક પરાક્રમ બતાવી દ્રોણનો પરાજય થશે નહિ એવી ધારણાથી અને વખત બહુ જાયછે એમ જાણી, અર્જુનની

સંમતિથી શ્રીકૃષ્ણે દ્રોણને જમણા પડખામાં રાખી રથને શત્રુના સૈન્યતરફ હાંકયો; એટલે દ્રોણાચાર્ય બોલ્યા કે "અર્જુન ! તું યુદ્ધમાં શત્રુઓને જીત્યા વિના ક્યાંય પાછો વળ્યો નથી છતાં આજ મને જીત્યા વિના ક્યાં જાયછે ?" "તમે મારા શત્રુ નથી પણ ગુરૂ છો. હું તમારો પુત્રસમાન શિષ્ય છું." એ પ્રમાણે ઉત્તર આપતાં આપતાં જયદ્રથપાસે પહોંચવાની ઉતાવળથી દ્રોણને છોડી દઇ અર્જુન શત્રુના સૈન્યમાં પેઠો. ત્યાં કૃતવર્મા તથા બીજા પણ યોદ્ધાઓ અર્જુનને રોકવા આવ્યા; પણ તેઓસાથે અર્જુનના રથના યુધામન્યુ અને ઉત્તમૌજા એ બે ચક્રરક્ષકોએ યુદ્ધ કરવા માંડ્યું. લાગ મળતાં અર્જુને સૈન્યમાં પ્રવેશ કરવા માંડ્યો. વચમાં શ્રુતાયુધે કૃષ્ણ ઉપર એક સાંગ ફેંકી, જેણે તેની છાતીમાં ભટકાઇ પાછી વળી શ્રુતાયુધનાંજ પ્રાણ લીધાં. પોતાનું પરાક્રમ દેખાડતો દેખાડતો અર્જુન સૈન્યમાં પ્રવેશ કરતો ગયો તેવામાં શ્રુતાયુ નામના એક રાજાએ ભયંકર બાણ ભોંકી અર્જુનને મૂર્છિત કરી દીધો અને તે સમયમાંજ અચ્યુતાયુ નામના રાજાએ ત્રિશૂળથી અર્જુનની છાતી વીંધી નાખી. વ્યથા પામેલો અર્જુન મુંઝાઇ જરાવાર બેભાન થઇ ગયો અને ધ્વજાના દંડને પકડી બેસી રહ્યો. આમ થવાથી કૌરવો અર્જુનને મરણ પામેલો જાણી રાજી થવા લાગ્યા. સંજ્ઞા પ્રાપ્ત થતાં જાણે યમપુરીથી પાછો આવ્યો હોય એવા અર્જુને તરત ઇંદ્રાસ્ત્ર મૂકી એ બન્ને રાજાને મારી નાખ્યા.

અર્જુનને પોતાના સૈન્યમાં વધતો જતો જોઇ બિચારો દુઃખી દુર્યોધન દ્રોણપાસે આવ્યો અને ગળગળો થઇ કહેવા લાગ્યો કે "મોટી સેનાને તોડી અર્જુન વધતો જાયછે, જયદ્રથના રક્ષકો પણ સંશયમાં આવી પડ્યા છે અને જયદ્રથના રક્ષણના બોજાને લીધે હું પણ બહુ મુંઝાઉંછું. અર્જુન આપના બળ આગળ નહિ વધી શકે એ ખાત્રી ખોટી પડી તેથી, મારે તમને પાંડવોના કાંઇક પક્ષપાતી ધારવા પડેછે. હું તમને મોટામાં મોટી આજીવિકા આપી યથાશક્તિ રાખુંછું પણ તે વાતપર ધ્યાન નહિ દેતાં તમે પાંડવોનું ભલું ચાહોછો. જો મેં આપને આવા પ્રથમ જાણ્યા હોત, તો હું જયદ્રથને યુદ્ધમાંથી ઘેર જતો અટકાવત નહિ; જયદ્રથ યમની દાઢમાંથી મૂકાય પણ અર્જુનના હાથથી છૂટો થવો મુસ્કેલ છે. મહારાજ ! હું અત્યંત ક્રોધને લીધે આ વચનો બોલુંછું પણ આપ કાંઇ નહિ બોલતાં જેમ જયદ્રથનું રક્ષણ થાય તેમ કરો."

"તારા બોલવાપર હું રીસ ચડાવતો નથી. હું તને અશ્વત્થામાજેવોજ ગણુંછું; પણ તને સાચું કહુંછું કે, અર્જુનના ઘોડા બહુ વેગવાળા છે, શ્રી-

કૃષ્ણ તેના સારથિ છે, હું વૃદ્ધ છું અને અર્જુન જુવાન છે, તેથી અર્જુનજેવી ઝડપથી મારાથી દોડી શકાતું નથી. વ્યૂહના મોઢાઆગળ પાંડવોનું લશ્કર આવી પહોંચ્યું છે. વળી મેં યુધિષ્ઠિરને પકડવા પ્રતિજ્ઞા કરી છે અને આ વખતે યુધિષ્ઠિર અર્જુનવગરનો છે. માટે વ્યૂહના મોઢાને છોડી મારાથી અર્જુનની સામે જવાય તેમ નથી. તું રાજા છો, વીર છો અને અર્જુનનો વડીયો છો; માટે તું પોતે તેની પછવાડે પહોંચી સામે થા. કદાચ તું એમ ધારે કે, અર્જુન દ્રોણનું પણ ઉલ્લંઘન કરી ગયો તો હું તેને કેમ જીતી શકું ? દુર્યોધન! એ તારૂં ધારવું ખરૂં ગણાય. અર્જુન કોઇથી જીતી શકાય તેમ નથી. વખતપર ઇંદ્ર જીતી શકાય પણ અર્જુન તો જીતી શકાય તેમ નથીજ. તે મને તથા કૃતવર્મા, શ્રુતાયુ, સુદક્ષિણ, શ્રુતાયુધ, અચ્યુતાયુ અને હજારો મ્લેચ્છોને જીતી અંદર ગયો છે. પણ હું તને એક એવી સગવડ કરી આપું છું કે, તેથી તું તેની સામે ટક્કર લઇ શકશે. આ સોનાનું બખ્તર લે. હું તને તે એવીરીતે બાંધી આપું છું કે, તેને કોઈ શસ્ત્ર ભેદી શકશે નહિ. સઘળું ત્રૈલોક્ય તારી સામે આવે તોપણ તે બખ્તર ભેદાવાની તારે ધાસ્તી રાખવી નહિ."

દ્રોણે બાંધી આપેલ અભેદ્ય બખ્તર પહેરી તૈયાર થયેલો દુર્યોધન મોટા દમામથી અર્જુનની પછવાડે ગયો દુર્યોધન અર્જુનની પછવાડે ગયો કે, વ્યૂહના મુખઆગળ પાંડવો તથા કૌરવો વચ્ચે તુમુલ યુદ્ધ ચાલ્યું. જેમ વર્ષાઋતુના આરંભમાં સામસામાં ભુટકાતાં બે મોટાં વાદળાં શોભે તેમ, તે બે મોટાં સૈન્યો શોભવા લાગ્યાં. જેમ વર્ષાઋતુમાં ગંગા અને યમુના એ બે નદીઓના સમાગમના પ્રદેશમાં વેગ થાય તેમ, તે બે સેનાઓનો પ્રબળ વેગ થયો. દ્રોણ યત્ન કરતા છતાં પણ ધૃષ્ટદ્યુમ્નના જોસને લીધે કૌરવોના સૈન્યમાં ત્રણ વિભાગ થઇ ગયા અને જેમ પ્રમાદી રાજાનો દેશ ચોરોથી પીડાય તેમ કૌરવોની સેના પાંડવોથી પીડાવા લાગી. એ ધૃષ્ટદ્યુમ્ન નથી પણ સાક્ષાત્ કાળ છે, એમ કૌરવોનું સૈન્ય માનવા લાગ્યું. સૂર્યનાં કિરણો, શસ્ત્રો તથા બખ્તરોનો ચકચક થતો ચળકાટ અને ધૂળની બારે ડમરીથી યોદ્ધાઓનાં નેત્રોને પ્રતિઘાત થવા લાગ્યો. બન્ને પક્ષના યોદ્ધાઓ જીવવાની આશા છોડી દઇ, વિમુખ નહિ થતાં યુદ્ધ કરવાજ લાગ્યા. હજારો યોદ્ધાઓનો ઘાણ વળી ગયો. કાગડા તથા શિયાળવગેરે માંસભક્ષક પ્રાણીઓ શબોમાંથી આંતરડાંવગેરેને ખેંચવા લાગ્યાં. આ વખતે ધૃષ્ટદ્યુમ્ન પોતાના રથને દ્રોણના રથસામો ભુટકાવી દઇ તેનું માથું કાપી લેવાના ઇરાદાથી હાથમાં

ઢાલ તરવાર લઇ શત્રુના રથપર ચડી ગયો અને ચારેકોર ફરવા લાગ્યો. જેમ માંસની ઉપર ઝડપ નાખતા બાજનું રૂપ દેખાય તેમ, દ્રોણની ઉપર ઝડપ નાખતા ધૃષ્ટદ્યુમ્નનું રૂપ દેખાવા લાગ્યું. તેવામાં ધૃષ્ટદ્યુમ્નનાં પ્રાણ લે એવું દ્રોણે એક ભયંકર બાણ ફેંક્યું. પણ સાત્યકિએ તે બાણ વચમાંથીજ કાપી નાખ્યું અને જેમ સિંહના મોઢામાંથી હરણને છોડાવે તેમ ધૃષ્ટદ્યુમ્નને છોડાવ્યો. સાત્યકિનું પરાક્રમ જોઇ, ક્રોધ કરી, અસંખ્ય બાણોથી દ્રોણે તેની છાતી વીંધી નાખી. તે બન્ને યોદ્ધાઓને સામસામે લાગેલા જોઈ સઘળા પાંચાલો ધૃષ્ટદ્યુમ્નને દ્રોણના મોહોડાઆગળથી દૂર લઈ ગયા. જાણે આકાશમાં ઉછળતા હોય એવા ધોળા ઘોડાઓથી આચાર્ય પોતાના રથને સાત્યકિસામે લઇ ગયા એટલે તેણે પણ નિર્ભયપણાથી પોતાનો રથ તેની સામે દોડાવ્યો. તે બન્ને યોદ્ધાઓનાં બાણો સામસામાં આવી પડતાં સૂર્યનો પ્રકાશ બંધ પડી ગયો, વાયુનું ચલન અટકી ગયું અને સઘળી દિશાઓ અંધકારમય થઇ ગઇ. જેમ આકાશમાં વાદળાંઓ ભુટકવાથી કડાકા થાય તેમ, પરસ્પરનાં બાણો ભુટકવાથી કડાકા થવા લાગ્યા. બંન્નેનાં ધનુષોની દોરીઓનો વજ્રથી તૂટવા લાગેલા પહાડોના જેવો શબ્દ સંભળાવા લાગ્યો. બન્ને પ્રબળ યોદ્ધાઓ એક બીજાનાં પ્રાણ લેવાની વેતરણ કરવા લાગ્યા. બન્નેનાં છત્રો તથા ધ્વજાઓ કપાઈ ગઇ અને એ બન્નેના શરીરમાંથી લોહીના ધોધ ચાલવા લાગ્યા. આ અદ્ભુત યુદ્ધ, બન્ને પક્ષના બીજા બધા યોદ્ધાઓ લડાઇ બંધ પાડી જોવા લાગ્યા. સાત્યકિએ ઉપરાઉપર દ્રોણાચાર્યનાં સો ધનુષો કાપી નાખ્યાં; તેનું પરાક્રમ જોઇ આચાર્ય મનમાં તેનાં વખાણ કરવા લાગ્યા.

આ પ્રમાણે દ્રોણ તથા સાત્યકિવચ્ચે યુદ્ધ ચાલતું હતું તે વખતે અર્જુન તો જયદ્રથસુધી પહોંચવાના ઇરાદાથીજ પોતાનાં બાણોથી શત્રુના સૈન્યમાં રસ્તો કરતો હતો; અને તે રસ્તા મુજબ શ્રીકૃષ્ણ રથને હાંક્યા જતા હતા. જે જે તરફ તેનો રથ ગયો તે તે તરફ કૌરવોની સેના વીંખાવા લાગી. અર્જુનના ઘોડા ઘણે દૂર જવાથી તથા ઘણા શ્રમથી ભૂખ્યા તરસ્યા થઇ ગયા અને ઘણાં શસ્ત્રો વાગવાથી રથને માંડમાંડ તાણતાં વારંવાર આડા અવળા પગ મૂકવા લાગ્યા. ઘોડા, હાથી અને માણસોનાં શબ તથા રથો ઉપરથી રથને તાણતાં અર્જુનના ઘોડાઓને બહુ શ્રમ પડતો હતો; આ વખતનો લાભ લઇ બિંદ તથા અનુબિંદ એ બે રાજાઓ અર્જુનની સામે થયા, પણ તેણે જરાવારમાં તેઓનાં પ્રાણ લઈ લીધાં.

તે બે રાજાઓના મરણથી ક્રોધ પામી તેના પક્ષના ઘણું યોદ્ધાઓ અર્જુનની સામે થયા, પણ તે તેઓને તુરત કાપી નાખી ગ્રીષ્મ ઋતુમાં વનને બાળી પહોંચી રહેલા અગ્નિની પેઠે શોભવા લાગ્યો. અર્જુન વળી પણ ઘણું ઘણું પરાક્રમ કરતો આગળ વધવા લાગ્યો, તેથી કૌરવોના યોદ્ધાઓ ત્રાસ પામવા લાગ્યા અને રાજી પણ થવા લાગ્યા તથા સિંહનાદ કરવા લાગ્યા; કારણકે અર્જુન થાકેલો હતો અને જયદ્રથ ઘણે દૂર હતો.

ઘોડાઓ અત્યંત થાકી જવાથી તથા તેના શરીરમાં શલ્યો ખુંચી જવાને લીધે અર્જુન તથા શ્રીકૃષ્ણ એ બન્નેના મનમાં ઘોડાઓને વિસામો આપવાનો તથા શલ્યોને કહાડી નાખવાનો વિચાર થયો. તેથી મહાવીર અર્જુન રથમાંથી હેઠે ઉતરી, ગાંડીવ ધનુષ ખેંચી, શત્રુની સામે ઉભા, પોતાનો અપાર ચમત્કાર દેખાડવા લાગ્યો. ઘોડાને પાણી પાવાસારૂ અર્જુને અસ્ત્રથી ધરતીને વીંધી એક તળાવ ઉત્પન્ન કર્યું અને તેની પાસે બાણોનું એક ઘર પણ બનાવી દીધું. આ અદ્ભુત ચમત્કાર જોઈ શત્રુઓ ત્રાસ પામવા લાગ્યા અને શ્રીકૃષ્ણ અર્જુનનાં વખાણ કરવા લાગ્યા. પાણી તૈયાર હોવાથી શ્રીકૃષ્ણે રથઉપરથી હેઠા ઉતરી ઘોડાઓને છોડ્યા અને બાણોના ઘરમાં લઇ જઇ તેઓને ધરતીપર લોટાડ્યા. શ્રમ, ગ્લાનિ, ફીણ તથા કંપને યોગ્ય ઉપચારોથી મટાડી, શલ્યોને કાઢી નાખી, સાફ કરી, તેઓને પાણી પાયું, ધમાર્યા અને જોગાણ પણ ખવરાવ્યું. તે વખત જેમ સ્ત્રીઓના મધ્યમાં હોય તેમ, શત્રુના મધ્યમાં અર્જુન નિર્ભયપણે ઉભો હતો. ઘોડાઓને તાજા કરી શ્રીકૃષ્ણે ફરીથી તેઓને રથમાં જોડ્યા એટલે, અર્જુન તેમાં બેસી પાછો પહેલાંના જેવી ઝડપથી જયદ્રથને મારવાસારૂ આગળ ચાલ્યો.

અર્જુનનું અત્યંત પરાક્રમ તથા તેને અપ્રતિબદ્ધ આગળ વધતો જોઈ શત્રુઓ નિસાસા મૂકી કહેવા લાગ્યા કે 'હાય હાય ! શ્રીકૃષ્ણ તથા અર્જુન જેમ બાળકોના ઘરમાંથી પસાર થાય તેમ આપણા સૈન્યમાંથી પસાર થતા જાયછે. હવે આ સૈન્ય બચે એમ જણાતું નથી. હાય હાય! દુર્યોધનના અપરાધને લીધે સઘળી પૃથ્વીનો ક્ષય થાયછે. દુર્યોધને હવે તો જયદ્રથનાં પ્રેતકાર્યનીજ તૈયારી કરવી જોઇએ.''

શત્રુઓને ઉપર પ્રમાણે બોલતા સાંભળી રાજી થતા શ્રીકૃષ્ણે પોતાના ઘોડાઓને શત્રુઓના સૈન્યમાં મારી મૂક્યા અને પાંચજન્ય શંખનો નાદ કર્યો.



પ્રકરણ ૬૯ મું.

દિવસ ૧૪ મો-ચાલુ.

સાત્યકિની ખબર લેવા કોને મોકલવો?

દ્રોણ તથા કૃતવર્માના સૈન્યમાં અર્જુન તથા શ્રીકૃષ્ણ આગળ વધી પસાર થશે નહિ એ, શત્રુઓની આશા ખોટી પડી. તેઓને મોટા સૈન્યમાં પસાર થતા જોઈ શત્રુઓ ગભરાયા; પણ કેવળ લાજને ખાતર તેઓની સામા થયા. તે વખતે જેઓ બીકને લીધે ભાગી ગયા તેઓજ તેના સપાટામાંથી બચ્યા. જેઓ તેની સામે થયા તેઓ તો જેમ નદીઓ સમુદ્રમાં ગુમ થઈ જાય તેમ ગુમ થઈ જવા લાગ્યા. જેમ મોટા જાળને તોડી બે મત્સ્યો નીકળી જાય તેમ મોટા વ્યૂહને તોડી શ્રીકૃષ્ણ તથા અર્જુન અંદર નીકળી જતાં સઘળા શત્રુ-પક્ષે જીવવાની આશા છોડી દીધી. જેમ ભયંકર જંગલો, પર્વતો તથા સમુદ્રો

ઓળંગી ઘણે વર્ષે સહીસલામત આવેલા બે વ્યાપારીઓ પ્રસન્ન થાય તેમ, અર્જુન તથા શ્રીકૃષ્ણ પ્રસન્ન થવા લાગ્યા. જેમ એક હરણઉપર બે સિંહો ટાંપે તેમ, તે બે જણુ જયદ્રથઉપર ટાંપવા લાગ્યા. આ વખતે અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું કે "આ સામે ઉભેલા છ મહારથીઓના મધ્યમાં રહેલો જયદ્રથ મારી નજરે ચડયો કે તેને મુવેલોજ સમજવો" અને શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું કે "સઘળા દેવતાઓની સાથે ઇંદ્ર જાતે આવી જયદ્રથનો બચાવ કરે તોપણ આપણે આજ તેને છોડવાના નથી." આ પ્રમાણે તેઓ વાત કરતા હતા તે વખતે તે બન્નેનાં મુખ પ્રસન્ન દેખાવા લાગ્યાં અને શત્રુઓ ખેદ પામવા લાગ્યા.

આપણે આગળ વાંચી ગયા છીએ કે, દુર્યોધનના ગભરાવાથી દ્રોણે તેને અભેદ્ય બખ્તર પહેરાવી અર્જુનની પાછળ મોકલ્યો હતો તેથી, તે પોતાના રથને દોડાવતો દોડાવતો અર્જુનની પાસે આવી તેની સામે થયો.

દુર્યોધનને સામે થયેલો જોઈ શ્રીકૃષ્ણ અર્જુનને કહેવા લાગ્યા કે "અર્જુન ! આપણા રથનો અતિક્રમ કરીને આ દુર્યોધન સામે આવ્યો. એ દઢ અસ્ત્રવાળો, વિચિત્ર યુદ્ધ કરનારો, અસાધારણ બળવાન અને પાંડવોનો હમેશનો દ્વેષી છે. તેનીસામે યુદ્ધ કરવાનો આ યોગ્ય સમય છે. તેનીસાથે યુદ્ધ કરવારૂપ જુગારઉપર તમારા જય કે પરાજયનો આધાર છે. દુર્યોધનજ પાંડવોના અનર્થનું મૂળ છે. માટે લાંબા કાળથી ધરી રાખેલ ક્રોધરૂપી ઝેર તેની ઉપર મૂકો, જેથી તે પ્રાણમુક્ત જ થાય. સઘળું બ્રહ્માંડ પણ તમને જીતી શકે તેમ નથી ત્યારે દુર્યોધન તો શું હિસાબમાં ? આજ તે તમારી સાથે યુદ્ધ કરવા આવ્યો તે ઠીક થયું. તેને મારી નાખો એટલે આ મહાભારત યુદ્ધની પૂર્ણાહુતિ જ થઇ જાય."

"હું પણ એજ ઇચ્છુંછું. બીજું સઘળું છોડી દઈ મારા રથને તેની સામે હાંકો. દુર્યોધનનું માથું કાપી નાખું તો સભામાં દ્રૌપદીનાં વસ્ત્ર તથા કેશ ખેંચાયાનો બદલો વળે."

અર્જુનના કહેવાઉપરથી શ્રીકૃષ્ણે પોતાનો રથ દુર્યોધનના રથની સામે હાંક્યો તે પણ નિર્ભયપણાથી ઉભો રહ્યો. પણ કૌરવો તો તેને અગ્નિ..ના મોઢામાં હોમાયેલો જ માનવા લાગ્યા અને "રાજા મુઓ, રાજા મુઓ," એમ બોલવા લાગ્યા. કોલાહલ સાંભળી "નિર્ભય ર" હા. હું, શ્રીકૃષ્ણ તથા અર્જુનને યમપુરીમાં મોકલી આપીશ." એમ કહેતાં . કહેતાં દુર્યોધને અર્જુનને કહ્યું કે "જો તું પાંડુનો દીકરો હો તો તારી [illegible] અસ્ત્રવિદ્યા મને દેખાડ.

તારા તથા કૃષ્ણમાં જે કાંઈ બળ હોય તેનો ઉપયોગ મારાપર કર." એટલું બોલી તેણે ત્રણ બાણો અર્જુનને, ચાર બાણો ઘોડાઓને અને દશ બાણો શ્રીકૃષ્ણને મારી એક ભાલાથી શ્રીકૃષ્ણના હાથમાં રહેલા ચાબુકને કાપી નાખ્યો. અર્જુને ઘણાં ઘણાં બાણો તેનાપર નાખ્યાં પણ તે સઘળાં તેના બખ્તરનો સ્પર્શ કરતાંજ ભાંગીને નીચે પડી ગયાં. એજ પ્રમાણે બીજાં પણ ઘણાં ઘણાં બાણો ઉપરાઉપર નિષ્ફળ થવા લાગ્યાં. તે જોઇ કૃષ્ણ મનમાં વિચાર કરવા લાગ્યા કે "અર્જુનનાં નાખેલાં બાણો આજ કાંઇપણ કામ કરતાં નથી એ નવાઇ જેવું છે. ગાંડીવનું બળ, તેની ભુજાઓનું બળ તથા મુઠીનું બળ પહેલાં જેવુંજ છે કે નહિ!" કૃષ્ણને વિચારમાં પડેલા જોઇ અર્જુન તેનો અભિપ્રાય ચેતી ગયો અને તેણે શ્રીકૃષ્ણને કહ્યું કે "દ્રોણે દુર્યોધનને અભેદ્ય બખ્તર બાંધી આપ્યું છે તેમાં વજ્ર પણ કશું કરી શકે તેમ નથી. બખ્તરસંબંધી એ વિદ્યાને એક દ્રોણાચાર્ય જાણેછે અને તેમના ઉપદેશથી હું જાણુંછું. ત્રીજો કોઇ જાણતો નથી. એ બખ્તરની સગવડને લીધેજ દુર્યોધન આજ મારી સામે નિર્ભયની પેઠે ઉભો છે. પણ બખ્તર પહેરીને જે કરવાનું છે તે કશું જાણતો નથી. જેમ બખ્તર પહેરી કોઇ સ્ત્રી ઉભી હોય તેમ આ દુર્યોધન ઉભો છે." દુર્યોધનનું કોઈપણ અંગ બખ્તરના રક્ષણવગર નહિ જોવામાં આવવાથી અર્જુને પ્રથમ તેના ઘોડા, ચક્રરક્ષક તથા ધનુષને કાપી નાખી તેના નખ અને ટેરવાંઓના મધ્ય ભાગને બાણોથી વીંધી નાખ્યા. વેદનાથી અત્યંત પીડાયેલા દુર્યોધનને મૃત્યુના મોઢામાં આવી પડેલો જોઇ તેનો બચાવ કરવા બીજા હજારો યોદ્ધાઓ મોટી ફોજથી અર્જુનને ઘેરી વળ્યા, પણ તે સઘળાઓને પરાસ્ત કરી અર્જુન થોડીવારમાં લગભગ જયદ્રથસુધી પહોંચી ગયો અને તેના રક્ષકોની સાથે તેણે યુદ્ધ કરવા માંડયું.

અર્જુન જયદ્રથના રક્ષકોની સામે લડતો હતો ત્યાં અપરાહ્નના સમયમાં અર્જુનની પાછળ ઘણે દૂર પાંચાલ લોકો દ્રોણને મારવા તૈયાર થયા અને કૌરવોના યોદ્ધાઓ દ્રોણનો બચાવ કરવા સાવધ બન્યા. એકની સાથે એક અને બીજાની સાથે બાજો એમ ઘણાં ઘણાં દ્વંદ્વ યુદ્ધ ચાલવા લાગ્યાં. દ્રોણ-યુધિષ્ઠિરનું યુદ્ધ થતાં યુધિષ્ઠિરે દ્રોણાચાર્યનું ધનુષ કાપી નાખ્યું અને બ્રહ્માસ્ત્રથી તેનું બ્રહ્માસ્ત્ર વ્યર્થ કર્યું તથા એક સાંગને પણ ભસ્મ કરી નાખી. ધનુષ કપાયાથી આચાર્યે ગદાનો ઘા કર્યો, રાજાએ પણ સામો ગદાનો ઘા કર્યો. તે બન્ને ગદાઓ સામસામી ભટકાઇ તૂટીને ધરતીઉપર પડી ગઈ. અત્યંત

ક્રોધ પામેલા દ્રોણાચાર્યે ચાર બાણોથી યુધિષ્ઠિરના ઘોડાને, એક ભાલાથી ધનુ-ષને અને એક બાણથી ધ્વજાને કાપી નાખી એટલે, ઘોડાવગરના રથમાંથી યુધિ-ષ્ઠિર હેઠે કૂદી પડ્યા; પણ સઘળાં આયુધો કપાઇ જવાને લીધે ઉંચા હાથ કરી રણ-ભૂમિપર ઉભા રહ્યા. આ વખતે દ્રોણાચાર્યે સઘળાઓને ગભરાવી દઇ જેમ સિંહ હરણને પકડવા દોડે તેમ, તે યુધિષ્ઠિરને પકડવા દોડ્યા. પાંડવોના સૈન્યમાં મોટો હાહાકાર થઇ રહ્યો. પણ રાજા તરત સહદેવના રથમાં બેસી પલાયન કરી ગયા. આ ગડબડ જામી રહી હતી તે વખતે ભીમ અને બકાસુરના ભાઇ અલંબુષ રાક્ષસ વચ્ચે યુદ્ધ ચાલતું હતું. અલંબુષે ભીમના પક્ષના સાતસો જણને કાપી ના-ખી તેને એક બાણથી વીંધી મૂર્છિત કરી દીધો. પાંડવોના યોદ્ધાઓ રાક્ષસનું પ-રાક્રમ જોઇ હાહાકાર કરવા લાગ્યા, પણ ભીમે તો ત્વાષ્ટ્ર નામના અસ્ત્રથી રાક્ષ-સને એવો પીડ્યો કે, તે ભીમને છોડી દઇ દ્રોણના સૈન્યમાં નાસી ગયો. પાછો તૈ-યાર થઇને આવતાં ભીમનો દીકરો ઘટોત્કચ તે રાક્ષસની સામે થયો. તે બન્ને રાક્ષસનું રામ અને રાવણના જેવું ભારે યુદ્ધ ચાલ્યું. ઘટોત્કચે પોતાના રથ-માંથી અલંબુષના રથમાં જઇ જેમ ગરૂડ જલાશયમાંથી સર્પને કહાડી લે તેમ, તેણે બન્ને હાથોથી અલંબુષને ઉપાડી રથમાંથી કહાડી ધરતીપર પછાડી પછાડીને તેનાં હાડકાંનું ચૂર્ણ કરી નાખી તેને મારી નાખ્યો. ઘટોત્કચનું અદ્ભુત પરા-ક્રમ જોઇ અત્યંત ચીડાઇ દ્રોણાચાર્યે પાંડવોના સૈન્યને વધારે વધારે પીડવા માંડ્યું અને સાત્યકિને તો એવો માર માર્યો કે, તેને પોતાના કર્તવ્યનું પણ કશું ભાન રહ્યું નહિ. જેમ રાહુ ચંદ્રને ગળી જાય તેમ, દ્રોણ સાત્યકિને ગળી જવા લાગ્યા. જેમ બાળક દોરીથી બાંધેલ પક્ષીસાથે રમે તેમ, દ્રોણ સાત્યકિસાથે રમવા લાગ્યા. તે જોઇ યુધિષ્ઠિરની આજ્ઞાથી ધૃષ્ટદ્યુમ્ન તથા ભીમવગેરે યોદ્ધાઓ સાત્યકિના બચાવમાટે દ્રોણની સામે દોડી ગયા. પણ દ્રોણાચાર્યે પોતાનાં બાણોથી તેઓને એવી મેહમાની આપી કે, તે સઘળા યોદ્ધાઓ કાદવમાં ખું-ચી ગયેલા હાથીઓના જેવી દશામાં આવી પડ્યા અને આચાર્યે મુકેલાં બાણો મધ્યાહ્નકાળના સૂર્યનાં કિરણોની પેઠે તેઓને સંતાપવા લાગ્યાં હજારો યોદ્ધા-ઓને કાપી, કાળની પેઠે મોઢું ફાડીને ઉભેલા આચાર્યને જોઇ પાંડવોના સૈન્યમાં મોટો ત્રાસ વર્ત્તી રહ્યો.

એક બાજુ પાંડવોનું સૈન્ય પીડાતું હતું અને બીજી બાજુ કૌરવોના સૈન્ય-માં ફક્ત શ્રીકૃષ્ણના શંખનોજ નાદ સાંભળવામાં આવતો હતો તેથી યુધિ-ષ્ઠિરે બહુ ગભરાઇ ગળગળા થઇ સાત્યકિને કહ્યું કે "સાત્યકિ! આપત્કાળમાં

ખરા મિત્રને જે કામ કરવાનું છે તે કામ કરવાનો સમય આવ્યો છે. તમો શ્રીકૃષ્ણજેવા જ અમારા મિત્ર છો. માટે હું તમારા ઉપર જે બોજો નાખું તે તમારે ઉપાડવો યોગ્ય છે. મિત્રવાસ્તે જે માણસ રણમાં મરણ પામે તેને સઘળી પૃથ્વીનું દાન કર્યાજેટલું પુણ્ય થાયછે. અમો વનવાસમાં હતા ત્યારે અર્જુને મારી પાસે તમારાં ઘણાં ઘણાં વખાણ કર્યા છે અને પૂરો ભરોંસો દેખાડ્યો છે, માટે હાથ જોડીને હું તમારી સહાયતા માગું છું. અર્જુન કૌરવોની મોટી સેનામાં પેઠેલ છે અને હમણાં ફક્ત પાંચજન્યનો જ નાદ સાંભળવામાં આવેછે. કૌરવો ભારે ગર્જનાઓ કરેછે. રખેને અર્જુનનું કાંઇ વિપરીત થઇ ગયું હોય એવી મને મજબૂત શંકા ઉત્પન્ન થાયછે; માટે તમે જ્યાં અર્જુન ગયો છે ત્યાં જાઓ અને તમારો શંખ બજાવી મને પાછી ખબર આપો. અર્જુનના આગળ કર્ણવગેરેનું સૈન્ય છે અને પાછળ આચાર્યનું સૈન્ય છે; તેની વચમાં ઇંદ્ર જાય તોપણ જોખમમાં આવી પડે એમ હું ધારૂં છું. એકીવખતે ઘણા કામનો બોજો આવી પડે તોપણ તે તમે ઉઠાવી શકો એવા છો અને ધનુર્વિદ્યામાં શ્રીકૃષ્ણ તથા પ્રદ્યુમ્નજેવા છો. અર્જુનની સહાયતા કરો. તે તમારો ગુરુ અને મિત્ર પણ છે. આ બાબતમાં હું તમને વધારે ભલામણ કરવા ધારતો નથી."

"તમો જે કહોછો તે યોગ્ય છે. અર્જુનને માટે હું મારાં પ્રાણ દેવાને પણ તૈયાર છું. હું તમારા કહેવાથી સઘળા ત્રૈલોક્યની સાથે પણ યુદ્ધ કરૂં. હવે હું જયદ્રથ મરાયા પછી અર્જુનની સાથેજ તમારી પાસે આવીશ; પરંતુ મારે જણાવવું જોઇએ કે, અર્જુન તમારા રક્ષણનો સઘળો બોજો મારા ઉપર નાખી આગળ ગયેલ છે. તો હવે હું ગયા પછી તમારા રક્ષણનો બોજો કોણ ઉઠાવશે ? જો આચાર્યના હાથથી તમે પકડાઇ જાઓ તો અમારો વિજય પણ પરાજયજેવો જ થઇ પડે. જ્યાં શ્રીકૃષ્ણ અને અર્જુન સાથે હોય ત્યાં કોઇ જાતની હરકત આવવાનો સંભવ જ નથી. તોપણ તમારા આગ્રહને લીધે હું ત્યાં જવાનું સ્વીકારૂંછું."

"સાત્યકિ ! તમે જે કહોછો તે ખરૂં છે, પણ મારા મનમાંથી શંકા દૂર થતી નથી માટે હું તમને મોકલુંછું. ભીમ, ધૃષ્ટદ્યુમ્ન, ઘટોત્કચ, નકુલ, સહદેવ, વિરાટ, અને દ્રુપદ વગેરે સઘળા યોદ્ધાઓ મારૂં રક્ષણ કરશે એટલે દ્રોણ કોઇ રીતે મને દબાવી શકશે નહિ. ધૃષ્ટદ્યુમ્ન દ્રોણને મારવાજ ઉત્પન્ન થયો છે એ તમે જાણોછો. મારે વાસ્તે કશી ધાસ્તી રાખો માં."

યુધિષ્ઠિરનાં વચન સાંભળી "હું આ વખતે અર્જુનની પાસે નહિ જાઉં

તો લોકો મને બીકણ કહેશે." એમ ધારી તેણે યુધિષ્ઠિરને કહ્યું કે "તમારું રક્ષણ થવાનો તમને બરોબર ભરોસો હોય તો ઠીક છે. મને મારાં પ્રાણ પણ અર્જુનથી વધારે પ્યારાં નથી. જયદ્રથને મારવાવાસ્તે અર્જુન હાલ જે સ્થલમાં છે તે સ્થલ મારા ધારવાપ્રમાણે અહીંથી બાર ગાઉ દૂર છે. તોપણ શત્રુની સેનાને ભેદી હું તુરત અર્જુનની પાસે પહોંચીશ. તમારે કશી ચિંતા કરવી નહિ." એ પ્રમાણે બોલી સાત્યકિએ પોતાના સારથિને ઘોડાને ભોટાડી, ધમારી, જોગાણ ખવરાવી, રથમાં જોડવાની આજ્ઞા કરી. સારથિએ હુકમ-મુજબ યુદ્ધની સઘળી સામગ્રીઓ સજ્જ કરી મદ વધારવાસારૂ ઘોડાઓને શરબત પણ પાયું અને ઘોડા જોડ્યા. સાત્યકિ નાહી, પવિત્ર થઈ, રક્ષાબંધન વગેરે મંગળો કરાવી, હજાર બ્રાહ્મણોને સોનામહોરની દક્ષિણા આપી, આશીર્વાદ લઇ, વીરરસને વધારનારાં મદ્યપાન કરી, માંગલિક પદાર્થોનો સ્પર્શ કરી, યુધિષ્ઠિરનાં ચરણમાં પ્રણામ કરી, હાથમાં ધનુષ બાણ ધરી, રથમાં બેઠો. સાત્યકિને જતો જોઈ ભીમસેન પણ તેની સાથે જવા તૈયાર થયો, પણ "રાજાનું રક્ષણ કરવાનો બોજો તમારીઉપર છે, માટે તમે રાજાની પાસે રહો. મારૂં પરાક્રમ તમારા જાણવામાં છે તેથી મારી કશી ચિંતા રાખવી નહિ. આ સમયનાં શકુનો પણ મારા વિજયનેજ સૂચવેછે; માટે હું એકલોજ શત્રુના સૈન્યને તોડી અર્જુનની પાસે જઇશ. તમે પાછા વળો." એમ કહી ભીમને પાછો વાળી જેમ વાઘ હરણોપર દૃષ્ટિ કરે તેમ, તે શત્રુના સૈન્ય ઉપર દૃષ્ટિ કરતો કરતો અને તેઓને કંપાવતો કંપાવતો આગળ ચાલ્યો. જે માર્ગથી અર્જુન ગયો હતો તે માર્ગથી સાત્યકિ જવા લાગતાં, કિનારો જેમ સમુદ્રના વેગને અટકાવે તેમ દ્રોણે સાત્યકિને અટકાવીને કહ્યું કે "તારો ગુરુ અર્જુન મારી સાથે લડતાં લડતાં બાકણની પેઠે યુદ્ધને અધવચ મૂકી અંદર પેસી ગયો પણ તું જો તે પ્રમાણે નહિ છટકી જાય તો, હું તને અહીંથી જીવતો જવા દેવાનો નથી."

"ગુરુનો રસ્તો પકડવામાં શિષ્યને કશી ખોટ નથી માટે જેમ અર્જુન ગયા છે તેમ, હું પણ તમને પ્રણામ કરી જાઉંછું" એમ કહી આચાર્યને છોડી દઈ, સેનાના બીજા ભાગમાં જઈ, સાત્યકિએ પોતાના ઘોડા મધ્યમ વેગથી હાંકવા સારથિને હુકમ કર્યો. તે આગળ વધતાં કૌરવોના યોદ્ધાઓ ભાગવા લાગ્યા. પણ કૃતવર્માએ પોતાના રથને વચમાં નાખી સાત્યકિને અટકાવ્યો. તેણે એક ભયંકર બાણથી સાત્યકિની છાતી વીંધી તેના ધનુષને પણ કાપી નાખ્યું. સાત્યકિએ બીજું ધનુષ લઈ બાણોથી તેના રથને ઢાંકી દઈ એક ભાલાથી તેના

સારથિનું માથું ઉડાવી દીધું. સારથિવગર ઘોડાઓ હાથમાં નહિ રહેવાથી કૃતવર્માનો રથ દૂર જતો રહ્યો એટલે લાગ મળતાં સાત્યકિ અંદર પેસી ગયો. દ્રોણાચાર્ય બ્યૂહના રક્ષણનો સઘળો બોજો કૃતવર્માઉપર નાખી સાત્યકિની પછવાડે જવા લાગ્યા. તેથી ભીમસેનવગેરે યોદ્ધાઓ દ્રોણને અટકાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા. પણ કૃતવર્માએ તે સઘળાઓને અટકાવી રાખ્યા અને ખૂબ જોસથી લડતાં લડતાં ભીમ તથા શિખંડીને મૂર્છિત કરી દીધા. ધૃષ્ટદ્યુમ્નવગેરે યોદ્ધાઓને કૃતવર્માથી વિમુખ થયેલા જોઇ સાત્યકિ નિમેષ માત્રમાં કૃતવર્માની પાસે આવી તેના ઘોડા, ધનુષ તથા સૈન્યને મારવા લાગતાં, કૃતવર્મા બેહોશજેવો થઇ ગયો અને તેથી તેની સેનામાં ભંગાણ પડ્યું. દ્રોણની મોટી સેનામાંથી નીકળી, કૃતવર્માને પરાસ્ત કરી, તે ત્રિગર્ત્ત દેશના રાજકુમારના અધ્યક્ષપણાતળે રહેલ હાથીઓની ફોજતરફ ચાલ્યો. સાત્યકિનાં વજ્રજેવાં બાણોથી હાથીઓ ચીસો નાખી નાખી લાદ મૂત્ર કરવા લાગ્યા અને ભાગવા, ભમવા, પડવા તથા મરી જવા લાગ્યા. હાથીઓની મોટી ફોજ તૂટી જવાથી જલસંધ નામનો રાજા પોતાનો હાથી લઇ સાત્યકિની સામે આવ્યો. જલસંધે સાત્યકિની છાતીને બહુજ વીંધી નાખી. પરંતુ તેથી જરા પણ કંપાયમાન નહિ થતાં, તેમ જરા પણ સંભ્રમમાં નહિ પડતાં તેણે ત્રણ બાણથી તેના બે હાથ તથા માથાંને કાપી નાખ્યું અને હાથીને ચીસ પડાવી પાછો દોડાવી મૂક્યો. જલસંધ મરાતાં દુર્યોધન તથા તેના બીજા ભાઇઓ પણ સાત્યકિની સામે થયા. સાત્યકિએ દુર્યોધનના ઘોડા તથા સારથિને મારી નાખી છાતીને ભેદી તેને લોહીલુહાણ કરી મૂક્યો. તેમ દુર્યોધને પણ તેને લોહીલુહાણ કરી મૂક્યો. રથ ભાંગી જવાને લીધે દુર્યોધન તુરત પોતાના ભાઇ ચિત્રસેનના રથમાં બેઠો. સૈન્યમાં હાહાકાર વર્ત્તી રહ્યો. હાહાકાર સાંભળી મનમાં ખેદ પામેલો કૃતવર્મા દુર્વચનોથી સારથિનો તિરસ્કાર કરતો કરતો વેગથી રથ હંકાવી સાત્યકિના સામે થયો. જાણે મોઢું ફાડી કાળ આવતો હોય, એમ કૃતવર્માને સામે આવતો જોઇ સાત્યકિએ પોતાનો રથ પણ તેની સામે હંકાવ્યો અને એંશી બાણોથી કૃતવર્માને વીંધી તેના સારથિ તથા ઘોડાને મારી નાખી અર્જુનને જોવાની ઉતાવળને લીધે એક યમદંડ જેવા બાણથી વળી પણ કૃતવર્માને વીંધી નાખ્યો જેથી તે મૂર્છિત થઇ પોતાની બેઠકઉપરથી સારથિની બેઠકઉપર આવી પડ્યો. કૃતવર્માને જીતી આગળ વધવા લાગતાં દ્રોણે ઝેરી સર્પજેવાં ત્રણ બાણો સાત્યકિના કપાળમાં મૂકી દીધાં. એ બન્નેનું યુદ્ધ ચાલતાં એ બેમાં કોણ

અધિક છે એ નિશ્ચય થવો મુસ્કેલ થઇ પડ્યો. પોતાની ચાલાકી વધારે દેખાડવા દ્રોણે ઉપરાઉપર પોતાનાં બાણોથી સાત્યકિનાં કેટલાંએક ધનુષો કાપી નાખ્યાં અને સારથિને મૂર્છિત કરી નાખ્યો. સારથિ મૂર્છિત થયો એટલે તેને સંજ્ઞા પ્રાપ્ત થઇ ત્યાંસુધી સારથિ તથા મહારથી એ બન્નેનું કામ પોતે બજાવ્યું. સારથિને મૂર્છા ઉતર્યા પછી સાત્યકિએ એક બાણથી દ્રોણના સારથિને મારી નાખ્યો અને તેના ઘોડાઓને પણ બાણોથી બહુ વીંધ્યા. આચાર્યનો રથ એક ઠેકાણે નહિ રહેતાં ચકરીઓ ખાવા લાગ્યો. ઘોડાઓને પકડવા વાસ્તે યોદ્ધાઓ દોડાદોડ કરવા લાગ્યા. આ ભંગાણનો લાભ લઇ સાત્યકિ આગળ વધ્યો.

આચાર્ય બીજા સારથિને પોતાના રથઉપર બેસાડી સાત્યકિની સામે જવાનું ધારતા હતા તેવામાં પાંડવો તથા પાંચાલોએ વ્યૂહને તોડી નાખ્યો એટલે વ્યૂહનું રક્ષણ કરવા તેને મોરચામાં ઉભું રહેવાની ફરજ પડી.

ખડના વનમાં જેમ અગ્નિ ચાલે તેમ સાત્યકિ કૌરવોના સૈન્યમાં પ્રવેશ કરતો ગયો અને પોતે અદ્દ્ભુત પરાક્રમ કરવા છતાં પણ એમ માનવા લાગ્યો કે, જેઓને અર્જુને મારી મૂકેલા છે તેઓને જ હું મારૂંછું, એમાં કાંઇ પરાક્રમ કહેવાય નહિ. જે રસ્તે અર્જુન ગયા હતા તે રસ્તે આગળ વધતાં કૃતવર્માના સૈન્યરૂપી સમુદ્રને તરી બીજી સેનાને તો સાધારણ નદી જેવી ગણવા લાગ્યો. આ વખતે ગાંડીવનો શબ્દ કાને પડવાથી, ઉડતી રજ જોવામાં આવવાથી અને સૈન્યની થતી ભારે દોડાદોડ ઉપરથી ધારવા લાગ્યો કે "અર્જુન હવે વધારે દૂર નથી. આ સમય શકુનો પણ સારાં થાયછે, માટે નિશ્ચય થાયછે કે, અર્જુન સૂર્યાસ્તપહેલાં જ જયદ્રથને મારશે."

સાત્યકિ આગળ વધતાં વધતાં મ્લેચ્છોના લશ્કરની સામે થયો અને તેપર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યો. યવનોનાં માથાંઓ, ભુજાઓ, બખ્તરો અને શસ્ત્રો કપાઇ ઉડવા લાગ્યાં. પૃથ્વીપર માંસ અને લોહીના કાદવ બની ગયા. ચોટલાવગરનાં અને લાંબા દાઢીવાળાં યવનોનાં માથાંઓથી રણભૂમિ આચ્છાદિત થઇ ગઇ. મ્લેચ્છોના સૈન્યમાં સાત્યકિએ પ્રલયકાળ વર્તાવી મેલ્યો અને અવશેષ રહેલા યવનો પોતપોતાનાં વાહનોને દોડાવતા દોડાવતા ભાગી ગયા. સાત્યકિના ત્રાસથી દુર્યોધન તથા દુઃશાસનવગેરે તેના ભાઇઓ મારો, કાપો, એમ બોલતા બોલતા સાત્યકિની સામે ચડી આવ્યા પણ સાત્યકિએ બાણોના અતિ પ્રબળ વેગથી તેમના સૈન્યના ત્રણસો ઘોડા અને ચારસો

હાથીને કાપી નાખ્યા. સાત્યકિનું કોઇ પણ બાણ ખાલી નહિ પડતાં જેમ ટાઢથી ગાયો ધ્રુજે તેમ, કૌરવોના યોદ્ધાઓ ધ્રુજવા લાગ્યા; તેણે દુઃશાસનવગેરે યોદ્ધાઓનાં બાણો કાપી નાખી દુર્યોધનના સારથિને મારી નાખ્યો એટલે તેના ઘોડાઓ બહુ પીડાવાથી પવનજેવા વેગથી ભાગી ગયા. વળી પાછો ફરી દુર્યોધન પથરાઓથી લડનારા મ્લેચ્છ લોકોના ત્રણ હજાર સ્વારો, એક હજાર રથ, બે હજાર હાથી અને હજારો પ્યાદલોને સાથે લઇ સાત્યકિની સામે આવ્યો. દુઃશાસનની પ્રેરણાથી હજારો યવનો સાત્યકિની સામે મોટા મોટા પથરાઓ ફેંકવા લાગ્યા પણ સાત્યકિએ પોતાનાં ભયંકર બાણોથી પથરાઓનાસાથે તેઓનાં માથાંઓને પણ ઉડાવવા માંડ્યાં. સાત્યકિનાં બાણોથી કપાતા પથરાઓની લાખો કરચો પ્યાદલો તથા સ્વારોઉપર પડતાં વ્યથાને લીધે તેઓમાં ભારે હાહાકાર વર્ત્તી રહ્યો. સાત્યકિના ત્રાસથી ભાગી દુઃશાસન દ્રોણના રથની પાસે આવ્યો. દુઃશાસનને પાસે આવેલો જોઈ આચાર્યે તેને પૂછ્યું કે "તમો સઘળા ભાગીને મારી પાસે કેમ આવ્યા? દુર્યોધન કુશળ છે? જયદ્રથ જીવેછે ? તું રાજાનો પુત્ર તથા રાજાનો ભાઇ છો; તને યુવરાજની પદવી મળી છે, છતાં તું યુદ્ધમાં કેમ ભાગેછે? "તું જુગારમાં જીતાયાથી અમારી દાસી થયેલી છે અને તારા પતિઓ જીવતે મુઆજેવા થઇ ગયા છે; માટે હવે તું મારા મોટા ભાઇનાં કપડાં ઉપાડવાનું કામ કરજે." એ પ્રમાણે દ્રૌપદીને કહેનારો તું જ છે, પાંડવો તથા પાંચાલોસાથે મોટું વેર ઉત્પન્ન કરનાર પણ તું જ છે, છતાં એકલા સાત્યકિથી ડરીને કેમ ભાગી આવ્યો! જુગારની સભામાં નાખવામાં આવતા પાસા કાળોતરા નાગરૂપે પરિણામ પામશે એમ નહિ જાણતો હતો! તારૂં અભિમાન અને પરાક્રમ ક્યાં ગયાં! ઝેરી સર્પોજેવા પાંડવોને કોપાયમાન કરી હવે તું ક્યાં જશે? મારે દુર્યોધનના ભાગ્યનો અફસોસ કરવો પડેછે કે, તેને તારા જેવા દુષ્ટ અને બીકણ ભાઇ છે. એક સાત્યકિની સાથે લડતાં તને ભાગવાનું મન થયું તો હવે અર્જુન કે ભીમ તારી નજરે પડશે ત્યારે તું શું કરશે! તારે ભાગવાનું જ મન હોય તો જ્યાં સુધી અર્જુનનાં બાણો તારા શરીરપર પડ્યાં નથી અને ભીમની ગદા દુર્યોધનના શરીરપર પડી નથી તેની પહેલાં યુધિષ્ઠિરને રાજ્ય આપી દે. તારૂં લોહી પીવાની ભીમસેનની પ્રતિજ્ઞા ખરી પડશે એમ હું ધારૂંછું."

દ્રોણાચાર્યનાં કઠોર વચન સાંભળી દુઃશાસન કંઇ પણ બોલ્યો નહિ. પણ નીચે મોઢે પાછો વળી નહિ સાંભળેલાંજેવું કરી મોટા સૈન્યની સાથે સાત્યકિની

સામે જઇ ભારે સાવચેતીથી યુદ્ધ કરવા લાગ્યો.

દુઃશાસન સાત્યકિની સામે થયા પછી દ્રોણાચાર્ય પણ પાંડવોના યોદ્ધાઓને જેમ પવન વાદળાંઓને વીંખી નાખે તેમ, વીંખવા લાગ્યા. જેમ પર્વતના શિખરઉપરથી ચંપકનું ઝાડ નીચે પડે તેમ, વીરકેતુ નામના પાંડવોના પ્રબળ યોદ્ધાને પાડી આચાર્ય ભારે સિંહનાદ કરવા લાગ્યા. પાંડવોના તથા ધૃષ્ટદ્યુમ્નના નેત્રોમાંથી આંસુ પડવા લાગ્યાં. ધૃષ્ટદ્યુમ્ન અપાર વેગથી બાણોની વૃષ્ટિ કરવા લાગ્યો; પણ તેથી કશી વ્યથા નહિ પામતાં દ્રોણ હસતાં હસતાં યુદ્ધ કરવા લાગ્યા. ધૃષ્ટદ્યુમ્ને એંશી બાણોથી દ્રોણની છાતીને અત્યંત વીંધી નાખી તેથી તે મૂર્છિત થઇ રથમાં પડી ગયા. આ વખતનો લાભ લઇ ધૃષ્ટદ્યુમ્ન હાથમાં ઢાલ તરવાર લઈ દ્રોણનું માથું કાપી લેવા પોતાના રથમાંથી ઉતરી શત્રુના રથઉપર ચડી ગયો. પણ થોડીવારમાં સંજ્ઞા પ્રાપ્ત થતાં આચાર્યે શત્રુને પોતાના રથપર આવેલો જોયો. આ વખતે મોટાં બાણો નાખવાનું અંતર તૂટી જવાથી વેંતીયાં બાણોથી તેણે ધૃષ્ટદ્યુમ્નને વ્યથિત કરી નાખ્યો. વેંતીયાં બાણ નાખવાની વિદ્યા આચાર્યસિવાય બીજું કોઇ જાણતું નહિ હતું. વ્યથા પામી શત્રુના રથ ઉપરથી ઉતરી ધૃષ્ટદ્યુમ્ન પાછો પોતાના રથઉપર આવી બેઠો. બન્ને યોદ્ધાઓ અદ્ભુત યુદ્ધ કરવા લાગ્યા. આખર ધૃષ્ટદ્યુમ્નના સારથિનું માથું કપાવાથી તેનો રથ દૂર ચાલ્યો ગયો.

આચાર્યનાં ક્રોધ ભરેલાં વચનોઉપરથી સાત્યકિની સામે થયેલો દુઃશાસન નિર્ભયપણાથી ઉભો રહી બહુબહુ પરાક્રમ દેખાડવા લાગ્યો. પણ સાત્યકિએ તેના રથને બાણોથી અદૃશ્ય કરી જેમ કરોળીયો પોતાના જાળાથી મચ્છરને વીંટી લે તેમ, તેણે તેને વીંટી લીધો. ભીમની પ્રતિજ્ઞાનું સ્મરણ કરી સાત્યકિએ તેનું માથું કાપી લીધું નહિ અને તેને છોડી તે અર્જુનપાસે જવાસારૂ આગળ વધવા લાગ્યો.

અર્જુન તથા સાત્યકિના પહોંચવાથી કૌરવોના વ્યૂહના અંતમાં ભારે સંગ્રામ થવા લાગ્યો અને પાંડવો તથા દ્રોણાચાર્યના સમાગમથી વ્યૂહના મુખમાં પણ અતિ ઉગ્ર લડાઇ ચાલતી હતી. દ્રોણાચાર્યની ઉપર બન્ને પ્રદેશનું જોખમ સાચવવાની ફરજ આવી પડી. તેણે પાંડવોના પક્ષના બૃહત્સેન, તથા બૃહત્ક્ષત્ર નામના બે મોટા યોદ્ધાઓનાં પ્રાણ લીધાં. ધૃષ્ટકેતુને પણ યમપુરીનો મેહમાન કરી દીધો. દ્રોણના રથ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં યોદ્ધાઓનો પ્રલય થતો

જોવામાં આવ્યો. તેનાં નામાંકિત બાણોથી હજારો હાથીઓ, પ્યાદલો તથા રથવાળાઓ મરણ પામ્યા. વાતરોગથી જાણે ઝલાઇ ગયા હોય તેમ તેના વેગથી સઘળા પાંચાલો નિર્વેગ થઈ ગયા.

બન્ને સૈન્યમાં ભારે કતલ ચાલતાં "દુર્યોધનનું ભુંડું થજો. ફક્ત તેના જ અપરાધથી હજારો ક્ષત્રિયો કપાઇ જાયછે અને કાગડા, કૂતરાં વગેરે માંસભક્ષક પ્રાણીઓના ખોરાકરૂપ થાયછે" એમ બધા ક્ષત્રિયો બોલવા લાગ્યા. આ વખતે અર્જુન તથા સાત્યકિ કૌરવોના સૈન્યમાં અત્યંત દૂર પેસી ગયા હતા તેથી તેઓ કોઇપણ રીતે નજરે ન પડવાથી અથવા તો તેનાં ધનુષોનો તથા સિંહનાદોનો અવાજ પણ કાને ન પડવાથી યુધિષ્ઠિરને ભારે ચિંતા થઇ અને તે કહેવા લાગ્યા કે "મેં અર્જુનની મદદમાટે સાત્યકિને મોકલ્યો છે તેનો પણ કશો પત્તો જણાતો નથી. થોડા વખત પહેલાં એક અર્જુનની ચિંતા થતી હતી અને હાલ તે બન્નેની ખબર મેળવવાની મારાપર ફરજ આવી પડી છે. હું સાત્યકિની ખબર મેળવવા પ્રયત્ન ન કરૂં તો લોકો મને ધિક્કારશે, માટે હવે સાત્યકિની ખબર લેવા કોને મોકલવો ?"

પ્રકરણ ૭૦ મું.

દિવસ ૧૪ મો ચાલુ.

જયદ્રથનું મરણ.

રાજા યુધિષ્ઠિર, સાત્યકિ તથા અર્જુનની ખબર મેળવવા-માટે બહુ ચિંતાતુર થઇ ગયા હતા; તેવામાં એ બન્નેની ખબર લેવા ભીમને મોકલવા યોગ્ય છે એમ વિચાર થવાથી તેણે પોતાના રથને ભીમની પાસે હંકાવ્યો. ત્યાં જઇ તેણે તેને કહ્યું કે "શત્રુના સૈન્યમાં પેઠેલા અર્જુન તથા સાત્યકિનો કશો પત્તો નથી. ફક્ત શ્રીકૃષ્ણના પાંચજન્યનો જ શબ્દ સંભળાયછે અને તેથી તે બન્નેવિષે મારા મનમાં વિપરીત વિચારો આવ્યા કરેછે. મારૂં માનો તો વ્યૂહની અંદર તેઓની પાસે તમો જાઓ. મને જેટલી અર્જુનની ચિંતા થાય તેથી વધારે સાત્યકિની થાયછે. તમારાસિવાય ત્યાં મોકલવા મારી બીજા કોઇપર પણ નજર પહોંચતી નથી. તમે ત્યાં જઇ તેને દેખો કે, સિંહનાદથી મને ખબર આપજો."

"શ્રીકૃષ્ણ તથા અર્જુન કોઇ પણ રીતે ભયમાં આવી પડે એવો સંભવ નથી. તોપણ હું આપની આજ્ઞા માથે ચઢાવી વ્યૂહમાં જાઉંછું. ત્યાં તેમને

મળી હું મારા સિંહનાદથી આપને ચેતવણી આપીશ." એ પ્રમાણે કહી ભીમે યુધિષ્ઠિરનો હાથ ધૃષ્ટદ્યુમ્નના હાથમાં આપ્યો અને કહ્યું કે "મહારથી દ્રોણ, રાજાને પકડવા ટાંપી રહ્યા છે. જેટલી તેનું રક્ષણ કરવાની જરૂર છે તેટલી અર્જુન તથા સાત્યકિની ખબર મેળવવાની જરૂર નથી: તોપણ આજ્ઞાનો ભંગ ન થાય તેટલામાટે હું તેઓપાસે જાઉંછું."

ઉપર પ્રમાણે ધૃષ્ટદ્યુમ્નને ભલામણ આપી અને તેમના તરફથી રાજાના બચાવમાટે બધી તરેહની ખાત્રી થતાં ભીમ યુધિષ્ઠિરને પ્રણામ કરી, બ્રાહ્મણોનો આશીર્વાદ લઇ, મદ્યપાન કરી, શસ્ત્રો તથા અસ્ત્રોને સજ્જ કરી, કૌરવોના સૈન્ય તરફ ચાલ્યો. તેણે મારવા માંડેલા યોદ્ધાઓ તેને છોડી દઇ પોતપોતાના ઘોડાને દોડાવતા દોડાવતા ભાગવા લાગ્યા. પોતાના યોદ્ધાઓને ભાગતા જોઇ આચાર્ય ભીમની સામે થયા અને તેના કપાળમાં ત્રણ બાણ મારી કહ્યું કે "મને હરાવ્યાવિના તારાથી વ્યૂહમાં પેસી શકાશે નહિ. તારો નાહાનો ભાઇ અર્જુન તો મારી સંમતિથી મારૂં માન રાખી વ્યૂહમાં પેઠો છે." "દુષ્ટ બ્રાહ્મણ! ઇંદ્રના સૈન્યમાં પણ પેસવાની શક્તિ ધરાવનારા અર્જુનને તારી સંમતિ લેવાની કશી જરૂર પડે જ નહિ. કદાચ તેણે તારૂં માન રાખ્યું હશે. પણ તેથી તારે મને દયાળુ અર્જુન સમજવો નહિ. આ તો તારાં પ્રાણ લેનારો ભીમ છે. તને ગુરૂ માની અમો નમતા હતા પણ તું તારા હાથથીજ અમારો શત્રુ થયો છે: હવે આ ભીમસેનનો સપાટો જોઇ લે." એ પ્રમાણે બોલતાં બોલતાં તેણે પોતાની ગદા ફેરવી દ્રોણની ઉપર મારી. પણ નસીબજોગે દ્રોણ રથમાંથી કુદી પડ્યા અને તેનો રથ, ઘોડા, સારથિ તથા બીજા પણ યોદ્ધાઓ કચરાઇ ગયા. દ્રોણનો પરાભવ થવાથી દુર્યોધનના સુષેણ તથા દીર્ઘનેત્ર વગેરે ઘણા ભાઇઓ ભીમની સામા થયા. પણ તે સઘળા જરાવારમાં જ પરલોકમાં પહોંચી ગયા. આચાર્ય બીજા રથમાં બેસી ભીમની સામા થયા એટલે ભીમ રથમાંથી ઉતરી, પાળો થઇ, આંખો મીંચી, ખભા ઉપર માથું રાખી, બન્ને હાથને છાતીમાં રાખી, આંખળીયાં કરી, મોટા વેગથી દ્રોણની સામે દોડ્યો. જેમ મોટો ખુંટ વરસાદના ધારાઓને સહન કરે તેમ, ભીમે દ્રોણનાં બાણોની વૃષ્ટિને સહન કરી, તેના રથ સુધી પહોંચી જઇ, એક હાથે ઉંધ પકડી, ઉપાડી, તેના રથને ફેંકી દીધો. આચાર્ય તે રથમાંથી ઉતરી બીજા રથમાં બેસી વળી પણ ભીમની સામે આવ્યા. ત્યારે તે રથને પણ તેણે પહેલાંની પેઠેજ ઉડાવી દીધો. આ પ્રમાણે જાણે રમતો હોય તેમ દ્રોણના આઠ રથો

ફેંકી દઈ યોદ્ધાઓને વિસ્મય પમાડી પાછો પોતાના રથમાં બેસી વ્યૂહની અંદર પેઠો. જેમ ગંગાનો વેગ વૃક્ષોને તોડી નાખે તેમ, કૃતવર્માની સેના તથા બીજાં ઘણા ઘણા યોદ્ધાઓને તોડી ભીમસેન આગળ વધ્યો ત્યાં અર્જુન અને સાત્યકિ એ બન્ને તેના જોવામાં આવ્યા. તેથી તેણે મોટા મોટા સિંહનાદો કર્યા. તે સિંહનાદો સાંભળી અર્જુન, શ્રીકૃષ્ણ તથા સાત્યકિએ પણ સામા સિંહનાદો કર્યા.

કૌરવોના સૈન્યમાં ભીમ, શ્રીકૃષ્ણ, સાત્યકિ તથા અર્જુને કરેલા સિંહનાદો સાંભળી પાંડવોના સૈન્યમાં યુધિષ્ઠિર બહુ રાજી થયા અને હર્ષાને મનમાંનેમનમાં બોલવા લાગ્યા કે "ભીમસેન! મારૂં વચન તમે બરાબર પાળ્યું, હવે જેઓના તમે દ્વેષી છો તેઓ કદી પણ જીતવાના કે જીવવાના નથી. શ્રીકૃષ્ણ, અર્જુન તથા સાત્યકિ જીવેછે એ ઘણું સારૂં થયું. અર્જુન સૂર્યાસ્તપહેલાંજ જયદ્રથને મારી, મારી પાસે આવશે અને દુર્યોધન એટલેથીજ શાંત થઈ અમારી સાથે સમાધાન કરશે."

ભીમને ભારે ગર્જના કરતો અને હજારો યોદ્ધાઓનો નાશ કરતો જોઈ મહાવીર કર્ણ પોતાનું બળ બતાવવા તેની સામે થયો. કર્ણ અને ભીમસેનના ધનુષનો ટંકાર સાંભળી સઘળા યોદ્ધાઓ ચકિત થઈ ધ્રુજવા લાગ્યા. બન્ને યોદ્ધાઓનાં શરીરોમાંથી લોહીની ધારાઓ ચાલવા લાગી પ્રહારથી પીડાએલો અને ભય પામેલો કર્ણ પોતાના સારથિ અને ઘોડાઓને કપાયેલા જોઈ રથમાંથી ઉતરી પોતાના દીકરા વૃષસેનના રથમાં બેઠો. અર્જુન, સાત્યકિ અને ભીમ એ ત્રણે યોદ્ધાઓ જયદ્રથની પાસે પહોંચ્યા. કર્ણનો પરાભવ થયો અને પોતાના સૈન્યને નાસિપાસ થયેલું જોઈ ઘણાં કાર્યોની ચિંતાને લીધે મનમાં ગભરાઇ ગયેલો દુર્યોધન પોતાના રથને દોડાવી દ્રોણની પાસે જઈ ક્રોધના વેગથી બોલ્યો કે " અર્જુન, ભીમ તથા સાત્યકિ એ ત્રણે મહારથિઓ સઘળા સૈન્યને જીતી જયદ્રથની પાસે પહોંચી ચૂક્યા. કદાચ અર્જુન અતિરથી હોવાને લીધે આપના બળથી નહિ દબાતાં અંદર ચાલ્યો ગયો એ તો ઠીક, પણ સાત્યકિ અને ભીમ આપના બળથી ન દબાયા એ તો સમુદ્રના શોષણ જેવું આશ્ચર્યકારી છે. આપની અપકીર્ત્તિ થાય એવી લોકો વાતો કરેછે. દુર્ભાગ્યના યોગને લીધે મારો વિનાશ જ પ્રાપ્ત થયો છે એમ હું ધારૂંછું. નહિતો એ ત્રણે જણ આપના હાથમાંથી કેમ છટકી જાય ? જે બનવાનું હતું તે બન્યું હવે જે આપને બોલવાનું હોય તે બોલી નાખો. જયદ્રથના રક્ષણનો

સમય પ્રાપ્ત થયો છે માટે જેમ યોગ્ય લાગે તેમ તુરત ગોઠવણ કરો."

"બાપ! દુર્યોધન! વિચાર તો ઘણા કરવાના છે. પાંડવોના ત્રણ મહારથીઓ વ્યૂહના છેડામાં પહોંચ્યા છે અને બાકીના મહારથીઓ વ્યૂહના અગ્રમાં વધતા આવેછે. આપણી સેનાને જેટલો પાછલા ભાગથી ભય છે તેટલોજ આગલા ભાગથી પણ ભય છે. તેમાં પણ પાછલા ભાગની ધારતી ઘણું પ્રબળ છે. આપણી સેના બન્ને ભાગમાં જોખમમાં આવી પડી છે. તમે શકુનિની બુદ્ધિને અનુસરી જે જુગાર રમ્યા તેનું આ ફળ પ્રાપ્ત થયું. જુગારની સભામાં થયેલા જયપરાજય ખરા નહિ હતા, પણ આ સંગ્રામમાં જે જયપરાજય થશે તે ખરા છે. શકુનિ જેઓને પાસા માનતો હતો તેઓ આજ બાણરૂપે પરિણામ પામેલા છે. તમે પોતે તુરત હવે ત્યાં જઇ જયદ્રથના રક્ષકોનું રક્ષણ કરો. હું તો આ સેનાના અગ્રમાંજ ઉભો રહી જોસથી વધતા આવતા પાંડવોના યોદ્ધાઓને રોકી રાખીશ."

ઉપર પ્રમાણે આચાર્યનાં વચન સાંભળી દુર્યોધન મરણીઓ થઇ ત્યાંથી દોડ્યો. વચમાં અર્જુનના ચક્રરક્ષક યુધામન્યુ અને ઉત્તમૌજા જેઓ કૃતવર્માએ અટકાવી રાખવાથી વ્યૂહમાં પેસી શક્યા ન હતા તેઓ સેનાથી બહારના ભાગમાં ચાલી પડખાના ભાગને તોડી સૈન્યમાં પાછા પેઠા હતા. વેગથી દોડ્યો જતો દુર્યોધન તેઓને પડખેથી આવતા જોઇ તેઓની સાથે લડવા લાગ્યો. ઉત્તમૌજાના ઘોડા મરી જવાથી તેણે પોતાના ભાઇ યુધામન્યુના રથમાં બેસી બાણોથી દુર્યોધનના ઘોડા તથા ધનુષને કાપી નાખ્યું. ક્રોધથી વ્યાપ્ત થયેલો દુર્યોધન રથમાંથી ઉતરી હાથમાં ગદા લઇ તેઓની સામે દોડ્યો. એટલે તેઓ રથમાંથી કુદી પડ્યા. એ વાતની દુર્યોધનને ખબર નહિ રહેતાં તેણે પોતાની ગદાથી તેઓના રથ, ઘોડા તથા સારથિને ચગદી નાખ્યા. આ પ્રમાણે તે બન્નેનો પરાભવ કરી દુર્યોધન શલ્યના રથમાં બેઠો. તેટલા વખતમાં યુધામન્યુ તથા ઉત્તમૌજા બીજા રથમાં બેસી અર્જુનની પાસે પહોંચી ગયા.

ભીમસેન કર્ણનો પરાજય કરી અર્જુનની પાસે જતો હતો તેટલામાં કર્ણે ભીમસેનને હાક મારી કહ્યું કે "ભીમ! અર્જુનને મળવાની ઉતાવળથી મને પીઠ શામાટે દેખાડેછે? આમ કરવું એ કુંતીના પુત્રને ઘટતું નથી." કર્ણની હાકથી અસહનતાથી ઘેરાયેલો ભીમ પોતાના રથને ફેરવી કર્ણની સામે આવ્યો. પણ પોતે અર્જુનસિવાય કોઇપણ પાંડવને નહિ મારવાનું કુંતીને જે વચન આપ્યું હતું તેનું સ્મરણ રાખી કર્ણ કોમળતાથી યુદ્ધ કરવા લાગ્યો. ભીમ તેથી

પોતાનું અપમાન સમજી જેમ પાકેલ ખેતરની ઉપર ટીડો પડે તેમ ભયંકર બાણો કર્ણની ઉપર નાખવા લાગ્યો અને કર્ણને રથવગરનો કરી દીધો. કર્ણને રથવગરનો જોઇ દુર્યોધને પોતાના દુર્મુખાદિ ઘણા ભાઇઓને તેની સહાયતા માટે મોકલ્યા. પણ ભીમસેન તો પોતાને ખાજ મળ્યું એમ માનવા લાગ્યો અને થોડીવારમાં તેઓને યમપુરીના મેહેમાન બનાવી દીધા. કર્ણ પણ ત્યાં રથમાં બેસી પાછો આવી પહોંચ્યો અને ભીમની સાથે લડવા લાગ્યો. દુર્યોધનના ભાઇઓને પોતાની નજરઆગળ રણભૂમિમાં પડેલા જોઇ કર્ણ પોતાને અપરાધીજેવો માનવા લાગ્યો અને જીવવાથી જાણે કંટાળી ગયો હોય એવો થઇ ગયો. ભીમસેન તો પૂર્વના વૈરનું સ્મરણ કરી કરી તેના ઉપર હજારો બાણો ફેંકવા લાગ્યો. બન્ને યોદ્ધાઓ લોહીના ઝરાને ઝરવા લાગ્યા, રથોથી ડાબાં જમણાં મંડળોમાં ફરવા લાગ્યા અને સિંહોની પેઠે ગર્જના કરવા લાગ્યા. કર્ણ ભીમસેનના વેગથી વારંવાર ખસી દૂર જતો અને તેણે મારી નાખેલા દુર્યોધનના ભાઇઓને જોઈ જોઈ લાંબાલાંબા, ઉના અને ઊંડા નિસાસા મૂકી પાછો ભીમની સામે આવતો હતો. કર્ણની સહાયતામાં આવેલા બીજા શત્રુંજયાદિ દુર્યોધનના ભાઇઓ ભીમના હાથથી મરણ પામ્યા. પણ તેમાં વિકર્ણનું મરણ થવાથી ભીમ અત્યંત શોક કરવા લાગ્યો અને કહેવા લાગ્યો કે "વિકર્ણ! તું જુગારની સભામાં ન્યાયનાં વચન બોલ્યો હતો તેથી મારે તને ન મારવો જોઇએ, પણ મારી પ્રતિજ્ઞાનું રક્ષણ કરવા અને તું મારી સાથે યુદ્ધ કરવા આવ્યો તેથી મેં તને માર્યો છે. તું અમારા અને વિશેષ કરી યુધિષ્ઠિરના હિતમાં રાજી હતો. પણ જ્યાં ભીષ્મને પણ મારવા પડ્યા ત્યાં તને મારવાનો શું શોક કરૂં?" આ પ્રમાણે ભીમસેને વારંવાર ઘણો વિલાપ કર્યો અને વળી કર્ણની સામે લડવા માંડ્યું. કર્ણ અને ભીમસેનનાં દૂર જતાં બાણોથી બીજા યોદ્ધાઓ પણ મરવા લાગ્યા. કૌરવોના સૈન્યમાં ભાગનાસ થઇ પડી. ભીમે કર્ણનાં લગોલગ અઢાર ધનુષ કાપી નાખ્યાં. કર્ણ અને ભીમનાં બાણોનો પરસ્પર સંઘર્ષ થવાથી આકાશમાં અગ્નિ ઉત્પન્ન થયો, પવન બંધ પડી ગયો અને જગત્ અંધકારમય થઇ ગયું. ભીમના પરાક્રમને નહિ ગણકારી કર્ણ ઘણા ઉગ્ર વેગથી ભીમઉપર ચડી આવ્યો અને તેણે પોતાનાં અસ્ત્રની માયાથી ભીમનાં ધનુષ, દોરી, ઘોડા, લગામ તથા સારથિને વીંધી નાખ્યાં. ભીમે સાંગનો ઘા કર્યો તે સાંગને પણ તેણે કાપી નાખી. "કાંતો જીવવું અને કાંતો મરવું" એમ ધારી ઢાલ તરવાર લઇ દોડી જઇ તરવારનો ઘા કરી ભીમે કર્ણના ધનુષને

કાપી નાખ્યું. કર્ણે પણ ભીમનાં સઘળાં શસ્ત્રોને કાપી નાખ્યાં. આયુધોરહિત થયેલો ભીમ અર્જુને મારેલા પહાડ જેવા હાથીઓને જોઈ કર્ણના રથનો પ્રવેશ અટકાવવાસારૂ તેના સમૂહમાં પેસી ગયો અને જીવવાની આશાથી એક મોટા હાથીના શબને હાથથી ઉપાડી આડું દઈ ઉભો રહ્યો; પણ કર્ણે ભીમની સમીપમાં પહોંચી બાણોથી હાથીને તોડી નાખ્યા. ભીમે હાથી, ઘોડા તથા રથોને ઉપાડી ઉપાડી કર્ણની ઉપર ફેંકવા માંડ્યા. આખર વ્યાકુલ થયેલા ભીમનો વધ કરવાનો કર્ણને લાગ આવ્યો પણ કુંતીને આપેલ વચનનું સ્મરણ કરી ભીમનો વધ નહિ કરતાં ભીમના શરીરમાં પોતાના ધનુષની અણી ઘોંચી. ધનુષની અણી વાગવાથી ભીમે કર્ણના તે ધનુષને ખેંચી લઈ તેજ ધનુષ તેના માથામાં માર્યું. કર્ણે બીજું ધનુષ લઇ ભીમને કહ્યું કે "તું મારા જેવાઓની સાથે યુદ્ધ કરવાનો અધિકારીજ નથી. જ્યાં ખાવા પીવાનું ઘણું હોય ત્યાંજ જવાને તું લાયક છો." એ પ્રમાણે ઘણાં ઘણાં દુર્વચનો બોલી વળી પણ ધનુષ તેના શરીરપર ઘોંચવા લાગ્યો અને કહ્યું કે "મૂર્ખ ! તું ઘેર જતો રહે અથવા અર્જુનની પાસે જા. તું નથી જાણતો કે મારી સામે લડવાથી આવા સંસ્કાર થાયછે."

કર્ણનાં દુર્વચનોથી વ્યાકુલ થઇ ભીમે તેને કહ્યું કે "અરે નીચ ! તારામાં જો બળ હોય તો મારી સાથે મલ્લયુદ્ધ કર. જેમ મેં કીચકને માર્યો હતો તેમ જ હું તને હમણાં મારી નાખું."

ભીમનો મલ્લયુદ્ધ કરવાનો અભિપ્રાય જાણવામાં આવતાં બુદ્ધિમાન્ કર્ણ ભીમથી છેટે ઉભો રહી ઘણાં ઘણાં દુર્વચનો સંભળાવવા લાગ્યો અને છેટે છેટે જવા લાગ્યો. કર્ણ ભીમથી દૂર ગયો એટલે ભીમ સાત્યકિના રથમાં બેસી અર્જુનની પાસે આવવા લાગ્યો. સાત્યકિ અને ભીમ શત્રુઓની મોટી સેનાને તોડી અર્જુનની પાસે પહોંચ્યા. જેમ જળમાં તરી તરીને થાકી રહેલાને સ્થળ પ્રાપ્ત થવાથી આશ્વાસના મળે તેમ, તેઓને ત્યાં આશ્વાસના મળી.

જેમ મૃગોનાં ટોળાંમાંથી સિંહો આવે તેમ સાત્યકિ અને ભીમને આવતા જોઈ અર્જુન બહુ કચવાવા લાગ્યો. "સાત્યકિ યુધિષ્ઠિરને છોડી દઇ અહીં આવેછે એ બહુ ભૂંડું કર્યું. યુધિષ્ઠિરે પોતાના રક્ષણની ચિંતા છોડી દઈ સાત્યકિને અહીં મોકલ્યો એ બહુ મોટી ભૂલ કરી. જેમ બાજ માંસની ઉપર ટાંપે તેમ, દ્રોણ યુધિષ્ઠિરની ઉપર ટાંપ્યા કરેછે. વળી સાત્યકિ હજુ પૂરી રીતે મારી પાસે આવી પહોંચ્યો નથી તેટલામાં ભૂરિશ્રવા તેની સામે થયો. હવે મારે સાત્ય-

કિને બચાવવાનો, અને યુધિષ્ઠિરના રક્ષણનો પણ વિચાર કરવો જોઇએ. જયદ્રથને પણ સૂર્યાસ્તપહેલાંજ મારવો છે. સૂર્યાસ્તને પણ થોડીજ વાર છે. સાત્યકિ, તેના ઘોડા તથા સારથિ થાકી ગયેલ છે; ભૂરિશ્રવા તાજો છે; રખેને આ યુદ્ધમાં તેની ખરાબી થાય ?" અર્જુન એ પ્રમાણે બોલતો હતો તેટલામાંજ ભૂરિશ્રવા તથા સાત્યકિ યુદ્ધ કરવા લાગ્યા. બન્નેની ઢાલ તરવાર પણ કપાઇ જવાથી તેઓ મલ્લયુદ્ધ કરવા લાગ્યા. બન્ને પોતાની ચાલાકી બતાવવા લાગ્યા. સાત્યકિ ઘણાઓની સાથે લડીને આવેલો હોવાથી થાકેલો હતો અને ભૂરિશ્રવા તાજો હતો તેથી મલ્લયુદ્ધમાં સાત્યકિ ભૂરિશ્રવાના બળથી દબાવા લાગ્યો. આ વખતે ભૂરિશ્રવાએ સાત્યકિને ધરતીપર પછાડી, ચોટલો પકડી, છાતીમાં પાટુ મારી તેનું માથું કાપી લેવાની તૈયારી કરતાં જેમ કુંભાર ચાકડાને ફેરવે તેમ સાત્યકિએ પોતાનું માથું ચકરચકર ફેરવવા માંડ્યું. જેમ સિંહના હાથથી હાથી માર્યો જાય તેમ, ભૂરિશ્રવાના હાથથી સાત્યકિને માર્યો જતો જોઈ શ્રીકૃષ્ણે તેનો બચાવ કરવા અર્જુનને પ્રેરણા કરી. "મારી નજર જયદ્રથઉપર લાગેલી છે; હું સાત્યકિને દેખતો નથી." એમ બોલતાં બોલતાં અર્જુને ગાંડીવમાંથી એક તીક્ષ્ણ બાણ ફેંકી ભૂરિશ્રવાનો ખડ્ગસહિત હાથ કાપી નાખ્યો.

હાથ કપાયો અને પોતાનો પ્રયત્ન નિષ્ફળ થયેલો જોઇ સાત્યકિને છોડી દઇ ભૂરિશ્રવાએ અર્જુનને કહ્યું કે "તેં મારો હાથ કાપી નાખ્યો એ બહુ ભુંડું કર્યું. દ્રોણ, ઇંદ્ર અને રૂદ્ર એઓમાંથી 'આ પ્રમાણે કરવું' તને કોણે શિખવ્યું હતું ? અસ્ત્રના ધર્મને જાણનાર અને લોકોમાં સૌથી અધિક છતાં તારી સાથે યુદ્ધ નહિ કરનાર ઉપર તને ઘા કરવાનું મન કેમ થયું ? કુલીન માણસના હાથથી આવું અધમ કામ થાય એ ઘણું શોચનીય છે. તને કૃષ્ણજેવા નીચ યાદવની સોબત છે તેથી તો તેં આવું નીચ કામ કર્યું ન હોય ?"

"તું જે કાંઇ બોલેછે તે સઘળું વ્યર્થ છે. ક્ષત્રિયો પોતાના મિત્રો અને સંબંધીઓના આશ્રયથી યુદ્ધ કરેછે. તે પ્રમાણે સાત્યકિ પણ મારા આશ્રયતળે રહી યુદ્ધ કરતો હતો તેને, હું મારી નજરઆગળ શત્રુના હાથથી મરવા આપું તેમાં મને મોટો દોષ લાગે. હું યુદ્ધોના સઘળા ધર્મોને જાણુંછું. યુદ્ધમાં પોતાના શરીરનો બચાવ કરવો એટલુંજ નહિ, પણ પોતાના પક્ષમાં રહીને જે, શત્રુસાથે યુદ્ધ કરતો હોય તેનો તો પ્રથમ બચાવ કરવો જોઇએ. જેટલા પ્રદેશમાં મારૂં બાણ પહોંચે તેટલામાં મારા કોઇપણ મિત્રને કોઇ શત્રુના

હાથથી મરવા ન આપું એ મારી પ્રતિજ્ઞા છે. સાત્યકિ ઘણા ઘણાની સાથે યુદ્ધ કરી કરીને થાકી ગયો હતો તેવી સ્થિતિમાં તું તેને મારી નાખવા ધારે એ તો તારૂં ધર્મ યુદ્ધ હશે ?" અર્જુનનાં વચન સાંભળી ચુપ થઇ ડાબા હાથથી દર્ભનું બિછાનું કરી મરતાંસુધી અન્ન જળનો ત્યાગ કરવાનું વ્રત લઈ ભૂરિશ્રવા પરમાત્માનું ધ્યાન કરવા લાગ્યો. કૌરવો અર્જુનને ધિક્કારવા લાગ્યા. તેઓને પણ અર્જુને જવાબ આપ્યો કે "તમે સઘળા જાણોછો કે, હથિયાર-વગરના શત્રુને મારવો એ અધર્મ છે પણ જેના હાથમાં હથિયાર હોય તેને મારવામાં અધર્મ નથી. અભિમન્યુ કે જે રથવગર, બખ્તરવગર, હથિયાર-વગર અને બાળક હતો તેને મારવામાં તમો કોઇએ પણ કેમ અધર્મ ગણ્યો નહિ ?"

અર્જુન એ પ્રમાણે બોલતો હતો તેટલામાં રણભૂમિમાંથી ઉઠી ખડ્ગ લઇ કૃષ્ણ, અર્જુન, ભીમસેન, અશ્વત્થામા, કર્ણ, કૃપાચાર્ય તથા બીજા પણ યોદ્ધા-ઓએ તેમ કરવાની ના પાડવા છતાં પણ કોઇનું નહિ માનતાં સાત્યકિએ ભૂરિશ્રવાનું માથું કાપી લીધું અને તેથી કૌરવો તેને ધિક્કારવા લાગ્યા.

"તમે સઘળા અધર્મી છતાં હમણાં ધર્મનો ઝભ્ભો પહેરી મને ધિક્કારો-છો. અભિમન્યુને માર્યો તે વખત તમારો ધર્મ ક્યાં ગયો હતો? અર્જુને પો-તાની પ્રતિજ્ઞાનું રક્ષણ કરવા ભૂરિશ્રવાનો હાથ કાપી મને ઠગ્યો છે. જો હું એ પ્રમાણે નહિ ઠગાયો હોત તો ધરતીપર પડેલો પડેલો પણ ભૂરિશ્રવાને માર્યા-વિના રહેત નહિ. શત્રુઓને પીડા થાય તેવું કામ ગમે તે વખતમાં પણ કરવું એવું વાલ્મીકિનું વચન છે. તો તે પ્રમાણે મેં આ કામ કર્યું છે."

સૂર્યાસ્ત થવાની તૈયારી હતી, સૂર્યાસ્તપહેલાં જયદ્રથ ન મરે તો અગ્નિ-માં પડી બળી મરવાની અર્જુને પ્રતિજ્ઞા લીધી હતી, ઘણા ઘણા મહારથીઓ જયદ્રથનું રક્ષણ કરતા હતા અને અધૂરામાં પૂરૂં "તારે બળ દેખાડવાનો આ ખરેખર સમય છે; અર્જુનના હાથથી જયદ્રથ ન મરે એવો યત્ન કર. તું જી-વતો છતાં અર્જુન જયદ્રથને મારે એ વાત અસંભવિત છે. સૂર્યાસ્ત થતાં-સુધી જયદ્રથ બચે તો અવશ્ય આપણો જય છે. અર્જુનની પ્રતિજ્ઞા ખોટી પડે તો આપણે નિષ્કંટક રાજ્ય કરીશું. શલ્ય, કૃપાચાર્ય, અશ્વત્થામા, દુઃશાસન અને હું જયદ્રથનું રક્ષણ કરીએ છીએ. સૂર્યાસ્તની તૈયારી છે અને બીજા પણ ઘણા ઘણા વીર લોકો લડેછે. માટે તું જા તારૂં પરાક્રમ બતાવ." આ પ્રમાણે દુર્યોધને કર્ણને બહુ બહુ ઉશ્કેર્યો હતો તેથી " સૂર્યાસ્તપહેલાં જયદ્રથ મરશે કે નહિ."

એમ અર્જુનને ચિંતા થવા લાગી. તોપણુ અર્જુને ઘણુા વેગથી તે વખતે શત્રુની સેનાને બાળવા માંડી. અર્જુનની ભુજાઓનું બળ, ગાંડીવનું બળ અને બાણોનું અક્ષયપણું શત્રુઓને ભારે ત્રાસદાયક થઇ પડ્યું. કોઇના પણ દિવ્યાસ્ત્રને ન ગણુકારી અર્જુન આગળ વધતો ગયો. "કર્ણ! ઉભો રહે, હું અર્જુન છું." "અર્જુન! ઉભો રહે, હું કર્ણ છું." એમ તેઓ પરસ્પર બોલવા લાગ્યા. તેવામાં અર્જુને કર્ણના ઘોડા તથા સારથિને મારી નાખી તેને દિગ્મૂઢ જેવો કરી નાખ્યો. બાર વર્ષસુધી પડેલ સંકટનું સ્મરણ કરતાં અર્જુન અપરિમિત બાણોથી સઘળી દિશાઓને ઢાંકી દઈ ગાંડીવનો ટંકાર કરી સઘળા યોદ્ધાઓને વિસ્મય આપવા લાગ્યો. સઘળી દિશા અર્જુનનાં અસ્ત્રમયજ જોવામાં આવી. અર્જુનના ઇંદ્રાસ્ત્રના પ્રભાવને લીધે કૌરવોની સેનામાં મોટો પ્રલયકાળ વર્ત્તી રહ્યો. શબોથી ધરતી છવાઈ રહી, લોહીની નદીઓ ચાલવા લાગી, અર્જુનનો રથ એકી વખતે સઘળી દિશાઓમાં ફરતો જોવામાં આવ્યો અને યોદ્ધાઓનાં મસ્તકો તાડનાં ફળોની પેઠે ટપોટપ પડવા લાગ્યાં. માંસના ભક્ષણમાં ઉત્સાહવાળા પિશાચો નૃત્ય કરવા લાગ્યા. આ વખતે જયદ્રથે ત્રણ બાણથી શ્રીકૃષ્ણને, છ બાણથી અર્જુનને અને આઠ બાણથી તેના ઘોડાને વીંધ્યા. અર્જુને એકી વખતે બે બાણથી જયદ્રથનો ધ્વજ અને સારથિનું માથું ઉડાવી દીધું. સૂર્યાસ્તનો સમય લગભગ આવી પહોંચ્યો. જયદ્રથ જીવવાની ઇચ્છાથી છ મહારથીઓના મધ્યમાં ઉભો હતો અને તે છ યોદ્ધાઓને જીત્યાવિના જયદ્રથને મારવો અશક્ય હતો; તેથી જયદ્રથને તેઓના વ્યૂહમાંથી છુટો પાડવાસારૂ અર્જુનની સંમતિથી શ્રીકૃષ્ણે સૂર્યને ઢાંકી દેવા ગોઠવણુ કરી અને અર્જુનને મજબૂત ભલામણુ આપી કે "સૂર્યને અસ્ત પામેલો જાણી જયદ્રથ છ મહારથીઓના યૂથમાંથી જુદો પડે, કે તરતજ તેને તમારે મારી નાખવો. સૂર્યાસ્ત થઇ ગયાની શંકા રાખવીજ નહિ." તેમ કરવાની હા પાડવી મહાયોગી શ્રીકૃષ્ણે પોતાના યોગથી અંધકાર ઉત્પન્ન કરી સૂર્યને ઢાંકી દીધો.

સૂર્યને અસ્ત પામેલો જાણી દુર્યોધન વગેરે સઘળા યોદ્ધાઓ તથા જયદ્રથ અર્જુનની પ્રતિજ્ઞાનો ભંગ થવાની આશાથી પોતાનાં મોહોડાં ઉંચાં ઉંચાં કરીને સૂર્યાસ્તનો નિશ્ચય કરવા લાગ્યા. આ વખતે અર્જુને તે સઘળા મહારથીઓને બાણોથી વીંધી, વ્યાકુલ કરી, એક ભયંકર બાણુ ગાંડીવમાં સાંધી વજ્રાસ્ત્રનો પ્રયોગ કર્યો. "સૂર્ય આથમેછે માટે જયદ્રથનું માથું તુરત કાપી

નાખો અને તેનું માથું એવી યુક્તિથી ઉડાવો કે, તેનો બાપ વૃદ્ધક્ષત્ર આ રણભૂમિથી થોડેજ છેટે તપ કરેછે ત્યાં તેના ખોળામાં પડે. જયદ્રથના માથાંને ધરતીપર નાખે તેના માથાંના સો કટકા થઇ જાય એમ વૃદ્ધક્ષત્રે જયદ્રથને આશિષ આપી છે તે આશિષ તેનેજ ફળીભૂત થાય તેમ કરો." શ્રીકૃષ્ણનાં વચનઉપરથી અર્જુને વજ્રાસ્ત્રના પ્રયોગથી જયદ્રથના માથાંને તરત ઉડાવી દીધું અને બીજાં બાણોના યોગથી તે માથાંને અધર ને અધર આકાશમાં ચલાવી તેના પિતાના ખોળામાં નાખ્યું. તેનો પિતા પ્રાણાયામ કરતો હતો તેથી તેને એ માથું આવી પડવાની કશી ખબર રહી નહિ. પ્રાણાયામ પૂરો કરી વૃદ્ધક્ષત્ર ઉઠવા ગયો કે તરતજ, તેના ખોળામાંથી જયદ્રથનું માથું નીચે પડી ગયું અને તે વખતે જ તેના માથાંના પણ સો કટકા થઈ ગયા.

અર્જુનનાં બાણોથી વ્યાકુળ થયેલા દુર્યોધન તથા કર્ણ વગેરે યોદ્ધાઓ અર્જુનની ચાલાકી જોઈ વિસ્મય પામ્યા. પણ તેણે સૂર્યાસ્તપછી જ જયદ્રથનું માથું કાપ્યું છે એમ ધારતા હતા તેટલામાં શ્રીકૃષ્ણે અંધકારને દૂર કરી નાખ્યો એટલે તેઓ નિરાશ થઇને રોવા લાગ્યા. શ્રીકૃષ્ણ, અર્જુન, ભીમ તથા સાત્યકિએ પોતપોતાના શંખોના નાદ કર્યા. એ શંખોનો મોટો નાદ કાને પડવાથી યુધિષ્ઠિરે જયદ્રથનો વધ થયેલો જાણી પોતાની સેનામાં વાજાં વગડાવ્યાં. જયદ્રથનો વધ થયો જાણી હર્ષથી ઉન્મત્ત થયેલા યુધિષ્ઠિરવગેરે સઘળા યોદ્ધાઓ દ્રોણની સામે પ્રબળ યુદ્ધ કરવા લાગ્યા. જયદ્રથનાં મરણને લીધે કૃપાચાર્ય, કર્ણ, અશ્વત્થામા અને બીજા પણ યોધ્ધાઓ અર્જુનઉપર તીક્ષ્ણ બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા. ગુરુપણાનું માન રાખવા અર્જુન, કૃપાચાર્યઉપર મંદવેગવાળાં બાણો નાખતો હતો તોપણ તેનાં બાણોથી કૃપાચાર્ય મૂર્છિત થઇ ગયા અને સારથિ તેના રથને દૂર લઇ ગયો. અશ્વત્થામા પણ અર્જુનનાં મોહોડાં આગળથી ખસી ગયો અને બીજા પણ સઘળા યોધ્ધાઓને ભાગી જવાની જરૂર પડી. આ વખતે કર્ણ સાત્યકિની સાથે લડવા લાગ્યો. કર્ણ રથમાં બેઠો હતો અને સાત્યકિ રથવગરનો હતો તેથી શ્રીકૃષ્ણે પ્રભાતમાં પોતાના કરેલા ઠરાવપ્રમાણે શંખના ઋષભસ્વરથી પોતાના સારથિ દારુકને ચેતવણી આપી કે તરત તે રથને લઇને હાજર થયો. શ્રીકૃષ્ણની આજ્ઞાથી સાત્યકિ તે રથમાં બેસી કર્ણની સામે લડવા લાગ્યો. યુધામન્યુ તથા ઉત્તમૌજા પણ અર્જુનના રથનું રક્ષણ છોડી દઇ કર્ણની સામે લડવા લાગ્યા. ભૂરિશ્રવા અને જયદ્રથના મરણના શોકથી ઘેરાયેલો કર્ણ ઘણી ક્રૂરતાથી બાણોની વૃષ્ટિ કરવા

લાગ્યો. સાત્યકિએ તેના સારથિ તથા ઘોડાને મારી નાખ્યા અને કર્ણનાં ગાત્રોને ભેદી નાખ્યાં. કર્ણ હાંફતો હાંફતો દુર્યોધનના રથમાં જઇ બેઠો. કર્ણને માટે બીજો રથ આવવાથી તે તેમાં બેસી સાત્યકિસામે યુદ્ધ કરવા લાગ્યો. કર્ણે યુદ્ધના સમયમાં જે વચનો કહ્યાં હતાં તે સંબંધી ભીમની ફરિયાદ સાંભળી અર્જુને કર્ણને કહ્યું કે "અરે ! સૂતપુત્ર ! તેં ભીમસેનને ઘણાં દુર્વચનો કહ્યાં એ મોટો અધર્મ કર્યો છે. ભીમસેને તને ચાર વાર ઘણીવાર રથવગરનો કરી નાખ્યો તોપણ તેણે તને કશું દુર્વચન કહ્યું નહિ અને તેં એકવાર તેને હરાવી ઘણાં દુર્વચનો કહ્યાં ? તેં ભીમને દુર્વચનો કહ્યાં અને અધર્મથી અભિમન્યુનું ધનુષ ભાંગી નાખ્યું માટે મેં જેમ તને મારવાની પ્રતિજ્ઞા કરી છે તેમ તારી નજરઆગળ તારા દીકરા વૃષસેનને પણ મારવાની પ્રતિજ્ઞા લઉંછું."

આ વખતે સૂર્યનો અસ્ત થયો જાણી અર્જુનના રથને પાછો વાળી તેને રણભૂમિ દેખાડતા દેખાડતા તથા શંખનાદ કરતા કરતા શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરના પાસે આવ્યા.

પાંડવો અને કૌરવો વચ્ચેની દુશ્મનાઇનો અંત કૌરવોના નાશથી જ આવ્યો તેમ આતંકનિગ્રહ ગોળીઓ અને દરદોવચ્ચેની દુશ્મનાઇનો અંત દરદોનો સમૂળ નાશ થયા પછી જ આવશે.



પ્રકરણ ૭૧ મું.

દિવસ ૧૪ માનું રાત્રિયુદ્ધ.

ઘટોત્કચનું મરણ.

પ્રતિજ્ઞા સફળ કરી, સંગ્રામમાં વિજય મેળવી, પોતાપાસે પાછા આવતા શ્રીકૃષ્ણ તથા અર્જુનને જોઈ આનંદનાં આંસુઓથી ઘેરાઈ ગયેલા યુધિષ્ઠિરે રથમાંથી ઉતરી પડી પાસે આવેલા શ્રીકૃષ્ણ તથા અર્જુનનું આલિંગન કર્યું અને ગદ્ગદ્ કંઠથી કહ્યું કે "આજ જયદ્રથના વધરૂપી વધામણી સાંભળી મને જે હર્ષ થયો છે તેનું હું વર્ણન કરી શકતો નથી. તમો બન્નેને મોટા બોજામાંથી મુક્ત થઈ આવેલા દેખું છું તેથી હું મારાં ભાગ્યની મહત્તા માનતો નથી પણ આપ (શ્રીકૃષ્ણ) નીજ મહત્તા માનું છું. આપના આશ્રયથી જ મેં યુદ્ધનો ઝુંડો ઉઠાવેલો છે અને આપના આશ્રયથી જ અમારો વિજય થશે એમાં

કશો સંશય નથી." એમ કહી ધન્યવાદ આપી અને અર્જુનના મોહોડાને વસ્ત્રથી લુંછી પોતાના પવિત્ર હાથથી તેનો વાંસો થાપડ્યો.

'અમો તો નિમિત્તમાત્ર છીએ. તમારૂં તપ, ધર્મ, ભલાઇ અને સારલ્યના પ્રભાવથીજ પાપી જયદ્રથ મરણ પામ્યો છે. આપના આશીર્વાદના પ્રભાવને લીધે જ અર્જુને હજારો યોદ્ધાઓને મારી જયદ્રથને માર્યો છે. બુદ્ધિ, બાહુની શક્તિ, ધૈર્ય અને ચાલાકીમાં અર્જુનસમાન બીજો કોઇ પણ યોદ્ધા નથી. આપના કોપરૂપી અગ્નિથી જ કૌરવોના મોટા યોદ્ધાઓ તથા જયદ્રથ બળી ગયેલ છે. હવે પણ જે શત્રુઓ મરશે તે પણ આપના કોપરૂપી અગ્નિથીજ મરી જશે. જેઓના ઉપર તમારો કોપ છે તેઓ કદી પણ મૃત્યુને વશ થયાવિના રહેવાના નથી."

ઉપર પ્રમાણે યુધિષ્ટિર અને શ્રીકૃષ્ણ વાતો કરેછે તેટલામાં ભીમ, સાત્યકિ, યુધામન્યુ તથા ઉત્તમૌજા રણભૂમિમાંથી આવી યુધિષ્ટિરને પ્રણામ કરી હાથ જોડી ઉભા રહ્યા. બીજી વાર પણ આનંદનાં અશ્રુથી ઘેરાયેલા યુધિષ્ઠિરે તેઓને અભિનંદન આપ્યું. પાંડવોની સેનામાં અપાર આનંદ વર્ત્તી રહ્યો અને વિજય મળવાની મજબુત આશા બંધાઇ.

જયદ્રથના મરણથી નિસાસા મૂકતો, નિરાશ થયેલો, શોકના આંસુઓથી ઘેરાયેલો અને સર્વ લોકમાં અપરાધી ઠરેલો દુર્યોધન મનમાં બહુ ચિંતા કરવા લાગ્યો. "દ્રોણ, કર્ણ, અશ્વત્થામા અને કૃપાચાર્ય કોઇ પણ અર્જુનની સામે યુદ્ધ કરવા સમર્થ નથી. અર્જુને મારા સઘળા મહારથીઓને જીતી જયદ્રથને માર્યો ? તેને કોઇ અટકાવી શક્યા નહિ. જેના બળઉપર આધાર રાખી સભામાં શ્રીકૃષ્ણની માગણીને પણ મેં તુચ્છકારી કહાડી તે કર્ણ પણ યુદ્ધમાં હારી ગયો. હવે હું મારા સઘળા સૈન્યને મૃત્યુના તંત્રમાં જ આવેલું સમજાુંછું." એ પ્રમાણે મનમાં મુંઝાઇ ગયેલો દુર્યોધન દ્રોણની પાસે આવ્યો અને કહ્યું કે "આચાર્ય ! જુઓ ભીષ્મને શિખંડીએ માર્યા અને જયદ્રથને અર્જુને માર્યો. મારૂં ભલું ઇચ્છીને જ તે મરણ પામ્યા છે. તે કરજમાંથી હું શી રીતે મુક્ત થઇશ ? મારા બધા યોદ્ધાઓ મને નિર્બળ અને પાંડવોને સબળ માનેછે. ભીષ્મે પોતાના મરણનો રસ્તો યુધિષ્ટિરને પોતાની જીભથી જ બતાવી આપ્યો અને આપ પણ અર્જુનને શિષ્ય ગણી અમારી ઉપેક્ષા કરોછો. જે પુરૂષ મિત્રના ચિત્તની ખરી પરીક્ષા કર્યાવિના તેને અગત્યના કામમાં જોડે તેનું કામ કદી બગડ્યાવિના રહેતું નથી. મારૂં કામ મિત્રોએ જ બગાડી દીધું. ખરા

દિલવાળો તો એક કર્ણ જ મારા જોવામાં આવેછે. જયદ્રથ, ભૂરિશ્રવા વગેરે ઘણા યોદ્ધાઓ અને બીજા પરચુરણ તો અસંખ્ય મારે વાસ્તે રણનાં કામ આવ્યા. હવે તેઓવિના મારે જીવવાનું કશું પ્રયોજન નથી. હું મારા ધર્મ અને દીકરાઓના સોગન ખાઇને કહુંછું કે "સઘળા પાંડવો અને પાંચાલોને માર્યાવિના અથવા રણભૂમિમાં મરણ પામ્યાવિના મને શાંતિ મળવાની નથી. માટે હું તો હમણાં જ યુદ્ધ કરવાને ચડુંછું. આપને પાંડવોઉપર શિષ્યભાવને લીધે સ્નેહ છે માટે અમોને અમારી મરજીપ્રમાણે કરવાની રજા આપો."

દુર્યોધનનાં દુર્વચનોથી બહુ જ ખેદ પામેલા દ્રોણ જરાવાર મનમાં વિચાર કરીને બોલ્યા કે "દુર્યોધન! યુદ્ધમાં અર્જુન કોઇથી જીતાય તેમ નથી એમ મેં તને વારંવાર કહ્યું છે તેમ છતાં પણ તું મને દુર્વચનોથી શામાટે વીંધેછે! ભીષ્મ પડ્યા ત્યારથીજ મેં નિશ્ચય કર્યો છે કે, આપણી સેનામાં કંઇ પણ માલ નથી. જુગારની સભામાં વિદુર ખરાં વચનો બોલતા હતા તેને કાન દીધો નહિ તેનું આ ફળ થયું. મારાજેવો બીજો કયો અભાગિયો બ્રાહ્મણ હોય કે દીકરાજેવા ધર્માત્મા શિષ્યોનો દ્રોહ કરે અને અધર્મી શિષ્યોનું ખરા દિલથી ભલું કરતાં છતાં પણ ઠપકાને પાત્ર થાય. તું, કર્ણ, કૃપાચાર્ય, શલ્ય અને અશ્વત્થામા જયદ્રથનું રક્ષણ કરવા સજ્જ થઇ ઉભેલા છતાં સર્વના મધ્યમાંથી જયદ્રથ કેમ માર્યો ગયો? જયદ્રથને પોતાના રક્ષણનો ભરોસો વિશેષે કરી તારા અને મારાપર હતો. હું તો તેનું રક્ષણ કરી શક્યો નહિ, માટે હું હવે પોતાને જીવવાને યોગ્ય સમજતો નથી. હું મને પોતાને ધૃષ્ટદ્યુમ્નના હાથથી મુએલો જ દેખુંછું. પણ અફસોસ એટલો જ છે કે, હજુ મેં સઘળા પાંચાલોને માર્યા નથી. સઘળા પાંચાલોને માર્યાવિના બખ્તર છોડવું નહિ એ મારી પ્રતિજ્ઞા છે. પણ મને ભય લાગેછે કે, તે પ્રતિજ્ઞા પાર પડ્યાવિના હું મરી જઇશ. દુર્યોધન! તારાં દુર્વચનોરૂપ બાણોથી વીંધાયેલો હું તો હવે શત્રુઓની સેનામાં પ્રવેશ કરૂંછું અને રાત્રિનું યુદ્ધ પણ ચાલુ કરૂંછું. મારી દૃષ્ટિ હવે યુદ્ધ કરવાઉપર રહેશે. માટે તારાથી જો બની શકે તો સૈન્યનું રક્ષણ કરજે. મારા મરણ પછી અશ્વત્થામાને ભલામણ આપજે કે, તે જીવતો હોય ત્યાંસુધી પાંચાલોને છોડે નહિ અને સર્વદા ધર્મના કામમાં તત્પર રહે." એમ કહેતાં કહેતાં દ્રોણાચાર્ય પરબારા યુદ્ધને માટે ચડ્યા અને દુર્યોધન પણ ક્રોધને લીધે યુદ્ધને વાસ્તે જ તૈયાર થયો.

દ્રોણ યુદ્ધભૂમિતરફ ગયા પછી દુર્યોધને કર્ણને કહ્યું કે "જો દ્રોણની

ચસ્મપોષી ન હોય તો અર્જુન મોટા વ્યૂહનું ભેદન કેમ કરી શકે? તેણે યુદ્ધ કર્યાવગર જ અર્જુનને રસ્તો આપી દીધો.”

“દુર્યોધન! આચાર્ય જીવવાની પણ સ્પૃહા નહિ રાખતાં પોતાની શક્તિપ્રમાણે યુદ્ધ કરેછે; તેના ઉપર દોષ મૂકવો યોગ્ય નથી. અર્જુન દ્રોણનું ઉલ્લંઘન કરીને જ વ્યૂહમાં પેઠો હતો તેમાં કશો તેનો અપરાધ નથી. અર્જુન ચતુર, જુવાન, શૂર, ચાલાક અને અસ્ત્રવિદ્યાનો પરમ અભ્યાસી છે. વળી શ્રીકૃષ્ણની સહાયતાવાળો છે. તેની પાસે રથ, ગાંડીવ, ભાથાં તથા બખ્તર વગેરે સઘળાં સાધનો કોઇ અપૂર્વ ચમત્કારવાળાં છે; તે દ્રોણને જીતી ગયો એ કાંઇ નવાઇજેવું નથી. આચાર્ય વૃદ્ધ છે, રથનો વેગ પણ સહન કરી શકે તેમ નથી અને જુવાનના જેવી હાથની કસરત કરવામાં પણ અશક્ત છે. તેનો કશો દોષ મારા જોવામાં આવતો નથી. આપણે સઘળા જયદ્રથનું રક્ષણ કરતા છતાં તે માર્યો ગયો; તેથી હું તો એમ ધારૂંછું કે, દૈવના કર્ત્તવ્ય આગળ કોઇનું બળ ચાલતું નથી. આપણે કપટો પણ કર્યાં અને પરાક્રમ પણ કર્યાં; દૈવ આપણા સઘળા ઉદ્યોગને તોડી નાખેછે. જેનું દુર્ભાગ્ય હોય તે પુરૂષ જે જે કામ કરે તે તે કામને દૈવ તોડી પાડેછે. આપણી પાસે જેટલી સેના અને જેટલા મહારથીઓ છે તેટલી સગવડ પાંડવોને નથી એમ ધારી યુદ્ધ શરૂ કર્યું છે; છતાં આપણી ધારણા નિષ્ફળ થાય તેમાં દૈવસિવાય બીજા કોઇનો દોષ નથી; હવે તો યુદ્ધમાં મંડ્યા રહો. જેમ આપણા યોદ્ધાઓ તેમ પાંડવોના યોદ્ધાઓ પણ મરેછે.”

આ પ્રમાણે કર્ણ તથા દુર્યોધન વાતો કરેછે તેટલામાં આચાર્યે લડાઇ શરૂ કરી દીધી અને મોટી કાપાકાપી ચલાવી. રાતનો અંધકાર વ્યાપ્ત થઇ જવાને લીધે પડકારાઉપરથી જ શત્રુઓની ખબર પડવા લાગી. જેમ રાત્રિમાં વાંસનું વન સળગતાં અવાજો ઉઠવા લાગે તેમ, શસ્ત્રોના અવાજો ઉઠવા લાગ્યા. હાથી, ઘોડા, યોદ્ધા, વાજાં અને શસ્ત્રોના અવાજોસિવાય બીજો કોઇ પણ અવાજ કાને પડતો નહોતો. અત્યંત ઉડતી રજ લોહીના પ્રવાહથી શાંત થઈ ગઇ. માંસભક્ષક પ્રાણીઓ ભારે કોલાહલ કરવા લાગ્યાં. ભીમ કૌરવોના યોદ્ધાઓને મુઠીઓથી જ મારવા લાગ્યો. અર્જુન દ્રોણની સેનાના જમણા ભાગમાં અને ભીમ ડાબા ભાગમાં કતલ કરવા લાગ્યો. ધૃષ્ટદ્યુમ્ન તથા સાત્યકિ પણ તેઓની સહાયતામાટે આવી પહોંચ્યા. જેમ પવનના પ્રબળ તોફાનથી સમુદ્રમાં અ-

વાજાં ઉઠે તેમ, બન્ને સૈન્યમાં ભારે કોલાહલ ઉઠયો. ઘટોત્કચ પહાડજેવા રથમાં બેસી અશ્વત્થામાની સામે થયો. જાણે મ્હોડું ફાડી કાળ આવતો હોય એવા વિકરાળ રૂપવાળા ઘટોત્કચને જોઇ કૌરવોની સેના કંપવા લાગી. રાત્રિમાં બળ વધવાને લીધે રાક્ષસો પથરા અને આયુધોની વૃષ્ટિ કરવા લાગ્યા તેથી સઘળા કૌરવો અને કર્ણ વ્યથિત થઈ ભાગવા લાગ્યા, પણ અભિમાની અશ્વત્થામા એકલોજ ઘટોત્કચની સામે થયો. ઘટોત્કચનો પુત્ર અંજન અશ્વત્થામાઉપર ચડી આવતાં તેણે તેને ભયંકર બાણોથી વીંધી યમપુરીમાં મોકલી આપ્યો. પુત્રને મરણ પામેલો જોઈ ઘટોત્કચ "દ્રોણના પુત્ર! ઉભો રહે, ઉભો રહે; હું તને જીવતો જવા દેવાનો નથી." એમ બોલતાં બોલતાં તેના ઉપર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યો. અશ્વત્થામાનાં બાણોથી રાક્ષસોનો મોટો ક્ષય થઈ ગયો. અને દ્રુપદ રાજાના આઠ પુત્રો, શ્રુતાઞ્જય નામનો રાજા તથા કુંતિભોજ રાજાના દશ કુમારો પણ માર્યા ગયા. ક્રોધ પામેલા અશ્વત્થામાએ એક ભયંકરબાણ મુકી ઘટોત્કચની છાતીને વીંધી તેને મૂર્છિત કરી દીધો. પુત્રને મૂર્છા પામેલો જોઇ ભીમસેને ભયંકર યુદ્ધ કરવા માંડ્યું અને શકુનિના પાંચ ભાઇઓને મારી નાખ્યા. ભીમસેનના પરાક્રમથી રાજી થયેલા યુધિષ્ઠિરે પણ ઘણા ઘણા યોદ્ધાઓને કાપવા માંડ્યા. દ્રોણાચાર્ય જાતે યુધિષ્ઠિરની સામે આવ્યા અને જે જે પ્રયોગ તેણે કર્યા તેવા ને તેવા સામા સઘળા પ્રયોગ કરી યુધિષ્ઠિરે આચાર્યનાં અસ્ત્રોને તોડી નાખ્યાં. ભીમે કૌરવોના સૈન્યમાં એવું તો ભંગાણ પાડ્યું કે, દ્રોણ તથા દુર્યોધનને પણ તેનું સમાધાન કરવું મુસ્કેલ થઈ પડ્યું. દુર્યોધનને કર્ણનો મજબુત ભરોસો હતો તેથી તેણે તેને કહ્યું કે "જયથી ઉન્મત્ત થયેલા પાંડવો ગર્જના કરેછે એ મારાથી સહન થઇ શકતું નથી; આ વખતે તું તારૂં પરાક્રમ બતાવ."

"ઇંદ્ર જાતે આવી અર્જુનનું રક્ષણ કરવા ઉભશે તોપણ હું તેને મારી નાખ્યા વગર મુકીશ નહિ. ઇંદ્રની આપેલી અમોઘ સાંગ મારા પાસે છે તેથી અર્જુનનાં પ્રાણ લઇશ અને બીજાં શસ્ત્રોથી બીજાઓને પણ તોડી નાખી સઘળી પૃથ્વી તારા હાથમાં આપીશ એ હું પ્રતિજ્ઞા કરૂંછું." કર્ણ આપ્રમાણે દુર્યોધનપાસે બડાઇનાં વચન બોલતો હતો તે વખતે કૃપાચાર્યે કહ્યું, કે "કર્ણ! દુર્યોધનને તારા જેવો ધણી મળ્યો તો હવે કશી અડચણ રહેવાની નથી. તું વચનથી ઘણું કામ કરી નાખે એવો છે; અર્જુન અસ્ત્રોથી શૂર છે અને તું મનોરથથી શૂર છે."

કૃપાચાર્યનાં કઠોર મશ્કરીભરેલાં વચનો સાંભળી કર્ણ તાતોમાતો થઇ ગયો અને બોલ્યો કે "શૂરા પુરૂષો ચોમાસામાં વાદળાંઓની પેઠે ગાજી તરત ફળ આપેછે. યુદ્ધનો બોજો ઉઠાવી ફરતા શૂરા પુરૂષોને ગાજવામાં કશો દોષ નથી. બ્રાહ્મણ! હું મારામાં સામર્થ્ય સમજીને જ અર્જુન વગેરેને મારી નાખવાની પ્રતિજ્ઞા કરૂંછું."

કૃપાચાર્ય અને કર્ણવચ્ચે ઉપર બતાવ્યાઉપરાંત પણ ઘણો વાદવિવાદ થયો. પણ દુર્યોધને વચમાં પડી પોતાપર આવેલા મોટા બોજાને પાર ઉતારવા તે બન્નેને તેણે વિનતિ કરી શાંત પાડ્યા. આ સમય પાંડવોના યોદ્ધાઓ કર્ણઉપર ચડી આવ્યા. પાંડવો તથા પાંચાલો કર્ણને જોઇ "ક્યાં ગયો કર્ણ, આ રહ્યો કર્ણ, ઉભો રહેજે કર્ણ !" એ પ્રમાણે બોલવા લાગ્યા. મરાયેલા, મરતા અને કણકણતા યોદ્ધાઓથી રણભૂમિનો યમપુરીજેવો દેખાવ થઇ રહ્યો. અર્જુને ઘણાં તીક્ષ્ણ બાણો નાખી કર્ણના હાથને એવો તો વીંધ્યો કે, તેના હાથમાંથી ધનુષ પડી ગયું. સંભાળથી ધનુષને પાછું ઉપાડી કર્ણ પણ અર્જુનનો પરાભવ કરવા લાગ્યો. કર્ણનું પરાક્રમ જોઈ અત્યંત ક્રોધ કરી અર્જુને તેનું ધનુષ કાપી, ઘોડા મારી નાખ્યા અને સારથિનું માથું પણ ઉડાવી દીધું. ગભરાયેલો કર્ણ કૃપાચાર્યના રથમાં જઇ બેઠો.

અંધકાર, નિદ્રા અને અર્જુનનાં બાણોથી કૌરવોની સેના ભાગવા લાગી. દ્રોણ તથા દુર્યોધન ઘણું ઘણું વારવા લાગતાં પણ કોઇ રીતે તેની સેના રોકાઈ શકી નહિ. અતિશય અંધકાર ફેલાયાથી બન્ને પક્ષમાં અજવાળામાટે મશાલો સળગાવવા ગોઠવણ થઇ. અંધકાર ટળી જઇ બરે પ્રકાશ થયો. સહદેવ અને કર્ણ યુદ્ધ કરતા હતા તેમાં કર્ણે સહદેવના ઘોડા મારી નાખ્યા, ધનુષ કાપી નાખ્યું અને બીજાં પણ જે જે શસ્ત્રો સહદેવ ફેંકવા લાગ્યો તે તે શસ્ત્રોને તેણે કાપી નાખ્યાં. પોતાપાસે કોઇપણ આયુધ ન રહેવાથી સહદેવ બાગવા લાગ્યો. કર્ણે પાછળ દોડી પોતાના ધનુષની અણી તેના શરીરમાં ઘોંચી બોલ્યો કે "સહદેવ ! હુ મારી પ્રતિજ્ઞાનું સ્મરણ કરી જાણીજોઇને તુંને છોડી દઉંછું. તારે તારા વડીઆસાથે યુદ્ધ કરવું જોઇએ પણ મારા જેવાઓની સાથે તારે કદી પણ લડવું નહિ." "આવો પરાભવ થવા કરતાં મરવું સારૂં" એમ વિચારતો સહદેવ પોતાના પક્ષના કોઈ બીજા યોદ્ધાના રથમાં બેસી બીજાઓની સાથે યુદ્ધ કરવા લાગ્યો.

પોતાની સેનાનો વારંવાર પરાભવ થવાથી દુર્યોધને કર્ણ તથા દ્રોણની પાસે આવી ક્રોધથી તેઓને કહેવા માંડ્યું કે "તમો પાંડવોના સૈન્યને મારી નાખવા સમર્થ છતાં પણ અશક્તની પેઠે મારી સેનાને ભાગતી જોયા કરો છો. તમારે મારો ત્યાગ કરવો હતો તો મને પ્રથમથી જ કહેવું હતું કે, જેથી હું આ યુદ્ધનો આરંભ જ કરત નહિ." આ પ્રમાણે દુર્યોધનનાં વચનરૂપી બાણો વાગતાં પગથી કચરાયેલા સર્પની પેઠે ક્રોધ પામેલા દ્રોણ તથા કર્ણ જોસથી પાંડવોના સૈન્યની કતલ કરવા લાગ્યા. પાંડવોના પ્યાદલો મશાલો-ને છોડીદઇને ભાગવા લાગતાં તે સૈન્યમાં અંધકાર થઇ ગયો તેટલામાં ભીમસેન પોતાની સેનાને ભાગતી પાછી વાળીને કૌરવોની સેનામાં ભારે કતલ ચલાવવા લાગ્યો. કૌરવોના પ્યાદલો પણ મશાલો છોડી છોડીને ભાગવા લાગ્યા અને તે સૈન્યમાં પણ અંધકાર થઇ રહ્યો. આ પ્રમાણે લડાઇ ચાલતી હતી તે વખતે મધ્યરાત્રિ થવા આવી હતી. કર્ણનું પરાક્રમ ઘણું ઘણું વધતું જતું હતું તે જોઇ અર્જુને તેની સામે થવા તૈયારી કરી. પણ શ્રીકૃષ્ણની સલાહથી ઘટોત્કચને તેની સામે મોકલવાનો નિશ્ચય થયો. ઘટોત્કચ ગર્જના કરતો કર્ણની સામે થયો. કર્ણે પણ સામી ગર્જના કરી યુદ્ધ શરૂ કર્યું. વચમાં દુર્યોધનની આજ્ઞાથી જટાસુરનો પુત્ર અલંબુષ નામનો રાક્ષસ ઘટોત્કચની સામે થયો અને તેણે બાણોની વૃષ્ટિ કરવા માંડી. અલંબુષે ઘટોત્કચની છાતીમાં મુઠી મારી તેને કંપા-યમાન કરી દીધો; થોડીવારપછી સ્થિર થઇ ઘટોત્કચે તેને બન્ને હાથથી પકડી ધરતીપર પછાડી ભાંસ દીધી. પણ તે રાક્ષસે તેમાંથી છટકી પાછો ઉઠી તેને પણ તેજ પ્રમાણે પછાડ્યો. બન્ને રાક્ષસો પરિઘો, મુદ્‌ગરો, ગદાઓ, પટ્ટિશો, પર્વતો, વૃક્ષો, રથો અને હાથીઓ વગેરેનાં શસ્ત્રોના પ્રહારોથી પરસ્પર પીડવા લાગ્યા. છેવટ ઘટોત્કચે આકાશમાં ઉછળી બાજના જેવી ઝડપથી અલંબુષને પકડી ધરતીપર પછાડી ખડ્ગથી તેનું માથું કાપી લીધું. લોહીથી ખરડાયેલાં એ માથાંને હાથમાં લઇ દુર્યોધનના રથની પાસે જઇ તેજ રથમાં તે માથું ફેંકી ગર્જના કરી ઘટોત્કચે દુર્યોધનને કહ્યું કે "હવે થોડીવારમાં કર્ણની પણ આવી સ્થિતિ દેખાડીશ. ધર્મની, ધનની અને સુખની ઇચ્છા હોય તેણે ખાલી હાથથી રાજાનું, બ્રાહ્મણનું કે સ્ત્રીનું દર્શન કરવું નહિ એવી શાસ્ત્રની મર્યાદા છે, તેથી આ અલંબુષનું માથું હું તને અર્પણ કરૂંછું અને હવે કર્ણના માથાંની વાટ જોતો રહેજે." આ પ્રમાણે બોલતો, રાતી આંખોવાળો, ખીલા જેવા કાનવાળો, પીંગળી દાઢીવાળો, કાનસુધી ફાટેલાં મોઢાંવાળો, તીક્ષ્ણ દાઢો-

વાળો અને પહાડજેવા શરીરવાળો ઘટોત્કચ કર્ણની સામે લડવા લાગ્યો. ઘટોત્કચ કર્ણને મુંઝવવાવાસ્તે અનેક શરીરોથી સઘળી દિશાઓમાં દેખાવા લાગ્યો, જરાવારમાં સેંકડો માથાંઓવાળો, જરાવારમાં સેંકડો પેટવાળો અને જરાવારમાં મોટા પહાડોજેવો દેખાવા લાગ્યો. ઘડીવારમાં અંગુઠાજેવડો, ઘડીવારમાં આકાશમાંથી મરણ પામીને પડતો, ઘડીવારમાં કર્ણના રથપાસે ફરતો અને ઘડીવારમાં પાણીમાં ડુબતો; એવી રીતે અનેક માયાઓ કરતો ઘટોત્કચ અંતરિક્ષમાંથી ઉછળી ખડખડ હસી કર્ણની સામે યુદ્ધ કરવા લાગ્યો.

"ઘટોત્કચ કર્ણને જરૂર મારશે" એમ પાંડવો તથા કૌરવો પણ માનવા લાગ્યા. કૌરવોના યોદ્ધાઓ એકઠા થઇ કર્ણને સમજાવવા લાગ્યા કે "તારી પાસે ઇંદ્રની આપેલી સાંગ છે તેના બળથી આ રાક્ષસને મારી નાખ. અર્જુન તથા ભીમ તો હજુ પછવાડે છે, પણ તે પહેલાંજ આ રાક્ષસ આપણને મારી નાખશે." કૌરવોનાં વચન સાંભળી અને સઘળાં સૈન્યને ત્રાસ પામતું જોઇ કર્ણે મૃત્યુની બેનજેવી ઇંદ્રની સાંગ ઘટોત્કચઉપર નાખી, જેણે ઘટોત્કચની છાતીને ભેદી નાખી. સાંગના પ્રહારથી ઘટોત્કચનાં પ્રાણ જવા લાગ્યાં તે સમયે પણ તે પાંડવોનું હિત કરવાવાસ્તે પહાડજેવડું રૂપ ધરી કૌરવોની સેનાપર પડ્યો; તેથી તેનો મોટો ભાગ રગદાઇ ગયો અને સાંગ ઘટોત્કચનાં પ્રાણ લઇ ઇંદ્રની પાસે જતી રહી.

ઘટોત્કચને મરણ પામેલો જોઇ કૌરવો સિંહનાદો કરવા લાગ્યા, કર્ણનાં વખાણ થવા લાગ્યાં અને પાંડવો રોવા લાગ્યા. પણ શ્રીકૃષ્ણ મોટા આનંદથી સિંહની પેઠે ગર્જના કરી ઘોડાઓની લગામ છોડી દઇ અર્જુનનું આલિંગન કરી નાચવા લાગ્યા. કૃષ્ણને અયોગ્ય વખતે રાજી થતા જોઇ અર્જુને તેનું કારણ પૃછ્યું. શ્રીકૃષ્ણે કહ્યું કે "જ્યાંસુધી તે સાંગ કર્ણના હાથમાં હતી ત્યાંસુધી હું તમને મુએલાજ દેખતો હતો. પણ તે સાંગ ઘટોત્કચને મારી કર્ણના હાથમાંથી જતી રહી તેથી હવે હું કર્ણનેજ મુએલા જેવો દેખી રાજી થાઉછું. જ્યાંસુધી કર્ણની પાસે સાંગ હતી ત્યાંસુધી તમે કે હું કોઇ રીતે કર્ણને જીતી શકીએ તેમ ન હોતું. આજસુધી કર્ણ દેવસમાન હતો પણ હવે તે માણસજેવો થઇ રહ્યો. જ્યારે જ્યારે તમને અને કર્ણને યુદ્ધ થતું હતું ત્યારે ત્યારે સાંગની બીકને લીધે હું તરત તમારા રથને ફેરવીને બીજે ઠેકાણે લઇ જતો હતો. ઘટોત્કચ આપણા પક્ષનો હતો પણ તેના મરવાથી તમે બચ્યા છો. વળી પણ તે દુષ્ટ રાક્ષસના હાથથી હજારો ગાયો તથા બ્રાહ્મણોનો નાશ થતો

હતો, તે પણ અટક્યો તેથી હું રાજી થાઉં છું. કર્ણ જ્યારે જ્યારે તમારી ઉપર સાંગ મેલવા ધારતો હતો ત્યારે ત્યારે હું મારી યોગશક્તિથી કર્ણને વિસ્મરણ આપ્યા કરતો હતો."

શ્રીકૃષ્ણનાં વચન સાંભળી અર્જુન શાંત થયો અને ઉત્સાહ પામી શત્રુઓને મારવા લાગ્યો, પણ યુધિષ્ઠિર રોવા લાગ્યા અને મૂર્છિતજેવા થઇ ગયા. સંજ્ઞા પ્રાપ્ત થતાં બોલ્યા કે "અમો વનમાં હતા અને અર્જુન તપશ્ચર્યા કરવા ગયો હતો તે સમય ઘટોત્કચ અમારી સાથે હતો. ગંધમાદન પર્વતમાં તેણે અમોને ઘણાં વિષમસ્થળોમાંથી તાર્યા હતા અને દ્રૌપદીને પોતાની પીઠપર તેડ્યાં હતાં. યુદ્ધનો આરંભ થયો ત્યારથી પણ તેણે મારે વાસ્તે દુષ્કર કામો કર્યાં છે. અંતે પણ મારે વાસ્તેજ એ મરણ પામ્યો. મારાથી તેને કોઈ જાતનો બદલો દઈ શકાયો નથી તેથી મને બહુ અફસોસ થાયછે. મને જેવી સહદેવઉપર પ્રીતિ છે તેવીજ સ્વાભાવિક પ્રીતિ તેપર હતી. ભીમ અને અર્જુનના બળનો અનાદર કરી ઘટોત્કચને મારી કૌરવો ગર્જના કરેછે એ મારાથી સહન થતું નથી. અભિમન્યુ માર્યો ગયો ત્યારે તો અર્જુન હાજર ન હતો અને અમને જયદ્રથે રોકી મેલ્યા હતા. આ સમય તો આપણે સઘળા હાજર છતાં ઘટોત્કચ માર્યો ગયો એ મોટી શરમની વાત છે. અર્જુને થોડા કારણને વાસ્તે જયદ્રથને માર્યો તેથી હું બહુ રાજી થયો નથી. અર્જુનના મનમાં ખરેખર શત્રુનેજ મારવાનું હતું તો સૌથી પહેલાં દ્રોણ અને કર્ણનેજ મારવા જોઇતા હતા. કારણ કે દુર્યોધનનો મુખ્ય આધાર હવે એ બે જણ ઉપરજ છે. એમ બોલતાં બોલતાં પોતેજ કર્ણને મારવા જવા લાગ્યા. પણ "કર્ણને મારવા જતાં ક્યાંક પોતેજ મરી જશે માટે તેમની ઉપેક્ષા કરવી ન જોઇએ." એવા વિચારથી શ્રીકૃષ્ણે તેમને પાછા વાળ્યા અને ઘટોત્કચબાબત શોક ન કરવા કેટલીએક સાંત્વના કરી કહ્યું કે "ઘટોત્કચ તમારો ઉપકારી હતો પણ ધર્મનો દ્વેષી હતો. જો તે જીવતો રહ્યો હોત તો અંતે તેને મારવાની મારે ફરજ પડત. ઘટોત્કચ મરણ પામી દિવ્ય લોકમાં ગયો એ પણ પરમ લાભ થયો એમ સમજવું જોઇએ. તમારે ક્રોધના આવેશથી કર્ણની સામે જવું ન જોઇએ. તમારે તમારા બળનો વિચાર કરવો જોઇએ."

આ વખતે બન્ને પક્ષના યોદ્ધાઓ થાકી ગયા હતા તેથી દયાળુ અર્જુને ઉંચા સ્વરથી સઘળાઓને કહ્યું કે "તમારાં વાહનો તથા તમે અત્યંત થાકી ગયા છો, નિદ્રાથી ઘેરાઇ ગયા છો અને અંધારું પણ બહુજ થઈ ગયું છે;

જો ગરજી હોય તો આ રણભૂમિમાંજ બે ઘડી નિદ્રા કરી લ્યો. ઉંઘનો વેગ ઉતરી જાય અને ચંદ્ર ઉગે ત્યારે વળી પાછો સંગ્રામ કરજો. ”

અર્જુનનાં વચન સાંભળી બન્ને પક્ષના યોદ્ધાઓ અર્જુનનાં વખાણ કરવા લાગ્યા અને તેને આશીર્વાદ દેવા લાગ્યા. કેટલાએક યોધ્ધાઓ ઘોડાઉપર, કેટલાએક હાથીપર, કેટલાએક રથોમાં અને કેટલાએક ધરતીપર આયુધો સહિત એમને એમ સુઇ રહ્યા. નિદ્રાથી અંધ થયેલા હાથીઓ રજથી ખરડાયેલી લાંબી લાંબી સુંઢોના નિઃશ્વાસથી પૃથ્વીને શીતલ કરવા લાગ્યા. ઘોડાઓ ધરતીને ખોદવા લાગ્યા અને ખોદી ખોદીને સુઇ રહ્યા. કેટલાએક રથમાં જોડેલાને જોડેલાજ ઉંઘ લેવા લાગ્યા. નિદ્રામાં મગ્ન થવાને લીધે બેભાન થયેલાં બન્ને સૈન્યો ચતુર કારીગરે આળેખેલાં ચિત્રો હોય એવાં જણાવા લાગ્યાં.

પ્રકરણ ૭૨ મું.

દિવસ ૧૫ મો.

દ્રોણનો વધ.

અર્જુનના કહેવા મુજબ બન્ને સેનાઓ ઉંઘતી હતી તેવામાં થોડી-વારમાં આકાશમાં રાતડ થઇ અને ધીરે ધીરે ચંદ્રના ઉદયને લીધે તેનાં કિરણોથી દિશાઓ, પૃથ્વી, તથા આકાશ વ્યાપ્ત થવા લાગ્યાં. અંધકારને ટાળનારાં ચંદ્રનાં કિરણોનો શીતળ સ્પર્શ લાગવાથી જાગૃત થઇ યુદ્ધમાટે સર્વ યોદ્ધાઓ તૈયાર થવા લાગ્યા. તે વખતે દુર્યોધને પોતાના હમેશના રીવાજ અને પ્રકૃતિપ્રમાણે દ્રોણુપાસે આવી તેને મેહેણાં મારવા માંડ્યાં અને કહ્યું કે "થાકેલા શત્રુઓને વિશ્રામ દેવો યોગ્ય નથી. પાંડવોને વિશ્રામ મળ્યો અને વળી આપ પણ કાંઇ ચશ્મપોશી કરોછો તેથી તેઓ વધતા આવેછે. તમો પાંડવોપર પ્રેમને લીધે અથવા તો મારાં ભાગ્યની મંદતાને લીધે તમારી અસ્ત્રવિદ્યાનો સંપૂર્ણ ઉપયોગ કરતા નથી. તમે જો ધારો તો દિવ્ય અસ્ત્રોથી સઘળાં બ્રહ્માંડોનો પણ ક્ષય કરવા સમર્થ છો."

"અરે મૂઢા હું તને વારંવાર કહ્યા કરૂંછું કે અર્જુનને જીતવા આખા બ્રહ્માંડમાં કોઇ સમર્થ નથી. તેણે એકલાએ કરેલાં પરાક્રમોનું વર્ણન હું કેટલીવાર કરૂં! તું અર્જુનને થાકેલો માનેછે એ તારી મોટી ભૂલ છે. જેઓ જે અસ્ત્રોને જાણતા નથી તેઓને તે અસ્ત્રોથી મારવા એ ઘણું નીચ કામ છે. તે નીચ કામ પણ મારે આજ તારે માટે કરવું પડશે. તું મૂઢ છો અને તેથી તારાં મોહોડાંમાંથી જેવાં વચનો નિકળવાં જોઇએ તેવાંજ નિકળેછે. તું પોતે સર્વની ઉપર શક રાખનારો અને પાપી છો. તું તારા ખરા સ્નેહીઓને પણ નજરમાં આવે તેવાં વચનો સંભળાવેછે. હું ધારૂંછું કે તું સંસારસંબંધી સઘળાં કૃત્યોને પહોંચી રહ્યો છે માટે તારે પણ અર્જુનની સામે ખુબ યુદ્ધ કરવું."

દ્રોણાચાર્ય આ પ્રમાણે દુર્યોધનને કહેતા હતા તેવામાં અરૂણોદય થવા લાગ્યો. થોડીવારે સૂર્યોદય થતાં આચાર્ય તથા સર્વ યોદ્ધાઓએ સૂર્યની સામે ઉભી સંધ્યાવંદન કરી લીધું. બન્ને સેનાઓ તૈયાર થતાં યુદ્ધ શરૂ થયું. અર્જુન પોતે મેળવેલી સઘળી અસ્ત્રવિદ્યાના કરજમાંથી મુક્ત થવા અને ભીમ તથા શ્રીકૃષ્ણની ઉશ્કેરણીથી કૌરવોના સૈન્યને ચારેકોર ઝડપમાં લેવા લાગ્યો. જાણે વનને બાળતો બાળતો અગ્નિ ચાલ્યો જતો હોય તેમ તે સૈન્યને બાળતો બાળતો આગળ વધ્યો. તેને અટકાવવા કોઇ પણ ક્ષત્રિય સમર્થ થયો નહિ. આખર દુર્યોધન, કર્ણ અને શકુનિ અર્જુનની ઉપર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા. અસ્ત્રવેત્તાઓમાં શિરોમણિ અને પ્રબળ ચાલાકીવાળો અર્જુન તેઓનાં શસ્ત્રોનું નિવારણ કરી સેનાની કતલ કરવા લાગ્યો.

દ્રોણ ઉત્તર દિશામાં જઇ પાંડવોના સૈન્યને યુદ્ધને વાસ્તે બોલાવવા લાગ્યા જેથી પાંડવોના કેટલાએક યોદ્ધાઓ ધ્રુજવા લાગ્યા, કેટલાએક નિરૂત્સાહ થઇ ગયા અને કેટલાએક મરણીયા થઇ તેની સામે ગયા. આચાર્યે દ્રુપદના ત્રણ પૌત્રોનાં પ્રાણ લીધાં. તેથી કોપ પામેલા વિરાટ તથા દ્રુપદ દ્રોણની સામે જઇ સાંગ વગેરે અનેક આયુધો નાખવા લાગ્યા. દ્રોણે તેઓનાં સઘળાં આયુધોને ક્ષણ માત્રમાં તોડી નાખી બે તીક્ષ્ણ બાણાંથી દ્રુપદ તથા વિરાટનાં મસ્તકો ઉડાવી દીધાં. પાંડવોની સેનામાં હાહાકાર વર્ત્તી રહ્યો. ધૃષ્ટદ્યુમ્ને સઘળા ક્ષત્રિયોની સમક્ષ પ્રતિજ્ઞા કરી, કે "જો હું આજ દ્રોણને જીવતો રહેવા દઉં તો મારા ધર્મ તથા ક્ષત્રિયપણાનો નાશ થજો." આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી તે દ્રોણની સામે થયો. સઘળા પાંચાલો તથા પાંડવો ધૃષ્ટદ્યુમ્નનું અને દુર્યોધન, કર્ણ, શકુનિ, તથા દુઃશાસન, દ્રોણનું રક્ષણ કરવા લાગ્યા. પાંચાલો અત્યંત યત્ન

કરવા છતાં પણ દ્રોણને મારવા અશક્ત જણાયા. ભીમે ક્રોધથી ધૃષ્ટદ્યુમ્નને કહ્યું કે "બાપ તથા દીકરાઓ મરાઇ ગયા છતાં અને ક્ષત્રિયોની સમક્ષ પ્રતિજ્ઞા કર્યા છતાં શત્રુને જીવતો જોયા કરે એવો તારા વિના બીજો કોણ ક્ષત્રિય હોય? તમે સઘળા ઉભા રહીને જોયા કરો. હું જાતે જઇ દ્રોણને મારૂંછું." એમ કહી તે શત્રુના સૈન્યતરફ દોડ્યો. ધૃષ્ટદ્યુમ્ન પણ પોતાની સંપૂર્ણ શક્તિથી દ્રોણની સેનાને કાપવા લાગ્યો. રાતના થાકને લીધે, ભૂખ તરસને લીધે અને સૂર્યના તેજને લીધે ઘણા યોદ્ધાઓ બેભાન થઇ ગયા. શંખો, ભેરીઓ અને ધનુષોના શબ્દો થવા લાગ્યા, ધોવા વખતે ધોબીઓના વસ્ત્રોના ફડાકાની માફક શસ્ત્રોના ફડાકા થવા લાગ્યા, માંસ તથા લોહીનો કીચ જામી રહ્યો, ઘોડાઓ લોહીમાં ડુબી જતાં રથનાં પૈડાંને માંડમાંડ ખેંચવા લાગ્યા અને યોદ્ધાઓ તથા વાહનો શ્રદ્ધા નહિ છતાં માંડમાંડ સ્થિર રહેવા લાગ્યાં. દ્રોણાચાર્ય અને અર્જુન પોતાની અસ્ત્રવિદ્યાની ચાલાકી અને રથોની ગતિથી પરસ્પરને ગભરાવવા લાગ્યા. અર્જુનને જીતી લેવા દ્રોણે જેટલી જેટલી ક્રિયાઓ માંડી તે સઘળી ક્રિયાઓ તેણે તોડી નાખી. દ્રોણ જ્યારે કોઇ રીતે પણ અર્જુનથી વધી શક્યા નહિ ત્યારે તેણે બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો પણ અર્જુને પોતાના બ્રહ્માસ્ત્રથી તેને શાંત કરી નાખ્યું. અર્જુન દ્રોણની સાથે લડેછે તેટલામાં સઘળા પાંચાલો અને મત્સ્યો ધૃષ્ટદ્યુમ્નના આશ્રયતળે રહી દ્રોણની સામે થયા. દ્રોણ બ્રહ્માસ્ત્રથી પાંડવોના સૈન્યનો પ્રલય કરવા લાગ્યા. યુધિષ્ઠિર ગભરાણા અને નિરાશ થઇ બોલવા લાગ્યા કે "અર્જુન દ્રોણને ગુરૂ જાણી તેનાપર ક્રૂરતા વાપરતો નથી અને દ્રોણ પોતાની સઘળી શક્તિ આપણા સૈન્યઉપર વાપરેછે." યુધિષ્ઠિરને ગભરાયેલા જોઇ મહાપ્રપંચી શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું કે "જ્યાંસુધી દ્રોણના હાથમાં શસ્ત્રો હશે ત્યાંસુધી તે કોઇના પણ માર્યા મરશે નહિ માટે હવે ધર્મને છોડી દઇ કેવળ જયનોજ ઉપાય ગોઠવવો જોઇએ. જો અશ્વત્થામા મરે તો દ્રોણ શસ્ત્રોને છોડી દે. પણ અશ્વત્થામા મરે એવો નથી. તેથી જો કોઇ મનુષ્યના મોહોડાંથી અશ્વત્થામાના મરણની ખોટી ખબર દ્રોણને આપીએ તો તે હથિયાર છોડી દે." શ્રીકૃષ્ણની આ સલાહ એક અર્જુનસિવાય પાંડવોના સઘળા યોદ્ધાઓને પસંદ પડી અને તેઓ એકમત થયા. યુધિષ્ઠિર પોતાની અરૂચિ છતાં પણ માંડ માંડ એકમત થયા. આ સમય ભીમે માળવાના રાજા ઇંદ્રવર્માનો અશ્વત્થામા નામનો હાથી ગદાથી મારી નાખી દ્રોણની પાસે જઇ ઉંચા સ્વરથી જાહેર કર્યું કે,

'અશ્વત્થામા મુઓ." ભીમનું આ અપ્રિય વચન સાંભળી આચાર્ય મનમાં બહુજ લેવાઇ ગયા અને જેમ જળમાં રેતીનો પુંજ શિથિલ થઈ જાય તેમ તેમનું શરીર શિથિલ થઇ ગયું. પોતાનો પુત્ર કોઈ શત્રુથી સીદાય એમ નથી; માટે રખેને ભીમનું વચન ખોટું હોય એમ ધારી જરા શાંત થઈ વળી પણ દ્રોણ પાંચાલોની સાથે યુદ્ધ કરવા લાગ્યા અને બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો. પણ ભીમનું વચન યાદ આવવાથી અને ધૃષ્ટદ્યુમ્નને સામે ઉભેલો જોઇ દ્રોણાચાર્ય બહુ વ્યથિત થયા. અશ્વત્થામાના મરણના સંદેહને લીધે તેણે વિચાર કર્યો, કે "હું યુધિષ્ઠિરને પૂછી આ બાબતનો નિશ્ચય કરૂં. આખા બ્રહ્માંડનું રાજ્ય મળતું હોય તોપણ તે ખોટું બોલે એમ નથી. ભીમવગેરે કપટી છે; પરંતુ યુધિષ્ઠિરમાં કપટનો લેશ પણ નથી."

આચાર્યનો અભિપ્રાય જાણી શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને કહ્યું કે "દ્રોણ જો હવે અરધો દિવસ પણ યુદ્ધ કરશે તો આપણી સઘળી સેનાનો નાશ થશે; એ સઘળાનો બચાવ કરવો તમારા હાથમાં છે. આ વખતે સત્યકરતાં ખોટું વચન બોલવું વધારે લાભકારી છે. પ્રાણને બચાવવા વાસ્તે ખોટું બોલવામાં કશું પાપ નથી, તમે જગતમાં સત્યવક્તા કહેવાઓછો. તમારા વચનથી અશ્વત્થામાના મરણને સાચું માની દ્રોણ યુદ્ધ કરવું છોડી દેશે. ભીમે હમણાંજ અશ્વત્થામા નામના હાથીને માર્યો છે. માટે એક પક્ષથી તમારૂં વચન સત્ય પણ ગણાશે."

ઉપર પ્રમાણે શ્રીકૃષ્ણના કહેવાથી એક અર્જુનસિવાય ભીમ વગેરે સઘળા લોકોએ તેમ કરવાનું દબાણ કરતાં યુધિષ્ઠિરે તેમ બોલવાની હા પાડી. પોતાના ઠરાવપ્રમાણે જ્યારે દ્રોણે યુધિષ્ઠિરની પાસે આવી પોતાના પુત્રના મરણની સાચખોટવિષે પૂછ્યું ત્યારે જયની આકાંક્ષા અને મિથ્યા બોલવાના પાપના ભયથી યુધિષ્ઠિર પ્રપંચથી બોલ્યા કે "અશ્વત્થામા મુઓ—પણ હાથી" આ વાક્યમાં છેલ્લા ચાર અક્ષર બહુજ ધીમા સ્વરથી બોલ્યા તેથી તે અક્ષરો દ્રોણને કાને પડ્યા નહિ.

પોતાના પુત્રના મરણથી અત્યંત તાપ પામેલા આચાર્ય "શત્રુઓની સાથે લડતાં લડતાં મરણ થાય તો ઠીક" એવી ઇચ્છાથી પાંચાલોઉપર બાણો ફેંકવા લાગ્યા. આચાર્યનું મુખ શોકથી ઘેરાઇ ગયેલું હતું અને યુદ્ધ કરવાની ઝડપ પણ મંદ પડી ગઇ હતી; તે જોઇ ધૃષ્ટદ્યુમ્ને તેને મારવામાટે એક

પ્રલયકાળના અગ્નિજેવું બાણુ ધનુષમાં સાંધ્યું. આચાર્ય પણ તેથી પોતાનો છેડો આવેલો માનવા લાગ્યા. તે બાણનું નિવારણુ કરવા પ્રયત્ન કર્યું. પણ પોતાનાં બાણો ખુટી ગયેલાં જોવામાં આવ્યાં અને અસ્ત્રવિદ્યા પણ અનુપસ્થિત જેવી થઈ ગઈ. આચાર્યને ગભરાયેલા જોઈ ધૃષ્ટદ્યુમ્ન પોતાના રથને તેના રથની સાથે ભેટાવી દઈ હાથમાં ઢાલ તરવાર લઇ તેના રથની ઉધ ઉપર ચડી ગયો. આચાર્ય બહુ જોસથી તેની સામે લડવા લાગ્યા. તેવામાં ભીમે તેના રથઆગળ એકદમ પહોંચી જઈ પોકારી કહ્યું કે "જે દીકરાનું પેટ ભરવા વાસ્તે તમે ચંડાળની પેઠે ક્ષત્રિયોનો સંહાર કરોછો તે તમારો દીકરો તો યુદ્ધમાં મરણુ પામ્યો. યુધિષ્ઠિરે પણ જેવું હતું તેવુંજ કહ્યું. અપુત્ર છતાં હવે આવું નીચ કામ કરતાં કેમ લજાતા નથી ?"

ભીમનાં વચન સાંભળી ધનુષ છોડી દ્રોણાચાર્ય મોટા સ્વરથી બોલ્યા કે "કર્ણ! દુર્યોધન! કૃપાચાર્ય! હું હવે અસ્ત્રો છોડી દઉંછું. તમારાથી બને તે પ્રમાણે સંગ્રામમાં યત્ન કરજો." આ પ્રમાણે બોલી તેમણે સમાધિ કરી એટલે ધૃષ્ટદ્યુમ્ને તેમનું માથું કાપી લીધું અને તે માથું કૌરવોની સામે ફેંક્યું.

આચાર્યના મરણથી કૌરવોના સૈન્યમાં ભંગાણ પડ્યું. ભાગનાસ થઇ, શકુનિ, કર્ણ વિગેરે યોદ્ધાઓએ જીતવાની આશા છોડી દીધી. આ વખતે એક દૂર પ્રદેશમાં અશ્વત્થામા યુદ્ધ કરતો હતો, તેણે દુર્યોધનપાસે આવી પોતાના સૈન્યની ભાગનાસનું કારણુ પૂછ્યું. દુર્યોધન ખેદને લીધે કશું બોલી શકયો નહિ. પરંતુ કૃપાચાર્યે અશ્વત્થામાને બધી હકીકત કહી સંભળાવતાં કહ્યું કે "અર્જુને ના પાડતાં છતાં પણ ધૃષ્ટદ્યુમ્ને તારા પિતાનું માથું કાપી નાખ્યું."

પિતાનું મરણુ સાંભળી અત્યંત શોક અને ક્રોધથી ભરપૂર થયેલો અશ્વત્થામા પોતાની આંખોને લુઈ બોલ્યો કે "મારા પિતાને શત્રુએ યુદ્ધમાં માર્યા હોત તો મને કશો ખેદ ઉત્પન્ન થાત નહિ. પણ કપટ કર્યું. હવે હું ધૃષ્ટદ્યુમ્ન અને યુધિષ્ઠિરને કદી પણ જીવતા છોડવાનો નથી. પરાક્રમી પુત્ર જીવતા છતાં ધૃષ્ટદ્યુમ્ને મારા પિતાના કેશ પકડી માથું કાપી નાખ્યું ! મારાં પરાક્રમ તથા અસ્ત્રવિદ્યાને ધિક્કાર છે. હવે હું નારાયણાસ્ત્રથી પાંડવો અને તેઓની સઘળી સેનાને ભસ્મ કરી નાખીશ." એમ બોલી તે યુદ્ધને માટે તૈયાર થયો.

અશ્વત્થામાએ જળનું આચમન લઇ નારાયણાસ્ત્રને પ્રગટ કર્યું કે પૃથ્વી કંપવા લાગી, પર્વતનાં શિખરો તૂટવા લાગ્યાં, અંધકાર ફેલાઇ ગયો, સૂર્ય

ઝાંખો પડી ગયો, પાંડવોની સેનામાં ત્રાસ વર્ત્તી રહ્યો, કૌરવોના યોદ્ધાઓ પ્રથમ ભાગી જતા હતા પણ હમણાં સબળા યુદ્ધ કરવાને તૈયાર થયા અને શંખનાદ કરવા લાગ્યા. એ જોઇ યુધિષ્ઠિરે અર્જુનને પૂછ્યું કે "શત્રુઓ થોડીવાર પહેલાં ભાગી જતા હતા પણ તેને કોણે પાછા વાળ્યા હશે? હું બહુ મુંઝાઉં છું મારાં રૂંવાડાં ઉભાં થઇ જાયછે. આમ થવાનું કારણ મને કહો."

"રાજ્યના લોભથી મિથ્યા વચન બોલ્યા, ગુરૂની હત્યા કરાવી તેનું આ સબળું ફળ છે. તમે કદી પણ ખોટું બોલશો નહિ એવો ગુરૂને ભરોંસો હતો. તમે વિશ્વાસઘાત કરી મોટું પાપ કર્યું. જેમ વાલીને મારવાથી રામની અપકીર્તિ થઇ રહી છે તેમ તમારી પણ અપકીર્તિ આ પૃથ્વીની સ્થિતિપર્યંત રહેશે. ધર્મનો ખોટો ઝભો પહેરનારા તમે ખરેખર ધર્મઠગ છો. આયુષનો થોડોક ભાગ બાકી રહ્યો છે તેમાં તમે અપકીર્તિનો મોટો ચાંદલો કપાળમાં લીધો. દુર્યોધનતરફથી મોટામાં મોટી આજીવિકા મળતાં છતાં પણ આચાર્ય આપણાને પુત્રસમાન ગણતા હતા તેને તમે કપટથી મરાવ્યા એ થોડા ખેદની વાત નથી. આ કપટ થાયછે એમ જાણતાં છતાં મેં તેને મારવા દીધા તેથી મારે તો હજારો વર્ષ સુધી ઉંધે માથે નરકમાંજ રહેવું પડશે. હું ધારૂંછું કે, પિતાના વધથી ખેદ પામેલો અશ્વત્થામા મોટા જોસથી આવેછે. પિતાસમાન અને શસ્ત્રને છોડી દીધેલ ગુરૂને રાજ્યને વાસ્તે આપણે મરાવ્યા! આપણે જીવવા-કરતાં મરવું સારૂં છે."

અર્જુનનાં વચન સાંભળી કોઇ પણ મહારથિ પ્રિય કે અપ્રિય કાંઇ બોલ્યો નહિ. પણ ક્રોધી ભીમ અર્જુનને ધિક્કારવાની ઢબથી બોલ્યો, કે "જેમ જંગલમાં બેઠેલો સંન્યાસી બોલે તેમ અર્જુન બોલેછે. અર્જુન ક્ષત્રિયોના ગુણોથી યુક્ત અને કુળમાં ધુરંધર છતાં મૂર્ખના જેવી વાત કરેછે એ તેને શોભતું નથી. શત્રુઓએ તેર વર્ષ સુધી આપેલાં દુઃખોને નહિ ગણકારી તે કેવળ ધર્મનીજ ઇચ્છા રાખેછે. શત્રુઓએ અધર્મથી રાજ્ય લઇ લીધું, સભામાં દ્રૌપદીને બેહાલ કરી અને આપણને વલ્કલ પહેરાવી વનમાં મોકલ્યા: એ સઘળા અપરાધોને સહન કરી ક્ષત્રિયપુત્ર મુનિના ધર્મઉપરજ નિષ્ઠા રાખે એ કેવો અપસોસ! અશ્વત્થામા અર્જુનના સોળમા ભાગની પણ બરોબરી કરી શકવા લાયક નથી તેનાં તે વખાણ કરેછે અને પોતાની જીભથીજ પોતાના દોષોનું વર્ણન કરેછે તેમાં તેને કેમ લાજ થતી નથી? અર્જુનને જો યુદ્ધ ન કરવું હોય તો તે ભલે ચાલ્યો જાય. હું એકલોજ હાથમાં ગદા લઇ અશ્વત્થામાનું

માથું તોડી નાખીશ. પૃથ્વીને ઉથલપાથલ કરી નાખવી હોય અને સઘળા ત્રૈલોક્યને તોડી નાખવું હોય તોપણ હું સમર્થ છું." ભીમનાં વચનને ટેકો આપતાં ધૃષ્ટદ્યુમ્ને અર્જુનને કહ્યું કે "તમારો ગુરૂ દ્રોણ બ્રાહ્મણના ક્યા ધર્મમાં રહ્યો હતો? બ્રાહ્મણના ધર્મમાંથી ક્ષત્રિયધર્મમાં મળી તે ધર્મથી પણ ભ્રષ્ટ થઇ યુદ્ધ કરનારા તમારા ગુરૂને મેં માર્યા તેમાં મેં કશો અધર્મ કર્યો નથી. દ્રોણનું માથું કાપી મેં તેને મ્લેચ્છના દેશમાં ફેંકી દીધું નહિ એ મને બહુ અપસોસ થાયછે."

ધૃષ્ટદ્યુમ્નનાં વચન સાંભળી કોઇ પણ કશું બોલ્યું નહિ. પણ એક અર્જુન વાંકી નજરથી ધૃષ્ટદ્યુમ્નસામે જોઇ "ધિક્કાર છે ધિક્કાર છે" એમ બોલવા લાગ્યો. આ વખતે સાત્યકિ અર્જુનનો શિષ્ય હોવાથી તેના તથા ધૃષ્ટદ્યુમ્નના વચ્ચે કેટલીક વાદાવાદી ચાલતાં સાત્યકિ ધૃષ્ટદ્યુમ્નને અત્યંત ધિક્કારવા લાગ્યો અને કહેવા લાગ્યો કે "ધૃષ્ટદ્યુમ્ન ! બ્રાહ્મણો જેમ ચંડાળને ધિક્કારે તેમ સર્વ રાજાઓ તને ધિક્કારેછે. ગુરૂના કેશ પકડી તેનું માથું કાપી નાખ્યું, તેથી તેં તારા ચૌદ પૂર્વજોને નરકમાં નાખ્યા છે. તેં ક્ષત્રિયને ન ઘટે એવો મોટો અધર્મ કર્યો છે."

"અરે સાત્યકિ ! તુંજ પાપથી ભરેલો છે. અર્જુને હાથ કાપી નાખ્યા પછી અનશનવ્રત લઇ બેઠેલા ભૂરિશ્રવાનું તેં માથું કાપી નાખ્યું એતો ધર્મ હશે ? કૌરવોએ અધર્મથી પાંડવોનું રાજ્ય લઈ લીધું, અધર્મથીજ સભાવચ્ચે દ્રૌપદી ઉપર જુલમ કર્યો, અધર્મથીજ પાંડવોને વનવાસ કહાડ્યા, અધર્મથીજ શલ્યને પોતાના પક્ષમાં લીધો અને અધર્મથીજ અભિમન્યુને માર્યો. તે સઘળા અધર્મોને ભૂલી જઇ તું મારાપર અધર્મનો આરોપ મેલેછે એ કેવું વિપરીત કહેવાય ?"

આ પ્રમાણે એકબીજાને વાદવિવાદ ચાલતો હતો તેવામાં શ્રીકૃષ્ણે તે સઘળાઓને શાંત પાડ્યા. તેથી સઘળા પાંચાલો તથા પાંડવો શત્રુઓની સાથે યુદ્ધ કરવા તૈયાર થયા. અશ્વત્થામાએ પ્રગટ કરેલ નારાયણાસ્ત્રમાંથી પાંડવોની સેનાઉપર હજારો શસ્ત્રો પડવા લાગ્યાં. જેમ જેમ યોદ્ધાઓ યુદ્ધ કરવા લાગ્યા તેમ તેમ તે અસ્ત્ર વૃદ્ધિ પામવા લાગ્યું અને અર્જુન ત્રાહિતની પેઠે ઉભેલો જોવામાં આવ્યો. તેથી યુધિષ્ઠિરે કહ્યું કે "ધૃષ્ટદ્યુમ્ન ! તમે તમારી સઘળી સેના લઈ ભાગી જાઓ, સાત્યકિ ! તમે પણ જતા રહો અને શ્રીકૃષ્ણ પોતાને યોગ્ય લાગે તેમ કરે. હું સઘળા યોદ્ધાઓને યુદ્ધ કરવાની ના પાડુંછું.

અર્જુનના મનોરથો પૂર્ણ કરવા હું ભાઇઓસહિત અગ્નિમાં પ્રવેશ કરૂં છું. જે ધર્માત્મા દ્રોણાચાર્યે ઘણાની સાથે મળી અભિમન્યુને માર્યો, જુગારની સભામાં દ્રૌપદીની ઉપેક્ષા કરી તેના પ્રશ્નનો ઉત્તર આપ્યો નહિ, અર્જુનના ઘોડા થાકી રહેલ તે સમયમાં દુર્યોધનને દિવ્ય બખ્તર પહેરાવી યુદ્ધ કરવા મોકલ્યો, અસ્ત્રવિદ્યાને નહિ જાણનાર ક્ષત્રિયોઉપર દિવ્યઅસ્ત્રોના પ્રયોગ કર્યા અને તેઓને મારી નાખ્યા, વનવાસ થયો તે સમયમાં અમારી કશી સહાયતા ન કરી તે દ્રોણને યુદ્ધમાં મરાવ્યા એ મેં મોટો અધર્મ કર્યો છે!"

નારાયણાસ્ત્ર વૃદ્ધિ પામતું ચાલ્યું આવતું હતું તેથી શ્રીકૃષ્ણે પણ સઘળા યોદ્ધાઓને લડાઈ બંધ પાડવાનું કહ્યું. જેમ જેમ લડાઇ કરવામાં આવે તેમ તેમ તે અસ્ત્ર વૃદ્ધિ પામે એવો તેનો પ્રભાવ હતો. શ્રીકૃષ્ણની આજ્ઞાથી સઘળા યોદ્ધાઓ હથિઆર છોડી વાહનોઉપરથી ઉતરવા લાગ્યા. પણ ભીમ બોલ્યો કે "યોદ્ધાઓ! હથિઆર છોડો નહિ અને વાહનોઉપરથી ઉતરો નહિ. હું મારી ગદાથી નારાયણાસ્ત્રને તોડી નાખીશ અને અશ્વત્થામાનું માથું ફાડી નાખીશ. નારાયણાસ્ત્રની સામે લડવા જો બીજો કોઇ ન હોય તો આ ભીમ તૈયાર છે. મારામાં દશહજાર હાથીનું બળ છે, હિમાલયને ઉથલાવવો હોય તોપણ હું ઉથલાવી નાખું. અર્જુન! તારે ગાંડીવ ફેંકી નાખવું નહિ અને રથમાંથી ઉતરવું નહિ. કેમકે તેમ કરવાથી તારા કપાળમાં તો મોટો દાઘ લાગશે." "નારાયણાસ્ત્રની પાસે તથા ગાયોના અને બ્રાહ્મણોના રક્ષણને વાસ્તે ગાંડીવને છોડી દેવું એ મારો નિયમ છે." અર્જુનનું આવું વચન સાંભળી ક્રોધ પામેલો ભીમ અર્જુનને ધિક્કારી પોતે એકલોજ અશ્વત્થામાની સામે થયો પણ નારાયણાસ્ત્રના અગ્નિના તણખાથી પતંગીઆઓથી વીંટાયેલો પર્વત હોય એમ તે દેખાવા લાગ્યો. બીજા યોદ્ધાઓએ તો હથિઆર છોડી દીધાં હતાં, તેથી તે અસ્ત્ર એકલા ભીમની ઉપરજ આવી પડયું. ભીમને અગ્નિથી ઘેરાયેલો જોઈ પાંડવો અને યોધ્ધાઓ હાહાકાર કરવા લાગ્યા, પણ અર્જુને કોઇ ન જાણે તેવી રીતે નારાયણાસ્ત્રને વારૂણાસ્ત્રના સંયોગવાળું કરી નાખ્યું. વારૂણાસ્ત્રનો યોગ આપ્યા છતાં પણ ભીમનો રથ જાણે અગ્નિ સૂર્યમાં પેઠેલો હોય તેમ તે અસ્ત્રમાં પેઠેલો જણાતાં અર્જુને તથા શ્રીકૃષ્ણે માયાથી તે અગ્નિમાં પ્રવેશ કરી તેને તથા તેનાં આયુધોને ખેંચી લીધાં તોપણ ભીમ પોતાના અભિમાનને નહિ છોડતાં ગર્જના કરવા લાગ્યો, અને અસ્ત્ર વૃદ્ધિ પામવા લાગ્યું. શ્રીકૃષ્ણે ભીમને ઘણો વાર્યો અને કહ્યું

કે "આ સમય યુદ્ધ કરવાનો નથી. જો એમ હોય તો અમે પણ યુદ્ધ છોડીએ એમ નથી. હવે મારૂં માન અને રથમાંથી ઉતર." એમ કહી તેને બલાત્કારથી રથમાંથી ઉતાર્યો અને હથિયાર છોડાવ્યાં એટલે નારાયણાસ્ત્ર પોતાની મેળેજ શાંત થઇ ગયું. અસ્ત્ર શાંત થયું કે તરતજ, ફરીથી પાંડવો લડવાને તૈયાર થયા. એટલે દુર્યોધને અશ્વત્થામાને તે અસ્ત્ર મૂકવા ફરીથી પ્રેરણા કરી પણ "તે અસ્ત્રનો ફરીથી પ્રયોગ કરવામાં આવે તો તે, પ્રયોગ કરનારઉપરજ આવી પડે." એમ નિસાસો મૂકી અશ્વત્થામાએ કહ્યું, તેથી દુર્યોધન બિચારો લાચાર થઇ ગયો. પણ અશ્વત્થામા નિર્ભય થઈ બીજાં અસ્ત્રોથી ધૃષ્ટદ્યુમ્નની ઉપર ઝડપ કરવા લાગ્યો. ધૃષ્ટદ્યુમ્ન પણ નિર્ભયપણે તેની સામે લડવા લાગ્યો. અશ્વત્થામાએ એક વજ્રજેવા બાણથી સાત્યકિની છાતી ભેદી નાખી અને બીજા બાણથી ધૃષ્ટદ્યુમ્નના કપાળને ભેદી નાખ્યું. બન્ને મૂર્છિત થઇ ગયા. બન્ને મહારથિઓને પીડા પામેલા જોઇ અર્જુન તથા ભીમસેન અશ્વત્થામા-સામે લડવા લાગ્યા. ભીમે તેની હાંસડી વીંધી નાખી. અશ્વત્થામાએ અત્યંત પરાક્રમ બતાવ્યું અને શત્રુઓમાં મોટું ભંગાણ પાડ્યું. અર્જુનને અશ્વત્થામા-ઉપર મોટી પ્રીતિ હતી તોપણ પોતાના સૈન્યનો પરાભવ થવાથી અને યુધિષ્ઠિરનાં મર્મસ્પર્શી વચનોથી અર્જુને તેની સામે યુદ્ધ કરવું શરૂ કર્યું. અશ્વત્થામાએ આગ્નેયાસ્ત્રનો પ્રયોગ કર્યો તેથી અગ્નિની જ્વાળાઓથી વીંટાયેલાં બાણોની વૃષ્ટિ અર્જુનઉપર થવા લાગી, પણ બ્રહ્માસ્ત્રના પ્રયોગથી તે સઘળું શાંત થઈ ગયું. આટલા વખતમાં પાંડવોની એક અક્ષૌહિણી સેના મરણ પામી. અશ્વત્થામા પોતાનું અસ્ત્ર નિષ્ફળ જવાથી નિસાસા મૂકવા લાગ્યો અને ધનુષ છોડી દઈ રથમાંથી ઉતરી પડી "હાય હાય! આ સઘળું મિથ્યા થાયછે." એમ બોલી યુદ્ધમાંથી ભાગી ગયો

અશ્વત્થામા ભાગી ગયો અને દ્રોણ મરણ પામ્યા તેથી મોટા ખેદથી ઘેરાયેલા કૌરવોએ સેનાને પાછી વાળતાં પાંડવોએ પણ પોતાની સેનાને પાછી વાળી અને સર્વ રાજાઓ પોતપોતાના ઉતારામાં ગયા.

પ્રકરણ ૭૩ મું.

દિવસ ૧૬ મો.

કર્ણ સેનાધિપતિ.

કૌરવો દ્રોણના મરણ પછી કેટલીક વારે લડાઈ બંધ કરી ઉતારામાં ગયા પછી હવે કોને સેનાધિપતિની પદવી આપવી એ વિચાર ગોઠવવા બેઠા. દુર્યોધને પ્રિય વચનથી સઘળાઓને બોલાવી એ બાબતનો પ્રશ્ન કર્યો.

"સ્વામિઉપરભક્તિ, દેશકાલાદિકની સંપત્તિ, બળ અને નીતિ એ ચાર ઉપાયો કાર્યમે સિદ્ધ કરનારા છે; પણ તેમાં દૈવની મદદની અપેક્ષા છે. એ સઘળા ગુણોવાળા ભીષ્મ તથા દ્રોણ યુદ્ધમાં કપાઈ ગયા તોપણ આપણે નિરાશ થવું યોગ્ય નથી. કેમકે ઉપાયોને સારી રીતે ગોઠવવાથી દૈવને પણ અનુકૂળ કરી શકાયછે. કર્ણ મહાબળવાન, શૂર, અસ્ત્રવિદ્યાનો પૂર્ણ અભ્યાસી અને યમજેવો પ્રચંડ છે; તે શત્રુને અવશ્ય જીતશે. હવે આપણે તેનેજ સેનાપતિ કરી તેની સલાહપ્રમાણે વર્તી શત્રુઓને મારવા જોઈએ."

ઉપર પ્રમાણે અશ્વત્થામાનાં વચન સાંભળી આનંદ પામેલા દુર્યોધને દૃઢ આશા બાંધી કર્ણને કહ્યું કે "કર્ણ ! તારૂં પરાક્રમ અને તારો મારી ઉપરનો સ્નેહ એ હું પૂરી રીતે જાણુંછું. તું મહાબળવાન, વિચક્ષણ અને મારા પરમ શરણરૂપ છો. ભીષ્મ અને દ્રોણ એ બન્ને મારા સેનાપતિઓ યુદ્ધમાં કામ આવ્યા. હવે તેઓથી અધિક બળવાન તું છો. તેઓ વૃદ્ધ અને વળી અર્જુન-ઉપર પ્રીતિ રાખનારા હતા. તોપણ તારાં વચનને માન આપી મેં તેઓને સેનાધિપતિપણાની પદવી આપી હતી. ભીષ્મ પાંડવોને પૌત્ર જાણી અને દ્રોણ શિષ્ય જાણી બચાવતા હતા. હવે હું એ બોજો તારા ઉપર નાખુંછું. તું પાંડવોને જીતી લેવા સમર્થ છે."

'દુર્યોધન ! મેં તમારી પાસે પ્રથમજ કૃષ્ણસહિત પાંડવોને જીતી લેવા કબુલાત આપી છે, હું તમારો સેનાપતિ થઇશ. તમે સઘળી રીતે નિશ્ચિંત રહો. પાંડવોને જીતાયેલાજ સમજો."

કર્ણનાં વચનઉપરથી દુર્યોધન તથા સઘળા રાજાઓ રાજી થયા અને કર્ણનો સુવર્ણ તથા દાંતના કુંભોથી સેનાપતિપણામાં અભિષેક કર્યો. અભિષેક થવાથી કર્ણે બ્રાહ્મણોને પુષ્કળ દક્ષિણા આપી સ્વસ્તિવાચન કરાવ્યું અને મોહોટા પરોઢિયામાં પોતાની સેનાને સજ્જ રહેવાની આજ્ઞા કરી. હુકમ માથે ચડાવી સઘળી સેનાએ પોતપોતાને ઠેકાણે જઇ રાત્રિ વ્યતીત કરી.

મોટે પરોઢિએ તૈયાર થવાની સૂચનાનાં વાજાં વાગતાં હાથીઓ, ઘોડાઓ, રથો તથા પ્યાદલો તૈયાર થઇને ઉભા. ધોળા ઘોડાવાળા, અનેક શસ્ત્રો તથા અસ્ત્રથી ભરપૂર અને ધોળી પતાકાવાળા રથમાં બેસી કર્ણ સૈન્યનો બંદોબસ્ત કરવા લાગ્યો. સજ્જ થયેલા અને શંખનાદ કરતા કર્ણને જોઇ સઘળા યોદ્ધાઓ ભીષ્મ અને દ્રોણનાં મરણનાં દુઃખને ભૂલી ગયા.

કર્ણ પોતાની સેનાનો મકરવ્યૂહ ગોઠવી રણભૂમિમાં આગળ ચાલ્યો. આ તરફ પાંડવો પણ પોતાની સેનાનો અર્ધચંદ્રવ્યૂહ ગોઠવી સામે થયા. યુદ્ધ શરૂ થતાં ભીમસેન મોટા હાથીપર બેસી કૌરવોની સેનાસામે આવ્યો અને સામા થયેલા ક્ષેમધૂર્તિ નામના રાજાને એકદમ ગદાથી મારી નાખ્યો. ક્ષેમધૂર્તિને મારી ભીમ અશ્વત્થામાની સામે થયો. કેટલાએક વખતસુધી એ બન્ને યોદ્ધાઓનું મહા દારૂણ યુદ્ધ ચાલ્યું. છેવટ બન્ને પરસ્પરનાં બાણોથી વીંધાઇ મૂર્છિત થઇ ગયા એટલે તેના રક્ષકો તેમને ત્યાંથી દૂર લઇ ગયા. સંજ્ઞા પ્રાપ્ત થઇ એટલે અશ્વત્થામા પાછો આવી અર્જુનને હાથની સંજ્ઞાથી

બોલાવી તેની સામે થયો અને કહ્યું કે "અર્જુન! જો તું મને યોગ્ય અતિથિ માનતો હો તો આજ મને યુદ્ધરૂપી પરિપૂર્ણ આતિથ્ય દે."

અશ્વત્થામાને અર્જુને કંઈ પણ ઉત્તર આપ્યો નહિ પરંતુ શ્રીકૃષ્ણે કહ્યું કે "અશ્વત્થામા! ધણીએ આપેલી આજીવિકાને હક કરવાનો આ સમય છે. માટે સ્થિર થઇ યુદ્ધ કરજે. અર્જુન તને પૂરેપૂરી મેહેમાની આપશે. અર્જુન જે તારો સત્કાર કરે તેને સ્વીકારી લેજે." જવાબમાં "બહુ સારૂં" એમ કહી અશ્વત્થામાએ બાણો ફેંકવા માંડ્યાં, પણ અર્જુને તેનાં પ્રત્યેક બાણના ત્રણ ત્રણ કટકા કરી નાખ્યા, અને ગુરૂપુત્રને નહિ ગણકારી પોતે સંસપ્તકોની કતલ કરવા માંડી. તેનાં બાણો એક ગાઉથી પણ વધારે દૂર જઇ શત્રુના સૈન્યનો વિનાશ કરવા લાગ્યાં. અશ્વત્થામા વળી પણ સામે થયો; પણ અર્જુને તેનાં મર્મોને વીંધી નાખી ઘોડાઓની રેન કાપી તેઓને એવો તો માર માર્યો કે તેઓ વ્યથા પામી રથને દૂર લઈ ગયા. ગભરાયેલા અશ્વત્થામાને પાછું અર્જુનની સામે આવવાનું મન થયું નહિ એટલે અર્જુન સંસપ્તક લોકોને મારવામાંજ ગુંથાયો. આ તરફ સાત્યકિ, નકુલ, સહદેવ, ધૃષ્ટદ્યુમ્ન તથા દ્રૌપદીના સર્વ પુત્રોએ શત્રુના ઘણા ઘણા મહારથિઓને કાપી નાખ્યા. પોતાની સેનાને કપાઇ ગયેલી જોઇ ક્રોધથી વ્યાપ્ત થયેલો દુઃશાસન નકુલની સામે યુદ્ધ કરવાને આવ્યો પણ નકુલે પોતાનાં પ્રબળ બાણોથી તેને મૂર્છિત કરી દીધો એટલે ક્રોધ કરી કર્ણ મોટા વેગથી નકુલની સામે ગયો.

'તુંજ આ વૈર અને સઘળા અનર્થોનું મૂળ છો, આજે તને મારી હું વિજ્વર અને કૃતાર્થ થઇશ." નકુલનાં આ પ્રમાણે વચન સાંભળી કર્ણે કહ્યું કે "તારો પુરૂષાર્થ મારે જોવાનો છે: તારી જેટલી શક્તિ હોય તે પ્રમાણે પ્રહાર કર. મારી સાથે યુદ્ધ કરી પછી તું બકવાદ કરજે." એ પ્રમાણે પરસ્પર વાતો કરતાં કરતાં કર્ણે નકુલનું ધનુષ કાપી નાખ્યું અને તેવીજ રીતે ઉપરાઉપર તેનાં બીજાં પણ ઘણાં ધનુષો કાપી નાખ્યાં. નકુલે પણ તેવુંજ પરાક્રમ બતાવ્યું. પોતાનું ધનુષ, સારથિ, ઘોડા તથા રથ કપાઇ જવાથી એક મોટી ભોગળ લઇ તે કર્ણની સામે ઉભો રહ્યો. બળવાન કર્ણે તે ભોગળને પણ કાપી નાખી ઘણાં બાણોથી તેને વ્યાકુળ કરી દીધો; તે પીઠ દઇને ભાગ્યો. કર્ણે તેની પછવાડે દોડી તેના ગળામાં ધનુષની દોરી નાખી કહ્યું કે "તું જે બોલ્યો હતો તે સઘળું વ્યર્થ ગયું; હવે બીજી વાર બોલવું હોય તો બોલી લે. નકુલ! હું મારૂં વચન યાદ કરી તને છોડી દઉં છું."

નકુલને છોડી કર્ણ પાંચાલોને મારવા લાગ્યો. જેમ ગ્રીષ્મકાળના મધ્યાહ્નનો સૂર્ય લોકોને તપાવે તેમ કર્ણ શત્રુઓને તપાવવા લાગ્યો. મરતાં મરતાં અવશેષ રહેલા પાંચાલો ભાગવા લાગ્યા. કર્ણ પછવાડે દોડી દોડી તેઓને મારવા લાગ્યો.

કર્ણનું પરાક્રમ જોઇ રાજી થયેલા કૃપાચાર્યે ધૃષ્ટદ્યુમ્નની ઉપર બાણો ફેંકવા માંડયાં અને તે ત્યાંથી એક પગલું પણ ખસવાને અશક્ત થઇ ગયો. સર્વ યોદ્ધાઓ ધૃષ્ટદ્યુમ્નને મૃત્યુના મુખમાં સપડાયેલો માનવા લાગ્યા. ધૃષ્ટદ્યુમ્ન બેભાન જેવો થઇ ગયો, તેનું મન મુંઝાવા લાગ્યું, પસીનો વળી ગયો અને શરીર ધ્રુજવા લાગ્યું. આથી તેને અર્જુન અથવા ભીમની પાસે લઇ જવા તેના સારથિએ રથને પાછો વાળી હાંકતાં કૃપાચાર્ય બાણોની વૃષ્ટિ કરતા કરતા કેટલેક સુધી તેની પાછળ ગયા અને કૌરવો રાજી થવા લાગ્યા.

ધૃષ્ટદ્યુમ્ન જેમ કૃપાચાર્યથી પરાજિત થયો તેમ શિખંડી પણ કૃતવર્માથી પરાજિત થયો. પોતાના યોદ્ધાઓનો આ પ્રમાણે પરાજય થયેલો જોઇ ખેદ પામેલા અર્જુને ઘણા ક્રોધના આવેશમાં આવી કૌરવો તરફના સત્યસેન, ચંદ્રદેવ, મિત્રદેવ, સુતંજય, સૌશ્રુતિ, ચિત્રસેન અને મિત્રવર્મા નામના મહારથિઓને કાપી નાખવાની સાથે તેની સેનામાં મોટી કતલ મચાવી મૂકી. સંસપ્તકોનાં મુડદાંઓથી પૃથ્વી ઢંકાઇ જતાં અર્જુનના ઘોડાઓને રથ તાણવામાં ઘણી મુસ્કેલી પડવા લાગી. આ વખત દુર્યોધન યુધિષ્ઠિરની સામે આવતાં યુધિષ્ઠિરે "ઉભો રહેજે" એમ કહી તેને ઘણાં બાણોથી વીંધી નાખ્યો અને તેના સારથિ, ઘોડા તથા ધનુષને કાપી નાખ્યાં. દુર્યોધન રથમાંથી કૂદી પડી ધરતીપર ઉભો. પાંડવોના યોદ્ધાઓને કીકીયારી તથા સિંહનાદો કરતા જોઇ ક્રોધથી ઘેરાયેલો દુર્યોધન બીજા રથમાં બેસી યુધિષ્ઠિરની સામે થયો. તેણે યુધિષ્ઠિરનું ધનુષ કાપી નાખ્યું. યુધિષ્ઠિરે બીજું ધનુષ લઇ દુર્યોધનની ધ્વજા તથા ધનુષ એ બન્ને કાપી નાખ્યાં. દુર્યોધને ફેંકેલી સાંગને ત્રણ બાણોથી કાપી નાખી બીજાં પાંચ બાણો યુધિષ્ઠિરે તેનાપર નાખ્યાં. વળી પણ તેના તરફથી આવેલાં નવ ભાલાંઓને નહિ ગણકારતાં યુધિષ્ઠિરે એક ભયંકર બાણથી દુર્યોધનને વિહ્વળ કરી દીધો. પણ તે મરણીયા થઇ હાથમાં ગદા લઇ યુધિષ્ઠિરની સામે દોડયો. શત્રુને સામે આવતો જોઇ યુધિષ્ઠિરે તેના પર એક ભયંકર સાંગનો ઘા કર્યો જેથી તેનાં બખ્તર અને છાતી ભેદાઇ ગયાં અને તે ધરતીપર પડી ગયો.

"દુર્યોધનને મારવાની મારી પ્રતિજ્ઞા છે માટે હવે તમારે તેના ઉપર બાજે ઘા કરવો નહિ." એ પ્રમાણે ભીમનું બોલવું સાંભળી યુધિષ્ઠિરે દુર્યોધનને છોડી દીધો. આ વખત બન્ને સૈન્યોનું પરસ્પર ઉન્મત્તના જેવું નિર્મર્યાદ યુદ્ધ ચાલવા લાગ્યું.

કર્ણ સૂર્યનાં કિરણોસરખાં ઉગ્ર બાણોથી સાત્યકિને પીડવા લાગતાં તે પણ ઝેરી નાગજેવાં ઘણાં બાણોથી કર્ણને ઘેરી વળ્યો. કર્ણ ઘેરાઇ જતાં તેની સહાયતામાટે ઘણા ઘણા યોદ્ધાઓને આવતા જોઇ પાંડવોના યોદ્ધાઓ પણ ત્યાં આવી પહોંચ્યા. અર્જુને ગાંડીવનો ટંકાર કરી આકાશ તથા દિશાઓને બાણોથી ઢાંકી દઇ અનેક યોદ્ધાઓ, ઘોડાઓ તથા હાથીઓને યમપુરીમાં મોકલવા માંડ્યા અને સામે આવેલા દુર્યોધનના સારથિ, ઘોડા, ધનુષ, ધ્વજ તથા છત્રને કાપી નાખી તેનાં પ્રાણ હરી લે એવું એક ભયંકર બાણ ફેંક્યું; પણ અશ્વત્થામાએ તેને અધવચથીજ કાપી નાખ્યું. અત્યંત ક્રોધથી શ્યામ થયેલા અર્જુને અશ્વત્થામા, કૃપાચાર્ય, કૃતવર્મા, અને દુઃશાસનના ઘોડાઓને મૃત્યુના મુખમાં સોંપી દઇ, તેમનાં ધનુષોને પણ કાપી નાખ્યાં. પાંડવોના યોદ્ધાઓ કર્ણને પીડવા લાગ્યા પણ કર્ણ તેથી કશી વ્યથા નહિ પામતાં તે સઘળાઓને તાડવા લાગ્યો. કર્ણના અસ્ત્રથી પોતાના સૈન્યનો ક્ષય થતો જોઇ અર્જુને એક દિવ્યાસ્ત્રનો એવો અચાનક પ્રયોગ કર્યો કે, જેથી આકાશ તથા પૃથ્વી ઢંકાઇ ગયાં અને ભાગળોસરખાં બાણો, પડવા લાગ્યાં. આથી પીડા પામેલું કૌરવોનું સૈન્ય આંખો મીંચીને ફરવા લાગ્યું.

આ સમય સૂર્યને અસ્ત પામેલો જોઇ રખેને રાત્રિયુદ્ધ ચાલુ થાય એવા ધાસ્તીથી કૌરવોના યોદ્ધાઓ પોતાની મેળેજ રણભૂમિમાંથી પાછા વળ્યા. કૌરવોને પાછા વળેલા જોઇ પાંડવોના યોદ્ધાઓ પણ અર્જુનને આશીર્વાદ દેતા દેતા રણભૂમિમાંથી પાછા વળી પોતાને ઉતારે ગયા. હારીને ઉતારાપર ગયેલા, આયુધો, વાહનો અને બખ્તરોથી રહિત થયેલા તથા ઘણા જખમ પામેલા કૌરવોના યોદ્ધાઓ વિચારમાં પડી ઉંડા નિસાસા નાખવા લાગ્યા. આ વખતે કર્ણે હાથથી હાથ દબાવી દુર્યોધનને કહ્યું. કે "અર્જુન ઉદ્યોગી, દૃઢ, ચતુર અને ધારજવાળો છે; વળી તેને વખતો વખત શ્રીકૃષ્ણ યોગ્ય સલાહ આપ્યા કરેછે તેથી તેણે અચાનક દિવ્યાસ્ત્રનો પ્રયોગ કરી આજ આપણને છેતર્યા છે. પરંતુ આવતી કાલે હું તેને તોડ્યાવિના રહેવાનો નથી."

પ્રકરણ ૭૪ મું.

દિવસ ૧૭ મો.

યુધિષ્ઠિર યુદ્ધ છોડી ભાગી ગયા.

ગઈ કાલે મારે અર્જુનની સાથે ઘણાં કામો કરવાનાં હતાં પણ તેમાં જોઈએ તેવો અમારો સમાગમ થયો નહિ. આજ હું અવશ્ય કાળજી રાખીને તેની સાથે યુદ્ધ કરવાનો છું. હું અર્જુનને મારીશ અથવા અર્જુન મને મારશે. આજે અર્જુનને માર્યાવિના હું કદી પાછો આવવાનો નથી. આપણા સૈન્યના મોટા મોટા વીર લોકો મરી ગયા છે અને મારી પાસેથી ઇંદ્રની સાંગ જતી રહેલી છે તેથી અર્જુન આજ મારી સામે આવ્યાવિના રહેવાનો નથી. જેમ અર્જુનની પાસે ગાંડીવ ધનુષ છે તેમ મારી પાસે પણ પરશુરામે આપેલું વિજય નામનું ધનુષ છે; જે ધનુષથી પરશુરામે એકવીશ વાર પૃથ્વીને નિઃક્ષત્રિય કરી હતી. ચાલાકીમાં, દૂરના નિશાનને પાડવામાં, શારીર અને દિવ્યાસ્ત્રના બળમાં, પરાક્રમમાં અને મનની શક્તિમાં અર્જુન કદી મારી બરાબરી કરી શકે એમ નથી. પરંતુ અખૂટ બાણોવાળાં ભાથાંઓ, શ્રીકૃષ્ણ સારથિ, અભેદ્ય રથ, દિવ્ય ઘોડાઓ અને હનુમાનવાળા ધ્વજથી તે

મારા કરતાં વધી જાયછે. આ મદ્રદેશનો રાજા શલ્ય જે, શ્રીકૃષ્ણના જેવોજ અસ્ત્રવિદ્યામાં નિપુણ તથા પરાક્રમી છે તે જો મારો સારથિ થાય અને બાણોથી ભરેલાં હજારો ગાડાંઓ મારા રથની સાથે ફર્યા કરે તો હું અર્જુનથી વધી જાઉં એમાં કશો સંશય નથી. મારો સારથિ થવાની તમે શલ્યને વિજ્ઞપ્તિ કરો અને બાણોનાં ગાડાંઓ મારી સાથે ફેરવવાની ગોઠવણ કરો."

"મામા! હું દુર્યોધન આજ પાંડવોના વિનાશને વાસ્તે અને મારા હિતને માટે તમારા ચરણમાં માથું નમાવી માગણી કરૂંછું કે "આજ તમે કર્ણના સારથિ થાઓ. આશા છે કે, તમે તેના સારથિ થશો તો તે જરૂર અર્જુનને જીતી શકશે."

દુર્યોધનનાં આવાં વચન સાંભળી ક્રોધથી વ્યાપ્ત થયેલો શલ્ય લાલ આંખો કરી, ભમરો ચડાવી, હાથ પછાડી બોલ્યો કે "દુર્યોધન! તમે કર્ણને મારાથી અધિક માની તેનાં વખાણ કરોછો અને મને તેનો સારથિ થવાનું કહોછો? એ મારૂં મોટું અપમાન થાયછે. હું કર્ણને કોઈ હિસાબમાં લેખતો નથી. મારા ભાગમાં કોઈ મોટામાં મોટું કામ સોંપવાનું હોય તો સોંપો એટલે તે બજાવીને હું ચાલ્યો જાઉં. જેથી અપમાન થાય તેવા કામમાં મારા જેવા વીરલોકો કદી પડે નહિ. હું સઘળી પૃથ્વીને પણ ઉથલપાથલ કરવાને સમર્થ છું તેને તમે નીચ કર્ણના સારથિપણામાં શામાટે જોડોછો? કર્ણ સૂતજાતિ હોવાને લીધે ચાર વર્ણોમાંના કોઈ પણ વર્ણમાં નથી, પરંતુ વર્ણસંકર છે અને હું તો ક્ષત્રિયોના ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલો રાજા છું માટે કર્ણનો દાસ થવામાં રાજી નથી."

આ પ્રમાણે બોલી શલ્યે સભામાંથી ઉઠી ચાલવા માંડયું; પણ દુર્યોધને ઘણા માનપૂર્વક તેને રોકીને કહ્યું કે "જેમ તમે કહોછો તેમજ છે. કર્ણ તમારાથી કદીપણ અધિક થાય તેમ નથી. તોપણ લોકોમાં તમને શ્રીકૃષ્ણથી અધિક જણાવવાને વાસ્તે હું તમને કર્ણના સારથિ થવાનું કહુંછું. અર્જુન જેમ શ્રીકૃષ્ણની સહાયતાથી જીતેછે તેમ તમારી સહાયતાથી કર્ણ શત્રુઓને જીતશે. તમે બળ અને અસ્ત્રવિદ્યામાં કૃષ્ણથી અધિક છો. જેમ ત્રિપુરનો નાશ કરવાના કામમાં બ્રહ્મા સદાશિવના સારથિ થયા હતા તેમ તમે પણ અર્જુનને મારવાના કામમાં કર્ણના સારથિ થાઓ. મારે તમને કહેવું જોઈએ કે, કર્ણ જો વર્ણસંકર હોય તો તેની આકૃતિ દેવકુમારસરખી હોય નહિ અને તેને પરશુરામ અસ્ત્રવિદ્યાનો અભ્યાસ પણ કરાવે નહિ. વળી રથમાં બેસનાર યોદ્ધા કરતાં જે અધિક પરાક્રમી હોય તેનેજ સારથિ કરવો જોઈએ એવી યુદ્ધની

મર્યાદા છે. ”

“દુર્યોધન ! તમે મને શ્રીકૃષ્ણસરખો અને બ્રહ્મા જેવો કહ્યો છે તેથી હું કર્ણનો સારથિ થવાનું સ્વીકારૂં છું પણ તેમાં એવી શરત કરૂં છું કે, હું મારી મરજી-પ્રમાણે જે કાંઇ બોલું તે સઘળું કર્ણે સહન કરવું. ”

આ પ્રમાણે શલ્યે કબુલાત આપી, જેથી દુર્યોધને ખુશી થઈ કર્ણનું આલિંગન કર્યું. કર્ણે કહ્યું કે “શલ્યે આપણી માગણીને હજુ આનંદથી સ્વીકારી નથી માટે તેને બીજી વાર ભલામણ કરો ” બીજી વખત ભલામણ કરતાં શલ્ય બોલ્યો કે “હવે તમે કશી ચિંતા નહિ કરો. કર્ણ અર્જુનની સાથે યુદ્ધ કરશે તે સમય હું તેને યોગ્ય સલાહ આપીશ અને બનતી રીતે તેનું રક્ષણ કરીશ. ”

કર્ણ પોતાના રથને તૈયાર કરાવી તેનું પૂજન તથા પ્રદક્ષિણા કરી શલ્યને સારથિની જગોપર બેસાડી પોતે અંદર બેઠો. આ વખત દુર્યોધને કર્ણને કહ્યું કે “ભીષ્મ અને દ્રોણ અર્જુનને મારશે એવી મારી આશા હતી તે તો નિષ્ફળ થઇ પણ તે આશાને તું પૂર્ણ કરજે, પાંડવોના સૈન્યને ભસ્મ કરજે, અર્જુનને મારી નાખજે અને યુધિષ્ઠિરને પકડી લેજે. ” એ પ્રમાણે દુર્યોધનનાં વચન સાંભળી કર્ણે તેનો સ્વીકાર કર્યો એટલે, કૌરવોના સૈન્યમાં હજારો વાજાંઓના શબ્દો તથા સિંહનાદો થઇ રહ્યા.

કર્ણે પોતાના રથને પાંડવોની સેના સામે ચલાવી સર્વ યોદ્ધાઓ સાંભળે તેમ ઉંચે સ્વરે કહ્યું કે “આ વખત જો કોઇ અર્જુનને મારી નજરે કરે અથવા અર્જુન અમુક સ્થળમાં છે એમ બતાવે તો તેને હું મારી સઘળી મિલકત આપવાની સાથે શ્રીકૃષ્ણ તથા અર્જુનને મારી તેઓની પણ જે કાંઇ મિલકત હોય તે આપી દઉં. આજે મૃત્યુદેવ જાતે આવીને અર્જુનનું રક્ષણ કરશે તોપણ હું તેને છોડવાનો નથી.”

“અરે સૂતપુત્ર ! જ્યારે ગાંડીવનો ટંકાર તારા સાંભળવામાં આવશે ત્યારે તું આ પ્રમાણે બોલી શકશે નહિ. સઘળા યાદવોનો પરાભવ કરીને સુભદ્રાનું હરણ કરનાર, તપના સમયમાં મહાદેવજીને પણ પોતાના પરાક્રમથી સંતોષ આપનાર અને ખાંડવ વનનો દાહ કરવા વખત ઇંદ્રાદિ દેવતાઓને પણ પરાસ્ત કરનાર અર્જુનને મારવાની તારી ઉત્કંઠા હાસ્યપાત્ર જ છે. ગંધર્વોસાથેના યુદ્ધમાં તથા વિરાટની ગાયોને વાળવા વખતના યુદ્ધમાં અર્જુનનું પરાક્રમ તને યાદ છે કે નહિ ? આ છેલ્લીવારના મોટા યુદ્ધમાં જો તું નહિ ભાગી જાય તો

હું તને અર્જુનના હાથથી મુવેલોજ દેખુંછું. તું શામાટે ઉતાવળો થાયછે ! અર્જુન પોતાની મેળેજ અહીં આવશે; તેને માટે ઠનામો દેવાની કશી જરૂર નથી. શ્રીકૃષ્ણ તથા અર્જુનને મારવાનો-તારો બકવાદ વૃથા છે. કોઈ શિયાળીઆએ સિંહો માર્યા હોય એમ કદી સાંભળવામાં આવ્યું છે? આ વખત તારો એવો કોઈ સ્નેહી નથી કે જે, તને અગ્નિમાં પડતો અથવા ગળે પથ્થર બાંધી પરાણે સમુદ્રમાં ઝોકાતો અટકાવે ! અર્જુનના હાથથી છૂટેલાં તીક્ષ્ણ બાણો જ્યારે તારાપર આવી પડશે ત્યારે તને પસ્તાવો થશે. જેમ માના ખોળામાં સુતેલો બાળક ચંદ્રને ખેંચવાની ઇચ્છા કરે તેમ તું અર્જુનને મારવાની ઇચ્છા કરેછે. જેમ વનમાં માંસથી તૃપ્ત થયેલો શિયાળીઓ કેસરી સિંહને લડવામાટે બોલાવે તેમ તું અર્જુનને બોલાવેછે અને જેમ ગામની અંદર ઘરમાં સુતેલો કૂતરો જંગલમાં રહેલા સિંહને ભસે તેમ તું અર્જુનને વૃથા બકવાદથી ધિક્કારેછે. ઉંદર અને મીંદડાને, કૂતરા અને સિંહને, ખોટા અને સાચાને તથા ઝેર અને અમૃતને જેટલો અંતર છે તેટલો તારે અને અર્જુનને પરાક્રમીપણામાં અંતર છે. તું જ્યાંસુધી કૃષ્ણ અને અર્જુનને એક રથમાં બેઠેલા નથી દેખતો ત્યાંસુધીજ આ તારો બકવાદ ટકવાનો."

"શલ્ય ! તું શામાટે આવા નિર્મર્યાદ બકવાદ કર્યા કરેછે. જો આ છેલ્લી લડાઈમાં અર્જુન મને જીતી જાય તો પછી તું ચહાય તેમ બોલજે. આજે મારી સામે પોતાનું વજ્ર ઉગામીને ઇંદ્ર આવે તોપણ મને અટકાવી શકે તેમ નથી. તું મારો મિત્રમુખ શત્રુ છે. જે પોતે ગુણવાન હોય તેજ ગુણવાન પુરૂષોના ગુણો જાણે. પણ તારા જેવા મૂઢને સારા નઠારા ગુણોની ખબર શી રીતે પડે ? હું અર્જુનનાં પરાક્રમને તથા મારાં પરાક્રમને પણ જાણુંછું. એક તો શું પણ હજાર અર્જુન અને હજાર કૃષ્ણ હોય તેને મારી નાખવા પણ હું શક્તિ ધરાવુંછું. મારી પાસે ઘણાં વર્ષો થયાં ચંદનાદિકથી પૂજાતું એક સર્પમય ભયંકર બાણ છે, જેથી હું મેરૂ પર્વતને પણ તોડી નાખું. તે બાણ મારે અર્જુન કે કૃષ્ણસિવાય બીજા કોઈનાપર મૂકવાનું નથી. અરે નીચ દેશમાં ઉત્પન્ન થયેલા શલ્ય ! તેં મારૂં મોટું અપમાન કર્યું છે તેથી કૃષ્ણને અને અર્જુનને મારી પછી તને પણ મારી નાખીશ. તારો મદ્રદેશ અનેક દુરાચારો, અભક્ષ્યભક્ષણ અને અગમ્યાગમન વગેરે અનેક પાપોથી વ્યાપ્ત હોવાને લીધે તે દેશમાં ઉત્પન્ન થયેલો તું પણ નીચ અને મૂઢ હોય એમાં કાંઈ આશ્ચર્ય નથી. લોકોમાં વીંછીનું ઝેર ઉતારવાવાસ્તે મંત્ર

બોલવામાં આવેછે કે "મદ્રદેશના લોકોની સાથે સમાગમ કરવાથી પતિત થવાયછે એ વાત જો સાચી હોય તો તારૂં ઝેર ઉતરી જજો." આ મંત્રથી વીંછીનું ઝેર ઘણી વાર ઉતરી જતું અમારા જોવામાં આવ્યું છે. તારા દેશની સ્ત્રીઓ મદ્ય પીએછે, નગ્ન થઇ નાચેછે અને ગમે તે પુરૂષની સાથે વ્યભિચાર કરેછે. તો એવી સ્ત્રીઓના દીકરો તું આવાં વચન બોલે તેમાં નવાઇ શું ? આ વખત દુર્યોધનનું કાર્ય સિદ્ધ થવાવાસ્તે હું મારા ગુસ્સાને દબાવી રાખુંછું. નહિ તો હમણાંજ તારો વધ કરી કૂતરાંને તૃપ્ત કરૂં."

"કર્ણ ! હું તો યજ્ઞ કરનારા અને સંગ્રામમાં પાછી પેની નહિ દેનારા ઉત્તમ રાજાઓના વંશમાં ઉત્પન્ન થયેલો છું. મારા દેશમાં કોઇ જાતના દુરાચાર ચાલતા હોય તો તેના મને કશો સ્પર્શ નથી. સારથિએ રથમાં બેસનારાને ખરી વાત સમજાવવી એ તેનો ધર્મ છે: તેથીજ હું તને ફરીથી પણ કહુંછું કે, જેમ કોઇ કાગડો હંસની સાથે હરીફાઇ કરી મહાસમુદ્રમાં ડુબીને ખરાબ થાય તેમ તું અર્જુનની સાથે હરીફાઇ કરી આ મહાયુદ્ધમાં પાયમાલ થવાનો છું. તું કોઇ પણ યુદ્ધમાં અર્જુનને જીતી શક્યો નથી."

"શલ્ય! હું સઘળું સમજુંછું. આજ અર્જુન અને કૃષ્ણને માર્યા વગર છોડવાનો નથી. મેં એક બ્રાહ્મણના વાછડાને મારી નાખ્યો હતો તેથી તેણે શાપ આપ્યો છે તે પ્રમાણે જો મારા રથનું પૈડું ધરતીમાં ન ખુંચી જાય તો હું મારા મનોરથમાં પાર પડીશ એ અવશ્ય સમજ. કર્ણ કોઇથી બીવાને વાસ્તે નહિ પણ મોટાં મોટાં કામો કરવાને વાસ્તેજ જન્મ્યો છે.

કર્ણ તથા શલ્યને પરસ્પર વાદ થતો જોઇ દુર્યોધને ત્યાં આવી હાથ જોડી તેઓને શાંત કર્યા. શલ્ય શાંત થતાં કર્ણે પણ શાંત થઇ પોતાની સેનાના વ્યૂહની ગોઠવણ કરી.

"અર્જુન ! શત્રુઓથી આપણી સેનાનો વિનાશ ન થાય એવી ગોઠવણ તમે કરો. આજ તમારે કર્ણની સામે, ભીમસેને દુર્યોધનની સામે, સહદેવે શકુનિની સામે, સાત્યકિએ કૃતવર્માની સામે અને ધૃષ્ટદ્યુમ્ને અશ્વત્થામાની સામે યુદ્ધ કરવું; હું કૃપાચાર્યની સામે યુદ્ધ કરીશ."

યુધિષ્ઠિરનાં વચન સાંભળી તેની સઘળી વાતનો સ્વીકાર કરી સૈન્યનો વ્યૂહ ગોઠવી અર્જુને પોતાનો રથ શત્રુના સૈન્યની સામે ચલાવ્યો. અર્જુનને આવતો જોઇ શલ્યે કર્ણને કહ્યું કે "તું જેને જોવાવાસ્તે ઇનામો આપવાનું કહેતો હતો તે અર્જુન પોતાની મેળેજ તારી સામે આવેછે. હવે તારી સઘળી

શક્તિઓનો ઉપયોગ કરી યુદ્ધ કરજે." શલ્યનાં વચન સાંભળી કર્ણ ભારે સાવચેતીથી પાંડવોની સેનાને કાપવા લાગ્યો. પાંડવો પણ કૌરવોની સેનાને કાપવા લાગ્યા. બન્ને સૈન્યમાં શંખો, ભેરીઓ તથા હાથીઓ વગેરેના ભયંકર શબ્દો થઈ રહ્યા.

કર્ણે પાંડવોના સૈન્યમાં પ્રવેશ કરીને તુરતજ સિત્તોતેર પ્રભદ્રકો, પચ્ચીશ પાંચાલો અને સેંકડો ચેદીઓને મારી ભાનુદેવ, ચિત્રસેન, સેનાબિંદુ, તપન અને શૂરસેન નામના પાંચાલોના પાંચ મહારથિઓને યમપુરીમાં મોકલી દીધા. હાહાકાર કરતા પાંચાલોએ કર્ણનાં બાણોથી પીડાતા છતાં પણ તેને ઘેરી લીધો. વળી કર્ણે એક ક્ષણની અંદર તેઓમાંના દશ મહારથિઓને મારી નાખ્યા. કર્ણનો મોટો પુત્ર વૃષસેન તેની પીઠનું રક્ષણ કરતો હતો અને સુષેણ તથા સત્યસેન નામના બીજા બે પુત્રો તેના પડખાંઓનું રક્ષણ કરતા હતા. આ વખત ધૃષ્ટદ્યુમ્ન, સાત્યકિ, ભીમ તથા શિખંડી વગેરે યોદ્ધાઓ કર્ણના સૈન્યને કાપવા લાગ્યા અને અર્જુન સંસપ્તકોના સૈન્યને કાપવા લાગ્યો. કર્ણના પુત્ર સુષેણે પિતાનો બચાવ કરવા વાસ્તે ભીમનું ધનુષ કાપી નાખી ઘણાં બાણોની વૃષ્ટિ કરતાં ભીમે સુષેણના ધનુષને કાપી દશ બાણોથી કર્ણના પુત્ર ભાનુસેનનું મસ્તક ઉડાવી દીધું. કૃપાચાર્ય અને કૃતવર્માનું ધનુષ કાપી નાખ્યું તથા શકુનિના પુત્રને રથવગરનો કરી દીધો. સાત્યકિએ વૃષસેનને પરાસ્ત કરતાં કોપ પામેલા કર્ણે સાત્યકિ, ભીમસેન તથા યુધિષ્ઠિર વગેરે યોદ્ધાઓને બહુજ પીડવા માંડ્યા. બાણોની વૃષ્ટિથી સઘળા યોદ્ધાઓને પરાસ્ત કરી કર્ણ યુધિષ્ઠિરના રથસામે વેગથી આવી પહોંચ્યો. કર્ણને આવતો જોઇ યુધિષ્ઠિરે તેને કહ્યું, કે "દુષ્ટ સૂતપુત્ર ! તેં અમોને ઘણા હેરાન કર્યા છે અને હમેશ અર્જુનની હરીફાઈ કર્યા કરેછે ? માટે આજ તારૂં જે કાંઇ બળ કે પરાક્રમ હોય તે સઘળું દેખાડ. હું તારા ઉન્મત્તપણાંને નષ્ટ કરી નાખીશ." એ પ્રમાણે યુધિષ્ઠિર બોલતા હતા તેટલામાં કર્ણે દશ બાણોથી તેનાં શરીરને વીંધી નાખ્યું. ક્રોધને લીધે યુધિષ્ઠિરના શરીરમાંથી જ્વાળાઓ નીકળવા લાગી. પછી તેણે કર્ણપર એક યમદંડસરખું બાણ ફેંક્યું, જે કર્ણના ડાબા પડખામાં પેસી જતાં તે ધનુષને છોડી દઇ મુડદાજેવો થઇ શલ્યની આગળ આવી પડ્યો. આ વખત કર્ણને મારી નાખવા યુધિષ્ઠિરને લાગ આવ્યા છતાં તેણે અર્જુનની પ્રતિજ્ઞાનું સ્મરણ કરી તેને માર્યો નહિ. યુધિષ્ઠિરનું પરાક્રમ અને કર્ણનો પરાભવ જોઇ પાંડવોના સૈન્યમાં ભારે કીકીયારી થવા લાગી. થોડી વાર પછી સંજ્ઞા પ્રાપ્ત

થતાં ક્રૂર મનવાળા કર્ણે ધનુષનો ટંકાર કરી અનેક બાણોથી યુધિષ્ઠિરને વીંધી નાખી તેના ચંદ્રદેવ તથા દંડધાર નામના બન્ને ચક્રરક્ષકોને પણ મારી નાખ્યા. યુધિષ્ઠિરે કર્ણને ત્રીશ બાણો, શલ્યને નેવું બાણો અને તેના સઘળા રક્ષકોને ત્રણ ત્રણ બાણોથી વીંધી નાખ્યા. કર્ણે ભયંકર બાણોથી યુધિષ્ઠિરને વ્યથિત કરતાં તેના બચાવમાટે સાત્યકિ, ભીમ, ધૃષ્ટદ્યુમ્ન અને યુયુત્સુ વગેરે અનેક યોદ્ધાઓ આવી પહોંચ્યા. તોપણ તેઓને નહિ ગણકારતાં કર્ણે યુધિષ્ઠિરનાં બખ્તરને તોડી ઘણાં બાણોથી તેના શરીરને વીંધી નાખ્યું. લોહીથી ખરડાઇ રહેલા યુધિષ્ઠિરે સાવ લોઢાની સાંગ કર્ણઉપર ફેંકી. કર્ણે તે સાંગને કાપી નાખવાની સાથે યુધિષ્ઠિરનો રથ પણ ભાંગી નાખ્યો. હારી ગયેલા યુધિષ્ઠિર ત્યાંથી ભાગવા લાગ્યા એટલે કર્ણ તેની પાછળ દોડી તેના ખભાપર હાથ નાખવા જતો હતો તેટલામાં શલ્ય બોલ્યો કે, "કર્ણ! યુધિષ્ઠિરને પકડીશ માં. જો એને પકડીશ તો હમણાંજ તે પોતાનાં તપોબળથી તને અને મને પણ ભસ્મ કરી નાખશે." શલ્યનું વચન સાંભળી તથા કુંતીનાં વચનનું સ્મરણ કરી કર્ણે યુધિષ્ઠિરને છોડી દઇ કહ્યું કે "તમે ક્ષત્રિય છતાં પ્રાણનું રક્ષણ કરવાવાસ્તે કેમ ભાગોછો? તમે ક્ષત્રિય ધર્મમાં નહિ પણ બ્રાહ્મણોના ધર્મમાંજ રહેવા લાયક છો. તમારે બાળાઓની સામે નજરમાં આવે તેમ બોલવું પણ મારાજેવા સામે કદી બોલવું નહિ અને જો કદાચ બોલશો તો આ પ્રમાણે ખરાબ થશો. હવે અર્જુનની પાસે કે ઉતારામાં ચાલ્યા જાઓ, હું તમને જાણી જોઇને છોડી દઉંછું." કર્ણનાં દુર્વચનો સાભળી બહુજ લજાઇ ગયેલા યુધિષ્ઠિર વેગથી ભાગવા લાગતાં બીજા યોદ્ધાઓ પણ તેની સાથે ભાગવા લાગ્યા, કર્ણ તેમને મારતો મારતો પાછળ દોડ્યો અને કૌરવોના સૈન્યમાં હર્ષને લીધે શંખો તથા વાજાંઓના શબ્દો થવા લાગ્યા. ભીમવગેરે યોદ્ધાઓ કૌરવોના સૈન્યસાથે ઘણા આવેશથી યુદ્ધ કરવા લાગ્યા. શસ્ત્રોના ફડાકાઓ સંભળાવા લાગ્યા, હજારો હાથીઓ, ઘોડાઓ તથા રથો તૂટવા લાગ્યા, તાડનાં ફળોના પેઠે મસ્તકો ધરતીપર પડવા લાગ્યાં, લોહીની નદીઓ વહેવા લાગી અને કૌરવોનું સૈન્ય વિમુખ થવા લાગ્યું. દુર્યોધને રોકતાં છતાં પણ સૈન્ય નહિ રોકાવાથી કર્ણ મોટી ઝડપથી ભીમની સામે આવ્યો.

કર્ણને સામે આવતો જોઇ ભીમે સાત્યકિ તથા ધૃષ્ટદ્યુમ્નને કહ્યું કે "આપણી નજર આગળ કર્ણે યુધિષ્ઠિરનો પરાભવ કર્યો તેથી મારા મનને ઘણો ખેદ થાયછે. હવે હું યુધિષ્ઠિરને તમારા હાથમાં થાપણરૂપે સોંપી કર્ણને મારવા

જાઉંછું. કર્ણ મને મારશે અથવા કર્ણને હું મારીશ. એટલું બોલી ભીમસેન કર્ણની સામે થતાં શલ્યે કર્ણને કહ્યું કે "અભિમન્યુ તથા ઘટોત્કચનાં મરણ સમય પણ ભીમનું આવું પ્રલયકાળના અગ્નિસમાનરૂપ મારા જોવામાં આવ્યું નહોતું. હું ધારૂંછું કે, આ વખતે એ સઘળા ત્રૈલોક્યને પણ હરાવી દેવા સમર્થ છે."

"શલ્ય! ભીમવિષે તું જે કાંઈ બોલેછે તે સઘળું ખરૂં છે. તે વીર, શૂર, ક્રોધી તથા જીવવાથી બેદરકાર અને મહા બળવાન છે. તેણે પોતાના બાહુબળથીજ કીચક અને તેના સો ભાઇઓને મારી નાખ્યા હતા. માટે તેની સામે યુદ્ધ કરવાથી મારી કીર્તિ વધશે અને અર્જુનનો સમાગમ કરવાની મારી ધારણા પણ તરત પાર પડશે. હવે તું રથ ચલાવવામાં ઘણી સંભાળ રાખજે."

કર્ણનાં વચન સાંભળી શલ્યે ભીમના સામે રથને તુરત પહોંચાડી દેતાં ક્રોધ પામેલા ભીમે ભયંકર બાણોથી તેના સૈન્યને વિમુખ કરી નાખ્યું. કર્ણે ત્રણ બાણોથી ભીમના ધનુષને કાપી નારાચ નામના તીક્ષ્ણ બાણથી તેની છાતી વીંધી નાખી. ક્રોધથી લાલ નેત્રવાળા ભીમે કર્ણના પ્રહારને નહિ ગણકારતાં પર્વતોને પણ તોડી નાખે એવું એક ભયંકર બાણ ધનુષમાં સાંધી, ધનુષ કાનસુધી ખેંચી, કર્ણના ઉપર ફેંક્યું, જેથી તેની છાતી ફાટી ગઇ અને તે મૂર્છિત થઇ પડી ગયો. શલ્ય તેને ત્યાંથી દૂર લઇ ગયો અને ભીમ કૌરવોની સેનાનું નિકંદન કરવા લાગ્યો. તે જોઈ દુર્યોધનના આજ્ઞાથી તેના વીશ ભાઇઓ ભીમને ચારે તરફથી ઘેરી વળી તેનાપર બાણોનો વરસાદ વરસાવવા લાગ્યા. ભીમે એકદમ પાંસઠ રથો તોડી તેઓમાંના છનાં માથાં ઉડાવી દીધાં એટલે બાજા ચૌદ ભાઇઓ ભીમને છોડી ભાગી ગયા. મૂર્છા ઉતર્યા બાદ દુર્યોધનના ભાઇઓને મરણ પામેલા જોઇ ખેદ પામેલો કર્ણ બીજીવાર ભીમની સામે આવ્યો. તેણે પચ્ચાશ બાણથી ભીમને વીંધી તેના રથ, ધનુષ તથા સારથિને કાપી નાખતાં ભીમસેને ગદા લઈ રથમાંથી ઉતરી પડી સાતસો પરચુરણ હાથીઓને મારી નાખ્યા પછી શકુનિના સેંકડો હાથી, રથ અને પ્યાદલોનો નાશ કરી નાખ્યો. અગ્નિમાં પડેલા ચર્મની પેઠે કૌરવોનું સૈન્ય સંકોચાવા લાગ્યું અને શકુનિના સૈન્યમાં ભાગનાસ થવા લાગી, તેટલામાં તો તેણે ત્રણહજાર સ્વારો અને પાંચસો પ્યાદલોને ગદાથી મૃત્યુદેવના દરબારમાં મોકલી દીધા અને બીજા રથમાં બેસી બાણના જાળથી ભીમે કર્ણને ઢાંકી

દીધો. ભીમની સહાયતામાટે આવેલા સાત્યકિએ પણ કર્ણને ઘણાં તીક્ષ્ણ બાણોથી પીડિત કરી દીધો તોપણ તેના પ્રહારને નહિ ગણકારતાં કર્ણ ભીમની સાથે જ યુદ્ધ કરવા લાગ્યો. ભીમનાં બાણોથી સઘળી દિશાઓ ઢંકાઇ જવાથી રાત્રિજેવો દેખાવ થઇ રહ્યો. કર્ણ, અશ્વત્થામા, કૃતવર્મા અને શકુનિને પાંડવોસાથે ઉગ્ર યુદ્ધ કરતા જોઇ બીજા યોદ્ધાઓ જેઓ ભાગતા હતા તેઓ પણ પાછા વળી પાંડવોના સૈન્યને મારવા લાગ્યા. જેમ વરસાદના સમયમાં ભેળી થયેલી બે નદીઓનો દેખાવ થાય તેવો બે સેનાઓનો દેખાવ થઇ રહ્યો.

અર્જુન સંસપ્તકોના સૈન્યમાં કતલ મચાવતો હતો ત્યાં સંસપ્તકો મરણીયા થઇને અર્જુનના રથને વળગી રહ્યા. કેટલાએકે ઘોડાઓને, કેટલાએકે પૈડાંઓને, કેટલાએકે શ્રીકૃષ્ણના બન્ને હાથને અને કેટલાએકે અર્જુનને પણ ઝાલી રાખતાં તેણે વેંતીયાં બાણો ચલાવવા માંડ્યાં અને નાગપાશ નામના અસ્ત્રથી તેઓને નિશ્ચેષ્ટ કરી મૂક્યા. સંસપ્તકોના રાજા સુશર્માએ ગરૂડાસ્ત્રનો પ્રયોગ કરી પોતાના સૈન્યને નાગપાશથી મુક્ત કર્યું અને અર્જુનને ત્રણ બાણોથી મૂર્છિત કરી દીધો. થોડીવાર પછી સંજ્ઞા પ્રાપ્ત થઇ એટલે અર્જુને અપાર પ્રભાવવાળું ઇંદ્રાસ્ત્ર પ્રગટ કર્યું એટલે ઘણા સંસપ્તકો કપાઇ ગયા અને બાકીના ભાગી ગયા.

આ તરફ અશ્વત્થામાએ યુધિષ્ઠિરને પરાસ્ત કર્યા અને સાત્યકિએ દુર્યોધનને ત્યાંથી ખસી જવાની ફરજ પાડી. કર્ણે ધૃષ્ટદ્યુમ્નસામે થઇ તે તરફના વીશ મહારથિઓને કાપી નાખ્યા અને ભીમે કૌરવોની સેનામાં મોટો ત્રાસ વર્ત્તાવી દીધો. બન્ને સૈન્યમાં મોટો કોલાહલ થતો જોઇ અર્જુન ઘણી ઝડપથી ત્યાં આવી પહોંચ્યો. વેગમાં આવેલા અશ્વત્થામાએ અર્જુન તથા શ્રીકૃષ્ણને બાણોવડે એવા ઢાંકી દીધા કે તેઓ સજ્જડ બની ગયા અને પાંડવોના સૈન્યમાં હાહાકાર વર્ત્તી રહ્યો. "તમારા હાથમાં ગાંડીવ છે ? તમારા હાથ તો સહિસલામત છે ? અશ્વત્થામાને ગુરૂપુત્ર ગણી હમણાં તેના ઉપર દયા કરવી યોગ્ય નથી." એ પ્રમાણે શ્રીકૃષ્ણનાં વચન સાંભળી અર્જુને અશ્વત્થામાનાં ધનુષ તથા રથને કાપી અનેક બાણોથી તેને મૂર્છિત કરી નાખ્યો, જેથી તેનો સારથિ તેને ત્યાંથી દૂર લઇ ગયો. અર્જુને વળી પણ સંસપ્તકોને મારવા માંડ્યા. દુર્યોધન પોતાના યોદ્ધાઓને ઉત્સાહ આપવા લાગ્યો અને સાવધ થયેલો અશ્વત્થામા પણ ત્યાં આવીને બોલ્યો કે "મારા પિતાનો વધ કરનાર ધૃષ્ટદ્યુમ્નને માર્યાવગર હું કદી બખ્તર છોડવાનો નથી. ભીમ, અર્જુન કે બીજો

કોઇ યોદ્ધા ધૃષ્ટદ્યુમ્નનું રક્ષણ કરવા આવશે તો તેને પણ હું મારી નાખીશ. જો આ મારી પ્રતિજ્ઞા ખોટી થાય તો મને સ્વર્ગની પ્રાપ્તિ ના થજો." એમ બોલી અશ્વત્થામાએ ધૃષ્ટદ્યુમ્નની સામે આવી કહ્યું કે "દુષ્ટ ! બ્રહ્મહત્યા કરનારા ! ઉભો રહેજે; આજ તું મારી પાસેથી જીવતો જવાનો નથી." "જે તરવારે તારા પિતાને જવાબ દીધો છે, તે જ તરવાર આજ તુંને પણ જવાબ દેશે." એમ બોલી પોતાથી બનતું પરાક્રમ કરતા છતાં પણ ધૃષ્ટદ્યુમ્ન અશ્વત્થામાનાં તીક્ષ્ણ બાણોથી લેવાઇ ગયો. અશ્વત્થામાએ તેના ઘોડા, સારથિ તથા રથને કાપી નાખી ધૃષ્ટદ્યુમ્નને બહુજ જખમી કરી નાખ્યો. બહુ જખમી કર્યા છતાં પણ ધૃષ્ટદ્યુમ્ન મુવો નહિ ત્યારે અશ્વત્થામા રથમાંથી ઉતરી ધૃષ્ટદ્યુમ્નને મારવાસારૂ ગરૂડ જેમ સર્પની ઉપર દોડે તેમ દોડયો. તે જોઇ શ્રીકૃષ્ણની પ્રેરણાથી અર્જુને અનેક બાણોથી અશ્વત્થામાને અટકાવી દીધો. આથી ક્રોધ પામેલો અશ્વત્થામા અર્જુનસાથે યુદ્ધ કરવા લાગતાં સહદેવ ધૃષ્ટદ્યુમ્નને પોતાના રથમાં નાખી દૂર લઇ ગયો. અર્જુને અશ્વત્થામાને એક કાળદંડ સરખા બાણથી મૂર્છિત કરી દીધો, એટલે તેનો સારથિ તેને ત્યાંથી દૂર લઈ ગયો અને અર્જુન પાછો સંસપ્તકોને મારવામાં રોકાયો.

આ વખત શિખંડી અને કર્ણ, ધૃષ્ટદ્યુમ્ન અને દુઃશાસન, નકુલ અને વૃષસેન, યુધિષ્ઠિર અને ચિત્રસેન, સહદેવ અને ઉલૂક, સાત્યકિ અને શકુનિ, તથા ભીમ અને દુઃશાસનના ભાઇઓ વચ્ચે યુદ્ધ ચાલવા લાગ્યું. તેવામાં કર્ણે શિખંડીને પરાસ્ત કરી યુધિષ્ઠિરના સૈન્યને કાપવા માંડયું અને દિવ્યાસ્ત્રના પ્રયોગથી સઘળી દિશાઓને બાણમય કરી, યુધિષ્ઠિરને ઘણાજ વીંધી નાખ્યા. જેથી તે ત્યાંથી ભાગવા લાગતાં શત્રુઓ સિંહનાદ કરવા લાગ્યા. આ વખતે કર્ણ પાંડવોના પક્ષના પાંચસો રથને કાપી નાખી યુધિષ્ઠિરના રથની પાછળ દોડયો. નકુલ અને સહદેવને સાથે લઈ યુધિષ્ઠિર પોતાના ઉતારામાં જતા હતા ત્યાં પહોંચી કર્ણે બે ભાલાંઓથી નકુલ તથા સહદેવને વીંધી નાખી યુધિષ્ઠિરના ઘોડાઓને મારી તેના મસ્તકપરના ટોપને કાપી નાખ્યો. નકુલ કર્ણને અટકાવવાનો યત્ન કરવા લાગતાં કર્ણે તેનું ધનુષ તથા ઘોડાઓને પણ કાપી નાખ્યા; જેથી યુધિષ્ઠિર તથા નકુલ સહદેવના રથમાં બેઠા. ગભરાયેલા એ ત્રણે યોદ્ધાઓને કર્ણ બાણોથી અતિ પીડવા લાગતાં શલ્યે તેને કહ્યું કે "યુધિષ્ઠિરને મારવાથી કશો લાભ નથી. ખરો લાભ તો અર્જુનને મારવાથીજ છે. માટે યુધિષ્ઠિરને છોડી દે. તું અહીં રોકાઇશ તેટલામાં જો ભીમ દુર્યોધનને

મારી નાખશે તો આપણને મોટી હાનિ થશે. માટે પ્રથમ તો દુર્યોધનનીજ સંભાળ લેવી યોગ્ય છે.” શલ્યનાં વચન સાંભળી અને ભીમના બળથી દુર્યોધનને ગભરાયેલો જોઇ કર્ણ યુધિષ્ઠિરને છોડી દુર્યોધનની પાસે જવા દોડ્યો.

અનેક બાણોથી બહુજ જખમી થયેલા અને બહુજ શરમાઇ ગયેલા યુધિષ્ઠિર કર્ણ ગયા પછી પોતાના ઉતારામાં આવી રથમાંથી ઉતરી સુંદર શયનમાં સુતા. વૈદ્યોએ બહુ પ્રયત્ન કરી યુધિષ્ઠિરનાં શરીરમાંથી શલ્યો કાઢ્યાં અને જખમોપર પાટા બાંધ્યા. કાંઇક શાંતિ મળ્યા પછી તેણે નકુલ અને સહદેવને કહ્યું કે “ભીમ એકલોજ ઘણા યોદ્ધાઓની સાથે યુદ્ધ કરેછે માટે તેની સહાયતા કરવા તમે તેની પાસે જાઓ.” યુધિષ્ઠિરની આજ્ઞાથી નકુલ તથા સહદેવ તરત જુદા જુદા રથમાં બેસી ભીમની પાસે જઇ કૌરવોની સેનાને કાપવા લાગ્યા.

અર્જુન સંસપ્તકોને મારતો હતો તેટલામાં ઘણા સવારોને લઇ અશ્વત્થામા અર્જુનની સામે થયો અને તેને ઘણાં બાણોથી ઢાંકવા લાગ્યો. અર્જુને દિવ્યાસ્ત્ર પ્રગટ કરી તેનાં બાણોને કાપવા માંડતાં અશ્વત્થામાએ પોતાના દિવ્યાસ્ત્રથી તેના દિવ્યાસ્ત્રને અટકાવી દીધું. અર્જુન જે જે દિવ્યાસ્ત્રને પ્રગટ કરતો ગયો તે તે દિવ્યાસ્ત્રને અશ્વત્થામા તોડતો ગયો. આથી ક્રોધ પામેલા અર્જુને અશ્વત્થામાના સારથિને કાપી નાખી ઘણાં બાણોથી તેના શરીરને વીંધી નાખ્યું. સારથિ મરી જતાં અશ્વત્થામા મહારથિ અને સારથિ એ બન્નેનું કામ કરવા લાગ્યો; જેથી ચારે તરફ તેનાં વખાણ થઇ રહ્યાં. અશ્વત્થામાને ભારે ચાલાકી કરતો જોઇ અર્જુને તેના ઘોડાઓની રેન કાપી નાખી; જેથી અશ્વત્થામાના રથને તેના ઘોડાઓ દૂર ઘસડી ગયા. કૌરવોના સૈન્યમાં ભંગાણ પડ્યું અને પાંડવોના યોદ્ધાઓ હસવા લાગ્યા.

આમ થતું જોઇ રોષથી વ્યાપ્ત થયેલા કર્ણે સત્યના શપથથી સઘળા યોદ્ધાઓને પાછા વાળી ભાર્ગવાસ્ત્રનો પ્રયોગ કરતાં તેમાંથી નિકળતાં લાખો બાણોથી પાંડવોની સેના ઢંકાઇ રહી અને મોટો હાહાકાર વર્ત્તી રહ્યો. “કર્ણે મૂકેલું આ ભાર્ગવાસ્ત્ર મારા વિના બીજા કોઇથી તોડી શકાય એમ નથી, માટે હવે મને કર્ણની સામે લઇ જાઓ. કર્ણ વારંવાર મારી સામેજ તાક્યા કરેછે વાસ્તે હવે તેથી દૂર રહેવાનો મારો સમય નથી.” આ પ્રમાણે અર્જુનનાં વચન સાંભળી “કર્ણે યુધિષ્ઠિરને બહુ ઘાયલ કરી દીધા છે, માટે પ્રથમ યુધિષ્ઠિરને જોઇ તેની આશ્વાસના કરી પછી આપણે કર્ણની સામે આવીએ. તેટલામાં તે અ-

ત્યંત થાકી પણ રહેશે. જેથી તમારે તેને મારવો સુગમ પડશે." એમ બોલી શ્રીકૃષ્ણે રથને પાછો વાળતાં અર્જુન ચારેતરફ નજર કરવા લાગ્યો પણ ક્યાંય યુધિષ્ઠિર જોવામાં આવ્યા નહિ તેથી તેણે ભીમને યુધિષ્ઠિરના ખબર પૂછતાં ભીમે કહ્યું કે "કર્ણનાં બાણોથી અત્યંત ઘાયલ થઈ યુધિષ્ઠિર અહીંથી જતા રહ્યા છે. હું ધારૂંછું કે તેઓ ભાગ્યેજ જીવતા હશે."

"ભીમસેન ! ત્યારે તમે તુરત રાજાની ખબર લેવા જાઓ. મારા માનવા પ્રમાણે રાજા અત્યંત વ્યથિત થવાને લીધે ઉતારે ગયા હશે. ભીષ્મે તથા દ્રોણે પણ જેવા પીડ્યા નહોતા તેવા કર્ણે યુધિષ્ઠિરને પીડ્યા છે. માટે તમે તરત ત્યાં જાઓ. સંસપ્તકોને માર્યાસિવાય મારાથી ખસાય તેમ નથી."

"સઘળા સંસપ્તકોની સાથે લડી તેઓને હું અટકાવી રાખીશ માટે તમેજ રાજાની ખબર લેવા જાઓ. હું જો અહીંથી જઈશ તો શત્રુઓ મને ભય પામેલો સમજશે."

ભીમનાં વચન સાંભળી અર્જુને તેનાં વખાણ કર્યાં અને તેને શત્રુઓની સામે ઉભા રહેવાની ભલામણ કરી. અર્જુનના કહેવાથી શ્રીકૃષ્ણ પણ ઝડપથી અર્જુનના રથને યુધિષ્ઠિરના ઉતારામાં લઈ ગયા.

પ્રકરણ ૭૫ મું.

દિવસ ૧૭ મો ચાલુ.

જખમી યુધિષ્ઠિર ઉતારામાં.

કર્ણના હાથથી પરાભવ પામી નાસી ગયેલ અને જખમી થયેલા રાજા યુધિષ્ઠિર ઉતારામાં આવી પલંગપર સુતા હતા ત્યાં શ્રીકૃષ્ણ તથા અર્જુન આવ્યા અને રથમાંથી ઉતરી તેના ચરણમાં પ્રણામ કર્યાં. "કર્ણને મારીનેજ આ બન્ને જણ મારી પાસે આવ્યા છે" એમ ધારી રાજા યુધિષ્ઠિર તેઓને બહુ બહુ માન આપી કહેવા લાગ્યા કે "તમો બન્નેને જોઈ હું રાજી થાઉં છું. સઘળા યોદ્ધાઓમાં અગ્રણી, દેવતાઓથી પણ જીતાય નહિ એવા અને સૂર્યસરખા તેજસ્વી કર્ણને મારી તમે ભલે આવ્યા. ધૃષ્ટદ્યુમ્ન, સાત્યકિ અને ભીમ જોતાં છતાં તેણે મારો પરાજય કરી મને બહુ દુર્વચનો કહ્યાં. હું તેના હાથમાંથી કેવળ ભીમના પ્રભાવથીજ જીવતો રહ્યો છું. તેનાજ ભયને લીધે તેર વર્ષ સૂધી મને રાત્રિ કે દિવસ નિદ્રા આવી નહોતી. ચિંતામાંજ દિવસો વ્યતીત થયા છે. આ લડાઇમાં હું જ્યાં જ્યાં જતો ત્યાં ત્યાં તે મારી નજર આગળજ ઉભેલો જોવામાં આવતો હતો. હું જ્યારે કર્ણનાં બાણોથી જખમી થયો ત્યારે તમારા વિષે મેં જે વિચાર બાંધ્યો હતો તે સફળ થયો છે કે નહિ?

કર્ણના મરણની વધામણી આપી મારા મનની બળતરા શાંત કરો. કહો કે તેનું માથું તમે શા રીતે ઉડાવ્યું ?"

"તમે કર્ણની પાસેથી ભાગી નીકળ્યા એ બહુ સારૂં કર્યું. તેને પહોંચી શકે એવો મારા સિવાય કોઇ પણ યોદ્ધા આપણા સૈન્યમાં નથી. હવે આપ યુદ્ધમાં પધારો. હું જાઉં છું. ભીમ એકલો હોવાથી બહુ મુંઝાતો હશે. હું તમારા ઘાયલ થયાના સમાચાર સાંભળી અહીં આવ્યો છું. હું તમારા દેખતાંજ કર્ણનું માથું ઉડાવીશ."

"કર્ણ હજુ જીવતો છે" એમ જ્યારે યુધિષ્ઠિરને છેવટ જણાયું ત્યારે તે ઘણા ક્રોધના આવેશમાં આવી કહેવા લાગ્યા, કે "અર્જુન! તું કર્ણને મારી શક્યો નહિ અને કેવળ બીકને લીધેજ કર્ણથી કાયર થઇ લડાઇમાં ભીમને એકલો મૂકી અહીં આવ્યો છે. તું કુંતીના ગર્ભમાંથી પાંચમે મહિને શામાટે પડી ગયો નહિ? તેર તેર વર્ષસુધી અમોએ તારા વિષે જે આશા બાંધી હતી તે સઘળી નિષ્ફળ ગઈ: આ વખત જો અભિમન્યુ કે ઘટોત્કચ જીવતા હોય તો તે કર્ણને માર્યાવિના કદી છોડે નહિ. અગ્નિએ આપેલ રથ, ગાંડીવ ધનુષ અને શ્રીકૃષ્ણ સારથિ છતાં તું કર્ણથી ભય પામી અહીં કેમ આવ્યો? ધિક્કાર છે? હવે તું મને મોઢું દેખાડતાં કેમ લજાતો નથી ? 'તું તારૂં ગાંડીવ ધનુષ શ્રીકૃષ્ણને આપી દે' એટલે તે પોતે કર્ણને મારી નાખશે, 'તારાં ગાંડીવ, રથ તથા જીવિતને અને મારા જીવિતને પણ ધિક્કાર છે.' 'મારામાં કંઇ માલ નથી' એમ તારે અમને પ્રથમથીજ ચેતવવું હતું."

મોટા ભાઇના મોઢામાંથી કદી પણ ન નિકળે એવાં કઠોર વચન સાંભળી અર્જુન તાતોમાતો થઈ ગયો અને યુધિષ્ઠિરના સામે કરડી નજર કરી એકદમ તેણે મ્યાનમાંથી તરવાર ખેંચી કે તરત શ્રીકૃષ્ણ તેનો અભિપ્રાય સમજી ગયા, તેથી તેણે તેને પુછ્યું કે "અર્જુન! આ તરવાર તમે અહીં શામાટે કહાડી ? અહીં તમારી સામે તમારો કોઇ શત્રુ તો ઉભેલો જોવામાં આવતો નથી. રાજાને જોઈ આપણે પાછું યુદ્ધમાં જવું છે; તે છતાં તમે અહીંજ તરવાર કહાડી તેથી હું ધારૂં છું કે 'તમારા ચિત્તમાં કાંઇક વિભ્રમ થયો છે.' તમારા મનમાં શું છે તે બોલી દો ?"

"ગાંડીવ બીજાને આપી દે' એમ જે કોઇ મને કહે તેનું માથું કાપી નાખવું એ મારી જગજાહેર પ્રતિજ્ઞા છે: માટે આ નીચ યુધિષ્ઠિરનું માથું કાપી લઇ હું મારી પ્રતિજ્ઞા પૂર્ણ કરીશ."

"ધિક્કાર ! ધિક્કાર ! તમે વૃદ્ધજનોનું સેવન કર્યું નથી અને ધર્મનું કશું પણ જ્ઞાન મેળવ્યું નથી એ મને હમણાંજ ખબર પડી. પોતાનું વચન ખોટું પડવા દેવું પણ કોઇની હિંસા ન કરવી એ ધર્મનું મૂળતત્વ છે. યુધિષ્ઠિર તમારે પિતા તથા ગુરૂસમાન છે. જેથી લોકોનું ધારણ થાય તેજ ધર્મ છે એવો શાસ્ત્રકારોનો નિશ્ચય છે. ધર્મને વાસ્તે સત્યનો ત્યાગ કરવાથી કશું પાપ લાગતું નથી. યુધિષ્ઠિર કર્ણનાં બાણોથી બહુ જખમી અને દુઃખી થયા તેથી કર્ણને મારવા તમને ચાનક ચડાવવાખાતરજ કઠોર વચનો બોલ્યા છે. યુદ્ધરૂપી જુગારનો હવે મુખ્ય આધાર કર્ણઉપરજ છે અને તેને તમારા સિવાય કોઈ મારી શકે તેમ નથી એમ રાજા પૂરેપૂરૂં સમજેછે. માન્ય પુરૂષને માન મળે ત્યારે તે જીવતો છે અને અપમાન મળે ત્યારે તે જીવતે મુવાજેવો છે એમ સમજવું. યુધિષ્ઠિર માન્ય છે. પૂજ્યનું અપમાન એજ તેનો વધ છે. માટે આજ તમો યુધિષ્ઠિરને તું કહી બોલાવો. ગુરૂજનને તું કહી બોલાવવામાં આવે એટલે તેનો વધ કરવામાં આવ્યો એમજ સમજાયછે. વાસ્તે તેમ કરી પછી તમે યુધિષ્ઠિરના પગમાં પડી, પ્રણામ કરી, સાંત્વના કરશો એટલે તે તમારાપર કોપ પણ કરશે નહિ. આમ થવાથી તમને પ્રતિજ્ઞાભંગ અને મોટા ભાઇને મારવાનું પાપ પણ લાગશે નહિ. પછી પાપથી મુક્ત થઇ તમે કર્ણને મારજો."

શ્રીકૃષ્ણે બતાવેલ યુક્તિઉપરથી અર્જુને યુધિષ્ઠિરને બહુ બહુ કઠોર વચનો સંભળાવ્યાં અને કહ્યું, કે "યુધિષ્ઠિર ! તારૂં હિત કરવાજ હું સર્વદા યત્ન કર્યાં કરૂંછું પણ તારાથી મને કશું સુખ મળ્યું નથી. ક્ષત્રિયો બાહુબળવાળા જોઇએ પણ તારા જેવા વચનબળવાળા ન જોઇએ. તેં જુગાર રમી અમો સર્વને ખરાબ કર્યા. તું દ્રૌપદીના શયનમાં સુતો સુતો અમારા મોટા પરિશ્રમને નહિ જાણી આ દુર્વચનો બોલેછે ? માટે ખરેખર, રાજા ! તું કમનસીબ છો એમ હું માનુંછું." આ પ્રમાણે યુધિષ્ઠિરનું અપમાન કરતાં કરતાં અર્જુનને પશ્ચાત્તાપ થયો; એટલે નિસાસો મૂકી બીજી વાર તેણે તરવારઉપર હાથ નાખ્યો. બીજી વખત તરવાર ઉપર હાથ નાખવાનું શ્રીકૃષ્ણતરફથી કારણ પૂછાતાં તેણે જવાબ આપ્યો કે 'મેં મારા ગુરૂ તથા પિતાસમાન મોટા ભાઇને દુર્વચનો કહ્યાં તેથી હું આ તરવારવતી મારૂં પોતાનું આયુ ઉડાવવા ધારૂંછું."

"અરે અર્જુન ! વિચાર કરો કે મોટા ભાઇનું માત્ર અપમાન કરવાથીજ તમને જ્યારે આટલો બધો પશ્ચાત્તાપ થાયછે ત્યારે જો તમોએ તેનો

વધ કર્યો હોત તો તમોને કેટલો પશ્ચાત્તાપ થાત ! ધર્મનું તત્વ અતિ સૂક્ષ્મ છે. આ વખતે હું તમને સલાહ આપુંછું કે 'પોતાની જીભથી પોતાનાં વખાણ કરવાં એ આત્મઘાત કર્યા બરાબર છે.' માટે તમે પોતે તમારી જીભથી તમારાં વખાણ કરો."

શ્રીકૃષ્ણે બીજી વખત પણ આપેલી યોગ્ય સલાહ ઉપરથી અર્જુન ધનુષને નમાવી પોતાનાં વખાણ કરતાં કરતાં રજાને કહેવા લાગ્યો કે "યુધિષ્ઠિર ! એક સદાશિવસિવાય મારા જેવો કોઈ પ્રબળ યોદ્ધા નથી. તમો રાજસૂય કરી શક્યા, દિવ્ય સભામાં બેઠા અને રાજાધિરાજ કહેવાયા; એ સઘળું મારા પ્રભાવથી જ સમજવું. આજ દિવસ સૂધી કૌરવોની સેનામાં જેટલા જેટલા મહારથિઓ માર્યા ગયા છે તે સઘળું મારા પ્રયત્નથી જ. કૌરવોની અરધી સેનાનો મેં જ સંહાર કર્યો છે." આ પ્રમાણે પોતાનાં વખાણ કરી હાથ જોડી માથું નમાવી અર્જુને યુધિષ્ઠિરને કહ્યું કે "મહારાજ! મારા બોલવાની ક્ષમા કરજો. હું સત્ય કહુંછું કે 'મારૂં જીવિત આપનું પ્રિય કરવાવાસ્તેંજ છે."

અર્જુન બોલી રહ્યા પછી શ્રીકૃષ્ણ પણ પ્રણામ કરી યુધિષ્ઠિરને કહેવા લાગ્યા કે "મહારાજ! ક્ષમા કરજો. અર્જુને પોતાની પ્રતિજ્ઞા પાળવા મારી પ્રેરણાથીજ તમારૂં અપમાન કર્યું છે. અમો બન્ને આપના શરણાગત છીએ. આજ પૃથ્વી કર્ણનું રૂધિર પીશે એમાં કશો સંશય નથી."

"આપ જે કહોછો તે સાચું છે. આ વખતે અર્જુનનો કે આપનો કશો અપરાધ નથી પણ મેં દુર્વચનો કહ્યાં તે મારો જ અપરાધ છે. ભાઈના કુસંપરૂપ મોટા કષ્ટથી તમોએ જ અમને છોડાવ્યા છે. તમારી જ બુદ્ધિરૂપી નૌકા મળવાથી અમો દુઃખરૂપ સમુદ્ર તર્યા છીએ."

શ્રીકૃષ્ણ તથા રાજા બોલી રહ્યા પછી અર્જુન પણ લજ્જાતો લજ્જાતો મોટા ભાઈના ચરણમાં માથું મૂકી બોલ્યો કે "મહારાજ ! સત્ય સાચવવા ખાતર જ મારાથી જે કાંઈ બોલાયું છે તેની ક્ષમા કરજો. આજ હું કર્ણને મારીશ અથવા તે મને મારશે. 'હું હવે કર્ણને માર્યા પછી જ તમારાં દર્શન કરીશ એ મારી દૃઢ પતિજ્ઞા છે.' એમ બોલતાં બોલતાં અર્જુન રોઈ પડ્યો. યુધિષ્ઠિર પણ અર્જુનને આલિંગન દઈ રોઈ પડ્યા અને તેનું માથું સુંઘી કહ્યું, કે "અર્જુન ! તમે મને ઘણું માન આપ્યું છે. તમારા વિજય અને મહિમાની વૃદ્ધિ થાઓ."

મોટા ભાઈના આશીર્વાદ લઈ રથ તૈયાર કરાવી અર્જુન રણસંગ્રામ-

તરફ ચાલ્યો. આ વખતે ઘણાં શુભ શકુનો થવા લાગ્યાં. દિશાઓ નિર્મળ થઈ ગઈ અને માંસભક્ષક પક્ષીઓ અર્જુનના મોઢાઆગળ ચાલવા લાગ્યાં.

રણસંગ્રામતરફ ચાલતાં શ્રીકૃષ્ણ અર્જુનને ભલામણ દેવા લાગ્યા કે "આજ તમે કર્ણની સાથે પૂરા પ્રયત્નથી લડજો. તે અભિમાની, અસ્ત્રવિદ્યાને જાણનાર, અતિરથિ અને દેશકાળને પણ જાણનાર છે. તે પરાક્રમમાં તમારા જેવો અથવા તેથી પણ અધિક પરાક્રમી છે એમ હું માનુંછું. આજ યુદ્ધને શરૂ થયે સત્તરમો દિવસ છે. શત્રુની સેના પણ થોડી અવશેષ રહી છે, માટે કર્ણને મારવામાં પૂરી કાળજી રાખજો. શત્રુઓના સૈન્યમાં હવે અશ્વત્થામા, કૃતવર્મા, કર્ણ, કૃપાચાર્ય અને શલ્ય એ પાંચજ મહારથિઓ અવશેષ રહ્યા છે. આજ તે સઘળાઓને મારી સઘળી પૃથ્વી યુધિષ્ઠિરના હાથમાં આપો. કદાચ અશ્વત્થામાને ગુરૂપુત્ર, કૃપાચાર્યને ગુરૂ, કૃતવર્માને સંબંધી અને શલ્યને મામો સમજી તેઓના ઉપર દયા રાખો તોપણ કર્ણની ઉપર દયા રાખવાનું કાંઈ કારણ નથી. તમારાં સઘળાં કષ્ટોનું મૂળ કર્ણ જ છે. દુર્યોધન મને કેદ કરવા તૈયાર થયો હતો તે પણ તેની જ સલાહથી. અભિમન્યુને મારવામાં પણ તેણે જ મોટો ભાગ લીધો હતો. તમે હસ્તિનાપુરમાંથી વનવાસમાટે નિકળ્યા તે વખતે ઘણાં ઘણાં દુર્વચનો કહેનારો પણ તે જ હતો. તમને તથા મને મારી નાખવાનું પણ તે જ બકેછે. પાંચાલો મરતા જાયછે તોપણ મરણીઆ થઇ લડેછે. માટે આજ કર્ણને મારી તમારે તેઓને પણ રાજી કરવા જોઇએ."

"આજ કર્ણના મરણથી દુર્યોધન તથા ધૃતરાષ્ટ્રની સઘળી આશાઓ ઉડી જશે. આજ તેઓએ તમારી વિષ્ટિ માની નથી તેનો તેઓ પસ્તાવો કરશે. 'જ્યાંસુધી મેં અર્જુનને માર્યો નથી ત્યાંસુધી બીજાના હાથથી પગ ધોવરાવવા નથી.' આ કર્ણની પ્રતિજ્ઞાને હું આજ વિફળ કરીશ. આજ તીક્ષ્ણ બાણોથી કર્ણનું માથું ઉડાવી યુધિષ્ઠિરના લાંબા કાળના ઉજાગરાને શાંત કરી સઘળા સંબંધીઓને રાજી કરીશ."

પ્રકરણ ૭૬ મું.

દિવસ ૧૭ મો ચાલુ.

ભીમનું ભયંકર કૃત્ય.

શ્રીકૃષ્ણ તથા અર્જુન વાતો કરતા કરતા યુદ્ધભૂમિમાં આવી જુએછે તો બન્ને સૈન્યમાં મોટી કાપા કાપી તથા લોહીની નદીઓ ચાલી રહી હતી. નકુલ તથા કૃતવર્મા, સાત્યકિ તથા દુર્યોધન, ધૃષ્ટદ્યુમ્ન તથા કર્ણ અને ભીમ તથા બીજા સઘળા યોદ્ધાઓ પરસ્પર લડતા હતા. ઉત્તમૌજા કર્ણના પુત્ર સુષેણનું માથું કાપી શિખંડિના રથમાં બેઠો હતો. શિખંડિના હાથથી કૃપાચાર્યનો રથ ભાંગી જવાથી તેને અશ્વત્થામા પોતાના રથમાં લેવા જતો હતો. ભીમનાં બાણોથી ઘણા ઘણા ક્ષત્રિઓ કપાઈ જતા તથા ઘણા ભાગી જતા હતા. તેના નિર્મર્યાદ યુદ્ધથી સર્વ યોદ્ધાઓ મુંઝવા લાગ્યા હતા. ભીમ વારંવાર પોતાના સારથિને કહેતો હતો કે "સારથિ! યુદ્ધના મોટા અભિનિવેશમાં હું હવે પોતાના કે પારકાને ઓળખી શકતો નથી. રખેને મારા હાથથી કોઈ આપણા યોદ્ધાઓ કપાઈ જાય; માટે તું મને પોતાપારકાની ઓળખાણ આપ્યા કરજે. રાજાની પાસે ગયેલ અર્જુન હજુ પાછો આવ્યો નથી, તેથી મને મોટી ચિંતા થાયછે. તોપણ હું આજ આ સઘળા દુશ્મનોને કાપ્યા પછી રાજાની ખબર

લઇશ. સારથિ! આજ મારે મરવું અથવા સઘળા શત્રુઓને મારી નાખવા એ હું નિઃસંશય કહુંછું. ભીમ કૌરવોના સૈન્યમાં ડુબી ગયો અથવા તે એકલાએજ સર્વને જીત્યો એમ આ જગતમાં કહેવાશે. પણ સારથિ! આ સામા પ્રદેશમાં શત્રુઓ અકસ્માત્ કેમ ભાગતા જોવામાં આવેછે? તેનો હાહાકાર સંભળાય-છે; તેનું શું કારણ હશે ?"

"ભીમસેન! તમારા કાન ક્યાં છે? ગાંડીવનો ટંકાર તમારા સાંભળવામાં આવતો નથી? અર્જુન આવી પહોંચવાની સાથે તમારા સઘળા મનોરથો પૂર્ણ થયા છે. જેમ વાદળાંમાં વીજળી ચમકે તેમ ગાંડીવમાં દોરી ચમકતી જોવામાં આવેછે. જુવો જુવો! આ શ્રીકૃષ્ણના પાંચજન્ય અને અર્જુનના દેવદત્ત શંખનો નાદ સંભળાયછે. વળી જુઓ! અર્જુનનાં પ્રબળ બાણોથી હજારો યોદ્ધાઓ, હાથીઓ અને ઘોડાઓની કતલ થયા કરેછે."

"સારથિ! તેં મને અર્જુનના આવવાની વધામણી આપી તેથી હું તને ઇનામમાં ચૌદ મોટાં ગામો, એકસો દાસીઓ અને વીશ રથો આપુંછું." આ પ્રમાણે ભીમ સારથિસાથે વાતો કરતો હતો તેટલામાં શત્રુઓની મોટી કતલ કરી આવતા અર્જુનના રથનો શબ્દ તેના સાંભળવામાં આવ્યો, એટલે તે બમણા ઉત્સાહથી શત્રુઓને કાપવા લાગ્યો.

ભીમ શત્રુઓના સૈન્યમાં કતલ ચલાવતો હતો ત્યાં અર્જુને પણ કર્ણની સામે થઇ ભારે લડાઇ મચાવી મૂકી. કર્ણે સિંહનાદ કરી કૃપાચાર્ય, કૃતવર્મા, શકુનિ વગેરે સઘળા યોદ્ધાઓને આજ્ઞા કરી કે "તમે સઘળા જલદી અર્જુનની સામા થાઓ અને તેને થકવી દીઓ અથવા ઘાયલ કરી આપો, એટલે મારે તેને મારવો સુગમ પડે." કર્ણની આજ્ઞા થતાં સઘળા યોદ્ધાઓ મરણીઆ થઇ અર્જુન ઉપર તૂટી પડ્યા. પણ જેમ આંખના દરદીઓ સૂર્યની સામે જોવા અશક્ત થાય તેમ શત્રુઓ અર્જુનની સામે જોવા અશક્ત થયા. પોતાના યોદ્ધાઓને અર્જુનના ત્રાસથી ભાગતા જોઇ સર્વની આશ્વાસના કરી કર્ણે દ્રૌપદીના પુત્રોનાં ધનુષ્ય કાપી નાખી સાત્યકિના ઘોડા મારી નાખ્યા. ભીમ કૌરવોના યોદ્ધાઓને પૂરા જોસથી મારતો હતો તેટલામાં બાણોની વૃષ્ટિ કરતો કરતો દુઃશાસન તેની સામે આવતાં જેમ સિંહ હરિણની સામે દોડે તેમ ભીમ તેની સામે દોડ્યો. "દુષ્ટ! હવે તું આજ મારા એક પ્રહારને સહન કરજે. આજ મારે તારૂં લોહી પીવું છે." એમ બોલી હાથમાં એક ભયંકર ગદા લઇ તેણે દુઃશાસનપર ફેંકી. ગદાના પ્રહારથી ધ્રુજતા, આતુર થયેલ અને બખ્તર-

રહિત થયેલ દુઃશાસનને જોઈ પાંચાલો સિંહનાદ કરવા લાગ્યા અને ભીમે સઘળી દિશાઓ ફાટી પડે એવો સિંહનાદ કર્યો. પછી તુરત રથમાંથી ઉતરી વેગથી દુઃશાસનપાસે જઇ બોલ્યો કે "કર્ણ! દુર્યોધન! અશ્વત્થામા! કૃપાચાર્ય! કૃતવર્મા! આવો, જો તમારા કોઇની પણ તાકાત હોય તો આ દુષ્ટ દુઃશાસનનો બચાવ કરો. હમણાંજ હું એ નીચને મારી નાખુંછું." એમ બોલી સઘળા યોદ્ધાઓ દેખતાં છતાં એક તીક્ષ્ણ તરવાર ઉગામી તેના ગળાપર પગ દઇ ભીમે પૃછ્યું કે "દુષ્ટ દુઃશાસન! દ્રૌપદીના કેશો તેં ક્યા હાથથી ખેંચ્યા હતા?" "હાથીની સુંઢ જેવા, સ્ત્રીઓનાં પુષ્ટ સ્તનોનું મર્દન કરનાર અને હજારો ગાયોનાં દાન કરનાર આ રહ્યો મારો તે હાથ. આજ હાથથી તમો સહુ દેખતાં છતાં મેં દ્રૌપદીના કેશો ખેંચ્યા હતા." આ પ્રમાણે તેને બોલતો સાંભળી ફરીથી તેની છાતીને બન્ને હાથથી દબાવી ભારે ગર્જના કરી ભીમ બોલ્યો કે "દ્રૌપદીના કેશ ખેંચનાર દુષ્ટ દુઃશાસનના આ હાથને હું હમણાંજ ખેંચી લઉંછું. જો કોઈની પણ તાકાત હોય તો તેને બચાવો." એમ બોલી ભીમે તેનો હાથ છોટી લઇ તે હાથના પ્રહારથીજ તેનું મોઢું ભાંગી નાખી છાતીને ઉખેડી તેનું ઉનું ઉનું લોહી પીધું. પછી તરવારથી તેનું માથું કાપી નાખી લોહી પીતાં પીતાં તે બોલ્યો કે "માનું ધાવણ, મધ, ઘી, મદ્ય, દિવ્યજળ, દૂધ, દહીં અને બીજા પણ જે જે સ્વાદિષ્ટ પદાર્થો છે તેના સ્વાદોથી આ લોહીનો સ્વાદ આજ મને અધિક જણાયછે. આ દુષ્ટને માથે આથી અધિક સંસ્કારો બીજા શા બની શકે? તે મરી ગયો." આ પ્રમાણે બોલતા અને નાચી નાચી લોહી પીતા ભીમને જોઇ સઘળા યોદ્ધાઓ વ્યથિત થઇ ગયા. સઘળાઓના હાથમાંથી શસ્ત્રો પડી ગયાં. સઘળાઓ આંખો મીંચી ગયા અને બોલવા લાગ્યા કે "આ ભીમ નથી પણ રાક્ષસ છે." ભીમ દુઃશાસનના લોહીનો એક ખોબો ભરી કર્ણ વગેરે સઘળા સાંભળતાં બોલ્યો કે "જે દુષ્ટે અમોને ઘણાં ઘણાં દુઃખો દીધાં હતાં, જેણે દ્રૌપદીના કેશ તાણ્યા હતા તથા જેણે અમારા વનવાસમાં જવા વખતે નૃત્ય કર્યું હતું તે દુષ્ટનું આજ હું લોહી પીઉંછું." આ વખતે ભીમ લોહીથી નાહી રહ્યો હતો. અને લોહી બહુ ભરાવાથી તેની પીચકારીઓ મોઢામાંથી પાછી વળતી હતી. "આજ મેં મારી લોહી પીવાની પ્રતિજ્ઞા સફળ કરી છે. હવે હું આ રણભૂમિમાંજ દુર્યોધનને મારી, પગથી તેના માથાને કચરીશ ત્યારે મને શાંતિ વળશે." એમ ભીમ વારંવાર બોલી મોટા આનંદથી ગર્જના કરવા લાગ્યો અને નાચવા લાગ્યો.

પ્રકરણ ૭૭ મું.

દિવસ ૧૭ મો ચાલુ.

કર્ણનો કાળ.

દુઃશાસન મરાયો, કર્ણ કાયર થઇ ગયો, દુર્યોધન મુંઝાઇ ગયો, કોરવોનું સૈન્ય ભાગવા લાગ્યું અને પાંડવોને લાગ મળ્યો. શલ્યની મજબૂત બહ્રામણથી કર્ણ માંડમાંડ પાંડવોની સામે થયો. કર્ણનો પુત્ર વૃષસેન ઘણા જોસથી અર્જુનની સામે લડતો હતો. આ વખતે અર્જુને અપાર ક્રોધ કરી ભમર ચડાવી વૃષસેનને મારી નાખવાનો નિશ્ચય કર્યો અને કર્ણ, દુર્યોધન તથા અશ્વત્થામા વગેરે સઘળા યોદ્ધાઓને કહ્યું કે " તમે સાથે મળી મારી અને મારા પક્ષવાળાઓની પણ ગેરહાજરીમાં મારા પુત્ર અભિમન્યુને માર્યો, પણ આજ કર્ણ અને તમારા સહુની નજર આગળ આ વૃષસેનને હું એકલોજ મારીશ. જો તમારા કોઇનામાં બળ હોય તો તેનો બચાવ કરો. દુષ્ટ કર્ણ !

આ વૃષસેનને માર્યા પછી હું તને પણ મારીશ અને ભીમ દુર્યોધનને મારશે.” આ પ્રમાણે બોલી તેણે પોતાનું ધનુષ અને દોરી લુછી સાફ કરી દશ બાણોથી વૃષસેનનાં મર્મસ્થળોને વીંધી નાખ્યાં પછી એક બાણથી તેનું ધનુષ, બે બાણથી તેના બન્ને હાથ અને એક બાણથી તેનું માથું કાપી નાખ્યું. હાથ અને માથાંવગરના પુત્રને રણભૂમિમાં પડેલો જોઇ નિસાસો મૂકી કર્ણ અર્જુનની સામે ચાલ્યો. લાંબી ભુજા, રાતાં નેત્ર, અપાર શક્તિ, દિવ્ય આયુધોની સંપત્તિ, મોટી છાતી અને સુવર્ણનાં ભૂષણવાળા, છત્ર ચામરોથી શોભી રહેલા એ બે મહાવીરોને સામે થયેલા જોઈ સઘળાઓ વિસ્મય પામ્યા અને એ બન્નેમાં કોનો જય થશે એ નિશ્ચય કરવા લાગ્યા. પાંડવોની સઘળી સેના અર્જુન-પાસે અને કૌરવોની સઘળી સેના કર્ણની આગળ ઉભી રહી. પાંડવોના જયનો આધાર અર્જુનના વિજયઉપર અને કૌરવોના જયનો આધાર કર્ણના વિજય-પર રહ્યો. આ બન્ને મહાવીરોને સામસામે લડતા જોવાને આકાશમાં ઉભેલા સિદ્ધ, ચારણ, દેવ, દૈત્ય તથા રાક્ષસો વગેરે તમાશગીરોમાં પણ બે પક્ષ બંધાઇ ગયા. સિદ્ધ ચારણ વગેરે લોકો અર્જુનનો જય ઇચ્છવા લાગ્યા અને અસુર, રાક્ષસ તથા દાનવ વગેરે કર્ણના વિજયની વાટ જોઈ રહ્યા. ઇંદ્ર અર્જુ-નને અને સૂર્ય કર્ણને વિજયના આશીર્વાદ આપવા લાગ્યા. બન્ને મહાવીરોના રથઉપર આકાશમાંથી પુષ્પવૃષ્ટિ પડવા લાગી. બન્નેના રથોની ધ્વજા પણ જાણે સામસામે લડતી હોય તેમ વેગથી ફડફડવા લાગી. ઘોડાઓ પણ ક્રોધથી સામસામે હણહણવા લાગ્યા. કર્ણ અર્જુનની સામે અને અર્જુન કર્ણની સામે, શલ્ય શ્રીકૃષ્ણની સામે અને શ્રીકૃષ્ણ શલ્યની સામે કરડી નજર કરવા લાગ્યા. આ વખતે કર્ણે જરા હસીને શલ્યને પૂછ્યું, કે “શલ્ય! કદાચ જો હું આ યુદ્ધમાં કામ આવી જાઉં તો પછી તું શું કરીશ?” તેણે જવાબ વાળ્યો, કે “જો અર્જુન તને આ યુદ્ધમાં મારશે તો પછી હું એકલોજ અર્જુન તથા શ્રીકૃષ્ણને મારી નાખીશ.” કર્ણના પ્રમાણેજ અર્જુને જ્યારે પોતાના સારથિને પૂછ્યું ત્યારે શ્રીકૃષ્ણ બોલ્યા, કે “સૂર્ય આકાશમાંથી ધરતીપર પડે, સમુદ્ર સુકાઈ જાય, અગ્નિ શીતળ થઇ જાય અને ચંદ્ર ઉષ્ણ થઇ જાય, તોપણ કર્ણ તમને મારી શકનાર નથી. આજ કર્ણની સ્ત્રીઓ રંડાશે. અવસ્ય ગઇ રાત્રે તેની સ્ત્રીઓને અનિષ્ટ સ્વપ્નો આવ્યાં હશે.”

ઉપર પ્રમાણે બન્ને વીરો સારથિઓની સાથે વાતો કરતાં કરતાં યુદ્ધમાં ઉન્મુખ થયા. પાંડવો અર્જુનને અને કૌરવો કર્ણને ઉત્તેજન આપવા લાગ્યા.

બન્ને સૈન્યમાં મોટી કાપાકાપી ચાલી. પોતાનાં બાણોને કપાતાં જોઇ અર્જુને અગ્ન્યસ્ત્ર પ્રકટ કર્યું, તેથી પૃથ્વી, અંતરિક્ષ તથા દિશાઓમાં અગ્નિ વ્યાપી રહ્યો. વસ્ત્રો સળગવાથી સર્વ યોદ્ધાઓ ભાગવા લાગ્યા અને બળતા વાંસના વન જેવો શબ્દ થવા લાગ્યો. કર્ણે તે અસ્ત્રને શાંત કરવા વરુણાસ્ત્રનો પ્રયોગ કર્યો એટલે સઘળી દિશાઓમાં વાદળાંઓ ચઢી આવ્યાં, અંધકાર ફેલાયો અને વરસાદની અપાર ધારાઓ પડવાથી સઘળો અગ્નિ શાંત થઈ ગયો. વરુણાસ્ત્રની વૃદ્ધિને શાંત પાડવા અર્જુને વાયવ્યાસ્ત્રથી સઘળાં વાદળાંઓને દૂર કરી ઇંદ્રાસ્ત્રનો પ્રયોગ કર્યો; એટલે તેમાંથી સેંકડો, હજારો અને લાખો બાણો નિકળવા લાગ્યાં. જેમ સર્પો રાફડામાં પેસે તેમ તે બાણો કર્ણના શરીરમાં પેસવા લાગ્યાં. પણ કર્ણના ભાર્ગવાસ્ત્રના પ્રયોગથી અર્જુનનું ઇંદ્રાસ્ત્ર શાંત થઇ ગયું. પાંડવોના હજારો યોદ્ધાઓ મરવા લાગ્યા અને કૌરવો સિંહનાદ કરવા લાગ્યા.

કર્ણને અર્જુનથી વધીગયેલો જોઇ શ્રીકૃષ્ણ અર્જુનને કહેવા લાગ્યા કે "અર્જુન! કર્ણે તારા અસ્ત્રને તોડી નાખ્યું એ શું? કૌરવો સિંહનાદ કરેછે એ મારાથી સાંભળી શકાતું નથી, તારાં અસ્ત્રો જો કામ ન કરતાં હોય તો હું તને મારૂં સુદર્શનચક્ર આપું. તું સાવચેતી કેમ રાખતો નથી? મુંઝાયછે કેમ? તને પાપી કર્ણ કેમ દબાવેછે? તારી નજરઆગળ પાંચાલો માર્યા જાયછે એ મને આશ્ચર્ય લાગેછે. કાલકેયાદિ દૈત્યોને જીતનાર અને મહાદેવજીની સામે લડનાર તું આજ કર્ણથી પરાભવ પામેછે એ તો સિંહ બકરીથી પરાભવ પામે એવું મને લાગેછે. તેણે આપેલાં દુઃખોનું સ્મરણ કર અને જલદીથી કર્ણનું માથું ઉડાવી દે. જે ધીરજથી વિરાટ નગરમાં સર્વને જીત્યા હતા તેજ ધીરજથી કર્ણનો વધ કર. ઉપેક્ષા કરવાનો આ સમય નથી." શ્રીકૃષ્ણ આ પ્રમાણે અર્જુનને જોસ આપતા હતા ત્યાં ભીમ પણ કહેવા લાગ્યો કે "અરે અર્જુન! કર્ણને મારી નાખ એટલે પછી હું મારી ગદાથી દુર્યોધનને મારી નાખીશ." ભીમ તથા શ્રીકૃષ્ણથી ઉશ્કેરાયેલા અર્જુને શ્રીકૃષ્ણ તથા સર્વ દેવતાઓની રજા લઇ બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો. કર્ણે તે અસ્ત્રને પણ શાંત કરી દીધું. અર્જુનનું બ્રહ્માસ્ત્ર શાંત થવાથી ભીમે અત્યંત ક્રોધ કરી અર્જુનને કહ્યું કે "તું અસ્ત્રવિદ્યાનો આચાર્ય છતાં તારાં અસ્ત્રોને તે તોડી નાખેછે એ તને શરમભરેલું છે. હવે તુરત બીજાં અસ્ત્રોનો પ્રયોગ કરી કર્ણનો વધ કર." ભીમનાં વચનઉપરથી અર્જુને બીજાં દિવ્ય અસ્ત્રોનો પ્રયોગ કર્યો. તે અસ્ત્રમાંથી

નિકળતાં ઝેરી નાગ તથા સૂર્યનાં કિરણો જેવાં અપાર પ્રજ્વલિત બાણોથી સઘળી દિશાઓ તથા કર્ણનો રથ ઢંકાઈ ગયો. ત્રિશૂળો, ફરસીઓ, ચક્રો તથા નારાચો કૌરવોના સૈન્યઉપર પડવા લાગ્યાં. કોઇનાં માથાં, કોઇના હાથ, કોઇના પગ તથા કોઇનાં બખ્તરો વગેરે પડી જવા લાગ્યાં. કર્ણે પણ હજારો બાણોથી આકાશને વ્યાપ્ત કરી શ્રીકૃષ્ણ, અર્જુન, ભીમ તથા બીજા યોદ્ધાઓને પણ વીંધી નાખ્યા. આ વખતે અશ્વત્થામાએ દુર્યોધનના હાથને દાબી કહ્યું કે "દુર્યોધન ! હવે યુદ્ધને છોડી દઈ કોઇ રીતે પાંડવોની સાથે સમાધાન કર તો બહુ સારૂં. તું કર્ણને યુદ્ધમાંથી અટકાવ અને હું અર્જુનને સમજાવું. ભીષ્મ અને દ્રોણ જેવા કપાઇ ગયા તો હવે બીજા નહિ કપાય એમ શી રીતે આશા રાખી શકાય? શ્રીકૃષ્ણ તથા યુધિષ્ઠિર યુદ્ધમાં રાજી નથી. અર્જુન પણ મારા કહેવાને માન્ય કરશે. એટલે પછી ભીમ પણ વૈર છોડી દેશે. તારી મરજી હોય તો હું પોતે કર્ણને યુદ્ધ છોડી દેવાનું કહું. પાંડવો વાસ્તવિક રીતે તારા બાંધવોજ છે માટે પાંડવોને સાથે રાખી રાજ્ય કર. જો તું મારૂં કહેલું માને તો અવશેષ રહેલા યોદ્ધાઓ જીવતા ઘેર જાય અને સઘળું જગત્ સુખી થાય."

અશ્વત્થામાનાં વચન સાંભળી વિચાર કરી નિસાસા મૂકી દુર્યોધને કહ્યું કે "અશ્વત્થામા ! તમે જે કહો છો તે ખરૂં, પણ મારી વિજ્ઞપ્તિ સાંભળો. દુઃશાસનને મારીને ભીમ જે વચન બોલ્યો છે તે મારા હૃદયમાં ખુંચી રહ્યું છે અને તે તમે પણ સાંભળેલ છે. પાંડવો હવે મારો વિશ્વાસ કરે તેમ નથી જ. હવે તમારે કર્ણને યુદ્ધમાંથી અટકાવવો જ નહિ. અર્જુન બહુ જ થાકી ગયેલ છે માટે કર્ણ જરૂર તેને મારશે." આમ બોલી તેણે કર્ણને કહ્યું, કે "કર્ણ! હવે મારો મુખ્ય આધાર તારા ઉપર છે, માટે અર્જુનને મારવાની ત્વરા કર."

કર્ણને અને અર્જુનને જ્યારે યુદ્ધ ચાલતું હતું ત્યારે વૈદ્યલોકોનાં ઔષધોથી કાંઇક આરામ પામેલા યુધિષ્ઠિર પણ ઉત્સાહથી યુદ્ધ જોવાને આવ્યા પણ જખમોની વેદના સહન ન થવાથી પાછા પોતાના ઉતારામાં ગયા.

બન્ને મહાવીરોનાં બાણોને લીધે આકાશમાં પક્ષીઓ પણ ફરવાને અશક્ત થઈ ગયાં. જેમ ઝાકળથી આકાશ ઢંકાઇ જાય તેમ અર્જુનનાં બાણોથી સઘળી દિશાઓ અને કર્ણનો રથ ઢંકાઇ ગયો. કર્ણનો રથ ઢંકાઇ ગયો એટલે તેના પક્ષના સઘળા યોદ્ધાઓ તેને એકલો મૂકી ભાગી ગયા. કર્ણે શત્રુનાં બાણોને તોડી, ચારે તરફ નજર કરી તો દિશાઓ શૂન્ય દેખાવા લાગી પણ તેથી નહિ ગભરાતાં તે મોટા આનંદથી શત્રુની સામે લડવા લાગ્યો. પરશુ-

રામની પાસેથી શીખેલા આથર્વણાસ્ત્રથી તેણે અર્જુનના અસ્ત્રનો નાશ કરી નાખ્યો. છેવટ કર્ણ જ્યારે અર્જુનથી વધી શક્યો નહિ ત્યારે તેણે પોતાના ભરોંસાના સર્પમય બાણનો ઉપયોગ કરવાનું મનપર લીધું. આ બાણ લાંબા કાળથી અર્જુનને મારવાવાસ્તે જ સોનાના ભાથામાં એકલું રાખી મૂક્યું હતું અને ધૂપદીપાદિકથી નિરંતર તેની પૂજા કરવામાં આવી હતી. તે સર્પમય બાણ કર્ણે જ્યારે ધનુષમાં સાંધ્યું ત્યારે શલ્યે તેને કહ્યું, કે "આ બાણ અર્જુનના કંઠમાં પડશે નહિ, પણ કપાળમાં પડશે. માટે વિચાર કરીને તેને બીજીવાર સાંધ."

"કર્ણનું સાંધેલું બાણ કદી પણ ફરે નહિ. મારા જેવા વીર લોકો કદી પણ પોતાના સાંધેલ બાણમાં ફેરફાર કરે નહિ; માટે ચુપ રહે."

શલ્યે ઘણું ઘણું સમજાવતાં કર્ણ કોઇ રીતે માન્યો નહિ પણ સિંહનાદ કરી "અર્જુન! હવે તને માર્યો છે એમ સમજ" એમ બોલી તેણે તે બાણને ફેંક્યું.

કર્ણે ફેંકેલા સર્પમય બાણથી અર્જુનનો અવશ્ય વધ થશે એમ જાણી સઘળા દેવતાઓ કંપવા લાગ્યા. પણ શ્રીકૃષ્ણે પગની ભીંસ દઇ અર્જુનના રથનો કેટલોએક ભાગ પૃથ્વીમાં પેસાડી દીધો અને ઘોડાઓને ગોઠણભર કરી નાખ્યા. આ પ્રમાણે થવાથી અર્જુનનો રથ નમી ગયો એટલે કર્ણનું સર્પમય બાણ તેના લલાટમાં પણ નહિ પડતાં મુકુટને ઉડાવી ભસ્મ કરીને ચાલ્યું ગયું. એટલે શ્રીકૃષ્ણે પાછો પોતાનો રથ પૂર્વની સ્થિતિમાં ઉભો રાખ્યો. અર્જુનના ઘોડાઓ ઉઠતા હતા તેટલામાં કર્ણે દશ બાણોથી તેને વીંધી નાખ્યા. અર્જુને પણ એક ઝેરી નાગ જેવું ભયંકર બાણ મૂક્યું. જે બાણે કર્ણના બખ્તરને તોડી તેની છાતીમાંથી ઘણું લોહી પીધું. જેમ લાકડીના પ્રહારથી સર્પ કોપ પામે તેમ કોપ પામી કર્ણે મોટી ચાલાકીથી હજારો બાણો ફેંકવા માંડ્યાં અને ગર્જના કરી. કર્ણની ગર્જનાની અસહનતાથી અર્જુને કાલદંડજેવાં સેંકડો બાણોથી તેને વ્યથિત કરી તેનાં મુકુટ, કુંડલ તથા બખ્તરને કાપી નાખ્યાં. અર્જુનનાં પ્રબળ બાણોથી કર્ણનાં શરીરમાંથી લોહીના પ્રવાહો ચાલવા લાગ્યા. અને જેમ આતુર માણસ ત્રિદોષથી પીડાય તેમ તે પીડાવા લાગ્યો. અત્યંત પીડાને લીધે તેની મુઠી શિથિલ પડી ગઇ. હાથમાંથી ધનુષ પડી ગયું અને પોતે પણ મૂર્છિત થઇ પડી ગયો. તેને મૂર્છિત થયેલો જોઇ યુદ્ધના નિયમ પ્રમાણે અને વીર પુરુષની મર્યાદા પ્રમાણે અર્જુન તેના ઉપર પ્રહાર કરતો અટક્યો, પણ શ્રીકૃષ્ણે બહુજ ઉતાવળથી અર્જુનને કહ્યું, કે "અરે! તું ગફલત

કેમ કરેછે ? શત્રુ નિર્બળ હોય તોપણ વિદ્વાનો તેને કષ્ટ પડતાં જરા પણ વિશ્રામ લેવાનો લાગ દેતા નથી. ત્યારે પ્રબળ શત્રુને તો લાગ કેમજ આપવો જોઇએ ? પ્રબળ શત્રુને કષ્ટ પડ્યું હોય તે સમયમાં તેને મારવાથી ધર્મ તથા યશની પ્રાપ્તિ થાયછે. કર્ણને જો વિશ્રામ મળશે તો તે સમર્થ થઇ તને મારી નાખશે. જોકે કર્ણ અત્યંત ગભરાઇ ગયો હતો તોપણ તે ઘણોજ જોસ દેખાડવા લાગ્યો અને શત્રુનાં અસ્ત્રોનું નિવારણ કરી પોતાનું ભારે પરાક્રમ દેખાડવા લાગ્યો. પણ તે સમયમાં કર્ણના રથનું પરડું ધરીમાંથી નિકળી અરધું ધરતીમાં પેસી ગયું. રથ ખાંગો થઇ ગયો અને પરશુરામે શીખવેલી અસ્ત્રવિદ્યાનું વિસ્મરણ થયું તેથી કર્ણ ગભરાઇ ગયો, હાથ પછાડવા લાગ્યો અને ધર્મની નિંદા કરવા લાગ્યો. "અમો અમારાથી બને તેમ ધર્મનું રક્ષણ કરતા આવ્યા છીએ છતાં ધર્મ અમારૂં રક્ષણ કરતો નથી. પાળેલો ધર્મ લોકોનું સંકટથી રક્ષણ કરેછે એ વાત સાચી હોય એમ જણાતું નથી." કર્ણ આ પ્રમાણે બોલતો હતો અને અર્જુનનાં બાણોથી શિથિલ થતો હતો તે વખતે શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું કે "શું જોઇ રહ્યો છે ? ઉપરાઉપર અસ્ત્રોને ફેંક્યા કર." આ વખત રથમાંથી હેઠો ઉતરી કર્ણ રથનાં પરડાંને ધરતીમાંથી કહાડવા લાગ્યો, પણ કોઇ રીતે તે પરડું નહિ નિકળતાં ક્રોધને લીધે તેનાં નેત્રમાંથી આંસુઓ પડવા લાગ્યાં. અર્જુનને ઉપરાઉપર બાણો નાખતો જોઈ તેણે તેને કહ્યું, કે "હું મારાં પરડાંને ધરતીમાંથી બહાર કહાડી લઉં તેટલી વાર તારે બાણો ફેંકતાં અટકવું જોઇએ. તું અસ્ત્રવિદ્યામાં મોટો પ્રતિષ્ઠિત છે. માટે તે પ્રતિષ્ઠા જાળવવા આ નીચ કામ કરવું છોડી દે, જેના હાથમાં આયુધ હોય તેવા શત્રુની ઉપરજ વીર પુરૂષો ઘા કરેછે. હાલ તું રથમાં બેઠો છે અને હું ધરતીપર ઉભો છું. મારાપર ઘા કરવા રહેવા દે. હું કૃષ્ણથી કે તારાથી ભય પામીને બોલું છું તેમ નથી પણ તું ઉત્તમ કુળનો ક્ષત્રિય છે તેથી તને વીર પુરૂષોના ધર્મનું સ્મરણ આપુંછું."

કર્ણનાં વચનોઉપરથી તેનાપર પ્રહાર કરવાથી અર્જુન અચકાતાં શ્રીકૃષ્ણે કર્ણને કહ્યું કે "કર્ણ! તું આ સમયમાં ધર્મનું સ્મરણ કરેછે એતો બહુ ઠીક છે, પણ રજસ્વલા દ્રૌપદીને બલાત્કારથી સભામાં બોલાવ્યાં હતાં ત્યારે તને ધર્મનું સ્મરણ કેમ નહિ આવ્યું ? શકુનિના હાથથી યુધિષ્ઠિરને હરાવ્યા ત્યારે, વનવાસનાં તેર વર્ષ વ્યતીત થયા પછી યુધિષ્ઠિરને રાજ્ય આપ્યું નહિ ત્યારે, તારી સલાહથી દુર્યોધને ભીમને સર્પ કરડાવ્યા તથા ઝેર ખવરાવ્યું ત્યારે, વારણાવત ગામમાં લાખના ઘરમાં સુતેલા પાંડવોને દુર્યોધને તારી સલાહથી સળ-

ગાવ્યા ત્યારે, ઘણા જણ મળી અભિમન્યુને માર્યો ત્યારે અને જુગારની સભામાં દ્રૌપદી તથા પાંડવોને અબદ્ધ વચનો સંભળાવ્યાં ત્યારે તારો ધર્મ ક્યાં ગયો હતો ? તું તારા લાભને વાસ્તે ગમે તેવી ધર્મની વાતો કર પણ અર્જુન હવે તને જીવતો છોડવાનો નથી. કૌરવોના પાપનું ફળ અને પાંડવોના ધર્મનું ફળ આ વખતે અહીં પ્રત્યક્ષ પ્રાપ્ત થયું છે. ”

શ્રીકૃષ્ણનાં વચન સાંભળી જરા લજાઇ મોઢું નીચું કરી કંઇ પણ ઉત્તર નહિ આપતાં તે પાછો પોતાના નમી ગયેલા રથમાંજ બેસી યુદ્ધ કરવા લાગ્યો. તેણે હાથમાં ધનુષ લઈ એક અત્યંત ભયંકર બાણથી અર્જુનની છાતી વીંધી નાખી. છાતી વીંધાવાથી અર્જુન ચલાયમાન થઈ ગયો અને હાથમાંથી ગાંડીવ ધનુષ પણ શિથિલ થઈ ગયું. આ વખતનો લાભ લઇ કર્ણ પાછો રથમાંથી ઉતરી ધરતીમાંથી પૈડું ખેંચવા લાગ્યો પણ કંઇ વળ્યું નહિ. અર્જુનને સંજ્ઞા પ્રાપ્ત થઇ એટલે શ્રીકૃષ્ણે તેને કહ્યું, કે “ કર્ણ પાછો રથમાં બેઠા નથી તેટલામાં રૌદ્રાસ્ત્રથી તેનું મસ્તક કાપી નાખ. ” શ્રીકૃષ્ણનાં વચનનો અંગીકાર કરી પ્રાંજલિક નામના બાણને રૌદ્રાસ્ત્રથી મંત્રી ધનુષમાં સાંધી, ધનુષ ખેંચી અર્જુન બોલ્યો, કે “ જો મેં કંઇ પણ તપ કર્યું હોય, ગુરૂઓની સેવા કરી હોય અને સત્યનું રક્ષણ કર્યું હોય તો આ બાણથી કર્ણનો વધ થજો. ”

અર્જુનનાં તે બાણથી સઘળી દિશાઓ તથા આકાશ પ્રજ્વલિત થઈ ગયાં, સઘળા લોકો હાહાકાર કરવા લાગ્યા અને તે બાણના વેગથી કર્ણનું માથું ધડપરથી ઉડી કેટલેક દૂર જઇ પડ્યું.

માગણ લોકોને કલ્પવૃક્ષ જેવો, કૌરવોને મોટા આધારરૂપ અને જેના મોઢામાંથી “ નહિ આપું ” એવા અક્ષરો તો કોઈ દિવસ નિકળ્યા જ નહોતા તે કર્ણ મરણપછી પણ જીવતાસરખો જ દેખાવા લાગ્યો. તેના શરીરમાં કોઈ જાતની વિકૃતિ ઉત્પન્ન થઇ નહિ. તેનું મુખ પુનમના ચંદ્રસરખું શોભવા લાગ્યું. કર્ણને મરણ પામેલો જોઇ શ્રીકૃષ્ણ, અર્જુન તથા પાંડવોના સઘળા યોદ્ધાઓ સિંહનાદ તથા શંખનાદ કરવા લાગ્યા અને કૌરવોની સેના હાહાકાર કરવા લાગી. શલ્ય ધ્વજ અને યોદ્ધાવગરના રથને પાછો વાળી કૌરવોની સેનામાં ગયો.

પ્રકરણ ૭૮ મું.

દિવસ ૧૭ મો ચાલુ.

દુર્યોધનનો દુરાગ્રહ.

કર્ણ લડાઇમાં કામ આવ્યો તેથી ગરીબ બિચારો દુર્યોધન રાંક અને બેભાનજેવો બની ગયો. વારંવાર ઉંડા નિસાસા મૂકવા લાગ્યો અને "હાય કર્ણ! વોય કર્ણ! ક્યાં ગયો કર્ણ!" એમ પુનઃ પુનઃ પોકાર કરવા લાગ્યો. દુર્યોધન અ-શરણજેવો થઇ ગયો એટલે સૈન્યનો જમાવ કે પરાક્રમ કરવાની કૌરવોના સૈન્યમાં કોઇની તાકાત રહી નહિ. કેટલાએક યોદ્ધાઓ વાહનોને દોડાવી અને કેટલાએક વાહનોને પડતાં મૂકી ભાગવા લાગ્યા. "અર્જુન મને જ મારવા આવેછે, બામ મારી જ પછવાડે દોડતો આવેછે, શ્રીકૃષ્ણ મારા ઉપર જ કોપ કરશે અને યુધિષ્ઠિર પોતાના તપોબળથી મને જ ભસ્મ કરી નાખશે." એમ શત્રુના સૈન્યમાં પ્રત્યેકને બીક પેસી જવાથી કેટલાએક પડી જવા અને મરી જવા લાગ્યા. પોતાના સૈન્યને ભાગતું જોઇ હાહાકાર કરી દુર્યોધન સારથિને કહેવા લાગ્યો કે "સઘળા ભાગી જાય પણ મારાથી ભાગી

જવાય એમ નથી; મારા રથને પાંડવોના સૈન્યના પાછલા ભાગની તરફ રાખ. હું આજ અર્જુન, કૃષ્ણ અને ભીમને મારી કર્ણના કરજમાંથી મુક્ત થઇશ."

દુર્યોધનનાં વચનઉપરથી સારથિએ રથને તે પ્રમાણે હાંક્યો. દુર્યોધનના રથને સૈન્યમાં આવતો જોઈ ભીમ, ધૃષ્ટદ્યુમ્ન તથા અર્જુન તેને ચારેકોરથી ઘેરી વળ્યા અને તેનાપર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા. ભીમે રથમાંથી નીચે ઉતરી હાથમાં ગદા લઈ, દોડી, શત્રુના પચ્ચીશ હજાર પ્યાદલોને મારી નાખ્યા. નકુલ, સહદેવ અને સાત્યકિ શકુનિના સ્વારોને કાપવા લાગ્યા અને અર્જુન રથોના સમૂહને તોડવા લાગ્યો. દુર્યોધન એકલો તે સઘળાની સામે લડવા લાગ્યો. અને પોતાનાં ભાગતાં સૈન્યને રોકી કહેવા લાગ્યો કે "કૃષ્ણ તથા અર્જુન બહુ જ જખમી થઈ ગયા છે, પાંડવોનું સૈન્ય બહુ જ થોડું રહ્યું છે, હવે શામાટે બીઓછો? લડાઇ કરો, આપણો અવશ્ય જય થશે."

દુર્યોધન પોતાના લસ્કરને લડાઇમાટે ઉસ્કેરતો હતો તોપણ તેના પક્ષના યોદ્ધાઓ તેનાં વચનને કાન નહિ દેતાં ભાગવા લાગ્યા આ વખતે શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું કે "તમે કર્ણની સાથે લડતા હતા તે સમય તમારૂં યુદ્ધ જોવા યુધિષ્ઠિર રણભૂમિમાં પધાર્યા હતા પણ જખમોની અત્યંત પીડાને લીધે તેઓ પાછા ઉતારે પધાર્યા છે. કર્ણના મરણની તેમને ખબર નથી. તેર વર્ષસુધી તેના જ ભયને લીધે તેને ઉજાગરા થયા છે અને તેણે જ તેને બહુ જખમી કરી નિરાશ કરી નાખેલા છે. માટે તેને તેના વધની ખબર આપી આપણે રાજાના કરજમાંથી મુક્ત થવું જોઇએ."

શ્રીકૃષ્ણની સલાહથી રાજાને કર્ણના વધના ખબર આપવા અર્જુને સંમતિ આપતાં બન્નેએ ધૃષ્ટદ્યુમ્ન, ભીમ તથા સાત્યકિને પોતે પાછા આવતાં સુધી યુદ્ધમાં ઘણી જ સાવચેતીથી રહેવા ભલામણ આપી. રથને ઘણા જ વેગથી દોડાવી તેઓ ઉતારે પહોંચ્યા. ત્યાં જઈ રથમાંથી ઉતરી યુધિષ્ઠિરના ચરણમાં પડ્યા અને હાથ જોડી રાજાને કહ્યું કે "કર્ણ મરણ પામ્યો છે, તમારો વિજય થયો છે અને તમને પૃથ્વીનું નિષ્કંટક રાજ્ય કરવાનો સમય પ્રાપ્ત થયો છે." શ્રીકૃષ્ણ તથા અર્જુનના હર્ષઉપરથી જ રાજા કર્ણને મરણ પામેલો જ જાણતા હતા. પણ તેઓના કહેવાઉપરથી ખાત્રી થતાં તેણે ઘણા જ પ્રેમથી તે બન્નેનું આલિંગન કર્યું અને "વાહ વાહ" એમ બોલી શ્રીકૃષ્ણનાં વખાણ કરતાં કહ્યું કે "તમારી સહાયતાના પ્રભાવથી જ અર્જુને

કર્ણનો વધ કર્યો છે. તમે અર્જુનના સારથિ થયા ત્યારથી જ તેના લલાટમાં વિજય લખાઈ ચૂક્યો છે. પણ હજુ મારા મનમાંથી કર્ણનો ભય જતો નથી. માટે તમે સાથે આવી ગને તેનું શબ દેખાડો એટલે મારું મન શાંત થાય.''

યુધિષ્ઠિરની માગણીનો સ્વીકાર કરી તેમને રથમાં બેસાડી શ્રીકૃષ્ણ તથા અર્જુન રણભૂમિમાં આવ્યા; તે સમયે જ દુર્યોધને હારી જઈ અશ્વત્થામા, કૃપાચાર્ય તથા શલ્ય વગેરેની સલાહથી સાયંકાળે પોતાના સૈન્યનો અવહાર કર્યો હતો. ત્યાં આવી મસાલોનું મોટું અજવાળું કરાવી તેઓએ યુધિષ્ઠિરને કર્ણનું શબ દેખાડ્યું એટલે તે ગદ્‌ગદ કંઠથી બોલ્યા કે "શ્રીકૃષ્ણ! તમે આજ મને રાજા બનાવ્યો. દુષ્ટ દુર્યોધન આજ કર્ણના મરણથી નિરાશ થયો હશે. મેં તેના ભયને લીધે તેર તેર વર્ષ ઉજાગરાથી જ કહાડ્યાં છે. આજ મને સુખની નિદ્રા આવશે. આજ મારો નવો જન્મ થયો છે.

સૈન્ય રણભૂમિમાંથી પાછું વળ્યા પછી માર્ગમાં કૃપાચાર્યે દુર્યોધનને કહ્યું કે 'તેં પોતાને વાસ્તે ઘણા ઘણા ક્ષત્રિયોને બોલાવ્યા પણ તે સઘળા કપાઇ ગયા. હવે તારા પોતાના જીવનનો પણ સંશય છે. મને તો હવે પાંડવો-સાથે સમાધાન કરી લેવું યોગ્ય લાગેછે. તું યુધિષ્ઠિરને પગે લાગીશ તો તે તને રાજ્ય આપશે. કૃષ્ણ પણ તેમાં સંમતિ આપશે. શ્રીકૃષ્ણ તથા પાંડવો ધૃતરાષ્ટ્રનું વચન માન્યાવિના રહેશે નહિ, જો તારી મરજી હોય તો ધૃતરાષ્ટ્રના મોહોડાથી વિષ્ટિ કરાવીએ. હું મારા મરણની બીકથી બોલતો નથી પણ તારા કલ્યાણને માટે બોલુંછું."

કૃપાચાર્યનાં વચન સાંભળી ઉના અને ઉંડા નિસાસા મૂકી જરાવાર ચુપ રહી વિચાર કરી દુર્યોધને જવાબ આપ્યો કે "આપ મારા હિતને વાસ્તે સઘળું કરી અને બોલી ચૂક્યા છો. પણ આપનું આ વચન મને ગમતું નથી. પાંડવોઉપર મેં મોટાં મોટાં કપટો રચ્યાં હતાં. તેઓ હવે મારો વિશ્વાસ શા રીતે કરે? શ્રીકૃષ્ણ પોતે વિષ્ટિ કરવા આવ્યા હતા તે વખતે મેં તેની ઉપર પણ મોટો દગો ગોઠવ્યો હતો. તે મારાં વચનઉપર કદી વિશ્વાસ રાખે જ નહિ. આપણે તેના ભાણેજ અભિમન્યુને પણ મારેલ છે તે વૈર પણ તે શા રીતે ભૂલે? દુઃશાસનને મારી ભીમ જે વચન બોલ્યો છે તે વચન મારા હૃદયમાં ખુંચી રહ્યું છે. ભીમ તીક્ષ્ણ સ્વભાવવાળો છે અને ઉભોને ઉભો ભાંગી જાય તોપણ કોઇને નમે એવો નથી. હું રાજાધિરાજ થઇ હવે પાંડવોનો તાબેદાર થાઉં એ તો કેમજ બને? ઘરમાં મરવું એ તો ક્ષત્રિયને મોટી ખોટ

છે. હું તો હવે યુદ્ધમાં જ મરવા ધારૂંછું. મારે વાસ્તે યુદ્ધમાં ઘણા ઘણા યોદ્ધાઓને કતલ કરાવી હવે હું જીવતો રહેવા ઇચ્છું એ મારાથી બને જ નહિ."

દુર્યોધનનાં વચન સાંભળી કૃપાચાર્ય ચુપ થઈગયા અને સઘળા ક્ષત્રિયોએ પરાજયના શોકને છોડી દઈ યુદ્ધ કરવાનો જ ઉત્સાહ ધર્યો. દુર્યોધને સઘળી સેનાને સાથે લઈ આશરે આઠ ગાઉ દૂર હિમાલયની પાસેના સુંદર સપાટ મેદાનમાં જઈ ત્યાં તે રાત્રિ ગાળવા વિચાર કર્યો એટલે સઘળા યોદ્ધાઓએ ત્યાં નદીમાં સ્નાન કર્યું. પાણી પીધું અને વાહનોને પણ નવરાવ્યાં.

પ્રકરણ ૭૯ મું.

દિવસ ૧૮ મો.

યુધિષ્ઠિરના હાથથી શલ્યનું મરણ.

કર્ણ મરી ગયો તે રાત્રિએ ઉતારામાં દુર્યોધનને કોઈ રીતે ઉંઘ આવી નહિ. શકુનિ, અશ્વત્થામા, કૃપાચાર્ય, કૃતવર્મા આદિ યોદ્ધાઓ તેને યુદ્ધનો ઉત્સાહ આપતા હતા અને હવે સેનાપતિ કોને કરવો એ બાબતનો નિશ્ચય કરવા ધારતા હતા. સર્વની સંમતિથી ગુરૂપુત્ર અશ્વત્થામા-ઉપર એ બાબતનો નિશ્ચય કરવા આધાર રહ્યો.

"કુળ, રૂપ, યશ, તેજ અને લક્ષ્મી આદિ સઘળા ગુણોથી યુક્ત રાજા શલ્ય હવે સેનાપતિ થવા લાયક છે. પોતાના ભાણેજોને છોડી તે આપણની સાથે મળેલ છે અને તેનું કૃતજ્ઞપણું પણ આપણા જોવામાં આવ્યું છે." અશ્વત્થામાનાં આ વચનો સાંભળી સઘળા યોદ્ધાઓ જય જય શબ્દ કરવા લાગ્યા. દુર્યોધન હાથ જોડી શલ્યને કહેવા લાગ્યો કે "મિત્ર અને શત્રુની પરીક્ષા કરવાનો અમારે આ સમય પ્રાપ્ત થયો છે. માટે તમે અમારા સેનાપતિ થાઓ. પાંડવો આપના પરાક્રમને જાણેછે તેથી તેઓ આપને સેનાપતિ થયેલા જાણી નિરૂત્સાહ થઈ જશે."

"મારાં પ્રાણ, રાજ્ય અને ધન તમારૂં પ્રિય કરવાને વાસ્તે જ છે. હું તમારા કહેવાપ્રમાણે સેનાપતિ થવાને તૈયાર છું. હું તમારી સેનાનો એવો વ્યૂહ ગોઠવીશ કે જેને પાંડવો તોડી શકશે નહિ."

શલ્યનાં વચન સાંભળી રાજી થયેલા દુર્યોધને તેનો સેનાધિપતિપણામાં અભિષેક કર્યો. કૌરવોના સૈન્યમાં સિંહનાદો તથા વાજાંઓના શબ્દો થવા લાગ્યા અને સર્વે લોકો તેની સ્તુતિ કરવા લાગ્યા. તેનો અભિષેક થવાથી સર્વે યોદ્ધાઓ કર્ણના વધના દુઃખને ભૂલી જઈ પ્રથમના જેવાજ લડાઈ કરવા પ્રોત્સાહિત થયા.

કૌરવોએ શલ્યને સેનાપતિ કર્યો એ ખબર જાસુસના મોહોડાથી યુધિષ્ઠિરને મળ્યા એટલે તે ખબર તેણે શ્રીકૃષ્ણને આપી કહ્યું કે "હવે અમારા રક્ષણને વાસ્તે આપને યોગ્ય લાગે તેવો બંદોબસ્ત કરો."

"ભીષ્મ, દ્રોણ અને કર્ણ હતા તેવાજ શલ્ય છે. તેને મામો સમજી તેના પર તમારે જરા પણ દયા રાખવી નહિ. તમારે જેમ તેનાપર ક્ષાત્રબળનો તેમ તપોબળનો પણ ઉપયોગ કરવો પડશે." આ પ્રમાણે શ્રીકૃષ્ણનાં વચન સાંભળી "બહુ સારૂં" એમ કહી સર્વ યોદ્ધાઓને સાથે લઇ યુધિષ્ઠિર પોતાના ઉતારામાં જઈ સુઈ રહ્યા.

વાંચનાર! વિચાર કરો કે ભીષ્મ પડ્યા, દ્રોણ કપાયા, કર્ણ માર્યો ગયો અને શલ્ય હવે પાંડવોને જીતશે. દુર્યોધનની આ કેવી વિચિત્ર આશા!

રાત્રિ વ્યતીત થતાં દુર્યોધનની આજ્ઞાથી શલ્યના સેનાપતિપણા નીચે સર્વ યોદ્ધાઓ તૈયાર થયા. કૃપાચાર્ય, અશ્વત્થામા, શકુનિ તથા બીજા પણ યોદ્ધાઓએ શલ્યને મળી ઠરાવ કર્યો કે "આજ આપણામાંથી કોઇ પણ જણે એકલાએ પાંડવોની સાથે લડવું નહિ." આ પ્રમાણે ઠરાવ કરી કૌરવો રણભૂમિમાં આવ્યા એટલે પાંડવો પણ પોતાની સેનાના વ્યૂહને ગોઠવી ત્યાં આવી હાજર થયા. લડાઈ શરૂ થઈ. ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી તથા સાત્યકિને સાથે રાખી રાજા યુધિષ્ઠિર શલ્યની સેનાને મારવા લાગ્યા. અર્જુન, કૃતવર્મા તથા સંસપ્તકોની સાથે યુદ્ધ કરવા ચાલ્યો. ભીમ કૃપાચાર્યની સામે દોડ્યો નકુલ તથા સહદેવ શકુનિ તથા તેના પુત્ર ઉલૂકની ઉપર વેગ કરવા લાગ્યા. આ અઢારમા દિવસની લડાઈની શરૂઆતમાં કૌરવોની સેનામાં અગિયાર હજાર રથો, દશ હજાર સાતસો હાથીઓ, બે લાખ ઘોડાઓ અને કેટલોએક ભાગ પ્યાદલોનો અવશેષ રહ્યો હતો. પાંડવોના સૈન્યમાં છ હજાર હાથીઓ, છ હજાર રથો, દશહ-

જાર ઘોડાઓ અને કૌરવોના કરતાં થોડા પ્યાદલો અવશેષ રહ્યા હતા. પરસ્પરની ઉપર બાણોની વૃષ્ટિ ચાલતાં ભારે શબ્દો કાને પડવા લાગ્યા. પ્રાણીઓનાં માથાં તથા સાથળ વગેરે અવયવો કપાવા લાગ્યા અને સઘળી રણભૂમિ લોહીથી ભીંજાઇ રહી. કર્ણના દીકરા ચિત્રસેને નકુલની સામે બહુજ લડી તેને કાયર કરી નાખ્યો પણ તેણે રથમાંથી ઉતરી ઢાલ તરવાર લઈ તેનાં સઘળાં બાણોને ઢાલથી અટકાવી એકદમ શત્રુના રથઉપર ચડી જઈ ચિત્રસેનનું માથું કાપી નાખ્યું અને એ પ્રમાણે કર્ણના બીજા બે પુત્રોને પણ મારી નાખ્યા. આ વખતે શલ્યે એક ભાલું મારી ભીમનાં બખ્તરને ભેદી નાખ્યું પણ તેણે તે ભાલાને પોતાની છાતીમાંથી કહાડી તેથીજ શલ્યના સારથિને મારી નાખ્યો. સારથિને મરણ પામેલો જોઈ શલ્ય ગદા લઈ ભીમની સામે યુદ્ધ કરવા લાગ્યો. યુદ્ધનાં મંડળોમાં ફરતા એ બન્ને વીરોની ગદાઓ અગ્નિની જ્વાળાઓથી વીજળીની પેઠે ચમકવા લાગી. બન્નેનાં શરીરઉપર પડતી ગદાઓના શબ્દો, વજ્રના ધડાકા જેવા સંભળાવા લાગ્યા. આખર ગદાયુદ્ધની ઉત્તમ કેળવણી પામેલા એ બન્ને વીરો પરસ્પરની ભયંકર ગદાઓના પ્રહારોથી એકજ વખતે રણભૂમિમાં પડી ગયા. કૃપાચાર્ય શલ્યને પોતાના રથમાં નાખી દૂર લઈ ગયા પણ ભીમ જરા વારમાં ઉભો થઈ તેને હાક મારવા લાગ્યો. આ વખતે બન્ને સૈન્યના યોદ્ધાઓ મરણીયા થઇ પરસ્પર યુદ્ધ કરતા હતા. મારો, કાપો, પકડો અને વીંધો એવા શબ્દો ચોતરફ સંભળાતા હતા. થોડી વાર પછી શલ્ય બીજા રથમાં બેસી યુધિષ્ઠિરની સામે થયો. યુધિષ્ઠિરના સઘળા યોદ્ધાઓ શલ્યથી કાયર થઈ જતાં તેણે સઘળા ભાઇઓને બોલાવીને કહ્યું કે "તમો સઘળાઓ પોતપોતાના ભાગનાં કામો બજાવી ચૂક્યા છો. હવે શલ્યને મારવાનું કામ મારૂં છે, માટે નકુલ તથા સહદેવે મારા ચક્રરક્ષક, અર્જુને પૃષ્ઠરક્ષક અને ભીમે પુરઃસર થવું." આમ બોલી તે મોટા જોસથી શલ્યની સામે લડવા લાગ્યા. તે બન્ને રાજાઓ દ્રોણાચાર્યના અનેક ઉપદેશોને દેખાડી દેખાડી પરસ્પર પીડવા લાગ્યા. ક્રોધથી ધ્રુજતા યુધિષ્ઠિર સ્વભાવથી કોમળ છતાં પણ દારૂણ થઇને હજારો યોદ્ધાઓને કાપવા લાગ્યા. બન્નેનાં શરીરોમાંથી લોહીની ધારાઓ ચાલવા લાગી. યુધિષ્ઠિરે ક્રોધભરેલી દૃષ્ટિથી શલ્યની સામે જોઈ મોટી સાંગ ઉપાડી "માર્યો છે" એમ બોલી પોતાની સઘળી શક્તિ વાપરી તે સાંગ શલ્યની ઉપર ફેંકી. સાંગથી શલ્યની છાતી ભેદાઈ ગઈ અને તે મરણ પામી ધરતીપર પડ્યો.

પ્રકરણ ૮૦ મું.

દિવસ ૧૮ મા ચાલુ.

દુર્યોધનનું પાણીમાં પેસવું.

શલ્ય મરણ પામવાથી દુર્યોધનનાં ગાત્રો શિથિલ પડી ગયાં. સૈન્યમાં ભંગાણ પડ્યું અને પાંડવોના પક્ષના સાત્યકિ વગેરે યોદ્ધાઓ વધારે જોસથી લડવા લાગ્યા. કૃતવર્માએ સાત્યકિના ઘોડાઓ તથા ધનુષને કાપી નાખ્યાં. શલ્ય મરી જતાં દુર્યોધનનું સૈન્ય વિમુખ થઈ ગયું હતું પણ ધૂળની મોટી ડમરી ચડવાને લીધે તે વાત પાંડવોના જાણવામાં આવી નહિ હતી. શલ્યના મરણને લીધે તેના પક્ષના સાતસો વીર રથિઓ એકદમ યુદ્ધ કરવાસારૂ શત્રુના સૈન્યમાં પેઠા અને ભારે કતલ ચલાવી યુધિષ્ઠિરને ગભરાવી દીધા. પણ અર્જુન, ભીમ, નકુલ, સહદેવ, સાત્યકિ, દ્રૌપદીના પુત્રો, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી અને સઘળા પાંચાલો ઝડપથી ત્યાં આવી તેઓને કાપવા લાગ્યા. તેઓને

કપાતા જોઈ શકુનિએ દુર્યોધનને કહ્યું કે "આપણે ભેળા રહીને યુદ્ધ કરવાનો ઠરાવ કર્યો છે છતાં, તમે જૂદા રહી આ લોકોને કેમ કપાવોછો? ક્રોધમાં આવેલા એ શૂર લોકો આપનો હુકમ માન્યાવગર પાંડવોની સામા થયા એ સ્વાભાવિક છે પણ તેઓની ઉપેક્ષા કરવાનો આ સમય નથી." એમ કહી દુર્યોધનને સાથે લઇ તે પાંડવોપર તૂટી પડ્યો. દુર્યોધને બહુ જોસથી લડવા માંડ્યું. પણ મધ્યાહ્નના પરિશ્રમથી અને શલ્ય મરી જવાને લીધે નિરાશ થવાથી કૌરવોના યોદ્ધાઓ ભાગવા લાગ્યા.

કૌરવોના સૈન્યને ભાગતું જોઈ પાંડવપક્ષના યોદ્ધાઓ બોલવા લાગ્યા કે "આજ દુર્યોધન મરણ પામશે, ધૃતરાષ્ટ્ર પસ્તાવો કરશે, યુધિષ્ઠિર રાજા થશે, શ્રીકૃષ્ણની સલાહ સફળ થશે અને અર્જુનના જેવો બીજો કોઇ વીર નથી એમ જગતના જાણવામાં આવશે." આ વખત દુર્યોધને પોતાના સારથિને કહ્યું કે "મારા રથને પાંડવોની સામે લઈ જા. મને યુદ્ધમાં ઉભેલો જોઈ મારૂં સૈન્ય પાછું વળી યુદ્ધ કરવા આવશે." સારથિ રથને પાંડવોની સામે લઇ ગયો. દુર્યોધન ભીમની ઉપર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યો અને ભીમ હાથમાં ગદા લઇ રથમાંથી ઉતરી તેના સૈન્યને મારવા લાગ્યો. દુર્યોધનના પક્ષનો મ્લેચ્છ લોકોનો શાલ્વ નામનો રાજા એક મોટા કેળવાયેલા હાથીપર બેસી પાંડવોની સામે થયો અને તેના સૈન્યમાં ગભરાટ મચાવી મૂક્યો. ધૃષ્ટદ્યુમ્ન તે હાથીની સામે થયો. શાલ્વે જ્યારે પોતાના હાથીને ધૃષ્ટદ્યુમ્નના રથની સામે હાંક્યો ત્યારે તેણે પાંચસો બાણોથી તેનું કુંભસ્થળ ભેદી નાખ્યું એટલે હાથી ભય પામી પાછો ભાગ્યો. શાલ્વે ભાગતા હાથીને પાછો વાળી એકદમ ઝડપથી ધૃષ્ટદ્યુમ્નના રથની ઉપર હાંક્યો, પણ તે ગદા લઈ રથમાંથી ઉતરી ગયો અને હાથીએ તે રથને સુંઢથી ઉપાડી લઇ પછાડી ભૂકો કરી નાખ્યો. ધૃષ્ટદ્યુમ્નને ગભરાયેલો જોઇ ભીમ, શિખંડી તથા સાત્યકિ તેની સહાયતામાટે આવી પહોંચ્યા એટલે તેણે તે હાથીની સામે આવી ગદાથી તેના કુંભસ્થળને તોડી નાખ્યું. હાથી મરણ પામી ધરતીપર પડ્યો અને શાલ્વ તેના ઉપરથી ઉતરવાની તૈયારી કરતો હતો તેટલામાં સાત્યકિએ તેનું માથું કાપી નાખ્યું. દુર્યોધન મરણીયો થઈ પાંડવોની સામે લડતો હતો ત્યારે, અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું કે "શત્રુના સૈન્યઉપર મારા ઘોડાને જલદી હાંકો આજ હું શત્રુઓનો અંત આણવાનો છું. યુદ્ધ કરતાં અઢાર દિવસ થયા, ઘણા ઘણા ક્ષત્રિયો કપાઈ ગયા, ભીષ્મ તથા દ્રોણ જેવા પણ કપાઇ ગયા તોપણ દુર્યોધને પોતાની

મૂર્ખાઇ છોડી નહિ. પોતે જીવતો હશે ત્યાંસુધી તે રાજ્ય આપવાનો નથી. તેના જન્મ વખતે વિદ્વાનોએ જે કહ્યું હતું તે ખરૂં પડયું." અર્જુનના કહેવા-ઉપરથી શ્રીકૃષ્ણે કૌરવોની સેનામાં રથના ઘોડા હાંકી મૂક્યા અને અર્જુને મોટી કતલ ચલાવવા માંડી. માણસ, ઘોડાએ કે હાથી ઉપર તેને બીજું બાણ મૂકવાની જરૂર નહિ પડી. દુર્યોધન ત્રાસ પામી ઘોડાપર બેસી ત્યાંથી ખસી ગયો. રથોના સૈન્યમાં દુર્યોધન ક્યાંય પણ જોવામાં નહિ આવતાં અશ્વ-ત્થામા, કૃપાચાર્ય અને કૃતવર્મા તેને મરણ પામેલો માની લેવાઈ ગયેલ મોહોડે ચારે બાજુ દુર્યોધનની તજવીજ કરવા લાગ્યા. "દુર્યોધન શકુનિના સ્વારોની ફોજમાં ગયો છે" એમ કેટલાએક કહેવા લાગ્યા અને કેટલાએક તો બોલવા લાગ્યા કે "આપણે યુદ્ધ કરીને મરવું જ છે તો હવે દુર્યોધનનું શું કામ છે?"

સંજય, ધૃષ્ટદ્યુમ્નના હાથથી હારી જઇ પાંડવોની સેનાના બીજા પ્રદેશમાં જતો હતો ત્યાં સાત્યકિએ તેના સઘળા સહાયોને તોડીને તેને જીવતો પકડી લીધો. હાથીઓનાં શબોથી રથો ચાલવાનો માર્ગ નહિ રહ્યો તેથી પાંડવોના યોદ્ધાઓ મુંઝાવા લાગ્યા. પણ ભીમ તે શબોને ઉપાડી ઉપાડીને રસ્તો કરવા લાગ્યો. નાસી જવાની પેતરણમાં પડેલો દુર્યોધન યોદ્ધાઓને ભૂલથાપ ખવ-રાવવાસારૂ જરા જરાવારમાં બહાર આવતો અને પાછો સૈન્યમાં પેસી જતો હતો. આ સમય કૌરવોના સૈન્યમાં બસો રથ, આશરે સવાસો હાથીઓ, ત્રણ હજાર પ્યાદલો અને પાંચસો ઘોડાઓ અવશેષ રહ્યા હતા. ભીમે દુર્યોધ-નના બાકી રહેલા સોળ ભાઇઓને યમપુરીમાં મોકલી દીધા. હવે ફક્ત દુર્યો-ધનને મારવાની તેની પ્રતિજ્ઞા બાકી રહી હતી. સહદેવ શકુનિના પુત્ર ઉલૂકનું માથું કાપી નાખ્યું. પુત્રને મરણ પામેલો જોઈ વિદુરનાં વચનોને સંભારી ઘણા ઘણા નિસાસા મૂકી ભીમને છોડી દઈ શકુનિ સહદેવને વીંધવા લાગ્યો. શકુનિના સઘળા યત્ન નિષ્ફળ ગયા. સહદેવે શકુનિના રથ તથા ઘોડાઓને કાપી નાખી સિંહના જેવી ગર્જના કરી અને આખર તેના માથાને પણ કાપી નાખ્યું. શકુનિને મરણ પામેલો, પોતાના સૈન્યનો મોટો ક્ષય થયેલો અને પાંડવોને ગર્જના કરતા જોઇ દુર્યોધન પોતાના ઘોડાને છોડી દઇ મરણના ભયથી હાથમાં ગદા લઇ ત્યાંથી પગેપાળો ભાગ્યો. આ ખબર મોટા સંભ્રમને લીધે પાંડવોના તેમ દુર્યોધનના પણ કોઇપણ યોદ્ધાના જાણવામાં આવ્યા નહિ.

સહદેવ, ભીમ તથા અર્જુન અવશેષ રહેલી કૌરવોની સેનાને કાપવા માંડ્યા હતા તેટલામાં સાત્યકિએ વેદવ્યાસના વચનઉપરથી સંજયનાં હથિયાર

તથા બખ્તર છીનવી લઇ તેને જીવતો છોડી દીધો. લોહીથી ખરડાઇ રહેલો સંજય હસ્તિનાપુરતરફ જતો હતો ત્યાં રણભૂમિથી એક ગાઉ છેટે પાણીના ધ્રોની પાસે ગદા લઇ ઉભેલો દુર્યોધન તેના જોવામાં આવ્યો. સંજયને જોઇ દુર્યોધનની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં. દુર્યોધનને શોક કરતો અને એકલો ઉભેલો જોઈ સંજયની આંખોમાં પણ આંસુ ભરાઈ આવ્યાં. જરાવાર રહી ધીરજ ધરી સંજયે પોતાના પકડાવાની તથા છુટવાની વાત તેને કહી સંભળાવી અને તેના સઘળા ભાઇઓ તથા સૈન્ય કપાઈ ગયું અને ફક્ત અશ્વત્થામા, કૃપાચાર્ય તથા કૃતવર્મા એ ત્રણજ બચ્યા છે વગેરે ખબર આપી કહ્યું કે "તમો ચાર જણ તથા મારા સિવાય આપણા સૈન્યમાંથી બીજો કોઇ જીવતો જોવામાં આવતો નથી અને પાંડવોનું સૈન્ય ઘણું બચ્યું જણાયછે."

સંજયતરફથી ખબર મળતાં તેણે તેને કહ્યું કે "જે બનવાનું હતું તે બન્યું. દૈવની ઇચ્છા પ્રબળ છે. હવે તું મારા પિતા ધૃતરાષ્ટ્રને જઇને કહેજે કે "સઘળા સૈન્યની કતલ થઇ ગઇ છે અને દુર્યોધન પાણીના ધ્રોમાં પેસી ગુપ્ત રહ્યો છે." આ પ્રમાણે સંજયને કહેતાં કહેતાં દુર્યોધન ધ્રોમાં પેસી ગયો અને યુક્તિથી તેણે જલના ચલનને અટકાવી રાખ્યું.

દુર્યોધન ધ્રોમાં પેઠા પછી અશ્વત્થામા, કૃપાચાર્ય તથા કૃતવર્મા દુર્યોધનની શોધ કરતા કરતા ત્યાં આવી પહોંચ્યા અને ત્યાં સંજયને ઉભેલો જોઈ તેઓએ તેને પૂછ્યું કે "આપણો રાજા દુર્યોધન જીવેછે?" સંજયે જવાબ આપ્યો કે "દુર્યોધન મારી સાથે વાતચિત કરી આ ધ્રોમાં પેઠા છે અને હું હસ્તિનાપુરમાં જાઉંછું."

સંજયનાં વચન સાંભળી અને પાણીના એ મોટા ધ્રોને જોઈ અશ્વત્થામા વિલાપ કરવા લાગ્યો કે "હાય હાય! ધિક્કાર છે. આપણા જીવતા રહેવાની રાજાને ખબર નથી. જો રાજા આપણી સાથે હોય તો આપણે હજુ પણ પાંડવોને જીતવા સમર્થ છીએ." અશ્વત્થામા આ પ્રમાણે વિલાપ કરતો હતો અને કૃતવર્મા તથા કૃપાચાર્ય પણ શોક કરતા હતા તેટલામાં દુર્યોધનનો શોધ કરતા કરતા પાંડવો ત્યાં આવતા દૂરથી તેઓના જોવામાં આવ્યા. એટલે એ ત્રણે જણ સંજયને કૃપાચાર્યના રથમાં બેસાડી કૌરવોની ફોજના ઉતારામાં ગયા. ઉતારામાં સૈન્યનો ક્ષય થયાના ખબર સાંભળી મોટો શોક અને કોલાહલ મચી રહ્યો. દુર્યોધન વગેરે કૌરવોની સ્ત્રીઓ રોવા, કુટવા તથા પછાડા ખાવા લાગી. હાહાકાર કરી માથાંના વાળને ઉખેડી નાખ્યા. અત્યંત રૂદન કરતા

દુર્યોધનના કારભારીઓ કૌરવોની સ્ત્રીઓને તથા બિછાનાંવગેરે કેટલોએક સામાન લઈ યોગ્ય બંદોબસ્ત કરી હસ્તિનાપુરતરફ ચાલતા થયા. હસ્તિનાપુરના લોકોને આ ખબર જાણવામાં આવતાં ત્યાં પણ મોટો હાહાકાર વર્ત્તી રહ્યો. પાંડવોની બીકને લીધે હસ્તિનાપુરના રહેવાસીઓ જે ગામબહાર હતા તે પણ ગામતરફ ચાલતા થયા.

આ પ્રમાણે દારૂણ સમય વર્ત્તી રહ્યો હતો અને પાંડવો દુર્યોધનનો પત્તો મેળવવા માટે લોકોને પૂછપાછ કરતા હતા તેટલામાં ધૃતરાષ્ટ્રનો વાણીયાણીના ઉદરથી ઉત્પન્ન થયેલો યુયુત્સુ નામનો પુત્ર જે યુદ્ધના આરંભમાં પાંડવોના પક્ષમાં મળ્યો હતો તેણે સમય જોઈ વિચાર કર્યો કે "અગિયાર અક્ષૌહિણી સેના કપાઈ ગઈ, દુર્યોધનનો કયાંય પત્તો મળતો નથી. ફક્ત ભાગ્યયોગને લીધે ધૃતરાષ્ટ્રના પુત્રોમાં હું એકજ બચ્યો છું, ઉતારાના માણસો અનાથ થઈને ચારે કોર ભાગ્યા જાયછે અને કારભારીઓ જનાનાને લઈ હસ્તિનાપુરતરફ ગયા છે તો હવે યુધિષ્ઠિર તથા ભીમની રજા લઈ મારે પણ તેઓની સાથેજ જવું યોગ્ય છે." આ પ્રમાણે વિચાર કરી તેણે તેઓની રજા લીધી. તેઓએ ઘણી ખુશાલીથી તેનું આલિંગન કરી તેના ભલાપણાઉપર વિચાર કરી તેને ત્યાં જવાની રજા આપી. યુયુત્સુ રથમાં બેસી ઘોડાઓને ખૂબ દોડાવી, જનાનાની સ્વારીમાં પહોંચી જઈ રોતાં રોતાં તેઓની સાથે હસ્તિનાપુરમાં પહોંચ્યો. ધૃતરાષ્ટ્રની પાસેથી આવતા અને શોકથી બેભાન થઈ ગયેલા વિદુર સામે મળ્યા. તેમના પૂછવાઉપરથી યુયુત્સુએ હાથ જોડી ખબર આપ્યા કે "શકુનિ મરી ગયા પછી દુર્યોધન બીકને લીધે પગેપાળો ભાગી ગયો છે. સઘળો જનાનો હસ્તિનાપુરતરફ જાયછે એવી મને ખબર મળતાં યુધિષ્ઠિરની રજા લઈ હું પણ તેની સાથે અહીં આવ્યો છું."

"કુલધર્મનું રક્ષણ કરવા તું જનાનાની સાથે આવ્યો એ બહુ સારૂં કર્યું. ધૃતરાષ્ટ્રને આંધળાની લાકડી જેવો તું એક પણ અવશેષ રહ્યો એ સારૂં થયું. હવે તું આજ હસ્તિનાપુરમાં વિરામ લઈ આવતી કાલે યુધિષ્ઠિરની પાસે જજે." એમ બોલી યુયુત્સુને સાથે લઈ વિદુર દરબારમાં ગયા અને ધૃતરાષ્ટ્રની પાસે જઈ સઘળી વાતચિત કરી.

સઘળા માઠા ખબરો મળવાથી શહેર તથા દરબાર શૂન્યજેવાં થઈ ગયાં હતાં. શોક તથા વિલાપના શબ્દો ચારે બાજુ ફેલાઈ રહ્યા હતા અને ઘણી ગ્લાનિને લીધે સર્વનાં મુખ મ્લાન થઈ રહ્યાં હતાં.



પ્રકરણ ૮૧ મું.

દિવસ ૧૮ મો ચાલુ.

યુદ્ધમાટે તૈયાર થયેલ ભીમ અને દુર્યોધન.

અશ્વત્થામા, કૃપાચાર્ય તથા કૃતવર્મા કૌરવોની સેનાના ઉતારામાં ગયા પણ ત્યાં ઉતારાનાં સઘળાં માણસોને જતાં રહેલાં જોઇ બીકને લીધે તે ઉતારામાં રહેવું યોગ્ય નહિ જણાયાથી પાછા પાણીના ધ્રોતરફ જવા વાસ્તે ચાલ્યા. યુધિષ્ઠિર તથા તેમના ભાઇઓ દુર્યોધનનો પત્તો મેળવવાને વાસ્તે બહુ જ પ્રયત્ન કરતા હતા પણ કોઇ પણ રીતે તેનો પત્તો નહિ મળવાથી નિરાશ થઇ પાછા વળી તેઓ પોતાની સેનાના ઉતારામાં ગયા.

પાંડવો ઉતારામાં ગયા પછી અશ્વત્થામા વગેરે ત્રણ જણ ધ્રોની પાસે આવી બોલ્યા કે " રાજન! પાણીમાંથી બહાર નિકળો. અમારી સાથે આવી યુધિષ્ઠિરની સામે યુદ્ધ કરો. જેમ આપણું સૈન્ય કપાઇ ગયું છે તેમ પાંડવોનું સૈન્ય પણ કપાઇ ગયું છે. આપણે ચારે જણ જો મરણીયા થઇ યુદ્ધ કરીશું તો અવશ્ય આપણો વિજય થશે."

દુર્યોધન પાણીમાં પેઠા છતાં પણ પરાઇ વાત સાંભળવાની અને પોતે વાત કરવાની યુક્તિ જાણતો હતો; તેથી પાણીમાંજ રહીને અંદરથી બોલ્યો કે

" તમોને મોટી કતલમાંથી જીવતા દેખું છું એ બહુ સારૂં થયું. તમો થાકી રહ્યા છો, હું પણ બહુ જ જખમી થયોછું અને પાંડવોનું બળ વધ્યું છે, માટે આજ તો તેઓની સામે લડવા મારી ઇચ્છા નથી. આવો સમય પ્રાપ્ત થયાં છતાં પણ તમો મારા ઉપર મોટો પ્રેમ રાખોછો એ તમને યોગ્ય છે. આજની એક રાત આ પાણીની અંદર વિશ્રામ લઇ આવતી કાલે હું તમારી સાથે મળી પાંડવોની સામે યુદ્ધ કરીશ એમાં કશો સંશય નથી. "

" રાજા ! તમે જરા પણ ગભરાઓમાં અને યુદ્ધ કરવા અમારી સાથે ચાલો. હું મારા ધર્મના શપથ લઇને બોલુંછું કે, આજ સવાર પડ્યાપહેલાં મારા પિતાના દુસ્મનો સઘળા પાંચાલોને માર્યાવિના મારે બખ્તર ઉતારવું નથી. "

અશ્વત્થામા આ પ્રમાણે દુર્યોધનની સાથે વાતચિત કરતો હતો તેટલામાં ભીમના અંગીકૃત ખાટકી લોકો જેઓ સાયંકાળે ભીમના કહેવાથી માંસને વાસ્તે જંગલમાંગયા હતા તેઓ માંસના ગાંઠડાઓ લઈ પાણી પીવાને વાસ્તે યદચ્છાથી પેલા દ્રોની તરફ આવ્યા અને ત્યાં અશ્વત્થામા વગેરે ત્રણ જણ કાંઇ બોલચાલ કરતા હતા તે તેઓને દૂરથી જોવામાં આવ્યા. દુર્યોધનના પક્ષના ત્રણ જણને બોલચાલ કરતા જોઈ ખાટકીઓએ ખંધાઇથી ઝાડીમાં ગુપ્ત રહી તેઓની તથા દુર્યોધનની સઘળી વાતો સાંભળી લીધી. સઘળી વાતચિતઉપરથી દુર્યોધન પાણીની અંદર છે એવો તેઓને નિશ્ચય થયો. તેથી રાજી થઈ વિચાર કર્યો કે " આપણે તુરત જઇ ભીમને આ ખબર આપીશું તો તે આપણને ઘણું ધન આપ્યા વગર રહેશે નહિ. આપણે જનાવર મારવાનો ધંધો કરી કાયર થઈ ગયા છીએ તો હવે આજ આપણું દારિદ્ર જાય એવો સમય પ્રાપ્ત થયો છે." આ પ્રમાણે વિચાર કરી સઘળા ખાટકીઓ ઉતાવળથી પાંડવોના ઉતારામાં આવ્યા. ઉતારામાં પણ સૌ લોકો દુર્યોધનનો પત્તો નહિ મળવાથી ચિંતા કરતા હતા. યુધિષ્ઠિરે તેનો પત્તો મેળવવાને જેઓને મોકલ્યા હતા તેઓ પણ નિરાશ થઈ પાછા આવી તેનો પત્તો નહિ મળવાની રાજાને ખબર આપતા હતા. રાજા પણ નિસાસા મૂક્યા કરતા હતા. તેવામાં તે ખાટકીઓએ ભીમની પાસે આવી તેને એકાંતમાં લઇ જઇ દુર્યોધનની ખબર આપી. ભીમ તેઓને ઘણું ઘણું ધન આપી રાજી કરી યુધિષ્ઠિરપાસે ગયો અને ત્યાં જઈ ખબર આપ્યા કે " આપ જેને વાસ્તે પરિતાપ કરોછો તે નીચ દુર્યોધન પાણીને સ્તબ્ધ કરી દ્રોની અંદર પેઠેલો છે એમ મને મારા ખાટકીઓએ ખબર આપ્યા છે "

ભીમનું એ અત્યંત ખ્યારૂં વચન સાંભળી પોતાના ભાઇઓ, શ્રીકૃષ્ણ તથા સઘળા ક્ષત્રિયોની સાથે ખાટકીઓને ભોમીયા લઇ યુધિષ્ઠિર ધ્રોતરફ ચાલ્યા. પાંડવોની સઘળી સેના "પાપી દુર્યોધનનો પાકો પત્તો મળ્યો છે." એમ વારંવાર પોકારીને સિંહનાદ કરવા લાગી. સેનાનો મોટો કોલાહલ સાંભળવામાં આવતાં અશ્વત્થામા, કૃપાચાર્ય તથા કૃતવર્મા એઓએ દુર્યોધનને કહ્યું કે "જય પામેલા પાંડવો તમને શોધવાને વાસ્તે અહીં આવેછે. માટે અમો અહીંથી જતા રહીએ છીએ." એમ કહી શોક કરતાકરતા ત્યાંથી કેટલેક દૂર જઈ તેઓ એક વડનીચે ઘોડા છોડી બેઠા અને ચિંતા કરવા લાગ્યા કે "રખેને પાંડવો દુર્યોધનને શોધી કહાડી મારી નાખે." આ પ્રમાણે તેઓ વિચાર કરતા હતા તેટલામાં યુધિષ્ઠિરે સઘળા સૈન્યની સાથે તે ધ્રોની પાસે આવી જળને નિશ્ચળ જોઇ શ્રીકૃષ્ણને કહ્યું કે "દુર્યોધને પોતાની કેવી અસાધારણ યુક્તિથી આ જળને સ્થિર રાખ્યું છે? જુઓ, કપટી દુર્યોધન કપટથી જળમાં પેઠો છે, પણ આજ હું તેને કોઇ રીતે જીવતો છોડવાનો નથી." "તમે તમારી યુક્તિ ચલાવી તેને પાણીમાંથી બહાર કાહાડો." આ પ્રમાણે શ્રીકૃષ્ણનાં વચન સાંભળી ધ્રોના કિનારાપર ઉભા યુધિષ્ઠિર બોલ્યા કે "દુર્યોધન! પાણીમાં છુપી રહેવાનું કામ તેં શામાટે કર્યું? ક્ષત્રિયો તથા કુળનો નાશ કરાવી તું જીવવાની ઇચ્છાથી જળમાં પેઠો એ તને યોગ્ય નથી. બહાર નિકળ અને અમારી સાથે યુદ્ધ કર. સઘળા લોકો તને શૂર માનેછે, પણ એ વ્યર્થ થયું એમ હું માનુંછું. તું ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલો ક્ષત્રિય છે. કુળ, જન્મ અને અભિમાનને સંભારી બહાર નિકળ. યુદ્ધમાંથી ભાગી જવું એ નીચનું કામ છે. રાજ્ય ભોગવવું અથવા રણભૂમિમાં મરી સ્વર્ગમાં જવું એ ક્ષત્રિયોનું કામ છે. દીકરા, ભાઇઓ, સંબંધીઓ, મિત્રો તથા મામાવગેરેનો ઘાણ કઢાવી તું ધ્રોમાં કેમ છુપ્યો? તું વૈરાગ્યથી જળમાં પેઠો છે કે નપુંસકપણાથી? કર્ણ, શકુનિ તથા દુઃશાસનની સલાહથી તેં જે જે મોટાં પાપો કર્યાં તેઓનું આજ તને ફળ પ્રાપ્ત થયું છે. તારો પુરૂષાર્થ, અભિમાન, પરાક્રમ, ગર્જના અને અસ્ત્રવિદ્યા એ સઘળું ક્યાં ગયું? તું અમોને હરાવીને રાજ્ય કર અથવા અમારા હાથથી મરી રણભૂમિમાં શયન કર. નપુંસક મટી ખરો ક્ષત્રિય થા."

યુધિષ્ઠિરનાં વચન દુર્યોધન સહન કરી શક્યો નહિ તેથી તે પાણીમાંથી બોલી ઉઠયો કે "પ્રાણીઓને ભય ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે. પરંતુ હું ભયથી જળમાં પેઠો નથી. હું એકલો છું અને મારી પાસે રથવગેરે સાધનો

પણ નથી. વળી થાકી પણ રહ્યો છું તેથી ફક્ત આશાએશ લેવા પાણીમાં પેઠો છું. તું તથા તારા સઘળા પક્ષપાતીઓ પણ આશાએશ લ્યો. થોડીવાર પછી હું પાણીમાંથી નિકળી તમો સઘળાઓની સાથે યુદ્ધ કરીશ.”

“અમને તો આશાએશ મળી ચુકી છે પણ તનેજ ઘણી વાર થયા શોધીએ છીએ. હવે તુરત બહાર નિકળી યુદ્ધ કર.”

“હું જેઓને માટે રાજ્યની ઇચ્છા કરૂં તેઓ તો સઘળા મરાઇ ગયા છે. હવે હું પૃથ્વીને ભોગવવા ઇચ્છિતો નથી. યુદ્ધ કરવાનું કાંઇ પણ પ્રયોજન હવે મારા જોવામાં આવતું નથી. સહાયોવગર રાજ્ય કરીને હવે હું શું કરૂં ? રાજ્ય તમેજ રાખો. હું તો મૃગચર્મ પહેરી વનમાં જઇશ. પેદાશ, રત્નો અને વીરવગરની પૃથ્વી તમેજ ભોગવો.”

દુર્યોધનનાં દયામણાં વચન સાંભળી યુધિષ્ઠિર બોલ્યા કે “તું પાણીમાં બેઠો બેઠો જે વચનો બોલેછે તે ખરાં અંતઃકરણથી બોલતો હોય એમ હું માનતો નથી. હવે રાજ્ય દેવાનો તને અધિકાર નથી પણ જો હોય તો પણ તારા આપેલ રાજ્યને હું ભોગવવા ઇચ્છિતો નથી. પ્રતિગ્રહ કરવો એ ક્ષત્રિયનો ધર્મ નથી. યુદ્ધમાં તને જીતીને હું રાજ્ય કરવાનો છું. અમે માગણી કરી અને શ્રીકૃષ્ણ વિષ્ટિ કરવા પધાર્યા તે વખતે તેં રાજ્ય શામાટે ન આપ્યુ? હવે તું રાજ્યનો માલેક નહિ છતાં રાજ્ય દેવાને ઇચ્છેછે માટે ઘેલો થઈ ગયો છે કે શું? હવે રાજ્ય લેવાની કે દેવાની તારામાં તાકાત જ નથી. સોયની અણીથી ભેદાય તેટલી પૃથ્વી પણ આપવાને તું રાજી નહોતો તે તું આજ સઘળી પૃથ્વી કેમ આપી દેછે? તું ગમે તેમ પ્રપંચ કરીશ તોપણ આજ અમે તને જીવતો છોડવાના નથી. હું અને તું બન્ને જીવતા હશું ત્યાંસૂધી લોકોને રાજ્યનો સંશય રહ્યા કરશે. માટે અમો તને મારીને રાજ્ય કરશું, અથવા તું અમોને મારીને રાજ્ય કર. હું તને જીવતો છોડી શકું; પણ તેમ કરવું યોગ્ય નથી. તેં અમારો નાશ કરવા ઘણા કપટભરેલા પ્રપંચો કર્યા છે. તને જીવતો મૂકું તો હજુ પણ એવાં કપટ કર્યાવિના રહે નહિ માટે હવે તારે જીવવાની આશા રાખવી નહિ.”

“હું થાકી ગયેલો, વિપત્તિમાં પડેલો, ઘવાયેલો અને વાહનવગરનો છું. માટે ઘણા લોકોની સાથે યુદ્ધ કરવાને ઇચ્છતો નથી. તમો અનુક્રમથી એક એક જણ મારી સાથે યુદ્ધ કરો તો હું તમને સઘળાને મારી નાખવા સમર્થ છું. હું તારાથી બીતો નથી પણ તને તથા તારા ભાઇઓને મારી સઘળા

મિત્રોના કરજમાંથી મુક્ત થવા ઇચ્છુંછું.”

“અરે મૂર્ખ દુર્યોધન! જ્યારે ઘણા જણ મળી એકલા અભિમન્યુને માર્યો ત્યારે તને આવો વિચાર કેમ નહિ આવ્યો? સંપત્તિ હોય ત્યારે પરલોકનાં દ્વારને બંધજ દેખવું અને વિપત્તિ પડે ત્યારે ધર્મનો વિચાર કરવો એ નીચ લોકોની રીતિ છે. તને બખ્તર, હથિઆર તથા બીજું પણ જે યુદ્ધનું સાધન જોઇએ તે અમારી પાસેથી લે; પણ યુદ્ધ કર. જો તારે એકએકની સામે યુદ્ધ કરવાની ઇચ્છા હોય તો અમો તેમ પણ કરી દેવા તૈયાર છીએ. તું જેમ કહીશ તેમ કરી આપશું પણ જલદીથી બહાર નિકળ.”

યુધિષ્ઠિરનું અભિમાનભરેલું વચન સાંભળી જેમ તેજી ઘોડા ચાબુકના મારને સહન ન કરે તેમ તે વચન સહન નહિ કરતાં દુર્યોધન તરત પાણીથી બહાર નિકળ્યો. અગિયાર અક્ષૌહિણીનો ધણી અને જેની જીભઉપર લોકોના શુભાશુભનો આધાર હતો એવા દુર્યોધનને ગદા લઇ એકલો ઉભેલો જોઈ સઘળા ક્ષત્રિયો હસવા લાગ્યા. દુર્યોધન ક્રોધથી હોઠ ડસી બોલ્યો કે “દુષ્ટ પાંડવો અને પાંચાલો! તમો મારી મશ્કરી કરોછો તેનું ફળ હમણાંજ હું તમને આપીશ.” જખમી થયેલો અને પાણીથી ભીંજાયેલો દુર્યોધન એ પ્રમાણે બોલતાં બોલતાં યુદ્ધ કરવા તૈયાર થયો; એટલે યુધિષ્ઠિરે તેને પહેરવા સોનાનું બખ્તર તથા માથે ધરવા લોઢાનો ટોપ આપ્યો. બખ્તર પહેરી ટોપ ધારણ કરી દુર્યોધન બોલ્યો કે “હવે મારી સામે લડવા તારો કોણ જણ તૈયાર થાયછે? તમો જો અનુક્રમથી એક એક જણ મારી સામે લડશો તો હું સઘળા જણને મારી નાખ્યાવિના રહેવાનો નથી. ગદાયુદ્ધમાં મારા જેવો કોઇ સમર્થ નથી એ મને પક્કી ખાતરી છે.”

વિજયના પોરસમાં આવેલા યુધિષ્ઠિર બોલવા લાગ્યા કે “અમો પાંચ ભાઇઓમાંથી તું ગમે તેની સામે ગદાયુદ્ધ કર. પાંચમાંથી તું એકને મારીશ તોપણ રાજ્ય તારૂં છે.”

“અરે યુધિષ્ઠિર! તમે કેવું સાહસ કરવા તૈયાર થયા છો? દુર્યોધનને ગદાયુદ્ધમાં જીતી લેવાને તમો પાંચે જણમાંથી એકે સમર્થ નથી. દુર્યોધને ભીમનું લોઢાનું પુતળું બનાવી તેર વર્ષસુધી તેની સામે યુદ્ધ કરવાની કસરત કરી છે. આ તો તમે ફરીવાર જુગાર માંડ્યો. ગદાયુદ્ધમાં તેની સામે લડવા ભીમવિના બીજો કોઈ અધિકારી નથી. ભીમ બળવાન્ છે અને દુર્યોધન કળામાં વિદ્વાન્ છે. બળવાન્ કરતાં વિદ્વાન્ વધી જાય એ સ્વાભાવિક છે,

જો ભીમ ન્યાયથી યુદ્ધ કરશે તો તે દુર્યોધનને કદી પણ પહોંચવાનો નથી. અમારામાંથી એક જણને મારી તું રાજા થા; એમ તમે તેને કહોછો તેથી હું ધારૂંછું કે પાંડુના અને મારી ફઇના દીકરા રાજ્ય ભોગવવાને અવતર્યા નથી, પણ વનમાં રહેવા અને ભીખ માગવાનેજ અવતર્યા છે."

શ્રીકૃષ્ણનાં ઉપરપ્રમાણે વચનો સાંભળી ભીમ ખંભી ઠોકી બોલ્યો કે "શ્રીકૃષ્ણ! આપ કોઇ રીતે ખેદ નહિ કરો. હું આજ આ પાપી દુર્યોધનને મારી વૈરનો છેડો આણીશ; તેની ગદાકરતાં મારી ગદા દોઢગણી ભારેછે. આ ગદાથી હું સઘળા ત્રૈલોક્યની સામે યુદ્ધ કરવા સમર્થ છું, ત્યારે દુર્યોધન તો કોણ માત્ર?"

"તારા પ્રભાવથી યુધિષ્ઠિરને રાજ્ય મળશે. દુર્યોધનના સાથળ ભાંગી નાખવાની જે તારી પ્રતિજ્ઞા છે તે પૂર્ણ કરજે; તે ગદાયુદ્ધમાં ઘણો વિચક્ષણ છે, માટે તેની સામે બહુ યત્નથી યુદ્ધ કરજે."

શ્રીકૃષ્ણની સૂચના ધ્યાનમાં રાખી ભીમ ગદા લઇ લડવા તૈયાર થયો એટલે દુર્યોધન પણ તૈયાર થયો. દુર્યોધનને એકલો જોઈ પાંડવો રાજી થવા લાગ્યા. તે એકલો હતો અને ભીમનો પક્ષ ઝાઝો હતો તોપણ તેના મનમાં સંભ્રમ, ભય, ગ્લાનિ કે વ્યથા કશું થયું નહિ; પણ સિંહની પેઠે ગર્જના કરીને ઉભો. બે હજાર રથ, સાતસો હાથીઓ, પાંચ હજાર ઘોડાઓ અને દશ હજાર પ્યાદલ; એ પ્રમાણે પાંડવોનું અવશેષ રહેલું સૈન્ય સઘળું યુધિષ્ઠિરની પાસે ઉભું હતું; તોપણ દુર્યોધનનો ઉત્સાહ કંઇ પણ ઘટયો નહોતો. ભીમ અને દુર્યોધન સામસામે સિંહનાદ કરતા હતા, તે સમય યાત્રા પૂરી કરી બલભદ્ર ત્યાં આવી પહોંચ્યા.

પ્રકરણ ૮૨ મું

દિવસ ૧૮ મો ચાલુ.

દુર્યોધન પડ્યો.

બલભદ્રનો ક્રોધ.

ભીમ તથા દુર્યોધન ગદાયુદ્ધમાટે તૈયાર થયા હતા ત્યાં બલભદ્રના આવી પહોંચવાથી પાંડવોએ તથા સઘળા રાજાઓએ તેમને ઘણું માન આપ્યું અને આસન આપી બેસાડ્યા. દુર્યોધન તથા ભીમે પણ ઉભાં ઉભાં તેમને પ્રણામ કર્યા. બલભદ્રે ત્યાં આવી કહ્યું કે "યુદ્ધનો આરંભ થયો ન હતો તે પહેલાંજ શ્રીકૃષ્ણનો તથા મારો મત નહિ મળવાથી હું યાત્રા કરવા ચાલી નિકળ્યો હતો તે આજ બેંતાલીસમે દિવસે આવેલો છું. ભીમ અને દુર્યોધનને પરસ્પર ગદાયુદ્ધ થવાની તૈયારી છે એવી ખબર મળતાં તે યુદ્ધ જોવા મને ઉત્કંઠા થઇ તેથી હું અહીં આવ્યો છું. તે બન્ને મારા શિષ્ય છે. પણ અહીં યુદ્ધ કરવાકરતાં અહીંથી થોડે દૂર સ્યમંતપંચક નામનું

ક્ષેત્ર છે ત્યાં આ યુદ્ધ થાય તો બહુ સારૂં. કારણ કે ત્યાં જે મરે તેને સ્વર્ગની પ્રાપ્તિ થાયછે."

બલભદ્રનાં વચનનો સ્વીકાર કરી યુધિષ્ઠિર સઘળી સેના લઈ તે તરફ ચાલ્યા, દુર્યોધન પણ મોટી ગદા લઇ પાંડવોની સાથે ચાલ્યો. પાંડવોથી વીંટાયેલા અને મોટી ગદા લઇ ચાલ્યા આવતા દુર્યોધનને જોઇ સર્વ લોકો વિસ્મય પામવા લાગ્યા. સ્યમંતપંચકમાં આવી સઘળી સેના તથા બલભદ્ર પણ તે બન્નેનું ગદાયુદ્ધ જોવા બેસી ગયા. ભીમ અને દુર્યોધન પરસ્પર દુર્વચનો કહેવા લાગ્યા. "તેં સભામાં રજસ્વલા દ્રૌપદીને બહુ દુઃખ દીધાં હતાં, જુગારમાં શકુનિના હાથથી યુધિષ્ઠિરને ઠગ્યા હતા. વનવાસમાં અમોને મોટા દુઃખમાં નાખ્યા હતા, વિરાટના નગરમાં તારાં કર્ત્તવ્યથીજ અમારે બુરા હવાલોમાં રહેવું પડયું હતું; તારે વાસ્તેજ ભીષ્મ, દ્રોણ, કર્ણ, શલ્ય તથા શકુનિ વગેરે યોદ્ધાઓ માર્યા ગયા છે. છેવટ આજ હું તને પણ આ ગદાથી મારી નાખીશ."

"ભીમ! ઝાઝું બકવાથી શું વળે એમ છે? જો તારામાં તાકાત હોય તો યુદ્ધ કર, તારા જેવા ક્ષુદ્રની વાણીથી દુર્યોધન બીવાનો નથી, લાંબા દિવસની તારી સામે ગદાયુદ્ધ કરવાની જે મારી ઇચ્છા હતી તે આજ દૈવે પાર પાડી છે. તારી સઘળી મસ્તીને આજ હું નષ્ટ કરી નાખીશ."

ભીમ તથા દુર્યોધન આ પ્રમાણે સામસામે વચનો બોલી યુદ્ધ કરવા લાગ્યા. યુદ્ધ કરતાં કરતાં થાક ચડે ત્યારે જરા વાર ખમી રહેવા લાગ્યા, વળી પાછા યુદ્ધ કરવા લાગ્યા. બન્નેમાંથી કોણ જીતશે? એમ સઘળા યોદ્ધાઓને સંશય થવા લાગ્યો; ગદાયુદ્ધમાં બન્ને પરસ્પરની ચાતુરીથી વિસ્મય પામવા લાગ્યા, બન્ને એક બીજાનો લાગ જોવા લાગ્યા. પરસ્પર છેતરવા લાગ્યા અને યુદ્ધ કરવાના વિચિત્ર પ્રકારો દેખાડવા લાગ્યા, ડાબા જમણા મંડળમાં ફરવા લાગ્યા, બન્નેની ગદાઓના સામસામે પછડાવાથી મોટા શબ્દો થવા લાગ્યા, અને ધુમાડાસહિત અગ્નિની જવાળાઓ નિકળવા લાગી. ભીમે દુર્યોધનઉપર ગદા ફેંકતાં તે તેને છેતરીને ઠેકી ગયો અને ભીમની ગદા ધરતીપર પડી ગઈ. ગદા પડવાથી સઘળી રણભૂમિ ચલાયમાન થઇ ગઇ. દુર્યોધને દોડી ભીમની છાતીમાં પ્રહાર કર્યો તેથી તે બેભાનજેવો થઇ ગયો. યોદ્ધાઓ નિરાશ થવા લાગ્યા, કાંઇક શાંત થયા પછી ભીમે દોડી ગદા ફેરવી શત્રુના પડખામાં મારી તેથી તે ગોઠણભર પડી ગયો.

આ બન્નેનું ભયંકર ગદાયુદ્ધ ચાલતું હતું તે વખતે શ્રીકૃષ્ણ બોલ્યા કે "એ બન્નેને ગુરૂનો ઉપદેશ સરખો છે. ભીમ બળવત્તર છે. દુર્યોધન ચાલાક તથા વધારે કાળજીવાળો છે. ન્યાયમાર્ગથી યુદ્ધ કરતાં દુર્યોધન કદીપણ જીતાય એવો નથી. ઇંદ્રે પણ કપટથી જ વૃત્રાસુર તથા વિરોચનને જીતી લીધા હતા. જુગારના સમયમાં ગદાથી દુર્યોધનના સાથળ ભાંગી નાખવાની ભીમે પ્રતિજ્ઞા કરી છે. માટે તે પ્રતિજ્ઞા સફળ કરવા ભીમે તેના સાથળઉપર ઘા કરવો જોઇએ. જો તે પોતાના બળઉપર આધાર રાખી ન્યાયથી યુદ્ધ કર્યા કરશે તો યુધિષ્ઠિરની દુર્દશા થશે. તે મરણીયો થઇને લડે છે. શુક્રનીતિમાં લખ્યું છે કે, જેઓ જીવિતમાં નિરાશ થઇ સાહસમાં આવેલા હોય તેઓ ઇંદ્રથી પણ જીતી શકાતા નથી. 'અમારામાંથી એક જણને માર, તોપણ રાજ્ય તારૂં થશે' એમ બોલી યુધિષ્ઠિરે મોટો ખોપ ખોદ્યો છે. તે પ્રથમથી જ ખોપ ખોદતા આવ્યા છે."

આ પ્રમાણે શ્રીકૃષ્ણ અર્જુનની સાથે વાત કરતા હતા ત્યારે અર્જુને ભીમને ખાસ સૂચના આપવાસારૂ પોતાના ડાબા સાથળઉપર હાથ ઠોકયો. ભીમ તે સૂચના સમજી ગયો. ગદાયુદ્ધ કરતાં કરતાં બન્ને જણ થાકી ગયા હતા. જરાવાર વિશ્રામ લઇ ફરીવાર યુદ્ધ કરવા લાગ્યા. ભીમના પ્રહારમાંથી છટકી દુર્યોધને તેને એવી ગદા મારી કે ભીમ મૂર્છિત જેવો થઈ ગયો અને લોહીનો પ્રવાહ ચાલવા લાગ્યો. અત્યંત વ્યથિત થયા છતાં પણ પોતાના શરીરને ભીમે પડતું પડતું અટકાવી રાખ્યું. જરાવાર પછી આશ્વાસન મળતાં ભીમ મોટા વેગથી દુર્યોધનપર ગયો. ભીમના પ્રહારને વ્યર્થ કરવાની ઇચ્છાથી દુર્યોધન ઠેકયો કે તરતજ તેણે તેના સાથળઉપર ગદા મારી એટલે તેના બન્ને સાથળો ભાંગી પડવાથી દુર્યોધન ધરતીપર પડી ગયો. ભીમે તેની પાસે જઇ મશ્કરી કરતાં કરતાં પોતાનો ડાબો પગ તેના માથાપર મૂકયો, માથાંને ખૂબ કચર્યું, અને ઘણાં ઘણાં દુર્વચનો સંભળાવ્યાં.

ભીમના આ ક્રૂર કર્મથી સર્વે ક્ષત્રિયો મનમાં ખેદ પામવા લાગ્યા અને યુધિષ્ઠિરે કહ્યું કે "ભીમ! તેં યોગ્ય કે અયોગ્ય રીતિથી ગમેતેમ કરી પ્રતિજ્ઞા પૂર્ણ કરી વૈરનો છેડો આણ્યો છે, માટે હવે આવું નીચ કર્મ છોડી દે. તે અગિયાર અક્ષૌહિણીનો ધણી હતો. રાજા છે અને વળી ભાઈ છે માટે તેના ઉપર પગ મૂકવો એ ધર્મનું ઉલ્લંઘન છે. તેના બંધુઓ મરાઇ ગયા, કારભારીઓ કપાઇ ગયા, સૈન્ય નષ્ટ થઇ ગયું અને તેને પિંડદાન આપે એવું પણ કોઇ

રહ્યું નથી. વાસ્તે આપણે તેનો શોક કરવો યોગ્ય છે પણ તેની મશ્કરી કરવી યોગ્ય નથી.” યુધિષ્ઠિર આમ કહેતાં કહેતાં દુર્યોધનપાસે ગયા અને કહ્યું કે “બાપ! તારે ક્રોધ ન કરવો અને પોતાને વાસ્તે અપસોસ પણ ન કરવો. પ્રારબ્ધમાં લખાયેલા લેખ સહુને ભોગવવા પડેછે. આપણે ભાઇઓ છતાં તમો અમોને, અને અમો તમોને મારવા ઇચ્છતા હતા તેમાં દૈવની મરજીસિવાય બીજું શું કારણ કહી શકાય? તને લોભ, મદ, મૂર્ખતા અને નીચ લોકોની સોબતનું આ ફળ મળ્યું. મિત્રો, ભાઇઓ, પુત્રો, પૌત્રો તથા બીજાઓના પણ સંહાર કરાવી તું પણ અંતે મરણ પામેછે. અમોએ પણ તારા ભાઇઓ અને જ્ઞાતિઓને માર્યા તથા છેલ્લીવારે તને પણ માર્યો, એ સઘળું દૈવની ઇચ્છાવિના કેમ બને? તારૂં મરણ તો વખાણવાલાયક થાયછે. સઘળી અવસ્થામાં અપસોસ કરવાલાયક તો અમો જ રહ્યા છીએ. તું રાજ્યનું સુખ ભોગવી અંતે સ્વર્ગમાં જવાનો અધિકારી થયો તેથી અમો તને નસીબદાર ગણીએ છીએ.” આમ બોલતાં બોલતાં યુધિષ્ઠિર નિસાસા મૂકી વિલાપ કરવા લાગ્યા.

ભીમની દુષ્ટતા અને તેણે કરેલા અન્યાયને જોઇ ક્રોધ પામેલા બલભદ્ર સભામાં ઉભા થઇ હાથ ઉંચો કરી બોલ્યા કે “ગદાયુદ્ધમાં નાભિની નીચે પ્રહાર કરાય નહિ એવી શાસ્ત્રની મર્યાદા છે. પણ આ મૂઢ અને નીચ ભીમે તે મર્યાદાનું ઉલ્લંઘન કરી દુર્યોધનને પાડ્યો માટે તેને ધિક્કાર છે. પ્રતિષ્ઠિત માણસના નજરઆગળ કોઇ જણ અન્યાય કરે તો તે પ્રતિષ્ઠિત માણસનું અપમાન થાયછે. માટે તેણે આ એક જાતનું મારૂં અપમાન કર્યું છે.” એમ બોલી ક્રોધનો આવેશ નહિ રોકાતાં ઉલટો વધારે ક્રોધ કરી બલભદ્ર હળવતે ભીમને મારી નાખવાસારૂ દોડ્યા.

દોડતા બલભદ્રને બાથમાં પકડી શ્રીકૃષ્ણ બોલ્યા કે “પાંડવો આપણા સહજ મિત્ર છે. આપણા દાદા તે જ પાંડવોનો નાનો છે. અર્જુન આપણો બનેવી પણ થાયછે. પાંડવોની ચડતીથી આપણે રાજી થવું જોઇએ, દુર્યોધનના સાથળ ભાંગવાની ભીમે પ્રતિજ્ઞા જ કરી હતી અને પ્રતિજ્ઞાનું પાલન કરવું એ ક્ષત્રિયોનો ધર્મ છે તે આપ પણ જાણોછો.”

“તમે પાંડવોના પક્ષપાતથી ગમે તેમ કહો પણ ભીમે ધર્મનો ભંગ કર્યો છે તેમાં તો કોઇથી ના પાડી શકાય તેમ નથી. ધર્મનો ભંગ કરવા ઉપરથી જ મને ક્રોધ ચઢ્યો છે તે શાંત થતો નથી.”

"સર્વ લોકો આપને શાંત અને ધર્માત્મા જાણેછે માટે શાંતિ જ રાખો. હાલ કલિયુગનો આરંભ થઈ ચૂકયો છે માટે આટલું નાનુંસરખું પાપ થઈ ગયાથી બહુ ખેદ કરવો યોગ્ય નથી. પ્રતિજ્ઞા અને વૈરનું કરજ ઉતારવાવાસ્તે જ ભીમે એમ કર્યું છે."

"તમે આ વાત ધર્મના નહિ પણ ધર્મદાંડની કરોછો, તેથા મારૂં મન સંતુષ્ટ થતું નથી. મારે જાહેર રીતે બોલવું પડેછે કે, ભીમે આ મોટો અધર્મ કર્યો છે, અને તેથા તેની અપકીર્તિ થશે." આ પ્રમાણે બોલી રીસાઈ રથમાં બેસી બલભદ્ર દ્વારકાતરફ ચાલી નિકળ્યા.

પ્રકરણ ૮૩ મું.

દુર્યોધનપાસે અશ્વત્થામા.

બલભદ્ર રીસાઇ દ્વારકાતરફ ચાલી નિકળ્યાપછી યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણને કહ્યું કે “ભીમે રાજાના માથાપર પગ મૂક્યો તેમાં હું રાજી નથી. પરંતુ કૌરવોએ અમોને જે દુઃખ દીધાં હતાં અને તેથી ભીમના મનમાં જે દુઃખ હતું તેનો વિચાર કરી હું એ વાતની ઉપેક્ષા કરૂંછું. ગમે તેમ થયું પણ ભીમ રાજી થયો એ બહુ સારૂં થયું.”

ભીમના હાથથી દુર્યોધનને પડેલો જોઇ પાંડવો, પાંચાલો તથા સોમકો સિંહનાદ કરવા લાગ્યા. કેટલાએક દુંદુભિઓ બજાવવા લાગ્યા, કેટલાએક શંખનાદ કરવા લાગ્યા, કેટલાએક આયુધોને આમતેમ ફેરવવા લાગ્યા, કેટલાએક ધનુષોની દોરીના ટંકાર કરવા લાગ્યા અને કેટલાએક દુર્યોધનને દુર્વચનો સંભળાવવા લાગ્યા; એટલે શ્રીકૃષ્ણ મજાકથી કહેવા લાગ્યા કે “મરેલા શત્રુને દુર્વચનોથી ફરીવાર મારવો એ યોગ્ય નથી. લાકડાજેવા અચેતન દુર્યોધનને દુર્વચનો સંભળાવવાથી આપણને શો ફાયદો છે? સંબંધીઓ કહેતા છતાં અને પાંડવો માગણી કરતા છતાં જ્યારે દુર્યોધને તેમને ભાગ આપ્યો નહિ ત્યારથી જ તે મરી ગયો છે. ચાલો હવે આપણે જલદી રથમાં બેસો.”

શ્રીકૃષ્ણનાં તિરસ્કારભરેલાં વચનો સાંભળી ક્રોધથી વ્યાપ્ત થયેલો દુર્યોધન માંડમાંડ બેઠો થઇ બે હાથથી ધરતીને દબાવી, શ્રીકૃષ્ણસામે કરડી નજર કરી અને પ્રાણની અંતકારી વેદનાને કાંઇ પણ નહિ ગણકારી બોલ્યો કે "અરે કંસના દાસના છોકરા! આવા અધર્મ કરાવવાથી તને કેમ લાજ આવતી નથી? ભીમને મારા સાથળ તોડવાની યાદી આપવાસારૂ તેં ખાનગીમાં અર્જુનસાથે વાત કરી અને તેણે ભીમને સૂચના આપી એ શું સઘળું મારાથી અજાણ્યું છે? તેં ભીષ્મ, દ્રોણ, ભૂરિશ્રવા, અને કર્ણને પણ કપટથીજ કપાવ્યા એ બધું મારા જાણવામાં છે. જો પાંડવોએ અમારી સાથે દગાવગરનું યુદ્ધ કર્યું હોત તો તેઓનો કદીપણ જય થાત નહિ."

"તું તારાં પાપથી જ મરણની તૈયારીમાં પડયો છે. ભીષ્મ, દ્રોણ તથા કર્ણ વગેરે પણ તારાં પાપથીજ મરણને શરણ થયા છે. હું પોતે વિષ્ટિ કરવા આવ્યો હતો તે છતાં શકુનિની સલાહથી તેં કંઇ પણ કાનપર લીધું નહિ એ સઘળું યાદ કર. ભીમને ઝેર દેવું, પાંડવોને કુંતીસહિત લાખના ઘરમાં બાળી દેવાનો યત્ન કરવો, રજસ્વલા દ્રૌપદીને સભામાં બોલાવી તેના કેશ ખેંચાવા, જુગારમાં યુધિષ્ઠિરને અધર્મથી હરાવવા, વનમાં પણ જયદ્રથના હાથથી દ્રૌપદીનું હરણ કરાવવું અને ઘણા જણ મળી અભિમન્યુને મારવો એ સઘળી વાત યાદ કર. તને પરલોકમાં પણ તારાં કૃત્યોનું ફળ મળશે, એ પકકું યાદ રાખજે"

"મેં વિધિપૂર્વક વેદાધ્યયન અને પૃથ્વીનું ચક્રવર્તી રાજ્ય કર્યું છે, દુશ્મનોને ઘણા કાળસુધી રખડાવ્યા છે, જન્મ ધરી જે જે પુરૂષાર્થ કરવા જોઇએ તે સઘળા પરિપૂર્ણ કરવામાં મેં કશી કચાશ રાખી નથી, છેવટ આ યુદ્ધમાંપણ સામે પગલે ચાલી મરવા પડયો છું તે પણ સ્વર્ગની પ્રાપ્તિને આપનાર છે. મારાજેવો કોનો છેડો સુધર્યો છે? હું ઉત્તમોત્તમ ઘોડાઓપર બેસી ફર્યો છું, સઘળા રાજાઓને દાસની પેઠે ભોગવેલા છે અને ધર્મદાનો પણ ઘણાં કર્યાં છે. હું તો મારા બંધુઓ તથા મિત્રોની સાથે સ્વર્ગમાં જાઉછું અને તું તથા પાંડવો તો હવે જીવતાંસુધી શોક જ કર્યાં કરશો."

દુર્યોધનને રણભૂમિમાં પાડી તેના બોલવાઉપર કશું ધ્યાન નહિ આપતાં શ્રીકૃષ્ણ, સાત્યકિ તથા પાંડવો કૌરવોના ઉતારામાં આવ્યા અને બાકીનું સઘળું સૈન્ય પાંડવોના ઉતારામાં ગયું. કૌરવોના ઉતારાનો દેખાવ માણસો વીંખાઇ ગયાપછી નાટકશાળાના દેખાવસરખો જણાતો હતો. ત્યાં જઇ પાંડવોએ તેના ખજાનાઓ, રત્નો, મોતીઓ, આભૂષણો, વસ્ત્રો, દાસીઓ, દાસો

તથા બીજી પણ ઘણી ઘણી વસ્તુઓ હસ્તગત કરી ઉતારામાં નહિ રહેતાં ઓઘવતી નદીને કિનારે તે રાત્રિ વ્યતીત કરવાનો નિશ્ચય કર્યો. શ્રીકૃષ્ણ દેશકાળને અનુસરી યોગ્ય વચનોથી ગાંધારીને શાંત કરવા યુધિષ્ઠિરની સલાહથી હસ્તિનાપુરતરફ રવાના થયા. પતિવ્રતા ગાંધારી શાપ દઇ આપણ સર્વને ભસ્મ કરી નાખશે એવો ભય પાંડવોને રહ્યા જ કરતો હતો તેથી શાપ આપ્યા પહેલાં જ ગાંધારીને શાંત કરવાના ઇરાદાથી સમગ વિચારી શ્રીકૃષ્ણને હસ્તિનાપુર મોકલવામાં આવ્યા.

શ્રીકૃષ્ણ હસ્તિનાપુર જઇ ધૃતરાષ્ટ્ર તથા ગાંધારીને શાંત કરી ઓઘવતી નદીને કિનારે પાછા પાંડવોપાસે પધાર્યા.

પાંડવો તથા શ્રીકૃષ્ણ ઓઘવતી નદીને કિનારે ગયા પછી અશ્વત્થામા, કૃપાચાર્ય તથા કૃતવર્મા, જેઓને "ભીમની ગદાથી સાથળો ભાંગી જવાને લીધે દુર્યોધન રણભૂમિમાં પડ્યો છે" એ ખબર જાસુસના મોહોડાથી પ્રથમથી જ મળ્યા હતા, તેઓ રથમાં બેસી દુર્યોધનપાસે આવ્યા. ત્યાં આવી ધરતીપર તરફડતા, લોહીથી ખરડાયેલા, પડખાંઓને આમતેમ ફેરવતા, રણભૂમિની રજથી રજોટાયેલા, માંસભક્ષક પ્રાણીઓથી વીંટાયેલા અને ક્રોધને લીધે જેની ભમરો લલાટમાં ચડી ગઇ હતી એવા દુર્યોધનને ગદાથી ઘવાયેલો એ ત્રણે જણાએ દીઠો.

"અરે ! તમે રાજાધિરાજ થઇ આજ નિર્જન વનમાં ધરતીપર સુતા છો અને દુઃશાસન તથા કર્ણવગેરે કોઇ પણ મહારથિઓ જોવામાં આવતા નથી, તેથી મારી છાતી ફાટી જાયછે. અરે ! આ શું થયું ? કાળની ગતિ કોઇના જાણવામાં આવતી નથી. તમારૂં છત્ર, ચામર અને મોટી સેના ક્યાં ગયાં ? તમારી આ દશા જોઈ નિશ્ચય થાયછે કે, મનુષ્યની લક્ષ્મી ચંચળ છે. હજારો રાજાઓ જેની સેવામાં તત્પર રહેતા હતા તે દુર્યોધન આજ અનાથની પેઠે રણભૂમિમાં આળોટેછે ! અરે ! તેના મોહોડાપર રજ તથા તણખલાં પડેછે ! કાળની ગતિ અલંઘ્ય છે !" આ પ્રમાણે અને તેથી વિશેષ અશ્વત્થામા તથા કૃપાચાર્ય અને કૃતવર્મા પણ નિસાસા મૂકી મૂકી શોક કરવા લાગ્યા અને દુર્યોધનને ઘેરી બેઠા.

"સર્વ માણુસોને અનુક્રમથી ચડતી પડતી આવવાનો જે ક્રમ વિધાતાએ નિર્માણ કર્યો છે તે આજ મને પ્રાપ્ત થયો છે. હું સઘળી પૃથ્વીનું પાલન કરી આજ આ સ્થિતિમાં પડ્યો છું; પણ એ સારૂં થયું છે કે, મેં લડાઈમાં પાછી

પાની દીધી નથી. દુશ્મનોએ મને કપટથી માર્યો છે. મારા સઘળા બાંધવો મરણ પામ્યા પછી હું જીવતો રહેવાનો હોત તો તે પણ સારૂં નહોતું. હું તમોને જીવતા દેખું છું એ સારૂં થયું. તમો મારા સ્નેહને લીધે પરિતાપ કરશો નહિ. મને સ્વર્ગલોકની પ્રાપ્તિ થશે. મેં ક્ષત્રિયધર્મ અને તમે મિત્રધર્મ પાળવામાં કશી ચૂક કરી નથી. દૈવની ગતિ અલંઘ્ય છે, માટે શો ઉપાય ?" આ પ્રમાણે બોલી રોતો અને બન્ને હાથોવતે આંખોને લુંછતો દુર્યોધન ચુપ થયો.

દુર્યોધન બોલતો બંધ થયાપછી ક્રોધથી વ્યાપ્ત થયેલો અશ્વત્થામા વિહ્વળ થઇ બોલ્યો કે "રાજા ! નીચ લોકોએ મારા પિતાનાં પ્રાણ લીધાં તેથી જેવો હું ગભરાઇ ગયો નહોતો તેવો આજ તમને જોઇ ગભરાઇ જાઉંછું. હવે હું સત્ય, દાન, ધર્મ અને સઘળા પુણ્યના શપથ લઇ બોલુંછું કે, ગમે તે ઉપાયથી પણ આજ સઘળા પાંચાલોને યમપુરીમાં મોકલીશ. આપ મને એ કામમાં અનુમતિ આપો."

અશ્વત્થામાનાં પ્રિય વચન સાંભળી રાજી થઇ દુર્યોધને કૃપાચાર્યને કહ્યું કે "બ્રાહ્મણને યુદ્ધ કરવાનો અધિકાર રાજાની આજ્ઞાથી પ્રાપ્ત થાયછે. માટે કલશમાં જલ ભરી આજ મારી આજ્ઞાથી અશ્વત્થામાનો સેનાપતિપણામાં અભિષેક કરો."

દુર્યોધનની આજ્ઞા મુજબ કૃપાચાર્યે અશ્વત્થામાનો અભિષેક કર્યો અને પછી તે ત્રણે જણાઓ દુર્યોધનનું આલિંગન કરી દક્ષિણતરફ ચાલી કૌરવોના ઉતારાપાસે આવ્યા.

પ્રકરણ ૮૪ મું.

સુતેલા શત્રુઓ અને અશ્વત્થામા.

દુર્યોધનને વચન આપી અશ્વત્થામા, કૃપાચાર્ય અને કૃતવર્મા કૌરવોના ઉતારાતરફ તો આવ્યા, પણ ત્યાં ઓઘવતી નદીને કિનારે પાંડવોના શબ્દ સાંભળી તેઓ ત્યાંથી નાઠા. ભાગતાં ભાગતાં થોડેક દૂર એક વનમાં આવી પહોંચ્યા. ત્યાં જરાવાર વિશ્રામ લઇ ઘોડાઓને પાણી પાઇ આગળ ચાલવા માંડ્યું. અનેક જલાશયો, પશુઓ અને વૃક્ષોની ઝાડીવાળા તે વનના દૂર પ્રદેશમાં એક મોટો વડ તેઓના જોવામાં આવ્યો; એટલે રથોમાંથી ઉતરી ઘોડાઓને છોડી સંધ્યાવંદન કરી તે રાત્રિ તેઓએ તે વડનીચે જ ગાળવા નિશ્ચય કર્યો. અહો, નક્ષત્રો તથા તારાઓથી શોભી રહેલું આકાશ રત્નમય દેખાવા લાગ્યું. દિવસે ફરનારાં સઘળાં પ્રાણીઓ સુઇ ગયાં અને રાત્રિએ ફરનારાં પ્રાણીઓ ફરવા લાગ્યાં. તેઓ ત્રણે જણ તે વડનીચે બેસી બની ગયેલી લડાઇની વાતો યાદ કરીકરી અપસોસ કરવા લાગ્યા. વાતો કરતાં કરતાં નિદ્રાથી ઘેરાઈ જવાને લીધે કૃપાચાર્ય તથા કૃતવર્મા ધરતીપર સુઇ રહ્યા. પણ અશ્વત્થામા નિદ્રા નહિ આવતાં ચારે કોર તે વડમાં કાગડાના માળાઓને જોયા કરતો હતો. હજારો કાગડાઓ જૂદા જૂદા માળામાં નિદ્રા લેતા હતા. તેઓ

નિશ્ચિંત થઇ સુતા હતા તેટલામાં ભયંકર રૂપ, મોટી કાયા, મોટા અવાજ, લાંબા નોર, લાંબું નાક અને વિચિત્ર વર્ણવાળો એક ઘુવડ ત્યાં આવતો અશ્વત્થામાના જોવામાં આવ્યો. ઘુવડે ત્યાં આવી છુપાતાં છુપાતાં વડની ડાળ ઉપર ચડી ઝડપ કરી ઘણા સુતેલા કાગડાઓને મારવા માંડયા. કેટલાએકનાં માથાં, કેટલાએકના પગ તથા કેટલાએકની પાંખો કાપી નાખવા માંડી. જે જે કાગડો તેની નજરે પડયો તે માર્યો જ ગયો. તેઓના ટુકડાથી તે વડનું સઘળું મંડળ વ્યાપ્ત થઈ ગયું. તે ઘુવડ દુશ્મનોને પોતાની મરજીમુજબ મારી મનમાં રાજી થતો હોય એમ અશ્વત્થામાના જોવામાં આવ્યો.

રાત્રિમાં ઘુવડે કરેલાં કપટભરેલાં કામો જોઇ અશ્વત્થામા એકાએક વિચાર કરવા લાગ્યો કે "આ પક્ષિએ મને એક જાતના શત્રુઓને મારવાની યાદી આપી છે. જય પામેલા પ્રબળ પાંડવોને હું નિષ્કપટ યુદ્ધથી મારી શકું એમ નથી. દુર્યોધનની પાસે તેઓને મારવાની મેં પ્રતિજ્ઞા કરી છે: હું જો તેઓના સાથે યુદ્ધ કરીશ તો મારે મરવું પડશે, પણ જો કપટ કરીશ તો શત્રુઓનો મોટો ક્ષય થશે અને ધારેલું કામ પાર પડશે. સંશયભરેલા કામમાં પડવાકરતાં સંશયવગરના કામમાં પડવું એ વધારે સારૂં છે. વિદ્વાન લોકો પણ એજ મતને સ્વીકારે છે. જે લોકનિંદિત હોય તે કામ પણ ક્ષત્રિયધર્મમાં રહેલા માણસને કરવું પડે છે. પાંડવોએ પણ પગલે પગલે નિંદિત કામો જ કર્યાં છે. ન્યાયવેત્તા પુરૂષો કહે છે કે, થાકી ગયેલ, વીંખાઇ ગયેલ, જમતાં, કૂચ કરતાં, સેનાપતિવગરનાં, કુસંપવાળાં, એ વિભાગમાં ગોઠવાઇ ગયેલ અને અર્ધરાત્રિએ ઉંઘી ગયેલ શત્રુના સૈન્યપર પ્રહાર કરવાથી જ વિજય મળે છે; માટે મારે તો શત્રુઓને ઉંઘતા જ મારવા એ નિશ્ચય છે."

સુતેલા શત્રુઓના સંહાર કરવા નિશ્ચય કરી અશ્વત્થામાએ કૃપાચાર્ય તથા કૃતવર્માને જગાડયા અને રોઈ પડી કહ્યું કે "જેને માટે આપણે યુદ્ધ કરતા હતા તે દુર્યોધનને ભીમે અન્યાયથી માર્યો એટલું જ નહિ પણ તેના માથાપર પગ મુક્યો એ મારા મનમાં મોટો ખેદ થાય છે. જો તમારી બુદ્ધિ મોહથી જતી રહી ન હોય તો આ બગડી ગયેલી બાજીમાં આપણું કલ્યાણ કેમ થાય તે કહો. તમે કહેશો કે "જે પુરૂષાર્થ કરવો તે વૃદ્ધ લોકોને પુછીને જ કરવો. જે માણસ અયોગ્ય રસ્તો પકડી પુરૂષાર્થ કરે છે તે વૃદ્ધ લોકોના સલાહથી ઉલટો ચાલનાર પુરૂષ દુર્યોધનની દશામાં આવી પડે છે."

પણ હું તો ધારૂંછું કે, પ્રત્યેક માણસને પોતાના વિચાર સારા લાગે એ સ્વાભાવિક છે. જો આરંભેલ કામમાં ફત્તેહ મળે તો બીજા લોકો આરંભનારની બુદ્ધિનાં વખાણ કરેછે અને ફત્તેહ ન મળે તો તેઓ તેની નિંદા કરેછે. માણસની બુદ્ધિ અવસ્થાને લઇને જૂદી જૂદી થાયછે. આવી પડેલ વિપત્તિને લીધે મને પણ જે વિચાર વળગી રહ્યો છે તે જાહેર કરૂંછું કે, દિવ્ય ધનુષ અને અસ્ત્રોને ધારણ કરનાર હું જીવતાં છતાં મારા પિતાને શત્રુઓએ લડાઈમાં પાડ્યા તો હવે મારાથી સભામાં મોઢું કેમ દેખાડી શકાય ? માટે હું તો હવે મારી મરજીમુજબ ક્ષત્રિયધર્મનો ઉપયોગ કરી મારા પિતા તથા દુર્યોધનનું વેર વાળીશ. આજ પાંચાલો પોતાનો વિજય માની રાજી થઈ આયુધોને છોડી દઇ બખ્તરોને ઉતારી થાક્યાપાક્યા નિર્ભય સુઇ રહ્યા હશે; માટે જો આ સમય તેઓના ઉતારામાં પેસી તેઓની કતલ કરી નાખું તોજ મને શાંતિ વળે."

"અશ્વત્થામા! તું ક્રોધના આવેશમાં આવ્યો છે માટે માનીશ તો નહિ; પણ મારી ફરજ સમજી હું કહુંછું કે, સુતેલાનો વધ કરવો એ ધર્મવિરૂદ્ધ છે, અને તેમ કરવાથી કીર્તિને મોટું કલંક લાગેછે; એટલુંજ નહિ પણ તે નરકમાં પડવાનું કારણ થાયછે. આજ દિવસસૂધી તને નહિ લાગેલો દાગ આજ હાથે કરી તારે વ્હોરી લેવો ન જોઇએ. આવતી કાલે પ્રભાતમાં જાહેર રીતે સઘળા શત્રુઓને મારીશ તો તેમાં તારો મોટો ઉત્કર્ષ છે. અમો પણ તારી સાથે રહી શત્રુઓને મારીશું; માટે આજની રાત તો વિશ્રામ લે અને સૂઈ રહે."

"મામા કૃપાચાર્ય! આતુર, ક્રોધથી ઘેરાએલ, ધનનું ચિંતન કરનાર અને કામદેવથી પીડાએલને નિદ્રા કેમજ આવે? પાંચાલ લોકો અર્જુન અને કૃષ્ણના રક્ષણતળે રહ્યા હોય તો ઇંદ્ર પણ તેઓને જીતી શકે તેમ નથી; માટે આજ મેં તેઓની ગફલતનો લાભ લેવા નિશ્ચય કર્યો છે. તમે સત્ય કહોછો, પણ ભીષ્મ, મારા પિતા, ભૂરિશ્રવા, કર્ણ અને દુર્યોધનને મારવામાં પાંચાલો તથા પાંડવોને કયો ધર્મ આડે આવ્યો? અધર્મી લોકો અધર્મથી મારવા યોગ્ય છે." આ પ્રમાણે બોલતાં બોલતાં એકાએક ઉઠી અશ્વત્થામાએ પોતાનો રથ જોડાવ્યો.

"તું કયા ઉદ્દેશથી રથ જોડાવેછે? આપણે ત્રણે જણ એક સાથમાં છીએ; માટે અમારાપર તારે અવિશ્વાસ રાખવો નહિ જોઇએ. અમને તારે સુખે સુખ અને તારે દુઃખે દુઃખ છે."

"હજારો યોદ્ધાઓને કાપી નાખી નીચ ધૃષ્ટદ્યુમ્નને મારી નાખવાની મારી ઇચ્છા છે." એમ બોલી રથમાં બેસી અશ્વત્થામાએ તો ચાલવા માંડ્યું. કૃપાચાર્ય તથા કૃતવર્મા પણ રથમાં બેસી તેની પાછળ ચાલ્યા.

શ્રીકૃષ્ણ, સાત્યકિ તથા પાંડવો એ સાત જણ કૌરવોના ઉતારામાં ગયા પછી પાંડવોના ઉતારામાં ધૃષ્ટદ્યુમ્ન, દ્રૌપદીના પાંચ પુત્રો, શિખંડી, ઉત્તમૌજા, યુધામન્યુ અને બીજા રાજાઓ તથા બાકી રહેલ સૈન્ય પણ આયુધો ઉતારી સુખેથી નિદ્રામાં પડ્યું હતું. ત્યાં અશ્વત્થામા આવી પહોંચ્યો. બારણા આગળ આવી તેણે કૃપાચાર્ય તથા કૃતવર્માને કહ્યું કે "હું અંદર પ્રવેશ કરી કતલ ચલાવુંછું, તમે દ્વારમાંજ ઉભા રહેજો. જો કોઈ મારા સપાટામાંથી બચી, ભાગી, અહીંથી બહાર નિકળે તેને તમારે ઠાર કરવો કે કોઇપણ જણ જીવતો જાય નહિ."

સઘળા યોદ્ધાઓ સુઈ રહ્યા હતા અને ધૃષ્ટદ્યુમ્ન સુગંધોથી ભરપૂર અતિ સુંદર બિછાનામાં સુતો હતો ત્યાં તેને અશ્વત્થામાએ એકાએક પાટુ મારી. અશ્વત્થામા આવ્યો છે એમ તુરત ચેતી જવાથી તે બિછાનામાંથી ઉભો થવા જતો હતો તેટલામાં તેણે તેનો ચોટલો પકડી જોરથી ધરતીપર પછાડ્યો. અચાનક ભય અને નિદ્રાને લીધે ધૃષ્ટદ્યુમ્ન કશી પણ હિલચાલ કરી શક્યો નહિ. અશ્વત્થામા તેને તેના ગળા તથા છાતીપર પગ દઈ મારવા માંડ્યો એટલે બચવાને બનતું પરાક્રમ કરતો ધૃષ્ટદ્યુમ્ન અસ્ફુટ રીતે બોલ્યો કે "અશ્વત્થામા ! તું આ પ્રમાણે નહિ પણ હથિયારથી મારો જીવ લે, કે મને સારા લોકની પ્રાપ્તિ થાય."

ધૃષ્ટદ્યુમ્નના બોલવાના અભિપ્રાયને મુસ્કેલીથી સમજી અશ્વત્થામા બોલ્યો કે "દુર્મતિ ! કુળને અભડાવનારા! ગુરૂની હત્યા કરનારા! તને સારા લોકની પ્રાપ્તિ આપવી યોગ્ય નથી, માટે જ હું તને હથિયારથી મારતો નથી." એમ બોલતાં બોલતાં તેણે પોતાના પગની પાનીના પ્રહારથી તેનાં મર્મસ્થલોને કચરી નાખ્યાં.

આ ધમાધમી ચાલતી હતી તે વખતે ધૃષ્ટદ્યુમ્નના રક્ષકો તથા તેની સ્ત્રીઓ સૌ જાગી ગયાં. પણ ભૂતનો ઉપદ્રવ જાણી કાંઇ કશું બોલી શક્યું નહિ.

ધૃષ્ટદ્યુમ્નને મારી અશ્વત્થામા બીજા આવાસમાં ગયો, એટલે ધૃષ્ટદ્યુમ્નની જાગી ઉઠેલી સ્ત્રીઓ તથા રક્ષકો કોલાહલ કરવા લાગ્યાં. તે કોલાહલથી બીજા જાગી ઉઠી લડાઈ કરવા તૈયાર થયા. એ રાક્ષસ છે કે મનુષ્ય છે તેની

પણ ઓળખાણ નહિ પડવા છતાં જેઓ વીરપણાથી તેની સામા થયા તેઓને તેણે રૂદ્રાસ્ત્રથી મારી નાખ્યા. ઉત્તમૌજાને પણ ધૃષ્ટદ્યુમ્નની પેઠેજ મારી નાખ્યો. ઉત્તમૌજાને રાક્ષસે મારેલો જોઇ યુધામન્યુએ તેનાપર ગદાનો ઘા કર્યો. તેણે તેને પણ દોડી પકડી પછાડી તેવીજ રીતે મારી નાખ્યો. ત્રણ મુખ્ય યોદ્ધાઓને મારી તેણે દરેક ઉતારામાં ફરી ફરી તરવારવડે સુતેલા અને આયુધોવગરના યોદ્ધાઓને મારી નાખ્યા. દ્રૌપદીના પાંચ પુત્રો, શિખંડી તથા બીજા પણ અનેક રાજાઓને મારી તેણે હાથીઓ તથા ઘોડાઓની પણ કતલ કરવા માંડી. લોહીથી નાહી રહેલો અશ્વત્થામા રાક્ષસજેવો જણાવા લાગ્યો. બહુ કતલ ચાલવાથી છુટેલા હાથીઓ અને ઘોડાઓ પણ કેટલાકને કચરવા લાગ્યા. કેટલાએક યોદ્ધાઓ ભાગવા, કેટલાએક કંપવા અને કેટલાએક છુપાવા લાગ્યા તથા કેટલાએક તો જાણે વાતરોગથી ઝલાઇ ગયા હોય તેમ ઉભા રહ્યા. તેણે કોઇને પણ જીવતા છોડ્યા નહિ. નિદ્રા અને ભયથી વ્યાકુળ થએલા કેટલાએક યોદ્ધાઓને પોતાનાં શસ્ત્રો કે વસ્ત્રોની પણ ખબર રહી નહિ. કેટલાએકનાં વિષ્ટામૂત્ર નિકળી પડવા લાગ્યાં અને કેટલાએક બોલવા લાગ્યા કે "જો આ વખત અર્જુન અહીં હાજર હોત તો આ રાક્ષસ આ પ્રમાણે કતલ ચલાવી શકત નહિ." હાથીઓ ઘોડાઓ તથા માણસોની દોડાદોડથી અત્યંત ધુળ ઉડવા લાગી અને બમણો અંધકાર થઇ રહ્યો. કેટલાએક તો પરસ્પરને મારવા લાગ્યા. અશ્વત્થામાના સપાટામાંથી છટકી જેઓ દ્વારમાંથી નિકળી ભાગવા લાગ્યા તેઓને દ્વારમાં ઉભેલા કૃપાચાર્ય તથા કૃતવર્મા ઠાર કરવા લાગ્યા. બચાવમાટે હાથ જોડનારાઓને પણ તે નીચ લોકોએ છોડ્યા નહિ. અધુરામાં પૂરૂં અશ્વત્થામાને રાજી કરવા તે બે નીચ કૃપાચાર્ય તથા કૃતવર્માએ તે ઉતારાની ત્રણે બાજુ અગ્નિ સળગાવી મૂક્યો. અગ્નિની જ્વાળાઓથી પ્રકાશ થઇ રહેતાં અજાણથી બચી ગયેલ યોદ્ધાઓને પણ કાપી નાખવા તેને સવળ પડ્યું. લોકોને કાપી નાખવાથી અશ્વત્થામાના હાથમાં તરવારની મૂઠ જાણે એક થઇ ગઇ હોય તેમ ચોટી રહી, જેથી તે પોતાની મૂઠી ઉઘાડવાને પણ અશક્ત થયો.

સુઇ જવાથી ધાંધાટવગરના જેવા શાંત ઉતારામાં અશ્વત્થામા પેઠો હતો તેવા જ સઘળા લોકો મરી જવાથી શાંત ઉતારામાંથી તે મોહોટે પરોડીએ બહાર નિકળ્યો. અશ્વત્થામાના સપાટામાંથી કૃતવર્માની ગફલતને લીધે ધૃષ્ટદ્યુમ્નના એક સારથિસિવાય બીજો કોઇ પણ ત્યાંથી નિકળી જવાને શક્તિમાન થયો નહોતો.

અશ્વત્થામા, કૃપાચાર્ય તથા કૃતવર્મા એ ત્રણે ભેગા થઈ પોતે કરેલાં કામોની હકીકત પરસ્પર કહી સંભળાવી, સિંહનાદ કરી, રાજી થઇ, હાથતાળી દઈ અને આલિંગન કરી દુર્યોધન જીવતો હોય તો તેને તે બાબતના ખબર દેવાનો નિશ્ચય કરી, રથમાં બેસી, જ્યાં તે પડયો હતો ત્યાં આવી પહોંચ્યા. દુર્યોધનને જીવતો જોઇ રથમાંથી ઉતરી તેઓ ત્રણે ત્યાં આવી જુએછે, તો લોહીની ઉલટી કરતો, તરફડતો; નાહરો, કૂતરાંઓ તથા શિયાળીયાંઓથી વીંટાએલો અને ફાડી ખાવા આવતાં પશુઓને બન્ને હાથથી દૂર કરતો દુર્યોધન તેમના જોવામાં આવ્યો. દુર્યોધનની એ દુઃખદાયક દશાતરફ દૃષ્ટિ કરી પૂર્વની તેની સ્થિતિ સંભારી તેઓ રોઇ પડ્યા અને કહેવા લાગ્યા કે "જેણે આપણને સઘળી વસ્તુઓ પૂરી પાડી છે, જેની કૃપાથી આપણને તથા આપણા નોકરોને પણ રત્નમય ઘરો અને ઉત્તમ ઉત્તમ વાહનો મળ્યાં છે અને જેના દૃષ્ટિપ્રસાદથી આપણે અનેક યજ્ઞાદિ ધર્મક્રિયાયો કરી છે; તે દુર્યોધનની સાથે આજ આપણે જઇ શકતા નથી માટે આપણને ધિક્કાર છે."

આ પ્રમાણે તેઓ વિલાપ કરતા હતા તેવામાં અશ્વત્થામાએ દુર્યોધનને કહ્યું કે "રાજા! તું જીવેછે તેટલામાં અમારા મોહોડાથી એક વધામણી સાંભળ. પાંડવોના પક્ષમાં પાંડવો, શ્રીકૃષ્ણ તથા સાત્યકિ એ સાત જણાજ અને આપણા પક્ષમાં અમો ત્રણ જણ અવશેષ રહ્યા છીએ. દ્રૌપદીના સઘળા પુત્રો, ધૃષ્ટદ્યુમ્નવગેરે પાંચાલો, પ્રભદ્રક તથા મત્સ્ય લોકોને અમોએ આ રાત્રિમાં સુતા મારી નાખ્યા છે. મારા પિતા તથા સ્વર્ગમાં બીજા કર્ણ વગેરે યોદ્ધાઓને કહેજો કે, અશ્વત્થામાએ ધૃષ્ટદ્યુમ્નને પશુના જેવા હવાલ કરી મારી નાખ્યો છે તથા બીજા પણ પાંચાલ વગેરે લોકોને કાપી નાખ્યા છે." આમ બોલતાં બોલતાં અશ્વત્થામાએ દુર્યોધનના મોહોડામાંથી નિકળતા લોહીને લુછવા માંડયું.

અશ્વત્થામાના મોહોડામાંથી નિકળેલા પ્રિય શબ્દો સાંભળવાથી અને લોહી લુછાવાથી જરા ચેતનમાં આવી, રાજી થઇ, દુર્યોધન બોલ્યો કે "ભીષ્મે, દ્રોણે કે કર્ણે પણ ન કરેલું કામ આજ તમોએ કર્યું છે. નીચ ધૃષ્ટદ્યુમ્ન તથા શિખંડીને તમોએ માર્યા તેથી હું મારા આત્માને આજ ઇંદ્રસમાન ગણુંછું. તમારૂં ભલું થાઓ. હવે તો આપણે ફરીવાર સ્વર્ગમાં મળશું."

આમ બોલતાં બોલતાં દુર્યોધન ચુપ થયો કે તેની સાથે તેનાં પ્રાણ પણ પ્રયાણ કરી ચાલી નિકળ્યાં.

પ્રકરણ ૮૫ મું.

અશ્વત્થામાને શાપ.

દુર્યોધન મરણ પામતાં ઘણો ઘણો વિલાપ કરી રથમાં બેસી અશ્વત્થામા, કૃપાચાર્ય તથા કૃતવર્મા હસ્તિનાપુરતરફ ચાલ્યા. તેઓએ કરેલી કતલના હસ્તિનાપુરમાં રહેલા ધૃતરાષ્ટ્ર તથા ઓઘવતી નદીને કિનારે રહેલા પાંડવોને રાત્રિના ત્રણ પ્રહરસુધી ખબર મળ્યા નહોતા.

કતલમાંથી નાસી ગએલ ધૃષ્ટદ્યુમ્નના સારથિએ પ્રભાતની પહેલાં ઓઘવતી નદીને કિનારે જઈ યુધિષ્ઠિરને અશ્વત્થામાએ કરેલી સઘળી કતલનો વિગતવાર હેવાલ કહી સંભળાવ્યો. સારથિના મોહોડાથી અત્યંત અપ્રિય વચન સાંભળી પુત્રો તથા સંબંધીઓના શોકથી ઘેરાએલા અને મૂર્છિત થઇ ધરતીપર પડી જતા યુધિષ્ઠિરને ભીમ વગેરેએ પકડી રાખ્યા. સંજ્ઞા પ્રાપ્ત થતાં તેણે બહુ વિલાપ કરવા માંડ્યો કે ''શત્રુઓ હાર્યા છતાં જીત્યા અને અમો જીત્યા છતાં હાર્યા. અમારો વિજય પરાજયજેવો જ થયો. ભીષ્મ, દ્રોણ, કર્ણ અને શલ્ય વગેરેના સપાટામાંથી બચેલા આજ અમારી ગફલતને લીધે કપાઇ ગયા. આ જગત્માં ગફલત જેવું બીજું કંઇ પણ ખરાબી કરનારૂં નથી. ગાફલ માણસને અર્થો છોડી દેછે અને અનર્થો પ્રાપ્ત થાયછે. જેમ વેપારીઓ મહાસમુદ્ર તરી

નદીમાં ડુબી જાય, તેમ અમો મહાસંગ્રામમાં જય મેળવી ગફલતથી સાધારણ વાતમાં ડુબી ગયા. ભાઇઓ, દીકરાઓ અને પિતાના મરણથી દ્રૌપદીનું શોકાતુર મોહોડું હું શી રીતે જોઇ શકીશ? અરે નકુલ! હતભાગ્ય દ્રૌપદીને મારી પાસે બોલાવ."

અશ્વત્થામા, કૃતવર્મા તથા કૃપાચાર્ય, મોટી કારી કતલ કરી હસ્તિનાપુરતરફ આવતાં રસ્તામાં જનાનાને સાથે લઇ ગંગાજી તરફ આવતા ધૃતરાષ્ટ્રને મળી કતલ સંબંધી સઘળી હકીકત કહી સંભળાવ્યા પછી તે ત્રણે જણ પોતાના રથોને પાછા વાળી જૂદે જૂદે રસ્તે રવાના થયા. કૃપાચાર્ય હસ્તિનાપુરમાં, કૃતવર્મા દ્વારકામાં અને અશ્વત્થામા ગંગાજીને કિનારે વ્યાસના આશ્રમમાં આવ્યો.

યુધિષ્ઠિરની આજ્ઞાનુસાર નકુલે ઉપપ્લવ્યમાં જઇ દ્રૌપદીને તેના સઘળા ભાઇઓ તથા પુત્રોની કતલ થયાના ખબર આપ્યા. માઠા ખબરથી રડારડ કરતાં દ્રૌપદીની સાંત્વના કરી નકુલ તેમને યુધિષ્ઠિરની પાસે બોલાવી લાવ્યો. જેમ કેળ પવનથી ધ્રુજે, તેમ શોકથી ધ્રુજતાં દ્રૌપદી યુધિષ્ઠિરની પાસે આવી ધરતીપર પડી ગયાં. તેનું મુખ રાહુથી ઘેરાયેલા ચંદ્રજેવું દેખાવા લાગ્યું. ભીમે ઉઠી દ્રૌપદીને બેઠાં કરતાં તેણે રોતાં રોતાં રાજાને કહ્યું કે "તમે સઘળા પુત્રોને યમના હાથમાં સોંપી રાજ્ય કરશો એ તમારો મોટો ઉત્કર્ષ થયો! તમે કુશળ રહ્યા અને રાજ્ય માળ્યું તેથી હવે અભિમન્યુને તો સંભારશો પણ નહિ. પાપી અશ્વત્થામાના હાથથી સુતેલાઓનો વધ થયાના ખબર સાંભળી મારૂં કાળજું કોરાઇ જાયછે અને સળગી ઉઠેછે. જો તે નીચને તેના કૃત્યનું ફળ નહિ મળે તો, હું ઉપવાસ કરી મરી જઇશ. તેના માથામાં જન્મની સાથે રહેલો મણિ તમે અહીં લાવીને મને બતાવો તોજ હું જીવતી રહીશ. એ મણિ તમારા શિરપેચમાં બંધાય એ મારી અભિલાષા છે." આ પ્રમાણે યુધિષ્ઠિરને કહેતાં કહેતાં દ્રૌપદીએ ભીમતરફ નજર કરી કહ્યું કે "ભીમસેન! જ્યારે જ્યારે મોટાં મોટાં કષ્ટો પડ્યાં છે, ત્યારે ત્યારે તમે જ મારી રક્ષા કરી છે. હમણાં પણ અશ્વત્થામાને મારી મને જીવતી રાખો. વિરાટના નગરમાં જેમ કીચકને માર્યો હતો, તેમ આ વખતે અશ્વત્થામાને મારો."

દ્રૌપદીનાં વચન સાંભળી, સજ્જ થઇ, આયુધો ધરી, નકુલને સારથિ કરી, રથમાં બેસી, અશ્વત્થામાના રથનો સગડ લઇ, ભીમ વેગથી ચાલ્યો.

ભીમ ઉતારામાંથી બહાર નિકળતાં શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને કહ્યું કે "આ

તમારો ભાઈ ભીમ અશ્વત્થામાને મારવા સારૂ એકલોજ જાયછે પણ અશ્વત્થામા સઘળી પૃથ્વીનો દાહ કરે એવાં બ્રહ્માસ્ત્રને જાણેછે અને વળી નીચ છે માટે ભીમનો બચાવ કરવા તૈયાર થાઓ." એમ કહી શ્રીકૃષ્ણ પોતાના રથને જોડાવી યુધિષ્ઠિર તથા અર્જુનને સાથે લઇ ભીમની પાછળ ચાલ્યા અને તેને વારવા માંડ્યો; તોપણ તેણે કોઇનું નહિ માનતાં રથ દોડાવી ગંગાજીને કિનારે પહોંચી વ્યાસના આશ્રમમાં બેઠેલા અશ્વત્થામાને લડાઇ કરવામાટે બોલાવ્યો. આ વખતે યુધિષ્ઠિર, શ્રીકૃષ્ણ તથા અર્જુનપણ ત્યાં આવી પહોંચ્યા. અશ્વત્થામાએ સમય વિચારી ડાબા હાથમાં દર્ભની સળી લઇ તેને ઘોર બ્રહ્માસ્ત્રના મંત્રથી મંત્રી "આથી સઘળા પાંડવોનો વિનાશ થજો." એમ બોલીને ફેંકી, કે તુરતજ એ સળીમાંથી પ્રલયકાળજેવો અગ્નિ ઉત્પન્ન થયો. સઘળું ત્રૈલોક્ય ધ્રુજવા લાગ્યું. અશ્વત્થામાએ એ અસ્ત્ર મૂક્યું ન હતું તે પહેલાંજ તેના અભિપ્રાયને જાણનાર શ્રીકૃષ્ણની ચેતવણીથી અર્જુને તે અસ્ત્રનું નિવારણ કરવા તુરત રથમાંથી ઉતરી ધનુષ બાણ લઇ ગુરૂદેવનું ધ્યાન કરી "મારો, મારા ભાઇઓ તથા અશ્વત્થામાનો પણ બચાવ થજો." એમ બોલી તે અસ્ત્રની સામે તેજ અસ્ત્ર મૂક્યું. અર્જુનનું બ્રહ્માસ્ત્ર પણ પ્રલયકાળના અગ્નિ જેવું પ્રજ્વલિત થયું. બન્ને અસ્ત્રો સામસામાં પ્રગટ થવાથી ત્રૈલોક્ય કંપવા લાગ્યું, સઘળાં પ્રાણીઓને મોટો ત્રાસ ઉત્પન્ન થયો અને હજારો ઉલ્કાપાત થવા લાગ્યા. આ વખતે બન્ને યોદ્ધાઓને શાંત કરવા તથા બન્ને અસ્ત્રને શમાવવા વ્યાસજી તથા નારદજી એ અસ્ત્રોની વચમાં આવીને ઉભા અને બન્ને યોદ્ધાઓને કહેવા લાગ્યા કે "તમારે બન્નેએ પોતાનાં અસ્ત્ર પાછાં વાળી લેવાં જોઇએ." બન્ને મુનિઓનાં વચનો સાંભળી ઉતાવળથી અર્જુને પોતાનાં અસ્ત્રને પાછું વાળી હાથ જોડી કહ્યું કે, "મેં તે અસ્ત્રની શાંતિ કરવાવાસ્તેજ તેની સામે તેજ અસ્ત્ર મૂક્યું હતું પણ કોઇને મારવાવાસ્તે મૂક્યું નથી."

અર્જુને પોતાના અસ્ત્રને પાછું વાળ્યા છતાં પણ ક્રોધી અશ્વત્થામાએ પોતાના અસ્ત્રને પાછું વાળ્યું નહિ, તેથી વ્યાસે તેને કહ્યું કે "તારા વિનાશને માટે નહિ પણ તારા અસ્ત્રને શાંત કરવામાટે જ અર્જુને મૂકેલું અસ્ત્ર તેણે પાછું વાળી લીધું. તારે પણ તે અસ્ત્ર પાછું વાળી લેવું જોઇએ. અર્જુનના અસ્ત્રથી તારૂં અસ્ત્ર શાંત થઈ જાય તે છતાં અમોએ તેના અસ્ત્રને પાછું વળાવ્યું તેનું કારણ એ જ કે "જે દેશમાં બ્રહ્માસ્ત્રથી બ્રહ્માસ્ત્રનો પ્રતિઘાત થાય તે દેશમાં બાર વર્ષસુધી વરસાદ થાય નહિ. માટે તું તારાં અસ્ત્રને પાછું વાળીને

તારાં માથામાં જે મણિ છે તે પાંડવોને આપી દે. તારાં પ્રાણને બદલે મણિ લઇ પાંડવો પાછા જશે."

'પાંડવો તથા કૌરવોની પાસે જે કાંઇ ધન હતું તે સઘળાકરતાં આ મારો મણિ અધિક છે. આ મણિ જેની પાસે હોય તેને શસ્ત્રો, વ્યાધિઓ, શત્રુઓ, ચોરો, રાક્ષસો કે બીજા કોઇનો ભય થતો નથી. આવી શક્તિવાળા મણિને હું કદી પણ છોડું નહિ; તોપણ આપના કહેવાથી હું તે પાંડવોને આપી દઇશ. પરંતુ આ અસ્ત્ર અભિમન્યુની સ્ત્રીના ગર્ભમાં પડ્યા વિના રહેશે નહિ; કારણ કે પાંડવોનો વંશ ન રહેવા દેવાની મારી ઇચ્છા છે."

અશ્વત્થામાનાં વચન સાંભળી વ્યાસે તેમ કરવાની સંમતિ આપી અને તેણે ઉત્તરાના ગર્ભ ઉપર તે અસ્ત્રનો પ્રયોગ કર્યો. પણ તે વખતે શ્રીકૃષ્ણે અશ્વત્થામાને કહ્યું કે "દુષ્ટ! તારા અમોઘ અસ્ત્રથી ઉત્તરાનો ગર્ભ મુવેલો જન્મશે પણ હું મારા પ્રભાવથી પાછો તેને જીવતો કરીશ. તું નીચ અને બાળકોની હત્યા કરનાર છે માટે તને શાપ આપું છું કે "ત્રણ હજાર વર્ષ સુધી તારે જંગલમાંજ ફરવું પડશે, ત્યાં તને કોઇની સાથે વાતચિત કરવાનું પણ નહિ મળે, તારા શરીરમાં સઘળા રોગો ઉત્પન્ન થઇ, તેમાંથી લોહી તથા પરૂની ગંધ નિકળ્યા કરશે. અભિમન્યુનો દીકરો તો સઘળી પૃથ્વીનું રાજ્ય કરશે."

"તું બ્રાહ્મણ છતાં આવી દુષ્ટતા કરેછે, વળી તેં અમારાં વચનનું અપમાન કર્યું તેથી તારી સ્થિતિ શ્રીકૃષ્ણના કહેવા પ્રમાણેજ થશે. વ્યાસના પણ વચન સાંભળી મનમાં ખેદ પામેલા અશ્વત્થામા પાંડવોને પોતાનો મણિ આપી વનમાં ચાલતો થયો.

પ્રકરણ ૮૬ મું.

યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક.

અશ્વત્થામાનો મણિ લઇ દ્રૌપદીપાસે આવ્યા પછી યુધિષ્ઠિરને યુયુત્સુના મોહોડાથી ખબર મળ્યા કે "સઘળા જનાનાને સાથે લઈ ધૃતરાષ્ટ્ર રાજા ગંગા નદીના કિનારાપર જવા હસ્તિનાપુરમાંથી નિકળી ચુકયા છે." તેથી તે દ્રૌપદી તથા પાંચાલોની સ્ત્રીઓને સાથે લઇ તેને મળવા ચાલ્યા. ગંગાજીના સમીપમાં આવતાં કૌરવોની વિલાપ કરતી સ્ત્રીઓનાં ટોળાંને છોડી દઇ આગળ વધી યુધિષ્ઠિર ધૃતરાષ્ટ્રને પગે પડ્યા અને પછી અનુક્રમે તેના ભાઇઓ પણ પોતાનાં નામ લઇ નમવા લાગ્યા. સર્વનો ક્ષય કરનારા યુધિષ્ઠિર પોતાને પગે પડ્યા એ પુત્રોના વધથી પીડાએલા ધૃતરાષ્ટ્રને ગમ્યું તો નહિ પણ ઉપલક મનથી તેનું આલિંગન કરી, પછી ભીમનું આલિંગન કરવાના બહાનાથી તેને મારી નાખવાનો અભિપ્રાય તેના મનમાં ઉત્પન્ન થયો, પણ તેનો એ દુષ્ટ અભિપ્રાય તેની ક્રોધભરેલી ચેષ્ટાઉપરથી શ્રીકૃષ્ણના જાણવામાં આવી ગયો. ભીમને આલિંગનમાટે બોલાવતાં તે તેની પાસે જતો હતો તેવામાં શ્રીકૃષ્ણે પોતાના

બન્ને હાથ વતી તેને દૂર ખેંચી, ભીમનું લોઢાનું પૂતળું ધૃતરાષ્ટ્રની સામે ધર્યું. આંધળા ધૃતરાષ્ટ્રે તે પૂતળાંને ભીમ માની છાતીમાં દાબી બન્ને હાથથી એવી ભીંસ દીધી કે, તે પૂતળાંનો ભૂકો થઇ ગયો અને પોતાની છાતી ભીંસાવાથી તેના મોહોડામાંથી લોહી નિકળવા માંડ્યું અને તે ધરતીપર પડી ગયો. જરાવાર પછી સંજ્ઞા પ્રાપ્ત થતાં ધૃતરાષ્ટ્ર "હાય ભીમ" એમ બોલી શોક કરવા લાગ્યો; પણ તે વખતે શ્રીકૃષ્ણે સઘળો પડદો ખુલ્લો કરી કહ્યું કે "ભીમ જીવતો છે, શોક કરવો છોડી દીયો. પુત્રોના શોકના પરિતાપને લીધે તમારૂં મન ભ્રષ્ટ થયું. પણ જે થયું તે થયું. હવે તમારે પૂર્વાપરનો સઘળો વિચાર કરી શાંત રહેવું જોઇએ." શ્રીકૃષ્ણનાં વચન સાંભળી ધૃતરાષ્ટ્ર લજ્જાઇ ગયો અને પોતે કરેલાં કૃત્યનો કેટલોએક અફસોસ કરવા લાગ્યો.

શ્રીકૃષ્ણની સલાહથી લડાઇમાં મરણ પામેલા લોકોનાં પ્રેતકાર્યો કરવા તથા કોઇપણ શરીર અનાથની પેઠે રખડી ન જાય તેવી રીતે કરવા યુધિષ્ઠિરે દુર્યોધનના પુરોહિત સુધર્મા, ધૌમ્યમુનિ, સંજય, યુયુત્સુ તથા વિદુર વગેરેને આજ્ઞા કરી. આજ્ઞા શિરપર ચડાવી વિદુર વગેરે લોકોએ દુર્યોધનાદિકની ઉત્તરક્રિયાઓ વિધિપૂર્વક કરી.

"કર્ણ પોતાની માતાના ઉદરથી કુંવારાપણામાં ઉત્પન્ન થયો હતો" આ વાતની પાંડવોને બિલકુલ ખબર નહોતી; પણ આ સમય કુંતીએ રોતાં રોતાં કારણ સમજાવી કર્ણની ઉત્તરક્રિયા કરવા યુધિષ્ઠિરને આજ્ઞા કરતાં પાંડવો બહુ અફસોસ કરવા લાગ્યા અને કહેવા લાગ્યા કે "કર્ણના જન્મની હકીકત છાની રહેવાથી અમે ઠગાયા છીએ. બીજાઓના વિનાશથી અમોને જે દુઃખ થયું છે તેના કરતાં સોગણું દુઃખ કર્ણના વિનાશથી આ વખતે થાયછે. જો આ ખબર અમોને પ્રથમ મળ્યા હોત તો અમે કર્ણનાજ તાબેદાર થઇ રહેત. કૌરવોનો ક્ષય ન થતાં અમોને પણ કશું દુર્લભ થાત નહિ." યુધિષ્ઠિરે કર્ણને દાહાંજલિ આપી તેની સ્ત્રીઓ તથા પરિવારને બોલાવી સાથે રાખી કર્ણનું સઘળું પ્રેતકાર્ય કર્યું અને કહ્યું, કે 'કર્ણના વધરૂપ મોટું પાપ અમારા હાથથી થયું માટે હું સઘળી સ્ત્રીઓને શાપ આપું છું કે 'આજ પછી કોઇપણ સ્ત્રી પોતાના મનમાં છાની વાત રાખી શકશે નહિ.' કર્ણના પગ કુંતીના જેવા હતા તેથી મારા મનમાં આજ દિવસસુધી જે શક હતો તે ખરો પડ્યો."

સઘળું શાંત થઇ ગયા પછી ભાઇઓ તથા સંબંધીઓના વધ થવાથી રાજ્ય

નહિ કરતાં સંન્યાસ લેવાનું યુધિષ્ઠિર મન કરતા હતા પણ ભીમ વગેરે ભાઇઓ, દ્રૌપદી, નારદ, વ્યાસ, શ્રીકૃષ્ણ તથા બીજા પણ મહાત્માઓના ઉપદેશથી સઘળું દુઃખ તથા સંતાપ છોડી દઇ, ધૃતરાષ્ટ્રને અગ્રણી કરી, યુધિષ્ઠિર હસ્તિનાપુરમાં પધારવા તૈયાર થયા, દેવતાઓ તથા હજારો બ્રાહ્મણોનું પૂજન કરી ધોળા સોળ બળદોવાળા ઉત્તમ રથમાં બેઠા; એટલે બ્રાહ્મણો વેદમંત્રો ભણવા લાગ્યા, બંદિજનો સ્તુતિ કરવા લાગ્યા, ભીમ સારથિ થયો, અર્જુને છત્ર ધર્યું, નકુલ તથા સહદેવ ચામર ઢોળવા લાગ્યા, યુયુત્સુ, સાત્યકિ તથા શ્રીકૃષ્ણ રથમાં બેસી પછવાડે ચાલ્યા, ધૃતરાષ્ટ્ર તથા ગાંધારી પાલખીમાં બેસી યુધિષ્ઠિરની આગળ ચાલ્યાં, કુંતી, દ્રૌપદી તથા કૌરવોની સઘળી સ્ત્રીઓ જૂદાં જૂદાં વાહનોમાં બેસી વિદુરની સાથે સ્વારીમાં ચાલ્યાં અને શણગારેલા હાથી, ઘોડા, રથ તથા પ્યાદલો પણ પછવાડે ચાલવા લાગ્યા. હસ્તિનાપુરમાં મોટી ધામધૂમથી આવી પહોંચતાં સઘળા લોકો આનંદના શબ્દો કરવા લાગ્યા. આ વખતે લોકોએ નગરને બહુજ શણગાર્યું હતું અને ચોતરફ ધૂપદીપ થઇ રહ્યા હતા. શણગારેલા દરવાજાથી નગરમાં પ્રવેશ કરતાં યુધિષ્ઠિરની સ્વારી જોવા રાજમાર્ગમાં લાખો લોકોની ભીડ થઈ રહી હતી. કુલીન સ્ત્રીઓ મેહેલોપર ચઢી બારીવાટે તે ધામધૂમ જોવા લાગી. સઘળા લોકો જયજયના શબ્દો પોકારવા લાગ્યા.

યુધિષ્ઠિરે દરબારમાં આવી રથમાંથી ઉતરી અનેક ઉપચારોથી દેવતાઓનું પૂજન કરી ધૌમ્યમુનિ વગેરે બ્રાહ્મણોનું પુષ્પો, રત્નો, સુવર્ણ, ગાયો તથા વસ્ત્રોથી પૂજન કર્યું. નોકરોના મોહોડાથી સઘળાઓને પૂછાવી જેને જે જે જોઇતું હતું તેને તે તે અપાવ્યું અને મોટું મંગળ વર્ત્તી રહ્યું. સઘળા મંગળ પદાર્થોનો સ્પર્શ કરી યુધિષ્ઠિર સિંહાસનપર બેઠા એટલે શેહેરના ગૃહસ્થો તેમનું દર્શન કરવા આવ્યા. સોના, રૂપા તથા ત્રાંબાનાં પાત્રો, પૂર્ણ કુંભો, પુષ્પો, સાળની ધાણી, દર્ભ, દહીંદૂધ વગેરે ગોરસો, સમિધો, ઉંબરાનો સરવો અને સુવર્ણથી મઢેલો શંખ વગેરે અભિષેકની સઘળી સામગ્રીઓ તૈયાર કરવામાં આવી. એટલે શ્રીકૃષ્ણની આજ્ઞાથી પાંડવોના પુરોહિત ધૌમ્યમુનિએ ઊંબરાના સિંહાસનપર વાઘનું ચર્મ બિછાવી તેપર યુધિષ્ઠિર તથા દ્રૌપદીને બેસાડી વિધિપૂર્વક સમિધો વગેરેનો અગ્નિમાં હોમ કર્યો. પ્રથમ શ્રીકૃષ્ણે પોતે પાંચજન્યમાં જળ ભરી યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક કર્યો અને તે પછી ધૃતરાષ્ટ્ર તથા બીજા ગૃહસ્થોએ હરી તેમનો રાજ્યાભિષેક કર્યો. દુંદુભિઓ, શંખો તથા બીજાં અનેક વાજાંઓ વાગવા લાગ્યાં. સઘળા ગૃહસ્થો-

તરફથી આવેલી ભેટોનો અંગીકાર કરી યુધિષ્ઠિરે તેઓને ઘણા ઉત્તમ પોશાકો આપ્યા તથા બ્રાહ્મણોપાસે સ્વસ્તિવાચન કરાવી તેઓને હજારો સોનામોહોરો દક્ષિણા આપી કહ્યું કે "હું કેવળ મહારાજા ધૃતરાષ્ટ્રને રાજી કરવા રાજ્યની લગામ હાથમાં લઉંછું. તમે પણ તે જેમ રાજી રહે તેમ કરજો. હું પણ સર્વદા કાળજી રાખી એમની સેવામાંજ તત્પર રહીશ. ખરી રીતે રાજ્યના અને અમારા પણ માલેક એ જ છે." એમ બોલી તેણે ભીમને યુવરાજ, વિદુરને મંત્રી, સંજયને ખજાનચી, નકુલને સેનાપતિ અને સહદેવને અંગરક્ષકની પદવી આપી. બીજાં પણ જે જે માણસો જે જે કામમાં યોગ્ય જણાયાં તેઓને તે તે કામ સોંપવામાં આવ્યાં. અર્જુનને પરમુલકના શત્રુઓનું મર્દન કરવામાટે રોકવામાં આવ્યો.

ઉપર પ્રમાણે રાજ્યનો સઘળો બંદોબસ્ત કરી મહારાજા યુધિષ્ઠિરે જે જે સંબંધીઓ લડાઈમાં મરણ પામ્યા હતા તેઓના ઉદ્દેશથી ઘણાં દાનો આપ્યાં, પરબો બંધાવ્યાં, જળાશયો કરાવ્યા અને બીજાં પણ ઘણાં ઘણાં ધર્મનાં કૃત્યો કર્યાં. ધૃતરાષ્ટ્રે પણ પોતાના પુત્રોને વાસ્તે તે જ પ્રમાણે સઘળાં કૃત્યો તથા ધર્મદાનો કર્યાં. સામ્રાજ્ય મેળવી યુધિષ્ઠિરે ધૃતરાષ્ટ્રની મંજુરીથી ભીમને દુર્યોધનનું, અર્જુનને દુઃશાસનનું, નકુલને દુર્મર્ષણનું અને સહદેવને દુર્મુખનું ઘર રહેવા આપ્યું.



પ્રકરણ ૮૭ મું.

ભીષ્મનો દેહત્યાગ.

રાજ્યાભિષેક થયાને બીજે દિવસે પ્રાતઃકાળમાં યુધિષ્ઠિરના સઘળા ભાઇઓ, શ્રીકૃષ્ણ, સાત્યકિ, સંજય, યુયુત્સુ તથા વિદુર વગેરે મહારાજાની સભામાં આવી તેમને પ્રણામ કરી યોગ્ય આસનોપર બેઠા. સભાસદો આવી રહ્યા પછી રાજા યુધિષ્ઠિરે ચાર વર્ણોને વાસ્તે યોગ્ય મર્યાદાઓ બાંધી, હજારો બ્રાહ્મણોને સુવર્ણનાં દાન આપ્યાં અને કૃપાચાર્ય શત્રુનાં પક્ષના હતા તોપણ તેનાપર દ્વેષ નહિ રાખતાં તેમને ગુરૂની પદવી આપી. સઘળા આશ્રિત લોકોને અન્ન, વસ્ત્ર તથા ધનાદિક અનેક પદાર્થોથી તૃપ્ત કરી ધૃતરાષ્ટ્રના દીકરા યુયુત્સુને મોટા પોશાકપૂર્વક આજીવિકા બાંધી આપી.

આ પ્રમાણે રાજા યુધિષ્ઠિર ન્યાયથી નિષ્કંટક રાજ્ય ચલાવતા હતા તેવામાં એક દિવસ શ્રીકૃષ્ણે તેમને કહ્યું કે 'બાણશય્યામાં સુતેલા ભીષ્મ હવે ઉત્તરાયણ થતાં થોડા દિવસમાં દેહ છોડનાર છે માટે તે પહેલાં તમારે તેમની પાસેથી રાજધર્મ વગેરે વિજ્ઞાનો જાણી લેવાં જોઇએ. એમના મરણ પછી તે વિજ્ઞાનોનો અસ્ત થશે. હું તમને પ્રેરણા કરૂંછું કે, તમારા મનમાં જે જે સંશયો તથા જે કાંઇ જાણવાનું હોય તે સઘળું તેમને પુછી તમારે જાણી લેવું જોઇએ."

"શ્રીકૃષ્ણ! બહુ ઠીક યાદ આપ્યું. આપ ભીષ્મના પ્રભાવવિષે જે કાંઇ કહોછો તે ખરૂં છે ઘણા વિદ્વાનોના મુખથી મેં તેમની પ્રશંસા સાંભળી છે. આપણે આવતી કાલે સાથે જ તેમની પાસે જઇશું. આ સમયમાં તેમને પણ આપનાં દર્શન થશે એ પણ તેમને મોટો લાભ છે."

બીજે દિવસે શ્રીકૃષ્ણે ભીષ્મપાસે જવાસારૂ પોતાનો રથ તૈયાર કરાવ્યો અને પાંડવોએ પણ તેમ કર્યું. સઘળા પાંડવો, શ્રીકૃષ્ણ, સાત્યકિ, કૃપાચાર્ય, યુયુત્સુ અને સંજય એઓ સઘળા રથમાં બેસી રણભૂમિમાં ભીષ્મની પાસે આવ્યા. આ સમયમાં તેમની પાસે વ્યાસ, નારદ, મૈત્રેય, માર્કંડેય, વાલ્મીકિ અને ધૌમ્ય વગેરે મુનિઓની પણ મોટી સભા એકઠી થઇ હતી. પાંડવોનો સઘળો સાથ છેટેથી રથમાંથી ઉતરી ત્યાં આવી ભીષ્મ તથા સઘળા મુનિઓને યોગ્ય રીતે પ્રણામ કરી યોગ્ય સ્થાને બેઠા.

ભીષ્મની સ્થિતિ જોઇ જરા મનમાં ખેદ પામી શ્રીકૃષ્ણે તેમને પૂછયું કે "તમારી સઘળી ઇંદ્રિયો, મન તથા બુદ્ધિ પ્રસન્ન છે? શરીરમાં જખમોની વેદના શાંત છે? એક પણ ઝીણું શલ્ય પેઠું હોય તો મોટી વેદના થાય ત્યારે આતો તમારા શરીરમાં હજારો બાણો પેસી ગયાં છે તેથી તમને કેવી વ્યથા થતી હશે એ કાંઇ કહી શકાતું નથી! ભૂત, ભવિષ્ય તથા વર્ત્તમાનસંબંધી સઘળાં વિજ્ઞાનો આપની બુદ્ધિમાં છે. કોઈ પણ પુરૂષ આજ દિવસસૂધી આપના જેવો ગુણવાન મારા જોવામાં આવ્યો નથી. આપસિવાય સંશયોનો ખુલાસો આપવા કોઇ સમર્થ નથી, માટે આપે રાજા યુધિષ્ઠિરના મનમાં રહેલા શોક તથા સંશયોને ટાળવા જોઇએ."

"આપની કૃપાથી મારી ઇંદ્રિયો મન તથા બુદ્ધિ પ્રસન્ન છે; શરીરમાં પણ બહુ વ્યથા નથી. ગુરૂની સમીપમાં જેમ શિષ્યથી, તેમ આપની સમીપમાં મારાથી બોલાય નહિ; માટે આપજ રાજાના સંશયોના ખુલાસા આપો."

'આપ વૃદ્ધ, મહાત્મા, વિદ્વાન્ અને અનુભવી છો; હું પણ આપનાજ મોહોડાથી સર્વ વિષયો સાંભળવા ઇચ્છુંછું." શ્રીકૃષ્ણ તથા ભીષ્મ વચ્ચે આ પ્રમાણે વાતચિત થઇ રહ્યા પછી યુધિષ્ઠિર બોલ્યા કે "પિતામહ! હું પ્રથમ આપની પાસેથી રાજધર્મ જાણવા ઇચ્છુંછું. રાજા જો એ બાબતથી અજ્ઞાત હોય તો રાજ્ય તથા પ્રજાની મોટી ખરાબી થાયછે."

યુધિષ્ઠિરનો આગ્રહ તથા શ્રીકૃષ્ણના ફરમાનઉપરથી ભીષ્મે તે બાબતનો ખુલાસો આપવાનું સ્વીકારી નીચે પ્રમાણે બોલવું શરૂ કર્યું.

પોતાની રીતભાતથી પ્રજાને રાજી રાખે તેજ રાજા કહેવાયછે. રાજાએ દેવતા તથા બ્રાહ્મણોનું સારી રીતે પૂજન કરવું જોઇએ. દૈવ અને ઉદ્યોગ ઉપર જગતનો આધાર છે, માટે એકલા દૈવ ઉપર આધાર નહિ રાખતાં ઉદ્યોગની પણ યોજના કરવીજ જોઇએ. કોઇ ધારેલું કામ બગડી જાય તો તેના મનમાં સંતાપ રાખવો નહિ. રાજ્યની સ્થિતિ સત્યઉપર છે અને સત્યવાન્ ઉપર જ લોકોનો વિશ્વાસ બેસેછે. જે રાજા જિતેંદ્રિય, ઉદાર, ધર્માત્મા અને ગુણવાન હોય તે લક્ષ્મીથી કદીપણ ભ્રષ્ટ થતો નથી. સારાં માણસોના સંગ્રહરૂપ ખજાનાથી જેવું રાજાનું કાર્ય સિદ્ધ થાયછે તેવું ધનના ખજાનાથી થતું નથી. રાજાએ અત્યંત તીક્ષ્ણ કે અત્યંત કોમળ નહિ થતાં મધ્યમ પ્રકારથી રહેવું જોઇએ. પ્રત્યક્ષથી, મુખ તથા નેત્રો વગેરેના વિકારોરૂપ અનુમાનોથી અને શસ્ત્રો વગેરેથી શત્રુઓની તથા મિત્રોની પરીક્ષા કરવી. મદિરાપાન, પાસાની રમત, સ્ત્રીઓનો અતિ પ્રસંગ, મૃગયામાં આસક્તિ, ગાળો દેવાની ટેવ, અયોગ્ય રસ્તે ધન વાપરી નાખવાની ટેવ અને અલ્પ અપરાધવાળાને ઝાઝી શિક્ષા કરવાની ટેવ એ સઘળાં વ્યસનોથી રાજાએ દૂર રહેવું જોઇએ. નોકરોની સાથે ઠઠ્ઠા મશ્કરી કરવાની ટેવ રાખવી નહિ, કારણકે તેથી નોકરો રાજાને કળી જાયછે, પોતપોતાનું કામ બરાબર બજાવતા નથી અને ધણીની આજ્ઞા માનતા નથી, ગુહ્ય વાતવિષે રાજાને પૂછેછે, ન માગવાનું માગેછે, લાંચ રૂશવતો લઈ કાર્યોને બગાડેછે, ખોટી ફીસીયારીયો મારી દેશને નબળો કરી નાખેછે, રાજાના જેવા જ પોશાકો પહેરેછે, અંતઃપુરમાં જવા ઇચ્છેછે, રાજાના ક્રોધને પણ ગણકારતા નથી અને રાજાની સમીપમાં પણ કેટલીએક બેઅદબીઓ કરેછે. ગુરૂ, મિત્ર કે પુત્ર પણ રાજ્યવિરૂદ્ધ કામ કરે તેને રાજાએ પૂરી શિક્ષા કર્યા વિના રહેવું જ નહિ. ચતુર, શત્રુઓનાં છિદ્રો જોવામાં તત્પર, ક્રોધને જીતનાર, લોકોના ચિત્તને વશ કરનાર, લોકોને તરત મળનાર અને જેના ઉદ્દેશો ફળ થતાં સુધી પ્રગટ જ થતા ન હોય એવા રાજાઓ લાંબા કાળ સુધી રાજ્ય કરેછે. સઘળા ધર્મોકરતાં પ્રજાનું રક્ષણ કરવું એ જ રાજાનો મુખ્ય ધર્મ છે. રાજાએ સજ્જનોનો સંગ્રહ કરવો, દુર્જનોનો ત્યાગ કરવો, શત્રુના પક્ષને તોડવો, ગરીબોની સંભાળ લેવી, જીર્ણ થએલાં મકાનો સમરાવવાં, ખજાનાનો વધારો કરવો, કામોથી કંટાળવું નહિ, ફોજમાં તથા તેની કવાયતમાં વધારો કર્યા કરવો, કોઇના પગાર ચડત રહેવા દેવો નહિ, શહેર તથા દેશના રક્ષણનો બંદોબસ્ત કરવો, શત્રુઓ પોતાપર વિશ્વાસ કરે એવી ઢબ-

થીજ વર્ત્તવું, શત્રુઓનો વિશ્વાસ કરવો નહિ, ઉદ્યોગી રહેવું, ન્યાયમાર્ગને અનુસરવું, જે કામ કરવું તે મનની સ્થિરતા રાખીને કરવું તથા કર લેવા વગેરે વાજબી હકને છોડવા નહિ."

ભીષ્મનાં રાજધર્મસંબંધી વચનો સાંભળી યુધિષ્ઠિર તથા બીજા સર્વ લોકો રાજી થયા અને તેમનાં વખાણ કરવા લાગ્યા. એજ પ્રમાણે બરાબર એક માસસુધી ભીષ્મે યુધિષ્ઠિરનાં પ્રશ્નોઉપરથી રાજધર્મ, આપદ્ધર્મ, મોક્ષધર્મ, દાનધર્મ અને બીજી પણ અનેક જુદી જુદી બાબતોનાં આખ્યાનો, ઇતિહાસો અને બીજા પણ પ્રકારોથી અપૂર્વ અને સંપૂર્ણ નિરૂપણ કર્યું જેથી સર્વ લોકો રાજી થઇ પોતાને કૃતાર્થ માનવા લાગ્યા. ભીષ્મે ઉત્તરાયણને આગલે દિવસે યુધિષ્ઠિરને કહ્યું કે "આવતી કાલે ઉત્તરાયણનો પ્રવેશ થવાથી મારે શરીર છોડવાનું છે. તેથી મારા શરીરના સંસ્કારોને વાસ્તે સઘળી સામગ્રીઓ તૈયાર કરી આવતી કાલે અહીં વહેલા આવજો."

ભીષ્મના ફરમાન મુજબ બીજે દિવસે યુધિષ્ઠિર ઘી, પુષ્પ, ચંદન, વસ્ત્ર, દર્ભ, રત્ન, સુવર્ણ તથા અગરૂ વગેરે સઘળી સામગ્રીને પ્રથમથી ચાલતી કરી ધૃતરાષ્ટ્ર, ગાંધારી, કુંતી, ભાઇઓ તથા શ્રીકૃષ્ણ વગેરેને સાથે લઇ કુરૂક્ષેત્રમાં ભીષ્મની પાસે આવ્યા. ત્યાં તેમણે તેમને પ્રણામ કરી ધૃતરાષ્ટ્ર તથા કૃષ્ણ વગેરેના સમયસર આવી પહોંચવાના ખબર આપ્યા.

યુધિષ્ઠિરતરફથી ખબર મળતાં સર્વની સામે દૃષ્ટિ કરી ભીષ્મ બોલ્યા કે "પરિવારસહિત તમો ભલે પધાર્યા. આજ મારે પ્રાણત્યાગ કરવાનો દિવસ છે." એ પ્રમાણે બોલી તેણે ધૃતરાષ્ટ્રતરફ નજર કરી કહ્યું કે "રાજા ધૃતરાષ્ટ્ર ! તમે સઘળાં વેદશાસ્ત્રોને જાણોછો અને તમે વૃદ્ધ પુરૂષોની સેવા કરી છે તેથી કંઇ પણ તમારા જાણ્યા બહાર નથી." તોપણ હું તમને ભલામણ કરૂંછું કે "જે ભવિષ્ય હતું તે બન્યું. હવે તમારે શોક કરવો નહિ. પાંડવો જેમ પાંડુના તેમ ધર્મની રીતે તમારા પણ પુત્રો છે. તેઓનું પાલન કરજો. હું પૂરા વિશ્વાસથી કહુંછું કે, યુધિષ્ઠિર સર્વદા તમારી આજ્ઞામાં જ વર્ત્તશે. તમારા પુત્રો ક્રોધી, લોભી તથા ઇર્ષ્યાવાળા હતા તેથી તેઓનો શોક કરવો નહિ." આ પ્રમાણે ધૃતરાષ્ટ્રને કહી શ્રીકૃષ્ણને કહ્યું કે "તમે સર્વદા પાંડવોનું રક્ષણ કરજો. મેં દુર્યોધનને ઘણું કહ્યું હતું પણ તેણે મારૂં માન્યું નહિ. તેમાં મારો કશો અપરાધ લેખશો નહિ. હવે તમે સઘળા મને પ્રાણ છોડી દેવા રજા આપો."

આ પ્રમાણે ભીષ્મે તેઓને સર્વદા સત્ય, ભલાઇ તથા સત્સંગમાં રહેવાની છેલ્લી ભલામણ આપી યોગની પદ્ધતિને અનુસરી પોતાના શરીરને છોડી દીધું. એટલે પાંડવોએ પવિત્ર કાષ્ઠોથી ચિતા તૈયાર કરાવી રાજાને લગતા વિધિપૂર્વક ભીષ્મના શરીરનો બાણશય્યાસહિત દાહ કર્યો.

પ્રકરણ ૮૮ મું.

યુધિષ્ઠિરનું રામરાજ્ય.

ભીષ્મના દેહત્યાગ પછી યુધિષ્ઠિર તેમના તથા બીજા ઘણા ઘણા સંબંધીઓનાં મરણનો બહુબહુ શોક કરવા લાગ્યા અને તેઓના વધથી થએલ મોટા પાપની ચિંતા કરવા લાગ્યા. તેથી વ્યાસે તેમને કહ્યું કે "ભીષ્મના ઉપદેશથી પણ શાંતિ તથા સમજણ પ્રાપ્ત થઇ નહિ એ મોટું આશ્ચર્ય છે. ધર્મયુદ્ધથી ક્ષત્રિયોનો વધ કરવામાં કશું પાપ લાગતું નથી. તોપણ તમને જો એ બાબતની શંકા હોય તો પરિપૂર્ણ દક્ષિણાવાળો અશ્વમેધ યજ્ઞ કરો. તેથી બ્રહ્મહત્યાજેવાં પાપ પણ ટળી જાયછે."

"અશ્વમેધથી સઘળાં પાપો ટળી જાય એ ખરી વાત છે. મને અશ્વમેધ કરવાનું મન પણ છે; પણ દુર્યોધને રાજ્યનો સઘળો ખજાનો ખુટાડી દીધો છે, તેથી અશ્વમેધ શા રીતે થઇ શકે? પૃથ્વીઉપર જે જે રાજાઓ રહ્યા છે

તે તે ઘણુાખરા બાળક જ છે. તેઓનાપર યજ્ઞને વાસ્તે કરનો બોજો નાખવો એ પણ યોગ્ય નથી. હજુ સર્વ રાજાઓને પિતા વગેરે મુરબ્બીઓ કપાઇ જવાના તાજા જખમ છે. માટે તેઓની પાસેથી ધન માગવું યોગ્ય નથી."

"પૂર્વે મરૂત્ત રાજાએ યજ્ઞ કર્યો હતો. તેમાં આપવામાં આવેલી અપાર સોનામોહોરોની દક્ષિણાને બ્રાહ્મણો ઉપાડી શક્યા નહિ હતા. તેથી તેઓએ કરોડો સોનામોહોરો પડતી મૂકી હતી, અને તે હિમાલયના અમુક પ્રદેશમાં દટાઇ ગઇ છે. માટે તમે ત્યાં જઇ તે લઈ તમારો ખજાનો ભરપૂર કરો, જેથી યજ્ઞ પણ સારી રીતે થઈ શકશે."

યજ્ઞ કરવાસંબંધી વ્યાસની સલાહથી શોક સંતાપને છોડી દઇ, ભીષ્મનાં પ્રેતકાર્ય કરાવી, ધૃતરાષ્ટ્રને અગ્રણી કરી, રાજા યુધિષ્ઠિર હસ્તિનાપુરમાં આવ્યા અને ભીષ્મે બતાવેલી રાજ્યનીતિપ્રમાણે સઘળી રાજ્યવ્યવસ્થા ચલાવવા લાગ્યા.

પાંડવોની રાજ્યવ્યવસ્થા સારી ચાલ્યા પછી અર્જુનના મોહોડાથી અરજ કરાવી યુધિષ્ઠિરની રજા લઇ કુંતીની સંમતિથી સુભદ્રાને પણ સાથે લઇ, અમૂલ્ય પોશાક વગેરેનું માન પામી, શ્રીકૃષ્ણ સાત્યકિવગેરેથી સહિત દ્વારકામાં પધાર્યા. દ્વારકામાં પધારી સર્વની સાથે હળીમળી વસુદેવના પૂછવાથી પાંડવકૌરવોના સંગ્રામની સઘળી હકીકત તેમને કહી સંભળાવી. તેમાં અભિમન્યુના વધની વાત મૂકી દીધી. એટલે "શ્રીકૃષ્ણ ! અભિમન્યુના વધની વાત કરો." એટલું બોલી સુભદ્રા ધરતીપર પડી ગયાં અને વસુદેવ પણ પડી ગયા. શ્રીકૃષ્ણે વસુદેવને કહ્યું કે "તમારો દૌહિત્ર અભિમન્યુ રણમાં હજારો રાજાઓનો પ્રલય કરી સામે પગલે ચાલી મરણ પામ્યો છે. યુદ્ધમાં મરતી વખતે પણ તેના મોહોડાઉપર કશો વિકાર આવ્યો નહોતો. દ્રોણ તથા કર્ણવગેરે છ જણાએ ભેળા થઇ અધર્મથી તેને માર્યો છે. ઇંદ્ર પણ જો પોતે એકલો યુદ્ધ કરતો હોય તો કદી પણ તે અભિમન્યુને મારી શકે નહિ. તેના વધથી સુભદ્રાને પણ ઘણો શોક થયો હતો પણ તેની સ્ત્રી ઉત્તરા ગર્ભવતી હોવાથી તે શોક કાંઇક શાંત થયો છે."

અભિમન્યુના મરણની વાત સાંભળી ઘણો વિલાપ કરી વસુદેવે ઘણાં ઘણાં ધન ખરચી તેનાં શ્રાદ્ધાદિ કર્યાં તથા બ્રાહ્મણોને અનેક દાનો આપ્યાં.

શ્રીકૃષ્ણ હસ્તિનાપુરથી દ્વારકાં ગયા પછી અશ્વમેધ કરવાનો નિશ્ચય કરી સઘળા પાંડવો હિમાલયમાં ગયા. ત્યાં દેવપૂજનાદિક કેટલોએક વિધિ કરી

ગાડાંઓ તથા ઉંટોપર કરોડો સોનામોહોરો ભરી ત્યાંથી પાછા વળ્યા.

અશ્વમેધનો સમય પ્રાપ્ત થયો જાણી શ્રીકૃષ્ણ, બલભદ્ર, સુભદ્રા, પ્રદ્યુમ્ન, કૃતવર્મા તથા સાત્યકિવગેરે સઘળું યાદવકુટુંબ યુધિષ્ઠિરે પ્રથમ આપેલી સૂચના પ્રમાણે હસ્તિનાપુરમાં આવ્યું, તેઓનું પાંડવોની ગેરહાજરીમાં ધૃતરાષ્ટ્રે, વિદુરે તથા યુયુત્સુએ મોટી ધામધૂમથી સામૈયું કર્યું.

શ્રીકૃષ્ણાદિ યાદવો હસ્તિનાપુરમાં આનંદથી રહ્યા હતા અને પાંડવો હજુ હિમાલયથી પાછા આવ્યા નહોતા તેટલામાં અભિમન્યુની સ્ત્રી ઉત્તરાને પુત્રનો પ્રસવ થયો. પણ તે પુત્ર મુવેલો જ અવતર્યો. પુત્રના જન્મ વખતે લોકોનો જે હર્ષનો પોકાર ઉઠ્યો હતો તે પોકાર તે પુત્ર મુવેલો આવવાની ખબર પડતાં જલદી બંધ પડી ગયો. પોકાર બંધ થતાં અત્યંત ગભરાએલા શ્રીકૃષ્ણ સાત્યકિને સાથે લઇ દોડતા દોડતા અંતઃપુરમાં આવ્યા. "શ્રીકૃષ્ણ દોડી પહોંચજો, દોડી પહોંચજો" એમ પોકાર કરતાં કુંતી અને તેની પાછવાડે દ્રૌપદી, સુભદ્રા અને બીજી પણ સ્ત્રીઓ પોતાની સામે આવતી હતી તે તેના જોવામાં આવી. કુંતીએ પાસે જઈ આંસુથી ગળગળી વાણીથી કહ્યું કે "શ્રીકૃષ્ણ! હું તમારા ચરણમાં માથું મૂકીને પ્રાર્થના કરૂંછું કે, અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી બળી ગએલા અમારા પુત્રને જીવાડો. ગર્ભમાં રહેલા આ બાળકને મારી નાખવાથી એ દુષ્ટ અશ્વત્થામાને શો ફાયદો થયો હશે? બ્રહ્માસ્ત્ર મારી ઉપર જ આવીને પડયું હોત તો આવો શોકનો સમય પ્રાપ્ત થાત નહિ. અમારા કુલની સ્થિતિનો આધાર તમારાઉપર જ છે. આ તમારા ભાણેજના પુત્રને જીવતો કરો. ઉત્તરા, સુભદ્રા, દ્રૌપદી અને મને તથા પાંડવોને જીવતા રાખો. પાંડવોનાં તથા અમારાં પ્રાણ અને મારા પતિનું, સસરાનું તથા અભિમન્યુનું પિંડદાન આ પુત્રને આધીન છે. તમારો પ્યારો ભાણેજ અભિમન્યુ મરણ પામેલો છે, તેના પુત્રને જીવતો કરી તેનું પ્રિય કરો. અભિમન્યુએ ઉત્તરાને કહ્યું હતું કે, તારો પુત્ર મારા મોસાળમાં રહી અસ્ત્રવિદ્યા તથા નીતિશાસ્ત્રનો અભ્યાસ કરશે. તો તે વચન સફળ થાય તેમ કરો." આમ બોલતાં બોલતાં દુઃખથી પીડાએલાં કુંતી હાથ ઉંચા કરીને ધરતીપર પડી ગયાં અને સુભદ્રા વગેરે બીજી સ્ત્રીઓ પણ પડી ગઇ. જરા સંજ્ઞા પ્રાપ્ત થઈ એટલે સુભદ્રાએ શ્રીકૃષ્ણને ચીસ નાખી કહ્યું કે "અભિમન્યુ સઘળા પાંડવોને પ્યારો હતો. તેના પુત્રને મરણ પામેલો સાંભળી તેઓ તમને શું કહેશે! જેમ અભિમન્યુ તેમ તેનો પુત્ર મરી ગયો એ સમાન બીજું મને કયું કષ્ટ હોય?

મને બ્હેન જાણી અથવા પુત્રવગરની જાણી અથવા શરણાગત જાણી મારા-પર દયા કરો. તમે પાંડવોનું જેમ બીજા પ્રકારથી રક્ષણ કર્યું છે તેમ આ પ્રકારથી પણ કરો, તમો જીવતા છતાં અભિમન્યુનો પુત્ર ન જીવે તો તમે પણ મને શા કામના ?"

પોતાની ફોઇ અને બ્હેનનાં વચન સાંભળી શ્રીકૃષ્ણ "બહુ સારૂં" એમ કહી સર્વને રાજી કરી પોતે સૂતિકાગૃહમાં ગયા. શ્રીકૃષ્ણને અંદર આવતા જોઇ દ્રૌપદીએ તરત જઈ ઉત્તરાને કહ્યું કે "તમારા મામાજી અંદર આવેછે." દ્રૌપદીનાં વચનો સાંભળી વસ્ત્રોવતી પોતાના શરીરને સારી રીતે ઢાંકી ઉત્તરા કંગાળપણાથી વિલાપ કરવા લાગી કે "શ્રીકૃષ્ણ! કૃપા કરી આ તમારા ભાણેજના દીકરાને જીવતો કરો. જેમ તમારો ભાણેજ તેમ હું પણ આ સમયે આ પુત્ર મરી જવાથી મરી ગઇ છું. આ પુત્રઉપર મારા જે ઘણાઘણા મનોરથ હતા તે સઘળા તૂટી ગયા. પુત્રને ખોળામાં તેડી હું મામાજીને પગે લાગીશ એ મારી સઘળી આશા નિષ્ફળ ગઇ. તમારા પ્યારા ભાણેજનો પુત્ર બ્રહ્માસ્ત્રથી મરણ પામ્યો છે તેને જુઓ. આ દીકરો એના બાપની પેઠે કૃતઘ્ન અને ક્રૂર નિવડયો. અભિમન્યુ રણમાં કામ આવતાં હું તેની પાછળ સતી પણ થઇ નહિ. મને ધિક્કાર છે, હવે હું સ્વર્ગમાં જઇશ ત્યારે તમારો ભાણેજ મને શું કહેશે?" આ પ્રમાણે વિલાપ કરતાં કરતાં ઘેલી થઈ ગયેલી હોય તેમ ભાનવગરની ઉત્તરા ધરતીપર પડી ગઈ. સઘળી સ્ત્રીઓ હાહાકાર કરવા અને રોવા લાગી. પાંડવોના સઘળા દરબારમાં ચારેકોર શોક વર્ત્તી રહ્યો. સંજ્ઞા પ્રાપ્ત થતાં ઉત્તરાએ પુત્રને ખોળામાં લઈ કહ્યું કે "હે પુત્ર! તું ધર્માત્માનો પુત્ર છતાં શ્રીકૃષ્ણને કેમ દંડવત્પ્રણામ કરતો નથી? તું તારા બાપની પાસે જઇ કહેજે કે કાળ પ્રાપ્ત થયાવિના કોઇથી પણ મરાતું નથી તેથી મારા અને તમારા વિના પણ અભાગણી ઉત્તરા જીવેછે. જેમ હું પતિવગરની થઇ તેમ હાલ પુત્ર-વગરની પણ થઈ, મારી છાતી કેમ ફાટી પડતી નથી. હવે તો હું યુધિષ્ઠિરની રજા લઇ ઝેર પીશ અથવા અગ્નિમાં પ્રવેશ કરીશ." આ પ્રમાણે વિલાપ કરતાં કરતાં ઉત્તરા ફરીવાર ધરતીપર પડી ગઇ.

ઉત્તરાનો વિલાપ સાંભળી દયાથી ઘેરાયેલા શ્રીકૃષ્ણ જળનું આચમન કરી બ્રહ્માસ્ત્રને ખેંચી લઇ બોલ્યા, કે "ઉત્તરા ! સઘળા લોકો દેખતાં આ પુત્રને હું જીવતો કરી આપુંછું. જો હું કદી પણ ખોટું બોલ્યો ન હોઉં, કદી પણ યુદ્ધમાંથી વિમુખ થયો ન હોઉં અને કદી પણ અર્જુનપર અભિરુચિ-

વગરનો ન થયો હોઉં તો અભિમન્યુનો આ પુત્ર જીવતો થજો." શ્રીકૃષ્ણ આ પ્રમાણે બોલ્યા કે તરતજ તે બાળક ચેતના પામી ધીરે ધીરે હલવા લાગ્યો. "વાહ શ્રીકૃષ્ણ, વાહ શ્રીકૃષ્ણ" એવા શબ્દો થવા લાગ્યા. બાળક પોતાની શક્તિપ્રમાણે હાથ પગ હલાવવા લાગતાં સર્વ સ્ત્રીઓ પ્રસન્ન થઇ, બ્રાહ્મણો સ્વસ્તિવાચનના શબ્દો બોલવા લાગ્યા, ચારણવગેરે લોકો સ્તુતિ કરવા લાગ્યા અને સર્વત્ર આનંદમંગળ વર્તી રહ્યું. ઉત્તરાએ જીવતા થયેલ પુત્રને ખોળામાં લઇ શ્રીકૃષ્ણને પ્રણામ કર્યા. શ્રીકૃષ્ણે ઉત્તરા તથા તેના પુત્રને ઘણાં ઘણાં રત્નો આપ્યાં અને "સઘળો કુરૂવંશ પરિક્ષીણ થયા પછી આ પુત્ર જન્મ્યો છે માટે તે સર્વ જગતમાં પરીક્ષિત એ નામથી ઓળખાશે" એમ કહી તેનું તે નામ પાડ્યું. જીવતો થએલ પરીક્ષિત દિવસે દિવસે ઉછરવા અને લોકોને પ્રિય લાગવા લાગ્યો.

પરીક્ષિતના જન્મને પૂરો એક માસ થયા પછી પાંડવો ઘણું ઘણું ધન લઇ હસ્તિનાપુરની સમીપમાં આવ્યા. જો કે હિમાલયથી હસ્તિનાપુરમાં આવવું એ લાંબા દિવસનો પંથ નહોતો તોપણ પોતાની સાથે સોનામોહોરો તથા રત્નોનો મોટો બોજો હોવાથી તરત આવવું તેઓને ઘણું મુશ્કેલ થઇ પડ્યું હતું. પાંડવોને આવેલા જાણી શ્રીકૃષ્ણ તથા સાત્યકિ આદિ યાદવો, વિદુર, યુયુત્સુ તથા બીજા પણ સંબંધીઓ મોટી ધામધૂમથી સામૈયું કરવા ગયા. લોકોએ પુષ્પો, ધ્વજાઓ તથા પતાકાઓથી આખું શહેર શણગાર્યું; દેવમંદિરોમાં મહાપૂજાઓ ભરાવી તથા રાજમાર્ગમાં ગાયનો તથા નૃત્યોના ઉત્સવો કરાવ્યા. યાદવો પાંડવોને લઇને ગાજતે વાજતે પાછા હસ્તિનાપુરમાં આવ્યા. પુષ્કળ ધન મળવાથી રાજી થએલા પાંડવોએ દરબારમાં આવી ધૃતરાષ્ટ્ર, ગાંધારી તથા કુંતીને પ્રણામ કરી તેઓની પાસે જૂનો ખજાનો મળવાની સઘળી હકીકત કહી સંભળાવી. પછી કુંતી તથા વિદુરના મોહોડાથી પરીક્ષિતના જન્મની હકીકત સાંભળી બહુ રાજી થએલા પાંડવોએ શ્રીકૃષ્ણની ઘણી પૂજા કરી તથા ઉપકાર માન્યો. પછી વ્યાસના કહેવાપ્રમાણે અશ્વમેધ નામના મોહોટા યજ્ઞનો આરંભ કર્યો. બ્રાહ્મણો વેદમંત્રના ભારે ઘોષ કરવા લાગ્યા, સર્વ લોકોને ઇચ્છાભોજન અપાવા લાગ્યાં, દેશોદેશથી જે જે રાજાઓ તથા સંબંધીઓ ઉત્સવઉપર આવ્યા તેમને યોગ્ય માન આપવામાં કશી ખામી રહી નહિ. યુધિષ્ઠિરે સઘળા મેહેમાનોને ઘણાં ઘણાં રત્નો, હાથીઓ, ઘોડાઓ, અલંકારો, વસ્ત્રો તથા સુવર્ણો આપી વિદાય કર્યા. લડાઇમાં

નહિ આવેલ અને આ વખતે પોતાની માને સાથે લઈ આવેલ મણિપુરના રાજા, અર્જુનના પુત્ર બભ્રુવાહનને સૌથી અધિક ધન આપી વિદાય કર્યો. વ્યાસને જે હિસ્સો મળ્યો તે સઘળો તેણે કુંતીને આપી દીધો અને કુંતીએ તેમાંથી ઘણું ઘણું પુણ્ય કર્યું. દુર્યોધનના ભાણેજનો પુત્ર અને જયદ્રથનો પૌત્ર જે અર્જુનના કહેવાથી યજ્ઞમાં આવ્યો હતો તેને જયદ્રથનું રાજ્ય સ્વાધીન કર્યું. સઘળા રાજાઓને વિદાય કર્યાપછી શ્રીકૃષ્ણ, બલભદ્ર, સાત્યકિ તથા પ્રદ્યુમ્નાદિ યાદવોને મોટા માનપૂર્વક ધન તથા પોશાક આપી વિદાય કર્યા.

યુધિષ્ઠિરના અશ્વમેધનાં વખાણ દેશોદેશ થવા લાગ્યાં. ગંગાજીને કિનારે અશ્વમેધને સંપૂર્ણ કરી ભાઈઓસહિત મોટી ધામધૂમથી યુધિષ્ઠિર હસ્તિનાપુરમાં પધાર્યા એટલે આખા શહેરમાં ભારે ઉત્સવ થઈ રહ્યો.

પાંડવો હસ્તિનાપુરમાં આવી ધૃતરાષ્ટ્રને અગ્રણી કરી રાજ્ય કરવા લાગ્યા. સર્વ રાજકાજમાં ધૃતરાષ્ટ્રનીજ સલાહ લેવામાં આવતી હતી. વિદુર, સંજય તથા યુયુત્સુ ઘણું કરી ધૃતરાષ્ટ્રની પાસેજ હાજર રહેવા લાગ્યા. પાંડવો પ્રાતઃકાલમાં ધૃતરાષ્ટ્રની પાસે જઈ તેના ચરણમાં પ્રણામ કરી પોતાનાં કામો કરવા લાગ્યા. કુંતી ગાંધારીને અનુસરવા લાગ્યાં. દ્રૌપદી, સુભદ્રા તથા બીજી સ્ત્રીઓ બન્ને સાસુઓને સમાન ગણવા લાગી. જે જે શયનો, વસ્ત્રો, આભરણો તથા ભક્ષ્યભોજનો રાજાને વાસ્તે ઉંચા પ્રકારનાં આવે તે સઘળાં યુધિષ્ઠિર ધૃતરાષ્ટ્રને મોકલવા લાગ્યા. કૃપાચાર્ય તથા વ્યાસ ધૃતરાષ્ટ્રની પાસે રહી અનેક વાતોથી તેને વિનોદ આપવા લાગ્યા. વિદુર તેનીજ સંમતિપ્રમાણે ધર્મ તથા વ્યવહારનાં કાર્યો ચલાવવા લાગ્યા. કોઇને કેદ કરવાનું કે છોડી મૂકવાનું ધૃતરાષ્ટ્ર ફરમાવે તો તેમાં યુધિષ્ઠિર કશો વાંધો નહિ લેતાં તેમની મરજી સાચવવા લાગ્યા. તાબાના રાજાઓની પાસેથી જે કાંઇ કામ લેવાનું હોય અથવા જે કાંઇ માગવાનું હોય તે તેની જ મરજી પ્રમાણે સહેજ થવા તથા આવવા લાગ્યું. શહેરથી બહાર સુંદર પ્રદેશોમાં ફરવામાં તથા બીજી મુસાફરીમાં પણ તેમને સાથે જ રાખવામાં આવતા હતા. રસોઇવગેરેનું સઘળું કામ પણ તેમની અનુમતિથી જ કરવામાં આવતું હતું. વસ્ત્રો, અલંકારો, રોકડ તથા ગરાસવગેરે જે કાંઇ બ્રાહ્મણોને દેવાની મરજી થાય તે તે પોતાના ધાર્યાપ્રમાણે જ કરી શકતો હતો, ભલપણ રાખવાના જ નિશ્ચયવાળા યુધિષ્ઠિરે ધૃતરાષ્ટ્રના મનમાં કોઈ જાતનું ઓછું ન લગાડવા વાસ્તે તેની આજ્ઞામાં રહે તે મારો મિત્ર અને ન રહે તે શત્રુ ગણવામાં આવશે એમ

સઘળા ભાઇઓ તથા કારભારીઓને ચેતવણી આપી રાખી હતી. દેશોદેશના જે જે રાજાઓ હસ્તિનાપુરમાં આવતા હતા તેઓ સઘળા પ્રથમ ધૃતરાષ્ટ્રને મળી પછી યુધિષ્ઠિરને મળતા હતા. ધૃતરાષ્ટ્ર તથા ગાંધારી પણ પાંડવોને પુત્રોની પેઠે જ ગણતાં હતાં. યુધિષ્ઠિર, અર્જુન, નકુલ અને સહદેવ એ ચાર ભાઇઓ તો પૂરી શ્રદ્ધાથી ધૃતરાષ્ટ્રને રાજી રાખતા હતા; પણ ભીમ તો મોટા ભાઇના દાબને લીધે જ તેને રાજી રાખતો હતો અને યુધિષ્ઠિરના જાણુવામાં ન આવે એવી રીતે ધૃતરાષ્ટ્રની છેડ પણ કરી લેતો હતો તથા વખતે દુર્વચનો પણ સંભળાવતો હતો. ધૃતરાષ્ટ્ર ભીમની ઉદ્ધતાઇને કાંઈ પણ ન ગણકારતાં યુધિષ્ઠિરઉપર ધ્યાન રાખી શાંત રીતે જ રહેતો હતો.

રાજ્યની આ પ્રમાણે ધર્મયુક્ત પદ્ધતિ બંધાવાને લીધે સઘળી પ્રજામાં આનંદ ફેલાઇ રહ્યો અને તેનું રાજ્ય રામચંદ્રજીના રાજ્યજેવું ચાલવા લાગ્યું. વરસાદ સમયસર જેવો જોઇએ તેવો થવા લાગ્યો. પૃથ્વી કામધેનુની પેઠે સઘળી કામનાને પૂરવા લાગી. સઘળા વર્ણોમાં વિદ્યા તથા ધનનો વધારો થયો, લોકોમાં વ્યાધિઓ, ચોરો તથા બીજા કોઈ અનર્થોનો ભય રહ્યો નહિ, પવન પણ સુખકારી વાવા લાગ્યો, વૃક્ષોમાં પણ ફળફુલની વધારે સમૃદ્ધિ થવા લાગી અને સર્વત્ર આનંદમંગળ વર્ત્તી રહ્યું.

સમાપ્ત.

જેઓને આ પાંડવ કૌરવ પુસ્તક પસંદ પડયું હોય તેઓને અમારા તરફથી બહાર પડેલાં બીજાં પુસ્તકો પણ પસંદ પડશે જ એમ ધારી તેઓનું હવે પછીનાં પાનાંઓ ઉપર લક્ષ ખેંચવાની અમો રજા લઇએ છીએ.

ધી "અમરસિંહજી" પ્રિન્ટીંગ પ્રેસ, કાલુપુર—અમદાવાદ.

પ્રજામાં પ્રિય થઈ પડેલાં પુસ્તકો.

ચિકિત્સાબ્ધિ—(સંપૂર્ણ આર્ય વૈદ્યકગ્રંથ આવૃત્તિ ચોથી. કદ ડેમી આઠ પેજી ૪૯ ફારમ, પૂંઠું પાકું, કિંમત રૂા. ૨ બે) આ પુસ્તકમાં દેશી વૈદ્યકસંબંધી જાણવાજેવી તમામ બાબતો આવી જાયછે. આ એકજ પુસ્તકનો સારી રીતે અભ્યાસ કરનાર, ઉત્તમવૈદ્યતરીકે લેખાયછે. ગુજરાતી ભાષામાં આજ દિવસસુધીમાં દેશી વૈદાંસંબંધી આના જેવો બીજો કોઈ પણ ગ્રંથ બહાર પડ્યો નથી.

આર્યાનાર્યઔષધ—(દેશી અને અંગ્રેજી ઔષધોનો અપૂર્વ વૈદ્યક-સંગ્રહગ્રંથ, આવૃત્તિ ત્રીજી. કદ ડેમી આઠ પેજી ૪૭ ફારમ, પૂંઠું પાકું કિંમત રૂા. બે. બન્ને ભાગ સાથે) પહેલા ભાગમાં તમામ ઉપયોગી દેશી ઔષધો બનાવવાની તથા જુદા જુદા રોગોપર વાપરવાની રીત સ્પષ્ટ સમજાય તેવી રીતે દાખલ કરવામાં આવી છે અને બીજા ભાગમાં તેવીજ રીતે તમામ ઉપયોગી અંગ્રેજી ઔષધોની હકીકત દાખલ કરવામાં આવી છે. આ પુસ્તકનો લક્ષ દઈ ઉપયોગ કરનાર એક દેશી વૈદ્યતરીકે અને એક ડાક્ટરતરીકે એમ બન્ને રીતે દેશી અને અંગ્રેજી ઔષધો વાપરવામાં કાબેલ થાયછે.

પાંડવ અને કૌરવ—આ પુસ્તક તમારા હાથમાં જ છે. તેથી તેના સંબંધમાં કાંઇ લખવાની જરૂર નથી. તે પુસ્તક કેવું છે તે સઘળું તમે પ્રત્યક્ષ જુઓ છો.

રામ અને રાવણ—(ઇતિહાસગ્રંથ. આવૃત્તિ ત્રીજી. કદ ડેમી આઠ પેજી ૫૫ ફારમ. પૂંઠું કાચું. કિંમત રૂા ૧ એક) નીતિનો આબેહુબ ચિતાર, કરૂણારસનો નમુનો, દુષ્ટ સ્ત્રીનો દુરાગ્રહ, પવિત્ર પુત્રોનું આચરણ, સતીનો પ્રભાવ, સેવકનો ધર્મ અને ટુંકામાં શ્રી રામચંદ્રજીના ગુણ અને પરાક્રમનું સંપૂર્ણ વર્ણન વાંચવા દરેક ગૃહસ્થે આ પુસ્તક પોતાની ખાનગી લાયબ્રેરીમાં અવશ્ય રાખવું જોઇએ.

પાંડવાશ્વમેધ—(ઇતિહાસગ્રંથ, આવૃત્તિ બીજી. કદ ડેમી આઠ પેજી ૩૫ ફારમ, પૂંઠું પાકું કિંમત રૂા. ૨ બે) અલૌકિક પરાક્રમો, લવ અને કુશનું આખ્યાન, ચંદ્રહાસનું આખ્યાન, મહા યોદ્ધાઓનું યુદ્ધ, વીર

પુરૂષોની વીરતા તથા અનેક અદ્દ્ભુત આખ્યાનોનો સંગ્રહ આ પુસ્તકમાં દાખલ થયો છે.

શ્રીકૃષ્ણચરિત્ર—(ઇતિહાસગ્રંથ. કદ ડેમી આઠ પેજી ૬૦ ફારમ, પૂંઠું કાચું, કિંમત રૂા. ૨ બે) આ પુસ્તક પરમાત્મા શ્રીકૃષ્ણભગવાનનાં ચિત્તાકર્ષક ચરિત્રોનું એક સુંદર સંગ્રહસ્થાન છે એટલે શ્રીકૃષ્ણભગવાનસંબંધી સઘળી હકીકતથી ભરપૂર છે.

મુક્તા—(સાહિત્યગ્રંથ. કદ ડેમી આઠ પેજી ૫૭ ફારમ. પૂંઠું પાકું. કિંમત રૂા. ૩ ત્રણ) ધર્મ, નીતિ અને વ્યવહારસંબંધી જ્ઞાન આપવાની સાથે સંસારસુધારો, રૂઢિ, રાજ્યપ્રકરણી વિષયો, ચાર પુરૂષાર્થ, નવરસ તથા અલંકારવગેરેનાં આબેહુબ વર્ણનો તેમજ રસીલી વાર્તાના પ્રસંગમાં શેહેર, જંગલ, બગીચા, જલાશય, આશ્રમ, ઋતુઓ, શિકાર, ગુફા, પાતાળ તથા યુદ્ધનાં વર્ણનો પૂરાં પાડનાર હોવાની સાથે ઉંચી ગુજરાતી ભાષા શીખવાનું અને સમજવાનું આ પુસ્તક ઉત્તમ સાધન છે.

ગુજરાતી ગ્રંથકારો અને ગ્રંથો—(સાહિત્યગ્રંથ. કદ ડેમી આઠ પેજી ૪૧ ફારમ. પૂંઠું કાચું, કિંમત રૂા. ૧ાા દોઢ) આ પુસ્તકમાં ૬૪ ગ્રંથકારોનાં જીવનચરિત્રો અને તેઓએ બનાવેલાં ૨૧૧ પુસ્તકોનો હેવાલ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

સંક્ષિપ્ત કાદંબરી—(સાહિત્યગ્રંથ. આવૃત્તિ ત્રીજી, કદ ડેમી આઠ પેજી ૧૨ ફારમ. કિંમત આના ૮ આઠ) બાણભટ્ટે સંસ્કૃત ભાષામાં લખેલ કાદંબરીનું ગુજરાતી ભાષામાં સહેલું અને ટૂંકું રૂપ આ પુસ્તક વાંચવાથી ધ્યાનમાં આવેછે.

શ્રીમદ્ભગવદ્ગીતા—(આર્યતત્વજ્ઞાનનું અપ્રતિમશાસ્ત્ર, કદ ડેમી આઠ પેજી ૨૫ ફારમ કિંમત રૂપિયો ૧) મૂળ શ્લોકોસહિત આ અતિશય શુદ્ધ ગુજરાતી ભાષાંતર, પરમ પુરૂષાર્થનું સાધન કરવાની ઇચ્છા પાર પાડવા દરેક મનુષ્યે નિત્યપાઠ કરવાયોગ્ય છે.

આયુર્વેદમાર્ગોપદેશિકા—વૈદ્યકગ્રંથ, કદ ડેમી અઢાર પેજી દશ ફારમ, કિંમત આના આઠ) ચાલુ દરદો અકરાદિક્રમથી લઇ તેનાં કારણ અને સ્વરૂપવગેરેનું જરૂર પડતું વર્ણન આપ્યાપછી તે દરેક દરદની નીચે તેના ઇલાજોનું વર્ણન આપવામાં આવ્યું છે, જે ઇલાજો સાધારણ માણસ પણ સહેલાઇથી તૈયાર કરી શકે તેવા છે.

શ્રીમદ્ભગવદ્ગીતા—(શુદ્ધ ભાષાંતરઉપરાંત તાત્વિક બોધમાટે પુષ્કળ વ્યાખ્યાનસહિત. કદ ડેમી આઠ પેજી લગભગ ૮૦ ફારમનો મોટો ગ્રંથ. પૂંઠું પાકું. કિંમત રૂ. ૪) ઘણા વિદ્વાનોએ છેવટનો નિર્ણય કર્યો છે કે ધર્મનાં પુસ્તકોનો પાઠમાત્ર ફલદાયી નથી પણ પાઠની સાથે તેનો અર્થ તથા તાત્પર્ય સંપૂર્ણ સમજાય તોજ તે ફલદાયી નિવડેછે. આ પ્રમાણે ગીતા પુસ્તક તેના વાંચનારને પૂરેપૂરૂં ફલદાયી નિવડે એવા હેતુથી તે મૂળ, ભાષાંતર તથા પૂરેપૂરાં વ્યાખ્યાનસહિત અમોએ બહાર પાડ્યું છે. મૂળ તથા ભાષાંતરસહિત ગીતાનાં પુસ્તકો તો ઘણાં બહાર પડયાં છે પણ પૂરતાં વ્યાખ્યાનવાળાં ગીતાનાં પુસ્તકો થોડાં જ બહાર પડયાં છે અને જે બહાર પડ્યાં છે તેમાં પણ ઘણે ઠેકાણે જૂદી જૂદી ખામીઓ જોવામાં આવેછે. અમો નિશ્ચયપૂર્વક જાહેર કરીએ છીએ કે, અમારાતરફથી બહાર પડેલ આ ગીતા પુસ્તકમાં તેવી ખામી બિલકુલ નજરે નહિ પડે. શ્રી શંકરાચાર્યવાળું ભાષ્ય તથા શંકરાનંદ, નીલકંઠ, અને શ્રીધરવગેરે પંડિતોનાં વ્યાખ્યાનોઉપર નજર રાખીને તત્વવિષયનો એક પણ અંશ ન જવા દઇ આ સ્વતંત્ર વ્યાખ્યાનવાળું પુસ્તક અમોએ પ્રસિદ્ધ કર્યું છે. વિવેકી વાંચનારાઓ, બીજા વિદ્વાનોતરફથી બહાર પડેલાં ગીતાનાં પુસ્તકો તથા આ પુસ્તકવચ્ચેનો તફાવત પ્રત્યક્ષ જોઇ શકશે. આત્મશ્લાઘાથી નહિ પણ સત્ય વાત પ્રસિદ્ધિમાં મુકવાના આશયથી અમારે કહેવું પડેછે કે, શાસ્ત્રીય વિષયોમાં બિલકુલ નહિ ખેડાયેલી ગુજરાતી ભાષામાં આજસુધી ગીતાશાસ્ત્રના ગૂઢ વિષયમાં પ્રવેશ કરાવે એવું આ સિવાય બીજું એકે ગીતાનું પુસ્તક બહાર પડ્યું નથી.

આ પુસ્તકમાં પ્રત્યેક શ્લોકના અર્થની સાથે વ્યાખ્યાનમાં તે અર્થનું વિશદીકરણ, તેમાં આવતા આક્ષેપોનાં સરલ અને સચોટ સમાધાનો તથા ઉંડા ભાવાર્થો આપવામાં આવેલ છે, જેમાં પ્રસંગોપાત્ત યોગશાસ્ત્રની પદ્ધતિ તથા ન્યાયશાસ્ત્રના અનુમાનાદિ વિષયો પણ સમજાવેલા છે, એટલુંજ નહિ પણ જે જે શાસ્ત્રના વિષય જ્યાં જ્યાં આવેલા છે ત્યાં ત્યાં તે ઉપયુક્ત અંશથી ગોઠવેલા છે. આટલું છતાં તેની વાકયરચના ઘણી સરલ હોવાથી વાંચનારને તેમાં બિલકુલ કંટાળો આવે તેવું નથી. ટૂંકામાં ગીતા પુસ્તકના દરેક અધિકારીએ આ પુસ્તક રાખવા જેવું અને મનન કરવા જેવું છે.

શારીરિક, માનસિક અને નીતિસંબંધી સુધારામાટે સાદાં અને સત્ય વચનો—આ પુસ્તકના નામઉપરથીજ તેમાંના ઉપયોગી

લેખનું સૂચન થાયછે. એમાં બ્રહ્મચર્ય, અપવિત્રકામતૃપ્તિ, દીર્ઘાયુ, કુદરતી-ખોરાક અને એવા એવા બીજા અનેક ઉપયોગી વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પુસ્તક છપાયછે. છપાઇ તૈયાર થયાપછી તેના કદ વગેરે ઉપરથી તેની કિંમત જાહેર કરવામાં આવશે.

મણિમનુસ્મૃતિ—આર્યધર્મશાસ્ત્રમાં શિરોમણિ ગણાતા મનુસ્મૃતિ નામના ગ્રંથનું માત્ર ગુજરાતી ભાષાંતર જો કે બીજાઓતરફથી આની પહેલાં એકકરતાં વધારે વખત બહાર પડેલ છે. પણ આ પુસ્તક તેથી ઘણી જૂદી શૈલી-પર લખવામાં આવ્યું છે. એટલે કે એમાં મૂળ શ્લોક, તેનો અર્થ અને તે પછી તેનું વિવરણ છે. તેમાં પૂર્વના પ્રતિષ્ઠિત ટીકાકારોના યોગ્ય આશયોની સાથે પૂરતું વિવેચન આપવામાં આવ્યું છે. આર્યધર્મનું ખરૂં રહસ્ય જણાવનારા અનેક ઉપયોગી અને અલૌકિક વિષયોથી ભરપૂર આ ગ્રંથ તૈયાર થાયછે. છપાઈ તૈયાર થયાપછી તેના કદ વગેરેઉપરથી તેની કિંમત જાહેર કરવામાં આવશે.

વ્રતોત્સવ—આ પુસ્તકમાં એકાદશીવગેરે વ્રતો, કૃષ્ણજન્માષ્ટમી-વગેરે વ્રત તથા ઉત્સવો અને દોલોત્સવવગેરે માત્ર ઉત્સવો જે શૈવ, વૈષ્ણવવગેરેમાં જૂદા જૂદા દેશમાં પ્રચલિત છે તે સઘળાંનો સંગ્રહ કરવામાં આવ્યો છે. વ્રત તથા ઉત્સવનું સ્વરૂપ, તેનું અનુષ્ઠાન અને તેના સંબંધમાં જો કાંઇ ઇતિહાસ હોય તો તે જણાવવામાં આવેલ છે. આ સઘળાં વ્રતો અને ઉત્સવો મહિનાવાર લેવામાં આવ્યાં છે. અને છેવટમાં વારવગેરેનાં પરચુરણ વ્રતો લેવામાં આવ્યાં છે. આપણા દેશમાં ચાલતાં વ્રતોવગેરે માટે આપણા શાસ્ત્રમાં શું કહેલું છે તે જાણવાનું આ ઉત્તમ સાધન છે. પુસ્તક છપાયછે, છપાઇ તૈયાર થયા બાદ પુસ્તકની કિંમત વગેરે જાહેર કરવામાં આવશે.

વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી.

આતંકનિગ્રહ ઔષધાલય.

જામનગર—કાઠિયાવાડ.

આતંકનિગ્રહ ગોળીઓ

તથા

વાજીકરણ તૈલના

ક્રમવાર થતા ફાયદાઓની

ટુંક નોધ

આતંકનિગ્રહ ગોળીઓ ખાવાની શરૂઆત કરતાં રોગની વેદના દૂર થાયછે, પેટ સાફ આવેછે, તથા બીજા આવી પડનારા રોગોની સામે અટકાવ નખાયછે. આ પછી એ ગોળીઓની અસરનું બીજું પગથીયું મંડાયછે. તેમાં લોહી શુદ્ધ થાયછે તથા વધારે ઉતાવળથી શરીરમાં ફરવા લાગેછે, ભૂખ સારી લાગવા માંડેછે, મગજ તાજું થાયછે, શરીરમાં બળ તથા સ્ફૂર્તિ દેખાવા લાગેછે, વીર્ય ઘટ્ટ બનેછે તથા શરીરમાં તેનો જમાવ થવા લાગેછે, અને ધાતુસ્રાવવચ્ચેનો અંતર લંબાતાં લંબાતાં આખર ધાતુપાતનું દરદ તદ્દન બંધ પડી જાયછે. ત્રીજે પગથીયે ઇંદ્રિયો વધારે બળવાન થાયછે, આંખનું તેજ વધેછે, શરીર યોગ્ય પ્રમાણમાં વધવા લાગેછે અને ગુમ થયેલી શક્તિ તેની અસલ સ્થિતિએ પાછી આવી પહોંચેછે અને છેવટના અથવા ચોથા પગથીયાપર એ ગોળીઓની અસરથી પુરૂષ મજબૂત અને કદાવર બનેછે તથા બહારથી તેમજ અંદરથી દરેક જાતના રોગના હુમલાસામે સહિસલામત ટકી રહી શકેછે.

વાજીકરણ તૈલ લગાવવાની શરૂઆતમાં ગુપ્ત અવયવની દરેક ખામીખોડ દૂર થવા લાગેછે. બીજાં પગથીયાંપર તેની કમી થયેલી અથવા ગુમ થયેલી શક્તિ તેને પાછી મળેછે અને છેવટમાં તે તૈલ સંપૂર્ણ પુરૂષત્વ આપેછે.

મજબૂત ભલામણ.

ગુમ થયેલી શક્તિ અને મરદાઇ સજીવન કરવામાટે આતંકનિગ્રહ ગોળીઓ અને વાજીકરણ તૈલ એ બે ઔષધોનો સાથે ઉપયોગ કરવાની અમો મજબૂત ભલામણ કરીએ છીએ.

આતંકનિગ્રહ ગોળીઓવિષે એટલુંબધું કહેવામાં અને લખવામાં આવ્યું છે કે, તેના અદ્‌ભુત ગુણોની માહીતી આ આખા દેશના દરેક ખૂણું સુધી પહોંચી ચૂકી છે અને તેથી તે ગોળીઓસંબંધી વધારે લખાણ કે વખાણું કરવાની જરૂર નથી.

વાજીકરણ તેલ જે દેશી તથા યૂનાની વૈદાંની મદદથી તૈયાર કરવામાં આવ્યું છે અને જેનો ઉપયોગ માત્ર બહાર લગાવવામાંજ થાયછે તે, **આતંકનિગ્રહ ઔષધાલય**નું બીજું કિંમતી રત્ન છે. તેની અદ્‌ભુત શક્તિ વાપર્યા પછી તરત જ અનુભવવામાં આવે છે.

બાળમિત્ર.

તાવ, ઉધરસ, ઝાડો, ઉલટી, બરાઈ આવવું, પેટનું વધવું, શરીરનું પીળું પડવું તથા ગળી જવું વગેરે, બાળકોને થતાં દરદોઉપર આ ગોળીઓ એક ચોકસ ઇલાજ છે. વળી આ ગોળીઓના સેવનથી બાળકોની ચાલાકી અને તેજમાં વધારો થવાની સાથે તેના શરીરનો બાંધો પણ મજબૂત થાયછે.

જેટલા વર્ષનું બાળક હોય તેટલી તેટલી ગોળી સવારસાંજ અતવશની કળી તથા હરડેના ઘસારાની સાથે આપવી.

કિંમત–ગોળી ૩૦૦ ની ડબી ૧ નો રૂા. ૧ એક.

નેત્રાનંદમંદાર.

આંખોનાં દરદોને માટે આ એક બાદશાહી ઉપાય છે. ત્રાંબાના વાસણ ઉપર થોડા પાણીસાથે આ દવાને ઘસી તેનું આછું પાણી આંખમાં આંજવાથી આંખની ઝાંખ, પડળ, ફુલું, છારી, આંખનું ઉઠી આવવું વગેરે કોઇ પણ જાતનું આંખનું દરદ રહેવા પામતું નથી. બાળક, સ્ત્રી કે પુરૂષ બધાને માટે તે એકસરખી ઉપયોગી છે. આંખે દેખતાં બંધ થયેલા ઘણા દરદીઓતરફથી અમને પત્રદ્વારા તથા રૂબરૂ ખબર મળી છે કે, તેઓ એ દવાના પ્રતાપથી ફરી દેખતા થયા છે. મોટા કે નાના કુટુંબવાળા દરેક ગૃહસ્થના ઘરમાં આ દવા અવશ્ય રહેવી જ જોઇએ. કારણ કે તેની વખતોવખત જરૂર પડેછે.

કિંમત–તોલા ૦॥ ની સોગઠી ૧ નો રૂા. ૧ એક.

કાસાંતક.

ખાલી અથવા કફના ભરાવાવાળી તેમજ દમવગરની કે દમસાથેની ઉધરસને કાબુમાં લઇ તેની જડ કહાડનારી આ ગોળીઓ ગળાંનાં, છાતીનાં, ફેફસાંનાં તથા હાંડીનાં દરદોને દૂર કરેછે.

સવારે, બપોરે અને સાંજે એક એક ગોળી ટાઢાં પાણીસાથે અથવા અરડુસાનાં પાંદડાંનો રસ એક તોલો અને અડધો તોલો ચોખું મધ એ બન્નેને સાથે મેળવી તેમાં લેવી.

કિંમત–ગોળી ૫૦ ની ડબી ૧ નો રૂ. ૧ એક.

ચંદ્રપ્રભા.

પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર, વધરાવળ, હરસ તેમજ સ્ત્રીઓનાં દરેક જાતનાં પ્રદર અને સુવાવડના રોગ સફાઇબંધ મટાડવામાં પૂરતી ફત્તેહ મેળવેછે.

સવારસાંજ જમ્યા પહેલાં અરધી અરધી ગોળી દૂધની સાથે લેવી.

કિંમત–ગોળી ૧૬ ની ડબી ૧ નો રૂ. ૧ એક.

જ્વરાંતક.

પાચનશક્તિનું મંદ પડવું અને પેટનું સાફ નહિ આવવું એ બે તાવમાં મૂળ કારણો છે. આ ગોળીઓ પાચનશક્તિને તેજ કરેછે, પેટ સાફ લાવેછે અને કોઇ પણ જાતના તાવ, પછી તે રોજીંદો હોય, એકાંતરો હોય, તરીયો હોય, ચોથીઓ હોય કે મેલેરીઅસ હોય તેને પણ એકદમ કહાડી નાખેછે.

સવારસાંજ બબ્બે ગોળી પાણીસાથે લેવી. તાવ હોય ત્યારે તેમજ ન હોય ત્યારે પણ આ ગોળીઓ લઇ શકાયછે.

કિંમત–ગોળી ૪૦ ની ડબી ૧ નો રૂ. ૧ એક.

કૉલેરા પિલ્સ.

સાધારણ ઝાડા, ઉલટી અને અજીર્ણવગેરેપર આ ગોળીઓ સવાર સાંજ એક એક ટાઢા પાણીસાથે લેવી. કૉલેરાના દરદમાં તેની શરૂઆત

જણાતાંજ બે ગોળી એકી વખતે ટાઢા પાણીસાથે લેવાથી તેમજ તે પછી પણ જોઇતી અસર થતાંસુધી દર અકેક અથવા બબ્બે કલાકે એક એક ગોળી ટાઢા પાણીસાથે ચાલુ રાખવાથી કૉલેરા મટી જાયછે. કૉલેરા જેવા ભયંકર દરદમાં આ દવાની અમો ભલામણ કરીએ છીએ તેઉપરથી સમજાશેજ કે, એ દરદઉપર એ ગોળીઓ અકસીર ઇલાજ છે.

કિંમત-ગોળી ૩૦ ની ડબી ૧ નો રૂ. ૧ એક.

કર્ણતેલ.

કાનમાંથી પરૂ નિકળવું, ચસકા આવવા, ગણગણાટ થવો તથા સાંભળવાની શક્તિ મંદ પડવી વગેરે દરદો આ તેલનાં ટીપાં નાખવાથી અવસ્ય મટેછે,

કિંમત-તોલા ૨ ની શીશી ૧ નો રૂ. ૧ એક.

આયુષ્ અને આરોગ્યવર્દ્ધક તેલ.

ચરબીથી જાડાં થઇ ગયેલાં માણસો જો આ તેલ શરીરે લગાડે તો શરીરનું બેડોળપણું મટી શરીર મજબૂત બાંધાવાળું થાયછે અને સુકલ લકડીજેવાં દુબળાં માણસો તે લગાડે તો, તેઓ હૃષ્ટપુષ્ટ થાયછે. વળી આ તેલથી માથાંના વાળ લીસા અને ચળકતા થવાની સાથે ઘણા વધેછે. તથા તેમાં આવતી સફેદી અટકી, ચળકતી કાળાશ કાયમ થાયછે.

કિંમત-તોલા ૫ ની શીશી ૧ નો રૂ. ૧ એક.

વાતગજકેસરી તેલ.

સંધિવા, હાથપગનું રહી જવું, અકડાઈ જવું, ચસકા, શળ, માથાનો દુખાવો, અને વાયુના દરેક વિકાર, ઉપર આ એક આબાદચોકસ, રામબાણ અને કદીપણ નિષ્ફળ ન જાય એવો ઉપાય છે.

દુખતા ભાગપર એ તેલ થોડું લઈ ઘસવું.

કિંમત-તોલા ૫ ની શીશી ૧ નો રૂ. ૧ એક.

શુદ્ધ મોતીનો સુરમો.

સુરમો હમેશાં આંખમાં આંજવાથી આંખમાં કોઈ પણ જાતનું દરદ થતું નથી અને આંખમાંથી પાણીનું ઝરવું, આંખની બળતરા, ખરજવગેરે આંખનાં દરદો ઘણી સફાઇથી મટી જાયછે.

કિંમત–કાળો સુરમો તોલા ૧ નો રૂા. ૧॥ દોઢ.

ધોળો સુરમો તોલા ૧ ના રૂા. ૨ બે.

આ સિવાય "આતંકનિગ્રહ ઔષધાલય"માં તોલા એકની કિંમત રૂા. ૨૪ ચોવીશવાળો ઘણો જ ઉંચો **સુરમો** તૈયાર કરવામાં આવેછે. એ **સુરમાની** કિંમત જ તેના અમૂલ્ય ગુણોની ખાત્રી આપેછે. આ **સુરમો** રૂા. ૩ ત્રણ કરતાં ઓછી કિંમતનો મોકલવામાં આવતો નથી.

અમૃતાર્ણવ.

આ એક પાકના રૂપમાં ચાટણ છે. ઘણું સ્વાદિષ્ટ છે, ઘણું લેહેજતદાર છે અને ઘણા લાંબા વખતનાં દમ, ઉધરસ, ક્ષય, સંગ્રહણી, ઉરઃક્ષત તથા વાતરક્ત એ દરદોઉપર તે આબાદ ઈલાજ છે. હમેશાં ઘસાઈ જતાં બાળકો, પુરૂષો તથા સ્ત્રીઓ આ દવાના ઉપયોગથી જોઇએ તેવાં મજબુત થાયછે. વખતવગર બુઢ્ઢાં થયેલાં માણસો પણ એ દવાના ચાલુ સેવનથી પાછાં જુવાનજેવાં થઈ જાયછે.

સવારસાંજ એક એક તોલો ખાઈ ઉપર થોડું દુધ પીવું.

કિંમત–તોલા ૨૦ ના ડબા ૧ ના રૂા. ૨ બે.

રેચક ગોળીઓ.

રાતે સુતી વખતે બે ગોળીઓ પાણીસાથે લેવાથી સવારે એક સાફ પેટ આવેછે તથા શરીર આળસરહિત થાયછે. આ ગોળીની કિંમત બહુજ થોડી છતાં તેના ગુણો ઘણા કિંમતી છે.

કિંમત–ગોળી ૩૨ ની ડબી ૧ ના આના આઠ.

વ્રણમર્દન

જખમ, નહિ રૂઝાતાં ચાંદાં, છોકરાંઓનાં માથાંનું સડી જવું, ખસ, સૂકું કે લીલું ખરજવું અને નહિ રૂઝાતાં ગુમડાં વગેરે ચામડીનાં દરદોને આ મલમ ઘણી ઝડપથી મટાડી દેછે.

કિંમત—ડબી ૧ નો રૂ. ૧ એક.

દાદરની સોગઠી.

ગમે તેટલા વરસની કાળી યા લાલ આખે શરીરે ફેલાયેલી કે થોડા ભાગમાં ફેલાયેલી દાદરઉપર આ સોગઠી પથ્થરપર પાણીસાથે ઘસી ચંદનની માફક દરદવાળા ભાગપર લગાડવાથી બાર કલાકમાં ફાયદો માલમ પડેછે.

કિંમત—તોલા ૨ ની સોગઠી ૧ ના આના ચાર.

દંતમંજન.

અમારા તરફથી ઇંગ્રેજી અને હિંદી ભાષામાં નિકળતાં "**આયુર્વેદ-રહસ્ય**" નામનાં ચોપાનિયામાં દાંતનાં દરદોને માટે પુષ્કળ લખવામાં આવ્યું છે કે, દાંતની સફાઈ નહિ રાખવાથી સેંકડે નેવું માણસનાં મોઢામાંથી બદબો નિકળેછે, જેની ચેતવણી તેને બીજાતરફથી મળતી નથી તેમ તેની પોતાને ઘણે ભાગે ખબર પડતી નથી આવા કારણથી દરેક માણસે અમારૂં "**દંતમંજન**" હમેશાં વાપરવું જોઇએ. એ મંજન લગાડવાથી દાંત સડતા નથી. ઢીલા થયા હોય તો મજબૂત થાયછે, દાંતપર ખેરી બાઝતી નથી, દાંત ચકચકિત થાયછે, દાંતનાં પારાં ચડતાં નથી તેમ તેમાંથી લોહી નિકળતું નથી. મોઢામાંથી નિકળતી ખરાબ વાસ બંધ થાયછે અને તેથી ખોરાક લેવામાં પણ સારી રૂચિ થાયછે.

કિંમત—તોલા ૪ ના પડીકાં ૧ ના આના ૪ ચાર.

કેસરાદિ ગોળી.

શરીરમાં ગરમી ફુટી નિકળેલી હોય અને ગરમીની અસરથી શરીરનું લોહી ઝેરી બનેલું હોય અને તેને લીધે જ શરીરના સાંધા અકડાઈ ગયા હોય તો આ દવા વાપરવામાં બિલકુલ ઢીલ કરવી નહિ.

સવાર સાંજ બબ્બે ગોળી ઘીની સાથે લપેટી ગળી જવી. દૂધ, ભાત રોટલી, સાકરવગેરે મોળો ખોરાક લેવો. તેલ, મરચું, મીઠું વગેરે ન જ લેવું.

કિંમત—ગોળી ૧૦૦ ની ડબી ૧ નો રૂ. ૧ એક.

પ્રાચીન પંકાએલા વિદ્વાન મહાન વૈદ્યો પોતાના ઉત્તમમાં ઉત્તમ ઔષધપ્રયોગોમાટે માત્ર દુનિઆના ભલાસારૂ પ્રતિજ્ઞાપૂર્વક તેના ખરા ગુણો જાહેર કરતા આવ્યા છે અને તેની સચ્ચાઈ સમજાવવા સોગન પણ લેતા આવ્યા છે તેમ—

અમો પણ આ પ્રસંગે

અમારી

આતંકનિગ્રહ ગોળીઓ અને વાજીકરણ તેલના સંબંધમાં તેમાં સમાએલા ઉંચામાં ઉંચા ગુણોને લીધે જાહેર પ્રતિજ્ઞાઓ કરીએ છીએ કે—

પ્રતિજ્ઞા ૧ લી—અમારી આતંકનિગ્રહ ગોળીઓ અને વાજીકરણ તેલ અમોએ જાહેર કરેલ પોતાના ગુણમાં નિષ્ફળ જાય તો હવે અમો વૈદ્યતરીકે અમારૂં નામ કદી પણ જાહેરમાં મુકીશું નહિ.

પ્રતિજ્ઞા ૨ જી—પુરૂષત્વ મેળવવામાટે ખાવાની અમારી આતંકનિગ્રહ ગોળીઓ અને બહારથી લગાવવાનું અમારૂં વાજીકરણ તેલ એ બન્ને દવાઓ અમોએ તેના સંબંધી જાહેર કરેલા ગુણવગરની હોય અને તેને માટે અમો ખોટાં લખાણ કરતા હોઇએ તો દાનવગેરેથી થતાં પુણ્યપરનો અમારો હક અમો છોડી દઇએ છીએ.

આતંકનિગ્રહ ગોળીઓની કમતીમાં કમતી એક ડબીથી અને વધારેમાં વધારે ચાર ડબીથી ફાયદો થાયછે, પણ તે ફાયદો નથી કરતી એમ કદી બનતું જ નથી. પણ અમારૂં વાજીકરણ તેલ તો પહેલે દિવસ જ પોતાનું પરાક્રમ બતાવી દરદીની ખાતરી કરી આપેછે. અને બાટલી પૂરી થાય ત્યાં સુધી વાપરવાથી હમેશને માટે એટલે કાયમનો ફાયદો થાયછે.

પ્રતિજ્ઞા ૩ જી—ઉપર લખ્યાપ્રમાણે આતંકનિગ્રહ ગોળીઓ અને વાજીકરણ તેલથી ધારેલી અસર થતી નથી એવા જો કોઇના સાચા શબ્દો અમે સાંભળીશું તો એ બે દવાઓના ગુણ જાહેરમાં મુકવા માટે કદી અમો અમારા હાથમાં કલમ લઇશું નહિ.

પ્રતિજ્ઞા ૪ થી—અમારાં વાજીકરણ તેલની કિંમત જરા વધારે જણાય તેવી છે પણ તે તૈયાર કરતાં તેમાં થતા ખરચ અને મહેનતના પ્રમાણમાં જો તેની કિંમત અમોએ જરાપણ વધારે રાખી હોય તો વિશ્વાસઘાતી પુરૂષની જે દશા થાય તે દશા અમારી થજો.

પ્રતિજ્ઞા ૫ મી—અનુકરણ કરી માત્ર પૈસા મેળવવાની જ ધારણાથી જેમ હાલ અનેક નામધારી વૈદ્યોતરફથી માત્ર શક્તિની દવા અને લગાડવાનાં ઘી, તેલ કે પટ્ટીઓની તદ્દન ખોટી જાહેરાત જોવામાં આવેછે, તેમ અમારાં ઔષધોમાં જરા પણ ધાત્તંગ હોય તો શાસ્ત્રમાં કહેલાં પાપનાં ફળો ભોગવવા અમો તૈયાર છીએ.

પ્રતિજ્ઞા ૬ ઠ્ઠી—અમારી આતંકનિગ્રહ ગોળીઓ અને વાજીકરણ તેલના જાહેર કરેલા ગુણોમાં કાંઈ પણ અસત્યનો અંશ હોય તો અમારી સઘળી ભલી ધારણાઓ નિષ્ફળ થજો.

પ્રતિજ્ઞા ૭ મી—અમારૂં વાજીકરણ તેલ આજસુધીમાં દુનિયામાં કોઇ પણ દવાએ નહિ મેળવી હોય તેવી કીર્તિ મેળવીછે અને મેળવશે. વધારે વધારે કીર્તિ મેળવવાની અમારી આ ભવિષ્યવાણી જો ખોટી હોય તો દુનિયાના તમામ પાપીઓના પાપનું ફળ અમોને થજો.

પ્રતિજ્ઞા ૮ મી—અમારી છેલ્લી અને ભયંકર પ્રતિજ્ઞા એ છે કે, અમારી આતંકનિગ્રહ ગોળીઓ અને વાજીકરણ તેલ જો કોઇ પાપના ફળથી, કે કોઇ શાપના બળાથી, કે બીજા કોઈ ગમે તે કારણથી પોતાના કદિપણ નિષ્ફળ નહિ જાય તેવા ગુણો બતાવવામાં નિષ્ફળ જાય, દરદીઓની સહાયતા કરવામાં શિથિલ થાય અને પોતાના દરદોરૂપી દુશ્મનોસામે લડવામાં જરા પણ પાછી પાની દે તો, અમો અમારા આતંકનિગ્રહ ઔષધાલયની હેડ ઑફીસ અને દરેક બ્રાંચ ઑફીસને વગર શંકાએ તાળાં મારી બંધજ કરીશું.

પણ

અમોને ચોકસ ખાત્રી છે અને ચોકસ વિશ્વાસ છે કે, અમારી આતંકનિગ્રહ ગોળીઓ અને વાજીકરણ તેલ ધરતીઆકાશ ઉલટપુલટ થાય તો પણ કદી નિષ્ફળ નિવડવાનાં નથી, પણ તેઓની કીર્તિ, ફત્તેહ અને પરાક્રમ દિવસોદિવસ વધારેને વધારે ઝળકતાંજ રહેશે.

વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી,

આતંકનિગ્રહ ઔષધાલય,

જામનગર-કાઠિયાવાડ.

લોકાપવાદના ભયથી અમો પ્રાચીન પંડિતોની પેઠે સોગન વગેરે નથી લેતા એમ બીજે ઘણે ઠેકાણે લખી ગયાં છતાં અહીં પ્રતિજ્ઞાઓ કરીએ છીએ એ પરસ્પર વિરૂદ્ધ લેખ વાંચનારાઓ સહેલાઇથી સમજી શકશે કે અમારી આતંકનિગ્રહ ગોળીઓ અને વાજીકરણ તેલના ચમત્કારિક ગુણો જ અમને એમ કરવાની ફરજ પાડેછે.

એક વિશેષ વિજ્ઞપ્તિ.

અમારા આતંકનિગ્રહ ઔષધાલયમાં પત્ર વ્યવહાર કરનારા તથા રૂબરૂમાં આવનારા દરદીઓમાં જોવામાં આવેછે કે સેંકડે ૮૦ ટકા દરદીઓ ધાતુંપાતના દરદથી તથા પુરૂષત્વહાનિથી પીડાતા હોયછે. તેઓને અમારી આતંકનિગ્રહ ગોળીઓનો ઉપયોગ કરાવવામાં આવેછે અને તેમાં અમોને ક્યાંય ને કદીપણ નિરાશ થવું પડયું નથી. લગભગ ૩૦ વર્ષ થયાં એ ગોળીઓના વપરાશને લીધે અમોને ખાત્રી થઈ છે કે ધાતુસંબંધી તમામ પ્રકારના રોગોને દૂર કરવામાં આતંકનિગ્રહ ગોળીઓ સૌથી શ્રેષ્ઠ અને કદી પણ પાછો ન હઠે તેવો ઉપાય છે. ધાતુસંબંધી નબળાઇ અને પુરૂષત્વહાનિને મટાડવામાટે આતંકનિગ્રહ ગોળીઓ જેમ ખાવાના દવાજતરીકે ઉપયોગી છે તેમજ એ કામ કરવામાટે બાહ્યોપચારરૂપ અમારૂં વાજીકરણ તેલ પણ તેટલુંજ ઉપયોગી છે. જે કામ કરવાનો આતંકનિગ્રહ ગોળીઓ આરંભ કરેછે તે કામને તેવાજ ગુણ ધરાવનારૂં વાજીકરણ તેલ, જે લગાડવાની શરૂઆતમાં જ પોતાનો અદ્‌ભુત ગુણ દેખાડનારતરીકે પ્રખ્યાતિને પામેલું છે તે ઘણી સારી રીતે પૂર્ણ કરેછે. કેટલાએક ઉંટવૈદો પોતાની દવાનાં મિથ્યા વખાણ કરવામાં જેમ આકાશ પાતાળ ફાડી નાખેછે તેવું આમાં કંઇ પણ નથી એ ખાત્રી રાખવી. અમે તો માત્ર એટલુંજ જણાવીએ છીએ કે, એક વખત આની પરીક્ષા કરો એટલે સઘળી ખાત્રી થશે. અમોએ ચરકસુશ્રુત વગેરે પ્રાચીન વૈદ્યકગ્રંથોનું ધ્યાનપૂર્વક અવલોકન કરી આ આતંકનિગ્રહ ગોળીઓ તૈયાર કરેલી છે તથા દેશી વૈદ્યકશાસ્ત્ર, યુનાની વૈદકશાસ્ત્ર અને લાંબા મુદતની પરીક્ષા તથા અનુભવ એઓના આધારથી વાજીકરણ તેલ તૈયાર કરેલું છે; એનો ઉપયોગ કરવાથી સૌ કોઈ તેની શ્રેષ્ઠતાને જાણી શકે તેમ છે.

અમો નિરૂપાય છીએ.

અમને અત્યારસુધીમાં જેમ અમારી આતંકનિગ્રહ ગોળીઓસંબંધે અસંખ્ય સર્ટીફીકેટો મળ્યાં છે તેમ અમારી બીજી દવાઓને માટે પણ ઘણી સારી સંખ્યામાં સર્ટિફીકેટો મળ્યાં છે. પણ અમારી માત્ર એકજ દવા એવી છે કે, જેનેમાટે અમને બહુ થોડાં સર્ટીફીકેટો મળ્યાં છે. આ દવા નિર્માલ્ય છે એટલે મળ્યાં નથી એવું નથી પણ તેથી ઉલટું એ દવા તો અમારી બધી બનાવટોમાં સર્વોપરિ છે.

આ દવા અમારૂં પ્રખ્યાત વાજીકરણ તેલ છે. તે કમતાકાત દૂર કરીને ખરૂં પુરૂષત્વ આપવામાટે વાજબી વખાણને પામેલું છે.

અમારા માનવાપ્રમાણે આ દવામાટેના સર્ટીફીકેટોની અછતનું કારણ તો એ છે કે, આ તેલ વાપરવાથી જે ચોકસ ફાયદો થાયછે તે જાહેરમાં કહેવાની ઘણા થોડાનેજ હિંમત હોયછે. કારણ કે આ પગલું ભરવાથી જે અશક્તિઓ છુપાવવાની તેઓ ખાસ ઇચ્છા રાખતા હોય તેને આડકતરી રીતે તેમનું લખાણ ઉઘાડું પાડી દે. આ અમારાં ખરાં માનવાને વધારે ટેકો આપનારી બાબત એ છે કે, આ દવાના ઉપયોગીપણાવિષે જે થોડાં સર્ટીફીકેટો અમને મળતાં રહેછે તેમાં ખાસ જણાવવામાં આવેછે કે, કોઇ પણ પ્રકારે તે સર્ટીફીકેટો બહાર પાડવાંજ નહિ. જેથી અમોને તે દવાનાં જે કાંઇ થોડાં સર્ટીફીકેટો મળ્યાં છે તે બહાર પાડવામાં પણ અમો નિરૂપાય છીએ.

આતંકનિગ્રહ ઔષધાલયના ભેટ અને કમીશનસંબંધી ખાસ નિયમો.

૧ ચાર રૂપીઆની દવા એકદમ સાથે લેનારને રાજા રવિવર્માની કલમથી તૈયાર થએલ "શ્રીકૃષ્ણવિષ્ટિ" નામનું સુંદર મોટું પિકચર ભેટ આપવામાં આવેછે. અથવા એક રૂપીઆની દવા વધારે આપવામાં આવેછે.

૨ ચાર અથવા તેથી વધારે રૂપીઆની દવા સાથે મગાવતાં ભેટમાં જો દવા મગાવે અને પૈસા અગાઉથી મોકલે તો ટપાલખર્ચ લેવામાં આવતું નથી. આ નિયમ ફોરેન પોસ્ટમાં જતાં પારસલોને માટે લાગુ પડતો નથી.

૩ પાંચ રૂપીઆની દવા સાથે મગાવનારને અમારા તરફથી પ્રસિદ્ધ થયેલ પાંડવ કારવ, રામરાવણ, મુક્તા, ચિકિત્સાબ્ધિ, આર્યાનાર્ય ઔષધ, પાંડવાશ્વમેધ, ગુજરાતી ગ્રંથકારો અને ગ્રંથો, તથા ડા. વીરજી ઝીણા રાવળ એલ, એમ, એન્ડ એસ કૃત વંધ્યત્વનિવારણ, એ પુસ્તકોમાંથી મગાવનારની મરજીમુજબ હરકોઈ એક પુસ્તક ભેટ આપવામાં આવેછે.

૪ ૭ રૂપીઆની દવા સાથે મગાવનારને અમારાતરફથી પ્રસિદ્ધ થએલ મૂળ, ભાષાન્તર તથા અત્યંત વિસ્તારયુક્ત ટીકાવાળું શ્રીમદ્ભગવદ્ગીતાનું મોટું પુસ્તક ભેટ આપવામાં આવેછે.

૫ કાંઇ પણ ભેટ ન લેતાં બાર રૂપીઆની દવા સાથે મંગાવનારને તે રૂા. નવમાં આપવામાં આવેછે.

સંક્ષિપ્ત કાદંબરી મૂળ તથા માત્ર ગુજરાતી ભાષાંતરવાળી શ્રીમદ્ભગવદ્ગીતા, આયુર્વેદમાર્ગોપદેશિકા, અને રાજા રવિવર્માની કલમથી તૈયાર થએલ ૨૩ ત્રેવીશ સુશોભિત પિકચરનું આલ્બમ એ બધું સાથે, પાંચ રૂપીઆની દવા એકસામટી મગાવનારને ભેટ આપવામાં આવેછે. આ કલમમાં દર્શાવેલ પુસ્તકો ભેટમાં લેનારને કલમ ત્રીજીમાં દર્શાવેલ પુસ્તકોપર હક રહેતો નથી.

વૈદ્યશાસ્ત્રી.